ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૪૩

સોમવાર, તા.૬ઠ્ઠી જુલાઇ, ૨૦૦૯
આષાઢ ૧૫, ૧૯૩૧ શાકે

થી

શુક્રવાર, તા.૧૦મી જુલાઈ, ૨૦૦૯
આષાઢ ૧૯, ૧૯૩૧ શાકે

# ગુજરાત વિધાનસભા ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**ચોથું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, તા.૬ઠ્ઠી જુલાઇ, ૨૦૦૯ / આષાઢ ૧૫, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪ - ૬૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૬૨ - ૬૫ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૬૬ - ૬૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૬૮ - ૬૯ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૭૦ - ૯૪ |
| **મંગળવાર, તા.૭મી જુલાઈ ૨૦૦૯ / આષાઢ ૧૬, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૯૫ - ૧૦૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦૭ - ૧૨૦ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૧૨૧ - ૧૨૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૨૨ - ૧૫૧ |
| **બુધવાર, તા.૮મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૧૭, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૫૨ - ૧૫૪ |
| સભ્યશ્રીઓને નેઈમ કરવાનો પ્રસ્તાવ | ૧૫૫ - ૧૫૫ |
| તારાંકિત પ્રશ્નો | ૧૫૬ - ૧૬૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬૩ - ૧૯૧ |
| ગૃહ મંત્રીશ્રી(રાજયકક્ષા)નું નિવેદન (નિયમ-૪૪) | ૧૯૨ - ૧૯૬ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૧૯૭ - ૧૯૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧૯૮ - ૨૦૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૦૧ - ૨૦૨ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૦૩ - ૨૨૨ |
| **ગુરૂવાર, તા.૯મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૧૮, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૨૩ - ૨૩૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૫ - ૩૧૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૧૮ - ૩૩૦ |
| બિન સરકારી સંકલ્પો | ૩૩૧ - ૩૪૫ |

# અ નુ ક્ર મ ણિ કા

| વિષય | પાના નંબર |
|---|---|

**શુક્રવાર, તા.૧૦મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૧૯, ૧૯૩૧ શાકે**


| વિષય | પાના નંબર |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૪૫ - ૩૪૮ |
| સભ્યશ્રીઓને નેઈમ કરવા માટેની દરખાસ્ત અને સસ્પેશનનો પ્રસ્તાવ | ૩૪૯ - ૩૫૦ |
| તારાંકિત પ્રશ્નો | ૩૫૧ - ૩૫૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૬ - ૪૧૧ |
| શોકદર્શક ઉલ્લેખો | ૪૧૨ - ૪૧૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) | ૪૧૩ - ૪૨૯ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૪૩૦ - ૪૩૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) | ૪૩૧ - ૪૩૯ |


***

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૬ઠ્ઠી જુલાઇ, ૨૦૦૯**
**આષાઢ ૧૫, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**વઘઈ ચેકપોસ્ટની આવક**

*** ૮૩૬૭ રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વાહન વ્યવહાર ખાતાની વઘઈ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલન્ડર વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શાં કારણો છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૧૬૩.૫૮ |
| ૨૦૦૭ | ૩૨૪.૦૮ |
| ૨૦૦૮ | ૩૯૨.૦૨ |

(૨) ઘટાડો થયેલ નથી.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ડાંગ જિલ્લાના વઘઈ ચેક પોસ્ટ ઉપર છેલ્લા ત્રણ વર્ષમાં બજેટેડ આવક કેટલી નોંધાઈ હતી અને તેની સામે ખરેખર કેટલી આવક આવી છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેક પોસ્ટના બજેટેડ અંદાજ અલગ હોતા નથી. પરંતુ વઘઈ ચેકપોસ્ટ પર છેલ્લા ૩ વર્ષની આવક ૧૯૪.૫૪, ૩૬૪.૧૪ અને ૪૧૦.૩૫ લાખ છે. એટલે કે, એમાં ઉત્તરોત્તર ત્રણેય વર્ષમાં નોંધાયો છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગુજરાત રાજયના મોટર વાહન નિરીક્ષક દીઠ કેટલી આવક છે અને આપણા પડોશી રાજયો રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં કેટલી આવક છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ સમગ્ર ભારતના મોટર વાહન વ્યવહાર વિભાગના સચિવોની મિટિંગ થઈ હતી. એની અંદર એક તુલનાત્મક પત્રક આખા ભારતની બધી જ સરકારોને મોકલવામાં આવ્યું છે. એમાંથી જે માહિતી મળી છે એ મુજબ રાજયના મોટર વાહન નિરીક્ષક દીઠ આપણા રાજયની આવક ૨૦૦૬-૦૭માં રૂ.૭.૬૯ કરોડ, ૨૦૦૭-૦૮માં રૂ.૧૦.૨૧ કરોડ અને ૨૦૦૮-૦૯માં રૂ.૧૧.૨૩ કરોડ એક ઈન્સ્પૅક્ટર દીઠ થઈ છે. એની સામે આપણા ૩ પડોશી રાજયો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર એની અંદર રાજસ્થાનની મોટર વાહન નિરીક્ષકની રૂ.૨.૭૩ કરોડ મધ્યપ્રદેશના રૂ.૪.૨૮ કરોડ અને મહારાષ્ટ્રના રૂ.૪.૩૬ કરોડ છે. એટલે કેવધુમાં વધુ રૂ.૪.૩૬ કરોડની તુલનામાં આપણે ત્યાં રૂ.૧૧.૨૩ કરોડ. એટલે કે લગભગ ત્રણ ગણી આવક એક ઈન્સ્પેકટર દીઠ આપણા રાજયની અંદર થાય છે.

**ઝાલોદ ચેકપોસ્ટની આવક**

***૮૩૬૨ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વાહન વ્યવહાર ખાતાની ઝાલોદ ચેકપોસ્ટની છેલ્લા ૩ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શાં કારણો છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) :-

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૨૨૯.૮૩ |
| ૨૦૦૭ | ૨૨૩.૭૨ |
| ૨૦૦૮ | ૨૬૨.૧૫ |

(૨) હાલ આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ઝાલોદ ચેકપોસ્ટ પર છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં જુદા જુદા હેડ નીચે કેટલી આવક થઈ છે? અને બીજો પ્રશ્ન વાહન વ્યવહાર ખાતાની આવક વધારવા માટે રાજય સરકારે કયા પગલાં લીધાં છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી ઝાલોદ ચેક પોસ્ટનો સવાલ છે ત્યાં સુધી જુદા જુદા હેડ ઉપર નીચે પ્રમાણે આવક થયેલ છે.

(રૂ.લાખમાં)

| વર્ષ | બી.એમ.વી. | આઈ.એમ.વી. ફી | ડી.એ. | ગુડસ એન્ડ ટેકસ | કુલ આવક |
|---|---|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૭૧.૨૮ | ૬.૫૪ | ૧૬૨.૦૦ | ૦.૨૧ | ૨૪૦.૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૭૮.૦૦ | ૫.૭૨ | ૧૪૮.૧૦ | - | ૨૩૨.૭૮ |
| ૨૦૦૮-૦૯ | ૯૩.૦૦ | ૫.૪૯ | ૧૫૬.૦૦ | ૦.૨૦ | ૨૫૬.૦૦ |

માનનીય અધ્યક્ષશ્રી, આવક વધારવા માટે રાજય સરકાર દ્વારા જુદા જુદા પગલાંઓ સતત લેવામાં આવે છે. એક તો બધી જ ચેકપોસ્ટોનું કમ્પ્યુટરાઈઝેશન થયું છે. કમ્પ્યુટરાઈઝેશન પછી સેન્ટ્રલ મોનીટરીંગ સેલ દ્વારા એની વિગતો આવે છે. આ પહેલાં ખોટકાઈ પડતું હતું. એટલે એના રિપેરીંગની વ્યવસ્થા કરી છે. અહીંયાં ડાઉન ટાઈમ રજિસ્ટર પણ ચાલુ કરવામાં આવ્યું છે. કરના માળખાના સરળીકરણથી આવકમાં વધારો થયો છે. રજિસ્ટ્રેશનની પદ્ધતિને પણ બદલી છે. હવે થોડાક સમયમાં કર દાતા ઓછી તકલીફથી ટેકસ ભરી શકે તે માટે બધી બેંકોમાં ટેકસ લેવાનું આયોજન છે અને સડન રોડ ચેકીંગ અને ચેકપોસ્ટો ઉપર દર ૧૫ દિવસે એક ડી.વાય.એસ.પી. અને બીજા ૧૫ દિવસે કોઈપણ એક ડૅપ્યુટી કલેક્ટર એ દિવસની આવકનું સંપૂર્ણ ધ્યાન રાખે છે અને એને એને ઉચ્ચતમ આવક ગણીને બાકીના દિવસોમાં એનું ફોલોઅપ થાય એ પ્રકારનું પણ માળખું ગોઠવ્યું છે આથી વાહનવહેવાર વિભાગ સિવાય બીજા બે વિભાગના વર્ગ-૧ના અધિકારીઓ પણ આ વસ્તુની અંદર જોડાવાથી અમારી આવકમાં વાહન વહેવાર વિભાગની આવકમાં ઘણો વધારો થયો છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે ઝાલોદ ચેકપોસ્ટ પર ઈન્સ્પેકટરોના અભાવે અને ઝાલોદ ચેકપોસ્ટ સિવાય અન્ય ચેકપોસ્ટો પર ઈન્સ્પેકટરોના અભાવે આવકમાં ઘટાડો થયો છે તો આ ઈન્સ્પેકટરોની ભરતી કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી અને આવક એ બે જૂદા પ્રશ્નો છે. આવકમાં કોઈ ઘટાડો થયો જ નથી. મેં આકડા આપ્યા છે. આપણા રાજયની આવકમાં પણ સતત વધારો થયો છે અને પડોશી રાજયની તુલનામાં તો લગભગ ત્રણ ગણો વધારો થયો છે એટલે આવકમાં તો ઘટાડો થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી અને ભરતી કરવાનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી હા,જી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી,, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજયની તમામ ચેકપોસ્ટોમાં છેલ્લા ત્રણ વર્ષના નાણાકીય બજેટમાં અંદાજ કેટલો હતો અને તેની સામે વાસ્તવિક આવક કેટલી થયેલ છે?

**શ્રી અમિત શાહ** : ચેકપોસ્ટોનો બજેટેડ અંદાજ બનાવવો શકય નથી હોતો કારણ કે એ વખતે જૂદાજૂદા બંદરોને બીજા ઉદ્યોગોના અવરજવર પર આધારિત હોય છે પરંતુ ગયા વર્ષની સરખામણીમાં વૃદ્ધિનો અંદાજ હોય છે પરંતું ૨૦૦૬-૦૭ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ની અંદર ૨૦૦૩૬-૦૭માં ૨૨૭.૨૮ કરોડ રૂપિયા આવક હતી. ૨૦૦૭-૦૮માં ૩૦૦.૬૬ કરોડ રૂપિયા અને ૨૦૦૮-૦૯નીઅંદર ૩૧૫.૫૫ કરોડ રૂપિયા આવક થઈ છે એટલે આવક્માં કયાંય ઘટાડો નોંધાયો નથી.

## સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો વિકાસ

*** ૮૩૬૧ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** : જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં કુલ કેટલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકાસના અમલ માટે કોઈ માળખું તૈયાર કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :**

(૧) હા, જી. રાજયમાં વિશ્વકક્ષાનું કેન્દ્ર બની શકે તેવા મોટા કદના આર્થિક, વાણિજિયક અને ઔદ્યોગિક ક્ષેત્રોનો વિકાસ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન તરીકે કરવાના ઈરાદાથી રાજય સરકારે ખૂબ જ સુનિયોજીત માળખું તૈયાર કરેલ છે.

(૨) * રાજય સરકારે માર્ચ મહિનામાં ગુજરાત સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અધિનિયમ ૨૦૦૯ પસાર કરેલ છે.

* ઉપરોક્ત અધિનિયમની જોગવાઈઓ મુજબ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે વ્યાપક માળખું ગોઠવાયેલ છે. જેના ભાગરૂપે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડૅવલપમેન્ટ બોર્ડ (જી.આઈ.ડી.બી.) ને "એપેક્ષ ઓથોરીટી" તરીકે નિમવામાં આવેલ છે.

* જાહેર થનાર જે તે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ અને સંચાલન માટે રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી બનાવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

* રાજયમાં વિકાસ પામનાર તમામ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના સુનિયોજીત વિકાસ માટે રાજયકક્ષાએ એક પ્રોજેકટ ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવામાં આવી છે. જે રાજય સરકારની કંપની હશે.

* અત્યાર સુધી ૨ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે. જેમાં ભરૂચ-દહેજ ખાતે પીસી.પી.આઈ.આર. અને ધોલેરા ખાતેની સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો સમાવેશ થાય છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : આદરણીય અધ્યક્ષશ્રી, હું આ ગુજરાતને એટલે કે આખા ભારતની અંદર સૌથી વધારે એસ.આર.આઈ. ગુજરાત સરકાર કરી શકી છે એ બદલ આરદણીય મુખ્યમંત્રીશ્રીને, આદરણીય ઉદ્યોગમંત્રીશ્રીને હું મારા હૃદયપૂર્વકના ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને એ પંકિત સાચી કરી આપી છે. પરવા નહીં અગર સારી દુનિયા ખિલાફ. હો.

**અધ્યક્ષશ્રી** : બેન પ્રશ્ન ઉપર તમે સીધા આવો.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે :** આરદણીય અધ્યક્ષજી મારે આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એસ.આર.આઈ.નો હેતુ શું છે એના અંતર્ગત કઈ કઈ આર્થિક પ્રવૃત્તિઓ કરવામાં આવશે? બીજો પ્રશ્ન છે અમારા ભાવનગરના ધોલોરા એસ.આર.આઈ.થી ભાવનગર જિલ્લાને શા શા ફાયદાઓ થનાર છે અને ધોલેરા એસ.આર.આઈ. હેઠળ કયા પ્રોજૅકટો વહેલી તકે ચાલુ કરવા માગે છે?

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઉદ્યોગક્ષેત્રે ઘણું આગળ નીકળી ગયું છે અને છેલ્લા ૫ વર્ષની અંદર દેશની અંદર જો ગ્રોથ એન્જીન કહીએ તો એ ગુજરાત છે. જ્યારે ભારત દેશ ઈકોનૉમિક પાવર ઓફ ધ વર્લ્ડ બનવા જઈ રહ્યું છે ત્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક મોટો કૂદકો મારવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટમેંટ રીજીયન દ્વારા આનું આયોજન કર્યુ છે. અત્યારે જી.આઈ.ડી.સી. દ્વારા, એસ.ઈ.ઝેડ દ્વારા ગુજરાતની અંદર ઉદ્યોગોની સ્થાપના થતી હતી આ બધા જ એરિયા ખૂબ નાના પ્રમાણની અંદર હતા. હવે આખી દુનિયાની અંદર આપણે જોઈએ તો સૌથી મોટા estate જોઈએ તો Sanzen માં ચાઈનામાં છે. Peudom ચાઈનાની અંદર છે. દુબઈની અંદર છે. યુ.એસ.એ.મા હયુસ્ટનની અંદર છે. આ બધા જ ખૂબ મોટા ઇન્ડસ્ટ્રીયલ એરિયાની રીજીયન્સ તરીકે ઓળખ આપેલી છે. આ ઓળખ કરવા માટે ગુજરાત એ પહેલું જ રાજય હતું કે જેણે એસ.આર.આઈ. એકટ કરવામાં આવ્યો અને આ એસ.આઈ.આર. એકટ દ્વારા ખૂબ મોટા પ્રમાણની અંદર ગુજરાતની અંદર આપણે રીજીયોનલસ અને એરિયાસ આવતા દિવસોની અંદર જાહેર કરી અને વિકસાવીશું. આની અંદર જે કામગીરી કરવાની છે એ માત્ર ઈન્ડસ્ટ્રીયલ કામગીરી, મેન્યુફેકચરીંગ અને કોમર્શિયલ નથી. પણ નાણાકીય કામગીરી પણ કરવામાં આવશે. લોજીસ્ટેકસ કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ માટે tourism કરવામાં આવશે, health, કરવામાં આવશે entertainment કરવામાં આવશે research and development કરવામાં આવશે ,આ બધી પ્રવૃત્તિ આની અંદર એસ.આઈ.આર.ની અંદર કરવામાં આવશે. અત્યાર સુધી ગુજરાતની અંદર બે એસ.આઈ.આર. જાહેર કર્યા છે. એક છે અમદાવાદ ધોલેરા અને બીજો છે પી.સી.પી.આઈ.આર. એટલે ભરૂચ. આ બંને એસ.આઈ.આર.ની અંદર ઓલરેડી આપણે જાહેર કરી નાખ્યા છે. જે ધોલેરાની સભ્યશ્રીએ વાત કરી એ ધોલેરાની અંદર આપણે ચાર early bird પ્રોજેકટ હાથમાં લીધા છે. એ ચાર પ્રોજૅકટ આપણે કેન્દ્ર સરકારના દિલ્હી-બૉમ્બે ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર સાથે એમ.ઓ.યુ. સાઈન કરેલ છે. સૌથી પહેલાં સરખેજ-વટામણ-પીપળી-ધોલેરા રોડને સિક્સ લેન કરવા જઈ રહ્યા છીએ. એના કામો અત્યારે હાથ ઉપર લીધા છે. એના માટેના ટેન્ડરો બહાર પાડી દીધા છે. એ વહેલામાં વહેલી તકે થાય એવી કાર્યવાહી કરી રહ્યા છીએ. બીજું, ઈન્ટરનેશનલ એરપોર્ટ માટેનું આપણે હાથમાં લીધું છે. એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા સાઈટ ઈન્સ્પેકશન કરી ગયું છે. અને ત્યાં સારામાં સારું ઈન્ટરનેશનલ એરપોર્ટ બને એનો પ્રિલિમરી અહેવાલ આવે એની રાહ જોઈ રહ્યા છીએ. ત્રીજું, મેટ્રો રેલ અને ડેવલપમેન્ટ ઑફ ઈન્ડસ્ટ્રીયલ પાર્કસ આ બન્નેનું કામ આપણે હાથમાં લીધું છે. અત્યારે જે ત્યાં ચાલી રહ્યું છે એના સિસ્મોલોજીકલ સરવે ચાલી રહ્યો છે. એના વોટર લોગીંગના સ્ટડી ચાલી રહ્યાં છે અને એનવાયરમેન્ટ ઈમ્પેક્ટનું એસેસમેન્ટ પણ આ જગ્યાએ ચાલી રહ્યું છે. આમ, આવતા દિવસોમાં ધોલેરા રિજન એ સૌથી મોટો એરિયા ઔદ્યોગિક ક્ષેત્રે સ્થાપવાનું ગુજરાતની અંદર આયોજન થઈ રહ્યું છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.આઈ.આર. મારફતે રાજ્યનો અપ્રતિમ ઔદ્યોગિક વિકાસ થાય એ નિ:શંક છે. પરંતુ પ્રાદેશિક સમતુલાની દ્રષ્ટિએ પણ મહેસાણા-પાલનપુરનો રિજિયન અને એસ.આઈ.આર. તરીકે આયોજનમાં લેવા માટેની રાજ્ય સરકારે આગળ કામગીરી કરી છે કે કેમ? અને કેન્દ્ર સરકાર દ્વારા એસ.આઈ.આર.માં જે પ્રકારના એસ.ઈ.ઝેડના બેનિફિટસ આપવામાં આવે છે એ પ્રકારના બેનિફિટ્સ

આપવા માટે કેન્દ્ર સરકારે એસ.આઈ.આર. એક્ટ બનાવે એ દિશામાં અથવા તો આપણી રાજ્ય સરકાર એસ.આઈ.આર. એક્ટ કેન્દ્ર સરકાર બનાવે અને એસ.આઈ.આર.માં એસ.ઈ.ઝેડ પ્રકારના લાભો મળે અથવા તો એસ.આઈ.આર.માં જ સ્પેસિફિક એસ.ઈ.ઝેડનું પણ આયોજન કરવાનું સરકારે વિચાર્યું છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ઈન્વેસ્ટમેન્ટ રિજિયન અને ઈન્ડસ્ટ્રીયલ એરિયા આ બે આપણે વિચારી રહ્યા છે. મારે સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે કે બે ઈન્વેસ્ટમેન્ટ રિજિયન ડીકલેર કર્યા છે એની સાથે સાથે આપણે ઈન્ડસ્ટ્રીયલ એરિયાઓમાં આપણે સાંતલપુરની આજુબાજુ સ્પેશિયલ વિચારી રહ્યા છીએ. અલીયાબેટ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન અથવા એરિયા તરીકે વિચારાયા છે. હાલોલ, સાવલી, ચાંગોદર, હજીરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન, નવલખી , સીમર, પીપાવાવ, અંજાર, ઓખા, સાણંદ. આ બાર વિસ્તારો આપણે આઈડેન્ટીફાઈ કર્યા છે અને આ વિસ્તારોને આઈધર એરિયાઝ ઓર રિજિયન્સ એ પ્રમાણે આવતા દિવસોમાં આપણે આગળ વધી રહ્યા છીએ. જયાં કોઈ જરૂરિયાત લાગશે એ વિસ્તારો આપણે આવતા દિવસોમાં લઈશું. બીજું જે, સભ્યશ્રીએ એસ.ઈ.ઝેડના બેનિફિટ એસ.આઈ.આર.માં આપવાની વાત કરી એ સૂચન છે અને આવતા દિવસોમાં એસ.ઈ.ઝેડના જે કાયદા છે એ કાયદા પ્રમાણે કેન્દ્ર સરકાર એસ.આઈ.આર.ને આપી શકે છે. વધારે આપણે એસ.આઈ.આર.નો કાયદો બનાવનાર આપણે પહેલા હતા. આપણે કેન્દ્રને મોકલ્યો છે. કેન્દ્ર અને બીજા રાજ્યો પણ આપણા એક્ટનો સ્ટડી કરી પોતાનો એક્ટ બનાવવાનું વિચારી રહ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. એક તો સેન્ટ્રલ ગવર્નમેન્ટે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ જે દેશમાં થાય એના માટેની પ્રક્રિયાનો એક ભાગ શરૂ કર્યો એમાં રાજ્ય સરકારે એની પદ્ધતિ અપનાવીને કાયદો બનાવ્યો. પરંતુ જે હકીકત છે એનો સ્વીકાર આપણે કરતા નહીં ખચકાઈએ. ગુજરાતના વિકાસમાં સાથે ચાલીએ. આપને મારે એ પૂછવું છે કે આપ જે સિક્સ લેન રોડ ભાવનગર સુધીનો બનાવવાની વાત કરો છા, એમાં કેન્દ્ર સરકારનો હિસ્સો કેટલો અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો? અને બીજું આપ એક તરફ કલ્પસરની વાત કરો છો. અને આપ બીજી તરફ ધોલેરાને પોર્ટ તરીકે ડેવલપ કરીને ત્યાં સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન બનાવવાની વાત કરો છો. બન્નેને એકબીજા સાથેના કોન્ફલીક્ટ કેટલા અંશે થવાના?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર જેટલી મદદ કરે એ આવકારવા લાયક છે અને કેન્દ્ર સરકાર આજની તારીખમાં ૨૦ ટકા વાયેબિલિટી ગેપ ફન્ડીંગ માટેનું ૮૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે અને આપણે ઈચ્છીએ કે આ બજેટ ૮૦ કરોડમાંથી ૮૦૦ કરોડ રૂપિયા થાય. તો આપણો પ્રોજેકટ વહેલામાં વહેલી તકે આવશે. જયારે ધોલેરા બંદરનો આપે જે વિષય કહ્યો છે એની જુદી નોટિસ આપવી પડશે. કેમ કે કલ્પસર અને ધોલેરા બંદર એ મેરીટાઈમ બોર્ડના છે. પણ હું આપને ચોક્કસ ખાતરી આપું કે એ વિસ્તારમાં આ એસ.આઈ.આર. થવાના કારણે ડેવલપમેન્ટ ખૂબ વધશે. અને જે સરકારનું આયોજન છે આયધર જીએમબીનું આયોજન હોય, પોર્ટ ડિપાર્ટમેન્ટનું આયોજન હોય એ આયોજનને ધ્યાનમાં રાખીને આપણે બેલેન્સ ગ્રોથ કરવાની કોશિશ કરીશું.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજ્યમાં એસઆઈઆર કયાં કયાં સ્થાપવાનું આયોજન છે અને આ એસઆઈઆર દ્વારા રાજ્યમાં શું મૂડીરોકણ થવાનું છે?

**અધ્યક્ષશ્રી** : પહેલા પ્રશ્નનો જવાબ આવી ગયોને. મૂડીરોકાણની વાત કરો.

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, એસઆઈઆરમાં કયાં કયાં થવાનું છે એની વિગત આપી દીધી છે. મૂડીરોકણની વાત કરું. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૦૯માં ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન માટે આપણે ત્રણ એમ.ઓ.યુ. કર્યા છે. એ ત્રણેય એમ.ઓ.યુ. આપણે ઓવરઓલ જોવા જઈએ તો દોઢથી બે લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવતા દસેક વર્ષમાં આવી શકે તેમ છે. બીજું, પીસીપીઆર જે આપણે સ્થાપના કરે છે એમાં ઓએનજીસીનો આપણે એંકર યુનિટ તરીકે રાખીએ અને ઓએનજીસીએ એંકર યુનિટ તરીકે ૧૮૦૦૦ કરોડનું એણે ત્યાં રોકાણ કરવાનું નક્કી કર્યુ છે અને એ ઉપરાંત જેટલા યુનિટો આવશે એ બધા એડિશ્નલ ઈન્વેસ્ટમેન્ટ થશે એટલે બંને પીસીપીઆર અને ધોલેરા એ આવતા વર્ષોની અંદર ખૂબ મોટો ગુજરાતનો બેઈઝ થશે અને એ બેઈઝના કારણે દેશનો વિકાસ થઈ થશે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે ધોલેરા રિજીયનનો અમારો વિસ્તારનો ભાલ વિસ્તારમાં આવે છે કે નહિ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધોલેરા વિસ્તાર એટલો મોટો વિસ્તાર છે કે અત્યારે એરાઉન્ડ ૮૭૯ સ્કવેર કિલોમીટર એરિયા આપણે જાહેર કર્યો છે, આની આજુબાજુના બધા વિસ્તારોને લાભ થવાનો છે. માનનીય સભ્યશ્રીનો ખંભાત વિસ્તાર હોય, ધંધુકા, બોટાદ, વલ્લભીપુર, ભાવનગર, ધોળકા હોય આ બધા વિસ્તારમાંથી રોજે રોજગારી માટે ગામડે જઈ શકે અને કલાકમાં પહોંચી જાય અને સાંજના પાછા આવે એવી વ્યવસ્થા કરવાની છે એટલે સૌથી પહેલું કામ કર્યુ છે. એ ઈન્ફાસ્ટ્રકચર બનાવવાનું કામ કર્યુ છે. એટલે પહેલું કામ સીકસ લેઈન એટલે કરીએ છીએ કે સીકસ લેઈનથી કનેકટીવીટી વધારે ફાસ્ટ જાય અને આની જોડે સ્પર લાઈન આવતા દિવસોમાં મોટા મોટા શહેરો જોડે પણ ગોઠવણ કરીશું એટલે એ શહેરો જોડે જે સ્પર લાઈન કરીએ અને

એ સ્પર લાઈનથી રોજ રોજગારી માટે આ ઈન્ડસ્ટ્રીયલ એરિયાની અંદર જઈ શકે અને સાંજના ઘરે આવી શકે એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવાનું આપણે વિચારીએ છીએ.

**સાવલી તાલુકામાં નર્મદા યોજના અંતર્ગત ખેડૂતોને માર્ગદર્શન માટે એન.જજી.ઓ. સાથે કરાર**

***૭૭૬૯ શ્રી ખુમાનસિંહ ર઼. ચૌહાણ(સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં નર્મદા યોજના અંતર્ગત ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે કઈ કઈ અને કેટલી એન.જી.ઓ.ને ક્યારે કામ સોંપવામાં આવેલ છે,

(૨) તે અંગેનો કેટલા વર્ષનો કરાર છે,

(૩) સરકારે એન.જી.ઓ. સાથે શી શરતો કરી છે, અને

(૪) વર્ષમાં કેટલી રકમ પ્રોત્સાહન રૂપે એન.જી.ઓ.ને આપવામાં આવે છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં વિસ્તાર વિકાસની કામગીરીમાં ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે એક સ્વૈચ્છિક સંસ્થા પ્રતિકાર ટ્રસ્ટ, સાવલીને ફેસીલીટેટર તરીકેની કામગીરી તા.૨૩-૯-૦૬ થી સોંપવામાં આવેલ છે.

(૨) તે અંગેનો ત્રણ વર્ષનો કરાર કરવામાં આવેલ છે.

(૩) નિગમે સ્વૈચ્છિક સંસ્થા પ્રતિકાર ટ્રસ્ટ, સાવલીને કુલ ૧૨ વી.એસ.એ.ની ૩૯૬૩ હેકટર પિયત વિસ્તારમાં દરેક મંડળીનું રજીસ્ટ્રેશન, કમિટીની રચના, ૧૦૦ ટકા સભાસદો બનાવવા, કમાન્ડ વિસ્તારની યાદીને તલાટીના રેકર્ડ સાથે ચકાસવી, સહભાગી સિંચાઈ વ્યવસ્થાના હેતુની ખેડૂતોમાં જાગૃતિ લાવવી, મંડળી દ્વારા પાણીની માગણી કરાવવી, સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંગે મહિલાઓમાં જગૃતિ/ભાગીદારી, ઢાળીયા બાંધકામ અંગે ખેડૂતોની જાગૃતિ અને બાંધકામ કરવું. જાળવણી/મરામત/સિંચાઈની જાણકારી તેમજ વસુલાત અંગે યોગ્ય વ્યવસ્થા કરવી, માઈનોર નહેરોનો વહીવટ મંડળી સંભાળે તે માટે મંડળીને તૈયાર કરવાની કામગીરી વિગેરે શરતો નક્કી કરવામાં આવેલ છે.

(૪) સ્વૈચ્છિક સંસ્થા પ્રતિકાર ટ્રસ્ટ, સાવલીને સોંપેલ કામગીરીનું કરાર મુજબ નિગમ દ્વારા નિયત સમયે મૂલ્યાંકન કરી કામગીરી અનુસાર ચૂકવણું કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ રૂા.૮,૯૯,૬૦૧ પૈકી રૂા.૪,૪૪,૪૦૦ નું ચૂકવણું કરવામાં આવેલ છે.

**શ્રી ખુમાનસિંહ ર઼. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે સાવલી પ્રતિકાર ટ્રસ્ટને ફેસીલીટેટર તરીકે આ કામગીરી સોંપવામાં આવી છે. ત્રણ વર્ષનો કરાર અને કરારમાં મેં જે પૂછ્યું છે એ પ્રમાણેની શરતો છે એ શરતો બહુ ગૌણ છે સાહેબ. શરતોમાં એવું કહ્યું છે કે આ ૧૨ મંડળીઓ છે એ ૧૨ મંડળીઓની અંદર ૩૯૬૩ હેકટર પિયત વિસ્તાર સમાવેશ થાય છે હવે એ જે એની અંદર કામગીરી કરવાની છે એ કામગીરી માત્ર તલાટીના રેકર્ડ સાથે ચકાસણી, સહભાગી સિંચાઈ યોજનાના ઉદ્દેશો સમજાવવા, જાગૃતિ લાવવી, ઢાળિયા બાંધકામ, ખેડૂતોમાં જાગૃતિ લાવવી બાંધકામ કરવું, જાળવણી-મરામત કરવી આ બધી સામાન્ય શરતો છે. હું સમજું છું ત્યાં સુધી નિગમે આ બધી કાર્યવાહી લગભગ પૂરી કરી છે. ૨૦૦૫ પહેલા નિગમે આ બધી મંડળીઓ બનાવીને જે તે ગામની મંડળીને સુપરત કરી દીધી છે, એનો કબજો ગામડાની મંડળીઓએ ૨૦૦૫ પહેલાં લઈ લીધો છે. રજિસ્ટ્રેશન આ મંડળીઓનું થઈ ગયું છે, સભાસદો સ્વભાવિક બને એટલે રજિસ્ટ્રેશન થઈ જાય અને છતાં ૨૩-૯-૨૦૦૬ પછી આવી મંડળીઓને આ જે કામગીરી છે એ સોંપવા માટેનો જે ઈરાદો હોય એ ઈરાદો શું છે? ખરેખર તો ગામની મંડળી છે, ગામના વહીવટકર્તા એમાં મંત્રી, પ્રમુખ, કમિટીના સભ્ય કરવાના જ છે, એમનેજ પાણી લેવાનું છે, એમને જ વાપરવાનું છે, એમને જ પૈસા ભરવાના છે, એમને જ ઉઘરાવવાના છે તો આવી સ્વૈચ્છિક સંસ્થાને આપવા પાછળનો હેતુ શું છે? મારી દ્રષ્ટિએ મને લાગે છે કે કદાચ આપણી આ બહુ સારી યોજના છે. આ કોઈ એક પક્ષની યોજના નથી. આ કોઈ એક વ્યકિતની યોજના નથી. સમગ્ર ગુજરાતના ગરીબ ખેડૂતોને નજરમાં રાખીને આ યોજનાઓ જેણે કરી છે, જેણે વિચાર્યુ છે એવી એક આ યોજના છે ગામડાનો ગરીબ ખેડૂતો ઊંચે આવવાનો છે, એની આર્થિક પરિસ્થિતિ સારી થવાની છે ત્યારે આ બધા સંજોગોમાં માત્ર ને માત્ર આપણી સાથે હોય, આપણને કોઈકે મદદ કરી હોય, આપણે કોઈને મદદરૂપ થવા માગતા હોય એવા આશયથી આ એન.જી.ઓ.ને કામ સોંપવામાં આવ્યું છે (અંતરાય) ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ૩૯૬૩ હેકટર જમીન પૈકી કેટલા હેકટર જમીનમાં કેટલી વખત પાણી આપવામાં આવ્યું, એન.જી.ઓ. જો કામગીરી કરી હોય તો નિગમને પાણી માટે કોઈ લેખિત આપ્યું છે કે કેમ ?

મારો બીજો સવાલ એ છે કે, મેવલી-૧ અને નાળાઝૂમખા જે મંડળીઓ છે, જે વિસ્તાર છે એમાં આજ દિવસ સુધી અમને પાણી મળ્યું જ નથી. સાહેબ, આ તો મારા ગામની મંડળીનો સવાલ છે, પાણી અમને હજુ નથી મળ્યું. મારા પોતાના ખેતરમાં પણ આ નિગમે ઢાળિયા બનાવ્યા છે, તૂટી ગયેલા છે. અને હજુ અમને મેવલી-૧ અને નાળાઝૂમખા મંડળીમાં અમને પાણી નથી મળ્યું તો પાણી આપવા માગો છો કે કેમ ?

મારો ત્રીજો સવાલ એટલો છે કે, ૪,૪૯,૪૦૦/- રૂપિયાની જે મૂલ્યાંકન પ્રમાણે ચૂકવણી થયેલી છે, એ કયા આધારે કરવામાં આવી છે? આ મારા ત્રણ સવાલો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિરોધપક્ષ તરફથી આ યોજનાને આવકારવામાં આવી, આ પદ્ધતિને અભિનંદન આપવામાં આવ્યા એ બદલ એમનો હું આભાર માનું છું અને રાજય સરકારે જે નિર્ણય કર્યો છે કે નર્મદા નિગમ દ્વારા જે રાજયમાં ૧૮ લાખ હેકટરની સિંચાઇ થવાની છે, એમાં લોકભાગીદારી ખેડૂતોની જોડાય, સરકાર જ બધું કામ કરે એવું નહીં પણ જે ખેતરમાં, જે વિસ્તારમાં ખેડૂતોને પાણી મળવાનું છે, જેનો લાભ ખેડૂતોને મળવાનો છે એનું મેઈન્ટેનન્સ, એની કામગીરી, એનો પીઆવો ઉઘરાવવો અને ઉઘરાવેલો પીઆવો મંડળી મારફતે નિગમને ભરવો અને આવું કામ કરે એ મંડળીઓને સરકાર તરફથી પિયતમાં લાભ આપવામાં આવશે, સબસિડી આપવામાં આવશે અને એમને જે કેનાલો તૂટી ગઈ હોય, નાની કે મોટી કેનાલો હોય એ મંડળી હસ્તકની એને રીપેરીંગ કરવા દર વર્ષે નિયમ પ્રમાણેની મેઈન્ટેનન્સની ગ્રાન્ટ પણ રાજય સરકાર આપવાની છે તો જ્યારે ૧૮ લાખ હેકટરમાં આ બધા કામો થવાના હોય ત્યારે સરકારે નિર્ણય કર્યો છે કે, પિયત મંડળીઓ દ્વારા આનું કામ આપવું અને જે ખેડૂતોને આની સમજ આપવા માટે માનનીય સભ્યશ્રીનો જે મૂળ પ્રશ્ન એ છે કે, આપ એન.જી.ઓ.ને તમે શા માટે નિમ્યા? તો એન.જી.ઓ.ને આ જવાબદારી સોંપવામાં આવે છે કે આ ખેડૂતોને તમે સભ્યો બનાવવાની સમજ આપો, મંડળીઓ બનાવવાની સમજ આપો, સભ્યોનું રજીસ્ટેશન કરાવી મંડળીની રજીસ્ટ્રેશન કરાવવાની સમજ આપો, પોતાના ઢાળિયા જે પોતાના ખેતરમાં પાણી લઈ જવાનું છે એ ઢાળિયા ખેડૂતોએ પોતે બનાવવાના છે એ કામ ખેડૂતો કરે એની સમજ આપો, આ બધું કામો કરવા માટે આપણે આગાખાન ટ્રસ્ટ જેવા સારા સારા એન.જી.ઓ.ને આ જવાબદારી સોંપી છે. આ એન.જી.ઓ. પણ ખૂબ સારી કામગીરી કરી છે અને દરેક વિસ્તારમાં પાણી પહોંચાડવા માટે એમની સમજ આપવાની, ખેડૂતોને માર્ગદર્શન આપવાની, ખેડૂતોને પ્રવાસ કરાવવાની, ખેડૂતોને V.D.O. ફિલ્મથી માહિતગાર કરાવવાની આ પ્રકારની એક પ્રેરણા આપવાની અને સમજ આપવાની કામગીરી આ એન.જી.ઓ.ની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે, એમના ખેતરમાં પાણી ન આવ્યું, એમના ગામમાં પાણી ન આવ્યું તો આ વિધાનસભા સુધી રાહ જોવાની જરૂર નહતી. આપ ગમે ત્યારે મારી પાસે આવ્યા હોત કે નિગમના ચેરમેન પાસે આવ્યા હોત તો ચોક્કસ આ પ્રશ્નનો ઉકેલ થઈ શક્યો હોત. એટલે તમારે હજી પણ કોઈ સૂચનો હોય તો ચોક્કસ કહેજો, દરેક ખેડૂતને પાણી મળે અને દરેક વિસ્તારમાં પાણી મળે એ માટે અમારી પૂરેપૂરી તૈયારી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એના હાર્દ સાથે જોડીને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કામ કરનારી એન.જી.ઓ. ઘણા છે એમાં સારા પણ છે અને બીજા રસ્તે એન.જી.ઓ.ના નામે ખોટું કરનારા લોકો પણ છે. મારે એ જાણવું છે કે, આપે ગુજરાતના કેટલાય એન.જી.ઓ. પૈકી આ એન.જી.ઓ.ને જે પસંદ કર્યુ, એ પસંદ કરવા માટે શું આપે કોઈ એડવર્ટાઈઝમેન્ટ આપીને ઈન્વાઈટ કર્યા હતા નામો એમાંથી પસંદ કર્યા છે, એના કયોલીફીકેશન માટે કે આપે કઈ પ્રક્રિયા નક્કી કરીને ગુજરાતના એન.જી.ઓ. પૈકી આ એન.જી.ઓ.ને પસંદ કર્યુ, એ નકકી કરવાની પ્રક્રિયા શું હતી ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવા એન.જી.ઓ. પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે અને એમાંથી સિલેકશન કરી જે સ્થાનિક હોય, અભ્યાસુ હોય, શિક્ષિત હોય અને આવા પ્રકારની કામગીરી એન.જી.ઓ. તરીકે જુદી જુદી કામગીરી સાથે જોડાયેલા હોય એવા લોકોને આ કામ આપવામાં આવે છે. છાપાની એડવર્ટાઈઝની મારી પાસે માહિતી નથી. જરૂર હશે તો હું જણાવીશ. માનનીય અધ્યક્ષશ્રી, આ જે મંડળી છે એમાં પ્રતિષ્ઠિત લોકો છે હું આપને નામ આપું. જયેશભાઈ ભાકરોલાના એમ.ડી. છે. એ હાઈકોર્ટના જજ છે અને સાવલી તાલુકાના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન છે. એસ.સી. છે એ એમ.ડી. છે. બીજા એક માનનીય પ્રોફેસર અનિલભાઈ નવલે Faculty of Social Work, M.S.University, વડોદરાના ફેકલ્ટી ડીન છે. એવા પ્રકારના એ સભ્ય છે. બીજા ટ્રસ્ટી ડોકટર ચંદ્રગુપ્ત સાનંદ છે જે અમદાવાદમાં રહે છે. એ પણ આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલા છે. એક બીજા તેજલબેન દંડ છે જે પણ અમદાવાદમાં રહે છે એટલે આ પ્રકારના લોકોનું આ એન.જી.ઓ. છે અને એને આ જવાબદારી સોંપવામાં આવી છે અને આગાખાન ટ્રસ્ટ જેવા બહુ પ્રેસ્ટીજીયન ટ્રસ્ટો છે એને પણ આ કામગીરી સોંપી છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ચુકવણું થયું એ કયા મુલ્યાંકનના આધારે ૪૪૯૪૦૦નું ચુકવણું થયું એ મારે જાણવું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે નિગમ દ્વારા પણ આ પ્રકારની કામગીરી કરીએ છીએ. એમાં આપણા કર્મચારીઓ હોય, અધિકારીઓ હોય એ કામમાં રોકાયેલા હોય એમનો પણ પગાર ચૂકવાવાનો હોય છે. આપણે લોકભાગીદારીથી આ કામ એન.જી.ઓ.ને સોંપ્યુ છે અને એનો ૩૬ મહિનાનો એગ્રીમેન્ટ છે. ૩૬ મહિનામાં કામગીરી એમણે પૂર્ણ કરવાની છે. (અંતરાય) એ જ જવાબ આપું છું. તમારા જવાબ ઉપર જ આવું છું ખુમાનસિંહભાઈ, આ ૩૬ મહિનામાં ૮,૯૯,૬૦૧ રૂા. આ કામગીરી માટે આ એન.જી.ઓ.ને

ચૂકવવામાં આવ્યા છે અને કામગીરીના જેમ જેમ તબકકા પુરા થાય એનું મુલ્યાંકન કરી અને અત્યાર સુધીમાં લગભગ સાડા ચાર લાખ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે. આ જે એમ.ડી. છે એ સાવલી તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન છે એટલે કદાચ કોઈ સ્થાનિક કારણે કોઈ પ્રશ્ન હોય તો ચોકકસ મને કહેશે તો એનું હું નિરાકરણ કરી આપીશ.(અંતરાય)

**શ્રી ખુમાનસિંહ ર૧. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એટલા માટે આ સવાલ પૂછયો છે મારો પૂછવાનો હાદ્દ એટલો હતો કે આ કામગીરીઓ સામાન્ય કામગીરીઓ છે સાહેબ અને આટલી મોટી રકમ એક હેકટરે લગભગ ૨૨૮ રૂપિયા દરેક એક હેકટર પર આપવામાં આવે છે. નિગમનો જે અભિગમ છે કે આવી કામગીરી કરવામાં આવે તો ૨૨૮ રૂપિયાનો એક હેકટરે ખર્ચ પડે અને ૨૨૮ રૂપિયા જેટલો ખર્ચ થતો હોય આ ૧૨ મંડળીઓ પૈકી ૩૦૦૦ હેકટર જમીન છે અને એમાં ૧૧લાખ જેટલો ખર્ચ પડવાનો છે ત્યારે આવી કામગીરી આવી રીતે એન.જી.ઓ.ને આપી અને આવા ખર્ચા પાડવાના છે અથવા સરકારી અધિકારી એની સાથે મિલીઝુલી કરતો હોય એવું ન થાય એ જોવાની જવાબદારી આપણા સૌની છે અને એ વાતને નજરમાં રાખીને મેં પ્રશ્ન કર્યો છે. નહીં કે ભા.જ.પા. કે કોંગ્રેસને કે કોણ એનો એમ.ડી. છે અને કોણ કયા પક્ષનો છે. એ વાતને નજરમાં રાખીને મેં આ પ્રશ્ન નથી કર્યો.

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહજી, આપનો પ્રશ્ન હોય તો કહો છે બીજો પ્રશ્ન?

**શ્રી ખુમાનસિંહ ર૧. ચૌહાણ** : ના. સાહેબ, આ જે ચાર લાખ ઓગણપચાસ હજારનો મુલ્યાંકનના આધારે ખર્ચ કર્યો છે એ ખર્ચ કઈ કઈ કામગીરી આ સંસ્થાએ કરી એના આધારે કરવામાં આવ્યો છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :નિરંજનભાઈ, બેઠાબેઠા આ રીતે ટીકા ન કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ બધાને મારી ગાડીમાં બેસવાનો શોખ લાગે છે સાહેબ. જેને આવવું હોય એને વેલકમ.

**અધ્યક્ષશ્રી** : આ રીતે ટીકા ન કરો. બેઠા બેઠા વાત ન કરો. તમે પ્રશ્નના જવાબ ઉપર આવો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ટ્રસ્ટને જે કામગીરી સોંપવામાં આવી છે એ પૈકી એમણે બધા જ સભ્યોનું માર્ગદર્શન કરી બધાને મંડળીના સભ્ય બનાવવા માટે પ્રેરણા આપી અને બધાને સભ્ય બનાવ્યા છે. બારેબાર મંડળીના તમામ ખેડૂતોની મંડળીનું રજીસ્ટ્રેશન કરી આપવામાં આવ્યું છે. ખેડૂતોના સાત/બારના ઉતારા તલાટી રેકોર્ડ સાથે અને ખેડૂતના રેકોર્ડ સાથે એનું સંકલન કરી અને સાચા ખેડૂત એ મંડળીમાં નોંધાય કોઈ બનાવટી ખેડૂત મંડળીના સભ્ય બની મંડળીનો કબજો ન લઈ લે એ માટે પણ જે ચકાસણી કરવાની આખા નિગમની પદ્ધતિ છે એ પ્રમાણે એણે તમામ ખેડૂતોનું રેવન્યુ રેકોર્ડ સાથે ચકાસણી કરી છે. બધી સમિતિઓની ગ્રામસભાઓ પૂર્ણ કરવામાં આવી છે. ખેડૂતોને જે પ્રવાસે લઈ જઈ કામગીરી બતાવવાની હોય તે બતાવવામાં આવેલ છે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે વીડિયો શો અને પ્રવાસો દ્વારા ખેડૂતોને આ મંડળીનો લાભ આપવા માટેની સમજ આપવામાં આવી છે. ખેડૂતોને ટપક સિંચાઈ માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરે છે. એ પ્રયત્ન દ્વારા લાભ પ્રજાને,ખેડૂતોને મળે છે. ખેડૂતો નર્મદાની આ યોજનાનો, મંડળીનો લાભ લે, તે લોકો જાતે પિયત કરે, પોતાનું કામ પોતે સંભાળે એ માટે માર્ગદર્શન આપવું, સમજ આપવી, એ માટે એન.જી.ઓ. રાખવા. તે સરકારના વિભાગ દ્વારા કરવું. કામ કરવાનું ચોક્કસ છે. તો બધી જગ્યાએ સરકારી કર્મચારીની જરૂર હોય એ પહોંચી વળે કે ના પહોંચી વળે તો એન.જી.ઓ. ને આપણે હજુ પણ આવકારીએ છીએ.

### અમદાવાદ જિલ્લાની તંબુમાં બેસી કામ કરતી પોલીસ ચોકીઓ

***૮૬૫૭ શ્રી કાનજીભાઈ ર૧. તળપદા(ધોળકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પોલીસ ચોકીઓ તંબુમાં બેસી કામ કરે છે અને

(૨) આ તંબુ ચોકીઓની જગ્યાએ પાકી પોલીસ ચોકી બાંધવા સરકારે શું આયોજન કરેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

(૧) અને (૨)

(૨) કોઈ પોલીસ ચોકી તંબુમાં બેસી કામ કરતી નથી.

**શ્રી કાનજીભાઈ ર૧. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપેલ છે કે કોઈ પોલીસ ચોકી તંબુમા બેસતી નથી. વટામણ ચોકડી કોટ પોલીસ સ્ટેશન નીચેનું ગામ છે. આ જગ્યાએથી અમદાવાદ, ભાવનગર, તારાપુર રાજકોટ મોટો રોડ પસાર થાય છે. પેટ્રોલ પંપ આવેલ છે, જૈન મંદિર આવેલ છે. ઘણી દુકાનો, હોટેલો ત્યાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાનજીભાઈ ર૧. તળપદા** : અને આ જગ્યાએ ૩ વર્ષ પહેલા તંબુ હતો તે અત્યારે તંબુ ઉડી ગયો છે. અગત્યની જગ્યા છે, ત્યાં પોલીસ ચોકી બાંધી કાયમ પોલીસ હાજર રહે એ માટેની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : મમાનનીય અધ્યક્ષશ્રી, એમણે પાછળના ભાગની વાત કરી તે કહું પણ રેકર્ડ ક્લિયર કરવા માગું છું. ફરી એક વાર કે અમદાવાદ જિલ્લામાં કોઈ ચોકી તંબુમા બેસતી નથી. નોટિફાઈડ થયેલી બધી જ ચોકીઓ પાકા મકાન અને પોલીસનાં મકાનમાં બેસે છે. વટામણ ચોકડી એ પોલીસ ચોકી નથી. વિશિષ્ટ સંજોગોને લીધે ચેકપોસ્ટ, કૅમ્પ ત્યાં ટેમ્પરરી બનાવેલ હતો. એના માટે તંબુની અંદર પોલીસના કર્મચારીઓ રહે, એમની સવલત માટે તંબુ હતો. પરિસ્થિતિ સામાન્ય થતા ઉઠાવી લેવામાં આવેલ છે. વટામણ ચોકડીએ પોલીસ ચોકી કરવી, ના કરવી એવો પ્રશ્ન પૂછયો છે. એમાં પોલીસ સ્ટેશન એ ગુનાના આંકડા અને એ વિસ્તારનું ગુનાનું ભારણ જોઈ જો ક્રાઈટેરિયામાં બનતી હશે તો લીબરર ક્રાઈટેરિયા રાખીને જો ચોકી બનાવવા જેવી હશે તો સરકાર ચોક્કસ વિચાર કરશે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવા માગું તે પહેલા આતંકવાદ સામે લડવા માટે સરસમજાની સારી ચોકીઓ...

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : આપણે રસ્તેથી પસાર થતા હોઈએ ત્યારે કૉર્પોરેટ ઑફિસ લાગતી હોય તેવી પોલીસ ચોકીઓ બનાવવામાં આવી છે, ત્યારે અમદાવાદ જિલ્લામાં નોટિફિકેશન દ્વારા પ્રસિદ્ધ થયેલ પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીની વિગતો અને આ પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીઓ કયા પ્રકારનાં મકાનમાં બેસે છે?

**અધ્યક્ષશ્રી** : જવાબ લાંબો હોય તો ટેબલ ઉપર મૂકો.

**શ્રી અમિત શાહ** : લાંબો નથી. હું તો ટૂંકો જવાબ આપું છું. અમદાવાદ જિલ્લામાં કુલ ૨૧ જગ્યાએ પોલીસ સ્ટેશનો, પોલીસ ચોકીઓ છે, તેમાં દસ્ક્રોઈમાં ૪, સાણંદમાં ૫, ધોળકામાં ૪, ધંધૂકામાં ૨, વીરમગામમાં ૬ કુલ ૨૧ અને આ બધી જ પાકા મકાનોમાં બેસે છે. પોલીસના પોતાનાં મકાનમાં બેસે છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાની અંદર જે પોલીસ ચોકીઓ બનાવી, તે ૨૦૦૬ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધી તો એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી અમિત શાહ** : ૧ કરોડ ૭૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હું કહેવા માગું છું કે રાજ્ય સરકારે છેલ્લા ૫ વર્ષમાં ઈનિશિયેટિવ લઈને ૨૮ પોલીસ સ્ટેશનો રાજ્યમાં મોડેલ પોલીસ સ્ટેશન તરીકે લોક સહયોગથી બનાવેલ છે. પ્રજાની સાથે જોડી પોલીસ માટેનો પ્રજામાં ભાવ હોય તેમાં બદલાવ આવે એ માટે ખૂબ સુંદર પોલીસ સ્ટેશનો લોક સહયોગથી બનાવેલ છે. આ કામગીરી આગામી દિવસોમાં ચાલુ રહેવાની છે. મને કહેતા આનંદ થાય છે કે પોલીસ સ્ટેશન, પોલીસ ચોકી ઉપરના અધિકારીઓની જે કામ કરવાની કચેરીઓ છે એમાં સમગ્ર ભારતની અંદર પોતાના મકાન અને પાકા મકાનમાં સૌથી પહેલો નંબર ગુજરાત રાજ્યનો છે. ૧૭૮ કરોડ રૂપિયા આના માટે ગુજરાતમાં ખર્ચવામાં આવેલ છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાની અંદર જયાં જયાં સંવેદનશીલ વિસ્તાર હતા અને જયાં જરૂરિયાત હતી ત્યાં પાકી પોલીસ ચોકી બનાવી આપી છે. પરંતુ ડી.એસ.પી. ઓફિસ અમદાવાદ જિલ્લો એક સાઈડે છે અને ડી.એસ.પી. ઓફિસ પેલી સાઈડે છે. લોકોને ડી.એસ.પી. ઓફિસ જવું હોય તો ફરીને જવું પડે છે. તો નવી ડી.એસ.પી. ઓફિસ આ બાજુ કરવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આ અમદાવાદ જિલ્લાની પોલીસ ચોકીની વાત છે. ડી..એસ.પી. ઓફિસ માટે બીજો પ્રશ્ન પૂછવો પડે.

**રાજયમાં લોકાયુકતની ખાલી જગ્યા ભરવા બાબત**

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે..**

(૧) રાજયમાં લોકાયુકતની જગ્યા કયારથી ખાલી છે,

(૨) લોકાયુકતની નિયુકિત માટે નિવૃત્ત જસ્ટીસની પેનલ બનાવી પસંદ કરવાની કાર્યવાહી તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નહીં થવાના કારણો શાં છે,

(૩) આ અન્વયે સરકાર કયારે કાર્યવાહી હાથ ધરશે, અને

(૪) સરકાર કેટલા સમયમાં લોકાયુકતની નિયુકિત કરવા માગે છે?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**

(૧) તા. ૨૪-૧૧-૨૦૦૩(કચેરી સમય બાદ)થી જગ્યા ખાલી છે.

(૨) ગુજરાત લોકાયુકત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપધ્ધતિ અને પ્રક્રિયા પૂરી કરવામાં લાગતા સમયને કારણે

(૩) આ અંગેની કાર્યવાહી હાથ ધરાયેલ છે અને ગતિમાં છે.

(૪) ગુજરાત લોકાયુકત અધિનિયમ ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપધ્ધતિ અને પ્રક્રિયા પૂરી થતાં જ નિયુકિત કરી શકાશે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, લોકાયુકતની અંદર ધારાસભ્યશ્રી, મંત્રીશ્રીઓ કે મુખ્યમંત્રીશ્રી ઉપર કોઈ ભ્રષ્ટાચારના આરોપ થયા હોય તેની તપાસ કરવામાં આવે છે. છેલ્લા પોણા છ વર્ષથી લોકાયુકતના જજની નિમણૂક કયા કારણોસર કરવામાં આવી નથી આ મારો પહેલો પ્રશ્ન. બીજો પ્રશ્ન એ છે કે આ સમયગાળા દરમ્યાન કુલ કેટલી અરજીઓ આની અંદર આવેલી છે. આ અરજીઓમાં ૫૦૦ કરોડનો સુજલામ સુફલામનો

**અધ્યક્ષશ્રી** : આની અંદરથી ઉપસ્થિત થતા પ્રશ્ન પૂછો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જ છે. ૫૦૦ કરોડનો જે સુજલામ સુફલામનો ભ્રષ્ટાચાર થયો હતો તેની અરજી સામેલ છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : અત્યારે લોકાયુકતની નિમણૂકનો પ્રશ્ન પૂછો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન છે તે જગ્યા ભરવાનો છે. ત્યાં કઈ અરજીઓ આવી છે તેની વિગતો સરકાર પાસે ન હોય, તે લોકાયુકત પાસે હોય અને તે લોકાયુકત ત્યાં કરે છે. છેલ્લા લોકાયુકત જજ આદરણીય શ્રી સોની સાહેબ તા. ૨૪-૧૧-૨૦૦૩થી નિવૃત્ત થયા છે. ત્યારપછી જે વ્યકિતએ મંત્રી સામે કે જેની અંદર નિયત કરેલી વ્યકિત સામે કોઈ આક્ષેપો કે કોઈ પૂછપરછ કે વિગત માટે થઈને સ્પષ્ટતા જોઈતી હોય તો તે કરાવી શકે છે. આવી અરજીઓ આજની તારીખે પણ તે આપી શકે છે. લોકાયુકત નિયુકત થશે ત્યારે તે અરજીનું નિરાકરણ લોકાયુકતશ્રી કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ છ વર્ષથી આ જગ્યા ખાલી છે. છેલ્લા બે વર્ષમાં ૪૫ લાખ જેટલો ખર્ચ કચેરીમાં થયો છે. પણ લોકાયુકત નથી. માનનીય અધ્યક્ષશ્રી, લોકાયુકતની નિયુકિત એકટ કલીયર છે. ગવર્નર સાહેબે કરવાની છે. પ્રશ્ન ત્યાં ઉપસ્થિત થાય છે કે, ગવર્નમેન્ટ ઈનીશીયેટ કરી એડવાન્સ વિરોધપક્ષના નેતાને એજન્ડા નહીં મોકલી, પેનલ નહીં મોકલી ને નામ માટે પડયા એટલે વિલંબમાં પડે છે. શંકા એવી થાય કે આપણે વિલંબીત કરવા માગીએ છીએ. મારે જાણવાની અપેક્ષા છે કે એકટ પ્રમાણેના પ્રોવીઝન મુજબ ત્યાંથી જ નિયુકિત થાય અને સત્વરે નિયુકિત થાય, સરકારનો રોલ એકસકલુડ કર્યો છે તેમ છતાં સરકાર ઈન્ટરવીન કરવા જાય છે એટલે મુશ્કેલી થાય છે તો તેમાંથી સરકાર પોતાનો હાથ દૂર કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હાથનો સવાલ નથી. એપોઈન્ટમેન્ટ કરવાની સત્તા ગવર્નરશ્રીને છે. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિરોધપક્ષના નેતા સાથે અને હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સાથે સાંભળો, વિરોધપક્ષના નેતા અને હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સાથે પરામર્શ કરી અને તે નામ, બતાવું છુ. સેકશન છે. બંને સાથે પરામર્શ કરીને મુખ્યમંત્રીશ્રીએ પરામર્શ કરી અને તે નામ ગવર્નરને મોકલે છે અને પછી ગવર્નરને જે કઈ કવેરી હોય તે કવેરી રાજય સરકારને પૂછે છે અને ત્યારપછી એપોઈન્ટમેન્ટ ગવર્નરશ્રી કરે છે. આની અંદર વિરોધપક્ષના નેતાશ્રી સાથે પણ પરામર્શ થયેલ છે. મુખ્ય ન્યાયમૂર્તિ સાથે પણ પરામર્શ કરેલ છે અને પછી તે નામ મોકલાવેલ છે. મુખ્ય ન્યાયમૂર્તિ અને વિરોધપક્ષના નેતા સાથે પરામર્શ કરવાનો હોય છે. તેની કન્સીલીએશન કરવાનું હોય છે તેની કન્સીન્ટ લેવાની નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો માત્ર પોઈન્ટેડ પ્રશ્ન એટલો જ છે જયારે માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર્યુ છે કે મુખ્યમંત્રીશ્રીએ પરામર્શ કરવાનો છે અને કાયદામાં જોગવાઈ છે. મારે માત્ર કઈ કલમ નીચે આ જોગવાઈ છે. કોઈ પણ જગ્યાએ રોલ નથી, આઈ એમ ઓન રૅકૉર્ડ અને હું આપને પૂછવા માગું છું કે, કઈ સબસેકશન- સેકશનમાં આ પ્રોવીજન છે? ગવર્મેન્ટનો રોલ એકસ્કલુડ કરેલો છે. આપ મને બતાવો કે આ સેકશન મુજબ મુખ્ય મંત્રીશ્રી પરામર્શ કરી શકે, ધેન આઈ વીલ સરન્ડર.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી કલમ ૩(૨) મુજબ હાઈકોર્ટના જજ અથવા તો રિટાયર્ડ જજ લોકાયુકત હોઈ શકે, પછી ૫(૧) મુજબ પાંચ વર્ષ માટે ઑફિસ સંભાળે જ્યારથી એની નિયુકિત થાય, કલમ ૫(૪) મુજબ પગાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયધિશ જેટલો જ એનો હોય, અને અત્યાર સુધીની અંદર માનનીય મુખ્ય મંત્રીશ્રી પરામર્શ કરે એટલે કોણ ? ગવર્નર કરે? જો ગવર્નર કરેલ હોય તો ગવર્નરે પરામર્શ મુખ્ય મંત્રીશ્રી એ પરામર્શ કરીને જે નામ મોકલ્યું હોય તો ગવર્નરે કહ્યું હોય કે ભાઈ, આ તમને સત્તા નથી, સત્તા મને છે અને અત્યાર સુધી જેટલાની નિમણૂક કરેલી છેને એ આ જ પદ્ધતિથી કરવામાં આવે છે. અત્યાર સુધીની પ્રણાલિકા મુજબ જે કંઈ...

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: કાયદામાં છે તો કાયદાની કલમ બતાવો?

**શ્રી વજુભાઈ વાળા** : નહીં, નહીં, કલમે હોય અને પ્રોસીજરે હોય એની, માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ગવર્નરશ્રીને પાવર હોય તો સરકાર પાસે ગવર્નરશ્રી શા માટે પુછાણ કે પરામર્શ ને એ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં પ્રણાલિકા મુજબ મુખ્ય મંત્રીશ્રી વિરોધપક્ષના નેતા અને મુખ્ય ન્યાયમુર્તિ સાથે પરામર્શ કર્યો જ છે અને તે જ મુજબ આ કરી અને નામ એમને મોકલાય છે. જો નામ ન મોકલવાના હોય (અંતરાય) એક

કાયદાની અંદર સ્પષ્ટ કલમ હોય, અને બીજું અત્યાર સુધીની પ્રોસીજર હોય, આ પ્રોસીજર પ્રમાણે આ રીતે અપનાવવામાં આવે છે.

## રાજયમાં પેટા પરાંઓનું વીજળીકરણ

***૮૩૯૦ પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં વીજળીથી વંચિત પેટાપરાંઓના વીજળીકરણ માટે શું આયોજન કરાયેલ છે,

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજયમાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ થયું અન તેનો કેટલો ખર્ચ થયો, અને

(૩) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન રાજયમાં કેટલા પેરાપરાંઓનું વીજળીકરણ કરવાનું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા):**

(૧), (૨) અને (૩) રાજયના તમામ પેટાપરાંઓને વીજળીકરણથી આવરી લેવાની રાજય સરકારની નીતિ છે.

રાજયમાં વીજળીથી વંચિત પેટાપરાંઓના વીજળીકરણ માટે રાજય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

ઉકત યોજનાઓ અંતર્ગત ૧૯૯૮માં આદિજાતિ વિકાસ કમિશનરશ્રી તરફથી પ્રસિધ્ધ થયેલ પુસ્તિકા અને જિલ્લા પંચાયતોની યાદીમાં દર્શાવેલ કુલ ૧૦૪૦૫ પેટાપરામાંથી ૧૦૨૫૦ પેટાપરાંઓનું વીજળીકરણ પૂર્ણ કરેલ છે. જયારે બાકી રહેતા જંગલ વિસ્તારમાં આવેલા પેટાપરાંઓનું ચાલુ વર્ષે સૌર ઉર્જા અથવા પરંપરાગત રીતે વીજળીકરણ કરવાનું આયોજન છે.

પુસ્તિકામાં દર્શાવેલ પેટાપરાંઓ ઉપરાંત ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ૩૭૮ પેટાપરાનું વીજળીકરણ રૂા. ૧૫૭૩ લાખના ખર્ચે કરવામાં આવેલ છે અને ૨૦૦૯-૧૦માં કુલ ૧૨૧ પેટાપરાનું અંદાજિત રૂા. ૫૦૦ લાખના ખર્ચે વીજળીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વીજળીકરણના સરાહનીય કાર્ય માટે હું રાજય સરકારશ્રીને અભિનંદન આપું છું અને માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે, ૨૦૦૮-૦૯ દરમિયાન કયા જિલ્લામાં કેટલા પેટાપરાંનું વીજળીકરણ કરવામાં આવ્યું, ૨૦૦૯-૧૦ દરમિયાન કયા જિલ્લાના કેટલા પેટાપરાંનું વીજળીકરણ કરવામાં આવશે અને એનો અંદાજે ખર્ચ કેટલો થશે અને બીપીએલ લાભાર્થીઓને વીજળીકરણમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જિલ્લાવાર યાદી જો મૂકવાની હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ત્રીજો સવાલ છે, કે શું લાભ આપવામાં આવે છે? તો સભ્યશ્રીઓને મને કહેતાં આનંદ થાય છે કે, કે આ સરકાર બીપીએલ ગ્રાહક આખા રાજયમાં ગમે ત્યાં હોય અને એ પેટાપરાંમાં હોય કે બહાર હોય એને પહેલા ત્રીસ યુનિટ માટે માત્ર દોઢ રૂપિયો યુનિટ ચાર્જ કરવામાં આવે છે. આ ફેબ્રુઆરીથી આપણે આ સ્કીમ ચાલુ કરી છે, અને આના કારણે રાજયના ખૂબ મોટા આખા વિસ્તારની અંદર ઘણા લોકો આનો લાભ લેશે. જ્યારે મેં ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ની વાત કરી તો કુલ ૩૦૯ ટ્રાયબલ અને નોનટ્રાયબલ ૬૯ એમ ૩૭૮ અને ૨૦૦૯-૧૦ની અંદર પાંચ કરોડના ખર્ચે આપણે ૧૨૧ એમાં ટ્રાયબલના ૧૦૦ અને નોનટ્રાયબલના ૨૧ આ પ્રમાણેનું આયોજન છે. જિલ્લાઓનું નામ હું બોલતો નથી એ ટેબલ ઉપર મૂકી દઈશ.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે આ પેટાપરાંઓનું સર્વે ૧૯૯૮માં થયેલું, અને તે પછી કોઈ સરવે થયું નથી. એટલે માનનીય મંત્રીશ્રી નવા સરવે પ્રમાણે જે પેટા પરાંઓ બાકી રહી ગયા છે, એનું વીજળીકરણ કરવા માગે છે કે નહીં? અને બીજુ, જે પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવે છે, ત્યારે આખા પેટાપરાનું સંપૂર્ણ વીજળીકરણ કરવામાં આવતું નથી. એના અમુક ભાગ રહેવા દેવામાં આવે છે, તો એ મારા વિસ્તારની જાણકારી મેળવું તો આપી શકું એમ છું. એટલે આવું સંપૂર્ણ વીજળીકરણ કરે એના માટે કોઈ આયોજન કરવા માગે છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં જયાં પેટાપરાં નવાં કરવાનાં હોય છે, ત્યાં પ્રોજૅકટ એડમીનીસ્ટ્રેટર જે કોઈ નામ આપે છે એ નામ લેવામાં આવે છે. અને ૧૯૯૮ પછી પણ ચોપડીમાં નામ ન હોય એવાં નામો પ્રોજૅકટ એડમીનીસ્ટ્રટર આપે છે એ પેટા પરાં લેવામાં આવે છે. એવી જ રીતે ડીડીઓ, કલેકટર બીજે ચોપડીઓમાં, પંચાયતની ચોપડીઓમાં પેટાપરાં છે એની બહાર પણ કોઈપણ નામો આપવામાં આવે છે, એ પેટાપરાં તરીકે લેવામાં આવે છે, અને બીજું, કોઈપણ પેટા પરાં હોય કોઈપણ જગ્યાએ કોઈએ નામ ન આપ્યું હોય અને કોઈપણ ધારાસભ્યશ્રી એનું નામ આપશે અને એ પેટાપરાની અંદર દશેક વ્યકિતઓ જો રહેતા હશે તો આપણે ચોક્કસપણે દશેક અરજીઓ થાય તો આપણે ચોક્કસપણે એ પેટાપરાને વીજળીકરણ આપશું. **શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પેટાપરા વીજળીકરણ બાબતે રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને રાજય સરકારનો એમાં કેટલો ફાળો છે?

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ માં રાજય સરકારે કુલ ૩૭૮ પેટાપરાને વીજળીકરણ આપ્યું, એમાં કુલ ખર્ચો ૧૫.૭૩ કરોડ હતો, એમાં આર.જી.જી.વાય. માં કુલ ૨૯ પેટાપરાનો સમાવેશ થાય છે, આર.જી.જી.વાય. નો કુલ ખર્ચ અત્યારે મારી પાસે નથી, પણ એ અને બીજો બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્લાન એ પણ કેન્દ્ર સરકાર અને રાજય સરકારની યોજના છે એમાં ૧૨ કરોડ એમ કરીને ૧૫.૭૩ કરોડ, એમાંથી ૧.૦૬ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી આવ્યા.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, જે પેટાપરાને વીજળીકરણ કરવામાં આવે છે, અલગ અલગ યોજનાઓ દ્વારા તો એમાં પેટાપરાના વીજળીકરણ માટે અત્યારે કઈ કઈ યોજનાઓ અમલમાં છે?

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની ચાર યોજના છે એક ટ્રાયેબલ એરિયા સબ પ્લાન છે, ગુજરાત પેટર્ન છે, ઝુંપડપટ્ટી યોજના છે અને શીડ્યુલ કાસ્ટ સબ પ્લાન છે અને કેન્દ્ર સરકારની આર.જી.જી. વાય અને બોર્ડર એરિયા ડેવલપમેન્ટ યોજના છે, કુલ છ યોજનાઓ દ્વારા પેટાપરાને વીજળીકરણ આપવામાં આવે છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જાણવું છે કે બે દિવસ પહેલાં મેં એક પ્રશ્ન પુછેલો, એમાં મને જે જવાબ મળ્યો હતો એ પ્રશ્ન ચર્ચામાં નહિ આવ્યો પણ ૨૦૦૯-૧૦માં કુલ ૧૨૧ પેટાપરાનું અંદાજીત ૫ કરોડ રૂપિયાના ખર્ચે વીજળીકરણ કરવાનું આયોજન છે, મારી માહિતી પ્રમાણે નસવાડી તાલુકાના પંદર રેવન્યુ વિલેજ અને ૪૦ પેટાપરા, ચાર ગામો છોટાઉદેપુરના અને ૨૫ પેટાપરા, એવી રીતે કવાટના બે ગામો અને ૨૦ પેટાપરા, જેતપુર પાવીના ૨૫ પેટાપરા એમ કુલ ૧૦૧ જેટલા પેટાપરા વડોદરા જિલ્લાના ચાર તાલુકાના રેવન્યુ ગામો પણ બાકી છે, તો એના માટે વહેલામાં વહેલીતકે વીજળીકરણ થાય તેવું કરવા સરકાર ઈચ્છે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વિસ્તાર છે, પેટાપરાની અંદર કે જેની અંદર ફોરેસ્ટ એરિયામાં કેટલોક વિસ્તાર આવતો હોય છે, ઘણા પેટાપરા એવા છે કે ત્યાં વસતિ જ ના હોય, વસતિ માઈગ્રેટ કરી ગઈ હોય, ઘણા પેટાપરામાં સબમર્જ થઈ ગયેલા હોય છે, આવા બધા મળીને કુલ ૧૫૫ પેટાપરા છે, આપણે વહેલામાં વહેલી તકે જ્યાં જ્યાં દસ અરજીઓ હોય કે દસ કુટુંબો રહેતા હોય એવા સંપૂર્ણપણે ઈન્ક્લુડિંગ ફોરેસ્ટ એરિયા હોય એને પણ આપણે પેટાપરા વીજળીકરણ આપવા માગીએ છીએ, ફોરેસ્ટ એરિયાની અંદર આપણે સોલાર એનર્જી દ્વારા પણ એ લોકોને વીજળીકરણ આપવાનો સરકારે નિર્ણય લીધો છે અને બને એટલું વહેલામાં વહેલી તકે, શક્ય હોય ત્યાંસુધી આ જ વર્ષે આપણે પેટાપરાના વીજળીકરણનું કામ પૂર્ણ કરીશું.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે ૩૭૮ પેટાપરાનું વીજળીકરણનું કામ પૂર્ણ થયું અને ૨૦૦૯-૧૦માં ૧૨૧ પેટાપરાનું કામ હાથ પર લેવાનું છે એમાં જામનગર જિલ્લાના કેટલા પેટાપરા છે અને જે લોકો વાડી વિસ્તારમાં રહે છે એવા નાના ખેડૂતોને વીજ લાઈનનો ખર્ચ છે એ સરકારશ્રી ભોગવે તો આ પેટાપરા જેવું જ વાડી વિસ્તારમાં મોટાભાગના ખેડૂતો રહે છે અને મોટા ખેડૂતોને ૫૦ ટકા એમાં જે કનેકશન જોઈએ એ ખેડૂત ભોગવે છે અને ૫૦ ટકા રાજય સરકાર વીજલાઈન ઉભી કરવા માટે ખર્ચ કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં ૨૦૦૮-૦૯ કે ૨૦૦૯-૧૦માં કોઈ પેટાપરા આવતા નથી અને બાકીનો જે પ્રશ્ન છે એના માટે જુદી નોટિસ માનનીય સભ્યશ્રી આપે.

### ગુજરાતી ચલચિત્રના વિકાસ અન્વયે કરેલ સહાય

***૮૮૮૯ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગના વિકાસ માટે રાજય સરકાર દ્વારા શું શું પગલાં ભરવામાં આવે છે.

(૨) ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગના ફિલ્મ નિર્માતાઓને લોન, સબસીડી, કર રાહત સહાયની કોઈ યોજના છે, અને

(૩) ૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૮ના વર્ષમાં ગુજરાતી ચલચિત્ર નિર્માતાઓને વર્ષવાર સરકાર દ્વારા શું મદદ-સહાય અથવા રાહત આપવામાં આવી.

**માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી**

(૧) ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગના વિકાસ માટે રાજય સરકાર તરફથી રંગીન ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓને સબસીડી અને કરમુકિતના લાભ આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રતિ નાણાંકીય વર્ષ માટે ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન આપવાના હેતુથી જુદી જુદી કેટેગરીઓમાં રોકડ પુરસ્કાર સહિત, ટ્રોફી પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે.

(૨) ગુજરાતી રંગીન ચલચિત્રના નિર્માતાને ચલચિત્ર દીઠ રૂા.૫,૦૦,૦૦૦/- ની આર્થિક સહાય તથા કાયમી ધોરણે ૧૦૦ ટકા મનોરંજન કરમુક્તિ આપવાની યોજના છે.

| **વર્ષ** | **ચલચિત્રની સંખ્યા કરમુક્તિ** | **સબસીડી (ચલચિત્ર દીઠ રૂા.૫ લાખ)** |
|---|---|---|
| ૨૦૦૬ | ૧૩ | ૧૫ |
| ૨૦૦૭ | ૩૧ | ૧૫ |
| ૨૦૦૮ | ૫૨ | ૧૮ |

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રીજી બાબતની અંદર એમણે જણાવ્યું છે કે, ૨૦૦૬માં ૧૩ ફિલ્મોને કરમુક્તિ આપી એમાં ૧૫ લાખ રૂપિયા સબસીડી આપી એમને અને એવી જ રીતે ૨૦૦૭માં ૩૧ અને ૨૦૦૮માં ૫૨, એમાં સામે જે રૂપિયા લખ્યા છે, તે વિસંગતતા સમજાતિ નથી અને બીજું એ પૂછવું છે કે ગુજરાતી ચલ ચિત્રો માટે એમ.ઓ.યુ. થયા છે કે કેમ? અને થયા હોય તો કેટલાં રૂપિયાના ? અને ગુજરાતમાં આગામી વર્ષે જે સ્વર્ણિમ ગુજરાત તરીકે ઉજવવાનું છે ત્યારે ગુજરાતને પૌરાણિક ઈતિહાસને જોડીને ગુજરાત સરકારે કોઈ ફિલ્મ બનાવવા માંગે છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ત્રણ પ્રશ્નો પૂછ્યાં તેમાં ત્રીજા પ્રશ્નનો જવાબ ખૂબ સરળ છે. કોઈ પણ પ્રકારનું આપનું સૂચન હશે અને ગુજરાતના ઈતિહાસને દસ્તાવેજી કરતું કોઈ પણ ચલ ચિત્ર બનાવવા માટેની અથવા ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવા માટેની સ્વર્ણિમ ગુજરાતની જે આખીય ગતિવિધિઓ ચાલી રહી છે તેમાં તે આવકાર્ય છે અને તેને યોગ્ય તે રીતે વિચારણામાં લેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે વિસંગતતા કેમ છે ? માનનીય અધ્યક્ષશ્રી, સબસીડીની રકમ પાંચ લાખ રૂપિયા આપવામાં આવે છે એટલે ૧૫ ચિત્રોને આપીએ એટલે ૭૫ લાખ. ૧૮ ચિત્રોને આપીએ એટલે ૯૦ લાખ. એટલે વિસંગતતા તેમાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી વાત છે તે માનનીય સભ્યશ્રીને હું કહેવા માગું છું કે, રાજય સરકારે ગુજરાતી ચલ ચિત્રોને પ્રોત્સાહન આપવા માટેની યોજના ઘડી અને ૨૦૦૫થી તેનો આખો જી.આર.રિવાઈઝ કરી અને અમલમાં મૂક્યો તેના સારાં પરિણામો માનનીય સભ્યશ્રી મેં જે જવાબ આપ્યો છે તેમાંથી જોઈ શકતાં હશે. ૨૦૦૬માં ૧૩ ચિત્રોને કરમુકિત આપી હતી. સબસીડી ૧૫ ચિત્રોને આપી. ૨૦૦૭માં ૩૧ અને ૨૦૦૮માં ૫૨ ચિત્રોને આપણે કરમુકિત આપી. એટલે ગુજરાતી ચલ ચિત્રને દર અઠવાડિયે એક વખત વન્સ ઈન એ વીક સાહેબ ૨૦૦૮ના ૫૨ અઠવાડિયાના ૫૨ ચલ ચિત્રો એટલે દર અઠવાડિયે એક ચિત્રને સરેરાશ રાજય સરકાર પ્રોત્સાહન આપે છે એ વાત માનનીય સભ્યશ્રીના ધ્યાને મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે એમ.ઓ.યુ. બાબતની પૃચ્છા કરી તો તે અંગેની વિગતો પણ મારી પાસે ઉપલબ્ધ છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમિપ્ત ૨૦૦૯માં આ બાબતે જે એમ.ઓ.યુ. થયા છે તેમાં ૯૫૦ કરોડના રોકાણ સાથે ભરૂચ અથવા વલસાડ ખાતે સ્થાપવા માટે શોર્ટગન એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ સાથે ફિલ્મ તાલિમ સંસ્થા અને થીમ પાર્ક માટે એમ.ઓ.યુ. થયેલાં છે. અંદાજે વીસ હજાર લોકોને સીધી કે આડકતરી રોજગારી મળશે. ભુજ, અમદાવાદ, વડોદરા, હિંમતનગર, ભરૂચ, રાજપીપળા, સુરત, વલસાડ, રાજકોટ, જામનગર, જુનાગઢ વગેરે સ્થળોએ એફ.એમ.ચેનલ નૅટવર્ક સ્થાપવામાં આવશે. ગાંધીનગરમાં ટી.વી.સેટેલાઈટ ચેનલો સ્થાપવામાં આવશે. રાજયના બધાંજ જિલ્લાઓમાં દરેક જિલ્લામાં ૬ થી ૧૫ નાની ક્ષમતાના થિયેટરો એટલે મીની થિયેટર જેને કહેવાય એવા સર, એમ કુલ ૩૦૦ થિયેટરો બનાવે છે. અંદાજે વીસ હજાર લોકોને સીધી કે આડકતરી રોજગારી મળશે. રૂપિયા ૧૫૦૦ કરોડના રોકાણ સાથે નવસારી નજીક મહેન્દ્ર ગામ ખાતે સંકામણ ગુજરાત ફિલ્મ સીટી સાથે ફિલ્મ સ્ટુડિયો સ્થાપવા માટે થયેલ છે. આશરે ચાર હજાર લોકોને નિયમિત અને વીસ હજાર લોકોને અનિયમિત રોજી મળશે. આદર્શ રેકોર્ડિંગ સ્ટુડિયો દ્વારા પેટલાદ તાલુકા ખાતે રેકોર્ડિંગ સ્ટુડિયો સ્થાપવા માટેનું એમ.ઓ.યુ.થયેલ છે. અને બ્રિજ કોમ્યુનિકેશન્સ ડભોઈ દ્વારા પાંચ કરોડના અંદાજિત ખર્ચે ફિલ્મ સ્ટુડિયો અને રીસર્ચ સેન્ટર સ્થાપવામાં આવશે જેમાં આશરે ૩૦૦ વ્યકિતઓને રોજગારી મળશે. આમ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ સમિત સમયે આ પ્રકારના એમ.ઓ.યુ. ચલ ચિત્ર અથવા ચલ ચિત્ર સાથે સંકળાયેલ કાર્યવાહી માટે થયેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ચલ ચિત્રના વિકાસ માટે સબસીડી અને કરમુકિત આ બે પ્રકારના લાભો સરકાર તરફથી અપાય છે. મારે એ જાણવું છે કે સબસીડી અને કરમુકિત આ બન્ને લાભો આપવા માટેના ધારા-ધોરણો શું છે ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, તે માટેના જે નિર્ધારિત ધારા-ધોરણો છે તે નિર્ધારિત ધારા-ધોરણો જી.આર.થી નિયમિત કરવામાં આવ્યાં છે પણ તેની મહત્ત્વની જોગવાઈઓ જે છે તે મુજબ આ જે ચલ

ચિત્ર છે તેનો ૫૦ ટકા કરતાં વધારે ભાગ ગુજરાતમાં તેનું શૂટિંગ થયું હોવું જોઈએ. અને આ જે ચલચિત્રો છે, એમાં રાષ્ટ્રીય હિત વિરોધી અથવા તો કોઈપણ પ્રકારની કોમી ભાવનાઓને ભડકાવે અથવા તેને કોઈપણ રીતે ઉશ્કેરે એ પ્રકારની પરિસ્થિતિ ન હોવી જોઈએ. એની જે સમિતિ નક્કી કરવામાં આવી છે એના દ્વારા નિર્ધારીત ધારાધોરણ માટે પ્રીવ્યુ કરીને મંજૂરી આપવામાં આવે તે પ્રમાણે આ લાભો આપવામાં આવે છે.

**શ્રી ફારુકભાઈ શેખ :** ગુજરાતમાં ઘણા મલ્ટીપ્લેક્સ થીએટર આવેલા છે. આપણા ગુજરાતી પીક્ચરો છે તે આ મલ્ટીપ્લેક્સ થીએટરોમાં રીલીઝ થતા નથી. તો થીએટરોના માલિકોને દબાણ કરીને ગુજરાતી પીક્ચર રીલીઝ કરવા માગો છો કે કેમ? આ એક અને બીજું. બીજા રાજયોમાં ૧૫ થી ૨૦ લાખ સબસિડી હોય છે અને ત્યાં મલ્ટીપ્લેક્સ થીએટરોમાં રીલીઝ પણ થાય છે. તો આ વીસથી પચ્ચીસ લાખ રૂપિયા સબસિડી કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, આમ તો માનનીય મંત્રીશ્રીના બન્ને સૂચનો છે. અને ગૃહની બહાર માનનીય સભ્યશ્રી કદાચ આ બાબત મને અવગત કરાવશે તો હું એમનો વધારે આભારી થઈશ, કારણ કે એમને ચલચિત્રમાં ખૂબ જ રસ છે. ખૂબ જ, અત્યંત રસ ધરાવતા આપણા માનનીય સભ્યશ્રી છે.

**અધ્યક્ષશ્રી** : તમારી જાણ માટે માનનીય મંત્રીશ્રી, શ્રી ફારુક જો કોઈ ફિલ્મમાં ઉતરે તો એક સારા અભિનેતા થાય એવા છે. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, આમ તો ગુજરાતીમાં કહેવત છે કે બાપ કરતાં બેટા સવાયા. એમ ફારુકભાઈ ભલે અહીં અભિનય કરતા હોય, પણ એમના દીકરાએ કંઈક આ ઉદ્યોગ ભણી નજર કરી છે, સર. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૧૫ લાખ સબસિડી આપીએ છીએ. મને લાગે છે કે માનનીય સભ્યશ્રીએ જે કહ્યું તે એની રેન્જની દ્રષ્ટિએ બરાબર છે. મનોરંજન કરની બાબતમાં હું માનનીય સભ્યશ્રીને કહેવા માગીશ કે રાજય સરકારે આ ચલચિત્રોને પ્રોત્સાહન પેટે જે ગુમાવેલ મનોરંજન કર છે, એ ૨૦૦૪-૦૫માં ૧૧૭.૪૮ લાખ હતો. વધીને ૧૩૩.૩૧ લાખ ૨૦૦૫-૦૬માં થયો. ૨૦૦૭-૦૮માં ૧૮૯.૩૪ લાખ અને ૨૦૦૮-૦૯માં ૨૧૯.૮૫ લાખ થયો. એટલે પ્રોત્સાહન લાભો વધતા જાય છે અને રાજય સરકાર સારા ગુજરાતી ચલચિત્રો ઉતરે એ માટે હંમેશા જે કાંઈ પ્રોત્સાહન જરૂરી જણાય તે, અને સૂચનો આવશે તો એને ગંભીરતાથી લેવા માટે તૈયાર છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં મારી લાગણી એ છે કે અત્યારે ગુજરાતની અંદર કેટલાક ચલચિત્રો પડદા પર આવવાના બાકી છે. જે લોકોએ ચલચિત્રો બનાવ્યા એમની દશાની જે ફારુકભાઈએ વાત કરી એ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની અંદર કેટલાક ચલચિત્રો પડદા ઉપર નહીં આવવા પાછળ સેન્સર બોર્ડે મંજૂર કર્યા પછી પણ કેટલાક કેસોમાં સબસિડી આપવાની બાકી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા ચલચિત્રો આવવાના બાકી છે એ વિગતો તો મારી પાસે ઉપલબ્ધ નહીં હોય, પણ માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી એમાં ૨૦૦૬-૦૭ના વર્ષના પારિતોષિક અને એ માટેના પ્રીવ્યુ અને એ બધું થઈ ગયેલું છે. ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ એ બે માટેની વાત કરું તો ૨૦૦૭-૦૮નો પ્રીવ્યુ થઈ ગયો છે. ૨૦૦૮-૦૯ની પ્રીવ્યુ માટેની કામગીરી બાકીમાં છે અને આપણી લોકસભાની ચુંટણી જે આવી એની આચારસંહિતાને કારણે એના અંગે નિર્ણય લેવાયો નથી. એટલે વહેલામાં વહેલી તકે એ માટે નિર્ણય લેવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાઉલજીનો પ્રશ્ન આપ પ્રશ્ન-૮ જોઈ લો. સ્પેસિફિક સબસિડી બાબતનો પ્રશ્ન છે. માનનીય રાઉલજીનો પ્રશ્ન એ છે કે જે સેન્સર બોર્ડે મંજૂર કરી દીધેલા હોય, લાયકાત ધરાવતા હોય અને છતાં જેને સબસિડી મળી નથી. આ પ્રશ્નમાંથી સીધો જ ઉદ્ભવે. જયારે આપ કેટલાને સબસિડી આપી એના ફીગર્સ આપો છો. વર્ષવાર આપો છો, ત્યારે કેટલાની બાકી છે એ ફીગર તો આપના પાસે હોવો જ જોઈએ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, વર્ષવાઈઝ મેં માનનીય સભ્યશ્રીને સ્પષ્ટ કહ્યું કે ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ એ સમિતિનો, એકનો પ્રીવ્યુ થઈ ગયો છે અને એકના બાકી છે અને એ અંગેની જે કંઈ કાર્યવાહી કરવાની હશે તે ઝડપથી કરીશું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### લોકાયુક્ત કચેરીના વહીવટ માટે રાજ્ય સરકારે કરેલ ખર્ચ

૮૨૬૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યની લોકાયુક્ત કચેરીના વહીવટ પાછળ તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રાજ્ય સરકારે કેટ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

૨૦૦૭-૦૮ કુલ ખર્ચ રૂપિયા ૨૪,૭૪,૬૧૪-૦૦
૨૦૦૮-૦૯ કુલ ખર્ચ રૂપિયા ૨૧,૯૨,૩૭૭-૦૦

------------

### ગાંધીનગર જિલ્લા આયોજન મંડળ દ્વારા તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટ

૮૬૪૪ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લા આયોજન મંડળ દ્વારા જિલ્લાના માણસા, કલોલ, ગાંધીનગર અને દહેગામ તાલુકાઓને સન ૨૦૦૬-૨૦૦૭, ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ માટે કેટ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે,

(૨) આ ગ્રાન્ટની ફાળવણી ચાર તાલુકાઓને વસ્તીના ધોરણે કરવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો માણસા અને કલોલ તાલુકાને થતો આવો અન્યાય ક્યારે દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લા આયોજન મંડળ દ્વારા ચાર તાલુકાઓને વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| ૧ | ગાંધીનગર | ૧૩૮.૭૯ | ૧૭૭.૮૪ | ૧૬૮.૬૭ |
| ૨ | દહેગામ | ૪૯.૩૫ | ૫૨.૨૯ | ૫૫.૧૨ |
| ૩ | માણસા | ૨૯.૭૮ | ૩૧.૩૨ | ૩૨.૯૩ |
| ૪ | કલોલ | ૪૦.૯૫ | ૫૧.૮૩ | ૩૮.૯૪ |

(૨) અને (૩) હાલમાં, જૂના જિલ્લાઓમાં તાલુકાવાર જે ધોરણે ગ્રાન્ટ ફાળવણી થતી હતી તે ધોરણે તે તાલુકાઓને ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. નવા ધોરણો અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

------------

### દાહોદ ચેકપોસ્ટની આવક

૮૩૬૬**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની દાહોદ ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઇ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૧૧૩૪.૭૯ |
| ૨૦૦૭ | ૧૨૦૬.૬૦ |
| ૨૦૦૮ | ૧૬૦૩.૮૪ |

(૨) ઘટાડો થયેલ નથી.

------------

### જામનગર ચેકપોસ્ટની આવક

૮૩૬૮ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની જામનગર ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઇ, અને

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૨૫૩.૦૨ |
| ૨૦૦૭ | ૩૭૯.૧૧ |
| ૨૦૦૮ | ૪૦૧.૩૮ |

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શાં કારણો છે?

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

**માલવણ-પીપળી નર્મદાની મેઇન કેનાલમાં પડેલ ગાબડું**

૭૩૭૪ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ધ્રાંગધ્રા પાસે માલવણ-પીપળી વચ્ચે નર્મદાની મેઇન કેનાલમાં ૫૦ ફૂટ જેટલું મોટું ગાબડું તાજેતરમાં તા. ૨૯ મે, ૨૦૦૯ ના આસપાસના દિવસોમાં પડી ગયું હતું અને ગાબડું તાત્કાલિક નહીં પૂરી શકાતાં ઘણાં જથ્થામાં પાણી ઘણી જમીનમાં વહી ગયું હતું તે હકીક્ત સાચી છે, | (૧) ધ્રાંગધ્રા તાલુકામાંથી નર્મદાની મેઇન કેનાલ પસાર થતી નથી. પરંતુ સોરાષ્ટ્ર શાખા નહેરની માળીયા પેટા શાખા કેનાલ પસાર થાય છે. જેમાં તા. ૨૯-૫-૦૯ના રોજ આશરે ૩૮ મીટર લંબાઇમાં ગાબડું પડેલ. તા. ૭-૬-૦૯ના રોજ ગાબડું પૂરી પાણી વહેવડાવવામાં આવેલ. તેથી ઘણાં જથ્થામાં પાણી વહી ગયું હોવાની બાબત સાચી નથી. |
| (૨) કેનાલ તૂટવાના કારણે થયેલ નુક્સાન માટે જવાબદારો સામે કોઇ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) અહેવાલ આવ્યા પછી યોગ્ય પગલાં લેવામાં આવશે. |
| (૩) જો હા, તો કોની સામે શાં પગલાં લીધાં છે ? | (૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**માલવણ-પીપળી નર્મદાની મેઈન કેનાલમાં પડેલ ગાબડું**

૭૩૭૦ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ધ્રાંગધ્રા પાસે માલવણ-પીપળી વચ્ચે નર્મદાની મેઈન કેનાલમાં ૫૦ ફુટ જેટલું મોટું ગાબડું તાજેતરમાં તા. ૨૯ મે, ૨૦૦૯ના આસપાસના દિવસોમાં પડી ગયું હતું અને ગાબડું તાત્કાલિક નહીં પૂરી શકાતાં ઘણા જથ્થામાં પાણી ઘણી જમીનમાં વહી ગયું હતું તે હકીક્ત સાચી છે, | (૧) ધ્રાંગધ્રા તાલુકામાંથી નર્મદાની મેઈન કેનાલ પસાર થતી નથી પરંતુ સોરાષ્ટ્ર શાખા નહેરની માળીયા પેટા શાખા કેનાલ પસાર થાય છે. જેમાં તા. ૨૯-૫-૦૯ ના રોજ આશરે ૩૮ મીટર લંબાઈમાં ગાબડું પડેલ તા. ૭-૬-૦૯ ના રોજ ગાબડું પૂરી પાણી વહેવડાવવામાં આવેલ. તેથી ઘણાં જથ્થામાં પાણી વહી ગયું હોવાની બાબત સાચી નથી. |
| (૨) કેનાલ તૂટવાના કારણે થયેલ નુક્શાન માટે જવાબદારો સામે કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) અહેવાલ આવ્યા પછી યોગ્ય પગલાં લેવામાં આવશે. |
| (૩) જો હા, તો કોની સામે શાં પગલાં લીધા છે ? | (૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**આમલિયાર ચેકપોસ્ટની આવક**

૮૩૪૨**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વાહન વ્યવહાર ખાતાની આમલિયાર ચેકપોસ્ટની છેલ્લા ૩ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઈ, અને | (૧) વાહન વ્યવહાર ખાતાની આમલિયાર ખાતે ચેક પોસ્ટ પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. આથી આવક દર્શાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શાં કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## રાજકોટ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ

૮૬૨૭**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ કેટ કેટલું છે,

(૨) તે અન્વયે કેટ કેટલી જગ્યા સંવર્ગવાર ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકા | પોઈ | પોસઈ | હે.કો. | પો.કો. |
|---|---|---|---|---|---|
| ૧ | ગોંડલ | ૧ | ૪ | ૫૧ | ૯૬ |
| ૨ | જસદણ | ૧ | ૦ | ૩૭ | ૮૬ |
| ૩ | લોધીકા | ૦ | ૧ | ૧૦ | ૧૪ |
| ૪ | કોટડા સાંગાણી | ૦ | ૧ | ૧૦ | ૧૩ |
| ૫ | મોરબી | ૧ | ૧૩ | ૭૫ | ૨૪૮ |
| ૬ | વાંકાનેર | ૧ | ૩ | ૩૪ | ૬૪ |
| ૭ | પડધરી | ૦ | ૧ | ૧૪ | ૨૫ |
| ૮ | ટંકારા | ૦ | ૧ | ૧૪ | ૨૩ |
| ૯ | માળીયા મીયાણા | ૦ | ૧ | ૧૪ | ૫૧ |
| ૧૦ | જેતપુર | ૧ | ૪ | ૪૩ | ૮૬ |
| ૧૧ | ધોરાજી | ૧ | ૩ | ૬૬ | ૧૧૬ |
| ૧૨ | ઉપલેટા | ૧ | ૩ | ૨૬ | ૪૨ |
| ૧૩ | જામ કંડોરણા | ૦ | ૧ | ૧૫ | ૨૬ |

(૨)

| ક્રમ | તાલુકા | પો.ઈ | પો.સ.ઈ | હે.કો. | પો.કો. |
|---|---|---|---|---|---|
| ૧ | ગોંડલ | ૦ | ૦ | ૪ | ૨૪ |
| ૨ | જસદણ | ૦ | ૦ | ૧૬ | ૨૯ |
| ૩ | લોધીકા | ૦ | ૦ | ૩ | ૧ |
| ૪ | કોટડા સાંગાણી | ૦ | ૦ | ૨ | ૫ |
| ૫ | મોરબી | ૦ | ૭ | ૨૨ | ૧૫૮ |
| ૬ | વાંકાનેર | ૦ | ૦ | ૧ | ૧૪ |
| ૭ | પડધરી | ૦ | ૦ | ૧ | ૫ |
| ૮ | ટંકારા | ૦ | ૦ | ૨ | ૧૧ |
| ૯ | માળીયા મીયાણા | ૦ | ૦ | ૨ | ૩૦ |
| ૧૦ | જેતપુર | ૦ | ૦ | ૧૧ | ૨૦ |
| ૧૧ | ધોરાજી | ૦ | ૦ | ૮ | ૫૬ |
| ૧૨ | ઉપલેટા | ૦ | ૦ | ૩ | ૬ |
| ૧૩ | જામ કંડોરણા | ૦ | ૦ | ૪ | ૭ |

(૩) રાજ્યના પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેક્ટીવ પ્લાન તૈયાર કરેલ છે તેના ભાગરૂપે વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની તથા ૧૬૫ ખાસ સ્પર્ધાત્મક બઢતીના પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની નિમણૂકો કરવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં સીધી ભરતીના ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટરો અને ખાસ સ્પર્ધાત્મક બઢતીના ૫૪૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે. વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૫૩૯૦ લોકરક્ષકોને નિમણૂક આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં ૮૭૩૪ સીધી ભરતીના લોકરક્ષકોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે.

------------

## દેત્રોજ, માંડલ અને વિરમગામ તાલુકામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી

૮૪૭૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાનાં માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી કેટલી શાખા નહેરોમાં આપવામાં આવે છે,

(૨) બાકીની શાખા નહેરોનું કામ ક્યારે પૂર્ણ થાય તેમ છે, અને

(૩) ગોરૈયા શાખા નહેર અને ઝીંઝુંવાડા શાખા નહેરમાં ક્યારે પાણી છોડવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી ચાર શાખા નહેરોમાં આપવામાં આવે છે.

(૨) શક્ય તેટલાં વહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) કામો વહેલી તકે પૂર્ણ કરી પાણી છોડવાનું આયોજન છે.

## રાજ્યમાં અને અમદાવાદમાં વીજ સબસ્ટેશનો

૮૩૮૦**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાનમાં રાજ્યમાં કેટલા નવાં સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, ક્યા ક્યા ?

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યમાં કુલ ૬૦ (સાઈઠ) નવા સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે.

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં ૬૬ કે.વી. ના કુલ ૦૨ (બે) નીચે મુજબના નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે.

**સબ સ્ટેશનનું નામ**

ઓઢવ

ભાટ

------------

## ખેડા જિલ્લામાં રાજીવગાંધી ગ્રામિણ વિદ્યુતિકરણ યોજના હેઠળ વીજળીકરણ

૮૬૦૨**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજના હેઠળ કેટલા તાલુકાના ગામોમાંથી કેટલી અરજીઓ આવી,

(૨) આ અરજીઓમાંથી કેટલાને વીજ ક્નેક્શન આપવામાં આવ્યા,

(૩) કેટલા વીજ ક્નેક્શનોની અરજીઓ હાલમાં પેન્ડીંગ છે,

(૪) તેના શાં કારણો છે, અને

(૫) ઉક્ત ક્નેક્શનો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨), (૩), (૪) અને (૫)

રાજીવ ગાંધી ગ્રામીણ વિજળીકરણ યોજના એ કેન્દ્ર સરકારની યોજના છે. આ યોજના હેઠળ લાભાર્થીએ વીજળીકરણ માટે અરજી કરવાની હોતી નથી. પરંતુ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલ બી.પી.એલ. યાદીના લાભાર્થીઓને આવરી લેવાના હોય છે. તે યાદી મજુબ ખેડા જિલ્લાના ૧૦ તાલુકાના ૬૧૨ ગામોના કુલ ૬૭૦૯૪ બી.પી.એલ. લાભાર્થીઓને આવરી લેવાનું આયોજન છે.

આ યોજનાનો ખેડા જિલ્લાનો પ્રોજેક્ટ ૨૦૦૫માં કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ જેની મંજૂરી માર્ચ-૨૦૦૮માં મળેલ ત્યાબાદ રીવાઈઝ કોસ્ટની મંજૂરી ફેબ્રુઆરી-૦૯માં મળી હતી. આમ વિલંબથી મળેલ મંજૂરીના કારણે માર્ચ-૨૦૦૯ થી યોજનાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

યોજના માટેનો ટર્નકી કોન્ટ્રાક્ટ આપવાની કામગીરી હાથ પર છે. જે આપ્યા બાદ પ્રોજેક્ટની વીજળીકરણની કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## રાજ્યમાં નવા ઉદ્યોગો માટે જરૂરી વીજળીની સવલતો

૮૬૪૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નવા આવતા ઉદ્યોગો માટે જરૂરી વીજળીની સવલતો પૂરી પાડવા રાજ્ય સરકારે તા. ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ શું આયોજન કરેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યની હાલની વીજ સ્થાપિત ક્ષમતા ૯૮૬૪ મે.વો. ની છે. ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન રાજ્યનો સર્વાંગી વિકાસદર ૧૧.૨% રહેવાની ધારણા છે. જેને

(૨) આવા ઉદ્યોગો માટે અંદાજે કેટલા મેગાવોટ વિજળીની જરૂરિયાત ઊભી થવાની છે ?

ધ્યાને લેતાં રાજ્યમાં ઓદ્યોગિક વીજ માંગ સહિત એકંદર વીજ જરૂરિયાત ૮%ના દરે વધવાની ધારણા છે. જેના પરિણામે ૧૧મી પંચવર્ષીય યોજનાના અંતે વીજળીની કુલ માંગ ૧૪૩૭૪ મે.વો. જેટલી રહેશે. જેના માટે ૧૮૪૦૦ મે.વો. સ્થાપિત ક્ષમતાની જરૂર રહેશે. જેની સામે ૧૧મી પંચવર્ષીય યોજનાના બાકીના વર્ષો દરમ્યાન રાજ્ય સરકારે ૯૩૯૬ મે.વો. ની સ્થાપિત ક્ષમતા ઉમેરવાનું આયોજન કરેલ છે. જેના કારણે રાજ્યની કુલ સ્થાપિત ક્ષમતા ૧૯૨૬૦ મે.વો. જેટલી થશે. ઓદ્યોગિક વીજ ગ્રાહકો સહિતના રાજ્યના તમામ ક્ષાના વીજ ગ્રાહકોની વીજળીની જરૂરિયાતને પહોંચી વળવા આયોજન કરવામાં આવેલી ઉક્ત સ્થાપિત ક્ષમતા પૂરતી છે.

-----------

## ભરૂચ દહેજ વિસ્તારમાં પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનની સ્થાપના

૭૩૨૦**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ-દહેજ વિસ્તારમાં ૪૫૩ ચો.કી. વિસ્તારમાં પેટ્રોલિયમ-કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપનાની દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા સરકારને ક્યારે રજૂ કરવામાં આવી,

(૨) ઉક્ત દરખાસ્તને કેન્દ્ર સરકારે મંજૂરી આપેલ છે કે કેમ, અને

(૩) આ દરખાસ્ત હેઠળના ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એરીયામાં રાજ્ય સરકાર પ્રથમ ફેઝમાં કેવા પ્રકારના વિકાસની કામગીરી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) પેટ્રોલીયમ-કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણે દેશમાં વિશાળ મુડીરોકાણ થાય તે સારું આવા ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ઉભા કરવાની કેન્દ્ર સરકારે એપ્રિલ-૨૦૦૭ માં નીતિ જાહેર કરેલ છે. આવા વિસ્તારમાં એક જ પ્રકારના ઉદ્યોગોને સામીપ્યની હૂંફ, કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ અને આવા ઓદ્યોગિક એકમોને સંવાદિતાવાળું વાતાવરણ મળી રહે તે આ નીતિનો આશય છે. આવા ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો લઘુતમ વિસ્તાર ૨૫૦ ચો.કિ.મી. હશે. કેન્દ્ર સરકારને તા. ૬-૯-૨૦૦૭ના પત્રથી રાજ્ય સરકાર દ્વારા દરખાસ્ત કરવામાં આવી. કેન્દ્ર સરકારે અત્યાર સુધી ત્રણ રાજ્યો ગુજરાત, આંધ્રપ્રદેશ અને પમિ બંગાળની દરખાસ્ત મંજૂર કરેલ છે.

(૨) હા.

(૩) તેમાં ઉત્પાદનના એકમો ઉપરાંત જાહેર સુવિધાઓ, લોજીસ્ટીક હબ, પર્યાવરણની સુરક્ષા માટેની જાહેર સુવિધાઓ, રહેણાંક વિસ્તાર, સેવા ઝોન વગેરે રહેશે. અત્રે પ્રોસેસીંગ એરીયા ૪૦ ટકાથી વધશે નહીં. આ રીજીયનમાં સેઝ, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ફ્રી ટ્રેડ અને વેર હાઉસીંગ ઝોન, ગ્રોથ સેન્ટર વગેરે પણ સમાવિષ્ટ થઈ શકશે. દરેક પી.સી.પી.આઈ.આર.ના કેન્દ્રસ્થાને પેટ્રોલીયમ રીફાઈનરી અથવા પેટ્રોકેમીકલ ફીડ સ્ટોક એકમો""એન્કર ટેનન્ટ"" તરીકે કામ કરશે. આ માટે ઓ.એન.જી.સી.ને એન્કર સંસ્થા તરીકે પસંદ કરવામાં આવેલ છે. આ રીજીયનને વિકસાવતી વખતે હયાત રહેણાંક (હેબીટેશન)ને નુકશાન ન થાય અને તે યથાવત રાખીને આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ અથવા તેની માલિકીની કંપનીને રીજીયોનલ ડેવલપમેન્ટ ઓથોરીટી તરીકે જાહેર કરવામાં આવશે. પેટ્રોલીયમ-કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના સૂચિત માસ્ટર પ્લાન મુજબ પ્રથમ ફેઝમાં ૧૨૬૦૦ હેકટરમાં પ્રોસેસિંગ

ઝોન વિકસાવવાની દિશામાં ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ એ કામગીરી હાથ ધરેલ છે.

------------

**ડી.એલ.એફ. આઈટી સેઝને આપવામાં આવેલ મંજૂરી**

૭૫૮૦**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર ખાતે ડીએલએફ, આઈટી સેઝને ક્યારે મંજૂરી આપવામાં આવી અને તેમાં કેટલા રૂપીયાનું મુડીરોકાણ અંદાજેલ હતું, | (૧) કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના પત્ર ક્રમાંક : એફ-૨/૧૨૭/૨૦૦૭/ એસઈઝેડ. તા. ૩૦-૭-૦૭ થી ગાંધીનગર ખાતે આઈટી/આઈટીઈએસ એસઈઝેડ સ્થાપવા અંગે વિધિવત મંજૂરી (ફોર્મલ એપ્રુવલ) આપવામાં આવેલ. ત્યારબાદ નોટીફીકેશન નંબર એસઓ/૧૪૦૬(ઈ) તા. ૦૯-૦૬-૦૮ થી આઈટી/આઈટીઇએસ એસઈઝેડ સ્થાપવા અંગે નોટીફાઈડ કરેલ છે. કલેક્ટરશ્રી ગાંધીનગરના તા. ૦૭-૦૨-૦૭ ના હુકમ ક્રમાંક : ટનશ-જમીન ફાળવણી-વશી-૨૬૩-૦૭ થી કુલ ૧,૦૧,૨૦૦ ચો.મી. જમીન ફાળવેલ છે.<br>અંદાજીત મૂડી રોકાણ રૂા. ૩૦૫ કરોડ |
| (૨) તેનું અમલીકરણ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૨) એસઈઝેડ બોર્ડ ઓફ એપ્રુવલ, નવી દિલ્હી ખાતે તા. ૦૨-૦૬-૦૯ના રોજ મળેલ બેઠકમાં ડીનોટીફીકેશન અંગે સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે. |
| (૩) આ સેઝને ડીનોટીફાઈડ કરવાની માંગણી કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૩) હા, જી, કંપનીએ આર્થિક ભીડના કારણો બતાવી ચાર રાજ્યો, હરિયાણા, ઓરિસ્સા, પશ્ચિમ બંગાલ તથા ગુજરાતમાં તેમના સંભવિત આઈટી/ આઈટીઈએસ/સેઝ ડીનોટીફાઈડ કરવા ભારત સરકારમાં રજુઆત કરી હતી. જે અંગે તા. ૨-૬-૦૯ના રોજ મળેલ બોર્ડ ઓફ એપ્રુવલની બેઠકમાં સદર સેઝને ડીનોટીફાઈ કરવા માટે શરતી સૈધ્ધાંતિક મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે જે મુજબ એસઈઝેડ તરીકે મેળવેલ તમામ લાભો કે જેમાં વેરા વગેરેનો સમાવેશ થાય છે. તે પરત મેળવ્યા અંગેનું કન્ફર્મેશન સક્ષમ સત્તા પાસેથી મેળવ્યા બાદ ડીનોટીફાઈડ અંગેનો ઓર્ડર ઈશ્યુ કરવા નિર્ણય લીધેલ છે. |
| (૪) જો હા, તો સરકારે શરત ભંગ માટે ક્યા પગલાં લીધા ? | (૪) ડીનોટીફીકેશનના નિર્ણય અંગેની ઓપચારિક જાણ થયેથી સક્ષમ અધિકારી ધ્વારા વિવિધ શરતોની ચકાસણી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

----------

**મુંબઈ આતંકવાદી હુમલામાં વપરાયેલ કુબેર બોટના ચાલકની હત્યાના વારસદારોને ચૂકવાયેલ સહાય**

૭૧૩૭ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મુંબઈ આતંકવાદી હુમલામાં વપરાયેલ કુબેર બોટના ચાલકની હત્યાના કેસમાં તેના વારસદારોને સરકારે કોઈ વળતર ચૂકવેલ છે કેમ,<br>(૨) વારસદારોને વળતર ચૂકવવા માટે તા. ૩૧-૫-૦૯ સુધીમાં રાજ્ય સરકારને કેટલી રજૂઆતો મળી, | (૧) (૨), (૩) અને (૪) : કુબેર બોટના ચાલક દીવના વતની હતા. જેથી તેમના વારસદારોને ગુજરાત સરકાર તરફથી કોઈ સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તદ્ઉપરાંત ચાલકના વારસદારો તરફથી પણ સહાય ચૂકવવા માટે ગુજરાત સરકારમાં કોઈ રજુઆત કે માંગણી કરવામાં આવેલ નથી. |

(૩) આ કેસમાં ક્યારે અને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું, અને

(૪) વળતર ન ચૂકવાયું હોય તો તેનાં કારણો શાં છે.

----------

**રાજ્યમાં હીરા ઉદ્યોગમાં વ્યાપેલ મંદી**

૭૪૨૨**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : તા. ૧૮-૨-૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૬૦૭૫ (અગ્રતા -૨૯)ના અનુસંધાને માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યના હીરા ઉદ્યોગમાં વ્યાપેલ મંદીના કારણે કેટલા રત્નકલાકારો બેકાર બન્યા છે, અને

(૨) તે અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સર્વેક્ષણ કામગીરી ક્યારે કરવામાં આવી ?

**જવાબ**

(૧) સુરત શહેરમાં કરેલ પ્રાથમિક સર્વે મુજબ ૧૨૩૮ ચાલુ એકમોમાં ૧,૨૪,૬૭૬ રત્ન કલાકારો કામ કરતાં હતા, બંધ એકમોના બેરોજગાર હોઈ શકે તેવા રત્ન કલાકારોને મદદરૂપ થવા રાજ્ય સરકારે રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ તથા રત્ન કલાકારોને અકસ્માત વીમા યોજનાનું વીમા સુરક્ષા કવચ જાહેર કરેલ છે. આ ઉપરાંત ચાલુ રોજગારલક્ષી યોજનાઓનો લાભ આપવાનું શરૂ કરેલ હતું.

બેંકેબલ યોજના અંતર્ગત સુરતમાં ૫૭ રત્ન કલાકારોને લોન સહાયનો લાભ આપવામાં આવેલ છે. અમદાવાદમાં માનવ કલ્યાણ યોજના હેઠળ ૪૮૦ બેરોજગાર રત્ન કલાકારોને ટૂલ કીટનું વિતરણ કરવામાં આવેલ છે તથા રત્ન કલાકાર કુટુંબના મહિલા સભ્યોને વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ૨૦૦ લાભાર્થીઓને સિલાઈ મશીન અપાયેલ છે.

રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ યોજના આચાર સંહિતાને કારણે અમલ ન થતાં તાજેતરમાં અરજીઓ માંગતા અમદાવાદમાંથી ૧૨૩૮, સુરતમાંથી ૭૩૫ અને ભાવનગરમાંથી ૨૨૩ ઈસમોની અરજી મળેલ છે. જેઓની તાલીમ બેચ તા. ૧-૭-૨૦૦૯થી ચાલુ થશે.

(૨) તે અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સુરત શહેર પુરતી જાન્યુઆરી ૨૦૦૯માં પ્રાથમિક સર્વેની કામગીરી કરવામાં આવી હતી.

----------

**બારડોલી અને માંડવી તાલુકાઓના પોલીસ સ્ટેશનોનું મહેકમ**

૮૪૨૬**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાઓના પોલીસ સ્ટેશનોમાં કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ મહેકમમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓની ઘટ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાઓના પોલીસ સ્ટેશનોનું મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| પો. સ્ટે. | મંજુર મહેકમ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | PI | PSI | UHC | UPC | AHC | APC | કુલ |
| બારડોલી | ૧ | ૧ | ૨૦ | ૩૧ | ૯ | ૩૩ | ૯૫ |
| માંડવી | ૦ | ૧ | ૧૩ | ૨૬ | ૭ | ૨૫ | ૭૨ |

(૨) ઉક્ત સ્થિતિએ મંજુર કરેલ મહેકમમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓની ઘટ છે :-

| પો. સ્ટે. | સંવર્ગવાર ઘટની હકીક્ત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | PI | PSI | UHC | UPC | AHC | APC | ઘટ |
| બારડોલી | ૦ | ૦ | ૨ | ૭ | ૧ | ૪ | ૧૪ |
| માંડવી | ૦ | ૦ | ૫ | ૬ | ૦ | ૫ | ૧૬ |

(૩) આ જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) રાજ્યના પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેક્ટીવ પ્લાન તૈયાર કરેલ છે તેના ભાગરૂપે વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૧૮૪ પોલીસ સબ ઈન્પેક્ટરોની તથા ૧૬૫ ખાસ સ્પર્ધાત્મક બઢતીના પોલીસ સબ ઈન્સપેક્ટરોની નિમણૂંકો કરવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં સીધી ભરતીના ૬૮૦ પોલીસ સબ ઈન્સપેક્ટરો અને ખાસ સ્પર્ધાત્મક બઢતીના ૫૪૪ પોલીસ સબ ઈન્સપેક્ટરોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે. વર્ષ-૨૦૦૮ માં સીધી ભરતીના ૫૩૯૦ લોકરક્ષકોને નિમણૂંક આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં ૮૭૩૪ સીધી ભરતીના લોકરક્ષકોને નીમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે.

---------------

**ક્રિષ્ના ગોદાવરી બ્લોકનું શારકામ**

૮૪૯૭ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્રિષ્ના ગોદાવરી બ્લોકનું શારકામ રાજ્ય સરકારની કંપની દ્વારા ક્યારે કરવામાં આવ્યુ, અને

(૨) હાલમાં શી પરિસ્થિતિ છે?

**જવાબ**

(૧) ક્રિષ્ના ગોદાવરી બ્લોકનું શારકામ રાજ્ય સરકારની કંપની જીએસપીસી દ્વારા જુલાઈ-૨૦૦૫થી હાથ ધરવામાં આવેલ છે.

(૨) અત્યાર સુધીમાં ૧૫ કુવાઓનું શારકામ હાથ ધરવામાં આવેલ છે. તે પૈકી ૧૧ કુવાઓમાં ગેસ શોધવામાં સફળતા મળેલ છે. દિનદયાલ ફિલ્ડનો ડેવલપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપ્રત કરેલ છે. આ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

------------

**રાજ્યમાં સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવાનું આયોજન**

૮૩૫૯ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં કુલ કેટલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે?

**જવાબ**

રાજ્યમાં વિશ્વકક્ષાનું કેન્દ્ર બની શકે તેવા મોટા કદના આર્થિક, વાણિજ્યિક અને ઓદ્યોગિક ક્ષેત્રોનો વિકાસ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન તરીકે કરવાના ઈરાદાથી રાજ્ય સરકારે ખૂબજ સુનિયોજીત માળખું તૈયાર કરેલ છે. રાજ્ય સરકારે માર્ચ મહિનામાં ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અધિનિયમ ૨૦૦૯ પસાર કરેલ છે. ઉપરોક્ત અધિનિયમની જોગવાઈઓ મુજબ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે વ્યાપક માળખું ગોઠવાયેલ છે. જેના ભાગરૂપે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (જી.આઈ.ડી.બી.)ને ""એપેક્ષ ઓથોરીટી"" તરીકે નિમવામાં આવેલ છે. જાહેર થનાર જે તે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ અને સંચાલન માટે રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી બનાવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. રાજ્યમાં

વિકાસ પામનાર તમામ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના સુનિયોજીત વિકાસ માટે રાજ્યકક્ષાએ એક પ્રોજેક્ટ ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની કંપની હશે. અત્યાર સુધી ૨ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે. જેમાં ભરૂચ-દહેજ ખાતે પી.સી.પી.આઈ.આર. અને ધોલેરા ખાતેના સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો સમાવેશ થાય છે.

------------

**અમદાવાદ શહેરમાં પોલીસ દ્વારા વાહનોનું ટોઈંગ**

૭૫૨૭**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૧-૧-૨૦૦૮થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં પોલીસ તંત્ર દ્વારા કેટલા વાહનોનું ટોઈંગ કરવામાં આવ્યું, | (૧) કુલ-૧૫૪૯૬૦ વાહનો. |
| (૨) દંડ પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવી, | (૨) રૂપિયા ૮૦,૯૨,૪૫૫/- |
| (૩) કોઈપણ વાહનનું ટોઈંગ કરવામાં આવે ત્યારે તેના ફોટોગ્રાફ પાડવાનો નિયમ છે તે મુજબ અમદાવાદ શહેરમાં ઉપરોક્ત સમય દરમ્યાન કેટલા ટોઈંગ વાહનોના ફોટોગ્રાફ લેવામાં આવ્યા, અને | (૩) તમામ ટોઈંગ વાહનોના ફોટોગ્રાફ લેવામાં આવે છે. |
| (૪) આવી ફોટોગ્રાફી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૪) ફોટોગ્રાફી સરકારી સાધનો દ્વારા કરાતી હોઈ ખર્ચ થતો નથી. |

------------

**આંધ્રપ્રદેશની કૃષ્ણા ગોદાવરી બેઝીનમાં ગેસ અંગે**

૭૩૩૮**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંધ્રપ્રદેશની કૃષ્ણા ગોદાવરી બેઝીનમાં રાજ્ય સરકારે જુલાઈ, ૨૦૦૫માં ગેસ શોધવાનું જાહેર કરેલ તે અન્વયે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તેમાંથી વર્ષવાર કેટલો ગેસ મળ્યો, અને | (૧) કૃષ્ણા ગોદાવરી બેઝીન ખાતેના જીએસપીસી હસ્તકના બ્લોકનો ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાન ડાયરેકટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપ્રત કરેલ છે. આ પ્લાનની મંજૂરી મળ્યા બાદ, ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| (૨) મળેલ ગેસની આવક કેટલા રૂપિયા થઈ? | (૨) ખંડ (૧)માં જણાવ્યા પ્રમાણે ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી થઈ શકે તેમ હોવાથી હાલમાં કોઈ આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ઉત્પાદન શરૂ થતાં રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતાં પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃદ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃદ્ધ થશે પ્રદુષણ પણ ઘણા અંશે ઓછું થશે. જેથી રાજ્યના લોકોની જીવનશેલીની ગુણવત્તા વધશે. |

**સચિવાલયના વિભાગોમાં નાયબ સેક્શન અધિકારીઓમાંથી સેક્શન અધિકારીઓમાં બઢતી**

૮૫૬૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારીમાંથી સેક્શન અધિકારી વર્ગ-૨માં કેટલા કર્મચારીઓને બઢતી આપવામાં આવી. | (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારીમાંથી સેક્શન અધિકારી વર્ગ-૨માં બઢતીથી નિમાયેલા કર્મચારીઓની સંખ્યા <u>૩૬૨</u> છે. |
| (૨) તે પૈકી અનુસૂચિત જનજાતિના કેટલા કર્મચારીઓને બઢતી આપવામાં આવી, | (૨) ૪૬ |
| (૩) સેક્શન અધિકારી વર્ગ-૨ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને | (૩) સેક્શન અધિકારી સંવર્ગનું કુલ ૫૦૯ જગ્યાઓનું સંખ્યાબળ મંજૂર થયેલ છે. |
| (૪) તે પૈકી અનુસૂચિત જનજાતિઓના કેટલા એચબી-૨૦૯-૫ | (૪) ભરાયેલ ૪૪૨ જગ્યાઓમાં અનુસૂચિત જનજાતિના ૪૮ અધિકારીઓ છે. |

------------

**સુરત શહેરમાં નશાબંધી કાનુન હેઠળ થયેલા કેસો**

૭૩૧૯ **શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નશાબંધી કાનુન હેઠળ સુરત શહેરમાં માર્ચ-૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯ સુધી કેટલા કેસો થયેલ છે, અને | (૧) ૧૧,૫૬૫ કેસો. |
| (૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયો ? | (૨) ૧૫૨૭ કેસો. |

------------

**ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા આવક**

૮૫૬૦ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ભુસ્તર વિજ્ઞાન અને ખાણ ખનિજ ખાતાની ગુજરાત મીનરલ રીસર્ચ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક સરકારને થયેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) ઉપર્યુક્ત સંસ્થા દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) છેલ્લા ત્રણ વર્ષ નાણાંકીય વર્ષમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.<br>૨૦૦૬-૦૭ રૂા. ૮,૧૭,૩૮૫/-<br>૨૦૦૭-૦૮ રૂા. ૬૮,૧૧,૨૭૩/-<br>૨૦૦૮-૦૯ રૂા. ૧,૭૧,૪૯,૦૮૭/- |

------------

**દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વિદ્યુતિકરણ**

૭૨૪૫ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિ એ છેલ્લા બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકામાં વિદ્યુતિકરણ માટે કેટલી અરજીઓ કરવામાં આવી, અને<br>(૨) આ પૈકી કેટલા ઇસમોને વિદ્યુતિકરણનો લાભ મળ્યો ? | (૧) અને (૨) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ દાહોદ તાલુકામાં મળેલ ૪૦૦૩ અરજીઓ પૈકી ૨૯૬૩ લાભાર્થીઓને અને ઝાલોદ તાલુકામાં મળેલ ૪૪૫૧ અરજીઓ પૈકી ૨૯૯૨ લાભાર્થીઓને વિદ્યુતિકરણનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે ગરબાડા તાલુકામાં કોઇ અરજી મળેલ નથી. |

## છોટા ઉદેપુર ચેકપોસ્ટની આવક

૮૩૫૧**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની છોટા ઉદેપુર ચેકપોસ્ટની છેલ્લા ૩ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઇ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૬ | ૭૮.૧૨ |
| ૨૦૦૭ | ૭૧.૬૮ |
| ૨૦૦૮ | ૮૩.૧૮ |

(૨) હાલ ઘટાડો થયેલ નથી.

------------

## જામનગર તથા કચ્છ જિલ્લામાં વીજ અકસ્માતોને લીધે મૃત્યુ

૭૬૩૭ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર તથા કચ્છ જિલ્લામાં સન ૨૦૦૭ તથા ૨૦૦૮ના વર્ષમાં ખુલ્લા વીજ વાયર તથા ઇલેક્ટ્રીક્ના સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીના કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા,

(૨) આ બાબતે કેટલા જવાબદારો સામે શી શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને કેટલી બાકી છે, અને

(૪) બાકી રહેલ વળતરથી રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજતંત્રના કાબુ બહારના સંજોગોને કારણે સામાન્ય રીતે વીજ અકસ્માતો થતા હોય છે. જેમ કે, ઇલેક્ટ્રીક પોલ નમી જવાથી, ઇલેક્ટ્રીક કન્ડક્ટર તૂટી જવાથી, ભારે પવનના કારણે ઇલેક્ટ્રીક પોલ ત્રાસો થઇ જવાથી તેમજ કેટલાંક કારણોસર માટીના ઢગલા વિગેરે થવાના કારણે ઇલેક્ટ્રીક કન્ડક્ટરનું જમીનથી અંતર ઓછું થવાથી વિગેરે કારણોસર આવા પ્રકારના વીજ અકસ્માતો થતાં હોય છે. જામનગર જિલ્લામાં આવા કારણોસર થયેલ અકસ્માતોના કારણે વર્ષ ૨૦૦૭માં ૯ નાગરિકો અને ૬૩ પ્રાણીઓ તેમજ વર્ષ ૨૦૦૮માં ૪ નાગરિકો અને ૪૭ પ્રાણીઓના મૃત્યુ થયા છે. જ્યારે કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૭માં ૨૨ નાગરિકો અને ૩૭ પ્રાણીઓ તેમજ ૨૦૦૮માં ૧૮ નાગરિકો અને ૩૭ પ્રાણીઓના મૃત્યુ થયા છે.

(૨) આવા કિસ્સાઓમાં પૂરતી તપાસ કર્યા બાદ જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જામનગર જિલ્લામાં ૨૦૦૭ના વર્ષમાં જામનગર ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળ આવા એક કિસ્સામાં એક જવાબદાર કર્મચારી સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા છે.

(૩)

| જિલ્લો | કૂલ ચૂકવેલ રકમ (રૂ.) | કૂલ ચૂકવવાની બાકી રકમ (રૂ.) |
|---|---|---|
| કચ્છ | ૮,૭૬,૫૨૦ | ૩૫,૦૦૦ |
| જામનગર | ૮૮,૫૦૦ | ૪૧,૫૦૦ |

(૪) બાકી રહેલ વળતરની રકમ વિદ્યુત નિરીક્ષકના અહેવાલ બાદ મંજૂરી આધારીત ચૂકવી દેવામાં આવશે. જ્યારે માનવ અકસ્માત અનુસંધાને કોર્ટના નિર્ણય પ્રમાણે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

------------

## થરાદ ચેકપોસ્ટની આવક

૮૩૩૮**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની થરાદ ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૩૬૯.૬૯ |
| ૨૦૦૭ | ૪૪૬.૯૧ |
| ૨૦૦૮ | ૮૧૭.૦૨ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

## પાટણ જિલ્લામાં સરદાર સરોવર યોજના દ્વારા સિંચાઈનો લાભ

૮૩૫૪ **શ્રીમતી ભારતીબેન રાઠોડ** (કામરેજ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર યોજના હેઠળ પાટણ જિલ્લાના કુલ કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે,

(૨) પાટણ જિલ્લામાં નહેરોના કામો હાલ ક્યા તબક્કામાં છે, અને

(૩) આ કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સરદાર સરોવર યોજના હેઠળ પાટણ જિલ્લાના કુલ ૨૦૩૮૮૮ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

(૨) પાટણ જિલ્લામાં આયોજીત નહેરો પૈકી નર્મદા મુખ્ય નહેરનું કામ પૂર્ણ થયેલ છે. પાટણ જિલ્લામાંથી છ શાખા નહેરો નીકળે છે. જેના કામોની પ્રગતિની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | શાખા નહેરનું નામ | નહેરની કુલ લંબાઈ કિ.મી<br>સ્ટ્રક્ચરની સંખ્યા | પૂર્ણ થયેલ કામગીરી (લંબાઈ કિ.મી.માં) | | | |
|---|---|---|---|---|---|---|
| | | | માટી કામ | લાઈ-નીંગ | સ્ટ્રક્ચર | દરવાજા |
| ૧ | મીઠી ઘારીયાલ | ૦.૪૦ | નેટવર્કના કામ સાથે શરૂ કરવાનું | | | |
| ૨ | બોલેરા | ૧૫.૩૫<br>૧૭ | ૧૦.૪૮ | ૩.૯૦ | ૦ | દરવાજા ટેન્ડર તૈયાર કરવામાં આવી રહ્યા છે. |
| ૩ | રાજપુરા | ૪૨.૨૧<br>૬૮ | ૪૨.૨૧ | ૨.૨૫ | ૩૬ | |
| ૪ | અમરાપુર | ૫૫.૩૧<br>૮૦ | ૫૨.૯૩ | ૯.૮૨ | ૩૧ | |
| ૫ | રાધનપુર | ૧૬.૨૭૫<br>૨૪ | ૧૬.૨૭૫ | ૧૪.૫૮ | ૨૦ | ટેન્ડર મંગાવવામાં આવેલ છે. |
| ૬ | કચ્છ | ૫૦.૪૪<br>૩૯ | ૨૨.૧૩ | ૯.૯૭૫ | ૦ | ડીઝાઈનનું કામ ચાલુ છે. |

--વિશાખા નહેરનું કામ આશરે ૬૦૫ કિ.મી. લંબાઈમાં કરવાનું થાય છે. જે પૈકી ૨.૪૬૫ કિ.મી.માં કામગીરી પૂર્ણ થયેલ છે.

-પ્રશાખા અને પ્રપ્રશાખા નહેરો માટે નેટવર્ક પ્લાનીંગને લગતી કામગીરી પ્રગતિમાં છે.

(૩) પ્રગતિ હેઠળના કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે હાથ ધરવાના થતા કામો તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## અમીરગઢ ચેકપોસ્ટની આવક

૮૩૩૭ **શ્રી દિલીપસિંહ પરમાર** (મોડાસા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની અમીરગઢ ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૧૧૧૨.૬૫ |
| ૨૦૦૭ | ૧૯૦૮.૮૮ |
| ૨૦૦૮ | ૨૧૩૪.૨૬ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## મહેસાણા અને પાટણ જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓને વીજ ક્નેક્શન

૮૬૦૯ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લાઓમાં કેટલા બી.પી.એલ. લાભાર્થીઓએ વિજ ક્નેક્શનની માંગણી કરી,

(૨) તેમાંથી ખેરાલુ-વડનગર-સતલાસણા તાલુકાની કેટલી અરજીઓ હતી,

(૩) તેમાંથી કેટલી મંજૂર કરવામાં આવી.

(૪) કેટલી અરજીઓ બાકી છે, અને

(૫) ઉક્ત અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે દર્શાવેલ બીપીએલ લાભાર્થીઓએ વિજ ક્નેક્શનની માંગણી કરી.

| જિલ્લાનું નામ | અરજીઓની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૧૨૧૫૭ |
| પાટણ | ૧૦૧૩૦ |
| કુલ | ૨૨૨૮૭ |

(૨) અને (૩)

| તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા | મંજુર અરજીઓ |
|---|---|---|
| ખેરાલુ | ૩૭૯ | ૨૫૬ |
| વડનગર | ૧૭૨૬ | ૧૬૪૦ |
| સતલાસણા | ૯૪૩ | ૯૪૩ |
| કુલ | ૩૦૪૮ | ૨૮૩૯ |

(૪) અને (૫) કુલ ૮૮ અરજીઓ બાકી છે જેનો જુલાઈ-૦૯ સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે.

------------

## સન ૨૦૦૭ અને ૨૦૦૯ના સમિટમાં ઉર્જા ક્ષેત્રે થયેલા એમ.ઓ.યુ.

૮૬૬૩**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં ઉર્જા ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) તે અન્વયે તા. ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ થયેલ એમ.ઓ.યુ. અન્વયે ઉર્જા ક્ષેત્રની કાર્યવાહી ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં ઉર્જા ક્ષેત્રે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વીજ પરંપરાગત ક્ષેત્રે | બિન પરંપરાગત ક્ષેત્રે | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૭ | ૧૯ | ૧ | ૨૦ |
| ૨૦૦૯ | ૩૧ | ૭૧ | ૧૦૨ |
| કુલ | ૫૦ | ૭૨ | ૧૨૨ |

(૨) તારીખ ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ થયેલ એમ.ઓ.યુ. પેકી :

**<u>પરંપરાગત ઉર્જા ક્ષેત્રે</u>**

- ૧ પ્રોજેક્ટ સ્થાપિત થયેલ છે.
- ૯ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે
- ૩૮ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં છે.
- ૨ પ્રોજેક્ટ ડેવલોપરની નિષ્ક્રિયતાને કારણે પડતા મૂકવામાં આવેલા છે.

**બિનપરંપરાગત ઉર્જા ક્ષેત્રે**

- વર્ષ ૨૦૦૭માં કરવામાં આવેલા એમ.ઓ.યુ. અન્વયે ૨૩.૮૫ મે.વો. ક્ષમતાના વીન્ડફાર્મ પ્રોજેક્ટ સ્થાપવામાં આવ્યા છે.
- વર્ષ ૨૦૦૯માં કરવામાં આવેલ એમ.ઓ.યુ. અન્વયે તમામ એકમોની કામગીરી પ્રાથમિક તબક્કામાં છે.

(૩) તે પેકી એમ.ઓ.યુ. કરેલ કઈ કઈ કંપનીઓ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી, અને

(૩) પત્રક -અ મુજબ છે.

(૪) કઈ કઈ કંપનીઓ દ્વારા કોઈ કામગીરી થયેલ નથી ?

(૪) મેસર્સ ચાઈના લાઈટ એન્ડ પાવર દ્વારા કામગીરી શરૂ થયેલ નથી.

**પત્રક -અ**

**પરંપરાગત ઉર્જા ક્ષેત્રે એમ.ઓ.યુ. કરેલ નીચેની કંપનીઓ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી.**

**વર્ષ ૨૦૦૭ દરમ્યાન કરેલ એમઓયુ**

| અ. નં. | ડેવલોપર |
|---|---|
| ૧. | અદાણી પાવર લિ. |
| ૨. | ટોરેન્ટ પાવર લિ. |
| ૩. | સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિ. |
| ૪. | એસ્સાર પાવર લિ. |
| ૫. | વીડીયોકોન ઈન્ડસ્ટ્રીઝ |
| ૬. | જે. એસ. ડબલ્યુ એનર્જી લિ. |
| ૭. | વિસા પાવર |
| ૮. | જીએસપીસી-પીપાવાવ પાવર કું. (જીએસપીસી-જીપીસીએલ JV) |
| ૯. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક્સીટી કોર્પોરેશન, લિ. |
| ૧૦. | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ. |
| ૧૧. | યુનિયન ટેરીટરી ઓફ દીવ, દમણ |
| ૧૨. | કોસ્ટલ ગુજરાત અલ્ટ્રા મેગા પાવર |
| ૧૩. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન લિ. |

**વર્ષ ૨૦૦૯ દરમ્યાન કરેલ એમઓયુ**

| અ.નં. | ડેવલોપર |
|---|---|
| ૧. | એલ એન્ડ ટી પાવર ડેવલપમેન્ટ લિ. મુંબઈ |
| ૨. | યુનિવર્સલ સક્સેસ એન્ટરપ્રાઈઝ લિ., કોલકત્તા |
| ૩. | પીપાવાવ એનર્જી પ્રા.લિ. (વીડીઓકોન ઈન્ડ લિ.) જી. ઓરંગાબાદ |
| ૪. | શાપુરજી પલોનજી એનર્જી (ગુજરાત) પ્રા. લિ. મુંબઇ |
| ૫. | ટોરેન્ટ પાવર લિ., અમદાવાદ |
| ૬. | જીએમઆર એનર્જી લિ., બેંગલોર |
| ૭. | જે.એસ.ડબલ્યુ એનર્જી લિ., મુંબઈ |
| ૮. | શ્યામ સેન્ચુરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., કોલકત્તા |

| અ. નં. | ડેવલોપર |
|---|---|
| ૯. | પટેલ એનર્જી લિ., મુંબઈ |
| ૧૦. | ઓપીજી પાવર ગુજરાત પ્રા. લિ., ચેન્નાઈ |
| ૧૧. | રીસ્પોન્સીવ ઈન્ડ., મુંબઈ |
| ૧૨. | જગદગુરુ ટેક્નોલોજી સર્વીસીસ પ્રા.લિ., ચેન્નાઈ |
| ૧૩. | સોરાષ્ટ્ર પાવર પ્રા.લિ., અમદાવાદ |
| ૧૪. | અભિનવ સ્ટીલ્સ પ્રા.લિ. જોનપુર (યુપી) |
| ૧૫. | રચના ગ્લોબલ, અમદાવાદ |
| ૧૬. | અદાણી પાવર લિ. અમદાવાદ |
| ૧૭. | ઈન્ડીયા પાવર લિ. કોલકત્તા |
| ૧૮. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક્સીટી કોર્પો., વડોદરા |
| ૧૯. | બાલાજી ગ્રુપ, કોલકત્તા |
| ૨૦. | અંતાઈ બાલાજી |
| ૨૧. | રીલાયન્સ સીમેન્ટેશન પ્રા.લિ., મુંબઈ |
| ૨૨. | ટફ એનર્જી પ્રા.લિ., |
| ૨૩. | અવન્થા પાવર એન્ડ ઈન્ફ્રા. લિ. દિલ્હી |
| ૨૪. | ક્નેએસિયા પાવર કોર્પો લિ., ક્નેડા |

**બિનપરંપરાગત ઉર્જાક્ષેત્રે એમ.ઓ.યુ. કરેલ નીચેની કંપનીઓ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી.**

**વર્ષ ૨૦૦૭ દરમ્યાન કરેલ એમઓયુ**

| અ. નં. | ડેવલોપર |
|---|---|
| ૧. | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લી. |

**વર્ષ ૨૦૦૯ દરમ્યાન કરેલ એમઓયુ**

| અ.નં. | ડેવલોપર |
|---|---|
| ૧. | સોલીટર એનર્જીસ પ્રા.લી. |
| ૨. | સનક્રોન એનર્જી પ્રા.લી. |
| ૩. | એસ્ટોનફ્રાઈલ્ડ સોલર (ગુજરાત) |
| ૪. | સ્વીસ પાર્ક વાણીજ્ય પ્રા.લી. |
| ૫. | ઓપીજી એનર્જી પ્રા.લી. |
| ૬. | રીસન એનર્જી પ્રા.લી. |
| ૭. | મીલેનીયમ સાયનેર્જી પ્રા. લી. |
| ૮. | મોસર બેયર એનર્જી |
| ૯. | પ્રેસીઓસ એનર્જી સર્વીસ પ્રા. લી. |
| ૧૦. | આર્ચેન ગ્રુપ ઓફ કંપનીસ |
| ૧૧. | રેફેક્સ એનર્જી પ્રા.લી. |
| ૧૨. | ટાટા પાવર કંપની પ્રા. લી. |
| ૧૩. | યુનીટી પાવર પ્રા.લી., |
| ૧૪. | વારી એનર્જી પ્રા.લી., |
| ૧૫. | વેલ્સપન ઊર્જા ઈન્ડીયા લી. |
| ૧૬. | વીક્રમ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીજ |
| ૧૭. | ટોપસન એનર્જી લી. |
| ૧૮. | સનરાઈસ ટેક્નોલોજી |
| ૧૯. | પીએઈ લી. |
| ૨૦. | અબેલ્લોન બાયોએનર્જી લી., |
| ૨૧. | પીએલજી પાવર લી. |
| ૨૨. | લાંકો સોલાર પ્રા.લી. |
| ૨૩. | કોમનવેલ્થ બીઝનેસ |

| અ.નં. | ડેવલોપર |
|---|---|
| ૨૪. | ઈન્ડોવીન્ડ એનર્જી લી. |
| ૨૫. | અજ્યોર પાવર ઈન્ડીયા |
| ૨૬. | એશિયન ગ્રાનીટો |
| ૨૭. | નેક્સ્ટજન સિન્ડીકેટ એએલસી |
| ૨૮. | પાર સોલાર લીમીટેડ |
| ૨૯. | મુનિ સેવા આશ્રમ |
| ૩૦. | એક્મી ટેલી પાવર લી. |
| ૩૧. | યુરો સોલાર પાવર પ્રા.લી., |
| ૩૨. | વેલ્સપુન ઊર્જા ઈન્ડિયા લી. |
| ૩૩. | કેરીટસ ઈન્ટરનેશનલ |
| ૩૪. | ગઢીયા સોલાર એનર્જી સીસ્ટમ |
| ૩૫. | ઈલેક્ટ્રોથ્રીમ રેન્યુબલ્સ લી. |
| ૩૬. | એનતેગ્રા લી. |
| ૩૭. | સૂર્યચક્ર પાવર વેન્ચર |
| ૩૮. | સહજાનંદ લેસર ટેક્નોલોજી |
| ૩૯. | સીસીએલ ઓપટોઈલોક્ટ્રોનીક |
| ૪૦. | શારદા ઈન્વેટેશન |
| ૪૧. | હન્ટર ટેલીક્રોમ ઈન્ડિયા પ્રા.લી., |
| ૪૨. | સૂર્યચક્ર પાવર વેન્ચર |
| ૪૩. | એસાર એબનગોઆ સોલાર |
| ૪૪. | આઈડીએફસી પ્રોજેક્ટ લી. |
| ૪૫. | સુઝલોન ગુજરાત વીન્ડ પાર્ક લી. |
| ૪૬. | એબલોન બાયોએનર્જી લી. |
| ૪૭. | વેસ્ટાસ વીન્ડ એનર્જી પ્રા. લી. |
| ૪૮. | ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લી. |
| ૪૯. | એનરકોન ઈન્ડિયા લી. |
| ૫૦. | આરચીયન ગ્રુપ ઓફ કંપની |
| ૫૧. | આરચીયન ગ્રુપ ઓફ કંપની |
| ૫૨. | આદીત્યા પાવર વેન્ચર પ્રા.લી. |
| ૫૩. | વાઈઝમન એનર્જી લી. |
| ૫૪. | લખાજીરાજ ડેવલોપર્સ પ્રા.લી. |
| ૫૫. | મેટાટ્રોન ડાંકે પાવર લી. |
| ૫૬. | ટોરંટ પાવર કોર્પોરેશન |
| ૫૭. | ઈનડોવીન્ડ એનર્જી લી. |
| ૫૮. | એબેલોન બાયોએનર્જી લી. |
| ૫૯. | ટ્રાન્સટેક ગ્રીન પાવર પ્રા.લી. |
| ૬૦. | વઘાસીયા ગ્રુપ ઈન્ટરનેશનલ |
| ૬૧. | ટ્રાન્સટેક ગ્રીન પાવર પ્રા.લી. |
| ૬૨. | હારવેસ્ટ એનર્જી પ્રા.લી. |
| ૬૩. | એબેલોન બાયોએનર્જી લી. |
| ૬૪. | ઓમ સાંઈ મંત્રા પાવરજન પ્રા.લી. |
| ૬૫. | પાવર ફાયનાન્સ કોર્પોરેશન |
| ૬૬. | ટાટા પાવર કંપની લી. |
| ૬૭. | સીઆઈપીટી યુનિર્વસીટી |
| ૬૮. | ગો સોલાર |
| ૬૯. | સોલેલ સોલર સીસ્ટમ |
| ૭૦. | એલાનવુડ ક્ન્સલટન્સી |

| અ.નં. | ડેવલોપર |
|---|---|
| ૭૧. | રૂરલ ઈલેક્ટ્રીફિકેશન કોર્પોરેશન |

------------

**સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો વિકાસ**

૮૩૬૦ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કુલ કેટલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસના અમલ માટે કોઈ માળખું તેયાર કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા. જી, રાજ્યમાં વિશ્વકક્ષાનું કેન્દ્ર બની શકે તેવા મોટા કદના આર્થિક, વાણિજ્યિક અને ઓદ્યોગિક ક્ષેત્રોનો વિકાસ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન તરીકે કરવાના ઈરાદાથી રાજ્ય સરકારે ખૂબ જ સુનિયોજીત માળખું તેયાર કરેલ છે.

(૨)

- રજ્ય સરકારે માર્ચ મહિનામાં ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અધિનિયમ ૨૦૦૯ પસાર કરેલ છે.
- ઉપરોક્ત અધિનિયમની જોગવાઈઓ મુજબ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે વ્યાપક માળખુ ગોઠવાયેલ છે. જેના ભાગરૂપે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (જી.આઈ.ડી.બી.)ને ""એપેક્ષ ઓથોરીટી"" તરીકે નિમવામાં આવેલ છે.
- જાહેર થનાર જે તે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ અને સંચાલન માટે રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી બનાવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.
- રાજ્યમાં વિકાસ પામનાર તમામ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના સુનિયોજીત વિકાસ માટે રાજ્યકક્ષાએ એક પ્રોજેક્ટ ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની કંપની હશે.
- અત્યાસ સુધી ૨ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે. જેમાં ભરૂચ -દહેજ ખાતે પી.સી.પી.આઈ.આર. અને ધોલેરા ખાતેના સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો સમાવેશ થાય છે.

------------

**વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર ડિવિઝનમાં બંદુકના લાયસન્સ**

૮૨૭૧ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના છોટા-ઉદેપુર ડીવિઝનમાં બંદુકનું લાયસન્સ મેળવવા માટે તાલુકાવાર સને ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯ માં કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તાલુકાવાર મળેલ કુલ -૨૧૨ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **ડીવીઝન** | **૨૦૦૭-૦૮** | **૨૦૦૮-૦૯** |
|---|---|---|
| છોટાઉદેપુર | ૪૦ | ૩૭ |
| ક્વાંટ | ૨૯ | ૬૩ |
| જેતપુરપાવી | ૧૭ | ૧૭ |
| સંખેડા | ૦૪ | ૦૫ |

(૨) તે પેકી કેટલાને લાયસન્સ મળ્યા

(૨) ૩૨ વ્યક્તિઓને પરવાના આપવામાં આવ્યા.

(૩) તે પેકી વારસાગત લાયસન્સ મેળવવા માટેની અરજીઓ કેટલી, અને

(૩) ૬૪ વ્યક્તિઓની વારસાગત લાયસન્સ મેળવવા માટેની અરજીઓ મળેલ

(૪) બાકી રહેલ અરજીઓનો નિકાલ કરી લાયસન્સ ક્યારે આપવામાં આવશે ?

(૪) ત્વરિત નિકાલ માટે આયોજન કરેલ છે.

------------

**રાજ્યમાં હીરા ઉદ્યોગમાં વ્યાપેલી મંદીના કારણે બેરોજગાર બનેલા રત્ન કલાકારો**

૭૦૧૨**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં હીરા ઉદ્યોગમાં વ્યાપેલ મંદીના કારણે રાજ્યમાં કેટલા રત્ન કલાકારો બેરોજગાર બન્યા ?

**જવાબ**

સુરત શહેરમાં કરેલ પ્રાથમિક સર્વે મુજબ ૧૨૩૮ ચાલુ એકમોમાં ૧,૨૪,૬૭૬ રત્ન કલાકારો કામ કરતાં હતાં. બંધ એકમોના બેરોજગાર હોઈ શકે તેવા રત્ન કલાકારોને મદદરૂપ થવા રાજ્ય સરકારે રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ તથા રત્ન કલાકારોને અકસ્માત વીમા યોજનાનુ વીમા સુરક્ષા કવચ જાહેર કરેલ છે. આ ઉપરાંત ચાલુ રોજગારલક્ષી યોજનાઓનો લાભ આપવાનું શરૂ કરેલ હતું.

બેંકેબલ યોજના અંતર્ગત સુરતમાં ૫૭ રત્ન કલાકારોને લોન સહાયનો લાભ આપવામાં આવેલ છે. અમદાવાદમાં માનવ કલ્યાણ યોજના હેઠળ ૪૮૦ બેરોજગાર રત્ન કલાકારોને ટૂલ કીટનું વિતરણ કરવામાં આવેલ છે. તથા રત્ન કલાકાર કુટુંબના મહિલા સભ્યોને વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ૨૦૦ લાભાર્થીઓને સિલાઈ મશીન આપાયેલ છે.

રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ યોજના આચાર સંહિતાને કારણે અમલ ન થતાં તાજેતરમાં અરજીઓ માંગતા આમદાવાદમાંથી ૧૨૩૮, સુરતમાંથી ૭૩૫ અને ભાવનગરમાંથી ૨૨૩ ઈસમોની અરજી મળેલ છે. જેઓની તાલીમ બેચ તા. ૧-૭-૨૦૦૯ થી ચાલુ થશે.

------------

**હળવદથી મોરબી બ્રાન્ચની કેનાલ થી મચ્છુ-૨ સુધીની કેનાલનું કામ**

૭૬૨૬**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા આધારિત હળવદથી મોરબી બ્રાન્ચની કેનાલથી મચ્છુ-૨ સુધીની કેનાલનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) ધોળીધજા ડેમથી મોરબી શાખા નહેર નીકળશે. જેની લંબાઈ ૧૧૭ કી. મી.છે. ૦ થી ૨૭ કી. મી. ની જમીન લેવાઈ છે જેના માટીકામના ટેન્ડરોની કાર્યવાહી પ્રગતિમાં છે. ૨૭ થી ૧૧૭ કી. મી. સુધીની કેનાલ માટે જમીન સંપાદનની કાર્યવાહી અને કેનાલના કામોની ટેન્ડર પૂર્વેની કાર્યવાહી ચાલુ છે. વર્ષ ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) તેની પાછળ કુલ રૂા, ૩૭૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

**પાટણ જિલ્લામાં સરદાર સરોવર યોજના દ્વારા સિંચાઈનો લાભ**

૮૩૫૫ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર યોજના હેઠળ પાટણ જિલ્લાના કુલ કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે,

**જવાબ**

(૧) સરદાર સરોવર યોજના હેઠળ પાટણ જિલ્લાના કુલ ૨૦૩૮૮૮ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

(૨) પાટણ જિલ્લામાં નહેરોના કામો હાલ ક્યા તબક્કામાં છે, અને

(૨) પાટણ જિલ્લામાં આયોજીત નહેરો પેકી નર્મદા મુખ્ય નહેરનું કામ પૂર્ણ થયેલ છે. પાટણ જિલ્લામાથી છ શાખા નહેરો નીકળે છે. તેના કામોની પ્રગતિની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | શાખા નહેરનું નામ | નહેરની કુલ લંબાઈ કિ.મી. | પૂર્ણ થયેલ કામગીરી (લંબાઈ કિ.મી.માં) | | | |
|---|---|---|---|---|---|---|
| | | સ્ટ્રક્ચરની સંખ્યા | માટીકામ | લાઈનીંગ | સ્ટ્રક્ચર | દરવાજા |
| ૧ | મીઠી ધારીયાલ | ૦.૪૦ | નેટવર્કના કામ સાથે શરૂ કરવાનું | | | |
| ૨ | બોલેરા | ૧૫.૩૫ / ૧૭ | ૧૦.૪૮ | ૩.૯૦ | ૦ | દરવાજાના ટેન્ડર તૈયાર કરવામાં આવી રહ્યા છે. |
| ૩ | રાજપુરા | ૪૨.૨૧ / ૬૮ | ૪૨.૨૧ | ૨.૨૫ | ૩૬ | |
| ૪ | અમરાપુર | ૫૫.૩૧ / ૮૦ | ૫૨.૯૩ | ૯.૮૨ | ૩૧ | |
| ૫ | રાધનપુર | ૧૬.૨૭૫ / ૨૪ | ૧૬.૨૭૫ | ૧૪.૫૮ | ૨૦ | ટેન્ડર મંગાવવામાં આવેલ છે. |
| ૬ | કચ્છ | ૫૦.૪૪ / ૩૯ | ૨૨.૧૩ | ૯.૯૭૫ | ૦ | ડીઝાઈનનું કામ ચાલુ છે. |

- વિશાખા નહેરનું કામ આશરે ૬૦૫ કિ. મી. લંબાઈમાં કરવાનું થાય છે. જે પેકી ૨.૪૬૫ કિ.મી. માં કામગીરી પૂર્ણ થયેલ છે.
- પ્રશાખા અને પ્રપ્રશાખા નહેરો માટે નેટવર્ક પ્લાનીંગને લગતી કામગીરી પ્રગતિમાં છે.

(૩) આ કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે ?

(૩) પ્રગતિ હેઠળના કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે હાથ ધરવાના થતા કામો તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી. અને ૩૩ કે.વી. ના વીજ સબ સ્ટેશનો**

૮૫૬૧**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ૬૬ કે.વી.ના અને કેટલા ૩૩ કે.વી.ના વીજ સબસ્ટેશન મંજૂર કરવામાં આવ્યા છે.

(૨) આ પેકી કેટલા વીજ સબ સ્ટેશનનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) કેટલાં વીજ સબ સ્ટેશનનું કામ ચાલુ નથી થયું, તે ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી.ના કુલ ૯ વીજ સબસ્ટેશન મંજૂર કરવામાં આવ્યા છે. ૩૩ કે.વી.ના વીજ સબસ્ટેશનની કાર્ય પ્રણાલી હાલમાં અપ્રચલિત હોઈ, તે મંજૂર કરવામાં આવતા નથી.

(૨) બધા જ સબ સ્ટેશનનું કામ પૂર્ણ થયેલ છે.

(૧) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૯ દરમ્યાન થયેલ એમ.ઓ.યુ.**

૮૩૬૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૯ દરમ્યાન જુદા જુદા કેટલા ક્ષેત્રોમાં કેટલા પ્રોજેક્ટો માટે સંભવિત રોકાણ માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા?

**જવાબ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૯ દરમ્યાન જુદા જુદા ૩૧ ક્ષેત્રોમાં ૮૬૯૩ પ્રોજેક્ટો માટે કુલ રૂા. ૧૨,૩૯,૩૮૩ કરોડના સંભવિત મૂડી રોકાણ માટે ૮૬૯૩ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા.

## આંધ્રપ્રદેશની કૃષ્ણા ગોદાવરી બેઝિનમાં ગેસ

૮૨૬૭ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) :** તા. ૧૮-૨-૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૮૯૮ (અગ્રતા-૯૪) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) આંધ્રપ્રદેશની કૃષ્ણા ગોદાવરી બેઝિનમાં રાજ્ય સરકારે જુલાઈ ૨૦૦૫માં ગેસ શોધવાનું જાહેર કરેલ તે અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તેમાંથી વર્ષવાર કેટલો ગેસ મળ્યો, | (૧) કૃષ્ણા ગોદાવરી બેઝિન ખાતેના જીએસપીસી હસ્તકના બ્લોકનો ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપ્રત કરેલ છે. આ પ્લાનની મંજુરી મળ્યા બાદ, ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| (૨) મળેલ ગેસની આવક કેટલા રૂપીયા થઈ, અને | (૨) ખંડ (૧)માં જણાવ્યા પ્રમાણે ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની મંજુરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી થઈ શકે તેમ હોવાથી હાલમાં કોઈ આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ઉત્પાદન શરૂ થતાં રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી. એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતાં પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃધ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃધ્ધ થશે પ્રદુષણ પણ ઘણા અંશે ઓછું થશે. જેથી રાજ્યના લોકોની જીવનશૈલીની ગુણવત્તા વધશે. |
| (૩) રાજ્ય સરકારે તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ કર્યો? | (૩) તા. ૩૧-૫-૦૯ સુધીમાં જીએસપીસીએ રૂા. ૩૮૭૮ કરોડનો ખર્ચ કરેલ છે. |

------------

## રાજ્યમાં લોકાયુક્તની ખાલી જગ્યા ભરવા બાબત

૮૨૮૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં લોકાયુક્તની જગ્યા ક્યારથી ખાલી છે, | (૧) તા. ૨૪-૧૧-૨૦૦૩ (કચેરી સમય બાદ) થી જગ્યા ખાલી છે. |
| (૨) લોકાયુક્તની નિયુક્તિ માટે નિવૃત્ત જસ્ટીસની પેનલ બનાવી પસંદ કરવાની કાર્યવાહી હજુ સુધી નહીં થવાના કારણો શાં છે, | (૨) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપદ્ધતિ અને પ્રક્રિયા પૂરી કરવામાં લાગતા સમયને કારણે. |
| (૩) આ અન્વયે સરકાર આ કાર્યવાહી ક્યારે હાથ ધરશે, અને | (૩) આ અંગેની કાર્યવાહી હાથ ધરાયેલ છે અને ગતિમાં છે. |
| (૪) કેટલા સમયમાં લોકાયુક્તની નિયુક્તિ કરવામાં આવશે? | (૪) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપદ્ધતિ અને પ્રક્રિયા પૂરી થતાં જ નિયુક્તિ કરી શકાશે. |

------------

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન માટે આર.સી. બુકો તૈયાર કરવા બાબત

૮૨૬૫**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં ટુ વ્હીલર | (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં |

વાહનોના રજીસ્ટ્રેશન માટે આર.સી.બુકો તૈયાર કરવાની તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી કામગીરી થઈ,

૯૨,૧૨૭ આર.સી.બુકો તૈયાર કરવાની થતી હતી. તે પૈકી ૭૦,૫૬૬ આર.સી.બુકો તૈયાર કરવામાં આવી.

(૨) તે પૈકી કેટલી બાકી છે, અને

(૨) તે પૈકી ૨૧,૫૬૧ આર.સી.બુકો તૈયાર કરવાની કામગીરી બાકી છે.

(૩) આર.સી.બુકો ઝડપથી તૈયાર થઈને અરજદારને સત્વરે મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

(૩) આર.સી.બુકો ઝડપથી તૈયાર કરવા માટે નવા કોમ્પ્યુટર તેમજ એક અધતન પ્રિન્ટર ફાળવવામાં આવેલ છે. જેના કારણે વાહનનો રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ કરી ઝડપથી બુકો બનાવવાની કામગીરી ચાલુ છે.

------------

## રાજ્યમાં પેટા પરાંઓનું વીજળીકરણ

૮૪૦૬**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વીજળીથી વંચિત પેટાપરાંઓના વીજળીકરણ માટે શું આયોજન કરાયેલ છે,

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યમાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ થયું અને તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યના કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યના તમામ પેટા-પરાંઓને વીજળીકરણથી આવરી લેવાની રાજ્ય સરકારની નીતિ છે,

રાજ્યમાં વીજળીથી વંચિત પેટાપરાંઓના વીજળીકરણ માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

ઉક્ત યોજનાઓ અંતર્ગત ૧૯૯૮માં આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી તરફથી પ્રસિધ્ધ થયેલ પુસ્તિકા અને જિલ્લા પંચાયતોની યાદીમાં દર્શાવેલ કુલ ૧૦૪૦૫ પેટાપરામાંથી ૧૦૨૫૦ પેટાપરાંઓનું વીજળીકરણ પૂર્ણ કરેલ છે. જ્યારે બાકી રહેતા જંગલ વિસ્તારમાં આવેલા પેટાપરાંઓનું ચાલુ વર્ષે સોર ઉર્જા અથવા પરંપરાગત રીતે વીજળીકરણ કરવાનું આયોજન છે. પુસ્તિકામાં દર્શાવેલ પેટાપરાંઓ ઉપરાંત ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ૩૭૮ પેટાપરાંનું વીજળીકરણ રૂા. ૧૫૭૩ લાખના ખર્ચે કરવામાં આવેલ છે અને ૨૦૦૯-૧૦માં કુલ ૧૨૧ પેટાપરાનું અંદાજીત રૂા. ૫૦૦ લાખના ખર્ચે વીજળીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

## રાજ્યમાં સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવાનું આયોજન

૮૩૫૮**શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં કુલ કેટલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

રાજ્યમાં વિશ્વકક્ષાનું કેન્દ્ર બની શકે તેવા મોટા કદના આર્થિક, વાણિજ્યક અને ઓદ્યોગિક ક્ષેત્રોનો વિકાસ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન તરીકે કરવાના ઈરાદાથી રાજ્ય સરકારે ખૂબજ સુનિયોજીત માળખું તૈયાર કરેલ છે. રાજ્ય સરકારે માર્ચ મહિનામાં ગુજરાત સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અધિનિયમ ૨૦૦૯ પસાર કરેલ છે. ઉપરોક્ત અધિનિયમની જોગવાઈઓ મુજબ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે વ્યાપક માળખું ગોઠવાયેલ છે. જેના ભાગરૂપે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (જી.આઈ.ડી.બી.)ને ""એપેક્ષ ઓથોરીટી"" તરીકે નિમવામાં આવેલ છે. જાહેર થનાર

જે તે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ અને સંચાલન માટે રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી બનાવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. રાજ્યમાં વિકાસ પામનાર તમામ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના સુનિયોજીત વિકાસ માટે રાજ્યકક્ષાએ એક પ્રોજેક્ટ ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની કંપની હશે. અત્યાર સુધી ૨ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ છે. જેમાં ભરૂચ-દહેજ ખાતે પી.સી.પી.આઈ.આર. અને ધોલેરા ખાતેના સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો સમાવેશ થાય છે.

------------

## આદિજાતિ વિસ્તારોમાં સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન

૮૩૯૨**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, ક્યા ક્યા ?

**જવાબ**

રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ૬૬ કે.વી.ના ૬(છ) સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, જેની માહિતી નીચે મુજબ છે.

| સબસ્ટેશનનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| (૧) મોવાસા | પંચમહાલ | સંતરામપુર |
| (૨) રજાયતા | પંચમહાલ | મોર્વાહડપ |
| (૩) પાનવડ | વડોદરા | ક્વાંટ |
| (૪) પિપેરો | દાહોદ | ધાનપુર |
| (૫) રણધિકપુર | દાહોદ | લિમખેડા |
| (૬) સાગતાલા | દાહોદ | દેવગઢબારીયા |

તદુપરાંત ૪૦૦ કે.વી. કોસંબા સબસ્ટેશનની કામગીરી વર્ષ ૨૦૧૦-૧૧માં પૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે શરૂ કરવામાં આવી છે.

------------

## ગ્લોબલ ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં થયેલા એમ.ઓ.યુ.ના અમલીકરણ માટે વીજળીની જરૂરીયાત

૮૨૭૪ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ગ્લોબલ ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં જે એમ.ઓ.યુ. થયા છે તે એમ.ઓ.યુ.નું અમલીકરણ માટે તે ઉદ્યોગોને રાજ્યમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા મેગાવોટ વીજળીની જરૂરીયાત ઊભી થવાની છે, અને

(૨) આ હેતુસર ઊભી થનારી વિજ જરૂરીયાતને પહોંચી વળવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં જે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા તેમાં એકમો એ વીજળીની જરૂરીયાત દર્શાવવી ફરજીયાત નથી. આમ છતાં કાચા અંદાજ મુજબ આવતા પાંચથી છ વર્ષમાં આશરે ૧૪૦૦૦ મેગાવોટ વિજળીની જરૂરીયાત રહેશે.

(૨) ભવિષ્યમાં ઊભી થનારી વિજ જરૂરીયાતને પહોંચી વળવા વીજ ઉત્પાદનની ક્ષમતા વધારવાનું આયોજન સામાન્ય રીતે પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં કરવામાં આવે છે. તદ્દનુસાર હાલમાં ૧૧મી પંચવર્ષીય યોજના એટલે કે વર્ષ ૨૦૦૭-૦૮થી ૨૦૧૧-૧૨ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં લાંબાગાળાના વીજ ઉત્પાદનનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધિકરણ દ્વારા હાથ ધરવામાં આવે છે. ૧૭માં ઈલેક્ટ્રીક પાવર સર્વેના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨ સુધીમાં રાજ્યની વીજમાંગ આશરે ૧૪૩૭૪ મેગાવોટ જેટલી રહેશે. જેને માટે ગુજરાત સરકાર દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીના સમયગાળા માટે હાલની સ્થિતિએ વર્ષ ૨૦૧૨ સુધીમાં કુલ ૧૯૨૫૯ મેગા વોટની સ્થાપિત વીજ ક્ષમતા કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં ૪૩,૨૭૭ મેગાવોટ વીજ ક્ષમતા માટે એમ.ઓ.યુ.થયેલ છે.

------------

**ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૯ દરમ્યાન થયેલ એમ.ઓ.યુ.**

૮૩૬૪ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૯ દરમ્યાન જુદા જુદા કેટલા ક્ષેત્રોમાં કેટલા પ્રોજેક્ટો માટે સંભવિત રોકાણ માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા ? | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૯ દરમ્યાન જુદા જુદા ૩૧ ક્ષેત્રોમાં ૮૬૯૩ પ્રોજેક્ટો માટે કુલ રૂા. ૧૨,૩૯,૩૮૩ કરોડના સંભવિતમૂડી રોકાણ માટે ૮૬૯૩ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, |

------------

**ક્રિષ્ના ગોદાવરી બ્લોક્નું શારકામ**

૮૪૯૬ **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ક્રિષ્ના ગોદાવરી બ્લોક્નું શારકામ રાજ્ય સરકારની કંપની દ્વારા ક્યારે કરવામાં આવ્યુ, અને | (૧) ક્રિષ્ના ગોદાવરી બ્લોક્નું શારકામ રાજ્ય સરકારની કંપની જીએસપીસી દ્વારા જુલાઈ-૨૦૦૫થી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) હાલમાં શી સ્થિતિ છે? | (૨) અત્યાર સુધીમાં ૧૫ કુવાઓનું શારકામ હાથ ધરવામાં આવેલ છે. તે પૈકી ૧૧ કુવાઓમાં ગેસ શોધવામાં સફળતા મળેલ છે. દિનદયાલ ફિલ્ડનો ડેવલપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપ્રત કરેલ છે. આ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

------------

**વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જની વસુલાત**

: ૮૩૮૧**શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ ક્યા કારણોસર વસૂલ કરવાની જરૂર પડે છે, | (૧) ઈલેક્ટ્રિસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. |

નામ. આયોગના તા. ૨૫-૦૬-૨૦૦૪ના હુકમથી બળતણ ખર્ચ/વીજ ખરીદીનાં ભાવ વધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસૂલ કરવાની પધ્ધતિ નક્કી કરેલી છે. વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાના ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા અને આંતરરાષ્ટ્રીય બજારમાં થતો ભાવ વધારો તેમજ આ બળતણોનાં પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવાર નવાર થતાં વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં વધારાનાં ખર્ચને પહોંચી વળવા જે તે બેઝીક વર્ષના બળતણ/વીજ ખરીદીના કિંમતોની સરખામણી થતા બળતણ/વીજ ખરીદીની કિંમતોના વધારાને ધ્યાનમાં લેતાં, ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ, નામ. આયોગે નક્કી કરેલી પધ્ધતિ મુજબ વસૂલ કરવાની જરૂર પડે છે. ફ્યુઅલ સરચાર્જને કારણે થતો કોઈ પણ વધારો કૃષિ વિષયક ગ્રાહકો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી.

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ૧૨ માસમાં તેમાં કોઈ વધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) અને (૩) : છેલ્લા ૧૨ માસમાં ભાવ વધારો કરવામાં આવ્યો છે. પરંતુ, તેની સાથોસાથ અનુક્રમે; (૧) કૃષિ વીજ વપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ

(૩) જો હા, તો કેટલો વધારો કરવામાં આવ્યો?

હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ સરકાર ભોગવે છે. નણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ રૂા. ૭૯૪/- ક્રોડનો બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૨) જ્યારે, કૃષિ સિવાયના વીજ ગ્રાહકોનો ફ્યુઅલ સરચાર્જ જે તે ગ્રાહકોએ સંપૂર્ણ રીતે ભોગવવાનો હોય છે. પરંતુ, એપ્રિલ-જુન ૨૦૦૮ અને જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૦૮નાં બે ક્વાર્ટરમાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ અસામાન્ય વધારો સંપૂર્ણ રીતે ગ્રાહકોએ ન ભોગવવો પડે તે હેતુથી, એપ્રિલ-જુનના ક્વાર્ટર માટેનં ૭૦ પેસા પ્રતિ યુનીટ પેકીની ૫૦% રક્મ એટલે કે, ૩૫ પેસા પ્રતિ યુનીટ તેમજ જુલાઈ-સપ્ટેમ્બરનાં ક્વાર્ટર માટેનાં ફ્યુઅલ સરચાર્જનાં વધારા પેકીની ૦૯ પેસા પ્રતિ યુનીટની રક્મ વીજ વિતરણ કંપનીઓને સબસીડી આપીને રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે. આમ આ બંને ક્વાર્ટરમાં રાજ્ય સરકારે કુલ રૂા. ૩૪૬/- ક્રોડનો બોજો ભોગવેલ છે.

(૩) વધુમાં, છેલ્લા જાન્યુ-માર્ચ, ૨૦૦૯ના ત્રિમાસિક સમયગાળાથી ગ્રાહકો ઉપર વીજદર વધારાનું વધુ ભારણ ન પડે તે માટે ૩૮ પેસા પ્રતિ યુનિટની વસૂલાત પણ મુલત્વી રાખવામાં આવેલ છે.

(૪) આમ, ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૧૨ માસમાં, રાજ્યની વિજ વિતરણ કંપનીઓ દ્વારા નીચે મુજબનો ત્રિમાસિક સમયગાળાનો ફ્યુઅલ સરચાર્જ, ગ્રાહકો પાસેથી વસૂલ કરેલ છે.

| સમયગાળો (ત્રિમાસિક) | જીયુવીએનએલ હસ્તકની વિજ કંપનીઓ (પેસા પ્રતિ યુનિટ) | ટોરેન્ટ પાવર લિ. (પેસા પ્રતિ યુનિટ) |
|---|---|---|
| એપ્રિલ-જુન ૨૦૦૮ | ૬૫ | ૪૨ |
| જુલાઈ-સપ્ટે ૨૦૦૮ | ૭૫ | ૭૫ |
| ઓકટો-ડીસે. ૨૦૦૮ | ૯૧ | ૭૫ |
| જાન્યુ-માર્ચ ૨૦૦૯ | ૯૧ | ૮૨ |
| એપ્રિલ-જુન ૨૦૦૯ | ૯૧ | ૮૫ |

------------

## શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક

૭૪૨૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના શામળાજી ખાતે આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, વર્ષવાર કુલ કેટલી આવક થઈ,

**જવાબ**

(૧)

| વર્ષ | (આવક રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૨૦૦૭ | ૪૪૨૫.૪૨ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૬૩૩૮.૩૮ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૬૦૬૩.૨૩ |
| કુલઃ- | ૧૬૮૨૭.૦૩ |

| | |
|---|---|
| (૨) આ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર વેરા ક્લેક્શન માટે વધારાનો કેટલો સ્ટાફ રાખવામાં આવેલ છે, અને | (૨) વધારાનો સ્ટાફ રાખવામાં આવેલ નથી. |
| (૩) એમના પગારની ચૂક્વણી ક્યા હેડે કરવામાં આવે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં નવા વીજ સબસ્ટેશનો**

૮૩૮૪ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં કેટલાં નવાં સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને | (૧) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં કુલ ૬૦ (સાઈઠ) નવાં સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. |
| (૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં નવા ૬૬ કે.વી. વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે કે કેમ, ક્યા ક્યા? | (૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં નવા ૬૬ કે.વી.ના કુલ ૦૪ (ચાર) નીચે મુજબના નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. |

| **સબસ્ટેશનનું નામ** |
|---|
| મોડસર |
| મેટોડા |
| ધોલેરા |
| વેન્ડર પાર્ક |

------------

**રાજ્યમાં લોકાયુક્તની ખાલી જ્ગ્યા ભરવા બાબત**

૮૨૭૫**શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં લોકાયુક્ત જ્ગ્યા ક્યારથી ખાલી છે, | (૧) તા. ૨૪-૧૧-૨૦૦૩ (ક્ચેરી સમય બાદ) થી જ્ગ્યા ખાલી છે. |
| (૨) લોકાયુક્તની નિયુક્તિ માટે નિવૃત્ત જસ્ટીસની પેનલ બનાવી પસંદ કરવાની કાર્યવાહી હજુ સુધી નહીં થવાના કારણો શાં છે, | (૨) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપદ્ધતિ અને પ્રક્રિયા પૂરી કરવામાં લાગતા સમયને કારણે. |
| (૩) આ અન્વયે સરકાર આ કાર્યવાહી ક્યારે હાથ ધરશે, અને | (૩) આ અંગેની કાર્યવાહી હાથ ધરાયેલ છે અને ગતિમાં છે. |
| (૪) કેટલા સમયમાં લોકાયુક્તની નિયુક્તિ કરવામાં આવશે? | (૪) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપદ્ધતિ અને પ્રક્રિયા પૂરી થતાં જ નિયુક્તિ કરી શકાશે. |

------------

**વહીવટી સુધારણા માટે કોલગી સમિતિનો રિપોર્ટ**

૮૬૧૮ **શ્રી બાબુભાઇ શાહ** (રાપર) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વહીવટી સુધારણા અંગે અભ્યાસ જૂથ કે ભલામણરૂપે નિમાયેલ/ કામગીરી સોંપાયેલ | (૧) માનવશક્તિ, આયોજન સંબંધમાં વી.આર.એસ. કોલગી સમિતિનો રિપોર્ટ મળેલ છે. |

વી.આર.એસ. કોલગી/ કે વી.આર.એસ. કોલગી કમીટીનો રિપોર્ટ સરકારને મળેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ રિપોર્ટની ભલામણોની વિગતો શી છે અને તેનો અમલ કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) રિપોર્ટમાં માનવશક્તિ આયોજન કોમ્પ્યુટરાઇઝેશન, સુવહીવટ, આધુનિકરણ, તંત્રનું યોગ્ય કદ, આઉટસોર્સિંગ જેવી બાબતોની ભલામણો કરવામાં આવેલ છે જે વિચારણા હેઠળ છે.

(૩) જો ના, તો ગત ત્રણ વર્ષમાં વહીવટી સુધારણા માટે રાજ્ય સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગત શી છે ?

(૩) રિપોર્ટ મળેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### રાજ્યમાં લોકાયુક્તની ખાલી જ્ગ્યા ભરવા બાબત

૮૨૮૧ **શ્રી રામસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લોકાયુક્તની જ્ગ્યા ક્યારથી ખાલી છે, | (૧) તા. ૨૪-૧૧-૨૦૦૩ (કચેરી સમય બાદ) થી જ્ગ્યા ખાલી છે. |
| (૨) લોકાયુક્તની નિયુક્તિ માટે નિવૃત્ત જસ્ટીસની પેનલ બનાવી પસંદ કરવાની કાર્યવાહી હજુ સુધી નહીં થવાના કારણો શાં છે, | (૨) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપધ્ધતિ અને પ્રક્રિયા પૂરી કરવામાં લાગતા સમયને કારણે. |
| (૩) આ અન્વયે સરકાર આ કાર્યવાહી ક્યારે હાથ ધરશે, અને | (૩) આ અંગેની કાર્યવાહી હાથ ધરાયેલ છે, અને ગતિમાં છે. |
| (૪) કેટલા સમયમાં લોકાયુક્તની નિયુક્તિ કરવામાં આવશે ? | (૪) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપધ્ધતિ અને પ્રક્રિયા પૂરી થતાં જ નિયુક્તિ કરી શકાશે. |

------------

### અંબાજી ચેકપોસ્ટની આવક

૮૩૫૦ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની અંબાજી ચેક પોસ્ટની છેલ્લા ૩ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઇ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શા કારણો છે ?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૩૨૨.૯૨ |
| ૨૦૦૭ | ૩૫૫.૮૧ |
| ૨૦૦૮ | ૪૩૭.૨૫ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

### વીજ ક્ષમતા વધારવાનું આયોજન

૮૫૦૧ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૧) વીજ ક્ષમતામાં આગામી પાંચ વર્ષમાં વધારો કરવા | (૧) અને (૨) હા, જી. વીજ ઉત્પાદનની ક્ષમતા |

માટે રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

વધારવાનું આયોજન સામાન્ય રીતે પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં કરવામાં આવે છે. તદ્નુસાર હાલમાં ૧૧મી પંચવર્ષીય યોજના એટલે કે, વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં લાંબાગાળાના વીજ ઉત્પાદનનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધિકરણ દ્વારા હાથ ધરવામાં આવતાં ઇલેક્ટ્રીક પાવર સર્વેના આધારે કરવામાં આવે છે. ૧૭માં ઇલેક્ટ્રીક પાવરના સર્વેના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨ સુધીમાં રાજ્યની વીજ માંગ આશરે ૧૪,૩૭૪ મે.વો. જેટલી રહેશે. જેને સરભર કરવા માટે રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા આશરે ૧૮,૪૨૮ મે.વો. જોઇશે. જે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત હાલની સ્થિતિએ વર્ષ ૨૦૧૨ સુધીમાં કુલ ૧૯,૨૫૯ની સ્થાપિત વીજ ક્ષમતા કરવાનું આયોજન છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૨-૧૩ તથા ૨૦૧૩-૧૪માં કુલ ૨૮૦૧ મે. વો. સ્થાપિત ક્ષમતા ઉમેરવાનું આયોજન છે અને વધુ સ્થાપિત ક્ષમતા ઉમેરવાના આયોજનની પ્રક્રિયા ચાલુ છે

(૩) વર્ષવાર કેટલો વધારો થવાની શક્યતા છે ?

(૩) ૧૧મી પંચવર્ષીય યોજનાના બાકીના ત્રણ વર્ષોમાં વધારાનું આયોજન (હાલની સ્થિતિએ) (મેગાવોટમાં)

| વર્ષ | રાજ્ય | કેન્દ્ર | ખાનગી | વધારો | કુલ |
|---|---|---|---|---|---|
| **તા. ૩૧-૩-૨૦૦૯ના રોજ વીજ ક્ષમતા-૯૮૬૪** | | | | | |
| ૦૯-૧૦ | ૬૯૫ | ૪૪૨૧ | ૨૧૪૭ | ૩૨૪૯ | ૧૩૧૧૩ |
| ૧૦-૧૧ | ૧૦૬૦ | ૪૨૧ | ૭૦૦ | ૨૧૮૧ | ૧૫૨૯૪ |
| ૧૧-૧૨ | ૧૩૬૦ | ૧૧૦૫ | ૧૫૦૦ | ૩૯૬૫ | ૧૯૨૫૯ |
| કુલ : | ૩૧૧૫ | ૧૯૩૩ | ૪૩૪૭ | ૯૩૯૫ | |

------------

## આદિવાસી લોકોને વીજળીનો લાભ

: ૮૩૭૦ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યનાં છેવાડાનાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા કોઇ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ,

(૧) હા, જી. રાજ્યનાં છેવાડાનાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે કુટિર જ્યોતિ યોજના તેમજ પેટાપરા વીજળીકરણ યોજના અમલમાં છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૮-૦૯માં આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઇબ) નાં લાભાર્થીઓને વીજ જોડાણની યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. તદુપરાંત કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના પણ અમલમાં છે.

(૨) જો હા, તો તે અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૭૪,૮૧૧ લાભાર્થીઓને તેમ જ ૧૭૧ પેટાપરાનાં ૫૩૭૪ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા. જ્યારે આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઇબ) યોજના અંતર્ગત ૧૨,૮૮૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે. કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં વસતા ૩૪૦૮૨ બીપીએલ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

(૩) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા નવા વીજ જોડાણો આપવાનું આયોજન છે ?

(૩) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૧,૦૧,૮૦૦ લાભાર્થીઓને તથા ૧૦૦ પેટાપરામાં સમાવિષ્ટ

લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું અયોજન છે. તેમજ કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં વસતા ૮૫૪૦૫ બીપીએલ લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે એવોર્ડ**

૮૪૦૮**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ એવોર્ડ મળેલ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા ક્યા?

(૨) મળલ એવોર્ડની વિગતો પત્રક-અ મુજબ છે.

**પત્રક-અ**

| અ.નં. | વર્ષ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ઉત્કૃષ્ઠ કામગીરી માટે વીજ વિતરણ કંપનીને આપવામાં આવતો ગોલ્ડ શીલ્ડ એવોર્ડ ૨૦૦૭ | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨ | ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૫-૦૬ અંતગર્ત રાષ્ટ્રીય પુરસ્કાર યોજના હેઠળ ૨૨૦/૧૧ કે.વી. રાજપર સબસ્ટેશન માટે (સુવર્ણ ચંદ્રક) | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. |
| ૩ | ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૫-૦૬ અંતગર્ત રાષ્ટ્રીય પુરસ્કાર યોજના હેઠળ ૨૨૦/૬૬ કે વી ભૂતીયા (માથાસુર) સબસ્ટેશન માટે (રજત ચંદ્રક) | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. |
| ૪ | ૨૦૦૬-૦૭ | ઉકાઈ હાઈડ્રો પાવર સ્ટેશનની સોથી સારી કાર્યદક્ષતા માટે ભારતમાં ત્રીજું સ્થાન મેળવવા બદલ કાંસ્ય શીલ્ડ | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. |
| ૫ | ૨૦૦૬-૦૭ | ઉત્કૃષ્ઠ કામગીરી માટે વીજ વિતરણ કંપનીને આપવામાં આવતો એવોર્ડ કાંસ્ય ચંદ્રક-૨૦૦૭. | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. |
| ૬ | ૨૦૦૨-૦૭ | બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે સૂર્ય કૂકરની યોજના અંતગર્ત વર્ષ ૨૦૦૨-૦૭ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ. તારીખ ૨૨-૧૧-૨૦૦૭ના રોજ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. | નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા |

------------

**વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જની વસુલાત**

૮૩૯૬ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ ક્યા કારણોસર વસૂલ કરવાની જરૂર પડે છે,

(૧) ઈલેક્ટ્રિસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે.

નામ. આયોગના તા. ૨૫-૦૬-૨૦૦૪ના હુકમથી બળતણ ખર્ચ/વીજ ખરીદીનાં ભાવ વધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસૂલ કરવાની પધ્ધતિ નક્કી કરેલી છે. વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે કોલસો, ગેસ, અને નેપ્થાના ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા અને આંતરરાષ્ટ્રીય બજારમાં થતો ભાવ વધારો તેમજ આ બળતણોનાં પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવાર નવાર થતાં વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં વધારાનાં ખર્ચને પહોંચી વળવા, જે તે બેઝીક વર્ષના બળતણ/વીજ ખરીદીની કિંમતોની સરખામણી થતાં બળતણ/વીજ ખરીદીની કિંમતોના વધારાને ધ્યાનમાં લેતાં, ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ, નામ. આયોગે નક્કી કરેલી પધ્ધતિ મુજબ વસૂલ કરવાની જરૂર પડે છે. ફ્યુઅલ સરચાર્જને કારણે થતો કોઈ પણ વધારો કૃષિ વિષયક ગ્રાહકો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી.

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ૧૨ માસમાં તેમાં કોઈ વધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) અને (૩) છેલ્લા ૧૨ માસમાં ભાવ વધારો કરવામાં આવ્યો છે. પરંતુ, તેની સાથોસાથ અનુક્રમે;

(૧) કૃષિ વીજવપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ સરકાર ભોગવે છે. નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૭૯૪/- ક્રોડનો બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૨) જ્યારે, કૃષિ સિવાયના વીજ ગ્રાહકોનો ફ્યુઅલ સરચાર્જ જે તે ગ્રાહકોએ સંપુર્ણ રીતે ભોગવવાનો હોય છે. પરંતુ, એપ્રિલ-જુન ૨૦૦૮ અને જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૦૮નાં બે ક્વાર્ટરમાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ અસામાન્ય વધારો સંપૂર્ણ રીતે ગ્રાહકોએ ન ભોગવવો પડે તે હેતુથી, એપ્રિલ-જુનનાં ક્વાર્ટર માટેનાં ૭૦ પેસા પ્રતિ યુનીટ પેકીની ૫૦ % રકમ એટલે કે, ૩૫ પેસા યુનીટ તેમજ જુલાઈ-સપ્ટેમ્બરનાં ક્વાર્ટર માટેનાં ફ્યુઅલ સરચાર્જના વધારા પેકીની ૦૯ પેસા પ્રતિ યુનીટની રકમ વીજ વિતરણ કંપનીઓને સબસીડી આપીને રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે. આમ આ બંને ક્વાર્ટરમાં રાજ્ય સરકારે કુલ રૂા. ૩૪૬/-ક્રોડનો બોજો ભોગવેલ છે.

(૩) વધુમાં, છેલ્લા જાન્યુ-માર્ચ, ૨૦૦૯ના ત્રિમાસકિ સમયગાળાથી ગ્રાહકો ઉપર વીજદર વધારાનું વધુ ભારણ ન પડે તે માટે ૩૮ પેસા પ્રતિ યુનિટની વસૂલાત પણ મુલત્વી રાખવામાં આવેલ છે.

(૪) આમ, ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૧૨ માસમાં, રાજ્યની વિજ વિતરણ કંપનીઓ દ્વારા નીટે મુજબનો ત્રિમાસિક સમયગાળાનો ફ્યુઅલ સરચાર્જ, ગ્રાહકો પાસેથી વસૂલ કરેલ છે.

| સમયગાળો (ત્રિમાસિક) | જીયુવીએનએલ હસ્તકની વિજ કંપનીઓ (પેસા પ્રતિ યુનિટ) | ટોરેન્ટ પાવર લિ. (પેસા પ્રતિ યુનિટ) |
|---|---|---|
| એપ્રિલ-જુન ૨૦૦૮ | ૬૫ | ૪૨ |
| જુલાઈ-સપ્ટે ૨૦૦૮ | ૭૫ | ૭૫ |
| ઓકટો-ડીસે. ૨૦૦૮ | ૯૧ | ૭૫ |
| જાન્યુ-માર્ચ ૨૦૦૯ | ૯૧ | ૮૨ |
| એપ્રિલ-જુન ૨૦૦૯ | ૯૧ | ૮૫ |

(૩) જો હા, તો કેટલો વધારો કરવામાં આવ્યો?

------------

## આંધ્રપ્રદેશની ક્રિષ્ના ગોદાવરી બેઝિનમાં ગેસ

૭૭૭૦ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :** તા. ૧૮-૨-૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક-૬૮૯૮ (અગ્રતા-૯૪) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંધ્રપ્રદેશની ક્રિષ્ના ગોદાવરી બેઝિનમાં રાજ્ય સરકારે જુલાઈ ૨૦૦૫માં ગેસ શોધવાનું જાહેર કરેલ તે અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તેમાંથી વર્ષવાર કેટલો ગેસ મળ્યો,

(૨) આ ગેસ પેટે કેટલી આવક થઈ, અને

**જવાબ**

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ.પી.સી. હસ્તક્ના બ્લોક્નો ફીલ્ડ ડેવલપમેન્ટ પ્લાન ડાયરેકટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપરત કરેલ છે. આ પ્લાનની મંજુરી મળ્યા બાદ, ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) ખંડ (૧)માં જણાવ્યા પ્રમાણે ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની મંજુરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી થઈ શકે તેમ હોવાથી હાલમાં કોઈ આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ઉત્પાદન શરૂ થતાં રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘુ અને

મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતાં પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃધ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃધ્ધ થશે પ્રદુષણ પણ ઘણા અંશે ઓછું થશે. જેથી રાજ્યના લોકોની જીવનશૈલીની ગુણવત્તા વધશે.

(૩) ઉક્ત ગેસ પેકી ગુજરાત રાજ્યને કેટલો હિસ્સો મળેલ છે?

(૩) ગુજરાત રાજ્યની જીએસપીસી કંપનીને ૮૦ ટકા હિસ્સો પ્રાપ્ત થયેલ છે.

-----------------

## ગાંધીનગર કલેક્ટર ક્ચેરીમાં ચાલતી દારૂની મહેફીલ

૭૪૨૦**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મે-૨૦૦૯ માસમાં ગાંધીનગર જીલ્લા કલેક્ટર ક્ચેરીના કોન્ફરન્સ રૂમમાંથી વિદેશી દારૂની બોટલનું ખોખુ અને દારૂવાળા ગ્લાસ મળી આવ્યાની હકીક્ત સાચી છે,

(૨) જો, હા, તો પાટનગરની સરકારી ક્ચેરીમાં ચાલતી આવી દારૂની મહેફીલ ચલાવતા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) અન્ય સરકારી ક્ચેરીઓમાં આવું બનતુ અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) તા. ૧૪-૫-૦૯ ના રોજ ગાંધીનગર કલેકટરશ્રીની ક્ચેરીના વીડીયો કોન્ફરન્સ રૂમ માંથી જી-સ્વાનના ર્ક્મચારીઓ માટે મુક્વામાં આવેલ ટેબલની નીચે વિદેશી બ્રાન્ડના લીક્રનું બોટલ વગરનું ખાલી પેપર ક્વર (બોક્સ) મળી આવેલ.

(૨) પાટનગરની સરકારી ક્ચેરીમાં દારૂની મહેફીલ ચાલતી હોવાની કોઈ હકીક્ત ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## પવન ઊર્જાતી વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકોને લાભ

૮૩૮૯ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવા માંગતા ઉત્પાદકોને શું શું લાભ આપવામાં આવ્યા છે,

(૨) પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવાના કારણે શું ફાયદા થાય, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવા માંગતા ઉત્પાદકોને નીચે મુજબ લાભ આપવામાં આવે છે.

૧. ઉત્પાદીત વીજળીની રૂ. ૩.૩૭ પ્રતિ યુનિટે ખરીદી
૨. ઉત્પાદીત વીજળી ઉત્પાદક્ના ઓદ્યોગિક એક્મ સુધી ૪% ના દરે વહન કરી આપવી.
૩. ઉત્પાદન કરેલ વીજળી, સ્વવપરાશ અથવા વિતરણ પરવાનદારને વેચાણથી આપવાના કિસ્સામાં વિદ્યુત શુલ્કમાંથી સંપૂર્ણ માફી.
૪. ડિમાન્ડ કટમાં પવનચક્કીની સ્થાપિત ક્ષમતાનાં ૩૦% માફી
૫. સરકારી ખરાબાની જમીનની ૨૦ વર્ષના ભાડા પટ્ટેથી રાહત દરથી ફાળવણી

(૨) પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવાના કારણે નીચેના ફાયદા થાય છે.

૧. વીજળી ઉત્પાદન દરમ્યાન કોઈ પ્રદુષણ થતું નથી.
૨. વીજળી ઉત્પાદન કરવા ૨૦ વર્ષ સુધી કોઈ ઈંધણનો ખર્ચ નથી.
૩. પારંપરિક ઈંધણ (કોલસો, ગેસ, લિગ્નાઈટ

વગેરે) ની બચત થાય છે.

(૩)તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં પવન ઊર્જા દ્વારા કેટલું વીજ ઉત્પાદન થાય છે?

(૩) ૧૪૯૮ મેગાવોટ

------------

**ધોળકા બ્લોકમાંથી ઓઈલ મળવા અંગે**

૮૨૬૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર**(ભાદરણ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોળકા બ્લોકમાંથી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા બેરલ તેલનું ઉત્પાદન થાય છે, અને

(૨) આ અન્વયે વર્ષવાર કેટલા બેરલ ઓઈલ સામે કેટલી આવક સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, વર્ષવાર મળી ?

**જવાબ**

(૧) ધોળકા બ્લોકમાંથી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કુલ ૬૨૪.૩૭ બેરલ તેલનું ઉત્પાદન થાય છે.

(૨)

| વર્ષ | કુલ ઉત્પાદન બેરલ તેલ | રોયલ્ટી અને વેટની વર્ષવાર આવક (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૯૫૦૮૫.૫૪ | ૩.૮૨ |
| ૨૦૦૭-૦૮ | ૧૮૫૦૭૧.૧૫ | ૮.૯૫ |
| ૨૦૦૮-૦૯ | ૨૦૯૨૯૬.૮૫ | ૧૦.૫૨ |

------------

**પવન ઉર્જાથી વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકોને લાભ**

૮૩૯૪ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવા માંગતા ઉત્પાદકોને શું શું લાભ આપવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવા માંગતા ઉત્પાદકોને નીચે મુજબ લાભ આપવામાં આવે છે.

૧ ઉત્પાદીત વીજળીની રૂા. ૩.૩૭ પ્રતિ યુનિટે ખરીદી
૨ ઉત્પાદીત વીજળી ઉત્પાદકના ઓદ્યોગિક એકમ સુધી ૪ ટકાના દરે વહન કરી આપવી.
૩ ઉત્પાદન કરેલ વીજળી, સ્વવપરાશ અથવા વિતરણ પરવાનેદારને વેચાણથી આપવાના કિસ્સામાં વિદ્યુત શુલ્કમાંથી સંપૂર્ણ માફી
૪ ડિમાન્ડ કટમાં પવનચક્કીની સ્થાપિત ક્ષમતાના ૩૦ ટકા માફી
૫ સરકારી ખરાબાની જમીનની ૨૦ વર્ષના ભાડા પટ્ટેથી રાહત દરથી ફાળવણી

(૨) પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવાના કારણે શું ફાયદા થાય, અને

(૨) પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવાના કારણે નીચેના ફાયદા થાય છે.

૧ વીજળી ઉત્પાદન દરમ્યાન કોઈ પ્રદુષણ થતું નથી.
૨ વીજળી ઉત્પાદન કરવા ૨૦ વર્ષ સુધી કોઈ ઈંધણનો ખર્ચ નથી.
૩ પારંપરિક ઈંધણ (કોલસો, ગેસ, લિગ્નાઈટ વગેરે) ની બચત થાય છે.

(૩) તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં પવન ઊર્જા દ્વારા કેટલું વીજ ઉત્પાદન થાય છે ?

(૩) ૧૪૯૮ મેગાવોટ

------------

**આગામી પાંચ વર્ષમાં વીજ માંગની સામે વીજ ઉત્પાદન**

૮૫૦૨**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આગામી પાંચ વર્ષમાં રાજ્યની વીજ માંગ કેટલી રહેશે, અને

**જવાબ**

(૧) ૧૭મા ઈલેક્ટ્રીક પાવર સર્વે રીપોર્ટ પ્રમાણે આગામી પાંચ વર્ષમાં રાજ્યની વીજ માંગ નીચે મુજબ રહેશે.

| વર્ષ | વીજ માંગ (મે.વો.માં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૩૦૪૨ |
| ૨૦૧૦-૧૧ | ૧૩૬૯૨ |
| ૨૦૧૧-૧૨ | ૧૪૩૭૪ |
| ૨૦૧૨-૧૩ | ૧૫૩૦૫ |
| ૨૦૧૩-૧૪ | ૧૬૨૯૬ |
| ૨૦૧૪-૧૫ | ૧૯૩૫૧ |

(૨) તેની સામે વીજ ઉત્પાદન કેટલું રહેવાની શક્યતા છે ?

(૨) વીજ ઉત્પાદનની ક્ષમતા વધારવાનું આયોજન સામાન્ય રીતે પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં કરવામાં આવે છે. તદનુસાર હાલમાં ૧૧મી પંચવર્ષીય યોજના એટલે કે વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં લાંબા ગાળાના વીજ ઉત્પાદનનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધિકરણ દ્વારા હાથ ધરવામાં આવે છે. ૧૭મા ઈલેક્ટ્રીક પાવર સર્વેના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨ સુધીમાં રાજ્યની વીજમાંગ આશરે ૧૪૩૭૪ મેગાવોટ જેટલી રહેશે. જેને માટે ગુજરાત સરકાર દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨ સુધીમાં કુલ ૧૯૨૫૯ મેગાવોટની સ્થાપિત વીજ ક્ષમતા કરવાનું આયોજન છે.

------------

**રાજકોટ જિલ્લામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનાવો**

૮૬૨૮ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનાવો નોંધાયા છે, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લુંટ | બળાત્કાર | ચોરીઓ |
|---|---|---|---|---|
| જેતપુર | ૮ | ૧૩ | ૬ | ૧૫૨ |
| ધોરાજી | ૫ | ૨ | ૬ | ૪૫ |
| ઉપલેટા | ૯ | ૨ | ૭ | ૭૨ |
| જામકંડોરણા | ૪ | - | ૧ | ૧૪ |
| મોરબી | ૧૦ | ૫ | ૬ | ૧૮૧ |
| વાંકાનેર | ૪ | ૩ | ૧ | ૩૫ |
| ટંકારા | ૪ | ૩ | ૧ | ૧૩ |
| પડધરી | - | ૨ | ૧ | ૧૪ |
| માળીયા | ૧ | - | - | ૨૫ |
| ગોંડલ | ૯ | ૭ | ૧૨ | ૧૨૨ |
| કોટડાસાંગાણી | ૪ | ૪ | ૩ | ૩૯ |
| લોધીકા | ૧ | ૪ | - | ૨૦ |
| જસદણ | ૧૫ | ૨ | ૬ | ૪૪ |

(૨) વધતી જતી ગુન્હાખોરીને ડામવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

(૨)

- આવા ગુનાઓ બનતા અટકાવવા માટે અસરકારક વિલેજ વીઝીટેશન કરી, સામાન્ય તકરારો મોટું સ્વરૂપ ધારણ ન કરે, તે માટે તાત્કાલિક અટકાયતી પગલાં લેવામાં આવે છે.
- અસરકારક નાકાબંધી કરવામાં આવે છે તથા વાહનોનું કડક ચેકીંગ કરવામાં આવે છે.
- અજાણ્યા વ્યક્તિઓને મકાન ભાડે આપવા બાબતે ભાડુઆતોની નોંધણી કરાવવાનું ફરજીયાત

બનાવવામાં આવેલ છે.

- અસરકારક નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ કરવામાં આવે છે. ગંભીર પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા ત્વરિત કાર્યવાહી કરી, આરોપીઓની તત્કાલ અટકાયત કરવામાં આવે છે. આમ ઉપર જણાવેલા અવિરત પ્રયાસોને પરિણામે ગુનાનું પ્રમાણ નિયંત્રણમાં રહ્યું છે.

## વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે આવેલ અરજીઓ

૮૬૪૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં મળેલ અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ (૧-૬-૦૭થી | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (૩૧-૫-૦૯ સુધી) | કુલ |
| ૧ | વલસાડ | ૭૦૮ | ૫૯૬ | ૮૯ | ૧૩૯૩ |
| ૨ | પારડી | ૪૦૨ | ૩૫૪ | ૬૬ | ૮૨૨ |
| ૩ | ઉંમરગામ | ૨૬૩ | ૩૧૦ | ૨૫ | ૫૯૮ |
| ૪ | ધરમપુર | ૩૩૩ | ૧૯૪ | ૨૭ | ૫૫૪ |
| ૫ | કપરાડા | ૩૮૮ | ૨૫૩ | ૧૬ | ૬૫૭ |
| | **કુલ :** | **૨૦૯૪** | **૧૭૦૭** | **૨૨૩** | **૪૦૨૪** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | બેન્ક દ્વારા મંજૂર અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ (૧-૬-૦૭થી | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (૩૧-૫-૦૯ સુધી) | કુલ |
| ૧ | વલસાડા | ૩૮૦ | ૪૩૪ | ૫૨ | ૮૬૬ |
| ૨ | પારડી | ૨૪૭ | ૧૬૬ | ૨૯ | ૪૪૨ |
| ૩ | ઉંમરગામ | ૧૬૯ | ૧૫૦ | ૫૯ | ૩૭૮ |
| ૪ | ધરમપુર | ૧૭૦ | ૧૧૭ | ૫ | ૨૯૨ |
| ૫ | કપરાડા | ૧૨૧ | ૧૪૦ | ૨૫ | ૨૮૬ |
| | **કુલ :** | **૧૦૮૭** | **૧૦૦૭** | **૧૭૦** | **૨૨૬૪** |

(૩) જે અરજીઓ પડતર છે તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) વલસાડ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ૧૦૮ અરજીઓ પડતર છે. જેનો તા. ૧૫-૭-૨૦૦૯ સુધીમાં નિકાલ કરવામાં આવશે. તથા બેન્ક કક્ષાએ ૧૮૯ અરજીઓ પડતર છે. જેનો બેન્ક કક્ષાએ ફોલોઅપ કરી ઝડપથી નિકાલ કરવામાં આવશે.

------------

## ભરૂચ જિલ્લામાં નર્મદા કેનાલમાં બ્રાન્ચ કેનાલ, માઈનોર અને સબમાઈનોર કેનાલોના કામો

૭૩૨૨**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નર્મદા કેનાલની કેટલી બ્રાન્ચ કેનાલ-ડીસ્ટ્રીબ્યુટરી-માઈનોર અને સબમાઈનોર કેનાલોના કામો પૂર્ણ થયાં,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નર્મદા કેનાલના કામો નીચે મુજબ પૂર્ણ થયા છે.

| | બ્રાન્ચ કેનાલ (કી.મી.) | ડીસ્ટ્રી. (કી.મી.) | માઈનોર (કી.મી.) | સબ માઈનોર (કી.મી.) |
|---|---|---|---|---|
| વાગરા | ૩૮.૦૦ | ૧૦૬.૪૭ | ૨૬૬.૭૧ | ૧૫૩.૦૦ |
| ભરૂચ | ૪૭.૦૦ | ૧૩૧.૧૭ | ૩૬૧.૮૯ | ૧૯૫.૦૦ |
| આમોદ | ૧૯.૦૦ | ૭૫.૫૧ | ૩૩૧.૩૦ | ૩૮૬.૦૦ |
| જંબુસર | ૪૯.૦૦ | ૧૨૨.૭૫ | ૩૦૧.૬૭ | ૮૪૨.૯૪ |
| કુલ | ૧૫૩.૦૦ | ૪૩૫.૯૦ | ૧૨૬૧.૫૭ | ૧૫૭૬.૯૪ |

(૨) તે અન્વયે કેટલા કામો બાકી છે, અને

(૨) તે અન્વયે નીચે પ્રમાણેના કામો બાકી છે.

| | બ્રાન્ચ કેનાલ (કી.મી.) | ડીસ્ટ્રી. (કી.મી.) | માઈનોર (કી.મી.) | સબ માઈનોર (કી.મી.) |
|---|---|---|---|---|
| વાગરા | - | ૦.૨૮ | ૧૧૬.૬૨ | ૯૨૮.૦૦ |
| ભરૂચ | - | - | ૬૨.૬૮ | ૮૩૩.૦૦ |
| આમોદ | - | - | ૨૮.૩૫ | ૬૪૪.૦૦ |
| જંબુસર | - | ૧.૨૨ | ૧૨૪.૮૩ | ૫૫૦.૪૩ |
| કુલ | - | ૧.૫૦ | ૩૩૨.૪૮ | ૨૯૫૫.૪૩ |

(૩) આ બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) બાકી કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## કેન્દ્ર સરકાર ધ્વારા ગુજરાત માટે દરિયાઈ સુરક્ષા પ્લાનની મંજૂરી

૭૫૮૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના દરિયાઈ વિસ્તારની સુરક્ષા માટે કેન્દ્ર સરકારે દરિયાઈ સુરક્ષા પ્લાનની ક્યારે મંજૂરી આપી,

(૨) તે અન્વયે કેટલા રૂપિયાની ફાળવણી કરી છે .

(૩) ઉક્ત ફાળવણી પૈકી કેટ કેટલો ખર્ચ થયો છે, અને

(૪) દરિયાઈ સુરક્ષા પાછળ ઉક્ત સ્થિતિએ કઈ કઈ કાર્યવાહી થઈ છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે તા. ૩૦-૫-૨૦૦૫ના રોજ રૂા. ૩૯૨.૪૭ કરોડની સર્વગ્રાહી દરીયાઈ સુરક્ષા યોજના મંજૂર કરવા ભારત સરકારને મોકલેલ હતી. ભારત સરકારે તા. ૨૨-૧૧-૨૦૦૫ના રોજ માત્ર રૂા. ૫૮.૪૨ કરોડની દરીયાઈ સુરક્ષા યોજના મંજુર કરેલ છે.

(૨) આ યોજના અન્વયે કુલ રૂા. ૮ કરોડની ફાળવણી કરેલ છે.

(૩) રૂા. ૪.૯૫ કરોડનો ખર્ચ થયેલ છે. બાકી રકમના બાંધકામ પ્રગતિમાં છે.

(૪) ૧૦ નવા કોસ્ટલ પોલીસ સ્ટેશન કાર્યરત થયેલ છે.તે પૈકી ૯ પોલીસ સ્ટેશનના મકાનના બાંધકામનું કામ પૂર્ણ થયેલ છે. ૩૭૩ નવા જ્ગ્યાઓ ઉભી કરેલ છે. જેનો મહેકમ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ જવાનોને કોસ્ટગાર્ડ પોરબંદર ખાતે તાલીમ આપવામાં આવે છે. દરેક કોસ્ટલ પોલીસ સ્ટેશનને બે જીપ અને ત્રણ મોટરસાયકલ તથા જરૂરીયાત મુજબની સાધનસામગ્રી ફાળવેલ છે. ભારત સરકાર તરફથી મળનાર ૩૦ ઈન્ટરસેપ્ટર બોટ પૈકી ૨ બોટ તાજેતરમાં મળેલ છે. જે કોસ્ટલ પોલીસ સ્ટેશનોને બોટ ફાળવેલ નથી તે પોલીસ સ્ટેશનોને પ્રતિ બોટ દીઠ પ્રતિ માસ રૂા. ૧.૩૦ લાખના ખર્ચે પેટ્રોલીંગ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

------------

## લોકાયુક્ત કચેરીના વહીવટ માટે રાજ્ય સરકારે કરેલ ખર્ચ

૮૨૭૮ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યની લોકાયુક્ત કચેરીના વહીવટ પાછળ તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમનો ખર્ચ કર્યો છે.

**જવાબ**

<u>૨૦૦૭-૦૮</u> - કુલ ખર્ચ રૂપિયા ૨૪,૭૪,૬૧૪-૦૦
<u>૨૦૦૮-૦૯</u> - કુલ ખર્ચ રૂપિયા ૨૧,૯૨,૩૭૭-૦૦

------------

## આંધ્રપ્રદેશની કૃષ્ણા ગોદાવરી બેઝિનમાં ગેસ

૮૨૬૬ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા)** : તા. ૧૮-૨-૦૯ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૬૮૯૮ (અગ્રતા-૯૪)ના અનુસંધાને : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંધ્રપ્રદેશની કૃષ્ણા ગોદાવરી બેઝીનમાં રાજ્ય સરકારે જુલાઈ, ૨૦૦૫માં ગેસ શોધવાની જાહેર કરેલ તે અન્વયે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તેમાંથી વર્ષવાર કેટલો ગેસ મળ્યો, અને | (૧) કૃષ્ણા ગોદાવરી બેઝીન ખાતેના જીએસપીસી હસ્તક્ના બ્લોક્નો ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપ્રત કરેલ છે. આ પ્લાનની મંજૂરી મળ્યા બાદ, ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| (૨) મળેલ ગેસની આવક કેટલા રૂપિયા થઈ ? | (૨) ખંડ(૧)માં જણાવ્યા પ્રમાણે ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી થઈ શકે તેમ હોવાથી હાલમાં કોઈ આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ઉત્પાદન શરૂ થતાં રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતાં પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃધ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃધ્ધ થશે પ્રદુષણ પણ ઘણા અંશે ઓછું થશે. જેથી રાજ્યના લોકોની જીવનશેલીની ગુણવત્તા વધશે. |

------------

## બારડોલી અને માંડવી તાલુકામાંના ગામોમાંથી તાપી નદીમાંથી રેતીની ઓવરલોડ ટ્રકોની રેતીની રોયલ્ટી

૮૪૨૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બારડોલી અને માંડવી તાલુકાના ગામોમાંથી તાપી નદીમાંથી ઓવરલોડ ટ્રકો રેતી ભરીને નીકળે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) કેટલાક કિસ્સાઓમાં તપાસ દરમ્યાન વાહનની વહન ક્ષમતા કરતાં વધુ ખનીજ જથ્થાનું વહન કરતાં હોય તેવું ધ્યાને આવેલ છે. |
| (૨) જો હા, તો રોયલ્ટીની ખૂબ પ્રમાણમાં ચોરીઓ થતી હોય તેમજ સરકાર ધ્વારા ફાળવેલી જ્ગ્યા કરતા અન્ય જ્ગ્યાએથી રેતી કાઢતાં હોય એની તપાસ કરવા માંગો છો કે કેમ? | (૨) રોયલ્ટીની ચોરી તેમજ મંજુર થયેલ લીઝ વિસ્તાર સિવાય અન્ય જ્ગ્યાએથી રેતી ખાણકામના જે કિસ્સાઓ ધ્યાને આવે છે તેમાં કસૂરદાર સામે નિયમાનુસારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

------------

## રાજ્યની ચેકપોસ્ટો પર કર્મચારીઓની નોકરી

૭૫૨૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર)** : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ચેકપોસ્ટો ઉપર એકજ જ્ગ્યા ઉપર કર્મચારીઓને કેટલા વર્ષ સળંગ રાખવા તેવી કોઈ નિયમોમાં જોગવાઈ છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નિયમો મુજબ કર્મચારીઓની બદલીઓ કરવામાં આવે છે કે કેમ? | (૨) હા, જી. |

------------

## આગામી પાંચ વર્ષ માટે વીજ ક્ષમતા વધારવાનું આયોજન

૮૫૦૦ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ક્ષમતામાં આગામી પાંચ વર્ષમાં વધારો કરવા માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. વીજ ઉત્પાદનની ક્ષમતા વધારવાનું આયોજન સામાન્ય રીતે પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં કરવામાં આવે છે. તદનુસાર હાલમાં ૧૧મી પંચવર્ષીય યોજના એટલે કે, વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં લાંબાગાળાના વીજ ઉત્પાદનનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધિકરણ દ્વારા હાથ ધરવામાં આવતાં ઈલેક્ટ્રીક પાવર સર્વેના આધારે કરવામાં આવે છે. ૧૭ માં ઈલેક્ટ્રીક પાવર સર્વેના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨ સુધીમાં રાજ્યની વીજ માંગ આશરે ૧૪,૩૭૪ મે.વો. જેટલી રહેશે, જેને સરભર કરવા માટે રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા આશરે ૧૮,૪૨૮ મે.વો. જોઈશે, જે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત હાલની સ્થિતિએ વર્ષ ૨૦૧૨ સુધીમાં કુલ ૧૯,૨૫૯ની સ્થાપિત વીજ ક્ષમતા કરવાનું આયોજન છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૨-૧૩ તથા ૨૦૧૩-૧૪માં કુલ ૨૮૦૧ મે.વો. સ્થાપિત ક્ષમતા ઉમેરવાનું આયોજન છે અને વધુ સ્થાપિત ક્ષમતા ઉમેરવાના આયોજનની પ્રક્રિયા ચાલુ છે.

(૩) વર્ષવાર કેટલો વધારો થવાની શક્યતા છે?

(૩) ૧૧મી પંચવર્ષીય યોજનાના બાકીના ત્રણ વર્ષોમાં વધારાનું આયોજન (હાલની સ્થિતિએ) મેગાવોટમાં

| વર્ષ | રાજ્ય | કેન્દ્ર | ખાનગી | વધારો | કુલ |
|---|---|---|---|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૦૯ના રોજ વીજ ક્ષમતા-૯૮૬૪ | | | | | |
| ૦૯-૧૦ | ૬૯૫ | ૪૪૨૧ | ૨૧૪૭ | ૩૨૪૯ | ૧૩૧૧૩ |
| ૧૦-૧૧ | ૧૦૬૦ | ૪૨૧ | ૭૦૦ | ૨૧૮૧ | ૧૫૨૯૪ |
| ૧૧-૧૨ | ૧૩૬૦ | ૧૧૦૫ | ૧૫૦૦ | ૩૯૬૫ | ૧૯૨૫૯ |
| કુલ | ૩૧૧૫ | ૧૯૩૩ | ૪૩૪૭ | ૯૩૯૫ | |

------------

## દાહોદ જિલ્લામાં ખેતી માટેનાં વીજ કનેક્શનો

૭૨૪૬ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિએિ દાહોદ જિલ્લામાં ખેતીવાડી માટેનાં વિજ કનેક્શનોની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) આ પડતર અરજીઓનો સરકાર કેટલા સમયમાં નિકાલ કરવા માંગે છે?

**જવાબ**

(૧) ૫૯૯૧ અરજીઓ પડતર છે.

(૨) દાહોદ જિલ્લો આદિજાતિ વિસ્તારમાં આવેલ છે. રાજ્ય સ્થાપનાની સુવર્ણ જ્યંતિ નિમિત્તે નક્કી કરેલ સ્વર્ણિમ સિધ્ધિઓ અનુસાર આદિજાતિ વિસ્તારમાં તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં નોંધાયેલ ખેતીવાડી વીજ જોડાણ માટેની તમામ આદિજાતિ ખેડૂતોની અરજીઓનો તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે. તે અંતર્ગત દાહોદ જિલ્લાની તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં નોંધાયેલ ૩૪૪૨ અરજીઓનો નિકાલ તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કરવામાં આવશે. જ્યારે બાકી રહેતી ૨૫૪૯ અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન,

ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઈને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન હાથ ધરવામાં આવશે.

--------------

**ડીસા ચેકપોસ્ટની આવક**

૮૩૩૯**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની ડીસા ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં શા કારણો છે?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૧૨૫૪.૪૨ |

તા. ૧-૧-૦૭થી ડીસા ચેક પોસ્ટનું વિભાજન થવાથી ગુંદરી અને થાવર ખાતે તબદીલ કરવામાં આવેલ છે. જેની સંયુક્ત આવક નીચે મુજબ છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૨૦૧૪.૨૫ |
| ૨૦૦૮ | ૨૬૧૦.૮૨ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

**રાજ્યમાં નવા વીજ સબસ્ટેશનો**

૮૩૬૯ **શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં કેટલાં નવાં સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં નવા ૬૬ કે.વી. વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે કે કેમ, ક્યા ક્યા?

**જવાબ**

(૧) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં કુલ ૬૦ (સાઈઠ) નવાં સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં ૬૬ કે.વી.ના કુલ ૦૪ (ચાર) નીચે મુજબના નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| **સબસ્ટેશનનું નામ** |
|---|
| મોડસર |
| મેટોડા |
| ધોલેરા |
| વેન્ડર પાર્ક |

------------

**મહેસાણા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના**

૮૬૧૧ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ કેટલા વિજ જોડાણો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકારે હાથ ધરેલ ગ્રામીણ વીજળીકરણની વિવિધ યોજનાઓ નીચે વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનાઓ અંતર્ગત મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૫૫૩૪

(૨) તે પેકી કેટલા વિજ જોડાણો આપવામાં આવ્યા અને કેટલાને આપવાના બાકી છે, અને

લાભાર્થીઓને વીજળીકરણનો લાભ આપવામાં આવ્યો છે.

તેજ રીતે કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત દસમી પંચ વર્ષીય યોજનાના રાજ્યના ૨૫ જિલ્લાના પ્રોજેક્ટ વર્ષ ૨૦૦૫માં કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ પરંતુ કેન્દ્ર સરકાર તરફથી તે પેકી ૩ જિલ્લાના પ્રોજેક્ટ દસમી પંચવર્ષીય યોજનામાં મંજૂર કરવામાં આવેલ જ્યારે બાકીના ૨૨ જિલ્લાના પ્રોજેક્ટ અગિયારમી પંચવર્ષીય યોજનાના ૨૦૦૮ના વર્ષમાં મંજૂર કરવામાં આવેલ. મહેસાણા જિલ્લાનો પ્રોજેક્ટ માર્ચ ૨૦૦૮માં મંજુર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટની કામગીરી મે-૨૦૦૮માં શરૂ કરવામાં આવી છે.

મહેસાણા પ્રોજેક્ટમાં કુલ ૨૪૨૮૩ બી.પી.એલ યાદીમાં નોંધાયેલ લાભાર્થીઓને આવરી લેવાના થાય છે. તાલુકાવાર આવરી લેવાના લાભાર્થી તથા પ્રોજેક્ટની મંજુરી બાદ તા. ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ આપેલ વીજ જોડાણની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પ્રોજેક્ટમાં સમાવિષ્ટ લાભાર્થીની સંખ્યા | પ્રોજેક્ટ મંજુરીથી તા. ૩૧-૦૫-૦૯ સુધી આપેલ વીજ જોડાણોની સંખ્યા | બાકી રહેતા વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|---|
| કડી | ૬૯૭૮ | ૭૧ | ૬૯૦૭ |
| બેચરાજી | ૩૦૬૨ | ૨૪૫ | ૨૮૧૭ |
| મહેસાણા | ૨૮૯૮ | ૪૧ | ૨૮૫૭ |
| વિસનગર | ૩૦૦૩ | ૩૮૭ | ૨૬૧૬ |
| વડનગર | ૩૦૮૩ | ૮૨ | ૩૦૦૧ |
| સતલાસણા | ૧૮૧૩ | ૦ | ૧૮૧૩ |
| ઉંઝા | ૧૫૬ | ૦ | ૧૫૬ |
| ખેરાલુ | ૧૯૨૨ | ૧૦૯ | ૧૮૩૦ |
| વિજાપુર | ૧૩૫૧ | ૦ | ૧૩૫૧ |
| કુલ | ૨૪૨૮૩ | ૯૩૫ | ૨૩૩૪૮ |

(૩) ઉક્ત વીજ જોડાણો બાકી રહેવાના કારણો શાં છે ?

(૩) આ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના પ્રોજેક્ટનો પ્રથમ હપ્તો કેન્દ્ર સરકારની નોડલ એજન્સી આર.ઈ.સી. દ્વારા તા. ૩૦.૦૫.૦૮ના રોજ મંજૂર કરવામાં આવેલ.

આર.ઈ.સી.ની શરતો અનુસાર પ્રથમ હપ્તો મળ્યા પછી ૧૮ (અઢાર) માસમાં વીજ જોડાણ આપવાની કાર્યવાહી પૂર્ણ કરવાની હોય છે.

પ્રથમ હપ્તાની રકમ મળ્યાબાદ કંપની દ્વારા એજન્સીને વર્ક ઓર્ડર આપ્યાબાદ એજન્સી દ્વારા જરૂરી સર્વેક્ષણ, ત્યારબાદ માલસામાનની ખરીદી, માલ- સામાનની ગુણવત્તાનું ત્રિસ્તરીય પરિક્ષણ અને ત્યારબાદ એજન્સીએ વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવાની હોય છે.

પ્રોજેક્ટમાં સમાવિષ્ટ લાભાર્થીઓ પેકી જુન-૨૦૦૯ના અંતિત ૩૪૬૫ લાભાર્થીઓને વીજળીકરણ કરી આપવામાં આવેલ છે.

------------

**દિલ્હી ખાતે ગુજરાત ભવનમાં એ.સી. તથા નોન એ.સી. રૂમો**

૭૩૮૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ ની સ્થિતિએ દિલ્હી ખાતે ગુજરાત ભવનમાં એ.સી. તથા નોન એ.સી. કેટલા રૂમો છે.

**જવાબ**

(૧) એ. સી. રૂમો--૫૬ (છપ્પન)
નોન એ.સી. રૂમો--કોઈ નહીં.

(૨) ગત બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૮/૪/૦૬ના ઠરાવથી નિવાસી આયુક્તશ્રી, નવી દિલ્હીની એક સુગ્રથિત કચેરીની રચના કરાયા બાદ ગુજરાત ભવન માટે કોઈ અલાયદી ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. જ્યારે નિવાસી આયુક્તશ્રીની કચેરીને છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૭-૦૮--રૂા. ૨,૯૩,૦૬,૦૦૦
વર્ષ ૨૦૦૮-૦૯--રૂા. ૩,૪૩,૪૫,૦૦૦

(૩) ક્યા ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) ઉપરોક્ત ગ્રાન્ટમાંથી ગુજરાત ભવન માટે ગત બે વર્ષમાં આ સાથેના *પત્રકમાં જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| **ક્રમ** | **હેતુ** | **વર્ષ : ૨૦૦૭-૦૮માં કરાયેલ ખર્ચ (રૂપિયામાં)** | **વર્ષ : ૨૦૦૮-૦૯માં કરાયેલ ખર્ચ (રૂપિયામાં)** |
|---|---|---|---|
| ૧ | પગાર અને ભથ્થાં | ૧,૧૦,૧૧,૯૦૯ | ૧,૦૧,૩૯,૨૪૪ |
| ૨ | પ્રવાસ ખર્ચ | ૬૩૦ | ૧૨૯૯ |
| ૩ | કચેરી ખર્ચ | ૨૩૬૧૭૧૮ | ૧૭૯૮૪૫૭ |
| ૪ | ટેલીફોન/મોબાઈલ | ૫૧૪૦૩૧ | ૪૯૪૨૮૧ |
| ૫ | વિજળી અને પાણી ખર્ચ | ૪૮૩૨૦૬૭ | ૪૩૧૭૯૦૫ |
| ૬ | લીનન આઈટમ (બેડસીટ, બેડકવર વગેરે) | ૭૮૭૨૨ | ૫૯૯૪૫ |
| ૭ | ભોજન વ્યવસ્થા ખર્ચ | ૧૩૨૩૭૫૭ | ૩૦૯૦૫ |
| ૮ | રખરખાવ અને મરામત/પરચુરણ ખરીદી | ૫૨૩૯૮૩ | ૬૧૦૩૦૦૦ |
| ૯ | મોટર વાહન ખર્ચ | ૨૧૯૪૧૩૩ | ૨૫૨૩૦૦૦ |
| | **કુલ ખર્ચ :** | **૨,૨૮,૪૦,૯૫૦** | **૨,૫૪,૬૮,૦૩૬** |

------------

## ખુશી યોજના હેઠળ થયેલ કાર્યવાહી

૮૪૦૦ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવેલ ખુશી યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન શી કાર્યવાહી કરવામાં આવી,

(૧) રાજ્યના ખેડૂતોનાં વિશાળ જનહીતમાં ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વાકાંક્ષી યોજના ""કિસાન હીત ઉર્જા શક્તિ યોજના-KHUSHY "" અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ૪૨૫૩ ટ્રાન્સફોર્મર્સ હયાત વીજ જોડાણો ઉપર જ્યારે ૩૨,૮૬૦ ટ્રાન્સફોર્મર્સ નવા વીજ જોડાણો ઉપર આમ કુલ **૩૭,૧૧૩** નાની ક્ષમતા (૧૦,૧૬ અને ૨૫ કેવીએ) નાં ટ્રાન્સફોર્મર્સ મૂકવામાં આવેલ છે.

(૨) તે માટે કેટલો ખર્ચ થયો, અને

(૨) તે માટે રૂા. ૩૯૮.૫૮ કરોડનો ખર્ચ થયો.

(૩) આ યોજનાના ફાયદા ક્યા ક્યા છે ?

(૩) ખુશી યોજનાથી ખેડૂતોને નીચે મુજબના ફાયદા થશે.

- * દરેક ટ્રાન્સફોર્મર સાથે ઓછા વીજ ગ્રાહકો જોડાયેલા હોવાથી ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થતાં ઓછા વીજ ગ્રાહકોને અસર થશે.
- * વોલ્ટેજમાં વધ-ઘટ નું પ્રમાણ ઘટવાનાં કારણે તથા પૂરતા દબાણથી વીજ પુરવઠો મળવાનાં કારણે મોટરો બળવાનાં કિસ્સાઓમાં ઘટાડો થશે.
- * નોંધાયેલ વીજ ગ્રાહકોમાં માલિકીપણાનો તથા

જવાબદારીનો ભાવ ઉભો થવાથી તેઓ બીજા ખેડૂતોને હળવા દબાણથી વીજ રેષાઓ સાથે ચેડા કરવા દેશે નહિ અને તેથી વીજચોરીનું પ્રમાણ સારૂ એવું ઘટશે.

* ક્ષમતાં કરતાં વધુ લોડનાં કારણે ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થવાનાં કિસ્સાઓનું પ્રમાણ ઘટવાથી વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે.
* નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર ગ્રાહકોના વીજ સ્થાપનની નજીક મૂકવાથી લો-વોલ્ટેજનાં પ્રશ્નો નિવારી શકાશે.
* આ યોજના અંતર્ગત નાની ક્ષમતાનાં ટ્રાન્સફોર્મર્સ વીજ કંપનીઓ દ્વારા સ્વખર્ચે મૂકાતાં હોવાથી ગ્રાહકો પર કોઈ જ વધારાનો નાણાંકીય બોજો નહીં પડે.

------------

## ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી

૮૪૯૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં રાજ્ય સરકારને ક્રુડ ઓઈલ અને ગેસ પરની કેટલી રોયલ્ટી મળી, | (૧) વર્ષ ૨૦૦૮-૦૯ નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને ક્રુડ ઓઈલ અને ગેસ પર રૂા. ૧૨૯૩.૮૯ ક્રોડની રોયલ્ટી મળી છે. |
| (૨) આ રકમ ગત વર્ષ કરતાં ઓછી છે કે કેમ, અને | (૨) ઓછી છે. નિયમો અનુસાર માર્કેટ આધારિત ભાવ પ્રમાણે ગણતરી કરતાં રૂા. ૨૮૨૪.૮૯ ક્રોડની રોયલ્ટી મળવાપાત્ર હતી. તેના સ્થાને રૂા. ૧૨૯૩.૮૯ ક્રોડની રોયલ્ટી મળેલ છે. |
| (૩) જો હા, તો તેના શાં કારણો છે ? | (૩) કેન્દ્ર સરકારે નિમેલ મોસ્કર કમિટિએ રજૂ કરેલ ભલામણો અનુસાર રાજ્યોને એપ્રિલ-૨૦૦૨થી ""વેલ હેડ પ્રાઈસ"" બજારની કિંમતના આધારે રોયલ્ટી ચૂકવવા કેન્દ્ર સરકારે તા. ૧૭-૩-૨૦૦૭ની અધિસુચનાથી આદેશો કરેલા. તદનુસાર રાજ્ય સરકારને માર્ચ-૨૦૦૮ સુધી કેન્દ્ર સરકારે નક્કી કરેલ ફોર્મ્યુલા પ્રમાણે રોયલ્ટીની ચૂકવણી થયેલ છે. પરંતુ કેન્દ્ર સરકારની નુક્શાન કરતી તેલ વિતરણ કરતી કંપનીઓને થતું નુક્શાન સરભર કરવા ઓ.એન.જી.સી.એ આ કંપનીઓને તેલના થતાં વેચાણ પર સને ૨૦૦૩-૦૪થી વળતર આપવાનું શરૂ કર્યુ છે અને કેન્દ્ર સરકારે એપ્રિલ-૦૮થી એક્તરફી નિર્ણય લઈ રાજ્યોને મળતી રોયલ્ટીની નીતિમાં રાજ્યો સાથે પરામર્શ કર્યા વગર ફેરફાર કરીને મોસ્કર કમિટીની ભલામણથી વિપરીત વળતર બાદની કિંમતે રોયલ્ટી ચૂકવવાના આદેશો કર્યા છે. પરિણામે ઓ.એન.જી.સી.એ એપ્રિલ-૦૮ થી શરૂ કરીને ક્રુડ ઓઇલની રોયલ્ટીની ચૂકવણી વળતર બાદની કિંમતે ચૂકવી છે. એપ્રિલ-૦૮ થી ડિસેમ્બર-૦૮ના સમયગાળામાં ઓછી ચૂકવાયેલ રોયલ્ટીને કારણે ગત વર્ષ કરતાં ઓછી રોયલ્ટી મળેલ છે. |

------------

**અગરિયાઓને આવાસો પૂરા પાડવા બાબત**

૮૨૬૯ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મીઠા ઉત્પાદન કરતાં આઠ જિલ્લાઓમાં અગરિયાઓ માટે આવાસો બનાવવાનું આયોજન થયેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૦૫-૨૦૦૯ સુધીમાં કેટલા આવાસોના ક્રામો પૂર્ણ ક્રવામાં આવ્યા,

(૩) કેટલા આવાસોના ક્રામ પ્રગતિમાં છે, અને

(૪) કેટલા લાભાર્થીઓને આવાસોનો ક્બજો સોંપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૦૫-૨૦૦૯ સુધીમાં ૨૯૭૨ આવાસોના ક્રામો પૂર્ણ ક્રવામાં આવેલા છે.

(૩) ૮૬ આવાસોના ક્રામ પ્રગતિમાં છે.

(૪) એલોટમેન્ટ લેટર આપી ક્બજો સોંપવાની ક્રામગીરી કેન્દ્ર સરકારના નાયબ સોલ્ટ ક્મિશનરશ્રીની ક્ચેરી, અમદાવાદ દ્વારા કરાય છે. જે કાર્યવાહી હેઠળ છે.

------------

**મંત્રીમંડળના સીધી ભરતીના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભ અંગે**

૭૦૭૨**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચનો અમલ તા. ૧-૧-૨૦૦૬થી આપવાનો નિર્ણય ક્રેલ છે તે અન્વયે મંત્રીમંડળમાં સીધી ભરતીથી ફરજ બજાવતા કર્મચારીઓને તે લાભ નહીં આપવાના કારણો શા છે, અને

(૨) રાજ્ય સરકાર આવા લાભો સત્વરે આપવા શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) મંત્રીમંડળમાં સીધી ભરતીથી ફરજ બજાવતા કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયે બહાર પડાયેલ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ અનુસાર પે-ફિક્સેસનનાં હુક્મો ક્રાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આદિજાતિ વિસ્તારોમાં સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૮૩૮૭ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, ક્યા ક્યા ?

**જવાબ**

રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ૬૬ કે.વી.ના ૬(છ) સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, જેની માહિતી નીચે મુજબ છે.

| સબસ્ટેશનનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| (૧) મોવાસા | પંચમહાલ | સંતરામપુર |
| (૨) રજાયતા | પંચમહાલ | મોર્વાહડપ |
| સબસ્ટેશનનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
| (૩) પાનવડ | વડોદરા | ક્વાંટ |
| (૪) પિપેરો | દાહોદ | ધાનપુર |
| (૫) રણધિક્પુર | દાહોદ | લિમખેડા |
| (૬) સાગતાલા | દાહોદ | દેવગઢબારીયા |

તદુપરાંત ૪૦૦ કે.વી. કોસંબા સબસ્ટેશનની ક્રામગીરી વર્ષ ૨૦૧૦-૧૧માં પૂર્ણ ક્રવાના લક્ષ્યાંક સાથે શરૂ ક્રવામાં આવી છે.

------------

**ખુશી યોજના હેઠળ થયેલ કાર્યવાહી**

૮૩૯૩ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવેલ ખુશી યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન શી કાર્યવાહી ક્રવામાં આવી,

**જવાબ**

(૧) રાજ્યના ખેડૂતોનાં વિશાળ જનહીતમાં ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વાકાંક્ષી યોજના ""ક્સિાન હીત ઉર્જા શક્તિ યોજના-KHUSHY "" અમલમાં મૂક્વામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯

દરમ્યાન ૪૨૫૩ ટ્રાન્સફોર્મર્સ હયાત વીજ જોડાણો ઉપર જ્યારે ૩૨,૮૬૦ ટ્રાન્સફોર્મર્સ નવા વીજ જોડાણો ઉપર આમ કુલ **૩૭,૧૧૩** નાની ક્ષમતા (૧૦,૧૬ અને ૨૫ કેવીએ) નાં ટ્રાન્સફોર્મર્સ મૂક્વામાં આવેલ છે.

(૨) તે માટે કેટલો ખર્ચ થયો, અને

(૨) તે માટે રૂા. ૩૯૮.૫૮ ક્રોડનો ખર્ચ થયો.

(૩) આ યોજનાના ફાયદા ક્યા ક્યા છે ?

(૩) ખુશી યોજનાથી ખેડૂતોને નીચે મુજબના ફાયદા થશે.

* દરેક ટ્રાન્સફોર્મર સાથે ઓછા વીજ ગ્રાહકો જોડાયેલા હોવાથી ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થતાં ઓછા વીજ ગ્રાહકોને અસર થશે.
* વોલ્ટેજમાં વધ-ઘટ નું પ્રમાણ ઘટવાના કારણે તથા પૂરતા દબાણથી વીજ પુરવઠો મળવાના કારણે મોટરો બળવાનાં કિસ્સાઓમાં ઘટાડો થશે.
* નોંધાયેલ વીજ ગ્રાહકોમાં માલિકીપણાનો તથા જવાબદારીનો ભાવ ઊભો થવાથી તેઓ બીજા ખેડૂતોને હળવા દબાણની વીજ રેષાઓ સાથે ચેડા કરવા દેશે નહિ અને તેથી વીજચોરીનું પ્રમાણ સારૂ એવું ઘટશે.
* ક્ષમતાં કરતાં વધુ લોડનાં કારણે ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થવાનાં કિસ્સાઓનું પ્રમાણ ઘટવાથી વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે.
* નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર ગ્રાહકોના વીજ સ્થાપનની નજીક મૂક્વાથી લો-વોલ્ટેજનાં પ્રશ્નો નિવારી શકાશે.
* આ યોજના અંતર્ગત નાની ક્ષમતાનાં ટ્રાન્સફોર્મર્સ વીજ કંપનીઓ દ્વારા સ્વખર્ચે મૂકાતાં હોવાથી ગ્રાહકો પર કોઈ જ વધારાનો નાણાંકીય બોજો નહીં પડે.

------------

### રાજ્યમાં સ્થપાયેલ સબ સ્ટેશનો

૮૩૭૫ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાનમાં રાજ્યમાં કેટલા નવાં સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને | (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યમાં કુલ ૬૦ (સાઈઠ) નવા સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે. |
| (૨) ઉક્ત સમયગાળા દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, ક્યા ક્યા ? | (૨) તે પેકી અમદાવાદ જિલ્લામાં ૬૬ કે.વી. ના કુલ ૦૨ (બે) નીચે મુજબના નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. |

**સબ સ્ટેશનનું નામ**
ઓઢવ
ભાટ

------------

### રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે એવોર્ડ

: ૮૩૮૨**શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ એવોર્ડ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા? | (૨) મળેલ એવોર્ડની વિગતો પત્રક-અ મુજબ છે. |

**પત્રક-અ**

| અ.નં. | વર્ષ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ઉત્કૃષ્ઠ કામગીરી માટે વીજ વિતરણ કંપનીને આપવામાં આવતો ગોલ્ડ શીલ્ડ એવોર્ડ ૨૦૦૭ | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨ | ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૫-૦૬ અંતગર્ત રાષ્ટ્રીય પુરસ્કાર યોજના હેઠળ ૨૨૦/૧૧ કેવી રાજપર સબસ્ટેશન માટે (સુવર્ણ ચંદ્રક) | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. |
| ૩ | ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૫-૦૬ અંતગર્ત રાષ્ટ્રીય પુરસ્કાર યોજના હેઠળ ૨૨૦/૬૬ કેવી ભૂતીયા (માથાસુર) સબસ્ટેશન માટે (રજત ચંદ્રક) | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. |
| ૪ | ૨૦૦૬-૦૭ | ઉકાઈ હાઈડ્રો પાવર સ્ટેશનની સોથી સારી કાર્યદક્ષતા માટે ભારતમાં ત્રીજું સ્થાન મેળવવા બદલ કાંસ્ય શીલ્ડ | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. |
| ૫ | ૨૦૦૬-૦૭ | ઉત્કૃષ્ટ કામગીરી માટે વીજ વિતરણ કંપનીને આપવામાં આવતો એવોર્ડ કાંસ્ય ચંદ્રક-૨૦૦૭ | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. |
| ૬ | ૨૦૦૨-૦૭ | બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે સૂર્ય કૂકરની યોજના અંતગર્ત વર્ષ ૨૦૦૨-૦૭ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ. તારીખ ૨૨-૧૧-૨૦૦૭ના રોજ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. | નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા |

------------

**અગરીયાઓને આવાસો પૂરા પાડવા બાબત**

૮૨૮૨ **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મીઠા ઉત્પાદન કરતાં આઠ જિલ્લાઓમાં અગરીયાઓ માટે આવાસો બનાવવાનું આયોજન થયેલ છે તે હકીક્ત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૫-૨૦૦૯ સુધીમાં કેટલા આવાસોના કામો પૂર્ણ કરવામાં આવ્યા | (૨) તા. ૩૧-૦૫-૨૦૦૯ સુધીમાં ૨૯૭૨ આવાસોના કામો પૂર્ણ કરવામાં આવેલા છે. |
| (૩) કેટલા આવાસોના કામ પ્રગતિમાં છે, અને | (૩) ૮૬ આવાસોના કામ પ્રગતિમાં છે. |
| (૪) કેટલા લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપવામાં આવ્યો? | (૪) એલોટમેન્ટ લેટર આપી કબજો સોંપવાની કામગીરી કેન્દ્ર સરકારના નાયબ સોલ્ટ કમિશ્નરશ્રીની કચેરી, અમદાવાદ દ્વારા કરાય છે. જે કાર્યવાહી હેઠળ છે. |

------------

**રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ**

૮૪૦૯ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યનાં છેવાડાનાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા કોઇ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. રાજ્યનાં છેવાડાનાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે કુટિર જ્યોતિ યોજના તેમજ પેટાપરા વીજળીકરણ યોજના અમલમાં છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૮-૦૯માં આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઇબ) નાં લાભાર્થીઓને વીજ જોડાણની યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. તદઉપરાંત કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના પણ અમલમાં છે. |
| (૨) જો હા, તો તે અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૭૪,૮૧૧ લાભાર્થીઓને તેમ જ ૧૭૧ પેટાપરાનાં ૫૩૭૪ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા. જ્યારે આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઇબ) યોજના અંતર્ગત ૧૨,૮૮૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે. કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં વસતા ૩૪૦૮૨ બીપીએલ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા છે. |
| (૩) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા નવા વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવેલ છે ? | (૩) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૧,૦૧,૮૦૦ લાભાર્થીઓને તથા ૧૦૦ પેટાપરામાં સમાવિષ્ટ |

આવેલ છે ?

લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું અયોજન છે. તેમજ કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં વસતા ૮૫૪૦૫ બીપીએલ લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં વાહનોના રજીસ્ટ્રેશનની આર.સી. બુકો**

૭૭૭૧ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા વાહનોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું, અને | (૧) કુલ-૧,૨૩,૧૫૫ વાહનોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. |
| (૨) રજીસ્ટ્રેશન થયેલા વાહનોની આર.સી. બુકો સમયસર આપવામાં આવતી નથી તે અન્વયે સરકારે શાં પગલાં લીધા? | (૨) એપ્રિલ-૦૯ અને મે-૦૯ માસ દરમ્યાન આર.સી. બુકોનો સ્ટોક સમયસર નહીં મળવાને કારણે આર.સી.બુકો સમયસર આપી શકાઈ ન હતી. હવે પુરતો સ્ટોક ઉપલબ્ધ હોવાથી સમયસર આર.સી. બુકો આપવામાં આવે છે. |

**અમદાવાદ અને રાજ્યમાં ચાલતા હુક્કાબાર**

૭૪૨૧ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ અને રાજ્યના અન્ય વિસ્તારોમાં તાજેતરમાં ચાલતા હુક્કાબારના કારણે રાજ્યનું યુવાધન નશાના માર્ગે પાયમાલ થઈ રહ્યુ છે. તે હક્કીક્ત સરકારના ધ્યાને આવી છે કે કેમ, અને<br><br>(૨) આવા હુક્કાબારમાં ચાલતી પ્રવૃત્તિઓ બંધ કરાવવા અને રાજ્યના યુવાધનને બચાવવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી? | (૧) અને (૨) : તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ અને રાજ્યના અન્ય વિસ્તારોમાં તાજેતરમાં ચાલતા કેટલાક હુક્કાબારની હકીક્ત સરકારના ધ્યાને આવેલ છે. આ બાબતે નીચે મુજબની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૧) અમદાવાદ શહેરમાં ઈ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ કુલ ૧૦ કેસો કરવામાં આવેલ છે.<br>(૨) સુરત શહેરમાં ઈ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ કુલ ૪ કેસો કરવામાં આવેલ છે.<br>(૩) વડોદરા શહેરમાં ઈન્ડીયન પીનલ કોડ કલમ ૧૮૮, ૨૭૨, ૨૭૩, ૧૧૪, બોમ્બે પ્રોહીબીશન એક્ટ ૧૩૫ તથા ધી સીગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ અને ૨૦૦૩ની કલમ ૨૦, ૨૨ હેઠળ કુલ ૪ કેસો કરવામાં આવેલ છે.<br>આ બાબતે ક્રાઈમ કોન્ફરન્સ દરમ્યાન તથા પોલીસ સ્ટેશન વિઝીટ દરમ્યાન જે બિનઅધિકૃત રીતે હુક્કાબારની પ્રવૃત્તિઓ ચાલતી હોય તો તે બંધ કરાવી તેમના સંચાલક વિરૂધ્ધ કાયદેસર પગલાં લેવા માટે સુચના આપવામાં આવે છે. તથા આવી પ્રવૃત્તિ શરૂ ન થાય તે માટે વોચ રાખવા પણ સુચના આપવામાં આવે છે. હકીક્ત ધ્યાને આવેથી તાત્કાલીક રેડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

------------

## અગરીયાઓને આવાસો પૂરા પાડવા બાબત

૮૨૬૪**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મીઠા ઉત્પાદન કરતાં આઠ જિલ્લાઓમાં અગરીયાઓ માટે આવાસો બનાવવાનું આયોજન થયેલ છે. તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં કેટલા આવાસોના ક્રામો પૂર્ણ ક્રવામાં આવ્યા, | (૨) તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં ૨૯૭૨ આવાસોના ક્રામો પૂર્ણ ક્રવામાં આવેલા છે. |
| (૩) કેટલા આવાસોના ક્રામ પ્રગતિમાં છે, અને | (૩) ૮૬ આવાસોના ક્રામ પ્રગતિમાં છે. |
| (૪) કેટલા લાભાર્થીઓને આવાસોનો ક્બજો સોંપવામાં આવ્યો? | (૪) એલોટમેન્ટ લેટર આપી ક્બજો સોંપવાની ક્રામગીરી કેન્દ્ર સરકારના નાયબ સોલ્ટ ક્રમિશ્નરશ્રીની ક્ચેરી, અમદાવાદ દ્વારા કરાય છે. જે કાર્યવાહી હેઠળ છે. |

------------

## રાજકોટ જિલ્લામાં નર્મદા મુખ્ય કેનાલમાં ભંગાણ

૮૬૨૯ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં નર્મદા મુખ્ય કેનાલમાં કેટ કેટલી વખત ભંગાણ થયું, અને | (૧) રાજકોટ જિલ્લામાંથી નર્મદા મુખ્ય નહેર પસાર થતી નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ કેનાલમાં ભંગાણ થવાના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## ધોળકા બ્લોકમાંથી ઓઈલ મળવા અંગે

૮૨૭૯ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોળકા બ્લોકમાંથી જુન-૨૦૦૮ થી પ્રતિદિન કેટલા બેરલ તેલ ઉત્પાદનની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) ધોળકા બ્લોકમાંથી જુન-૨૦૦૮થી પ્રતિદિન જીએસપીસીને ૬૦૦-૭૦૦ બેરલ તેલના ઉત્પાદનની મંજૂરી મળી છે. |
| (૨) ત્યારથી તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા બેરલ ઓઈલ મેળવવામાં આવ્યું, અને | (૨) જુન-૨૦૦૮ થી તા. ૩૧-મે-૨૦૦૯ સુધીમાં ૧૯.૫૩ લાખ બેરલ તેલ મેળવવામાં આવ્યું છે. |
| (૩) તે અન્વયે રાજ્ય સરકારને કેટલી આવક થઈ ? | (૩) રોયલ્ટી રૂા. ૬.૭૯ ક્રોડ<br>વેટ રૂા. ૩.૭૦ ક્રોડ<br>કુલ રૂા. ૧૦.૪૯ ક્રોડ |

------------

## માનનીય મંત્રીશ્રીઓના કાર્યાલયમાં સીધી ભરતીના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભ અંગે

૭૦૦૭ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહિવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અગિયારમી ગુજરાત વિધાનસભા દરમિયાન મંત્રીમંડળના કાર્યાલયોમાં સીધી ભરતીથી ફરજ બજાવતા કર્મચારીઓને તા. ૧-૧-૨૦૦૬ થી અમલી બનેલ છઠ્ઠા પગાર પંચના લાભો આપવા સરકારે શી કાર્યવાહી કરી, અને | (૧) અગિયારમી ગુજરાત વિધાનસભા દરમિયાન મંત્રીમંડળનાં કાર્યાલયોમાં તા.૧-૧-૨૦૦૬થી તા.૨૫-૧૨-૨૦૦૭ દરમિયાન સીધી ભરતીથી ફરજો બજાવેલ હોય તેવા કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચની ભલામણ અન્વયે બહાર પડાયેલ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ અનુસાર પે-ફિક્સેશનના હુકમો કરાયેલ છે. |
| (૨) કેટલા સમયમાં આવા કર્મચારીઓને લાભો આપવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## કોમ્પ્યુટરની પરીક્ષા પાસ કર્યેથી લાયસન્સ આપવા બાબત

૮૫૯૭ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ. ના કાયદા પ્રમાણે કોમ્પ્યુટરની પરીક્ષા પાસ કર્યા પછી જ લાયસન્સ આપવામાં આવે છે, | (૧) સેન્ટ્રલ મોટર વેહીકલ રૂલ્સ-૧૧ મુજબ લાયસન્સ મેળવવા માટે ઓબ્જેક્ટીવ ટાઈપ પ્રીલીમીનરી ટેસ્ટ લેવાની જોગવાઈ છે. અમદાવાદ ખાતે આ ટેસ્ટ પ્રાયોગિક ધોરણે કોમ્પ્યુટર પર લેવામાં આવે છે. |
| (૨) જો હા, તો અભણ વ્યક્તિઓને લાયસન્સ ના મળી શકે, અને | (૨) અમદાવાદ ખાતે પણ અભણ વ્યક્તિને લર્નીંગ લાયસન્સ મળી શકે છે. અભણ વ્યક્તિને લર્નીંગ લાયસન્સ મળી રહે તે માટે આવા અરજદારોને કચેરીના કર્મચારી/અધિકારીની રૂબરૂમાં કોમ્પ્યુટર સામે રૂબરૂ ઉપસ્થિત કરી, કોમ્પ્યુટરના માધ્યમ ધ્વારા પરીક્ષા આપવા યોગ્ય સમજ આપવામાં આવે છે અને ત્યારબાદ ટચ સ્ક્રીનવાળા કોમ્પ્યુટર પર સરળતાથી પરીક્ષા આપી શકે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| (૩) તો આ અંગે સરકાર શું કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## આગામી પાંચ વર્ષમાં વીજ માંગની સામે વીજ ઉત્પાદન

૮૫૦૩ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આગામી પાંચ વર્ષમાં રાજ્યની વીજ માંગ કેટલી રહેશે અને તેની સામે વીજ ઉત્પાદન કેટલું રહેવાની શક્યતા છે ?

**જવાબ**

૧૭મા ઈલેક્ટ્રીક પાવર સર્વે રીપોર્ટ પ્રમાણે આગામી પાંચ વર્ષમાં રાજ્યની વીજ માંગ નીચે મુજબ રહેશે.

| વર્ષ | વીજ માંગ (મે.વો.માં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૩૦૪૨ |
| ૨૦૧૦-૧૧ | ૧૩૬૯૨ |
| ૨૦૧૧-૧૨ | ૧૪૩૭૪ |
| ૨૦૧૨-૧૩ | ૧૫૩૦૫ |
| ૨૦૧૩-૧૪ | ૧૬૨૯૬ |
| ૨૦૧૪-૧૫ | ૧૯૩૫૧ |

વીજ ઉત્પાદનની ક્ષમતા વધારવાનું આયોજન સામાન્ય રીતે પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં કરવામાં આવે છે. તદનુસાર હાલમાં ૧૧મી પંચવર્ષીય યોજના એટલે કે વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં લાંબા ગાળાના વીજ ઉત્પાદનનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધિકરણ દ્વારા હાથ ધરવામાં આવે છે. ૧૭મા ઈલેક્ટ્રીક પાવર સર્વેના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨ સુધીમાં રાજ્યની વીજમાંગ આશરે ૧૪૩૭૪ મેગા વોટ જેટલી રહેશે. જેને માટે ગુજરાત સરકાર દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨ સુધીમાં કુલ ૧૯૨૫૯ મેગા વોટની સ્થાપિત વીજ ક્ષમતા કરવાનું આયોજન છે.

------------

### ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી

૮૪૯૨ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં રાજ્ય સરકારને ક્રુડ ઓઈલ અને ગેસ પરની કેટલી રોયલ્ટી મળી, | (૧) વર્ષ ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને ક્રુડ ઓઈલ અને ગેસ પર રૂા. ૧૨૯૩.૮૯ ક્રોડની રોયલ્ટી મળી છે. |
| (૨) આ રકમ ગત વર્ષ કરતાં ઓછી છે કે કેમ, અને | (૨) ઓછી છે. નિયમો અનુસાર માર્કેટ આધારિત ભાવ પ્રમાણે ગણતરી કરતા રૂા. ૨૮૨૪.૮૯ ક્રોડની રોયલ્ટી મળવાપાત્ર હતી. તેના સ્થાને રૂા. ૧૨૯૩.૮૯ ક્રોડની રોયલ્ટી મળેલ છે. |
| (૩) જો હા, તો તેના શાં કારણો છે ? | (૩) કેન્દ્ર સરકારે નિમેલ મોસ્કર કમિટિએ રજૂ કરેલ ભલામણો અનુસાર રાજ્યોને એપ્રિલ-૨૦૦૨થી ""વેલ હેડ પ્રાઈસ"" બજારની કિંમતના આધારે રોયલ્ટી ચૂકવવા કેન્દ્ર સરકારે તા. ૧૭-૩-૨૦૦૭ની અધિસુચનાથી આદેશો કરેલા. તદ્દનુસાર રાજ્ય સરકારને માર્ચ-૨૦૦૮ સુધી કેન્દ્ર સરકારે નક્કી કરેલ ફોર્મ્યુલા પ્રમાણે રોયલ્ટીની ચૂકવણી થયેલ છે. પરંતુ કેન્દ્ર સરકારની નુકશાન કરતી તેલ વિતરણ કરતી કંપનીઓને થતું નુકશાન સરભર કરવા ઓ.એન.જી.સી.એ આ કંપનીઓને તેલના થતાં વેચાણ પર સને ૨૦૦૩-૦૪થી વળતર આપવાનું શરૂ કર્યુ છે અને કેન્દ્ર સરકારે એપ્રિલ-૦૮થી એક્તરફી નિર્ણય લઈ રાજ્યોને મળતી રોયલ્ટીની નીતિમાં રાજ્યો સાથે પરામર્શ કર્યા વગર ફેરફાર કરીને મોસ્કર કમિટીની ભલામણથી વિપરીત વળતર બાદની કિંમતે રોયલ્ટી ચૂકવવાના આદેશો કર્યા છે. પરિણામે ઓ.એન.જી.સી.એ એપ્રિલ-૦૮ થી શરૂ કરીને ક્રુડ ઓઈલની રોયલ્ટીની ચૂકવણી વળતર બાદની કિંમતે ચૂકવી છે. એપ્રિલ-૦૮થી ડિસેમ્બર-૦૮ના સમયગાળામાં ઓછી ચૂકવાયેલ રોયલ્ટીને કારણે ગત વર્ષ કરતાં ઓછી રોયલ્ટી મળેલ છે. |

------------

### લોકાયુક્ત કચેરીના વહીવટ માટે રાજ્ય સરકારે કરેલ ખર્ચ

૮૨૮૩ **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યની લોકાયુક્તની કચેરીના વહીવટ પાછળ તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમનો ખર્ચ કર્યો છે ? | ૨૦૦૭-૦૮ - કુલ ખર્ચ રૂપિયા ૨૪,૭૪,૬૧૪-૦૦<br>૨૦૦૮-૦૯ - કુલ ખર્ચ રૂપિયા ૨૧,૯૨,૩૭૭-૦૦ |

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### નેત્રદાનમાં મળેલ આંખો નકામી બનતાં જવાબદારો સામે પગલાં લેવા અંગે

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવા વિનંતી કરું છું.

"તાજેતરમાં કચ્છ જિલ્લાની કચ્છી વિશા ઓશવાળ સેવા સંસ્થાએ વિવિધ દાતાઓએ તેને દાનમાં આપેલ વીસ જેટલી આંખોના પાર્સલ જામનગર ખાતે આવેલ ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલને મોકલી આપ્યાં હતાં, પરંતુ આ

પાર્સલ હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં ન આવતાં વીસ જેટલી આંખો નકામી બની જતાં નેત્રહીન માનવીઓને તેનો લાભ મળી શકેલ નથી. નેત્રદાનની જયારે વ્યાપક ઝૂંબેશ ચાલે છે ત્યારે દાનમાં મેળવેલી આંખોનો હોસ્પિટલની બેદરકારીથી સ્વીકાર ન થવાથી આંખો નકામી બની જતાં હોસ્પિટલના આવા અંધેર વહીવટ સામે આમજનતામાં ફેલાયેલ આક્રોશ દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલ પગલાં."

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રસાર માધ્યમ દ્વારા જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે દાન મળેલ આંખો સ્વીકારવામાં ન આવતાં અન્ય કોઈના ઉપયાગમાં લઈ શકાય તેવી રહી નથી તેવા સમાચાર મળતાં તાત્કાલિક ઘટના અંગે વિગતવાર અહેવાલ મંગાવતાં નીચે મુજબની હકીકત માલૂમ પડેલ છે.

કચ્છ જિલ્લાની કચ્છી વિશા ઓસ્વાલ સેવા સંસ્થા છેલ્લા સાડા ચાર વર્ષથી ચક્ષુદાન મેળવવાની કામગીરી કરે છે. આજદીન સુધી તેઓએ અંદાજીત ૪૦૦ આંખો (૨૦૦ જોડ) મેળવૈલ છે. જેમાંથી ૯૦% આંખો જી.જી.હોસ્પિટલ, જામનગરને પટેલ ટ્રાવેલ્સ મારફતે મોકલી આપેલ છે, જયારે બાકીની ૧૦ % આંખો ખાનગી ડોકટરોને સ્થાનિક કક્ષાએ પ્રત્યારોપણ માટે આપેલ છે, સામાન્ય રીતે આ આંખો કચ્છી વિશા ઓસ્વાલ સંસ્થા આંખો દાનમાં મળતી હોય તે જ દિવસે મોકલી આપે છે.

પરંતુ પ્રસ્તુત કિસ્સામાં સંસ્થાએ તા. ૮,૧૦,૧૪,૧૮,૧૯,૨૨,૨૫,૨૬/૬/૦૯ સુધીના સમયગાળામાં ચક્ષુદાનની ૧૦ વ્યકિતઓની ૨૦ આંખો મેળવી ત્યારબાદ પટેલ ટ્રાવેલ્સ મારફતે એક સાથે મોકલી આપેલ છે, જે પટેલ ટ્રાવેલ્સ દ્વારા તા. ૩૦/૬/૦૯ ના રોજ તેમના કોઈ પ્રતિનિધિ દ્વારા જી.જી.હોસ્પિટલ, જામનગરને સાંજે ૬-૦૦ કલાકે રજીસ્ટ્રી વિભાગમાં સુપ્રત કરવામાં આવી હતી. રજીસ્ટ્રી વિભાગમાં કેસ બારીનું કામ આઉટસોર્સથી શ્રી અંધજન તાલીમ કેન્દ્ર, જામનગરને સોંપવામાં આવેલ છે તે સંસ્થાના ફરજ ઉપરના કર્મચારીએ ટ્રાવેલ્સ કંપનીના પ્રતિનિધિને પૂછતાં તેમણે આ પાર્સલો આંખ વિભાગના છે તથા આંખ વિભાગ સાથે વાત થઈ ગઈ છે તેમ જણાવેલ ત્યારબાદ તેઓ ચક્ષુ પાર્સલ મૂકી કોઈ જાતની પાવતી મેળવ્યા સિવાય નીકળી ગયા હતા.

રજીસ્ટ્રીના ફરજ પરના કર્મચારીએ રાત્રે ૭-૩૫ કલાકે આંખ વિભાગમાં ફરજ પરના ડોકટર તથા નર્સબેનને પૂછતાં તેઓને ચક્ષુઓ મેળવવા અંગે કોઈ સૂચના ટ્રાવેલ્સ કંપનીના પ્રતિનિધિ તરફથી મળેલ નથી તેમ જણાવવામાં આવેલ, ત્યારબાદ કાઉન્ટર પરથી રાત્રે ૧૨-૦૦ કલાકે આંખ વિભાગમાં તે વખતે ફરજ બજાવી રહેલ એમ.એસ.(ઓપ્થલ્મોલોજી)ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા પી.જી.સ્ટુડન્ટ અને પ્રથમ વર્ષ રેસીડેન્ટ રજીસ્ટ્રીમાં પાર્સલ લેવા ગયેલ, પરંતુ ફરજ પરના કર્મચારીએ તેમને ઓળખતા ન હોઈ પાર્સલ ન આપતાં કોઈ સિનિયર ડોકટરને મોકલવા જણાવેલ, પરંતુ તે વખતે ફરજ પરના સિનિયર ડોકટર એક ઈમરજન્સી સારવારમાં વ્યસ્ત હોઈ, તેઓ કામ પૂરું કરીને રાત્રે ૧-૪૫ કલાકે ફ્રી થયા ત્યારે તેઓને પ્રથમ વર્ષ રેસીડેન્ટે વાકેફ કરતાં ફરજ પરના ડોકટરે રજીસ્ટ્રીમાં વાત કર્યા બાદ પ્રથમ વર્ષ રેસીડેન્ટને ફરીથી ચ્ક્ષુઓ લેવા માટે મોકલેલ, પરંતુ તે વખતે ત્યાં ફોટોગ્રાફરો તથા પત્રકારો હાજર હતા. આમ, રાત્રે ૧-૪૫ કલાકે આંખ વિભાગ દ્વારા ચક્ષુઓના પાર્સલ સ્વીકારવામાં આવેલ. અત્રે એ જણાવવું ઉચિત રહેશે કે રજીસ્ટ્રી કાઊન્ટર અંધજન મંડળને આઉટસોર્સ કરવામાં આવ્યું છે અને સીકયુરિટી માટે ગોઠવેલ કલોઝ સકીટ કેમેરામાં આ પાર્સલ ડિલિવરી કરવાને બદલે મીડીયાને જાણ કરી બોલાવતો એક અન્ય વ્યકિત પણ જોવા મળેલ છે. આ બાબત સંબંધિત સંસ્થા સાથે ગંભીરતાપૂર્વક હાથ ધરવામાં આવી છે.

આમ ટ્રાવેલ્સ કંપની દ્વારા તા. ૩૦/૬-/૦૯ ના રોજ પહોંચાડેલ ૨૦ નંગ ચક્ષુઓ તા. ૮/૬/૦૯ થી તા. ૨૬/૬/૦૯ સુધીના સમયમાં એકત્રીત કરેલ હોઈ આ ચક્ષુઓને ૭૨ કલાકથી વધુ સમય વીતી ગયે.લ હોઈ નેત્ર પ્રત્યારોપણના ઉપયોગમાં આવી શકે તેમ હતા જ નહીં. સામાન્ય રીતે મૃત્યુ પછી ૬ કલાકમાં ચક્ષુદાન મેળવી તાત્કાલિક પ્રત્યારોપણ કરાય છે તેમજ ચક્ષુદાનમાં મેળવેલી આંખોને જો બરફમાં મૂકીને સાચવેલી હોય તો ૧૨ કલાક અને પ્રિઝરવેટિવ મિડીયામાં સાચવેલ આંખોનું ૭૨ કલાક સુધી પ્રત્યારોપણ કરી શકાય છે. જેથી કચ્છી વિશા ઓસ્વાલ સવા સંસ્થા તરફથી તા. ૬૦/૬/૦૯ ના રોજ મળેલ ચક્ષુઓ ૭૨ કલાકની સમયમર્યાદા પછી મળેલ હોઈ, આ દાનમાં મળેલ ચક્ષુઓ તુરત જ આંખ વિભાગમાં જમા લીધેલ હોત તો પણ તેનો નેત્ર પ્રત્યારોપણ માટે ઉપયોગ થઈ શકયો ન હોત.

આ પ્રકારના ચક્ષુઓનો ઉપયોગ વિદ્યાથીઓ અભ્યાસ તથા સંશોધન માટે કરે છે. એટલે એનો ચક્ષુદાન તરીકે નહીં, પરંતુ અભ્યાસ અને સંશોધન માટે ઉપયોગ થઈ શકે તેમ હોઈ, ચક્ષુઓ નકામા જતા નથી. જે રીતે દેહ દાનનો ઉપયોગ તબીબી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે થાય છે તે જ રીતે આ પ્રકારના કોરનીઓગ્રાફીક ટ્રાન્સપ્લાનટેશન માટે યોગ્ય ન હોઈ, તેવા ચક્ષુઓનો ઉપયોગ તબીબી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓના અભ્યાસ તેમજ સંશોધન માટે થાય છે.

આમ ઉપરોકત વિગતો ધ્યાને લેતાં **"દાનમાં મેળવેલ આંખોનો હોસ્પિટલની બેદરકારીથી સ્વીકાર ન થવાથી આંખો નકામી બની ગયેલ છે તે બાબત હકીકતો સાથે સુસંગત નથી અને આ બાબતે આમ જનતામાં કોઈપણ જાતનો આક્રોશ જણાયેલ નથી."**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરની ગુરૂગોવિંદસિંહ હોસ્પિટલ એમાં ડોકટરોની સુવિધા અને વહીવટ માટે સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત હતી. આખા ગુજરાતના દર્દીઓ જામનગરની આ હોસ્પિટલમાં સારવાર માટે આવતા હતા. છેલ્લા થોડા સમયથી આ હોસ્પિટલની સ્થિતિ એવી થઈ છે કે હમણાં જ થોડા દિવસ પહેલાં એક એઈડગ્રસ્ત બહેનની સારવાર માટે એના માથા ઉપર પટ્ટી બાંધી આખી હોસ્પિટલમાં ફેરવવામાં આવી હતી એની તો હજુ શાહી સૂકાઈ નથી ત્યાં આ મહામૂલા નેત્રદાન થકી મળેલ નેત્રોને આ હોસ્પિટલ સાચવી શકતી નથી અને એની કોઈ પણ જવાબદારી નકકી થઈ શકતી નથી અને અગાઉ પણ આવા ગંભીર કિસ્સાઓ બન્યા છે ત્યારે આ હોસ્પિલમાં જેની જેની જવાબદારી હોય એની સામે ગંભીર પગલાં લેવામાં આવતાં ન હોવાના કારણે આવા બનાવો વારંવાર આ હોસ્પિટલમાં બને છે.મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ ૨૦ જેટલા નેત્રોનું દાન આ હોસ્પિટલને ભેટ આપવામાં આવેલ હતું તે આંખોને સાચવવાની જવાબદારી જેની હોય એ જવાબદાર વડાને આપણે કડકમાં કડક પગલાં લઈને સસ્પેન્ડ કરવા માગો છો કે કેમ ? બીજું કે આ જવાબદારી એક અંધજન તાલીમ સંસ્થાના કર્મચારી કે જે આઉટસોર્સિંગનું કામ કરે છે એની ઉપર ફીટ કરી છે, હકીકતે આ જવાબદારી તો હોસ્પિટલના વડાની હોય. આ જવાબદારી તો આખા વિભાગના વડા તરીકે કામ કરતા હોય એની હોય, તો તેમની સામે આજદિવસ સુધી કોઈ પગલાં લેવાયાં નથી અને આગળના કેસમાં પણ એઈડગ્રસ્ત બહેનની વાત કરી છે. તો મંત્રીશ્રી આના માટે આ બન્ને કેસમાં ગંભીરતાથી લઈને જવાબદાર ડોકટરો, અધિક્ષક કે એના વહીવટકર્તાને સરકાર સસ્પેન્ડ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર કિસ્સાની માહિતી માનનીય સભ્યશ્રી મારી પાસે આવ્યા હતા અને મેં એમને વંચાવી હતી. માનનીય સભ્યશ્રી જાણે છે કે અને I want to put the record strate જે આંખો લેવામાં આવી હતી અને મોકલવામાં આવી હતી એમાં અક દાતાએ આંખો ૮ મી જૂન, એકની ૧૦ મી જૂન, એક્ની ૧૪ મી જૂન, એકની ૧૮ મી જૂન, એક્ની ૧૯ મી જૂન, એક્ની ૨૨ મી જૂન, અને બીજી પણ ૨૨ મી જૂન,એક્ની ૨૫ મી જૂન,એકની ૨૬ મી જૂન અને છેલ્લે ૨૬ મી જૂને આંખો લીધી હતી. મેં તે વખતે પણ માનનીય સભ્યશ્રીને વિગતેથી સમજાવ્યું હતું કે નેત્ર પ્રત્યારોપણ માટે આંખો વપરાય તે સામાન્ય સંજોગોમાં ૬ કલાકમાં ઉપયોગમાં લેવાવી જોઈએ, બરફમાં રખાઈ હોય તો ૧૨ કલાકમાં અને પ્રિઝરવેટિવ મિડીયામાં રખાઈ હોય તો ૭૨ કલાકમાં ઉપયોગમાં લેવાવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ પાર્સલ જયારે જામનગર ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલના કાઉન્ટર ઉપર આવ્યું ત્યારે આમાંની એક પણ સમય મર્યાદા આ પાર્સલ માટે લાગુ પડે એમ નહોતી, એટલે પહેલી વાત એ કે આ ચક્ષુ કોઈ બેદરકારીથી કોઈએ તેને બગાડી નાખ્યા છે અથવા નેત્ર હીનોને દ્રષ્ટિ મળી શકી હોત અને નથી મળી તેને હકીકતોનું સમર્થન પ્રાપ્ત નથી. લેટસ્ટ પુટ ધ રેકોર્ડ સ્ટ્રેટ સર., Now, let me come to the events. ૩૦ જુન ૨૦૦૯ના રોજ જી. જી. હોસ્પિટલ, જામનગરના રજીસ્ટ્રી વિભાગને આ પાર્સલ પટેલ ટ્રાવેલ્સ થકી મળ્યું આ કેસ બારીનું કામ અંધજન તાલીમ કેન્દ્ર જામનગરને આઉટ સોર્સીંગથી આપ્યું છે સાહેબ, ૭-૪૫ કલાકે આંખ વિભાગમાં ફરજ બજાવતા ડોકટર અને નર્સને પટેલ ટ્રાવેલ્સમાંથી કોઈ સૂચના મળેલ છે કે કેમ આ અંગે પૃછા કરતા કોઈ સૂચના મળી નથી એવી જાણ કરી, રાતના ૧૨ વાગે ઓપ્થોલ્મોલોજીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા પી. જી. સ્ટુડન્ટ અને પ્રથમ વર્ષ રેસીડન્ટ રજિસ્ટ્રીમાં પાર્સલ લેવા ગયા પણ ફરજ પરના કર્મચારીએ કહ્યું કે હું તમને ઓળખતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી એ વખતે ફરજ પરના સીનીયર ડોકટરે રાત્રે ૧-૪૫ કલાકે આ પાર્સલ કલેકટ કર્યુ, and the beauty of the things comes here. ૧-૪૫ કલાકે હોસ્પિટલના અંદરના કાઉન્ટર પર જયારે પાર્સલ કલેકટ કરવા જાય તે સમયે ત્યાં પ્રેસ અને ફોટોગ્રાફરો મોજુદ છે, અને અમારા કલોઝ સર્કીટ વિડિયો કેમેરામાં આ કાઉન્ટર બેઠેલ વ્યકિતની સાથે અનઅધિકૃત રીતે બીજી કોઈ વ્યકિત બેઠેલી દેખાય છે અને એણે ફોન કરીને મીડીયાને બોલાવ્યા છે, અગાઉના કિસ્સામાં પણ I do not want to go into details. પણ સર આ આખી હોસ્પિટલની કામગીરીને કોઈને કોઈ રીતે બદનામ કરવા માટેની એક વ્યવસ્થિત કારવાહી ચાલી રહી છે અને આ જે વિગતો છે તેના બાદ મારે એવું કહેવું છે માનનીય સભ્યશ્રીને કે આપ તો એ વિસ્તારના પ્રતિનિધિ છો ત્યારે, ૨૦૦૪-૨૦૦૫ થી કુલ ૧૩૧૪ આંખો ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટને મળી અને આજની તારીખમાં એમાંથી ૯૨ આંખો દ્રષ્ટિહીનોને અપાઈ છે અને તે બધી ૯૨ સફળ થઈ છે અને એક પણ કેસ કેરેટો પ્લાસ્ટી માટે પેન્ડિંગમાં નથી. ત્યાર પછીની વાત આપણે કરીએ કે નકામાં ગયા છે ચક્ષુઓ? તો જવાબ ના છે. કારણ કે એ ચક્ષુઓ અભ્યાસ માટે અને રીસર્ચ માટે જેમ દેહ દાન થાય છે અને બોડી વપરાય છે તે રીતે વપરાવાના છે. માનનીય સભ્યશ્રી મેં આપને વિગતે આ અંગેની સમજ આપી હતી. (અંતરાય) આ વિષય સાથે સુસંગત છે માનનીય અધ્યક્ષશ્રી, આ બધી બાબતોથી જ્ઞાત હોવા છતાં હોસ્પિટલના કોઈક અધિકારી અથવા ડોકટર સામે, અને માનનીય અધ્યક્ષશ્રી એ વખતે ફરજ પરના ડોકટર રાત્રે ૧-૪૫ વાગ્યે કેમ ગયા, માનનીય સભ્યશ્રીને કદાચ ખ્યાલ હશે કે ડોકટર કલ્યાણી ઠાકર, એક વિપુલ શંભુભાઈ, ગામ સમાણા, તાલુકો જામ ખંભાળીયાને અકસ્માત થયો હતો એની ડાબી આંખ ઉપર ઈજા થઈ હતી અને ઈમરજન્સી ઓપરેશન અને એટેન્ડન્ટ વોઝ નેસેસરી, The first priority was to save that patient. No, let me put record straight, sir. જે પાર્સલ આવ્યું તે પાર્સલ રીસર્ચ અને અભ્યાસ માટે ઉપયોગી હતું, ચક્ષુદાન માટે ઉપયોગી નહોતું. So if its not going to be collected from the counter for four

hours, it is not going to matter in comparison with the emergency whcih was there to attend the patient in Trauma Centre. સાહેબ, આ બે પ્રાથમિકતાઓમાંથી અમારા ડોકટરે ટ્રોમા સેન્ટરમાં સારવાર કરવાને પ્રાથમિકતા આપી, એની બેદરકારીનો સવાલ ઉભો થતો નથી અને એટલે જે અંધજન મંડળ છે તેમણે આ બધી વાત જોયા પછી પોતાની જવાબદારી સ્વીકારી છે. We have not victimized anybody. એમણે અમને પત્ર લખીને ૪થી જુલાઈએ કહયું છે કે આપના તરફથી જણાવેલ વિગતો ધ્યાને લઈ અને જી.જી. હોસ્પિટલ કેસ વીન્ડો પ્રોજેકટ અંતર્ગત ફરજ બજાવતા શ્રી વિરમ નારણભાઈ જાટીયાને ઘટનાની ગંભીરતા જોતા ફરજ ઉપર નહીં આવવા સૂચના આપેલ છે. આ જેણે આપ્યું છે તેણે પોતે સ્વીકાર્યુ છે. ઈટ ઈઝ નોટ અવર ઓર્ડર, ઈન ધીસ સર્કમસ્ટેન્સીસ જે વિગતો ગૃહમાં ધ્યાને મારે મુકવાની હતી મેં મુકી છે. કોઈ પણ પ્રકારની ક્ષતિ સંબંધિત ડોકટરો દ્વારા થઈ નથી કોઈ પણ રીતે આ ચક્ષુ જે દાનમાં મળ્યા છે તે નહીં ઉપયોગમાં આવે તેવું નથી, કારણ કે અભ્યાસ અને રીસર્ચ માટે ઉપયોગમાં આવવાના છે અને આ બધી બાબતો જોતા જે જવાબ મેં આપ્યો છે કે આ ઘટનાના કારણે કોઈની બેદરકારીના કારણે કોઈ ગેર સમજ ઉભી થઈ છે એ વાત સાથે હકીકતો જોતા સુસંગત નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એ ટેમ્પરામેન્ટથી વિરુદ્ધ છે. ભૂલ થઈ હોય તો સ્વીકારવી જોઈએ. દ્રષ્ટિ મળે એ હેતુસર મૃત આત્માઓના કુટુંબીજનોએ તો દાન કરેલ હોય છે. સમયસર એ ચક્ષુ પહોંચે એ હોય છે પછી એની જવાબદારી તો જે તે સંસ્થાની હોય છે એ સંસ્થાએ એ જવાબદારી અદા કરવી જોઈએ એ કરી છે કે કેમ એના અંગેની તપાસ સરકારે કરવી જોઈએ. ડિલિવરી લેવામાં મોડું થયું હોય તો ક્રિમિનલ ઓફેન્સ ગણવી જોઈએ. આ સમગ્ર બાબતની તપાસ કરવા માગો છો કે કેમ અને આ ક્રિમિનલ ઓફેન્સ છે કે કેમ એની તપાસ કરાવવા માગો છો ? આ પ્રવૃત્તિને ઉત્તેજન આપવાને બદલે હાનિકારક બાબતની અંદર સંડોવાયેલા છે કે કેમ, આમાં કોની ભૂલ છે એ શોધવું જરૂરી છે, અમારી ભૂલ નથી એનાથી આરોગ્ય ખાતું મુકત થઈ શકતું નથી. એમણે જવાબ આપ્યો કે હોસ્પિટલમાં ૧૩૦૦ નેત્રમણી આવ્યા એમાંથી માત્ર ૯૨ને જ દ્રષ્ટિ મળી છે એ જ બતાવી આપે છે. ૧૩૦૦ માંથી ફક્ત ૯૨ ને જ દ્રષ્ટિ મળી છે. ચક્ષુદાન કરનારો પરિવાર એમ માને કે અમારા પરિવારના નિર્ણયથી મૃત્તાત્માની આંખોના કારણે બીજાને દ્રષ્ટિ મળશે. અહીંયા તો ફક્ત ૧૩૦૦ માંથી ૯૨ જણાને જ દ્રષ્ટિ મળી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રી લાગણીશીલ થઈ ગયા છે, સ્વાભાવિક છે કે એ કલાકાર જીવ છેક્યારેક ક્યારેક પક્ષીય રીતે લાગણીશીલ થઈ જવાનું મારા મિત્રને કદાચ અનુકૂળ આવતું હોય. માનનીય સભ્યશ્રી હું આપને વિગતો આપું છું. આપે કહ્યું કે ૯૨ કેમ થઈ? ગુજરાત અંધત્વ નિવારણ કાર્યક્રમમાં પ્રથમ નંબરે છે. બીજે શું થાય છે અત્યાર સુધીમાં એપ્રિલ, ૨૦૦૮થી માર્ચ, ૨૦૦૯ સુધીમાં ૬૪૬૮ ચક્ષુદાનમાં મળ્યા એમાંથી ૧૩૯૭ પ્રત્યારોપણમાં વપરાયા અને એ સિવાય ખાનગી હોસ્પિટલોમાં ૬૦૦ પ્રત્યારોપણમાં વપરાયા. નવસારી રોટરી ઇન્સ્ટિટ્યૂટ જે નમૂનારૂપ કામગીરી કરે છે એને ૧૩૪૧ ચક્ષુ દાનમાં મળ્યા એણે ૧૨૪ વાપર્યા. મારે સભ્યશ્રીને કહેવું છે કે આ ચક્ષુદાનમાં મળે છે એ માત્ર કેરેટોપ્લાસ્ટી માટે હોતા નથી અને બીજું let us rise from emotions. સમજવા માટે તો પ્રયત્ન કરીએ. ૭૨ કલાક પછી preservatives માં રાખ્યા હોય તો પણ કોઈને ચક્ષુદાન માટે વાપરી શકાતા નથી. તારીખ ૮મી જૂનથી જે ચક્ષુ ભેગા થયા છે એ આ ૮મીથી ૨૬મી જૂન સુધી ભેગા થયેલા હોય આખી મને લાગે છે કે માનનીય સભ્યશ્રીએ તપાસ કરી હોત કે જે સંસ્થાને પણ આખો ખ્યાલ હશે કે ચક્ષુઓ પ્રત્યારોપણમાં વાપરી શકાય એમ છે કે નહિ? અને એટલે એમાં ઈમોસ્નલ થવાનો સવાલ નથી. હકીકત એ છે કે જે આંખો મળી તે આંખોનો ઉપયોગ થવાનો છે. આજે કોઈ બોડીનું દેહદાન કરે એના દેહનો ઉપયોગ થવાનો જ છે. દેહ કોઈને સજીવન કરે તો જ દેહદાનનો ઉપયોગ થયો તેવું નથી. કિડની હોય તો Cadeaviyr transplantion થાય તો કોઈકને કિડની મળે. લીવરનું cadeavour transplantation કર્યુ હોય તો બીજાને લીવર મળે પરંતુ ચક્ષુદાન ૭૨ કલાક પછી માત્ર રીસર્ચ અને અભ્યાસ માટે જ વાપરી શકાય. રીસર્ચ અને અભ્યાસ માટે પણ આંખોની જરૂર હોય છે એ રીતે માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે સાહેબ વેઈટીંગ લિસ્ટ નથી એ ધારો કે આંખ મળી હોત અને સમય મર્યાદામાં હોત તો પણ ૭૨ કલાકમાં કોઈને ફિટ કરવા માટે કોઈ વેઈટીંગ લિસ્ટ નથી અને આ કિસ્સામાં તો they are nothing beyond, આ સિમ્પલ પાર્સલ એક નાનું પાર્સલ છે જે પાર્સલ counter પર પડ્યું છે એના કોઈ sensitivity નથી જે ઉપયોગ માટે વપરાવાનું છે એ ઉપયોગ માટે એ લઈ શકાવાનું છે ત્યારપછી મારે સભ્યશ્રીને પૂછવું છે કે પ્રાયોરિટી કોને આપવી? મારે પ્રાયોરિટી પેલા વિપુલ શંભુભાઈ કે જેની આંખો જવાની હતી, જે માણસ જીવે છે એને આપવી કે આ પાર્સલ કાઉન્ટર પરથી તરત કલેક્ટ કેમ ન થાય, એમાં ચાર કલાક વિલંબ કેમ થયો એને આપવી? અને આપને રહસ્યમય ઘટના નથી લાગતી? રાતના ૧-૪૫ મિનિટે ફોટોગ્રાફરો હાજર હોય, મિડિયા હાજર હોય, ગુજરાતને, ગુજરાતની હૉસ્પિટલોને આખા રાષ્ટ્રીય મિડિયામાં બદનામ કરવા માટેનું કાવતરું આ છેલ્લા બે બનાવો પરથી ચાલે છે અને એ બાબતમાં અમે સંપૂર્ણ ગંભીરતા વર્તીને કામગીરી આગળ કરવા માગીએ છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતને ગંભીરતાથી,.. માનનીય મંત્રીશ્રી,. માનનીય બાબુભાઈની વાત સાચી છે કે તેમના સ્વભાવથી વિપરિત કેમ? આજે ખબર નથી. જે ગંભીરતા લેવાવી જોઈએ, હું

માનનીય મંત્રીશ્રીને આપના મારફત બે વાત કરવા માગું છું. એક તો આપ કહો છો કે ત્યાં વેઈટીંગ નહોતું. જે ચક્ષુદાન થાય છે ત્યારે તેની પાછળનો જે ભાવ હોય છે તેને વધારે પરિપૂર્ણ થઈ શકે તે માટે આપણે આખા રાજયમાં કયાં ચક્ષુ મળે અને કયાં પહોંચાડીએ તો તેની ઉપયોગિતા વધુ થાય, જામનગરમાં જરૂર નથી તો જામનગર ન જાય અને જે ચક્ષુદાનમાં ચક્ષુ મળે એ ટ્રાવેલ એજન્સીની બસમાં જાય તેના બદલે આપણી જે નીયરેસ્ટ સરકારી હૉસ્પિટલ હોય તેના સ્પેશ્યલ વાહનમાં ૭૨ કલાકમાં ગુજરાતના કોઈ પણ છેડેથી કોઈ પણ છેડે ચક્ષુ પહોંચી શકે. એવું નૅટવર્ક ઉભું કરીએ. આમાં પોલીટીકલ કોઈને બચાવવા-છાવરવાના અર્થમાં ન પડીએ અને મિડિયાની એલર્જી પણ ન રાખીએ. આપણી ભૂલ ઉજાગર થઈ ગઈ. એટલે આપણે બદનામ થઈ ગયા અથવા ભૂલ નહોતી અને મોટી કરી દીધી. મિડિયા આવી ગયું એટલે આસમાન તૂટી ગયું. ખોટું કોઈએ કર્યું હોય, આપ એને જોઈ લો. અનધિકૃત માણસ ત્યાં બેઠો હોય તો તેના પર પોલીસ કેસ કરો. હું માનનીય રાઘવજીભાઈને અને માનનીય અર્જુનભાઈને અભિનંદન આપું છું કે સૌરાષ્ટ્રની આ વાત તેમણે ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે અને પૉઝિટીવ સેન્સમાં, ૧૧૬ની નોટિસમાં બહુ બચાવની ભૂમિકાના બદલે ભવિષ્યમાં એક એવું ટાઈમટેબલ આપ નક્કી કરો કે જ્યાંથી ચક્ષુદાન મળ્યું, આખા રાજયમાં કયાં એવો પેશન્ટ છે કે એ ચક્ષુ પહોંચવાથી તેને દ્રષ્ટિ મળી શકે તેમ છે. તો ટ્રાન્સપૉર્ટની બસમાં જાય અને એ પાર્સલ પડ્યું રહે એમ નહીં, આપણો પૅરા મૅડિકલનો કોઈ કર્મચારી જાય અને ચક્ષુ ત્યાં પહોંચાડે, આ અમૂલ્ય વસ્તુ છે એનો લાભ ગુજરાતને વધારે મળે એવું ટૂંકમાં જો શકય બને તો આપ આના માટેનો ટૂંકો જવાબ આપો એવી અપેક્ષા છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : My dear friend and the Leader of Opposition is Learned Counsel. First of all let him accept that those eyes were not at all fit for use for transplantation, useful for Caratography and therefore they were fit only for, yes, because they convey, I am coming to it, Shaktisinhi, please permit me, I am coming to it. સાહેબ, આ જે સંસ્થા છે તેણે આ પહેલી વખત પાર્સલ નહોતું મોકલ્યું. આ સંસ્થાએ અત્યાર સુધીમાં કચ્છ જિલ્લાની કચ્છી વીશા ઓશવાળ સેવા સંસ્થા એ છેલ્લા ચાર વર્ષથી ચક્ષુદાન મેળવવાની કામગીરી કરે છે અને આજ દિન સુધી તેઓએ અંદાજીત ૪૦૦ આંખો મેળવેલ છે. જેમાંની ૯૦ ટકા આંખો જી.જી. હૉસ્પિટલ જામનગરને પટેલ ટ્રાવેલ્સ મારફતે મોકલી છે. So it was was well-established convention that they were sending it through Patel Travels. It is not because of Government that this thing came thorugh Patel Travels. Perhaps Patel Travels also, આપણે બીજા પક્ષે પણ એવું સ્વીકારવું જોઈએ કે પટેલ ટ્રાવેલ્સ સેવાભાવથી આ આંખો લઈ આવતા હશે અને કચ્છી વીશા ઓશવાળ સેવા સંસ્થા સાથે તેમની વ્યવસ્થા હશે. તો સાહેબ, આ છેલ્લા ચાર વર્ષથી ચાલી આવતી આ વ્યવસ્થા છે. આ ગઈકાલની વ્યવસ્થા નથી and therefore, there is no case of defending anybody. The facts are that these eyes were not useful for corneography, they will be useful for teaching the students and therefore, there is no fault on the part of the hospital and therefore, there is no question of taking action against anybody.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : આમાં ચાલતી દલીલોને અવકાશ નથી. કારણ કે સફળતાનો રેશિયો, એનો પ્રિઝર્વેશનનો સમય, જે કહ્યું છે તે એકદમ જ સાયંટીફીક મેડીકલી જે થઈ શકે એટલું જ. એટલે સાયન્ટીફીકલી બિલકૂલ સત્ય વાત છે એટલું જ મારે કહેવાનું છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ..(અંતરાય) એટલા માટે રાઘવજીભાઈ, આપણે ઘણી ચર્ચા કરી છે. ૧૧૬ની અંદર એક જ મુવર્સ હોય. મેં ત્રણ સભ્યશ્રીઓને એલાઉ કર્યા છે અને અડધો કલાક કરતાં વધારે સમય થયો છે અને હજુ મારી પાસે અંદાજપત્રની ચર્ચા લેવાની છે. નેકસ્ટ. અગત્યના પ્રશ્નની પૂરેપૂરી ચર્ચા ગઈ છે. પૂરતી છણાવટ થઈ છે. હવે નેકસ્ટ કહ્યું છે.

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે, અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ૪ દિવસ ફાળવવામાં આવે છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલ કોઈ સિદ્ધાંત ઉપર કે સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા થઈ શકે. જુદા જુદા વિષયો અગર સેવાઓની અગત્યતા અનુસાર, ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કર માળખાની નીતિ અને નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાની વહિવટી, ઝીણી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની ચર્ચા વખતે નહીં પણ અનુદાનની માગણીઓ વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબતે ધ્યાન રાખશે. તો પુનરોકિત થશે નહીં અને ચર્ચા ઉપયોગી થશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા છે. મારા સૌરાષ્ટ્રના છે, બહુ સારી રીતે એમનાથી પરિચિત છું. સૌરાષ્ટ્રના માણસ સૌનું વિચારે સ્વાર્થનું ન વિચારે. મને લાગે છે કે, આ એમનો અધિકાર છે, * (માનનીય મુખ્યમંત્રીશ્રીનો, બજૅટ તૈયાર કરીને મંત્રીશ્રી પાસે વંચાવવાનો.) મુખ્યમંત્રીશ્રીનો અધિકાર છે..(અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષ શ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મુખ્યમંત્રીશ્રીનો અધિકાર હોય તો એમાં સજેશન કરે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બજૅટ પ્રવચન કેમ કરવું એ કહી શકે. I have scope. I will speak. There is no point of it. આ મિનિટો એમના પાછળ ગણાશે.

**અધ્યક્ષશ્રી** : એ મારે નક્કી કરવાનું છે, શ્રી શકિતસિંહજી એ મારે નક્કી કરવાનું છે. આપ એમના પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર કાંઈ કહેવું હોય તો કહો.

**શ્રી વજુભાઈ વાળા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આવી રીતે ન બોલી શકે. મુખ્યમંત્રીશ્રી તૈયાર કરે અને નાણામંત્રીશ્રીએ વાંચવાનું હોય. આ એક જાતનો આક્ષેપ છે. આ રીતે આક્ષેપ ન કરી શકે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મેં કહ્યું કે મને ભાવ થાય છે. હું એ કહેવા માગતો હતો કે..(અંતરાય)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : (અંતરાય) તેઓ આ રીતે આક્ષેપ ન કરી શકે. તેઓ પ્રવચન કરે છે..

**અધ્યક્ષશ્રી** : એમને પૂરું કરવા દો. તમને તક આપીશ. શ્રી નીતિનભાઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર ચર્ચા ચાલે છે. આપને પછી તક આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ મંગાવી જોઈ લેજો. સૌરાષ્ટ્રના માણસ સૌનું વિચારે, સ્વાર્થનું ન વિચારે. માનનીય વજુભાઈએ બજૅટ તૈયાર કર્યું હોત તો આશા અને આકાંક્ષાઓ નથી વહેંચી એટલા માટે કહ્યું હતું. આપને એની સામે એમ લાગતું હોય કે આ મારે ન કહેવું જોઈએ તો ન કહું. ભૂતકાળના અનેક દાખલાઓ છતાં આપ અધ્યક્ષ છો. એમાં વિવાદ ન હોઈ શકે. એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : કોઈપણ મંત્રીશ્રી આ સભાગૃહની અંદર વાત કરતા હોય અને બજૅટ પ્રવચન નાણા મંત્રીશ્રી લાવતા હોય તો એ નાણામંત્રીશ્રીનું પ્રવચન ગણાય છે. એટલે એને એમ કહેવું કે, મુખ્યમંત્રીશ્રીએ તૈયાર કરીને આપ્યું, મુખ્યમંત્રીશ્રી સાથે પરામર્શ થાય, ચર્ચા થાય અને પછી બજૅટ મંત્રીમંડળની અંદર પણ આવે. એટલે એ મુખ્યમંત્રીશ્રીએ તૈયાર કરેલું બજૅટ પ્રવચન છે તે બજૅટ અહીંયાં વાંચે છે એ કહેવું યોગ્ય ભાવવાળું નથી અને એ સારું પણ નથી અને આપ જ્યારે સંસદીય બાબતોના અતિ આગ્રહી છો અને પાળો છો એટલે આપ આ રીતે બોલો એ સારું લાગતું નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ હું સુધારી લઈશ.

**અધ્યક્ષશ્રી** : મેં કહ્યું એટલું પૂરતું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, લોકસભાના પરિણામો પછી આ બજેટ આવ્યું છે. જો કદાચ લોકસભાના પરિણામો સત્તાધારી પક્ષની તરફેણમાં આવ્યા હોતને તો તો અમને એક શબ્દ બોલવા ન દેત. જો દેશની જનતાએ જવાબ દઈ દીધો. જો તમને દેશની જનતાએ જવાબ દઈ દીધો. માનનીય અધ્યક્ષશ્રી

---

* ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પાસે પાછા ખેંચાવી લેવામાં આવ્યા છે.

લોકશાહીમાં બાય ધ પીપલ, ફોર ધ પીપલ, ઓફ ધ પીપલ. જનતા જનાર્દન છે અને જનતાનો ચૂકાદો સૌના માટે હોય. માનનીય અધ્યક્ષશ્રી, ઘણાને ટેવ હોય છે. • (xxxx)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહજી, આ બહુ સારા ટેસ્ટનું નથી, હું એને અસંસદીય કહું છું અને એને કાઢી નાખું છું(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વાત પૂરી થઈ ગઈ મેં કહી દીધું પછી(અંતરાય).

**અધ્યક્ષશ્રી** : એ શબ્દ મેં કાઢી નાખ્યા અને એને અસંસદીય જાહેર કર્યા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અંતરાય..

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો મેં કાઢી નાખ્યા અને એને અસંસદીય જાહેર કર્યા. એથી વધારે શું અપેક્ષા રાખવાની.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોતાની જાતને આજે પણ વારંવાર કહે છે કે ગુજરાતના પરિણામો જોઈ લો, મારે આપને કહેવું છે કે સાત ચૂટણીના ગુજરાતના પરિણામ આપ જોઈ લેજો. સાત પરિણામ જોઈ લેજો. કયારેય પછડાટ નથી મળી, આ છેલ્લી ચૂંટણીમાં આપને જનતાએ પછડાટ આપી છે. હું એ કહેતો હતો કે પોતાની જાતને તેંડુલકર કહેવી એ તેંડુલકરનું અપમાન છ. કારણ કે માનનીય કેશુભાઈ કહી શકે, ૨૬માંથી ૨૦ જીતીને લાવ્યા હતા. ટકાવારી બહુ ભા.જ.પે. લીધી હતી એ કહી શકે પણ કોઈ કહેવાતા અત્યારે જે છે એ માનનીય ના કહી શકે. એ પરિસ્થિતિ અને એ આકડાઓ બતાવે છે. જનતા છે ને લોકશાહીમાં એના ચૂકાદાઓ માથે ચડાવવા જોઈએ.

**જૂઠી બુલંદીઓ પે તું કરતા હૈ ગુરુર, અહંકાર સે ભરે હુએ સર કો કુચલતે હુએ હમને દેખા હૈ,**
**અરે ચડતે હુએ સુરજ કો ભી ડૂબતે હુએ હમને દેખાહૈ.**

માનનીય અધ્યક્ષશ્રી, ચોખ્ખા હિસાબો બજેટના જોઈ લો, (અંતરાય) હા, જાતઅનુભવ પણ છે અને માનનીય મંત્રીશ્રી ત્યારે સ્વીકારતા પણ શીખ્યા છીએ કે હા અમે હાર્યા છીએ ભાઈ, જનતા મહાન છે. લોકોની અને મીડીયાની સામે જઈને કહ્યું છે, એ છીએ અમે. હાર્યા પછી પણ તેંડુલકર થવા અમે નથી નીકળતા.

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહજી,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી કહે એટલે તો સંસદીય જ કહેવાય મારે જવાબ દેવો જ પડે.

**અધ્યક્ષશ્રી** : પણ તમે જેને જે કંઈ જવાબ દેવા માગતા હોય એ મારા દ્વારા એમને કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ હું આપને સંબોધીને કહું છું પણ એ ડાયરેકટ ક્હે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮ના ચોખ્ખા હિસાબ જોવો, ૮૨ ટકા જેટલો મહેસૂલી ખર્ચ થયો. આયોજન બહારનો મહેસૂલી ખર્ચ, ૨૫૦૮૧ કરોડ થયો છે. આપે એક સૂફીયાણી વાત કરી હતી, ફાઈનાન્સીયલ ડીસીપ્લીન, બારમા નાણાપંચે આપને આકડો આપ્યો હતો કે આપે આ ખર્ચ ૨૧૦૫૮ કરોડથી વધારવા નહીં દેવાનો છતાં આપનો ખર્ચ વધી ગયો અને વધે જ. ચાણકયએ કહ્યું છે કે રાજય સત્તા બગડે છે તો એ નીચેથી નથી બગડતી ઉપરથી બગડે છે. અને રાજય સત્તા સુધરે છે તો પણ એ નીચેથી નથી સુધરી શકતી. નંબર-વનથી જ સુધરી શકતી હોય છે અને નંબર-વનથી જ બગડી શકતી હોય છે. એમ ચાણક્ય કહે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સમજી શકુ કે ખૂબ અનુકૂળ સમય મુખ્યમંત્રીશ્રીનો જરૂર હોય છે. કરે હવાઈ મુસાફરી, પણ દિલ્હીની ૧૫ ફલાઈટો રોજની મળતી હોય, ૫ હજાર રૂપિયામાં અહીંથી દિલ્હી જઈ શકાતું હોય છતાં આપણે ૫ લાખ પ્લેનના સ્પેશિયલ પ્લેનમાં જવાના ખોટા ખર્ચાઓ કરીએ તો ઉપરથી બગાડ ચાલુ થાય તો નીચે તો પેલો બગાડ કરવાનો જ ને, અને પરિણામે કઈ પરિસ્થિતિ થઈ? અહીંયા અમને અવાર નવાર કહેવામાં આવે છે કે તમારી સરકાર ઓવર ડ્રાફ્ટ લેતી હતી. ઓવર ડ્રાફટ એટલે શું? ટેમ્પરરી વ્યવસ્થા તમે ૧૫-૨૫ દિવસ માટે કરો અને ૧૫-૨૫ દિવસનો લો એવો ડ્રાફ્ટ. આપણે શું કરીએ છીએ? આપણે ગયા વર્ષે ૮૫ હજાર કરોડનું દેવું ગુજરાતની જનતા ઉપર કર્યું અને કેટલા સમયમાં કર્યું? આપનું ૧૯૯૮માં માત્ર ૮૦૦ કરોડ દેવું હતું એની સાથે ગુજરાતનું આવતા વર્ષે એક લાખ કરોડનું દેવું થશે. મને એક દાખલો બતાવો કે કોઈપણ રાજ્યે માત્ર આઠ કે નવ વર્ષના ગાળામાં એક લાખ કરોડ દેવું કર્યું હોય એવું એક રાજ્ય બતાવો. બીજો એક દાખલો આપું છું. એની વ્યવસ્થા આપ ક્યારેક જોજો અને પછી વાત કરજો. આપ હજારો કરોડ રૂપિયા વ્યાજમાં ચૂકવો છો અને આપ કહો છો કે આબરૂ હોય એને લોન મળે. આપ લોન લો છો એના વિશે ભારતના કૉમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ કે જે તટસ્થ સંસ્થા છે એણે ૩૧મી માર્ચ ૨૦૦૮ના રોજ અહેવાલ રજૂ કર્યો. એણે વિહંગાવલોન કરીને શું કહ્યું એની માત્ર એક જ લાઈન વાંચવી છે. આપ જે દેવાને જસ્ટિફાઈ કરવા માગો છો એને કેગ શું કહે છે એ સાંભળો. લોન તથા પેશગીઓ ઉપરની વ્યાજકીય કિંમતની અપર્યાપ્ત વસુલાત સાથે વધતી જતી રાજકોષીય જવાબદારીઓ મધ્યમથી લાંબાગાળામાં ખમી

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ન શકાય તેવા દેવાની સ્થિતિનું નિર્માણ કરી શકે છે. આ એક સ્વતંત્ર બંધારણીય સંસ્થા છે. એ આપને કહે છે. આપ તો કહો છો કે વિકાસ માટે લોન લેવી પડે. તો આટલી કડક ટીકા બંધારણીય સંસ્થાએ આપના માટે ન કરવી પડી હોત.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક સિનિયર અધિકારીઓ, કેટલાક પદાધિકારીઓ એવું માને છે કે જાનના જોખમે મારું રક્ષણ કરનારા બેઠા છે. ગમે તેટલું ખોટું કરું તો પણ મને વાંધો નહીં આવે. મારે એક નાનો દાખલો આપવો છે. એક વખત બિરબલ અને બાદશાહ ઘોડા લઈને નીકળ્યા. બે વાંદરાઓ, એક મોટો અને એક નાનો રોડ ઉપર હતા. મોટાએ ફટાક દઈએ નાનાને ખેંચીને સાઈડમાં લઈ લીધો. બાદશાહે બિરબલને કહ્યું કે આ મોટો છે એણે જાનના જોખમે નાનાને બચાવ્યો. બિરબલે કહ્યું, ના, જહાંપનાહ એવું નથી. રાજાએ કહ્યું, પરીક્ષા કરીને સાબિત કરી બતાવો. બિરબલે બન્ને વાંદરાઓને પકડીને હોજમાં મૂક્યા. હોજમાં પાણી છોડ્યું. જેવું પાણી આવ્યું એટલે પેલા મોટા વાંદરાએ નાનાને કમર ઉપર મૂક્યો. પાણી કમર સુધી આવ્યું એટલે મોટાએ નાનાને માથા ઉપર મૂકી દીધો. પણ જેવું પાણી નાક સુધી આવ્યું, નાનાને લઈને પગ નીચે મૂકીને એ એના ઉપર સલામત ઊભો રહી ગયો અને કહ્યું કે હવે હું સલામત. કેટલાકને નહીં ખ્યાલ હોય તો જઈને ગુજરાતની જેલમાં જઈને જોઈ આવે. કહે છે કે રક્ષણ કરે છે પણ ના નહીં કરે. એ એની સલામતી સુધી જ રક્ષણ કરશે. પછી તમને ડુબાડીને પોતે સલામત રહેશે. પછી એ ભલભલા હોય. જ્યારે અંદર ગયા છે ત્યારે એમના આત્માને શું થયું છે એ એમને પૂછો. કોઈ બચાવતું નથી. મારે આ માનનીય સભાગૃહના બન્ને પક્ષના માનનીય સભ્યશ્રીઓનું આપના મારફતે એક ખૂબ જ ગંભીર ભ્રષ્ટાચાર તરફ ધ્યાન દોરવા માગું છું. એ તરફ હું કોઈ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નહીં કરું પણ આ મુદ્દો કઈ પરિસ્થિતિમાં ગુજરાતને લઈ જઈ રહ્યો છે? નામદાર હાઈકોર્ટનું એક જજમેંન્ટ છે. મારી પાસે પહેલેથી હતું પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટમાં રાજ્ય સરકારની લીવ પિટિશન પડી હતી અને એટલા માટે સબજ્યુડીસ મેટર હતી એટલે અહીંયા ઉલ્લેખ્ કરવા ના માગું અને મને આનંદ છે ગુજરાતના હિતને ધ્યાનમાં લઈને જે નામદાર હાઈકોર્ટે ઓર્ડર કર્યો હતો એના સામેની સુપ્રીમકોર્ટમાં ફાઈલ થયેલી અપીલ એકપણ શબ્દ વધારે લખ્યા વગર સીધેસીધી એક લાઈનમાં નામદાર સુપ્રીમકોર્ટે ડીસમીસ કરી નાંખી છે અને એટલે હું આ વાત કરવા અહીંયા આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઈકોર્ટે નાંધ્યું છે, ડિવિઝન બેંચે હાઈકોર્ટની છે એણે નોંધ્યું છે, જેના સામેની અપીલ સુપ્રીમકોર્ટે કાઢી નાંખી છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડએ પાવર પરચેઈઝ કર્યો છે. આ નામદાર હાઈકોર્ટના ઓર્ડરના પેરા ૧૯ની વાત છે. નામદાર હાઈકોર્ટે જજમેન્ટમાં લખ્યું છે કે સરકારનું આ પગલું ફેવરરીજમ માટેનું છે, એટલું નહિ માલાફાઈડ છે અને એટલા માટે નામદાર હાઈકોર્ટે નોંધ્યું છે કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડે અદાણી એન્ટર પ્રાઈઝ લિમિટેડ પાસેથી પાંચ રૂપિયા અને એકત્રીસ પૈસાથી, પાંચ રૂપિયા પીસ્તાલીસ પૈસા પર યુનિટ વીજળી ખરીદ કરી છે. આખા ગુજરાતમાં વીજળી ખરીદ થઈ એની ૯૦ ટકા  વીજળી માત્ર અને માત્ર અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ પાસેથી ખરીદ કરી છે. આ જ વીજળી અન્ય કંપની બે રૂપિયા વીસ પૈસામાં આપવા માગતી હતી.  કેટલી વીજળી ખરીદી અદાણી પાસેથી? ૩૨૨ કરોડ રૂપિયાની વીજળી ખરીદી.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઈકોર્ટે ફરધર નોધ્યું છે કે ૨.૮૯ પૈસામાં ખરીદો અને તમે ૫.૩૫ કે ૫.૪૫ માં ખરીદો તો તો લગભગ ડબલ કરતા વધારે લોસ જાય, કરોડોનો લોસ જાય પણ એનાથી એક ડગલું આગળ પણ નોંધ્યું એમણે, ધારોકે તમે જેની સાથે વાત કરો છો એમાં ૨.૮૯ પૈસા પેલી સ્પેશ્યલ ખરીદી, આ રેગ્યુલરની ખરીદી ૨.૮૯ પૈસામાં કરો છો એ ખરીદી તમને કે.એસ.કે.એનર્જી લિમિટેડની ઓફર હતી કે અમે બે રૂપિયા અને વીસ પૈસામાં આપીશું. બે રૂપિયા અને વીસ પૈસામાં તમે જો ખરીદી હોત તો એની સાથે જો કોન્ટ્રેકટ સાઈન કર્યો હોત તો દર વર્ષે ૨૮૬ કરોડ રૂપિયાનો ગુજરાતને ફાયદો થાત અને આ ૨૫ વર્ષ માટેનો કોન્ટ્રેકટ હતો એટલે ગુજરાતને ૭૧૫૦ કરોડ રૂપિયાનું નુકસાન તમારા આ પગલાના કારણે થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કંઈ ખાતો નથી એનો અર્થ આના ઉપરથી એવું લાગે હું કંઈ કરોડોથી ઓછું કંઈ ખાતો નથી અને બીજાને સુખનો રોટલો ખાવા દેતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### વાંધાજનક ઉચ્ચારણો અંગે

**શ્રી વજુભાઈ વાળા:** આ કોને અનુસંધાનની રીતે બોલે છે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ કહોને કોને લાગું પડે છે.

**શ્રી વજુભાઈ વાળા** : આપ કહો છો એ કોને લાગુ પડે છે આવી રીતે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું આ ભ્રષ્ટાચારની વાત કહું છું. આપ કહો મેં તો કોઈનું નામ દીધું નથી. આપને બેસાડવું હોય તો બેસાડો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આવો શબ્દ કોણ બોલે છે. કોઈ નથી બોલતું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોણ બોલે છે, કહોને તમે.

**શ્રી વજુભાઈ વાળા** : અમે હાઉસમાં કયારે બોલ્યા છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :હું કહું છું..

**શ્રી વજુભાઈ વાળા** : હાઉસમાં કોણ બોલે છે હું ખાતો નથી ને ખાવા દેતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અરે હું કહું છું..

**શ્રી વજુભાઈ વાળા** : આ પ્રવચનમાં છેજ નહિ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :અરે હું કહું છું. ઈટ ઈઝ માય રાઈટ.

**શ્રી વજુભાઈ વાળા** : કોના વિષે કહો છો? મારા વિષે કહો છો?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તો હું કહુંને માનનીય વજુભાઈ..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે શબ્દ બોલાય એ કોઈના અનુસંધાનમાં હોવો જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મેં કહ્યું માનનીય વજુભાઈ..

**શ્રી વજુભાઈ વાળા** : આવું બોલાય જ નહિ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : શેની વાત કરે છે?

**શ્રી વજુભાઈ વાળા** : ખાતો નથી ને ખાવા દેતો નથી. મેં કયાં મારા પ્રવચનમાં આવું કહ્યું છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે શું કામ બંધ બેસતી વાત બેસાડો છો?

**શ્રી વજુભાઈ વાળા** : એમ નહિ, હું મારા પ્રવચનમાં..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે શું કામ બેસાડો છો?

**શ્રી વજુભાઈ વાળા** : આ ચર્ચા થાય છે એ પ્રવચન ઉપર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ..

**અધ્યક્ષશ્રી** : આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે?

**શ્રી વજુભાઈ વાળા**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે મારા આ જે પ્રવચનમાં કયાંય નથી હું પૈસો ખાતો નથી અને હું ખાવા દેતો નથી. આજની તારીખે જે ચર્ચા થાય છે એ અંદાજપત્ર ઉપર થાય છે તો અંદાજપત્રની અંદર આવું કાંઈ લખ્યું હોય કે હું કાંઈ બોલ્યો હોય નાણામંત્રી, અંદાજપત્ર રજૂ કરનાર તો એ ચોકકસ કહી શકે છે આવું જેની અંદર ઉલ્લેખ્ નથી અને એમને એમ ખુટતી વાતો કરવી. એમ ને એમ ઊઠતી વાતો કરવી એમણે કાં તો માનનીય અધ્યક્ષશ્રી સ્પષ્ટ રીતે કહેવું જોઈએ કે આ તારીખે, આ વ્યકિત હાઉસમાં આવી રીતે બોલ્યા હતા. હાઉસ બહારની અંદર જે વસ્તુ બોલેલી હોય એ આ હાઉસમાં કોઈ દિવસ થઈ નહીં શકે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**:: માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના બજૅટ પ્રવચનો, આપ કહેતા હશો માનનીય અધ્યક્ષશ્રી આપની ચેમ્બરમાં હું લઈને આવીશ. માનનીય વજુભાઈના બજૅટ પ્રવચનોમાં હું લઈને આવીશ જેમાં નાણાં મંત્રીશ્રીનો, આ કાંઈ હું કાંઈ બીલ ઉપર નથી બોલતો, હું તો સરકારની નીતિઓ, સરકારનો ભ્રષ્ટાચાર, સરકારના બધું જ બોલી શકું અને માનનીય વજુભાઈના અને આ ગૃહના એક પક્ષના માનનીય સભ્ય અહીંયા હતા ત્યારે બોલાયેલા દાખલાઓ, એમણે આપેલા દાખલાઓ જે વલ્ગર પણ કહી શકાય એ પ્રકારના દાખલાઓ સાથે, એમણે કરેલી વાતોમાં પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, ક્યારેક હું સમજી શકું છું કે કયાં ખૂંચે છે પરંતું માનનીય અધ્યક્ષશ્રી, એ સહન કરવાની તૈયારી રાખવી પડે આ ટીકા છે અને ટીકા કરવાનો મારો અધિકાર છે.

**શ્રી વજુભાઈ વાળા** : .મુદ્દો ઉઠાવ્યો છે એને બદલે એ વાત કરે કે ભૂતકાળમાં વજુભાઈ દાખલા દેતા હતા અને બોલતા હતા, તો તે દિવસે આ ધારાસભા હતી અને આ જ નિયમો હતા તો એ દિવસે મને અટકાવવો હતો ને હું જો કાયદા વિરુદ્ધનું બોલતો હોત તો

**અધ્યક્ષશ્રી** : આપણે ત્યાં જ્યારે આક્ષેપો કરવાના હોય અને મંત્રીશ્રી સામે કોઈ આક્ષેપો કરવાના હોય ત્યારે એવા આક્ષેપોની લેખિત જાણ કરીને કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીનો જે પૉઈન્ટ ઑફ ઑર્ડર છે એ એમનું કહેવું એ છે કે, એમણે પોતે આવા ઉદ્દગારો એમના પ્રવચનોની અંદર કર્યા નથી, બીજો એમના પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી જે શબ્દો વાપરે છે એ શબ્દો આ ગૃહની અંદર પણ વપરાયેલા નથી એટલે સભાગૃહની બહાર જે વક્તવ્યો જેમણે વાપર્યા હોય એમને ઉદ્દગારો તરીકે લઈને આ સભાગૃહની અંદર આપ જ્યારે પ્રવચનમાં વાપરો અને ત્યાં તમે સ્પષ્ટતા કરી ના શકો કારણ કે, આપે પેલા નિયમોનું પાલન કરવાનું હોય છે કે આક્ષેપ કરનારની સામે અગાઉથી જાણ કરવાની એ પણ ન થાય, ત્યારે આપ એવા શબ્દો આપ, આપના પ્રવચનની અંદર વાપરો, હું આપને માર્ગદર્શન ન આપી શકું કારણ કે, પરંતુ આપનું પ્રવચન એવું હોવું જોઈએ કે જેની અંદર આ સભાગૃહમાં કહેવાયેલી વાત, સરકાર દ્વારા કહેવાયેલી વાત અને સરકારના નાણા મંત્રીશ્રીનું પ્રવચન છે એટલે એમના દ્વારા જો કરાયેલી વાત હોય તો એ કહેવી એ યોગ્ય ગણાશે.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશ:)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**:: હું એ વાત પણ કરવા માગું છું કે, આ રાજય સરકારે વીજળીનું ઉત્પાદન કરવાનું હતું છેલ્લા ત્રણ વર્ષમાં એના આંકડાઓ અપાયા છે, દસ ટકા પણ ઉત્પાદન કર્યુ નથી. કારણ કે, જો એ ઉત્પાદન કરે તો પેલી જે ખરીદી છે ને જે નામદાર હાઈ કોર્ટે ટીકા કરી એ ખરીદી અટકી જાય. માનનીય અધ્યક્ષશ્રી, એક ડગલું આગળ વધું છું, ભલું થજો રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટનું કે એના કારણે મારા હાથમાં આજે

એક પત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી જી.એમ.ડી.સી.ના ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેક્ટર મિ. સી. જે. જોષ એનો લખેલો જે પત્ર છે એ પત્રમાં આ અધિકારીએ જ્યારે એને ખબર પડી કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ખાનગીઓ પાસેથી પાવર ખરીદવાનું છે, ત્યારે આ જી.એમ.ડી.સી.ના અધિકારી લખીને મોકલે છે. એ લખીને આપે છે માનનીય અધ્યક્ષશ્રી શું કે, મને વર્તમાનપત્રમાં વાંચ્યું કે તમે આ ખરીદી કરવાના છો, એના કરતાં સસ્તી, મારો પ્રોજૅક્ટ જીવે ત્યાં સુધી, મારા પ્રોજૅક્ટના આયુષ્ય સુધી હું તમને વીજળી આપીશ. શું ભાવે આપીશ ? એ કહે છે, Power shall be wield and delivered at GUVL interconnection at Rs. ૨.૨૫ per KWH, બે રૂપિયા અને પચ્ચીસ પૈસે હું તમને આપવા માગું છું. થોડો ઘણો નહીં ૧૦૦૦ થી ૧૨૫૦ મેગાવોટ સુધીનો. આ પત્રનું આપણે શું કર્યુ? મૂકી રાખ્યો, કે ના. જી.એમ.ડી.સી. તો સરકારનું જ યુનિટ છે એજ પેદા કરીને જો ઊર્જા વિકાસ નિગમ લી.ને આપે તો અમારા સાડા પાંચથી આઠ રૂપિયા જેની પાસેથી લઈએ છીએ એનું શું? એ ન થાય એટલે આ પત્ર તો દબાવી રાખ્યો પરંતુ આ અધિકારીએ આવી હિંમત કેમ કરી માટે એ અધિકારીને પણ હટાવી દો. શું આ વહીવટ છે? શું આ સુદ્રઢ વહીવટ છે, શું આ આપણે ગુજરાતની જનતાને આપવા માગીએ છીએ? આ રાજય સરકારની પાસે બજેટમાં ઘણીબધી અપેક્ષાઓ હતી અને એ અપેક્ષાઓમાંની એક અપેક્ષા હતી વેલ્યુએડેડ ટેકસ દેશમાં કયાંય નથી એટલો ગુજરાતમાં છે. ત્રણથી ચાર હજાર કરોડ રૂપિયાનું વધારાનું ભારણ છે. આ વધારાનો વેલ્યુએડેડ ટેકસ નાબુદ થશે. ન થયો. જંત્રીના ભાવો ઘટાડવાની કોઈ જાહેરાત થશે. ન થઈ. ફીકસ પગારના કર્મચારીઓ કેટલા સમયથી આપણે એનુ શોષણ કરીએ છીએ? એ કર્મચારીઓને છઠ્ઠું પગાર પંચ આવ્યા પછી જે લાભ મળવો જોઈએ એ લાભ આપવાનો હતો એ લાભ આપણે આ બજેટમાં ન આપ્યો. એક નવી સિસ્ટમ ચાલુ થઈ છે આ સરકારમાં પેલો સફાઈ કામદાર કામ કરતો હોયને એના ઉપર પણ આપણી નજર બગડે. સફાઈ કામદાર કર્મચારી પગારથી કામ કરતો હતો એના બદલે આઉટ સોર્સીંગ શરૂ થઈ ગયું છે. એના કોન્ટ્રેકટ અપાય છે અને એ કોન્ટ્રેકટરો છે એ એમાંથી મલાઈ ખાય. સવાસો રૂપિયા એ લે એ કોન્ટ્રેકટર અને પેલા પાસે ૫૦ રૂપિયામાં કાળી મહેનત કરાવે આ બંધ કરાવવા આપણે માગીએ છીએ ખરા? આરોગ્ય વિભાગમાં પણ આવું ચાલુ થયું છે. કોન્ટ્રેકટ અપાય છે. પેરા મેડિકલમાં પણ કોન્ટ્રેકટ અપાય છે. બહારનાને અપાય છે અને આપણે જે કર્મચારીઓ ભરવાના હોય એ કર્મચારીઓ આપણે ભરવાના નથી. આખા રાજયમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ છે. આપણે પૂરું પાડી શકીએ છીએ ખરા? કદાચ સૌ ભેગા મળીને પ્રાર્થના કરીએ અને વરસાદ ઝડપથી થઈ જાય. ચોમાસુ ખેંચાયું છે તો ત્યાં સુધી નર્મદાનું પાણી ન પોસાય એવા ભાવ નહીં, મફત પહોંચાડાય એટલું પહોંચાડવાનું કામ આપણે કરવા માગીએ છીએ ખરા? આપના અંદાજપત્રમાં ઉલ્લેખ નથી. રેવન્યુ ડેફીશીટ કહેવું બહુ સહેલું છે એ તો કેન્દ્રમાં પણ વધે છે. કયારેય આપણે એની સરખામણી કરવાનો પ્રયત્ન કર્યો છે? આપણે તો ઝીરો લઈ જવાની વાત કરી હતી. આપણે એનો કાયદો પણ લાવ્યા હતા અને આજે કયાં લઈ ગયા આપણે? આપણે ઝીરો કરવાની વાત હતી. બહુ સારી વાત છે. જે માનનીય નાણામંત્રીશ્રી કહેવા માગે છે એ મારી રેવન્યુ ડેફીશીટ એમણે પહેલું કહ્યું હતું ત્યારે મારે એમનું ધ્યાન દોરવું છે કે મહેસૂલી હિસાબ પર ખાધ છે આપની જે ઝીરો હોવી જોઈએ અને એ ૩૯૧૩.૧૯કરોડની છે. છેલ્લા કોઈ બજેટ આપ જુઓ, આપની પરિસ્થિતિ જોઈ લો એને આપે ઝીરો કરવાની હતી આપે ૧૧૭૧૧કરોડની લોનો લીધી વધારાની અને પછી આપ કહો કે અમારી ચોખ્ખી લેવડદેવડ છે એમાં હું પુરાંત બતાવું છું. નાણાકીય શિસ્ત શું છે? નાણાકીય અવલોકનો શું છે? નાણા પંચની સલાહ શું છે? આપણે નકકી કરેલા ધોરણો શું છે? કે મહેસૂલ પરની ખાધ ઝીરો હોવી જોઈએ. એ આપણે વળગી શકીએ છીએ ખરા પણ આપણે જાળવી શકતા નથી ત્યારે લોકોની રત્નકલાકારથી માંડીને સામાન્ય ખેડુત સુધીની સૌની આશા, અપેક્ષાઓને ધુળમાં રગદોળી દેતું આ બજેટ છે અને એટલા માટે હું આ બજેટનો વિરોધ કરીને વિરમું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી માનનીય શ્રી વજુભાઈ વાળાએ ૧૪મી વખત વેરા વિનાનું બજેટ લઈને આવ્યા છે અને વિક્રમ સર્જ્યો છે, એ માટે તેમને હું હ્દયપૂર્વક અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વજુભાઈનું આ બજેટ ચૌંદવી કા ચાંદ, ગુજરાત કે લીયે લાજવાબ જેવું છે. વિશ્વમાં ચારેય બાજુએ મંદીનો માહોલ છે અને મંદીના માહોલ વચ્ચે સ્વર્ણિમ ગુજરાતના આધુનિક દસ્તાવેજ જેવું આ બજેટ એ ગુજરાતના ઈન્કલ્યુઝિવ ગ્રોથને મૂર્તિમંત સ્વરૂપ આપતું આ સમતોલ બજેટ છે.

છેલ્લા ૫ વર્ષની અંદર ગુજરાતની સરકારે એક પણ રૂપિયાનો કર વધાર્યા સિવાય ૧૨૦૦ કરોડ જેટલી કર રાહતો આપી છે. સ્ટૅમ્પ ડ્યૂટી ૧૫ ટકામાંથી ૬ ટકા જેટલો ઘટાડો કર્યો. ખેડૂતો ઉપરની વીજ ડ્યૂટી કાઢી નાખી. જે તિજોરીમાં કાણા હતા, તે કાણું પૂરી દીધું. પહેલા બજેટના પૈસા લોકોના ખિસ્સામાં જતા હતા અને આમાં હવે આકરા પગલાં લઈ આ તિજોરી સુધી પહોંચાડ્યા. અભૂતપૂર્વ કરકસરના કારણે, આ પ્રમાણિક સરકારના કારણે આ કરવેરા વિનાનું બજેટ છે. ૨૦૦૯-૧૦ માં આપણો વિકાસલક્ષી ખર્ચ કુલ બજેટમાંથી પોણા ભાગનું બજેટ આ વિકાસ લક્ષી ખર્ચ તરીકે વપરાય છે. કેન્દ્ર સરકારમાં ૭૦ ટકા ખર્ચ એ નૉન ડેવલપમેન્ટમાં વપરાય છે. ૩૦ ટકા જેટલો ખર્ચ ડેવલપમેન્ટ પાછળ ખર્ચાય છે. તે દેખાડે છે કે ગુજરાત સરકારનું આ બજેટ વિકાસલક્ષી બજેટ છે. ૪૧ વર્ષના ગાળામાં ત્રીજીથી નવમી પંચવર્ષીય યોજના સુધી ૫૫,૨૪૬ કરોડ ખર્ચ્યા, પણ

૧૦મી પંચવર્ષીય યોજનામાં આપણે ૪૭,૦૦૦ કરોડના લક્ષ્યાંક સામે ૪૯,૨૧૬ કરોડ ખર્ચ્યા. ૧૧મી યોજનાનું કદ એમાં આપણે ૧,૧૧,૧૦૦ કરોડનો વિક્રમલક્ષી લક્ષ્યાંક આપણે નિશ્ચિત કર્યો છે. ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ આવશ્યક છે. નાઉ, ગુજરાત ઈઝ એ ગ્રોથ એન્જિન ઑફ ઈન્ડિયા આ બજેટની અંદર ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાના સર્વાંગી વિકાસ વાળું સમરસ બજેટ છે. આ બજેટમાં લઘુમતી કે બહુમતીનો કોઈ ભેદ નથી. આ બજેટમાં સચ્ચર કમિટીની જેમ રાષ્ટ્રવાદ સામે ખતરો થાય તેવું એકે ય દ્રશ્ય નથી. આ બજેટમાં રાજ્યના સંશાધનો ઉપર માત્ર લઘુમતીનો અધિકાર છે તેવી કોઈ વાત નથી. પહેલાના સમયમાં મેં જે તે વખતના વડાપ્રધાન રાજીવ ગાંધીને સાંભળ્યા હતા. હું ૧ રૂપિયો મોકલું છું અને નીચે ૧૫ પૈસા પહોંચે છે. જ્યારે આ સરકાર એક રૂપિયો મોકલે છે અને નીચે સવા રૂપિયો પહોંચે છે. આ જનભાગીદારી વાળી સરકાર છે. ૧ રૂપિયામાં જ્યારે ૧૫ પૈસા નીચે વપરાતા હતા તો બાકીના પૈસા સ્વીસ બૅન્કમાં ગયા કે કયાં ગયા? તેનો કોઈ હિસાબ નથી મળતો. હમણા યુ.પી.એ. ની સરકાર કેન્દ્રની અંદર સત્તાના સુત્રો સંભાળ્યા. ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની ૧૪ સીટ હતી, એ ૧૪માંથી અમારી ૧૫ સીટ થઈ છે. બીજા રાજ્યોમાં જીત્યા. બેગાની શાદીમે અબ્દુલ્લા દીવાના. ગુજરાતની પ્રજા આજે પણ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીની સાથે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે કહ્યું કે અમારે ૧૦૦ દિવસમાં અમારી અસરકારકતા બતાવી છે. ૧૦૦ દિવસમાં પ્રજાને રાજી કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, પુત્રના પારણામાં અને નવી વહુંના બારણામાં, બજૅટ બેઠક પૂર્વે શિરસ્તાનો ભંગ કરીને પેટ્રોલમાં લિટરે ચાર રૂપિયા અને ડિઝલમાં લિટરે બે રૂપિયા. • (xxxx) જે આ દેશની સલામતી અને સુરક્ષા માટે જરૂરી હતો. એટલા માટે કહેવા માગું છું.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### કેન્દ્ર સરકારની ટીકા કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**:: મને હતું કે બે દિવસથી જે રીતે જૂના જજમૅન્ટ ટાંકીને અહીંયાં આપનું ધ્યાન દોરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારનું મને એમ હતું કે માનનીય પ્રદીપસિંહ જાડેજા, આજકાલ માનનીય અધ્યક્ષશ્રી *(xxxx) તે પ્રમાણે રૂપિયો મોકલીને વાત કરે ત્યાં સુધી વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : તેમનું પૂરું થવા દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઑફ ઑર્ડર ઉપર

**અધ્યક્ષશ્રી** : હું તમને તક આપું છું તમે બોલજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :પોઈન્ટ ઑફ ઑર્ડર ઉપર પૉઈન્ટ ઑફ ઑર્ડર ન હોય. માનનીય મંત્રીશ્રી સમજી લે. ના બોલાય. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગતો હતો કે એમણે તો બિલકુલ આ રીતે જો આ સ્તરે ચર્ચા ચલાવવાની હોય તો હું પછી મારા સભ્યશ્રીઓ બોલશે. એન.ડી.એ.ની સરકારમાં કેટલી વખત પેટ્રોલ ડીઝલના ભાવ વધ્યા હતા અને શું થયા હતા તે આંકડા આપશે. તેની જાહેર ચર્ચા કરવી હોય તો તે ચર્ચા કરવાની મારી તૈયારી છે. પણ આપણા ગૃહની શિસ્ત પ્રણાલિકા જે છે જે જાળવવાનું માનનીય અધ્યક્ષશ્રીનું કામ છે અને તે કામ મુજબ માનનીય અધ્યક્ષશ્રી હું આપના પાસેથી એ અપેક્ષા રાખું છું કે રાજયના બજૅટ પર બોલતા બોલતા તે તેમના સ્કોપને હું સમજી શકું છું. તેમના કારણોને સમજી શકું છુ. માનનીય પ્રદિપસિંહને બહુ ઓળખું છું. એટલે એમને નજીકથી જાણું છું, એમના સ્વભાવને, એમના કારણોને, એમની પરિસ્થિતિને સમજી શકું છું. એટલા માટે આપ આ શબ્દો રેકર્ડમાંથી દૂર થવા જોઈએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજી વકીલ છે તે વાત અમને ખબર છે. અમારો જે પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. તેમણે •(xxxx) (xxxx) (xxxx) એમ કરી માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાનું નામ જોડ્યું, જાડેજા જ્ઞાતિનું અપમાન કર્યું, આખા ક્ષત્રિય સમાજનું અપમાન કર્યુ છે. એ સાહેબ પેટ્રોલ ડિઝલની વાત કરી વિષય બદલે છે. એ શબ્દો એમણે પાછા ખેંચી લેવા જોઈએ. એમની પાસે માફી મગાવવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હું આ સમગ્ર ચર્ચા જોઈ જઈશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા સન્માનનીય શકિતસિંહભાઈએ જ્યારે ગુજરાતની સરકારે એક રૂપિયાનો સવા રૂપિયો કરીને ગુજરાતની પ્રજા જન ભાગીદારી અને સુખાકારી માટે વાપરે છે એવો જ્યારે મેં ઉલ્લેખ કર્યો તેમાં આના પહેલાં પણ અનેક વખત આપણે જોયું છે કે હમણાં જ હું ક્યાંક એવું સમજતો હતો કે * (xxxx) અને એના કારણે જે પરિસ્થિતિ ઉભી થઈ..

**અધ્યક્ષશ્રી** : આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલો.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઑફ ઑર્ડર એટલો છે કે એમણે * (xxxx) તે માત્ર મારું નહીં. સમગ્ર સમાજનું અપમાન છે. આ શબ્દો એમણે સભાગૃહના રેકર્ડમાંથી પાછા ખેંચવા જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાડેજાનો ભાણેજ છું અને હું મારા મોસાળનું અપમાન ના કરું.

**અધ્યક્ષશ્રી** : હું સમગ્ર શબ્દો જોઈ લઈશ પરંતુ જે ભાવની અંદર આપે બેઠાં બેઠાં ટીકા કરી હતી (અંતરાય) એ વખતે બોલ્યા, આપ આપની વાત ફરી જોઈ લેજો, પ્રદિપસિંહજીએ એક રૂપિયો મોકલ્યો અને સવા રૂપિયો વપરાયો, ગામડાની અંદર, એ અંગે આપ જે બોલ્યા છો, એ ઉદ્‌ગારો કોઈ ભાણેજને શોભે એવા નથી, એટલું આપ સ્વીકારશો કારણ કે શકિતસિંહજી આપણે જ્યારે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલતા હોઈએ ત્યારે અને આપણે બીજા પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલે એ અંગે નિયમની મર્યાદાઓની અંદર રહીને બોલવાનો આગ્રહ રાખીએ છીએ ત્યારે જે પૉઈન્ટ ઑફ ઑર્ડર અહીંયા ઉપસ્થિત થયો હતો કે પેટ્રોલ અને ડીઝલના ભાવોની ચર્ચા થઈ શકે નહીં, એ આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર હતો. આપણે અંદાજપત્રની સામાન્ય ચર્ચાઓ લઈએ છીએ ત્યારે એ ચર્ચાની અંદર કોઈ એકાદ ઉલ્લેખ... અને કેન્દ્ર સરકારની એમણે ટીકા કરી નથી. હું પહેલા જ કહું છું કે ટીકા હશે તો હું ચોક્કસ કાઢી નાખીશ. પણ એમણે જે રીતે, મેં સાંભળ્યું છે એ રીતે એમનો ઉલ્લેખ માત્ર ભાવ વધારો થયો છે એનો છે અને એ ચર્ચાને, આપના સભ્યશ્રીઓનો પણ અધિકાર છે કે કયા સંજોગોની અંદર કેન્દ્ર સરકારે પેટ્રોલનો ભાવ વધારો કર્યો, એની ચર્ચા કરવી હોય તો મેં એ અંગેની ચર્ચા પણ એક બિનસરકારી સંકલ્પમાં આપેલી છે, એ વખતે આપના સભ્યશ્રીઓ આ અંગેનો પ્રકાશ પાડે તો પૂરો સ્કોપ આપણને રહેશે. એક વાત હું ફરીથી દોહરાવું છું કે, શ્રી પ્રદિપસિંહજીએ જે ઉલ્લેખ કર્યો હતો એ જનભાગીદારીની વાતને અનુસરીને કહ્યો હતો કે રૂપિયો અહીંયાથી જાય એ એકને પચીસનો થાય, એને આપે જે રીતે લેવાનો પ્રયત્ન કર્યો એ યોગ્ય ન હતો, અને આપ પોતે પણ વાંચી લેશો તો આપને લાગશે કે હું એમ કહું છું કે, હું જાડેજા કુળનો ભાણેજ છું. તો મામાના કુળને માટે આવા શબ્દો ન બોલાય અને સામાન્ય રીતે આ સભાગૃહની અંદર કોઈપણ સભ્ય જ્યારે વક્તવ્ય આપે ત્યારે કોઈ જ્ઞાતિ કે સમાજને દુ:ખ થાય એવા શબ્દોથી દૂર રહે તો સભાગૃહનું ગૌરવ વધશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઈએ જેમ કહ્યું, કે હું જાડેજાનો ભાણેજ છું. સાહેબ, ભાણુભા તો સૌરાષ્ટ્રમાં અમારા માટે લાડકવાયા હોય છે.

**અધ્યક્ષશ્રી** : તમે તમારા મુદ્દા ઉપર આવો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પેટ્રોલ અને ડીઝલના ભાવવધારાની એટલા માટે વાત કરી હતી • (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું કાઢી નાખું છું, માનનીય પ્રદિપસિંહજી, કેન્દ્ર સરકારની ટીકાના શબ્દો હું કાઢી નાખું છું. અને હવે આપ આપના વક્તવ્યને આગળ લઈ જશો તો સારું છે. આપ આપના આગળના મુદ્દા ઉપર જાઓ, આપના પાસે વીસ મિનિટમાંથી મોટા ભાગની વપરાઈ છે એટલા માટે આપ આગળ જાઓ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એટલો છે કે ,....

**અધ્યક્ષશ્રી** : હવે આપ એ વિષય મૂકીને આગળ ચાલોને.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક બોજ, ગુજરાતની જનતા ઉપર પડવાનો છે.

**અધ્યક્ષશ્રી** : મેં બે વસ્તુ કહી છે કે, એ અંગેની ચર્ચા મેં આપેલી છે, એટલે પેટ્રોલ ડિઝલના ભાવની વાતને મૂકીને આપ આગળના મુદ્દા ઉપર જાઓ.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશ:)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪ની અંદર એનડીએની સરકારે જે પોટાનો કાયદો બનાવ્યો, જેવી યુપીએની સરકાર આવી, પહેલામાં પહેલું કામ જો કોઈ કર્યું હોય તો પોટાનો કાયદો રદ કરવાનું કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ની અંદર ફરીથી સરકાર આવી, * (xxxx) રાષ્ટ્રની સુરક્ષાની ચિંતા કર્યા વગર ગુજકોકના કાયદાને કેન્દ્રની સરકારે મંજૂરી ના આપી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોકની વાત કરવી જ પડે. ગુજરાતની શાંતિ, સલામતી, અને ગુજરાતની સુરક્ષાનો મુદ્દો છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અધ્યક્ષશ્રીના આદેશના અવમાન અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આપનું કદાચ પત્રમાં ધ્યાન હતું અથવા મને ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનેસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

રેકર્ડ મંગાવીને જુઓ, *(xxxx) (xxxx) આ નિર્ણય કરે. માનનીય અધ્યક્ષશ્રી, કયાં સુધી ચલાવવાનું છે આ? આ રીતે આપશ્રીની સૂચનાઓ પછી આપના આદેશ પછી અને જો સત્તાધારી પક્ષના સભ્યશ્રી અધ્યક્ષશ્રીના આદેશનું આવું અવમાન કરવાના હોય, આજ સુધી જોયું નથી અમે આવું. આજ સુધી આવું અમે કયારેય જોયું નથી..આજસુધી આવું ક્યારેય જોયું નથી કે સત્તાધારી પક્ષના સભ્યશ્રી અધ્યક્ષશ્રીના આદેશનું આ રીતે અવમાન કરે, હજી બે લિટિ પૂરી ના થાય ત્યાં એ જ વાત કરવાની, આપ રેકોર્ડ મંગાવીને જોઈ લ્યો.

**અધ્યક્ષશ્રી** : હું રેકોર્ડ જોઈ લઈશ પરંતુ એક સામાન્ય સૂચના છે અને આપણા આદેશો પણ છે અગાઉના કે કેન્દ્ર સરકારની ટીકાઓથી દૂર રહેવું અને આપે આપના વકતવ્યની અંદર જો એ ટીકાઓ વાપરી હશે તો એ હું કાઢી નાંખીશ. પરંતુ પ્રદીપસિંહજી આપ આપનો સમય વ્યતીત કરી રહ્યા છો તમારી પાસે માત્ર વીસ મિનિટ છે અને આપની મોટાભાગની મિનિટ વપરાઈ ગઈ છે, મારે કહેવું પડે એ પહેલાં તમે તમારા મુદ્દાઓ પૂરા કરી દો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયા કિનારો છે અને કેન્દ્ર દ્વારા આઈ.બી.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે માત્ર ચાર મિનિટ બાકી છે,

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારો અરધો સમય તો પોઈન્ટ ઓફ ઓર્ડરના માધ્યમથી વપરાઈ ગયો છે,

**શ્રી અમિત શાહ** : પાર્ટીના સમયમાંથી પ્રદીપસિંહજીને સમય વધારી આપવામાં અમને કંઈ હરકત નથી.

**અધ્યક્ષશ્રી** : ઓ.કે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારા માટે ચિંતાનો વિષય એ છે કે, ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે કેન્દ્ર સરકારની સંસ્થા આઈ.બી. દ્વારા આપણી સરકારને જાણ કરવામાં આવી કે દરિયાઈ માર્ગે હુમલો થવાની શક્યતાઓ છે, ગુજરાત એક પ્રગતિશીલ રાજ્ય છે આતંકવાદીઓને ઘૂંટણિયે પડવાની નહિ પણ ગુજરાત સરકારની આતંકવાદીઓ સામે લડવાની તમન્ના છે, આતંકવાદ એ વિચારમાંથી જન્મે છે અને આતંકવાદને જો ડામવો હોય તો પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિ ધરાવતું દૃઢ મનોબળ ધરાવતું સામર્થ્ય એવા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા માટે મહારાષ્ટ્રમાં જેવો કાયદો છે મકોકા એવો જ કાયદો ગુજરાતમાં ગુજકોક લાવવા માટેની આપણે માગણી કરીએ છીએ, આગામી દિવસોમાં ગુજરાતમાં ૧૨ લાખ કરોડ રૂપિયાના ઉદ્યોગો આવવાના છે વિશ્વની અંદર પણ કડકમાં કડક કાયદા આતંકવાદ સામે લડવા માટે બનાવ્યા, તો શા માટે મકોકા જેવો કાયદો ગુજરાતને આપણે નથી આપતા? આપણે જોઈએ છીએ કે દરિયાઈ માર્ગે આક્રમણ કરીને મુંબઈમાં રાષ્ટ્ર સામે યુદ્ધ ખેલીને ૨૦૦ જેટલા લોકોને મોતને ઘાટ ઉતાર્યા, આખા દેશને બાનમાં લેવાનો પ્રયાસ કર્યો એ મહારાષ્ટ્રમાં જે હુમલો થયો એમાં જે કસાબ પકડાયો એ કસાબની સામે કેન્દ્રએ બનાવેલો નવો કાયદો ના વાપર્યો એની સામે મકોકા વાપર્યો, મકોકા એટલા માટે વાપર્યો કે મકોકાની અસરકારકતા છે એટલા માટે આપણે ગુજરાતની અંદર મકોકા જેવો ગુજકોકનો કાયદો માગીએ છીએ, શા માટે ગુજરાતને અન્યાય કરવામાં આવે છે. આ ગુજરાતની પ્રજા છે જે કેન્દ્રની અંદર સેન્ટ્રલને ટેકસ પેટે ૫૦,૦૦૦ કરોડ રૂપિયા જમા કરે છે, દેશની અંદર પાંચ ટકા વસતિ ગુજરાતમાં છે અને ૧૦ ટકા જેટલો નાણાકીય હિસ્સો આ ગુજરાતની ધરતી ઉપર જાય છે, રત્ન કલાકારોના પેકેજ માટેની વાત કરી, મને એ ચિંતા થાય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા કાશ્મીરને પેકેજ, મહારાષ્ટ્રને પેકેજ, આંધપ્રદેશને પેકેજ, મહારાષ્ટ્રને મકોકા, તો ગુજરાત માટે કેમ રત્નકલાકારોને પેકેજ નથી આપતા, શા માટે આપણી જીવાદોરી સમાન નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર નથી કરી શકતા. ક્રુડ ઓઈલની રોયલ્ટી પેટે ૧૫૦૦ કરોડ રૂપિયા ગુજરાતના કાપી નાંખ્યા છે, શરમની વાત છે,

**અધ્યક્ષશ્રી** : આપણા પક્ષના સભ્ય બોલતા હોય ત્યારે હર્ષદભાઈ, ઈશ્વરભાઈ આપ આ રીતે કરશો તો એ યોગ્ય ગણાશે નહિ, આપ શાંતિથી પ્રદીપસિંહજીને સાંભળો,

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આ કોંગ્રેસની એક પરંપરા રહી છે, ગુજરાતને અન્યાય કરવાની વાત રહી છે, માનનીય સાથી પક્ષના સભ્યો જયારે પોતાના પ્રવચનની અંદર વાત કરતા હોય, તો એવું કહે કે ગુજરાતના હિતની વાત હોય તો અમે તમારી સાથે આવીશું, મેં આ મુદ્દા જે કહ્યા એ ગુજરાતના હિતના નથી તો શું ગુજરાતના અહિતના મુદ્દા છે? કેમ ગુજરાતના હિત માટે ચૂપ રહેવામાં આવે છે એ ખબર નથી પડતી, પણ મને એવું લાગે છે કે •(xxxx) (xxxx)

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** :* (xxxx) (xxxx) આપ જોઈ જજો ભૂતકાળમાં પણ, (xxxx) આ શબ્દો રેકોર્ડ પર ચાલી શકે નહિ,

**અધ્યક્ષશ્રી** : હું અગાઉના અધ્યક્ષના આદેશો જોઈને પછી હું મારું રૂલિંગ આપીશ.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે હમણાં અમદાવાદ શહેરની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક બ્રિજના નામનું નામકરણ કર્યુ તો તેને જનરલ માણેકસાના નામ સાથે જોડવામાં આવ્યું.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દો, ૨૮૩. કારણકે રેકોર્ડમાં આ શબ્દો બહુ લાંબો સમય રહે તે પણ સારું નહીં. અને અધરવાઈઝ તો એવું થશે કે મારો દરેક સભ્ય બોલશે કે ભાજપે મહાત્મા ગાંધીજીના .(અંતરાય) અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગની યાદી ૧૯૬૨-૨૦૦૮ પેઈજ ૬૮, ૨૮૩ અનુક્રમ નંબર. મહાત્મા ગાંધીજીના ખૂન સાથે સંકળાયેલા પક્ષ પાસેથી આપણે બીજી શું આશા રાખી શકીએ. પછી બીજું મહાત્મા ગાંધીજીનું ખૂન કરનાર આર.એસ.એસ.નું બીજું નામ જનસંઘ. આમ મહાત્મા ગાંધીજીના સાથે મહાત્મા ગાંધીનું રાજકીય પક્ષને સંબોધીને મહાત્મા ગાંધીજીને સાથે સંકળાયેલ પક્ષ સાથે આપણે બીજી શું આશા રાખી શકીએ એમ કહેવું અસંસદીય છે. ૨૮૪- મહાત્મા ગાંધીજીનું ખૂન કરનાર આર.એસ.એસ.નું બીજું નામ જન સંઘ એમ કહેવું ઈચ્છનીય નથી. માનનીય અધ્યક્ષશ્રી, તે સંજોગોમાં જો આ પ્રથા ચલાવવી જ હોય મને વાંધો નથી. તેના કારણે આપણે કઈ પરિસ્થિતિ નિર્માણ કરીશું. અમારા દરેક સભ્ય એમ કહે કે *(xxxx) અને એ રીતે જ જો ચલાવીશું તો મને લાગે છે ગૃહની ગરિમા નહીં જળવાય.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રદિપસિંહજીના *(xxxx) તે શબ્દો અગાઉની અંદર પણ ઉલ્લેખો ૨૮૩-૨૮૪નીં અંદર જે આપેલાં છે. તે જોતાં આ પ્રકારના શબ્દોના ઉલ્લેખો ગાંધીજીના નામ સાથે કરી શકાય નહીં અને હું તેને રદ કરું છું.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે હું એક વાત તરફ આપનું ધ્યાન દોરવા માગું છું કે કેટલીક યોજનાઓના કેટલાક નામો મારા ધ્યાન ઉપર આવ્યાં છે. તેમાં પ્રજાના પૈસે પક્ષ અને પરિવારની પ્રચારલીલા માટે આ નામોની હારમાળ છે. ૪૫૦ સ્થળો, યોજનાઓ અને સંસ્થાઓ માત્ર અને માત્ર નહેરૂવંશના નામે છે. તો મારો કહેવાનો આશય એ છે કે, શા માટે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલના નામો આની સાથે જોડવામાં નથી આવતા. રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના, રાજીવ ગાંધી રાષ્ટ્રીય પેયજલ યોજના, ઈંદિરા ગાંધી આવાસ યોજના, જવાહર નહેરૂ રોજગાર યોજના માનનીય અધ્યક્ષશ્રી, આટલા આટલા નામોમાં જેનું આઝાદી માટે યોગદાન છે તેનું નામ લેવા માટે આપણને શું વાંધો છે ?

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એટલું જ કહેવાનું છે કે આ વખતે સાથી પક્ષના મિત્રો દુઃખી છે તે એટલા માટે દુઃખી છે કે કેન્દ્ર સરકારની અંદર કેબિનેટની અંદર એક પણ મંત્રીનો ગુજરાતનો સમાવેશ નથી કરી શકયા.

**અધ્યક્ષશ્રી** : આપ રાજયપાલશ્રીના પ્રવચન વખતે જે મુદ્દાઓ લેવાવા જોઈએ તે અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં લઈ રહ્યાં છો. એટલે જ હું ફરીથી આપને કહું છું કે, આપને આ અંદાજપત્રની અંદર ઘણું બધું કહેવા જેવું છે તે વાત આપ કહેશો તો વધારે સારું છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ હ્યુમન ઈન્ડેકસને ઉંચે લઈ જવાને રાજય સરકારની મંજૂરીની પ્રતિબદ્ધતા દેખાડે છે. ગુજરાતની સ્થાપનાથી આજ દિવસ સુધીમાં કયારેય પણ મેડિકલ અને એન્જીનીયરીંગની સીટોમાં જેટલો વધારો નથી થયો તેટલો વધારો એક વર્ષની અંદર એકીસાથે કરીને ગુજરાતના વિદ્યાર્થીઓને ઉમદા તક પૂરી પાડી છે. એન્જીનીયરીંગ અને મેડિકલની સીટો ન હોવાને લીધે ગુજરાતના કરોડો રૂપિયા રાજયની બહાર જતા હતા. રેગીંગની ઘટનાઓ બનતી હતી. આજે ઔદ્યોગિક ક્રાંતિને લીધે ગુજરાતમાં આની જરૂરિયાત ઉભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડેબ્ટ સ્વેપ યોજના અને એના કારણે વ્યાજ ૯.૪૧ ટકા હતું એ ૨૦૦૯-૧૦માં આપણા આયોજનને કારણે ૮.૮૫ ટકા થયું છે. સીકીંગ ફંડમાં ૪૧૦૦ કરોડ રૂપિયા અને દર વર્ષે બીજા ૫૦૦ કરોડ રૂપિયા એમાં આપણા ઉમેરાય છે. ચાલુ વર્ષે ૪૦૦૦ કરોડનો બોજો હોવા છતાં ફાયનાન્સિયલ ડિસિપ્લીન, કુશળ વહીવટ અને દીર્ઘદ્રષ્ટિને કારણે પુરાંતવાળું બજેટ આપી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, થોડા દિવસ પહેલાં અમદાવાદ શહેરમાં રથયાત્રા નીકળી. પહેલા એક એવો જમાનો કોંગ્રેસના શાસનમાં હતો કે ભગવાન જગન્નાથને પણ નગર ઉત્સવમાં નગરની પરિક્રમા માટે લઈ જતા હતા ત્યારે કોંગ્રેસના શાસનકાળમાં બુલેટ પ્રુફ રથની વ્યવસ્થા કરવી પડતી હતી. આ વખતની રથયાત્રામાં ૨૫ લાખ લોકો આ નગર ઉત્સવમાં જોડાયા, પણ છેલ્લા ૭ વર્ષથી, અને ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી ગુજરાતમાં આવી છે, ત્યારથી માત્ર અમદાવાદ શહેર જ નહીં, પણ સમગ્ર ગુજરાતમાં રથયાત્રાનો ઉત્સવ એ આ રાજયની પ્રજા સારી રીતે માણી શકે છે.

આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર દેશમાં લોડ શેડીંગના કારણે દિલ્હીમાં પણ લોકો વીજળીના ધાંધીયાને લીધે શેરીઓમાં ઉતરી જાય છે. રાજધાનીની પ્રજા પણ વીજળીના ધાંધિયાને લીધે દુ:ખી છે. ગુજરાત એક એવું રાજય છે કે જયાં લોડ શેડીંગ નથી અને જયોતિગ્રામના માધ્યમથી ગુજરાતના ૧૮૦૦૦ ગામડાને જોડવાનું કામ ગુજરાતની સરકારે કર્યુ છે.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપનાનું સુવર્ણજયંતિ વર્ષ ઉજવવા તરફ આપણે જઈ રહ્યા છીએ, ત્યારે નાણામંત્રીશ્રીએ ગુજરાતની ૫ કરોડની જનતા માટેનું બજેટ રજૂ કરેલું છે. ફેરફાર કરેલ બજેટ રજૂ કર્યુ છે, ત્યારે હું અવલોકનો સાંભળતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વમાં જયારે યુરોપ અને અમેરિકા સહિતના દેશો અત્યારે મંદીના ખપ્પરમાં હોમાયેલા છે, તેવા સમયે ખૂબ સારી બાબત છે કે માનનીય નાણામંત્રીશ્રીએ પ્રથમ પેરામાં જ મંદીને ખાળવાનું શ્રેય યુ.પી.એ.ના ચેર પર્સન શ્રીમતી સોનિયા ગાંધીના નેતૃત્વમાં ડો. મનમોહનસિંઘની સરકારે જે રીતે એડવાન્સમાં જે આગોતરા કદમ ઉઠાવેલા છે, જેને માટે બરાક ઓબામાએ કીધું છે. તેમણે કહ્યું છે કે વિશ્વમાં એકમાત્ર દેશ એવો છે કે જે દેશ આજે મંદીની સામે, રીસેશનની સામે ટકી શકેલો છે. એનો ગુજરાતને પણ લાભ મળેલો છે. એનો નાણામંત્રીશ્રીએ જે સ્વીકાર કરેલો છે એટલે હું તેમને અભિનંદન આપું છું. ખાસ કરીને ભારતની પ્રગતિની નોંધ જો વિશ્વ કક્ષાએ લેવાતી હોય ને નંબર વન, નંબર વન, નંબર વન કરીને એ પણ સ્વીકારવા તૈયાર ન હોય તો મોટામાં મોટી ડેમોક્રસીની કમનસીબી છે. ખાસ કરીને અહીંયાં વાત થઈ વાયબ્રન્ટ ગુજરાતની, વાયબ્રન્ટ ઔદ્યોગિક મોડેલની, ઈન્ટરનેશનલ પોલિસીની, જનજીવનની સુધારણાની વાત થઈ, જનજીવન સુધારણામાં ગુણાત્મક પરિવર્તન લાવવાની વાત રાજયના બજેટમાં કરવામાં આવેલ છે, પરંતુ દુ:ખ સાથે કહેવું પડે છે કે એના કેન્દ્રમાં સામાન્ય માનવી નથી, બજેટમાં ખેડૂત નથી, બજેટમાં ગરીબ માણસ નથી, બજેટમાં દલિત નથી કે આદિવાસી નથી અને વિકાસના નામ ઉપર વાતો કરવામાં આવે છે, વિકાસનાં ફળ કોને આપવાની વાત કરેલી છે? તો વિકાસનાં ફળ ૨૩ હજાર કરોડની યોજનામાં ઉદ્યોગપતિઓને આપવામાં આવેલ છે. અપર કલાસને આપવામાં આવેલ છે, માલેતુજાર લોકોને આપવામાં આવેલ છે, જયારે ૨૦૦૯ માં ચૂંટણીઓ યોજવામાં આવી અને રાષ્ટ્રની જનતાએ આમ આદીમીની તરફેણમાં ફેંસલો આપ્યો,, આમ આદમીની વાત ડો. મનમોહનસિંહે કરી અને પરિણામે દેશમાં શકિતશળી સરકાર કહેવાય, એક મજબૂત સરકાર કહેવાય એ સરકાર દેશમાં આવેલી છે, જે લોકો ૨૦૦૯ માં વડાપ્રધાનની વાત કરતા હતા, જે લોકો ૨૦૧૪ માં બીજા વડાપ્રધાનની વાત કરતા હતા, એ લોકોનું સ્વપ્ન ચકનાચૂર થયેલ છે અને ગુજરાતમાં ૨૦૦૭ ની ચૂંટણીઓ ભલે અમે હારેલા હોઈએ, પરંતુ ૨૦૧૨ તરફ કોંગ્રેસની સરકાર બનાવવા તરફ કૂચ કરી રહયા છીએ. ખાસ કરીને માનનીય પ્રદિપસિંહજીએ એક બહુ સારી ઈન્સ્પીરેશન અમને આપી અને એ પ્રેરણા લઈને વાત કરવા તરફ પ્રરાયેલા છીએ

**અધ્યક્ષશ્રી**: મેં પ્રદિપસિંહજીને પણ કહયું હતું અને આપને પણ કહું છું કે રાજયપાલશ્રીના પ્રવચનમાં જે મુદ્દાઓ લેવાય એ મુદ્દાઓ આની અંદર લેવાઈ રહયા છે. .

**શ્રી ઈકબાલ પટેલ** : લોન જાઈસલે કહયું હતું કે સારું અનુકરણ કરો, સારી ઈન્સ્પીરેશન લો તો તમે આગળ વધી શકશો. પ્રેરણા ખૂબ સારી આપેલી છે.

**અધ્યક્ષશ્રી** : તમે કહો છો કે સારી પ્રેરણા આપી છે જયારે માનનીય શકિતસિંહે તો તેની સામે વાંધો લીધો છે (અંતરાય) મેં પ્રદિપસિંહની પાસેથી પ્રેરણા લેવાય કે ના લેવાય એ વાત કરી નથી, પરંતુ પ્રદીપસિંહજીના દરેક પ્રવચનમાં શકિતસિંહજીએ વાંધો લીધો અને તમે પ્રેરક પ્રવચન છે એમ કહો છો.

**શ્રી ઈકબાલ પટેલ** : હું એટલા માટે કહું છું કે એ રાજકીય પ્રવચન કરી રહયા હતા, બજેટ ઉપર નહીં, પરંતુ પોલિટીકલ સ્પીચ તેમણે આપેલ છે. ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયાનના લક્ષ્યાંકની વાત કરી છે, ૧૧ મી પંચવષીય યોજનામાં, પરંતુ આપણે જોઈએ તો ૨૩૨૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરેલ છે એ બિલકૂલ અસમતુલ કરેલ છે. એ ફાળવણીમાં કિસાન નથી, સામાન્ય માનવી નથી, આમ આદમી નથી અને એટલા માટે મારે આપશ્રીનું ધ્યાન દોરવું છે કે સુવર્ણ જયંતીનું વર્ષ ૨૦૧૦ માં ઉજવવા તરફ આપણે જઈ રહયા છીએ ત્યારે એ સુવર્ણ જયંતી વર્ષમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ પ્રશ્ન છે. જીવરાજ મહેતાથી માંડીને , બળવંત મહેતાથી લઈને, હિતેન્દ્ર દેસાઈથી લઈને, માધવસિંહ સોલંકીથી લઈને, અમરસિંહ ચૌધરીથી લઈને એ બધા જ મુખ્યમંત્રીશ્રીઓનું ગુજરાતના વિકાસમાં યોગદાન છે અને એટલા માટે મારે કહેવું છે કે ૧૯૬૦ માં ગુજરાતને સ્વતંત્ર રાજય આપવામાં આવ્યું અને આપણે મહારાષ્ટ્રથી અલગ થયા એ ગુજરાતમાં આજે આપણે સુવર્ણજયંતી ઉજવવા જઈ રહયા છીએ ત્યારે કમનસીબે આપણે લેખકોને ભૂલ્યા છીએ, સાહિત્યકારોને ભૂલ્યા છીએ, તજજ્ઞોને ભૂલયા છીએ અને શિક્ષણવિદોને ભૂલ્યા છીએ. ૧૯૬૦ થી લઈને આજસુધીમાં ૩૦ વર્ષના શાસનમાં ગુજરાતના ગામડાંમાં વીજળી નહોતી, ગુજરાતનાં ગામડાંમાં રસ્તા નહોતા, જયાં આગળ બસો નહોતી, જયાં આગળ સામાન્ય આમ આદમીને કોઈ સુવિધા નહોતી તે કામ કોગ્રેસે ૩૦ વર્ષમાં કરેલું છે અને એ કામના બદલે માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ૩૦ વર્ષ પછીની વાત કરતા હતા કે૧૯૯૦ થી ૨૦૦૯ સુધીમાં ૧૭ વર્ષમાં જાદુઈ લાકડી ફેરવેલ હોઈ એવી મંત્રીશ્રી વાત કરતા હતા. મારી વિનંતી છે કે આ વર્ષ જયારે સ્વર્ણીમ વર્ષ તરીકે આપણે ઉજવવા જઈ રહયા છીએ ત્યારે માત્ર મુખ્યમંત્રીશ્રીના પ્રવાસો, માત્ર એકત્રીકરણ કરીને અને બસો ભેગી કરીને, અનેક લોકોને

સરકારી તંત્રમાં ભેગા કરીને માત્ર જે વાહ વાહ કરવામાં આવે છે તે યોગ્ય નથી. ગુજરાતના વિકાસમાં તમામ પક્ષોનું યોગદાન છે, તમામ વ્યકિતઓનું યોગદાન છે અને એ યોગદાનના ભાગરૂપે માત્ર એક જ વ્યકિતની વાહ વાહ કરવાને બદલે ગુજરાતની અસ્મિયતાની વાહ વાહ કરવી જોઈએ એવું મારું સૂચન છે. આ સિવાય અત્યારે જે રીતે લોહ પુરુષ તરીકે વાત કરવામાં આવે છે, વિકાસ પુરુષ તરીકે વાત કરવામાં આવે છે તેના બદલે ગુજરાતના જે લોકોએ ખમીરવંતા ઈતિહાસમાં જે લોકોએ યોગદાન આપેલું છે તેમની પણ વાત કરવી જોઈએ. કેન્દ્રના મહત્વાકાંક્ષી કાર્યક્રમ ભારત નિર્માણ કાર્યક્રમ અંતરગત શિક્ષણની અનેક સુવિધાઓ આપવામાં આવેલી છે. સર્વ શિક્ષા અભિયાન એક મહત્વનો કાર્યક્રમ છે. અને તેના ભાગ રૂપે શાળાના ઓરડાઓ બનાવવામાં આવે છે, કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવે છે, ઈલકેટ્રીફિકેશન કરવામાં આવે છે, ટોઈલેટ બ્લોક બનાવવામાં આવે છે ત્યારે એ શિક્ષણના ભાગ રૂપે સર્વ શિક્ષા અભિયાનમાં જે રીતે કામ કરવામાં આવે છે તે કેન્દ્રની યુ. પી. એ. સરકારના ફાળે જાય છે. ખાનગી ક્ષેત્રમાં સ્વ નિર્ભર શાળાઓમાં ડોનેશનની છૂટ આપવામાં આવેલી છે. અનેક લોકો જે સામાન્ય પરિવારના લોકો છે  મધ્યમ વર્ગના પરિવારો છે

**અધ્યક્ષશ્રી**: હજુ આપના બે સભ્યોને બોલવાનું બાકી છે.

**શ્રી ઈકબાલ પટેલ**: એક નથી બોલવાના, ત્રણ જ બોલવાના છે. સ્વ નિર્ભર શાળાઓમાં જયારે છૂટ આપી દેવામાં આવેલી છે ડોનેશન લેવામાં આવે છે, રાજયનો મધ્યમ વર્ગને પ્રવેશ આપવામાં આવતો નથી. અને સ્વ નિર્ભરના નામે માત્ર અને માત્ર જે રીતે શિક્ષણમાં •(xxxx) ચાલી રહી છે તેને અટકાવવાની પણ કોઈ વાત કરવામાં આવેલી નથી. ૨૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અત્યારે જે મંજૂરી આપેલી છે તે રાજયના સાડા પાંચ કરોડની  એજયુકેશનની જરુરિયાતને ધ્યાને લેતા ખૂબ ઓછી છે. સંખ્યાબંધ શાળાઓમાં શિક્ષકો નથી અને એટલા બધા વ્યાપક પ્રમાણની અંદર શિક્ષકોનો અભાવ છે કે જેના કારણે પૂરતું શિક્ષણ ગામડ ાંમાં મળતું નથી. ૧૮૦૦૦ ગામડાંની વાત કરવામાં આવે છે પણ સાથે સાથે એ સંખ્યા બંધ શાળાઓમાં આજે પણ શિક્ષકો નથી. આરોગ્યના પ્રશ્નોને લાગે વળગે છે ત્યાં સુધી આરોગ્ય કેન્દ્રમાં સંખ્યા બંધ સ્ટાફ ખાલી છે. આજે સ્ટાફ નથી ડોકટરો નથી, એલોપેથીક ડોકટરો નથી તેના કારણે આયુર્વેદિક ડોકટરોને મુકવામાં આવે છે. આયુર્વેદિક ડોકટરોમાં...

**અધ્યક્ષશ્રી**: શ્રી ઈકબાલભાઈ, * (xxxx) ચાલી રહી છે તે શબ્દ અસંસદીય છે તે હું કાઢી નાખું છું.

**શ્રી ઈકબાલ પટેલ** : એ જ પ્રમાણે આરોગ્ય કેન્દ્રોની અંદર જે રીતે ડોકટરોનો સ્ટાફ નથી, એ રીતે ટેકનિકલ સ્ટાફ નથી અને આયુર્વેદિક  દવાઓના બદલે આયુર્વેદિક ડોકટરોને મુકવામાં આવે છે. જેની પાસે એલોપેથિકનું જ્ઞાન નથી, એલોપેથિકનો જેની પાસે સીલેબસ નથી એવા ડોકટરોથી રાજયમાં સેવાઓ ચલાવવામાં આવે છે. અને એટલા કારણે જે ગરીબ માણસને જે લાભ મળવો જોઈએ તે મળી શકતો નથી. મહિલાઓની વાત થઈ, મહિલા અસ્મિતાની વાત થઈ, મહિલાઓની ઉપર અત્યાચારો વધી રહેલા છે. બળાત્કાર અને રેગીંગના બનાવો વધી રહેલા છે શાસન નિષ્ફળ ગયેલું છે, ગુજરાતમાં મહિલાઓની સલામતી નથી અને મહિલાઓના જે રીતે આપણે પ્રૌટેકશન આપવું જોઈએ રક્ષણ કરવું જોઈએ તે રક્ષણ પોલીસ કરી શકતી નથી. એટલું જ નહીં પેન્શનમાં જે રીતે મહિલાઓને અન્યાય કરવામાં આવે છે. વર્ષમાં દર મહિને પેન્શન આપવાના બદલે માત્ર વર્ષમાં ત્રણ વાર પેન્શન આપી અને મહિલાઓને અન્યાય કરવામાં આવી રહયો છે. આદિજાતિઓને અન્યાય થઈ રહયો છે અને આ શાસનમાં રોજગાર ગેરંટી એકટનો અમલ કરવામાં આવતો નથી. રોજગાર ગેરંટી સિવાય જે રીતે જંગલની જમીનો નામ ઉપર થવી જોઈએ તે પણ કરવામાં આવતી નથી. નેશનલ રૂરલ હેલ્થ પ્રોગ્રામ છે તેનો પણ અમલ કરવામાં આવતો નથી. રાજયની અંદર મોટી વસતિના ગુણાત્મક પરિણામોની વાત કરે છે. હમણાં જ હું સાંભળતો હતો કે રાષ્ટ્રીય અસ્કયામતોમાં ડો. મનમોહનસિંહે વાત કરેલી તેના ઉપર ટીકા કરીને વાત થઈ હતી. એમાં હું પડવા માગતો નથી પણ એટલું જરુર કહેવા માગું છું કે ભલે કોઈને ન્યાય ન અપાય પણ કોઈને અન્યાય ન થાય તે જોવાની ફરજ પણ લોકશાહિમાં દરેક શાસકોની છે. અને ડો. મનમોહનસિંહે જે વાત કરેલી છે તે મૂઠી ઉંચેરા માનવી તરીકે વાત કરેલી છે અને પ્રજાએ જન આદેશ ચૂંટણીઓમાં તેને આપેલો છે. અને એટલા કારણે જે કંઈ સહન કરવું પડેલું છે તે સહન કેમ કરવું પડેલું છે તેઆપણે સૌ જાણીએ છીએ. યોજનાઓમાં સોશીયલ સીકયોરીટીના ક્ષેત્રની ઉપેક્ષા કરવામાં આવી રહી છે. સામાજિક સુરક્ષામાં જે રીતે યોજનાઓમાં અપગ્રેડ કરવું જોઈએ અને પૈસા વધારવા જોઈએ તેના બદલે પૈસા ઘટાડવામાં આવેલા છે ચેક ડેમો તળાવો અને ખેત તલાવડીઓની વાત કરી, પરંતુ ૫૭ જેટલા તાલુકાઓ આજે પણ ડાર્ક ઝોનમાં છે. ૫૭  તાલુકાઓમાં વીજળી આપવામાં આવતી નથી. ૫૭ તાલુકામાં વીજળીના જોડાણો આપવામાં આવતા નથી ખેડૂતને માત્ર ૮ કલાક વીજળી આપવાાં આવે છે. અને એટલા માટે..

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

---

• **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો  અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી ઈકબાલ પટેલ** : (ક્રમશ): ખાસ કરીને ડાર્ક ઝોન ઉપર ચર્ચા ચાલતી હતી. કેન્દ્રે ડાર્ક ઝોન માટે રાજયને ભૂમિના જળના જે તળ છે એ ઊંચા કરી રીચાર્જ કરીને રાજયના ખેડૂતોને અને કૃષિકારોને ડાર્ક ઝોનમાંથી મુકિત અપાવવાની વાત કરેલી છે. કમનસીબે આજે પણ ગુજરાતમાં ૫૭ જેટલા તાલુકાઓ ડાર્ક ઝોન હેઠળ આવેલા છે. એક તરફ સરકાર વાત કરે છે, રીચાર્જની વાત કરે, ચેકડેમોની વાત કરે છે, એક તરફ પાણીના સ્તર ઊંચે લાવવાની વાત કરે છે તેમ છતાં દિન પ્રતિદિન ડાર્ક ઝોન વધતાં જાય છે જેના લીધે સૌથી વધારે સહન ખેડૂતોને કરવું પડે છે. એને વીજળી મળી શકતી નથી, વીજળીના જોડાણ મળી શકતા નથી, બીજી બાજુ ઉદ્યોગપતિઓ જે મિનિટે વીજળી માગે તે મિનિટે વીજળી મળે છે. ખેડૂતોને માત્ર આઠ કલાક જ વીજળી મળે છે જ્યારે ઉદ્યોગોને ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે. ૧૩૯૬ જેટલા ગામો આજે પણ એવા છે જે pre-qualification કવોલિટી પ્રોબ્લેમ હેઠળ છે. પી.સી. ગામો અને quality problem ના ૧૪૦૦ જેટલા ગામોને આજે પણ પાણી નથી મળતું છતાં સરકાર વાત કરે છે કે પાણી માટે અમે જોગવાઈ કરેલી છે. એ સિવાયની અનેક યોજનાઓ એવી છે કે જ્યાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ફાઉન્ડેન્શન સ્ટોન નાખેલ હોય, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કરેલું હોય એવી પાણીની યોજનાઓ શરૂ કરી શક્યા નથી. ભરૂચ શહેરની એક યોજના છે હું માગણી વખતે એની વાત કરીશ. આજે વરસાદ લંબાયો છે, પંદર દિવસ વિલંબ થયો હોવા છતાં એક પણ જિલ્લાના કલેક્ટર દ્વારા એનો માસ્ટર પ્લાન કરવામાં આવેલો નથી, કોઈને બોલાવવામાં આવ્યા નથી, પાણી અંગે કંઈ રીવ્યુ કરવામાં આવેલ છે અને સબ સલામત છે એવી વાતો કરવામાં આવે છે. ગુજરાતના મહેનતકશ ખેડૂતોની કૃષિ ક્ષેત્રની સૌથી વધારે ઉપેક્ષા આ શાસનમાં થયેલ છે. મહેનતુ ખેડૂતોના કારણે રાજયને ઉત્પાદન મળેલ છે પરંતુ ખેડૂતો અને કૃષિનું એવું છે કે હજારો કિલોમીટરની કેનાલો આજે બાકી છે ખેડૂતોના ખેતર સુધી પાણી જતું નથી, કેનાલો તૈયાર કરવામાં આવતી નથી. ૧૭-૧૭ વર્ષના શાસન પછી પણ આજે ૮૫ હજાર કિલોમીટરની કેનાલો બનાવવાની બાકી છે. ખેતી ક્ષેત્રે સૌથી વધારે કેનાલો બાકી છે. ડિસ્ટ્રિબ્યુટરી કેનાલો સૌથી વધારે કરવાની બાકી છે. માઈનોર કેનાલો તથા સબ માઈનોર કેનાલો કરવાની બાકી છે.

એ સિવાય પશુપાલન ક્ષેત્રે ખૂબ મોટી ઉપેક્ષા કરવામાં આવેલી છે. રાજયનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો હોવા છતાં મત્સ્યદ્યોગ ઉપર કોઈ યોજના જાહેર કરવામાં આવેલ નથી. સાગર ખેડુ ઉપર વાત કરવામાં આવે છે પરંતુ ફિસરીઝ ક્ષેત્રે કામ કરે ત્યારે મત્સ્યદ્યોગોમાં રોકાયેલા લોકો છે એના માટે આ બજેટમાં કોઈ જોગવાઈ નથી એના અંગે આપશ્રી મારફતે વાત મૂકવી છે.

Power to peopleનું ક્ષેત્ર ગુજરાતમાં એક પ્રદાન આપનારું ક્ષેત્ર છે, રાષ્ટ્રને દિશા આપનારુ ક્ષેત્ર છે. અઢાર હજાર ગામોમાં પંચાયત મારફતે power to people ની વાત કરેલી. સ્વ. રાજીવ ગાંધીએ વાત કરેલી કે સત્તા નાનામાં નાનો જે છેવાડાનો માનવી છે એના હાથમાં મૂકવી છે. એટલા માટે થઈને થ્રી ટાયર સિસ્ટમ ગુજરાતમાં દાખલ કરવામાં આવેલી છે. પંચાયતોમાં આ સિસ્ટમ દાખલ કર્યા પછી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને સત્તા આપવામાં આવેલી હતી પરંતુ આજે એ છીનવી લેવામાં આવેલ છે. એના અધિકારો છીનવી લેવામાં આવેલા છે. સુપ્રીમ કોર્ટમાં રાજય સરકારના વલણના કારણે આજે જિલ્લા પંચાયતના પ્રમુખના હાથમાં સત્તા રહેવા પામેલ નથી. જિલ્લા વિકાસ અધિકારી એક પણ ફાઇલ પ્રમુખ પાસે ચૂંટાયેલી બોડી પાસે મૂકતા નથી. પંચાયતો પાસેથી દિન પ્રતિદિન પાવરો લઈ લેવામાં આવેલ છે. ગ્રામ સભાઓ ઉપરથી બોલાવવામાં આવે છે. તાલુકા પંચાયતમાં અધિકારીઓ નથી, સંખ્યાબંધ ગામોમાં તલાટીઓ નથી, ગ્રામ સેવકો નથી પંચાયતમાં સ્ટાફ નથી. આ રીતે પંચાયત વ્યવસ્થાને તોડી નાખવાનું કામ કરેલ છે. બજેટમાં પંચાયતોને મજબૂત કરવાનું, પંચાયતોને આર્થિક સત્તા આપવાનું, પંચાયતોને ધારાકીય સત્તા આપવાનું એક પણ કામ કરવામાં આવેલ નથી. દિન પ્રતિદિન આ પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. આના કારણે સત્તાનું કેન્દ્રિયકરણ થઈ રહ્યું છે, સત્તામાં વિકેન્દ્રિકરણનો જે આશય છે. આપણો જે હેતુ છે એ હેતુ પૂર્ણ થવાને બદલે લોકો પાસેથી અધિકારો છીનવી લેવામાં આવી રહેલા છે. સરળતાથી મળતી સુવિધાઓ આપણે છીનવી લીધી છે. ઈ-ગ્રામના નામ ઉપર જે નૅટવર્ક આપણે ગોઠવેલું છે, પહેલાં પણ આપણે સરળતાથી નકલો આપતા હતા. નકલો મળતી હતી. જે એન્ટ્રી જોઈએ તે મળતી હતી. તેના બદલે આજે ઈ-ગ્રામ પછી પણ આપણને કેટલી મુશ્કેલી નડી રહી છે. એ સિવાય વાત કરીએ તો જે રીતે રેવન્યુ વિભાગમાં જે પરિસ્થિતિ છે તેમાં જે રીતે કાયદાઓ સરળ કરવા માટે બનાવવામાં આવે છે, ૭/૧૨ની નકલ માગો ત્યારે મળે. ફેરફાર એન્ટ્રી માગો ત્યારે મળે. નવી શરતમાંથી જૂની શરતની જ્યારે માગો ત્યારે મળે એ વાત કરવામાં આવે છે. વાસ્તવિક સ્થિતિ એ છે કે ત્યાં રૅકૉર્ડના ઉપર ફેરફાર થયો હોવા છતાં પણ લોકોને નકલ મળતી નથી. ફેરફાર નોંધ મળતી નથી. લોકોના કામો થતાં નથી અને આજે પણ તંત્રમાં ભ્રષ્ટાચારે માઝા મૂકેલી છે. રેવન્યુ વિભાગની અંદર ગ્રાસ રૂટ લેવલના ઉપર લોકોની પરેશાનીનો પાર નથી અને એટલા માટે રેવન્યુ વિભાગમાં સંખ્યાબંધ પગલાંઓ પછી લોકો સુધી પરિણામ પહોંચેલા છે કે કેમ? એના અંદર કોઈ નિર્દેશ આપવામાં આવેલો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફતે બજૅટના ઉપર અન્ય વાત પણ હું કરવા માગું છું. ખાસ કરીને શ્રમ અને રોજગારની વાત કરું તો બેરોજગારોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. એક તરફ આપણે ઉદ્યોગો નાખીએ છીએ. મલ્ટીનેશનલ કંપનીઓને માટે આપણે લાલ જાજમ પાથરીએ છીએ. બીજી બાજુ

એ જ જમીનના ઉપર જમીન ગુમાવનાર ખેડૂતોના એક પણ દીકરાને આજે નોકરી મળતી નથી. આપણે જ્યારે પ્રશ્ન પૂછીએ, ત્યારે જવાબ આપવામાં આવે છે કે કાયદામાં જોગવાઈ નથી. એક ખેડૂતની જમીન જો ત્રણ મહિનામાં સંપાદન થતી હોય, ફળદ્રુપ જમીન સંપાદન થતી હોય, મોંઘીદાટ જમીન સંપાદન થતી હોય, એનો રોટલાનો ટૂકડો છીનવી લેવાતો હોય અને બીજી બાજુ એના દીકરાને નોકરી ન અપાય તેનાથી મોટો અન્યાય આ શાસનમાં હું જોઈ રહેલો નથી. દહેજ એરિયાની વાત હું જ્યારે માગણીઓ ઉપર આવીશ ત્યારે કહીશ. પણ મુખ્યત્વે મારી આપને વિનંતી છે અને આપના મારફતે હું કહેવા માગું છું કે બેરોજગારોની સંખ્યામાં એપ્રેન્ટીસ માટેનો કોઈ વધારો કરવામાં આવતો નથી. બીજી બાજુ ભણેલા-ગણેલા ટ્રેઈન યુવાનો છે, ટેકનિશિયન યુવાનો છે એ યુવાનોને આજે કોઈ ટ્રેનીંગની, કોઈ નક્કી કરેલી પૉલિસી આપવામાં આવતી નથી. પરિણામે ગુજરાતની ભૂમિ ઉપરથી ઉદ્યોગો કરોડો રૂપિયાનો નફો લઈને જાય છે. સસ્તા ભાવે જમીનો લઈને જાય છે. જે જમીન ૧૦૦ રૂપિયામાં સંપાદન કરેલી હતી તે જમીન ૬૫ રૂપિયામાં વેચવાનો આ સરકારે ઠરાવ કરેલો છે. દહેજના વિસ્તારમાં ઠરાવ થયેલો છે. ૧૦૦ રૂપિયાની જમીન ૬૫ રૂપિયામાં ઉદ્યોગોને આપીને ઉદ્યોગોને કરોડો રૂપિયાનો ફાયદો કરાવવાની જ્યારે આપણે વાત કરીએ છીએ ત્યારે તેનો ખેડૂત જે છે. જમીન ગુમાવનાર છે, જેના માથા ઉપરથી આવક જવાની છે એને આપણે આવકની કોઈ ચોક્કસ ગૅરન્ટી આપવા માગતા નથી. ઉદ્યોગ આવે, વેલકમ. તેને આપણે આવકારીએ. ઉદ્યોગ આવવાથી રાજયનો વિકાસ થશે, રાષ્ટ્રનો વિકાસ થશે. પણ એ ઉદ્યોગની ચીમનીઓના નીચે, એની રોશનીના નીચે ખેડૂતોના દીકરાઓ જે છે તે દીકરાઓ બેકાર બનેલા છે. લોકોને પ્લૉટ આપવાની જે યોજના છે, એ લોકોને પ્લૉટ આપવાની યોજનાનો કોઈ નિર્દેશ કરવામાં આવતો નથી. ઉદ્યોગની જમીન લેવામાં આવે છે. પણ તેના મકાન માટે, તેના દીકરાઓના પ્લૉટ માટે, એના દીકરાઓના રહેણાંક માટેની કોઈ વાત બજૅટમાં કરવામાં આવેલી નથી. જાહેર વિતરણ વ્યવસ્થામાં પણ અનેક જગ્યાએ અનેક ત્રુટિઓ આપણે જોઈ રહ્યા છીએ. ભૂતિયા કાર્ડ માટે કોઈ વાત કરવામાં આવેલી નથી. બ્લૅક માર્કેટમાં કેરોસીનનો નિકાલ કરવામાં આવેલો છે. ગરીબ માણસને સાત લિટર કેરોસીન, છ લિટર કેરોસીન આપવામાં આવે છે. ધારાધોરણ જે નક્કી કરેલા છે એ પ્રમાણેનું પણ કેરોસીન પહોંચતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાત વર્ષથી પણ વધુ સમય થયો હોવા છતાં કેટલાક ગ્રામીણ વિસ્તારોના રસ્તાઓ ખખડધજ થઈ ગયેલા છે. બસો બંધ છે. તેના ઉપર વાહનવ્યવહાર ચાલતો નથી. એવા રસ્તાઓનો સમાવેશ કરવા માટેની આપણી પાસે બજૅટમાં પૂરતી જોગવાઈ નથી. આજે પણ સાત વર્ષથી લઈને બાર વર્ષ સુધીના રસ્તાઓ ડામર સપાટીના ન બનાવેલા હોય એવા હજારો કિલોમીટરના ગુજરાતમાં છે. એ ઉપરાંત એ રસ્તાઓને મરામત કરવા માટેની યોગ્ય ગ્રાન્ટની ફાળવણી આ બજૅટમાં કરવામાં આવેલી નથી. કરન્ટ રિપેરના હેડ ઉપર જે રીતે ગ્રાન્ટ ફાળવાઈ છે, રસ્તાઓને સારા બનાવવાનો પ્રયત્ન થાય છે. એવો પ્રયત્ન આ બજૅટમાં કરવામાં આવેલો નથી. માર્ગ અને મકાન વિભાગ પાસે ટૅન્કર, રોલર, ટ્રકો કે બીજાં અન્ય જે સાધનો રોજબરોજ જે વપરાશમાં લેવાવા જોઈએ એવા સાધનો ઉપલબ્ધ નથી અને એટલા માટે ઉદ્યોગ નીતિની સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રકચરની નીતિનો પણ રીવ્યુ કરવાની વાત આ બજૅટમાં કરવામાં આવેલી નથી. વીજ ઉત્પાદન છતાં કિસાનો સાથે અન્યાય થાય છે. મેઈન્ટેનન્સના અનેક પ્રશ્નો છે અને વીજળી આખા દેશ કરતાં ગુજરાતમાં સૌથી વધારે મોંઘી છે.

**અધ્યક્ષશ્રી** : આપના પ્રવચન પછી કોણ બોલવાનું છે?

**શ્રી ઇકબાલ પટેલ** : મારા પછી એક સભ્યશ્રી કુંવરજીભાઈ બોલવાના છે.

**અધ્યક્ષશ્રી** : આપને ૬૩ મિનિટ ફાળવી છે એમાંથી ૫૫ થઈ ગઈ છે. આપની ૨૭ મિનિટ થઈ છે. આપની ૨૦ મિનિટ કરતાં વધારે થઈ છે.

**શ્રી ઇકબાલ પટેલ** : હું એક મિનિટમાં પૂરું કરું છું. શ્રી ફકીરભાઈ સારું ધ્યાન રાખે છે. માનનીય અધ્યક્ષશ્રી, નાના ઉદ્યોગો માટે કોઈ રાહત જાહેર કરવામાં આવતી નથી અને માનીતા ઉદ્યોગપતિઓ માટે લાલ જાજમ પાથરવામાં આવે છે અને નાના-મધ્યમ ઉદ્યોગો છે એ ઉદ્યોગો જમીન માગે તો જમીન પણ આપવામાં આવતી નથી. ૪૦૦ જેટલી જમીન માગણીની અરજીઓ પેન્ડીંગ હોવા છતાં દહેજમાં માત્ર ૮ ઉદ્યોગપતિઓને જમીન આપવાનો ઠરાવ કરેલ છે અને આ રીતે એમને અન્યાય થઈ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રે ગુજરાતની વાત કરવામાં આવે છે ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, જેમ વાઈબ્રન્ટમાં વિશ્વના લોકોને લાવીએ છીએ તેમ પ્રવાસન માટે પણ લોકો ગુજરાતમાં આવે તે માટે બજૅટમાં જોગવાઈ કરવી પડશે એ પ્રમાણેની જોગવાઈ કરેલ નથી. આમ સમગ્ર રીતે જોતાં આદરણીય નાણામંત્રીશ્રી ૧૪મી વખત બજૅટ લઈને આવ્યા છે, ખૂબ અનુભવી છે, એમની કોઈ મર્યાદા હોય એ સમજી શકાય છે. પણ જે ઘણા બધા ક્ષેત્રમાં જે જોગવાઈ કરવી જોઈએ એ કરેલ નથી એટલે અંદાજપત્રને સમર્થન આપી શકાય તેમ નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને આવકારવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી વાત થતી હતી કે, ગુજરાતમાં આ નથી, ફલાણું નથી, ઢીંકણું નથી. તો મારે કહેવું છે કે, કેન્દ્ર સરકારે જે અગિયારમા નાણા પંચની યોજના નક્કી કરી એમાં વિકાસ દર ૯ ટકા નક્કી

કર્યો એમાં ગુજરાતને વિકાસ દર ૧૧.૨ ટકા આપ્યો. જેની ચેલેન્જ ગુજરાતે ઉપાડી લીધી અને આપણે વિકાસ દર હાંસલ કર્યો ૧૨.૭૯ ટકા. આના ઉપરથી સામાન્ય માણસ જાણી શકે કે, ગુજરાતની અંદર વિકાસ થઈ રહ્યો છે. તો ખરા અર્થમાં વાત કરતા. ગામડામાં શું સ્થિતિ હતી? આપણને બધાને ખબર છે કે ગામડાની અંદર રસ્તા નહોતા, ગામડાની અંદર પાણી નહોતું, ગામડાની અંદર શાળાના ઓરડાઓ નહોતા, ગામડાઓની અંદર કોઈપણ જાતની સુવિધા નહોતી. આજે ગામડાની અંદર જોઈએ તો દરેક ગામની અંદર સિમેંટના રસ્તાઓ જોવા મળે છે. ઘ ોર ઘેર પાણીના નળ જોવા મળે છે, ગામડાની અંદર શાળાના ઓરડાઓ જોવા મળે છે, ચેકડેમ જોવા મળે છે. આપણે કહીશું કે ગામડામાં કાંઈ થયું નથી. આપણે ૧૯૯૫માં અહીં ગાંધીનગર આવતા ત્યારે રાજકોટથી આવતાં કયા ટાઇપના રસ્તાઓ હતા? સુરત અને ભરૂચ બાજુથી આવતા જોઈએ તો ગુજરાતના જે રસ્તાઓ બન્યા છે એના ઉપરથી આપણે બધાએ નક્કી કરવાનું છે કે, ગુજરાતનો વિકાસ થયો છે કે કેમ? આટલા બધા ઉદ્યોગો આવ્યા છે. પહેલાં ગાડાની દુર્દશા હતી. એક વખત ગામડાઓમાં ભાગલા પાડીને રાજ કરવાની નીતિ હતી. ગામડાની અંદર પંચાયતની ચૂંટણી થાય. એમાં બે ભાગ થાય. એમાંથી એક ભાગ ફરજિયાત વિરોધમાં રહેવાનો. આ રીતે ગામડાની અંદર ચૂંટણી કરાવીને, વેરઝેર કરાવીને રાજનીતિ ચલાવતા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામડાની અંદર એકતા રહે, ભાઈચારાની લાગણી રહે, એના માટે સમરસ ગામની યોજના દાખલ કરી. આ યોજના પહેલાં પણ હતી. પહેલાં સમરસ ગામને રૂ.૩૦૦૦/- આપીને સંતોષ અનુભવતા હતા. આટલી નાની રકમમાં કોઈ સહમત ન થાય. આજે આ યોજના થકી ગામડામાં ભાઈચારો રહે, ગામડાની એકતા રહે અને ગામડાનો વિકાસ થાય એ માટે સરકાર પૈસા આપે. આના કારણે ઘણી ગ્રામપંચાયતો બીનહરીફ થાય છે. પણ છતાં કોંગ્રેસના મિત્રો એક વાવાઝોડાના રુપમાં જયારે ગ્રામપંચાયતીની ચૂંટણી આવે એટલે ગામડાઓ ઉપર ચોંટી પડે, કાંઈ નહીં તો •(xxxx) અને ફોર્મ ભરીને ઉભા રાખી દે ગ્રામપંચાયત બીનહરીફ થાવી ન જોઈએ એના માટે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (xxxx) શબ્દ અસંસદીય જાહેર કરું છું. અને મોહનભાઈ આવા શબ્દોથી દૂર રહો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : સોરી સાહેબ.

**શ્રી ઈકબાલ પટેલ** : કોંગ્રેસવાળા બોલે ..

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગામડાના ખેડૂતની આપણે હમણાં વાત કરતા હતા કે ગામડાના ખેડૂતને આ નથી આપ્યું, તે નથી આપ્યું. ગામડાના ખેડૂતને શું આપ્યું અને શું નથી આપ્યું એની વાત કરવાનો આપણને અધિકાર નથી. કારણ કે કોંગ્રેસની સરકારે ચૂંટાણા પછી અને ગાદીએ બેઠા પછી એમ કીધું હતું કે ૧૦૦ દિવસની અંદર અમે તમને સારા દિવસો બતાવીશું. તમને ખુશ કરશું. અત્યારે વરસાદની ખેંચ હોવાને કારણે ગામડાનો નાનો ખેડૂત પશુપાલક હોય એ કોઈપણ જગ્યાએ થોડું થોડું પાણી હોય ત્યાં પોતાના ઓઈલ એન્જીન મૂકી અને પોતાને ઘાસચારો કે પોતાના આર્થિક ઉપાર્જન માટે કોઈપણ વસ્તુ વાવવા પ્રયત્ન કરી રહયો હોય ત્યારે એને મરણતોલ ફટકો આ કોંગ્રેસે આપ્યો અને ડીઝલના ભાવ વધારી અને આ ગામડાના ખેડૂતની કમરને બેવડી વાળી દીધી. ૧૨૦૦ કરોડ રૂપિયા ગુજરાતમાંથી એક વર્ષમાં •(xxxx) પ્રયત્નો છે.

**અધ્યક્ષશ્રી** : *(xxxx) એ શબ્દ મેં અસંસદીય જાહેર કરેલો છે

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : ગામડાની અંદર જે પશુપાલક હોય પોતાના પશુ ઉપર પોતાનું ગુજરાન ચલાવતા હોય અને આ પશુપાલક પોતાના માલઢોરમાંથી દૂધનું ઉત્પાદન કરી અને શહેરમાં એક નાની એવી મોટરસાઈકલ હોય આ લઈને શહેરમાં દુધ દેવા જાય, આને આ પેટ્રોલ પોસાય નહીં, આના કારણે એની દૂધની પડતર વધી જાય, તો ગામડામાંથી જે શહેરમાં દૂધ જાય, શહેરના ગરીબ માણસોને આ દુધ મોંઘુ પડે પછી આપણે કહીએ કે મોંઘવારી વધી ગઈ. ખેડૂત ઉત્પાદન કરે એની પણ આમાં પડતર વધવાની છે એના કારણે એનો પણ માલ મોંઘો થવાનો તો આપણે કહીએ કે મોંઘવારી વધી ગઈ, તો ખરા અર્થમાં જો ગામડાને સધ્ધર કરવું હોય અને ગામડાકીય યોજના આપવી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જયાં ચેકડેમની યોજના આપી., ગામડાના ખેડૂતને બે વસ્તુ જોવે, એક પાણી અને એક માર્ગદર્શન. આ બેય વસ્તુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી. એ ગામડાની અંદર ગામડાના ખેડૂતોને પૂરતું માર્ગદર્શન મળે એના માટે કૃષિરથ, આપણા ગામડાના કૃષિના નિષ્ણાતો ગામોગામ ગયા, દરેક ગામડાના ખેડૂતોને કઈ રીતે વાવેતર કરવુ, કેટલું ખાતર નાખવું, કેટલા પ્રમાણમાં નાખવું કઈ દવા છાંટવી આના માર્ગદર્શનના કારણે અને આ ચેકડેમો અને કુદરતની મહેરબાનીને કારણે ૯હજાર કરોડથી ૩૮ હજાર કરોડે આ ઉત્પાદન ગુજરાતનું ગ્રામ્ય ઉત્પાદન વધ્યું. ખરા અર્થમાં જયારે આવી પ્રગતિ થઈ હોય, આપણે દરેક ગામડામાં જોઈ શકીએ છીએ કે ગામડામાં આજથી ૨૦ વર્ષ પહેલા આપણી સ્થિતિ શું હતી? આજે ગામડાની સ્થિતિ શું છે એ આપણે બધા જાણીએ છીએ. છતાં પણ આપણે જાન લઈને ગયા હોય દીકરાને પરણાવવા અને કન્યાપક્ષવાળાનો એક નિયમ હોય કે ફર્સ્ટકલાસ મજાનો મુરતીયો હોય તોય

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કહે કે બાડો બોબડો છે. એટલે આ સ્થિતિ તમારી છે.. કારણ કે એ ગીતમાં જેમ ગાય એમ તમે અત્યારે ગીત ગાવ છો, કે આ બજેટમાં આમ નથી, આ બજેટમાં આમ નથી. કારણ કે એ તમારી એક ફરજ છે. પણ ખરા અર્થમાં તમને પોતાને થાય છે, કે ૧૯૯૦ થી ૨૦૧૨ સુધીનો વનવાસ દીધો, ગુજરાતની પ્રજા કંઈ ગાલાવેલી નથી. એને ખબર હતી કે આ સરકાર આવ્યા પછી ગામડાનો વિકાસ થયો છે. આપણે સધ્ધર થયા છીએ તો આ સરકાર ગુજરાતમાં ચાલુ રહે એ આપણા હિતમાં છો. એના કારણે ૧૯૯૦ થી આ ૨૦૧૨નો વનવાસ આપ્યો. હમણાં વિરોધપક્ષના નેતા કહેતા હતા કે ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં તમારો હાથ ઉપર ન રહયો, નહીં તો તમે અમને ઉભા ના રહેવા દેત. પણ અમે ૧૪ની ૧૫ કરી અને તમે એક ઓછી કરી એટલે હાથ તો ઉપર રહે જ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. બીજા નંબરમાં એક વાત એ લોકોને વધારે ખટકે છે કે નંબર-વન નંબર-વન ,આ એને બહુ ખૂંચે છે પણ ત્રણ જણા નંબર-વન છે છએ તો તમે બોલ્યા નહીં, એસ.આર.પી. એ કાયમ ત્રણને નંબર-વન નંબર-વન કરે તો પણ અમે તો કોઈ દિવસ બોલતા નથી. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી, જયારે લોકશાહીની લડત માટે કોંગ્રેસની રચના કરી, આ કોંગ્રેસની રચના કર્યા પછી ભારત સ્વતંત્ર થયું. પછી એણે એમ કીધું કે આ કોંગ્રેસને આપણે વિખેરી નાખવી અને પછી જે પક્ષ રચવો હોય એ રચી અને આગળ વધો. ત્યારે આ ગાંધીજીનું માન નહોતું રહયું, એને અપમાનીત કરી અને કોંગ્રેસને ચાલુ રાખી, અને આ નામને એમણે કાયમ રાખ્યું એટલે વિદેશમાં એમ થાય કે ઓહ હો આ તો બધા ગાંધીજીના વારસદારો. ગામડામાં નહીંતો આપણે એમ કહીએ કે ચોરી થાય, સોનાની થાય, ત્રાંબાની થાય ઘરમાંથી દાગીનાની ગમે તેની થાય પણ આ તો શાખની ચોરી થઈ ગઈ. અત્યાર સુધી એમના નામને વટાવ્યા કર્યું અને આ નામના કારણે વિદેશમાં એમ થાય કે મહાત્માજીના પરિવારજનો છે. આ તો સારામાં સારા છે. પણ એ પણ દુ:ખી થાય છે. એમણે વિખેરવાનું કહ્યું હતું પણ તમે વિખેરી નહીં એનું એમને ઘણું દુ:ખ થાય છે પણ એનું શું કરવું?

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે, સરદાર વલ્લભભાઈ પટેલ કે જેમને આ ગુજરાતના ખેડૂતો પોતાના ચામડાના જોડા પહેરાવે તો પણ ઋણ ન ચૂકવી શકે એવા આ સરદાર વલ્લભભાઈ પટેલને આ કોંગ્રેસના મિત્રો ભૂલી ગયા હતા. ૧૯૯૫માં કેન્દ્રની અંદર ભારતીય જનતા પક્ષની સરકાર આવી અને પાર્લામેન્ટના સેન્ટ્રલ હોલમાં એની પ્રતિમા બેસાડી. ૫૦ વર્ષ સુધી તમને સૂઝ્યું ન હતું. આ તો બોલવું શું અને કરવું શું? ખરા અર્થમાં ગુજરાતમાં ઊર્જા ક્ષેત્રે આગળ વધવા વિન્ડફાર્મ છે એની નીતિ આ ભારતીય જનતા પક્ષની સરકારે તા. ૧-૬-૧૯૯૪ના રોજ મૂકેલી. ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વિન્ડફાર્મ થકી વીજળી ઉત્પન્ન થઈ શકે એમ છે. એક હેકટરના ૧૦ હજાર રૂપિયાના ભાડા તરીકે ટેકરાળ, પથરાળ જમીનમાં વિન્ડફાર્મ થઈ શકે એના કારણે વીજળીની બાબતમાં ગુજરાતને ફાયદો થાય એવી નીતિ નક્કી કરીને સૌરાષ્ટ્રના આઠે આઠ જિલ્લામાં વિન્ડફાર્મ માટે ઉદ્યોગકારોને ભાડાપટ્ટે જમીન આપીને વીજળી ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો છે. આવા વિન્ડફાર્મ રાજકોટ, કચ્છ કે જામનગર જિલ્લામાં આવેલા છે. એના કારણે રાજ્ય સરકારને વીજળીની બાબતમાં મોટામાં મોટો લાભ થશે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, આજે ગુજરાતની ૧૨મી વિધાનસભામાં આદરણીય વજુભાઈ વાળા, અમારા સૌરાષ્ટ્રના વજુભાઈ વાળાએ ખૂબ જ સુંદર અને અગાઉ ક્યારેય મુકાયું નથી એવું પુરાંતવાળું બજેટ મૂકવાની પરંપરા ચાલું રાખી છે અને પોતાના અગાઉના રેકર્ડ તોડીને ૧૪મી વખત હ્યુમન ઈન્ડેક્ષને ધ્યાનમાં રાખીને અને સાથોસાથ સામાજિક સેવામાં અપ્રતિમ એટલે કે ૪૫ ટકાથી વધારે જોગવાઈ ઊભી કરી અને એક નવી દિશા ગુજરાત સિવાયના બીજા રાજ્યોને પણ આપી છે કે આ રીતે નાણાકીય બજૅટ મૂકી શકાય. ગયા વર્ષે ૨૧૦૦૦ કરોડનું અને આ વર્ષે ૨૩૨૭૫ કરોડનું પ્લાન બજૅટ મૂકવામાં આવ્યું છે. મારી યાદ કરાવવું છે કે આ ૨૩૭૫ કરોડના વધારા સાથેનું બજૅટ મંદીના સમયમાં મૂકેલ છે. સાથોસાથ ૭ લાખ કર્મચારીઓ માટેના છઠ્ઠા પગારપંચના કારણે આવનારા ૪ હજાર કરોડના બોજનો પણ સ્વીકાર કરીને નાણામંત્રીશ્રીએ અદ્‌ભુત બજૅટ મૂકેલ છે. એમને ગૃહના એક સભ્ય તરીકે હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મૂકીને આજે આ ગુજરાત રાજ્યના શહેરોને વૈશ્વિક કક્ષા સુધી લઈ જવાની નેમ છે. વિશ્વના બીજા દેશોમાં જેવા શહેરો છે એવા મારા ગુજરાત રાજ્યના શહેરો બને એવા સંકલ્પ સાથે આ જે શહેરી વિકાસની યોજના ૭ હજાર કરોડની મૂકી છે એ શહેરી વિસ્તારના ધારાસભ્ય તરીકે આ યોજનાને હું લાખ લાખ અભિનંદન પાઠવું છે. આ યોજનાના કારણે દર વર્ષે ૧૫૦૦ કરોડ રૂપિયા શહેરી વિકાસ માટે વાપરવામાં આવશે. હું પણ ભાવનગરની પ્રથમ મહિલા મેયર તરીકે રહી ચૂકી છું. મારો અનુભવ જણાવું તો ક્યારેય કોઈ સરકાર મહાનગરપાલિકાઓને મદદ કરશે, એના માટે વિચારશે, એને આર્થિક મદદરૂપ બનશે એવી કલ્પના કે વિચાર પણ કર્યો ન હતો. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ પોતાની મેળે નાણા ઊભા કરવાના હોય અને એમાંથી જે શક્ય બને એટલો વિકાસ કરતા હતા. પરંતુ પગાર અને અન્ય ખર્ચમાં નાણા ખર્ચાઈ જતા હતા અને જોઈએ તેટલો વિકાસ થઈ શકતો ન હતો. આ ચિંતા કરી આદરણીય મુખ્યમંત્રીશ્રી જ્યારે સ્વર્ણિમ જયંતી ઉજવવા જઈ રહ્યા છે ત્યારે વિશ્વના દેશોની કોમ્પીટેશનમાં આપણે ઉણા ન ઊતરીએ એના માટેની યોજના બનાવી છે એને હું ખૂબ ખૂબ બિરદાવું છું અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સ્વર્ણિમ જયંતી સોરઠ વિકાસ યોજના આપણા ગુજરાતને સોરઠનું આપણને ગૌરવ છે. કારણ કે સોરઠના સિંહો

આખા દેશની અંદર વખણાય છે. સોરઠની અંદર આવેલું દ્વાદશ જ્યોર્તિલિંગ બધા શીવભકતો જ્યાં દંડવત પ્રણામ કરવા માટે તત્પર છે, ગીરી કંદરાઓ અને આ વનરાજીઓને જાણવા-માણવા માટે માત્ર રાષ્ટ્રીય નહિ, આંતરરાષ્ટ્રીય લોકો પણ અહીંયા પ્રવાસન તરીકે આવતા હોય છે ત્યારે આ સોરઠના વિકાસની યોજના મૂકી આદરણીય મુખ્યમંત્રી અને આદરણીય નાણામંત્રીએ એક અવનવું પગલું ભર્યુ છે અને આ ૬૦૦ કરોડની યોજના માટે મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને લાખ લાખ હ્રદયપૂર્વકના અભિનંદન પાઠવું છું અને ગુજરાતનું ગૌરવ વધારવા બદલ એમને પણ હું અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષ મહોદય, એક મહિલા ધારાસભ્ય હોવાથી પાણી બાબતે હું થોડીક જાગૃત હોઉં સ્વાભાવિક હોય એ આપ બધા સમજી શકો છો અને મને કહેતાં આનંદ છે કે હમણાંજ ગુજરાત સરકારને ૨૩મી જૂને આંતરરાષ્ટ્રીય લેવલે ખ્યાતનામ સંસ્થા યુ.એન.ઓ. સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા એક અધ્વિતિય એવોર્ડ આપવામાં આવે. આ વાસ્મો સંસ્થા જે ગુજરાત સરકાર દ્વારા ચાલતી સંસ્થાને આંતરરાષ્ટ્રીય રીતે આપણે બધા જાણીએ છીએ કે આ યુ.એન.ઓ. કોઈ પક્ષ, વ્યકિત કે કોઈના દોરાવ્યા દોરાય નહિ. પરંતુ અમેરિકાની ખ્યાતનામ વિશ્વ પ્રસિદ્ધ યુ.એન.ઓ.સંસ્થા એ વાસ્મોને જળ વ્યવસ્થાપન માટે ગુજરાત સરકારને લાખ લાભ અભિનંદન આપી અને એવોર્ડ આપ્યો છે અને હમણાં નહિ ૧૫ દિવસ પહેલાની આ ૨૩મી જૂનની જ વાત છે. મિત્રો હું આ સભાગૃહને વિનંતી કરું છું કે આ કામ માટે, જળ વ્યવસ્થાપન માટે આખું વિશ્વ જ્યારે તત્પર છે અને આવતા દિવસોની અંદર એવી શંકાઓ ઊભી થઈ રહી છે કે કોઈ વિશ્વ યુદ્ધ હશે તો એ જળ માટેનું હશે. આવા સમયની અંદર પણ મુખ્યમંત્રીશ્રીએ અને સરકારે વાસ્મો જેવી યોજના યોજી અને યુ.એન.ઓ. દ્વારા જે એવોર્ડ પ્રાપ્ત કર્યો છે એના માટે આ ગૃહના તમામ સભ્યો પાટલી થપ થપાવીને અભિનંદન આપે એવી વિનંતી કરું છું. (આ તબકકે ભા.જ.પ.ના સભ્યશ્રીઓ દ્વારા પાટલી થપ થપાવવામાં આવી.) આના માટે આગળ ઉપર આપણે જાણીએ છીએ -

**"ચલતા રહ્યાં જો અપને પથ પર લાખ મુસિબત આને મેં
મિલ સફળતા ઉસકો જગમેં જીને મેં મરજાનેમેં".**

પોતાના પથ ઉપર કોઈ વસ્તુનું ચિંતા કર્યા વગર, ધ્યેય નક્કી કરીને ચાલતો માણસ પ્રસિદ્ધિ અને સાથે સાથે સફળતા જરૂર પામે છે. એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. જે લોકોને જે માનવું હોય એ માને. હમણાં જ મારા વિપક્ષના એક મિત્રએ વાત કરી સર્વ શિક્ષા અભિયાનની. સર્વ શિક્ષા અભિયાન આમ તો ભારત સરકાર પણ ગુજરાત સરકારની સાથે સાથે વિશ્વની અંદર અને દેશની અંદર પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ખૂબ કટિબદ્ધ છે અને આ માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા ભારત સરકાર દરેક રાજ્યોને ૭૫:૨૫ ના રેશિયા પ્રમાણે સહાય આપતી હોય છે. આદરણીય અધ્યક્ષ મહોદય મારે આ ગૃહને જણાવવું છે કે અત્યાર સુધી ૭૫:૨૫ ટકાનો રેશિયો હતો એ રેશિયાને આજે ૬૫:૩૫ માં લઈ જઈને આ ગુજરાત સરકાર ઉપર જે બોજો વધારવાનું કામ કર્યુ છે ત્યારે મારા આદરણીય વિપક્ષના નેતાશ્રીને અને કોંગ્રેસના સભ્યશ્રીઓને વિનંતી કરું કે આ સંયોગ જે અગાઉ હતો એ ચાલુ રખાવવા માટેના આપના તરફથી પ્રયત્ન કરવામાં આવે.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦ માં ગુજરાત જ્યારે સ્વર્ણિમ જયંતી ઉજવી રહ્યું છે ત્યારે આદરણીય નાણામંત્રી પોતાનો રેકોર્ડ તોડી અને ૧૪મી વખત આ ગુજરાત વિધાનસભામાં બજેટ રજૂ કર્યુ છે એ માટે માનનીય નાણામંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત છેલ્લા આઠ વર્ષથી માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને કુશળ વહીવટકર્તાના લીધે દુનિયામાં એક પ્રગતિશીલ રાષ્ટ્ર તરીકે પોતાની છાપ ઊભી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે વાયબ્રન્ટ ગુજરાત તરીકે, એક ઔદ્યોગિક વિસ્તાર તરીકે પણ એની આગવી ઓળખ ધરાવે છે અને ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં પણ ગુજરાત એક આગવી ઓળખ તરીકે જ્યારે પ્રસ્થાપિત થયું છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી નંબર-વન એટલા માટે કહેવાય છે કે અત્યાર સુધી રાષ્ટ્રીય કક્ષાએ ૧૦૦ કરતાં વધારે મેડલ માનનીય મુખ્યમંત્રીશ્રીને મળ્યા છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે જે કુશળ વહીવટકર્તા તરીકે દીર્ઘદ્રષ્ટિથી આયોજન કર્યુ છે એના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય નાણા મંત્રીશ્રીએ ૧૧મી પંચવર્ષીય યોજનાનો લક્ષ્યાંક ૧,૧૧,૧૧૧/- કરોડનો હતો અને એ લક્ષ્યાંક ગુજરાતની સ્થાપના થયેથી અત્યાર સુધીની પંચ વર્ષીય યોજનાઓ કરતાં વધારે છે. ૨૧૦૦/- કરોડનું હતું અને ૨૦૦૯-૨૦૧૦નું બજૅટ ૨૩,૨૭૫/- કરોડનું એટલે કે ૧૧ ટકાના વધારા સાથેનું આ બજૅટ છે અને ગુજરાતના સર્વાંગી વિકાસ માટે માનનીય નાણા મંત્રીશ્રીએ બધા વિભાગો માટે સરખી રીતે અને બધા વિભાગોનું આયોજન થાય એ માટે આ ગ્રાન્ટ ફાળવેલી છે. માનનીય નાણા મંત્રીશ્રીએ આદિવાસી વિસ્તારો માટે વન બંધુ કલ્યાણ યોજના અને સાગર ખેડૂઓ માટે સાગર કલ્યાણ યોજનાના નામે આ યોજનાઓ શરૂ કરી છે. મારે કહેવું છેકે, અત્યાર સુધી ગુજરાતમાં ન્યાય ક્ષેત્રે જે કામગીરી થઈ છે સાંધ્ય કોર્ટો સાથે એ ગુજરાતનું એક આગવું પ્રદાન છે. આ સાંધ્ય કોર્ટોના લીધે ગુજરાતના જે પડતર કેસો હતા એ પડતર કેસોમાં ખૂબ જ ઘટાડો થયો છે અને અત્યાર સુધી ૮૭ કોર્ટો હતો એમાં પણ વધારો કરવાની માનનીય નાણા મંત્રીશ્રીએ બજૅટમાં જોગવાઈ કરેલી છે અને ૨૦૧૧ સુધીમાં એક વર્ષ કરતાં વધારે જૂના કેસો જે પડતર છે એને પૂરા કરવાનો આ સરકારે સંકલ્પ કરેલો છે ત્યારે કાયદા વિભાગ માટે મદદનીશ સરકારી વકીલો નીમવા માટે અને કોર્ટોની માળખાકીય

સુવિધા માટે આ બજૅટમાં જોગવાઈ કરેલી છે. ૧૩૮ના કેસો જે છે એના માટે અલગ કોર્ટોની સ્થાપના કરવાની યોજના કરી છે. એ ફૅમિલી કોર્ટો માટે પણ નાણા મંત્રીશ્રી દ્વારા જોગવાઈ કરવામાં આવેલી છે. ગુજરાત એ ખેતીમાં, ખેત પેદાશો માટે અગ્રેસર છે. કારણ કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના ખેતીના વિકાસ માટે ગામડાઓમાં આ કૃષિ રથ કાઠી અને કૃષિ રથોના લીધે ગામડાઓમાં વૈજ્ઞાનિકો આપણા ગયા અને ખેડૂતોને સમજ આપી એના લીધે ૯,૦૦૦/- કરોડથી ૪૭,૦૦૦/- કરોડ સુધી આ ગુજરાતના ખેડૂતોના પ્રયત્નોના લીધે ખેત પેદાશો થયેલી છે. માનનીય નાણા મંત્રીશ્રીએ જ્યારે કોર્ટો માટેની વ્યવસ્થા કરી છે ત્યારે મારા ગાંધીનગર માટે પણ લો યુનિવર્સિટી માટે કોબા મુકામે જે જમીન સંપાદન કરી અને એના ઉપર બાંધકામ કરવા માટે પણ નાણા મંત્રીશ્રીએ બજૅટમાં જોગવાઈ કરેલી છે. ગાંધીનગરને સૌર ઊર્જા બનાવવા માટે પણ સરકારશ્રીની યોજના આ બજૅટમાં જોગવાઈ કરેલી છે ત્યારે હું નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગુજરાતના આર્થિક વિકાસની સાથે સાથે (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : અડધી મિનિટ છે, આપનું પૂરું કરો ત્યાં સુધી.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો આર્થિક વિકાસ દર ૧૧મી પંચ વર્ષીય યોજનામાં જ્યારે રાષ્ટ્રનો આર્થિક વિકાસ દર ૯ ટકા હતો ત્યારે ગુજરાતને આર્થિક વિકાસ દર ૧૧.૨ ટકા ફાળવવામાં આવ્યો હતો અને આ વિકાસ હતો એના કરતાં પણ ગુજરાતે પ્રથમ વર્ષમાં જ ૧૨.૧૧ ટકાનો આ લક્ષ્યાંક પૂરો કરેલ છે ત્યારે આ બધું નાણા મંત્રીશ્રીએ જે બજૅટ ફાળવ્યું છે એના લીધે શકય બન્યું છે એ માટે હું નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના મહામૂલા અવસર પૂર્વે ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાને ઐતિહાસિક પુરાંતવાળું બર્ડનલેસ બજેટ આપવા માટે રાજયના નાણામંત્રીશ્રીને મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું અને સમગ્ર વિશ્વ જેનાથી ચિંતિત છે એવા વિષયની સાથે બજેટની ચર્ચાની શરૂઆત કરું છું. ગ્લોબલ વોર્મિંગ એ આજે સમગ્ર વિશ્વ માટે ખતરારૂપ બાબત છે. પૃથ્વીની હવામાં નાઈટ્રોજન અને ઓકિસજન એમ બે મુખ્ય વાયુઓ ૯૯ટકા છે ઉપરાંત કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ મહત્તમ હોય આ પ્રમાણ જે વાયુનું છે વૈજ્ઞાનિક અભ્યાસ પ્રમાણે છેલ્લા ૨૦૦ વર્ષોમાં એનું પ્રમાણ ૨૮૦ પી.પી.એમ. એટલે ૦.૦૨૮ટકાથી વધીને અત્યારે ૩૩૦ પી.પી.એમ. એટલે કે ૦.૦૩૩ટકા જેટલું થયું છે જેના કારણે ઘરતી પરથી પરિવર્તિત થતી ઉર્જા એ અવકાશમાં વિલિન થતી અટકે છે અને ગરમીનું પ્રમાણ વધે છે માટે આના પરિણામે વાતાવરણમાં એક અંશ સેલ્સિયસથી પાંચ અંશ સેલ્સિયસ જેટલો ગરમીમાં વધારો થયો છે જેના પરિણામે ધૃવ પ્રદેશોના બરફ પણ ઓગળવા માંડયા છે અને આગામી સમયમાં નીચાણવાળા વિસ્તારોમાં દરિયાની સપાટીમાં પાણી વધવાથી એ વિસ્તિારોમાં ખૂબ ગંભીર પરિસ્થિતિ સર્જાય એ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થઈ ત્યારે મને એ વાતનું ગૌરવ છે કે મારી સરકાર અને સરકારના રાહબર અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ આ વિષયની ચિંતા કરી અને સરકારે કલાઈમેટ ચેન્જ નામનો અલગ વહીવટી વિભાગ બનાવવાનો નિર્ણય કરી અને આ ક્ષેત્રે સુચારુ વ્યુહ અપનાવી અને આ ગૌરવપૂર્ણ એટલા માટે છે કે આ પ્રકારનો વિભાગ બનાવનાર ગુજરાત રાજય સમગ્ર દેશનું પહેલું રાજય છે અને સમગ્ર વિશ્વમાં ચોથા ક્રમે છે. આ પ્રકારનો વિચાર લઈને આ રાજય આવેલું છે. આપણા ઋષિ મુનિઓએ પણ આ સંદર્ભે આપણું ધ્યાન દોરેલું છે કે પ્રકૃતિનું દોહન કરવું જોઈએ શોષણ ન કરવું જોઈએ. આજે જયારે વ્યકિતગત સ્વાર્થમાં અને પોતાના ઉપભોગો અનેકગણા વધાર્યા છે ત્યારે પ્રકૃતિનું એ પ્રમાણે શોષણ થઈ રહયું છે એને પરિણામે આવા અનેક પ્રકારના વિષયો ઉભા થવા માંડયા છે. ઈશાવાસ્યમ ઉપનિષદમાં પણ આપણને " ત્યેન ત્યકતેન ભુંજીતા" તું ત્યાગીને ભોગોવ એ પ્રકારની વાત આપણને કરી છે છતાંપણ જયારે આપણે ભોગવાદ તરફ ખૂબ આગળ વધ્યા હોઈએ ત્યારે પ્રકૃતિની ચિંતા ન કરવાને કારણે આ પ્રકારની સ્થિતિ નિર્માણ થઈ હોય ત્યારે રાજયની આ સરકારે અનેક પ્રકારના એવા વિષયો લીધા છે એ પછી જળસંચયનો હોય, તળાવો ઉંડા કરી, બોરીબંધ બનાવી કે સિંચાઈની અનેક સુજલામ સુફલામ જેવી યોજનાઓ કરી અને આ રાજયનું પાણીનું સ્તર ઉંચું આવે એ પ્રકારનો સુંદર પ્રયત્ન માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં થયો છે. હવા પ્રદુષિત થતી અટકે એટલા માટે વૃક્ષોના વાવેતરના સંદર્ભે ખૂબ મોટી ચિંતા આ રાજય સરકારે કરી છે. આ પ્રમાણે કલાઈમેટ ચેન્જના વિભાગ માટે ફકત ગુજરાત કે ભારતને આનો ફાયદો થવાનો છે એવું નથી પણ સમગ્ર વિશ્વને જયારે આ યોજનાથી ફાયદો થવાનો હોય ત્યારે આપણા ઋષિમુનિઓએ કહેલી વાત મને યાદ આવે છે. આપણે એ પરંપરામાંથી આવીએ છીએ "વસુધૈવ કુટુમ્બકમ" ની ભાવના રાખવાવાળા આપણે લોકો સાચા અર્થમાં ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રી આ પ્રકારના વિચારને લઈને આવે છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અનેક અનેક અભિનંદન આપવાનું મન થાય છે. રાજયમાં જે પ્રકારે રસ્તઓની વ્યવસ્થા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઉભી થઈ છે. ભુતકાળના રસ્તાઓ, આ ગૃહમાં બેઠેલા બધા જ સભ્યોને ખબર છે. ઉબડખાબડ રસ્તાઓને કારણે સમયથી માંડીને અનેક પ્રકારના ખર્ચા, એકસીડન્ટ આવા અનેક વિષયો ઉભા થતા હતા એ ન થાય એટલા માટે રાજય સરકારે અને ખાસ કરીને વિભાગના માનનીય મંત્રી આનંદીબેન પટેલે જે ચિંતા રસ્તાઓની કરી છે એને કારણે અંતરિયાળ ગામોના રસ્તાઓ પણ ખૂબ જ સુંદર બન્યા છે. માર્ગ અને મકાન વિભાગ હેઠળ ૨૦૦૮-૦૯ માં ૧૭૭૫ કરોડની જોગવાઈ સામે વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ ૨૦૭૫

કરોડ રૂપિયા કરી. આ વિભાગે નક્કી કર્યુ છે કે રાજ્યના મોટા ભાગના રસ્તાઓ ખૂબ સુંદર હોય, જેના પરિણામે ગ્રામ્ય કક્ષા સુધી, ગામડાના લોકોને આનો લાભ મળે તે પ્રકારની ચિંતા કરી છે. (સમય સૂચક ઘંટડી) કિસાનપથ યોજના હેઠળ ૨૦૦૫-૦૬ માં ૪૭૫ રસ્તાનાં કામ ૨૦૨૦ કિ.મી. લંબાઈના ૧૧૫.૬૬ કરોડની કિંમતે મંજૂર કરવામાં આવ્યા હતા. જે પૈકીના ૪૭૦ રસ્તાનાં કામો ૨૦૧૦ કિ.મી. લંબાઈના ૧૩૩.૪૧ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે.

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આદરણીય શ્રી વજુભાઈ વાળા ૧૪મી વખત ૨૦૦૯-૧૦ નું અંદાજપત્ર લઈને આવ્યા છે, એના સમર્થનમાં ઊભો થયો છું.

સને ૨૦૦૮-૦૯ નું જે અંદાજપત્ર હતું, એ ૨૧૦૦૦ કરોડનું હતું, જેમાં ૧૧ ટકા જેટલાનો વધારો કરીને સને ૨૦૦૯-૧૦ નું બજેટ અંદાજે લગભગ ૨૩૨૭૫ કરોડનું કરવામાં આવેલ છે. આ અંદાજપત્રની અંદર જે બજેટની ફાળવણી થઈ છે તે ખૂબ જ આવકારદાયક છે, કારણ કે આ રાજ્યના સમગ્ર ક્ષેત્રનો વિકાસ થાય તે માટે વિભાગોની અંદર અલગ અલગ સદરની અંદર તેમને યોગ્ય માળખાકીય સુવિધા પ્રાપ્ત થાય, એના માટેની બજેટની જોગવાઈ કરવામાં આવેલ છે. આ આ ગુજરાતની અંદર જે કૃષિ ક્ષેત્રે જે હરણફાળ વિકાસ થયો છે, એની નોંધ સમગ્ર દેશે લીધી છે અને દેશના બીજા રાજ્યોએ પણ લીધી છે. આજે કૃષિ અને સહકાર વિભાગની અંદર પણ રૂપિયા ૧૪૪૩.૭૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જ્યારથી કૃષિ મહોત્સવની શરૂઆત આ ગુજરાત રાજ્યની અંદર થઈ છે, ત્યારથી આ ગુજરાતના ખેડૂતો બમણો પાક લેતા થયા છે.

**સભાપતિશ્રી શંકરભાઈ વાઘેલા અધ્યક્ષસ્થાને**

વૈજ્ઞાનિક ઢબે અને આધુનિક સાધનોથી ખેતી તરફ વળીને આજે આર્થિક રીતે તે સદ્ધર થયો છે. લેફ્ટ ટુ લેન્ડ જે ખેડૂત મિત્રોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે અને આ રાજ્યની અંદર ૧૭.૩૭ લાખ જેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે અને આવનારા દિવસોની અંદર બાકીના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટે ૨૦.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આજે આદિવાસી વિસ્તારની અંદર પણ કૃષિ ક્ષેત્રે ક્રાંતિ થાય એના માટે ડેડિયાપાડા ખાતે એગ્રીકલ્ચર એંજિનિયર કૉલેજો સ્થાપવામાં આવી છે અને આવનારા દિવસોમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ખેડબ્રહ્મા અને અમીરગઢ ખાતે કૃષિ પૉલિટૅક્નિકની સ્થાપના કરવામાં આવશે. આજે મારા આદિવાસી વિસ્તારની અંદર એક સમય હતો આદિવાસી સમાજ માટે બીચારો એ શબ્દનો ઉપયોગ કરવામાં આવતો હતો, પણ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ગુજરાતની અંદર આવી, ત્યારથી મારા આદિવાસી સમાજ સ્વાભિમાન ભેર પોતાને આગળ આવવા માટે શિક્ષણનું પ્રમાણ વધેલ છે અને મારા આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થાય, એમના વિસ્તારનો વિકાસ થાય એના માટે આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૧૫,૦૦૦ કરોડનું વનબંધુ પૅકૅજ આપેલ છે. મારા આદિવાસી સમાજ માટે આ વર્ષે સન ૨૦૦૯-૧૦ માટે ૩૫૬૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આદિવાસી વિસ્તારના કલ્યાણ માટે ફાળવણી કરી છે. આ અંદાજપત્ર લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ તેમનો જ રેકર્ડ તોડી અને ૧૪મી વખત ૪૭.૭૬ કરોડની પુરાંતવાળું બજેટ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેમને અભિનંદન આપું છું અને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં ગુજરાત રાજ્ય તેની સ્થાપનાની સ્વર્ણિમ જયંતિ તરીકે ઉજવી રહ્યું છે ત્યારે ગુજરાતમાં વસતા ૫.૫ કરોડ ગુજરાતીઓ તથા દેશ અને દુનિયામાં વસતા ગુજરાતીઓના હૈયાં થનગની રહયા છે. ત્યારે એકપણ રૂપિયાનો બોજો પ્રજા ઉપર નાંખ્યા સિવાય અને હયાત યોજનાઓમાં વધારો કરી અને નવીનત્તમ યોજના લઈને આ ગૃહમાં જયારે માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે કલાઈમેટ ચેઈન્જ યોજના,૭૦૦૦ કરોડની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, ૬૦૦ કરોડની સ્વર્ણિમ જયંતિ સોરઠ વિકાસ યોજના અને બાકીની તમામ જે યોજનાઓ છે તેને ચાલુ રાખીને પણ આટલી મોટી યોજનાઓ લઈને જયારે આવ્યા છે ત્યારે સને ૨૦૦૮-૦૯માં બજેટનું કદ ૨૧ હજાર કરોડ હતું તેની સામે વધીને ૨૩૨૭૫ કરોડની વાર્ષિક યોજનાઓનું કરવામાં આવ્યું છે. ૨૨૭૫ કરોડ અને આ બજેટ એટલે કે ૧૧ ટકા જેટલો વધારો સૂચવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિથી ગુજરાતમાં જે ૩૮ ટકા લોકો શહેરમાં વસે છે જેમાં સાત મહાનગરો અને ૧૫૯ નગરપાલિકાઓના વિકાસ માટે સાત હજાર કરોડનું પેકેજ લઈને આવ્યા છે. પહેલાં નગરપાલિકાઓની સ્થિતિ એવી હતી કે કર ઉઘરાવે અને કર આવે એટલે પગાર થાય, પણ નગરનો વિકાસ ન થાય. જયારે આ સરકાર નગરનો વિકાસ થાય અને લોકોને સુખાકારી વધે તે માટેનું આખું બજેટ લઈને આવ્યા છે ત્યારે નગરપાલિકાઓ એ પૈસા વાપરતા થાકશે એટલા રૂપિયા આ નગરોને આપવા માટે આ સરકાર લઈને આવી છે ત્યારે આ નગરોનો ખૂબ મોટો વિકાસ થવાનો છે. તેવી જ રીતે ૬૦૦ કરોડની સ્વર્ણિમ જયંતિ સોરઠ વિકાસ યોજના જે પ્રવાસન ક્ષેત્રે ગુજરાતને આંતર રાષ્ટ્રીય સ્તરે નામના મેળવશે. જૂનાગઢ, સોમનાથ, પ્રભાસપાટણ, દરિયાકાંઠે આવેલા ચોરવાડ, ઉના, અહમદપુર, માંડવી જેવા પ્રવાસન વિસ્તારોને વિકસાવવાની યોજના લઈને આવ્યા છે ત્યારે આ વિસ્તારની અંદર આવતા પ્રવાસીઓ જે સોરઠના સિંહ અને આ જયોર્તિલિંગના દર્શન માટે

આવે છે ત્યારે ત્યાં સગવડતાઓ ઓછી છે અને તેમાં વધારો થશે, રોડ, રસ્તા, પાણીની અને રહેવાની વ્યવસ્થા ઉભી થશે. ત્યારે લોકોનો વધુ આવવા માટે ધસારો થશે અને આખરે તે આ રાજયની આવકમાં વધારો કરશે. લોકોને તેની સગવડતા મળશે. તેવી જ રીતે આ બજેટમાં અનુસૂચિત જાતિના કલ્યાણ માટે પેટા યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ની અંદર ૧૨૯૪.૯૪ કરોડની જોગવાઈ લઈને જયારે આવ્યા છે ત્યારે અનુસૂચિત જાતિના લોકોમાં પણ હર્ષની લાગણી છે. રાજયના કુલ વસ્તીમાં અનુસૂતિ જાતિની વસ્તી ૩૫.૯૩ લાખ છે. જે ૭.૯ ટકા જેટલી થવા થાય છે. ત્યારે આદિજાતિની વસ્તી જે છે તે દક્ષિણમાં અને પશ્ચિમના આઠ જિલ્લાઓમાં છે. જયારે અનુસૂચિત જાતિની વસ્તી આખા ગુજરાતના દરેક જિલ્લામાં પથરાયેલી છે. ગુજરાતના કુલ ૧૮૨૭૫ ગામો છે તેમાંથી ૧૨૮૦૮ ગામોમાં અનુસૂચિત જાતિની વસ્તી છે. આ અનુસૂચિત જાતિના વિકાસ માટે સરકારે જે જે નવી યોજનાઓ દાખલ કરી છે, વિદેશ અભ્યાસમાં જવાનું. નહીંતર અનુસૂચિત જાતિના લોકોને વિદેશમાં અભ્યાસ કરવા જવાનું સપનું હતું. તે લોકોનું સાકાર થયું અને આ સરકારે અનુસૂચિત જાતિના લોકોને વિદેશમાં અભ્યાસ માટે મોકલ્યા છે. તે જ રીતે ડો.બાબાસાહેબ આંબેડકર જે દલિતોના મસીહા છે તેમનું નામ ભૂલાઈ ગયું હતું. અને એ માટે દરેક જિલ્લામાં ડો. બાબા સાહેબ આંબેડકરના સંકુલો ઊભા કર્યા છે અને ભવનો ઊભા કરી આ યોજના મૂકી છે એવી જ રીતે ડો. બાબા સાહેબ આંબેડકરના નામે મકાનોની યોજના પણ દાખલ કરવામાં આવી છે તેવી જ રીતે અનુસૂચિત જાતિના વિકાસ માટે લાભાર્થી લક્ષી આવક યોજના માટે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ નામનું એક નિગમની સ્થાપના કરવામાં આવી છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ જે બજૅટ લઈને આવ્યા છે, એ બજૅટને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય વજુભાઈ વાળા સાહેબને ખૂબ લાખ- લાખ અભિનંદન આપવા છે કે તેઓશ્રીએ ભાવનગર જિલ્લાના વિકાસની જે વાત છે તેમાં સમર્થન પુરાવ્યું છે. ભાવનગર જિલ્લામાં અત્યારે અલંગ જેવું એક આખા દેશનું નહીં પણ આખા વર્લ્ડનું મોટામાં મોટું શીપીંગ યાર્ડ આવેલું છે ત્યાં લિગ્નાઈટનો ઉદ્યોગ પણ ખૂબ વિશાળ છે પરંતુ માનનીય વજુભાઈ વાળા સાહેબે આ વખતના બજૅટમાં જે ધોલેરા જેવો વિસ્તાર કે જયાં જમીન સાવ બંજર જેવી આવેલી છે એ વિસ્તારનો વિકાસ કરવા માટે પણ આ બજૅટમાં એસઆઈઆરની જોગવાઈ કરેલી છે તેનાથી ભાવનગર જિલ્લાને ખૂબ મોટો ફાયદો થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ ઘોઘા દહેજ ફેરી સર્વિસ કે જે ભાવનગર જિલ્લાના લોકો વધારેમાં વધારે સુરતમાં વસે છે અને એ સુરતની સાથેનું અંતર આ ઘોઘા દહેજ ફેરી સર્વિસ ચાલુ થશે એટલે આ અંતર ઘટવાથી પણ આવવા -જવા માટે લોકોને જે પ્રવાસ થાય છે એમાં એનો ખૂબ મોટો ફાયદો થવાનો છે. મારા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહભાઈ સવારમાં વાત કરતા હતા કે આટલું આટલું ખોટું થયું છે અને આ થયું છે તો મારે એમના ધ્યાન ઉપર મૂકવું છે કે, કે જ્યારે તેઓશ્રી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હતા ત્યારે પાણીના બેડા યુદ્ધ ગામડે- ગામડે જે થતા હતા ત્યારની જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિનો તેઓશ્રીને ખ્યાલ છે કારણ કે તે સમયની સરકાર તેમની જ હતી, અને ગામડે- ગામડે યુદ્ધો થતા હતા અને એનો કોન્ટ્રાકટ પણ કોણ રાખતા હતા એ તો સૌ જાણે છે કારણ કે સોએ સો ટકા તાલુકા પંચાયત કોંગ્રેસની હતી, જિલ્લા પંચાયત કોંગ્રેસની હતી, માર્કેટયાડો પણ કોંગ્રેસના હતા ત્યારે વહીવટમાં જે લોકો હતા એનાથી શું થતું હતું એનાથી તો સૌ માહિતગાર છે. તો આજે જ્યારે ભાવનગર જિલ્લાનો વિકાસ થતો હોય, એમાં હું પાલીતાણા વિસ્તાર કે જે જૈનોની એ પવિત્ર નગરી છે તે નગરીમાંથી હું આવી રહ્યો છું તો રાજય સરકારે આમાં યાત્રા વિકાસ માટે એક સરસ મજાની યોજના કરી છે કે જે એરપોર્ટનું નવું સ્ટૅન્ડ ઊભું કર્યુ છે, એમાં પાલીતાણા શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જે એરપોર્ટ ત્યાં જે ઊભું થશે, ત્યારે વર્લ્ડના જૈનભાઈઓ પાલીતાણા આવે છે, અમારા માનનીય બાબુ કાકા કદાચ અહીયાં બેઠા હશે એમના પણ ઘણા મિત્રો આવે છે, બહુ તકલીફ પડતી, ભાવનગરની હોટલોમાં રોકાવું પડતું અને જૈનભાઈઓ રાત્રિનું ભોજન લેતા નથી હોતા તો મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે, રાજય સરકાર દ્વારા આવો મોટો જે સરસ નિર્ણય લેવામાં આવ્યો છે, ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય વજુભાઈ વાળા સાહેબને હું લાખ - લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, યાત્રા વિકાસ દ્વારા પણ પાલીતાણમાં ખૂબ મોટા વિકાસના કામો થઈ રહ્યાં છે. અત્યાર સુધી શા માટે કામો ન થયા? માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૈન શ્રેષ્ઠિઓને બોલાવી અને વિનંતી કરી કે લોકભાગીદારીથી આપણે પાલીતાણાનો વિકાસ કરવો છે ત્યારે અત્યારે અભયદેવસાગર સુરીસ્વરજી મહારાજ સાહેબના સાનિધ્યમાં શુભ મંગલ ફાઉન્ડેશન દ્વારા દશ કરોડ રૂપિયાના કામો પાલીતાણામાં પૂરાં થયાં છે. લગભગ બધા માનનીય ધારાસભ્યશ્રીઓને આની કોપી મળી હશે. આજે રાજય સરકાર બે કરોડ રૂપિયા, યાત્રા વિકાસ ધામ બોર્ડ દ્વારા આ રૂપિયા આપવા જઈ રહી છે. તો માનનીય બાબુકાકાને મારી એટલી વિનંતી છે કે, જે પક્ષે તમે બેઠા છો, આમ તો અમારા વડીલ છો, અમારામાંથી ગયેલા છો, પણ જે પક્ષે બેઠા છો, તો જ્યારે આપ સર્વે માનનીય મંત્રી હતા, અગલ અગલ હોદ્દા ઉપર હતા પણ એ વખતે પાલીતાણાનો વિકાસ નહોતો થયો પણ આજે પાલીતાણામાં દશ કરોડ રૂપિયા વપરાયા છે અને દશ કરોડ રૂપિયા હજી અલગ રીતે વાપરવાના બાકી છે અને તેમાં સુવિધા શું આપવામાં આવે છે, તેઓ નાણામંત્રી પણ હતા, અને અત્યારે છબીલદાસભાઈ હયાત નથી,

મારે ન બોલાય પણ ત્યારે મહુવામાં કામ બાકી રહી ગયાં હતાં પણ મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે, આ યોજનામાં આ ટ્રસ્ટ અને સરકાર દ્વારા શું બની રહ્યું છે, તો જે રોડ બની રહ્યા છે એમાં લોખંડ નથી આવતું, કેમિકલયુક્ત આખા રોડ બની રહ્યા છે, જે એરપોર્ટ ઓથોરિટી રોડ બનાવે છે એ અદ્યતન રોડ બને છે. અંડરગ્રાઉંડ લાઈટ ફિટિંગ બને છે, અંડરગ્રાઉંડ પાણીની લાઈન બને છે, એક વાત કહીને હું મારી વાત પૂરી કરું છું, એક અમારે ત્યાં ગીત પ્રખ્યાત છે, એ વાત કરીને હું મારી વાત પૂરી કરું છું. શુભમંગલ ફાઉન્ડેશન ખૂબ સારી રીતે કામ કરે છે પરંતુ રાજય સરકારના માર્ગદર્શન હેઠળ કરી રહી છે, પણ એક મારી વિનંતી સામે પક્ષમાં બેઠેલા મિત્રોને છે, અમારું એક ગીત છે કે-

લીલું પીળું પાંજરું કરાવું, પાંજરામાં પોપટ બોલે,

એટલે પોપટ પાંજરામાં સીતારામ બોલે પણ સારી વાત હોય તો મારા કોંગ્રેસી મિત્રોને વિનંતી છે કે એ કહેવામાં વાંધો ન હોવો જોઈએ, સીતારામ બોલવામાં પણ વાંધો નથી, ભારત માતાકી જય,

**શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ ૧૪મું બજૅટ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે, એમને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું, ઔદ્યોગિક મંદીના વર્તમાન સમયમાં મંત્રીશ્રીએ બજૅટમાં કૃષિ, સિંચાઇ, વિકાસ તથા ગ્રામીણ વિકાસ પર ધ્યાન કેંદ્રિત કર્યુ. ૫૩.૭૬ કરોડ રૂપિયાની પુરાંતવાળું બજૅટ રજૂ કર્યુ છે, માનનીય વજુભાઈ નાણામંત્રીશ્રીએ ૧૪મી વખત બજૅટ રજૂ કર્યુ છે અને સામેના મિત્રોને ૧૪ વર્ષથી વનવાસ આપ્યો છે, રામ ભગવાનનો ૧૪ વર્ષે વનવાસ પૂરો થયો હતો, પણ મને ખબર નથી કે સામેના મિત્રોનો વનવાસ ક્યારે પૂરો થવાનો છે, માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ વિકાસ, વનબંધુ વિકાસ યોજના, સાગરખેડૂ યોજના તથા ગ્રામીણ સમૃદ્ધિ યોજના તથા પર ધ્યાન કેન્દ્રીત કરીને ગ્રામીણ ગુજરાતને નંબર-વન બનાવવાનું આયોજન માનનીય મંત્રીશ્રીએ કર્યુ છે, ભૂતકાળના શાસનમાં આપણે ડોકિયુ કરીએ તો વરસાદ ખેંચાયો છે આપણા બધાની ચિંતા છે કોંગ્રેસના શાસનમાં પનિહારીઓ માથે બેડું ઉપાડીને અને લાઈનો લગાવતી હતી અને આ શાસનમાં એક પણ પનિહારી પાણી માટે આજે પણ વલખાં મારતી નથી.

શિક્ષણ ક્ષેત્રે ૧૬૦૦ કરોડ રૂપિયાની યોજના કરી છે. ભૂતકાળના શાસનમાં, કોંગ્રેસના શાસનનો હું ભોગ બનેલો છું, ૧૬૦૦ કરોડ રૂપિયા આ સરકાર શિક્ષણ પાછળ ખર્ચવાની છે, હું જ્યારે ભણતો હતો ત્યારે ગામમાં શાળામાં ઓરડા નહિ, શિક્ષકો નહિ અને પરિણામે એસ.એસ.સી. ની પરીક્ષા મારે ત્રણ ત્રણ વખત આપવી પડી હતી, એક વાત કરું, મારા પિતાશ્રી આ ગૃહના સભ્ય હતા સાત વખત, એમણે અમારા વિસ્તારમાં રેત આવતી હતી વરસાદના કારણે, વનપુર, કનેડિયા, ઉટલપુર અને ૧૯૭૩માં ૭૫ પૈસાનું અંતરદેશી લખેલું અને એ અંતરદેશી પત્ર ઉપર કોંગ્રેસના શાસનમાં કાગળ ઉપર કાગળ કરીને આટલી ફાઈલ બની હતી અને પરિણામ શૂન્ય, અમારી સરકાર જ્યારે આવી અને જ્યારે ફરી રેત આવી ત્યારે મેં એ ગામોની ફરી મુલાકાત લીધી અને લોકોને કહ્યું કે જો ફરી રેત આવે તો સમજજો કે અમારા વહીવટની ખામી છે પણ આ સરકારે છ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી. માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન માટે ૨૦૭૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, મારે કહેવું છે કે ભૂતકાળમાં ભાવનગરથી ગાંધીનગર આવતા કેટલો સમય થતો હતો, અંગ્રેજ જમાનાનું એસ્ટીમેટ હતું એક ગાડી જાય એટલું, આજે છ છ ગાડીઓ જાય એવા રોડ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યા છે, આ સિદ્ધિની તો કોઈ નાની સુની વાત નથી, ભારતીય જનતા પાર્ટીએ સરકારના પૈસાનું એવું આયોજન કર્યુ તમને પણ આયોજન કરવા માટે, વહીવટ કરવા માટે ટાઈમ ઘણો આપ્યો હતો. Government of the people, by the people અને for the people, એ સિદ્ધાંતને, એ મુદ્દાને વરેલી આ સરકાર છે અને એના કારણે લોકો દર વખત મત આપે છે. અને સરકારે આટલો લાંબો વહીવટ રાજયમાં આપ્યો છે, સલામતી આપી છે. મને ખ્યાલ છે ભૂતકાળમાં પેપર ઉઠાવીએ તો ખેરાલુમાં કર્ફયુ, જમાલપુરમાં કર્ફયુ, પાટણમાં કર્ફયુનું વાંચતા હતા. તો આ શાંતિ કોણે આપી ? ભારતીય જનતા પાર્ટીએ આ શાંતિ આપી. અને આ શાસનની આ સિદ્ધિ કંઈ નાની સૂની વાત નથી. અમારા વિસ્તારના મુખ્યમંત્રીએ જે વિકાસ અને સલામતી આપી અને રાજયને ભારતમાં નંબર-૧ બનાવવાનો પોગ્રામ આપ્યો છે તેને હું આવકારું છું. માનનીય નાણાંમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યાં છે તેને મારું સમર્થન આપું છું અને આવું જ બજેટ દર વર્ષે આપતાં રહે અને સામેના મિત્રો ત્યાં અને ત્યાં બેઠાં રહે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આગામી ૨૦૦૯-૧૦નું બજેટ લઈને માનનીય નાણાંમંત્રીશ્રી વજુભાઈ વાળા આવ્યા છે અને ચૌદમી વખત તેઓશ્રી બજેટ રજૂ કરીને તેમના જ રેકોર્ડને તોડે છે. આ પુરાંતવાળું બજેટ રજૂ કરવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ બજેટના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આજે પૂરા દેશની અંદર એક ચર્ચાનો વિષય છે. ગુજરાતના જેવી પ્રગતિ, ગુજરાતના જેવો વિકાસ, ગુજરાતના જેવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપણાં રાજયમાં પણ હોય તો કેવું સારું એવી ચર્ચા બીજા પ્રાંતની અંદર લોકો કરે છે. ગુજરાતે જે કંઈ આ દશ વર્ષની અંદર પ્રગતિ કરી છે તે પ્રગતિ માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સૂઝબૂઝ અને કુશળ વહીવટના કારણે થઈ છે. આપણે તેમને અભિનંદન આપવાં જ પડે. મારે સામે બેઠેલા મિત્રોને મુખ્યમંત્રીને મળેલાં અનેક એવોર્ડો અને જે તટસ્થ પત્રકારત્વ કરે છે, રાષ્ટ્રના હિતમાં જેઓ વિચાર કરે છે એવા પત્રકાર મિત્રોએ પણ તેમના મોં ફાટ વખાણ કર્યા છે. તેમનાથી સ્વભાવિક છે તેમને દુ:ખ

થાય. પરંતુ હકીકત તો મિત્રો સ્વીકારવી પડે. આજે તમને ઘણાં લાંબા સમય સુધી કામ કરવાની તક મળી. તમે આજે જે આ બધા પ્રશ્નોનો વિચાર કર્યો હોત તો આજે ઘણું બધું તમારે બોલવા માટે મળ્યું હોત. પણ આ વાત જ્યારે કરીએ છીએ ત્યારે તમે સ્વભાવિક રીતે સંકોચ અનુભવો છો. કૃષિ અને સહકારની બાબતમાં આ સરકારે જે બજેટમાં ૧૪૪૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. રાજયના ખેડૂતોને તેના ઉત્પાદનના સક્ષમ ભાવ મળી રહે તેના માટે પણ આંતર માળખાકીય સગવડતાની વ્યવસ્થા કરી છે. આ રાજય સરકાર ગામડાંની અંદર રહેતાં નાનામાં નાના ખેડૂતને માટે ચિંતિત છે અને એગ્રો બીઝનૅસ પૉલિસી ઘડી ખેડૂતો માટે તેના ઉત્પાદન છે તેના ભાવ તેને મળે તેને માટે પ્રયત્ન કરે છે. રાજયમાં સૌથી ઓછો વરસાદ ઉત્તર ગુજરાતમાં પડે છે દર વર્ષે ઉત્તર ગુજરાત તે દુષ્કાળનો સામનો કરે છે. બે હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. કરીને આ રાજય સરકારે ઉત્તર ગુજરાતની અંદર સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા જે ૩૩૨ કિલોમીટરની મહત્વકાંક્ષી યોજના બનાવી છે. કડાણા જળાશયથી લઈને બનાસકાંઠાની રેલ નદી સુધી આ પાઈપ દ્વારા પાણી પહોંચવાનું છે. અને એના કારણે ઉત્તર ગુજરાતના ખેડૂતો જે કંઈ પાણી માટે વલખાં મારે છે, ત્યાં ભૂગર્ભ જળ ઉંડા જઈ રહ્યાં છે અને બીજો કોઈ વિકલ્પ નથી ત્યારે રાજય સરકારે આ યોજના બનાવી છે એ બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય નીતિનભાઈ આ બાબતે ખૂબ ચિંતા કરે છે એ માટે તેમને પણ અભિનંદન આપું છું. આ યોજનાનો ખેડૂતોને લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ માટે ૧૬૦૦ કરોડ રૂપિયાની આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. ૨૪૦ નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પછાત વિસ્તારમાં અને દરિયા કિનારાના વિસ્તારોમાં ખોલવાનો રાજય સરકારનો નિર્ધાર છે. ૧૨ નવી ડીગ્રી કોલેજો, ૯ પોલિટેકનિક કોલેજો, ઈજનેરીમાં સ્નાતક કક્ષાએ ૧૦,૬૦૦ બેઠકોનો વધારો કરીને જે સગવડ આ રાજય સરકારે આપી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. ૧૫થી ૩૫ વર્ષના નિરક્ષર લોકોને સાક્ષર કરવા માટેનું રાજય સરકારનું પગલું ખૂબ સરાહનીય છે. આ યોજના માટે પણ ૧૮ કરોડની જોગવાઈ કરી છે.

મહિલા અને બાળ વિકાસની વાત કરીએ તો એમને પોષણક્ષમ પૂરક આહાર મળી રહે એના માટે રાજય સરકારે ચિંતા કરી છે. સગર્ભા માતાઓ અને કિશોરીઓ માટે ૪૧૭ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે. જે રીતે રાજય સરકાર કામ કરી રહી છે એને લઈને ગુજરાતની અંદર એક ચેતના નિર્માણ થઈ છે. સાથે સાથે ગુજરાતની પ્રજામાં એક આશા જાગી છે, ત્યારે મારે સામેવાળા મિત્રોને કહેવું છે કે તમે પણ આ બજેટને સમર્થન આપો. વિરોધ પક્ષે ટીકા જ કરવી એવું નહીં. પોઝિટિવ વાત પણ કરી શકાય.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રી જે બજેટ લઈને આવ્યા છે, તેના ઉપર મારું મંતવ્ય રજૂ કરું છું.

" મને એ જ સમજાતું નથી કે શાને આવું થાય છે?
ચીલાચાલુ બજેટ રજૂ થઈ જાય છે, અને
લોકોની આશા ઠગારી નીવડી જાય છે. "

માનનીય અધ્યક્ષશ્રી, આજના બજેટ પર, નાણામંત્રી જે બજેટ લઈને આવ્યા છે, એમાં મારું મંતવ્ય રજૂ કરું છું. રાજયના જે આદિવાસી કર્મચારીઓ છે, એ આદિવાસી કર્મચારીઓને બઢતી આપવાને બદલે રાજય સરકાર **Good** અને **Very Good** લઈને આવી છે. આ **Good** અને **Very Good** શું છે એ જ મને સમજાતું નથી. આદિવાસી કર્મચારીઓ માટે એમાં સંતોષકારક અને ઠીક છે એવા શબ્દો વાપરવામાં આવે, તો ભવિષ્યમાં પણ એમાં આદિવાસી કર્મચારીઓને બઢતી મળવાની નથી. રાજય સરકારની આ નીતિમાં પરિવર્તન થવું જોઈએ.

**અધ્યક્ષશ્રી શ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રી ડાંગમાં ભાષણ આપતા હતા, ત્યારે મેં સાંભળેલું. એમણે આદિવાસી બાળકો માટે ભવિષ્યવાણી કરેલી કે આવનારા દિવસોમાં આદિવાસીઓના બાળકો વિમાનમાં અને હેલિકોપ્ટરમાં હવાઈ ઉડ્યન કરશે. આવી ભવિષ્યવાણી કરી. મને એક વાત યાદ આવી.

દોસ્તો, એક મહાન જયોતિષી હતો. એ ઘોર અંધારામાં આકાશમાં જોઈ રહ્યો હતો. અંધારામાં એને નવો ગ્રહ જોવા મળ્યો. એ ગ્રહને જોતો જોતો એ જયોતિષી આગળ ચાલે છે. આકાશમાં જોતો જોતો એ ગીચોગીચ જંગલમાં પહોંચે છે. એનું ધ્યાન આકાશમાં હોવાથી એ ખાઈમાં પડી જાય છે. આખી રાત એ ખાડામાં પડયો રહ્યો. ભયંકર અવાજો આવતા હતા. ટીકટીક અવાજ આવતો હતો. એક સવારમાં દાદીમા સવારે છાણાં વીણવા નીકળે છે અને ખાઈમાંથી અવાજ આવે છે કે કોઈ બચાવો, કોઈ બચાવો. દાદીમા એ અવાજ સોંભળીને જોવા જાય છે તો જયોતિષ ખાડામાં પડેલા હતા. દાદીમાથી એકલાથી આ જયોતીષને ખાડામાંથી કાઢી શકાય તેવી પરિસ્થિતિ નહતી એટલે એ ગામમાંથી જુવાન છોકરાઓને બોલાવી લાવ્યાં અને આ જયોતિષને ખાડામાંથી બહાર કાઢવામાં આવતાં બહાર આવીને જયોતિષે દાદીમાને એમ કહ્યું કે દાદીમા, તમારું કોઈપણ કામ હોય તો તમે મારી પાસે આવજો કારણ કે હું ખૂબ મોટો જયોતિષ છું. તો આ સોંભળીને દાદીમા ખડખડાટ હસી પઠયાં તો જયોતિષે દાદીમાને પૂછયું કે દાદીમા, કેમ હસવું આવ્યું? તો દાદીમાએ કહ્યું કે અરે જયોતિષભાઈ, તમે જો મારું ભવિષ્ય જાણતા હોય

તો તમે આ ખાડામાં ના પડત. તો માનનીય મુખ્યમંત્રીશ્રી એ અમારા આદિવાસીઓનું ભવિષ્ય જાણતા હોય તો આદિવાસીઓની આ દશા ના થઈ હોત. એટલે હું તો આ •(xxxx) લોકોને એમ કહું છું કે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : .* (xxxx) એમ નહીં કહેવાય. *(xxxx) એ શબ્દો હું કાઢી નાંખું છું

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : હું આ શાસક પક્ષમાં બેઠેલા લોકોને કહેવા માગું છું કે તાલુકા કક્ષાનું જે આયોજન આપવામાં આવે તેમાં અમને જાણ કરે આયોજન સમિતી મંડળને કે વાર્ષિક આયોજન ૫૧ લાખ રૂપિયાનું કરો અને આયોજનની મિટિંગ બોલાવાય અને એને આખરી ઓપ આપવાનો સમય આવે ત્યારે આદિજાતિ મંત્રીશ્રી મંગુબાઈ બેઠેલા હોય તેમની સામે અમારે લડાઈ કરવી પડે. એ આ ૫૧ લાખમાંથી ૧૧ લાખ કરી નાંખે, તો આ અમારા આદિવાસીઓની મશ્કરી નહીં તો બીજું શું કહેવાય? મંત્રીશ્રીને આની રજૂઆત કરવામાં આવતો એમ કહે કે આ તો સરકારની નીતિ છે. તો એમાં સરકાર કોણ? તમે પોતે સરકાર છો, તમે જ સરકારમાં બેઠેલા છો અને મને પૂછો છો કે આ નીતિ કોણે કરી. એટલે આ જે જીતિ છે એમાં પરિવર્તન થવું જોઈએ અને બીજી વાત હું એ કરવા માગું છું કે આદિવાસી બાળકો જે ઉચ્ચ અભ્યાસ કરે છે એમાં ખાનગીકરણ આવ્યું એના કારણે પહેલાંની કોંગ્રેસ સરકારના જમાનામાં જે ડોકટરો બનતા હતા એની સામે આજે આદિવાસી બાળકો ડોકટર બની શકવાના નથી કારણ કે ૨૫ થી ૩૦ લાખ રૂપિયા આ આદિવાસીઓ આપી શકવાના નથી. તો આવી નીતિમાં પરિવર્તન લાવવાની જરૂર નથી? માત્ર ગુહમાં વાહ વાહ અને કાગળ ઉપર યોજના બનાવે એમાં હું આને સમર્થન આપતો નથી અને એટલા માટે આ કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રાજય એક સૂત્ર લઈને આવી છે કે 'કંડકટર વગરની બસ' આવી યોજના મૂકી છે. તો આ કંડકટર વગરની બસ, પરંતુ પછી શું થઈ ગયું અને બસ વગરનો કંડકટર બની ગયો. 'ઉંચો હાથ કરો અને બસમાં બેસો' એની જગ્યાએ 'ધકકા મારો અને બસમાં બેસો' આ સ્થિતિ છે. અનેક જાહેરાતો તો મોટી મોટી કરવામાં આવે અને આવી સ્થિતિ હોય તો હું આ બજેટને મારું સમર્થન આપી શકતો નથી અને આટલી વાત કરીને મારી વાણીને વિરામ આપું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા.. (અંતરાય) શકિતસિંહજી આપની ૧૦ મિનિટ બાકી છે. હું પૂછું કે આપના તરફથી કોઈ બાકી છે? હું પોતે જ ચાન્સ આપું છું. આપ નામ આપો તા હું બોલવા કહું ને?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એવી જરૂર નથી કે મંત્રીશ્રી બોલે. નાણામંત્રીશ્રી બોલે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તૈયારી હોય કે ના હોય એ અગત્યનું નથી. પ્રશ્ન એ છે કે તમારા સભ્યોનાં જે નામ આવ્યાં હતાં નામ મેં લઈ લીધાં છે, તેમ છતાં આપની ૫ મિનિટ હજુ વધે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમે એ સમયનો ઉપયોગ કરવા માગીએ છીએ અને મંત્રીશ્રી બોલી રહે પછી બોલીશું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે એક દેશ મેં દો પ્રધાન, એક દેશ મેં દો નિશાન, એક દેશમેં દો વિધાન, નહીં ચાલેંગે નહીં ચલેંગેનો નારો આપનાર, મૂલ્યનિષ્ઠ રાજ નેતા, હિન્દુ દર્શકના ચિંતક અને ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૦૮મી જન્મ જયંતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વાતંત્ર્યની કેડી ઉપર જયોત પાથરનાર પરમ પુજય ડો. હેડગેવારના માર્ગદશર્ન હેઠળ રાષ્ટ્રીય સેવા સમિતિની રચના કરનાર લક્ષ્મીબાઈ કેલકરની પણ આજે જન્મ જયંતિ છે. તિબેટના બૌધ નાગરિકો માટે વિશ્વ સ્તરની લડત લડનાર દલાઈ લામાની પણ આજે જન્મ જયંતિ છે. બાળ સાહિત્યમાં અડુકીયો દડુકીયો, છકકો-મકકો જેવા અનેક પાત્રોને જેણે રમતા કર્યા છે, મીયા ફૂસકીના પિતા અને ગુજરાતી બાળ સાહિત્યના દાદાજી જીવરામ જોષીનો આજે જન્મ દિવસ છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતને ગૌરવ અપાવનાર રિલાયન્સ કંપનીના આદ્ય સ્થાપક ઉદ્યમી અને દીર્ઘદૃષ્ટા ઉદ્યોગપતિ સ્વર્ગસ્થ ધીરુભાઈ અંબાણીની આજે પૂણ્ય તીથિ છે. હિન્દુ મહાસભાના પ્રતિનિધિ એવા ડો. શ્યામાપ્રસાદ મુખરજી સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં પંડિત નહેરૂજીની સાથે ઉદ્યોગ મંત્રી હતા. અને ત્યાર બાદ ભારતીય જનસંઘનો ઉદય થતા લોકસભામાં વિરોધપક્ષના નેતા બન્યા હતા. પોતાની વિચાર ધારામાં તેઓ કેટલા સ્પષ્ટ હતા તેના હું બે પ્રસંગો આપને જણાવવા માગું છું. આપના દ્વારા ગૃહને જણાવવા માગું છું. લોકસભાની એક ચર્ચા દરમિયાન પંડિત નહેરૂએ ગુસ્સે થઈને ડો. મુખરજીને એમ કહયું કે આઈ વીલ ક્રસ જનસંઘ, હું જનસંઘને કચડી નાખીશ. ડો. મુખરજીએ એટલી જ સ્વસ્થતાથી ઉત્તર આપ્યો આઈ વીલ ક્રશ ધી ક્રસીંગ મેન્ટાલીટી, હું તમારી આ કચડી નાખવાની માનસિકતાને કચડી નાખીશ., આ કોઈની ટીકા નથી, રેકોર્ડ ઉપર જ બોલું છું. એક એક વસ્તુ રેકોર્ડ ઉપર બોલું છું, માનનીય અધ્યક્ષશ્રી, જમ્મુ કાશ્મીરના પ્રશ્ને તેઓ એમ કહેતા કે પંડિત નહેરૂ ભલે કહે કે કાશ્મીર એક સ્ત્રી સમાન છે, ભારત પાકિસ્તાન બે પુરુષ સમાન છે. સ્ત્રીને અધિકાર છે કે કયા પુરુષ સાથે પરણે, પરંતુ અમે જનસંઘ વાળા આ

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પરિભાષા સાથે સંમત નથી. અમે કાશ્મીરને ભારતની પુત્રી માનીએ છીએ અને આ પુત્રી ખોટા માર્ગે જવા માગે તો પિતાની ફરજ છે કે તેનો કાન પકડી સન્માર્ગે વાળે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## બજેટ ઉપરની ચર્ચામાં મર્યાદા જાળવવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની ચર્ચાઓ છે એ યોગ્ય રીતે થાય તેનું આપ સંચાલન કરો છો, આપે મારા પક્ષના જુનિયર સભ્યશ્રીને રોકયા એ પણ પ્રશંસા કરતા હતા કે ના તમે ગુજરાતના બજેટ ઉપર આવી જાઓ, રાજકીય ભાષણ પક્ષ ઉપર કરવા માટેના પ્લેટફોર્મ હોઈ શકે, આ બજેટ પ્રવચનને કોઈ જગ્યાએ લઈ શકાય એમ નથી, અને એટલા માટે મને લાગે છે કે આપે આ બાજુ જે રીતે રોકયા હતા એ જ રીતે બન્ને બાજુ બરાબર જાળવશો, પ્રવચનમાં જે રીતેના પ્રવચનો ચાલે છે તેની કક્ષા જળવાય તે જરૂરી લાગે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: માનનીય અધ્યક્ષશ્રી, હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર કહેવા માગું છું, માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં બજેટ પ્રવચનમાં જયારે સામાન્ય ચર્ચા થતી હોય છે ત્યારે સ્વાભાવિક જ પાર્ટીની નીતિ, અને રાજકીય ટીકા ટીપ્પણ થઈ શકે છે. અને એ રીતે જ હું જે બોલી રહયો છું એ ઓન રેકર્ડ અને જે મર્યાદામાં આવે છે તે જ રીતે બોલી રહયો છું. પણ મહેરબાની કરીને મારા સમયમાં આને કારણે કંઈક કાપ ન આવે તેવી આપને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપે જે સમયના કાપ અંગેની વાત કરી, તમારે ૫.૧૫ કલાકે પ્રવચન પૂરું કરવાનું છે. બંને દંડકશ્રીઓ એગ્રી હશે તો જ સમય લંબાવવામાં આવશે. અંદાજપત્રની સામાન્ય ચર્ચા ઉપર હું ફરીથી જે વાક્યો કહ્યા હતા એ વાચી જાઉં છું.

અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવે છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલ કોઈ સિદ્ધાંત ઉપર કે સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા થઈ શકે. જુદા જુદા વિષયો અગર સેવાઓની અગત્યતા અનુસાર, ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કર માળખાની નીતિ અને નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાના વહીવટીની, ઝીણી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની ચર્ચા વખતે નહિ પણ અનુદાનની માગણીઓ વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબતે ધ્યાન રાખશે. આ વિષય ખૂબ અગત્યનો છે, આપે સંપૂર્ણ વિગતોની શરૂઆત કરી એ એની પૂર્વ ભૂમિકા પૂરતી હોય, પરંતુ આપે જે પ્રકારે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર કહ્યું એ રાજયપાલશ્રીના પ્રવચન વખતે વિસ્તૃત રીતે લઈ શકાય અંદાજપત્રની ચર્ચા વખતે નહિ. અદાજપત્રમાં અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચનના મુદ્દા ઉપર, રાજયની આર્થિક નીતિ, અંદાજપત્ર અંગેની નીતિ ઉપર કહેશો તો બરાબર ગણાશે. એ રીતે કહેશો તો વધારે સારું રહેશે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : આપના આદેશનું પાલન કરું છું. માનનીય વિરોપક્ષના નેતાનું પ્રવચન આપ જોઈ જજો, એમનું આખુ પ્રવચન મારી પાસે છે. એમણે જેટલી રાજકીય ટીકાઓ કરી છે એનો હું જવાબ આપીશ.

**અધ્યક્ષશ્રી** : વિરોધપક્ષના નેતાશ્રીએ આક્ષેપો કર્યા હોય એના ઉપર આપ જવાબ આપી શકો છો.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશ:)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : અંદાજપત્રની વાત કરું તો અમારી સરકારના લોકપ્રિય નાણામંત્રી મુરબ્બી વજુભાઈ વોટ એન્ડ એકાઉન્ટ સાથે આ પંદરમી વખત બજૅટ રજૂ કરી રહ્યા છે, જે એમણે પોતાનો જ રૅકૉર્ડ તોડ્યો છે એટલે મુરબ્બી શ્રી વજુભાઈને લાખ લાખ અભિનંદન આપું છું.

વિરોધપક્ષના મિત્રોએ નરેન્દ્રભાઈ મોદીની સરકાર અમીરોની સરકાર, પાંચ કરોડપતિઓની સરકાર, મોટા ઉદ્યોગપતિઓની સરકાર કહેવાનો ગૂમરાહ કરવાનો પોકળ, પાંગળો પ્રયત્ન કરે છે. પરંતુ ૨૦૦૮-૨૦૦૯નું બજૅટ પ્રવચનનો તટસ્થતાથી અભ્યાસ કરવામાં આવે તો આ આક્ષેપો બેશક ખોટા પડશે. ચાલુ નાણાકીય વર્ષની વાર્ષિક વિકાસકીય યોજના ૨૩૨૭૫ કરોડની છે અને તેના વિવિધ ૧૨ સદર છે. સામાજિક સેવાના સદર માટે ૧૦૧૫૦ કરોડની જોગવાઈ કરી છે જે કુલ જોગવાઈના ૪૪ ટકા થવા જાય છે એટલું જ નહિ પરંતુ દરેક સદર હેઠળની જુદી જુદી યોજનાઓમાંથી ગરીબોને લાભ આપતી યોજનાઓના આંકડા તારવીએ તો ૨૩૨૭૫ કરોડની યોજનામાંથી આશરે ૧૬ હજાર કરોડ રૂપિયા એકયા બીજી રીતે તમામ વર્ગના ગરીબોને ફાળે જાય છે જે કુલ જોગવાઈના ૭૦ ટકા છે. એટલા માટે આ બાબત જ સિદ્ધ કરે છે કે માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર ગરીબો અને દલિતો માટેની છે.

ગયા વરસે રાજયની મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદ કરી એ અંગે રાજય સરકાર પ્રતિવર્ષ ૧૮૨૫ કરોડની રકમ મહાનગરપાલિકાઓને ચૂકવે છે. જ્યારે ૨૦૦૧માં નગરપાલિકાઓ અને પંચાયતોમાંથી ઓકટ્રોય નાબૂદ કરી એના લીધે તેઓને ૩૯૦ કરોડ રૂપિયાની રકમ રાજય સરકારે ચૂકવવાની થાય છે. તાજેતરમાં ભારત સરકાર દ્વારા છઠ્ઠા પગાર પંચની જાહેરાત થઈ એના લીધે રાજય સરકાર ઉપર છઠ્ઠા પગાર

પંચ અને પેન્શનમાં સુવિધાને કારણે આશરે ચાર હજાર કરોડનો બોજો પડવાથી મહેસૂલી ખાદ્યની પરિસ્થિતિ નિર્માણ થયેલ છે તેમ છતાં રાજય સરકારે રાજયની પ્રજા ઉપર વધુ કોઈ કરવેરાનો બોજ લાદયો નથી.

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ રાજય સરકારે અસરકારક વ્યવસ્થાપન દ્વારા ૨૦૦૮-૨૦૦૯માં વાર્ષિક યોજનાનું કદ રૂપિયા ૨૧ હજાર કરોડ રૂપિયા હતું જેની સામે સિદ્ધિ અંદાજે ૨૧૬૯૦ કરોડની થઈ છે. જે આ રાજય સરકાર વિકાસના કામો કરવા કેટલી તત્પર છે એ દર્શાવે છે. વધુમાં અગાઉની સરકારો ઓવરડ્રાફ્ટ અને વેજ અને મિન્સ એડવાન્સ ઉપર ચાલતી હતી. તેમાં આ સરકારે મહેસૂલી આવકમાં ક્રમશઃ વધારો કરીને બિન વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો કરીને વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫ પછી એક પણ વખત ઓવરડ્રાફ્ટ લીધો નથી. જે રાજયના સુઆયોજીત વહીવટનું પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોના વિકાસના અભિગમને વરેલી આ સરકારે અનુસૂચિત જાતિના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ હેઠળ ૨૦૦૯-૧૦માં ૧૨૯૪.૯૪ કરોડની ઘરખમ રકમ ફાળવી છે. ગરીબો માટેની આ લાગણી ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ગરીબોના મસીહા બનાવવા માટે પ્રર્યાપ્ત છે. આવી સિદ્ધિ હાંસલ કરવામાં ભારતના ગણ્યાં-ગાંઠ્યા રાજયો પૈકી ગુજરાત એક રાજય થવા જાય છે. ગુજરાતની સર્વક્ષેત્રે આ સિદ્ધિ કેવી રીતે આવી તે સમજવા માટે આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ લખેલી કાવ્ય પંકિતઓ અત્રે રજૂ કરું છું. તેઓ લખે છે-

હું પથ્થરને પથ્થર જ કહું છું અને જળને જળ.
હું નરી વાસ્તવિકતાનો માણસ છું.
આકાશને જોઉં છું અને મેઘધનુષ પર મોહું છું
પણ મારું ઘર મેઘધનુષ ઉપર બાંધતો નથી.
મેઘધનુષી રંગના મારી પાસે સપના છે.
આ સપના રોમેન્ટીક નથી.
પણ જીવનભરના તપના છે.
તમે સપના હોય કે ન હોય પણ
સપનાના બીજને હું આ ઘરતીમાં વાવું છું
અને પ્રતીક્ષા કરું છું, પરસેવો સીંચીને
એ અંકુરે અને એનું વટવૃક્ષ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ચારેકોર દેખાતી આ બેનમૂન પ્રગતિ છેલ્લા આઠ વર્ષમાં અમારા દીઘ ર્દિષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાવેલા મેઘધનુષી સપના હવે વાસ્તવિકતા થઈને આપણી સમક્ષ આવ્યા તેની છે અને તેને આપણે લણીએ. ગુજરાતની પ્રજાને સુખી કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, અમારો મંત્ર છે-

સમાજ હૈ આરાધ્ય હમારા, સેવા હૈ આરાધના.

માનનીય અધ્યક્ષશ્રી, એક શાયરે બહુ સુંદર કહ્યું છે. ઘણાં મિત્રો કોંગ્રેસની સત્તા આવશે, આમ થશે એવા ઘ ણા આક્ષેપો કર્યા છે. ૧૯૯૦ પછી ગુજરાતની પ્રજાએ કોંગ્રેસના મિત્રોને સત્તામાં આવવા દીધા નથી. એક શાયરે સુંદર કહ્યું છે કે-

ફાનૂસ બનકે જીસકી હિફાઝત હવા કરે,
વો શમા કયા બુઝે, જીસે રોશન ખુદા કરે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીની વિશિષ્ટ દ્રષ્ટિને કારણે ૬૦૦ કરોડની સ્વર્ણિમ જયંતિ સોરઠની વિકાસ યોજના અને ખાસ કરીને જુનાગઢ અને તે જ જિલ્લામાં આવેલા વિશ્વ વિખ્યાત સ્થળોને વિશ્વ પ્રવાસીઓ માટેનું અનેરું આકર્ષણ બનાવશે. સોરઠ વિસ્તાર તેના સતિ, જતિ અને સાવજ માટે પ્રખ્યાત છે. અહીંના રા'ખેંગાર અને રાણકદેવીની કસૂંબલ પ્રેમ અને બલિદાનની કથાઓ હજી આપણાં ચિત્તનો કબજો લઈને બેઠી છે. અનેક વખત ધ્વંસ થયેલા સોમનાથનું મંદિર સરદાર વલ્લભભાઈ પટેલે એનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને તત્કાલિન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ દ્વારા એનું લોકાર્પણ થયેલું. ગુજરાતની અસ્મિતાના ગાયક કનૈયાલાલ મુન્શીએ તેના જીર્ણોદ્ધાર માટેનું સંકલન ગુજરાત જ નહીં, પરંતુ ભારતના ઈતિહાસનો એક અદ્‌ભૂત ભાગ છે. લોકાર્પણની ઘટનાનો સુવર્ણજયંતિ મહોત્સવ સન-૨૦૦૨માં તત્કાલિન વડાપ્રધાન આદરણીય અટલજી, નાયબ વડાપ્રધાન અડવાણીજીની ઉપસ્થિતિમાં આપણાં લાડીલા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કરાવેલો. આ એજ પ્રદેશ છે, જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે દેહોત્સર્ગ કર્યો હતો. પ્રાચીન ભારતમાં મહાન સમ્રાટ અશોકના ગણ્યા-ગાંઠ્યા શીલાલેખો પૈકીનો એક શીલાલેખ એ ગિરનારની તળેટીમાં આવેલો છે. ગુજરાતના ગૌરવસમા એશિયાઈ સિંહોનું આ વતન છે, તેમજ પૂજ્ય મહાત્મા ગાંધીજીના પ્રિય ભજન " વૈષ્ણવ જન તો તેને કહીએ રે" ના રચયિતા નરસિંહ મહેતાનું આ જન્મસ્થાન છે. વિશ્વ વિખ્યાત કેસર કેરીનું વતન એવા સોરઠના વિકાસ માટે જે યોજના બની છે તેને હું હ્રદયપૂર્વક આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧મી પંચવર્ષિય યોજનાના રાષ્ટ્રીય વિકાસ દર ૯ ટકાના લક્ષ્યાંક સામે, કેન્દ્રે ગુજરાતનો ૧૧.૨ ટકા લક્ષાંક નક્કી કર્યો છે. જેની સામે પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાં ગુજરાતે ૧૨.૪૯ ટકા

જેટલો ઘરખમ આર્થિક વિકાસ દર હાંસલ કર્યો છે. હવે ભારતા નાણામંત્રીશ્રી પ્રણવ મુખરજીએ પણ બજૅટ પૂર્વેનું આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. એમાં શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી વજુભાઈની વાત કરતા એને સમર્થન આપ્યું છે. ભારતના આર્થિક સર્વેક્ષણમાં ઑક્ટોબર ૨૦૦૮ પછીના ૪ માસમાં ૬ લાખ ભારતીયો બેકારો બન્યા છે. તેની સામે ભારત સરકારે બહાર પાડેલા આંકડા મુજબ ૨૦૦૨થી ૨૦૦૭ સુધીમાં સતત ૬ વર્ષ સુધી બેરોજગારોને રોજી આપવામાં સમગ્ર ભારતમાં ગુજરાત પ્રથમ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ કોઈ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સમજ્યા વગર ટીકા કરે ત્યારે પીડા થાય છે. આજે વિરોધપક્ષના નેતાએ પણ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરીને એ કરવાનો આડકતરો જે પ્રયાસ કર્યો છે. (અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### પૉઈન્ટ ઑફ ઑર્ડરનો આડકતરો ઉલ્લેખ કરવા બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો આડકતરો ઉલ્લેખ કરવા માગું છું. એ પૉઈન્ટ ઑફ ઑર્ડર..(અંતરાય) I raised the point of order. Point of Order is the right of a Member. તેઓ આ પ્રવચનમાં મારા પૉઈન્ટ ઑફ ઑર્ડરનો ઉલ્લેખ કેવી રીતે કરી શકે?

**અધ્યક્ષશ્રી** : આમાં એવું છે કે, શ્રી ફકિરભાઈ, એમણે પૉઈન્ટ ઑફ ઑર્ડરની અંદર અગાઉના અધ્યક્ષોએ આપેલા આદેશો વાંચ્યા છે. પોતે એમણે શબ્દો નથી વાપર્યા. પૉઈન્ટ ઑફ ઑર્ડરના સંશોધન બાબતનું પુસ્તક છે એનો ઉલ્લેખ કર્યો છે. એટલે એમાં આડકતરી રીતે નથી. આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર સ્વીકારું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, " તેરા વૈભવ અમર રહે, હમ દિન ચાર રહે ન રહે." આ મંત્ર આત્મસાત કરનારી સંસ્થાની ટીકા થાય. આર.એસ.એસ.એ માનનીય નરેન્દ્રભાઈ મોદી જેવા અનેક ત્યાગ, તપસ્યા અને સમર્પણને વરેલા શિસ્તબદ્ધ રાષ્ટ્ર ભક્તોની ફોજ પેદા કરી છે. આ રાષ્ટ્ર ઘડતરના વિવિધ ક્ષેત્રે ગીતાએ પ્રબોધેલા નિષ્કામ કર્મયોગ કરી રહ્યા છે. એ જ રીતે આદરણીય સ્વ.વસંતલાલ ગજેન્દ્ર ગડકર, સ્વ. નાથાલાલ ઝઘડા સ્વ.અરવિંદભાઈ મણિયારની સેવા અને સમર્પણની સુવાસ આજે પણ ગુજરાતમાં ભુલાયા નથી. સંઘના રાષ્ટ્રવ્યાપી માળખાની વાત કરું તો ભારતમાં ૩૦૦૦૦ સ્થાનો ઉપર ૪૪૦૦૦ સંઘની શાખાઓમાં લાખો સ્વયંસેવકો ચારિત્ર્ય ઘડતર અને રાષ્ટ્ર નિર્માણના પાઠ ભણે છે. આશરે ૫૦૦૦ સાપ્તાહિક અને ૪૫૦૦ માસિક મિલનની અંદર રાષ્ટ્ર નિર્માણ માટે સહચિંતન થાય છે. ગોર્બાચોવ પહેલાનું રશિયા સામ્યવાદી પક્ષ તરીકે વિશ્વનું સૌથી મોટું રાષ્ટ્રીય સંગઠન કહેવાતું હતું. આજે આર.એસ.એસ. બીન રાજકીય એક સાંસ્કૃતિક સંગઠન છે. જેમાં મજૂરથી માંડીને એન.આર.આઈ. જેવી ભગિની સંસ્થાઓ કાર્યરત છે. વ્યકિતગત રીતે હું પણ ૧૯૬૨થી આર.એસ.એસ.નો સ્વયંસેવક છું. હું જે કાંઈ છું એ સંઘના કારણે છું અને મને આ બાબતનું ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરની લોકસભાની ચૂંટણીઓ દરમિયાન કોંગ્રેસના સર્વોચ્ચ નેતાએ એલ.કે.અડવાણી અને બીજેપીની નેતાગીરી આર.એસ.એસ.ની ગુલામ છે. આર.એસ.એસ.નો ઇતિહાસ જાણ્યા વિના અને આર.એસ.એસ.ના પગલે ચાલવું જો ગુલામી હોય તો મારે એ કહેવું છે કે, આ ગુલામી પણ હું સહન કરું છું. મારે આપના મારફત આ ગૃહ અને દેશવાસીઓને જણાવવું છે કે, ૧૯૪૨માં (અંતરાય) સમયની બાબતમાં ધ્યાન રાખજો. બાકી મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : સમયની બાબતમાં ચોક્કસ છું કે, ૫-૧૫ વાગ્યે પૂરું કરવાનું છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : વચ્ચે વચ્ચે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરીને..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો હોય તો જ સ્વીકારું છું, એની ચર્ચા સ્વીકારું છું. સમય વધારવાની બાબતમાં આપણે બહુ સ્પષ્ટ છીએ કે, બંને પક્ષના દંડકો સમય માટે સંમત થાય તો વધારવા તૈયાર છું.

**અધ્યક્ષ શ્રી** :પરંતુ જો કોઈ આપના વકતત્વમાંથી કોઈ મુદ્દો ઉપસ્થિત થાય તો એ સમયની મર્યાદામાં જ રહેશે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ ઉપરની ચર્ચામાં જે તે મંત્રી વાંચીને આ ગૃહની અંદર નિવેદન કરે તો સારી વાત છે પણ માનનીય મંત્રીશ્રી વાંચીને નિવેદન કરતા હોય અને અમારા સભ્ય (અંતરાય) અમે જયારે સભ્ય તરીકે જો વાંચીને અહીં ચર્ચા કરતા હોય તો અમને રોકવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : અધ્યક્ષશ્રીના આદેશની અંદર મંત્રીશ્રી ઈન્ટરવીન થતા હોય ત્યારે વાંચી શકે. ફકીરભાઈ આપ અંદાજપત્રની મર્યાદાની અંદર રહીને પ્રવચન કરશો તો વધારે સારું રહેશે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે આ ગૃહ અને દેશવાસીઓને મારે જણાવવું છે કે ૧૯૪૨ની હિંદ છોડોની ચળવળ વખતે જયારે કોંગ્રેસના નેતાઓ ભૂગર્ભમાં હતા ત્યારે કોંગ્રેસના

મુખ્યનેતાઓને આર.એસ.એસ.ના સ્વયંસેવકોએ આશરો આપ્યો હતો એનું જવલંત ઉદાહરણ લોકનાયક જયપ્રકાશ નારાયણ અને આનુઆશ્રિત (અંતરાય).

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ મને આપ માર્ગદર્શન આપો, વજુભાઈ આપ પણ ઈન્ટરવીન થશો તો સારું છે. સંસદીય બાબતોના મંત્રીશ્રી, આપણે સવારે નકકી કરેલી નીતિ પ્રમાણે અંદાજપત્રની સામાન્ય ચર્ચાઓની અંદર અંદાજપત્રના ઉપસ્થિત મુદ્દાઓ ઉપર ચર્ચા થાય, જનરલ ચર્ચાઓમાંથી આપ મુકત રહો એટલું હું આપને વિનંતી કરું છું અને આપ મુકત રહેશો તો જ આગળ ચાલશે, બાકી હું આપના પ્રવચનની વિગતમાં નથી ઉતરતો. પરંતુ આપને ફરીથી કહું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એક વિનંતી કરુ છું કે મારું પ્રચવન પૂરું થયા પછી આપ જોઈ જજો અને નિયમો પ્રમાણે આપને લાગે કે એમાં કંઈ કાઢવાનું છે તો આખું કાઢી નાખજો. પછી આપ જે ઠીક લાગે એ નિર્ણય લેજો. મને આ રીતે રોકશો... ..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ જે ચર્ચાની મર્યાદા છે એ ચર્ચાની મર્યાદાની બહાર જયારે જતા હોય અને મુદ્દો ઉપસ્થિત થાય તો હું આખું પ્રવચન કેવી રીતે દૂર કરી શકું. આપ ચર્ચાની મર્યાદા નિયમિત કરેલી છે, એ અગાઉના અધ્યક્ષો પણ જે જાહેરાત કરતા હતા એ જ પ્રમાણે હું જાહેરાત કરું છું. હું આ બાબતે આપને ચર્ચા પણ આપવા તૈયાર છું, કે અંદાજપત્રની ચર્ચાઓની મર્યાદાઓની વિરૂધ્ધમાં અને એનાથી અગાઉ થઈને આપ બીજી વાત કરતા હોવ ત્યારે હું એને ચોકકસ રોકી શકું. સંસદીય બાબતોના મંત્રીશ્રી આ અંગે પ્રકાશ પાડશે. કે માનનીય ફકીરભાઈનું મંતવ્ય સાચું છે કે ખોટું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના..

**અધ્યક્ષશ્રી** : નહીં મારું મંતવ્ય બહુ સ્પષ્ટ છે કે મે જે સવારે કહયું હતું તે પછી આખા રાજયપાલશ્રીના પ્રવચન વખતે જેટલા મુદ્દાઓ લેવાય એટલા અત્યારે નથી લેવાતા. એમ છતાં પણ જો લાગતું હોય કે આ લેવાય તો હું આ અંગેના પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા માટે તૈયાર છું. સંસદીય બાબતોના મંત્રી અથવા જો વજુભાઈ આને ઈન્ટરવીન થઈને ટેકો આપતા હોય તો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાથે પૂરેપૂરી સહમતી જ છે. ફકત પ્રશ્ન એટલો જ છે કે જે રાજકીય અવલોકનો થયાં એટલા પૂરતો ઉલ્લેખ કોઈ કરતો હોય તો.

**અધ્યક્ષશ્રી** : જે ઉલ્લેખો. (અંતરાય)

**શ્રી અમિત શાહ** : પણ આપ મારી વાત તો પૂરી થવા દો. શકિતસિંહજી મારી વાત તો પૂરી થવાદો. રાજકીય અવલોકનો જો થયા હોય એના પૂરતો જો ઉલ્લેખ થતો હોય તો એ એટલા માટે કરવા દેવો જોઈએ કારણ કે અવલોકન થયું હોય એ પણ મર્યાદા બહાર થયું હોય, અવલોકન કરતી વખતે જો ના રોકવામાં આવ્યા હોય તો જવાબ આપતી વખતે થોડુંક એને આપ કન્સીડર કરો એટલી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : રાજકીય અવલોકનોની અંદર આર.એસ.એસ.ની એક વાત હતી. આર.એસ.એસ. તો આખો ઈતિહાસ આવે છે. રાજકીય અવલોકનની અંદર આર.એસ.એસ.ના લોકોએ કોંગ્રેસના લોકોને આઝાદીની લડતમાં સાચવ્યા હતા એ બધી વાત આવે છે. હવે એવા કોઈ અવલોકનો જ નથી થયા. એવા અવલોકન નથી થયા. (અંતરાય).

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમે પણ કહીશું(અંતરાય).

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ ૫-૧૫ની મર્યાદાની અંદર રહીને રાખીએ તો વધારે સાચું છે. (અંતરાય). અને એ મેં સ્વીકારેલો છે(અંતરાય) બહેનશ્રી મારો મુદ્દો બહુ સ્પષ્ટ છે. હું અમીતભાઈની વાત જોડે સહમત થઉ છું. કે રાજકીય અવલોકનનો જવાબ આપવાનો અધિકાર છે. એ વાતનો હું સ્વીકાર કરુ છું. પણ ફકીરભાઈના વકતવ્યની અંદર રાજકીય અવલોકનોનો જવાબ છે જ નહીં એવું નથી કહેતો પણ આટલો વિસ્તૃત જવાબ અંદાજપત્રની ચર્ચાને બાજુએ મૂકીને થાય. એ ફકીરભાઈ માટે પણ સારું નથી.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા સહિત સિંચાઈ ક્ષેત્રે રૂા. ૫૫૭૦ કરોડની જોગવાઈ કરી છે. નર્મદા ડેમ ૧૨૧ની ઊંચાઈ ઉપર પહોંચ્યો છે. હવે ગામડાં સુધીની શાખાઓ અને પ્રશાખાઓના કામો પુરજોશમાં હાથ ધરવામાં આવશે. નર્મદા યોજના આપણા માટે શું છે તે સમજવા માટે આંકડાની માયાજાળમાં પડવા કરતાં માનનીય નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા ઉપર ભાવ-વંદનાની કવિતા લખી છે એ વાંચવી મને યોગ્ય લાગે છે.

નર્મદા માત્ર નદી નથી, અમારી સદી સદીની આરાધના છે.
અક્ષરની આરાધના છે, નર્મદા નકશા પરની લીટી નથી, પણ
ગુજરાતની હસ્તરેખા છે. પ્રજાની ભાગ્ય વિધાતા છે.
નર્મદાના સ્વચ્છ જળ પર મલિન ચાદર પાથરવાનો પ્રયત્ન
સુધ્ધા કરશો તો તમને કબીરના સોગંદ છે.
આ નર્મદા ગાંધીજી, નર્મદ અને મુન્શીની છે.
સરદારની સ્વપ્ન સરિતા છે, નર્મદા ગુજરાતની અસ્મિતા છે.

નર્મદા કૂળદેવી છે, નર્મદા વરદાયિની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ જાતે સૌપ્રથમ પૈડાની શોધ કરી અને ત્યારબાદ ટૅક્નૉલૉજીના પગલે હવે અતિ આધુનિક મશીનરી, સુપર કૉમ્પ્યુટર અને સ્પેસ શટલ બનાવવા સુધી પહોંચ્યા છીએ. આ ટૅક્નૉલૉજીનો ઉપયોગ માનવજાતની સુખાકારી માટે થાય એ આપણું લક્ષ છે. ટૅક્નૉલૉજી ક્ષેત્રે પછાત સમાજ દરેક ક્ષેત્રે પછાત ન રહી જાય, એનું પછાતપણું દૂર થાય એના માટે છેલ્લા છ વર્ષમાં ગુજરાતે હરણફાળ ભરી છે. આજે ડીગ્રી ઈજનેરીમાં ૩૪૦૧, ડિપ્લોમા ઈજનેરીમાં ૪૭૫૦૦, ડીગ્રી ફાર્મસીમાં ૫૪૨૧, ડિપ્લોમા ફાર્મસીમાં ૧૧૨૨ મળીને ગુજરાતમાં આશરે ૮૮૦૫૩ જેટલી સીટો ઊભી કરવામાં આવી છે. એક જ વર્ષમાં ૬૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આજે ગુજરાતનો વિદ્યાર્થી મહારાષ્ટ્ર કે કર્ણાટક જેવા રાજ્યોમાં લૂંટાતો નથી. હવે આ બાબત ભૂતકાળ બની ગઈ છે. શિક્ષણ ક્ષેત્રે વર્ષ ૨૦૦૪-૦૫માં ૫૬૫ની ફાળવણી સામે પાંચ વર્ષમાં એ ત્રણ ગણી કરીને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૧૬૦૦ કરોડ કર્યા છે. હું શિક્ષણ મંત્રી માનનીયશ્રી રમણભાઈ વોરાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વિરોધ પક્ષના નેતાએ વીજળીની ખરીદી બાબતમાં જે આક્ષેપો કર્યા કે રૂા. ૨.૨૦ પ્રતિ યુનિટમાં મળતી વીજળી ખરીદવામાં આવતી નથી. એ બાબતે જણાવવું પડે કે મે. કે.એસ.કે. કંપનીએ માત્ર કાગળ લખીને ભાવો મોકલી આપ્યા છે. તેણે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધો નથી

(આ તબકકે વિરોધપક્ષના નેતા માનનીયશ્રી શક્તિસિંહ ગોહિલ કાંઈક કહેવા ઊભા થતાં)

**અધ્યક્ષશ્રી** : એમની વાત પૂરી થઈ જવા દો. પછી હું તમને રાઈટ આપીશ.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : આમ માત્ર પત્ર દ્વારા મળેલા ભાવો કેન્દ્રના મિનિસ્ટરી ઑફ પાવરના નિયમો મુજબ સ્વીકારવામાં આવતા નથી. આ વીજળી ખરીદવા માટેની બે પદ્ધતિઓ છે. એક લાંબાગાળાની ખરીદી અને એક ટૂંકાગાળાની ખરીદી. લાંબાગાળાની ખરીદી માટેની નીતિ છે તેમાં ખાનગી વીજ વેચાણકારો અને ઉત્પાદકો પાસેથી ટેન્ડર પ્રક્રિયા કરીને વીજ ખરીદીના ભાવો મગાવવામાં આવે છે અને તેમાં જેના ભાવો સૌથી ઓછા હોય તેની પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. બે વર્ષ પહેલાં રૂા. ૨.૮૯ થી અદાણી પાસેથી વીજળી ખરીદી અને આ કરાર ૨૬ વર્ષ સુધી આ જ ભાવે વીજળી આપવા માટે થયા છે. પછી કોલસાનો ભાવ વધારો થાય, ફ્રેઈટના ભાવ વધે તો પણ એમને ભાવ વધારો આપવામાં આવતો નથી અને આજે કોઈપણ કંપની આ ભાવે વીજળી આપવા માટે આવતી નથી. જે ટૂંકાગાળાની વીજળીની જે વાત કરવામાં આવી છે કે  ટૂંકાગાળાની વીજળી કોઈ એક દિવસ માટે આપે, કોઈ ત્રણ મહિના, છ મહિના કે વર્ષ માટે આપે એના ભાવ અને કોઈ કલાક માટે પણ આપે એના ભાવ બે રૂપિયા હોય કે ચૌદ રૂપિયા. જ્યારે આપણે સર્વાંગી રીતે સમગ્ર ગુજરાતની ચિંતા કરતા હોય તો આપણે લાંબાગાળા માટે જે આ વાત કરતા હોઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં છેલ્લું ટેન્ડર હતું એમાં ઓછામાં ઓછા ભાવ ૩.૨૫ પ્રતિ યુનિટ હતા. જે ઉર્જા વિકાસ નિગમને વધારે લાગવાથી તે ટેન્ડર ૨દ કરવામાં આવ્યું હતું અને આ ટેન્ડરમાં પણ મેસર્સ કે.એસ.કે.એ ભાગ લીધો હતો. આ જે નિયમો છે એ કેન્દ્ર સરકારનું, ભારત સરકારની જે મિનિસ્ટ્રી ઓફ પાવર્સ છે એણે જે માર્ગદર્શન આપ્યું છે અને એ પ્રમાણે જ આ ભાવ માટેની નીતિ નક્કી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ માહિતીના અભાવે અથવા અધુરી માહિતીના અભાવે અહીંયા કાંઈ કહેવાયું હોય પણ આ બાબતની અંદર કોઈ જાતનો ભ્રષ્ટાચાર કે કોઈ જાતનું કાંઈ પણ થયું હોય એવું લાગતું નથી પણ એ રેકર્ડ ઉપર કહેવાયું હતું પણ ભૂતકાળની અંદર જે કાંઈ ચાલ્યું હોય એ બધું કોઈને યાદ આવતું હોય તેની દવા મારી પાસે નથી અને વજુભાઈ જે બજેટ લઈને આવ્યાં છે એ બજેટને હ્રદયપુર્વક વધાવે તેવી આપના મારફતે આ ગૃહને વિનંતી કરું છું.

## પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ કલેરીફીકેશન મંત્રીશ્રીએ જે બાબત કરી છે એના બાબતમાં છે. મે કોઈ પણ બાબત મારું ઓબ્ઝર્વેશન નહોતું માનનીય અધ્યક્ષશ્રી, આપ જો મંજૂરી આપો તો વિધાનસભા ગૃહના તમામ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે જે પ્રશ્ન પૂછ્યો એના ઉપર જ કહોને.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, નહિ મારે કલેરીફીકેશન તો રેકર્ડ ઉપર જવું પડશેને એમણે જે કહ્યું તે સંદર્ભમાં. એમણે કહ્યું કે મારી ગેરસમજણ, મારી નહિ સમજણના કારણે મેં આ ભાવ કહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચના જજમેન્ટમાં જે કહ્યું છે એના ઉપરાંતનો એક શબ્દ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટે કહ્યું હતું એ જ શબ્દો મૂક્યા છે કે "તમારે શોર્ટ ટર્મ વીજળી ના ખરીદવી પડે જો તમે વીજળી ખરીદી માટે કોન્ટ્રેકટ સાઈન કર્યા હોત તો" એ જજમેન્ટ તમે નામદાર સુપ્રીમકોર્ટમાં ચેલેંજ કર્યુ હતું. જે અપીલ તમારી ડીસમીસ કરી છે આ નામદાર હાઈકોર્ટના, સુપ્રીમ કોર્ટના જજમેન્ટ ઉપર અડધા કલાકની ચર્ચા વિધાનસભા ગૃહમાં આપો એવી પણ મારી વિનંતી છે કે જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જે વાત કરી રહ્યા છે. મારે એમને સ્પષ્ટપણે કહેવું છે કે એકેએક લાઈન એની વાંચો અને હું આપને બહુ સ્પષ્ટપણે કહું, મારે જે વાત કરવી છે કે આજની તારીખમાં રાજ્ય સરકારે લાંબા ગાળની જે વીજળીની ખરીદી છે એ કેન્દ્રની સરકારે જે એકટ કર્યો છે અને એકટની અંદર ટેન્ડરની જે પ્રોસેસ છે એ ટેન્ડરની પ્રોસેસની અંદર મારે બીડ કરવું પડે છે એ બીડ કર્યા પછી જે ભાવ મંજૂર થાય છે એ ભાવ રેગ્યુલેટર મંજૂર કરે છે પછી જ જીયુએનએન ખરીદી શકે છે. હું બીજો દાખલો આપું અમે જે અદાણી પાસેથી જે વીજળી ખરીદી ૨.૮૯ પૈસા એ ૨૬ વર્ષ માટે ખરીદી છે પણ કેન્દ્રએ જે ભૂજની અંદર, મુંદ્રાની અંદર કેન્દ્ર સરકારે જે ૪૦૦૦ મેગાવોટ પ્લાન્ટ નાંખ્યો એ ટાટા પાસે ટેન્ડર ખોલીને બીડ કર્યુ. એ આજની તારીખમાં એમાંથી ૧૯૦૦ મેગાવોટ આપણે લેવાની છે એ પ્લાન્ટ ૨૦૧૨ માં ચાલુ થવાનો છે એની કિંમત ત્રણ રૂપિયા ઉપર થઈ ગઈ છે અને અદાણીની ૨.૮૯ પૈસાની વીજળી આપણ માટે કાયમ માટે છે અને જે શોર્ટ ટર્મ વીજળીની ખરીદી છે એ વીજળીની ખરીદી છે એમાં જે વેપારીઓએ કેન્દ્ર સરકારના નિયમમાં ગોઠવાયેલા વેપારીઓ જે ૧૦-૧૨ છે એ વેપારીઓ બીડ મુકતા હોય છે અને એ જ્યાંથી વીજળી ખરીદે છે એમાં વેપારીઓને માત્ર ચાર પૈસા જ નફો મળે છે અને આખી પ્રોસેસની અંદર આઈઘર એક્ષચેંજ હોય છે અને અથવા જે ઈન્ટર સ્ટેટ મુવમેન્ટ એ પ્રમાણે કરે અને બીજું જ્યારે યુ.આઈ. હોય છે ત્યારે ફ્રીકવન્સી વધી જાય છે ત્યારે વીજળી મફતના ભાવે મળે છે અને મારે આનંદ સાથે કહેવું છે અને જ્યારે નથી મળતી ત્યારે આ ગુજરાત સરકારે ત્યારે આ ગુજરાત સરકારે ૧૪.૫૦પૈસે યુનિટે પણ વેચેલી છે એપ્રિલમાં. જ્યારે અમારા પ્લાન્ટ બંધ કરવાના થયા ત્યારે ૧૪.૫૦ના ભાવે વેચેલી છે અને ખરીદેલી પણ છે મફતના ભાવે. એટલે શૉર્ટ ટર્મની ક્રિકવન્સીના આધારે ૧૫-૧૫ મિનિટના રેટ હોય છે અને એ રેટ ઉપર શૉર્ટ વીજળી ખરીદવામાં આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી લાલસિંહભાઈ. (અંતરાય) ( આ તકે વિરોધપક્ષના નેતાશ્રી ઊભા થઈ કાંઈક બોલતાં) તમે પહેલા ઊભા થયા ત્યારે કલેરિફિકેશન માટે ઊભા થયા હતા, તમારું કલેરિફિકેશન થઈ ગયું છે, તમારા કલેરિફિકેશનનો જવાબ પણ મંત્રીશ્રીએ આપ્યો છે, માનનીય મંત્રીશ્રીના જવાબ ઉપર (અંતરાય)નહીં, મને સાંભળી લો, શ્રી શકિતસિંહ આપ બેસી જાઓ (અંતરાય) નહીં, નહીં, I am very clear on my point . પહેલા આપ બેસી જાઓ. પહેલી એક વાત છે, પહેલા એક પ્રશ્ન પેદા થયો છે, ફકીરભાઈના પ્રવચનમાંથી આપે મુદ્દો ઊભો કર્યો , બે મુદ્દાને ઉપસ્થિત કરીને ફકરીભાઈએ એનો જવાબ આપ્યો પછી એ જવાબમાંથી સૌરભભાઈએ જવાબ આપ્યો અને એ જવાબ પછી તમને કલેરિફિકેશન મળી ગયું, બે મુદ્દા એમાંથી ઉપસ્થિતિ કર્યા એક અડધા કલાકની ચર્ચાનો, વિધાનસભાના નિયમો પ્રમાણે અડધા કલાકની ચર્ચા પ્રશ્નોત્તરીમાંથી નિયમ -૯૨ નીચે આવી શકે છે અથવા તો બાકીની ચર્ચા કેવી રીતે લાવવી એ આપને ખબર છે એટલે અડધા કલાકની ચર્ચા મારે આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમણે જે કહ્યું કે, Line to line વાંચી જાઓ,(અંતરાય) મેં સાંભળ્યું છે, Line to line વાંચવાનો પ્રશ્ન રહેતો નથી. કારણ કે, એમના ખુલાસામાં તમને એક લાગે કે, મંત્રીશ્રી ગૃહને ગેરમાર્ગે દોરે છે તો આપ એ અંગેનું મને કાગળ આપશો તો એના અંગે હું જોઈને નિર્ણય કરીશ.

**શ્રી સૌરભ પટેલ** : એ ગૃહને બીજા માર્ગે દોરે તો શું કરવું ?

**અધ્યક્ષશ્રી** : તો તમારે નોટિસ આપવાની (અંતરાય) શ્રી લાલસિંહભાઈ.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં દોઢ વર્ષથી બધાની સાથે ગૃહમાં બેસવાનું થાય છે પણ જે પ્રકારે આ બજૅટ લઈને આવ્યા છે એમાં અમારા મધ્ય ગુજરાતને જે પ્રકારે વ્યવસ્થા મળવી જોઈએ એ મળતી નથી માટે સમર્થન આપી શકાય તેમ નથી. ઘણા બધા ગામડાઓને પરા વિસ્તારથી જોડવા માટે અસંખ્યવાર રજૂઆતો કરવા છતાં એક પણ રોડ બનાવવામાં ન આવે અને પછી કહે કે, બધા જ ગામડાઓના રોડ બની ગયા તો એ વાત યોગ્ય નથી. પેટ્રોલ અને ડિઝલના ભાવો વધતા હોય ત્યારે જો ભારતમાં વેટ આપણા ગુજરાતમાં વધારે હોય તો એ વેટમાં જો ઘટાડો કરવામાં આવે તો પણ પેટ્રોલ અને ડિઝલના ભાવો ઘટી શકે એમ છે.(આ તકે મંત્રીશ્રી શ્રી નીતિનભાઈ બેઠા બેઠા કાંઈક બોલતાં) (અંતરાય) શ્રી નીતિનભાઈ હું તો કોઈ દિવસ કોઈની વચ્ચે બોલતો નથી.

**અધ્યક્ષશ્રી** : લાલસિંહભાઈ તમે મને કહો (અંતરાય) અને નીતિનભાઈ, દરેક વખતે તમે પ્રિવિલેજ ન લો (અંતરાય) આઈ એમ સોરી નીતિનભાઈ દરેક સભ્યો વચ્ચે બોલવાનો અધિકાર મેં તમને આપ્યો નથી.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતમાં ૩૦ થી ૩૫ ટકા જગ્યાઓ ખાલી છે. ગામડાઓના લોકો ઓફિસોમાં આવી ધક્કા ખાઈને પાછા જાય છે. આ નવી સ્કૂલો ખોલી ત્યારે તો જે લોકોને પેલા આવકના દાખલા અને જાતિનું પ્રમાણપત્ર લેવું પડે તો પણ પોતાના એડમિશનો જતા કર્યા છે પણ દાખલાઓ નથી મેળવી શક્યા એવી પરિસ્થિતિ જે થાય છે, તો સરકારે આ બધી જગ્યાઓ ભરીને લોકોની સેવા કરવાની જરૂર છે, એની અંદર જો પૈસા ખર્ચાય તો વધારે સારું. અત્યારે આ જે સરકારમાં વીજળીની ખૂબ જ સારી રીતે આપે છે વાત કરે છે પણ આ લોકો બેઠા પછી આઠ કલાકથી આગળ વધ્યા?

**અધ્યક્ષશ્રી** : આ લોકો, જવા દો હવે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : સોરી,માફ કરજો. સત્તા ઉપર બેઠેલા આપણા જ ભાઈઓ આઠ કલાકથી આગળ વધી શક્યા નથી. તો જો આ બજૅટની અંદર એ વીજળી વધારે ઉત્પાદન કરવાનું જો આયોજન કર્યુ હોત

અને જો આઠ કલાકની જગ્યાએ અગાઉથી ચૌદ કલાક વીજળી આપીશું એ વાત કરી છે એ પ્રમાણે આપવાની વાત કરી છે અને આપો તો આ બજેટને સમર્થન આપવાનું મન પણ થાય. માનનીય અધ્યક્ષશ્રી, ફીકસ પગારથી જે લોકોને રાખવામાં આવે છે કર્મચારીઓને કોઈપણ વ્યકિતને હજાર રૂપિયા આપવામાં આવે તો કોઈનું પણ પૂરું ન થાય. આપણું પણ ન થાય અને એનું પણ ન થાય તો પૂર્ણ પગાર અને પૂર્ણ નોકરી મેળવવાનું જો આ સરકાર આયોજન કરી અને પ્રજાની સેવા કરવાનું નકકી કરે તો જ ગુજરાતની સાચી સેવા અને સાચું બજેટ આપ્યું છે એવું કહેવાય. લોકોને પગાર સારા મળે એ માટેની જોગવાઈ બજેટમાં કરવામાં આવે તો વધારે સારું પણ માત્ર હજાર, પંદરસો અને પચ્ચીસ સો રૂપિયા આપીને જે કામ લેવાની વાત છે એની જગ્યાએ જો પુરતો પગાર આપીને કામ લેવાય અને એ માટે પૈસા ફાળવાય તો એ વધારે સારું રહેશે. અમારે ઘણા વખતથી કાંસોની રજૂઆતો થઈ છે. હજારો એકર જમીન ડુબમાં જાય છે. પાંચ-સાત વર્ષ થઈ ગયા રજૂઆત થવા છતાં પણ એ કાંસોનું પણ આયોજન નથી થયું તો દરેક જગ્યાએ ના કાંસોનું આયોજન થાય, ના રોડનું આયોજન થાય. વીજળી ૨૪ કલાક ગામડાંમાં આપવાની વાત કરે છે પણ પરા વિસ્તારમાં હજુ પણ વીજળી મળતી નથી. ઘણા પરા વિસ્તાર એવા છે કે ત્યાં હજુપણ કેરોસીનથી એમના ઘરની અંદર દીવો કરવો પડે છે અને જો સૌરભભાઈ કહે તો આપની મંજુરીથી હું એમને લઈ જઈને બતાવું કે જુઓ અહીંયા હજુ પણ વીજળી નથી આવી તો એના માટે આયોજન કરવામાં આવે તો એ આયોજનની અંદર જો બજેટ ફાળવી અને લોકોને અંધારામાંથી અજવાળામાં લઈ જવાનો પ્રયત્ન કરવામાં આવે તો જરૂર આ બજેટને સમર્થન આપી શકાય માટે આ વેટમાં ઘટાડો કરે, તાલુકા પંચાયતમાં, જિલ્લા પંચાયતમાં કર્મચારીઓ લાવે. અમારી બાજુ તો ઘર માટે અરજી કરે છે તાલુકા પંચાયતમાં અને લેન્ડ કમિટિની અંદર અરજી જાય છે પણ એક જ જવાબ આવે છે કે આ ગામ પાસે જમીન નથી માટે આપી શકાય તેમ નથી તો જમીન ખરીદીને લોકોના ઘર બને એ માટેની વ્યવસ્થા માટે બજેટમાં જોગવાઈ કરે તો આ બજેટને અમે પણ બજેટને સ્વીકારવા તૈયાર છીએ પણ આ બધી શરતોને આધીન રહીને તો અત્યારે અમે આ બજેટને સમર્થન આપી શકીએ તેમ નથી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૭મી જૂલાઈ, ૨૦૦૯ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા: ૭મી જુલાઈ ૨૦૦૯**
**આષાઢ ૧૬, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ :અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## જામનગર અને કચ્છ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં મજૂરોના થયેલ મૃત્યુ

***૭૬૪૨ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જામનગર તથા કચ્છ જિલ્લામાં સને ૨૦૦૮ના વર્ષમાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માતથી કેટલા મજૂરોના મૃત્યુ થયાં,

(૨) તે પૈકી કેટલા મજૂરોના વારસદારોને વળતર ચૂકવાયું અને બાકી રહેલાને ક્યારે ચૂકવવામાં આવશે, અને

(૩) જવાબદારો સામે શી કાર્યવાહી થઈ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૮માં જામનગર જિલ્લામાં કુલ-૩ તથા કચ્છ જિલ્લામાં કુલ ૨૯ શ્રમયોગીઓના મૃત્યુ થયાં છે.

(૨) જામનગર જિલ્લામાં શ્રમયોગીઓના વારસદારોને રૂા. ૧,૩૭,૦૪૧/- તથા કચ્છ જિલ્લામાં ૧૮ વારસદારોને રૂા. ૭૯,૧૭,૬૦૨/-નું વળતર ચૂકવવામાં આવેલ છે. બાકીનાને વળતર ચૂકવવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) જામનગર જિલ્લાના ૨ જવાબદાર વ્યકિત તથા કચ્છ જિલ્લાના ૧૫ ઔદ્યોગિક એકમોના જવાબદાર વ્યકિત સામે ૧૫ કેસો કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જામનગર જિલ્લાના બન્ને જવાબદાર વ્યકિતને કોર્ટે રૂા. ૧૨,૦૦૦/-નો દંડ કરેલ છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ૨૦ વારસદારોને, આશ્રિતોને વળતર આપ્યું છે અને હજી ૧૨ જેટલા આશ્રિતોને વળતર આપ્યું નથી તો એને ક્યારે વળતર આપવામાં આવશે, એક અને બીજો પ્રશ્ન છે આ મૃતકોના વારસદારોને આ ઔદ્યોગિક એકમોએ આશ્રિત તરીકે નોકરી આપી છે અથવા અપાવવામાં સરકાર શું કાર્યવાહી કરવાની છે, અને ત્રીજો પ્રશ્ન કે ભવિષ્યમાં આવું ન થાય એના માટે સરકારે શું તકેદારી લીધી છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ત્રણ પ્રશ્નો પૂછયા છે એમાં તકેદારીનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી દર વખતે કારખાનાના માલિકો પણ ઈચ્છતા નથી હોતા કે અમારા કારખાનામાં આવો કોઈ એકસીડન્ટ બને, એકસીડન્ટ બને તો સફર કારખાનાને જ કરવાનું હોય છે. એના માટે આપણે સેફટી અને હેલ્થ જે ઈન્સ્પેકટર હોય છે એ વારંવાર એનું ચેકીંગ કરે છે અને જયાં કોઈ ખામી લાગે એ ખામી દુરસ્તી કરવા માટે એ રીતે કહે છે. અને કોઈપણ કર્મચારી ગુજરી જાય તો એના વારસદારને નોકરીમાં રાખવું એવું કયાંય વર્કસમેન કોમ્પેન્સેસન એકટની અંદર કયાંય નથી. જો માલિક સારો હોય તો તો આપનું જે સૂચન છે તો આમાં કદાચ લેબર ઓફીસર કે ફેકટરી ઈન્સ્પેકટર એમ કહે કે આ ગુજરી ગયો છે એને તમે કોમ્પેન્સેસન ભલે આપો પણ એનો વારસદાર જો યોગ્ય હોય અને એવો કારીગર હોય તો એને નોકરી આપવા માટે મદદરૂપ થવા માટે વિભાગના લોકો મદદરૂપ થઈ શકે. પણ કાયદાની અંદર કોઈ જોગવાઈ નથી અને આમાં જે એકસીડન્ટ થયા એ એકસીડન્ટ બે જગ્યાએ આપણે પૂછયા છે. એક કચ્છ જિલ્લાનો છે અને એક જામનગર જિલ્લાનો છે. તો કચ્છની અંદર ૨૯ બનાવની અંદર ૨૯ મૃત્યુ થયા છે અને એમાંથી ૧૬ કારખાનાધારા નીચે બનાવ થયા છે, ૪ બનાવ બન્યા છે એ ઈલેકટ્રીક શોકથી મૃત્યુ પામ્યા છે. અને ૮ બનાવ એ વાહન અકસ્માત છે. વાહન અકસ્માતમાં જે કેસ બને એના માટે એ વારસદારને વળતર ચૂકવવા માટે થઈને ઇન્ડિયન પીનલ કોડ મુજબ એની ઉપર ક્રીમીનલ કાર્યવાહી કરે અને વળતર માટે મોટર વીહીકલ એકટ મુજબ એ કોર્ટમાં એના વારસદારો કોઝ દાખલ કરે એટલે ૮ કેસો છે એ મોટર વીહીકલ નીચે આવે પછી જે બનાવ ઈલેકટ્રીક શોકથી મૃત્યુ પામ્યા એમાં કુલ ૪ બનાવ બન્યા હતા. ૪ માંથી ૩ વારસદારોને એનું ચૂકવણું થઈ ગયું છે અને છેલ્લી પરિસ્થિતિ મુજબ એક વારસદારને તા: ૪-૭-૦૯ના રોજ રૂા. ૧,૬૦,૬૬૬/- એણે કોર્ટમાં જમા કરાવ્યા છે, એટલે જે એના વારસદાર હશે એ વારસાઈ રીતે એને આપી દેવામાં આવશે. એ જ રીતે જે ૧૭ કારખાનાના બનાવ બન્યા હતા એમાંથી ૧૪ બનાવ છે એ ૧૪ બનાવની અંદર ૧૭ બનાવમાંથી ૧૪ બનાવની અંદર ચૂકવાઈ ગયું અને હમણાં આપે પ્રશ્ન પૂછયા પછી લેટેસ્ટ પરિસ્થિતિની અંદર છેલ્લી પરિસ્થિતિ મુજબ ૨ કેસની અંદર તા: ૪-૭-૦૯ના રોજ એણે કોર્ટમાં જમા કરાવી છે રકમ રૂા. ૪,૧૧,૯૦૦/-, બીજી કંપની એ ૩ લાખ કરાવ્યા છે અને એક બાકી કિસ્સામાં અઠવાડિયામાં કોર્ટમાં જમા કરાવવામાં આવશે એવો એશ્યોરન્સ આપ્યો છે એટલે જે ૧૪-૧૪ બનાવ છે એની

અંદર એ વળતર મળી રહેશે અને કારખાના ધારા હેઠળ ૧૫ જે કોર્ટમાં કેસ કરેલ છે એમાં બે રીતે થાય, વળતરનો કેસ થાય અને બેદરકારી માટે ક્રીમીનલનો કેસ થાય. વળતરના કેસમાં મેં કહ્યું એ પ્રમાણે મળ્યા છે. ક્રીમીનલ કેસ છે એની અંદર ૧૫માંથી ૧૪ કેસ હજી કોર્ટમાં પેન્ડીંગ છે, એક કેસનો કોર્ટમાં નિકાલ થયો છે અને એમાં કોર્ટે એને ૧ લાખ રૂપિયાનો દંડ કર્યો છે. આ કચ્છની પરિસ્થિતિ છે. હવે જામનગરની જે પરિસ્થિતિ છે એમાં કુલ ત્રણ વ્યક્તિઓના મૃત્યું થયા છે. એમાં કારખાના ધારા નીચે બોઈલર ફાટયું એટલા માટે બનાવ બન્યો એમાં બે મૃત્યું થયા અને એક વ્યક્તિ ગાડી રિવર્સ લેતાં એમાં મૃત્યું પામી. એટલે મોટર વ્હીકલ એક્ટ નીચે આવે છે. એમાં કંપની તરફથી એક્સ ગ્રેસિયા તરીકે, જો કે એની જવાબદારી ન હતી છતાં એના ત્રણ વારસદારોને અનુક્રમે બે, બે, અને એક લાખ એમ કુલ પાંચ લાખ રૂપિયાનું વળતર આપી દીધું છે. કારખાના ધારા નીચે જે કેસો હતા એમાં ઈ.એસ.આઈ. સ્કીમ નીચે કવર થતા હતા એટલે એક્સ ગ્રેસિયા તરીકે એને રૂા. ૧,૧૬,૬૧૧ મળ્યા અને એ ઉપરાંત એની પત્નીને રોજના ૪૭.૭૯ પૈસા લેખે મળ્યા. આ કાસમભાઈના વારસદાર છે. બીજા વિક્રમસિંહ બાલુભા છે એમના વારસદારને એક્સ ગ્રેસિયા તરીકે ૨૦૪૩૦ની રકમ આપી અને એમના પત્નીને રોજના ૯૭.૨૦ પૈસા દૈનિક તરીકે અને એના પુત્રને ૬૪.૮૦ પૈસા દૈનિક તરીકે જ્યાં સુધી જીવે ત્યાં સુધી આપવા માટેનું એનું વળતર મળી ગયું છે. આમ, હવે વળતરના કોઈ કેસો બાકી નથી. જે બાકી છે એ ક્રિમિનલના બાકી રહ્યા છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે આવા અકસ્માતના બનાવો ખાસ કરીને ફેકટરીઓમાં બનતા હોય છે ત્યારે સૌના માટે દુઃખદ વાત હોય છે. કારણ કે ઘરનો કમાનાર સભ્ય આકસ્મિક મૃત્યું પામે ત્યારે એના માટે વળતરની જોગવાઈ હોય અને એના તરફ સૌને હમદર્દી થતી હોય છે. મારે બે વસ્તુ ખાસ પૂછવી છે કે જે આપણો ફેકટરી એક્ટ છે એમાં ફેકટરી ઈન્સ્પેકટર હોય છે એ ફેકટરીઓનો સરવે કરીને, તપાસ કરીને, ઈન્સ્પેકશન કરીને જે રીતે તપાસ કરતા હોય છે એમાં કંઈક વધુ કડક નિયમો બનાવવામાં આવે કે એ ફેકટરી ઈન્સ્પેકટરની પણ જવાબદારી આવા અકસ્માતો બને ત્યારે થાય. બીજું કે, જે લોકો એમ્પ્લોઈ તરીકે કામ કરતા હોય છે એ એમ્પ્લોઈને સેફટી અંગેની તાલીમ આપવી જોઈએ. એના માટેના વ્યવસ્થિત વર્ગો ચાલે અને ફેકટરીમાં એમ્પ્લોઈ બનાવીએ તે પહેલા તાલીમ આપીને એ પરીક્ષા પાસે કરે એવું કરીએ તો એમ્પ્લોઈની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. તો આ બાબતમાં માનનીય મંત્રીશ્રી શું કરવા માગે છે?

**શ્રી વજુભાઈ વાળા** : એમ્પ્લોઈમાં જાગૃતિ માટે થઈને સરકારી ડિપાર્ટમેન્ટમાં હેલ્થ વિભાગ હેઠળ હેલ્થ ઈન્સ્પેકટરો અને પ્રિવેન્ટીવ મેજર માટે અવાર નવાર એના વર્ગો રાખે છે. કર્મચારીઓને એની તાલીમ આપવામાં આવે છે. બીજી વાત એ છે કે અવાર નવાર એનું ચેકીંગ પણ થાય છે અને ચેકીંગ પ્રમાણે કોઈ ખામી લાગતી હોય તો માલિકોને એ કહે છે. મારે કહેવું પડે કે લગભગ આવા બનાવો પ્રમાણમાં ઓછા બને છે. ભૂતકાળમાં બનતા હતા. માલિકો પોતે જાગૃત થઈ ગયા છે. પોતાની ફેકટરીમાં કોઈ અકસ્માત બને અને એની મશીનરી એટલો વખત સુધી બંધ રાખવી પડે એમ એ ઈચ્છતા હોતા નથી. એમને કોમ્પોન્સેશન આપવાનો સવાલ હોતો નથી. પરંતુ એની ફેકટરી બંધ ન રહે અને કર્મચારી કે કારીગરમાં અસંતોષ ન થાય એટલા માટે માલિકોને સમજણ આપવામાં આવે છે કે તમારી ફેકટરીના સાધનો યોગ્ય રીતે જાળવણી કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર અને કચ્છના ઔદ્યોગિક એકમોમાં અકસ્માતોથી મજૂરોના મૃત્યું થયા એ બાબતે માનનીય શ્રમ મંત્રીશ્રીએ એમ કહ્યું કે પ્રમાણમાં ઓછા મૃત્યું થાય છે. આ જવાબ ખૂબ જ દુઃખદ છે. અકસ્માતથી મૃત્યું વધે એ પ્રકારનું તમારું માનવું છે? જે મૃત્યું થયા છે એના માટે ૧૫ કેસો કોર્ટમાં દાખલ થયેલા છે. આવા એક કેસમાં એક લાખ રૂપિયાનો દંડ કરીને માલિકને છોડી મૂકવામાં આવ્યો છે. આવા સંખ્યાબંધ કિસ્સાઓમાં કચ્છ જિલ્લામાં કોર્ટની અંદર અકસ્માતોના કેસોમાં માલિકોને દંડ કરીને છોડી મૂકવામાં આવે છે. એની અંદરથી ક્રિમિનલ પ્રોસિડિંગ્ઝ અંગેની કાર્યવાહી થતી હોય, એમાં સમાધાન અને દંડ કઈ રીતે થઈ શકે? કચ્છ જિલ્લામાં આવા કેટલા કેસોની અંદર ગયા વર્ષોની અંદર તા.૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ આવા કેટલા અકસ્માતોમાં આવા સમાધાન કે દંડની કાર્યવાહી થઈ છે?

**અધ્યક્ષશ્રી** : આપની પાસે વિગતો હોય તો આપો અને બીજું બાબુભાઈ આપ ખૂબ સિનિયર મેમ્બર છો. એમનો કહેવાનો અર્થ એ હતો કે ઓછા થયા છે એટલે અગાઉના વખતના જે બનાવો થતા હતા એમાં પ્રમાણ ઘ ટયું છે એ કહેવાનું હતું. એને આપણે (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : બાકી કોઈના લાડકવાયા હોય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એને આપણા નિયમો પ્રમાણે (અંતરાય)નહિ આપણે એને વ્યંગાત્મક રીતે લઈએ એ યોગ્ય નથી. માનનીય મંત્રીશ્રી આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત નથી થતો પણ આપની પાસે માહિતી હોય તો આપો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાં ઉપસ્થિત નથી થતો એટલે માહિતી રાખેલી જ નથી.

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

*** ૮૭૯૮ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે,

(૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) પડતર કેસોનો કઈ તારીખ સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) ૧૪૦ કેસ.

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા.

(૩) સંબંધિત કચેરીમાંથી પડતર કેસોની પુર્તતા થઈ આવ્યા બાદ સત્વરે નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, જ્યારે કર્મચારી નોકરી કરતો હોય અને રિટાયર થાય અને પેન્શન લેવાનો વારો આવતો હોય છે ત્યારે એ કંટાળી જતો હોય, થાકી જતો હોય એના પેન્શન માટે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અશ્વિનભાઈ એને આપ પૂર્વભૂમિકા વિના પેન્શન ઉપર આવશો તો સારું રહેશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, જે પેન્શન વિનાના ૧૪૦ કેસો બતાવવામાં આવ્યા છે. ૧૪૦ કેસો પડતર છે તે પેકી કેટલા કેસો એક વર્ષ કે તેથી ઉપરના છે? બીજો પ્રશ્ન, કર્મચારીના નિવૃત્તિના સમયે જે તે વિભાગ તરફથી યોગ્ય ચકાસણી કરી પછી જ પેન્શન ઓફિસમાં મોકલવામાં આવે તેવી સરકારશ્રી કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પેન્શન આપવામાં આવે છે એ જે તે કચેરીના લોકો જે માહિતી મોકલે એના આધારે એનું પેન્શન છે. એમાં કોઈ ખામી રહી ગઈ હોય તો એ પરત કરવામાં આવે છે. પેન્શન ઓફિસમાં કોઈપણ કેસ લાંબા સમય માટે બાકી નથી રાખતા. આપણે જે કેસ કહ્યાં એમાં બધા ૪-૫-૬ મહિનાના ૨૦૦૯ ની સાલની અંદર અને વધુમાં વધુ એક-બે કેસ એવા હશે છે કે જે ત્રીજા મહિનાના, ચોથા મહિનાના છે. બાકી પાંચમા-છઠ્ઠા મહિનાના જ બધા કેસીસ છે. ૩૦ દિવસથી વધુ લગભગ સમય નથી લાગતો અને જ્યારે આપે કહ્યું ત્યારે ૧૪૦ કેસો બાકી હતા. ૧૪૦ માંથી ૮૨ કેસોનો નિકાલ કરી દેવામાં આવ્યો છે અને ૫૮ કેસો જેની પુર્તતા માટે થઈને જે તે વિભાગની અંદર એને પરત કરવામાં આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઓફિસ છે એ દર વર્ષે હજારો કેસીસનો નિકાલ કરે છે એની પાસે કોઈ પેન્ડિંગ કેસ રહેતા જ નથી. હું આપને કહીશ કે ૨૦૦૬-૦૭ ની અંદર ૧૧,૦૦૦ કેસોનો નિકાલ કર્યો, ૨૦૦૭-૦૮ માં ૧૩,૦૦૦, ૨૦૦૮-૦૯ માં ૧૨,૭૪૯ એટલે હજારો કેસોનો નિકાલ થતો હોય છે. જે કેસ પેન્શન કચેરી પાસે આવે એ ત્યાં મહિનો કે દોઢ મહિનો જ રહે છે. એમાં જે પુર્તતા બાકી હોય એના માટે થઈને ડિપાર્ટમેન્ટમાં મોકલી દે છે. અમારી પાસે કોઈ કેસ પેન્ડિગ રહેતા નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લાના ધરમપુર સબડિવિઝનમાંથી છેલ્લા ૨૦૦૫ થી ૨૦૦૯ સુધીના ચારેક વર્ષના કેસો પેન્ડિગ છે. જે સંકલનમાં પશ્ન પૂછવામાં આવે તો કહે છે કે સરકારમાં ગયા છે અને સરકારમાં જ્યારે આવા કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે એ કેસ પરત કરવા આવે છે એ સત્વરે થાય એટલી મારી વિનંતી છે. જે રોજમદાર છે જે ચાર-પાંચ વર્ષ થઈ ગયા પછી એને પેન્શન મળતું નથી. ધરમપુર સબડિવિઝનની વાત છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પાસે સબ ડિવિઝનની વિગત ના હોય. એમનો જે પ્રશ્ન છે એને રજૂઆત ગણીને આપ એના પર તાત્કાલિક પગલા લેવા માગો છો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વલસાડ જિલ્લાની જે સ્થિતિ હશે એ જોવડાવી લઈશ. જ્યાં ડિલે થતું હશે ત્યાં કરીશું પણ જે કાંઈ ડિલે થાય છે એ વિભાગમાંથી અધૂરી માહિતી આવે છે એના કારણે થાય છે. પેન્શન ઓફિસની અંદર પ્રિસક્રાઈબ થયેલા નિયમો છે એ ઢાંચાની અંદર અને એ ફોર્મની અંદર આવી જતા હોય એટલે એને મંજૂર કરે છે. છતા વલસાડ જિલ્લાનું છે હું (અંતરાય) ધરમપુર ડિવિઝન.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે આપણે નિયમ એવો છે કે જ્યારે કર્મચારી રિટાયર થાય તે તારીખથી એને પેન્શન મળી જવુ જોઈએ. મોટાભાગના કેસોમાં રિટાયર થવાના બે વર્ષમાં પહેલાથી કાર્યવાહી ચાલુ થઈ જતી હોય છે ત્યારે કયાં સંજોગોમાં આવા કેસો પડતર છે અન એની ચકાસણી કરીને કયારે પુર્ણ કરીને પેન્શન આપવા માગે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો વ્યકિત નિવૃત્ત થાય કે ગુજરી જાય ત્યાર પછી એના પેન્શનના કાગળો શરૂ થતા હતા. હવે તો એક વર્ષ અગાઉથી થઈ જાય છે અને આપણે લગભગ છ મહિના પહેલા એ વ્યકિતને કહી દઈએ છીએ કે તમારું આટલું પેન્શન અને આટલી રકમ એ રીતે મળશે, એ રીતે નક્કી કરીને એડવાન્સમાં જ આપીએ છીએ પરંતુ રેર કેસો જ એવા બાકી રહી જાય છે કે, જેમાં એની નિવૃત્તિની સમય મર્યાદા પૂરી થયા પછી એ કેસો વિભાગ તરફથી આવે છે. અમારી પાસે તો કોઈ કેસ એક- દોઢ મહિનાથી વધુ સમય

રહેતો નથી. હું કહીશ કે, લગભગ ૯૫થી ૯૬ ટકા કેસો એ નિવૃત્ત થાય એ પહેલા જ એનું પુરુ થઈ જાય છે પણ વિભાગમાંથી કોઈ માહિતીનો અભાવ હોય એટલા જ કેસો બાકી રહેતા હોય છે. ( આ તકે કોઈ સભ્યશ્રીએ બેઠા બેઠા બૂમ પાડતાં)

## અધ્યક્ષશ્રીનું અવલોકન

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આગળ વધું એ પહેલા, આ બાજુથી જેમણે પણ બૂમ પાડી હોય એ જરા યાદ રાખે કે પોતે સભાગૃહમાં બેઠા છીએ, નહીં તો હું નેઈમ કરીશ, એટલી હું એમને તાકીદ આપું છું. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૩.

**શિહોર અને ગારિયાધાર તાલુકામાં ર્ડા. બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવા કરેલ આયોજન.**

*** ૮૮૩૩શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભાવનગર જિલ્લાના શિહોર અને ગારિયાધાર તાલુકામાં ર્ડા. બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવા માટેનું સરકાર દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) હા,જી.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, ગારિયાધાર અને શિહોર તાલુકામાં આંબેડકર ભવનો બાંધવાની કાર્યવાહી હાલમાં કયા તબક્કે છે અને આ બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને આની પાછળ કેટલો ખર્ચ થવાનો છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ર્ડા. બાબાસાહેબ આંબેડકર ભવનો જે જિલ્લા કક્ષાની યોજના હતી, ૨૦૦૭-૦૮થી તાલુકા કક્ષાએ આ યોજના શરૂ કરવામાં આવી છે અને એના આયોજન પાછળ સરકારે એકમ દીઠ દસ લાખ રૂપિયાનો ખર્ચ કરવાનું નક્કી કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી ગારિયાધાર અને શિહોરનો સવાલ છે, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તરફથી સરવે નંબર-૭૭૮માં તા. ૨૭-૨-૦૯ના રોજ એ દરખાસ્ત કલેકટરશ્રીને ત્યાં મોકલાઈ ગઈ છે અને ત્યાંથી એ મંજૂર થયે આગળની કાર્યવાહી થશે, એજ રીતે શિહોરમાં પણ તા. ૨૯-૨ના રોજ આ દરખાસ્ત મોકલવામાં આવી છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજનાની જાહેરાત થઈ ત્યારે કેટલી રકમની જાહેરાત થઈ હતી ? તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ ? જો ફેરફાર કરવામાં આવ્યો છે, તો શું ફેરફાર કરવામાં આવ્યો છે ? બીજો પ્રશ્ન છે, સમગ્ર રાજયમાં તાલુકા કક્ષાના ર્ડા.બાબાસાહેબ આંબેડકર ભવનો બનાવવા માટે...

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. આપણે ભાવનગર જિલ્લા પૂરતું જ મર્યાદિત રહીએ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : મંત્રીશ્રી પાસે જવાબ હોય તો જ આપે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. મારી મર્યાદા છે, મારે જિલ્લા બહાર નથી જવું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : ભાવનગર જિલ્લાના ગારિયાધાર અને શિહોર તાલુકામાં ર્ડા. બાબાસાહેબ આંબેડકર ભવનો બનાવવા અંગેની કાર્યવાહી કેટલી થઈ છે અને ક્યારે પૂર્ણ થશે ?

**અધ્યક્ષશ્રી** : આનો જવાબ તો અગાઉ આપ્યો પણ એમનો પ્રશ્ન છે કે, આ યોજનાની જાહેરાત થઈ ત્યારે અને પછી શું ફેરફાર થયો ? માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા કક્ષાએ આંબેડકર ભવનો માટે પહેલા જે જાહેરાત થઈ હતી એ દસ લાખ રૂપિયાની જાહેરાત થઈ હતી અને એમાં પાંચ લાખ રૂપિયા રાજય સરકાર ભોગવે અને પાંચ લાખ રૂપિયા ધારાસભ્યશ્રી અને એમ.પી. ફંડમાંથી લેવા માટેની જોગવાઈ હતી પરંતુ પાછળથી એમાં ફેરફાર કરીને દસે દસ લાખ રૂપિયા રાજય સરકાર ભોગવે એ રીતે એમાં સુધારો કરવામાં આવ્યો છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, તાલુકા કક્ષાની આંબેડકર ભવનોની આ યોજના ક્યારથી ચાલુ થઈ ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮માં આ અંગેનો નિર્ણય લેવાયો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય એવો છે કે, સરકારને અભિનંદન આપવા પડે એટલા માટે કે, અત્યાર સુધી ર્ડા. બાબાસાહેબ આંબેડકરના નામને ભુલાવવાના પ્રયત્નો થયા હતા. હું અભિનંદન આપું છું આ સરકારને અને મુખ્ય મંત્રીશ્રીને કે ર્ડા. બાબાસાહેબના નામની સાથેના આંબેડકર ભવનો તાલુકા કક્ષા સુધી બાંધાય એ પ્રકારનો નિર્ણય આ સરકારમાંથી લેવાયો છે ત્યારે મારે એ જાણવું છે કે, ભાવનગર જિલ્લાના બીજા કોઈ તાલુકાઓમાં આંબેડકર ભવનો બંધાયા છે કે કેમ અને બંધાયા હોય તો કયા તાલુકામાં અને બાકી હોય તો એ કેટલા વખતમાં પૂર્ણ થશે ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના જે બાકીના તાલુકાઓ છે એમાં ઘોઘ ા, તળાજા, પાલીતાણા, મહુવા, બોટાદ, વલ્ભીપુર, ઉમરાળા, ગઢડા, આ દરેક જગ્યાએથી જમીન માટેની દરખાસ્તો મોકલાઈ ગઈ છે અને જેવી જમીન ત્યાંથી કલેકટર કક્ષાએથી મંજૂર કરવામાં આવશે અને આંબેડકર ભવનો બનાવવામાં આવશે

### રૂ. ૧ કરોડથી વધુ વેચાણવેરાના બાકી એકમો

* ૮૬૬૦ **શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજયમાં એક કરોડથી વધુ વેચાણવેરો બાકી હોય તેવા ઉદ્યોગ ગૃહોના એકમો કયા કયા છે?

(૨) સદર રકમ કેટલા સમયથી બાકી છે, અને

(૩) તે રકમ વસુલાત માટે શાં પગલાં ભરવામાં આવ્યા?

**નાણામંત્રીશ્રી:**

(૧) સામેલ * પત્રક-૧ મુજબ.

(૨) વર્ષ ૧૯૮૫ થી ૨૦૦૯ સુધીના જુદા જુદા સમયની બાકી છે.

(૩) શકય વસુલાતવાળા કેસોમાં વેચાણવેરા/ મૂલ્યવર્ધિત વેરા/ જમીન મહેસૂલ કાયદા હેઠળ પગલાં ભરવામાં આવ્યા છે.

*** (પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં એક કરોડથી વધુ વેચાણવેરો બાકી હોય એવા ઉદ્યોગગૃહોની યાદી આપવામાં આવી છે. લગભગ ૭૦૦ જેટલા ઉદ્યોગગૃહોની યાદી આપવામાં આવી છે. આ રાજયમાં જી.એસ.ટી. અને સી.એસ.ટી થઈને લગભગ ૫૦૦૦કરોડ જેટલી રકમ બાકી છે. ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર હોય, કોઈ ગરીબના પૈસા બાકી હોય કે કે ખેડૂતના પૈસા બાકી હોય તો એની પાસે કડક વસુલાત કરવામાં આવે છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા પાંચ વર્ષમાં આમની સામે જે કાર્યવાહી કરી એના અનુસંધાનમાં કેટલી વસુલાત થઈ અને આજની તારીખે ગુજરાતમાં સૌથી વધુ વેચાણવેરો કયા એકમોનો બાકી છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી સવાલ ઉભો નથી થતો પણ જે બાકી છે એ શું કરવા બાકી છે શા માટે એના માટે કહું જે પત્રક છે એ તો ૬૯૭નું આપ્યું છે. બહુ મોટું લાંબુ લિસ્ટ છે આપ કહો તો હું વાંચી જાઉં મને વાંધો નથી. સવાલ એ છે જે ૬૯૮ કેસ બાકી છે એના પડતર રહેવાના કારણો એ છે કે મનાઈ હુકમ કક્ષાએ ૧૨૮ કેસીસ છે. જેની અંદર લીટીગેશનમાં હોય અને મનાઈ હુકમ કાં કોર્ટે આપ્યો હોય કાં ડિપાર્ટમેન્ટે આપ્યો હોય એટલા ૧૨૮ પછી જે બી.આઈ.એફ.આર., એ.આઈ.એફ.આર. અને જી.બી.આઈ.એફ.આર. એની રીતે ૮૩ કેસીસ છે એટલે એમાં પણ આપણે વસુલાતની કાર્યવાહી ન કરી શકીએ. બે Debt Recovery Tribunal માં દાવો નોંધાયેલ હોય એવા ૭૬ કેસ છે એટલે એ લીકવીડેટરે કાર્યવાહી કરવાની હોય છે. જેનો ધંધો બંધ થઈ ગયો હોય અને લાપતા હોય એવા ૨૭૧ કેસીસ છે અને રીકવરી, રેવન્યુ સર્ટિફીકેટ છે એ જેને આપ્યા હોય એવા ૩૨ કેસીસ છે. જેની હરાજીની અંદર છે એવા ૧૦ કેસીસ છે અને વસુલાતની કાર્યવાહી ચાલુ હોય એવા ૯૮ કેસીસ છે. આ રીતે જેમાં હરાજી હોય કે વસુલાતની કાર્યવાહી હોય એ ડિપાર્ટમેન્ટ કરતુ હોય છે આવા ૬૯૮ કેસોની અંદર કુલ ૭૫૦૨.૪૦કરોડ રૂપિયાનું કરજ બાકી છે અને મોટાભાગનાની અંદર મનાઈ હુકમ, બી.આઈ.એફ.આર., લીકવીડેટર પાસે ધંધો, રેવન્યુ સર્ટિફીકેટના, આવા બધા કેસીસના હોય છે અને આ બધા છે એ ૧૯૮૫થી એમને એમ ખેંચાતા આવતા હોય છે. બાકી અત્યારે જેટલી મેકસીમમ રીકવરી થાય એના માટે આપણે પ્રયત્ન કરીએ છીએ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૯૮ ઉદ્યોગપતિઓના ટેકસ બાકી છે તો કેન્દ્ર સરકારના કેટલા અને ગુજરાત સરકારના કેટલા અથવા તો મહેસૂલ વિભાગના કોઈ બાકી છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વેચાણવેરાને લગતા જ કેસીસ બાકી છે. ના. ના. આમાં કેન્દ્રીય વેચાણવેરો હોય એ આપણે ઉઘરાવવાનો હોય એટલે કેન્દ્રએ આપણને પરવાનગી આપી હોય શરૂઆતમાં ચાર ટકાની પરવાનગી આપી પછી કેન્દ્ર સાથે અને ઓલ ઓવર ઈન્ડીયાના બધા ફાઈનાન્સ મિનિસ્ટરોને નકકી કરીને કહયું કે ચાર ટકામાંથી દર વર્ષે એક એક ટકો ઘટાડવો એટલે ચારના ત્રણ કર્યા, ત્રણના બે કર્યા પણ વેરો ઉઘરાવવાની સત્તા આપણને, રાખવાની સત્તા પણ આપણને એટલે કેન્દ્ર સરકાર પાસે કોઈ બાકી રકમ ન હોય.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એક કરોડ ઉપર જેનો ટેકસ બાકી છે એવા જે લાપત્તા લોકો છે એવું માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આવા લાપત્તા લોકોની ભાળ મેળવવા માટે, તપાસ કરવા માટે સરકારશ્રીએ શું આયોજન કર્યું છે અને શું આયોજન કરવા માગે છે? પોલીસ દ્વારા કે બીજી કોઈ રીતે એની તપાસ કરવા માગે છે કે નહીં?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે લાપતા હોય એના માટે ચોકકસ જે લાપતા છે એણે કોની સાથે વ્યવહાર કર્યો હતો લે-વેચનો એને પૂછીને એની માહિતી મેળવવા માટે કોશિષ કરીએ છીએ. ઘણા લોકો બહારગામ જતા રહયા હોય છે પણ ઈન્ડીવીજડયુઅલ જ હોય છે. શરૂઆતની અંદર ભૂતકાળની અંદર જે બેનામી ટ્રાન્ઝેકશન થતા હતા એને કારણે એ ખાતુ ખોલાવે પછી એ ખાતુ બંધ કરી અને બીજુ ખાતુ ખોલાવે, ત્રીજુ ખાતુ ખોલાવે. બેનામી વ્યવહાર કરવાવાળા છે એટલે એનો પત્તો લગાવવો અઘરું છે છતાંપણ સેલટેકસ ડિપાર્ટમેન્ટ આના માટે થઈને પ્રયત્ન કરે છે. આ કોઈ એવો ક્રિમિનલ કેસ નથી કે એ પોલીસ ખાતાને સોંપીએ. પોલીસ ખાતાને સોંપીએ તો પોલીસ ખાતાવાળા એની જ તપાસ કરે કે જેમાં તમારી ફરિયાદ હોય. જેમાં તમારી ફરિયાદ હોય, ફરિયાદ હોય તો આપણે કરી શકીએ. ફરિયાદ માટે થઈને ઈન્ટેન્સનલી કોઈ વ્યક્તિએ કોઈ ગુનો કર્યો હોય તો થાય, આમાં ડિપાર્ટમેન્ટે શોધવાનો હોય છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : આજસુધી કુલ રાજ્યમાં કેટલો વેચાણ વેરો બાકી છે. ફિગર જોઈએ છીએ?

**શ્રી વજુભાઈ વાળા** : આમાં તો ફક્ત એમણે પૂછ્યું છે એક કરોડથી વધુ હોય એના માટેની વાત છે. બીજો હોય તો જુદી નોટિસ આપવી પડે.

**અધ્યક્ષશ્રી** : તમારા પ્રશ્નમાંથી એક કરોડથી વધારે વાળા આંકડા છે, જે ટેબલ ઉપર મૂક્યા હશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : નાણા મંત્રીશ્રીએ જે વસૂલાત ન થવાની કેટલીક વિગતો આપી, એમાં લિકવિડેટર પાસે કહ્યું કે ૭૬ કેસ લિકવિડેટર પાસે છે. આમાં એક ગુજરાત સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રિઝની વસૂલાત લિકવિડેટરને સોંપવામાં આવેલી છે અને ગુજરાત સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રિઝની કોના કારણે જવાબદારી ઊભી થઈ છે, એનું લિસ્ટ વિભાગને આપવામાં આવેલ છે. આ લિસ્ટ પ્રમાણેની વસૂલાત થઈ શકે તેવા લોકોની તારવણી કાઢી છે કે કાઢવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આમાં ઈન્ડિવિઝ્યુઅલ કેસના નથી. ટોટલ આની અંદર કેટલા બાકી છે, એના માટે વાત કરી છે.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : વસૂલાત કરવા માગો છો કે કેમ? ગુજરાત સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રિઝના બાકીદારોના લિસ્ટ તમારી પાસે આવેલ છે. તપાસ કરી વસૂલાત કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : વસૂલાત જેમની પાસે થઈ શકે, તેના માટેનો પૂરો પ્રયત્ન કરીએ છીએ. આ બધા કેસ બાકી છે. મારા વખતના નથી. ૧૯૮૫ થી બાકી છે. આપના વખતના પણ બાકી છે અને મારા વખતના પણ બાકી છે. આપણા બંનેના સહિયારા બાકી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે ઉદ્યોગ ઉપર ટેક્સ બાકી છે, તે ઉદ્યોગ સાથે વન ટાઈમ સેટલમેન્ટ કરવા સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : અત્યારે નથી. જ્યારે વિધાનસભાની અંદર કોઈ પૅકેજ આપવામાં આવે ત્યારે સ્કીમ આપીએ છીએ. સ્કીમની અંદર નક્કી કરીએ છીએ કે પેનલ્ટી અને વ્યાજની મૂળ રકમ આટલા વખતથી ભરી દે. તો પેનલ્ટીમાં આટલી રાહત અને વ્યાજની હોય તો વ્યાજની આટલી રાહત એ રીતે હોય છે. બાકી કાયદાની જોગવાઈ પ્રમાણે પૂરી વસૂલાત કરવામાં આવે છે.

## ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

***૮૭૦૪ શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ(ભરૂચ) : માનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરી ખાતે કરી છે અને

(૨) તે પૈકી કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૨૦૦૨૯

(૨) ૫૯૭૨

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવા માગું છું કે ભરૂચ જિલ્લાની અંદર ઘણા ઉદ્યોગો રોજગાર માટેના જે ઇન્ટર્વ્યૂ રાખે છે તે જિલ્લાની બહાર રાખે છે, તો સરકાર આવા ઇન્ટર્વ્યૂ, ભરતી જિલ્લામાં જ કરે એવો કઈ નિયમ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : સવાલ એ છે કે જે સ્થાનિક ફૅક્ટરી હોય કે સ્થાનિક ઉદ્યોગ હોય એના ઇન્ટર્વ્યૂ સ્થાનિક જ હોય છે. અમુક ઑલ ઓવર ઈન્ડિયાની અંદર ફૅક્ટરી આવેલી હોય. ઘણી વાર દિલ્હીથી, બેંગ્લોર, કલકત્તા હેડ ઑફિસ હોય કોઈ કેન્દ્રના ઉદ્યોગ કે સાહસ હોય તો એ લોકોને જે કાઈ છે ત્યાંથી ભરતી થાય છે, કારણ કે ઑલ ઓવર ઈન્ડિયામાં ટ્રાન્સફરેબલ જોબ હોય છે, એટલા માટે લોકલ એ નથી કરી શકતા. આપણા ઉદ્યોગો છે, એને કહ્યું છે તમે અહીથી કરો.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં બેરોજગારોની નોંધણી થયેલી હોય એવા લોકો અનએમ્પ્લોઈમેન્ટ માટેના કોઈ રોજગારી મળે એ માટેના યુનાઈટેડ મેળાઓ રાખેલા હોય તો તેવા ભરૂચ જિલ્લામાં કેટલા રાખવામાં આવ્યા?

**શ્રી વજુભાઈ વાળા** : એક વર્ષમાં બેરોજગારોની નોંધણી અને રોજગાર વિનિમય કચેરી મારફત છે. ભરૂચ જિલ્લા માટે થઈને મેળા રાખવા માટે એ અલગ વિષયને રીતે હોય છે. એ ચોક્કસ માહિતી જોઈતી હોય તો આપીશ કે ભરૂચ જિલ્લામાં આટલા. હું એટલું ચોક્કસ કહીશ કે આમાં છેલ્લા એક વર્ષમાં જે નોંધાયેલ ૨૦૦૨૯ હતા, એમાંથી ૫૯૩૨ લોકોને રોજગારી મળી. આમાંથી સારી એવી રોજગારી મળે છે.માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી એસ.સી/એસ.ટી, બક્ષીપંચના લોકો અને જનરલ એમ બધાને મળી છે. આમાં જે રોજગારી મળી છે તેમાં ૪૭૮ અનુસૂચિત જાતિના હતા. કોઈને તારવીને નથી કરતા તેની ટકાવાળી આપણે જાળવી છે. ૬૬૬ અનુસૂચિત જનજાતિના હતા. બક્ષીપંચના ૪૬૧ હતા. આમાં રોજગારી શિક્ષિતોને વધારે મળે છે. અર્ધ શિક્ષિતની સંખ્યા ઓછી હોય છે. અમાં જે રોજગારી મળી ૫૯૭૨. ૩૮૦૪ શિક્ષિત હતા અને ૨૧૬૮ અર્ધ શિક્ષિત હતા. અર્ધ શિક્ષિત એટલે જે લોકો ધોરણ-૧ થી ઓછું ભણ્યા હોય અને મજૂર વર્ગ, કારીગર વર્ગના લોકો હોય તેઓને રોજગારી મળે છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભરૂચ જિલ્લામાં ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૧૪૦૫૭ બેરોજગારો આજે બેકાર છે. તેમને ઝડપથી રોજગારી પૂરી પાડવા સરકાર શું પગલાં ભરવા માગે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાની અંદર વારંવાર મેળાઓનું અને બીજું આયોજન છે. ભરૂચ જિલ્લાની અંદર ઔદ્યોગિક વિસ્તાર આવેલ છે. આખા ગુજરાતની અંદર સૌથી વધુ અને વહેલી રોજગારી મળતી હોય તો તે ભરૂચ જિલ્લાની અંદર છે. ભરૂચ જિલ્લાના કર્મચારીને તો પસંદગી કરવાનું હોય છે. નોકરી મળે તે નહીં. મારે કયા માલિકને ત્યાં નોકરી કરવા જવું. જે માલિકને ત્યાં સારું મળે તેને પ્રાયોરીટી આપે છે. મેં જે કહયું તે પ્રમાણે રોજગારી ૫૯૭૨ લોકોને મળી છે. ૨૦૦૨૯માંથી ૫૯૭૨ એટલે કે લગભગ ૩૩ ટકા ઉપરાંત લોકોને આમાંથી રોજગારી મળી છે. રોજગારીનું સ્ટાન્ડર્ડ ભરૂચ જિલ્લામાં પ્રમાણમાં ઘણું સારું છે.

### દહેજ ઔદ્યોગિક એકમમાં સ્થાનિક બેરોજગારોને રોજગારીની મળેલ રજૂઆતો

*** ૭૩૨૫ શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) ભરૂચ જિલ્લાના દહેજ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક બેરોજગારોને નોકરીમાં રાખવા અંગેના રાજય સરકારના પરિપત્રનો અમલ ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમો કરતા નથી તેવી કેટલી રજૂઆતો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મોકલવામાં આવી છે,

(૨) તે અન્વયે આવા ખાનગી એકમો સામે સરકારે શા પગલાં લીધાં, અને

(૧) મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં સમિતિની કેટકેટલી બેઠકો તે અન્વયે મળી અને સમીક્ષાઓ કરવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) પાંચ

(૨) આવા ખાનગી એકમો સામે પટલાં લેવાની ઠરાવમાં કોઈ જોગવાઈ નથી.

(૩) શૂન્ય.

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં ઔદ્યોગિક વિકાસ જે ઝડપે વધી રહયો છે તેની સાથે સાથે કેટલાક પાયાના પ્રશ્નો ઉભા થઈ રહયા છે. આની પાછળ આપણો આશય જોબ ક્રિએટ કરવાનો છે અને તે કરવામાં સ્થાનિક લોકોને સૌથી વધારે અન્યાય થાય છે. ભલે ખાનગી એકમો સામે પગલાં લેવાની જોગવાઈ ન હોય, ભલે કોઈ મિટીંગ મુખ્ય સચિવના અધ્યક્ષ સ્થાને રીવ્યુ માટે ન મળે પણ માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે જે વિસ્તારના લેન્ડ લુઝરોને નોકરી નથી મળથી અને બીજો પ્રશ્ન સ્થાનિક એટલે કે ૮૫ ટકા ગુજરાતના એ વ્યાખ્યા હેઠળ જે તે વિસ્તારના લોકોને સ્થાનિકને નોકરી નથી મળતી તેવા લોકો માટે કોઈ જે રીતે ઈન્ડસ્ટ્રીયલ નીતિ ઘડવામાં આવે છે તે રીતે આમાં કોઈ સુધારો કરી અને આ જોબ આપવા માટેનું સરકાર કોઈ વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે, માનનીય સભ્યશ્રી કહે છે તે સ્થાનિક એટલે ભરૂચ જિલ્લામાં હોય તો ત્યાંના હોવા જોઈએ. ગુજરાત રાજયની અંદર જે લોકો ચાર જગ્યાએ નોકરી મળે, જે લોકોએ આપણા સેલ્ટેક્ષના અને એ બેનીફીટ લીધા છે અને જે ગુજરાત રાજયના સાહસો છે તેની અંદર આપણે ચોકકસ કહીએ છીએ કે ૬૦ ટકા મેનેજરીયલ અને સુપરવાઈઝરી પોસ્ટમાં ભરતી કરવી જોઈએ અને ૮૫ ટકા લોકો કર્મચારી અને કારીગર વર્ગમાં ભરતી કરવી જોઈએ. આ બંને વિભાગની અંદર ૮૫ ટકા લગભગ મેન્ટેન થાય છે. પણ સવાલ એ છે કે આપણે જે ઠરાવ કર્યો છે તેમાં કેન્દ્રના જે કઈ ઉદ્યોગો છે તેને પણ આવરી લીધા છે એટલે કેન્દ્રના લોકોની મુસીબત એ હોય છે કે અમારી ભરતી છે તે ઓલ ઓવર ઈન્ડિયાના સ્ટાન્ડર્ડ મુજબ નકકી

થતી હોય છે. અમે ભરતી કરેલા લોકોની ટ્રાન્સફર થાય છે. એને ત્યાં ૬૦ ટકા અને ૮૫ નું ધોરણ નથી જળવાતું. અને સ્થાનિક લોકોની વાત કરીએ છીએ તેમાં ગુજરાતના લોકો હોવા જોઈએ અને ગુજરાતની વ્યાખ્યામાં કહયું છે કે જે વ્યકિત ભલે કદાચ ઉત્તર ગુજરાતનો હોય, એ કદાચ આસામનો હોય પણ પંદર વર્ષથી ગુજરાતમાં રહેતો હોય તો તેને સ્થાનિક ગણવો. આનો ૮૫ ટકામાં સમાવેશ કરીએ છીએ. આપણે ઈચ્છીએ છીએ કે ૮૫ ટકા ગુજરાતના લોકોને નોકરી મળે અને મેનેજરીયલ અને સુપરવાઈઝરમાં ૬૦ ટકા મળે. આના માટે શ્રમ વિભાગ ચેકીંગ કરે છે અને તેની અંદર કોઈને ખામી લાગે કે ભાઈ આ સરકારના સેલ્સટેક્ષના બેનીફીટ લે છે પણ ૬૦ ટકા અને ૮૫ ટકા નથી જાળવતા. પણ ૬૦ ટકા અને ૮૫ ટકા નથી જાળવતા તો એ ઉદ્યોગ ખાતાને કહે છે અને ઉદ્યોગ ખાતું એને જે સબસિડી અને બેનીફીટ આપવાના હોય એના માથે એ રોક લગાવીને એ કાર્યવાહી કરે છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લાના દહેજ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક બેરોજગારોને નોકરીમાં રાખવા સ્થાનિક એટલે જેની જમીન ગઈ છે એવા લેન્ડલુઝર માટે રાજય સરકાર તાત્કાલિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી બેઠક બોલાવી લેન્ડલુઝરોને માટે નોકરીની વ્યવસ્થા કરવા માગે છે કે કેમ અને કેટલા સમયમાં?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સૂચન છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં ગુજરાતની નીતિની સ્પષ્ટતા કરી, કે ગુજરાત સરકાર પાસેથી રાહતો મેળવી હોય એવા ઉદ્યોગોએ ૬૦ ટકા અને ૮૫ ટકાના ધોરણ જાળવવા ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, કોઈ ચોક્કસ ઉદ્યોગોને આ નીતિમાં રાહતો આપવામાં આવી હોય કે બાધ રાખવામાં આવ્યા હોય એવું કોઈ ખરું?

: **શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોએ આપણા બેનીફીટ લીધા છે એમાં કોઈ એકસપ્શન નથી. (અંતરાય) ભરૂચ જિલ્લામાં કોઈ નથી, આ સવાલ ભરૂચ જિલ્લા પૂરતો છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : સાહેબ, મંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતને લાગુ પડતી પૉલિસીની ચર્ચા કરી છે એટલે એ ચર્ચાના અનુસંધાને મેં આ પ્રશ્ન પૂછ્યો છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતને જે પૉલિસી લાગુ પડે છે એ જ પૉલિસી ભરૂચને લાગુ પડે છે, ભરૂચ જિલ્લા માટે જુદી પૉલિસી છે અને અન્ય ભાગ માટે જુદી પૉલિસી છે એવું નથી. આ પૉલિસી આખા ગુજરાત માટે છે, એની ડેફીનેશન કહી કે ગુજરાતી લોકલ કોને કહેવાય કે જે પંદર વર્ષથી અહીં વસતો હોય એવા લોકો આ ૮૫ અને ૬૦ ટકાના સ્લેબમાં આવે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે આ પ્રશ્ન જ્યારે ચર્ચામાં આવે છે ત્યારે માત્ર એક જ જવાબ આવે છે. મારે માનનીય મંત્રીશ્રીને આપશ્રી મારફતે પૂછવું છે કે, આ એરિયામાં અમારી મુશ્કેલી એ છે કે જમીન સંપાદનમાં જમીન સંપાદન ખૂબ ઝડપથી થાય છે પણ જે વિસ્તારના છોકરાઓ છે, જે ખેડૂતની જમીન ગયેલી છે અને એજયુકેટેડ કવોલીફાઈડ છોકરાઓ છે અને અનએમ્લોઈડ છે છતાં એમનો સમાવેશ કરવામાં આવતો નથી. એટલે એક રચનાત્મક મારી વાત એ છે કે, કોઈ એવું નક્કી કરાવો લેન્ડલુઝર એ સ્થાનિક છે અને એને પ્રાયોરિટી આપવામાં આવે એવું કંઈક કરવામાં આવશે તો જ એ વિસ્તારમાં બીજી જમીનોમાં અડચણો ઊભી નહીં થાય અને ભવિષ્યમાં ઘણા બધા મુદ્દાઓ ઉપસ્થિત થાય એવા પ્રશ્નો છે એટલા માટે માનનીય મંત્રીશ્રી આ બાબતમાં કોઈ રિવ્યુ કરવા માગે છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ એમનું સૂચન છે અત્યારે કોઈ કાયદાની અંદર આવી કોઈ જોગવાઈ નથી, ભવિષ્ય માટે થઈને આપનું આ સૂચન છે એ જે તે ડિપાર્ટમૅન્ટને કન્વે કરાવી લઈશ.

## ગુમાવેલ માનવ દિન અંગે રાજયનો ક્રમ

*** ૮૭૧૯ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગુમાવેલ માનવદિનની સંખ્યામાં દેશમાં ગુજરાત રાજયનો ક્રમ કયો છે,

(૨) આ સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુમાવેલ માનવદિનની સંખ્યા રાજયમાં કેટલી હતી, અને

(૩) ગુમાવેલ માનવદિન ઘટાડવા રાજય સરકાર શાં પગલાં લેવા માગે છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સૌથી ઓછા ગુમાવેલ માનવદિનની સંખ્યામાં દેશમાં ગુજરાત રાજય અગ્રતાક્રમ ધરાવે છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ગુમાવેલ માનવદિનની સંખ્યા વર્ષવાર નીચે મુજબ છે.

| તારીખ | સંખ્યા |
|---|---|
| ૧-૬-૨૦૦૬ થી ૩૧-૫-૨૦૦૭ | ૩૨,૯૮૪ |
| ૧-૬-૨૦૦૭ થી ૩૧-૫-૨૦૦૮ | ૧,૦૬,૮૬૯ |
| ૧-૬-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ | ૨૬,૦૮૯ |

(૩) આગોતરી દરમિયાનગીરી તેમજ શ્રમ વર્ગની ફરિયાદોનો અસરકારક ત્વરિત નિકાલ.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુમાવલ માનવદિન ઓછા રહે તે માટે અધિકારીઓ અસરકારક કામ કરી શકે તે માટે સરકાર દ્વારા શું શું પગલાં લેવામાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અધિકારીઓ અસરકારક રીતે કામ કરી શકે એટલા માટે થઈને માનવદિન ઓછા પડે એનો અર્થ એ છે કે, કોઈપણ ઉદ્યોગની અંદર એ લોકાઉટ જાહેર ન થાય હડતાલ ન પડે તો માનવદિન એ રીતે ઓછા થઈ શકે આના માટે થઈને જયારે હડતાલ પાડવાની વાત હોય એ જયારે પેલા કર્મચારીની માગણી જાય છે માલિક પાસે, હડતાલ પાડવાનું કારણ એ હોય છે કે માલિક કર્માચારીઓની માગણીઓ સંતોષે નહીં તો એ કર્મચારીઓને આકરા પગલાં લેવાં પડે એટલે શરૂઆતમાં જયારે નોટિસ જાય ત્યારથી જ અમારા કન્સીલેશન અધિકારી અને શ્રમ અધિકારી એ માલિક અને મજદૂર વચ્ચે કેમ સમાધાન થાય, કેમ પ્રશ્નનો નિકાલ થાય એના માટે વારંવાર વાટાધાટો કરીને એ નિકાલ કરવા માટે અધિકારી પ્રયત્ન કરે છે અને છતાંય એ રીતે કરે તો કર્મચારીઓને એ સમજાવે છે કે તમે હડતાલથી લોકઆઉટ ન કરતાં તમારે જવું હોય તો કાયદેસરની જે કાર્યવાહી છે એ તમે પગલાં ભરો એટલે લોકઆઉટ અને હડતાલથી વિમુખ રહેવા માટે પણ કારીગર અને કર્મચારીને અહીંથી દૂર રાખે છે અને માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવાનું કે આખાય હિન્દુસ્તાનની અંદર આપણે માનવ દિન જે પડયા છે એમાં ઓછામાં ઓછા માનવદિન ગુજરાતમાં પડયા છે એ માટે કેંદ્ર સરકારે પણ ૨૦૦૬-૦૭માં આપણને સર્ટિફિકેટ આપ્યું છે. ૨૦૦૬ના વર્ષમાં ૧,૦૦,૨૭૩ માનવ દિન ગુમાવ્યા હતા અને ૨૦૦૭માં ૮૬,૯૧૨ માનવ દિન ગુમાવ્યા છે એના માટે થઈને લેબર બ્યુરો શિમલા નામની સંસ્થા આ પ્રકાશિત કરે છકેન્દ્ર સરકાર વતી એ સંસ્થાએ આ પ્રકાશન કરી અને ગુજરાત રાજયને આ ક્રમ આપ્યો છે અને આ ૮૬ હજારના બદલે ૨૦૦૮માં તો આપણે ફક્ત ૪૧,૯૦૯ માનવ દિન પડયા છે એટલે ત્રીજા વર્ષે પણ રાજયમાં માનવ દિન ઓછા પડે છે એ બાબતમાં આ વર્ષની અંદર પણ પહેલો નંબર ચોક્કસ આવશે જ એ નિર્વિવાદ વાત છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ ગુમાવેલા માનવ દિન નક્કી કરવાના ધોરણો શું હોય છે, અને આ ગુમાવેલ માનવ દિન નકકી કરવાનું કઈ એજન્સી નક્કી કરતી હોય છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ધારો કે એક કોઈ કારખાનું હોય એ લોક આઉટ કે હડતાળ પાડે તો

એ એ કારખાનામાં ૩૦૦ માણસો કામ કરતા હોય અને એ દસ દિવસની હડતાલ પાડે તો એ ૩૦૦ ને ૧૦ એ ગુણીએ એટલે ૩૦૦૦ માનવ દિન ગુમાવ્યા કહેવાય એટલે આ પ્રમાણે એની ગણતરી કરવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ગુજરાત એ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ માટે છેલ્લા પાંચ વર્ષથી સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે માનવ દિન સૌથી ઓછા લોસની સાથે રોજગારી આપવામાં પણ ગુજરાત એ દેશમાં સૌથી પ્રથમ નંબરે છે. પણ માનનીય મંત્રીશ્રી જેમ કહ્યું કે હડતાલ કે લોક આઉટ વખતે વિભાગ દ્વારા આવા પગલાં લેવામાં આવે છે પણ કામદારોને અને માલિકોને,

ઘણી વાર કામદારોને થતી નાની નાની સમસ્યાઓ અંગે ફેકટરી ઈન્સ્પેકટર દ્વારા એના જરૂરી પગલાં લેવાય અને એનું

નિયમન થાય અને એની સમીક્ષા થાય એનું કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, ફેકટરી ઈન્સ્પેકટરને સ્પષ્ટ અમે સૂચના આપી છે કે, આપણા જે

કાનૂન છે એની અંદર કોઈ રીતે ભંગ ન થવો જોઈએ, મજૂરોનું પૂરેપૂરું રક્ષણ થવું જોઈએ, માલિકોને આકરું લાગતું હોય તો પણ આકરા પગલાં લઈ મજૂરોનું રક્ષણ પ્રાયોરિટીમાં કરવું એ રીતે અમે સૂચના આપી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એટલું જાણવા માગુ છું કે, સૌથી

ઓછા ગુમાવેલ માનવ દિનની સંખ્યામાં દેશમાં ગુજરાત રાજય અગ્રતા ક્રમે છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે ગુજરાત રાજય દેશમાં કેટલામાં ક્રમે છે.?

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, આ અગ્રતા ક્રમે એટલે પહેલો ક્રમ. અગ્રતામાં પહેલો, બીજો, ત્રીજો
ન હોય આ કોઈ રમત-ગમતની હરિફાઈ નથી કે પહેલો નંબર આનો. પહેલા વાળાને ગોલ્ડ મેડલ મળે, બીજા ત્રીજા વાળાને સિલ્વર મેડલ મળે એવું નથી. મેં કહ્યું કે લેબર બ્યુરો શિમલા છે એણે આ પ્રકાશિત કરેલા આંકડા છે એની અંદર કેવી રીતે આંકડા કરે છે એની વાત કરતા હોય તો એના નિયમો છે અને અકેન્દ્ર સરકારની સંસ્તા છે.

**પંચમહાલ જિલ્લામાં પી.એસ.બી.સ્કીમ હેઠળ પેન્શન મેળવતા શિક્ષકોને પેન્શન**

***૭૨૫૯ શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) પંચમહાલ જિલ્લામાં પી.એસ.બી.સ્કીમ હેઠળ પેન્શન મેળવતા પ્રાથમિક શિક્ષકોને કેટલા સમયથી પેન્શન મળતું નથી.,

(૨) સરકાર આ પેન્શનરોને સમય મર્યાદામાં પેન્શન ચૂકવવા માગે છે, અને

(૩) જો, હા તો કેટલા સમયમાં?

**નાણા મંત્રીશ્રી :**

(૧) (૧), (૨) અને (૩)

પંચમહાલ જિલ્લામાં પી.એસ.બી.સ્કીમ હેઠળ પેન્શન મેળવતા પ્રાથમિક શિક્ષકોને પેન્શનનું ચુકવણું થઈ ગયેલ છે.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો મને સંતોષકારક જવાબ મળ્યો છે એટલે પૂરક
પ્રશ્ન પૂછતો નથી

**ખંભાત શહેરમાં શ્રમયોગીને સિલીકોસીસના રોગ અંગે લીધેલ પગલાં**

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખંભાત શહેરમાં અકીક ઉદ્યોગમાં કામ કરતા શ્રમયોગીઓને થતો સિલીકોસીસ રોગ અટકાવવા સરકાર તરફથી શાં પગલાં લેવામાં આવેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

(૧) અકીક ગ્રાઈન્ડીંગ અને પોલીસીંગ પ્રક્રિયા વેટ પ્રોસેસ (પાણીના સ્પ્રે)થી કરવામાં આવે છે.

(૨) જ્યાં વેટ પ્રોસેસનો ઉપયોગ કરવામાં આવતો નથી તેવા કારખાનામાં લોકલ એકઝોસ્ટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે

(૩) અકીકના કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓની સિલીકોસીસ સિલીકોસીસ બાબતે સમયાંતરે દાકતરી તપાસ ખાતાના સર્ટીફાઈંગ સર્જન દ્વારા કરવામાં આવે છે.

(૪) શ્રમયોગીઓને શ્વાસમાં સિલિકાના રજકણ ન જાય તે માટે ચશ્મા અને ડસ્ટ માસ્ક આપવામાં આવે છે.

(૫) સિલીકોસીસ રોગની જાણકારી માટે અને શ્રમયોગીઓમાં જાગૃતિ આવે તે માટે "સિલીકોસીસ અને તેને અટકાવવાના ઉપાયો" બુકલેટનું વિતરણ કરવામાં આવેલ છે.

(૬) સરકારશ્રી દ્વારા તા. ૧૧-૧૧-૨૦૦૮ના જાહેરનામાથી અકીકના કારખાનાઓમાં એક કે એકથી વધુ શ્રમયોગીઓ કામ કરતા હોય તેવા કારખાનામાં કારખાના ધારો લાગુ કરેલ છે.

(૭) ખંભાત શહેરમાં અકીકમાંથી સેમી પ્રેસીયસ સ્ટોન બનાવવાની ઉત્પાદન પ્રક્રિયા વધુ પ્રમાણચાં ઘરગથ્થુ કુટુંબના સભ્યોની મદદથી કરવામાં આવે છે. જેનો કારખાના ધારામાં સમાવેશ થતો નથી. આવા પ્રકારનાં એકમોના વ્યકિતઓ અને શ્રમયોગીઓમાં સિલીકોસીસ રોગ અંગે જાગૃતિ માટે સને ૨૦૦૯માં સલામતી અને આરોગ્યના ત્રણ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ અને આરોગ્ય વિભાગ દ્વારા ખંભાતના અકીક ઉદ્યોગના કારીગરોને જેમ બને તેમ તેમનું જીવન ટકી રહે તે માટેના પ્રયત્નો
થયેલા છે એ બદલ અભિનંદન આપુ છું પરંતુ ખંભાતના અકીક ઉદ્યોગને એક નાજુક પરિસ્થિતિ છે કારણ કે જે ફેકટરી
એકટ લગાડયો પરંતુ એમાં છે કે જે મજૂરો કામ કરતા હોય એનો જ એ ઉદ્યોગ હોય અને એ ઘરનાને ઘરના ચાર

લોકો ઘસતા હોય છે એટલે તમે જો ફેકટરી એકટ લગાડશો તો એ લોકો ઘસતા બંધ થઈ જશે અને આ ઉદ્યોગ બંધ
થઈ જશે. પરંતુ આમાં એક જ વસ્તુ છે કે જે એકઝોસ્ટ ફેન વપરાય છે એમાં ડાયમંડ હેમરી જો વાપરીએ તો ઓછામાં ઓછાં રજકણો ફેફસામાં જાય છે એ સિવાય જી.આઈ.ડી.સી. કે અન્ય કોઈ એક જગ્યાએ સામૂહિક શેડ બનાવીને આ લોકોને ત્યાં કોઈ સેવા આપવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી પણ આમાં ખૂબજ જાગૃત છે અને એની સાથે રહીને આ સીલીકોસીસના દર્દ ન થાય એના માટે થઈને એ પણ પોતે પ્રયત્ન કરે છે. સવાલ એ છે કે જે આ અકીકના પથ્થરો છે એને ઘસવામાં આવે ત્યારે એની જે રજકણ ઊડે એ જ્યારે શ્વાસમાં જાય એના માટે થઈને પ્રિકોશનરી મેજરમેન્ટ માટે થઈને એને ફૅકટરી એકટ મુજબ એને માસ્ક આપવાનું, એમાં એકઝોસ્ટ ફેન રાખવાનું એનું હેલ્થ વારંવાર ચેક કરવાનું આ બધું કરીએ છીએ માનનીય સભ્યશ્રીએ કહ્યું એ મુજબ ફૅકટરી એકટ મુજબ ૧૪ કારખાના રજીસ્ટર્ડ થયાં હતા એમાંથી છ ચાલુ છે અને આઠ બંધ છે આપણે આમાં સ્પેશ્યલ કાયદો કર્યો છે કે, આવી કોઈ ફૅકટરીમાં ફક્ત બે જ કારીગર કામ કરતા હોય તો પણ એને ફૅકટરી એકટ નીચે આવરી લેવા, પણ આમાં ફૅકટરી એકટ નીચે આવરી લેવાના બદલે મોટાભાગના લોકો ઘરગથ્થું ઉદ્યોગ તરીકે કામ કરે છે આવી રીતે ઘરગથ્થું તરીકે જે કામ ચાલતા હોય એમાં ૩૯૮ કુટુંબો એવા છે જેમાં પોતાના પરિવારના લોકો જ કામ કરે છે એટલે એને ફૅકટરી એકટ નીચે લઈ શકાતા નથી છતાં પણ  રાજય સરકાર આના માટે થઈને સતત પ્રયત્ન કરે છે અને કોઈપણ માણસ છે એ સીલીકોસીસના કારણે મૃત્યુ ન પામે એના માટે થઈને હું છેલ્લાં ચાર વર્ષના આંકડા આપીશ કે ૨૦૦૬માં આવા ૭ દર્દી શોધાયા, ૨૦૦૭માં ૬ દર્દી શોધાયા, ૨૦૦૮માં ૩ દર્દી શોધાયા, ૨૦૦૯માં ૩ દર્દી શોધાયા, એમ કુલ ૧૯માંથી એક દર્દીનું તારીખ ૧૯-૯-૨૦૦૬ના રોજ મૃત્યુ થયું છે બાકી આ ચાર વર્ષમાં આ ૧૯માંથી બીજા કોઈનું મૃત્યુ થયેલ નથી આના માટે થઈને આરોગ્યની દૃષ્ટિએ પણ એને પૂરી ટ્રિટમૅન્ટ મળે એટલા માટે થઈને દર્દીને પલ્મોનરી ફંક્શન ટેસ્ટની અંદર ફેફસું ઓછું કામ કરતું હોય તો એનો એક્સ રે લેવામાં આવે છે અને એક્સ રે લીધા પછી એમ લાગે કે આને સીલીકોસીસ રોગ લાગુ પડ્યો છે તો પછી એની ટ્રિટમૅન્ટ અપાય છે, આરોગ્ય વિભાગ પણ ટ્રિટમૅન્ટ આપે છે, લેબર  વિભાગ જાગૃત છે, આરોગ્ય વિભાગ પણ જાગૃત છે એના પરિણામે આ ૧૯માંથી એકજ મૃત્યુ થયું છે અને આ રોગ છે એ ઈનક્યોરેબલ છે આ રોગ ક્યોર થઈ શકતો નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે મેં વાત કરી તે પ્રમાણે ડાયમંડ હેમરી આવા કારીગરોને આપવા માટે જોગવાઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** :આપનું જે સૂચન છે તેના કારણે જો સિલીકોસીસ રોગ અટકતો હશે તો જે કંઈ વ્યવહારિક સૂચનો હશે એ અમે ફૅકટરી ઇન્સ્પેક્ટર કોને કહી શકે જે ફૅકટરી એક્ટ નીચે કવર થતાં હોય પણ જે લોકો ઘરગથ્થું ગૃહઉદ્યોગ કરે છે એને તો સમજાવટથી કરવું પડે તો સમજાવટથી કરવા માટે થઈને પણ સરકારી તંત્ર કોઈ આવક લોકો મૃત્યુ ન પામે એના માટે સરકાર તરફથી ચોક્કસ મદદ કરવામાં આવશે. જે કંઈ એવા કારણો હોય જેના કારણે સીલીકોસીસ રોગ ન થાય એવું આપ સૂચન કરજો, સાથે બેસીને નક્કી કરીશું આપણે.

## માથાદીઠ આવક અને દેવું

***૭૪૨૪ શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજયની માથાદીઠ આવક કેટલી અને

(૨) તેની સામે માથાદીઠ દેવું કેટલું છે?

**નાણા મંત્રીશ્રી**

(૧) રાજયની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી.  આથી તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજયની માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહિ.  આમ છતાં વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્યમાં માથાદીઠ આવક રૂ.૪૫,૭૭૩/- અંદાજવામાં આવી હતી.

(૨) તેની સામે માથાદીઠ દેવું રૂ.૧૪,૦૮૭/- છે.

**શ્રી શૈલેષ મ. પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે રીતે માથાદીઠ આવક રૂ.૪૫,૭૭૩/- છે તેની સામે માથાદીઠ દેવું રૂ.૧૪,૦૮૭/- છે ત્યારે રાજયની દેવાની સ્થિતિ છેલ્લી કેટલી છે અને આ દેવા સામે રાજય સરકાર કેટલું વ્યાજ ભરે છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં આ માથાદીઠ દેવું રૂ.૧૪,૦૮૭/- છે એમાં કોઈ વધારો કે ઘટાડો થયો છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી જે આ માથાદીઠ આવક અને માથાદીઠ દેવું છે એ હંમેશા માથાદીઠ દેવું એટલે કોને કહેવાય માથાદીઠ દેવું એટલે રાજયનું કુલ દેવું કેટલું છે એમાં રાજયની વસતિ કેટલી છે કુલ દેવાને આપણે વસતિથી ભાગીએ તો જે આંક આવે એને આપણે માથાદીઠ દેવું કહી શકીએ છીએ અને માથાદીઠ આવક એટલે રાજયનું ચોખ્ખુ ઘરગથ્થુ ઉત્પાદન, એ ઉત્પાદન કેટલું છે એને રાજયની વસતિથી ભાગીએ

એટલે માથાદીઠ આવક આવે. તેને રાજયની વસતિથી ભાગી એટલે આપણે તે માથાદીઠ આવક આવે. હવે આમાં રાજયનું ઘરગથ્થું ઉત્પાદન છે તેની અંદર વેરીએશન દર વર્ષે થતું હોય છે. વસતિ આપણે ૧૯૯૧માં જે નક્કી થઈ હોય તેને જ આપણે ભાગીએ. ૫.૬ કરોડથી આપણે તેને ભાગતા હોઈએ છીએ. તો એમાં એટલું જ હોય છે. તો આ પ્રમાણે આપણે જોયું કે પહેલામાં માથાદીઠ દેવું હતુંને એટલે ૭૯૩૦૯ હતું તેને ૫.૬ કરોડથી ભાગ્યુ એટલે ૧૪૦૮૭ આવ્યું. એ જ રીતે ૨,૫૭,૬૯૪ તે આપણે આ ૨૦૦૭-૦૮નું આ ઘરગથ્થું ઉત્પાદન હતું તેને આપણે ૫.૬ કરોડની વસતિથી ભાગ્યુ એટલે જે ૪૫,૭૭૩ આવ્યું તે રીતે છે. આપણે સરકારી આંકડો કયાંય કામ નથી લાગતો આપણે માથાદીઠ દેવું કેટલું છે અને માથાદીઠ ઘરગથ્થું ઉત્પાદન અને માથાદીઠ આવક કેટલી અને દેવું કેટલું એના કોઈ આંકડા નથી હોતા. પણ આપ જે કહો છો તે જ પ્રમાણે જો હોય તો દેવામાં ૨૦૦૩-૦૪ની અંદર આપણે ૫૦,૩૬૩ કરોડ રૂપિયાનું દેવું હતું. પછી ૨૦૦૪-૦૫ની અંદર ૫૭૯૧૮ કરોડનું થયું. તે પ્રમાણે આપણે ૨૦૦૮-૦૯ની અંદર અત્યારે જે ૮૬,૫૧૧ કરોડનું દેવું છે અને તેની માથે ૭૦૬૫ કરોડ રૂપિયા વ્યાજ ચૂકવીએ છીએ. વ્યાજ જુદા જુદા આંકની અંદર હોય છે. સરેરાશ વ્યાજ આપણે ૮.૧૯ ટકા ચૂકવીએ છીએ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે નાણાંકીય શિસ્તની બાબતમાં પાછલાં એક વર્ષમાં કેટલી વખત ઓવર ડ્રાફટ લેવો પડ્યો અને કેન્દ્ર સરકારે જે નાણાંકીય શિસ્તના ધોરણો સૂચવ્યા છે તે ધોરણોની મર્યાદામાં આ દેવું આવે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે દેવું છે તે કેન્દ્ર સરકારે જે નક્કી કર્યુ છે આપણું રેવન્યું ડૅફિસિટ અને આપણું ફિસ્કલ ડૅફિસિટ તે બન્ને આપણે મેઈન્ટેન કરીએ છીએ. આપણું રેવન્યું ડૅફિસિટ ઝીરો છે ફિસ્કલ ડૅફિસિટ ૩ ટકાથી વધુ નથી તેના કારણે કેન્દ્ર સરકાર આપણને આ તમે જાળવો છો, તમારી આર્થિક પરિસ્થિતિ તમે મેઈન્ટેન કરો છો તેના માટે થઈને કેન્દ્ર સરકાર આપણને છેલ્લાં બે વર્ષથી ૪૭૧ કરોડ રૂપિયા આના પ્રાઈઝના આપણને આપે છે. અને બીજું છેલ્લાં પાંચ વર્ષની અંદર આપણે કયારેય ઓવર ડ્રાફટ લીધો નથી. છેલ્લાં ચાર વર્ષમાં આપણે વેઈસ એન્ડ મીન્સ પણ આપણે લીધાં નથી. એટલે કે આપણી આર્થિક પરિસ્થિતિ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માંગુ છું કે, આપણું રાજય એ પ્રગતિશીલ અને સમૃદ્ધ રાજય બન્યું છે. મારી માહિતી પ્રમાણે દેશની માથાદીઠ આવક ૩૩,૨૯૯ છે. અને ગુજરાતની માથાદીઠ આવક ૪૫,૭૭૩ છે એટલે ગુજરાતની માથાદીઠ આવક દેશની માથાદીઠ આવક કરતાં ૧૨,૪૭૪ રૂપિયા વધારે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે ગુજરાતમાં ખાસ કરીને લઘુમતી અને તેમાં મુસ્લિમોની પર કેપિટા ઈન્કમ આખા દેશમાં કયા ક્રમે છે

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી સવાલ નથી આવતો કારણકે લઘુમતીઓ હોય, શિડયુલ્ડ કાસ્ટ હોય, શિડયુલ્ડ ટ્રાઈબ હોય તેના જુદા આંકડા ના હોય. આખી ગુજરાતની ટોટલ વસતિ હોય તેના આંકડા અવેલેબલ હોય.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે દર વર્ષે રાજયનું દેવું વધતું જાય છે. તો માનનીય અધ્યક્ષશ્રી મારે એ જાણવું છે કે, માથાદીઠ જે દેવું વધે છે તે દેવું વધવાનું કારણ શું છે ? અને ભવિષ્યની અંદર માથાદીઠ દેવું ના વધે તેને માટે માનનીય નાણાંમંત્રીશ્રીએ કોઈ આયોજન કર્યુ છે ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, દેવું વધારવા માટે થઈને આપણે કેટલું દેવું લેવું તે નક્કી કરવાનું કામ તે આયોજન પંચ કરે છે. આમાં આયોજન પંચની એપ્રુવલ હોય કે તમારી આર્થિક સ્થિતિ આટલી સારી છે તેના કારણે તમે આટલું દેવું કરી શકશો આગલા વર્ષમાં તે આયોજન પંચ જે દેવું નક્કી કરે તે અમારે તેમાંની કોઈ રકમ જોઈતી હોય તો એ રકમ મેળવવા માટે થઈને કેન્દ્ર સરકારના નાણાં ખાતા પાસે મંજૂરી માંગવી પડે. કેન્દ્ર સરકારનું નાણા ખાતું મંજૂરી આપે પછી રીઝર્વ બેંક આપણને એ દેવું મેળવી આપે. એમાં ગુજરાત સરકાર ઈચ્છે કે સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર પાસે લેવું કે માનનીય રામસિંહભાઈ પાસે ૩૦૦ કરોડ રૂપિયા છે અને એ ઉછીના આપે તો લઈ લેવા, એમ ન થઈ શકે. આયોજન પંચે નકકી કર્યુ હોય, કેન્દ્ર સરકાર મંજૂરી આપે અને રીઝર્વ બેંક જેની પાસેથી જે પદ્ધતિથી લેવાનું કહે એ રીતે એ મેળવી આપે, એ પ્રમાણે દેવું વધતું હોય છે. દેવું વધારવું કે ન વધારવું એ ફાયનાન્સિયલ સ્થિતિ પ્રમાણે આયોજન પંચ એ નકકી કરે છે, એ આપણે નકકી કરવાનું હોતું નથી.

## નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો

***૮૮૬૮ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં કેટલા કેસો પડતર છે?

(૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે?

(૩) આ પડતર પેન્શન કૈસોના નિકાલ લાવવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે.

**નાણામંત્રીશ્રી:**

(૧) ૨૪૨ કેસ

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા.

(૩) આજની તારીખે આ પૈકીનો એકપણ કેસ પડતર નથી.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષ મહોદય, આપના દ્વારા નાણામંત્રી મહોદય પાસે જાણવા માગું છું કે હયાતીની ખાતરી કરવા વૃદ્ધ અને અશક્ત પેન્શનરોને તિજોરીમાં હાજર થવું પડે છે, તો એના કારણે પેન્શનરો ઘણી અગવડતા અનુભવે છે. આ માટે સરકારશ્રી ઘેર બેઠા હયાતીની ખાતરી કરવા વિચારે છે કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે અકસ્માતમાં મૃત્યુ પામેલા કોઈ પેન્શનરના એવિડન્સ એકઠા કરતા વર્ષો લાગી જાય છે અને આ સમય દરમ્યાન એમના પત્નિ અને વારસદારોને સરકાર કંઈક રાહત આપવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા**: અકસ્માતમાં મૃત્યુ પામે એમને અકસ્માતના નિયમ પ્રમાણે જે મળતું હોય એ પ્રમાણે મળે છે. જે ગુજરી જાય એના વારસદારોને પેન્શન મળતું હોય છે. કયા કારણસર ગુજરી જાય છે, એ હયાત હોય તો આટલું હતું અને ન હોય તો એના વારસદારને એ રીતે એ આપે છે. બીજું આપે કહ્યું એ પ્રમાણે પેન્શનરને એની ચકાસણી હવે કરાવવાની રહેતી નથી. પહેલા તો એને જે પેમેન્ટ છે એ જે તે બેંકમાં ખાતું હોય તે બેંકમાં રૂબરૂ જઈને લાવવું પડતું હતું. ગયા વર્ષથી પદ્ધતિ બદલાવી છે કે પેન્શનરને તેનું પેન્શન જે બેંકમાં એનું ખાતું હોય, એટલે કે ટ્રેઝરીવાળા, જે તે જિલ્લાની કે તાલુકાની ટ્રેઝરીવાળા જે તે બ્રાન્ચમાં એના ખાતામાં જ પૈસા જમા કરાવે છે. એટલે પેન્શનરને પૈસા લેવા આવવું પડતું નથી. એના ખાતામાં જ હોય છે. અને ખાતામાંથી લઈ લે છે. એટલે છેલ્લા એક વર્ષથી પેન્શનરને આવવાનું રહેતું નથી. જે બેંકમાં ખાતું હોય એ બેંકના એ ખાતામાં જમા થાય અને બેંકમાંથી ઉપાડી લેવાના.

### વડોદરા શહેરમાં વેચાણવેરાની થયેલી આવક

**શ્રીઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન વડોદરા શહેરમાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી,

(૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે કયા પ્રકારના પગલાં લીધાં?

**નાણામંત્રીશ્રી:**

(૧) રૂા. ૬૭૫.૪૬ કરોડ

(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઉભા થયેલા કેસો પૈકી રૂા. ૩૩.૭૫ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.

(૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં બરોડા શહેરમાંથી સેલ્સટેક્ષની ૬૭૫.૪૬ કરોડની જે આવક ઉભી થઈ છે અને ૨૦૦૮-૦૯માં જે ૩૩.૭૫ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે એ કયા કયા યુનિટની છે અને કેટલા યુનિટ છે?

**શ્રી વજુભાઈ વાળા**: ૨૦૦૮-૦૯માં જે બાકી રકમ છે એ ૩૨૪ કેસો છે. અને જે બાકી રકમ છે એ ૩૩.૭૫ કરોડ છે. એમાંથી મનાઈહુકમવાળા ૨૭ કેસો છે. ડેપ્ટ રીકવરી, ટ્રિબ્યુનલમાં દાવો નોંધાયેલો હોય એવા એક અને લાપતા કે ધંધો બંધ હોય એવા ૩૧ કેસો છે. વસૂલાતની કાર્યવાહી ચાલુ હોય એવા ૨૬૫ કેસો છે. એ પ્રમાણે ૩૨૪ કેસોમાં ૩૩.૫૭ કરોડનું આ માગણું ઉપસ્થિત થયું છે. મૂળ માગણું હતું એ ૩૩.૮૭ હતું અને એમાં ૪.૨૯ આવેલા છે, એટલે ૩૩.૫૭ છે. આ જે ૩૨૪ કેસો છે એનું લિસ્ટ મોટું છે, છતાં પણ હોય તો..

**અધ્યક્ષશ્રી** : લાંબુ હોય તો ટેબલ પર મૂકજો.

**શ્રી વજુભાઈ વાળા**: વાંચી દંઉ, એમને જોઈતું હોય તો. એમણે પૂછયું તો નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### મહેસાણા જિલ્લાની આદર્શ નિવાસી શાળામાં વર્ગ-૩ અને ૪ની ખાલી જગ્યાઓ ભરવા અંગે

૮૬૧૨ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કેટલા કર્મચારીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળામાં વર્ગ-૩ અને વર્ગ-૪ની કોઇ જગ્યા ખાલી નથી. જ્યારે વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં વર્ગ-૩ની ૪(ચાર) જગ્યા ખાલી છે, તે પૈકી ૩(ત્રણ) જગા એક

| | |
|---|---|
| | વર્ષથી અને ૧ (એક) જગા ત્રણ વર્ષથી ખાલી છે. વર્ગ-૪ની કોઇ જગ્યા ખાલી નથી. |
| (૨) આ જગાઓ તત્કાલ ભરવા સરકાર ધ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૨) ભરતીની પ્રક્રિયા ગતિમાં છે. |

------------

**અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું કરેલ આયોજન અંગે**

૮૭૦૮ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન-૨૦૦૮ના કેલેન્ડર વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું, | (૧) ૩૯ |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા, અને | (૨) ૭૦૫૩ |
| (૩) હાજર રહેલ ઉમેદવારોમાંથી કેટલાને સહાય કરવામાં આવી ? | (૩) ૩૧૧ |

------------

**રાજ્ય સરકારને ટેક્સ રેવન્યુ પેટે મળેલ રકમ**

૮૪૫૮**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના સને ૨૦૦૮-૦૯ના નાણાકીય વર્ષમાં ટેક્સ રેવન્યુ પેટે કેટલી રકમ મળવાની ધારણા હતી, અને | (૧) રાજ્ય સરકારના અગત્યના મહેસૂલી કરવેરાઓનો વર્ષ ૨૦૦૮-૦૯નો બજેટ અંદાજ રૂપિયા ૨૨,૮૪૪.૮૯ કરોડ હતો. |
| (૨) તે ધારણા સામે ખરેખર કેટલી રકમ મળી ? | (૨) રૂા. ૨૨,૬૮૯.૪૪ કરોડ (પ્રોવિઝનલ). |

------------

**રાજ્ય સરકારનું દેવુ તેમજ ચૂકવેલ વ્યાજ**

૮૭૫૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારનું કુલ દેવુ કેટલું છે, | (૧) રૂા. ૮૫૭૯૩ કરોડ (અંદાજીત) |
| (૨) અને એના માટે વર્ષ ૨૦૦૮-૦૯માં દેવા સામે કેટલું વ્યાજ ચૂકવવાનું થાય છે, અને | (૨) રૂા. ૭૦૬૫ કરોડ (અંદાજીત) |
| (૩) આ દેવું વધવાના કારણો શા છે ? | (૩) રાજ્યના વિકાસ આયોજનને અનુલક્ષીને થતા મૂડીખર્ચને પહોંચી વળવા માટે |

------------

**પીપાવાવ પોર્ટમાં રોજગારી આપવા બાબત**

૮૧૯૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થપાતા ખાનગી સાહસોમાં સ્થાનિક લોકોને રોજગારી આપવાની જોગવાઈ છે તે વાત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો પીપાવાવ પોર્ટમાં સ્થાપિત ધોરણ મુજબ કેટલા સ્થાનિક લોકોને તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોજગારી અપાઈ છે, અને | (૨) ૩૫ |
| (૩) સ્થાનિક લોકોને ઓછી રોજગારી આપવા બદલ જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે ? | (૩) એકમમાં હાલમાં રોજગારી મેળવતાં કુલ લોકો પૈકી ૮૫.૪૩ % સ્થાનિક લોકો હોઇ, પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી. |

------------

## બક્ષીપંચના વર્ગોના નોન ક્રીમીલેયરની આવકની મર્યાદા અંગે

૭૩૪૨ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભારત સરકારે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની નોન-ક્રીમીલેયરની આવક મર્યાદા રૂા. સાડા ચાર લાખ તા. ૧૪-૧૦-૨૦૦૮ના રોજ ઠરાવી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ભારત સરકારની ઉપરોક્ત જોગવાઈની અનુસરણમાં રાજ્ય સરકારે ક્રીમિલેયરની આવક મર્યાદામાં કોઈ સુધારો ર્ક્યો નથી તે હકીક્ત પણ સાચી છે,

(૩) જો, હા તો તેના શાં કારણો છે, અને

(૪) ચાલુ શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને આ જોગવાઈનો લાભ મળતો થાય તે માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૩) અને (૪)

પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

------------

## વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે કરેલ સહાય

૮૬૩૧**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય સામાજીક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદેશ અભ્યાસ કરવા જતા બક્ષીપંચના અને અનુસૂચિત જાતિના રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને સહાય અપાઈ ?

**જવાબ**

સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ તથા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવાની યોજના અમલમાં છે. સહાય આપવામાં આવતી નથી.

રાજકોટ જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ લોનની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સા.શૈ.પ.વ.ના વિદ્યાર્થીની સંખ્યા | અનુ.જાતિના વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ | ૦૨ | ૦૨ |
| ધોરાજી | ૦૦ | ૦૦ |
| ગોંડલ | ૦૦ | ૦૦ |
| જામકંડોરણા | ૦૦ | ૦૦ |
| જસદણ | ૦૦ | ૦૦ |
| જેતપુર | ૦૦ | ૦૦ |
| કોટડા સાંગાણી | ૦૦ | ૦૦ |
| લોધીકા | ૦૦ | ૦૦ |
| માળીયા-મીયાણા | ૦૦ | ૦૦ |
| મોરબી | ૦૨ | ૦૦ |
| પડધરી | ૦૦ | ૦૦ |
| ટંકારા | ૦૦ | ૦૦ |
| ઉપલેટા | ૦૦ | ૦૦ |
| વાકાંનેર | ૦૦ | ૦૦ |
| કુલ : | ૦૪ | ૦૨ |

------------

## સિમેન્ટ કંપનીઓ પાસેથી વસુલ લેવાની વેચાણવેરાની બાકી રકમ અંગે

૮૬૭૭ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ કુલ કેટલી સીમેન્ટ કંપનીઓ પાસેથી છેલ્લા બે વર્ષમાં કેટલો વેચાણવેરો વસુલ લેવાનો બાકી છે,

(૨) દરેક કંપની પાસે વેચાણવેરાની વસુલાત ક્યારથી બાકી છે, અને

**જવાબ**

(૧) સિમેન્ટ કંપનીઓ - ૨૧
વેચાણવેરો બાકી - રૂા. ૨૩૧.૧૬ કરોડ

(૨) સામેલ પત્રક મુજબ

(૩) તે વસુલ લેવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા, અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**પત્રક**

**સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત દર્શાવતું પત્રક**

| ક્રમ | સિમેન્ટ કંપનીનું નામ | વસુલાત ક્યારથી બાકી છે. |
|---|---|---|
| ૧. | લક્ષ્મી સિમેન્ટ | ૨૦૦૭-૦૮ |
| ૨. | રાધાકિશન સિમેન્ટ | ૧૯૮૯-૯૦ |
| ૩. | બાલારામ સિમેન્ટ | ૨૦૦૨-૦૩ |
| ૪. | હનુમાન સિમેન્ટ પ્રા.લી. | ૨૦૦૪-૦૫ |
| ૫. | સોમાની સિમેન્ટ કંપની | ૧૯૯૭-૯૮ |
| ૬. | મહાકાળી સિમેન્ટ | ૨૦૦૦-૦૧ |
| ૭. | પંચમહાલ સિમેન્ટ કંપની લી. | ૧૯૯૪-૯૫ |
| ૮. | સેવાલિયા સિમેન્ટ વર્કસ | ૧૯૯૫-૯૬ |
| ૯. | ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની | ૨૦૦૩-૦૪ |
| ૧૦. | કામદાર સિમેન્ટ કંપની | ૧૯૮૯-૯૦ |
| ૧૧. | એચ.એમ.પી. સિમેન્ટ કંપની | ૧૯૯૪-૯૫ |
| ૧૨. | સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમીટેડ | ૨૦૦૨-૦૩ |
| ૧૩. | અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ | ૨૦૦૫-૦૬ |
| ૧૪. | ગુજરાત હિમાલયા સિમેન્ટ કંપની | ૧૯૯૧-૯૨ |
| ૧૫. | ગુજરાત હાઇટેક ઇન્ડસ્ટ્રીઝ | ૧૯૯૧-૯૨ |
| ૧૬. | સુવિન સિમેન્ટ પ્રા. લીમીટેડ | ૨૦૦૫-૦૬ |
| ૧૭. | ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ | ૧૯૯૩-૯૪ |
| ૧૮. | સરદાર સિમેન્ટ પ્રા.લીમીટેડ | ૨૦૦૪-૦૫ |
| ૧૯. | કાંગારૂ સિમેન્ટ પ્રા. લીમીટેડ | ૨૦૦૭-૦૮ |
| ૨૦. | જ્યુપીટર સિમેન્ટ કંપની | ૨૦૦૦-૦૧ |
| ૨૧. | જે. કે. સિમેન્ટ પ્રા.લીમીટેડ | ૧૯૯૬-૯૭ |

-----------

**અનુસૂચિત જાતિ તેમજ બક્ષીપંચ માટે વડોદરા જિલ્લામાં અસાધ્ય રોગો માટે કરેલ સહાયનો વધારો**

૮૨૮૭ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિ માટે ટી.બી., કેન્સર અને રક્તપિત્ત જેવા અસાધ્ય રોગો માટે સહાયમાં સરકારે કેટલો વધારો કર્યો,

**જવાબ**

(૧) સરકારશ્રીએ છેલ્લે પ્રસુતિના ગંભીર રોગના કેસમાં રૂા. ૩૧૫ નો, સ્ત્રીઓને થતાં પાંડુરોગના કેસમાં રૂા. ૭૫ નો, ક્ષય (ટીબી) માટે રૂા. ૧૨૫, કેન્સરમાં રૂા. ૨૦૦/- અને રક્તપિત્તના કેસમાં રૂા. ૧૫૦ નો પ્રતિમાસ વધારો કરેલ છે.

(૨) વડોદરા જિલ્લાના પ્રત્યેક તાલુકા દીઠ પ્રત્યેક દર્દીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) વડોદરા જિલ્લાના પ્રત્યેક તાલુકાદીઠ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ક્ષય | કેન્સર | રક્તપિત્ત | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૧૫ | ૦૭ | ૦ | ૨૨ |
| ૨ | પાદરા | ૧૬ | ૦૨ | ૦ | ૧૮ |
| ૩ | શિનોર | ૦૬ | ૦૧ | ૦૧ | ૦૮ |
| ૪ | ડભોઇ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૮ |
| ૫ | સંખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | જેતપુર પાવી | ૦૧ | ૦ | ૦ | ૦૧ |
| ૭ | છોટાઉદેપુર | ૦૨ | ૦૨ | ૦૩ | ૦૭ |
| ૮ | ક્વાંટ | ૦૪ | ૦ | ૦ | ૦૪ |
| ૯ | નસવાડી | ૦૧ | ૦ | ૦ | ૦૧ |
| ૧૦ | સાવલી | ૧૮ | ૦ | ૦૨ | ૨૦ |
| ૧૧ | વાઘોડીયા | ૦૬ | ૦ | ૦ | ૦૬ |
| ૧૨ | કરજણ | ૦૭ | ૦ | ૦૨ | ૦૯ |
| | **કુલ** | **૮૦** | **૧૫** | **૦૯** | **૧૦૪** |

(૩) તેમને દર માસે નિયમિત સહાય ચૂકવવામાં આવે છે?

(૩) હા, જી.

------------

## સુરત જિલ્લામાં વેટની ચોરી અંગે પાડેલ દરોડા

૮૮૭૧ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન સેલ્સટેક્ષ/વેટ ચોરી અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૧) ૭૬

(૨) આ દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની સેલ્સટેક્ષ/વેટની ચોરી પકડાઈ ?

(૨) રૂ. ૨.૪૯ કરોડ

------------

## બનાસકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ

૮૬૮૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાનો લાભ કેટલા લાભાર્થીને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવ્યો, અને

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૭૮ |
| ૨ | અમીરગઢ | ૨૪૨ |
| ૩ | વડગામ | ૪૧૦ |
| ૪ | દાંતા | ૨૧૨ |
| ૫ | ડીસા | ૧૮૬ |
| ૬ | દાંતીવાડા | ૧૯૦ |
| ૭ | ધાનેરા | ૯૬ |
| ૮ | થરાદ | ૩૦૮ |
| ૯ | વાવ | ૩૮૫ |
| ૧૦ | દિયોદર | ૧૪૩ |
| ૧૧ | ભાભર | ૧૭૯ |
| ૧૨ | કાંકરેજ | ૨૦૦ |
| | **કુલ :** | **૨૬૨૯** |

(૨) આ યોજના તળે કોઈ નવી વસાહત ઉભી કરવામાં આવી છે?

(૨) હા, જી.

------------

**રાજ્ય સરકારનું દેવું તેમજ વ્યાજ ચૂકવણી**

૮૧૩૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યનાં દેવામાં કેટલો વધારો થયો,

(૨) આ સ્થિતિએ કુલ કેટલું દેવું છે, અને

(૩) આ અંગે છેલ્લા બે વર્ષમાં વ્યાજની કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમા દેવામા કુલ વધારો રૂ. ૧૩૧૬૨ કરોડ

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ના રોજ અંદાજીત દેવુ રૂપિયા ૮૫૭૯૩ કરોડ

(૩) આ અંગે છેલ્લા બે નાણાકીય વર્ષમા વ્યાજની કુલ ચૂકવણી રૂ. ૧૩૭૪૨ કરોડ

------------

**કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન અને ચૂકવેલ વ્યાજ અંગે**

૮૮૭૬ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને તા. ૩૧/૩/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લોન પેટે કેટલી રકમ મળેલ છે, અને

(૨) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન ઉપર ઉક્ત સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કેટ કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ

રૂ. કરોડમાં

| નાણાકીય વર્ષ | લોન પેટે મળેલ રકમ | ચૂકવેલ વ્યાજ |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૯૫ | ૮૬૦ |
| ૨૦૦૭-૦૮ | ૨૦૯ | ૮૭૪ |
| ૨૦૦૮-૦૯ (અંદાજીત) | ૨૨૭ | ૮૪૯ |

------------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટની રકમ તેમજ વ્યાજની ચૂકવણી**

૮૮૭૪ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને

(૨) સરકારે આ પેટે કેટલું વ્યાજ ચૂક્વ્યું ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ હેઠળ એસ.ટી. બસને ચૂકવેલ રકમ**

૮૪૧૬ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી)** : **માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ હેઠળ એસ.ટી.ની કુલ કેટલી બસોની માંગણી કરવામાં આવી હતી, અને

(૨) રાજ્ય સરકારે ભાડા પેટે એસ.ટી.ને કુલ કેટલી રકમ ચૂકવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ હેઠળ એસ.ટી. ની કુલ ૬૭૬૪ બસોની માંગણી કરવામાં આવી હતી.

(૨) રાજ્ય સરકારે ભાડા પેટે કુલ રૂપિયા ૨,૭૭,૪૫,૯૩૨/- ની ચૂકવણી કરેલ છે.

**કેન્દ્રીય કરવેરાના હિસ્સા પેટે મળેલ રકમ**

૭૫૮૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧/૦૩/૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારને કેન્દ્રીય કરવેરામાં હિસ્સા પેટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી ફાળવણી કરવામાં આવી છે?

**જવાબ**

તા. ૩૧-૦૩-૨૦૦૯ ની સ્થિતિએ રાજ્ય સરકારને કેન્દ્રીય કરવેરામાં હિસ્સા પેટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ફાળવણી કરવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૦૬-૦૭ | ૪૩૦૧.૬૩ |
| ૨. | ૨૦૦૭-૦૮ | ૫૪૨૬.૦૯ |
| ૩. | ૨૦૦૮-૦૯ | ૫૭૨૫.૮૬ |

------------

**રાજ્ય સરકાર દ્વારા જાહેર દેવાની પરત ચૂકવેલ રકમ**

૮૮૭૫ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૩/૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારનું દેવુ કેટલું છે, અને

(૨) રાજ્ય સરકારે સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં જાહેર દેવાની કેટલી રકમ કોને-કોને પરત ચૂકવી ?

**જવાબ**

(૧) રૂ. ૮૬૫૧૧ કરોડ (અંદાજીત)

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯માં જાહેર દેવાની અંદાજીત પરત ચૂકવણી નીચે મુજબ છે.

| વિગત | પરત ચૂકવણી |
|---|---|
| નાણાકીય સંસ્થાઓ | રૂ. ૩૮૫ કરોડ |
| રાષ્ટ્રીય નાની બચત ફંડ લોન | રૂ. ૧૩૫૪ કરોડ |
| જાહેર બજારની લોન | રૂ. ૯૧૮ કરોડ |
| કેન્દ્ર સરકારની લોન | રૂ. ૫૭૦ કરોડ |

------------

**જૂનાગઢ જિલ્લામાં વેટની થયેલ આવક**

૮૮૯૨ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજ્ય સરકારને મળી,

(૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધા ?

**જવાબ**

(૧) રૂ. ૩૧૨.૬૭ કરોડ

(૨) ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ઉભી થયેલ વસૂલાત પેકી રૂ. ૬.૫૫ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

------------

**ભાવનગર અને સુરત જિલ્લામાં નવી શરૂ કરેલ આઈ.ટી.આઈ. સંસ્થાઓ**

૭૩૨૩ **શ્રી આત્મારામભાઈ પરમાર** (ગઢડા) **: માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને સુરત જિલ્લામાં કેટલી નવી આઈ.ટી.આઈ. શરૂ કરવાનું સરકારે વિચાર્યું હતું, અને

(૨) તે પૈકી કેટલી આઈ.ટી.આઈ. છેલ્લા બે વર્ષમાં શરૂ થયેલ છે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ૦૧
સુરત જિલ્લામાં ૦૩
૦૪

(૨) તમામ

## વડોદરા જિલ્લામાં બક્ષીપંચની કન્યાઓને ફાળવવાની બાકી સાયકલો

૮૨૮૮ **શ્રી ધીરૂભાઈ ભીલ** (નસવાડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બક્ષીપંચની કન્યાઓને વર્ષવાર કેટ કેટલી સાયકલો ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) બક્ષીપંચની કન્યાઓને વર્ષ ૨૦૦૪થી નિર્ધારીત નીતિ મુજબ સાયકલોને બદલે સાયકલ સહાય આપવામાં આવે છે, તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બક્ષીપંચની કન્યાઓને નીચે મુજબની સાયકલ સહાય આપવામાં આવી,

વર્ષ ૨૦૦૭-૦૮ ૧૦૦૩
વર્ષ ૨૦૦૮-૦૯ ૧૦૫૬

(૨) કેટલી કન્યાઓને આ સાયકલો ફાળવવાની બાકી છે?

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૨(બે) કન્યાઓને સાયકલ સહાય ચુકવવાની બાકી હતી, તેઓને જુન-૨૦૦૯માં ચુકવવામાં આવેલ હોઇ હવે કોઇ કન્યાને સાયકલ સહાય ચુકવવાની બાકી રહેતી નથી.

------------

## રૂા. ૧૦ કરોડથી વધુ વેચાણવેરાના બાકી એકમો

૮૬૨૦ **શ્રી બાબુભાઈ શાહ** (રાપર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષોમાં રાજ્યના સેલ્સ ટેક્ષ કે વેટ અન્વયે મુદ્દત વિત્યે ૧૦ કરોડ કે વધુ રકમ બાકી હોય તેવા ઓદ્યોગિક એકમો પાસેથી પૂરી રકમ વસુલ આવી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આવા ઓદ્યોગિક એકમોની વર્ષવાર યાદી અને વસુલાત ન કરવાનાં કારણો શાં છે, અને

(૩) આ ઓદ્યોગિક એકમો પાસેથી આ સ્થિતિએ કઈ કઈ તારીખે કોની કોની પાસેથી વસુલાત જમા આવી?

**જવાબ**

(૧) હા.

(૨) પત્રક -૧ મુજબ

(૩) પત્રક - ૨ મુજબ

**પત્રક - ૧**

**વર્ષ ૨૦૦૬-૦૭**

| અ.નં. | ઓદ્યોગિક એકમનું નામ | વસુલાત ના થવાનું કારણ |
|---|---|---|
| ૧. | સ્વપ્નીલ પ્લાસ્ટીક | ધંધો બંધ, વેચાણ વેરા પંચનો મનાઇહુક્મ છે. |
| ૨. | મધુકાંત એગ્રોટેક | વિવાદનો મનાઇ હુક્મ |
| ૩. | હેતલ પોલીપ્રિન્ટ | ધંધો બંધ. પોલીસ ફરીયાદ નોંધાવેલ છે. |
| ૪. | આકાશ | ધંધો બંધ, વેચાણ વેરા પંચનો મનાઇ હુક્મ છે. |
| ૫. | સાઇનાંથ પ્રોટીન્સ લી. | બી આઇ એફ આર માં નોંધાયેલ છે. |
| ૬. | એમ્બીકું. એગ્રો ઓઇલ | પોલીસ ફરીયાદ કરેલ છે, જાણકારી મુજબ વહીવટકર્તા પરદેશ ચાલ્યા ગયેલ છે. |
| ૭. | મહેન્દ્ર મિલ્સ | બી આઇ એફ આર માં નોંધાયેલ છે. |
| ૮. | એસ્ક્યુલીઝ રેમેડીઝ લી | બી આઇ એફ આર માં નોંધાયેલ છે. |
| ૯. | હાઇનુપ ફૂડ એન્ડ ઓઇલ | એ. એ. આઇ. એફ. આર./આર.આર.સી. કડી |
| ૧૦. | પ્રસિધ્ધિ ટી. કું. | માલિક જેલમાં છે, જેના નામે કોઇ મિલ્ક્ત નથી. |
| ૧૧. | ડેરીડન લી. | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. નોંધણી દાખલો રદ કરેલ છે. |
| ૧૨. | એન. કે. ઓઇલ મિલ પ્રા.લિ. | ટ્રીબ્યુનલ સ્ટે |
| ૧૩. | પ્રમુખ એગ્રો ફૂડ પ્રા. લિ. | ડી. આર. ટી. માં કેસ ચાલે છે. |
| ૧૪. | શક્તિ વિજય ઇન્ડ | ડી. આર. ટી. માં દાવો નોંધાવેલ છે. |
| ૧૫. | એટલાસ પેટ્રો કેમિકલ્સ | વેચાણવેરા પંચનો મનાઇહુક્મ છે. |
| ૧૬. | રાજેશ માલેબલ | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૧૭. | ગુજરાત સ્મોલ ઇન્ડ કોર્પો લી. | ડીઆરટી સમક્ષ દાવો નોંધાએલ છે. |
| ૧૮. | પ્રકૃતિ નરીયર્સ | ધંધો બંધ. પોલીસ ફરીયાદ કરેલ છે. |
| ૧૯. | ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ | ક-૪૮ અન્વયે ટાંચની કાર્યવાહી કરેલ છે. |
| ૨૦. | જલધારા પંપ, પ્રા, લી. | વિવાદ તબક્કે બાકી છે. |
| ૨૧. | સીમ્ફની કમ્ફર્ટ સીસ્ટમ પ્રા. લી. | બીઆઇએફઆર તબક્કે બાકી છે. |

| અ.નં. | ઓદ્યોગિક એકમનું નામ | વસુલાત ના થવાનું કારણ |
|---|---|---|
| ૨૨. | જય એગ્રોકેમ લી. | ડી આર ટી સમક્ષ દાવો નોંધાએલ છે. |
| ૨૩. | મીનલ ઓઇલ એગ્રો ઇન્ડ. | ટ્રીબ્યુનલ સ્ટે |
| ૨૪. | એન. કે. ઇન્ડસ્ટ્રીઝ | બીઆઇએફઆર તબક્કે બાકી છે. |
| ૨૫. | બાલારામ સિમેન્ટ લી. | બીઆઇએફઆર તબક્કે બાકી છે. |
| ૨૬. | હરિરાજ પેપર મીલ | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૨૭. | ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ | ધંધો બંધ. વેચાણ વેરા પંચનો મનાઇહુકમ છે. |
| ૨૮. | ગેલેક્ષી પેટ્રોલીયમ | ધંધો બંધ છે. |
| ૨૯. | ક્નોરીયા ડાયકેમ | ઓફીસીયલ લીક્વીડેટર સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૩૦. | પલ પેરીફ્લ્સ | આર.આર.સી. ભરૂચ તથા આણંદ ખાતે કરેલ છે. |
| ૩૧. | ઝવેરી પોલિમર્સ | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૩૨. | સર્ચકેમ ઇન્ડસ્ટ્રીઝ | પાંડેસરાના ચુકાદા તથા નામદાર હાઇકોર્ટ અને વેચાણવેરા પંચનો મનાઇ હુકમ છે. |
| ૩૩. | ગુજરાત આલ્કલીજ એન્ડ કેમીકલ (કોસ્ટીક સોડા પ્લાન્ટ) | પાંડેસરાના ચુકાદાના કારણે મનાઇ હુકમ છે. |
| ૩૪. | શ્રીરામ આલ્કલીઝ એન્ડ કેમીકલ | વે.વે. પંચનો મનાઇ હુકમ |
| ૩૫. | લાયકા લેબ્સ લીમી | વિવાદ તબક્કે મનાઇહુકમ |
| ૩૬. | મોટોરોલ (ઇ) લી. | ઓફીસીયલ લીક્વીડેટર સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૩૭. | પમિ પેટ્રોકેમ | બીઆઈએફઆરમાં નોંધાવેલ છે. |
| ૩૮. | આર.એસ. પેટ્રોકેમીકલ્સ | નામદાર પંચનો મનાઇ હુકમ મેળવેલ છે. |
| ૩૯. | આઇ. સી. ટેક્ષટાઇલ્સ લી. | નામદાર સુપ્રીમ કોર્ટનો મનાઇ હુકમ. |
| ૪૦. | ઇઝી સ્લાઇડ | બીઆઈએફઆરમાં ગયેલ છે. |
| ૪૧. | કાકરીયા પેપર મીલ | ધંધો બંધ છે. ઓફીસીયલ લીક્વીડેટર સમક્ષ દાવો નોંધાયેલ છે. |
| ૪૨. | ભારત પેટ્રોલીયમ | ધંધો બંધ છે. સ્થાવર જંગમ મિલ્કત ઉપર ટાંચ મુકેલ છે. |
| ૪૩. | પંચમહાલ સીમેન્ટ કંપની લિ. | ઓફીસીયલ લીક્વીડેટર સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૪૪. | ઓ.એન.જી.સી. | હાઇકોર્ટ મનાઇ હુકમ |
| ૪૫. | વાયકોમ ઇલેક્ટ્રીકલ્સ | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૪૬. | એપિ. એસ. સ્ટાર | ઓફીસીયલ લીક્વીડેટર સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૪૭. | જી.ઇ. પ્લાસ્ટીક ઇન્ડીયા લી. | ધંધો બંધ છે. વિવાદ કક્ષાએ મનાઇહુકમ છે. |
| ૪૮. | અપેક્ષ ઇલેક્ટ્રીકલ્સ લી. | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૪૯. | મોટોરોલા સ્પેશ્યાલીટી (રીન્કી હાઇડ્રોકાર્બન) | ધંધો બંધ હોવાથી કોર્ટ રીસીવર મુંબઇમાં દાવો નોંધાવેલ છે. |
| ૫૦. | ઓએનજીસી (સુરત) | ટ્રીબ્યુનલ સ્ટે |
| ૫૧. | લાર્સન એન્ડ ટુર્બો | ટ્રીબ્યુનલ સ્ટે |
| ૫૨. | એસ્સાર સ્ટીલ | હાઇકોર્ટ સ્ટે |
| ૫૩. | બી. ક્રીમ્પટ્રેક્ષ પ્રા. લી. | વેપારી લાપત્તા છે. પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૫૪. | પલક પ્રા. લી. | વેપારી લાપત્તા છે. પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૫૫. | પામીસ્ટ ટેક્સ્ટાઇલ પ્રા. લી. | ધંધો બંધ છે. પોલીસ ફરિયાદ કરેલ છે આરઆરસી દમણ ખાતે કરેલ છે. |
| ૫૬. | બરોડા રેયોન કોર્પોરેશન | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૫૭. | રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ | હાઇકોર્ટ સ્ટે |
| ૫૮. | એચ. એમ.પી. એન્જીનરીંગ | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૫૯. | સ્વસ્તીક એન્ડ કું | વેપારી લાપત્તા છે. પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૬૦. | રોનક ઓઇલ | વેપારી લાપત્તા છે. પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૬૧. | વિરાટ શીપ બ્રેકીંગ કોર્પોરેશન | વેપારી લાપત્તા છે. પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૬૨. | ઉદયાની શીપ બ્રેકર્સ | વેપારી લાપત્તા છે. પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૬૩. | એસ. એસ. જૈન એન્ડ કંપની | નામ પંચનો મનાઇ હુકમ છે. |
| ૬૪. | મયુર ઇન્ડ | ધંધો બંધ છે. વેપારી નાદારી જાહેર થયેલ છે. |
| ૬૫. | પ્રશાંત એન્ટર | વેપારીશ્રી લાપતા પોલીસ ફરીયાદ કરેલ છે. |
| ૬૬. | ત્રીવેણી ઇન્ડ | ઓફીસીયલ લીક્વીડેટર સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૬૭. | ગુજરાત સિધ્ધી સીમેન્ટ | એએઆઇએફઆર સ્કીમ હેઠળ તા. ૦૧-૦૪-૦૪ થી સાત વર્ષના ગાળામાં ભરવા પાત્ર રકમ છે. જે દર મહીને નિયમીત ભરે છે. |
| ૬૮. | એચ.એમ. પી સીમેન્ટ લી. | ગુજરાત સરકાર દ્વારા ક્લકત્તા હાઇકોર્ટમાં કેસ નોંધાયેલ છે. |
| ૬૯. | સોરાષ્ટ્ર સીમેન્ટ લી. | બીઆઇએફઆરમાં છે, વનટાઇમ સેટલમેન્ટ માટેની દરખાસ્ત છે. |
| ૭૦. | બી.જી. એક્ષપ્લોરેશન એન્ડ પ્રો. | નામ હાઇકોર્ટનો મનાઇ હુકમ છે. |
| ૭૧. | નિરમા લીમીટેડ | વિવાદ કક્ષાએ મનાઇ હુકમ છે. |
| ૭૨. | અજય ઇન્ડસ્ટ્રીઝ | ધંધો બંધ છે. કલમ-૪૮ કાર્યવાહી કરેલ છે. |
| ૭૩. | વી. કે. ઇન્ડસ્ટ્રીઝ | આર. આર. આર. સી. મુંબઇ |
| ૭૪. | ક્રિષ્ના પેટ્રો ટ્રેડીંગ પ્રા.લી. | ધંધો બંધ છે કલમ-૪૮ કાર્યવાહી કરેલ છે. |
| ૭૫. | યશ ઇન્ટરનેશનલ | ધંધો બંધ છે કલમ-૪૮ કાર્યવાહી કરેલ છે. |
| ૭૬. | ભૂમિ પ્લાસ્ટ પ્રા. લી. | ધંધો બંધ છે કલમ-૪૮ કાર્યવાહી કરેલ છે. |
| ૭૭. | ડેકોરા સિરામિક્સ પ્રા. લી. | ઓફીસીયલ લીક્વીડેટર સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૭૮. | કે.ટી.કોટ સિન્થેટીક | ધંધો બંધ છે. સ્થાવર, જંગમ મિલ્કત બેંક્નાં કબજામાં છે. |
| ૭૯. | રઘુવીર એજન્સી | ધંધો બંધ છે. વેપારી લાપતા છે. પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૮૦. | ગોપાલ ટી | નામ ટ્રીબ્યુનલનો મનાઇ હુકમ છે. |
| ૮૧. | રીષીતા એજન્સી | વેપારી લાપત્તા છે પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૮૨. | રીષીતા એન્ટરપ્રાઇઝ | વેપારી લાપત્તા છે પોલીસ ફરિયાદ કરેલ છે. |
| ૮૩. | ભારત ઇમ્પેક | ધંધો બંધ છે. અપીલ તબક્કે બાકી. |

| અ.નં. | ઓદ્યોગિક એકમનું નામ | વસુલાત ના થવાનું કારણ |
|---|---|---|
| ૮૪. | ગુજરાત સ્પાઇસીસ ઇન્ડ એન્ડ ઓઇલ સીડસ યુન. લી. | નામ. હાઇકોર્ટનો સ્ટે છે. |
| ૮૫. | ટ્રાયસન કેમીકલ ઇન્ડલી. | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૮૬. | વિષ્ણુ ઓઇલ વનસ્પતિ ઇન્ડ | વેચાણવેરા પંચનો સ્ટે |
| ૮૭. | ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિ. | વિવાદ તબક્કે બાકી |
| ૮૮. | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | વિવાદ તબક્કે બાકી |
| ૮૯. | હીન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | વિવાદ તબક્કે બાકી |
| **સને ૨૦૦૭-૦૮** | | |
| **અનું.** | **ઓદ્યોગિક એકમનું નામ** | **વસુલાત ના થવાનું કારણ** |
| ૧. | ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન | વિવાદ કક્ષાએ મનાઇ હુકમ આપેલ છે. |
| ૨. | દેમાંગ દે વાલા ઇન્ડસ્ટ્રીઝ | વિવાદ કક્ષાએ મનાઇ હુકમ આપેલ છે. |
| ૩. | પટેલ રણછોડ વીરજી | ધંધો બંધ છે. |
| **સને ૨૦૦૮-૦૯** | | |
| **અનું.** | **ઓદ્યોગિક એકમનું નામ** | **વસુલાત ના થવાનું કારણ** |
| ૧. | એલ. એન્ડ ટી (ઇલેકું.) | હાઇકોર્ટનો મનાઇ હુકમ |
| ૨. | ભાગ્યોદય ઇન્ટરનેશનલ | આર.આર.સી. મુંબઇ |
| ૩. | એન. કે. કોર્પોરેશન | નામ. ટ્રિબ્યુનલ સ્ટે |
| ૪. | બેરોનટેલી કેમ્યુનિકેશન (ઇ)લી. | આર. આર. આર. સી. દિલ્લી |
| ૫. | મહેન્દ્રા પેટ્રોકેમીકલ | બોજા અંગે જી.એસ.એફ.સી.માં જાણ કરેલ છે. |
| ૬. | ધર્ણેન્દ્ર ઇન્ડ લી. | ધંધો બંધ કલમ-૪૮ અન્વયે ટાંચની કાર્યવાહી કરેલ છે. |
| ૭. | કોસ્ટલ એનર્જી લિમિ | અપીલ સ્ટે |
| ૮. | ખંડલવાલા લેબોરેટરી | વિવાદ તબક્કે |
| ૯. | રામા પેપર બોર્ડ | બીઆઇએફઆરમાં નોંધાયેલ છે. |
| ૧૦. | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન | વિવાદ કક્ષાએ મનાઇ હુકમ છે. |
| ૧૧. | ભરતકુમાર વજલાલ એન્ડ કું. | જપ્ત કેસ ધંધો બંધ છે. |

## પત્રક-૨

(રૂા. કરોડમાં)

| અનું | ઓદ્યોગિક એકમનું નામ | ૨૦૦૬-૦૭માં આવેલ વસુલાત | | ૨૦૦૭-૦૮માં આવેલ વસુલાત | | ૨૦૦૮-૦૯માં આવેલ વસુલાત | |
|---|---|---|---|---|---|---|---|
| | | તારીખ | રકમ | તારીખ | રકમ | તારીખ | રકમ |
| ૧. | રાજેશ માલેબલ | | ૦.૦૦ | | ૦.૦૦ | ૦૭-૦૭-૨૦૦૮ | ૦.૬૯ |
| ૨. | લાર્સન એન્ડ ટુર્બો | ૨૯-૫-૨૦૦૬ | ૦.૭૫ | ૨૯-૫-૨૦૦૭ | ૦.૭૦ | ૨૯-૫-૨૦૦૮ | ૦.૭૦ |
| ૩. | એસ્સાર સ્ટીલ | ૩૦-૫-૨૦૦૬ | ૧૧.૪૨ | ૨૮-૪-૨૦૦૭ | ૧૧.૩૮ | | |
| | | ૨૯-૬-૨૦૦૬ | ૧૧.૩૨ | | | | |
| | | ૩૧-૭-૨૦૦૬ | ૧૧.૪૨ | | | | |
| | | ૨૮-૯-૨૦૦૬ | ૧૧.૪૨ | | | | |
| | | ૨૮-૯-૨૦૦૬ | ૧૧.૪૨ | | | | |
| | | ૩૦-૧૦-૨૦૦૬ | ૧૧.૪૨ | | | | |
| | | ૨૮-૧૧-૨૦૦૬ | ૧૧.૪૨ | | | | |
| | | ૨૯-૧૨-૨૦૦૬ | ૧૧.૪૨ | | | | |
| | | ૩૧-૦૧-૨૦૦૭ | ૧૧.૪૨ | | | | |
| | | ૨૮-૨-૨૦૦૭ | ૧૧.૪૨ | | | | |
| | | ૩૦-૩-૨૦૦૭ | ૧૧.૪૨ | | | | |
| | | કુલ (૧૩૬.૯૦) | | | | | |
| ૪ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ૭-૧૦-૨૦૦૪ | ૨૮.૫૫ | | | | |
| ૫. | ગુજરાત સિધ્ધી સીમેન્ટ | | ૧૫.૬૦ | | ૧૫.૫૫ | | ૧૫.૮૧ |
| ૬. | ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિ. | | | વિવાદમાં કેસ રીમાન્ડ થવાથી | ૨૪૮.૧૩ | ૧૮-૧૨-૦૮ થી ૪-૩-૦૯ | ૧.૭૬ |
| ૭. | ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લિ. | | | વિવાદમાં કેસ રીમાન્ડ થવાથી | ૧૬૩.૮૫ | ૧૬-૧-૦૮ થી ૨૪-૨-૦૯ | ૪.૫૫ |
| | કુલ | | ૧૭૦.૪૨ | | ૪૩૯.૬૧ | | ૨૩.૫૧ |

**રાજ્ય સરકારનું બાહ્ય અને આંતરિક દેવું**

૮૭૯૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારનું બાહય અને આંતરિક દેવું કેટલુ છે, અને

(૨) આ દેવા પેટે વાર્ષિક કેટલું વ્યાજ ચૂકવવામાં આવે છે?

**જવાબ**

(૧) આંતરિક દેવુ : રૂ. ૭૫૪૬૭ કરોડ (અંદાજીત)
બાહ્ય દેવું : શૂન્ય

(૨)

| વર્ષ | અંદાજીત વ્યાજ ચૂકવણી (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૬૨૧૬ |
| તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૫-૦૯ સુધી | ૯૫૫ |

**આણંદ અને ખેડા જિલ્લાઓમાં તિજોરી કચેરી કાર્યરત કરવા અંગે**

૮૬૬૨ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં તિજોરી કચેરી કાર્યરત નથી, અને

(૨) તિજોરી કચેરી ન હોવાને કારણે લોકોને હાલાકી પડે છે તે નિવારવા સદર તાલુકામાં તિજોરી કચેરી ક્યારથી શરૂ કરવા માંગે છે?

**જવાબ**

(૧)

| **જિલ્લો આણંદ** | **જિલ્લો ખેડા (નડીયાદ)** |
|---|---|
| ૧. સોજીત્રા | ૧. કઠલાલ |
| ૨. તારાપુર | ૨. મહુધા |
| ૩. આંકલાવ | |

(૨) નાણાકીય વ્યવહારોનું કાર્યભારણ ધ્યાને લેતાં પેટા તિજોરી કચેરી શરૂ નહી કરવાનો સરકારે નિર્ણય લીધેલ છે.

------------

**રાજ્ય સરકારના જાહેર દેવા અન્વયે ચૂકવેલ વ્યાજ**

૮૮૭૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં જાહેર દેવા અન્વયે કેટલું વ્યાજ ચૂકવ્યુ, અને

(૨) રાજ્ય સરકારે દેવા પરનુ વ્યાજ ઘટાડવા શાં પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) રૂ. ૭૦૬૫ કરોડ (અંદાજીત)

(૨) <u>લીધેલા પગલા</u> :

દેવા તબદીલી, લોનોનું એકત્રિકરણ, આંતરિક દેવાનુ વહેલું ચૂકવણું અને લોનોનું પુનઃગઠન.

------------

**અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૭૪૨૫ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) ૯૨૦૫૪

(૨) ૨૫૮૮૮

------------

**જૂનાગઢ જિલ્લામાં પેન્શનના પડતર કેસોના નિકાલ અંગે**

૮૭૮૯ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા. ૩૧મી મે, ૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલા કેસો પડતર છે,

**જવાબ**

(૧) ૧ કેસ

(૨) આ કેસોમાં છ માસ-એક, બે, ત્રણ વર્ષ અને તે ઉપરાંતના વર્ષના કેટલા કેસો પડતર છે, અને

(૨) શૂન્ય

(૩) તમામ પડતર કેસો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૩) કેસ પુર્તતા થઇને પરત આવ્યા બાદ નિયત સમય મર્યાદામાં નિયમો અનુસાર નિકાલ કરવામાં આવશે.

------------

**ગાંધીનગર જિલ્લામાં નાની બચત પેટે મળેલ રકમ**

૮૬૭૯ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નાની બચત પેટે તાલુકાવાર કેટલી રકમો મળી, અને

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ નાની બચત પેટે તાલુકાવાર નીચે મુજબની રકમો મળેલ છે.

તા. ૧-૬-૨૦૦૭ થી તા. ૩૧-૫-૨૦૦૯ અંતિત કુલ રોકાણ

રૂ. કરોડમાં

| અ.નં. | તાલુકાનું નામ | રોકાણ | ઉપાડ | સાફી રોકાણ |
|---|---|---|---|---|
| ૧ | દહેગામ | ૪૪૨.૧૪ | ૪૪૫.૨૭ | -૩.૧૩ |
| ૨ | ગાંધીનગર | ૨૦૬.૧૯ | ૨૨૯.૫૨ | -૨૩.૩૩ |
| ૩ | કલોલ | ૫૩૫.૧૪ | ૫૨૨.૨૯ | ૧૨.૮૫ |
| ૪ | માણસા | ૭૬.૩૦ | ૬૯.૮૯ | ૬.૪૧ |
| ૫ | કુલ | ૧૨૫૯.૭૭ | ૧૨૬૬.૯૭ | -૭.૨૦ |

(૨) આ સ્થિતિએ કેટલી રકમ તાલુકાવાર ફાળવવાની બાકી છે, તે ક્યારે ફાળવી આપવામાં આવશે?

(૨) તાલુકાવાર ફાળવવાની નીતિ નથી.

**બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૮૯૮૬ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧) ૩૨૭૮૦

(૨) આ પેકી ડીસા તાલુકામાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોમાંથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી મળેલ છે?

(૨) ૧૦૫૯

------------

**પેટ્રોલીયમ પેદાશ પરના વેટની આવક**

૮૧૪૨ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેટ્રોલીયમ પેદાશ પરની વેટથી રાજ્ય સરકારને કેટલી આવક થઈ ?

**જવાબ**

| સમય | આવક (રૂા. કરોડમાં) |
|---|---|
| તા. ૦૧-૦૬-૦૭ થી તા. ૩૧-૦૫-૦૮ | ૩૨૮૭.૬૬ |
| તા. ૦૧-૦૬-૦૮ થી તા. ૩૧-૦૫-૦૯ | ૨૪૭૦.૦૮ |

------------

**સુરત જિલ્લાના માંડવી તાલુકામાં રોજગાર અધિકારીની જગા ભરવા કરેલ આયોજન**

૮૪૧૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિ એ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં રોજગાર અધિકારીની જગ્યા ભરાયેલ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો ના, હોય તો આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ સાધનોપાય પેશગીની રકમ**

૮૮૭૩ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેટલી વાર અને કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલ છે, અને | (૧) શૂન્ય |
| (૨) સાધનોપાય પેશગી પર કેટલું વ્યાજ ચૂક્વેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં ડૉ. આંબેડકર અભ્યાસ સહાય યોજના અન્વયે મંજૂર કરેલ અરજીઓ**

૭૩૨૪ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં માર્ચ-૨૦૦૭ થી માર્ચ-૨૦૦૯ સુધીમાં ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ સહાય યોજના હેઠળ કેટલી અરજી આવી, અને | (૧) ૨૨૩ |
| (૨) આ પેકી કેટલી અરજીઓ મંજૂર થયેલ છે ? | (૨) ૧૨૯ |

------------

**સાબરકાંઠા જિલ્લામાં રૂા. ૧૦ લાખથી વધુ બાકી વેચાણવેરાના એકમો**

૮૮૦૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં રૂા. ૧૦ લાખથી વધુ વેચાણવેરો બાકી હોય તેવા કેટલા ઉદ્યોગગૃહો છે, | (૧) ૩૦ |
| (૨) આ રકમ કેટલા સમયથી બાકી છે, અને | (૨) સને ૧૯૯૩-૯૪ થી અલગ અલગ સમયથી બાકી છે. |
| (૩) આ વસુલાત માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

----------

**રાજ્ય સરકારે ખાનગી બજારમાંથી લીધેલ લોન અંગે**

૭૪૨૬ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાનગી બજારમાંથી તેમજ અન્ય રીતે કેટલી લોન લીધી, અને

**જવાબ**

(૧) રૂ. કરોડમાં

| વર્ષ | ખાનગી બજારની લોન | અન્ય રીતે લીધેલ લોન (અંદાજીત) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | શૂન્ય | ૧૦૪૨૯ |
| તા. ૧-૪-૦૯ થી ૩૧-૫-૦૯ | શૂન્ય | ૬૮ |

(૨) આ લોન ઉપર કેટલા ટકા વ્યાજ આપવાનું થાય છે ?

(૨) આ લોન ઉપર અંદાજે સરેરાશ ૮.૯૧ ટકા વ્યાજ આપવાનું થાય છે.

------------

**જુનાગઢ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં અકસ્માતથી મજુરોનાં મૃત્યુ**

૮૭૯૦ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં સને ૨૦૦૮ના વર્ષમાં ઓદ્યોગિક એકમોમાં અકસ્માતથી કેટલા મજુરોનાં મૃત્યુ થયા, | (૧) એક |
| (૨) જવાબદારો સામે શી કાર્યવાહી થઈ, અને | (૨) જુનાગઢ ખાતે સ્લોપ ઉપર ગાડી ચઢાવવા દીશા બતાવતા હતા તે દરમ્યાન વાહન શ્રમયોગીઓ પર ચઢી જતા તેમનું મૃત્યુ થયેલ. આ બનાવ મોટર વ્હીકલ એકટ નીચે આવતો હોઈ કારખાના ધારાની જોગવાઈનો ભંગ થતો ન હોઈ કારખાના ધારા હેઠળ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |
| (૩) કેટલા મજુરોના વારસદારોને વળતર ચુકવાયું અને બાકી રહેલાને ક્યાં સુધીમાં વળતર ચુકવવામાં આવશે ? | (૩) એક |

**બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં બક્ષીપંચની આશ્રમશાળાઓની સંખ્યા**

૮૬૮૭ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણમાં જિલ્લાવાર કેટલી બક્ષીપંચની આશ્રમશાળાઓ કાર્યરત છે ?

**જવાબ**

| ક્રમ | જિલ્લો | કાર્યરત આશ્રમશાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૦ |
| ૨ | સાબરકાંઠા | ૨૬ |
| ૩ | મહેસાણા | ૪ |
| ૪ | પાટણ | ૧૫ |

**અનુસૂચિત જાતિની કલ્યાણકારી યોજનાના અમલ માટે વર્ગ-૧ થી ૪નું મહેકમ**

૮૧૪૬ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિની કલ્યાણકારી યોજનાઓના અમલ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વર્ગ-૧ થી ૪ ની કેટલી જ્ગ્યાઓ મંજુર થયેલ છે.

(૨) મંજૂર થયેલ જ્ગ્યાઓ પેકી આ સ્થિતિએ કેટલી ખાલી છે, કેટલી ભરાયેલ છે, અને

(૩) ખાલી જ્ગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા શું આયોજન છે ?

**જવાબ**

(૧) વર્ગ-૧ની ૩૪, વર્ગ-૨ની ૬૧, વર્ગ-૩ની ૯૮૪ અને વર્ગ-૪ ની ૩૯૩ જ્ગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨)

| વર્ગ | ભરાયેલ જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| ૧ | ૧૮ | ૧૬ |
| ૨ | ૪૮ | ૧૩ |
| ૩ | ૫૩૪ | ૪૫૦ |
| ૪ | ૨૧૯ | ૧૭૪ |

(૩) ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સરકારશ્રી દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

**નિરીક્ષકની ખાલી જ્ગાઓ ભરવા અંગે**

૮૦૬૭ **શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૫૫ |
| (૨) તે પેકી કેટલી જ્ગ્યા ભરેલ છે, કેટલી ખાલી છે, અને | (૨) ૪૧- જ્ગ્યાઓ ભરાયેલ છે અને ૧૪-જ્ગ્યાઓ ખાલી છે. |
| (૩) ખાલી જ્ગ્યાઓ પર કેટલા સમયમાં ભરતી કરવામાં આવશે? | (૩) શક્ય તેટલી વહેલી તકે. |

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

**લઠ્ઠો પીવાથી થયેલ મૃત્યુ અંગે**

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શૂન્યકાળના સમયમાં એક અગત્યનો મુદ્દો ઉભો કરવા માગું છું કે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપે મંત્રીશ્રીની પરમિશન લીધી છે? મંત્રીશ્રી આપે પરમિશન આપેલ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પરમિશન આપી નથી.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : મંત્રીશ્રી, મેં આપને કહયું ત્યારે આપે કહયું છે કે તમે પ્રશ્ન પૂછજો હું જવાબ આપવા તૈયાર છું.

**શ્રી અમિત શાહ** : મેં એવું નથી કહયું, મેં એવું કહયું છે કે આ બાબતની પ્રાથમિક તપાસ આજના દિવસમાં પૂરી થાય એટલે આવતીકાલે હું ગૃહમાં નિવેદન કરીશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એમનો પ્રશ્ન સાંભળી લો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે અમદાવાદ ખાતે  અમદાવાદ સ્થિત મજુરગામની લક્ષ્મી ચાલીમાં ગંભીર બનાવ બન્યો છે અને લઠ્ઠો પીવાના કારણે લગભગ ૧૩ જેટલા માણસોનાં મૃત્યુ થયા હોવાનો આ ગંભીર બનાવ છે. ૨૫ થી વધારે લોકોને અમદાવાદની એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હોય એવી સ્થિતિ ઉભી થઈ છે. ૧૩ જેટલા માણસોનાં મૃત્યુ થયાં હોવા છતાં પણ સરકાર હજી  ૪ થી ૫ ની જ વાત કરી રહી છે, પરંતુ અમે સતત આ ગૃહમાં રજૂઆત કરતા આવ્યા છીએ કે આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી ગંભીર બનતી જાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સિધ્ધાર્થભાઈ, આપ જે પ્રશ્ન ઉપસ્થિત કરો છો એનો મંત્રીશ્રી જવાબ આપશે. નિવેદન કરવાનું રહેવા દો. મંત્રીશ્રી જવાબ આપશે.(અંતરાય) માનનીય સિધ્ધાર્થભાઈ, આપે અમદાવાદની બનેલ ઘ ટના ઉપસ્થિત કરવા માટે મારી મંજૂરી માગી હતી ત્યારે મેં કહયું હતું કે આપણે શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાનો જે નિર્ણય કરેલો છે એ નિર્ણય પ્રમાણે મંત્રીશ્રીનું આપ ધ્યાન દોરીને પરમિશન લઈ લેજો. હવે મંત્રીશ્રીએ અત્યારે પણ એમ કહયું કે હું આ અંગે પૂરી માહિતી મેળવીને આવતીકાલે નિવેદન કરીશ. હવે માનનીય મંત્રીશ્રીએ જે કહેવું હોય તે કહે. (અંતરાય)

(આ તબકકે કોંગ્રેસ પક્ષના મોટાભાગના સભ્યો પોતાની જગ્યાએ ઉભા થઈ ગયા)

**શ્રી ખુમાનસિંહ ર૧. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આટલો મોટો બનાવ બની ગયો છે અને સરકાર પાસે એની માહિતી ના હોય..(અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટના બાબતમાં હું ડિટેલ નિવેદન ગૃહ સમક્ષ નિયમાનુસાર આવતીકાલે કરીશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, આ ઘટના બની અને એના માટે માનનીય સિધ્ધાર્થભાઈ મારી પાસે આવ્યા હતા. (અંતરાય) ખુમાનસિંહભાઈ, આ ઘટના સરકારે ગંભીરતાપૂર્વક લઈને મંત્રીશ્રીએ એમ કહયું છે કે તેઓ એની પૂરી ડિટેલ્સ સાથે આવતીકાલે આવશે. તો હવે આ અંગે તેઓશ્રી આવતીકાલે નિવેદન કરશે. આપે સરકારનું ધ્યાન દોરવાનું કામ હતું અને ઈકબાલભાઈ એના અંગે હવે માનનીય ગૃહમંત્રીશ્રી આવતીકાલે નિવેદન કરવાના જ છે સિધ્ધાર્થભાઈની માગણી ઉપર આવતીકાલે નિવેદન કરવાના છે એવું તેમણે કહયું છે અને આવતીકાલે એ નિવેદન કરે અને એમાંથી જે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થાય એ પૂછવા દેવામાં આવશે. (અંતરાય) ખુમાનસિંહભાઈ, આવતીકાલે મંત્રીશ્રી નિવેદન કરવાનું કહયું છે અને આવતીકાલે જે કોઈ પ્રશ્નો હશે એ પ્રશ્નોના જવાબ આપશે. (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ ર૧. ચૌહાણ** : સાહેબ, આટલી મોટી હોનારત થઈ એની અમને માહિતી મળે છે અને સરકાર પાસે માહિતી ના હોય..(અંતરાય) સરકારની આટલીમોટી મશીનરી હોય અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સરકારે આને ખૂબ જ ગંભીરતાથી લીધું છે (અંતરાય) એમની વાત પૂરી થયા પછી જ કહું છું. અમદાવાદની ઘટના બની છે અને તમારા કહયા પ્રમાણે ૧૩ મૃત્યુ થયાં છે એ પૂરી વાત મેં કરવા દીધી છે. નેકસ્ટ.(અંતરાય) ખુમાનસિંહભાઈ, આપ આપની જગ્યા ઉપર બેસો. (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ ર૧. ચૌહાણ** : ૧૩ જેટલા માણસોનાં મૃત્યુ થયાં છે તો પણ સરકાર પાસે માહિતી નથી.

**અધ્યક્ષશ્રી** : મેં પરમિશન આપીને તેમને કહેવા દીધું છે,ખુમાનસિંહભાઈ, હવે આની ઉપર ભાષણ નહીં, માનનીય મંત્રીશ્રી આવતીકાલે નિવેદન કરવાના છે અને પછી એના ઉપર હું પ્રશ્નો પૂછવા દઈશ. આપણે નયમો પ્રમાણે ચાલવાનું છે. નેકસ્ટ, મંત્રીશ્રી ફકીરભાઈ આપ ચાલુ કરો. (અંતરાય) ખુમાનસિંહભાઈ, આપ આપની જગ્યા ઉપર બેસો.(અંતરાય), મેં નેકસ્ટ કહી દીધું છે.

**શ્રી ખુમાનસિંહ ર૧. ચૌહાણ** : સાહેબ, આ બાબત બહુ જ ગંભીર છે અને...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ગંભીર બાબત હતી એટલા માટે તો એ શૂન્યકાળમાં ઉભી કરવાની પરમિશન આપી છે.નેકસ્ટ, મંત્રીશ્રી,આપ આપનું વકતવ્ય ચાલુ કરો.

# સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ ૪૪)

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની ઉત્તમ કામગીરી અગે**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના મારા વિભાગ હસ્તકનું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન એ રાજયના ગરીબી રેખા હેઠળ જીવન જીવતા અનુસૂચિત જાતિના વ્યકિતઓનાં આર્થિક ઉત્કર્ષ કરવા માટેનું કામ કરે છે. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન એ ભારત સરકારના રાષ્ટ્રીય અનુસૂચિત જાતિના નાણા અને વિકાસ નિગમ પાસેથી લોન મેળવી રાજયના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને વિવિધ કલ્યાણકારી યોજના હેઠળ હળવા દરે ધિરાણ કરે છે. એ દૃષ્ટિએ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન એ ભારત સરકારના રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણા અને વિકાસ નિગમની સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સી છે.

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ નિગમે તેની સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સીની કામગીરીનું મૂલ્યાંકન થાય અને તેની કામગીરીમાં ઉત્તરોતર સુધારો થાય તે ઉદેશથી વર્ષ ૨૦૦૭-૦૮ થી "Rating of Stat Channelising Agencies Scheme" દાખલ કરેલ છે. આ યોજના હેઠળ જે તે સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સીની કામગીરીનું જુદા જુદા દસ પ્રકારના માપદંડો હેઠળ મૂલ્યાંકન થાય છે. આ યોજના હેઠળ દેશની સોળ સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સીએ ભાગ લીધેલ અને માનનીય અધ્યક્ષશ્રી ગૃહને એ વાત જણાવતાં મને અત્યંત આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે યોજના દાખલ થયાના પ્રથમ વર્ષે જ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનને તેની "ઉત્તમ" (Excellent) કામગીરી બદલ "શીલ્ડ" અને રૂા. ૫/- લાખનું રોકડ ઈનામ મેળવવાની સાથે પ્રથમ સ્થાન મેળવવાનું ગૌરવ સાંપડેલ છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી:** તા.૬ઠ્ઠી જૂલાઈ, ૨૦૦૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે, માનનીય સભ્યશ્રી ડો.નીમાબેન.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી ૧૪મી વખત બજેટ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે એમને ખૂ ખૂબ અભિનંદન આપું છું. આ એક એવા શુકનવંતા નાણા મંત્રીશ્રી છે કે એમણે લાવેલા બજેટના કારણે ગુજરાતનો અવિરત વિકાસ આપણે છેલ્લા સાત વર્ષમાં જોઈ રહયા છીએ. એટલે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ૨૦૧૦માં આપણે ગુજરાતની સ્વર્ણીમ જયંતિ મનાવી રહયા છીએ. અને તેના સંદર્ભમાં છેલ્લા બે વર્ષથી આપણે ગુજરાત ગોલ્ડન ગુજરાત બને તે જાતની કાર્યવાહી કરી રહયા છીએ. દરેક તાલુકામાં સ્વર્ણીમ ગુજરાત રથ યાત્રા ફેરવીને લોક જાગૃતિ અને લોક ભાગીદારી અને સરકારની યોજનાનું વ્યવસ્થિત અમલીકરણ થાય તે જાતના કાર્યક્રમો આપણે કરી રહયા છીએ. આ બજેટની અંદર ખાસ કરીને ધ્યાન ખેંચે તેવા બે ત્રણ મુદ્દાઓની ચર્ચા મારે અહીં કરવી છે. ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રમાં જે રીતે ખૂબ સારા બજેટની ફાળવણી અને તેની સાથે સાથે ગુજરાતના યુવાનો શિક્ષિત બને, ટેકનિકલ ક્ષેત્રમાં નિષ્ણાત બને કારણ કે જે રીતે ગુજરાતમાં ઔદ્યોગિકરણ થઈ રહયું છે. વાયબ્રન્ટ ગુજરાત દ્વારા જે રીતે અનેક ઉદ્યોગો ગુજરાતમાં આવ્યા છે તે જોતાં સ્થાનિક રોજગારીની વાત આપણે કરીએ છીએ ત્યારે યુવાનો તે ઉદ્યોગોમાં કામ કરવા માટે સક્ષમ બને તે દૃષ્ટિને ધ્યાનમાં રાખીને આગોતરું આયોજન કરવા માટે શિક્ષણ વિભાગે જે કામગીરી શરૂ કરી છે તેના માટે હું શિક્ષણ મંત્રીશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ડબલ શીફ્ટ કરીને ૧૨ ડીગ્રી કોલેજો, ૯ પોલીટેકનીક કોલેજો ચાલુ કરવાનું નકકી કર્યુ છે. અને ૧ત્ર૦ હજાર જેટલી વધારાની નવી સીટો એન્જિનિયરીંગમાં ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેની સાથે સાથે ખાસ કરીને મેડિકલ ક્ષેત્રમાં પણ જે રીતે ૪૫૦ થી ૫૦૦ જેટલી સીટો વધારવામાં આવી છે. અનુસ્નાતક સીટો ૧૦૦ થી ૧૨૫ જેટલી વધારવામાં આવી છે. એના સ્નાતક ક્ષેત્રની અંદર સો થી સવાસો શીટનો વધારો કરવામાં આવ્યો છે. મૅડિકલની શીટોમાં વધારો કરવામાં આવ્યો છે. મૅડિકલની શીટો વધારવી એ ખૂબ અઘરામાં અઘરૂ કામ છે. મૅડિકલ કૉલેજને લાયક હૉસ્પિટલને સક્ષમ બનાવવી પડે છે. મૅડિકલ કાઉન્સિલની મંજૂરી મેળવવી અને ત્યારબાદ મૅડિકલ કૉલેજો શરૂ થઈ શકતી હોય છે. એમાં જ્યારે કચ્છની અંદર અદાણી મૅડિકલ કૉલેજ શરૂ કરવામાં આવી છે એ ખરેખર આ કચ્છના લોકો માટે વરસો જૂની માગણી સંતોષાય છે કેમ કે મુખ્ય વસ્તુ ચર્ચાઓ તો અહીંયા થતી હોય છે, અમુક ઉદ્યોગપતિઓને સાથે રાખીને સરકાર ચાલી રહી છે. ઉદ્યોગપતિઓ માટે લાલ જાજમ બિછાવી રહી છે, એના વિશે મારે મારા વિચારો રજૂ કરવા છે.

આપણે જોઈએ કે જે રીતે વૈશ્વિક મંદી દુનિયાની અંદર આવી એની અંદર અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ નિવેદન કર્યુ છે. એમણે કહ્યું કે વૈશ્વિક મંદીને પહોંચી વળવા માટે મૂડી રોકાણ આવવું જોઈએ, જેટલું વધારે મૂડી રોકાણ આવે એટલી ઝડપથી વૈશ્વિક મંદીને પહોંચી વળાય એ રીતે ગુજરાતની અંદર જે રીતે આગોતરું આયોજન આ વૈશ્વિક મંદી માટે કરવામાં આવ્યું છે. છેલ્લે આપણે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ કરી

એની અંદર ૩૦૦૦ થી ૩૫૦૦ જેટલા ઉદ્યોગપતિઓ આપણા દેશમાંથી અને સારાએ વિશ્વમાંથી આવ્યા હતા, જે રીતે ગુજરાતમાં આવીને વિશ્વાસ વ્યક્ત કર્યો હોય અને એ રીતે ગુજરાતમાં આવતા હોય ત્યારે તેઓ ઘણું બધું વિચારતા હોય છે. હજારો કરોડો રૂપિયાના એકમો સ્થાપવાના હોય ત્યારે માત્ર ઓછા ભાવે જમીન આપવાથી આકર્ષાતા નથી હોતા, જમીન એક બાબત હોય છે, પરંતુ એની સાથે સાથે એને તમામ પ્રકારની સુવિધાઓ આપણે આપવાની હોય છે. વીજળીની સુવિધા, પાણીની સુવિધા, ટ્રાન્સપોર્ટેશનની સુવિધા અને એને જરૂરી બીજું ઈન્ફ્રાસ્ટ્રકચર આપવું પડતું હોય છે આ બધી સુવિધાઓને સાથે સરાઉન્ડિંગ એટમોસ્પીયર અને સરકારની પૉલિસી, આ બધી વસ્તુઓને ધ્યાનમાં રાખીને ઉદ્યોગપતિઓ પોતાના ઔદ્યોગિક એકમો નાખતા હોય છે અને પોતાના હજારો કરોડો રૂપિયાના મૂડીરોકાણ કરતાં હોય છે. લાલ જાજમ બિછાવવાની વાત છે તે આ અર્થમાં છે. જે વિસ્તારમાં આપણે ઉદ્યોગોને પૂરેપૂરી સુવિધા આપીએ એને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડીએ એ વિસ્તારમાં ઉદ્યોગપતિઓ પોતાના ઉદ્યોગો નાખતા હોય છે. એને અનુકૂળ વાતાવરણ મળે ત્યારે એ નાખે છે. ઉદ્યોગો આવ્યા પછી એ ચાલે અને પોતે નફો કરે એવા આશય સાથે ઔદ્યોગિક એકમો આવતા હોય છે. એટલે ગુજરાતમાં ઉદ્યોગપતિઓને આકર્ષવા માટે વાયબ્રન્ટ ઈન્વેસ્ટમેન્ટ સમીટ ગોઠવી એટલે લાલ જાજમ આ અર્થમાં પાથરવામાં આવે છે.

કચ્છનો દાખલો આ તબક્કે સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. કચ્છની અંદર ખૂબ જ જમીન એકદમ વેરાન પ્રદેશ, અછતના ઓળા ઊતરી આવતા હોય, રોજગારીની તકો નહિ લોકો હિજરત કરી ગયા આખા વિશ્વમાં કચ્છના લોકો ઉદ્યોગો સ્થાપે, વિશ્વમાંથી અને મુંબઇથી ઉદ્યોગપતિઓ અહીંયા આવે અને મિટિંગો થતી ત્યારે કચ્છની ચિંતા કરતા હતા. ત્યારે અમે કહેતા કે તમે કચ્છમાં ઉદ્યોગ સ્થાપો તો કચ્છના લોકોને રોજગારી મળી રહેશે પરંતુ કોઈ ઉદ્યોગપતિ કચ્છમાં પોતાનો ઉદ્યોગ સ્થાપવા તૈયાર થતા નહોતા. ડોનેશન આપવા તૈયાર થાય. આજે કેમ આટલા બધા ઉદ્યોગપતિઓ ઉદ્યોગો નાખવા માટે આવે છે. વાયબ્રન્ટ ગુજરાતમાં જે ઉદ્યોગપતિઓ ઉદ્યોગ સ્થાપવા માટે કહે છે એમાંના ૭૦ થી ૮૦ ટકા લોકો કચ્છમાં આવે છે. અગત્યની વસ્તુ કે એ ઉદ્યોગોને પૂરતી સુવિધા આપવી, સારામાં સારી સરકારની પૉલિસી તથા સારું વાતાવરણ અને ગુજરાતના લોકોની પ્રતિભા છે અને સરકાર પોતે કૃતનિશ્ચય બનીને ઉદ્યોગો લાવવા અનુકૂળતા કરી આપે છે.

અહીંયા ચાર પાંચ ઉદ્યોગપતિઓની વાત થાય છે. તેમાં જે અદાણીની વાત હંમેશા થતી હોય છે. હું જોઉં છું. તેનો અમારો જાત અનુભવ, અમારા કચ્છનો મારે અહીં રજૂ કરવો છે. કચ્છની અંદર મુંદ્રા વિસ્તારમાં ૫૦૦૦ રૂપિયે એકર જમીન પણ કોઈ લેવા તૈયાર નહોતું. આજે અદાણી આવ્યું, પૉર્ટ બન્યું આટલી ઈન્ડસ્ટ્રીઝ આવી. ચારે બાજુથી કેટલા ઉદ્યોગો. માત્ર અદાણી નહીં, મુંદ્રા વિસ્તારમાં કેટલા બધા ઉદ્યોગો આવ્યા? ટાટા પણ આવ્યા, જીંદાલ પણ આવ્યા અને સ્ટીલ પ્લાન્ટથી માંડીને પાવર પ્લાન્ટ સુધીના ઉદ્યોગો ત્યાં આવી રહ્યા છે ત્યારે આ વિસ્તારનો જે આર્થિક વિકાસ થયો છે. કચ્છનો જે આર્થિક વિકાસ થયો છે તેની સામે જોવાની જરૂર છે. ઉદ્યોગપતિ અને સરકારના સંકલનની આપણે જે વાતો કરીએ છીએ, સરકાર ઉદ્યોગપતિઓને એટલા માટે બોલાવતી હોય છે કે તેમના આવવાથી તે વિસ્તારનો વિકાસ થાય, તેમના ઉદ્યોગોથી સ્થાનિક લોકોને રોજગારી મળે અને ગુજરાતનો આર્થિક વિકાસ થાય તે મુખ્ય હેતુ હોય છે અને એટલા માટે આ વાઈબ્રન્ટ ગુજરાત દ્વારા આ ઉદ્યોગપતિઓને આકર્ષવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ વાત એ અદાણી મૅડિકલ કૉલેજની પણ અહીં કરવી છે. જ્યારથી અટલ મહેલ બન્યો, સવાસો કરોડના ખર્ચે બનેલી અમારી હૉસ્પિટલ, તે અમે ચલાવી નહોતા શકતા, સરકારના અથાગ પ્રયત્નો હતા. તમામ સુવિધાઓ હતી. પણ ડૉક્ટરો મળતા નહોતા. એટલે તેનો પૂરેપૂરો ઉપયોગ કચ્છના લોકો માટે થતો નહોતો. કચ્છમાં જે રીતે આરોગ્યની સુવિધા હતી, લોકો વંચિત હતા. કોઈ પણ હેડ ઈન્જરી થાય, અકસ્માત થાય, કોઈ પણ પેશન્ટ સિરિયસ થાય એ સિરિયસ પેશન્ટને તેના ફૅમિલીવાળા એમ્બ્યુલન્સમાં રાજકોટ, અમદાવાદ કે મુંબઈ શિફ્ટ કરે. રસ્તામાં જ કેટલાય દર્દીઓ મૃત્યુ પામે. આ સુવિધાના અભાવે આ બનતું હતું. તેનો ઉપાય એક જ હતો. કે મૅડિકલ કૉલેજ થાય તો મૅડિકલ કૉલેજથી સ્ટુડન્ટને સુવિધા મળે જ છે. પણ તેની સાથે સાથે જે આરોગ્યની સુવિધા ઉભી થાય એ બધી જ સુવિધાઓ આ હૉસ્પિટલમાં ઉભી થાય. તેના માટે સરકારે ખૂબ પ્રયત્નો કર્યા. આ પ્રોજૅક્ટ વાયેબલ બનતો નહોતો, પરંતુ અદાણીએ સોશિયલ રિસ્પોન્સીબીલીટી તરીકે આ પ્રોજૅક્ટ સ્વીકાર્યો છે. આ વાત મારે આ સભાગૃહમાં કરવી છે. આ મૅડિકલ કૉલેજ જે બની છે તે કોઈ કોમર્શીયલ બેઝ ઉપર કે એમાંથી કોઈ કમાવાની ઇચ્છા નથી. આ મૅડિકલ કૉલેજ,.. આજે અદાણી પૉર્ટની અંદર ખૂબ પૈસા કમાય છે. એના અનેક પ્રોજૅક્ટો પણ છે. એ બીઝનૅસ કરે છે. એટલા પૈસા ખર્ચે છે. એટલું ઈન્વેસ્ટમેન્ટ કરે છે. તેની તાકાત છે અને આ રીતે રોજગારીની સાથે સાથે આર્થિક ઉત્કર્ષ પણ થયો, પરંતુ જે આ મૅડિકલ કૉલેજ કરવામાં આવી છે, એ મૅડિકલ કૉલેજ માત્રને માત્ર બે હેતુથી કરવામાં આવી છે કે કચ્છના લોકોને મૅડિકલ સુવિધા પ્રાપ્ત થાય અને કચ્છના સ્ટુડન્ટને ઘર આંગણે મૅડિકલ એજ્યુકેશન પ્રાપ્ત થાય. એક સોશિયલ રિસ્પોન્સીબિલીટી તરીકે આ સ્વીકારવામાં આવ્યું છે એવું હું સમજું છું. મારી એટલી જ વિનંતી છે કે આ બજૅટમાં જે રીતે વ્યવસ્થા કરવામાં આવી છે મૅડિકલ એજ્યુકેશન બાબતની, જે ખાનગી યુનિવર્સિટીઓ પણ આપણે લાવ્યા છીએ. સેલ્ફ ફાયનાન્સ કૉલેજો પણ આપણે લાવ્યા છીએ. સેલ્ફ ફાયનાન્સ મૅડિકલ કૉલેજો પણ આપણે

લાવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ એક સરહદી વિસ્તાર છે. કચ્છ એક પછાત જિલ્લો છે અને એ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને શિક્ષણ ક્ષેત્રમાં જે રીતે કચ્છ પછાત છે એ દૃષ્ટિથી આ મૅડિકલ કૉલેજમાં મેનેજમેન્ટ કવોટામાંથી ૧૦ ટકા રિઝર્વેશન કચ્છના જ સ્ટુડન્ટ માટે રાખવામાં આવે એવી મારી આ સભાગૃહને વિનંતી છે કે આ જાતનું આયોજન આની અંદર કરવામાં આવે. તેની સાથે સાથે જે આ મૅડિકલ કૉલેજ બની છે, જે હૉસ્પિટલ બની છે તેમાં જે કંઈ નોર્મ્સ રાખવામાં આવ્યા છે. ગરીબ દર્દીઓ માટે, તેમાં ખાસ કરીને આ માગણી જે મૂકી છે એ મારી પર્સનલ માગણી નથી. પરંતુ કચ્છના લોકો માટેની માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકોને એક બીજી ચિંતા છે, આ મૅડિકલ કૉલેજ માટેની કે જે ગરીબ દર્દીઓ છે તેનું શું થશે? કારણ કે આ તો પ્રાઈવેટ કૉલેજ અને પ્રાઈવેટ હૉસ્પિટલ બની ગઈ. તો તેના માટે પણ મારી એક વિનંતી છે કે બી.પી.એલ. કાર્ડ ધારકોને તો ફ્રી ટ્રિટમૅન્ટ આપવાની વાત આની અંદર છે જ, પણ લોકોની એક બીજી લાગણી છે કે ગરીબ દર્દીઓ, જે આર્થિક રીતે પછાત દર્દીઓ છે એને માટે પણ કંઈક નોર્મ્સ બનાવીને એ લોકોને પણ ત્યાંથી બહુ નોમિનલ ચાર્જની અંદર સારવાર મળે એ પણ જરૂરી છે. કારણ કે આખા કચ્છમાં આ એક જ સિવિલ હૉસ્પિટલ એવી છે કે આખા કચ્છના દર્દીઓને ત્યાં રીફર કરવામાં આવે છે. એટલે મારી આ એક માગણી પણ હું આ બજૅટમાં મૂકું છું.

મહિલા અને બાળ વિકાસમાં જે બજૅટમાં ૭૪૧ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે.એના માટે હું મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને એની અંદર ખાસ કરીને જે પૂરક પોષણ માટેની વાત લેવામાં આવી છે એની અંદર જે બજૅટની જોગવાઈ કરવામાં આવી છે એ ખૂબ જરૂરી અને એકદમ આવકાર્ય છે. આપણા ગુજરાતની અંદર આપણે જોઈએ તો ગરીબ કુટુંબોની અંદર પોષણનો જે અભાવ છે એને ધ્યાનમાં રાખીને કિશોરીઓને, બાળકોને અને સગર્ભા માતાઓને સારું પોષણ મળે એના માટે બજૅટમાં ફાળવણી કરવામાં આવી છે એના માટે ખૂબ ખૂબ અભિનંદન. મહિલાઓના વિકાસનું ખાસ ધ્યાન રાખીને મહિલાઓની સુરક્ષા માટે જે રીતે કાયદાઓ બનાવીને રક્ષણ આપવામાં આવે છે તેવી જ રીતે નારી સુરક્ષા કેન્દ્રો બનાવીને વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ તબક્કે મારે સુરતની વાત કરવી છે. લોક જાગૃતિ આ બધા કામની અંદર ખૂબ અગત્યનું છે. ગમે તેટલા કાયદાઓ સારા બનાવીએ પણ કાયદાઓનું અમલીકરણ એ લોકોને સાથે રાખીને કરવાની વિશેષ જરૂરિયાત છે. સુરતમાં ગેંગરેપનો કિસ્સો બન્યો એને બધાએ વખોડી કાઢી સંસ્થાઓએ અને લોકોએ જાગૃતિ બતાવી છે એ જરૂરી છે અને સરકારે જે રીતે તાત્કાલિક પગલાં લીધાં. એની અંદર જે યોગ્ય કરી રહી છે એને માટે સરકારને અભિનંદન આપું છું. પરંતુ આ તબક્કે એટલું જ કહેવું છે કે, જે કાયદાઓ બન્યા છે એ સમયને અનુરૂપ કાયદાઓ મહિલાઓની સુરક્ષા માટે વિશેષ બનાવવામાં આવે એના માટે મારી ખાસ વિનંતી છે. સમાજની અંદર દૂષણ આવે છે. સામાજિક દૂષણનો આપણે પ્રતિકાર કરવાનો છે. એ બજૅટને ધ્યાનમાં લેતાં એનું અમલીકરણ અને લોકોની જાગૃતિ આ બન્નેનો સમન્વય જરૂરી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ શહેરી વિકાસની વાત કરવી છે. જે રીતે ગુજરાતનું ઔદ્યોગિકી કરણ થયું અને શહેરો તરફ લોકોએ દોડ માંડી છે એના પરિણામ આપણે જોઈ રહ્યા છીએ. શહેરોની વસ્તી વધી છે. શહેરોનું ઈન્ફ્રાસ્ટ્રકચર એની અંદર વધારો કરવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. તેવા સંજોગોમાં શહેરોના નવીનીકરણ માટે ૫ વર્ષની અંદર ૭૦૦૦ કરોડ રૂપિયાના બજૅટની ફાળવણી કરી છે, એના માટે સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આને લીધે શહેરોમાં સુવિધા વધશે, શહેરોનું ઈન્ફ્રાસ્ટ્રકચર વધશે જેના કારણે શહેરોની વસ્તીની મુશ્કેલીઓનું સોલ્યુશન થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓ માટે અરબન પ્રોજૅકટ મૂકવામાં આવ્યો છે. ગામડાની અંદર પણ વસ્તી વધી રહી છે. ગામડાઓના વિકાસ માટે, ૧૦૦૦૦થી વધુ વસ્તી ધરાવતા અને આદિજાતિ વિસ્તારમાં ૭૦૦૦થી વધુ વસ્તી ધરાવતા ગામડાઓ માટે ર્બન પ્રોજૅકટ બનાવવામાં આવ્યો છે. ગામડાઓનો વિકાસ થઈ તેનો શહેરોમાં સમાવેશ થાય એના માટે આ પ્રોજૅકટ શરૂ કરવામાં આવ્યો છે એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાગર ખેડુ પૅકેજ આપવામાં આવ્યું. ગુજરાતમાં ૧૬૦૦ ચોરસ કિ.મી.નો દરિયા કિનારો છે. એમાં કચ્છની અંદર વિશેષ દરિયા કિનારો છે. સાગર ખેડુ પંચવર્ષીય યોજનામાં વિકાસથી વંચિત રહેલા વિસ્તારોને આવરી લેવાયા છે. જેમાં તેમને પાણી મળે, રસ્તાઓ મળે, આરોગ્યની સુવિધા મળે, શિક્ષણની સુવિધા મળે, એના માટે યોજના કરી, અગરિયાઓ સુધી યોજના પહોંચી રહી છે, માછીમારો સુધી પહોંચી રહ્યા છીએ. એના માટે જોગવાઈ કરી છે, એના માટે ખૂબ ખૂબ અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં માધ્યમિક શાળાઓ અગરિયાઓ અને જંગલના ગામોની અંદર મંજૂરી આપવામાં આવી છે એના માટે સરકારનો આભાર માનું છું. કૃષિની વાત પણ મારા વિસ્તારને ધ્યાને લઈને કરવી છે. કૃષિ રથ ચાલુ કર્યા પછી જે રીતે પ્રચાર અને પ્રસાર વધ્યા અને ટૅક્નીકલ પદ્ધતિથી ખેતીની જે વાત લોકોમાં ગઈ અને ટૅક્નીકલ પદ્ધતિથી ખેતી કરી જેનાથી કચ્છ જેવા બંજર વિસ્તારમાં ખેતી પણ નહોતી થતી, એક લીમડો ઉગાડવો હોય તો તકલીફ પડતી હતી. તેમાં ટૅક્નીકલ શિક્ષણ કૃષિ રથ દ્વારા આપવામાં આવ્યું.અને એના પરિણામે આજે કચ્છની અંદર અનેક વાડીઓ બની રહી છે. ડ્રીપ ઈરીગેશનની પદ્ધતિના હજારો ખેતરોની અંદર કામો થઈ રહ્યાં છે અને ડ્રીપ ઈરીગેશનની પદ્ધતિ અપનાવવાને લીધે જે કચ્છની અંદર ખેતીનો વિકાસ થયો છે

એમાં આજે કચ્છની કેરીએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરે છે. કચ્છની અંદર કાજુ પણ બને છે અને અંજીર પણ બને છે. આવી સુંદર કામગીરી કચ્છ જેવા પ્રદેશમાં જો કૃષિક્ષેત્રમાં થઈ શકતી હોય તો ગુજરાતની અંદર જે રીતે કૃષિનો આપણો જે વિકાસ થયો છે કૃષિક્ષેત્રમાં આપણી આવક જે કૃષિક્ષેત્રમાં ૮ હજાર કરોડ હતી એ આજે ૪૨હજાર કરોડ રૂપિયા થઈ છે અને જેના પરિણામે આપણને એનો ઈન્ટરનેશનલ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે અને એવોર્ડ જે આપણને કૃષિક્ષેત્રમાં, જે વિકાસદર આપણો કૃષિક્ષેત્રમાં છે એ સૌથી હાઈએસ્ટ છે અને એના માટે હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણા મુખ્યમંત્રીએ દિવસની અંદર ૧૮ થી ૨૦ કલાક કામ કરી અને જે રીતે જબરજસ્ત આયોજન ગુજરાતના વિકાસ માટે ઘડી કાઢ્યું છે અને આયોજન દ્વારા જે સંકલ્પબદ્ધતા રજૂ કરી છે કે ગુજરાતના એક એક માનવી સુધી એ વિકાસ પહોંચે અને એના માટે મારી એક જ વિનંતી આ સભાગૃહને છે કે જે રીતે મુખ્યમંત્રી જો ૧૮ થી ૨૦ કલાક કામ કરતા હોય તો આ સભાગૃહમાં બેઠેલા તમામ સદસ્યની પણ જવાબદારી બને છે કે જે જે યોજનાઓ બની છે એને આપણે આપણા વિસ્તારના લભાર્થીઓ સુધી પહોંચાડી અને આપણે પણ એટલું જ સતત કામ કરીએ એટલી જ ભાવના સાથે સમાપન કરું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૯-૨૦૧૦નું બજેટ લઈ અને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એ અંગે મારા વિચારો આપના દ્વારા આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. રાજયના નાણામંત્રી ૧૪મી વખત બજેટ રજૂ કરી રહ્યા છે અને આ સભાગૃહના અનેક સભ્યોએ ૧૪મી વખત બજૅટ રજૂ કરવા માટે એમને અભિનંદન પણ પાઠવ્યા. નાણામંત્રી કેટલામી વખત બજૅટ રજૂ કરે છે એ બહુ મહત્ત્વનું નથી પણ નાણામંત્રી દ્વારા જે બજૅટ રજૂ થાય છે એ કેવું બજેટ છે એ ખૂબ મહત્ત્વનું છે અને સવાલ એ ઊભો થાય કે જે બજેટ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું એ બજેટ આ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાની આકાંક્ષાઓ અને અપેક્ષાઓનો પડઘો પાડે છે કે કેમ? અને એ સવાલ જ્યારે પૂછીએ ત્યારે મારે ખૂબ દુ:ખ સાથે નોંધ લેવી પડે છે કે એનો જવાબ મળે છે ના. માત્ર ભારે શબ્દો કે અલંકારીક ભાષા વાપરવાથી પ્રજાની અપેક્ષાઓ પૂરી થઈ શકતી નથી. આ બજેટમાં યોજનાનું કદ ચાલુ વર્ષે ૨૩,૨૭૫ કરોડ રૂપિયા રખાયું અને ગત વર્ષની સરખામણીમાં ૧૧ ટકા જેટલો વધારો આપણે કરી શકયા માત્ર એ વાત કરી અને આપણે જાણે સંતોષ માનવા માગતા હોઈએ એવી વાત આ બજેટની સ્પીચમાંથી ઉભી થઈ, પણ જો આપણે ૨૦૦૭-૨૦૦૮ના ચાલુ ભાવે આપણે એકંદરે ઘરગથ્થું ઉત્પાદનમાં જો ૧૬.૭૮ ટકાનો વધારો હાંસિલ કરી શકતા હોઈએ અને ચાલુ વર્ષે અને આગામી વર્ષોમાં પણ એનાથી વધારે હાંસલ કરવાનું લક્ષ્ય લઈને જયારે આપણે આગળ ચાલતા હોઈએ ત્યારે સવાલ એ ઉભો થાય કે આ ૧૧ ટકાનો બજેટનો વધારો ખરેખર પૂરતો છે કે કેમ? અને બજેટનું કદ મહત્વનું નથી પણ એ કદથી આગળ વધી અને આ બજેટમાં ફાળવણી કેવી રીતે કરવામાં આવી છે અને એનો અભ્યાસ કરીએ અને એ ફાળવણી જો વ્યાજબી થઈ હોય તો મને લાગે છે કે એ બજેટ વધારે સારું ગણી શકાય. એનું મહત્વ વધી શકે. કઈ દિશામાં આ બજેટથી આપણે જઈ રહ્યા છીએ એનું સાચું ચિત્ર હું આપના દ્વારા આ સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું. સૌ પ્રથમ તો મારે નર્મદાની વાત કરવી છે. નર્મદા ગુજરાતની જીવાદોરી છે એ વાત આપણે સૌ સ્વીકારીએ છીએ. પણ ખૂબ દુ:ખ સાથે નોંધવું પડે કે નર્મદાને આપણે રાજનીતિ કરવાનું એક સાધન બનાવી દીધું છે. સરકારને નર્મદા પ્રોજૅકટના વિકાસમાં નહીં, નર્મદામાંથી ગામડાં અને શહેરોને પૂરતું પીવાનું પાણી મળે એમાં નહીં, સરકારને નર્મદા પ્રોજૅકટમાંથી ગુજરાતના ખેડૂતોને સિંચાઈની સગવડ પૂરતા પ્રમાણમાં મળે એમાં નહીં પણ સરકારને એર કન્ડીશન્ડ ટેન્ટમાં બેસીને રાજનીતિ કરવામાં રસ હોય એમ વધારે દેખાય છે. ગુજરાતની ૧૮ લાખ હેકટર જમીનમાં નર્મદાથી સિંચાઈ થવાની છે. આ બજૅટમાં જે આયોજન કર્યું, બજૅટમાં જે વાત કરી એ મુજબ હજી પણ આ વર્ષ પૂરું થતાં સુધીમાં એટલે કે ૨૦૧૦ સુધીમાં આપણે માત્ર ૩૦ ટકા જમીનને સિંચાઈ આપવાની વાત કરીએ છીએ. એનો અર્થ એ થાય કે આ નાણાકીય વર્ષ પૂરું થયા પછી પણ ગુજરાતના ૭૦ ટકા ખેડૂતો નર્મદાના પાણીથી, સિંચાઈની સગવડતા મેળવવાથી વંચિત રહેવાના છે. ૫૦ હજાર કિલોમિટરની લંબાઈની નર્મદાની શાખા અને પ્રશાખાઓના કામો બાકી રહ્યા છે અને એના પ્રત્યે આપણે પૂરતું ધ્યાન આપી શક્યા નથી. આ બજૅટમાં નર્મદાના બૉન્ડ આપણે સમયથી વહેલા પરત કર્યા અને એના કારણે લગભગ ૨૭૦૦ કરોડ રૂપિયા બચત કરવાની વાત કરી. આ બૉન્ડ કોણે લીધા હતા? આ બૉન્ડ ગુજરાતના લોકોએ ખરીદ્યા હતા, ગુજરાતની સંસ્થાઓએ ખરીદ્યા હતા, ગુજરાતની સહકારી મંડળીઓ અને સહકારી બૅન્કોએ ખરીદ્યા હતા અને એવા વખતે ખરીદ્યા હતા કે જ્યારે નર્મદા પ્રોજૅકટ ઉપર, એના ફાયનાન્સની સગવડ ઉપર પ્રશ્નો આવીને ઊભા હતા. ત્યારે આ જે વ્યાજ આપણે બચાવ્યું એ વ્યાજ બચાવવાના કારણે આવકો કોની ઘટી? આપણા ગુજરાતી ભાઈની, ગુજરાતી નાગરિકની, ગુજરાતી સંસ્થાઓની અને ગુજરાતી સહકારી મંડળીઓની આવકો ઘટાડી અને બહુ મોટો સંતોષ માન્યો. આ વાત વાજબી દેખાતી નથી. મારે એની સામે કેટલાક આંકડાઓ મૂકવાં છે. આપના થકી હું આંકડા આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું કે ત્રણ રાજ્યો જે આપણા પડોશી રાજ્યો છે એમની પાસેથી આપણે નર્મદાની રકમો લેવાની બાકી થાય છે. એમાં બીન વિવાદી રકમ જે બાકી છે એ ૩૧૯૮ કરોડ રૂપિયા છે અને વિવાદી કહી શકાય એવી ૨૯૦૭ કરોડ મળી કુલ ૬૧૦૦ કરોડ જેટલી રકમ બાકી છે. જો આ રકમની વસુલાતની આપણે ચિંતા કરી હોત તો આનાથી વધારે રકમ બચાવી શકાઈ હોત. હમણાં જ સવાલ પૂછાયો અને એના જવાબમાં કેટલો વેરો બાકી છે એનો જવાબ માનનીય મંત્રીશ્રીએ ન

આપ્યો. વેચાણવેરાની ૩૫૭૨ કરોડની ઉઘરાણી બાકી છે. કેન્દ્રીય વેચાણવેરાની ૧૧૭૫ કરોડની ઉઘરાણી બાકી છે. વિદ્યુત શુલ્કની ૬૫૦ કરોડની ઉઘરાણી બાકી છે અને સેલ્સ ટેક્સની ૩૧૩ કરોડની ઉઘરાણી હજી રાજ્ય સરકારે કરવાની બાકી છે. આપણે કઈ ચિંતા કરીએ છીએ? શેને મહત્ત્વ આપી રહ્યા છીએ એ આપણે નક્કી કરવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજ્યના દેવાની વાત કરવા માગું છું. ૧૯૯૫ના એપ્રિલ મહિનામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને વચ્ચેના થોડા સમયનો અપવાદ બાદ કરતાં લગભગ છેલ્લા ૧૪ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે. જ્યારે એમણે સત્તાના સૂત્રો સંભાળ્યા, ત્યારે સાહેબ રાજ્યનું કુલ દેવું ૯૩૦૦ કરોડ રૂપિયા હતું અને આ ચૌદ વર્ષના અંતે ૯૦,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચવા આવ્યું છે અને ચાલુ વર્ષમાં જે જોગવાઈઓ કરી છે એનો સમાવેશ કરીશું તો ૨૦૧૦ નું આ વર્ષ પુરું થાય એ પહેલા એક લાખ કરોડથી વધારે દેવાના આંકડા સુધી આપણે પહોંચીશું. ૨૦૦૮-૦૯ માં ૭૦૬૫ કરોડ રૂપિયા વ્યાજ પેટે ચુકવાયા અને એ ગંભીર એટલા માટે છે કે એ વર્ષની યોજનાનું કદ ૨૧,૦૦૦ કરોડનું હતું. ૨૧૦૦૦ કરોડની યોજનાના કદની સામે સરખામણી કરીએ તો ૩૩ ટકા જેટલી રકમ આપણે વ્યાજમાં ચુકવવી પડી છે. પરિણામે કેગના રિપોર્ટમાં એડવોકેટ જનરલે પણ એનો ઉલ્લેખ્ કરવો પડ્યો છે અને એનાથી વધુ એક વિશેષ ગંભીર બાબત તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. કેગના રિપોર્ટના પહેલા જ પાના ઉપર જેમાં ગુજરાત રાજ્યની આર્થિક સ્થિતિનો ઓવરવ્યુહ આપવામાં આવ્યો છે એ પહેલા જ પાના ઉપર લખવામાં આવ્યું છે અને I quote: The expenditure patterns of the State however, reveals that the expenditure as a percentage of total expenditure still continues to be around ૮૨ per cent of the total expenditure. I will further read, Sir, Moreover, within the non-plan revenue expenditure four components, salary expenditure, pension liabilities, interest payments and subsidy constituted about ૬૪ per cent of NPRE during the year ૨૦૦૭-૦૮. આના હાર્દ ઉપર આવું છું increasing fiscal liabilities accompanied with negligible rate of return on government investments, and inadequate interest cost recovery on loans and advances might lead to a situation of unsustainable debt situation in medium and long term run unless suitable measures are taken. દિવસોમાં રાજ્યની આર્થિક સ્થિતિ ગંભીર બનવાની એવું કંન્ટ્રોલર અને એકાઉન્ટન્ટ જનરલનો રિપોર્ટ કહી રહ્યો છે. આમ છતાંય આપણે માનીએ કે આપણે નંબર એક તો માત્ર માનીને જ માત્ર આપણે આનંદ મેળવવાનો. મારે દુ:ખ સાથે કહેવું પડે કે આપણે ગુજરાતની પ્રજાની ચિંતા કરતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું વીજ ક્ષેત્ર વિષે કેટલીક વાત કરવા માગું છું. સાહેબ, વીજ મંત્રી કાયમ આ સભાગૃહમાં કહેતા કે વીજ વપરાશ એ વિકાસની પારાશીશી છે અને ગુજરાતનો વીજ વપરાશ એ દેશમાં વધારે છે અને આપણે વિકસિત રાજ્યની દિશામાં આગળના નંબરનું સ્થાન ભોગવીએ છીએ એની સાથે સાથે એ પણ કહેતા કે ગુજરાતની વીજ જરૂરિયાતને અમે પ્લાન્ટ લોડ ફેકટરમાં સુધારો કરી, ટ્રાન્સમીશન લોસમાં સુધારો કરી અને અમે આ ગુજરાતની વીજળીની જરૂરિયાતને પહોંચીવળીશું. સરકારે વર્ષ, બે વર્ષ પહેલા સરકારનું આ જે સ્ટેન્ડ હતું આ વખતે એમાં ફેરફાર થયો. સરકારે વાત બદલી પહેલી વખત આ સરકારે ૧૧૧૦૦ કરોડ મેગાવોટ વીજ ઉત્પાદન વધારવાની વાત લઈ અને આ સભાગૃહ સામે આવી છે પણ કમનસીબે આ વાત આપણે બહુ મોડી લઈને આવ્યા અને હજી તો માત્ર વાત જ કરીએ છીએ. હજુ આપણે માત્ર આયોજનના તબક્કામાં જ છીએ અને આવનારા કેટલાક વર્ષો પછી આ ૧૧૦૦૦ મેગાવોટનો આપણને લાભ મળશે. એનો આજની તારીખે પણ આપણી પાસે કોઈ અંદાજ નથી. અને પૂરતી વીજળી નહીં મળી શકવાના કારણે સાહેબ આપણે પાંચ રૂપિયે, આઠ રૂપિયે વીજળી ખરીદી પડે અને એનું કરોડો રૂપિયાનું ભારણ આ ગુજરાતની જનતા ઉપર પડી રહ્યું છે પણ માનનીય અધ્યક્ષ શ્રી, હું જે મહત્ત્વની વાત ઉપર ધ્યાન દોરવા માગું છું એ એ કે, સાહેબ ગુજરાતના ખેડૂતોને વીજળી આપવાની વાતો થાય છે પણ આપણી માનસિકતા ખેડૂતોને વીજળી આપવાની હોય એમ દેખાતું નથી. ૨૦૦૨-૦૩ના હું આંકડા આપવા માગું છું. કુલ વીજ વપરાશના ૪૫.૧ ટકા, ૨૦૦૨-૦૩માં આપણે કૃષિને ફાળવ્યા હતા, કુલ વપરાશના ૪૫ ટકા કૃષિ સૅકટરમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સિદ્ધાર્થભાઈ આપના દંડકે ફાળવેલ સમય આપનો પૂરો થાય છે પણ આપને ચાલું રાખવું હોય બાકીના સભ્યોનું એડજસ્ટ કરીએ.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાંચ - સાત મિનિટમાં પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. મને કોઈ વાંધો નથી પણ આપની જાણ માટે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષ શ્રી, હવે ૨૦૦૨-૦૩ પછી શું થયું ? ૨૦૦૨-૦૩ થી ઉત્તરો ઉત્તર પ્રતિ વર્ષ ખેડૂતોને મળતી વીજળીની ટકાવારી ઘટતી ગઈ અને એ ઘટતાં ઘટતાં ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં સાહેબ આપણે ૨૪ ટકાએ આવીને ઊભા છીએ. ૪૫ ટકા વીજળી ખેડૂતોને મળતી કુલ વીજળીના અને આજે આપણે ૨૪ ટકા આપીએ અને એમ છતાંય આપણે સંતોષ લઈએ કે અમે ખેડૂતોને પૂરતી વીજળી આપીએ છીએ. કઈ દિશામાં આપણે જઈ રહ્યા છીએ ? એ દિશા સૂચન હું આ સન્નમાનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

સાહેબ ં સૌથી વધારે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી આ દેશમાં ગુજરાતમાં છે અને જો બીજા રાજયો સાથે સરખાવીએ તો કર્ણાટકમાં ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીની આવક ૩૪૦ કરોડ, કેરાલામાં ૨૫૦ કરોડ, આંધ્રપ્રદેશની ૧૭૫ કરોડ અને ગુજરાતની આવક ૨૦૯૦ કરોડ (અંતરાય) સાહેબ આપણે વીજ ડ્યૂટીના નામે ગુજરાતની પ્રજાના માથે કેટલું ભારણ નાખી રહ્યા છીએ? અને જો વીજળી એ વિકાસની પારાશીશી હોય તો આ ભારણ વાજબી છે ખરું ? માનનીય અધ્યક્ષ શ્રી, આ સભાગૃહે એનો વિચાર કરવો પડશે અને એમ છતાંય આ બધા વિચાર ન કરીએ અને એમ છતાંય આપણે તો એમ જ કહેવાનું કે અમે નંબર વન છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની બાબતમાં હું ધ્યાન દોરવા માગું છું કે, આપણે શિક્ષણની ઘણી ચિંતા કરીએ છીએ. સાહેબ આપણે ડ્રોપ આઉટ રેટ ની ચિંતા કરી, શાળાઓના પ્રવેશ ઉત્સવો દર વર્ષે કર્યા પણ ડ્રોપ આઉટ રેટ દિવસે દિવસે વધતો જાય એની ચિંતા કરતા નથી. જે છેલ્લો સરવે કરવામાં આવ્યો એમાં કહેવામાં આવ્યું કે ધોરણ ૭ અને ૮માં ગુજરાતમાં તુલનાત્મક ડ્રોપ આઉટ રેટમાં અસામાન્ય વધારો થયો છે અને એનું કારણ એ રિપૉર્ટમાં બતાવવામાં આવ્યું કે ૧ થી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કયા રિપૉર્ટના આધારે છે એની જરા વિગતો આવી જાય તો સારું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : સાહેબ હું સભાગૃહ સમક્ષ મૂકી દઈશ એ રિપૉર્ટની કોપી. ધોરણ ૧ થી ૫ નું સ્તર એટલું નીચું ગયું છે કે, જેના કારણે ધોરણ ૭ અને ૮માં વધુ કોપ અપ કરી શકતા નથી અને એના કારણે ડ્રોપ આઉટ રેટ વધ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની ચિંતા કરીએ પણ શિક્ષણના પૂરતા ઓરડાઓ ન હોય, શાળાઓમાં શિક્ષકો ન હોય અને જ્યાં હોય ત્યાં માત્ર ૨,૫૦૦/- રૂપિયાના પગારથી જ આપણે આ ગુજરાતના બાળકોનું ભવિષ્ય બનાવવાની વાત કરીએ તો મને લાગે છે કે, સાહેબ આપણે ક્યાંક વિચારવું પડશે.

માનનીય અધ્યક્ષ શ્રી, ગત વર્ષે સરકારે વેટ નાખ્યો હતો વેટ ઉપર સરચાર્જ નાખ્યો અને જયારે સરચાર્જ નાખ્યો એ વખતે સરકારે કહ્યું હતું કે આ ટેકસ એક વર્ષ માટે છે. આ વર્ષની અસામાન્ય પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અને આપણે એક વર્ષ માટે ટેકસ નાખ્યો છે. ચાલુ વર્ષે એવી અપેક્ષા હતી કે સરચાર્જ દુર કરવામાં આવશે અને વેટમાં ઘટાડો કરવામાં આવશે પણ આ બંને અપેક્ષાઓ આપણી પૂરી થઈ નહીં. સમગ્ર વિશ્વમાં આર્થિક મંદીનું વાતાવરણ છે અને એ વાતાવરણની ઓછી વધતી અસર ભારતમાં અને ગુજરાતમાં પણ પડેલી છે અને એ સંજોગોમાં જો આવી રાહત અપાઈ હોત તો મને લાગે છે કે રાજયના નાગરિકોની ખરીદશકિત વધારવાની દિશામાં આપણે એક મહત્વનું કદમ ભરી શકયા હોત અને રાજયના અર્થતંત્રને આનાથી ફાયદો કરી શકયા હોત પરંતુ આ ટેકસ ઘટાડવાનો નિર્ણય કરવાને બદલે આ મોટો બોજો ગુજરાતની પ્રજા ઉપર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. આ બજેટમાં એકથી વધારે પાનું જુનાગઢ નગરના વિકાસની જુદી જુદી યોજનાઓ (અંતરાય) સાહેબ, શહેરની વાત છે.

**અધ્યક્ષશ્રી** : નિતિનભાઈ, તમે જવાબ આપવાના છો. એમને ખબર છે એમણે વાંચ્યુ છે. આપ એમને મદદ ન કરો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : સાહેબ, ૬૦૦કરોડથી વધારે રૂપિયાની ફાળવણી કરવાની વાત કરી પણ આપણે ભુલી ગયા છીએ કે પાછલા પાંચ વર્ષોની અંદર પણ જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૨૯૯ કરોડ રૂપિયાની ફાળવણી થઈ હતી અને એ ફાળવણીનો કેવો ઉપયોગ થયો, એના કારણે લોકોમાં શું માનસિકતા ઉભી થઈ છે. એ માનસિકતા આ ૬૦૦કરોડ જયારે ફાળવાય ત્યારે ન રહે એની કાળજી તો આપણે રાખવી પડશેને? એકંદરે મારી અપેક્ષા હતી કે નાણામંત્રીશ્રી વિકાસલક્ષી બજેટ લઈને આવશે પણ વિકાસલક્ષી બજેટ માટે જે જાતનો આર્થિક અભિગમ હોવો જોઈએ એ આર્થિક અભિગમ આ બજેટમાં દેખાતો નથી અને એટલા માટે હું આ બજેટને સમર્થન આપી શકતો નથી.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજેટ લઈને આવ્યા છે. એ અંદાજપત્રને હું મારું સમર્થન આપું છું. આ સરકારનો જે અભિગમ છે. ભારતીય જનતા પક્ષની માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી સરકારનો અભિગમ કે ગુજરાત રાજયનો સર્વાંગી વિકાસ કરવા માટેનો અભિગમ છે. ભૂતકાળમાં કેટલીક સરકારોએ છુટાછવાયા, થાગડથીગડ ઉપાયો કર્યા કોઈ એક જ્ઞાતિ માટે, કોઈ એક સમાજ માટે, કોઈ એક જિલ્લા માટે, કોઈ એક વિસ્તાર માટે અગાઉની સરકારોએ યોજનાઓ અમલમાં મુકેલી હતી એ યોજનાઓ ગુજરાતને સંગઠીત કરવાને બદલે ગુજરાતને વિભાજીત કરતી હતી. સામાજિક રીતે સમાજોની અંદર ભાગલા પડે અને જુના વખતની જે અંગ્રેજોની નીતિ હતી ભાગલા પાડો અને રાજ કરો એ નીતિ કમનસીબે અંગ્રેજો ગયા પછીની જે દેશની સરકારો બની લોકશાહી આવ્યા પછી એ સરકારોએ અંગ્રેજોનું ઘણું ચલણ ચાલુ રાખ્યું. અંગ્રેજોની ઘણી પદ્ધતિઓ ચાલુ રાખી. કમનસીબે અંગ્રેજોની ખતરનાક જે પદ્ધતિઓ હતી કે સમાજોમાં ભાગલા પાડો, સમાજોનું ધ્રુવીકરણ કરો અને પોતાની મત બેંક ચલાવ્યે જાવ દેશનું જે થવું હોય તે થાય. રાજયનું જે થવું હોય એ થાય. સમાજોનું એકતાનું, સંગઠનનું, પ્રજાનું જે થવું હોય એ થાય પણ અમારી સત્તા અકબંધ રહે એ માટે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, બેસી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નહીં, નહીં બજેટ ઉપર જ છું બાબુભાઈ, બિલકુલ. એ વખતે પ્રયત્નો કર્યા. આ દેશમાં અને રાજયમાં ઘણા એવા કારણોથી દેશની એકતા વધવાને બદલે ભૂતકાળોની સરકારોની આ કુટિલ રાજનીતિના કારણે આ ગુજરાતનું કે દેશનું સંગઠન થવાને બદલે ટુકડાઓમાં વિભાજન થયું.માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે ટુકડા સમાજના રાજકીય રીતે, બજેટની રીતે પાડ્યા. હું બજેટમાં આ વાત એટલા માટે કરું છું કે આના માટે બજેટનો બહુ મોટા પ્રમાણમાં ઉપયોગ થયો. કોઈ ગરીબ સમાજ હોય, પછાત સમાજ હોય, અવિકસિત સમાજ હોય એમને જરૂર હોય એના કરતાં અનેકગણુ આપીએ. એમાં કદી કોઈને વાંધો હોઈ શકે નહિ, પણ ફક્ત ને ફક્ત અમુક વર્ગો માટેની યોજનાઓ અમલમાં મૂકવી. અમુક વર્ગને આ દેશની સંપત્તિ ઉપર પહેલો અધિકાર છે, એવા પ્રકારના મોટા મોટા નેતાના નિવેદન, એમના સિદ્ધાંત, એમની પદ્ધતિથી આ દેશનું સંગઠન થવાને બદલે દેશની એકતા થવાને બદલે, દેશનું વિભાજન થાય, એ પ્રકારની પ્રક્રિયા ભૂતકાળમાં અમલમાં મૂકાઈ છે. મારે એ કહેવું છે કે અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારથી ગુજરાતમાં સરકારના વડા તરીકે આવ્યા, મુખ્યમંત્રી બન્યા, ત્યારથી એમણે જે જે યોજનાઓ રાજ્યની અંદર અમલમાં મૂકી. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી હમેશા કહે છે કે સાડા પાંચ કરોડ ગુજરાતીઓનો હું મુખ્યમંત્રી છું. મારે કોઈ જિલ્લો નથી, મારે કોઈ જ્ઞાતિ નથી કે મારે કોઈ સમાજ નથી. સાડા પાંચ કરોડ ગુજરાતીઓ મારા ભગવાન સમાન છે. એમની સેવા કરવી મારી ફરજ છે. મુખ્યમંત્રીશ્રીનું એકેય પગલું એવું નથી જેના કારણે એવું કહી શકાય કે આ વિસ્તારને ન્યાય કર્યો અને આ વિસ્તારને અન્યાય કર્યો. આ વિસ્તારને વધુ આપ્યું અને આ વિસ્તારને ઓછું આપ્યું. જે રીતે સર્વાંગી યોજના મુખ્યમંત્રીશ્રીએ અમલમાં મૂકી છે. એ શ્રેણીબદ્ધ રીતે, આયોજન બદ્ધ રીતે એ યોજના રાજયના વિકાસ માટે, રાજ્યના પૈસાનું, નાણાનું પૂરી રીતે પ્રજાને એનું વળતર મળે એ માટે તબક્કાવાર, આયોજન બદ્ધ રીતે યોજના અમલમાં મૂકી છે. હું થોડા દાખલા આપીશ. યોજનાના નામ સાથે આ સભાગૃહમાં કહેવા માગું છું કે કેવી રીતે આયોજન બદ્ધ રીતે રાજ્યનો વિકાસ થઈ શકે છે. કોઈ ઢંગધડા વગરની યોજનાઓ અમલમાં મૂકાય એવું ભૂતકાળમાં આપણે ઘણું જોયું હતું અને પછી એના કારણે દેશના નાણાનો (અંતરાય) ઢંગધડા એ કોઈના ઉપર નથી.

**અધ્યક્ષશ્રી** : વ્યકિત કે કોઈ પક્ષ માટે નથી વાપર્યો. યોજના માટે વાપર્યો છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એના કારણે સરકારી નાણાનો, પ્રજાનાં નાણાનો વર્ષો સુધી દુર્વ્યય થયો. એ પૈસા નકામા વેડફાયા અને પ્રજાને એનો બોજો સહન કરવો પડ્યો. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૫ માં ગુજરાતની અંદર દીર્ઘદ્રષ્ટિ વાપરી અને જે આયોજનો ચાલુ કર્યુ એ મારે સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મુકવા માગું છું. ૨૦૦૫ માં શહેરી વિકાસ વર્ષ તરીકે રાજ્ય સરકારે ઉજવવાનું નક્કી કર્યુ અને એના માટે નગરપાલિકા, મહાનગર પાલિકા અને શહેરી વિસ્તારમાં રહેતા ગુજરાતની ૩૮ ટકા પ્રજાને શ્રેણીબદ્ધ રીતે, આયોજનનો, વિકાસનો લાભ મળે, પીવાના પાણીની વ્યવસ્થા મળે, રસ્તાઓની વ્યવસ્થા મળે, સારી સ્ટ્રીટ લાઈટોની વ્યવસ્થા મળે, સારા હરવા ફરવાના બાગ બગીચાની સુવિધા મળે, નગરોની સ્વચ્છતા સારામાં સારી થાય એ પ્રકારનું આયોજન કરી અને શહેરી વિકાસ વર્ષની ઉજવણી શરૂ કરી, એના માટે કરોડો રૂપિયાના ગ્રાન્ટની બજેટમાં જોગવાઈ કરી. નગરપાલિકાને એ ફાળવણી કરી અને આજે દરેક વ્યકિત જોઈ શકે છે કે ગુજરાતમાં બહારથી આવનાર પણ જોઈ શકે છે. એ આપણા નગરોનો વિકાસ જોઈ શકે છે, નગરપાલિકા વિસ્તારમાં, શહેરી વિસ્તારમાં સુખ સુવિધા, સગવડો વધી રહી છે એ જોઈ બધા જ લોકો ચોક્કસ સ્વીકારે છે કે ગુજરાતની સગવડોમાં અનેક ગણો વધારો થયો છે. આપણા ઘણા ગુજરાતીઓ પરદેશમાં વસે છે. પરદેશમાં વસતા ગુજરાતીઓ ભારતમાં ૧૦ વર્ષે આવે કે ૧૫ વર્ષે આવે ત્યારે પોતાના શહેરમાં, વિસ્તારમાં કે વતનમાં જાય તો અગાઉ શહેર હતું, એના કરતાં પલટાયેલું, વધુ સગવડવાળું, વધુ વિકસતું, સ્વચ્છ શહેર જોઈ આનંદ અનુભવે છે અને કહે છે કે આવું ગુજરાત થાય અમે ઇચ્છીએ છીએ અને જરૂર પડે અમારી મદદની જરૂર હોય તો કહેજો. માનનીય અધ્યક્ષશ્રી, એક એક ગુજરાતી દેશમાં વસતા હોય કે વિદેશમાં વસતા હોય તેને આનંદ છે કે મારા ગુજરાતની પ્રગતિ અને વિકાસ થઈ રહયો છે. જયાં સારી બાબતો હોય ત્યાં દરેક સ્વીકારતા હોય છે. મને આનંદ છે કે દેશની એક મોટી સરકારે, આપણી સરકાર સાડા પાંચ કરોડનું વહીવટ અને આયોજન કરે છે અને કોઈ મોટી સરકાર હોય તો સો, સવાસો કરોડનો વહીવટ અને આયોજન કરતી હોય તો ગુજરાતની શહેરી વિકાસ વર્ષથી સફળતા, પ્રગતિ અને પ્રજાનો સંતોષ જોઈ એક મોટી સરકારે પોતાના બજેટમાં એક યોજના એવી ચાલુ કરી કે જેનો લાભ અત્યારે આખા દેશને મળી રહયો છે. મને આનંદ છે કે ગુજરાતની આ શહેરી વિકાસ વર્ષની સફળતા જોઈ દેશની એક સરકારે આખા દેશમાં આ યોજના કરવા માટે તેને મોડલ તરીકે સ્વીકાર્યુ અને તેનો અમલ કરી રહયા છે. માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગુજરાત આ પણ આ સરકારનો એક મોટો કાયમી કાર્યક્રમ છે. શહેરોની અંદર ઈન્ફ્રાસ્ટ્રકચર વધે, વસ્તી વધે, ગામડાઓમાં વસ્તી વધે, સગવડો વધે પણ તેની સાથે જો સ્વચ્છતા ન વધે તો આપણને સ્વાભાવિક અજુગતું લાગતું હોય છે. આપણા મનને ગમતું નથી. આખું ગુજરાત નિર્મળ કેવી રીતે રહે, સ્વચ્છ અને સુંદર કેવી રીતે રહે તે માટે નગરપાલિકાઓ, પંચાયતો બધાને અનેક સાધન સગવડ કરી આપવા માટે રાજય સરકારે કરોડો રૂપિયાનું બજેટ ફાળવી અને શહેરોમાં બને એટલી સ્વચ્છતા રહે તે માટે આ સરકાર સતત પ્રયત્ન કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી યોજના અમારી સરકારે અમલમાં મૂકી શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના. આપણે જોઈએ છીએ કે શહેરોમાં બે ત્રણ પ્રકારના લોકોનો વસવાટ હોય છે, એક સમૃદ્ધ લોકો હોય, એક મધ્યમ વર્ગના લોકો હોય અને એક ગરીબ વર્ગના લોકો હોય. સુખી અને સમૃદ્ધ લોકો તો પોતાના ઘરની આજુબાજુ, પોતાની સોસાયટીમાં, વિસ્તારોમાં સારી વ્યવસ્થા ઉભી કરી શકતા હોય છે. પણ મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકોના આજુબાજુના રહેણાંક વિસ્તારમાં અને એરીયામાં જયાં આપણે વ્યવસ્થા ઉભી  કરીએ, તેમના વસવાટો સ્વચ્છ કરીએ, ગટરોની, શૌચાલયની, પીવાના પાણીની સુવિદ્યા આપીએ, સારા મકાનો આપીએ અને ગરીબ વસ્તી હોય પણ સ્વચ્છ અને સારું વાતાવરણ હોય, રહેવું ગમે તેવું વાતાવરણ હોય તો ચોકકસ ગરીબોને લાભ થતો હોય છે. ગરીબોને રોજગારી આપવા માટે પણ ટ્રેનિંગ આપવી, લોન આપવામાં મદદ કરવી, બેન્કેબલ યોજનાઓ અમલમાં મૂકવી આ માટે પણ રાજય સરકારે યોજનાઓ કરી અને આ શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના તે ગરીબોને લાગુ પડે છે. આના માટે પણ રાજય સરકારે કરોડો રૂપિયાનું બજેટ ફાળવી અને ગરીબોને તમામ રીતે મદદરૂપ થવાનો, તેમંને રોજી, રોજગારની વ્યવસ્થા કરી આપવી, તેમનો વસવાટ સારો કરી આપવો, તેમના બાળકોને પ્રાથમિક શાળાએ ભણવા મોકલવા, તેમને વ્યવસ્થાઓ આપવી, શૈક્ષણિક,આરોગ્યની રીતે પણ અમારી રાજય સરકારે આયોજન કર્યુ છે  તે સફળતાપૂર્વક ચાલી રહયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં સર્વાંગી વિકાસ શબ્દ વાપર્યો. ગુજરાતમાં અનેક પ્રકારના ભૌગોલિક વિસ્તારો છે. વનબંધુ વિકાસ યોજના અમે અમલમાં મૂકી છે. ગુજરાતની પંદર ટકા વસ્તી આદિવાસી ભાઈઓની છે. જનજાતિ સમાજની છે. પૂર્વના પટ્ટાના જે જિલ્લા અંબાજીથી માંડીને ઉમરગામ સુધીના છે તે જિલ્લાઓની અંદર ૮૫ લાખ આદિવાસી ભાઈઓ આપણા ગુજરાતમાં વસે છે. ભૂતકાળમાં આદિવાસી ભાઈઓ સાથે કેવી રમતો રમાઈ છે તેમનો મતબેંક તરીકે કેવો ઉપયોગ થયો છે, તેમને ઉશ્કેરી ઉશ્કેલી કેટલાક લોકો નેતા બન્યા અને આખી જિંદગી મજા કરી તે આપણે બધા જાણીએ છીએ. હમણાં મારે થોડા દિવસ પહેલાં જ પ્રાથમિક શાળાના શાળા પ્રવેશોત્સવ નિમિત્તે અને કન્યા કેળવણી યાત્રા નિમિત્તે તાપી જિલ્લામાં જવાનું થયું. ત્રણ દિવસ સુધી હું ત્યાં હતો. એક દિવસ ઉચ્છલ તાલુકામાં હતો, બીજા દિવસે સોનગઢ તાલુકામાં હતો અને એક દિવસ નિઝર તાલુકામાં હતો. હું ગયો, અગાઉ તો ત્યાં ગયેલો પણ આટલા અંદરના ગામડાઓની પૂરો દિવસ સમય આપી સમાજના લોકોને, આદિવાસી ભાઈ બહેનોની સાથે રહેવાનો આ મારા માટે પહેલો પ્રસંગ હતો. અમે કાર્યક્રમ કર્યા, શાળા પ્રવશોત્સવ કર્યા, બધા આયોજનો કર્યા, આદિવાસી ભાઈઓ, બહેનો, બાળકો તેમના વાલીઓ, શિક્ષકો બધા સાથે ચર્ચા વિચારણા કરી, મને જયારે ત્યાંની વિસ્તારની સ્થિતિ જોઈ ત્યારે ખૂબ દુઃખ થયું.  આજે પણ માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારનાં ગામડાંની અંદર  બહેનોના શિક્ષણનો દર એ ફક્ત ૩૫ ટકા છે અને ભાઈઓનો શિક્ષણનો દર એ ૫૫ ટકા છે, રાજયની જ્યારે ૮૦-૯૦ ટકાની વાતો થતી હોય ત્યારે આદિવાસી વિસ્તારની અંદર આપણા ૮૫ લાખ ભાઈબહેનો  જ્યારે આ રીતે ઓછા ભણેલા હોય, અભણ-નિરક્ષર હોય, ત્યારે એમને કેટલાય લોકો કેટલીય રીતે છેતરી જતા હોય છે. શાહુકારો એમની પાસેથી વધારે વ્યાજ લઈ લે, એમની મિલકતો લઈ લે, રાજકીય શાહુકારો એમની પાસેથી વ્યાજ લઈ લે, મતરૂપી વ્યાજ લઈ લે અને પોતે સત્તા ઉપર બેસી આખી જિંદગી મજા કરે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલાક લોકોને પૂછવું છે આઝાદીના ૬૦ વર્ષ સુધી  આદિવાસીભાઈઓની આ દશા રહી, તો આ ૬૦ વર્ષ સુધી આ દેશમાં કઈ સરકારોએ રાજ કર્યુ, કયા પક્ષની સરકારોએ રાજ કર્યુ?  ગુજરાતમાં આપણે ૨૦૧૦માં ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ ઉજવવાના છીએ. માનનીય સિધ્ધાર્થભાઈ હમણાં જ કહીને ગયા કે ૧૪ વર્ષ ભાજપની સરકાર રહી. ચોક્કસ રહી, માનનીય જોષીયારા, તમે અમારી સાથે હતા. માનનીય અધ્યક્ષશ્રી, મને આ ભાઈઓ ડિસ્ટર્બ કરે છે, સાચું સંભળાતું નથી, સાચું સહન થતું નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી સિધ્ધાર્થભાઈ બોલતા હતા ત્યારે એમણે આ બાજુથી અવાજ થવા નહોતો દીધો આપણે એ પ્રણાલિકાને ચાલુ રાખવી છે. અને પહેલી પાટલીના, બંને બાજુના સિનિયર સભ્યશ્રીઓને  હું કહું છું કે આપના પક્ષના મિત્રો, હવે પછી બોલનારા  જે સભ્યો છે એ સક્ષમ છે એ શ્રી નીતિનભાઈનો જવાબ આપશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં આપણે ગુજરાતની સુવર્ણ જયંતિ ઉજવવાના છીએ, ૫૦ વર્ષ પૂરાં થશે, ૫૦ વર્ષમાં માનનીય અધ્યક્ષશ્રી, ભાજપના શાસનના ૧૪-૧૫ વર્ષ બાદ કરો તો ૩૫-૩૬ વર્ષનું શાસન ગુજરાતમાં કોંગ્રેસ પક્ષે એકધારું રાજ કર્યું છે, ગરીબોના નામે, આદિવાસીઓના નામે, હરિજનોના નામે, બક્ષીપંચના નામે સતત વોટ લીધા છે સતત સરકારો બનાવી છે અને સતત સત્તા ભોગવી છે. અમારા ૧૪ વર્ષનો તમે હિસાબ પૂછો છો, પહેલાં ૩૫ વર્ષનો આપ હિસાબ આપો. મારો સ્પષ્ટ આક્ષેપ છે કે, ૩૫ વર્ષ સુધી આ આદિવાસીઓને તમે ભણાયા નથી, તમે એમને ગણાયા નથી, નહીંતર આજે આદિવાસીભાઈઓ આટલા ગરીબ, આટલા પછાત ....

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.આ રીતે ઉલ્લેખ કરીને ૬૦ વર્ષની વાત કરવામાં આવે છે, એ સંસદીય પ્રણાલિકાઓને ....

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈકબાલભાઈ, એ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. આપ એનો જવાબ આપના પ્રવચનની અંદર આપી શકો છો.

**શ્રી ઈકબાલ પટેલ** : સાહેબ, અમને પણ બોલવા દેજો. અમે બોલીએ ત્યારે આપ રોકતા નહીં.

**અધ્યક્ષશ્રી** : શ્રી ઈકબાલભાઈ, આપ ચોક્કસ આપના પક્ષના સભ્યશ્રીઓને....

. **શ્રી ઈકબાલ પટેલ** :સાહેબ, થોડું ઘણું હોય પણ આખું પ્રવચન એના ઉપર આદિવાસીઓની વાત, હરિજનોની વાત, દલિતોની વાત, અમે બોલીએ ત્યારે રોકશો નહીં.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, આ પ્રવચનના મુદ્દાઓ શાંતિથી સાંભળું છું, સમતોલ બજેટના સિધ્ધાંતને અને સરખામણી પર બોલે છે. માનનીય નીતિનભાઈ, આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી ઈકબાલ પટેલ** : અમે પણ બોલીશું, રોકશો નહીં.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત બહુ સ્વાભાવિક છે. આઝાદી પછી ૩૫ વર્ષ સુધી સતત જેમણે રાજ કર્યુ એ લોકોએ એવું કેવું રાજ કર્યુ કે આઝાદીના પચાસમા, ઓગણપચાસમા વર્ષે પણ કોઈ આદિવાસી ધારાસભ્યશ્રીને એમ કહેવું પડે, કોઈ આદિવાસી ધારાસભ્યશ્રીને જ્યોતિષના દાખલા આપવા પડે, કોઈ આદિવાસી ધારાસભ્યશ્રીને દાદીમાની વાતો કરવી પડે, એ લોકોને પૂછવા માગું છું કે, તમારે જ્યોતિષ કેમ બોલાવવા પડે છે, તમારે દોરાધાગા કેમ કરાવવા પડે છે ? તમારો સમાજ અંધશ્રધ્ધામાં કેમ છે? આના માટે જવાબદાર કોણ છે? ૩૫ વર્ષ સુધી તમે આદિવાસીભાઈઓને શું આપ્યું ? એનો હિસાબ તમે આપો, તમારી છાતી ઉપર હાથ રાખીને પૂછો તો તમને ખબર પડશે, કે તમે કશું કર્યુ નથી. તમારા અગાઉના નેતાઓએ કશું કર્યુ નથી. આદિંવાસીઓને પછાત જ રાખ્યા છે. મારી આટલી જ વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તો કારણો બતાવું છું. (અંતરાય) અત્યારે ફરિયાદ કરીએ છીએ પણ ફરિયાદ કર્યા પહેલાં પોતાના ૩૫ વર્ષના શાસનના લેખાંજોખાં જો જોયા હોત તો આવું કહેવાનો પ્રશ્ન ના બન્યો હોત.

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈકબાલભાઈ, માનનીય સિધ્ધાર્થભાઈ, નંબર એક, નંબર એક કરતા હતા હું કશું બોલ્યો હતો? મેં રોક્યા નથી. અને નીતિનભાઈને રોકવાનો.. (અંતરાય) એ બજેટ ઉપર બોલે છે, જ્યાં એ નહીં બોલે ત્યાં જોવાની જવાબદારી મારી છે અને એ હું જોઉં છું. નહીં, કોણે શું કહેવું એના માટે નહીં કહી શકાય, એ સિદ્ધાંતની બહાર જશે તો હું ચોક્કસ કહીશ. હા, બજેટ પ્રવચન ઉપર એમનો પોતાનો અધિકાર છે અને એ અધિકાર પ્રમાણે એ પોતાની વાત કરશે, એમને જેટલો સમય ફાળવ્યો છે એ માટે આપણે સાંભળવો પડે. મેં શ્રી સિધ્ધાર્થભાઈ બોલતા હતા , માનનીય શકિતસિંહજી બોલતા હતા ત્યારે પણ મેં વચ્ચે (અંતરાય) શ્રી ખુમાનસિંહભાઈ, માનનીય ખુમાનસિંહ, આપને ફરીથી કહું છું કે વારે ઘડીએ ઈન્ટરપ ન કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબ આદિવાસી ભાઈઓના સમાજના વિકાસ માટે અમારી સરકારે હજારો કરોડ રૂપિયાનું વનવાસી વિકાસ પેકેજ બનાવ્યું છે અને એના હસ્તક એના નેજા નીચે આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસનું એમાં શિક્ષણ, આરોગ્ય અને પ્રાથમિક સગવડ બધા પ્રકારની વ્યવસ્થા અમારી સરકારે હાથ પર લીધી છે અને એ કામ અમે નજીકના ભવિષ્યમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવાના છીએ. બીજી એવી સાગર ખેડુ વિકાસ યોજના જે રીતે આ એક બાજુ આદિવાસી પટ્ટો છે એવી રીતે સૌરાષ્ટ્રમાં અને દક્ષિણ ગુજરાતનો સાગર કાંઠો છે ૧૬૦૦ કિલો મીટરનો છે એ જે ગુજરાતનો દરિયા કિનારો છે કોની નિષ્ફળતાથી ગુજરાતના દરિયા કિનારામાં આતંકવાદીઓ પેસી જાય છે અને આખા દેશને પાઈમાલ કરે છે એ વાત હું અત્યારે નથી કરતો કારણ કે જવાબદારી કોઈ બીજી જ સરકારની છે. આ દરિયા કિનારે રહેતા જે માછીમારી કરતા ભાઈઓ છે જે ગરીબ સમાજના લોકો જે રીતે આદિવાસી સમાજ સાથે ભૂતકાળમાં રાજકીય રીતે થયું એ જ રીતે આ માચ્છીમારી પટ્ટાના ગરીબો માટે પણ એમનું રાજકીય શોષણ, એમને અજ્ઞાન રાખવા, એમને પછાત રાખવા અને તમે માછલા માર્યા કરો બીજું બધું અમે ખાઈશું આ પ્રકારની રાજકીય વૃત્તિથી એ આ પટ્ટો પણ સૌરાષ્ટ્રનો અને દક્ષિણ ગુજરાતનો દરિયા કિનારાનો પત્રી જે ગરીબ છે એનો પણ સર્વાંગી વિકાસ કરવા માટે આ વિસ્તારના લાખો પરિવારોને સમૃદ્ધ, પ્રગતિશીલ અને જાગૃત બનાવવા માટે અમે યોજના કરી છે અને એનો અમલ ચાલી રહ્યો છે અને એના માટે બજેટ પણ અમે ફાળવ્યું છે. રાજયનો આર્થિક અને ભૌતિક વિકાસ થાય એમજ અમે નથી કહેતા પણ અમે હ્યુમન ઈન્ડેક્ષ પ્રમાણે રાજયનો વિકાસ થાય, રસ્તા હશે, પુલો હશે, ચેકડેમો હશે, તળાવો હશે બધું હશે પણ માનવ જો સશક્ત નહીં હોય, સમાજ જીવન તંદુરસ્ત નહીં હોય તો આપણે આ વસ્તુનો લાભ નહીં લઈ શકીએ. એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારી સરકારે નક્કી કર્યું છે કે માનવ વિકાસ સૂચક આંક આપણે વિકાસ કરવો છે એમાં આગળ વધવું છે. શિક્ષણ એમાં આવી જાય, આરોગ્ય એમાં આવી જાય એ પ્રકારના કાર્યક્રમો અમે હાથ ઉપર લીધા છે અને ગુજરાત સરકારને અન્ય સરકારો અને સંસ્થાઓ તરફથી પણ આ અંગેનો ખૂબ સુંદર કામ ચાલી રહ્યું છે એ અંગેના ધન્યવાદ અને એવોર્ડ પણ મળી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, નીરોગી બાળ વર્ષ, ભૂતકાળમાં કોઈએ કલ્પના પણ નહીં કરી હોય, સ્ત્રી ભ્રુણ હત્યા નાબૂદી કાર્યક્રમ. હવે સ્ત્રી ભ્રુણ હત્યા કેટલાક સમાજોમાં થાય છોકરો અને છોકરીનું સામાજિક બેલેન્સ ન રહે અને એના કારણે જે સમાજની અંદર પરિસ્થિતિ ઊભી થાય એના ભયજનક સિગ્નલો આપણને બધાને મળ્યા છે. આપણે સમજ્યા છીએ કે આ પરિસ્થિતિ ભવિષ્યમાં ઊભી થવાની છે એટલા માટે આગોતરું આયોજન કરી રાજય સરકારનો કોઈ એ પ્રકારનો પોલીસમાં બજેટમાં લીધા સિવાય લોકોને સાજે રાખી પ્રજાકીય સહયોગ મેળવી એ જે સમાજોમાં જે જે જિલ્લાઓમાં સ્ત્રી ભ્રુણ હત્યા થાય છે ત્યાં સ્ત્રી ભ્રુણ હત્યા નાબૂદી થાય અને એના જે બાળકીઓને ગર્ભમાં જ મારી નાંખવામાં આવે છે એ અટકે અને દીકરો હોય કે દીકરી એ સમાન તકો છે દીકરીને

પણ જન્મવાનો એટલો જ અધિકાર છે એવી આ માનવતા લક્ષી જે આ યોજના છે એ ભૂતકાળમાં કોઈ સરકારે નહોતી કરી આ નરેન્દ્રભાઈ મોદીની સરકારે પ્રજાની જરૂરિયાત સામાજિક જરૂરિયાત સમજી ભવિષ્યનું આયોજન કરી આ કાર્યક્રમ હાથ ઉપર લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવની વાત કરું તો કૃષિ એ તો જ્યારથી માનવ જાતિનો જન્મ થયો માનવ જાતિનું અસ્તિત્વ થયું ત્યારથી કૃષિ ચાલુ થઈ છે. પણ ખેડૂતનું કામ શું? તો વરસાદ આવે વાવણી કરી આવે, જેટલું ઊગે એટલું લઈ આવે અને જે ભાવ આવે એ ભાવથી વેચી દે અને એનું ઘર ચલાવ્યે જાય. આ ખેડ્રતોને કોઈ પ્રોત્સાહન, કોઈ માર્ગદર્શન, કોઈ સમજ ભૂતકાળમાં સરકારો તરફથી આપવામાં આવતી ન હતી અથવા તો ઓછી આપવામાં આવતી હતી. અમારી સરકારે નક્કી કર્યું કે આપણી પાસે કૃષિ યુનિવર્સિટીઓ છે, આપણી પાસે લેબોરેટરીઓ છે, આપણી પાસે કૃષિ વૈજ્ઞાનિકો છે, આપણી પાસે કૃષિ નિષ્ણાતો છે પણ એ કૃષિ યુનિવર્સિટીમાં જ બેસી રહે, પોતાની જ ઓફિસમાં બેસી રહે તો ૧૮૦૦૦ ગામડાંમાં વસતા લાખ્ખો ખેડૂતોને એનો શું ફાયદો? આપણા મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો કે, કૃષિ મહોત્સવ ઉજવવો અને ગામડે ગામડે ખેડૂતોની સાથે જાય, ખેડૂતોની વચમાં રહે, કૃષિ નિષ્ણાતો, કૃષિ વૈજ્ઞાનિકો અને બધા આગેવાનો, ખેડૂતો સાથે બેસીને સ્થાનિક કયા પાક છે, કયા પાકમાં શું આયોજન કરવું જોઈએ, કઈ દવા છાંટવી જોઈએ, કયું બિયારણ વાપરવું જોઈએ, કેટલું પાણી આપવું જોઈએ એ પ્રકારની સમજ આપવામાં આવે, અખાત્રીજે આ કાર્યક્રમ થાય ત્યારે આખા ગુજરાતમાં સૌથી વધુ ગરમીના દિવસો હોય છે, એ ગરમીના દિવસોમાં અહીંયા કોઈકે એરકન્ડીશન ઑફિસની વાત કરી, આ સરકારના મુખ્યમંત્રીશ્રી, આ સરકારના મંત્રીશ્રીઓ, આ સરકારના સચિવો અને ધારાસભ્યશ્રીઓ અને કાર્યકરો પણ બળતા તાપની અંદર બે કાર્યક્રમ એવા છે કે જેમાં પ્રજાની વચ્ચે જાય છે, એક કૃષિ મહોત્સવ અને બીજો શાળા પ્રવેશોત્સવ. શાળા પ્રવેશોત્સવમાં ગરીબ બાળકોને ભણાવવા માટે જે પ્રોત્સાહન આપવાનું છે. અભણ મા બાપ છે, જે શિક્ષણનું મહત્ત્વ સમજ્યા નથી, એમને શિક્ષણનું મહત્ત્વ સમજાવી, એમના બાળકોને શાળામાં અભ્યાસ કરવા માટે મોકલવા માટે પ્રેરણા આપવા માટે, પ્રોત્સાહન આપવા માટે, જુદી જુદી સ્કોલરશિપોના હાથોહાથ ચેક આપવા માટે આખી સરકાર ગામડે ગામડે ફરે છે, અમે તો તમને પણ આમંત્રણ આપીએ છીએ કે કૃષિ મહોત્સવમાં તમે આવો, શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં તમે આવો, તમારામાંથી કેટલાકને રસ છે તો આવે છે બાકીના નથી આવતા, કેમકે ગરમીમાં કોણ જાય, આવું કદાચ હોય પણ અમે તો બધા જઈએ છીએ.

અહીંયા માનનીય સિદ્ધાર્થભાઈએ વાત કરી શાળાના બાળકોના શિક્ષણના પ્રમાણના ડ્રોપ આઉટ રેશિયોની, મને આ ગૃહને આંકડા આપતા આનંદ થાય છે કે આ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી યાત્રાનું જે સુંદર પરિણામ રાજયને મળ્યું છે, પ્રજાને મળ્યું છે, ૨૦૦૧માં ધોરણ ૧ થી ૫ નો ડ્રોપઆઉટ રેશિયો જે ૨૦.૯૩ ટકા હતો એ આ વર્ષે ઘટીને ૨.૨૯ ટકા થયો છે ૧૮ ટકાનો ઘટાડો આ શાળા પ્રવેશોત્સવના કારણે આપણે આપી શક્યા છીએ, એટલા ગરીબોના બાળકો હવે વધુ ભણતા થયાં છે. એવી જ રીતે ધોરણ ૧ થી ૭, સન ૨૦૦૦માં ધોરણ ૧ થી ૭માં ભણતા બાળકોનો ચાલુ અભ્યાસે નિશાળમાંથી ઉઠાડી લેવાનો જે રેશિયો હતો એ ૩૮.૯૨ ટકા હતો, એટલે કે લગભગ ૩૯ ટકા હતો, આપણા સતત પ્રયત્નોના કારણે, સરકારની નિષ્ઠાપૂર્વકની કામગીરીના કારણે ૨૦૦૮-૦૯માં આ રેશિયો હવે ઘટીને ૩૮ માંથી ઘટીને ૮.૮૭ ટકા થયો છે એમાં પણ ૩૨ ટકાનો ઘટાડો થયો છે, અમને આશા છે કે આ કાર્યક્રમ હજી વધુ તેજ ગતિથી, વધુ નિષ્ઠાથી આપણે કામ કરીશું તો ચોક્કસ ગુજરાતમાં બાળકોનો ડ્રોપઆઉટ રેશિયો એ મોટાભાગના ગરીબ, આદિવાસીના બાળકો નિશાળમાંથી ઉઠાડી લે છે કેમ, હું ગયો હતો મે કહ્યું એમ એ જિલ્લામાં તો કહે કે સુગરમાં ગયા છે મજૂરીએ, એનું કારણ એ છે કે એને રોજીરોટી લેવાની હોય, એનું ગામ છોડીને જાય, એના છોકરાને જોડે લેતા જાય, કચ્છમાં કોઈ ભરવાડ હોય, કોઈ પશુપાલક હોય તો એના બાળકને ઢોર ચારવા મોકલી દે, કોઈ ખેડૂત હોય તો બાળકને ખેતીમાં જોડી દે, કોઈ ગરીબ માણસ હોય, અહીંયા વાતો તો કરો છો બધા બાળમજૂરીની, બાળમજૂરી ક્યાંથી ઊભી થાય છે એનું એક સામાજિક કારણ પણ છે એક તો વધતી જતી વસતિ અને શિક્ષણનું પ્રમાણ એ વર્ગમાં ઓછું હોવાનું કારણ, અમે આ બધું ઓછું કરવા માટેનો પ્રયત્ન કરીએ છીએ, ધારાસભ્ય અને કોંગ્રેસ પક્ષના પ્રમુખ માનનીય સિદ્ધાર્થભાઈ હમણાં જ પ્રવચન કરીને ગયા, એમણે બે બાજુની વાત કરી, એમણે એમ કહ્યું કે અત્યારનું જે બજૅટ રજૂ કર્યુ છે અને ગયા વર્ષના બજેટ કરતાં, અમે આ વખતે લગભગ ૨૩૨૭૫ કરોડ રૂપિયાનું બજેટ આ વખતે મૂક્યું છે. ગયા વર્ષે જે ૨૧ હજાર કરોડ હતું એટલે ૨૨૭૫ કરોડનું બજેટ અમે વધારે મૂક્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે એમ કહ્યું મોંઘવારી સાથે જોડો. મારે સિધ્ધાર્થભાઈને પૂછવું છે, બીજા સભ્યને પણ પૂછવું છે કે, ભારત સરકારે જે ગઈકાલે બજેટ રજૂ કર્યુ તેને કોઈ મોંઘવારી સાથે જોડેલું છે ખરું ? હોય તો અમને બતાવજો અમે એમાંથી કંઈક શીખીશું. બીજું મારે માનનીય અધ્યક્ષશ્રી પૂછવું છે કે ગયા વર્ષે જે મોંઘવારીમાં વધારો થયો, પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ. હમણાં પેટ્રોલ,ડિઝલમાં ભાવ-વધારો થયો ગુજરાતની પ્રજા ઉપર કરોડો, અબજો રૂપિયાનું વધારાનું ભારણ આવ્યું.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### પેટ્રોલ, ડિઝલના ભાવ-વધારા અંગે

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઈ સિનિયર મંત્રી છે અને પેટ્રોલ, ડિઝલમાં ભાવ વધારો આ બધું.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ સિનિયર મંત્રી છે, પણ આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે તે કહોને ?

**શ્રી ઈકબાલ પટેલ** : આ બજેટનું એ કરવું ટેક્સ તેમણે ઓછો નથી કર્યો. ટેક્સ ઓછો કરવો હતોને સાહેબ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ બેસી જાવ. કોઈ પણ વાસ્તવિકતા આ સભાગૃહની અંદર રજૂ થતી હોય તો હું તેને રોકી નહીં શકું. કારણ કે પેટ્રોલ, ડિઝલનો ભાવ-વધારો એ એટલી જ વાત તેમણે કહી છે. તેમણે કોઈ કેન્દ્રની ટીકા નથી કરી અને તેની અસર ગુજરાતના બજેટ અને ગુજરાતના પ્રજા જીવન ઉપર પડતી હોય તો એ તેની વાત કરે તો તેને રોકાય પણ નહીં અને આપ રોકશો તો એ પણ સારું નહીં લાગે. આમાં કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મોંઘવારીની વાત કરી તેની ઉપર ઈકબાલભાઈ કહું છું મોંઘવારી વધી એ બધી વાત સાચી, મોંઘવારીથી બધા ખર્ચા વધ્યા તે વાત સાચી. પણ મારે તમને બધાને એટલું જ પૂછવું છે કે આ મોંઘવારી તે કઈ સરકારની નિષ્ફળતાના કારણે આ મોંઘવારી વધી. દેશની ૧૦૦ કરોડની પ્રજા ગયા વર્ષે ત્રાહિમામ્ પોકારી ગઈ. એવું આયોજન, એવો વહીવટ કઈ સરકારે કર્યો તે આપણે વિચારવાનું છે. અને તે કઈ સરકાર છે તે તમે જાણો છો.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, તમે મારી સામે જોઈને કહો અને મુદ્દા ઉપર રહો. ઈકબાલભાઈ આપ મહેરબાની રાખજો. આપણે એક વસ્તુ સાચવીએ કે સિધ્ધાર્થભાઈના વખતે મેં આ બાજુથી કોઈને બોલવા નથી દીધા. (અંતરાય) બજેટ ઉપર જ બોલે છે. બજેટ ઉપર અને બજેટની ફાળવણી ઉપર જ બોલે છે. હું ખૂબ ધ્યાનથી સાંભળું છું. બજેટ અને બજેટની ફાળવણી ઉપર સિદ્ધાંતના જે મુદ્દાઓ કહ્યા છે તેના ઉપર બોલે છે અને તેનાથી ચલિત થતાં હું તેમને રોકીશ.(અંતરાય) નહીં, ખુમાનસિંહભાઈ આપ વચ્ચે ડિસ્ટર્બ ના કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો એક પાસાની આ સન્માનનીય સભાગૃહમાં ચર્ચા જ નથી થઈ આટલા દિવસમાં. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે બીજું જે કામ કર્યું છે છઠ્ઠા નાણાં પંચનો પગારપંચનો અમલ ગુજરાત સરકારે શરૂ કરી દીધો. છ લાખથી વધુ અધિકારીઓ/કર્મચારીઓને આ પગાર પંચ આપ્યું. અને આ વર્ષે.(અંતરાય) સાંભળો...માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર હું મૂકવા માંગુ છું કે છઠ્ઠા નાણાં પંચનો અમલ કરવાના કારણે આ જ વર્ષે, પહેલાં જ વર્ષે આ રાજય સરકાર ઉપર ચાર હજાર કરોડ રૂપિયાનું ભારણ આવ્યું છે. તે ભારણ પૂરું કર્યા પછી આ ૨૨૦૦ કરોડ રૂપિયાના બજેટજના પ્લાન શિલિંગમાં વધારો આ સરકારે કર્યો છે. આ બીજી કોઈ સરકાર નથી આ ભાજપની નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી આ સરકારે આ કામગીરી કરી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહ હવે બહાર જવાનો વારો આવશે. શ્રી ખુમાનસિંહ આ છેલ્લી ચેતવણી આપું છું આપ શાંત રહેજો અને શાંત ના રહેવું હોય તો આપની જાતે બહાર જઈને બેસજો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા લોકોને થાય છે કે આ સરકાર જે જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકે છે તે યોજનાઓ માટેનાં નાણાં બજેટમાં કેવી રીતે ઉપલબ્ધ કર્યા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે સમજું હશે તે સમજશે કે ભારત સરકારનું જે આયોજન પંચ છે તે આયોજન પંચ દરેક રાજયના બજેટો કેટલાં રાખવા, દરેક રાજયની પ્લાન શિલિંગ કેટલી રાખવી. એ ભારત સરકારનું આયોજન પંચ, જેના અધ્યક્ષ તરીકે માનનીય વડાપ્રધાન છે, જેના નાયબ અધ્યક્ષ તરીકે માનનીય મોન્ટેકસિંહ આહલુવાલિયા, કે જેઓ જાણીતા અર્થશાસ્ત્રી પણ છે, તેઓ છે. દરેક રાજય સરકારે ત્યાં જઈને પોતાની આવક, પોતાનો ખર્ચ, પોતાનું દેવું વગેરે બાબતો બતાવવાની હોય છે. અને પછી ભારત સરકારનું આયોજન પંચ એ પંચવર્ષીય યોજનાની પ્લાન સિલિંગ કેટલી રાખવી તેને મંજૂરી આપતી હોય છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ જ આયોજન પંચે, સાંભળજો આંકડા • (xxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, * (xxxxx) શબ્દો કાઢી નાંખું છું. આપ આગળ ચલાવો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપત્તિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બધા સમજે તો સારું. દસમી પંચવર્ષીય યોજના આ રાજયની ૪૭ હજાર કરોડ હતી. આ ૪૭ હજાર કરોડની યોજના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યા ત્યારે બનાવી. આ યોજના મંજૂર કરાવી અને પછી એના માટેના પૈસા ઉભા કરી એ યોજનાના અમલ માટે રકમ વાપરવી એ અલગ વિષય છે. દેશમાં ઘણી સરકારો એવી છે કે આયોજન પંચ સમક્ષ યોજના તો મંજૂર કરાવી લાવે છે, પંચવર્ષીય યોજના, પણ એ પ્રમાણે કામ કરી શકતા નથી. ફાળવણી કરી શકતા નથી. આ સરકારે જે ૪૭ હજાર કરોડની દસમી પંચવર્ષીય યોજના જે મંજૂર કરાવી હતી, તેની સામે ખર્ચ કેટલો

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

કર્યો? ૪૯૪૧૬ કરોડ રૂપિયા. એટલે કે ૨,૪૦૦ કરોડ રૂપિયા ભારત સરકારની ધારણા કરતા પણ વધારે કામ આપણે કરી શકયા છીએ.

બીજું મારે સભાગૃહના ધ્યાન પર મૂકવું છે આમાં મંજૂરી જ ફકત એમની લેવાની હોય છે, એના તમામ પૈસાની જવાબદારી, બજેટ ઉભું કરવાની જવાબદારી, એનો સોર્સ ઉભો કરવાની વ્યવસ્થા એ રાજય સરકારે પોતાની આવકમાંથી ઉભા કરવાના હોય છે. કોઈ એવું ન માની લેતા કે ભારત સરકારે મંજૂર કરી એટલે ભારત સરકાર પૈસા આપતી હશે. આ પોતાના બજેટમાંથી આ કામ અમારે કરવાના હોય છે.

માનીય અધ્યક્ષશ્રી, દસમી પંચવર્ષીય યોજના પૂરી થઈ પછી અગિયારમી પંચવર્ષીય યોજનાની વાત આવી. ફરીથી મુખ્યમંત્રીશ્રી ગુજરાતના વિકાસની, ગુજરાતની પ્રગતિની અને ગુજરાતની નાણાકીય સદ્ધરતાની અને નાણાકીય શિસ્તની વાત લઈને આયોજન પંચ સમક્ષ ગયા. કેટલી યોજના એમણે મંજૂર કરી આપી? ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયા એટલે કે દસમી પંચવર્ષીય યોજના કરતા અઢી ગણી વધારે રકમ આ પંચવર્ષીય યોજનામાં ભારત સરકારના આયોજન પંચે અમને મંજૂર કરી આપી છે. જે ભારત સરકારે નકકી કરી છે. ભારત સરકારે જેને મંજૂરી આપી છે. ભારત સરકાર ગુજરાતને ભારત દેશનો વિકાસ દર નકકી કરવા માટે ગ્રોથ એન્જીન ગણે છે. ભારત સરકારના આયોજન પંચના અધ્યક્ષો જયારે મુખ્યમંત્રીશ્રીને એમ કહેતા હોય કે, મોદીજી, આપ ગુજરાતમેં લક્ષ્યાંક ઉંચા રખીયે, તાકિ દેશકા લક્ષ્યાંક ભી ઉંચા આયે. અને તમે બધા અહીંયા આ વાત કરો. એકબાજુ ભારત સરકાર ગુજરાતની સિદ્ધિ અને પ્રગતિને સ્વીકારતી હોય અને મોડેલ તરીકે લેતી હોય, એની પીઠ થાબડતી હોય, એને પ્રોત્સાહન આપતી હોય અને તમે અહીંયા બેઠા બેઠા આ સમજયા સિવાય એમ કહો કે ગુજરાતનો વિકાસ થતો નથી, ગુજરાતની પ્રગતિ થતી નથી. તો તમારા નેતાઓને તમે પૂછો કે તમે સાચા કે દિલ્હીના નેતાઓ સાચા? (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (બેઠા બેઠા) :** માયાબેનને પૂછો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક અહીંયા દેવાઓની વાત કરવામાં આવે છે. (અંતરાય) કે ગુજરાતનું દેવું..

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહ, આપ બહાર જશો. મેં આપને પહેલા પણ કહ્યું હતું કે આપ વચ્ચે ના બોલો. આપ સભાગૃહ છોડીને બહાર જાઓ. (અંતરાય) તમે વારંઘડીએ ડિસ્ટર્બ કરો છો, એટલા માટે હું તમને કહું છું. આપ બહાર જાઓ. કાં તો સભાગૃહની માફી માગો. (અંતરાય) નહીં, સામાન્ય નહીં. માનનીય ઈકબાલભાઈ, આપ એમને સલાહ આપો. જો તેઓ માફી માગશે તો તેમને બેસવા દઈશ, મને વાંધો નથી.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : સાહેબ, હું એવું કંઈ બોલ્યો જ નથી.

**અધ્યક્ષશ્રી** : મને ખબર છે, તમે શું બોલ્યા એ મારે રીપીટ નથી કરવું. મારે એ રીપીટ નથી કરવું. કાં તો એ માફી માગે, નહીં તો એ બહાર જાય.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : સાહેબ, એવું કંઈ બોલ્યો હોઉં તો..

**અધ્યક્ષશ્રી** : આજે આપે સતત ડિસ્ટર્બ કર્યા છે. અને તમે એમ બોલ્યા કે માયાબેનને પૂછો. (સતત અંતરાય) તમે એમ બોલ્યા કે માયાબેનને પૂછો. (અંતરાય) નહીં, તમે એમને કહો પહેલા. (અંતરાય) નહીં, નહીં. તમે માયાબેનને પૂછો એમ કહ્યું છે. મેં એ સાંભળ્યું છે. અને જો તમે એ માટે દિલગીરી વ્યકત નહીં કરો, તો બહાર જાઓ. (સતત અંતરાય) નહીં. મેં પૂરેપૂરું સાંભળ્યું છે. હવે ફરી ના જાઓ. નહીં,મેં પૂરેપૂરું સાંભળ્યું છે, હવે ફરી ના જાઓ.આપને બહાર લઈ જવાનો મારે આદેશ આપવો પડશે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : હું બોલ્યો હોઉં તો દિલગીરી વ્યકત કરું.

**અધ્યક્ષશ્રી** : તમે એમ બોલ્યા હતા કે 'માયાબેનને પૂછો.' (અંતરાય) ના, ના, બાવકુભાઈ, તો હવે મારે કયાં સુધી ગેરશિસ્ત ચલાવી લેવી?

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું દિલગીરી વ્યકત કરું છું.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. આ સભાગૃહમાં એક સરસ વાતાવરણ ઉભું કરવાનો પ્રયત્ન કરીએ છીએ અને એ વાતાવરણ એવું છે કે જયારે વિરોધપક્ષના નેતાશ્રી બોલતા હોય ત્યારે આ બાજુથી હું કોઈને બોલવા દેતો નથી. તો આ બાજુની પણ જવાબદારી રહે છે. અહીંથી જયારે કોઈ બોલતા હોય કે અવાજ આવતો હોય તો વિવિધ પ્રકારના અવાજો રોકવા માટે તૈયાર છું, પરંતુ નીતિનભાઈ આજે તેમના વકતવ્યમાં બજેટમાં જે ફાળવણી કરી છે એના ઉપર જ બોલ્યા છે એનાથી સહેજ પણ રાજકીય અવલોકન કર્યા વિના વાત કરી છે. તમે જો બજેટ વાંચી જાઓ તો તેમણે એકે એક મુદ્દા લીધા છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : પાંલિટીકલ ઓબજર્વેશન હોય તો અમારે શું કરવું? થોડુંઘણું પોલિટીકલ ઓબજર્વેશન હોય તો ચાલવા દેવું જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :નહીં, નહીં, એમ તો અહીં આગળથી લેવાયું છે એની હું વિગતો આપું? (અંતરાય) એ તમારે નહીં, મારે જોવાનું છે, નેકસ્ટ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : અહીં દેવા અંગેની વાત થઈ કે રાજય સરકારનું દેવું વધતું જાય છે. તેમાં આપણે મોંઘવારીને જોડતા નથી.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, આપની પાસે ૨ મિનિટ છે, ૨ મિનિટ પછી મારે રૂલિંગ આપવાનું છે. એટલે આપનું વકતવ્ય ૨-૨૮ કલાકે પૂરું થશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : તો દેવું તો જયાં વિકાસ થતોહોય, પ્રગતિ થતી હોય ત્યાં થતું હોય છે. ભારત સરકારની મંજૂરીને આધિન આ દેવું કરવમાં આવે છે. જેમ રાજયમાં કોઈ નગરપાલિકા હોય, કોઈ જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયત હોય એણે લોન લેવી હોય તો રાજય સરકારની મંજૂરી લેવી પડતી હોય છે અને રાજય સરકાર નીતિ નિયમો, આર્થિક ક્ષમતા એ બધું તપાસીને લોન લેવાનું કહેતા હોય છે એમ ભારત સરકારની દરેક યોજનાનો લાભ લેવો હોય તો ગુજરાતની પ્રજાને ભારત સરકારની યોજનાના બજેટ અને રાજયનું બજેટ જોડીને વ્યવસ્થા કરવાની હોય. વલ્ડ બેંક ઓછા વ્યાજની લોન આપતી હોય, એ.ડી.બી. લોન આપતી હોય, ભારત સરકારના વિવિધ વિભાગો કે હુડકો લોન આપતી હોય તો એ ભારત સરકારની યોજનાને આધારે જ આ લોન લેવાય છે અને અહીંયાં જે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સવારે એક પ્રશ્નોત્તરીના જવાબમાં કહયું હતું કે ૩ા ટકા સુધીની વ્યવસ્થા છે લોન લઈ શકીએ છીએ, પરંતુ ગુજરાત રાજયે ૩ ટકાની અંદર આપણો રેશિયો જાળવ્યો છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાત કરીને હું મારી પવાત પૂરી કરીશ. મેં જોયું છે કે ઘણાને 'ઉદ્યોગપતિ' શબ્દ ઉપર ખૂબ મોટો રોષ કે એલર્જી છે. હમણાં એક કાર્યક્રમમાં ગુજરાતના અગ્રગણ્ય ઉદ્યોગપતિ મને મળ્યા પછી જનરલ વાત થયા પછી તેમણે મને કહયું કે નીતિનભાઈ, કેટલાક લોકો જાહેરમાં કે અન્ય જયાએ અમારી વિરુધ્ધમાં નિવેદન કરીને રાજકીય રીતે પાતે લાભ લેતા હોય છે. કોઈનાથી દબાતા નથી એવું કરતા હોય છે, પરંતુ જયાં બોલ્યા હોય ત્યાંથી બહાર નીકળીને પા કલાકે કે અરધા કલાકે કે પછી રાત્રે મોડેથી ફોન કરીને કહે છે કે આ તમારા માટે નહોતું, પરંતુ બીજા માટે કહયું છે. એટલે ખોટું ના લગાડતા. આવી રીતે ઉદ્યોગપતિઓની ચાંપલુસી કરે છે. આ વાત પણ હું સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

### એડવાઈઝરી કમિટીનો રિપોર્ટ રજૂ કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : આજે સભાગૃહમાં ચર્ચા દરમ્યાન માનનીય સિધ્ધાર્થભાઈ જયારે પ્રવચન કરતા હતા ત્યારે એમના પ્રવચન દરમ્યાન તેમણે એડવાઈઝરી કમિટીના રિપોર્ટની વાત કરી હતી. એટલે મેં તેમને કહયું હતું કે તમે આ રિપોર્ટ સભાગૃહના ટેબલ ઉપર મૂકજો. આપણા વિધાનસભાના નિયમોના નિયમ અને તે હેઠળ અપાયેલ અધ્યક્ષશ્રીના આદેશો પ્રમાણે જયારે કોઈપણ સભ્ય પ્રશ્નોત્તરી દરમ્યાન કે અન્ય કોઈ ચર્ચા દરમ્યાન સભાગૃહના મેજ ઉપર મૂકવા કોઈ દસ્તાવેજ રજૂ કર્યો હોય અથવા રજૂ કરવાની બાંયધરી આપે તો અધ્યક્ષશ્રી રજૂ કરવાની પરવાનગી આપે છે. તેમણે કમિટીનો ઉલ્લેખ કર્યા બાદ પછી ચિઠ્ઠી લખી કે મેં કવોટ કરેલ રિપોર્ટ ટેકનિકલ એડવાઈઝરી કમિટી દ્વારા પ્રસિધ્ધ થયેલ છે અને તેના કેટલાક અંશો ૨૯-૬ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રસિધ્ધ થયેલા છે. આપણા નિયમો પ્રમાણે આપણે છાપાના આધારે કહી શકતા નથી, એટલે હું આદેશ આપું છું કે સિધ્ધાર્થભાઈ ટેકનીકલ એડવાઈઝરી કમિટીનો રિપોર્ટ આ સત્ર દરમિયાન આ સભાગૃહની અંદર રજૂ કરે, કારણ કે એ બહુ અગત્યનું છે એમણે જે વાત કરી કે રાજય સરકારનો ડ્રોપ આઉટ રેશીયો અસામાન્ય વધ્યો છે અને એ વાત એમણે જવાબદારીપૂર્વક કહી છે એટલે એમણે એ રિપોર્ટ આ સભાગૃહનાં મેજ ઉપર મૂકવો અને એ અવતરણો, જયારે કોઈ પણ સભ્ય કોઈ પણ દસ્તાવેજના આધારે બોલતા હોય ત્યારે એ દસ્તાવેજ અહીંયા લાવવો, ગઈ કાલે માનનીય શકિતસિંહજીએ પણ સી.એ.જી. રિપોર્ટની વાત કરી તો સી. એ. જી. રિપોર્ટ લેતા આવ્યા હતા. તો આપણે પણ સભાગૃહના નિયમો પ્રમાણે અને પરંપરાઓ પ્રમાણે કોઈ રિપોર્ટ કે અહેવાલમાંથી કવોટ કરતા હોઈએ ત્યારે કે કોઈ પુસ્તકના આધારે કહેતા હોઈએ ત્યારે એ પુસ્તક કયું છે તેનું પાનું કયું છે તે સંદર્ભ સાથે મૂકવું જોઈએ, માનનીય સિધ્ધાર્થભાઈ, આ ટેકનીકલ એડવાઈઝરી કમિટીનો રિપોર્ટ અને તેનો સંદર્ભ રજૂ કરે તેવો હું એમને આદેશ આપું છું.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. નાણામંત્રીશ્રી ચૌદમી વખત બજૅટ રજૂ કરતા હોય ત્યારે તેઓ પોતાની કોઠાસૂઝ પ્રમાણે એમની આવડત પ્રમાણે બજૅટ લાવ્યા છે. હું તો એવું માનુ છું કે માનનીય મંત્રીશ્રીને વરસોનો અનુભવ હોવાને કારણે રાજયનો સમતોલ વિકાસ થાય, રાજયના ઝૂંપડામાં રહેતા માણસોને પૂરેપૂરી સુવિધા મળે અને એના બાળકોનો પણ વિકાસ થાય તેવું બજૅટ જ્યારે લાવવા માટે પ્રયત્ન કર્યો હશે તેમ છતાં બજૅટમાં ઘણી ખામીઓ રહી છે જેના કારણે ગરીબ માણસોને પૂરેપૂરો લાભ મળી શક્યો નથી તેવું મને દેખાય છે ત્યારે આ બજૅટ ઉપર મારા કેટલાક સૂચનો રજૂ કરીશ.

શાસક પક્ષના સભ્યશ્રીઓ જ્યારે બોલતા હતા ત્યારે હું સાંભળતો હતો. માનનીય સભ્યશ્રી નીમાબહેને પણ મૅડિકલ કૉલેજોમાં સીટો વધારી એની વાત કરી, સાચી વાત છે, અગાઉના વરસોમાં આ ગૃહની અંદર સભ્યશ્રીઓ એમ કહેતા હતા કે આપણા રાજયની અંદર ટેકનિકલ અને સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો ન હોવાને કારણે આપણા વિદ્યાર્થીઓ બીજા રાજયોની અંદર અભ્યાસ માટે જાય છે અને આપણા બાળકોને ત્યાં મુશ્કેલી પડે છે તથા રાજયના નાણાં બીજા રાજયોમાં ખેંચાઈ જાય છે એના કારણે સરકારે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો, મૅડિકલ કૉલેજો શરૂ કરી. છેવટે પરિસ્થિતિ એ થઈ કે બાળકો જે બહાર જતા હતા પૈસા વધારે લેતા હતા, એ કૉલેજોમાં આપણું શોષણ થતું હતું એના કારણે આપણે ત્યાં સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો શરૂ કરી. પરંતુ આજે અહીંયા મેરિટમાં ન આવનાર વિદ્યાર્થીને મૅડિકલ કૉલેજમાં એડમિશન લેવું હોય તો એનો ૨૦ થી ૨૫ લાખનો ભાવ છે. એના લીધે મધ્યમ અને ગરીબ વર્ગનો વિદ્યાર્થી મૅડિકલ કૉલેજમાં જઈ શકતો નથી. આવી મોટી રકમના કારણે ઘણી વખત વિદ્યાર્થીઓ નિરાશ થઈને અભ્યાસ કરવાનું છોડી દે છે. સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોની અંદર ટેકનિકલ અને એન્જિનિયરીંગ કૉલેજોની અંદર પણ મોટા મોટા ડોનેશનો લેવાના કારણે અહીંયા પણ વિદ્યાર્થીઓનું શોષણ થઈ રહ્યું છે. તેથી મૅડિકલ કૉલેજો અને બીજી જે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો ખોલી છે એમાં વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવે પરંતુ એનું બંધારણ હોય એના નીતિ નિયમો હોય કે આટલી જ ફી લેવાની એવું સરકારે નક્કી કરી આપવું જોઈએ નહિતર વિદ્યાર્થીઓ, ખેડૂતો અને સામાન્ય માણસોનું શોષણ જ થવાનું છે એ દૂર કરવા અંગે સરકાર વિચારે એવી મારી માગણી છે.

અહીંયા ઉદ્યોગોની વાત કરવામાં આવી. ઉદ્યોગપતિઓ સાથે ઉદ્યોગ સ્થાપવા માટે એમ.ઓ.યુ. કરવામાં આવે છે, એને જોઈએ એટલી જમીન મળી જાય છે, વીજળી, રસ્તા, પાણી વગેરે તરત જ મળી જાય છે. રાજયમાં ઉદ્યોગો આવે એનાથી ચોક્કસ મને આનંદ થશે એના સામે મને કોઈ વાંધો નથી. પરંતુ ખાલી એમ.ઓ.યુ. કરીને મફતના ભાવે જમીન આપી દેવામાં આવે છે. જ્યારે ગામડાંનો ગરીબ સામાન્ય માણસ છે જેની પાસે બી.પી.એલ. કાર્ડ હોવા છતાં એને ગામમાં ઝૂંપડું બનાવવા માટે એક ગુંઠો જમીન મળતી નથી. ગરીબ માણસો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં અરજી કરે ત્યારે નામંજૂર કરીને કહેવામાં આવે છે કે જમીન ફાળવેલ નથી, જમીન ઉપલબ્ધ નથી એટલે તેમને પ્લોટ મળી શકતો નથી. જો ઉદ્યોગો માટે આટલું થતું હોય તો એમાંથી સામાન્ય માણસને એક ગુંઠો ઝૂંપડા માટે જમીન આપે તો ઘણા માણસોને લાભ મળી શકે તેમ છે.

માનનીય મંત્રીશ્રી જ્યારે બોલતા હતા ત્યારે હું સાંભળતો હતો. તેઓ એમ કહેતા હતા કે ૬૦ વર્ષ શાસન કર્યા પછી ગુજરાતનો વિકાસ થયો નથી, પાણી, લાઈટ, રસ્તા, કૉલેજો કંઈ થયું નથી, ફક્ત દસ વર્ષના શાસનની અંદર સામેના માણસોએ એવો જાદુ કર્યો કે ગુજરાતનો ખૂબ વિકાસ થઈ ગયો એના કારણે માણસો બધા સુખી થઈ ગયા. માનનીય નીતિનભાઈ બોલતા હતા ત્યારે હું શાંતિથી સાંભળતો હતો. બોલવાની પણ લિમિટ, સારા શબ્દોમાં વાત કરી હોત તો વાંધો નહોતો. એમણે શરૂઆતમાં કહ્યું કે કાર્યકરો થાગડ થીગડ વહીવટ કરતા હતા. અગાઉ મુખ્યમંત્રીશ્રીઓ બની ગયા, માનનીય બાબુભાઈ જશભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, હિતેન્દ્રભાઈ વગેરેએ ખૂબ સારો વહીવટ કર્યો છે એના કારણે ગુજરાતમાં નર્મદા યોજનાનું ખાતમુહૂર્ત થયું, જેણે નર્મદા યોજનાની શરૂઆત કરી. એવા ચીમનભાઈ પટેલ હોય કે બીજાં પણ મુખ્યમંત્રીને યાદ કરું છું. એવા મુખ્ય મંત્રીઓને એમ કહે કે થાગડથીગડ વહીવટ કરતા હતા. વર્ગ પ્રમાણે વહીવટ કરતા હતા, જાતિ પ્રમાણે વહીવટ કરતા હતા. જાતિ પ્રમાણે આયોજન બનાવતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ ખરેખર કહે છે એ ગૃહમાં શોભતું નથી. તેમણે એ પણ કહ્યું કે સમાજના ટૂકડા કરીને અત્યાર સુધી રાજ કર્યું છે. ટૂકડા પાડો અને રાજ કરો. ગુજરાત રાજયમાં ટૂકડાનું, વિભાજન કરવાનું કામ સામેની બૅન્ચમાં બેઠેલાંઓએ કરેલું છે. એના કારણે ગુજરાતમાં અશાંતિ ઉભી થઈ અને અશાંતિ ઉભી થઈ તેના કારણે ગુજરાતને મોટામાં મોટું નુકસાન થયું છે. દેશના વિભાજનની જ્યારે વાત કરી રહ્યા હોય ત્યારે હું માનું છું ત્યાં સુધી માનનીય મંત્રીશ્રીને આ શબ્દો શોભતા નથી. ખરેખર દેશનું વિભાજન કરવાથી વિકાસ થતો નથી. રાજયનો વિકાસ કરવા માટેની જો આપણી વિચારસરણી હોય તો રાજયમાં શાંતિ રાખીને એક સમ દૃષ્ટિથી કામગીરી કરીએ તો રાજયનો વિકાસ થઈ શકે. સ્ત્રી ભૃણ હત્યાની તેમણે વાત કરી. હું માનું છું ત્યાં સુધી તેમના મોઢે આ વાત શોભતી નથી. પાટણનો પ્રસંગ હજુ યાદ છે. પાટણનો પ્રસંગ ભૂલી ગયા નથી. વડોદરાનો પ્રસંગ ભૂલી ગયા નથી. સુરતનો પ્રસંગ ભૂલી ગયા નથી. અમદાવાદનો આશારામ બાપુનો પ્રસંગ અત્યારે યાદ કરીએ તો આપણને એમ લાગે કે આ ગુજરાતનો વહીવટ છે? કાયદો અને વ્યવસ્થા ગુજરાતમાં ટોટલી નિષ્ફળ ગયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લુણાવાડાની ચર્ચા થઈ, મારા તાલુકાની અંદર મેં વાત કરી નથી. મારા તાલુકાની અંદર એક ગામની અંદર એક દીકરીનો બે વખત બળાત્કાર થયો અને તેનું ગળું કાપી નાખીને તેનું ખૂન કરી નાખવાનો બનાવ બન્યો. તેમાં ખરેખર તે છોકરીનું ગળુ કાપી નખીને બળાત્કાર થયો, તેનો પિતા અત્યારે જેલમાં છે. અમદાવાદમાં આજે શું સમાચાર આવ્યા, લઠ્ઠા કાંડમાં છ જણાના મૃત્યુ થઈ ગયા. બે જણાના પી.એમ. કર્યા વગર કાઢી મૂકવા માટે, દબાવી દેવા માટે પ્રયત્ન થયો છે તો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા નથી. કાયદો અને વ્યવસ્થા દહાડે દહાડે ભાગતી જાય છે. આપણે બિહાર બાજુ જઈ રહેલા છીએ. વાતો અને ભાષણો મોટા મોટા કરીએ છીએ. હું તો સામેવાળા મિત્રોને એમ કહીશ કે ઉંડે સુધી તમે ઉતરો. એ અમદાવાદ હોય, સુરત હોય કે

વડોદરા હોય. ઉંડા ઉતરો તો ખબર પડે કે કાયદો અને વ્યવસ્થા શું છે. માનનીય અધ્યક્ષશ્રી, દહાડે ખૂન થાય, ત્રણ જણા આવીને એક જણનું મર્ડર કરી નાખે. બેંકો લૂંટાઈ જાય. કોઈની સલામતી નથી છતાં પણ સામેના મિત્રો એમ કહે કે રાજયની અંદર ખૂબ સલામતી છે, કાયદો અને વ્યવસ્થા બરાબર છે. અમારો વહીવટ બહુ સારો છે. માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર બજૅટની બાબતમાં જે વાતો થઈ છે તેને હું સ્વીકારી શકતો નથી.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી વર્ષ ૨૦૦૯-૨૦૧૦નું જે ફેરફાર કરેલ અંદાજપત્ર લઈને આવ્યા છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારથી રાજયે વિકાસની હરણફાળ ભરી છે. ૨૦૦૫-૦૬ના વિકાસલક્ષી કામોની વાત કરીએ તો ૨૧,૪૯૫ કરોડનો ખર્ચ થયો હતો. ૨૦૦૯-૨૦૧૦માં ફેરફાર કરેલ અંદાજ પ્રમાણે રૂા. ૩૭,૬૭૮ કરોડનો ખર્ચ થશે. જે લગભગ ૭૫ ટકા જેટલો વધારો દર્શાવે છે. રાજયની સાડાપાંચ કરોડની જનતા માટે સામાજીક સેવાઓ, તેના સદર હેઠળ ૨૦૦૫-૦૬માં જે ખર્ચ થયો હતો એ ૧૦,૦૯૪ કરોડનો હતો. ૨૦૦૯-૧૦માં ફેરફાર કરેલ અંદાજ પ્રમાણે ૧૯,૬૭૫ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક સેવાઓ, ખાસ કરીને શિક્ષણ અને શહેરી વિકાસ માટે રાજય સરકારે મોટી રકમ ફાળવી છે. શિક્ષણમાં ૧૬૦૦ કરોડ રૂપિયાનું આયોજન છે. ૨૪૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાસ કરીને આદિજાતિ વિસ્તારમાં, અતિ પછાત વિસ્તાર અને દરિયાકાંઠા વિસ્તારમાં આ ૨૪૦ નવી માધ્યમિક શાળાઓ થવાની છે. ઇજનેરી કૉલેજો પણ ડબલ શિફટમાં શરૂ થઈ ગઈ છે. ૧૨ નવી ડીગ્રી કૉલેજો હોય, ૯ પૉલિટૅક્નિક કૉલેજો હોય અને ઇજનેરી સ્નાતક કક્ષાની ૧૦૬૦૦ બેઠકો સાથેની કૉલેજોનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની વાત કરીએ તો સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની જે જાહેરાત કરી છે અને એ જાહેરાત સાથે ગુજરાત રાજયની સુવર્ણ જયંતીના શ્રી ગણેશ થયા છે. રાજયની ૭૫ જેટલી નગરપાલિકાઓમાં પાણીની સુવિધા હોય, ભૂગર્ભ ગટર યોજના હોય એ માટે ૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સુવર્ણ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસના ભાગરૂપે નાગરિક સુવિધા કેન્દ્રો રાજયમાં શરૂ થઈ ગયા છે અને આ સુવિધા કેન્દ્રોમાં ૯૦થી ૧૧૦ જેટલા કામો, જે લોકોપયોગી કામો છે એ ઈમીજીયેટ થાય એ પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું છે અને વધારે રીફોર્મ્સ માટે રૂ.૧૮૦ કરોડ જેટલી જોગવાઈ કરવામાં આવી છે. ખાસ તો શહેરી ગરીબ વિસ્તારોમાં ગંદા વસવાટ નાબૂદી યોજના હેઠળ રાજય સરકારે રૂ.૭૫ કરોડની જોગવાઈ કરી છે. જે શહેરી કરણ થઈ રહ્યું છે એના કારણે કહેવાય છે કે, ૨૦૧૫માં ગુજરાતની ૫૦ ટકા વસ્તી શહેરોમાં આવીને વસતી હશે. એને ધ્યાનમાં રાખીને રાજય સરકારે ગંદા વસવાટ નાબૂદી યોજનાનું એક આયોજન કર્યું છે. ખાસ તો શહેરોમાં જેમની પાસે પોતાની માલિકીનું મકાન નથી એના માટે પણ રાજય સરકારે આયોજન કર્યું છે. નગરપાલિકાઓમાં લોકપ્રિય બનેલી બાજપાઈ નગર વિકાસ યોજના- એના માટે રૂ.૧૧૭.૯૦ કરોડની જોગવાઈ કરેલી છે. ૭ મહાનગરપાલિકાઓમાં પ્રજાલક્ષી કામોની જે જરૂરિયાત વધી છે એના માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઈ કરી છે. ખાસ કરીને જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિફોર્મ્સ મિશન માટે રૂ.૯૧૫.૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ માટે ૨૦૦૮-૦૯માં રૂ.૩૮૦ કરોડની જોગવાઈ હતી. આ વર્ષે રૂ.૩૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આંગણવાડીઓના મકાનો બનાવવા માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખાસ કહીશ કે ૨ નવી મૅડિકલ કૉલેજ કચ્છ અને ગુજરાત ખાતે શરૂ કરવાની છે એનું આયોજન થયું છે. રાજયની મૅડિકલ કૉલેજોમાં વધુ યુવાનો એમ.બી.બી.એસ. થઈ શકે એ પ્રમાણેનું આયોજન થયું છે. એમાં ૪૫૦ જેટલી બેઠકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગ- આ વિભાગમાં પણ ગયા વર્ષ કરતાં ૧૩૫ ટકાના વધારા સાથે રૂ.૧૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એમાં જી.સ્વાન નૅટવર્ક છે એ નેટવર્ક તાલુકા સ્તરે સુદૃઢ બને તે રીતે આયોજન કરવામાં આવ્યું છે. ચિલ્ડ્રન સાયન્સ કૉલેજ આ વર્ષે સાયન્સ સીટી ખાતે યોજવામાં આવનાર છે. દરિયામાં ભૂકંપના તરંગો ઉદ્દભવે છે એના સમય, પ્રવાહ અને વેગ જાણી શકાય એવા સુનામી મૉડલનું આયોજન રાજય સરકારે કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની કોર્ટોમાં પડતર અદાલતી કેસોનું પ્રમાણ વધી રહ્યું છે. રાજય સરકારે નક્કી કર્યું છે કે ૨૦૧૧ સુધીમાં આ પડતર અદાલતી કેસો છે એનો ઝડપી નિકાલ થાય એના માટે વધુ કોર્ટોનું અને એમાં ૬ ફૅમિલી કોર્ટોનું આયોજન કરવામાં આવ્યું છે. ૬ મોટા શહેરોમાં ફૅમિલી કોર્ટોની શરૂઆત થઈ ગઈ છે. ૧૪ જેટલી નવી અદાલતો શરૂ થશે. એમાં ૨ અદાલત અમદાવાદમાં છે, ૪ સુરત, ૪ વડોદરા અને ૪ રાજકોટમાં અદાલતો શરૂ થવાની છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ, આ પ્રોજૅકટ હેઠળ રાજયમાં ૧૩,૬૦૦ જેટલા ગામો જે ઈન્ટરનેટ કનેકટીવીટીથી જોડાયા છે. આ ૧૩,૬૦૦ જેટલા ગામોને અને એ ગામમાં રહેતા જે ખેડૂતભાઈઓ છે એમને સાત બારનો ઉતારો હોય, દેશમાં અને દુનિયામાં જે ખેતપેદાશો છે પછી એ જુવાર, બાજરી, ડાંગર જે પણ હોય એનો ભાવ જાણવો હોય તો આ ઈન્ટરનેટ કનેકટીવીટીને કારણે રાજયનો ખેડૂત દુનિયા સાથે જોડાયો છે અને ભાવ જાણી શકે છે. છેલ્લા બે વર્ષમાં આ ઈન્ટરનેટ કનેકટીવીટીને કારણે ઓનલાઈન ગ્રામસભાઓ શરૂ થઈ

છે, ગામના ખેડૂતોની શું ડીમાન્ડ છે એ પણ રાજય સરકાર જાણી શકે છે અને એમની શું જરૂરિયાત છે એનું પણ એસેસમેન્ટ થાય છે. એટલે આ ઈ-ગ્રામ કનેકટીવીટીને કારણે આજે રાજયનો ખેડૂત સુખી અને સમૃદ્ધ થયો છે. આ સુવિધાને કારણે બર્થ સર્ટિફિકેટ હોય, ડેથ સર્ટિફિકેટ હોય, ૧૪ લાખ ૨૫ હજાર જેટલા પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. કેરેકટર સર્ટિફીકેટ હોય તો ૭ લાખ આપવામાં આવ્યા છે. ફાર્મર સર્ટિફીકેટ હોય તો ૧ લાખ ૪૦ હજાર જેટલા આપવામાં આવ્યા છે. ટેકસ કલેકશન સર્ટિફીકેટ હોય હોય તો ૧ લાખ ૪૫ હજાર આપવામાં આવ્યા છે. અને રાઈટ ઓફ રેકોર્ડસ જેને જોઈએ એને મળે છે અને એમાં પણ ૫ લાખ જેટલા રેકોર્ડસ રાજય સરકારે ખેડૂત ભાઈઓને ઉપલબ્ધ કર્યા છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે પણ ૯૨૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. અને રાજય સરકારે નક્કી કર્યુ છે કે જે રીતે વાઈબ્રંટ ગુજરાત ઈન્વેસ્ટમેંટ સમિટમાં ૧૨ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવવાનું છે અને એ રોકાણમાં જે લોકો ઉર્જા ઉત્પન્ન કરવાના છે, જે લોકો વિદ્યુતમથકો બાંધવા માગે છે એ લોકો સહેલાઈથી વિદ્યુતમથકો બાંધી શકે એ પ્રમાણેની એમને સુવિધાઓ આપવામાં આવી છે અને એમાં પણ આવતા વર્ષોમાં ૧૧,૧૬૪ મેગાવોટનું વીજ ઉત્પાદન થાય એ પ્રમાણે આયોજન કરવામાં આવ્યું છે અને એની કામગીરી ઓલરેડી શરૂ થઈ ગઈ છે. (સમય સૂચક ઘંટડી)

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : બે મિનિટ માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : બે મિનિટ નહીં.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : જે રીતે વીજપુરવઠાની માગણી વધી છે, વીજની ડિમાન્ડ વધી છે એ પ્રમાણે

**અધ્યક્ષશ્રી** : : શ્રી દેવુસિંહભાઈ.. ..

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી જે દરખાસ્ત લઈને આવ્યા છે, અંદાજપત્ર લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિક્રમસર્જક નાણામંત્રી રાજય માટે ૧૪મી વખત ગુજરાતની ઉત્તરોત્તર પ્રગતિનું બજેટ લઈને આવ્યા છે ત્યારે તેમના સમર્થનમાં ઉભો થયો છું. ગુજરાત રાજયના સદનસીબ છે કે ગુજરાત રાજયને આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જેવા બાહોશ અને કુશળ વહીવટકર્તા મુખ્યમંત્રી મળ્યા છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ૮ વર્ષથી ગુજરાત રાજયની ધુરા સંભાળી છે ત્યારથી અત્યાર સુધીના તમામ માનનીય મુખ્યમંત્રીશ્રીઓ કરતાં ગુજરાતમાં વહીવટીક્ષેત્રે તથા સામાજિક ક્ષેત્રે ગુજરાતને વિશ્વની હરોળમાં લાવવા અતી મહત્વનું પ્રદાન કર્યુ છે. જાહેર જીવનમાં સતત પ્રજાનો વિશ્વાસ ટકાવવો અઘરો હોય છે ત્યારે ન માત્ર ગુજરાતની પ્રજાનો પરંતુ સમગ્ર ભારતની જનતાનો વિશ્વાસ જીતીને સતત ચોથી વાર શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે જ્યારે વિશ્વાસ જીતી બતાવ્યો છે ત્યારે એનું આપણને સૌને ગૌરવ છે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લીધા છે અને તેના પરિણામે વિશ્વમાં એમણે લોકપ્રિયતા હાંસલ કરી છે. વિશ્વમાં ચારેબાજુ મંદીના વાદળો છવાયેલા છે.અને દુનિયાના તમામ દેશો જ્યારે આર્થિક સંકટમાં સપડાયેલા છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી દેવુસિંહભાઈ, આપ પ્રવચનના મુદ્દાઓ હાથમાં રાખશો તો ચાલશે. આખું પ્રવચન વાંચો નહીં. આ કહેવા પાછળનો મારો હેતુ એવો છે કે એમની અભિવ્યક્તિ વધે. બીજું કાંઈ નથી. નિયમોમાં જોગવાઈ છે કે ધારાસભ્યશ્રી મુદ્દાઓ રાખી શકે છે અને મુદ્દા ઉપર પ્રવચન કરી શકે છે. આખું પ્રવચન વાંચવાથી અભિવ્યક્તિ આવતી નથી. એટલે આ નિયમ ઉમેર્યો છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં તેમની કૃષિની નીતિ-રીતિ અને શાસનની સ્થિરતાના કારણે ગુજરાતે આ વિકાસ સાધ્યો છે. માનનીય સિદ્ધાર્થભાઈ હમણાં બજૅટ વિશે લોકોની આશા અને અપેક્ષાની વાત કરતા હતા ત્યારે મારે કહેવું છે કે ૧૯૯૧ પછી ભારતને પહેલીવાર વિશ્વના નકશામાં મૂકવાની તક ગઈકાલે વિશ્વમાં જેઓ સન્માનિત થયેલા છે એવા અર્થશાસ્ત્રીઓ ચૂકાઈ ગયા છે.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહમાં જે હાજર ન હોય એવા નામો લેવા નહીં. આપ આપના મુદ્દા ઉપર રહો.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માત્ર ત્રણ મહિનામાં કોંગ્રેસની સરકાર આવી એ પહેલા એક મિનિટમાં સેન્સેક્સ ૨૦ ટકા વધી ગયો અને સરકીટ લાગી ગઈ.

**અધ્યક્ષશ્રી** : આપ ગુજરાત રાજ્યના બજૅટ ઉપર બોલો છો એના મુદ્દા ઉપર રહો.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, બજૅટની વાત હતી એટલે સરખામણીની વાત કરતો હતો.

**અધ્યક્ષશ્રી** : સરખામણી કરવાની જરૂર નથી. અંદાજપત્રની સામાન્ય ચર્ચાની મર્યાદા છે એની અંદર રહો. એમાં શેર બજાર નહીં આવે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : ભારતને વિશ્વના નકશામાં કયા અર્થમાં કે ભારત અમૅરિકા અને યુરોપ કરતાં પણ આર્થિક મંદીમાંથી પહેલું બહાર આવી શકે છે એ વાત કોઈ લાલભાઈએ દબાણ નહોતું કર્યું છતાં કોંગ્રેસની સરકાર ચૂકી ગઈ. એની સાથે આ વાત મૂકી હતી. હવે ભારતની પ્રજા આ કામ કરશે. ભારતના ખેડૂતો, ભારતના ઉદ્યોગપતિઓ કામ કરશે પણ ભારત સરકાર તેમને મદદ કરવાની તક ચૂકી ગઈ છે એમ કહેવાનો મારો હેતુ હતો. વાત કોમી એખલાસની હોય કે આતંકવાદને નેસ્તનાબૂદ કરવાની હોય, વન બંધુ કલ્યાણ હોય કે

સાગરખેડૂની વાત હોય, શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન કરવાનું હોય કે કન્યા કેળવણીની વાત હોય કે પછી મળતી ભેટો તોશાખાનામાં જમા કરાવીને સાચી દિશામાં ઉપયોગ કરવાની હોય. વાત નવજાત શિશુના આરોગ્યની હોય કે વયોવૃદ્ધ વૃદ્ધોની સેવા કરવાની હોય કે વાત શહેરના પછાત વિસ્તારમાં રહેતા નાગરિકોની હોય, શહેરી ગરીબ સમૃદ્ધિ યોજનાની હોય કે વાત ગામડાંને સમગ્ર વિશ્વને જોડનાર ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાની હોય, આવી અનેક યોજનાઓ સાથે આદરણીય મુખ્યમંત્રીશ્રીની અભ્યાસુ નજર અને તેના અમલીકરણથી લાભાર્થીઓ સુધી તેના લાભો પહોંચે એની ચિંતા કરી અને એ ચિંતાને કારણે આ યોજનાઓને અભૂતપૂર્વ સફળતા મળી છે અને એની નોંધ સમગ્ર ભારત દેશે લીધી છે. મન હોય તો માળવે જવાય અને અડગ મનના મુસાફરને હિમાલય નડતો નથી એ કહેવતો મક્કમ મનના મૂઠી ઊંચેરા માનવ એવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ચરિતાર્થ કરી છે. મારે ગુજરાતની પ્રજાનું ભલું કરવું છે, મારું ગુજરાત કેવી રીતે આગળ વધે તેની પ્રતિદિન ચિંતા કરીને એ જે કરે છે એ ગુજરાત માટે કરે છે ત્યારે જ ગુજરાતની પ્રજાને આદરણીય મુખ્યમંત્રીશ્રી ગમે છે અને તેમને આદર આપે છે. ચીની તત્વજ્ઞાની કન્ફયુસિયસને એકવાર એના શિષ્યે પૂછયું કે સારી સરકાર કોને કહેવાય? ત્યારે તેમણે જવાબમાં કહ્યું કે જે સરકાર પાસે પૂરતું અન્ન હોય, જે સરકાર પાસે યુદ્ધ માટેના પૂરતા શસ્ત્રો હોય અને જે સરકાર પાસે જનતાનો વિશ્વાસ હોય એને સારી સરકાર કહેવાય. આ ત્રણમાંથી કોઈ એકની પસંદગી કરવાની હોય તો જેની પાસે જનતાનો વિશ્વાસ હોય એને સારી સરકાર કહેવાય અને જનતાનો વિશ્વાસ ભારતીય જનતા પક્ષની સરકાર, નરેન્દ્રભાઈ મોદીની સરકાર પાસે છે. માત્ર ૧૦૦ દિવસમાં પેટ્રોલ ડિઝલનો ભાવ વધારો અને મોંઘવારી તો વધે પણ નિરાશાજનક બજૅટ સાથે ૧૦૦ દિવસમાં હવે પગલાં લઈશું, પ્રજાના માટે સુખાકારીના પગલાં લઈશું એમ કહેનાર કેન્દ્રની સરકારે ગુજરાત અને ભારતની જનતાનો વિશ્વાસ ગુમાવ્યો છે. કહેનાર કેન્દ્ર સરકારે ગુજરાતની અને ભારતની જનતાનો વિશ્વાસ ગુમાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ઓળખ વાયબ્રન્ટ ઔદ્યોગિક વિકાસ મોડેલ તરીકેની છે. તાજેતરમાં અમેરિકાની ઈન્ટરનેશનલ ફુડ કવોલિટી રિસર્ચ વૉશિંગ્ટન જેવી આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધ સંસ્થાએ ગુજરાતના કૃષિ વિકાસ દરની ભારોભાર પ્રશંસા કરી છે. આમ ગુજરાતના ૯.૬ જેટલા કૃષિ વિકાસ દરની ન માત્ર ભારતના કૃષિ જગતમાં પરંતુ જેને કૃષિ ક્ષેત્રે ઓથોરિટી કહીએ છીએ એવા વૈદ્યનાથનજી અને આંતરરાષ્ટ્રીય આવી સંસ્થાઓએ પણ વખાણ કરીને છેલ્લે માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કહીશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : દેવુસિંહભાઈ આપનો સમય પૂરો થાય છે કશું જ નહિ.. શ્રી શંકરભાઈ વાઘેલા.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ જે બજેટ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

છેલ્લા ૧૦ વર્ષથી હું સાંભળતો આવ્યો છું કે કોંગ્રેસની સરકારે કાંઈ નથી કર્યુ. એક વાત તો સ્વીકારવી પડશે કોંગ્રેસના વહીવટના, કોંગ્રેસના શિક્ષણના અને જે કાંઈ આયોજન કર્યુ હતું એના કારણે આદિવાસીઓ, હરિજનો અને આપણે અહીંયા બેઠા છીએ એ વાત ના ભૂલવી જોઈએ. ચાર પાયાની આપણા નેતાઓએ વાત કરી હતી. સરસ્વતી મંદિર, લક્ષ્મી મંદિર, ન્યાય મંદિર અને ભગવાનનું મંદિર. સરસ્વતીનું મંદિર એટલા માટે કે ગુજરાતમાં ૭૦ થી ૭૫ ટકા ખેડૂતો રહે છે. જ્યાં સુધી આ ખેડૂતોના બાળકો ભણી-ગણીને હોશિયાર થાય અને બુદ્ધિજીવી માણસો એ બુદ્ધિજીવી સાધનો વડે જે રીતે કમાતો થાય એના માટે ગામે ગામ શાળા, મહાશાળા, ફરજિયાત શિક્ષણ, મધ્યાહન ભોજન કોઈએ આપ્યું હોય તો કોંગ્રેસે આપ્યું હતું ભાઈ. અમે પણ ભણ્યા ત્યારે સાહેબ, કહેવા જેવી વસ્તુ નથી. અમે ઝાડના ઓઠા નીચે પણ ભણ્યાં હતાં અને ત્યાર પછી પણ અમે પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, હાઈસ્કૂલ અને કોલેજો પણ જોઈ છે એ કોઈએ આપવાનું કામ કર્યુ હોય તો એ કોંગ્રેસે આપવાનું કામ કર્યુ હતું. મારો ખેડૂત સુખી થાય એટલા માટે પહેલા આડબંધ નહોતા, ટેંકર નહોતા, પરકોલેશન ટેંકો નહોતી, અરે તળાવો નહોતા. સૌથી પહેલા મેં ૩૦૦ આડબંધ, ચેકડેમ આપવાનું કામ સૌરાષ્ટ્રમાં મેં કર્યુ હતું એ કેમ ભૂલી જાવ છો. મહેસાણામાં પાતાળ કૂવા આપવાનું આપણે કામ કર્યુ. સમગ્ર ગુજરાતમાં પાતાળ કૂવા આપવાનું આપણે કામ કર્યુ, એ આપણે કામ કર્યુ એ તમે કેમ ભૂલી જાવ છો નર્મદા, ધરોઈ, સરસ્વતી, મહી, તાપી કેમ ભૂલી જાવ છો, એના પર આડબંધ, ચેકડેમ બાંધવાનું કામ કોણે કર્યુ? મારો ખેડૂત સુખી થાય એટલા માટે ખેતરે ખેતરે પાણી પહોંચાડવાનું કામ કોંગ્રેસે કર્યુ હતું.

સાહેબ, વીજળી નહોતી અમારા વખતમાં, અમે તો કોડિયાના દિવે ભણ્યાં છીએ ભાઈ. ૧૯૫૨ માં વીજળી પહોંચાડવાનું કામ કોંગ્રેસે કર્યુ. ખેડૂતોના કૂવા સુધી ઇલેક્ટ્રિકના દોરડા બાંધવાનું કામ કોંગ્રેસે કર્યુ. "ખેડ, ખાતર અને પાણી કર્મને લાવે તાણી". સુધારેલું બીજ નહોતું, જંતુનાશક દવા, આડબંધ, ચેકડેમ અરે ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યુને એ કોંગ્રેસે કર્યુ હતું એ વાત કેમ ભૂલી જાવ છો. આપના આગેવાનોને પૂછો કે આજથી ૫૦ વર્ષ પહેલા ગુજરાતની આપણી કેવી સ્થિતિ હતી? ભણી-ગણીને આપણે આગળ આવ્યા. આપની દૃષ્ટિ તો સારી રાખો. "જેવી દૃષ્ટિ એવી સૃષ્ઠિ". કંઈક તો સ્વીકારો કે ભાઈ કોંગ્રેસે આટલું આટલું કર્યુ અમે ભણી-ગણીને અહીંયા આવ્યા. હા, ગણોત ધારો કર્યો શા માટે કર્યો? છેલ્લામાં છેલ્લા ઝૂંપડામાં પડેલો ગણોતિયો એ ગણોતિયો થાય, એને જમીન મળે અને જમીન આપી અને હવે શું થયું? ટોચ મર્યાદા કાઢી નાંખી, ગણોત ધારો કાઢી નાંખ્યો. આજે જાવ સાહેબ, અંબાજીથી માંડીને ઉંમરગામ પાસેના ખેડૂતો પાસે જમીન રહી નથી. હા, પૈસા

ખૂબ આવ્યા. કોણે રાખી જમીન? ઉદ્યોગપતિ હોય કે જમીનદાર હોય કે મોટા બિલ્ડર હોય એણે જમીન રાખી અને હા, પૈસા મળ્યા. અમારા ખેડૂતોએ શું કર્યુ? એકાદ લગ્ન કર્યુ, એકાદ બંગલો બાંધ્યો, ખાધું, પીધું ને લહેર કર્યુ. આવતીકાલની પેઢીની ચિંતા નથી કરી. સરસ્વતી મંદિરની વાત કરીએ તો ગામમાં જ્યારે એને મધ્યાહ્‌ન ભોજન આપવાનું કેમ? મારા બાળકો ભણી ગણીને આગળ આવે, બુદ્ધિજીવી માણસોના સાધનો વાપરતા અને કમાતા થાય એની પાછળનો એ આશય હતો. આપણે બધું જ ભૂલી જઈએ એ કેમ ચાલે ? હવે તો હું કહું છું સાહેબ કે, જ્યારે જ્યારે જમીન ઉપર કોઈ પણ સરકારે દૃષ્ટિ કરી હશે ત્યારે પેલી ઉક્તિ યાદ આવે છે,

" રસ હીન થઈ ધરા, દયા હિન થયો નૃપ,
નહીં તો આવું ના બને, એમ કહી માતા રડી. "

જ્યારે જ્યારે કોઈ પણ સરકારે જમીન પર દૃષ્ટિ નાખી છે એ સરકાર ગઈ છે, ગઈ છે અને ગઈ છે એ મારો અનુભવ છે ભાઈ. (અંતરાય) સરકાર હતી ને, શું પરિણામ આવ્યું ? હા અમે કેટલાક કામો કર્યા એને અમે આવકારીએ છીએ નથી આવકારતા એમ નહીં. અમે પ્રવેશ ઉત્સવોમાં જઈએ છીએ, પણ પરિસ્થિતિ કેવી પેદા થાય છે ? પેલી સગર્ભા બાઈને તમે સો ગ્રામ સુખડી આપો, કેટલી ક્રૂર મશ્કરી છે એ તો વાત કરો. પ્રવેશ ઉત્સવોમાં મારા બાળકો આવે છે અને હવે તો સમાજો બે પાર્ટી પડે, બે પક્ષ પડે. બધી જગ્યાએ હું જાઉં છું. મારે ત્યાં ૩૨૦ માધ્યમિક શાળાઓ મળે. ૧૧મા ધોરણમાં કોઈ એડમિશન નથી આપતું આજુબાજુના કોઈ પણ મોટા ગામોમાં. ગઈ વખતે મારા ૬૦૦ વિદ્યાર્થીઓ વધ્યા હતા, આ વખતે ૬૦ વધ્યા, તમે ક્લાસ આપો છો એમાં ના નહીં, પણ ગ્રાન્ટ નથી આપતા. કેમ ખેડૂતના બાળકો છે, બીજા કોઈના બાળકો નથી. કે.જી.માં મારે ત્યાં ૧૨૦૦ છોકરાઓ ભણે છે ક્ષત્રિયોના છે, હરિજનોના છે, બીજા લોકોના છે. હા અમે ૧૨૦ થી વધારે નહતા લેતા? કેમ, આખરે ગરીબ માણસ તરફ અમારી દૃષ્ટિ છે અને હું તો સમાજ ખાતાના વિભાગના મંત્રીશ્રીને કહું છું કે, પછડાયેલા, કચડાયેલા વર્ગોનું કલ્યાણ એજ આપણો મુદ્રાલેખ હોવો જોઈએ બાકી બીજો કોઈ મુદ્રાલેખ ના હોવો જોઈએ. શા માટે? કારણ કે, ૭૫ થી ૭૭ ટકા લોકો ગરીબો છે, આદિવાસીઓ છે. હું તો ઘણી વખત કહું છું કે, કોંગ્રેસ કોની? આદિવાસીઓની, હરિજનોની, લઘુમતીઓની, કચડાયેલા પછાત અને છેવાડાના લોકોની જેને આજ સુધી સુખી કરવાના રસ્તા આપ્યા. હા તમે એને આગળ વધારો અમે તમને ધન્યવાદ આપીએ. પણ કોંગ્રેસે કાંઈ જ નથી કર્યુ, એવું કહે ત્યારે. અને હું કહું સમાજ કલ્યાણ મંત્રીશ્રીને કે હા આપણે અનેક પ્રકારના આવાસો આપ્યા છે, ઈન્દિરા આવાસો, સરદાર આવાસો, ગરીબ આવાસો આપો, પણ સાહેબ પ્લૉટ કયાં છે? મારા તાલુકાના એક ગામમાં એક આદિવાસીએ પ્લૉટ માગ્યો, ના આપ્યો. કહ્યું કે ઢોર નીમ છે, ઢોરા પૂરતી જ જમીન છે. અરે પીપલાદમાં આજ સુધી હરિજનને એક પણ પ્લૉટ આપ્યો નથી. મેં જમીનની માગી આજુ બાજુના સરવે નંબરો એકવાયર કરો અને અમારા ભાઈઓને તમે પ્લૉટ આપો પણ નથી થઈ શક્યું. અમારે ત્યાં ચકલાસીમાં હરિજનો છે સાહેબ તપાસ તો કરો? એક પણ હરિજનને તમે ઝૂંપડું આપ્યું છે ? એક પણ મકાન આપ્યું છે? નથી આપ્યું. આપણે હરિજનોના ઉદ્ધારની વાતો કરીએ છીએ. હા એક વાત કરું મેલું ઉપાડવાની જો કોઈએ સદંતર નાબૂદ કર્યો હોય તો એ કોંગ્રેસે કર્યો હતો બીજા કોઈએ નહતો કર્યો એ કેમ ભૂલી જઈએ. આદિવાસીઓને આશ્રમશાળાઓ આપવા માટેનું કામ કોણે કર્યુ હતું, એને કપડા આપવાનું કામ કોણે કર્યુ હતું ? એતો આપણે ભૂલી જઈએ છીએ. કાંઈક વાત તો સ્વીકારો. હા, અમારામાં ક્યાંક ખામીઓ હશે, ક્યાંક ત્રુટી હશે એનું પરિણામ અમે ભોગવીએ પણ એનો અર્થ એ નથી થતો કે કોંગ્રેસે કાંઈ નથી કર્યુ, એ એનો જવાબ છે બીજો કોઈ જવાબ નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી ગોવિંદભાઈ પટેલ. હવે આઠ મિનિટ પૂરી થઈ ગઈ, મારે બીજા ત્રણ વક્તાને તક આપવાની છે, આપના.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી હું થોડું ઓછું બોલું છું કારણ કે, સમયના અભાવે નથી બોલી શકતો.

**અધ્યક્ષશ્રી** : મને વાંધો નથી આપ પ્રચવન ચાલુ રાખો એના પછીના વક્તાનો સમય હું કાપી નાખીશ.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૯-૧૦નું સ્વર્ણિમ જયંતિ જયારે આવતા વર્ષે ઉજવવાની છે અને સાચા અર્થમાં ગુજરાતનો પ્રત્યેક નાગરિક ૫૦મી સાલ ખૂબ ધામધૂમથી ઉજવે એ પ્રકારનું એક વિશ્વાસ સાથેનું વિકાસલક્ષી બજેટ લઈને આવ્યા છે એમને સમર્થન આપવા માટે ઉભો થયો છું. આ બજેટની અંદર અનેક પ્રકારની જોગવાઈઓ કરી છે જેના અંગેની કેટલીક ચર્ચાઓ આપણી વચ્ચે થઈ છે.

બિન પરંપરાગત ઉર્જા જે આજ દિવસ સુધી ભૂતકાળમાં એના ઉપર ધ્યાન એટલું આપવામાં આવ્યું નહોતું આજે આપણે જોઈશું તો કચ્છના આખા પટ વિસ્તારમાં સેંકડો પવનચકકીઓ દ્વારા એ ઉર્જા ઉત્પન્ન કરવાનું અને એક પણ પૈસાનો વિશેષ ખર્ચ કર્યા વગર કોઈપણ કોલસો કે બળતણ બાળ્યા વગર કુદરતી સાધનોનો ઉપયોગ કરીને ઉર્જા પેદા કરવાનું કામ આજે આ સરકાર દ્વારા થઈ રહ્યું છે. સૂર્ય ઉર્જાનો પણ સદ્‌ઉપયોગ કરીને એમાંથી કેટલી વીજળી ઉત્પન્ન કરી શકાય એના અંગેની ચિંતા પણ રાજય સરકારે બજેટ દ્વારા કરી છે. ગુણવત્તા સભર વીજળી મળી રહે એના માટેની ચાલુ નાણાકીય વર્ષમાં ૨૨૦ કે.વી.ના ત્રણ અને ૬૬ કે.વી.ના ૫૭ નવા સબસ્ટેશનો ઊભા કરવાનું પ્લાનીંગ આ બજેટમાં છે એના દ્વારા ગુજરાતના પ્રત્યેક વપરાશકારને પુરતા વોલ્ટથી

વીજળી મળી રહે એ અંગેની ચિંતા આ સરકારે કરી છે. મારી પૂર્વે કેટલાક કોંગ્રેસી મિત્રોએ વીજળી અંગેની વાત કરી છે તો હું કહીશ કે ભૂતકાળમાં જે પ્રકારે વીજળીનો પુરવઠો આપવામાં આવતો હતો. આજે એમ કહેવાય છે કે ખેડૂતને માત્ર આઠ કલાક વીજળી આપવામાં આવે છે, બાર કલાક, ચૌદ કલાક કેમ નહીં. ભૂતકાળમાં ૨૪ કલાક વીજળીની તમારી જાહેરાત હતી ત્યારે ૨-૨ કલાક વીજળી દિવસમાં મળતી નહોતી અને અપૂરતા વોલ્ટના કારણે મોટરો બળી જતી હતી અને વર્ષમાં ત્રણ-ત્રણ, ચાર-ચાર વાર ખેડૂતોને એના ખર્ચા ભોગવવા પડતા હતા. આજે પૂરતા વોલ્ટના કારણે ભલે આઠ કલાક મળે છે પણ પૂરા વોલ્ટથી મળવાના કારણે આજે ખેડૂતની મોટર બળતી નથી અને એના પૈસા બચે છે. કિસાનો માટેની એક ક્રાંતિકારી કહી શકાય એવી જોગવાઈ પણ ચાલુ બજેટમાં કરવામાં આવી છે. રાજયમાં ચાર-પાંચ તાલુકા એવા પસંદ કર્યા છે કે જેમાં વીજનો વપરાશ ઓછો થાય, એના વોલ્ટેજ બચે એવા પંપ એની ઉપર સબસીડી આપીને પ્રાયોગિક ધોરણે ચાર-પાંચ તાલુકાની અંદર પસંદ કરીને એની પાછળ ૪૦કરોડ જેવી જોગવાઈ કરવામાં આવી છે. જમીન સુધારણાના અનેક કાયદાઓ જે ટોડરમલના વખતથી મહેસૂલી કાયદાઓ ચાલ્યા આવતા હતા એમાં સુધારો કરીને અને ૩૩ જેટલા જે પરિપત્રો એ કોન્ટ્રાવર્શિયલ હતા, એકબીજાની સામે હતા એવા દૂર કરીને ખેડૂતોને એનાથી તકલીફ ન પડે એ પ્રકારનો પ્રયાસ પણ આ રાજય સરકારે કર્યો છે. પહેલાના કાયદા પ્રમાણે આઠ કિલોમીટર અને ૧૫ કિલોમીટરની ત્રિજયામાં જમીન ખરીદવાની વાત હતી. આજે ગુજરાતનો ખેડૂત કોઈપણ જગ્યાએથી જમીન ખરીદી શકે એના કારણે કેટલીક જગ્યાએ જમીન ખેડૂતની ગઈ હોય તો એ પૈસામાંથી બીજે જમીન મેળવી શકે છે. અહીંયા ગૃહની અંદર એવું કહેવામાં આવ્યું કે ખેડૂતોની જમીન પડાવી લેવામાં આવે છે તો મારું કહેવું એવું છે કે ખેડૂતોની જમીન જે વેચાતી લે છે એ પડાવી લેતો નથી પણ ભૂતકાળમાં આ કોંગ્રેસની સરકારના વખતમાં ૧૯૭૨માં ખેત જમીન ટોચ મર્યાદા ધારો વેકેટ લેન્ડ એકટ ૫૦ એકર જમીન પિયતની હોય, બીન પિયતની જમીન ૫૫ એકર હોય તો એ જમીન ઉપર ટોચ મર્યાદા ધારો લાગતો હતો. પડાવી લેવાની વાત તો આ હતી. અર્બન લેન્ડ સિલીંગ એકટ ૧૯૭૬ આ કાયદાએ સમગ્ર હિન્દુસ્તાનના મોટા શહેરના ખેડૂતોને તબાહ અને બરબાદ કરી દીધા છે.આજે ૧૯૯૮-૯૯ માં કાયદો નીકળી ગયો, તો પણ ખેડૂત કોર્ટમાં, સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટના ચક્કરમાંથી બહાર આવ્યો નથી. જમીન પડાવી લેવાનો કાયદો આ હતો. એમાંથી પણ એન.ડી.એ.ની સરકારે કેન્દ્રમાંથી મુક્તિ આપી છે અને અહીયા વેચાતી જમીન પડાવી લેવાની વાત કરે તે વ્યાજબી નથી. માર્ગ અને મકાન ક્ષેત્રે ગુજરાતમાં જે કઈ કાર્યવાહી થઈ છે તે અદ્ભુત કાર્યવાહી થઈ છે.

**સભાપતિશ્રી શંકરભાઈ વાઘેલા અધ્યક્ષસ્થાને**

જિલ્લા કક્ષાએ કલેક્ટર ઑફિસના જે જિલ્લાઓ સેવા સદનો બન્યા છે, તે કૉર્પોરેટ કક્ષાના, વૈશ્વિક કક્ષાના જે મકાનો હોય તે પ્રકારનાં મકાનો બનાવીને અને જેની અંદર બેસતા કોઈપણ કર્મચારીને કામ કરવાનું મન થાય, તે પ્રકારની આજે નવી બિલ્ડિંગ સરકારે બનાવી છે. ચાલુ વર્ષમાં પણ આની જોગવાઈ છે. નગરપાલિકા જ્યારે સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ ઉજવવા જઈ રહી છે, ત્યારે ૭,૦૦૦ કરોડ રૂપિયા આ નગરપાલિકા અને મહાનગરપાલિકામાં વિકાસ માટે વાપરીને ખરા અર્થમાં ગુજરાતનો પ્રત્યેક નાગરિક સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરી શકે તેવી જોગવાઈ આ રાજ્ય સરકારે બજેટમાં કરી છે. ૪૦૦ કરોડ જેવી રકમ ભૂગર્ભ, ગટરમાં, નવાં શહેરો માટે ભુતકાળમાં કયારેય ભૂગર્ભ ગટરો નહોતી, તેવા નગરોમાં ભૂગર્ભ ગટરો રાજય સરકારના બજેટથી થશે. માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે, તેમાં મારો સૂર પૂરાવું છું.

ગુજરાત રાજ્યને મહારાષ્ટ્ર મુંબઈથી અલગ થયાને ૫૦ વર્ષ થવા આવ્યાં છે, ત્યારે આ ૫૦ વર્ષે ગુજરાતની પ્રજાનું ખમીર છે, એની પ્રતીતિ એ માત્ર દેશને નહિ, પણ સમગ્ર વિશ્વને થાય, તે હેતુથી આ રાજ્ય સરકારે ૨૦૧૦ ને સ્વર્ણિમ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. આજે આ સભાગૃહમાં નવા એક વિષયને લઈને માનનીય નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે કે જે ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે અને એની અસર વાતાવરણમાં થઈ છે અને સમગ્ર વિશ્વને એની અસર થઈ છે, ત્યારે મને એ વાતનું ગૌરવ છે કે રાજ્ય સરકારે એમાં પણ આગળ વધીને ગ્લોબલ વોર્મિંગનું જે સરળ સમાધાન છે, જે આપણા ઋષિમુનીઓએ દર્શાવેલ છે. આ રાજ્યની સરકારે આ નવા વિભાગની શરૂઆત કરી છે તે છે ક્લાઈમેટ ચેઈન્જ. આ પણ એક નવી શરૂઆત આ રાજ્ય સરકારે કરી છે. આ દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે અને વિશ્વમાં ચોથું એકમ છે. આ રાજ્ય સરકારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે અંબાજીથી લઈને ઉમરગામ સુધીના ૧૨ જિલ્લાઓમાં વસવાટ કરતા ૭૫ લાખ જેટલા આદિવાસી સમાજની પણ સર્વાંગી વિકાસની ચિંતા કરી છે અને એમનો સર્વાંગી વિકાસ થાય એના માટે ૫ વર્ષમાં રૂપિયા ૧૫૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણ યોજના પણ અમલમાં મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજ અન્ય સમાજની હરોળમાં આવી શકે તેના માટે રાજય સરકારે વિશેષ કરીને તેના માટે શિક્ષણની ચિંતા કરી છે અને આ માટે ૨૦૦૯-૧૦ના અંદાજપત્રમાં રૂા.૩૫૬૬ કરોડની જોગવાઈ કરી છે. ધોરણ-૮માં અભ્યાસ કરતી આદિવાસી બાળઓ કે જેમના પરિવાર બી.પી.એલ.ની યાદીમાં હોય તેમણે એક ગામથી બીજે ગામ ભણવા જવા માટે આ રાજય સરકારે ૨૦૦૦ રૂપિયાનો ખર્ચ કરીને સાઈકલ

આપવાનું નક્કી કર્યુ છે અને આજે ૨૩૭૬૦ જેટલી આદિવાસી બાળાઓ આનો લાભ લે છે અને તેના માટે રૂા.૪.૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ-૧ થી ૭ માં ભણતા વિદ્યાર્થીઓ માટે લગભગ દસ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ આપવા માટે રૂા.૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એસ.એસ.સી. સુધી અભ્યાસ કરતા લગભગ ૧૪ લાખ ૬૮ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની જોગવાઈ કરી છે અને તેના માટે રૂા.૨૩.૮૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજયના આદિવાસી વિદ્યાર્થીઓને શિક્ષણમાં કોઈ અગવડતા ઉભી ન થાય તેના માટે રાજય સરકારે વિશેષ ચિંતા કરી છે અને તેના માટે ૩૪ જેટલા નવા છાત્રાલય બનાવવાનું નક્કી કર્યુ છે. બે કુમાર અને બે કન્યા છાત્રાયલયના બાંધકામની યોજના કરી છે. કુંવરબાઈનું મામેરું યોજનામાં ૩૪૩૪ કન્યાઓ માટે ૧.૭૨ કરોડની જોગવાઈ કરી છે. આદિવાસી સમાજની માનનીય નીતિનભાઈએ ખૂબ વાત કરી કે શિક્ષણનું પ્રમાણ આ સમાજમાં ઓછું છે. જ્યારે સમાજની વાત કરીએ ત્યારે વસ્તીની પણ વાત કરવી જોઈએ કે જેટલી સંખ્યા પુરુષોની છે તેટલી સંખ્યા બહેનોની પણ હોવી જોઈએ. ત્યારે આ સમાજમાં માત્ર દીકરાઓને ભણાવવા અને દીકરીઓને નહીં ભણાવવા તે સામાજિક બદીઓ છે. ત્યારે સંસારનો પણ રથ ચલાવવો હોય તો એ સંસારના રથના બંને પૈડાં સરખા હોવા જોઈએ. દીકરીઓ અભણ હોય અને દીકરા ભણે તો તેમનો સંસાર પણ ચાલી શકતો નથી. આ પ્રવૃત્તિને વેગ આપવા માટે રાજયના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ દીકરીઓને પ્રોત્સાહન આપી શકાય તેના માટે વિદ્યાલક્ષ્મી બૉન્ડની જોગવાઈ કરી છે. રૂા.૬૭.૬૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ રાજયની સરકારે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની ૨૦૦૮-૦૯માં જે ૩૮૦ કરોડની જોગવાઈ સામે ચાલુ વર્ષે ૭૩૦ કરોડનું આયોજન કરી ૯૩ ટકાનો વધારો કર્યા છે.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તે બજૅટને સમર્થન આપતો નથી. આ જે બજૅટ છે તે ગુજરાતની પ્રજા માટે શુષ્ક છે. ચીલાચાલુ બજૅટ છે અને કંઈ નવીન ન કરનારું છે. આ બજૅટમાં કેટલાક શબ્દોની એવી ભરમાર છે કે મારે પણ પૂછવું પડે છે બીજાને કે આ કયા શબ્દો છે. જ્યારે પણ બજૅટ ઉપર આ મિત્રો જ્યારે બોલતા હોય છે ત્યારે વારંવાર અભિનંદન આપે છે. જાણે આ ગુજરાતનું જે બજૅટ છે જે એવું હોય કે ફૂલંફૂલ હોય અને ગુજરાતની પ્રજા માટે સર્વસુખ સંપન્ન અને રામરાજયવાળું હોય એવો માહોલ ઉભો કરે છે. આ બજેટ જોતાં એવું લાગે છે કે તાલાબ કા પાણી ઘી બન જાય ઓર સબ પેડ કે પત્તે રોટી બન જાય, તો બંદા જબોલ જબોલ કે ખાય. ગુજરાતની પ્રજામાં જે વાત થાય છે અને તે એમ કહે છે કે આ એ જ સરકાર બજેટ લઈને આવી છે જે રામમંદિર બનાવવાની વાત કરી હતી, ૩૭૦ની કલમ હટાવવાની વાત કરી હતી, સમાન સિવિલ કોડ લાવવાની વાત કરી હતી. છેલ્લે તો એટલે સુધી કે અમદાવાદને કર્ણાવતી કરીશું પણ એ વચન તેઓ પાળી શક્યા નથી અને એટલા માટે બજૅટ ક્યારે કેવું નીવડે છે એ તો એનો સમય બતાવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે હજારો ચેકડેમો બનાવ્યા છે આ ચેકડેમો છેને એમાં આમ જોવા જઈએ તો એટલો બધો ભ્રષ્ટાચાર થયેલો છે કે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. જ્યારે પાણી આવે છે ત્યારે કેટલાક ચેકડેમો તો ધોવાઈ ગયા છે, કેટલાક ચેકડેમો તૂટી ગયા છે અને આ બજૅટની અંદર આવા જે ચેકડેમો છે એને દુરસ્ત કરવા માટેની કોઈ જોગવાઈ કરી નથી. સુરતમાં પુરના રક્ષણ માટે પાળા બનાવવામાં આવ્યા હતા પણ બેવાર જ્યારે પુર આવ્યું ત્યારે આ પાળા ધોવાઈ ગયા. આ ધોવાઈ ગયા પછી આ વખતે માનનીય નાણા મંત્રીશ્રી એમના બજેટમાં એના મજબૂતીકરણ માટે બજૅટ લઈને આવ્યા છે પણ જે જગ્યાએ પાળા હતાને એ સરકારી જમીન ઉપર આશારામના આશ્રમો થઈ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત એ કહેવાની છે કે, જેને ગૌભકત કહે છે, કે ગૌભકત આ સરકાર છે તો તેના માટે હું કેટલીક વાત કરવા માગું છું કે ગુજરાતમાં બે કરોડ ઉપરાંત પશુઓની સંખ્યા છે અને તેના માટે જે ગૌચરની જરૂર છે એ ૮૭ લાખ ૯૫ હજાર એકર ગૌચરની જરૂર છે પણ અત્યારે આપણી પાસે ૨૭ લાખ ૩૧ હજાર એકર જમીન ગૌચરની આપણે હયાત રાખી છે એટલે અત્યારે ૬૦,૬૩,૮૪૨ એકર જમીનની ઘટ છે એનું કારણ એ છે કે, ૨૬૬ એકર જમીન નીરમાને આપી દીધી ૮૮૨ એકર તો સ્પેશિયલ ઈકોનોમી ઝોનમાં મુંદ્રામાં આપી દીધી., અને રિલાયન્સમાં ૨૬૬ એકર આપી દીધી. આમ જોવા જઈએ તો આ સરકારે ગૌચરની જમીન અગૌચર કરીને ૯૧ હજાર વીઘા જમીનની ખેરાત કરી દીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કચ્છની વાત કરવા માગું છું કે દરિયા કિનારાની જે જમીન છે એ શરૂઆતમાં માનીતા ઉદ્યોગપતિને ભાડાપેટે આપવામાં આવી, એ રીતે આપી એનો તો કોઈ વાંધો નહીં પણ થોડા વખત પછી એને કાયમી ધોરણે કરી દીધી. હવે જ્યારે જ્યારે આપી ત્યારે જમીનનું જે ચૂકવણું કરવામાં આવ્યું તે બે કે પાંચ રૂપિયા મીટરના કર્યા હતા પણ હવે શું થયું કે આ જે જમીન છે એ લીઝમાં આપવા માગે છે અને જ્યારે એ કેટલીક વેચે છે ત્યારે એક હજાર, બે હજાર, પાંચ હજાર મીટરના ભાવ સુધી આપે છે માનનીય અધ્યક્ષશ્રી, એ વેચે છે એનો પણ વાંધો નથી પણ સાથે સવાલ એ ઉભો થાય છે કે જ્યારે સરકારી જમીન આપણે વેચતા હોઈએ ત્યારે ૫૦ ટકા તો સરકારમાં જમા કરાવવા પડે છે, તો આ ૫૦ ટકા છેને એમાંથી પણ આ સરકારે એમને મુકિત આપી દીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો દરિયા કિનારો સૌથી લાંબો ૧૬૪૦ કિલોમીટર છે, અને દરિયાકિનારેથી ઘુસણખોરી અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તટ રક્ષક દળની રચના કરવામાં આવી છે એનું વડુમથક છે એ ગુજરાતમાં રાખ્યું છે તો આ જે તટ રક્ષક દળની ઑફિસો છે, એના રહેઠાણ છે અને અન્ય જે સુવિધાઓ છે એ

દરિયાકિનારે જ હોવી જોઈએ અને દરિયા કિનારે માગણી કરે છે પણ આજે દરિયા કિનારાની જે જમીનો છે એ જમીનો છે એ આપી દીધી જ છે, એટલે હવે તટ રક્ષક દળ માટે એવી જમીન રહી નથી અને આનાથી હું માનું છું કે બીજી કોઈ શરમજનક વાત રહી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્નીગની આપણે વાત કરીએ છીએ કે જેને કારણે પૃથ્વી ઉપર તાપમાન વધી રહ્યું છે, અને તેની અસર આર્થિક પ્રગતિ અને વિકાસ પર એની પ્રતિકૂળ અસર થાય છે, વનસ્પતિ એની પ્રક્રિયા દરમિયાન એ ઓક્સિજન બહાર કાઢે છે અને એ ઓકસીજનમાંથી ઓઝોન બને છે, ઓ ટુ અને ઓ થ્રી બને છે, અને આ ઓઝોનનું જે પડ છે એ પૃથ્વીના વાતાવરણની ફરતે આવેલું છે જેને કારણે સૂર્ય પરથી આવતા જે પ્રકાશના કિરણો છે એ પ્રકાશના કિરણોથી આપણને રક્ષણ મળે છે.પણ અત્યારે તો એવી પરિસ્થિતિ થઈ છે કે આ જે ઓઝોનનું પડ છે એ પડ તૂટી ગયું છે. એ તૂટી ગયું છે એને આપણે બ્લેકહોલ તરીકે ઓળખીએ છીએ અને આ જો પડ ક્યારે હોય કે જ્યારે ઓક્સિજનનું વધારે પ્રમાણમાં હોય તો, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઓઝોનના પડ બનાવવા માટે ૩૩ ટકા જંગલો હોવા જોઈએ, પણ અત્યારે ગુજરાતમાં માત્ર પાંચ પૉઈન્ટ બે ટકા જેટલા જંગલો આવેલા છે અને આ બજેટમાં વાત કરી છે એ સમજવા જેવી છે, બજેટમાં સંસ્કૃતિ વન, પુનિત વન, માંગલ્ય વન, કૈલાસ વન એવા રૂપાળાં નામ આપ્યાં છે પણ મને ખબર નથી પડતી કે, વન એટલે જંગલ અને જંગલ એટલે જયાં ખૂબ વૃક્ષો હોય તો એને જંગલ કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, હું વનની બીજી એક વાત કરવા માગુ છું અને માનનીય વન મંત્રીશ્રીને જણાવવા માગુ છું કે, આપણા ગુજરાતમાં એશિયાટીક લાયન્સ એશિયામાં ફક્ત એક જ જગ્યાએ છે અને વૈજ્ઞાનિક રીતે જોઈએ તો લીઓ પેન્થેરા-પેન્થેરા જે પ્રજાતિ છે એ આખા વિશ્વમાં બીજે કયાંય નથી એ ફક્ત ગીરમાં જ છે. પણ આપણે તો છાપાઓમાં વાંચીએ છીએ કે કેટલીક વાર એની હત્યા થાય છે, એના મૃતદેહો મળી આવતા હોય છે પણ મને તો એમ લાગે છે કે માનનીય વનમંત્રીશ્રી તમે જોવા જતા હશો તો તમને ખબર પડતી હશે આ જે સિંહ છે સૌરાષ્ટ્રના એ દૂબળા-પાતળા અને નિર્માલ્ય બની ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયા કિનારે ચેરના વૃક્ષો છે એ અતિ મહત્ત્વના વૃક્ષો છે દરિયાની જે ખારાશ છે એ જમીન સુધી ન આવે અને એનું સંરક્ષણ થાય એ માટે ચેરના વૃક્ષો વાવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે શું કર્યું ગોડાઉનો બનાવવા માટે, પાણીના ટાંકા બનાવવા માટે આ ચેરના વૃક્ષો છે એ કેટલીય જગ્યાએ કાપી નાંખ્યા છે અને કાપવાના કારણે શું પરિસ્થિતિ અત્યારે થઈ છે કે આ વિકાસના નામે એમણે વિનાશ વેર્યો છે ત્યારે આ વર્ષે ચેરના વૃક્ષો માટે કોઈ જોગવાઈ બજેટમાં એમણે કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી ખાસ કરીને મારે કૅમીકલ ઝોનની વાત કરવી છે. અંકલેશ્વર, પાનોલી, નંદેસરી એવા જે વિસ્તારો છે એ વિસ્તારો કેમિકલયુકત ઔદ્યોગિક વિસ્તારો છે અને એ ઉદ્યોગો પ્રદૂષણ ફેલાવતા હોય છે. ખાસ કરીને એનો ઘન કચરો છે, વાયુ કચરો છે અને પાણીનું પણ પ્રદૂષણ ફેલાવતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે પાણીનું પ્રદૂષણ આ ઉદ્યોગો ફેલાવે છે એમાં આ જે ફેકટરીઓ છે એ પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડ ગુજરાત સરકાનું છે એની રહેમ નજર હેઠળ આ કારખાના કે ફેકટરીઓ છે એમણે બોર બનાવ્યા છે એ બોરમાં ફેકટરીનું પ્રદૂષિત પાણી તેઓ ઉતારતા હોય છે. આ જે કૅમીકલ યુક્ત પાણી છે એ બોરમાં ઉતારે છે એને કારણે આજુ બાજુના વિસ્તારમાં લગભગ બધે જ લાલ પાણી નીકળે છે એ પાણી માનવીને પીવાને લાયક પાણી હોતું નથી તો આના માટે કોઈ વિશિષ્ટ જોગવાઈ કૅમીકલ ઝોનની આજુ બાજુના વિસ્તાર માટે કરવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

**શ્રી લાલજી ભાઈ પ્રે. સોલંકી(જામનગર(ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયના માનનીય નાણામંત્રી શ્રી આ ગૃહમાં ૨૦૦૯-૨૦૧૦નું અંદાજ પત્ર લઈને આવ્યા છે એ સંપૂર્ણ સર્વાંગી વિકાસ લક્ષી અંદાજ પત્ર છે, ખૂબ વખાણવા પાત્ર રાષ્ટ્રમાં તત્ત્વ ચિંતકો એની ગણના કરે એ પ્રકારનું અંદાજ પત્ર લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એ બદલ નાણામંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘ દૃષ્ટિ અને રાજયના સર્વાંગી વિકાસ માટેના ચિંતન અને. મનનનો પડધો ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી એમના બજેટમાં લઈ આવ્યા છે એવું ચોક્કસ દેખાય છે, એટલા માટે ગુજરાત ગૌરવશાળી અને ભાગ્યશાળી રાજય છે કેમ કે, ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી અને ચૌદ રત્ન એવા શ્રી વજુભાઈ વાળા નાણામંત્રી તરીકે બજેટ રજૂ કરી રહ્યા છે ત્યારે એમને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનો શૈક્ષણિક, વૈજ્ઞાનિક, ઉંચ્ચ ટૅક્નૉલૉજી, ઔદ્યોગિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવર ક્ષેત્રે વિકાસ થાય અને સાથે સાથે વિકાસના ફળો છેવાડાના માનવી સુધી પણ પહોંચે એટલા માટે અને રાજયમાં સુલેહ-શાંતિ પણ જળવાઈ રહે એ માટે અંદાજ પત્રમાં સરસ પ્રયત્ન કરવામાં આવ્યો છે એટલે હું હર્ષની અને ખુશીની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી દ્વારા આ અંદાજ પત્રમાં વંચિતોના વિકાસ માટે, અનુસૂચિત જાતિ માટે, અનુસૂચિત જનજાતિ માટે, આદિવાસીઓ માટે અનેક ક્ષેત્રે અનેક પ્રકારના અંદાજો એમાં આપવામાં આવ્યા છે એનાથી એનો સર્વાંગી વિકાસ ચોક્કસ થશે એવી આશા પણ ફળીભૂત થતી દેખાય આવે છે. અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ૨૦૦૯-૨૦૧૦ માં સૂચિત જોગવાઈ પ્રમાણે રૂા.૧૨૯૪.૯૪ કરોડની યોજના માનનીય

મંત્રીશ્રીએ અંદાજ પત્રમાં મૂકી છે.એટલે આવતું વર્ષ વંચિતોના વિકાસ માટે ખૂબ ફળદાયી રહેશે એવું મને સો ટકા લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા સન્માનનીય સાથી સદસ્ય એમ કહેતા હતા કે આંગણવાડીમાં બાળકો માટે કંઈ નથી, શાળાઓમાં શિક્ષણ માટે કંઈ નથી, શાળાના પ્રવેશ મહોત્સવમાં કંઈ નથી મારે સન્માનનીય સાથી સદસ્યોને એમ કહેવું છે કે આ ભારત ઋષિઓના અને વેદોના સહારે જીવતો ભારત દેશ. અને ભારતીય સંસ્કૃતિમાં જીવતું ગુજરાત. આ ગુજરાતમાં, ભારતમાં અને ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજી આવ્યા પછીથી શાળા પ્રવેશ મહોત્સવના કાર્યક્રમો થયા છે. અત્યાર સુધી બાળક શાળાએ આવવા માટે એક પણ રાજયે કયારેય પ્રયત્ન કર્યો નથી. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી શાળા પ્રવેશ મહોત્સવના ખૂબ ભવ્ય કાર્યક્રમો થયા છે. અત્યાર સુધી બાળકને શાળાએ આવવા માટે માનસિકતા પેદા કરવી જોઈએ, તેમને હરખથી લઈ આવવું જોઈએ અને શાળાએ આવવા માટેનો ભય તેનામાં ના રહે તે પ્રકારનું વાતાવરણ ઉભું કરવું જોઈએ. આ પ્રકારનું વાતાવરણ અત્યાર સુધીની એકેય સરકારે ઉભું કર્યુ નહોતું આ વાતાવરણ છે તે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે થઈ રહ્યું છે અને તે જ બાળક જ્યારે શાળાએ આવે તે પહેલાં તેની માનસિકતા કેળવાય તે માટે આંગણવાડીમાં તેમને સંપૂર્ણ સંસ્કાર અને શિક્ષણ આપીને તેમનું ઘડતર કરવામાં આવે છે. જશોદાના પાત્રમાં રહેલી બહેન આંગણવાડીમાં જઈને જ્યારે કામ કરતી હોય ત્યારે બાળકોને ખૂબ સંસ્કારો આપવાનું કામ કરે છે. અને એ સંસ્કારો અને શિક્ષણ પહેલાં ધોરણમાં શાળા પ્રવેશ વખતે બાળક હરખથી બેઠું હોય, માથે પટ્ટી બાંધીને બેઠું હોય, મુગટ પહેરીને બેઠું હોય ત્યારે કૃષ્ણના દર્શન થતાં હોય એ પ્રકારે શાળા મહોત્સવના ખૂબ સારાં કાર્યક્રમો થઈ રહ્યાં છે એટલે હું લાખ લાખ અભિનંદન ફરી વખત આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા સાથી સદસ્ય સન્માનનીય એમ કહેતા હતા કોંગ્રેસે કંઈ નથી કર્યુ એવું કહો છો. કોંગ્રેસે કંઈ નથી કર્યુ એવું નહીં, કોંગ્રેસે ઘણું કર્યુ છે. અમે પણ જાણીએ છીએ ઘણું કર્યુ છે. પણ સૌથી પહેલું કામ તો એ કર્યુ છે કે સપનાઓ વેંચીને રાજ કરવાનું કામ કર્યુ છે. હું મારા સાથી સન્માનનીય સદસ્યોને એમ કહું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અમે સપનાઓ વેંચીને રાજ કરવાનું કામ નથી કર્યુ અમે વાસ્તવિક ધરતી ઉપર ચાલીને, સંસ્કારો અને શિક્ષણો આપી અને ગુજરાતને આગે કદમ લઈ જવાનું કામ કર્યુ છે. મારા સાથી સદસ્યોને મારે એ કહેવું છે જંગલોની વાત કરે છે, વનસ્પતિઓની વાત કરે છે, તળાવના પાળાઓમાં મકાનો થઈ જવાની વાત કરે છે. મારે મારા સાથી સદસ્યોને એ કહેવું છે કે આપણે કહીએ એટલું સહેલું લાગે પણ વિકાસના કામમાં જવું હોય તો યોજનાઓ બનાવવી પડે. તેમના માટે નાણાં ભંડોળ ઉભું કરવું પડે, તેના માટે સરકારે માનસિકતા બનાવવી પડે. અને માનસિકતા બનાવ્યા પછી પ્રજા લક્ષી, પ્રજાને હિમાયતી, પ્રજાને ધ્યાનમાં રાખી સુદ્રઢ અને સંકલિત વિકાસ કરવો પડે. તે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જ થઈ શકે અને તે થઈ રહ્યો છે તે આપણે બધાં જોઈ રહ્યાં છીએ. આવું ખૂબ સરસ અંદાજપત્ર નાણામંત્રીશ્રી લઈને આવ્યાં છે. આમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પણ ખૂબ ન્યાય આપવામાં આવ્યો છે, આમાં શિક્ષણને પણ ન્યાય આપવામાં આવ્યો છે., આમાં મહિલા અને બાળ વિભાગને પણ ન્યાય આપવામાં આવ્યો છે અનેક જગ્યાએ સિંચાઈથી શરૂ કરીને પર્યાવરણ સુધી, ટૅક્નૉલૉજીથી શરૂ કરીને ખૂબ વિકાસ થાય એ પ્રકારના પ્રયત્નો કરીને પ્રગતિના સોપાનો રોપવામાં આવ્યાં છે.ખૂબ પ્રગતિલક્ષી અંદાજપત્ર આવી રહ્યું છે. આ અંદાજપત્રમાં સામાજિક ક્ષેત્રે જો જોવા જઈએ તો અનુસૂચિત જાતિના લો વૉલ્ટેજવાળા તાલુકાઓમાં નવી ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવા માટેની યોજનાઓનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને જે છાત્રાલયો ચાલે છે તેમાં એક હજાર વિદ્યાર્થીઓનો વધારો કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાએ ચાર સરકારી શાળાઓ અને તાલુકા કક્ષાએ દસ કુમાર અને ૧૫ કન્યા છાત્રાલયો શરૂ કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. અનુસૂચિત જાતિના ત્રણ હજાર યુવક-યુવતીઓ આઈ.ટી. જેવા વિભાગમાં અભ્યાસ કરીને સુશિક્ષિત અને સંસ્કારી બને અને વિકાસ કરે તેના માટેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આદરણીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના શાસનોમાં વંશ પરંપરાગત યોજનાઓ નક્કી કરવામાં આવી હતી એટલે આવું ખૂબ સરસ મજાનું અંદાજપત્ર આદરણીય નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે તેમને હું અનુમોદન આપું છું અને તેને પસાર કરવા માટે હું વિનંતી કરું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા ઉભો થયો છું.

બજેટની આ બે દિવસની ચર્ચા દરમ્યાન સામેથી લોકશાહીની વ્યાખ્યા થઈ. ડેમોક્રસીની વ્યાખ્યા થઈ. Democracy of the people, for the people, by the people. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મારા એ મિત્રોને ડેમોક્રસીની વ્યાખ્યા કરવાનો અધિકાર નથી. એમની ડેમોક્રસીની વ્યાખ્યા તો એવી હોવી જોઈએ કે Far the people, buy the people, and off the people. આ સામેની પાટલીની સાબિત થઈ ગયેલી વસ્તુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં લોકશાહી ચાલતી હતી ત્યારે કોંગ્રેસના એક મોટા નેતાની ચૂંટણી રદ થઈ, પરંતુ સત્તા પર ચીટકી રહેવા માટે દેશમાં કટોકટી લાદી દીધી. આજે હમણા જે વ્યાખ્યા એમના માટે મેં આપી એ સાચી કરી દીધી. (અંતરાય) તમને ખબર નથી, અહીં બેઠા બેઠા. અમે અને શંકરકાકા જેલમાં જોડે હતા. લોકશાહીની વાત કરવાનો અધિકાર ભારતીય જનતા પાર્ટીને છે. લોકશાહીની વાત કરવાનો અધિકાર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને છે. એમણે દરેક વખતે ખૂબ સહન કર્યુ છે.

અહીં જે કંઈ વાત થઈ. સામી પાટલી તરફથી કેટલીક વાત કરવામાં આવી. એમાં વીજળીની વાત કરવામાં આવી. એક વડિલ નેતાએ વાત કરી કે વીજળી મોંઘી પડે છે. બહારથી લઈએ છીએ. અરે, ગુજરાતની જનતાને, ઝુંપડપટ્ટીના લોકોને, ગુજરાતના ઉદ્યોગોને, ગુજરાતના ખેડૂતોને વીજળી જોઈએ છે. ગુજરાતની સરકાર વીજળી કયાંથી લાવી, કોની પાસેથી લાવી. અરે, કાળા ચોર પાસેથી લાવી, પણ સામાન્ય જનતાને આપી છે. આ વહીવટ સામાન્ય જનતા માટે છે, આ વીજળી કેવી રીતે લાવ્યા એ અગત્યનું નથી. લાવ્યા છે એ અગત્યનું છે.

બીજી ટીકા થઈ કે તમે નોકરી આપો છો, તે ફીકસ પગારથી આપો છો. એ બિચારાને અર્ધી રોટલી પણ ખાવા મળતી નથી. ભાઈ, તમે તો આટલા વર્ષો સુધી લોકોને ભૂખ્યા જ રાખ્યા છે. અમે અર્ધા તો જમાડીએ છીએ. ૫ વર્ષે પૂરા જમાડીએ છીએ. દરેક જગ્યાએ વિદ્યા સહાયકની ભરતી કરીને શિક્ષકોની પૂર્તતા કરી છે. વીજ સહાયક, વિદ્યા સહાયક ભરીને અમે કામગીરી સુધારી છે. આ ઉત્તમ ઉદાહરણ છે. આ દેશમાં જે વસ્તુ થઈ શકી નથી તે ગુજરાતે કરી બતાવી છે. આજે બીજા ઘણા રાજયો આપણી પાસે આવે છે કે આ જયોતિગ્રામ યોજના તમે કેવી રીતે કરી? પરિણામ સ્વરૂપે કેન્દ્રએ પણ રાજીવ ગાંધી યોજના કરી બી.પી.એલ.માટે. બીજા રાજયોને મળતી જ ન હોય તો ઝૂંપડપટ્ટીવાળાને કેવી રીતે આપે?

આ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રની વાત કરવામાં આવી. શિક્ષણ ક્ષેત્રની અંદર જે રીતે કલાસરૂમ ખૂટતા હતા. તે માટે ઓરડાનું બાંધકામ કરવામાં આવ્યું. આજે એકપણ વિસ્તાર વર્ગ વગર અધૂરો નથી. વિદ્યા સહાયક પણ છે. છોકરાઓ પણ ભણે છે. આપને બધાને કોણે કહ્યું હતું કે પ્રવેશ મહોત્સવ ના કરશો? કેમ આટલા વર્ષો સુધી ના થયું? પહેલા તો બાળકોને માર મારીને શાળામાં દાખલ કરવા પડતા હતા. આજે તો એ બની ઠનીને તૈયાર થાય છે અને કોઈ ઉત્સવમાં કે મેળામાં જતા હોય એ રીતે શાળામાં દાખલ થાય છે. પ્રવેશ મહોત્સવની આ નવી વાતને લીધે દરેક બાળક શાળામાં હસતા મોઢે દાખલ થાય છે. આજે પ્રવેશનું પ્રમાણ વધ્યું છે. ડ્રોપ આઉટ રેસિયો ઘટયો છે.

સાથોસાથ કન્યા કેળવણી ક્ષેત્રે પણ અભૂતપૂર્વ કામ થયું છે. આખા દેશે એની નોંધ લીધી છે. કેન્દ્ર સરકારે પણ એની નોંધ લીધી છે. તમે ભલે ના લો. કેન્દ્ર સરકારની યોજનાઓમાં ગુજરાત સરકારની યોજનાઓનો પડઘો પડે છે. એ રીતે ગુજરાત એક નમૂનેદાર રાજય બની ગયું છે અને એ રીતે ગુજરાતના મુખ્યમંત્રીએ કામ કરી બતાવ્યું છે. તેઓ કદાપિ કોઈનાથી ડરે તેમ નથી. આવા ભડવીર મુખ્યમંત્રીને ગુજરાતના વિકાસમાં રસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસ માટે ગ્લોબલ વોર્મિંગનું ખાતું ખોલ્યું છે એ હકીકત છે. આજે પર્યાવરણની અસમતુલા દૂર કરવા ઉપાયો કરવા પડે છે. ગુજરાતના જંગલો ખતમ થઈ ગયા છે એવું એક મિત્રએ કહ્યું. એક મિત્રએ કહ્યું, તો દક્ષિણ ગુજરાતના જંગલો તો એક જ વ્યકિતએ પૂરા કરી નાંખ્યા છે. દક્ષિણ ગુજરાતનું ગ્લોબલ વોર્મિંગ કોંગ્રેસવાળાએ બગાડી નાંખ્યું છે. આ રીતે વાત કરે છે. ખરેખર કરવાનું શું છે એ ખરેખર કરતા નથી. આજે કચ્છનો વિકાસ થયો છે. ગુજરાતની અંદર જે રીતે આ રીઝીયનો નકકી થયેલ છે, એમાં ધોલેરા રીજીયન અને ભરૂચ સાઈડ ઉપરનો જે વિકાસ થયો છે એ આજે આખા દેશમાં તમે લખી રાખો કે આવનાર દિવસોમાં આજે જે મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે એ માનનીય વડાપ્રધાનશ્રી મનમોહનસિંહ કેન્દ્રમાં કરવાના છે અને આખા હિન્દુસ્તાનને આ રીતે સીવીક બનાવશે. બહારના લોકોને આ દેશમાં ઉદ્યોગો લાવવા માટે પોતે બોલાવશે કારણ કે આ નમુનેદાર રાજય છે. સાચી વાત કરવાની છે. વીજળીના ક્ષેત્રમાં આટલા બધા એવોર્ડ મળ્યા, આટલાં બધાં ઈનામો મળ્યાં છતાં પણ ટીકા કરવામાં આવે છે એ હકીકત ખાટી છે એમ કહેવામાં આવે છે. તો આના કરતાં તો બધા ભેગા મળીને ખભે ખભો મિલાવીને ગુજરાતના વિકાસ માટે કામ કરીએ. જેમ નર્મદા યોજનાનું કામ અમે નથી કર્યુ, પણ આપણે બધાએ ભેગા મળીને કર્યુ છે, જયારે આપણે ઠરાવ કર્યો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડીને બધા લોકોએ એના માટે ગુજરાતના બધા જ ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ શ્રી ચીમનભાઈ, શ્રી માધવસિંહ,શ્રી કેશુભાઈ, શ્રી શંકરસિંહ અને શ્રી અમરસિંહ ચૌધરીનાં વખાણ કર્યા છે, આ બધાનું એમાં યોગદાન છ, પરંતુ જે રીતે કહેવામાં આવ્યું કેઆ રાજયમાં પ્રગતિ થઈ નથી. તો આ છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાત રાજયમાં જે ગતિએ પ્રગતિ થઈ, જે હરણફાળ ભરી છે એમાં ગામેગામ લોકો ટી.વી. લઈને બેસતા થઈ ગયા છે, આજે ઈ-ગામ યોજનાને કારણે ખેડૂતોને ઘેર બેઠાં દસ્તાવેજોની નકલો મળે છે, ઉતારા બધા મળે છે. આ ગુજરાત એક એવું રાજય છે કે જયાં આખુ ગુજરાત ઈ-ગ્રામથી આખા વિશ્વ સાથે જોડાયેલ છે. તો આ બધા કામોમાં આપણે સહકાર આપીએ અને આખરે તો વિધાનસભામાં આપણે વિકાસ માટે તો ચૂંટાઈને આવીએ છીએ તો આ બધાં કાર્ય સારાં કર્યા હોય તો આપણે સૌ ભેગા મળીને કર્યા છે અને કરીએ એવો અનુરોધ કરું છું અને આ બજેટમાં સારી વસ્તુ છે કે ૨૦૧૦ માં ગુજરાત કયાં હશે? તો ગુજરાતને એ જગ્યા ઉપર મૂકવા માટે આ જે પ્રયત્ન થયો છે. નગરપાલિકાઓ અને શહેરી વિકાસ માટે, ગામડાંના વિકાસ માટેની યોજનાઓ મૂકી છે એ દાદ માગી લે તેવી છે. તો આવનાર દિવસોમાં ગુજરાતનો વિકાસ થાય તેવું બધા ભેગા મળીને કામ કરીએ.

**સભાપતિશ્રી:** આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય ડો. અનિલભાઈ જોષીયારા આપ પ્રવચન ચાલુ કરો.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી તેમનું જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે નાણામંત્રીશ્રી ખૂબ જ અનુભવી છે અને એટલે સમતુલિત વિકાસ માટે દરેક વિસ્તારને ધ્યાનમાં રાખીને બજેટ મૂકશે, પરંતુ એવી પરિસ્થિતિ પેદા થઈ નથી. ઘણાબધા સભ્યશ્રીઓ વાત કરતા હતા કે આદિવાસી વિસ્તાર માટે ખૂબ મોટું બજેટ ૧૫ હજાર કરોડ રૂપિયાનું આયોજન છે, પરંતુ એ મારા મિત્રો ભૂલી ગયા કે જે આ ગુજરાતનું ૧૧ મી પંચવર્ષીય યોજનાનું કદ છે એ કદ ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયાનું અને એની સરખામણીએ જયારે વસતિના ધોરણે આકારવામાં આવે તો એ ૧૬,૬૬૬ કરોડ થાય. એટલે ૧૬૬૬ કરોડ રૂપિયા જેટલા ઓછા પૈસા આ સરકારે ફાળવ્યા છે. એટલું જ નહીં, પરંતુ આયોજન પંચે એવો આગ્રહ રાખ્યો છે કે ૧૭.૫૭ ટકા બજેટની ફાળવણી આ વિસ્તાર માટે કરવી જોઈએ, તો એ ફાળવણી પણ થઈ નથી. એના લીધે આદિજાતિ વિસ્તારના વિકાસ માટે ૪,૫૨૨ કરોડ રૂપિયાનું નુકસાન થાય છે, એટલું જ નહીં, પરંતુ જે ગુજરાત પેટર્ન માટે પૈસા ફળવાય છે એ દરવર્ષે ઘટતા જાય છે. માનનીય નાણામંત્રીશ્રીનું પણ ગઈ વખત ધ્યાન દોર્યુ હતું કે ૨૦૦૭-૦૮ નું બજેટ હતું એ ૪૧૦.૧૮ કરોડનું હતું એ આ વખતે ગુજરાત પેટર્નનું બજેટ ૩૨૬ કરોડ રૂપિયાનું છે. એટલે ૮૪ કરોડ રૂપિયાનું નુકસાન ગયું છે. ત્યારે સર્વાંગી વિકાસ કેવી રીતે થઈ શકે? જુદા જુદા વિભાગોનું બજેટ વધતું જાય છે. પછાત વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે અને બે વર્ષ પહેલાં વાત કરી હતી કે દરેક તાલુકા મથકે સાયન્સ સ્કૂલ ખોલવામાં આવશે. તો સ્કૂલો તો ખોલી છે, પરંતુ સાયન્સ માટેના ખાસ કરીને ફીઝીકસ અને કેમેસ્ટ્રીના શિક્ષકો આપણે જોઈએ તો આજની તારીખે આવી શાળાઓમાં નથી. આજે છોકરાંઓએ ૧૧ મું ધોરણ પાસ કરી દીધું છે અને ૧૨ મા ધોરણમાં આવી ગયા છે ત્યારે ફીઝીકસ અને કેમેસ્ટ્રીના શિક્ષકો નથી તો એ શું ભણવાના છે? તો આ રીતે આ સરકાર આ સ્કૂલો ખોલ્યા પછી શિક્ષકો માટે ધ્યાન આપતી નથી. સાથે સાથે સરકાર એમ કહે છે કે ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરના ૪૫ લાખ નિરક્ષરો માટે ૧૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તો સરકાર આજે પણ સ્વીકારે છે કે આટલા બધા માણસો અત્યારે નિરક્ષર છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા ચાલતી જે સરકારી સ્કૂલો છે અને એકલવ્ય રેસીડેન્શીયલ સ્કુલો કે જે કેન્દ્ર સરકારના પૈસાથી ચાલે છે, તે સ્કૂલો ચાલુ થાય છે અને પછી એક કે બે વર્ષ થાય અને જોઈએ તો ત્યાં એન.જી.ઓ.ના બોર્ડ લાગી જાય છે. એટલે સરકાર વહેલી તકે કેમ આ સરકારી સ્કૂલો પ્રાઈવેટ બની જાય તેવા પ્રયત્નો કરતી હોય છે. અને તેમાં પણ કોઈ પારદર્શકતા નથી. તેને આપવા માટેના કોઈ ધોરણો હોવા જોઈએ, જાહેરાત હોવી જોઈએ, તેના માટે કોઈ જાહેરાત પણ આપવામાં આવતી નથી. એ જ રીતે આરોગ્ય વિભાગમાં પ્રાઈવેટ ડોકટરોનું ઈન્વોલમેન્ટ કરવામાં આવ્યું છે તે સારી બાબત છે. તાલુકા મથકની હોસ્પિટલો છે, સી. એચ. સી., છે, પી. એચ.સી. છે, અને કોટેજ હોસ્પીટલો છે તેમાં પથારીની સંખ્યા, આઉટડોર પેસન્ટ કેટલા છે અને ઈન્ડોર પેસન્ટ કેટલા છે તે પ્રમાણે કર્મચારીઓની સંખ્યામાં વધારો કરવો જોઈએ, અને એ પ્રમાણે મહેકમમાં જે વધારો કરવો જોઈએ તે આજ દિન સુધી કરવામાં આવતો નથી. અને એના લીધે ત્યાં ખૂબ મુશ્કેલી પડે છે. એ જ રીતે વિકસતી જાતી, બક્ષી પંચના સમાજો છે તે સમાજો માટે કોઈ જોગવાઈ કરવામાં આવતી નથી. અત્યારે જે જોગવાઈ કરવામાં આવી છે તે મશ્કરી રૂ૫૨૭૫ કરોડ જેટલી જ જોગવાઈ કરવામાં આવી છે. આજે ઠાકોર સમાજ, મદારી, વણજારા, ભાટ, બજાણીયા, તુરી આ જે સમાજો છે તેમાં શિક્ષણ બહુ ઓછું છે. એ સમાજમાં કોઈ નોકરી ખાસ કરતા નથી. એટલે તેવા સમાજોને બીજા સમાજની સાથે જોડવા હોય અને ઉંચે લાવવા હોય તો તેમના માટે કોઈ કોરપોરેશન કે બોર્ડની રચના કરીને તેને બીજા સમાજોની સાથે લાવવા જોઈએ અને સર્વિસમાં અને શિક્ષણમાં પણ તેમને પ્રાધાન્ય આપવું જોઈએ. અને સર્વિસમાં તેના માટે સ્પેશિયલ રિઝર્વેશન કરવું તે મને જરૂરી દેખાય છે.

હળપતિ ગૃહ નિર્માણ બોર્ડની પણે કોઈ જોગવાઈ કરી નથી. પાણી પુરવઠાની વાત કરીએ તો ૮૦ ટકા હેન્ડપંપ આજે ગામડાંમાં બગડેલા છે. સરકારે જાહેરાત કરી છે કે સરપંચ રિપેર કરશે. પણ આજે કોઈ સરપંચ તે રીપેર કરાવતા નથી. અને ગામડાંમાં પાણી મળતું નથી. લોકો પાણી મેળવી શકતા નથી. સરકાર એમ કહે છે કે સરકારે ચેક ડેમ બનાવ્યા, ખેત તલાવડી બનાવી, તળાવો ઉંડા કર્યા અને તેના લીધે આજે ભૂગર્ભ જળનું સ્તર ઉંચું આવ્યું છે તેમ કહે છે. પણ તેની સાથે સાથે જો ખરેખર ભૂગર્ભ જળ ઉંચા આવ્યા હોય તો ભૂગર્ભ જળ સ્ત્રાવ વિભાગ શા માટે ડાર્ક ઝોન ઉઠાવી લેવામાં આવતો નથી? ૨૦૦૮માં ઉર્જા વિભાગને છેલ્લે જાણ કરવામાં આવી છે કે કોઈને નવા કનેકશનો આપવા નહીં, તો જો સરકાર કહેતી હોય કે ભૂગર્ભ જળ સ્તર ઉંચા આવ્યા હોય તો શા માટે કનેકશન આપવામાં આવતા નથી.? બીજું કે જે ચેક ડેમો છે તેમાં પણ કોઈ પારદર્શકતા નથી. સરકારના એવા નીતિ નિયમો હોય છે કે ૨ા લાખ કરતા કોઈ પણ મોટું કામ હોય તો તેના માટે ટેન્ડર બહાર પડતું હોય છે. અને પછી કામ કરવું જોઈએ. જયારે આમાં કોઈ પણ ટેન્ડરો બહાર પાડવામાં આવતા નથી, જે પ્રાયોજક હોય છે તે પ્રયોજક પાસે જે કોન્ટ્રાકટરો હોય છે તેને કોન્ટ્રાકટરનું ખાતું પણ ખોલાવી દે છે અને તેના ચેકો પણ લઈ લે છે અને સહીઓ કરાવી અને ચેક લઈ લે છે એટલે આ મોટો ભ્રષ્ટાચાર ચાલી રહયો છે. તેના માટે ખરેખર તપાસ કરવી જોઈએ અને એમાં જે કંઈ યોગ્ય નિરિક્ષણ થતું હોય તે કરવાની જરૂર દેખાય છે.

સરકાર આજે કૃષિ મહોત્સવ યોજી અને આનંદ અનુભવી રહી છે. અને સંતોષ લઈ રહી છે. પણ ખેડૂતો ખૂબ હોંશિયાર માણસો છે.આપણને પણ શીખવાડે એવા હોય છે. અને ખૂબ અનુભવી માણસો હોય છે. એમને તમે મકાઈનું દસ કિલો બિયારણ આપી અને આર્થિક વિકાસ એનો ડબલ થઈ જશે તેવું માનવાને કોઈ કારણ નથી.

એમની જે જરૂરિયાત છેએ જરૂરિયાત પૂરી પાડવી એ જરૂરી છે. આજે તાલુકા મથકોએ જમીન ચકાસણીની જે ઓફિસો હતી તે આજે નથી અને બંધ થઈ ગઈ છે. એ જમીન ચકાસણીની ઓફિસો હોવી જોઈએ કે જેથી તેઓ એમના જમીનનું આરોગ્ય તપાસવા માટે તાલુકા મથકે જઈ શકે.. સરકારે એક સારી યોજના દાખલ કરી છે, માઈક્રો ઈરિગેશનની ખૂબ સારી યોજના દાખલ કરી છે. પણ તે યોજનાના અમલીકરણ માટે ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા એવા એજન્ટો પેદા થઈ ગયા છે કે તાલુકા મથકે તેમના માટેની કોઈ વ્યવસ્થા નથી. મારી સરકારને વિનંતી છે કે આ સારી યોજનાનો અમલ કરવો હોય તો તાલુકા મથકોએ ચોકકસ આયોજન કરો અને એમાં જે સરકારી માણસની જરૂરીયાત હોય તે માણસો ત્યાં બેસાડો અને તેમના મારફત પ્રચાર અને પ્રસાર કરીને તેનો લાભ ખેડૂતો સુધી પહોંચાડવો જોઈએ. તો જ ખેડૂતોને સારામાં સારો ફાયદો મળી શકે. આજે પરિસ્થિતિ એ થઈ છે કે ખેડૂતોને જે માઈક્રો પધ્ધતિ દાખલ કરવી હોય  તો તેમના ખેતરમાં એજન્ટો મુકી જાય છે. પણ આ નળી બ્લોક થઈ જાય છે અને પાછળથી સાંભળતા નથી, તેની ઘણી ફરિયાદો હોવા છતાં કોઈ સાંભળવામાં આવતું નથી.. રસ્તાઓની વાત કરીએ તો આજે બજેટમાં સારી જોગવાઈ હોય છે પણ જો ગામડાંના રસ્તાઓ જોઈએ તો તે ખૂબ ખરાબ હાલતમાં છે. આજે ગામડાંના મેજર ડીસ્ટ્રીકટ રોડ હોય કે ઓ.ડી.આર.હોય કે અધર ડીસ્ટ્રીકટ રોડ હોય, કે વીલેજ રોડ હોય, અથવા બે તાલુકાને જોડતા રોડ હોય કે બે સ્ટેટને જોડતા રોડ હોય તે રસ્તાઓની પરિસ્થિતિ ગામડાંમાં ખૂબ ખરાબ છે. અને તેના માટેની ઘણી બધી રજુઆતો થાય છે પણ કંઈ સાંભળવામાં આવતું નથી. એ જ રીતે ઉર્જામાં આજે વીજળી મળે છે તે ગામડાંમાં આજે ૮ કલાક પણ પૂરતી વીજળી મળતી નથી. અને રાતના સમયે મળે છે જેથી ખેડૂતો આજે ખેતી કરી શકતા નથી. અને જે વીજળી મળે છે તે ખૂબ જ મોંઘી મળે છે જેથી જેટલું કમાય છે તેટલું વીજળીના બિલમાં જાય છે. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે દરેક વખતે જે ફયુઅલ ચાર્જીસના નામે ભાવ વધારો કરવામાં આવે છે તે ભાવ ઓછો કરવો જોઈએ અને તે પ્રમાણે વીજળી આપવી જોઈએ.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગૌરવસમુ અને સર્વાંગી વિકાસલક્ષી અને પાંચ કરોડ ગુજરાતીઓના સપના સાકાર કરાવતું માનનીય નાણામંત્રીશ્રી વાળા સાહેબે ૧૪મી વખત બજૅટ રજૂ કર્યુ તે બદલ અભિનંદન પાઠવું છું.

ગુજરાતના ગૌરવસમુ માનવગરિમાને મહત્ત્વ આપતું વિશાળ કદનું ૧૧ ટકા વધારા સાથેનું ૨૩૨૭૫ કરોડના બજૅટને મારુ અનુમોદન છે. આ બજૅટમાં શ્રીવાળા સાહેબના લાંબા અનુભવનો નિચોડ છે અને વિક્રમી બજૅટ રજૂ કરનાર નાણામંત્રીશ્રી અભિનંદનને પાત્ર છે.

આ બજૅટમાં આરોગ્ય અને કુટુંબ કલ્યાણ માટે ૧૦૭૨ કરોડની જોગવાઈ કરીને નાણામંત્રીશ્રીએ સર્વજનહિતાય, સર્વજનસુખાય તેમજ સર્વે સન્તુ નિરામયાની ભાવના રાખી છે જે સરાહનીય છે.

મહિલાઓના સર્વાંગી વિકાસ અને બાળ કલ્યાણ માટે નાણામંત્રીશ્રીએ ૭૩૦ કરોડની જોગવાઈ કરી મહિલાઓનું હિત અને બાળકોનું હિત કર્યુ છે તે પ્રશંસાનેપાત્ર છે.

અનુસૂચિત જાતિ, જન જાતિ અને સમાજના પછાત વર્ગોની હરહંમેશ ચિંતા કરનાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ ૪૮૬૧ કરોડની જોગવાઈ કરી ગરીબોના બેલી તેમજ ગરીબોના હામી સાબિત થયા છે.

૨૦૧૦માં "સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" જાહેર કરી નાણામંત્રીશ્રીએ બજૅટને ચાર ચાંદ લગાવી દીધા છે અને આ પેટે ૭૦૦૦ કરોડ ખર્ચાશે.  શિક્ષણ માટે ૧૬૦૦ કરોડ ખર્ચ કરીને શિક્ષણનું સ્તર ઉંચુ આવશે.

જળ એ જીવન છે એ સૂત્ર ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રજાને પાણીની તકલીફ  ન પડે તે માટે " પાણી પુરવઠા યોજના" અને નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના માટે ૫૪૦ કરોડની જોગવાઈ કરી છે તે યોગ્ય છે.  પાણી પુરવઠા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સાહેબના વાસ્મો યોજનાએ પરદેશમાં ગુજરાતનું નામ ગાજતું કર્યુ છે તે બદલ અભિનંદન.

ગરીબ માછીમારો માટે સાગરખેડુ યોજના તેમજ વનબંધુ યોજના ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરી ગરીબો અને છેવાડાના માનવીને ન્યાય આપ્યો છે તે સરાહનીય છે.

ગુજરાતના ખેડૂતને સદ્ધર બનાવવા નાણામંત્રીએ ૧૪૪૩ કરોડની જોગવાઈ કરી છે. તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ માટે ૮૨૭ કરોડની જોગવાઈ કરી છે. ગરીબ ખેડૂતોને ખેતીના સાધનો આપવાનું નાણામંત્રીનું કામ પ્રસંશાને પાત્ર છે.

શહેરી વિકાસ, ગ્રામ વિકાસ તેમજ શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના અને શહેરી ગરીબો માટે આવાસ યોજના દાખલ કરી છે તે પુણ્યનું કામ કર્યુ છે. જ્યારે શહેરી સમૃદ્ધ લોકો માટે ડી.ટી.એચ. ઉપર વાર્ષિક ૨૦૦ રૂપિયાનો કર યોગ્ય છે.

નગરપાલિકાઓના વિકાસ માટે ૧૮૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે અને ભૂગર્ભ ગટર યોજના દાખલ કરી નગરપાલિકાઓને સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ કર્યો છે તે યોગ્ય છે.

ગુજરાતની પ્રજાને ઝડપી ન્યાય મળે અને કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે ૧૪ નવી કોર્ટોનું આયોજન કર્યુ છે જે સાચી દિશાના બજૅટના દર્શન કરાવે છે.

આતંકવાદનો સામનો કરવા અને પોલીસતંત્રનું સંપૂર્ણ આધુનિકરણ કરવા ખાસ જોગવાઈ કરી છે, અને રાજયમાં નવા પોલીસ સ્ટેશનો સ્થાપી પ્રજાને ભયમુકત કરવાનો પ્રયાસ હિંમતભર્યો છે.

વૈશ્વિક મંદીને કારણે ઉદ્યોગો કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે ત્યારે નાણામંત્રીશ્રીએ આકર્ષક યોજનાઓ દાખલ કરી છે.

ગ્લોબલ વોર્મિંગ તેમજ કલાઈમેટ્સ ચેન્જ માટે આગોતરું આયોજન કરનાર નાણામંત્રી દૂરંદેશી તેમજ વિચક્ષણ બુદ્ધિ ધરાવે છે તે ગૌરવ સમાન છે.

આમ ૫૩.૭૬ કરોડના પૂરાંતવાળુ, સર્વાંગી વિકાસને વેગ આપનારુ છેવાડાના માનવીને વિકાસનું ફાળ આપનાર અને ગુજરાતની ગરિમાને ગૌરવ વધારનાર વિક્રમી બજૅટ રજૂ કરનાર નાણામંત્રીશ્રીને ધન્યવાદ આપું છું.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પ દૃષ્ટા જેઓએ સાડા પાંચ કરોડ ગુજરાતીઓના વિકાસનું આંજણ આંજયું છે ત્યારે ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૦ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે સન્માનનીય સભાગૃહમાં વર્ષ ૨૦૦૯-૧૦નું ફેરફારવાળુ અંદાજપત્ર માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ રજૂ કરે છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ૧૪મી વખત આ સન્માનનીય સભાગૃહમાં અંદાજપત્ર રજૂ કર્યું છે તે બદલ તેઓને લાખ લાખ અભિનંદન પાઠવું છું. ગુજરાતના વિકાસના ફળ નાનામાં નાનો વ્યકિત અને દૂર છેવાડામાં વસતો માનવી પ્રાપ્ત કરે તેવા આયોજનની ઉપરોક્ત અંદાજપત્રમાં પ્રતીતિ થાય છે અને ગુજરાતના વિકાસની આ વણથંભી વિકાસ યાત્રા અને ગુજરાતની પ્રજાના ખમીરની પ્રતીતિ માત્ર દેશને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને થશે ત્યારે દરેક ગુજરાતીઓ પોતે ગુજરાતી છે તેવો ગર્વ લેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક વિકાસ દરની વાત કરીએ તો ૧૧મી પંચવર્ષીય યોજનામાં રાષ્ટ્રનો વિકાસ દરનો લક્ષ્યાંક ૯ ટકા છે. જ્યારે ગુજરાતના આર્થિક વિકાસ દરનો લક્ષ્યાંક ૧૧.૨ ટકા દર્શાવે છે. વિકાસ દરમાં ગુજરાત હરણફાળ ભરી રહેલ છે અને પ્રથમ વર્ષમાં ૧૨.૭૯ ટકાનો ધરખમ આર્થિક વિકાસ હાંસલ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીએ તો શિક્ષણમાં વર્ષ ૨૦૦૪-૦૫માં રૂા.૫૬૫ કરોડની જોગવાઈ હતી. તેને માત્ર પાંચ વર્ષમાં ત્રણ ગણી કરીને વર્ષ ૨૦૦૯-૧૦ માટે સૂચિત જોગવાઈ ૧૬૦૦ કરોડની કરેલ છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ભિક્ષુક બનીને " હું ભિક્ષુક છું અને તમારી દીકરીને ભણાવવા માટેનું મને વચન આપો." શિક્ષણની સુધારણા માટે એક જન આંદોલન ઉપાડીને વિદ્યા સહાયકની ભરતી, ઓરડાઓનું નિર્માણ, વિદ્યાલક્ષ્મી બૉન્ડ, વિદ્યાદીપ યોજના, શાળાનો આરોગ્ય કાર્યક્રમ જેવા કાર્યક્રમો કરી ડ્રોપ આઉટ રેટમાં સંતોષકારક ઘટાડો નોંધાવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ કહીશ કે આરોગ્ય અને પરિવાર કલ્યાણની વાત કરીએ તો વર્ષ ૨૦૦૮-૦૯માં ૪૩.૫ ટકાના વિક્રમી વધારા સાથે વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂા. ૧૦૭૨.૨૫ કરોડ દર્શાવે છે કે સરકારશ્રી આરોગ્ય ક્ષેત્રે પણ અન્ય રાજયો કરતા અગ્રેસર છે. સરકારશ્રીની ચિરંજીવી યોજના દેશમાં એક આદર્શ યોજના સાબિત થયેલી છે. આ વર્ષે આપણે નિરોગી બાળ વર્ષ પણ ઉજવી રહ્યા છીએ. રાજયના તબીબી શિક્ષણ ક્ષેત્રે ચાલુ સાલે થયેલ સીટના વધારા બદલ આરોગ્ય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. સિવિલ હૉસ્પિટલ અમદાવાદમાં ૨૮૦૦ પથારી વધારીને ૪૨૮૦ની કરવા અને હયાત સંકૂલોના નવીનીકરણ કરવા માટે ૯૧૧ કરોડના મહત્ત્વાકાંક્ષી પ્રોજૅકટનો માસ્ટર પ્લાન, વર્ષ ૨૦૧૦માં રૂા. ૧૦૦ કરોડની જોગવાઈ બદલ હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની વાત કરીએ તો ૨૦૧૦ માટે ૧,૫૪૯.૨૫ કરોડની સૂચિત જોગવાઈ કરેલ છે. મારા પંચમહાલ જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાનું કામ હાલ ચાલે છે અને મારા મતવિસ્તાર હાલોલ, જાંબુઘોડા, કાલોલ, ઘોઘંબા, ગોધરા સહિત નર્મદા આધારિત પાણીની ૨૨૦ કરોડની યોજના માનનીય સરકારશ્રીએ મૂકેલ છે જેનું કામ પૂર્ણતાના આરે છે. આવા અનેક વિકાસના કામો આ અંદાજપત્રમાં મૂકેલા છે. જેના માટે હું માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ સન્માનનીય સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રી જ્યારે જયોતિગ્રામ યોજના લાવ્યા ત્યારે આ જ સામેના મિત્રો કહેતા હતા કે ૧૮,૦૦૦ ગામોમાં આ અશક્ય વસ્તુ છે. જ્યારે ગામડાંનો માણસ જમવા બેસતો હતો ત્યારે વીજળી ડૂલ થઈ જતી હતી. પણ આ જયોતિગ્રામ યોજના આવવાથી ૧૮,૦૦૦ ગામડાંઓની અંદર જયોતિગ્રામ યોજનાના આધારે આજે ૨૪ કલાક વીજળી મળે છે. પાવાગઢ ખાતે ભારત દેશના રાષ્ટ્રપતિ માનનીય અબ્દુલ કલામ સાહેબ જ્યારે પધાર્યા ત્યારે આ દેશના દરેક રાજયમાં આ જયોતિગ્રામ યોજના બને એવું તેમણે સૂચન કરેલું. આ સભાગૃહમાં માનનીય મિત્રો કહેતા હતા કે આ નરેન્દ્ર મોદી સાહેબ દિવસે સ્વપ્ના જૂએ છે. પણ મારે મિત્રોને કહેવું છે. દિવસે સ્વપ્ન જુએ અને સાકાર કરે એ જ અમારા નરેન્દ્રભાઈ મોદી સાહેબ છે. જેમણે ૧૮૦૦૦ ગામડાઓ માટે જ્યોતિ ગ્રામ યોજના મૂકીને ગામડાઓમાં વીજળીકરણ કર્યું છે. આજે

ગુજરાતની અંદર ૨૪ કલાક વીજળી મળે છે. માનનીય વજુભાઈ સાહેબ જે બજૅટ લઈને આવ્યા છે એને હું ખૂબ ખૂબ આવકારું છું અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૯-૧૦ના વર્ષ માટેનું જે બજૅટ લઈને આવ્યા છે એમાં હું સંમત થઈ શકું તેમ નથી. (અંતરાય) તમને વાંધો ન હોય, અમને વાંધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ઉત્સવ પ્રિય, જાહેરાત પ્રિય અને દેખાવ પ્રિય અને દેખાવ પ્રિય એટલા માટે કહેવા માગું છું કે, કહેવાનું કંઈ અને કરવાનું કંઈ. મારા શાસકપક્ષના મિત્રોએ કહ્યું કે, આ સરકાર ઔદ્યોગિક ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે, ઊર્જા ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે ખૂબ જ હરણફાળ અને ક્રાંતિકારી પગલાં લીધાં છે. માનનીય નાણાંમંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં પેજ નંબર-૨૩ ઉપર ઉદ્યોગ અને ખાણ માટે રૂ.૯૫૧ કરોડની જોગવાઈ કરી છે. એક લાખ સિત્તેર હજાર લોકોને રોજગારી કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા અને એમાં ફક્ત રૂ.૭૯૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. આ આંકડાઓ ભરમાવા જેવા છે. એક લાખ સિત્તેર હજાર લોકોને સરકારની ઔદ્યોગિક નીતિને લીધે રોજગારી મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મધ્ય ગુજરાતની અંદર આજે લગભગ ૧૫ વર્ષથી નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો જી.આઈ.ડી.સી.માં બંધ છે. રૂ.૯૫૧ કરોડની જોગવાઈ સામે એક લાખ સિત્તેર હજાર ગ્રામ્ય બેરોજગારોને રોજગારી આપવા માટે રૂ.૭૯૦૦૦ કરોડ એ ખરેખર શોભાસ્પદ નથી. એના અનુસંધાને વાત કરું છું. જૂનો પંચમહાલ કહેવાતો હતો. પંચમહાલ જિલ્લો પથ્થર, પરસેવો અને પાણીનો નિકાલ કરે છે. મને એ વાતનું દુ:ખ છે કે, અહીંયાં પૂર નિયંત્રણ માટેની જોગવાઈ કરી છે. આજે વરસાદ ખેંચાય છે. તમામ સભાગૃહના સદસ્યો જાણે છે કે, પંચમહાલ, દાહોદ અને મધ્ય ગુજરાતમાં દસ મિલિમિટર જેટલો વરસાદ પણ પડ્યો નથી અને પૂર નિયંત્રણ માટેની જોગવાઈ કરી છે, બીજી જોગવાઈઓ કરી છે પણ દુષ્કાળ નિવારણની જોગવાઈ નથી કરી. આજે ઘ ાસચારાની તંગી છે. ઘાસ લેવા માટે લોકો ઘાસ ડેપો પર લેવા જાય તો તાત્કાલિક ઘાસ મળતું નથી. પાણીની અછત એટલા માટે છે કે, જૂના હેન્ડપંપો છે એ બગડી જાય છે અને આ સરકારની નીતિની એટલા માટે વાત કરી રહ્યો છું કે સરપંચોને એવું કહેવામાં આવ્યું કે સરપંચોએ આ હેન્ડપંપો રિપેર કરી નાખવા. એક હેન્ડપંપ દીઠ એમને રૂ.૫૦૦/- આપવામાં આવે છે. આ સરપંચોને ટેકનીકલી જાણકારી નથી. આજે મોટા ભાગના હેન્ડપંપોના સિલિન્ડરોના અભાવે ફળિયાઓમાં પાણીની અછત છે. આજે હું ગંભીર વિચારસરણીના ભાગરૂપે ઊભો થયો છું ત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ પૂર નિયંત્રણ માટે જોગવાઈ કરી છે. પરંતુ આપણે ૧૫મી જૂને વરસાદ માગીએ પણ આજે ૭મી જુલાઇ થઈ તો આજે દસ મિલિમિટર પણ વરસાદ નથી. મૂંગા ઢોરો માટે ઘાસ નથી, પીવા માટે પાણી નથી, તળાવો સુકાઈ ગયાં છે. પાણી અને ઘાસચારા માટે અને લોકોને રોજીરોટી માટે આજે કોઈ આયોજન નથી એનું મને દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એ કહેવા માગું છું કે, મારા સાથી શાસકપક્ષના મિત્રોએ કહ્યું કે, ૮ કલાક વીજળી મળે છે. હું આ ગૃહને જણાવવા માગું છું કે, ગુજરાત રાજયની અંદર ખેતી વિષયક જોડાણ માટે ૧૯૯૮થી ૨૦૦૯ની ૭ જુલાઇ સુધી મારો ખ્યાલ છે ત્યાં સુધી લાખો લોકોની અરજીઓ બાકી છે. આપ સરકારમાં બેઠા છો. ખ્યાલ રાખજો. આઠ કલાક નહીં, ચારથી પાંચ કલાક પણ વીજળી મળતી નથી. હું પણ ખેડૂતનો દીકરો છું. વીજળી રાત્રે દસ વાગ્યે આવે અને ૩ વાગ્યે જતી રહે. કાંતો ૧૨-૦૦ વાગે જતી રહે. ખેડૂતે મોટર ચાલુ કરી હોય અને એક છેવાડેથી બીજે છેવાડે જાય તો પાણી ત્યાં સૂકાઈ ગયું હોય. અને ફરીથી પાણી માટે મોટર ચાલુ કરે તો એનો ટાઈમ પૂરો થઈ જાય. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની પ્રજા, ખેડૂતો અને આમજનતા ત્રાહીમામ થઈ ગઈ છે ત્યારે હું આ બજેટ સાથે સહમત થઈ શકું તેમ નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ જે બજેટ લઈને આવ્યા છે એ વાસ્તવિકતા એ બજેટ ખૂબ આવકારદાયક એટલા માટે છે કે મારે અગાઉની સરકારોમાં જે બજેટો આવતા હતા અને ભૂતકાળ તરફ નજર કરું તો હું ગામડામાંથી આવેલો એક ખેડૂતનો દીકરો છું. એટલા માટે મને એવી વાત લાગે છે કે માનનીય સભ્યશ્રીઓ જે વાત કરતા હતા એમાં મારે આ રાજયનું આજે શાસન છે એ અગાઉનું ૧૯૯૫ પહેલાનું શાસન અને ૧૯૯૫ પછીનું શાસન આના બે ભાગલા કરીને વર્ણવું તો આ ગામડું કેવું હતું. ૧૯૯૫ પહેલાનું ગામડું પાણી વગર ટળવળતું ગામડું, રસ્તા વગરનું ગામડું, લાઈટ વગરનું ગામડું રોજગારી માટે તડપતું આ ગામડું, સૂકી ખેતીવાળું આ ગામડું, શિક્ષણ વગરનું આ ગામડું, બસોની સુવિધા વગરનું આ ગામડું, ચેકડેમ અને આડબંધ વગરનું આ ગામડું અને ગરીબીથી ત્રસ્ત આ ગામડું. આ ૧૯૯૫ પહેલાનું આ ગામડું, અને ૧૯૯૫ પછીનું આ ગામડું, એ ૧૯૯૫ પછીના ગામડાની વાત કરું તો સમૃદ્ધ ગુજરાતનું ગામડું, વિકાસશીલ ગામડું, લાઈટની રોશનીથી ધબકતું ઝબકતું ગામડું, પાકા રસ્તાથી જોડાયેલું ગામડું, હરિયાળી ખેતીનું આ ગામડું, પ્રાથમિક સ્કૂલો, હાઈસ્કૂલોના અભ્યાસોથી શિક્ષિત આ ગામડું, ચેકડેમો અને આડબંધોના પાણીથી છલકતું આ ગામડું, સુખી સમાજ અને સુખી સમૃદ્ધ આ ગામડું, આજે મારા છેવાડાના ગામડે ગામડે ટી.વી. હોય, ગામડે ગામડે ફ્રીજ હોય આવું સુખી અને સમૃદ્ધ ગામડું, આ ૨૦૦૦ની સાલ પછીના આ જે ગામડા છે તમે તો શું શું આપ્યું છે એ તમને ખબર છે. હમણાં વાતો કરતા હતા માનનીય વિરોધપક્ષના સભ્યો તરફથી એક વાત આવતી હતી કે અમે જ બધું કર્યુ, તમે કર્યુ અમે કયાં ના પાડીએ છીએ, તમે શું કર્યુ, તિજોરીનું તળિયું જ નહોતું તમે કરો

શું? તિજોરી જ આખી ખોલીને રાખી દીધી હતી. તળિયા વગરની તિજોરી આ અમારા મર્દ મુખ્યમંત્રી આવ્યા અને એ તમારા તિજોરીના પાડેલા કાણા બધા બંધ કર્યા. આ તમે તો કાણા અને તળીયા વગરના, મને આ વાત કહેતાં જરા પણ સંકોચ નથી થતો કે ગુજરાતના મુખ્યમંત્રીની જે દીર્ઘદ્રષ્ટિ છે એના કારણે જો આવી દીઘ દ્રિષ્ટિવાળા પહેલા મુખ્યમંત્રી હોતને તો હું એક દાખલો આપુ છું મારા કચ્છનો. કચ્છમાં ૧૯૭૫થી આ તમે કોંગ્રેસમાં અમે ત્યાં કહીએ છીએ આ કોંગ્રેસી બાવળ તમે વાવ્યા, એને અમે કોંગ્રેસી બાવળ કહીએ છીએ પણ એમાંથી રોજીરોટી પ્રાપ્ત થાય એ તમને ખ્યાલ નહોતો, આ દીર્ઘદ્રષ્ટિ મુખ્યમંત્રીશ્રીએ આ બાવળ કાપવાની અને તેમાંથી કોલસા બનાવવાની ૨ વર્ષની છૂટ આપીને તો કચ્છમાં ૬૦૦ કરોડ રૂપિયાની આમદાની થઈ, છેવાડાનો ગરીબ માણસ એની પેટની એ ભૂખ તૃપ્ત થઈ, અને તમે ખાલી વાતો કરી, આ લોકસભાની ચૂંટણી પહેલા વચનો આપતા હતા, આ વચનોની વાત હતી એના વચનોની વાત ઉપરથી ગઈકાલે તમારું જે બજેટ આવ્યું એ બજેટે બધું પાધરું કરી દીધું. મને એક પ્રસંગ યાદ આવે છે. છેવાડાનો એક ખેડૂત એ પોતાના ગામમાં ખેતી કરતો હતો. એ ખેતી કરતો હતો ત્યારે હળની જે કોસ હતી એની ધાર ઘસાઈ ગઈ. એ ગયો મિસ્ત્રી પાસે અને કહ્યું કે મને આ હળની ધાર કાઢી દેને.તો આ લુહાર હતો એ એની માની નાડ પકડીને બેઠો હતો. એ કહે હું મારી માંની નાડી તપાસું કે તારી કોસ ટીપી દઉં? તો કહે તમે એક કામ કરો, મારે ખેતી સુકાય છે એટલે તમે મારી કોસની ધાર તમે કાઢો અને તમારી માની નાડ હું પકડું. આમ બન્ને વચ્ચે સમજૂતી થઈ. પેલો લુહાર કોસની ધાર કાઢવા બેઠો અને ખેડૂતે લુહારની માંની નાડ પકડી રાખી. લુહારે કોસની ધાર કાઢી દીધી અને કહ્યું કે લે આ તારી પૂરી તો પેલાએ એની માંની નાડી છોડીને કહ્યું કે આ તારી પણ પૂરી.આ બજૅટે બધાનું પૂરું કર્યું. તમારા આ બજૅટમાં મોંઘવારી અને છેવાડાના ગરીબ માનવીની ચિંતા કરી? તમારા ઠાલા વચનોથી નહીં ચાલે. એને પેટનો ખાડો પૂરવા રોટલો જોઈએ. ગરીબ માણસ ખાવાની ખિચડીની વાત કરતો હોય ત્યારે એને તમે ખિચડી આપી? ગઈકાલના બજૅટમાં વાત કરી? આજે એક કિલો મગનો ભાવ ૫૫ રૂપિયા છે. આજે એ છેવાડાનો ગરીબ માણસ ખિચડી ખાવા જેટલો પણ સક્ષમ નથી એની ચિંતા તમે કરી? આવા સંજોગોમાં આપણા ગુજરાતની આ સરકાર અને ગુજરાતની સરકારના આ માનનીય મુખ્યમંત્રીશ્રી અને એમના વિવિધ એકમો તરફથી જે વિકાસની વાતો કરવામાં આવી છે એમાં તમે જુઓ તો ખરા? આવા રસ્તાની તમે કોઈ દિવસ કલ્પના પણ કરી હતી ખરી? ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ બધા જ રસ્તા હોય. પૈસા અમે લાવ્યા છીએ. તમારા ઉપર કોઈ ભરોસો કરતું ન હતું. એકેય ઉદ્યોગપતિ પણ આવતો ન હતો. આજે આખા ભારતના ઉદ્યોગપતિઓ આ ગુજરાતમાં જમા થયા હતા. તમે કંકોતરી લખો તો પણ એકપણ આવતો નથી. આ રોડ અને રસ્તા માટે તમે વિચાર કરો કે ગુજરાતની સરકારે બજૅટમાં પ્રાધાન્ય આપ્યું છે. પીપાવાવથી અંબાજી અને આબુ તમે ફરવા માટે જતા હતા. નારાયણ સરોવરથી સીધી દાહોદ સુધી પંચમહાલના મિત્રો માટે કચ્છથી રસ્તો આપ્યો. સુરત-આહવા, દહેજ-સાગબારા, વાપી-શામળાજી. (અંતરાય) રાજ્ય સરકાર માગે છે એ રૂપિયા પણ કેન્દ્ર સરકાર આપતી નથી. મને એક વાત યાદ આવી. વાત વાતમાં કેન્દ્ર સરકાર. અમારે ત્યાં એક શક્તિભા બાપુ હતા.

**અધ્યક્ષશ્રી** : જે લોકો ગૃહમાં હાજર ન હોય એનું નામ નહીં આપો. નામ દીધા સિવાય વાત કરો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, એક બાપુ હતા. એ બાપુ રાજી થયા એટલે ઢોલવાળાને બોલાવ્યો અને કહ્યું કે આજે મારે ત્યાં ઉત્સવ છે એટલે બરાબર ઢોલ વગાડો. હું તમને ખુશ કરીશ. પેલાએ બે કલાક ઢોલ વગાડ્યો પછી બાપુ પાસે ગયો. બાપુ કહે સમય આવ્યે ખુશ કરીશ. ફરી બાપુએ થોડા દિવસ પછી પેલા ઢોલવાળાને બોલાવ્યો અને ઢોલ વગાડવાનું કહ્યું. પેલાએ ફરી ઢોલ વગાડ્યો અને જ્યારે બાપુ પાસે ગયો ત્યારે બાપુ કહે સમય આવશે એટલે ખુશ કરીશ. હવે બાપુને ત્યાં છોકરો આવ્યો એટલે ઢોલવાળો રાજી થયો કે હવે આજે તો બાપુ ચોક્કસ કંઈક આપશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. માનનીય બચુભાઈ કિશોરી..

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાને સતત ખૂબ જ અન્યાય થતો આવ્યો છે એમ કહું તો ખોટું નથી. આ સરકાર ઉત્સવો કરે, જાહેરાતો કરે અને યાત્રાઓ કાઢે ત્યાં સુધી બરાબર છે. પણ ખરેખર આજે શિક્ષિત બેકારોની સ્થિતિ જોતાં એમની યાત્રાઓ કાઢવાનો સમય આવી ગયો છે એમ કહું તો ચાલે. મારે આ વાત કહેવાની એટલા માટે જરૂર ઊભી થઈ છે કે દાહોદ જિલ્લામાં શિક્ષિત બેકારોની એટલી ગંભીર પરિસ્થિતિ છે કે એની કલ્પના પણ ન કરી શકો. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું જોઈએ કે, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં કુલ ૧૦,૪૮૪ શિક્ષિત બેકારોની નોંધણી બે વર્ષમાં થઈ અને આ બે વર્ષ દરમ્યાન નોકરી કેટલાને આપી? ૨૦૦૭-૦૮ માં માત્ર ૧૯ જણાને નોકરી આપવામાં આવી. ૨૦૦૮-૦૯ માં માત્ર ૪૭ ને નોકરી આપવામાં આવી. આમ બે વર્ષમાં માત્ર ૬૬ ને નોકરી આપવામાં આવી છે. જ્યારે શિક્ષિત બેરોજગારો બાકીના કેટલા રહ્યાં? ૧૦૪૧૮ એ માત્ર બે વર્ષમાં નોંધાયેલા છે. મારે કહેવાનું એ છે કે માત્ર કેળવણીની યાત્રાઓ નહિ પણ હવે આજે શિક્ષિત બેકારોની યાત્રા કાઢવાનો સમય આવી ગયો છે આમ મારે આ સરકારને કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યંત ગંભીર પરિસ્થિતિ છે. આજે દાહોદ જિલ્લાના જે માત્ર પરસેવો પાડવાનું કામ કરવાનું હોય તો દાહોદ જિલ્લો કરે છે અને આખા ગુજરાતને જે મજૂરો પૂરા પાડવાનું કામ પણ દાહોદ જિલ્લો કરે છે. આજે દર વર્ષે દાહોદ જિલ્લામાંથી ઓછામાં ઓછા પાંચ લાખ એવા કુટુંબો છે કે જે રોજગારી માટે બહારગામ જાય છે. એમાં કેટલાક શહેરોમાં જાય છે અને કેટલાક બીજા વિસ્તારોમાં પણ જાય છે ત્યારે એ લોકો ત્યાં ગયા પછી ખરેખર કઈ પરિસ્થિતિમાં જીવે છે એની આમાં કોઈ જોગવાઈ આ સરકારે વિચારી છે ખરી? ગમે તેટલા શહેરોને સુધારવાની વાત કરીશું પણ જે આદિવાસી અને ગામડામાંથી આવેલા છે એ ગંદી ગટરોમાં પડ્યા છે અને એ જો ગંદી ગટરોમાંથી બહાર કાઢવાનું કામ નહિ કરીએ ત્યાં સુધી શહેરોમા સુધારો નહિ આવે કેમ કે, પેલા લોકો ખુલ્લામાં પડ્યા છે, ઉપર આભ અને નીચે જમીન છે. આજે આ પાણીનો સમય હોય એ કયાં, શું કરતો હશે એની કોઈ કલ્પના કરે છે ખરી? આમાં કોઈ આવી જોગવાઈ નથી ત્યારે આ લોકો માટે જે લોકો મજૂરી કરે છે એમને ખરેખર આવા શહેરોમાં પણ રેનબસેરા અને અન્ય સુવિધા મળે એવી પણ જોગવાઈ કરવાની ખરેખર જરૂર છે. આ લોકોને અમારી બહેનો રોજગારી માટે આવ્યા પછી એમની લાજ-મર્યાદા પણ સચવાતી નથી. એમને રોજગારી પણ પૂરતી મળતી નથી અને ઘણીવાર એમને ખોટી રીતે કેટલાક ભગાડી જાય છે અને આવા કિસ્સા પણ કેટલાક બને ત્યારે આમને રક્ષણ મળે અને ખરેખર આ જે લોકો બહાર આવે છે તેમને તમામ સુવિધાઓ મળે તેવી પણ સુવિધાની જોગવાઈ કરવાની જરૂરિયાત છે એમ હું માનું છું. ઘણીવાર આ શિક્ષિત બેકારોની વાત કરું તો જે બેકારો છે પછી છેલ્લે એમને નાછુટકે કોઈ રોજગારી ના મળવાથી ખોટા ધંધે ચઢે છે. કાં તો મોટર-સાયકલની ચોરી કરેશે કે બીજું કરશે ત્યારે આવા બેરોજગારો છેને એમને ખરેખર બેરોજગારીનું કોઈક ને કોઈક સાધન આપવું જોઈએ અથવા તો એને રોજગારી ભથ્થું પણ આપવાની જરૂર છે એમ પણ હું પોતે માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહારની વાત કરું. દાહોદ જિલ્લાની વાત કરીએ તો દાહોદ ડેપો એ ગુજરાતમાં કદાચ સૌથી વધારેમાં વધારે આવક આપતો ડેપો છે અને ત્યાંથી હજારો અને લાખોની સંખ્યામાં બહારગામ લોકો જાય છે ત્યારે એ ડેપોની સ્થિતિ જોવો સાહેબ. એ ડેપોની સ્થિતિ આજે ગામડાના લોકો બહાર પડી રહે છે. એ લોકોને કોઈ એ નથી ચોમાસું હોય, ઉનાળો હોય કે ગમે તેવી પરિસ્થિતિ હોય ત્યારે આ જે ડેપોને અદ્યતન બનાવવાની વાત વિચારવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આમાં જોગવાઈ કરી છે કે ૧૦ બસડેપોને અદ્યતન બનાવવા છે પણ. બીજી વાત મૂકી છે શું? લોકભાગીદારી. અરે લોકો પાસે પૈસો નથી, ખાવાનું નથી, મજૂરી નથી એ લોકો કયાંથી તમને ભાગીદારી આપવાના છે? અને આ ભાગીદારીના નામે જે ચાલે છે એ વાત ખરેખર દાહોદ જિલ્લા માટે ખૂબજ અન્યાયકર્તા છે. દાહોદ જિલ્લાને જો સાચો ન્યાય આપવો હોય તો ત્યાં તમે ૧૦૦ ટકા રકમ આપો અને એ બસસ્ટેન્ડને અદ્યતન બનાવો અને આ રીતે જો અદ્યતન બનશે તો કમસેકમ એ લોકો છાંયડે તો બેસસે. અને સાથે સાથે આ હજારો બસો આપી છે. દાહોદ જિલ્લાની બસોની પરિસ્થિતિ શું છે? દાહોદ જિલ્લાની વાત કરું તો ત્યાં ભંગાર બસો દોડે છે, ત્યાં કોઈ બેસતું નથી. ખાનગી વાહનમાં પ્રવાસ કરે છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

છેલ્લા ૭-૮ વર્ષથી ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ જ્યારથી સત્તા ઉપર આવ્યાં છે ત્યારથી ગુજરાતનો જે વિકાસ થયો છે અને ગુજરાતના વિકાસને જોવા માટે આખા દેશના તજજ્ઞો જોવા માટે આવે છે કે ગુજરાતનો વિકાસ કઈ રીતે થયો છે.અને એમાં આ નાણા મંત્રીશ્રી ચૌદમું બજૅટ લઈને આવ્યા છે એ ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય એવું બજૅટ લઈને આવ્યા છે ત્યારે મારે એક વાત કરવી છે કે, આ બજૅટમાં શિક્ષણ માટે જે ૧૬૦૦ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે અને શિક્ષણ છે એ ખૂબ જ અગત્યનું છે અને શિક્ષણમાં જેટલો ખચી થાય છે એના પરિણામો પણ મળ્યા છે અને આ મુખ્ય મંત્રીશ્રી આવ્યા પછી ગુજરાતમાં જે પ્રવેશ ઉત્સવો ઉજવવામાં આવે છે, જે કન્યા કેળવણી રથો કાઢવામાં આવે છે એના હિસાબે શિક્ષણનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણી રથ માટે આ મુખ્ય મંત્રીશ્રી ધોમ ધખતા તાપમાં ત્રણ - ત્રણ દિવસ સુધી યાત્રાઓ કાઢી છે અને આપણા દીકરા દીકરીઓ ભણે એના માટે સતત પ્રયત્ન કરે છે. ૧૮,૦૦૦ ગામડાઓમાં પ્રવેશ ઉત્સવો ઉજવવામાં આવે છે અને એમાં નાના નાના બાળકો હસીખુશીથી, ખુશી ખુશી, મોજમજા કરતાં શાળાઓમાં આવે અને શાળાઓમાં પ્રવેશ મળે એના માટેના આ સરકારના પ્રયત્નો છે. જ્યારે આજથી દસ વર્ષ પહેલાની વાત કરીએ તો છોકરું પાંચ વર્ષનું થાય અને એના મા-બાપને એમ થાય કે, હવે શાળાએ મોકલવો જોઈએ અને શાળાએ લઈને જાય ત્યારે રડતું રડતું એ બાળક જતું હોય છે. અને એનો હાથ પકડી એના વાલી એને શાળાએ મૂકી આવે, એક નાળિયેર લઈ જાય અને સાકરનો એક પડો લઈ જાય અને અષાઢી બીજનો એક સારો દિવસ ગોતતા હોય અને આચાર્ય એવો હોય કે એ જ્યારે એનું નામ રજિસ્ટરમાં નામ ચઢાવે ત્યારે ૧૫-૬-૨૦૦૦ની જ, બધાની જન્મ તારીખ ૧૫-૬ જ હોય પરંતુ આ શિક્ષણના વ્યાપના હિસાબે જાગૃતિ ખૂબ જ આવી છે. વર્ષો પહેલા શાળાના ઓરડાની પરિસ્થિતિ જોઈએ, શિક્ષકોની પરિસ્થિતિ જોઈએ તો ગુજરાતમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. કારણ કે, શિક્ષણ ન વધે એના માટે પહેલાની સરકારોએ એવું નક્કી કર્યુ હતું કે, શિક્ષણનો વ્યાપ ન વધવો જોઈએ. માણસો અભણ રહે તો એના મત મળે એટલા માટે એણે શિક્ષણ

માટે કોઈએ પ્રયત્નો ન કર્યા પરંતુ આ મુખ્ય મંત્રીશ્રીએ આવી શિક્ષણના સુધારણા માટેના જે પ્રયત્નો થયા છે. એક લાખ ઉપર શાળાના ઓરડાઓ બાંધવામાં આવ્યા છે, એક લાખ ઉપર શિક્ષકોની ભરતી કરવામાં આવી છે અને શિક્ષણનો વ્યાપ જે ગુજરાતમાં વધ્યો છે એ કલ્પના બહારનો શિક્ષણનો વ્યાપ વધ્યો છે અને એનું પરિણામ પણ આપણે અત્યારે જોઈ શકીએ છીએ કે શિક્ષણ માટે ૧૬૦૦ કરોડ જવું બજેટમાં માનનીય નાણા મંત્રીશ્રીએ ફાળવ્યું છે અને એ શિક્ષણના વ્યાપ માટે આ સરકાર સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી પાણી પુરવઠા માટે આ સરકારે ૧૫૦૦ કરોડ જેટલી આ બજેટમાં જોગવાઈ કરી છે અને ગુજરાતના ૧૮,૦૦૦ ગામડાઓને નર્મદાનું પીવાનું પાણી માટે એના માટે સરકાર ચિંતિત છે. જ્યારે અમારો જે વિસ્તાર છે એ દરિયાઈ બેલ્ટનો વિસ્તાર છે અને દરિયાના ખારા પાણી અંદર પ્રવેશી જાય છે, એને રોકવા માટે આ સરકારે ખૂબ જ પ્રયત્નો કર્યા છે. દરિયામાં કોસ્ટલ કેનાલો બનાવી છે, કરોડો રૂપિયાના ખર્ચે જેના હિસાબે ખારું પાણી જમીનમાં પ્રવેશતું રોકાય અને કોઈ મીઠા પાણીનો સંગ્રહ થાય, એ માટે ગામડાઓમાં તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, ચેક ડૅમો બનાવવામાં આવ્યા છે, ડૅમો બનાવવામાં આવ્યા છે એના હિસાબે જમીનના તળ પણ ઊંચા આવ્યાં છે અને આના હિસાબે ગુજરાતમાં જે પાણીની વિકટ સમસ્યા હતી એ હળવી થઈ છે. અને અમારે ખાલી એક પોરબંદર જિલ્લામાં પીવાના પાણી માટે ૧૨૦ કરોડની યોજના આ સરકારે બનાવી છે. એ સરકાર અને નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું અને સાથે સાથે જુનાગઢ જિલ્લાના સોરઠના વિકાસ માટે જે આ બજૅટમાં ૬૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જુનાગઢનો સર્વાંગી વિકાસ થાય, કારણ કે, જુનાગઢ જિલ્લો એ યાત્રાનું ધામ છે અને ભગવાન શિવનો પણ ત્યાં વાસ છે અને ગિરનાર ઉપર સાધુ, સંતો અને જતિઓનો વાસ છે એના હિસાબે સોરઠના વિકાસ માટે આ ૬૦૦ કરોડ જે રૂપિયા ફાળવવામાં આવ્યા છે ત્યાં સોમનાથ મંદિર, પાટણ, તુલશીશ્યામ, માધવરાયજીનું મંદિર જેવા ઘણા મંદિરો છે અને આસ્થાનું કેન્દ્ર છે એના વિકાસ માટે આ સરકારે જે આ વખતે સોરઠના ખાસ પૅકૅજ તરીકે બજૅટમાં લીધું છે એ બદલ માનનીય નાણા મંત્રીશ્રીને અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપી અને નાણા મંત્રીશ્રી જે આ બજૅટ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય પૂરો થાય તે પહેલા નીતિનભાઈ મારે જાણવું હતું કે, નિરંજનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો અને પછી તમે જઈ આવ્યા ત્યાર પછી કોઈ અહેવાલ આવ્યો, જઈ આવ્યા કે ન જઈ આવ્યા? આપ આવતી કાલે સવારના ૧૧ વાગ્યા સુધીમાં આપનો લેખિત અહેવાલ આપજો. નિરંજનભાઈ આપ પણ ન ગયા હોય તો એના કારણો સાથે જણાવજો. કારણ કે હું એના ઉપર મારું રૂલીંગ આપવા માગું છું. આ સભાગૃહની અંદર આપ ગંભીરતાથી ફરિયાદ કરો અને પછી ન જાવ એ યોગ્ય નથી એટલે જે કાંઈ વાસ્તવિકતા હોય એ મને કહો એટલે આવતીકાલે હું મારો નિર્ણય આપીશ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૮મી જૂલાઈ,૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૮મી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૧૭, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને.**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર.. .. ઓર્ડર.. ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને કલંકિત કરે એવી પરમ દિવસની લઠ્ઠાકાંડની ઘટના પછી આજે (અંતરાય) મારી વાત પણ નહીં સાંભળો? આટલી ગંભીર બાબત પછી (અંતરાય) મારી એટલી જ વાત છે કે એમની એટલી પણ સંવેદનશીલતા નહિ હોય કે ગુજરાતમાં આટલા લોકોના અવસાન થયા પછી વાત પણ સાંભળવાની એમની તૈયારી નથી. (અંતરાય) વાત જ્યારે આપે પરમિટ કરી છે ત્યારે હું એક મિનિટ વાત કરીશ. એ વાત સાંભળવાની એમની તૈયારી ન હોય ત્યારે એમની સંવેદનશીલતા કયાં ગઈ છે? ગુજરાતના આટલા લોકો મરી ગયા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, આપે કોઈપણ નિવેદન કરવું હોય તો આપે મારી સાથે વાત કરવી જોઈએ. આપ મળવા આવ્યા હતા પરંતુ પ્રશ્નોત્તરીના સમય પછી માનનીય મંત્રીશ્રી નિવેદન કરવાના છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું છે કે હું નિવેદન કરીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જો એટલી પણ સંવેદનશીલતા ન હોય, સાંભળવાની પણ તૈયારી ન હોય, એ લઠ્ઠાકાંડ બન્યો એટલું જ નહીં એ પછીના ત્રણ દિવસ સુધી આ સરકારના પેટનું પાણી પણ હલતું નથી.

**અધ્યક્ષશ્રી** : ઝીરો અવર્સ મેં આપેલ છે. નિયમ ૪૪ નીચે નિવેદન કરવાનું કહ્યું છે. માનનીય મંત્રીશ્રીએ એ સ્વીકાર્યું છે. આગળ ચાલો. પ્રશ્નોત્તરી પ્રશ્ન ક્રમાંક: ૧ (અંતરાય)

(આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિપક્ષના સભ્યશ્રીઓ તરફથી લઠ્ઠાકાંડ બંધ કરોના સતત સૂત્રોચ્ચારો શરૂ કરવામાં આવ્યા)

# તારાંકિત પ્રશ્નો

## રાજકોટ જિલ્લામાં સખી મંડળોની રચના

*૭૭૩૮ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સખી મંડળોની રચના થયેલ છે તે પૈકી કેટલા જૂથોની રચના થઈ, અને

(૨) તે પૈકી કેટલા જૂથોને ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ આપવામાં આવેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૫૭૭૭ સખી મંડળોની રચના થયેલ છે, અને

(૨) તે પૈકી ૨૨૮૭ જૂથોને સખી મંડળ યોજના અંતર્ગત ગ્રેડીંગ આપવામાં આવેલ છે. સખી મંડળ યોજના અંતર્ગત જૂથોને માત્ર ગ્રેડીંગ આપવામાં આવે છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજકોટ જિલ્લામાં આવા સખી મંડળોની બચત કેટલી છે અને આ સખી મંડળોની અંદર બહેનોની સંખ્યા કેટલી છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૨૨.૬૪ લાખની બચત છે. (અંતરાય)

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સખી મંડળીઓ રાજકોટ જિલ્લામાં મોરબી, ટંકારા અને પડધરી તાલુકામાં કેટલી આવેલ છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૩૮૭ સખી મંડળીઓ આવેલ છે અને ૧૨૦ લાખનો ખર્ચ કર્યો છે. (સતત સૂત્રોચ્ચાર અને અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી નિવેદન કરવાના છે તે વખતે આપ પ્રશ્ન પૂછી શકો છો. ૧૨માં પાંચ મિનિટ પહેલા તમે આવ્યા અને ૧૨ વાગ્યે મારે નિર્ણય આપવાનો હોય તો અગાઉના નિર્ણયો જોઈને હું નિર્ણય કરીશ. કોઈપણ અધ્યક્ષને ક્યારેય પણ તમે કહો એટલે એમણે કે મારે નિર્ણય કરવાનો એવું નથી. હું પરંપરાઓ જોઈ જઈશ.(અંતરાય) ક્યારે સભામોકૂફીની દરખાસ્ત મંજૂર કરી છે કે નામંજૂર કરી છે એ નિર્ણયો જોઈને હું મારો નિર્ણય આપીશ. આપને નિર્ણય ચોક્કસ મળશે. પરંતુ સભામોકૂફીનો નિર્ણય કરવા માટે મને સમય આપવો જોઈએ. (સભાગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રસના તમામ સભ્યશ્રીઓ દ્વારા પોતાના સ્થાન ઉપર ઉભા થઈ "લઠ્ઠાકાંડ

બંધ કરો" ના સતત સૂત્રોચ્ચાર કરી ઘોંઘાટ કરવાનું ચાલુ રાખ્યું) મને નિર્ણય કરવા માટે સમય હોવો જોઈએ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ બાબત સંવેદનશીલ બાબત છે.

**અધ્યક્ષશ્રી** : નહિ, સંવેદનશીલ બાબત પણ મારે પરંપરા જોઈને નિર્ણય કરવાનો છે. હું નિર્ણય ચોક્કસ કરીશ. (અંતરાય) હું સભામોકૂફીના પ્રસ્તાવ ઉપર નિર્ણય કરીને જણાવીશ. સભામોકૂફીની દરખાસ્ત મંજૂર કરવા માટે તમે મારા ઉપર આ પ્રકારના દબાણ લાવો તે પણ યોગ્ય નથી. (અંતરાય) નહિ, સભામોકૂફીની દરખાસ્ત તમે મને બારમાં પાંચ મિનિટે આપી છે. ૧૨-૦૦ વાગે હું અંદર આવું. (કોંગ્રેસના સભ્યો દ્વારા "લઠ્ઠાકાંડ બંધ કરો"ના સતત સૂત્રોચ્ચાર ચાલુ રહયા) બારમાં પાંચ મિનિટે તમે મને આપેલી છે. મને પૂરતો સમય ન મળે તો હું નિર્ણય નહિ કરી શકું. કોઈપણ દબાણો નીચે નિર્ણય કરવાનો નથી. નિર્ણય, નિર્ણયની ગુણવત્તા પ્રમાણે કરીશ. મને પૂરતો સમય નહિ મળે, આ રીતે નિર્ણય નહિ લેવાય અને એટલા માટે જ ગઈ કાલે આ પ્રશ્ન જ્યારે સિધ્ધાર્થભાઈએ ઊભો કર્યો ત્યારે મંત્રીશ્રી નિવેદન કરે છે. નિવેદન તો સાંભળો. (અંતરાય) મંત્રીશ્રી આજે નિવેદન કરવાના છે. મેં નિવેદન એજન્ડા ઉપર મૂકયું છે. (અંતરાય) મેં નિવેદન એજન્ડા ઉપર લીધું છે અને નિવેદન સરકયુલેટ (અંતરાય) નહિ, આ જ મુદ્દા ઉપર આ મુદ્દો જેટલો ગંભીર છે એટલો જ દુઃખદ છે, આ મુદ્દા ઉપર મંત્રીશ્રી નિવેદન કરે ત્યાં સુધી આપે રાહ જોવી જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ કેટલી ગંભીર બાબત છે. એક નહિ બે દિવસ પછી (કોંગ્રસના તમામ સભ્યશ્રીઓ દ્વારા "લઠ્ઠાકાંડ બંધ કરો" ના સતત સૂત્રોચ્ચાર ચાલુ રહયા. (સતત ઘોંઘાટ)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીના સમય પછી આપ ઝીરો અવર્સમાં પૂછી શકો છો. ( કોંગ્રસના તમામ સભ્યશ્રીઓ દ્વારા "લઠ્ઠાકાંડ બંધ કરો" ના સતત સૂત્રોચ્ચાર, સતત ઘોંઘાટ ) પ્રશ્ન ક્રમાંક : ૩

પ્રશ્ન અગ્રતાક્રમાંકઃ૩, (૭૨૪૭) : આ પ્રશ્ન માનનીય સભ્યશ્રી બચુભાઈ કિશોરીએ પૂછયો નહિ.

પ્રશ્ન ક્રમાંક : ૪. પ્રાગજીભાઈ (સતત સૂત્રોચ્ચાર)

## અમદાવાદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ

*** ૮૯૨૩ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧/૩/૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યા ખાલી છે,

(૨) સરકાર આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા તો, કયાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૧૩૬.

(૨) હા, જી.

(૩) બનતી ત્વરાએ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાની અંદર તાલુકાવાર તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે, કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી છે અને રાજ્યની અંદર અમદાવાદ જિલ્લાની અંદર ખાલી પડેલી જગ્યા માટે (અંતરાય) આ તબક્કે સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર વેલમાં ધસી આવી કાગળોના ટૂકડા કરી વેલમાં ઉડાડયા)

**અધ્યક્ષશ્રી** : હું શૈલેષભાઈને નેઈમ કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : ગ્રામજનોને તકલીફ પડે નહિ તેના માટે રાજ્ય સરકારે શું વ્યવવસ્થા કરી છે?

**અધ્યક્ષશ્રી** : વેલમાં ધસી આવતા સભ્યશ્રીઓના નામો લખવા માંડો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, (સતત સૂત્રોચ્ચાર) અમદાવાદ જિલ્લામાં દસ તાલુકા આવેલા છે. ( આ તબક્કે કોંગ્રેસના સભ્યશ્રી દેવજીભાઈ ફતેપરા વેલમાં ધસી આવતાં)

**અધ્યક્ષશ્રી** : જે સભ્યો વેલમાં આવેલા છે એમને સભાગૃહની બહાર કાઢવાનો આદેશ આપું છું. (અંતરાય) જે સભ્યો વેલમાં આવેલા છે તેમના નામ નોંધી લેશો. (સતત સૂત્રોચ્ચાર)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, (સતત સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી** : રાજેન્દ્રસિંહજી, (અંતરાય) સારજન્ટ તેમને બહાર લઈ જાવ. (અંતરાય) જે સભ્ય વેલમાં આવ્યા છે તેમને બહાર લઈ જાય શ્રી રાજેન્દ્રસિંહજી. (આ તબક્કે કોંગ્રેસના સભ્ય શ્રી દેવજીભાઈ ફતેપરાને સારજન્ટો દ્વારા ઉંચકીને બહાર લઈ જવામાં આવ્યાં. ત્યાર બાદ રાજેન્દ્રસિંહ પરમાર, અમીત ચાવડા, જોધાજી ઠાકોર, બ્રિજરાજસિંહ જાડેજાને પણ સારજન્ટો દ્વારા ઉંચકીને બહાર લઈ જવામાં આવ્યા.) (અંતરાય) શ્રી અશ્વિન કોટવાલ, શ્રી ગ્યાસુદીન હ. શેખ, શ્રી સી.કે. રાઉલજી, શ્રી હરીલાલ મો. પટેલ, શ્રી ભગવાનભાઈ ધા. બારડ, શ્રી માનસિંહ કો. ચૌહાણ, શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદાને સતત સૂત્રોચ્ચારોની પ્રક્રિયા વચ્ચે સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર (અંતરાય) (સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત ``લઠ્ઠાકાંઠ બંધ કરો``, ``દારૂના અડ્ડા બંધ કરો``, ``દારૂના હપતા બંધ કરો``, ``લઠ્ઠાના ભાગીદાર કોણ? અમીત શાહ, અમીત શાહ`` તેમજ ``બુટલેગરોના ભાગીદાર કોણ? અમીત શાહ, અમીત શાહ`` ના સતત સૂત્રોચ્ચાર ) આપને સભાગૃહ ઑર્ડરમાં ના રાખવું હોય તો બહાર જવાની છૂટ છે (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાર્જન્ટોને કહો કે એ અહીંથી જાય.

**અધ્યક્ષશ્રી** : નહીં આ રીતે હું કોઈ ચર્ચા નહીં કરું (અંતરાય) સભ્યશ્રીઓ વેલમાં આવી જાય તો એ ઉભા જ રહેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમને એ મંજૂર નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, મારા હુકમથી એ આવ્યા છે. (અંતરાય) નહીં, શું કામ? તમે વેલમાં આવ્યા છો માટે તમે અવ્યવસ્થા પેદા કરો અને પછી તમે કહો કે એ જાય (અંતરાય) આ સભાગૃહની સંચાલનની જવાબદારી મારી છે (અંતરાય)

( આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિતના વિરોધ પક્ષના ગૃહમાં હાજર રહેલા વિપક્ષના સભ્યો પોતાના સ્થાને ઊભા થઈ, ``લુખ્ખાગીરી બંધ કરો``, ``દાદાગીરી બંધ કરો``, ``દારૂના ભાગીદાર કોણ? અમીત શાહ, અમીત શાહ``,ના સતત સૂત્રોચ્ચાર કરવાના ચાલુ રાખ્યા. બાદમાં ૧૩.૩૯ મિનિટે વિરોધપક્ષના નેતા સહિતના ગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના સભ્યો સતત સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહ છોડી ગયા.)

**અધ્યક્ષશ્રી** : બારમાં પાંચ મિનિટે વિરોધપક્ષના નેતા સહિતના વિપક્ષના બધા સભ્યો આવ્યા હતા, સભા મોકૂફીની દરખાસ્ત મને આપી હતી, સભા મોકૂફીની દરખાસ્તમાં તેના નિયમો પ્રમાણે અને અગાઉની પ્રણાલિકાઓ પ્રમાણે તેને દાખલ કરવા માટેનો નિર્ણય હું કરું, મેં એમને કહ્યું હતું કે, બાર વાગ્યા પછી, પ્રશ્નોત્તરી શરૂ થશે અને પ્રશ્નોત્તરી પછી માનનીય મંત્રીશ્રી નિવેદન કરશે.એ પછી હું વિધાનસભાના નિયમો અને અગાઉની પરંપરાઓ જોઈને સભામોકૂફીની દરખાસ્ત દાખલ કરીશ. કોઈપણ સભ્યશ્રીને સભામોકૂફીની દરખાસ્ત કે અવિશ્વાસની દરખાસ્ત આપવાનો અધિકાર છે પણ અધ્યક્ષશ્રીને પણ એ અધિકાર રહે છે કે અગાઉની પરંપરાઓ અને નિયમોને જોઈને દાખલ કરવાની એ કયારે દાખલ કરવી પરંતુ સભાગૃહની અંદર આવીને જે દરખાસ્ત રજૂ કર્યાને હજુ બે મિનિટ પણ નથી થઈ અને એમ કહેવામાં આવે કે આ દરખાસ્ત તમે મંજૂર કરો અને સભામોકૂફી આપો એ મારા માટે સંભવ નથી અને કોઈપણ અધ્યક્ષ માટે સંભવ નથી કારણકે આ પ્રકારના દબાણોથી આ રીતે નિર્ણય કરવો એ વિધાનસભાની નવી પરંપરા પાડવા માટે હું તૈયાર નથી. જે ઘટના બની છે એ ઘટના દુ:ખદ છે, ગંભીર છે. દુ:ખદાયી છે. આ અંગે કોઈ બેમત નથી. ગઈકાલે જયારે આ પ્રશ્ન માનનીય સિદ્ધાર્થભાઈએ પ્રશ્ન ઉભો કર્યો એ વખતે તરત જ અને અગાઉ પણ આવીને માનનીય મંત્રીશ્રી કાયદો અને સંસદીય બાબતોના રાજય ગૃહ મંત્રીશ્રીએ એ જણાવ્યું હતું કે હું આવતી કાલે આ અંગે નિવેદન કરીશ. આજના એજન્ડાની અંદર, કાર્યસૂચિની અંદર પણ નિયમ-૪૪ નીચે એ નિવેદન કરવાના છે એટલે આ પ્રશ્નની ગંભીરતા રાજય સરકાર દ્વારા હતી જ એમ ચોકકસ કહી શકાય. આ અંગેનું નિવેદન માનનીય મંત્રીશ્રી આજે કરવાના હતા. જયાં સુધી સભામોકૂફીની દરખાસ્તને લાગેવળગે છે ત્યાં સુધી તાકીદની અગત્યની બાબત હોય, સભામોકૂફીની બાબત હોય તો નિયમ-૧૦૮ નીચે જે સભ્ય તાકીદની જાહેર અગત્યની કોઈ ચોકકસ બાબત ચર્ચવા માટે સભામોકૂફીનો પ્રસ્તાવ લાવવા માગતા હોય તેમણે સભાગૃહની જે બેઠકમાં એવો પ્રસ્તાવ લાવવા માટેની અનુમતિ માગવા ઈચ્છતા હોય એ બેઠક શરૂ થવાના ઓછામાં ઓછા એક કલાક અગાઉ આવા પ્રસ્તાવની લેખિત સૂચના આપવાની રહે છે. મને પાંચ મિનિટ પહેલા જ દરખાસ્ત મળી છે. જેવી દરખાસ્ત મળી એટલે મેં વિધાનસભા સચિવાલયને આપી છે અને વિધાનસભા સચિવાલયના સચિવશ્રીને મેં કહ્યું છે કે નિયમોની મર્યાદા, નિયમ શું કહે છે એ જોઈ અને તમે નોંધ મૂકો, જયારે મંત્રીશ્રી આ અંગે નિવેદન કરવાના હોય અને એ નિવેદન એમણે માગ્યું છે ત્યારે કરવાના છે અને મંત્રીશ્રી પોતે પણ કરવાના છે એવા સંજોગોની અંદર આજે સભાગૃહની અંદર જે પ્રકારના દેખાવો કર્યા છે એ ખરેખર દુ:ખદ છે.આવી દુ:ખદ ઘટના જયારે બની હોય ત્યારે સંવેદનાઓ આપણી હોય ત્યારે એ સંવેદનશીલ બનાવ છે એ હું સ્વીકારું છું પણ એ સંવેદનાઓ આપણે પણ વ્યકત કરવી જોઈએ કે જે ઘટનાઓ દુ:ખદ છે, જે ઘટના સંવેદનશીલ છે, જે ઘટનાની ચર્ચા આપણે આ સભાગૃહમાં ઉપસ્થિત કરવા માગીએ છીએ એ ચર્ચા નિયમના અનુસંધાનમાં આવે, નિયમ પ્રમાણે આવે અને નિયમ પ્રમાણે આવ્યા પછી એને નિયમ પ્રમાણે દાખલ કરવામાં આવે. ગઈકાલે આ દરખાસ્ત મળી ગઈ છે. ગઈકાલે એમની માગણીનો સ્વીકાર થયો છે જો તેઓ ચર્ચાની અંદર જો ઉભા થાય તો આજે મંત્રીશ્રીના નિવેદન પછી પણ હું એમને પ્રશ્ન પૂછવાની તક આપવાનો હતો. એટલે મને લાગે છે કે કોઈપણ હેતુઓ હોય એની પાછળના. આ સભાગૃહમાં આ એક આપણા સૌની ચિંતાનો વિષય છે. આ સભાગૃહમાં એ સંવેદનાનો વિષય છે અને જયારે કોઈ સંવેદનશીલ ઘટનાઓ બની હોય ત્યારે આપણે સૌએ એની સંવેદના વ્યકત કરવા માટે સંયમી વ્યવહાર કરવો જોઈએ. આજે જે વિપક્ષ તરફથી સંયમી વ્યવહાર થયો નથી એનું મને ખૂબ દુ:ખ થયું છે.

# સભ્યશ્રીઓને નેઈમ કરવાનો પ્રસ્તાવ

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાએ જે રીતે પ્રશ્ન ઉઠાવ્યો છે એ જ બતાવે છે કે આ પ્રશ્ન ગઈકાલે જેનું એશ્યોરન્સ આપ્યું. આ વિરોધ પક્ષની સંવેદનશીલતાનો કેટલો અભાવ છે કે કેટલો સંવેદનશીલ નથી એ બતાવી આપે છે કારણકે વિધાનસભાની અંદર કોઈપણ પ્રશ્ન આવે તો એ લોકશાહી પદ્ધતિ પ્રમાણે એની ચર્ચા થાય છે. આજે આ રીતે જે વ્યવહાર અને વર્તન કર્યું છે.એ એની સંવેદનશીલતાનો અભાવ સ્પષ્ટ રીતે બતાવી આપે છે, એટલે આજે વિરોધ પક્ષના નેતાએ જે રીતે વ્યવહાર અને વર્તન કર્યુ છે, એ એમનો વ્યવહાર અને વર્તન સંવેદનશીલ નથી, અથવા તો સંવેદનશીલતાની વિહીન છે, તેવું સ્પષ્ટ લાગે છે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની અંદર વેલમાં આવી ગયા છે તે બનાવ આપ સૌની સમક્ષ બન્યો છે. તે સભ્યોનાં નામ આપો?

**શ્રી વજુભાઈ વાળા** : સભાગૃહની અંદર આપે એમને શાંત રહેવાનું તેમજ વેલમાંથી બહાર જવાનું કહેવા છતાં પણ જે સભ્યશ્રીઓ વેલની અંદર આવી ગયા છે અને સાર્જન્ટ જેમને બહાર લઈ ગયા છે તે તમામ સભ્યશ્રીઓને હું નેઈમ કરું છું.

**અધ્યક્ષશ્રી** : હું નામ બોલું છું. મેં આદેશ આપ્યા એટલે તરત જ નામ નોંધવા લાગ્યા હતા. શ્રી શૈલેષ પરમાર, શ્રી અમીત ચાવડા, શ્રી દેવજીભાઈ ફતેપરા, શ્રી રાજેન્દ્રસિંહજી પરમાર, શ્રી નિરંજન પટેલ, શ્રી સી.કે.રાઉલજી, શ્રી જોધાજીભાઈ, શ્રી બ્રિજરાજસિંહ જાડેજા, શ્રી લાલસિંહ વડોદીયા, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી ગ્યાસુદીનભાઈ શેખ, શ્રી પુનાભાઈ ગામીત, શ્રી માનસિંહભાઈ ચૌહાણ અને શ્રી પીરઝાદા.

**શ્રી વજુભાઈ વાળા** : તમામ નામો છે તેઓ વેલમાં આવ્યા હતા. તેમને આજે એક દિવસ માટે થઈને નેઈમ કરવામાં આવે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જે દરખાસ્ત કરી છે તેને હું સમર્થન આપું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : એક દિવસ માટે જે નામાંકિત સભ્યો છે, તેમને સભાગૃહમાંથી બહાર કાઢવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો (ક્રમશઃ)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અમદાવાદ જિલ્લાની અંદર તલાટી કમ મંત્રીની તાલુકાવાર કેટલી જગ્યા મંજૂર થયેલ છે અને કેટલી ખાલી છે? અમદાવાદ જિલ્લાની અંદર ખાલી પડેલી જગ્યાના કારણે ગ્રામજનોને કોઈ મુશ્કેલી ન પડે એના માટે રાજય સરકારે શું વ્યવસ્થા કરેલી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અમદાવાદ જિલ્લામાં ૧૦ તાલુકા આવેલ છે. એની અંદર કુલ મંજૂર થયેલ જગ્યાઓ તલાટી કમ મંત્રીની ૪૮૦ છે. એમાંથી ૩૪૪ જગ્યાઓ ભરાયેલી છે. ૧૩૬ જગ્યાઓ ખાલી છે. એમનું તાલુકાવાર લિસ્ટ માગ્યું છે. એમાં દસ્ક્રોઈ તાલુકામાં ૬૪ મંજૂર જગ્યાઓ પૈકી ૪૩ જગ્યા ભરાયેલી છે અને ૨૧ ખાલી છે. સાણંદમાં ૫૩ મંજૂર થયેલી જગ્યા એમાંથી ૪૧ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૨ જગ્યા ખાલી છે. ધોળકા તાલુકામાં ૭૬ મંજૂર જગ્યા છે એમાં ૫૩ જગ્યા ભરાયેલી અને ખાલી જગ્યા ૨૩ છે. બાવળા તાલુકામાં ૪૬ મંજૂર જગ્યાઓ છે, એમાંથી ૩૧ જગ્યા ભરાયેલી છે અને ખાલી જગ્યા ૧૫ છે. વીરમગામ તાલુકામાં તલાટીની ૪૬ જગ્યા મંજૂર અને ૩૫ ભરાયેલી અને ૧૧ ખાલી છે. દેત્રોજમાં ૪૧ જગ્યા મંજૂર અને એમાંથી ૨૮ જગ્યા ભરાયેલી અને ૧૩ જગ્યા ખાલી છે. માંડલમાં ૨૫ મંજૂર થયેલી જગ્યા એમાંથી ૧૮ જગ્યા ભરાયેલી અને ૭ ખાલી છે. ધંધુકામાં ૭૨ જગ્યા મંજૂર થઈ છે એમાંથી ૫૪ જગ્યા ભરાયેલી અને ૧૮ જગ્યા ખાલી છે. રાણપુરમાં ૩૩ જગ્યા મંજૂર થયેલી છે એમાંથી ૨૧ ભરાયેલી અને ૧૨ ખાલી છે. બરવાળામાં ૨૪ જગ્યા મંજૂર એમાંથી ૨૦ જગ્યા ભરાયેલી અને ૪ જગ્યા ખાલી છે. આ બધી જગ્યા છે તે જગ્યા ખાલી રહી છે તે વાત બરાબર છે, પરંતુ એમાં એક મોટા જે ગામ છે, ત્યાં બબ્બે તલાટીઓ છે, તેવા ૪૫ ગામ એવા છે કે જેમાં બે તલાટી છે. એમાંથી એક ગેરહાજર રહે તો ૪૫ તલાટીઓનું કામ એક તલાટી એક ગામમાં કરી શકે છે.તેનાથી મોટા ગામ છે તેમાં એક ગામમાં ત્રણ તલાટી હોય છે. આવા પાંચ ગામની અંદર એક તલાટી ગેરહાજર રહેવાને કારણે બે-બે તલાટી આની કામગીરી કરે છે. આમાં અમૂક ગામ નાના છે કે જયાં એક હજાર, બે હજાર કે ૫૦૦ થી ૧૦૦ની વસ્તીવાળા ૮૯ ગામ છે. તેમાં ચાર્જ આપીને કામગીરી સંભાળે છે. તેનાથી મારે વધારે કહેવું છે કે અમારું આયોજન છે કે પંચાયત વિભાગ દ્વારા ઈ-ગ્રામ, વિશ્વગ્રામની વ્યવસ્થા દરેક ગામમાં થઈ છે. પંચાયતોમાં કોમ્પ્યુટર અને વી.સી.એ. હોવાને કારણે કામગીરીમાં કોઈ મુશ્કેલી પડતી નથી. ૭-૧૨, ૮-અના ઉતારા આપવાનું કામ તલાટીઓ કરી શકે છે. સાહેબ મહેસૂલ વિભાગ અને પંચાયત વિભાગમાં તલાટીઓની કામગીરી કોમન હોય

છે અને તેમાં પણ તલાટીઓ જવાબદારી સંભો છે. તેમાં ચર્ચા કરીને મહેસૂલ વિભાગને અલગ તલાટીઓ ફાળવવા બાબતે સરકારે ગંભીરતાથી નાણામંત્રીશ્રીની હાજરીમાં ચર્ચા કરી છે. મેં માનનીય મહેસૂલ મંત્રીશ્રીનો આ બાબતે સંપર્ક કર્યો હતો. આમ મહેસૂલ ખાતામાં ૨૧૨૧ તલાટીઓની મંજૂરી મળી છે અને ટૂંક સમયમાં તેની ભરતી કરવાના છે. આમ થવાથી મારા વિભાગના જે ૩૦૦ તલાટીઓ શહેરી વિસ્તારોમાં કામ કરે છે તે પરત આવવાથી રાહત થશે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછું તે પહેલાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ દ્વારા ગુજરાતના ૧૭ હજારથી વધારે ગામડાઓને બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડી ઈ-ગ્રામ, વિશ્વગ્રામ થકી ગુજરાતના ગામડાઓને ઝળહળતા કર્યા છે તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. સાથે સાથે અમદાવાદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને પંચાયત સહાયક માટેની ભરતીના ધોરણો શું છે તે જણાવવા કૃપા કરશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની જગ્યાઓ ખાલી રહેવાના વિવિધ કારણો છે. કેટલાક તલાટીઓ ગેરરીતિ કરે તો તેઓને ફરજ મોકૂફી ઉપર ઉતારવામાં આવે છે. આવા ૬ તલાટીઓને ફરજ મોકૂફી ઉપર મૂકેલ છે. ૧૦ તલાટીઓ વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા છે. જિલ્લા ફેર બદલીને કારણે એક તલાટીની સ્થિતિ એવી હતી એટલે તેને મંજૂરી આપી છે. અવસાન થવાને કારણે ચાર તલાટીઓની જગ્યા ખાલી છે. બરતરફીના કારણે ચાર તલાટીઓની જગ્યા ખાલી છે. ૩૬ તલાટીઓએ રાજીનામું આપ્યું છે તેના કારણે સંખ્યા ઓછી છે. પ્રતિનિયુકિત પર એક વિભાગમાંથી બીજા વિભાગમાં જવું પડે એવા ૭૫ તલાટીઓ બીજા વિભાગમાં મોકલી આપવામાં આવ્યા છે. આ બધા કારણોને લીધે સાહેબ ૧૩૬ તલાટીઓની ઘટ છે. પંચાયત સહાયકની ભરતી કરવામાં જેમ વિદ્યા સહાયકની ભરતી કરવાની હોય છે તેમ આની ભરતી કરવામાં આવેછે. આમાં વય મર્યાદા ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૨૫ વર્ષથી વધુ નહીં એવી રાખવામાં આવેલ છે. ધોરણ-૧૦ પાસ, તથા હિન્દી તથા ગુજરાતીનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. કોમ્પ્યુટરની સી.સી.સી.ની પરીક્ષા આપેલી હોવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પૂરક પ્રશ્નમાં ટૂંકમાં જવાબ આપશો તો સારું રહેશે.

## રાજકોટ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડના વિભાજનની અરજીઓ

*** ૮૯૩૭ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડ વિભાજન માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા રેશનકાર્ડ કાઢી આપવામાં આવ્યા અને વિભાજન કરી આપવામાં આવ્યા, અને

(૩) બાકી અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

**(૧)**

| **અ.નં.** | **અરજીઓ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | નવા રેશનકાર્ડ માટે | ૩૫૭૬૩ |
| ૨ | કાર્ડ વિભાજન માટે | ૨૬૨૩૯ |
| | કુલ:- | ૬૨૦૦૨ |

(૨)

| **અ.નં.** | **આપવામાં આવેલ રેશનકાર્ડની વિગત** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | નવા રેશનકાર્ડ માટે | ૩૫૭૫૩ |
| ૨ | કાર્ડ વિભાજન માટે | ૨૦૨૭૨ |
| | કુલ:- | ૫૬૦૨૫ |

(૩) બનતી ત્વરાએ.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા:** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજકોટ શહેર, રાજકોટ તાલુકા અને જિલ્લામાં કુલ નવા રેશનકાર્ડ અને વિભાજનની કેટલી અરજીઓ મળી. તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી બાકી રહેવા પામી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન રાજકોટ જિલ્લાનો છે. નવા રૅશનકાર્ડ અને રૅશનકાર્ડ વિભાજનની કામગીરી સતત અમારા વિભાગમાં ચાલતી હોય છે. નવા રૅશનકાર્ડ કાઢવાની, ૩૧-૩-૦૯ની સ્થિતિએ વર્ષ વાર જે માગણી આવી એમાં બીપીએલમાં ૨૧૮૧૮ અરજીઓ આવી અને એ ૨૧૮૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. બીપીએલમાં ૬૪૯ અરજીઓ આવી અને એ ૬૪૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અંત્યોદયમાં કોઈ માગણી આવી નથી એટલે એમાં મંજૂર કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી. રાજકોટ તાલુકામાં એપીએલની ૭૩૬ અરજીઓ આવી અને એ ૭૩૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. બીપીએલ અને અંત્યોદયમાં કોઈ અરજી આવી નથી એટલે એમાં મંજૂર કરવાનો કોઈ પ્રશ્ન પેદા થતો નથી. રાજકોટ જિલ્લામાં, સમગ્ર જિલ્લામાં ૩૪૯૨૫ અરજીઓ આવી તો એમાંથી આપણે ૩૪૯૧૫ અરજીઓ મંજૂર કરી છે અને દશ અરજી બાકી રહી છે તો આ પ્રમાણે આ જિલ્લાનું આ વિવરણ છે. ૩૧-૩ની સ્થિતિએ વિભાજનની અરજીઓની સભ્યશ્રીએ માગણી કરી છે કે વિભાજનની અરજીઓ થતી હોય છે કારણકે પરિવાર મોટો થતો હોય છે કે પરિવારનું વિભાજન થતું હોય છે તો વિભાજન અંગેની અરજીઓ આવતી હોય છે. રાજકોટ શહેરમાં ૫૩૨૦ અરજીઓ આવી છે એમાંથી ૪૭૭૩ અરજીઓ મંજૂર કરી છે. રાજકોટ શહેરમાં બીપીએલની ૫૪૭ નામંજૂર કરી છે, બાકી અરજી એમાં કોઈ રહેતી નથી. એપીએલની ૯૨૫ અરજીઓ રાજકોટ તાલુકામાં આવી છે એમાંથી ૮૪૯ અરજીઓ મંજૂર કરી છે એક નામંજૂર કરી છે અને ૭૫ અરજીઓ બાકી રહે છે. રાજકોટ જિલ્લામાં એપીએલની ૨૫૩૧૭ અરજીઓ આવી, એમાંથી ૧૯૭૧૫ અરજીઓ મંજૂર કરી છે અને ૩૩૨૫ અરજીઓ નામંજૂર કરી છે. આ પ્રમાણે વિભાજન કરવાની ૨૨૭૭ અરજીઓ બાકી રહે છે. બીપીએલમાં ૮૯૧ અરજીઓ વિભાજન માટે રાજકોટ જિલ્લામાં આવી એમાંથી ૫૪૯ કરેલ છે અને ૨૭૯ અરજી બાકી રહે છે. અંત્યોદયમાં ૩૧ અરજીઓ આવી એમાંથી ૮ અરજીઓ મંજૂર કરી અને ૨૩ અરજીઓ બાકી રહી છે આ પ્રમાણેની કાર્યવાહી જિલ્લામાં કરવામાં આવી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપશ્રી દ્વારા જાણવા માગું છું કે, જેતપુર તાલુકામાં રૅશનકાર્ડ માટેની કેટલી અરજીઓ આવેલી અને કાર્ડ વિભાજન માટેની કેટલી અરજીઓ આવેલી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : : માનનીય અધ્યક્ષશ્રી, જેતપુરમાં છેલ્લા એક વર્ષમાં લગભગ ૧૪૬૯ અરજીઓ આવી છે એ બધી ૧૪૬૯ અરજીઓ મંજૂર કરી છે અને બીપીએલમાં ૧૬ આવી છે એ સોળે અરજીઓ મંજૂર કરી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવા રૅશનકાર્ડ અને વિભાજન, ખરા અર્થમાં નવા રૅશનકાર્ડ માટે ૩૫૭૬૩ અરજીઓ આવી હતી એમાંથી ૩૫૭૫૩ અરજીઓ મંજૂર થઈ છે એટલે ૯૯.૯૯ ટકા કામ થયું છે એ માટે માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું અને ખાસ કરીને મારા મતવિસ્તારના મોરબી તાલુકો, માળીયા તાલુકો ટંકારા અને પડધરી, આ ચાર તાલુકાઓમાંથી નવા રૅશનકાર્ડ માટેની કેટલી અરજીઓ આવી અને એમાંથી કેટલી મંજૂર થઈ અને વિભાજન માટેની કેટલી અરજીઓ આવે એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી તાલુકામાંથી એપીએલની ૨૧૩૬ અરજીઓ આવી અને એમાંથી ૨૧૩૬ અરજીઓ મંજૂર કરી છે બીપીએલમાં ૨૯ અરજીઓ આવે એ ૨૯ અરજીઓ મંજૂર કરી છે એ જ પ્રમાણે માળીયામાં પણ એપીએલની ૧૭૫ અરજીઓ આવી અને એ બધી જ અરજી એપીએલની મંજૂર કરી છે. બીપીએલમાં ૮ અરજીઓ આવી અને બધી મંજૂર કરી છે, એટલે અત્યારે કોઈ બાકી રહેતી નથી.

## તહેવારોમાં ગરીબ અને બી.પી.એલ. કાર્ડધારક કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત

***૮૯૩૬ શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) સરકાર વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના તહેવારોમાં ગરીબ બી.પી.એલ.કાર્ડધારક કુટુંબો માટે આર.બી.ડી. પામોલીન તેલનું સસ્તા દરે વિતરણ કરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કયારથી ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) માહે ઑગસ્ટ-૨૦૦૯ થી.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદૃષ્ટિને કારણે ૨૦ હજાર મૅટ્રિક ટન પામોલીન તેલનો બફર સ્ટૉક કરવામાં આવેલ હતો અને તેનું વિતરણ કરેલું. એજ પ્રમાણે આ વર્ષે દિવાળીના તહેવારો છે એ તહેવારોની સિઝનમાં પામોલીનનો સ્ટૉક કેટલો કરવામાં આવ્યો છે, અને તેના વિતરણની શું વ્યવસ્થા કરવામાં આવી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સન્માનીય ગૃહનું ધ્યાન ખેંચવું છે કે, ગઈ સાલ તેલના ભાવ ખૂબ ઊંચા ચાલ્યા ગયા હતા એ ચિંતાનો વિષય બન્યો હતો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણામંત્રીશ્રીએ અમને ૨૦ હજાર મૅટ્રિક ટન ખાદ્યતેલનો બફર સ્ટૉક કરવા માટે આપ્યો હતો. દસ વર્ષમાં કરાયેલા કોઈ પણ બફર સ્ટૉક કરતા ૨૦૦૮-૦૯માં અમે વધુમાં વધુ સ્ટૉક કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, દસ વર્ષમાં રાજય સરકાર દ્વારા સદર બાબતે ભોગવવામાં આવેલ સબસીડી છે એમાં પણ સૌથી વધુ સબસીડી આપણે ભોગવી હતી. અને એજ પ્રમાણે આ સાલે પણ ૧૬ હજાર મૅટ્રિક ટન પામોલીન તેલ ખરીદવા માટેની મંજૂરી અમોને આપી છે અને એની કામગીરી ઑગસ્ટના આવતા મહિનામાં ઉત્સવો આવે છે ત્યારે એના માટે ગરીબ લોકો માટે અંત્યોદય અને ગરીબી રેખા નીચે જીવતા બી.પી.એલ. કાર્ડધારકો માટે કાર્ડ દીઠ એક એક લિટર આપવાનું આયોજન કર્યું છે અને એના અનુસંધાનમાં ૬ હજાર મૅટ્રિક ટન તેલ અમે ખરીદ્યુ છે અને બાકીના તેલની સ્થિતિ સમગ્ર વર્ષની પરિસ્થિતિ શું છે અને, એના ભાવો કેવા છે અને ખરીદવાની જરૂર છે કે નહીં એના ઉપર આધાર છે. પણ મારે એક બાબત આપના ધ્યાન ઉપર મૂકવી છે કે ગઈ સાલે કેન્દ્ર સરકાર દ્વારા આપણને તેલ ખરીદવા માટેની ઑફર કરેલી અને સબસીડી પણ આપણને ઑફર કરી હતી ૧૫ રૂપિયા જેટલી સબસીડી ઑફર કરીને આપણને એમ કહ્યું હતું કે તમે તેલ ખરીદો પણ ભડકે બળતા ભાવો વખતે તેલના ભાવ ઊંચા જતા હતા ત્યારે આપણી સરકારે એ વખતે એમનું તેલ સ્વીકાર્યું હતું અને એ વખતે પણ અમે ૬ હજાર મૅટ્રિક ટન તેલ સમયસર ખરીદ્યું હતું કે જેથી ઑગસ્ટ મહિનામાં આવતા ગોકુળ અષ્ટમી જેવા તહેવારોમાં ગરીબ લોકોને મળે. બહું મોડું પડ્યું હતું કેન્દ્રમાંથી આવતું તેલ અને આપણે સમયસર ખરીદીને આપ્યું હતું. આ વર્ષે પણ આ પ્રમાણે આગોતરું આયોજન અમે કર્યું છે પરંતુ તેલના ભાવો આ સાલે ખૂબ ઊંચા જતા નથી પરંતુ વરસાદ ન આવવાના કારણે ઊંચા જાય કે નહીં એનો અભ્યાસ અમે કરી રહ્યા છીએ પરંતુ સમય અને સંજોગો જોઈને આગળની કાર્યવાહી કરીશું.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબ કુટુંબોને જે તેલનું વિતરણ કરવાના છે એ અભિનંદનને પાત્ર છે. પણ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ગરીબ કુટુંબોને જે તેલનું વિતરણ કરવાના છે એ કાર્ડ દીઠ વ્યકિતગત કેટલું તેલ આપવાના છે, અને શું ભાવે આપવાના છે, અને કયા કયા તહેવારોમાં આપે છે? એ જણાવવા કૃપા કરે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે બજારના ભાવો ઊંચા જાય તો આપણે તેલ સબસીડાઈઝ ભાવે આપીએ છીએ. ગઈ સાલે આપણે ૪૪ રૂપિયે લિટરના ભાવે આપ્યું હતું. ત્યાર પછી ભાવ નીચા જતા હતા તો આપણે ૪૦ રૂપિયાના ભાવે આપ્યું હતું અને ત્યાર પછી એનાથી પણ નીચું જતું હતું થોડોક સ્ટૉક અમારી જોડે હતો તો અમે ૩૫ રૂપિયે લિટર આપીને અમારો આખો કવોટા નિકાલ કર્યો હતો. આ સાલે જ્યારે બજારના ભાવો સ્થિર છે અને બહું ઊંચા નથી ત્યારે એક લિટર આપણે આપવાની યોજના છે અને એના ભાવ નક્કી કરવાના બાકી છે અને એક બે દિવસમાં કયા ભાવે આપવું એ નિર્ણય કરીશું પરંતુ આ સરકાની યોજના ગરીબોને સસ્તા ભાવે મળે એ યોજના છે અને એના આધારે ગરીબોને ખ્યાલમાં રાખીને આપણી ખરીદીને જોઈને અને ખરીદી ગમે તેટલી ઊંચી નીચી હોય પણ ગરીબ લોકોને પરવડે એવા ભાવે આપવા માટે સરકારે આ યોજના બનાવી છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા એ જાણવા માગુ છું કે છેલ્લા ત્રણ વર્ષમાં ગરીબ કુટુંબોને સસ્તા દરે આર.બી.ડી. પામોલીન તેલ આપવા માટે રાજય સરકારે કેટલી ખરીદી કરી, કેટલી સબસીડી આપી, અને કેટલા કુટુંબોને લાભ મળ્યો?

**અધ્યક્ષશ્રી** : પાછલાં ત્રણ વર્ષના ફિગરો હોય તો આપો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : છે, ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં .. આમ તો છેલ્લાં ૧૦ વર્ષથી ખરીદી ચાલે છે, પરંતુ એમણે ત્રણ વર્ષના ફિગરો માંગ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ત્રણ વર્ષના જ ફિગર અપાશે એથી વધારે નહિ આપી શકાય આપ ત્રણ વર્ષના આપી દો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ :** ૨૦૦૬-૦૭માં ૧૪૯૫ મે.ટન, ૨૦૦૭-૦૮માં ૧૨૦૦૦ મે. ટન અને ૨૦૦૮-૦૯માં ૧૯૯૪૧ મે. ટન ખરીદ કરેલ છે અને ૨૦૦૬-૦૭માં ૧.૯૦ કરોડ સબસીડી આપી હતી, ૨૦૦૭-૦૮માં ૧૭.૪૦ કરોડ સબસીડી આપી હતી, જ્યારે ગઈસાલે ૨૦૦૮-૦૯માં ૪૨.૪૬ કરોડ સબસીડી આપી હતી,

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કેન્દ્ર સરકારે, આપણા પોતાના ઘઉં હતા એ સારી કવોલિટિના..

**અધ્યક્ષશ્રી** : નહિ, આમાંથી ઉપસ્થિત થતા પૂરક પ્રશ્ન પૂછો, તેલનો પ્રશ્ન છે તેલ ઉપર જ આપ પૂછો, જયંતીભાઈ, આપ ગાડીને વારેઘડીએ પાટા ઉપરથી બહાર ન લઈ જાઓ,

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : અત્યારે રેશનીંગમાં જે લાલ કલરના ઘઉં આવે છે

**અધ્યક્ષશ્રી** : નહિ બેસી જાઓ, નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૭, જયંતીભાઈ હું ફરીથી આપને કહુ છું કે, આ સભાગૃહ છે, સભાગૃહ એના નિયમો પ્રમાણે ચાલે છે, પ્રશ્ન તેલનો છે, એનો પૂરક પ્રશ્ન તેલનો હોય, એની અંદર

ઘઉંનો પ્રશ્ન આપ ઉપસ્થિત કરવા માગો છો તે આપના પોતાના માટે યોગ્ય નથી, મારે એટલા માટે તમને રોકવા પડે છે મારે રોકવા ન પડે તે માટે આપ ધ્યાન રાખશો. આ સભાગૃહને મજાકમાં ન લો.

**ભરૂચ જિલ્લામાં વનીકરણ**

***૮૯૫૮ શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રી**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન વન વિભાગ દ્વારા ૧૮૫૫ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂા.૨૬૪.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ દ્વારા ભરૂચ જિલ્લામાં કેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવે છે તથા તે પૈકી હાલ કેટલા રોપા જીવંત છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વડ, પીપળ, જાંબુ, સાદડ, વાંસ, સરુ, સાગ, આમળા વિગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવે છે, ક્ષેત્રીય વિભાગ દ્વારા સાગ, ખેર, વડ, સાદડ, બેરડા, વાંસ, બીલી વિગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવે છે. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૪.૮૭ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, જે પૈકી ૧૧,૩૧,૦૦૦ રોપાઓ જીવંત છે, આમ ૭૬ ટકા રોપાઓ જીવંત છે, ક્ષેત્રીય વિભાગ દ્વારા ૫.૬૧ લાખ રોપાઓ રોપેલ છે જેમાંથી ૪.૭૭ લાખ રોપાઓ જીવંત છે, આમ ૮૫ ટકા રોપાઓ જીવંત છે, એકંદર ૨૦.૪૮ લાખમાંથી ૧૬.૦૮ લાખ રોપાઓ જીવંત છે આમ હાલ ૭૮ ટકા રોપાઓ જીવંત છે.

**નવસારી જિલ્લામાં વનીકરણ કરવા બાબત**

***૮૯૬૮ શ્રી લક્ષ્મણભાઈ ૫. પટેલ(ગણદેવી) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

**વનમંત્રીશ્રી**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન વન વિભાગ દ્વારા ૨૩૨૬ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂા.૩૪૨.૨૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી લક્ષ્મણભાઈ ૫. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વન વિભાગ દ્વારા નવસારી જિલ્લામાં કેવા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને તે પૈકી કેટલા રોપાઓ હાલ જીવંત છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : સામાજિક વનીકરણ વિભાગ દ્વારા સરુ, વાંસ, ગુલમહોર, બંગાળી બાવળ, નીલગીરી વિગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવે છે, ક્ષેત્રીય વિભાગ દ્વારા સાગ, ખેર, વાંસ, બીલી, હરડે અશોક, મહુડો, સીસમ વિગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવે છે, સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯માં ૫.૨૨ લાખ રોપાઓ રોપવામાં આવેલ છે જે પૈકી હાલ ૪.૪૨ લાખ જીવંત છે આમ ૭૬ ટકા રોપાઓ જીવંત છે ક્ષેત્રીય વિભાગ દ્વારા ૨૯.૪૧ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે જેમાંથી હાલ ૨૪.૯૯ લાખ રોપાઓ જીવંત છે આમ ૮૪ ટકા રોપાઓ જીવંત છે એકંદરે ૩૫.૨૩ લાખમાંથી ૨૯.૪૧ લાખ રોપા જીવંત છે આમ હાલ ૮૩ ટકા રોપા જીવંત છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નવસારીમાં તાલુકાવાર કૈટલા વિસ્તારમાં વાવેતર થયેલું છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : ક્ષેત્રીય વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯માં વાંસદા તાલુકામાં ૧૫૪૬ હેક્ટરમાં, ચીખલી તાલુકામાં ૧૨૫ હેક્ટરમાં તથા જલાલપોર તાલુકામાં ૨૦ હેક્ટરમાં વાવેતર કરેલ છે, જ્યારે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા નવસારી તાલુકામાં ૨૦૦ હેક્ટર, ગણદેવી તાલુકામાં ૧૪૨ હેક્ટર, ચીખલી તાલુકામાં ૧૬૫ હેક્ટર અને વાંસદા તાલુકામાં ૧૨૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં ચેરનું વાવેતર કરવા બાબત**

*** ૮૯૭૩ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**વન મંત્રીશ્રી**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૫૦ હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) આ વાવેતર પાછળ રૂપિયા ૮.૩૬ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નવસારીમાં તાલુકા વાર કેટલા વિસ્તારમાં ચેરનું વાવેતર છે. તેમાં ખર્ચ કેટલો થયેલો છે, જીવિત કેટલાં છે અને તેની વિશેષતા શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકામાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮માં ૬૦ હેકટરમાં રૂપિયા ૩ લાખ ખર્ચ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૯૦ હેકટરમાં રૂપિયા ૫.૫૬ લાખનો ખર્ચ કરી વાવેતર કરવામાં આવેલ છે. ૨૦૦૭-૦૮માં કરેલ વાવેતર પૈકી ૭૪ ટકા અને વર્ષ ૨૦૦૮-૦૯માં કરેલ વાવેતર પૈકી ૮૬ ટકા રોપાઓ જીવંત છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, ચેર કયા વિસ્તારમાં ઉગે છે અને તેનાથી ફાયદા શું છે ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે દરિયાઇ ખારું પાણી અને જમીન તરફનું મીઠું પાણી સપ્રમાણમાં રહેતું હોય એવા વિસ્તાર અને નદીના મુખ પ્રદેશ કે જે નદી સમુદ્રને મળતી હોય એવા દરિયાઇ કિનારાના વિસ્તારો ચેર માટે અનુકૂળ છે. ચેરના પાંદડા ઢોરના છાંયડા માટે ઉપયોગી છે. લાકડુ બાળવાના ઉપયોગમાં આવે છે. ચેરના કારણે સમુદ્રી તોફાનો, વાવાઝોડા, સુનામી વગેરે સામે ઉપર વસતા લોકોને પણ રક્ષણ આપે છે. ચેરના કારણે જમીનનું ધોવાણ થતું પણ અટકે છે.

**જામનગર જિલ્લામાં 'ચેર'ના વૃક્ષનું વાવેતર**

*** ૮૯૭૦/શ્રીમેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**વન મંત્રીશ્રી :**

(૧) જામનગર જિલ્લામાં તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ ૩૫૧૦ હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) રૂપિયા ૨૦૧.૧૦ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લાના તાલુકાવાર કેટલું ચેરનું વાવેતર કરવામાં આવ્યું છે, અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**શ્રીકિરીટસિંહ જી. રાણા**: માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં તાલુકાવાર વાવેતર અને ખર્ચની વિગત આ પ્રમાણે છે. જામનગર તાલુકામાં વર્ષ ૨૦૦૭-૦૮માં ૮૦૧ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે અને ખર્ચ ૪૦.૪૩ લાખ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં વાવેતર ૨૦૫ હેકટરમાં અને ખર્ચ ૧૬.૩૨ લાખ કરવામાં આવેલ છે. જોડિયા તાલુકામાં ૨૦૦૭-૦૮માં વાવેતર ૪૩૮ હેકટરમાં અને ખર્ચ ૨૨.૭૭ લાખ. ૨૦૦૮-૦૯માં વાવેતર ૨૨૫ હેકટરમાં અને ખર્ચ ૧૯.૨૬ લાખ. જામખંભાળીયા તાલુકામાં ૨૦૦૭-૦૮માં વાવેતર ૪૨૪ હેકટરમાં અને ખર્ચ ૨૨.૨૫ લાખ. ૨૦૦૮-૦૯માં વાવેતર ૧૬૦ હેકટરમાં અને ખર્ચ ૧૨.૭૫ લાખ. કલ્યાણપુર તાલુકામાં ૨૦૦૭-૦૮માં વાવેતર ૨૯૪ હેકટરમાં અને ખર્ચ ૧૨.૧૭ લાખ. ૨૦૦૮-૦૯માં ૧૪૫ હેકટર વાવેતર અને ખર્ચ ૧૩.૨૧ લાખ. દ્વારકા તાલુકામાં ૨૦૦૭-૦૮માં ૨૪૯ હેકટર અને ખર્ચ ૭.૧૫ લાખ. ૨૦૦૮-૦૯માં વાવેતર ૧૪૦ હેકટર અને ખર્ચ ૧૨.૪૧ લાખ. લાલપુર તાલુકામાં ૨૦૦૭-૦૮માં વાવેતર ૪૨૯ હેકટર અને ખર્ચ ૨૨.૩૭ લાખ. જામનગર કુલ જિલ્લામાં ૨૬૩૫ હેકટરમાં અને ખર્ચ ૨૦૦૭-૦૮નું ૧૨૭.૧૪ લાખ. ૨૦૦૮-૦૯માં વાવેતર કુલ ૮૭૫ હેકટરમાં અને ખર્ચ ૭૩.૯૫ લાખ.

**ખેડા જિલ્લામાં વનીકરણ કરવા બાબત**

*** ૮૯૬૦ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**વન મંત્રીશ્રી :**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન વન વિભાગ દ્વારા ૧૨૬૪.૪૯ હેકટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂપિયા ૨૧૦.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતથી માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, વન વિભાગ દ્વારા યોજના વાર કેટલા હેકટરમાં કેટલો ખર્ચ કરવામાં આવે છે ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા**: માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ દ્વારા યોજના વાર ખર્ચમાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કરેલ ખર્ચ, યોજનાનું નામ, સામાજિક વનીકરણ યોજના ૬૬૭ હેકટર અને ખર્ચ ૧૧૧.૭૫ લાખ. અનુસૂચિત જાતિ પેટા યોજના હેકટર-૮૮, ખર્ચ ૧૦.૮૯ લાખ. એસ.એમ.સી. ૩૦૦ હેકટર ખર્ચ ૨૬.૯૮ લાખ. નગર નંદનવન હેકટર ૬૯.૪૯ અને ખર્ચ ૪૩.૩ લાખ. બામુ મિશન હેકટર ૩૫ અને ખર્ચ ૨.૫ લાખ. ફોરેસ્ટ રીસર્ચ ૫ હેકટર, ખર્ચ ૩.૬ લાખ.

**વલસાડ જિલ્લામાં વનીકરણ કરવા બાબત**

***૮૯૬૪ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વિસ્તારોમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વનમંત્રીશ્રી:**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન વન વિભાગ દ્વારા ૭૨૫૮ હેકટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉકત વનીકરણ પાછળ રૂા. ૧૧૫૯.૫૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની અંદર વલસાડ જિલ્લામાં ૨૦૦૮-૦૯માં કુલ ૭૨૫૮ હેકટરનું વાવેતર કરવામાં આવેલ છે. હું એ જાણવા માગું છું કે વાવેતર રીઝર્વ ફોરેસ્ટમાં કેટલું છે? વનીકરણ વિભાગમાં કેટલા હેકટર વનીકરણ કરવામાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે ખાડા જે ખોદવામાં આવે છે એમાં પાયામાં ખાતર નાંખવામાં આવે છે કે કેમ? અને એક ખાડા પાછળ કેટલું અને કયુ ખાતર નાંખવામાં આવે છે. પ્રશ્ન ત્રીજો, જે વીડીંગ વર્ષ આખરે કરવામાં આવે છે, વોડકામ, એ વોડકામ પાછળ હેકટરે કેટલો ખર્ચ થાય છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા**: સામાન્ય રીતે વલસાડ જિલ્લામાં જે તે વિભાગ દ્વારા ભૂમિ અને ભેજ સંરક્ષણ યોજના, નેશનલ બામુ મિશન દશમૂલ પ્રોજેકટ હેઠળ વાવેતર હાથ ધરવામાં આવેલ છે. અને વિસ્તાર વિકાસ દ્વારા પટ્ટી, વાવેતર ગ્રામ વનો, કોતર વાવેતર ખાનગી જમીન ઉપર વાવેતર, ટપક પદ્ધતિ, ખાસ અંગભૂત યોજના હેઠળ અને પર્યાવરણ યોજના હેઠળ વાવેતર હાથ ધરવામાં આવેલ છે. બીજી એમણે જે વિગતો માગી છે એ હું મેજ ઉપર મૂકી દઈશ.

**બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં ગાંડા બાવળને કારણે રસ્તાઓ બંધ થવા બાબત**

***૭૭૭૩ શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં ગાંડા બાવળના ઉપદ્રવને કારણે રસ્તાઓ બંધ અથવા સાંકડા થયેલ છે, તેનો નિકાલ કરી માર્ગો ખુલ્લા કરવા સરકાર દ્વારા શું આયોજન હાથ ધરેલ છે, અને

(૨) વન વિભાગ દ્વારા આવા કેટલા રસ્તાઓનો આ તાલુકાઓમાં સરવે કરેલ છે?

**વનમંત્રી :**

(૧) અમદાવાદ જિલ્લાના બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં ગાંડા બાવળના ઉપદ્રવને કારણે માર્ગ અને મકાન વિભાગ હેઠળનો એકપણ રસ્તો બંધ થયેલ નથી. માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રોડની બન્ને બાજુએ વૃદ્ધિ પામતા નડતરરૂપ ગાંડા બાવળોને તે વિભાગ દ્વારા નાણાકીય મર્યાદામાં રસ્તાઓ પરથી સમયાંતરે દૂર કરીને રસ્તાઓને ખુલ્લા કરવામાં આવે છે.

(૨) વન વિભાગે સરવે કરેલ નથી.

**શ્રી રણછોડભાઈ ક. મેર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મળી ગયેલ છે.

**અમદાવાદ જિલ્લામાં ટોટલ સેનિટેશન યોજના હેઠળ શૌચાલયો બનાવવા બાબત**

***૮૯૩૦ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનિટેશન કેમ્પેઈન યોજના હેઠળ તાલુકાવાર કેટલા શૌચાલયો બાંધવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) અમદાવાદ જિલ્લામાં તારીખ ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનિટેશન કેમ્પેઈન યોજના હેઠળ તાલુકાવાર બાંધવામાં આવેલ શૌચાલયોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બાંધેલ શૌચાલયોની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | દસક્રોઈ | ૭૯૧૬ |
| ૨. | સાણંદ | ૩૫૦૧ |
| ૩ | વિરમગામ | ૪૬૬૬ |
| ૪ | માંડલ | ૧૬૧૫ |
| ૫ | દેત્રોજ | ૨૪૧૩ |
| ૬ | બાવળા | ૧૦૨૮ |
| ૭ | ધોળકા | ૧૩૬૭ |
| ૮ | ધંધુકા | ૩૧૩૮ |
| ૯ | રાણપુર | ૫૯૭ |
| ૧૦ | બરવાળા | ૧૯૫૦ |
| | **કુલ** | **૨૮૧૯૧** |

(૨) તેની પાછળ રૂા. ૧૭૦.૬૦ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સંપુર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ વિવિધ પ્રકારના શૌચાલયો બનાવવા યુનિટ કોસ્ટ કેટલી છે અને તેમાં ભારત સરકાર, રાજય સરકાર અને લાભાર્થીનો ફાળો કેટલો છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** ટોટલ સેનિટેશન યોજના કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સંયુકત પ્રયાસોથી ચાલે છે. એમાં ખાસ કરીને બી.પી.એલ. કુટુંબો માટે આ કાર્યક્રમ જે ગુજરાતમાં મોટા પાયે ચાલે છે. એમાં બી.પી.એલ. કુટુંબોને અઢી હજાર રૂપિયા યુનિટ કોસ્ટ આપવામાં આવે છે. જે પૈકી ભારત સરકારનો ફાળો ૧૫૦૦ રૂપિયાનો હોય છે, રાજય સરકારનો ફાળો ૭૦૦ રૂપિયાનો હોય છે અને લાભાર્થી પોતે જન ભાગીદારી તરીકે ૩૦૦ રૂપિયા ફાળો આપે છે. એ.પી.એલ. કુટુંબો છે. બી.પી.એલ. કુટુંબોની સ્વચ્છતા કર્યા પછી પણ ગ્રામીણ વિસ્તારો પૂરા સ્વચ્છ થતા નથી, કારણ કે એ.પી.એલ.ના જે કન્સીડર કરાતા કુટુંબો છે, એમને પણ ટોટલ સેનિટેશનમાં જોડવા માટેનો સરકારનો ખૂબ મોટા પાયે પ્રયત્ન છે. એમાં ૨૫૦૦ રૂપિયાની કિંમત છે, કેન્દ્ર સરકાર એમાં અમને કંઈ રકમ આપતી નથી. કેન્દ્ર સરકાર દ્વારા એમાં કોઈ રીતે રાહત આપવામાં આવતી નથી. રાજય સરકાર સબસિડી પેટે ૭૫૦ રૂપિયા એ.પી.એલ. લોકોને આપે છે. શાળા શૌચાલયો, જે ગ્રામીણ વિસ્તારમાં શાળાઓ છે, ત્યાં ૨૦ હજાર રૂપિયાની યુનિટ કોસ્ટ આવે છે, એમાં ૭૦ ટકા કેન્દ્ર સરકાર આપે છે. એટલે કે ૧૪૦૦૦ રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે. ૩૦ ટકા એટલે કે ૬૦૦૦ રાજય સરકાર આપે છે. આંગણવાડીઓ છે, ત્યાં પણ સ્વચ્છતા કરવાની ખૂબ જરૂર હોય છે. ત્યાં ૫ હજારની યુનિટ કોસ્ટ બને છે. તેમાં ૭૦ ટકા કેન્દ્ર સરકાર આપે છે અને રાજય સરકારનો ફાળો ૩૦ ટકા એમાં રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, સામૂહિક શૌચાલયો છે જયાં આગળ ગ્રામીણ વિસ્તારના લોકો રસ લેતા નથી અને લોકોની ઈચ્છા છે કે સામૂહિક શૌચાલયો કરવાં છે તો એવા સંજોગોમાં ૨ લાખ રૂપિયાના બને છે તેમાં ૬૦ ટકા કેન્દ્ર સરકાર, ૨૦ ટકા રાજય સરકાર આપે છે અને ૨૦ ટકા લોકફાળો હોય છે. આ રીતે ટી.એસ.સી. કાર્યક્રમ આગળ વધારીએ છીએ.

**અમદાવાદ જિલ્લામાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત**

*૮૯૩૩ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

૧. અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારો સરકારની નીતિ પ્રમાણે કેટલા ખોલવાના બાકી છે, અને
૨. તે કયાં સુધીમાં ખોલવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

૧. ૧૫.
૨. બનતી ત્વરાએ.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌથી પહેલાં તો માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે આ બાકી રહેલા ૧૫ ભંડારો બનતી ત્વરાએ પૂરા કરવાના છે. મારે જાણવું છે કે અમદાવાદ જિલ્લાના તાલુકાવાર આવેલ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી સહકારી ધોરણે અને ખાનગી ધોરણે વાજબી ભાવની દુકાનો કેટલી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાના તાલુકાવાર પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોની વિગતો માનનીય સભ્યશ્રીએ માગી છે તેમાં ૧૦ તાલુકા અમદાવાદ જિલ્લામાં આવેલા છે એમાં કુલ ૪૭૦ દુકાનો છે એમાં સહકારી મંડળીઓ દ્વારા ચાલતા ૧૧૪ ભંડારો છે અને ખાનગી ધોરણે ચાલતા ૩૫૬ છે એમાં દસ્કોઈ તાલુકામાં ૨૧ સહકારી મંડળીઓ મારફતે ચાલે છે અને ખાનગી ધોરણે ૫૦ ચાલે છે એમ કુલ

મળીને ૭૧ ભંડારો દસ્કોઈમાં છે, સાણંદમા ૧૧ સહકારી મંડળીઓ દ્વારા ચાલે છે અને ૪૬ ખાનગી ધોરણે એમ કુલ મળીને ૫૭ દુકાનો એટલે કે ગ્રાહક ભંડારો આવેલા છે. બરવાળામાં ૧૪ સહકારી ધોરણે મંડળીઓ ચલાવે છે અને ખાનગી ગ્રાહક મંડળ દ્વારા ખાનગી ભંડાર ૩૩ છે એમ કુલ ૪૭ દુકાનો આવેલ છે. ધોળકામાં સહકારી મંડળીઓ મારફતે ૩૩ અને ખાનગી મારફતે ૪૧ એમ કુલ ૭૪ છે, વિરમગામમાં ૧૧ સહકારી મંડળીઓ મારફતે અને ૪૪ ખાનગી ધોરણે એમ કુલ ૫૫ છે, માંડલમાં સહકારી ધોરણે ૪ અને ૧૮ ખાનગી ધોરણે એમ કુલ મળીને ૨૨ ચાલે છે, દેત્રોજમાં સહકારી મંડળીઓ માફરતે ૩ અને ખાનગી ધોરણે ૨૭ એમ કુલ ૩૦ છે, ધંધુકામાં સહકારી મંડળીઓ મારફતે ૭ અને ખાનગી ધોરણે ૫૦ એમ કુલ મળીને ૫૭ છે, રાણપુર તાલુકામાં સહકારી મંડળીઓ માફરતે ૬ અને ૨૭ ખાનગી એમ કુલ ૩૩ ચાલે છે. બરવાળામાં ૪ સહકારી મંડળીઓ મારફતે અને ૨૯ ખાનગી એમ ૨૪ ચાલે છે. આ પ્રમાણે કુલ ૪૭૦ દુકાનો અમદાવાદ જિલ્લામાં આપવામાં આવેલ છે.

**વડોદરા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

*૮૯૪૫**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિએિ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨) આ ગ્રામ પંચાયતોને મળતી અનુદાનની રકમ ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૩) જો ના, તો હવે કયાંસુધીમાં ચૂકવવામાં આવશે.

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) ૫૭ (સત્તાવન.

(૨) હા,જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સમરસ ગ્રામ પંચાયત યોજનામાં પ્રોત્સાહક અનુદાન વસતિના આધારે શું આપવામાં આવે છે અને મહિલા સમરસ ગામ પંચાયત પ્રોત્સાહક અનુદાન વસતિના આધારે  શું આપવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ  સમરસ ગ્રામ પંચાયતની યોજનામાં પ્રોત્સાહક અનુદાન યોજના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં એનું અમલીકરણ કર્યુ છે અને એના કારણે એને ખૂબ મોટો વ્યાપ મળ્યો છે. ગુજરાતમાં ગામેગામ શાંતિ પ્રસરી ચૂંટણીઓમાં એ આના આધારે છે. એમાં ૫ હજાર સુધીની વસતિ હોય તો પ્રોત્સાહક અનુદાન ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે અને મહિલા સમરસ ગ્રામ પંચાયત હોય તો ૨ લાખ રૂપિયા આપવામાં આવે છે. ૫૦૦૧ થી ૧૫ હજાર સુધીની વસતિનું મોટું ગામ હોય તો ૧ાા લાખ રૂપિયા આપવામાં આવે છે અને મહિલા સમરસ ગ્રામ પંચાયત હોય તો. ૩ લાખ રૂપિયા આપવામાં આવે છે. ૫ હજાર સુધીની વસતિ ધરાવતી ગ્રામ પંચાયત જો બીજી વખત સમરસ થાય તો ૧ લાખના બદલે ૧ા લાખ રૂપિયા  અને મહિલા સમરસ ગ્રામ પંચાયત બીજી વખત થાય તો ૨ાા લાખ રૂપિયા આપવામાં આવે છે. ૨૫ ટકા વધારે આપવામાં આવે છે અને ૫૦૦૧ થી ૧૫ હજાર સુધીની વસતિનું મોટું ગામ હોય તો ૧,૮૭,૫૦૦ રૂપિયા બીજી વખત સમરસ બને તો અપાય છે અને બીજી વખત મહિલા સમરસ ગ્રામ પંચાયત બને તો ૩,૭૫,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**પંચાયત વિભાગમાં આશ્રિતોને રહેમરાહે નોકરી આપવાની અરજીઓ**

૯૦૯૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૧/૬/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત વિભાગ હેઠળ ચાલુ નોકરીએ અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવાની યોજના હેઠળ કેટલા વારસદારોને નોકરી આપી, અને | (૧) ૩. |
| (૨) કેટલા કેસ પેન્ડીંગ છે ? | (૨) ૩૭૮. |

**દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબપ્લાન નીચે સામૂહિક સિંચાઈ કૂવા**

૭૨૪૭ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૬/૨૦૦૭ અને ૨૦૦૭/૨૦૦૮ દરમ્યાન ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલા સામૂહિક સિંચાઈ કૂવા ફાળવવામાં આવ્યા

**જવાબ**

(૧)

| નાણાંકીય વર્ષ | ફાળવેલ કૂવાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૬-૨૦૦૭ | ૨૫૮ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૬૦ |
| **કુલ :-** | ૩૧૮ |

ફાળવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પૂર્ણ થયા, અને — (૨) ૪૮ પૂર્ણ થયેલ છે.

(૩) કેટલા સિંચાઈ કૂવાનું કામ બાકી છે ? — (૩) ૨૭૦ પૂર્ણ કરવાના બાકી છે.

**કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં વણવપરાયેલ રકમ**

૮૨૯૯ **શ્રી રામસિંહ પરમાર(ઠાસરા)** : તા.૨૦/૨/૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક-૬૪૫૦(અગ્રતા-૬૮) ના અનુસંધાને **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી છે, અને

(૨)આ રકમ વણવપરાયેલી રહેવાનાં કારણો શાં છે?

**જવાબ**

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં નીચે મુજબ વર્ષવાર બચત રહેવા પામેલ છે.

| વર્ષ | બચત રહેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૬૨૫.૧૦ |
| ૨૦૦૭-૦૮ | ૪૪૯૩.૪૯ |
| ૨૦૦૮-૦૯ | ૭૭૪૭.૩૭ |

**ભરૂચ જિલ્લામાં પ્રદુષણ અટકાવવા વન વિભાગ ધ્વારા વૃક્ષોનું પ્લાન્ટેશન કરવા બાબત**

૭૩૨૯ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં દહેજ-વિલાયત-પાનોલી અને ઝગડીયા ઓદ્યોગિક વિસ્તારોમાં પ્રદુષણ અટકાવવા માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ ધ્વારા કેટલા વૃક્ષોનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું, અને

(૨) આ હેતુ માટે સરકાર ધ્વારા વન વિભાગને કેટલી જમીન ફાળવવામાં આવી છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં દહેજ-વિલાયત-પાનોલી અને ઝગડીયા ઓદ્યોગિક વિસ્તારોમાં પ્રદુષણ અટકાવવા માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા ૧૮૭૫ વૃક્ષોનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

(૨) આ હેતુ માટે સરકાર દ્વારા વન વિભાગને જમીન ફાળવવામાં આવેલ નથી.

------------

## સુરત જિલ્લામાં વનીકરણ

૮૯૫૫ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામા વર્ષ-૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન વન વિભાગ દ્વારા ૩૮૬૨ હેકટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂા. ૩૮૨.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં માનવદિનની રોજગારી

૮૬૫૫ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૨) કેટલા માનવદિનની રોજગારી આપવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તાલુકાવાર ગામોમાં કામ શરૂ કર્યા તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | વર્ષ ૨૦૦૮-૦૯ (મે-૦૯ અંતિત) | |
|---|---|---|---|---|---|
| | | ગામની સંખ્યા | કામોની સંખ્યા | ગામોની સંખ્યા | કામોની સંખ્યા |
| ૧ | દસક્રોઇ | ૧૫ | ૪૫ | ૪ | ૫ |
| ૨ | સાણંદ | ૧૨ | ૬૫ | ૫ | ૧૧ |
| ૩ | બાવળા | ૫ | ૧૮ | ૦ | ૦ |
| ૪ | ધોળકા | ૭ | ૨૧ | ૦ | ૭ |
| ૫ | ધંધુકા | ૫ | ૨૭ | ૮ | ૮ |
| ૬ | રાણપુર | ૬ | ૨૨ | ૮ | ૫ |
| ૭ | બરવાળા | ૮ | ૧૬ | ૪ | ૯ |
| ૮ | વિરમગામ | ૧૫ | ૪૨ | ૬ | ૮ |
| ૯ | માંડલ | ૧૩ | ૩૦ | ૪ | ૩ |
| ૧૦ | દેત્રોજ | ૪૮ | ૪૮ | ૧ | ૨ |
| | **કુલ..:** | **૧૩૪** | **૩૩૪** | **૪૦** | **૫૮** |

(૨) તા. ૩૧-૫-૦૯ સુધીમાં ૪.૧૪ લાખ માનવદિનની રોજગારી આપવામાં આવી.

(૩) તા. ૩૧-૫-૦૯ સુધીમાં કુલ રૂા. ૪૨૩.૦૨ લાખ ખર્ચ થયેલ છે.

## જામનગર તથા કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ

૭૬૪૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર તથા કચ્છ જિલ્લામાં મે-૨૦૦૯ ની સ્થિતિએ વિસ્તરણ અધિકારીઓ વર્ગ-૩ ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ મહત્વની જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૩) આ તમામ જગ્યાઓ વહેલામાં વહેલી ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં ૨૬ તથા કચ્છ જિલ્લામાં ૩૭ વિસ્તરણ અધિકારી વર્ગ-૩ની જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૨) વહીવટી કારણોસર.

(૩) બનતી ત્વરાએ.

------------

## સુરત જિલ્લામાં જીવન જરૂરી ચીજવસ્તુઓના વિતરણમાં ગેરરીતિઓ

૮૪૨૪**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર ગ્રામ્ય વિસ્તારોમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓના વિતરણ અને તેની વ્યવસ્થા બાબતે કેટલી ગેરરીતિઓ થઈ, અને

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ગ્રામ્ય વિસ્તારોમાં ગેરરીતિવાળા કેસોની સંખ્યા |
|---|---|---|
| (૧) | કામરેજ | ૨૪ |
| (૨) | પલસાણા | ૭ |
| (૩) | ચોર્યાસી | ૧૮ |

| | | |
|---|---|---|
| (૪) | બારડોલી | ૮ |
| (૫) | ઓલપાડ | ૯ |
| (૬) | માંડવી | ૭ |
| (૭) | મહુવા | ૩૭ |
| (૮) | માંગરોળ | ૫ |
| (૯) | ઉમરપાડા | ૩ |
| | **કુલ :** | **૧૧૮** |

(૨) આ ગેરરીતિઓ બદલ જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધાં ?

(૨) ગેરરીતિઓ બદલ જવાબદારો સામે નીચે મુજબ પગલાં લીધા ?

(૧) રૂા. ૧૨,૧૦,૭૩૪-૫૦ની કિંમતનો જથ્થો સીઝર કર્યો.
(૨) રૂા. ૨૯,૦૬૯/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.
(૩) રૂા. ૭૪,૨૫૦/-ની પરવાના અનામત રાજ્યસાત કરી
(૪) રૂા. ૪૩,૩૭૫/-ની કરારનામાની ડીપોઝીટ રાજ્યસાત કરી.
(૫) રૂા. ૨,૨૩,૨૭૩/-ની કિંમતનો દંડ કર્યો.
(૬) એક કેસમાં પરવાનો મોકુફ રાખ્યો.

------------

**જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતનું વિભાજન**

૮૯૮૨**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૧૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્ત મળી,

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર થઈ,

(૩) કેટલી નામંજૂર કરી અને

(૪) કેટલી દરખાસ્તો પડતર છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ).

(૨), (૩) અને (૪) વિચારણા હેઠળ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ જોબકાર્ડ**

૮૯૨૫ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા માનવ દિન રોજગારી ઉત્પન્ન થઈ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત ૧,૦૯,૯૦૭ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ૧૨.૩૬ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે.

------------

**સુરત જિલ્લામાં સખી મંડળોની રચના**

૮૯૪૮**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર સખી મંડળોની રચના કરવામાં આવી છે તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રચાયેલ સખીમંડળ |
|---|---|---|
| ૧. | બારડોલી | ૧૨૦ |
| ૨. | માંડવી | ૨૬૦ |
| ૩. | મહુવા | ૪૨૮ |
| ૪. | માંગરોળ | ૧૯૦ |
| ૫. | ઓલપાડ | ૫૭ |
| ૬. | પલસાણા | ૭૭ |
| ૭. | ચોયાર્સી-૧<br>ચોયાર્સી-૨ | ૬૩<br>૧૨૯ |
| ૮. | ઉમરપાડા | ૮૬ |
| ૯. | કામરેજ | ૩૧ |
| | **કુલઃ** | **૧૪૪૧** |

(૨) તે પૈકી કેટલા જૂથોને ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ આપવામાં આવ્યા ?

(૨) તે પૈકી ૧૦૬૨ જુથોને સખી મંડળ યોજના અંતર્ગત ગ્રેડીંગ આપવામાં આવેલ છે. સખી મંડળ યોજના અંતર્ગત જુથોને માત્ર ગ્રેડીંગ આપવામાં આવે છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં ગોચરના દબાણો**

૮૭૮૭ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં મે-૨૦૦૯ ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં મે-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર જુદા જુદા ગામોમાં કુલ ૧૩,૯૧૮ ગોચર દબાણો આવેલા છે.

તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ દબાણદારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વંથલી | ૨૨૫ |
| ૨ | ઉના | ૨૭૮૪ |
| ૩ | જુનાગઢ | ૩૧૦ |
| ૪ | ભેંસાણ | ૨૫૫ |
| ૫ | માળીયા હાટીના | ૧૧૪૮ |
| ૬ | વેરાવળ | ૧૯૦૬ |
| ૭ | વિસાવદર | ૭૫૧ |
| ૮ | માંગરોળ | ૩૦૨૩ |
| ૯ | સુત્રાપાડા | ૧૯૬૯ |
| ૧૦ | તાલાલા | ૨૮૫ |
| ૧૧ | મેંદરડા | ૧૩૮ |
| ૧ | ૨ | ૩ |
| ૧૨ | કોડીનાર | ૮ |
| ૧૩ | કેશોદ | ૯૧૦ |
| ૧૪ | માણાવદર | ૨૦૬ |
| | કુલ : | ૧૩૯૧૮ |

(૨) તે પૈકી ૩ અને ૫ વર્ષથી વધુ સમયથી દબાણો ક્યા ક્યા છે,

(૨) તે પૈકી (૧) ત્રણ વર્ષથી વધુ સમયથી કુલ ૮૦૧ દબાણો છે. તેમજ (૨) પાંચ વર્ષથી વધુ સમયથી કુલ ૧૧,૬૭૦ દબાણો છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૩ વર્ષથી વધુ | ૫ વર્ષથી વધુ |
|---|---|---|---|
| ૧ | વંથલી | ૧૮ | ૨૦૨ |
| ૨ | ઉના | ૧૫૨ | ૨૩૨૭ |
| ૩ | જુનાગઢ | ૧૦૪ | ૩૮ |
| ૪ | ભેંસાણ | ૭ | ૨૪૧ |
| ૫ | માળીયા-હાટીના | ૮૫ | ૧૦૩૩ |
| ૬ | વેરાવળ | ૦ | ૧૯૦૬ |
| ૭ | વિસાવદર | ૮૦ | ૬૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | વિસાવદર | ૮૦ | ૬૨૦ |
| ૮ | માંગરોળ | ૦ | ૩૦૨૩ |
| ૯ | સુત્રાપાડા | ૩૪૧ | ૧૩૦૬ |
| ૧૦ | તાલાલા | ૦ | ૦ |
| ૧૧ | મેંદરડા | ૧૦ | ૮૪ |
| ૧૨ | કોડીનાર | ૦ | ૮ |
| ૧૩ | કેશોદ | ૪ | ૮૮૨ |
| ૧૪ | માણાવદર | ૦ | ૦ |
| | કુલ : | ૮૦૧ | ૧૧૬૭૦ |

(૩) આટલા વર્ષોથી દબાણો રહેવા બદલ પંચાયતના જવાબદારો સામે શાં શિક્ષાત્મક પગલાં લેવાયા છે, અને

(૪) તમામ દબાણો ક્યારે હટાવી દેવાશે ?

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની સંબંધિત ક્લમો અનુસંધાને જવાબદારોને નોટીસો આપવામાં આવેલ છે.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની ક્લમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણો દુર કરવાના અધિકારો પ્રાપ્ત થયેલા છે. અને તે અંગેની કાર્યવાહી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

------------

**ગાંધીનગર જિલ્લામાં વનીકરણ**

૮૯૫૬ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૫૨૦.૧૭ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) આ વનીકરણ પાછળ રૂ. ૧૧૬.૬૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં વનીકરણ**

૮૯૫૭ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં : વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન વન વિભાગ દ્વારા ૩૯૧૮.૫૦ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂ. ૫૨૭.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**અમદાવાદ જિલ્લામાં ગોચરના દબાણો**

૮૫૭૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચર દબાણો છે,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૨૭૩ દબાણો છે.

તાલુકાવાર ગોચરના દબાણો નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગોચર દબાણોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૧૭૧ |
| ૨ | સાણંદ | ૪૬ |
| ૩ | બાવળા | ૨ |
| ૪ | ધોળકા | ૭ |
| ૫ | ધંધુકા | ૫ |
| ૬ | બરવાળા | ૯ |
| ૭ | રાણપુર | ૧૦ |
| ૮ | વિરમગામ | ૧૬ |
| ૯ | દેત્રોજ | ૫ |

| | | |
|---|---|---|
| ૯ | દેત્રોજ | ૫ |
| ૧૦ | માંડલ | ૨ |
| | કુલ : | ૨૭૩ |

(૨) તે પૈકી ૩ અને ૫ વર્ષથી વધુ સમયથી થયેલા દબાણો ક્યા ક્યા છે,

(૨) ત્રણ અને પાંચ વર્ષથી વધુ સમયથી થયેલા દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ત્રણ વર્ષ ઉપરના દબાણોની સંખ્યા | પાંચ વર્ષ ઉપરના દબાણોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૧૨૪ | ૪૭ |
| ૨ | સાણંદ | ૩૦ | ૧૬ |
| ૩ | બાવળા | ૨ | ૦ |
| ૪ | ધોળકા | ૫ | ૨ |
| ૫ | ધંધુકા | ૪ | ૧ |
| ૬ | બરવાળા | ૫ | ૪ |
| ૭ | રાણપુર | ૮ | ૨ |
| ૮ | વિરમગામ | ૮ | ૮ |
| ૯ | દેત્રોજ | ૪ | ૧ |
| ૧૦ | માંડલ | ૨ | ૦ |
| | કુલ : | ૧૯૨ | ૮૧ |

(૩) આટલા વર્ષોથી દબાણો થવા બદલ પંચાયતના જે તે જવાબદારો સામે શાં શિક્ષાત્મક પગલાં લેવાયાં છે, અને

(૪) થયેલા તમામ દબાણો ક્યારે હટાવી લેવાશે ?

(૩) ગોચરના દબાણો દુર કરવામાં નિષ્ફળ ગયેલ જવાબદારો સામે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૨) હેઠળ ગોચરની જમીન ઉપર થયેલ દબાણો દુર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને પ્રાપ્ત થયેલાં છે અને તે અંગેની કાર્યવાહી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

------------

## આણંદ જિલ્લામાં વનીકરણ કરવા બાબત

૮૯૬૨**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન વન વિભાગ દ્વારા ૧૪૨૩ હેકટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂ. ૧૨૦.૯૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## દાહોદ અને ઝાલોદ તાલુકામાં કિસાન નર્સરીઓ

૭૨૪૯**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને ઝાલોદ તાલુકામાં કેટલી કિસાન નર્સરીઓ ફાળવવામાં આવી ?

**જવાબ**

તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં દાહોદ તાલુકામાં ૩૦ અને ઝાલોદ તાલુકામાં ૩૧ કિસાન નર્સરીઓ ફાળવવામાં આવી છે.

## સુરત અને તાપી જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ

૮૪૮૬ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી કેટલી જ્ગ્યાઓ ભરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) (૨) અને (૩)

| જિ.પ. | વર્ગ | મંજુર મહેકમ | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|---|
| | ૧ | ૧૬ | ૧૨ | ૦૪ |
| | ૨ | ૧૪૨ | ૧૧૫ | ૨૭ |
| | ૩ | ૨૫૮૩ | ૧૭૩૬ | ૮૪૭ |

(૩) કેટલી ખાલી છે, અને

| | | | | |
|---|---|---|---|---|
| | ૩ | ૨૫૮૩ | ૧૭૩૬ | ૮૪૭ |
| | ૪ | ૩૦૪ | ૨૦૯ | ૯૫ |
| તાપી | ૧ | ૮ | ૪ | ૪ |
| | ૨ | ૯ | ૫ | ૪ |
| | ૩ | ૪૫ | ૪૫ | ૦ |
| | ૪ | ૨૦ | ૨૦ | ૦ |

(૪) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૪) સીધી ભરતી/બઢતીથી ભરવાનું આયોજન છે.

------------

**દાહોદ જિલ્લામાં વોટર શેડ યોજના હેઠળ પ્રોજેક્ટ**

૮૪૬૫ **શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટર શેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આવા પ્રોજેક્ટ કઈ કઈ એન.જી.ઓ. ને આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમદાવાદ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટની અરજીઓ**

૮૬૫૬ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમીટીની મીટીંગો કેટલી વખત મળી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમિટિની મીટીંગો નીચે મુજબ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ લેન્ડ કમિટિની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધંધુકા | ૨ (બે) |
| ૨ | રાણપુર | ૧ (એક) |
| ૩ | ધોળકા | ૧ (એક) |
| ૪ | બરવાળા | ૧ (એક) |
| ૫ | વિરમગામ | ૫ (પાંચ) |
| ૬ | સાણંદ | ૪ (ચાર) |
| ૭ | દેત્રોજ | ૨ (બે) |
| ૮ | બાવળા | ૧ (એક) |
| ૯ | દસક્રોઈ | ૧ (એક) |
| ૧૦ | માંડલ | ૪ (ચાર) |
| | **કુલ :** | **૨૨ (બાવીસ)** |

(૨) આ મળેલ મીટીંગમાં ૧૦૦ ચો. વારના પ્લોટ ફાળવવા અંગેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨) આ મળેલ મીટીંગમાં ૧૦૦ ચો. વારના પ્લોટ ફાળવવા અંગેની અરજીઓ નીચે મુજબ મંજૂર કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધંધુકા | ૧૪૩ |
| ૨ | રાણપુર | ૨૧ |
| ૩ | ધોળકા | ૨૮ |
| ૪ | બરવાળા | ૩૮ |
| ૫ | વિરમગામ | ૪૭૬ |
| ૬ | સાણંદ | ૧૮૬ |
| ૭ | દેત્રોજ | ૧૪૬ |
| ૮ | બાવળા | ૧૨૭ |
| ૯ | દસક્રોઈ | ૧૦૨ |
| ૧૦ | માંડલ | ૪૮૩ |
| | **કુલ :** | **૧૭૫૦** |

------------

**જામનગર જિલ્લામાં મોરનો શિકાર અને અકુદરતી મોતની ઘટનાઓ**

૭૬૪૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૭ અને ૨૦૦૮ની સાલમાં મોરના શિકાર અને અકુદરતી મોતની કેટલી ઘટના બની છે, | (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૭ માં એક મોરનું કુદરતી મૃત્યુ તથા એક મોરના શિકારની ઘટના બનેલ છે. સને ૨૦૦૮ માં મોરના શિકારની કે અકુદરતી મૃત્યુની કોઈ ઘટના બનેલ નથી. |
| (૨) તે સંબંધમાં કેટલા આરોપીઓ પકડાયા અને કેટલાને પકડવાના બાકી છે, અને | (૨) મોરના શિકારના કેસમાં ત્રણ આરોપીઓને પકડવામાં આવેલ છે. |
| (૩) તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) શિકાર કેસમાં પકડાયેલ ત્રણ આરોપીઓ સામે પોલીસ કેસ કરવામાં આવેલ છે અને પ્રોહીબીશન એકટ, આર્મ્સ એકટ અને વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ અન્વયે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. ત્રણેય આરોપીઓને ફર્સ્ટ કલાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ધ્રોલ ધ્વારા જેલ હવાલે કરવામાં આવેલ બાદમાં જામીન ઉપર છૂટેલ છે. કેસ હાલ ચાલુ છે. |

**આદિવાસી લાભાર્થીઓને સસ્તા દરે એલ.પી.જી. ગેસ**

૮૯૪૯ **શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯ માં આદિવાસી લાભાર્થીઓને સસ્તા દરે ઘર વપરાશ માટે એલ.પી.જી. ગેસ ક્નેક્શન કેટલા આપવામાં આવ્યાં, અને | (૧) ૫૯૦૩ ક્નેક્શન. |
| (૨) વર્ષ ૨૦૦૯-૧૦ માં આદિજાતિ લાભાર્થીઓને સસ્તા દરે કેટલા એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવાનું આયોજન છે ? | (૨) ૨૨૭૨ ક્નેક્શન. |

------------

**જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ મંત્રીની ખાલી જગ્યાઓ**

૮૭૮૮ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં મે-૨૦૦૯ ની સ્થિતિએ તલાટી-કમ મંત્રીની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૪૨ |
| (૨) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ |

# ગૃહ મંત્રીશ્રી (રાજયકક્ષા)નું નિવેદન (નિયમ-૪૪)

## અમદાવાદમાં થયેલ લઠ્ઠાકાંડ અંગે

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એક દુ:ખદ અને કમનસિબ ઘટનાની જાણકારી આપવા માટે હું આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. તા. ૭-૭-૨૦૦૯ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગીતા મંદિર નજીક આવેલ કંટોડીયા વાસમાં કેટલાંક ઈસમો ઝેરી પદાર્થ પી જતાં તે પૈકી અમુક લોકોને સારવાર માટે વાડીલાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે તેમાંથી બે થી ત્રણ ઈસમોના મૃત્યુ પણ થયા છે. આ હકીકતની જાણ મળતા લાગતા વળગતાં અધિકારીઓથી સમગ્ર બનાવની તપાસ કરાવતાં નીચે મુજબની વિગતો પ્રાથમિક તબકકે જાણવા મળેલ છે.

શરૂઆતમાં વાડીલાલ હોસ્પિટલ ખાતે પાંચ માણસોના મૃત્યુ થયેલ તેમજ દસ જેટલા સારવાર હેઠળ હતા. તેવી માહિતી મળેલ હતી. જે અંગે સારવાર હેઠળના ભાનમાં હોય તેવી વ્યકિતઓ સાથે વાત કરતા એવું જાણવા મળેલ કે ગયા રવિવારે ૫-૭-૨૦૦૯ના રોજ સાંજના ૭ વાગ્યા પછી કંટોડીયા વાસ ચોર્યાસી નગરમાં રહેતા હરેશ ઉર્ફે અરવિદ ખીમજી સોલંકી અને તેના દીકરા પ્રદિપે તેના ઓળખીતા મિત્રોને પોતાના ઘેર દારૂ પીવા માટે બોલાવેલા, આ મિત્રો પૈકીના ભવાનભાઈ લઘરભાઈ, હરીશભાઈ ટીકાભાઈ, કાંતિભાઈ સોમાભાઈ, વાલજીભાઈ ટીડાભાઈ, મનીષભાઈ ગોરધનભાઈ, પ્રવિણભાઈ પ્રતાપભાઈ વિગેરે અને બીજા હરિશભાઈને ત્યાં દારૂ પીવા

ગયેલા, દારૂ પીધા પછી જે લોકોએ આ દારૂ પીધેલો તે તમામને પેટમાં બળતરા તથા ઉલટીઓ થવા લાગતાં અમુક જણાએ એલ.જી. હોસ્પિટલમાં સારવાર લીધેલ જે પૈકી અરવિંદભાઈના દીકરા પ્રદિપને અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલ અને અરવિંદને પ્રાથમિક સારવાર આપી રજા આપવામાં આવેલ. દરમિયાનમાં ભવાનભાઈ લઘરભાઈનું વાડીલાલ હોસ્પિટલ ખાતે મૃત્યુ થયેલ જે બધાને કુદરતી મૃત્યુ લાગેલ. પરંતુ મોડેથી બધાને તકલીફ થવા લાગતાં ઘણાં બધા ઈસમો વાડીલાલ હોસ્પિટલ તથા એલ. જી.હોસ્પિટલમાં દાખલ થયેલ જે પૈકી અરવિંદભાઈ ખીમજીભાઈ, ભવાનભાઈ લઘરભાઈ અને મણીલાલનું મૃત્યું થયેલ. આ બાબતે શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ ડાભીની ફરિયાદ લઈ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફ.ગુ. ર. નં. ૧૬૧/૨૦૦૯ આઈ.પી.સી. કલમ ૩૦૪, ૩૨૮, ૧૪૪ વગેરે મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

આ બાબતમાં વધુ તપાસ કરતાં મારા વહેંચેલા નિવેદન પછીનું ડેવલપમેન્ટ જે છે તે જોઈએ તો મૃત્યુનો આંકડો હું નવેસરથી આપું છું. અત્યારે ૧૨-૪૫ વાગ્યા સુધીની સ્થિતિએ, વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં ૨૧ વ્યકિતઓ દાખલ થઈ હતી એમાંથી ૧૧ના મૃત્યુ થયાં છે, એલ. જી. હોસ્પિટલમાં ૧૧ વ્યકિતઓ દાખલ થયા હતા એમાંથી ૨ ના મૃત્યુ થયાં છે અને શારદાબેન હોસ્પિટલમાં ૨૨ વ્યકિતઓ દાખલ થઈ હતી એમાંથી ૧૪ ના મૃત્યુ થયાં છે એટલે કુલ મૃત્યુ થવાની સંખ્યા ૧૨-૪૫ મુજબ ૨૭ છે. અને સારવાર હેઠળ, બીજા અત્યારે ૨૫ દર્દીઓ જુદા જુદા તબકકાની સારવાર લઈ રહયા છે. નીચે જણાવેલ ઈસમો તા. ૭-૭-૨૦૦૯ના રોજ સાંજે ૯-૦૦ કલાકની સ્થિતિએ મૃત્યુ પામેલ છે.

હરીશ ઉર્ફે અરવિંદભાઈ ખીમજીભાઈ સોલંકી, પ્રદિપ તે હરિશ અરવિંદનો છોકરો, ભવાનભાઈ લઘરભાઈ સોલંકી, કાંતીભાઈ સોમાભાઈ, વાલજીભાઈ ટીડાભાઈ, મણીલાલ શકરીભાઈ, પરસોતમ જયંતીભાઈ, હરીશભાઈ ટીડાભાઈ, અમરસિંગ જે રાજપુત, રણછોડભાઈ ગાંડાભાઈ, સોમાભાઈ મહાદેવભાઈ પરમાર, પ્રેમજીભાઈ જેઠાભાઈ ડાભી. જયારે નીચે જણાવેલ ઈસમો સારવાર હેઠળ છે. મનીષભાઈ ગોરધનભાઈ, મનસુખ બચુ આવડીયા, નરબીન વાસુદેવ ઘાયલ, પ્રવિણભાઈ પ્રતાપજી ઠાકોર, સંજયકુમાર ભગુભાઈ શાહ, સુરેશભાઈ પ્રેમજીભાઈ મકવાણા, મહેશભાઈ સોમાભાઈ પરમાર, નટવરભાઈ શંકરભાઈ મારવાડી, અજીતભાઈ જીવણભાઈ, અશોકભાઈ કેશવલાલ, કિશોરભાઈ કાંતિભાઈ, બાબુભાઈ કિશનભાઈ, ભૂપતભાઈ વાલજીભાઈ મકવાણા, રાજેશ હરીદાસ કોષ્ટી.

જે બુટલેગરને ત્યાં આ પાર્ટી રાખવામાં આવેલ તે તથા તેનો દીકરો બન્ને મૃત્યુ પામેલા છે. અરવિંદભાઈ ખીમજીભાઈ સોલંકી દારૂનો ધંધો કરતા હતા અને તેના પર અમદાવાદ શહેર પોલીસે દારૂના ૨૦૦૬માં બે, ૨૦૦૭માં ૧, ૨૦૦૮માં ૩ અને ૨૦૦૯માં ૧, એમ કુલ ૭ કેસો કરેલા છે. આ ઉપરાંત સને ૨૦૦૮ તથા ૨૦૦૯માં પ્રોહિબીશન ૯૩ હેઠળ પગલાં ભરેલા છે તેમજ જુલાઈ ૨૦૦૮માં તેને પાસા હેઠળ ધરપકડ કરી અને જેલમાં મોકલવામાં આવેલ હતા. ત્યાંથી જાન્યુઆરી ૨૦૦૯માં નામદાર હાઈકોર્ટના હુકમથી છૂટેલા હતા. આ અરવિંદના પુત્ર પ્રદિપ વિરૂધ્ધ પણ ૨૦૦૯માં પ્રોહિબીશનનો કેસ કરવામાં આવેલ છે અને પ્રોહિબીશન ૯૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત મૃત્યુ પામેલા બીજા ઈસમોની પણ ગુનાહિત રેકોર્ડની ચકાસણી ચાલુ છે. જે વ્યકિતઓ સારવાર હેઠળ છે તેમના લોહી અને પેશાબના નમૂના લઈ એફ.એસ.એલ. ખાતે વિગતવાર ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે. અને આ બાબતની વધુ તપાસ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ કરી રહી છે.

હું નિવેદન સિવાયની પણ થોડી માહિતી આપવા માગું છું. આ ઘટના ધ્યાનમાં આવ્યા પછી તુરત જ ગઈકાલે ગૃહના સમય દરમિયાનમાં જ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ઉચ્ચ કક્ષાના અધિકારીઓની અને અમદાવાદના પોલીસ અધિકારીઓની મિટીંગ બોલાવી હતી અને સમગ્ર પરિસ્થિતિનો જાયજો લીધો હતો અને આજે વહેલી સવારે પણ મુખ્ય મંત્રીશ્રીએ અધિકારીની મિટીંગ બોલાવી પરિસ્થિતિનો જાયજો લીધો છે. સરકારે કાગડાપીઠ પોલીસ સ્ટેશનના બંને પી.આઈ. ને સસ્પેન્ડ કર્યા છે. ડી.વાય.એસ.પી. ને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે એની પ્રક્રિયા ચાલુ છે. આ સમગ્ર ઘટના અમદાવાદ શહેરના જુદા જુદા ભાગોમાંથી ધ્યાનમાં આવી છે અને એનો વ્યાપ ગંભીર અને ઘવાયેલા લોકોની સંખ્યા જોતાં સરકારે રિટાયર્ડ હાઈકોર્ટ જજના અધ્યક્ષપણામાં એક તપાસ પંચની નિમણૂક કરવાનો નિર્ણય કર્યો છે. જે આ ઘટનાના તમામ પાસાઓ હૉસ્પિટલની સારવાર સહિતના એની અંદર આવરી લેવામાં આવશે અને એની સમક્ષ ઈન્કવાયરી ઑફ કમિશન એકટ હેઠળ આ તપાસ પંચ હશે એટલે એની સમક્ષ બધા જ નાગરિકો બધા સંગઠનો બધી પોલિટિકલ પાર્ટીઓને લાગતાવળગતા બધા જ એની સામે પોતાની રજૂઆત પણ કરી શકશે, નિવેદન પણ કરી શકશે અને આ તપાસ પંચ ન્યાયિક તપાસ કરી શકે એ માટે ટૂંક સમયમાં એની કામગીરી ચાલુ થાય એના માટેની પ્રક્રિયા સરકાર હાથ ધરવાનું નક્કી કર્યુ છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બન્યો છે એક નહિ પણ બે બનાવ બહુ ગંભીર બાબત છે. મજૂર ગામમાં જે બનાવ બન્યો આજે જે આંકડા અમારી પાસે આવી ગયા છે. લગભગ ૨૦ જેટલા મૃત્યુ એમાં થયા છે. (અંતરાય) કુલ ૨૭.

**અધ્યક્ષશ્રી** : સરકારે ૨૭ની સંખ્યા બતાવી છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : ઓઢવમાં બીજો બનાવ બન્યો અને ઓઢવમાં પણ આવા મૃત્યુ થયાં છે. હું ગઈ કાલે આ વિસ્તારમાં ગયો હતો ત્યાંના લોકો સાથે ચર્ચા કરી જેમના અવસાન થયા એમના ઘરે પણ ગયો હતો અને સાહેબ જે લોકોનો આક્રોશ હતો એ સંપૂર્ણપણે પોલીસ સાથેની મિલીભગતથી ત્યાં આ ચાલી રહ્યું છે. સપ્ટેંબર, ૨૦૦૮માં પોલીસ વિભાગને ત્યાંની નાગરિક સમિતિ દ્વારા અરજી પણ આપવામાં આવી હતી અને એ અરજીમાં સંપૂર્ણ ન્યાય સાથે કયા કયા વિસ્તારમાં કઈ કઈ જગ્યાએ કોણ કોણ દારુ વેચવાનું કામ કરી રહ્યું છે એની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી તેમ છતાંય કોઈ કાર્યવાહી થઈ નહિ ઊલટાનું પોલીસે એમ કહ્યું કે અહીંયા દારુ વેચાય છે અને ભવિષ્યમાં વેચાશે તમે જો ફરિયાદ કરવા માટે આવશો તો તમારી સામે ૧૫૧ લગાડી ફરિયાદ કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. ત્યારપછી તો આ બનાવ બન્યો આ બનાવમાં જેમના અવસાન થયા એક એક ઘરમાં ત્રણ ત્રણ જણાના અવસાન થયા છે અને એમના જે ઘરમાં અવસાન થયા છે ત્યાં પોલીસ જાય છે અને એ ઘરની અંદર પોટલી મૂકી અને જાણે દારુનો વેપાર એ ઘરના લોકોએ કર્યો છે તેવી પરિસ્થિતિ સર્જવાનો પોલીસ વિભાગ ત્યાં પ્રયાસ કરે છે. બીજો દાખલો વાલજીભાઈ વાલેરાનું અવસાન થયું અને એનું જ્યારે અવસાન નહોતું થયું એ સમયે પોલીસ એના ઘેર જાય એને હૉસ્પિટલમાં લઈ જવાનો સમય હતો. ખીમજીભાઈ વાલેરાને એમ કહેવામાં આવે કે તમે બજારમાંથી દવાની એક બાટલી લઈ આવો અને પોલીસને નિવેદન આપો કે આ બાટલી એણે પીધી છે એના લીધે એને આવું થયું છે નહિતર નહિ લઈ જવા દઈએ. સાહેબ આટલી હદ સુધી પોલીસ જઈને આ બનાવને દબાવી દેવાનો પ્રયત્ન કરે અને સાહેબ ખુલ્લેઆમ પોલીસના અધિકારીઓ કાલે એ વિસ્તારમાં એમ કહે કે અહીંયા બધે દારુ વેચાઈ રહ્યો છે એટલા માટે ત્યાંના હપતા અમારે છેક ઉપર સુધી પહોંચાડવા પડે છે અને આ પરિસ્થિતિ અને આ માત્ર અમદાવાદનો સવાલ નથી આ સમગ્ર ગુજરાતનો પ્રશ્ન છે અને ગામે ગામ શહેરે શહેરે ગલીએ ગલીએ આ ચાલી રહ્યું હોય ત્યારે આની ગંભીરતાપૂર્વક કામગીરી થવી જોઈએ હું માનું છું કે ગૃહમંત્રીશ્રીએ પોતે આ સમગ્ર બનાવની જવાબદારી સ્વીકારવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દિવસથી આ ઝહેરીલી શરાબના સમાચારો સાંભળીએ છીએ. ગુજરાતની અંદર આ પ્રકારે દારુ બને છે અને એને લોકો પીએ છે અને એના કારણે કેટલાય દ ારો ઘરો બરબાદ થઈ ગયા છે. હું કોઈ રાજનીતિને વાત નથી કરતો આ સંપૂર્ણ ચિંતાનો વિષય છે. ચિંતા એવી છે કે આ રાજયના ગરીબ લોકોને આપણે બચાવવા છે કે આ રીતે બે મોત મરવા દેવા છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એવું હતું કે કોઈ ગામમાં દારુ વેચાતો હતો. એ ગામના નામ લોકોને યાદ હતા. હવે ગામની શેરીઓના નામ લોકોને યાદ છે કે આ શેરીમાં આટલી આટલી જગ્યાએ આટલા આટલા લોકો દારુ વેચે છે. ધારાસભ્ય તરીકેનો મારો અનુભવ કહું છું. લોકો એમ માને છે કે હું વધારે બોલું છું એટલે હું આ બધી વાત પહોંચાડી શકીશ. લોકો એક-એક રાજયના ખૂણે ખૂણેથી પત્રો લખે છે અને પત્રમાં એક ચોક્કસ ગામનું નામ હોય એ ચોક્કસ ગામની શેરીનું નામ હોય, એ ચોક્કસ શેરીની અંદર શરાબ વેચતા હોય તેનું નામ હોય અને પાછા મને વર્ણન એવું કરે કે પહેલા વખતે એવું હતું કે દારુનો આથો આવતા ત્રણ-ત્રણ મહિના લગાડતા. પરંતુ હવે તેમાં યુરિયા ખાતર નાખવામાં આવે. એ યુરિયા ખાતરની સાથે જે ભેંસ દોહવા ન દેતી હોય, એ ભેંસને મારવાનું ઇન્જેકશન એમાં ભેળવવામાં આવે અને એ રીતે એવો દારુ વેચાય છે. મારા સાથી મિત્રોને શાનો ડર લાગ્યો આ ચર્ચા કરવાનો. મને આશ્ચર્ય થાય છે. આ બાબત એવી છે કે જો આપણે અટકાવીશું નહીં તો ગામડાંના ગરીબ લોકોની આખી પેઢી ખલાસ થઈ જવાની છે. હું હમણાં જ શકિતસિંહભાઈ અને સિદ્ધાર્થભાઈને વાત કરતો હતો. મારા ભાગમાં એક દિવસ એવો આવ્યો, સવારથી મને એક લિસ્ટ આપવામાં આવ્યું કે આપણે આટલી આટલી જગ્યાએ ખરખરો કરવા જવાનું છે. તેમાં ત્રણ યુવાનોને ખરખર જવાનું. બે વડીલો હતા, ત્રણ યુવાનો હતા. આ એક જ દિવસમાં ત્રણ યુવાનો એવા હતા કે ત્રણેના મૃત્યુ કોઈ દારુ પીવાથી થયા હતા. તેનું લીવર ખલાસ થઈ ગયું હતું. તેનું ઘર બરબાદ થઈ ગયું હતું અને ત્રણે જગ્યાએ જઈને ખરખરો આ જ કરવાનો હતો. આ બાબતને છાવરવાની જે વાત છે તેમાંથી બહાર નીકળી જવું જઈએ. કહેવું જોઈએ કે ગુજરાતમાં આજે દારુની બદી બેહદ પ્રમાણમાં વધી છે અને તેના કારણે આ જે મૃત્યુ એક સાથે બહાર આવ્યા. એટલે મને અમે તમને ખબર પડી બાકી..(અંતરાય) મહેરબાની કરીને વાત સાંભળો, હું રાજનીતિ નથી કરતો. મહેરબાની કરીને સાંભળો, આ મજાકની વાત રહેવા દો.

**અધ્યક્ષશ્રી** : બધા સાંભળે છે. તમને ડીસ્ટર્બ કરશે તો હું બેઠો છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વાત એ કરતો હતો કે આ પ્રકારે લોકોના જીવન બરબાદ થઈ રહ્યાં છે. કુટુંબો બરબાદ થઈ રહ્યાં છે. દવા માટેના પૈસા ન હોય, જે પૈસા દૂધમાં વપરાવા જોઈએ એ દારુમાં વપરાય છે. આપના મારફત મારી એટલી જ વિનંતી છે કે આ બધી વાતો તો કમિશનો બનાવવાની, કેટલાય કમિશનો બન્યા. કેટલા ગયા. ભૂતકાળમાં કોઈ દિવસ લઠ્ઠાકાંડ નહોતો થયો, થયો તેની વાતોમાં હું પડતો નથી. પણ આને જો અટકાવવું હશે તો ભૂતકાળની સરકારોએ નિર્ણય લીધેલો હતો કે જે પોલીસ સ્ટેશનમાં દારુ વેચાશે અને પકડાશે તો એ પોલીસ અધિકારીને સસ્પૅન્ડ કરવામાં આવશે અને જે ડી.એસ.પી.ના કાર્યક્ષેત્રમાં દારુ વેચાતો હશે એ ડી.એસ.પી.ની તરત જ બદલી થશે. માનનીય ગૃહમંત્રીશ્રી જાણતા નથી એવું નથી. છેક ઓખાથી શરૂ કરીને વાપી સુધીનો દરિયાકિનારો છે એ દરિયા કિનારાની અંદર બેફામપણે દારુ વેચાય છે. મોટા પાયે હપતાઓ ચાલે

છે. જુનાગઢ જિલ્લાની અંદર કેટલી હદ સુધીના દારુના અડ્ડા બાબતમાં માનનીય ગૃહમંત્રીશ્રીને, માનનીય મુખ્યમંત્રીને ફરિયાદો આવી છે. એ બધા જ જાણે છે. બીજા જીલ્લાઓ હોય, બધી જગ્યાએ ખબર છે પણ દારુ બંધ કરનાર અધિકારીઓને નથી મૂકાતા, પણ એવા અધિકારીઓને મૂકાય છે કે જે અધિકારીઓ વધારેમાં વધારે રાજકીય રીતે ઉપયોગી હોય અને જે અધિકારીઓ વધારેમાં વધારે હપતાઓ પહોંચાડતા હોય આવા અધિકારીઓ છે તેને રાજયાશ્રય આપીને ચલાવવામાં આવે છે અને આવા જ દારુના અડ્ડાવાળાઓ છે. તે અડ્ડાવાળાઓને રક્ષણ આપવામાં આવે છે અને ઘણી વખત તો અધિકારીઓ એમ કહે કે દારુ એ હવે સામાજીક દૂષણ થઈ ગયું. પહેલાં બીજાં પ્રકારનું દૂષણ હતું. હવે સામાજીક દૂષણ છે. એટલે જો તેને બંધ કરીશું તો તેની રોજી-રોટી જવાની છે. એના આજુબાજુવાળા ફરિયાદ કરે, કાગળ લખે, કાગળ આપણે અધિકારીઓ પાસે મોકલીએ તો એના પડોશી પાસે જઈને પોલીસ એને ધમકાવી આવે. હવે જો ફરિયાદ કરીશ તો ૧૫૧માં ફીટ કરી દઈશ અને દારૂવાળા ફીટ થવાના બદલે એના પડોશી એ ફીટ થઈ જાય. એટલું જ નહીં પરંતુ આ દારૂની સાથે બધી જ પ્રકારના દૂષણ આવે છે અને એમાં બહેનોના શરીરને વેચવા સુધીની ઘટનાઓ આની સાથે જોડાયેલી છે. હાઉસ સંવેદનશીલ બને, મુખ્યમંત્રીશ્રી આને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવે અને કડક નિર્ણય લે કે, જે ડી.એસ.પી.ના કાર્યક્ષેત્રમાં દારુ વેચાશે એની બીજા દિવસે બદલી થશે અને જે પોલીસ સ્ટેશનમાં દારુ વેચાતો પકડાશે અથવા ફરિયાદ મળશે તો એને સસ્પૅન્ડ કરવામાં આવશે. બીજા દિવસે દારૂ દેખાવાનો નથી. ચૂંટણીઓના સમયમાં થોડોક કંટ્રોલ આવ્યો હતો. પછી વધી કેમ ગયો. આ બધાની અંદર કોઈ ચોક્કસપણે નીતિ નક્કી થાય અને આ ઝેર વેચવાનું જે કામ કરે છે એ મૂળમાંથી જતા રહે એવો નિર્ણય થાય તો હું એમ માનું છું કે, આ ૩૦ લોકો અત્યાર સુધીમાં જે બેમોત મર્યા છે એમાંથી કોઈ પદાર્થપાઠ ગુજરાતે, ગુજરાતની સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ લીધો હશે તેમ માનવાને કારણ રહેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌના માટે, આ ગૃહના માટે ચિંતાનો વિષય છે આજે અને ગઈકાલે અમે ઝીરો અવર્સમાં વાત કરી અને વાત સ્વીકારી લીધી, અમારો આક્રોશ હતો, એ એટલા માટે હતો કે, રવિવારે બનાવ બન્યો છે, રવિવારે બનાવ બન્યા પછી સોમવારે બે વ્યકિત હૉસ્પિટલમાં જાય છે, પ્રાથમિક સારવાર લઈને મોકલી દેવામાં આવે છે એ પછી એમના મૃત્યુ થાય છે. એમનું પોસ્ટમોર્ટમ કરવામાં નથી આવતું. પ્રયત્ન થાય છે, લઠ્ઠાકાંડને દબાવી દેવો છે. મંગળવારે પરિસ્થિતિ કાબૂ બહાર જાય છે, ગૃહમાં એનો પડઘો પડે છે, ઉચ્ચ અધિકારીઓની તમે મિટિંગ બોલાવો છો, એનું તમે નિવેદન પણ કરવાના છો. આ બધું જ કર્યા પછી આપણા તંત્રની એવી ફડક કેમ ન હોય કે કમસે કમ આ પછી આ શહેરમાં એક ટીંપું પણ ન મળી શકે. ગઈકાલે રાત્રે ૯ વાગ્યે ફરી ઝેરી દારૂ પિવાય છે, આજે ઓઢવમાં લાશ મળે છે. એના પરિવાર સાથે વાત કરી છે કે ક્યારે દારૂ પીધો. તો એમણે કહ્યું કે ગઈકાલે રાત્રે પીધો. એનો અર્થ શું? આપણું તંત્ર એને કેટલી હળવાશથી લે છે. આપે ઝીરો અવર્સમાં પરવાનગી આપી છે એ પછી પણ એ જ શહેરમાં આ ઘ ટના ચાલુ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સમાજના ઘણા લોકો પોલીસ ખાતામાં છે, એમાંના ઘણા લોકો સાથે વાત કરી જાણવા માટે કે, હું ગૃહમાં કહુ ત્યારે સરકારને પણ કાંઈક ઉપયોગી થાય. આ સવાલ સૌની ચિંતાનો વિષય છે. મોટા ભાગે ગુજરાતની અંદર દારૂ યુનિયન ટેરીટરીમાંથી આવે છે. સુખો ઉર્ફે સુરેશ છે, એના પાસેથી માલ આવે છે. કોઈને પૂછો તો કહે કે આ સુખાનો માલ છે. બીજો બાબુ મારવાડીનો માલ આવે છે. આ સુખો ૧૩ ગુનાઓમાં પોલીસમાં વૉન્ટેડ છે, એ ૩૦૭ના ગુનામાં પણ વૉન્ટેડ છે અને મને જે માહિતી મળી છે એ પ્રમાણે ઉચ્ચ અધિકારી જો આ વાતને ધ્યાનમાં લઈને, સાંભળીને, જુએ તો એક નાના ઝૂંપડાવાળા પર રેડ કરીને પાંચ કોથળીઓ પકડીને સંતોષ માની ન શકીએ. આપણે બે-ચાર ગરીબ પરિવારના એજન્ટોને દંડા મારીને, જાહેરમાં ફેરવીને સંતોષ ન માનીએ. એક એડિશનલ ડી.જી. કક્ષાની વ્યકિત આ સમગ્ર નૅટવર્કનું સંચાલન કરે છે. એવી માહિતી સત્તામાં બેઠેલા અધિકારીઓ તરફથી મળી છે. ત્યારે સરકારે એને ગંભીરતાથી લેવી જોઈએ. સવાલ એ છે કે, એકપણ વ્યકિત આપણી લાપરવાહીથી મરવો ન જોઈએ. આ ગૃહની પરંપરા રહી છે. ગૃહના સભ્યોની પણ કમિટિ બનાવવી જોઈએ. માનનીય સી.ડી. પટેલથી માંડીને સભ્યો હતા જ્યારે સુત્રાપાડાનો બનાવ બન્યો હતો. સરકાર ઈરાદાપૂર્વક કોઈને મારી નાખે છે એમ હું નથી કહેતો પણ ક્રીમીનલ નેગલીજન્સી તો આપણી કહેવાશે જ. એ સરકાર અને એ અધ્યક્ષશ્રીના આપ પણ એ વાતના સાક્ષી છો. આ ગૃહે એની ગંભીરતાથી જે પરિસ્થિતિની નોંધ લીધી છે. ઘ ણી વખત અર્થના અર્થઘટન પણ થતા હશે એમ હું માનું છું. યુનિયન ટેરેટરીઝમાં ચૂંટણી દરમિયાન જે કંઈ વાત થઈ ત્યાં અડ્ડાઓ હતા એ પછી ગુજરાતમાં પ્રવૃત્તિઓ વધી, શા માટે વધી એ તપાસનો વિષય છે. આ બધી બાબતની સાથે જે માનનીય સિદ્ધાર્થભાઈએ વાત કરી સપ્ટેંબર મહીનામાં જે અરજી આપવા ગયા છે ને એ અરજીમાં એણે ડીટેઈલ લખી છે કે આ જગ્યાએ આ વિસ્તારમાં આ વ્યકિત દારુ વેચે છે. કાંકરિયા જાગૃત મંડળ દ્વારા અને પી.એસ.આઈ. કે પી.આઈ.ને આપે છે, પી.આઈ.ને રજૂઆત કરીને આપે છે એની નકલ માનનીય મુખ્યમંત્રીશ્રીને મોકલે છે, એની નકલ માનનીય ગૃહમંત્રીશ્રીને મોકલે છે, એની નકલ માનનીય પોલીસ કમિશ્નરશ્રીને મોકલે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જો એ જાગૃત નાગરિકો, ખાડીયા વિસ્તારના, માનનીય અધ્યક્ષશ્રી, મણીનગર વિસ્તારના, જમાલપુર વિસ્તારના મેં જોયું એ બધા સાથે મળીને ગયા હતા. કારણ કે સારા

લોકોને આ દુષણ ઓછું થાય એમાં રસ છે. મરનાર વ્યકિત એ ગરીબ મજદૂર એને વ્યસન નહીં કરવું જોઈએ એ કહેવું બહુ સહેલુ છે પણ એની પરિસ્થિતિમાં જીવીએ ત્યારે ખબર પડે અને ત્યારે એમને કોઈ ભોળવીને કે એમની ગરીબીનો લાભ લઈને એમને કોઈ આવો દારુ પાય કે જેના કારણે પરિવારનો સભ્ય ગુમાવે, હું તો એ પણ વિનંતી કરુ છું કે આપણે પક્ષાપક્ષી મૂકીને પણ એમના ઝુંપડામાં નજર કરવા જઈએ, એ માણસ તો ગુજરી ગયો છે પણ એના દલિત પરિવારની જે હાલત છે એક નાના ઝુંપડામાં રહેનારો કાલે હું વી.એસ.માં ગયો ત્યારે જે ૪૨ વર્ષનો માણસ એની મા ૭૨ વર્ષની એ માત્ર એકલી ત્યાં હતી, મારી પાસે પરિવારમાં કોઈ નથી, એની કમસેકમ સારવાર, એની જવાબદારીઓ, એ કુટુંબની મદદ, હું એમ નથી કહેતો કે આપણે આ વસ્તુને લીગલાઈઝ, અથવા એવી કરી દઈએ છીએ કે જે રીતે શહીદને આપો એ રીતે વળતર આપી દો. પણ પરિવારની ચિંતા, મરનારો તો ગયો, કોના કારણે ગયો એની તપાસ થશે, પણ એ પરિવારની હાલતની ચિંતા પણ કારણ કે આ લઠ્ઠો પીનારા છે એ કોઈ શ્રીમંતો નથી. આ લઠ્ઠો પીનારા છે એ કંઈ બહુ સુજબુદ્ધિવાળા નથી. પરમિટ લઈ શકે અને પી શકે એવો વ્યકિત નથી. આપણી સૌની એ પણ ચિંતા અને ગુજરાતમાં આ બદીને, મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધીને કડકમાં કડક કેમ ના કરી શકીએ, શ્રીમંતો કરે છે એને અથવા તો મોટો કરે છે એને ગરીબ માણસ એવું માનતો હોય છે કે ઈટસ એ સ્ટેટસ સીમ્બોલ, એ કરે છે તે મારે પણ કરવું જોઈએ, એ કરે છે એ સારું જ છે. એમ પણ કરે છે, આપણે એને પણ હું તો કહુ છું કે મોટાઓને પણ લાભ પરમીટોના દારુ પીવાના ખુલ્લેઆમ પીવાના એના પર પણ કડક નીતિ કરીએ એનાથી ગુજરાતનો વિકાસ અટકવાનો નથી. ગુજરાત વધારે વિકસિત બનશે પણ આ બાબતમાં ગંભીરતાથી માત્ર બચાવવા માટે, વાત કરવા માટે, સંતોષ લેવા માટે નહીં નૅટવર્કના જે મોટા માથા છે, જેનું નૅટવર્ક બધે જ પથરાયેલું છે એને નહીં પકડીએ જ્યાં સુધી ત્યાં સુધી નાના પગલાઓથી, આજે એક વિસ્તારમાં બન્યું, કાલે ઓઢવમાં બન્યું, બીજા દિવસે બીજે બનશે. એનું જે તંત્રનું જે મેઈન માથું છે એ મેઈન માથું ગમે તેની સાથે જોડાયેલું હોય, ગમે તેને મદદ કરતું હોય, ગમે તેવું મોટું હોય પણ એ ગુજરાતને નુકસાન કરે છે અને ગુજરાતને નુકસાન કરે છે ત્યારે એનું માથું ચગદી નાખવાની તાકાત આપણે બતાવવી પડે. નૈતિકતાની અને નીતિમત્તાની વાતોનો અમલ પણ કંઈક થાય એવી અપેક્ષાઓ રાખું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક વિષમતાના કાણે આ સ્થિતિનું નિર્માણ થયું છે. જે પરિવારો આના ભોગ બન્યા છે એના પ્રત્યે આપણને સૌને ચોક્કસ સંવેદના હોય, કેટલાક નિશ્ચિત લોકો માત્ર અને માત્ર આ વ્યવસાય સાથે પેઢીઓથી સંકળાયેલા હોય તો એના રીહેબીલેશન માટે પણ આપણે એને કોઈ નવા વ્યવસાયમાં જોડવા માટેનો પણ વિચાર કરવો જોઈએ.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જે કાંકરિયા વિસ્તારમાં બનાવ બન્યો તે દુ:ખદાયક બનાવ છે. ગઈકાલે મારી ગૃહમાં ગેરહાજરી હતી. અમે, શક્તિસિંહભાઈ, સિદ્ધાર્થભાઈ ત્યાં ગયા અને તેમને સાંભળ્યા. ત્યાં એક વાત એ પણ સાંભળવા મળી કે કોઈ માણસ સુધરવા માગતો હોય તો પણ ન સુધરી શકે. એક ઘરમાં ગયા તો કહે કે આ જે લઠ્ઠાકાંડમાં મૃત્યું પામ્યા છે એ એક અઠવાડિયા પહેલા જ પાસામાંથી છૂટીને આવ્યા છે. એના ઘરમાં દારુની કોથળીઓ ભરેલી થેલીઓ મૂકી ગયા છે. મને શંકા છે કે ભીનું સંકેલીને એના પર કેસ કરવામાં આવશે. એવું કંઈ ન થાય એની ખાસ કાળજી લેવા વિનંતી છે. અમે એક ઘરમાં ગયા તો એમણે રજૂઆત કરી કે અમારા ઘરમાંથી જબરજસ્તીથી એક માણસને લઈ જાય અને ૧૫૧ની કલમમાં નાખી દેવામાં આવે અને અમને કહે કે તમે દારુનો અડ્ડો ચાલું કરો. જે અડ્ડો બંધ થઈ ગયો છે એને ડરાવી-ધમકાવીને ચાલું કરાવવામાં આવે છે. આ જબરજસ્તી દારુના અડ્ડા ચલાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે એવા અધિકારીઓને સસ્પેન્ડ કરવા જોઈએ. એની સાથે સંકળાયેલા નીચેના અધિકારીઓ, પોલીસ અધિકારીઓ છે એ એમના ઘેર જઈને ડરાવી અને ધમકાવીને જબરજસ્તીથી પાસામાં નાખવામાં આવે છે. આવા અધિકારીઓને પણ સસ્પેન્ડ કરવા જોઈએ. જે લોકોના મૃત્યું થયા છે એમને ઓછામાં ઓછા ૧૦ લાખ અને આંખો ગુમાવી છે એમને પાંચ લાખની સહાય મળવી જોઈએ. હું સભાગૃહની અંદર મંત્રીશ્રી પાસેથી ખાતરી માગું છું કે આવા બનાવો અમદાવાદમાં ન બને, ફરી આવું થાય નહીં એટલા માટે અમદાવાદમાં જેટલા અડ્ડા ચાલતા હોય એ તાત્કાલિક બંધ થઈ જાય અને જે પણ અધિકારીઓ દોષિત છે એમને સસ્પેન્ડ કરવા જોઈએ એવી મારી માગણી છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અતિ ગંભીર અને કમનસીબ ઘટના છે. જે થયું છે એના માટે ગૃહના સભ્યશ્રીઓએ પોતપોતાની લાગણી વ્યક્ત કરી છે. માનનીય સિદ્ધાર્થભાઈ, માનનીય અર્જુનભાઈ, માનનીય શક્તિસિંહભાઈ, પ્રદિપસિંહજી અને સાબીરભાઈ બધાએ જે સ્પિરિટથી વાત કરી છે, પક્ષાપક્ષીથી ઉપર જઈને આ ઘટનાને લેવાની વાત કરી છે એની સાથે હું સહમત છું. સરકાર આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લે છે અને હું વિશ્વાસ અપાવવા માગું છું કે આ કમિશનની નિમણૂંક લાંબો સમય ખેંચવા માટે કે ઘટનાને ભુલાવી દેવા માટે નથી. એના તારણોના આધાર પર ભવિષ્યમાં આવી ઘટના ન થાય એવી નીતિ અને એવા પગલાંઓ ભરવા માટે રાજ્ય સરકારે કરી છે અને આ વાતથી હું આ ગૃહને વિશ્વાસ અપાવવા માગું છું. બીજું કે સિદ્ધાર્થભાઈએ કહ્યું એ પણ હું તપાસી લઈશ. આવેદનપત્ર મળ્યું હતું અને એ અંગે શું પગલાં ભરાયા, અરવિંદભાઈ સપ્ટેમ્બરમાં જેલમાં હતા. અરવિંદભાઈ જુલાઈ ૨૦૦૮ થી જાન્યુઆરી ૨૦૦૯ સુધી પાસા હેઠળ હતા. પ્રોહિબિશનના ગુના હેઠળ અમદાવાદ પોલીસ કમિશનરશ્રીના હુકમથી જેલમાં હતા. સપ્ટેમ્બરમાં કદાચ આવેદનપત્ર બીજા કોઈ વ્યક્તિ માટે

મળેલ હોઈ શકે. છતાં પણ હું આ ઘટનાને પણ ધ્યાન ઉપર મૂકું છું અને એની ચોક્કસ વાત કરીશ. પોલીસ સ્ટેશનોમાં જુદી જુદી અરજીઓ મળી એમાં ત્રણ વર્ષમાં ૫૨ વ્યક્તિઓ ઉપર પાસા કરવામાં આવ્યા છે અને ૪૨૮ વ્યક્તિઓને બૉન્ડ ભરાવીને મામલતદાર જોડે પ્રોહિબિશન હેઠળ હાજર કરીને એની કાર્યવાહી કરવામાં આવી છે. કાર્યવાહી થઈ છે એટલે ઘટનાનો બચાવ છે એવો મારો આશય નથી. પરંતુ હું કહેવા માગું છું કે કાર્યવાહી નથી જ થતી એવું નથી. જ્યાં સુધી અર્જુનભાઈ, શક્તિસિંહભાઈ, સિદ્ધાર્થભાઈ અને સૌ સભ્યોએ વાત કરી કે સમાજમાંથી જુદા જુદા આગેવાનોએ સાથે રહીને ફરિયાદો કરી છે. મારી સૌને વિનંતી છે કે ઓફિશિયલી કે અનઓફિશિયલી મારી પાસે વાત મૂકશો તો કડકમાં કડક પગલાં મારા તરફથી ભરાય અને પરિણામ આવે એવા પગલાં ભરાય એની હું ચોક્કસ ખાતરી આપું છું. આખી ઘટના અત્યંત કમનસીબ છે એના પ્રત્યેની સરકારની સંવેદનશીલતા જરાય પણ ઓછી નથી. માનનીય અધ્યક્ષશ્રી, અને બધાજ પગલા ભરવાના જ છે. અત્યારે આખી ઘ ટના પત્યા પછી એની ઊંડી તપાસ પોલીસના સ્તરે પણ થવાની છે અને કમિશન પણ કરવાનું છે. કમિશન સમક્ષ પણ બધા સભ્યશ્રી અને સમાજના બધા લોકો, બધા એન.જી.ઓ. બધા પોતપોતાની વાત કમિશન સમક્ષ રાખી જ શકવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, કમિશનની કામગીરી ઝડપથી આટોપાય અને અને એના સૂચનો આવે અને એ સૂચનોની કડક અમલવારી થાય એના માટે હું આ સભાગૃહને વિશ્વાસ આપવા માગું છું અને હું ચોક્કસ કહેવા માગું છું કે ગુજરાત ગાંધી મૂલ્યોને વરેલું છે અને વરેલું રહેશે અને આશ્વાસન પણ આપવા માગું છું કે મારે કોઈ આંકડાઓ નથી આપવા, કોઈ જૂની ઘટનાઓને યાદ પણ નથી કરવી, કશું જ નથી કરવું. આ ઘટનાને સરકાર અત્યંત ગંભીરતાથી લે છે અને દરેક પ્રકારની આની પર જે કાર્યવાહી થવી જોઈએ. કડકમાં કડક કાર્યવાહી કરવાની જ છે. કોઈને બચાવવાના, કોઈને કશું લીપાપોથી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## નાણાકીય સમિતિઓ પર સભ્યોની નિમણૂક

**અધ્યક્ષશ્રી** : (૧) વર્ષ ૨૦૦૯-૧૦ માટે ચૂંટાયેલ નાણાકીય સમિતિઓ ઉપર વિધાનસભ્યશ્રીઓના રાજીનામાના કારણે ખાલી પડેલ સભ્યપદની બેઠકો પૈકી અંદાજ સમિતિ ઉપર એક, જાહેર હિસાબ સમિતિ ઉપર બે, જાહેર સાહસો માટેની સમિતિ ઉપર બે અને પંચાયતી રાજ સમિતિ ઉપર એક સભ્યની ચૂંટણીની હું જાહેરાત કરું છું.

(૨) વિધાનસભ્યશ્રીઓના રાજીનામાને કારણે ખાલી પડેલ સભ્યપદની બેઠકો પૈકી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર એક અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક સભ્યશ્રીની ચૂંટણી માટે હું જાહેરાત કરું છું

ઉપરની બંને બાબતો માટે હું નીચે મુજબનો સંયુકત ચૂંટણી કાર્યક્રમ ઠરાવું છું.

(૧) નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ :- તા.૧૭-૭-૨૦૦૯ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી.

(૨) નામ નિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ :-
સોમવાર તા.૨૦-૭-૨૦૦૯ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી, નાયબ સચિવશ્રી પંકજભાઈ બૂચની ચેમ્બરમાં.

(૩) નામ નિર્દેશન પાછા ખેંચી લેવાની તારીખ અને સમય :-
સોમવાર તા.૨૭-૭-૨૦૦૯ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી

(૪) મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે.

(૫) આ ચૂંટણી માટે નામનિર્દેશનના કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧ માંથી મળી શકશે.

# માનનીય મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર વિધાનસભાના સભ્યની ચૂંટણી કરવા અંગે

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૫૬(૧)(૫)ની જોગવાઈ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : હવે હું ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર ખાલી પડેલ એક જગ્યા ભરવા માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

(૧) નામ નિર્દેશન સ્વીકારવાની છેલ્લી તારીખ :- શુક્રવાર, તા.૧૭-૭-૨૦૦૯ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી.

(૨) નામ નિર્દેશન ચકાસણીની તારીખ, સમય અને સ્થળ :-
સોમવાર તા.૨૦-૭-૦૯ સાંજના ૫-૩૦ વાગ્યા સુધી, નાયબ સચિવશ્રી પંકજભાઈ બૂચની ચેમ્બરમાં,

(૩) નામ નિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય :-
સોમવાર તા.૨૭-૭-૦૯ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
(૪) મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે.
(૫) આ ચૂંટણી માટે નામનિર્દેશન પત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧ માંથી મળી શકશે.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત.**

**શ્રી કાળુભાઈ વીરાણી (સમિતિના પ્રમુખશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સીમતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ.**

**શ્રી કાળુભાઈ વીરાણી (સમિતિના પ્રમુખશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સીમતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

**અધ્યક્ષશ્રી:** તા.૭મી જૂલાઈ, ૨૦૦૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણા મંત્રીશ્રી જે બજૅટ પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું ચર્ચા કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે જ આ દુનિયાનો એક શ્રેષ્ઠ કલાકાર માઈકલ જૅક્સન ધરતીમાં સમાઈ ગયો. દુનિયા બીજી રીતે તો યાદ કરશે પણ એમને સંગીતથી યાદ રાખવાના છે અને સંગીતને કોઈ નાત, જાત, દેશ, ધર્મ કે સંપ્રદાય કશું હોતું નથી અને માઈકલ જૅક્સન છે, એમ કહેવાયું છે કે, જેમ આપણી ભાગવદ્દ ગીતા છે એ લખાઈ નથી, ગવાય છે એમ માઈકલ જૅક્સને એ ગીતો કયારેય લખ્યા નહતા સીધા જ ગાયા હતા. માનનીય અધ્યક્ષશ્રી, વજુભાઈ પણ મને ગૌરવ છે કે, હું જે ધરતીમાંથી આવું છું એ ધરતીમાં ઊછરેલા, ધૂળમાં રહેલા શ્રી વજુભાઈ ચૌદમી વખત બજૅટ લઈને આવ્યા છે, કદાચ વિધાનસભામાં એ પણ એક પ્રકારનો રૅકોર્ડ હશે અને એ રૅકોર્ડ હોય ત્યારે અમને જરૂરથી ગૌરવ થાય પણ આ બજૅટમાં હું વજુભાઈને ક્યાંક ને ક્યાંક શોધતો હતો અને અમારા નેતા શ્રી શકિતસિંહભાઈ પણ શોધતા હતા, અમને તો ના દેખાયા માનનીય અધ્યક્ષશ્રી,મ પણ ચૌદમી વખત બજૅટ રજૂ થયા પછી એમાં પણ મારા સાથી મિત્રોને પણ કયાંય વજુભાઈનો ઉલ્લેખ કરવાની ઇચ્છા ન થાય? ચૌદમી વખત બજૅટ રજૂ કર્યુ, એક વખત નહીં ચૌદમી વખત અને છતાં એમાં દરેક વખતે એમને માનનીય મુખ્ય મંત્રીશ્રી દેખાયે રાખે? કોઈક જગ્યાએ ઉલ્લેખ કરો કે, આ વજુભાઈનું ચૌદમું બજૅટ છે. અમે તો ગૌરવ અનુભવીએ છીએ કે અમારી લીલી નાઘેરમાં ઊછરેલો માણસ ચૌદમી વખત બજૅટ રજૂ કરે, એમના વડવાઓએ કલ્પના નહીં કરી હોય, રૂડાબાપાએ કલ્પના નહીં કરી હોય કે મારો વજુ, એ આ જગ્યાએ પહોંચીને ચૌદમી વખત બજૅટ રજૂ કરશે?

**શ્રી વજુભાઈ વાળા** : આ હવા ભરવાનું નવું કૉમ્પ્રેસર લીધું છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે રાખ્યું જ નથી, એ જરૂર ત્યાં પડે અમારે જરૂર પડે જ નહીં, આ હવા ભરવાવાળા લોકોને કહું છું.

**અધ્યક્ષશ્રી** : વજુભાઈ જે ગાડીને પંચર પડ્યું હોય એમાં હવા ના ભરાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાડીઓમાં પણ પ્રાઈમ મુવરથી ગાડીઓ ચાલતી હોય છે એટલે હું એમ કહું છું કે એમાં કયાંક કોઈક જગ્યાએ વજુભાઈને જુઓ તો ખરા કોઈક જગ્યાએ. સી.ડી.માં તો નથી પણ ફ્રેમમાં પણ વજુભાઈ ન આવે એની કોશિશ થાય છે. વજુભાઈ, આની પહેલાંનું બજેટ આપને યાદ હશે કે આની પહેલાંનું એક વખત બજેટ રજૂ કરતા હતા ત્યારે વજુભાઈએ હોસ્પિટલમાંથી આવીને બજેટ રજૂ કર્યું હતું અને ત્યારે વજુભાઈએ બેઠા બેઠા બજેટ રજૂ કર્યું હતું અમને આનંદ થાય પણ આ વખતે તો વજુભાઈ તંદુરસ્ત છે એકદમ અને ઉભા રહીને નહીં, દોડીને, દોડતા દોડતા વાંચી શકે એવી ક્ષમતાવાળા છે અને છતાં એને ઊભા ઊભા વાંચવાને બદલે બેસાડવા માટે દરખાસ્ત કોણે મુકી? માનનીય અમિતભાઈએ મુકી. કારણ શું? કારણ એટલું જ કારણકે એ ફ્રેમની અંદર વજુભાઈ નહીં સાથેસાથે બીજા પણ હતા. કોઈક દિવસ તો વરરાજો કાળો હોય તો પણ ભલે વાંધો નહીં, પણ જયારે લગન હોય ત્યારે વરરાજાના જ ગીત ગાવાના હોય અને એના ઉપર જ કેમેરાનું

ફોકસ હોવું જોઈએ પણ આ દિવસે પણ નહીં કે અણવર તો ભેગા જ જોઈએ અને એના ઉપર પણ ફોકસ બરાબર આવવું જોઈએ. આ વજુભાઈના આ બજેટની અંદર હું એટલા માટે કહું છું કે મને આખા બજેટની અંદર વજુભાઈ કયાંય દેખાતા નથી. શકિતસિંહભાઈએ જરા ખુલીને વાત કરી એટલે વાંધો આવ્યો પણ હું ખુલીને વાત નહીં કરું. એનાથી આગળ જઈએ છીએ. દરેક વખતે એમ કહેવામાં આવે છે કે ગુજરાત પ્રગતિશીલ રાજય છે. અરે ગુજરાત એના સ્થાપનાકાળથી પ્રગતિશીલ રાજય છે અને ગુજરાતનું ટારગેટ હંમેશા યુ.પી. અને બિહારથી ઉંચું જ આપવામાં આવ્યું છે અને એનું ગૌરવ બધાને હોય. ગુજરાત પ્રગતિશીલ છે, પ્રગતિ કરે જ. સામાન્ય કંઈક કરી બતાવ્યું હોય તો આપણે ગુજરાતની બહાર જઈને ભાષણો કરીએ પણ અહીંયા ગુજરાતને ટારગેટ આપવામાં આવ્યો હતો ૧૦.૪નો ૧૦.૨નો વિકાસનો જે વૃદ્ધિ દર છે એમાં ૧૦.૪ આપણે પ્રાપ્ત કર્યો. આનંદ થયો અને અગિયારમી પંચવર્ષીય યોજના ૨૦૦૭ થી ૨૦૧૨ હતી એના માટેનો દેશનો લક્ષ્યાંક હતો ૯ટકાનો વિકાસ દર પ્રાપ્ત કરવાનો અને રાજયને આપ્યો હતો. ૧૧.૨નો. ૨૦૧૨માં આપણી આ પંચવર્ષીય યોજનાઓ પૂરી થશે ત્યારે આપણે અત્યાર સુધીમાં દર વર્ષે કેટલો વિકાસ દર હાંસલ કર્યો છે એની હું થોડી વિગતો આપું. ૨૦૦૨-૦૩માં આપણો જે વૃદ્ધિ દર હતો વિકાસનો એ ૮.૧૪ટકા હતો. ૨૦૦૩-૦૪માં ૧૪.૭૭ટકા હતો. ૨૦૦૪-૦૫માં ૮.૮૮ ટકા હતો. ૨૦૦૫-૦૬માં ૧૩.૪૪ટકા હતો. ૨૦૦૬-૦૭માં ૯.૯ટકા હતો. ૨૦૦૭-૦૮માં ૧૨.૭૯ટકા હતો અને જેમાં મુખ્યમંત્રીશ્રીએ ખૂબ ભાષણો કર્યા છે બીજા રાજયોમાં જઈને કે અમે ૧૫ટકાનો વિકાસ દર હાંસલ કર્યો છે એ ૨૦૦૮-૦૯માં ૭.૩૩ટકા હતો. આ આંકડા મારા નથી. આ આંકડા સામાજિક, આર્થિક સરવેની અંદર રાજય સરકારે આપવા પડેલા આંકડા છે અને આ આંકડા રાજયે અમને જે પ્રકાશન નં. ૫૭ આપ્યું છે. જે રાજવીતી જવાબદારીઓ અંગેનું પત્રક છે એ પત્રકમાં આપ્યા છે એટલે એમાં તો સવાલ ઊભો નહીં થાય. છતાં ભાષણો કરવાની તો બધી જગ્યાએ છુટ હોય છે. કોઈ જગ્યાએ બહાર તો રોકતું નથી. અહીંયા વળી રોકવામાં આવે પણ અહીંયા પણ રોકવામાં નથી આવતા. અહીંયા પણ જે આંકડા આપવાના હોય છે એ આપતા રહીએ છીએ. પુસ્તકોની અંદર જે હોય એ સાચી વાત બહાર આવે. રાજયના દેવાની ચિંતા થાય છે.કેટલું દેવું છે? બહુ વધારે વિગતો મારે નથી આપવી, પણ ૨૦૦૭-૦૮ માં રાજ્ય સરકારે આંકડા આપ્યા છે તે કહું છું, દેશની સરકારોએ આપ્યા છે, તે કહું છું ગુજરાત છે. આખા દેશના જે સૌથી દેવાદાર પાંચ રાજયોમાંનું એક રાજય છે અને એમાંય માથાદીઠ દેવાની અંદર ગુજરાત છે. ૧૭,૧૭૨ રૂપિયાનું માથાદીઠ દેવા સાથે આખા દેશનું સૌથી વધારેમાં વધારે દેવાદાર રાજય છે અને છતાં આપણા દ્વારા એને ઘટાડવાની કોશિશો થતી નથી. આપણી ૨૫ ટકા રાજ્યની આવક છે એ રાજયની ૨૫ ટકા આવક એ વ્યાજ ભરવામાં અને દેવાના હપ્તા ભરવામાં જાય છે. આ વખતે માનનીય નાણામંત્રીશ્રીએ પત્રકો આપ્યા છે તેમાં બતાવ્યું છે કે ૨૦૦૮-૦૯ નું કુલ દેવું, જવાબદારીઓ ૧,૦૪,૪૫૩ કરોડ રૂપિયા થવા જાય છે. ૧૯૯૭-૯૮ માં આ દેશનું દેવું ૧૪૦૦૦ કરોડ રૂપિયા હતું, એ વધી અને આ વર્ષે ૧,૦૪,૪૫૩ કરોડ થવા જાય છે. આપણે વિકાસ કરીએ છીએ. આપણા વડવાઓ એમ કહેતા કે ઘી પીવા માટે કોઈ દિવસ દેવું નહિ કરવાનું. આપણે ઘી પીવા માટે દેવું કરીએ છીએ અને અનિલભાઈ તે દિવસે ઉદ્યોગપતિઓની બહુ ચિંતા કરી હતી. બહુ સાચી વાત છે. ઉદ્યોગપતિઓને મહાત્મા ગાંધીથી શરૂ કરીને આપણે બધા શ્રેષ્ઠીઓ કહેતા અને સમાજની અંદર સંપત્તિ ન હોય તો એની કોઈ નોંધ ન લે, પણ અહીંયાં તો કેવા લોકોને મજબૂત કર્યા છે. દેવું કેમ ઘટતું નથી. કોઈ દિવસ નાણા મંત્રીશ્રીએ માઈન્ડ એપ્લાય કર્યુ છે ખરું અને ખરેખર ઉદ્યોગ ધંધા તગડા થવા જાય છે. ઉદ્યોગપતિઓ તગડા થાય એ જરૂરી નથી, પણ ઉદ્યોગ ધંધા તગડા થવા જાય છે. પણ અહીયા તો પાંચ મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ છે, એની તંદુરસ્તીની ચિંતા થાય છે. અત્યાર સુધી મુદાઓ ઉઠાવ્યા તો કહે છે કે કોર્ટમાં કેસ છે, પણ હું તો કોર્ટના કેસ ન હોય અને નિકાલ થઈ ગયા હોય તેવી વિગતો આપીશ. વધારે ઉદ્યોગપતિઓ નથી. આપને મારે એક જ ઉદ્યોગગૃહની વિગતો આપવાની છે. એસ્સાર સ્ટીલ હજીરા એણે ત્યાં એક ઈન્ડીપેન્ડન્ટ પાવર પ્રોજેકટ હજીરામાં બનાવ્યો છે. ૫૧૫ મેગાવોટની કેપેસિટી છે, એમાંથી ૩૦૦ મેગોવોટ એ ઈન્ડીપેન્ડન્ટ પાવર પ્રોજેકટ તરીકે જી.ઈ.બી.ને આપવાના હતા અને ૨૧૫ મેગાવોટ ઈન્ડીપેન્ડન્ટ પાવર પ્રોજેકટ સિવાયનું પ્રોડકશન હતું. એનું જે ૨૧૫ મેગાવોટ પાવર પ્રોડકશન હતું, એણે ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી ૨૦૦૩ થી આજ દિવસ સુધી એસ્સારે ભરી નથી, એની ફરિયાદ થાય, ૫૦૦ કરોડ રૂપિયાની રિકવરી કાઢવામાં આવી અને છતાં આ રિકવરી ૫૦૦ કરોડ રૂપિયાની આજદિન સુધી ભરાઈ નથી. અનીલભાઈ, કોઈ બીજાને પૂછીએ કે ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી વગરની વીજળી કોઈને મળે ખરી? કોઈને ના મળે, પણ માનીતા ઉદ્યોગગૃહ હોય તો એને મળે. આવું જ બીજું એસ્સારનું સ્ટીલ યુનિટ ત્યાં આવેલ છે. આ સ્ટીલ યુનિટમાં ૧૯૯૮-૯૯ થી જે એસ્સાર પાવર કંપની છે તે એસ્સારના સ્ટીલ યુનિટને પાવર સપ્લાય કરતું હતું. ૧૯૯૮-૯૯ થી શરૂ કરીને જ્યારે આ વાત ધ્યાનમાં ન આવી ૨૦૦૫ સુધી તો જી.ઈ.બી.એ. જે તે વખતે ૪૦૨ કરોડ રૂપિયાની નોટિસ કાઢી કે ૪૦૨ કરોડ રૂપિયાની પાવર ચોરી કરી છે અને ડિલે પેમેન્ટ અને બીજા ચાર્જીસ સાથે ૧૨૫૫ કરોડ રૂપિયા ભરો. જી.ઈ.બી.એ અને પાછું આ બાબત છે તે કેગે ૧૯૯૮-૯૯ના રિપોર્ટમાં અને વિધાનસભાની પબ્લિક અન્ડરટેકીંગ કમિટી છે તેને ૨૦૦૪માં અહેવાલ આપ્યા છે. તેના પછી જી.ઈ.બી.ની અંદર જાન્યુઆરી ૨૦૦૫માં ઠરાવ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે આની પાસેથી ૧૨૫૫ કરોડ રૂપિયાનું કલેકશન કરવું. જ્યારે કલેકશન કરવાનો ઠરાવ કરવામાં આવ્યો ત્યારે રાજયના એક ટોચના પદાધિકારીની ઑફિસમાંથી ફોન ગયો અને

કહ્યું કે તમારે ઠરાવ નથી કરવાનો તે સરકારને રીફર કરી દો. જાન્યુઆરી-૦૫ માં સરકારને રીફર કરવામાં આવ્યો અને રીફર કર્યા પછી રાજય સરકારે જી.ઈ.બી.ને સૂચના આપી કે તમે રેગ્યુલેટરી કમિશન પાસે જાઓ. પછી કોર્ટમાં ગયા અને જ્યારે આ પ્રકરણ આખું નીકળી ગયું, ફરી પાછું રેગ્યુલેટરી કમિશન પાસે ગયા. રેગ્યુલેટરી કમિશને એમ કહ્યું કે આ ૫૦ ટકામાં સેટલ કરી દો અને આ જ દિવસ સુધી આ ૧૨૫૫ કરોડ રૂપિયાનું જે રાજયની આપણી ઈલૅક્ટ્રીસીટી કંપનીના જે ચાર્જીસ હતા તે ૧૨૫૫ કરોડ રૂપિયા ભરાયા નથી. આ એક પ્રકારનું એસ્સારનું લંગરિયું હતું. ખેડૂત લંગરિયું નાંખે તો જેલમાં મોકલાય. પણ એસ્સારે લંગરિયું નાંખ્યું અને ૧૨૫૫ કરોડ રૂપિયા ચોરી ગયા તેના ઉપર કશું ના થયું. અગાઉના ૫૦૦ કરોડ રૂપિયા, આ ૧૨૫૫ કરોડ રૂપિયા. અત્યાર સુધી તો એમ કહેતા હતા કે અમને કોર્ટ આડે આવે છે. હવે તો કોઈ કોર્ટ આડે નથી. કોઈ રિકવરી કરવા માટે રોકતું નથી. છતાં આજ દિવસ સુધી આ ૧૨૫૫ કરોડ રૂપિયા વસૂલ થયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી આગળ જઈને કહું છું એસ્સાર સ્ટીલ હજીરા તેનું યુનિટ નં.૧ આ યુનિટ-૧ને જે ઈન્સેન્ટીવ મળેલા એમાં પરચેઝ જે મટિરિયલ કરે, રોમટિરિયલ અને ગેઈલનો જે ગેસ ખરીદે તેના ઉપર કોઈ ટેક્સ લેવાનો હતો નહીં. આ યુનિટ-૧ ને આ બેનીફીટ આપેલા.

**સભાપતિ શ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ દસ વર્ષ સુધી આ યુનિટ-૧ની જગ્યાએ યુનિટ-૨ એ ગેઈલનો ગેસ વાપર્યો રોમટિરિયલ વપરાયું અને તેના ઉપર પણ આ પરચેઝ જે મટિરિયલ થતુ હતું તેના ઉપરના તમામ બેનીફીટ દસ વર્ષ સુધી લીધા. સેલ્સ ટેક્સ ડિપાર્ટમેન્ટ છે તેણે ૪૮૦ કરોડ રૂપિયાની ચોરીનું અને બીજા ૧૨૦૦ કરોડ રૂપિયાના ટોટલ ૧૯૯૫-૯૬ થી શરૂ કરીને ૨૦૦૪ સુધીની નોટિસ મારી. કંપની કોર્ટમાં ગઈ. કોઈ સ્ટે ન હતો. બીજા નાનકડો વેપારી હોય તો તેના એકાઉન્ટસ સીઝ કરી દેવાય. આ બારસો અને વત્તા ચારસો એંસી કરોડ રૂપિયા ટોટલ રીકવરી હતી એ પાંચ વર્ષ સુધી કોર્ટમાં રહેવા દીધી, પાંચ વર્ષે કોર્ટે કહ્યું કે હવે સરકાર નિર્ણય કરે, ટ્રિબ્યુનલ નિર્ણય કરે અને છતાં આની રિકવરી આજ દિવસ સુધી થઈ નથી. આ વિધાનસભા ગૃહની અંદર એક માહિતી અપાઈ છે કે હજીરાની અંદર એસ્સાર સ્ટીલે ૫૦૦૦૦ ચોરસ મીટર જમીન, જંગલની જમીન દબાવી છે રૅકૉર્ડ ઉપર છે છતાં આ જમીનને ખાલી કરાવવાની વાત તો જવા દઈએ પણ એના ઉપર જે બાંધકામ ચાલતું હતું એ બાંધકામને અટકાવવાની પણ કોશિશ ન થઈ, બાંધકામ પૂરું થયું અને એના પછી માનનીય મુખ્યમંત્રીશ્રી આ યુનિટનું ઉદ્‌ઘાટન કરવા ગયા અને ત્યાં ભાષણ કર્યુ એસ્સાર એ ગુજરાત અને ગુજરાત એ એસ્સાર. માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ આગળ જઈને વાત કરવા માગું છું કે, એસ્સાર રિફાઈનરી બની એને ઈન્સેન્ટીવ આપવાના, જો ૯૫ થી ૨૦૦૦ સુધીની અંદર આ પૂરું થાય તો એને સેલ્સટેકસના ઈન્સેન્ટીવ મળવાપાત્ર હતા. પૂરું થાય તો કોઈ વાંધો ન હતો પણ એ કંપની એ કામ પૂરું કરી શકી નહીં, કારણ શું બતાવ્યું, કે અમારા કામની સામે સ્ટે હતો. દશ હજાર એકરમાંથી માત્ર પંદર એકર જમીનમાં બાંધકામ નહીં કરવાનું એટલો સ્ટે હતો, એ ત્રણ વર્ષ સ્ટે ચાલ્યો, સ્ટે નીકળી ગયો, અને હવે એમ કહે છે કે અમને દશ હજાર કરોડ રૂપિયાની ઈન્સેન્ટીવ આપો. સરકારે કોર્ટમાં બરાબર લડવું જોઈએ પણ લડી નહીં એને કારણે દશ હજાર કરોડનો બોજો ગુજરાતની પ્રજા ઉપર આજે પડવાની તૈયારીમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ હું આગળ કહેવા માગું છું કે, એસ્સાર પાવરે, કંપનીને એસ્સાર રિફાઈનરીની બાજુમાં જામનગરમાં જમીન અપાણી, પછી કહ્યું કે હવે અમારે પાવર પ્લાન્ટ અહીયાં બનાવવો નથી રિફાઈનરીમાં આપી દો. બીજા કોઈએ આવું કર્યુ હોય તો એમ કહે કે હવે તમને નવા ભાવે આપીશું, એક રૂપિયો લીધા વગર એડવાન્સ કબજો અપાઈ ગયો, એસ્સાર પાવરે બીજી જગ્યાએ જમીન માગી, ત્યાં પણ ૮૦ રૂપિયાના ભાવથી બે હજાર એકર જમીન, એનો એડવાન્સ કબજો અપાઈ ગયો, પણ સો વાર પ્લોટની જમીન માગીએ તો એમાં કોઈ એડવાન્સ કબજો ના આપે પણ આ માનીતા કરોડપતિ છે, એને બધું જ અપાય. ચિંતા આ બધી એટલા માટે છે કે, રાજય ઉપરનું કરજ દર વર્ષે વધે છે આ એક જ ઉદ્યોગગૃહ પાસેથી આપણે જે નાણાં પૂરાં વસૂલ કરવાના છે એ વસૂલ કરીએ તો દશ હજાર કરોડ રૂપિયા થાય પણ એટલા માટે એના વસૂલ થતા નથી. પાવર ચોરીઓ એની એટલા માટે ચલાવવામાં આવે છે કે ખેડૂત બાપડો છે • (એ કોઈ દિવસ માનનીય મુખ્ય મંત્રીશ્રીને ફરવા માટે પ્લેન આપી શકે નહીં. એસ્સાર આપી શકે.) શ્રી કનુભાઈ, કારણોમાં એ છે, મારી પાસે રેકર્ડ...

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## આક્ષેપ કરતાં પહેલાં નોટિસ આપવા અંગે

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, *( એસ્સારવાળા એને આ બધું કરે છે એટલા માટે થઈને માનનીય મુખ્ય મંત્રીશ્રીને પ્લેન આપી શકે.) આપે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપી શકે, મનેય આપી શકે, તમનેય આપી શકે, બધાયને આપી શકે.

**શ્રી વજુભાઈ વાળા** : નહીં, એ વસ્તુ જુદી છે, તમને અને મને આપે સંબંધમાં પણ આવું બધું કરે છે, એટલે એ પ્લેન આપે છે. એ માનનીય અધ્યક્ષશ્રી, એલીગેશન થયું અને એલીગેશન કરવાનો તમને હક્ક અને અધિકાર છે. (અંતરાય) માનનીય શકિતસિંહજી, સાંભળો તો ખરા પણ, એલીગેશન કરવાનો હક્ક અને અધિકાર છે પણ એલીગેશન કરતાં પહેલાં નોટિસ આપવી જોઈએ. નોટિસ આપ્યા પછી (અંતરાય) પણ આમાં.. એલિગેશન કરતાં પહેલાં, એલીગેશન હોય તો, (અંતરાય) એલીગેશન હોય તો નોટિસ આપવી જ પડે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ સભ્ય ઉપર એણે એલિગેશન કરવું હોય તો એના માટેની મંજૂરી લેવી જ જોઈએ..(અંતરાય)

**સભાપતિશ્રી :** (અંતરાય) માનનીય અર્જુનભાઈ, એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, સામાન્ય રીતે તેઓ આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરી શકે છે. હું કાંઈ આ ચોપડા વાંચવા માગતો નથી પણ તમે જે શબ્દો વાપર્યા છે એ "પ્રલોભનથી આ બધું કરવામાં આવે છે" એ જાતનું આનાથી અર્થઘટન થાય છે. એ યોગ્ય નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એવી વાત કરી કે આટલી આટલી ગેરરીતિ છે *(આ બધું છાવરવા માટે થઈને મુખ્યમંત્રીશ્રીને એસ્સાર પ્લેન આપે છે). (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ મોઢવાડીઆ :** નહીં, મેં એમ કહ્યું છે કે,*(પ્લેન આપી શકે.) એ તો તમને પણ આપી શકે (અંતરાય)

### અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**શ્રી વજુભાઈ વાળા** : જુઓ ભાઈ, મિત્રતાને હિસાબે તમને, મને અને એકસ.વાય.ઝેડ.ને ગમે તેને આપે. ગમે તેને આપે અને વાપરે એ વાજ જુદી છે પણ 'આવું કરે છે એટલે આપે છે' એ એક જાતનું એલિગેશન છે માનનીય અધ્યક્ષશ્રી, એટલી જ મારી વાત છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, માનનીય શકિતસિંહજી, આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર આપે જે કહેવું હોય તે કહો..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની ચેમ્બરમાં આપ કહેશો ત્યારે આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ બજેટ પરના પ્રવચન દરમ્યાન માનનીય વજુભાઈથી લઈને જેમણે જેમણે ટીકાઓ બજેટ પ્રવચનમાં કરી છે એના શબ્દો હું બતાવીશ કયારેય નોટિસ આપવાનો સવાલ આવ્યો નથી. બજેટ દરમ્યાન આટલી સામાન્ય ટીકા પણ સહન નથી થતી? આમાં માનનીય અર્જુનભાઈએ કહ્યું શું ? આપને દાખલા આપીને કહ્યું કે એસ્સાર કંપનીને જે જમીન તમે આપી હોય એ પ્રમાણે એ કામ ન કરે એને શરત ભંગ ગણાય એના બદલે તમે એજ ભાવે આપી દો છો, ૧૦૦ વારનો પ્લોટ મળતો નથી ત્યારે આ પ્રકારના લાભો એને આપો એનું હવાઈ જહાજ તમને મળી શકે આમાં શું તમને તકલીફ પડે છે.:

**શ્રી વજુભાઈ વાળા** : આરોપ નહીં તો શું કહેવાય આ માનનીય અધ્યક્ષશ્રી?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અરે, આરોપ એટલે હું આપને ૫૦ પ્રવચન બતાવીશ.

**અધ્યક્ષશ્રી** : હું નિયમોના આધારે જવા માગુ છું

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :ના, ના, માનનીય અધ્યક્ષશ્રી, પ્રણાલિકાથી પર નહીં ઉઠી શકાય. પ્રણાલિકાઓ પણ આપને જોવી જ પડશે.

**અધ્યક્ષશ્રી** : આપ મને નિયમમાં બતાવશો તો હું એ પ્રમાણે ચાલીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને પ્રણાલિકાઓ પચ્ચાસ બતાવીશ અને પ્રણાલિકાઓથી પર થઈને જો આ સભાગૃહ ચલાવવાનું હોય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જ્યાં નિયમ પરમીટ ન કરતો હોય ત્યાં પ્રણાલિકા આવે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રણાલિકા પ્રિવેલ કરે છે, માનનીય અધ્યક્ષશ્રીના જજમેન્ટ છે. there is precedent and precedent prevails, અને આપને એક નહીં પચ્ચાસ દાખલા એવા બતાવીશ કે આ સભાગૃહના સભ્યશ્રીઓએ જેમાં મારી પાસે અત્યારે નામજોગ હાથ પર પ્રવચનો છે, મુખ્યમંત્રીને તહોમતદાર નંબર એક એમ કહીને સંબોધન કરેલું. આપ કહેતા હો તો હું વાંચું એ પ્રવચન. (અંતરાય) અરે, વગર પરવાનગીએ કહ્યું છે અને આજ સુધી પરવાની વગર પરવાનગીએ કહ્યું છે, વગર પરવાનગીએ કહ્યું છે એમાં શેની પરવાનગી લેવાની? આનો અર્થ એવો છે કે આ સભાગૃહમાં ટીકા જ ન થાય સરકારની?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જો કોઈની પરવાનગી જ ન લેવાની હોય તો ગમે એના વિશે ગમે તે વ્યકિત બોલી શકે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને પચ્ચાસ પ્રવચનો આવીને બતાવી જઈશ આજે જ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપે આપની વાત કહી દીધી. માનનીય જયનારાયણભાઈ આપ શું કહેવા માગો છો? કહો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ જે પ્રકારની ઉભી થઈ છે એમાં હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમના પુસ્તક ૧૫ના નિયમ ૩૭ તરફ ધ્યાન દોરવા માગુ છું. કોઈ પણ વ્યકિતની વિરુદ્ધ કોઈ સભ્યે બદનક્ષીભર્યો અથવા દોષારોપણ કરતો આક્ષેપ મૂકવો નહીં, સિવાય કે સભ્યશ્રીએ અધ્યક્ષશ્રીને અને સંબંધ ધરાવતા મંત્રીશ્રીને અગાઉથી ખબર આપેલી હોય જેથી મંત્રી જવાબ આપવાના હેતુસર તે બાબતમાં તપાસ કરી શકે. પરંતુ અધ્યક્ષશ્રીનો અભિપ્રાય એવો હોય કે આવો કોઈ પણ આક્ષેપ ગૃહની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે અથવા આવો આક્ષેપ મૂકવાથી લોકહિત જોખમાય છે તો તેઓ ગમે ત્યારે કોઈ પણ સભ્યશ્રીને આવો આક્ષેપ મુકવાની મનાઈ કરી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એ છે કે, નિયમ સ્પષ્ટ છે કે જો આક્ષેપ મૂકવો હોય કોઈ ઘટના સાથે જોડીને મૂકવો હોય તો સંબંધિત મંત્રીનું ધ્યાન દોરવું પડે. અહીંયા તો સવાલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી બાબતમાં કોઈ આક્ષેપ કરવાનો હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીને મંત્રીશ્રી તરીકેના અધિકાર તો છે જ માનનીય અધ્યક્ષશ્રી. જ્યારે એમને જાણ કર્યા વગર આ આક્ષેપ મૂકી શકાય નહીં અને precedent - Hon'ble Speaker Sir, let me tell my learned friend that the precedents do not govern rules, it is discretionary on the part of the Hon'ble Speaker whether to permit precedent or not. But, as far as ruling in the House is concerned, it is not governed by the precedent and the rule is very clear that if you want to make any allegation on anybody, the concerned Minister should have been informed and by virtue of the that rule, .Hon'ble Member is not within his right to make any allegation against Chief Minister or for that matter, against any Minister of Cabinet.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ હતા નહિ એટલે મારી વાત હું એકજ મિનિટમાં રિપિટ કરી લઉં છું, મેં એમ કહ્યું કે ખેડૂત છે એ લંગરિયું નાંખે એટલે એને પકડી લે, એટલા માટે કે એ *(માનનીય મુખ્યમંત્રીશ્રીને પ્લેન ના આપી શકે, એસ્સાર છે એને ન પકડાય કારણકે એ પ્લેન,) (અંતરાય) મારી વાત તો સાંભળી લો, પછી રદ કરવા હોય તો રદ કરજો શબ્દો, હું રિપિટ કરું છું સાહેબ નહોતા એટલે, * (એટલે એ એસ્સાર પ્લેન આપી શકે,) વાત એટલી જ છે, આમાં મેં આક્ષેપ કર્યો નથી, પણ મારી પાસે રૅકૉર્ડ છે અને જ્યારે મારે આક્ષેપ કરવો હશેને ત્યારે હું નોટિસ આપીને કરવાનો છું આ મુદ્દા ઉપર, મેં આક્ષેપ નથી કર્યો, પણ ઉદ્યોગની માગણી પર જ્યારે હું વાત કરીશ ત્યારે આ બધા જ રૅકૉર્ડ સાથે આગલે દિવસે નોટિસ આપીને આ બધું રૅકૉર્ડ ઉપર મૂકીશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈના પ્રવચન દરમ્યાન જે મુદ્દો આક્ષેપાત્મક હતો તે મુદ્દા ઉપર શ્રી વજુભાઈએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો, વિરોધપક્ષના નેતા શક્તિસિંહજી અને અર્જુનભાઈએ એ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો વિરોધ કર્યો, માનનીય વજુભાઈના પૉઈન્ટ ઓફ ઑર્ડરના સમર્થનમાં માનનીય જયનારાયણભાઈએ નિયમ-૩૭નો ઉલ્લેખ કર્યો, નિયમ-૩૭ ખૂબ સ્પષ્ટ છે, કોઈપણ વ્યક્તિ વિરુદ્ધ કોઈપણ સભ્યએ બદનક્ષીનો અથવા દોષારોપણનો કોઈ આક્ષેપ મૂકવો નહિ સિવાય કે સભ્યએ અધ્યક્ષશ્રીને અને સંબંધ ધરાવતા મંત્રીશ્રીને અગાઉથી ખબર આપેલી હોય, જેથી મંત્રી જવાબ આપવાના હેતુસર તે બાબતની તપાસ કરી શકે, આપણા નિયમો પ્રમાણે આ સ્પષ્ટ છે અને માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ તેમના વક્તવ્યની અંદર એસ્સાર અંગે મુખ્યમંત્રીશ્રી સામે જે આક્ષેપાત્મક ઉલ્લેખો કર્યા, એ ઉલ્લેખો કરતાં પહેલાં તેમણે અધ્યક્ષશ્રીની પરવાનગી લેવી જોઈતી હતી અને મુખ્યમંત્રીશ્રીને એની જાણ કરવી જોઈતી હતી, જેથી એ કહી શકે, તેમણે તેમના વક્તવ્યની અંદર..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું મારા શબ્દો પાછાં ખેંચી લઉં છું એટલે કોઈ વિવાદ જ ન રહે.

**અધ્યક્ષશ્રી** : મારો નિર્ણય તો પૂરો કરી લેવા દો, પછી આપને શબ્દો પાછા ખેંચી લેવા હોય તો પાછા ખેંચી લો, મારો નિર્ણય આ છે, કે, ફરીથી મારા નિર્ણયને હું દોહરાવું છું કે આ પદ્ધતિ એટલા માટે રાખવામાં આવી કે, મુખ્યમંત્રીશ્રી હોય કે મંત્રીશ્રી હોય, એની સામે આક્ષેપ કરતાં પહેલાં આપણે એને લેખિત જાણ કરીએ છીએ. આ નિયમની માનનીય સભ્યશ્રી અર્જુનભાઈને ખબર છે અને એટલે જ એમણે કહ્યું કે હું આવું કરીશ, ભવિષ્યમાં એ રીતે કરવાનો કોઈ વાંધો જ નથી જ્યારે તમે નિયમસર આવશો, ૩૭ના નિયમની મર્યાદામાં ત્યારે આ સભાગૃહમાં હું કે મારી સ્થાને જે બેઠેલાં હશે તે કોઈ રોકશે નહિ, પરંતુ નિયમ-૩૭ જ્યારે અમલમાં હોય ત્યારે ૫૦ પરંપરાના દાખલા અને એ દાખલા જો તમે અત્યારે રજૂ કર્યા હોત તો એના સમર્થનમાં એ યોગ્ય છે કે નથી એ જોઈ શકાય (અંતરાય) હવે કશું જ નહિ, હું મારો નિર્ણય આપી દઉં છું (અંતરાય) નહિ નહિ, મને પણ ખબર છે એટલે મારું પ્રવચન પણ તમારે વાંચવું હોય તો વાંચી શકો છો, પણ સવાલ ઔચિત્યનો તમે રાખ્યો એ સારું કર્યુ છે પણ મારે જે કહેવું છે એ આ છે કે કોઈપણ ચર્ચાની અંદર આપણે નિયમોથી આગળ લઈ જઈને ચર્ચા કરી શકતા નથી આ સભાગૃહની અંદર આક્ષેપાત્મક પ્રવચનોથી બાદ કરીએ (અંતરાય) તો આ સભાગૃહનું (અંતરાય) નહિ નહિ તે વખતે આપનો અધિકાર હતો જે લાગ્યું ત્યારે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ સૂઓ મોટો કરો છો,

**અધ્યક્ષશ્રી** : ના, ના સુઓમોટો નથી કર્યુ, નીતિનભાઈની સામે પણ હું. હું ફરીથી દોહરાવું છું કે વજુભાઈનો પોઈન્ટ ઓફ ઑર્ડર બરાબર છે. અને જે આક્ષેપાત્મક વાક્યો કર્યા છે તે આપ પાછાં ખેંચી લો છોને ?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, માનનીય અધ્યક્ષશ્રી, *(આ પ્લેનની ઘટના બાબત તો) હું ફરી પાછો ક્યારેક આવીશ અને ત્યારે વિગતો મૂકીશ. પણ મારી વાત એટલી છે કે સામાન્ય ખેડૂત પાસે...

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં પેલા વાક્યો..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, હું પાછાં ખેંચી લઉં છું. સામાન્ય ખેડૂત પાસે નથી તેની પાસે પ્લેન કોઈને આપવા માટે, કે નથી તેની પાસે ચૂંટણી ફંડ આપવા માટે કે નથી કોઈના ખિસ્સા ગરમ કરી શકે તેમ. એસ્સાર કોઈના ખિસ્સા ગરમ કરી શકે તેમ છે, એસ્સાર કોઈને પ્લેન આપી શકે તેમ છે અને એસ્સાર બીજુ ઘણું બધું કરી શકે તેમ છે એટલે તેમને આટલા બધા ફાયદાઓ મળી શકે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. આપણે પ્રણાલિકા પાડી છે કે જે સમય જાય તે બધાનો તેમાંથી જ જાય છે. તેમ છતાં આ તેમને બે અને ચારે પૂરું થતું હતું અત્યારે બે અને દશ થઈ છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં પૂરું કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી પાછો માનનીય નાણામંત્રીશ્રીને એક વિનંતી કરવા માંગુ છું. કે દેશનો માહોલ બદલાયો છે ઘણાં લોકો એવી કલ્પના કરીને આવતા હોય છે કે હજાર વર્ષ જીવવું છે અને પાંચ હજાર વર્ષ શાસન કરવું છે. કોઈની કલ્પના સિકંદરથી શરૂ કરીને આજ દિવસ સુધી કયારેય સાકાર થઈ નથી. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી જગ્યાએ ઘણી બધી વાતો થઈ હશે. વજુભાઈ તો ધરતી સાથે સંકળાયેલા, જન્મેલાં માણસ છે. હું કહું માનનીય અધ્યક્ષશ્રી, કે ચાર દસકા પહેલાં મારી અને વજુભાઈની પાસે સાઈકલ જ હતી. અને અમુક લોકો પાસે અમદાવાદમાં સ્કૂટરો હતા. હવે હવાઈ જહાંજ સિવાય ફાવતું નથી. તેમને કહો, નંબર વનને કે ધરતી આપણી માતા છે કોઈક દિવસ તમારા જે પવિત્ર પગલાં છે ધરતી સાથે જોડાયેલાં રાખો અને ધરતી સાથે જોડાયેલાં રાખશો તો આ ધરતી છે તે પ્રસન્ન થશે એટલી વિનંતી સાથે આ બજેટ દરખાસ્તો સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી સને ૨૦૦૯-૧૦નું બજેટ લઈને આવ્યાં છે તેને આવકારવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણામંત્રી એવા સમયે બજેટ લઈને આવ્યા છે કે જ્યારે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થવા જઈ રહ્યાં છે. અને સમગ્ર રાજયની અંદર સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાની તૈયારીઓ ચાલી રહી છે આવા સમયે ગુજરાતના સાડા પાંચ કરોડની જનતાને તેના સ્વપ્નો સાકાર કરવા માટેનું આજે જે બજેટ લઈને આવ્યાં છે ખરેખર હું તેમને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયાના દેશોની અંદર જે સમૃદ્ધ દેશો ગણાય તે પણ આજે આ મંદીના માહોલમાં સપડાયા છે. તેમ છતાં પણ રાજયના નાણામંત્રીએ આખા રાજયની આર્થિક પરિસ્થિતિ જાળવી રાખવામાં આ બજેટમાં ખૂબજ કાળજી રાખી છે. બજેટ ઉપર નજર નાંખીએ તેની વાર્ષિક યોજનાઓ ઉપર તો સને ૨૦૦૮-૦૯ની અંદર રાજયની વાર્ષિક યોજનાઓ ૨૧ હજાર કરોડ જેટલી હતી. અને ૨૦૦૯-૧૦ની અંદર આ યોજના ૨૩૨૭૫ કરોડે પહોંચી છે. એટલે ૧૧ ટકા જેટલો રાજયની વાર્ષિક યોજનામાં વધારો છે. માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમી પંચવર્ષીય યોજનાની વાત કરીએ તો આખા રાષ્ટ્રનો આર્થિક વિકાસ દરનો લક્ષ્યાંક ૯ ટકા હતો જ્યારે આપણાં ગુજરાતનો આર્થિક વિકાસ દરનો લક્ષ્યાંક ૧૧.૨ ટકા હતો. માનનીય અધ્યક્ષશ્રી, આ લક્ષ્યાંકનો પડકાર ગુજરાતે ઝીલ્યો છે. ગુજરાત રાજયે આ લક્ષ્યાંકની સામે ૧૨.૭૯ ટકા વૃદ્ધિ દર હાંસલ કર્યો છે.

બજેટ પરની ચર્ચાનો આજે ત્રીજો દિવસ છે. આ સભાગૃહની અંદર વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ અને આજે આપણા સિનિયર સભ્યશ્રી અર્જુનભાઈએ પણ આ બજેટની ઘણી ટીકા કરી છે. આ રાજયમાં દેવું વધી ગયું છે. ઓવરડ્રાફટની પણ વાત કરી. માથાદીઠ દેવાની પણ વાત કરી. મારે એમને એ વાતનો જવાબ આપવો છે. રાજયનો આયોજન બહારનો ખર્ચ અને ઓવરડ્રાફટની વાત કરી હોય ત્યારે હમણા દિલ્હીમાં કેન્દ્ર સરકારનું બજેટ રજૂ થયું. તેમાં રાજકોષીય ખાદ્ય ૨.૭ ટકાથી વધીને ૬.૮ ટકા થઈ છે. જયારે ગુજરાતની રાજકોષીય ખાદ્ય માત્ર ૩ ટકા જ છે. દેવાની વાત કરી તો રાષ્ટ્રનું દેવું અઢી ગણું વધ્યું છે. સવા ત્રણ લાખ કરોડ જેટલું દેવું દેશને માથે પહોંચ્યું છે. નાણાકીય ખાદ્યના અઢી ટકાના લક્ષ્યાંક સામે આજે ૬ ટકાએ પહોંચેલ છે. રાષ્ટ્રની મહેસૂલી ખાદ્ય ૧ ટકાના લક્ષ્યાંક સામે ૪.૪ ટકાએ પહોંચી છે.

આટલું જ નહીં, પરંતુ દેશના વિકાસમાં જે પૈસા વપરાયા છે, તેમાં એક રૂપિયામાંથી ૧૮ પૈસા જ વપરાયા છે. ૨૦ પૈસા તો દેવાના વ્યાજ પેટે ચૂકવાય છે. આ દેશના આંકડા છે. આ આપણા દેશની નાણાકીય શિસ્ત છે. મારે એમને કહેવું છે કે રાષ્ટ્રીય બજેટમાં, એટલે કે દિલ્હીના બજેટમાં ઘણીબધી ભવિષ્યવાણી થઈ છે. પેટ્રોલ ડિઝલના ભાવમાં પેનલ બનાવવી, રીટર્ન ભરવાનું ફોર્મ બદલાવવું, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અહીંના બજેટની વાત કરો ને.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : એમાં હું પડતો નથી. ગુજરાત રાજયે જે એકટ પસાર કર્યો છે. ગુજરાત રાજ વિત્તિય જવાબદારી અધિનિયમ-૨૦૦૫. છેલ્લા ત્રણ વર્ષના આંકડા આપું તો ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં એના દરેક લક્ષ્યાંક, આ કાયદા મુજબના દરેક લક્ષ્યાંક આ રાજયે જાળવ્યા છે. એના નાણાકીય બજેટમાં ભારત સરકારે જે છૂટછાટ આપી હતી, કે તમે એમાં વધારો કે ઘટાડો કરી શકશો, તેમ છતાં માનનીય નાણા મંત્રીશ્રીએ ૨૦૦૯-૧૦ના બજેટમાં બજેટના અંદાજોમાં ૩ ટકા રાજકોષીય ખાદ્ય જાળવી રાખી છે. કેન્દ્ર સરકારના વહીવટી સુધારણા પંચે રાજયના જુદા જુદા વિભાગની માગણી અને બજેટમાં કેટલા પૈસા વપરાયા છે એનો હિસાબ આપ્યો છે. એક અપ્રસ્તુત અહેવાલમાં જાણવા મળ્યું છે કે રાજયોની વણ વપરાયેલી ગ્રાન્ટ ૭૦૦૦૦ કરોડ પર પહોંચે છે. આ રાજયના નાણામંત્રીશ્રી સર્વાંગી વિકાસ આપવા માટેનું બજેટ લાવ્યા છે. એમાં મારે કહેવું છે કે જગતની અંદર હંફાવનારી જે પ્રલયકારી સમસ્યાના ઉપાય માટે આ રાજયના નાણામંત્રીશ્રીએ ચિંતા કરી છે. પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે. આબોહવામાં ફેરફાર થઈ રહ્યો છે. એવા સંજોગોમાં રાજય સરકારે કલાઈમેન્ટ ચેઈન્જ નામનો અલગ વિભાગ શરૂ કરવાને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, એને હું આવકારું છું. આવો અલગ વિભાગ દુનિયાના માત્ર ૬ દેશોએ આપ્યો છે. એમાં ભારત સામેલ નથી. ગુજરાત એવું પહેલું રાજય છે કે જે આવો પડકાર ઝીલવા માટે નવો વિભાગ શરૂ કરી રહ્યું છે.

સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગની વાત કરી. પ્રથમ વખત બજેટમાં એવી માગણી આવી છે કે રાજયમાં બારમાસી રસ્તાઓ ચાલુ રાખવા માટે આ બજેટમાં ૩૫ કરોડની ફાળવણી થઈ છે. એમાં ૮૦ જેટલા ગામોને લાભ મળવાનો છે. એની વાત કરવા માગું છું. માંડલમાં પણ શંખેશ્વર અમદાવાદનો રસ્તો જે ૩ દિવસ માટે બંધ પડતો હતો. એના માટે આ બજેટમાં ૬ કરોડની ફાળવણી થઈ છે. એનો બારમાસી રસ્તો ચાલુ રહે એને માટે ૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે અને એની ટેન્ડર પ્રક્રિયા પણ પૂરી કરી છે, એને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત રાજયમાં ઘણો બધો વિકાસ થયો છે અને મહિલા અને બાળ વિકાસમાં અને અનેક વિભાગોમાં આજે આ રાજય સરકારે પૂરેપૂરી કાળજી લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક છેલ્લી બાબત કહીને હું મારી વાત પૂરી કરીશ કે રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ નજીકથી પણ બહુ જ ધ્યાન રાખ્યું છે કે ૫૦-૫૦ વર્ષથી નાટક મંડળીઓ એકધારું કામ કરતી હતી અને એક જ જાતનાં નાટકોથી પ્રજા કંટાળી ગઈ  હતી એ નાટક મંડળીઓને ૫૦ હજાર રૂપિયાની સહાય કરવાની કાળજી લીધી છે એ બદલ હું તેને આવકારું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને આવકારવા અને એને હાર્દિક ટેકો આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ એમના પ્રવચનમાં કેટલાક ઉલ્લેખો કર્યા અને મને લાગે છે કે કયાંક સરખામણી જો સાથે મૂકવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી એ આ ચર્ચામાં થઈ શકે તેમ છે અને એટલે આ ચર્ચાની શરૂઆત આ બજેટની એક એવી વિશિષ્ટતાથી કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મી પંચવર્ષીય યોજનાનું કદ ૪૭ હજાર કરોડ રૂપિયા હતું અને એની સામે સિધ્ધિ ૪૯૪૧૬ કરોડો રૂપિયા એટલે કે ૧૦૫ ટકા સિધ્ધિ હતી. આ સિધ્ધિ હોંસલ કરનાર ગુજરાત રાજયને ૧૧ મી પંચવર્ષીય યોજનામાં ૧,૧૧,૧૧૧ કરોડને લક્ષ્યાંક આપવામાં આવ્યો. . માનનીય અર્જુનભાઈએ જોયું હોત વજુભાઈને શોધવા જતાં કે એમાં  કેટલા એકડા છે. કેટલી જગ્યાએ ગુજરાત પહેલા નંબરે છે? ૧૧ માં બે એકડા છે. વજુભાઈએ બજેટ રજૂ કરવાનો વિક્રમ તોડયો છે. માનનીય નાણામંત્રીશ્રી તરીકે વજુભાઈ એક નંબરના સ્થાને છે. આયોજન પંચે લક્ષ્યાંક આપ્યો છે તેમાં રાજય પહેલા નંબરે છે અને ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયાનો લક્ષ્યાંક છે. એમાં ૬ એકડા છે. માત્ર આપણે નહીં, પરંતુ આયોજન પંચ કહે છે કે ગુજરાત પ્રગતિમાં પહેલા નંબરે છે અને મારા સાથી વિપક્ષના સભ્યશ્રીઓને ગમે કે ના ગમે, તેમને ખટકે કે ના ખટકે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી એ આ દેશના મુખ્યમંત્રીશ્રીઓમાં એક કરતાં વધુ વાર પ્રથમ નંબરે મૂકાયા છે અને એટલે આ એક નંબરના રાજયના એક નંબરના નાણામંત્રીશ્રીનું એક નંબરનું બજેટ છ અને એના પહેલા વર્ષમાં સિધ્ધિ હોંસલ કરી છે તે સિધ્ધિ પણ જે આયોજન મુજબ હતી એના કરતાં વિશેષ સિધ્ધિ હોંસલ કરી છે. આની સાથે કેટલાક મુદ્દાઓ જોડયા વિના રાજયનું બજેટ સાચા પરિપ્રેક્ષ્યમાં મૂકી શકતા નથી. રાજયના વિકાસ દરની વાત કરવમાં આવી. રાજયનો વિકાસ દર દેશમાં જે પરિસ્થિતિનું નિર્માણ થાય. દેશની સરકાર અર્થવ્યવસ્થાને જે દિશામાં દોરે, જે દિશામાં લઈ જાય એ દિશાથી અલગ રહીને હોઈ શકે નહીં. મારે આ સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવું છે કે આ દેશનનો જી.ડી.પી.નો વિકાસ દર ૨૦૦૬-૦૭ માં ૯.૬ ટકા હતો એ ઘટીને આ વખતે ૭ ટકાથી નીચે રહયો છે. બે આંકડા પાર કરવાના હતા એ પાર ના થયા, પરંતુ એમાં ૩૩ ટકા જેટલો ઘટાડો જો દેશના વૃધ્ધિ દરમાં થતો હોય તો સ્વાભાવિક જ રાજયની અર્થવ્યવસ્થા દેશની અર્થવ્યવસ્થાથી અલગ રહી શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, દેવાની વાત કરી. એ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા સાથે જોડીને જોઈએ તો દેશનું જે બજેટ રજૂ કરવામાં આવ્યું એમાં ડેબ્ટ જી.ડી.પી. રેશિયો મૂકવામાં આવ્યો છે એ દેશનું વ્યવસ્થાપન જે રીતે ચાલે છે. ૮૭

ટકા ડેબ્ટ જી.ડી.પી. રેશિયો છે એટલે આ દેશનું કુલ ઘરઘથ્થું ઉત્પાદનમાં ૮૩ ટકા દેવું ભારત સરકારને માથે છે. એટલે એ કેટલા અબજ રૂપિયા થાય એની ગણતરી મૂકવાની થાય.માનનીય અધ્યક્ષશ્રી, ત્યારપછી નાણા વ્યવસ્થાપન અને નાણાકીય ખાદ્યની વાત કરીએ તો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે હું મારું પ્રવચન ટૂંકાવી દઉં, કારણ કે વિરોધપક્ષના નેતાશ્રી એક યા બીજી રીતે એમને વિક્ષેપમાં જ રસ છે એમની ગરીમા પ્રમાણે વર્તતના નથી.

**અધ્યક્ષશ્રી** : એ બન્નેને વાત કરવામાં વાંધો નથી. આપ આપનો પ્રવચન ચાલુ રાખો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સર, આઈ ગેટ ડીસ્ટર્બ, આઈ નીડ યોર પ્રોટેકશન, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જયનારાયણભાઈ, આપ આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, એમને સંદર્ભો ઘણાં યાદ આવશે. અને મારે ઘણાં સંદર્ભો આપવાના છે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહ, બાવકુભાઈ તમને પ્રોમ્પ્ટ કરે તે સારું નહીં.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈને એમનું પૂર્વ જીવન યાદ આવતું હોય,

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં, બાવકુભાઈ તમને પ્રોમ્પ્ટ કરે એ મને ન ગમે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ત્યાંથી સામે ગયા પછી પણ પૂર્વ જીવન યાદ આવતું હોય અને સલાહ એમને નો સાલતી હોય અમારી લીધા વગર તો મારે એ સભ્યશ્રીને પણ અભિનંદન આપવા જોઈએ, કે જે સમજ વગરની સલાહ આપવાનું ચાલુ રાખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય ખાદ્ય એની વાત કરીએ તો નાણાકીય ખાદ્યની કેન્દ્રીય બજેટમાં ચીદમ્બરમે પાંચ વર્ષ સુધી જે આયોજન કર્યુ હતું તે એક જ વર્ષમાં નાણાકીય ખાદ્ય ૨.૩ ટકા થવાની હતી તેના બદલે વધીને ૬.૨ ટકા થઈ ગઈ. મહેસૂલી ખાદ્ય ૧ ટકો થવાની હતી તેના બદલે ૪.૮ ટકા થઈ ગઈ. નાણાકીય ખાદ્ય, જો એ દેવું એ ઉપયોગી કામ માટે વપરાયું હોત તો મહેસૂલી ખાદ્ય ન વધત. કેન્દ્ર કઈ રીતે નાણા વાપરે છે તેના કરતાં રાજય સરકાર નાણા અનેક ગણા સારી રીતે વાપરે છે. એ દાખલો આપવા માટે મારે આ વાત કહેવી પડી. આ પરિસ્થિતિનું નિર્માણ કેમ થયું? આપણે જે આર્થિક વૃદ્ધિ દર ૧૧મી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાં ૧૨.૭૯ ટકાનો હાંસલ કર્યો, સરખામણી અહીં છે. ત્યાં ૯.૨ ટકામાંથી ઘટીને ૬.૮ ટકા થયો, અહીંયા આપણને ટારગેટ આપ્યો હતો ૧૧.૨ ટકાનો, તેના બદલે વધીને ૧૨.૭૯ ટકા થયો. હવે ગુજરાતની આ સિધ્ધી માટે ગુજરાતી તરીકે આપણને અભિમાન થવું જોઈએ આ કે તે પક્ષ તરીકે નહીં પણ ગુજરાતે તેની અર્થ વ્યવસ્થાની જે સિધ્ધી હાંસલ કરી તે તેની ઔદ્યોગિક આંતરમાળખાકીય સવલતોની પ્રાપ્તિ, શાંત અને સુમેળ ભર્યા મજૂર સંબંધો, રાજય સરકારના સંબંધિત વિભાગોની પ્રગતિશીલ કામગીરી, રાજયમાં કૃષિ તેમજ કૃષિ સંલગ્ન ઉત્પાદનના વિકાસ માટે જળ સંચય અને જળ સંવર્ધન થકી ઉભું થઈ થઈ રહેલું વાતાવરણ અને માનનીય રાજય સરકારના સુ વહીવટને આભારી છે. અને તે કારણો આ પંચકલ્યાણક પરિબળ, મહદઅંશે જયારે રાજયની આર્થિક વૃધિધ માટે જવાબદાર છે ત્યારે એ વાત મારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મુકવી છે કે કોઈ પણ રાજયની વાર્ષિક યોજના, એના સાધનો, નાણાકીય સધ્ધરતા તેમજ યોજનાના અમલીકરણની ક્ષમતા ઉપર આધારિત છે. ૨૦૦૮-૦૯માં ૨૧ હજાર કરોડની યોજના હતી આપણી,. ૨૦૦૯-૧૦માં ૨૩૨૭૫ કરોડ એટલે કે ૨૨૭૫ કરોડ અથવા ૧૧ ટકા જેટલો વધારો થયો છે. જે રાજય સરકારના વિકાસની ગતિ વધુ તેજ બનાવવાનો અભિગમ, નિર્ધાર, તેમજ સક્ષમતાનો પુરાવો છે અને ખાસ કરીને મંદીનો માહોલ હોવા છતાં પણ માનનીય નાણા મંત્રીશ્રી આ પ્રકારનું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તે માટે હું માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર જગતને શાંતિ અને ભાઈચારાનો સંદેશો આપનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ગુજરાત જન્મ ભૂમી છે. તેની સાથો સાથ પંડિત દિનદયાલજીનો એકાત્મ માનવતા વાદ અને "પથકા અંતિમ લક્ષ્ય નહીં હે સિંહાસન ચડતે જાના, સબ સમાજકો લીયે સાથમે આગે હે બઢતે જાના", એ ભાવનાને વરેલી આ સરકાર, સમાજના એકે એક માનવબંધુના વિકાસ માટે કટ્ટીબધ્ધ છે. એની પ્રતિબધ્ધતાનો પુરાવો ચાલુ સાલે જે જોગવાઈઓ કરેલ છે તેમાંથી સામાજિક સેવાઓ માટે જે માતબર જોગવાઈ કરવામાં આવી છે તેના પરથી આવે છે..

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ ૨-૩૦ થી ૩-૧૫) અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી જયનારાયણ વ્યાસ** : (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, વિરામ પહેલા હું એ વાત કરતો હતો કે તેઓએ બજૅટની જોગવાઈઓ ઉપર એક નજર નાખી હોત તો પણ એમાં કોના ઉપર જોક આપવામાં આવ્યો છે એનો ખ્યાલ આવ્યો હોત પણ એકજ મુદ્દાનો કાર્યક્રમ એમાં કોઈ વ્યકિતગત ચોક્કસ જૂથ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરીને બજૅટ ઉપરની સામાન્ય ચર્ચામાં ઉલ્લેખ કરવો એના બદલે બજૅટની જોગવાઈઓ શું છે, ૨૦૦૯-૧૦ માટે વાર્ષિક યોજના છે એ ૨૩૨૭૫ કરોડ રૂપિયા છે એમાંથી ૧૦૧૫૦.૨૮ કરોડ એટલે કે ૪૩.૬૧ ટકા જેટલી જોગવાઈ સામાજિક સેવાઓ માટે કરવામાં આવી છે પણ એના ઉપર ધ્યાન આપણું ન જાય, આપણે સામાજિક સેવાઓ સાથે લેવાદેવા નથી. આપણે વચનો કંઈ આપીએ, યુવાનોને આગળ કરીને ચૂંટણી લડી શકાય, યુવાનોના નામે વાતો કરી શકાય પણ જ્યારે બજૅટ અંદાજપત્રમાં એની વાત કરવાની આવે ત્યારે એનો એક અક્ષર જોવા ન

મળે ત્યારે એવું કહેવામાં આવે કે અમે ફુડ સિક્યોરિટીનો કાયદો લાવીશું. આ રાજય સરકાર બે રૂપિયે કિલો ઘઉં આપે છે. જ્યારે કેન્દ્ર સરકાર ત્રણ રૂપિયે એટલે કે એના ઉપર એક રૂપિયાનો ભાવ વધારો લટકામાં સોગુ છતાં તમે જે ભારતના નાગરિકોને વચનો આપેલા એ અંદાજપત્રમાં સાર્થક કર્યા હોત તો આપણને ચોક્કસ આનંદ થાત. અમે જે વચનો આપ્યા છે એ અંગે વિરોધપક્ષના નેતાશ્રીને કહીશ કે બે રૂપિયે કિલો અનાજની વાત કરું છું, હું એ કહેવા માગું છું કે અમે જે વચનો આપ્યાં છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, તમારે જે કંઈ કહેવું હોય એ ઊભા થઈને કહો. તમારે એમ કહેવાની જરૂર નથી કે હું આમ બોલીશ. નિયમ પ્રમાણે હશે એ હું ચોક્કસ લઈશ.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### કેન્દ્રિય બજૅટ ઉપર ચર્ચા કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આપનો તત્કાલીન નિર્ણય છે કે ચૂંટણી ઢંઢેરામાં અપાયેલા વચનો એની વાત અહીંયા ન કરી શકાય. જ્યારે મેં કહ્યું કે યુવાનોને બેરોજગારી ભથ્થું આપીશું એવું ચૂંટણી વચન આપનું હતું. જ્યારે માનનીય મંત્રીશ્રી અહીંયા એમ કહે છે કે તમે વચનો આપો છો પછી બજૅટમાં નથી લેતા. તમારે અહીંયા કેન્દ્રિય બજૅટ ઉપર ચર્ચા કરવી છે? કેન્દ્રિય બજૅટ ઉપર ચર્ચા કરવી હોય આપે પરવાનગી આપી હોત તો એન.ડી.એ. ના શાસનમાં શું હતું અને આજે કેન્દ્રિય બજૅટમાં શું છે, એન.ડી.એ. વખતે ગુજરાતને કેટલો અન્યાય થયો હતો એ વાત હું કરી શકતો હતો. એ જ વાત માનનીય મંત્રીશ્રી કરી રહ્યા છે એને રોકવા પડે.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપરની વાત કરો.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઈપણ અર્થવ્યવસ્થાની સરખામણી થતી હોય, જ્યારે બે પરિસ્થિતિની સરખામણી થતી હોય ત્યારે આ બંધ બેસતી પાઘડી માથા ઉપર પહેરી લેવું તે ઉચિત નથી. બાકી ચર્ચાનો સવાલ છે તો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કહેવું છે કે જે બેકારી ભથ્થાની વાત આપ કરતા હતા એ આ સરકાર જે ચૂંટણી ઢંઢેરા ઉપર ચૂંટાઈને આવી છે એમાં કોઈ ઉલ્લેખ નથી. આપની વાત બિલકુલ અપ્રસ્તુત હતી. હું વાત કરી રહ્યો છું એ એની પ્રસ્તુતિ સાથે વાત કરી રહ્યો છું. અમે સામાજિક સેવાઓ માટે ૪૩.૬૧ ટકાની જોગવાઈ કરી છે અને આમ થવાને કારણે શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠો, આવાસ, શહેરી વિકાસ તેમજ કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓને વેગ આપનારું આ બજૅટ છે. એટલા માટે હું માનનીય નાણામંત્રીશ્રીને બિરદાવા માગું છું.

ત્યારપછી રૂપિયો કયાં જાય છે અને કયાંથી આવે છે એની વાત માનનીય અર્જુનભાઈએ કરી. મારે ૨૦૦૫-૦૬માં રાજયનો વિકાસલક્ષી ખર્ચ ૨૧૪૯૫.૩૫ કરોડ હતો. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯-૧૦માં એ વધીને ૩૭,૬૭૮.૩૨ કરોડ થયો. ૭૫.૨૮ ટકાનો વધારો થયો વિકાસલક્ષી ખર્ચમાં. આ જ ગાળામાં બિન વિકાસલક્ષી ખર્ચ એ ૧૨,૬૫૩.૩૭ કરોડથી વધીને ૧૯,૬૭૧.૧૪ કરોડ સુધી પહોંચ્યો. એટલે એમાં ૫૫.૫ ટકાનો વધારો થયો. એક સમયગાળામાં વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષી ખર્ચ વચ્ચે લગભગ ૨૦ ટકાનો તફાવત રહ્યો. તેનો અર્થ એ થાય કે ૨૦૦૫-૦૬થી ૨૦૦૯-૧૦ વચ્ચેની જે શાસન વ્યવસ્થા ચાલી, જે નાણાકીય વ્યવસ્થાપન ચાલ્યું તેનો ઝોક વિકાસલક્ષી ખર્ચમાં વધારા માટેનો રહ્યો છે અને માનનીય નાણામંત્રીશ્રી આ સમગ્ર કાળ દરમ્યાન નાણામંત્રીશ્રી તરીકે તેની સાથે જોડાયેલા રહ્યા છે અને તે માટે થઈને હું માનનીય નાણા મંત્રીશ્રીને નાણા વ્યવસ્થાપન, આયોજન તેમજ કાર્યક્ષમ નાણાકીય વહીવટ માટે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય પોતાના નાણાં કયાં ખર્ચે છે અને કયાંથી મેળવે છે તે અત્યંત મહત્ત્વની બાબત છે. કોઈ એક ચોક્કસ ઔદ્યોગિક ગૃહના દાખલાનો જવાબ નહીં આપું. કારણ કે મારે પાછી ગૃહ બહાર નીકળીને કોઈની માફી માગવી પડે એ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ કરવું નથી. આક્ષેપો અહીં કરવાના અને બહાર નીકળીને માફી માગવાની, એ પરિસ્થિતિમાં નહીં મૂકાવાની મારી સામાન્ય રીતે પદ્ધતિ રહી છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### પ્રવચન દરમ્યાન કરેલા ઉચ્ચારણો અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર..

**શ્રી જયનારાયણ વ્યાસ** : હું મારે માટે કહું છું. સાહેબ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓનું અપમાન છે. માનનીય મંત્રી શ્રીવ્યાસે આક્ષેપ કરવો હોય તો માનનીય સભ્યને, આપને નોટિસ આપીને જાણ કરે કે હું આ સભ્યશ્રીને કહું છું કે એણે આ સભાગૃહની આ સમયે માફી માગી. જ્યાં સુધી મને લાગે વળગે છે, એક પણ ઉદ્યોગગૃહની કયારેય માફી માગી એવું સાબિત કરે, હું જાહેર જીવન છોડી દઈશ. આ રીતે ગૃહના તમામ સભ્યશ્રીઓનું અપમાન કરવું કે કોઈ

અહીંયા ટીકા કરે છે અને બહાર માફી માગે છે. આ ગૃહના તમામ સભ્યશ્રીઓનું અપમાન છે. તેમને કહેવું હોય, સ્પેસિફીક એ સભ્ય સામે આક્ષેપ કરે. નોટિસ આપે, આપની મંજૂરી લે અને પછી આક્ષેપ કરે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : In order to put the record straight, આપ મારું વક્તવ્ય, મારી વિનંતી છે કે આપ જોઈ જજો. મેં કહ્યું છે કે મારે ન માગવી પડે. જયનારાયણ વ્યાસે જયનારાયણ વ્યાસને નોટિસ આપવાની હોય એવી કાયદામાં કોઈ વ્યવસ્થા હોય એવો મને ખ્યાલ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (બેઠાં બેઠાં) અર્થ શું છે આપ સમજી શકો છો.

**અધ્યક્ષશ્રી** : નહીં, અર્થ સુધી તો પહોંચવાની જરૂર નથી. તમારું તેમણે નામ નથી દીધું. (અંતરાય) નહીં, નહીં તમામ સભ્યો એવું પણ નથી કીધું. તમે એમના પ્રવચનને ફરીથી એક વાર જોઈ જજો. તેમણે ખૂબ જ સુરક્ષિત ભાષામાં વાત કરી છે. એમાં નથી તેમણે તમારો ઉલ્લેખ કર્યો, નથી બીજા વિપક્ષના ધારાસભ્યની વાત કરી કે આ સભાગૃહના સભ્યોની વાત નથી કરી. તેમણે એમ કહ્યું (અંતરાય) એમણે પોતાના માટે. મારે એટલા માટે આવું નથી બોલવું, એ કહેવાનો એમનો અધિકાર છે. બીજાં કોઈને માટે તેમણે કહ્યું નથી. (અંતરાય) નહીં, તેમણે કહ્યું કે મારે આવી પરિસ્થિતિમાં નથી મૂકાવું. (અંતરાય) આપ એક કુશળ ધારાશાસ્ત્રી છો, એટલે આપનો કેસ મજબૂત કરવા માટે આપ જયનારાયણ ભાઈનો આશરો ન લો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું પણ જોઈ લઈશ અને આપના ધ્યાન ઉપર પણ મૂકીશ. જેનું અર્થઘટન છે અને મારા વિદ્વાન મિત્ર માનનીય મંત્રીશ્રી, એમણે બોલીને જો ઉદ્યોગગૃહની માફી માગવી પડતી હોય તો મને લાગે છે કે આથી વધારે નબળી પરિસ્થિતિ કોઈ હોઈ જ ન શકે.

**અધ્યક્ષશ્રી** : એમની ચિંતા આપ ન કરો. એમણે જે વાત કરી છે, પ્રશ્ન આટલો જ છે આ ગૃહ માટે કે આપે ઉભો કરેલો પૉઈન્ટ ઑફ ઑર્ડર, પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી. કારણ કે એમણે આપના વિશે કશું કહ્યું નથી કે આ સભાગૃહના બીજા સભ્યો માટે કહ્યું નથી. એમણે પોતે આવી પરિસ્થિતિમાં ન મૂકાવું પડે એટલું જ એમણે કહ્યું છે અને એટલા માટે આપ મહેરબાની કરીને બંધબેસતી પાઘડી ન પહેરો, નહીં તો શું એમાંથી (અંતરાય) આ સભાગૃહની અંદર મંત્રીશ્રી હોય કે સભ્યશ્રી હોય એને પોતાને કહેવાનો અધિકાર છે કે મારે આ કહેવું છે પણ એ અધિકારને કારણે બીજાંની કોઈ બદનક્ષી થતી હોય, બીજાંનું કોઈ અવમાન થતું હોય. તો એના રક્ષણની જવાબદારી મારી છે. એટલે આપનું અવમાન થયું છે એવું માનતા નહીં.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, આમાં ક્યારેક ક્યારેક આવું થતું હોય છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી જયનારાયણભાઈ, બૌદ્ધિકો વચ્ચે આવું થાય.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે, રાજય એના નાણાકીય સાધનો મેળવે છે. અહીંયાં મારે આ મુદ્દો એટલા માટે કહેવો પડે છે કે, એ એના કરવેરામાંથી મળતી આવક છે. જુદી જુદી જાતના વેટ અને વેટ સિવાયના વેચાણ વેરા સાથે જોડાયેલા અન્ય વેરા રાજયની કુલ આવકના ૫૫ ટકા જેટલી આવકનો ભાગ છે. રાજયનું કરવેરાનું માળખું સુગ્રથિત ન હોય તો, એનો અમલ વ્યવસ્થિત રીતે ન થાય તો, કરવેરાના નાણા રાજયની તિજોરીમાં વ્યવસ્થિત રીતે ન આવતા હોય તો આ શક્ય નહોતું. નાણા વિભાગ અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, રાજયની તિજોરીને સક્ષમ રાખવાનું કામ કર્યું છે અને આમ છતાં વિકાસની તરાહ જળવાઈ રહી છે. અત્રે ચાણક્યની વાત કરું છું, એને ઉલ્લેખવાનું ઉચિત માનું છું. એણે કહ્યું છે કે, રાજય પોતાના રાજ કોષ માટે પ્રજા પાસેથી કરવેરા એવી રીતે નાખવા જોઈએ અને ઉઘરાવવા જોઈએ કે જે રીતે મધમાખી ફૂલમાંથી મધ ચૂશે છે એનાથી ફૂલોને નુકસાન થતું નથી, પરાગ વહન થાય છે, ફલિકરણ થાય છે અને મધમાખી મધ એકત્રિત કરે છે. એનો પણ જન હિતાર્થે ઉપયોગ થાય છે. માનનીય નાણામંત્રીશ્રી આ કામ સુપેરે બજાવે છે. આજે કૌટિલ્ય કે ચાણક્ય જીવિત હોત તો માનનીય નાણામંત્રીશ્રી રાજ કોષને સદ્ધર કરવાની નીતિ અપનાવી છે એ બદલ અભિનંદન આપું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રદિપસિંહ, આપના પક્ષના મંત્રી બોલતા હોય ત્યારે આપ બધા જ બીજું વર્તન કરો એ યોગ્ય નથી. આપ પ્રવચન કરતા હો ત્યારે શ્રી જયનારાયણભાઈ સાંભળતા હોય છે. ત્યારે આપનું ધ્યાન આ તરફ રહે તો વધારે સારું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંદાજપત્રની એક અત્યંત મહત્ત્વની પહેલ, હું એને એક પથદર્શીય, નેત્ર દીપક પહેલ કહીશ. એના તરફ આ સન્માનનીય સભાગૃહ અને આપનું ધ્યાન દોરું છું. આપણા દેશમાં શહેરીકરણ વધી રહ્યું છે. ગુજરાત ઝડપી શહેરીકરણ તરફ જતું રાજય છે. ભારતમાં શહેરીકરણની તરાહ સમજવા જેવી છે. પહેલાં ગઈ સદીમાં ૧૯૦૧થી ૧૯૪૪ સુધી એટલે કે, ૪૩ વર્ષમાં ૨૫૮ લાખથી વધીને ૫૧૬ લાખની શહેરી વસ્તી થઈ છે. ૧૯૪૪થી ૧૯૭૦ માત્ર ૨૬ વર્ષમાં એના ડબલ એટલે કે ૧૦૩૩ લાખની વસ્તી થઈ છે. ૧૯૭૦થી ૧૯૯૦ આ ૨૦ વર્ષમાં વસ્તી ડબલ થઈ એટલે કે ૨૦૬૪ લાખની વસ્તી આ ૨૦ વર્ષમાં થઈ. ૧૯૯૦થી ૨૦૦૭ માત્ર ૧૭ વર્ષમાં અગાઉની વસ્તીથી ડબલ શહેરી વસ્તી થઈ એટલે કે ૪૧.૨૮ કરોડ થઈ. હવે દેશમાં વસ્તીના ડબલીકરણનું પ્રમાણ કદાચ ૧૭ વર્ષમાં નહીં થાય પણ ૧૨થી ૧૪ વર્ષમાં વસ્તી ડબલ થશે

શહેરોમાં, એ પ્રકારની શક્યતા છે. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ દ્વારા વર્લ્ડ પોપ્યુલેશન રિપૉર્ટ સુધારવામાં આવ્યો છે એમાં એવું કહ્યું છે કે, ભારત ૨૦૩૫માં ચીનની વસ્તીના આંકને વટાવી જવાનું હતું એ શક્યતા ૨૦૩૦ પહેલાં બનશે. આ વસ્તી વધારાને શહેરીકરણ સાથે જોડીને જો આપણે જોઈએ તો શહેરીકરણ અને તેની સાથે શહેરી ગરીબો માટે આંતરમાળખાકીય સવલતોનો અભાવ, આ સવલતોને વિકસાવવા માટે અપૂરતા સાધનો જેવા પ્રશ્નો ઊભા થશે. મુંબઇ જેવા શહેરોમાં ૩.૫ વિસ્તારમાં ૪૨.૫ ટકા વસ્તી રહે છે. કદાચ વિશ્વમાં અને એશિયામાં મોટામાં મોટું સ્લમ ધારાવી છે, અને એના કારણે Amartya Sen એને Poverty Line Deprivation કહે છે. ગરીબી દ્વારા દોરાયેલ જે એક કમનસીબ પરિસ્થિતિ છે અથવા તો મજબુરીની પરિસ્થિતિ છે એ પરિસ્થિતિનું નિર્માણ ગુજરાતના શહેરોમાં થાય તો આજે ૮ બાય દસની ખોલીમાં ૮ માણસ કે ૧૦ માણસનું કુટુંબ રહેતુ હોય એને પૂરતા રોજગારીના સાધનો ના હોય, પત્ની બીમાર હોય, ઘરડા મા-બાપ દવા માટે રાહ જોતા હોય, બાળકોને નિશાળે ના મોકલી શકાતા હોય તો ગ્રામ્ય ગરીબી કરતા આવનાર સમયમાં શહેરી ગરીબી એ બહુ મોટો પ્રશ્ન બનવાનો છે અને આ શહેરી ગરીબીમાં જે માણસનું કુટુંબ એની નજર સામે માંદગીમાં તરફડે છે, જે માણસનું કુટુંબ એની નજર સામે ભૂખમરો વેઠે છે, એ વ્યકિત પોતાની જીવતા રહેવા માટે પણ કાલે ઉઠીને કોઈ રાષ્ટ્ર વિરોધી અથવા તો સમાજ વિરોધી પ્રવૃત્તિમાં જોતરાય તો એની જવાબદારી એ સમાજની અને રાજય વ્યવસ્થાની રહે એ પ્રકારની પરિસ્થિતિ કલ્યાણ રાજયની વ્યવસ્થા સ્વીકારે છે. હું એવું માનું છું કે ગ્રામ્ય ગરીબી કરતા શહેરી ગરીબી વધારે ભયંકર છે. ગ્રામ્ય ગરીબીમાં હજી પણ સંવેદનશીલતાનો અંશ છે. એક ગામના કોઈ ખુણામાં કોઈ બીમાર વ્યકિત હોય તો એને દવાખાને લઈ જવા, એને કંઈક દાણોપાણી આપવા માટે લોકો પ્રયત્ન કરે છે. આજે પરિસ્થિતિ એવી થઈ છે કે મુંબઈ કે દિલ્હી જેવા શહેરોમાં ફૂટપાથ ઉપર માણસ તરફડતો હોય છતાં એને એક ક્ષણ માટે રોકાઈને મદદ કરવા માટેની શકયતા શહેરી સંવેદનશીલતા ગુમાવી બેસવાને કારણે અને શહેરની મજબૂરીના કારણે ઉભી થઈ છે એટલે આ પરિસ્થિતિમાં એ પ્રકારના પ્રશ્નો ઉભા થવાના છે. આ આવનાર સમયમાં આ પ્રકારની poverty line deprivation આતંકવાદી પ્રવૃત્તિને ઉછેરવા માટે ફળદ્રુપ ભૂમિ પૂરી પાડે તો એમાં વાંક આપણો અને આપણા આયોજનનો હશે એવું હું માનું છું. ગુજરાત ઝડપથી શહેરી વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. પ્રોફૅસર અલઘ એ ૩૫ ટકા કે ૪૦ ટકાના શહેરીકરણના આકડાને હંમેશા પડકારે છે. એવું કહે છે કે અર્બન ટ્રેઈટસ એટલે કે જેમાં શહેરી પ્રકારની પરિસ્થિતિ લગભગ પ્રવર્તે છે એવી ૬૦ ટકા વસ્તી ગુજરાતની આજે લગભગ નીયર અર્બન અને અર્બન ટ્રેઈટસવાળા વિસ્તારમાં રહે છે અને ત્યાં અપૂરતી અંતર માળખાકીય સવલતો અને એ માટે નાણાકીય સાધનોના અભાવ એના મુખ્ય પ્રશ્નો બનવાના છે. આ સંયોગોમાં માનનીય નાણામંત્રીશ્રીએ આ બજેટમાં અર્બન માળખાકીય સુવિધા તેમજ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૭હજાર કરોડ રૂપિયા કરતાં વધુ જોગવાઈ સૂચવી છે અને એ જોગવાઈ સરવાળે શહેરોમાં આ પ્રકારની આંતર માળખાકીય સુવિધાઓ અને શહેરી ગરીબો જ્યાં વસે છે ખાસ કરીને એ વિસ્તારોમાં અપૂરતી અંતર માળખાકીય વીજળી પાણી અથવા એ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવા માટે અથવા તો આરોગ્યલક્ષી સાધનો અથવા તો આરોગ્ય સાથે સંલગ્ન સેવાઓ પૂરી પાડવા માટે વપરાવાની છે ત્યારે આ સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હું માનું છું કે ગુજરાતની એક મહત્ત્વની પહેલ છે. ગુજરાત આજે જે કરે છે એ આવતી કાલનું ભારત એ દિશામાં વિચારતું થશે એ પ્રકારની એક અનોખી પહેલ છે અને આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના જેવું એક સરસ યોજનાની કલ્પના કરવા માટે અને એના માટે માત્ર ટોકન નાણાકીય જોગવાઈ નહીં ૭ હજાર કરોડ રૂપિયા જેવી માતબર રકમની જોગવાઈ કરવા માટે હું નાણામંત્રીશ્રીના બજૅટને આવકારુ છું અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપુ છું. ગુજરાતના શહેરી વિસ્તારો પૂરતી સુવિધા ધરાવતા થાય અને જાણે અજાણે સમાજ તેમજ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ માટે એક ફળદ્રુપ જમીન ન પૂરી પાડે એ માટેની દીર્ઘદ્રષ્ટિ મને એમાં દેખાય છે. અને તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. એવી જ એક બીજી ચીલાચાતરતી પહેલા આ બજેટે કરી છે. એ ચીલાચાતરતી પહેલની વાત મારે એટલા માટે કરવી છે કે આજે સમગ્ર વિશ્વ એ જે પ્રકારની અર્થવ્યવસ્થા તરફ જઈ રહ્યું છે એમાં વિશ્વમાં કુલ વિશ્વ વ્યાપાર ચાલે છે એનો ૧૦ ટકા જેટલો ભાગ એટલે ભારતનું કુલ ઘરગથ્થું ઉત્પાદન છે એનાથી ૫ ગણી રકમ થઈ એ ૧૦ ટકા જેટલો ભાગ એ પ્રવાસન સાથે જોડાયેલો છે. સામાન્ય રીતે વિશ્વમાં જે વિકસિત દેશો છે તેમાં ૧૦માંથી એક માણસ અને યુરોપ અને અમેરિકામાં ૧૦માંથી બે માણસ પ્રવાસન સાથે સંલગ્ન પ્રવૃત્તિમાં જોડાયેલો છે. એ પ્રવાસનના ક્ષેત્રને અત્યારસુધી જો કોઈ બજૅટમાં, કોઈ અંદાજપત્રમાં શાર્પ ફોકસમાં મૂકવામાં આવ્યું હોય, જો પ્રવાસન ક્ષેત્રમાં વિશિષ્ટ જોગવાઈની વાત કરવામાં આવી હોય તો પહેલીવાર કરવામાં આવી છે. જુનાગઢ અને સંલગ્ન ભાવનગર સુધીનો પટ્ટો છે અને તેમાંય મહદ્અંશે ગિરનાર, ગિરનાર માટે આજે એવું કહેવાય છે કે સિદ્ધ પુરુષો અને દેવતાઓની ભૂમિ છે. જુનાગઢનું ઐતિહાસિક મહત્ત્વ છે. નરસિંહ મહેતાથી માંડીને રા ખેંગાર સુધી જોડાયેલું છે. આવા સંજોગોમાં જુનાગઢના વિકાસ માટે, ગિરનારના વિકાસ માટે, જુનાગઢ વિસ્તારના વિકાસ માટે એક અત્યંત કાલ્પનિક અને કલ્પનાશીલ ખૂબ મોટી જોગવાઈ સાથે જો પ્રવાસન માટેની કોઈ એક વિસ્તારના વિકાસ માટે જોગવાઈ કરવામાં આવી હોય તો અત્યાર સુધીના રાજ્યના બજૅટોમાં આ પહેલીવાર બન્યું છે. એ માટે માનનીય નાણામંત્રીશ્રીને મારે અભિનંદન આપવાં છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી

પણ અભિનંદનના અધિકારી છે કે એમણે સૌરાષ્ટ્રનો ખાસ વિચાર કરેલ છે. તેમાં પણ બૌદ્ધ શિલાલેખો, અશોકના સ્તૂપો, જ્યાં ગરવો ગિરનાર છે, જ્યાં મેળો ભરાય છે એવા જુનાગઢ વિસ્તાર અને ગરવા ગિરનારના વિકાસની આખી વાત આ બજૅટમાં કરવામાં આવી છે. મને લાગે છે કે આ બજૅટ પ્રવાસનના ક્ષેત્રે, શહેરી વિકાસના ક્ષેત્રે અને સામાજિક સેવાઓના વિકાસના ક્ષેત્રે એક નવી ભાત પાડનારું બજૅટ છે. પ્રગતિશીલ બજૅટ છે. બીજાના હિતો, બીજાના સુખની વાતને સક્ષમતાથી વિચારીને મૂકવામાં આવી છે અને એના માટે જોગવાઈ કરવામાં આવી છે. એના માટેના દિશા સૂચનો અને નિર્દેશકો છે અને સાથોસાથ ભૂતકાળનું નાણા વ્યવસ્થાપન કેટલી સક્ષમતાથી ચાલ્યું અને રાજકોષીય તિજોરી કેટલી સફળતાથી ચલાવવામાં આવી છે એના આંકડા સાથેના ઉદાહરણો આ અંદાજપત્રમાથી મળે છે. આવું સરસ અંદાજપત્ર ગુજરાતની પ્રજા સમક્ષ મૂકવા માટે નાણામંત્રીશ્રીને અભિનંદન આપી એને આવકારી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૦૯-૧૦નું જે અંદાજપત્ર લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે મારા અવલોકનોને હું આપના મારફતે માનનીય નાણામંત્રીશ્રીને કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજૅટ એટલે આખા વર્ષ દરમિયાન આપણે શું કરવું છે અને શું કરવા માગીએ છીએ, જેવી રીતે ઘરનું બજૅટ હોય ત્યારે આપણું ઘર આર્થિક રીતે ઊંચું આવે એવું ગુજરાતનું આ બજૅટ, એ બજૅટમાં એવી જોગવાઈઓ કરવી જોઈએ કે આપણને એક સારી તક મળી હોય, મારા મિત્રોએ કહ્યું કે ૧૪મી વખત વજુભાઈ બજૅટ રજૂ કરે છે. દિલથી અભિનંદન આપું પણ દુ:ખ એ વાતનું છે કે ૧૪-૧૪ વખત જ્યારે વજુભાઈ વિક્રમ સર્જે અને કહે કે હું બજૅટ રજૂ કરું છું ત્યારે એક એવા ઘરમાંથી, એવા સમાજમાંથી, એવી જગ્યાએથી આવે છે કે લોકોની કાંઈક અપેક્ષા હોય. આપણે જ્યારે ધારાસભ્ય તરીકે આવતા હોઈએ, લોકો આપણને અહીં ચૂંટીને મોકલતા હોય ત્યારે આપણી પાસે બહુ જ અપેક્ષાઓ રાખતા હોય છે અને એવી અપેક્ષાઓનું પ્રતિબિંબ આ બજૅટમાં જે પડવું જોઈએ એમાંનું મને કશું દેખાતું નથી. આખી રાત વાંચ્યું, એકેએક વિભાગનો અભ્યાસ કર્યો, બધું જોઈ લીધું....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, છેલ્લી વખત કહું છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલી બધી વખત વાંચી ગયો અને વાંચ્યા પછી મને ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર એવી વાત મળી. કશું એવું ન દેખાયું કે જે ગુજરાતની પ્રજાએ જે આપણા ઉપર આશા રાખી છે એના ઉપર એકાદ પૉઈન્ટ હોત તો મને આનંદ થતો. જયનારાયણભાઈ કહેતા હતા કે અહીં એક વાત કરીએ અને બહાર બીજી વાત કરીએ. વજુભાઈ માટે મને બહુજ માન છે પણ છતાંય આ જ્યારે બજેટ આપણે તૈયાર કરતા હોયને ત્યારે થોડુંક એવું આપણે જ્યાંથી આવીએ છીએ એ પરિસ્થિતિને નજરમાં રાખીને જો જોગવાઈઓ કરી હોત તો મને આનંદ થાત. આપણે કયાંથી આવીએ છીએ? અર્જુનભાઈએ કહ્યું કે મારી પાસે, વજુભાઈ પાસે સાયકલ નહોતી. મારી પાસે સાયકલ નહિ કશું નહોતું. આજે તો હું ખેતી ઉપર જીવું છું. ચેલેન્જ છે આ સભાગૃહને મારી પાસે ખેતી સિવાય કોઈ પૂરક ધંધો બતાવેને તો જાહેર જીવન છોડી દેવા માટે તૈયાર છું. ચેલેન્જ છે. ખેતી ઉપર નિર્ભર છું. ગુજરાતની વિધાનસભામાં પાંચ ચૂંટણીઓ લડ્યો છું અને ચાર જીત્યો. ગામડામાં આજે રહું છું અને ગામડામાં જાઉં છું. સાહેબ, ખેતી સાથે સંકળાયેલો માણસ. માત્ર અને માત્ર તમાકુ સિવાય મારો કોઈ વ્યવસાય નહિ અને એટલા માટે જે જુદા જુદા વિભાગોની જે જોગવાઈઓ છે એમાં ખેતી વિષે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આપણે આજે જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે, દુષ્કાળ ડોકિયા કરે છે આપણે એની ચિંતા કરતા નથી. ખેડૂત આપઘાત કરે છે. ખેડૂતને આઠ કલાક વીજળી મળતી નથી. ચૂંટણીમાં આપણે ૧૨-૧૪-૧૬ કલાકની વાત કરીએ. મેં ૧૯૯૯ ની અંદર પૈસા ભરેલા આજે મને કનેકશન નથી મળ્યું. તત્કાલની યોજના હતી બંધ થઈ ગઈ. આઠ કલાક વીજળી મળે. ક્યારે આવે, ક્યારે જાય એ પણ નક્કી નથી. ગામડાની અંદર પાણીના લેવલ ઊંચા આવ્યા. ચેકડેમ, બોરીબંધ, ખડિયાદ, આડબંધ, તળાવો ઊંડા કરવા આ બધી યોજના કેવી છે? ગામડાની અંદર ઊંડાણના ગામડાની અંદર આ બધી યોજના થાય, જ્યાં વન જેવું હોયને ત્યાં થાય, કોઈ અધિકારી ગાડી લઈને ત્યાં જઈ ના શકે, કોઈ નેતા હોય તો ના જઈ શકે એવી જગ્યાએ આ બધી યોજના થાય. આ યોજના આજે કેવી પુરવાર થાય છે? પેલા દલાતરવાડી જેવી, એક રીગણું તોડું, ના દસ-વીસ તોડોને.

સાહેબ, સુજલામ્ સુફલામ્ યોજનાની અંદર આટલો મોટો ભ્રષ્ટાચાર આ દલાતરવાડી જેવું છે. ૫૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો છે. સાહેબ, પાણીના લેવલ ઊંચા આવ્યાં, સંમત એક ખેડૂતના દીકરા તરીકે પણ જ્યારે સુજલામ્ સુફલામ્ યોજના હોય, તળાવો ઊંડા કરવાની વાત હોય તો સરકારે એમાં ચોક્કસ કાળજી રાખવી પડશે. આજે તો આ બધી જે યોજનાઓ છે એ કાગળ ઉપર એટલા બધા કરોડોનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે કે જેની કોઈ હદ નહિ. જ્યારે આ જે દલાતરવાડીની યોજના છે એમાં સરકાર વિશેષ ચિંતા રાખે. સાહેબ, તળાવડા. હમણાં મારા વિસ્તારમાં ખોદ્યા, મને કશી ખબર નહિ અને કયાં ખર્ચા પડયાં અને કોણ પૈસા લઈ ગયું અને ક્યારે ખોદ્યા અને કોણે ખાદ્યા? કાંઈ સાહેબ મને ખબર નહિ. આ વરસાદ પડ્યો અને ભરાઈ ગયાં. એનું મેજરમેન્ટ કે કશુંય

નહિ. દલાતરવાડી જેવી આ યોજનાઓ છે સાહેબ. આના સિવાય આપણે કશું જોવા મળતું નથી. આ પેલું ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર એવું આ બજેટ છે. આ બજેટને હું કોઈ કાળે સમર્થન આપી શકું તેમ નથી.

**અધ્યક્ષશ્રી** : પાંચ-પાંચ મિનિટ જ છે હવે આ બાજુના સભ્યો માટે, દરેક વક્તાઓને મળશે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯-૧૦નું જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ૨૦૦૯-૧૦ના અંદાજપત્રમાં મહેસૂલી આવક ૪૧,૮૧૫ કરોડ, મહેસૂલી ખર્ચ ૪૫,૭૨૮ કરોડ અને મહેસૂલી ખાદ્ય ૩,૯૨૩ કરોડ રૂપિયાની અંદાજેલી છે. માનનીય નાણા મંત્રીશ્રીએ જ્યારે એમનું બજૅટનું પ્રવચન પૂરું કર્યું પછી માનનીય વિપક્ષના નેતા જ્યારે બોલ્યા હતા મહેસૂલી ખાદ્ય ઉપર કે એમને સંતોષ નહતો થયો. તેમનાં અવલોકન છે અને તેના સંદર્ભમાં માનનીય નાણા મંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ બજૅટને હું નજીકના ભૂતકાળના જે બજૅટ છે એ જોવા માગું છું. ૨૦૦૬-૦૭માં અંદાજી મહેસૂલી પુરાંત ૧૮૦૩ કરોડની અંદાજેલી તેની સાથે ખરેખર હિસાબોમાં ૧૭૭૦ કરોડ રૂપિયાની અંદાજીત મહેસૂલી પુરાંત લાવ્યા હતા, ૯૮.૭૦ ટકા એના લક્ષ્યાંકો સાચા પડ્યા છે. ૨૦૦૭-૦૮માં અંદાજીત મહેસૂલી પુરાંત ૧૮૦૩ કરોડ રૂપિયાનો લક્ષ્યાંક હતો તેની સામે ખરેખર હિસાબમાં ૧૭૭૦ કરોડ રૂપિયાની મહેસૂલી પુરાંત માનનીય મંત્રીશ્રીના અંદાજમાં સાચી ઠરી છે. આ ૯૧.૯૧ ટકા સાચી ઠરી છે એટલે મને ચોક્કસ વિશ્વાસ છે કે, ૨૦૦૮-૦૯ના બજૅટની અંદર ૨૬૯ કરોડ રૂપિયાની જે અંદાજીત પુરાંત છે એ અવશ્ય આપણે સિદ્ધ કરીશું. સાહેબ વર્ષની શરૂઆતમાં કોઈ ખાદ્યનો અંદાજ મૂકવો અને એના ખરેખર હિસાબો સાથે એને મેળવીએ ત્યારે ૯૫ ટકા જેટલી જે એફીસીયન્સી હોય તો આ બજૅટરી ડિસીપ્લીનના કારણે થતું હોય છે. માણસ ચૌદમીવાર જ્યારે પોતાનું બજૅટ મૂકે છે ત્યારે આ એફીશીયન્સી અને ઓફિશિયન્સી આવતી હોય છે અને એટલા માટે આ નજીકથી આ લક્ષ્યાંકો પાર પાડવામાં આવે છે તેટલા માટે હું માનનીય નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

સાહેબ, ગુજરાત ફિસકલ લાયાબલીટી એકટની સેકશન -૫માં કેટલાક રિસ્ટ્રીકશન મૂકવામાં આવ્યા છે, કેટલાક ઓબ્લીગેશનો છે તે તમામે તમામ ઓબ્લીગેશનો તે પછી મહેસૂલી ખાદ્યને પુરાંતમાં ફેરવવાની હોય, રાજકોષીય ખાદ્યને નિયંત્રિત કરવાની હોય, રાજય સરકારની જે દેવાની કેપેસીટી છે તેને નિયંત્રિત કરવાની હોય કે રાજય સરકારે આપેલી ગેરીંટીને નિયંત્રિત કરવાની હોય, આ ત્રણેય વર્ષમાં આ માનનીય મંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલા બજૅટના કારણે એ લક્ષ્યાંકો સીધે સીધા સો ટકા ગુજરાત સરકાર મેળવી શકી છે. માનનીય નાણા મંત્રીશ્રી છેલ્લા વર્ષ દરમિયાન અંદાજ પત્રના ઘડતરમાં સતત રાજકીય શિસ્તનું પાલન કરવામાં સફળ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ વિશ્વના અર્થકારણ માટે પડકારનું વર્ષ છે. ઈટસ એ ચેલેન્જીંગ ઈયર, બોથ ધ ઈયર ચેલેન્જીંગ અને ત્યારે રાજકીય પુરાંત, મહેસૂલી પુરાંત મેળવાનું અઘરું હોય ત્યારે કેન્દ્ર સરકારે પણ ૨૦૦૮-૦૯ માં આપણી જે મહેસૂલી ખાદ્ય હોય એ મહેસૂલી ખાદ્ય જે જનરલી ૩ ટકા હોવી જોઈએ જ જી.એસ..ડી.પી.ના ૩ ટકા હોય તેને પણ પૉઈન્ટ પાંચ ટકાથી વધારે લઈ જવા માગતા હતા, કેન્દ્ર સરકારે સૂચના આપી છે, પરિપત્રિત કર્યો છે. કેન્દ્ર સરકાર પણ માને છે અને સ્વીકારે છે કે, આજના વર્ષોમાં ૨૦૦૯-૧૦ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાજકીય રીતે આ મહેસૂલી પુરાંત મેળવવી ખૂબ અઘરું છે ત્યારે આપણી ગુજરાત સરકારે આ ત્રણેય ત્રણ વર્ષમાં આ તમામ જવાબદારીને ( સમયસૂચક ઘંટડી) જી.એસ.ડી.એ.ના ૩ ટકાની મર્યાદામાં રાખી છે તે માટે માનનીય નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ડૅફિસિટ છે, માનનીય મંત્રીશ્રીએ હમણાં જ કહ્યું કે જે ડિસીપ્લીન ગુજરાત સરકારે પાળી છે તેના સંદર્ભમાં કેન્દ્રનું બજૅટ જે હમણાં રજૂ થયું છે તેના આંકડાઓ પણ હું જોઈ જવા માગું છું. ૨૦૦૮-૦૯માં જી.ડી.પી.ના ૨.૫ ટકા રાજકીય કોષ રહેવાનો કેન્દ્ર સરકારનો અંદાજ હતો એની સામે ૨૦૦૮-૦૯માં કામચલાઉ હિસાબમાં એ ૬.૨ ટકા જેટલો થશે અને ૨૦૦૯-૧૦માં જી.ડી.પી.માં કેન્દ્ર સરકારના બજૅટમાં ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે.

**અધ્યક્ષશ્રી :** શ્રી બાવકુભાઈ ઉંઘાડ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. આ રાજયની અંદર નાણામંત્રીશ્રી ૧૪મી વખત બજેટ લઈને આવ્યા છે. રાજયની અંદર જે આ રાજયના ગરીબો, ખેડૂતો અને રાજયની આમજનતા આ બજેટમાં કાંઈક રાહત આપશે એવી અપેક્ષા રાખીને બેઠા હતા એવું કાંઈ નીકળ્યું નહીં પણ એની સાથેસાથે આ રાજયમાં વર્ષોથી જે ધંધો હતો એ ધંધો પણ બીજા રાજયમાં ચાલ્યો જાય એવો આ રાજયમાં જે ટેકસમાં, વેટમાં સુધારો કરવાનો હતો. અગાઉ બજેટમાં વધારો કર્યો હતો એ સુધારો કર્યો નહીં. આ રાજયમાં લાકડાની આવક છે એમાં ૧૫ટકા ટેકસ આખા ભારત દેશમાં કયાંય નથી ગુજરાતમાં એકમાં જ છે એટલે આખા ભારત દેશનો લાકડાનો ધંધો બેંગ્લોર અને મુંબઈમાં ચાલ્યો ગયો. એવી જ રીતે વર્ષોથી વિદેશથી આખા ઉત્તર ભારતનો ખજુર અને પોણા ભારતનો ખજુર ગુજરાતમાં આવતો હતો એમાં પણ વેટ નાખ્યો એટલે એ ધંધો મુંબઈ ચાલ્યો ગયો. રાજયમાં ફાર્માશ્યુટિકલ કંપની છે એમાં ટેકસમાં વધારો કર્યો એટલે હિમાચલ, સિકિકમ અને હરિયાણામાં આ બધા ઉદ્યોગ ચાલ્યા ગયા. માનનીય નાણામંત્રીશ્રીએ પ્રવચનમાં જણાવ્યું કે ડી.ટી.એચ. ડીશમાં ૨૦૦ રૂપિયાનો હું કર નાખું છું. અને રાજયના તમામ

કેબલ ધારકો મને મળ્યા હતા. સમગ્ર રાજયની અંદર જે કેબલ ધારકો છે એમના દ્વારા નગરપાલિકા અને કોર્પોરેશન વિસ્તારમાં મહિને ૬ રૂપિયા સરકારને ભરે છે. અમદાવાદમાં ૭૦૦૦૦ કેબલ ગ્રાહકો છે. અમદાવાદની વસ્તી પ્રમાણે ૧૨લાખ ગ્રાહકો હોવા જોઈએ એને બદલે ૭૦૦૦૦ ગ્રાહકો જ આપણા રેકર્ડ ઉપર છે. મારા બાબરામાં ૧૯૦૦૦ની વસ્તી છે એમાં કેબલ ધારકો ૭૦૦ લોકોનો જ ટેક્સ ભરે છે એમાં પણ વિસંગતતા છે. આ કેબલ ધારકો કેન્દ્ર સરકારે જે ડી.ટી.એચ. ફ્રી યોજના આપી છે એમાં વધારો કર્યો છે. કેબલ ધારકો જે ટેકસની ચોરી કરે છે એને પકડવાને બદલે જે લોકો ડાયરેકટ કનેકશનો લીધા છે અને જે સમયે, કસમયે આ કેબલ ધારકોના માણસો ઘરે આવતા હોય છે એટલે એમણે કનેકશનો નથી લીધા એમને દંડવાને બદલે પેલા લોકોને દંડે છે. આ સરકાર દરેક વાતમાં નંબર-૧ ની વાત કરે છે. મારો આપ સૌને એક અતિ ગંભીર અને દુ:ખનો પ્રશ્ન છે કે આ રાજયમાં જે ગરીબ લોકો છે, આ દેશમાં જે ગરીબ લોકો છે એના માટે રોજગાર ગેરંટી યોજના દાખલ કરી છે. સમગ્ર ભારત દેશમાં ગુજરાત છેલ્લા ક્રમે આવ્યું કારણકે આ ઉદ્યોગપતિઓની સરકાર છે. પાંચ ઉદ્યોગપતિઓના ખીસામાં આ સરકાર છે. એમને ગરીબ લોકોની ચિંતા નથી.

છેલ્લે ગુજરાત રાજય રોજગાર ગેરંટી યોજનામાં આવ્યું. સમગ્ર ભારત દેશના ૫૧૩ જિલ્લાના ગરીબો માટે સરવે કરવામાં આવ્યો એમાં ૧૦ જિલ્લા અતિ ગરીબ આ દેશમાં આવ્યા એમાં પહેલો નંબર ગુજરાત રાજયના ડાંગ જિલ્લાનો આવ્યો. જયાં ૮૮.૪ ટકા લોકોને એક મહિનાના ફકત ૩૩૬ રૂપિયાની આવક થાય છે એવી પરિસ્થિતિ આ દેશની અંદર ગુજરાત રાજયના ડાંગ જિલ્લાની છે એની ચિંતા પણ આ સરકાર દ્વારા કરવામાં આવી નથી. આ સરકાર ચોખ્ખા વહીવટની વાત કરે છે પણ છેલ્લા ૬-૭ વર્ષથી લોકાયુકતની નિમણૂક કરતા નથી અને આ અમે નથી કહેતા એમના ધારાસભ્યો રાજકોટની જિલ્લા પંચાયતની બેઠકમાં સ્વીકારે છે કે અમારી સરકારમાં અમારા વહીવટમાં ભા.જ.પા.ના ધારાસભ્યો સ્વીકારે છે કે ભ્રષ્ટાચાર થાય છે છતાં લોકાયુકતની નિમણૂક કરવામાં આવી નથી. નીતિનભાઈએ કાલે કહ્યું હતું કે અમારી સરકાર ખૂબ કામ કરે છે. આ રાજયની નગરપાલિકામાં ૫૦ટકા નગરપાલિકામાં ચીફ ઓફિસર નથી. રાજયની ૨૨૫ તાલુકા પંચાયતમાંથી ૬૫ તાલુકા પંચાયતમાં ટી.ડી.ઓ. નથી તો વહીવટ કેવી રીતે ચાલતો હશે. ૨૦૦૨ થી ૨૦૦૭માં આ રાજય સરકારે કેન્દ્ર સરકાર પાસે નાણાપંચમાં માગણી કરી કે અમારા રાજયમાં વીજળીની ખાધ છે એટલે અમારે વીજળી ઉત્પન્ન કરવી છે. અમને પૈસા આપો.કેન્દ્ર સરકાર પાસે ૮,૦૦૦ મેગાવોટની વીજળીના નવા થર્મલ સ્ટેશન ઊભાં કરવા માટેની માગણી કરી. કેન્દ્ર સરકારે ૧૨૦૦૦ મેગાવોટની પરમીશન આપી અને આ રાજય સરકારને એમને માટે કેન્દ્ર સરકારે ૭,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા. ૫ વર્ષ પછી ૨૦૦૭ માં કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર પાસે હિસાબ માગ્યો. કેન્દ્ર સરકારને રિપૉર્ટ આપ્યો એમાં કેટલી વીજળી ઉત્પન્ન કરી તો આ રાજય સરકારે ૩૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી. (સમય સૂચક ઘંટડી) ૭૨૦૦ કરોડ રૂપિયા વાપર્યા એવું જણાવ્યું. ૭૨૦૦ કરોડ રૂપિયા મોટા ઉદ્યોગપતિઓ પાસેથી કમિશન રાખી વીજળી ખરીદી. આ રાજયના લોકોને આપી. કેન્દ્ર સરકારના પૈસા થર્મલ સ્ટેશન ઊભાં કરવાના હતા. તે આમાં વાપર્યા. આ બજેટ સાથે હું સંમત થતો નથી.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા બજેટ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

આપણું અર્થતંત્ર કૃષિ આધારિત છે, જે વાતને ધ્યાનમાં રાખીને રાજય સરકારે આ બજેટ ખેતી અને ખેડૂતોને વધુ સમૃદ્ધ અને સક્ષમ બનાવવા માટે આ બજેટમાં ધ્યાન આપ્યું છે. આમ પણ જ્યારથી ગુજરાતની અંદર માનનીય નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા છે, ત્યારથી ખેતીની નાની મોટી સંખ્યાનો ઊંડો અભ્યાસ કરી, સમસ્યાઓનો ઊંડો અભ્યાસ કરી અને ઉકેલવા પ્રયત્ન કર્યો છે અને એમાં સફળ થયા છે. મારે મુખ્યમંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપવાં છે. આ સમાવાળાએ ક્યારે ય કલ્પના નહિ કરી હોય શહેરી વિકાસમાં ૭,૦૦૦ કરોડ રૂપિયા, એમણે વિચાર પણ નહિ કર્યો હોય, હા ૭,૦૦૦ રૂપિયાનો વિચાર કર્યો હશે, પણ ૭,૦૦૦ કરોડ રૂપિયાનો વિચાર નહિ કર્યો હોય, કલ્પના પણ નહિ કરી હોય, એમના * (xxxx) પણ નહિ હોય.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દ પાછા ખેંચી લો. * (xxxx) એ શબ્દ હું રદ કરું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : સૌરાષ્ટ્રનો વિકાસ કરવાનો થાય તે માટે અભિનંદન છે. બીજી વાત એ કરી રહ્યો છું કે આ બજેટમાં (અંતરાય).

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, આ સભાગૃહ ઉપર કોઈ કોમેન્ટ આપ નહિ કરી શકો, એટલો ખ્યાલ રાખો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : સોરઠના વિકાસની ૬૦૦ કરોડની વાત કરી. ત્રીજી વાત ૮૦ ટકા કૃષિ સંલગ્ન અને સામાજિક સેવામાં વાપરવાના છે. મારે અભિનંદન આપવા છે કે વીજ ક્ષેત્રમાં સ્વાવલંબી બનવા માટે આ સરકારે ૧,૦૧,૧૬૪ નવી મેગાવોટ વીજળી આપવાની વાત કરી છે. હવે આ બજેટમાં આર્થિક સમસ્યાના કારણે આ સીમાંત, નાના ખેડૂતો ખેતી કરી શકતો નહોતા. મારે અભિનંદન આપવા\ છે કે દરેક ગામની અંદર નાના અને સીમાંત ખેડૂતને મફત ઓજાર, ખાતર, બિયારણ, દવાની સુવિધા આ સરકારે કરી છે. કૃષિ એન્જિનિયર

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

કોલેજ અને કૃષિ ભવનો તૈયાર કર્યા છે. ગુણવત્તા વાળી શાકભાજી, ફળફળાદી, પરીક્ષા તાલીમ આ સરકારે યોજી છે. ખેડૂતો ઉપર તો શ્રી નરેન્દ્રભાઈ મોદી અને વજુભાઈ વરસી ગયા હોય તેવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વેર હાઉસ, ગ્રીન હાઉસ, કોલ્ડ સ્ટોરેજ, કેળ અને શેરડી માટે ઉપરાંત જે નવી એ.પી.એમ.સી. બનતી હોય ત્યારે તેને પાંચ કરોડ રૂપિયા અને સમૃદ્ધ એ.પી.એમ.સી.ને અઢી કરોડ રૂપિયાની સબસીડી આપે છે. પશુપાલન સ્વતંત્ર વ્યવસાય બનાવી તે દિશામાં મકકમ પગલાં લેવામાં આવ્યા છે. બે નવી વેટરનરી કોલેજો ચાલુ કરવામાં આવશે. આ જે જે કઈ છે તે સાહેબ ગુજરાતના સફળતાપૂર્વકના કૃષિ મહત્સવોને આભારી છે. એક વખત હું અને દર મંગળવારે મંત્રીશ્રીઓ અને મુખ્યમંત્રીશ્રીઓને મળવા જાઉં છું. એકવાર સાહેબ વિદેશના ભૂરિયા મુખ્યમંત્રીશ્રીને મળવા આવ્યા હતા અને એવોર્ડ જોતા હતા. તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા અને બોલ્યા વોટ અ વન્ડરફૂલ. વોટ અ વન્ડરફૂલ આ એવોર્ડ જોઈને બોલતા હતા. વેરી નાઈસ સર,એવી વાત કરતા હતા. માનનીય અર્જુનભાઈ અને શકિતસિંહને આની ખબર નહીં પડે. એમાં એવા એવોર્ડ હતા. રાજય નં.૧ અને મુખ્યમંત્રી નં.૧ બીજી વાત કરી. ૯૦ એવોર્ડ લઈને આવ્યો છું અને મારી પાસે પડયા છે. ઈગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા. બે મિનિટ મારી બગડી હતી. પ્લીઝ. નં.૧ મુખ્યમંત્રી સાત વાર ઈન્ડિયા ટુડે એવોર્ડ. (સમયસૂચક ઘંટડી) સાહેબ મારા વિસ્તારની વાત કરું. મારા વિસ્તારમાં રામાણી પરિવાર રહે છે. તેમનો દીકરો ઋષિકેશ આર્મીમાં મેજર, કાશ્મીર સરહદે ત્રણ આતંકવાદીઓને ઢાળી દીધા અને પછી આતંકવાદીઓની ગોળી ખાઈ ભારત માતાના જયગાન સાથે ઋષિકેશ શહીદ થયો. સાહેબ મારે એ વાત કરવી છે કે કાશ્મીરમાંથી લશ્કર હટાવવામાં આવશે તો આપણે કેટલા ઋષિકેશ ગુમાવીશું.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૧૪મી વખત જે બજેટ રજૂ કર્યુ છે તેને હું અનુમોદન આપું છું અને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ચૂંટણીઓ આવતી હોય છે ત્યારે લોકોની ઘણી અપેક્ષાઓ હોય છે. કેન્દ્રની ચૂંટણી હોય કે રાજયની ચૂંટણી હોય લોકોને નવી સરકાર પાસે વિકાસની ઘણી બધી અપેક્ષાઓ હોય છે અને મતદારો આવી અપેક્ષાઓ રાખતા હોય છે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા એક સફળ નાણાંમંત્રી તરીકે રાજયનો વિકાસ કરવા માટે દૃઢ સંકલ્પ લઈને આવ્યા છે અને વિકાસની જે કેડી કંડારી છે અને આ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જે વિકાસના બીજ રોપાયા અને તે બીજ આજે વિકાસ દ્વારા ગામડાની અંદર વટવૃક્ષ થઈને ઉભાં છે. ગુજરાતની સાડા પાંચ કરોડ જનતાનું જે સપનું હતું અને તે સપનું આજે આ વિકાસ દ્વારા સાકાર થઈ રહયું છે. જયારે રાજયનું બજેટ બનતું હોય છે ત્યારે અનેક વિષયોને ધ્યાનમાં રાખીને બજેટ બનાવવામાં આવતું હોય છે. પરંતુ અત્યારે સમગ્ર વિશ્વની અંદર, દેશ અને રાજયની અંદર એક ગ્લોબલ વોર્નીંગના કારણે જે પૃથ્વીના તાપમાનમાં ઘ ણા બધા ફેરફારો થયા છે અને એની ચિંતા આ રાજય સરકારે કરી છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પણ ચિંતા કરી છે ત્યારે આ બજૅટની અંદર કલાયમેટ ચેઈન્જ નામનો અલગ વિભાગ બનાવીને આ ગુજરાતમાં એક સુચારું વ્યૂહરચના અપનાવીને આ ગુજરાત પ્રદૂષણ મુક્ત બને એના માટેની માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ચિંતા કરીને જે પ્રદૂષણ મુક્ત યોજનાઓ અમલમાં મૂકીને ૨૨૦૦ કિલોમીટરની ગેસ ગ્રિડની યોજના છે એને આ બજૅટમાં જ્યારે સમાવેશ કરીને જુદા જુદા કાર્યક્રમો દ્વારા નર્મદા યોજના હોય કે સુઝલામ સુફલામ યોજના હોય કે ચેકડેમ હોય આના કારણે વરસાદી પાણીને રોકીને ભૂગર્ભમાં જળ ઉતારીને, જળ રિચાર્જ કરીને પણ આ વિભાગ દ્વારા એક સુચારું આમાં કામગીરી આપણને મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટમાં જે શિક્ષણ માટેની જોગવાઈ કરવામાં આવી છે અત્યાર સુધી શિક્ષણ બાબતે જે અગાઉની સરકારોએ કામ કર્યુ અને અત્યારની સરકારે શિક્ષણ માટેની જે ચિંતા કરી છે અને એના કારણે આજે શિક્ષણનું જે સ્તર છે એ ઘણુ બધું ઊંચું આવ્યું છે. શિક્ષણ માટે થઈને બજેટમાં જોગવાઈ કરીને આજે પ્રાથમિક શિક્ષણથી લઈને કૉલેજ સુધી સારું શિક્ષણ મળે એ માટે પણ રાજય સરકારે ચિંતા કરી છે. (સમયસૂચક ઘ ંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ, સાહેબ હજું તો શરૂ જ કર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : નથી મારી પાસે, મારી પાસે લિસ્ટ જ એટલું લાંબું છે. ૧૪નું લિસ્ટ આપ્યું છે એમાથી એક ગેરહાજર એટલે ૧૩ સભ્યો (અંતરાય) અને મંત્રીશ્રી બોલવાના છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, અનેક વિભાગોને માટે બજેટમાં નાણાંની જોગવાઈ કરીને ગુજરાતમાં જે વિકાસ આગળ વધી રહ્યો છે, ત્યારે માનનીય નાણાં મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજામાંથી એક કરોડ અને સાઈઠ લાખની પ્રજાની વાત આ ૨૦૦૯-૨૦૧૦ના સુધારેલા બજેટમાં ભુલાઈ ગઈ છે તે વાત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેઈન્જ ડિપાર્ટમૅન્ટમાં એક મુદ્દો ભૂગર્ભ જળનો છે. મુદ્દો ઘણો સારો છે અને જૂનો પણ છે. આ સિવાય પાણી પુરવઠા, નર્મદા અને જળ સંપત્તિ વિભાગના અને કૃષિ વિભાગમાં લખેલું છે, કે અલગ અલગ યોજનાઓને કારણે જમીનના ભૂગર્ભના જળ ઊંચા આવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના સેક્રેટરી અને ગુજરાત જળ વિકાસ નિગમ, જીડબલ્યુઆરડીસી દ્વારા રેગ્યુલર સરવે કરવામાં આવે છે આ સરવેના અંતે ગુજરાતના અલગ અલગ તાલુકાઓને અલગ અલગ ઝોનમાં મૂકવામાં આવેલા છે. આ તાલુકાવાર ઝોન અત્યાર સુધીમાં પાંચ ઝોન આવેલા છે. over exploited zone, dark zone, saline zone, gray zone and white zone આ પાંચ ઝોનમાંથી ત્રણ ઝોન એવા છે, dark zone, over exploited zone and saline zone, સરકાર આ ત્રણે તાલુકાઓને એક લાકડીએ હાંકે છે. એક લાકડી એટલે કહું છું કે, આની ઉપર ઘણી જાતના મનાઈહુકમ આપેલા છે. જેમાં વીજકનેકશનથી માંડીને લોન અને સબસિડી અપાતી નથી કારણ કે આ વિસ્તારના ભૂગર્ભ જળ નીચા ગયા છે. જીડબલ્યુઆરડીસી એમ કહે છે કે આ જગ્યામાં જળ નીચાં ગયાં છે અને બીજી બાજુ સરકાર એમ કહે છે કે, આ તળ ઊંચા આવ્યા છે. છેલ્લા વીસ વર્ષમાં આ ડિપાર્ટમૅન્ટે ચાર વાર ગુજરાતનું સરવે કર્યુ છે, ૧૯૯૦માં ફક્ત આઠ તાલુકા આ વિસ્તારમાં, આ જગ્યામાં આવતા હતા. ૨૦૦૨ના છેલ્લા સર્વે પ્રમાણે ૫૭ તાલુકા થયા છે એટલે કે એક વર્ષે પાંચ તાલુકા આની અંદર વધે છે હવે કાં જી.ડબલ્યુ.આર.ડી. સી.ની વાત ખોટી હોય અને સાચી હોય તો સરકારની વાત ખોટી છે. બેમાંથી એક તો ખોટા છે જ આમાં. છેલ્લે ૨૦૦૮માં સર્વે થયો છે એનો રિપોર્ટ સરકાર બહાર જાહેર કરતી નથી એ આંકડો ૫૭થી પણ મોટો થવા જાય છે હવે ભૂંડની વસતિની જેમ આ વિસ્તાર વધી રહ્યો છે.અને અમે ત્યાં ઘણું બધું દુ:ખ ભોગવીએ છીએ, અમને આને કારણે ઘણું નુકસાન પણ થાય છે. છેલ્લા વીસ વર્ષમાં ઘણી જગ્યાએ સર્વે કરીને આમાં ફાયદા આપવાની વાત કરી છે પણ એક પણ તાલુકો અત્યાર સુધીમાં આ વિસ્તારમાંથી બહાર નથી નીકળ્યો પણ વધ્યે રાખે છે એટલે આમાં ક્યાંક ભૂલ તો છે જ. આ ડિપાર્ટમૅન્ટની ત્રણેય જુદી જુદી યોજના છે એમાં જળ ઊંચું લાવવાની વાત કરે છે એ આખી યોજનાની ફેરવિચારણા કરવી પડે તેમ છે. ફેરવિચારણા કરવાનું એટલે કહું છું કે આટલા ફાયદા આપ્યા પછી પણ જળના તળ ઊંચા ન આવતા હોય તો આમાં ક્યાંક ખોટું થાય છે. આટલા પૈસા આપીએ છીએ આપણે છતાં પૈસા ત્યાં પહોંચતા નથી. અહીંયા વિધાનસભામાંથી ડાર્ક ઝોનના નામે પૈસા લઈ જવામાં આવે છે પણ ત્યાં વપરાતા નથી અને આ પૈસા બીજે ક્યાંક વપરાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તો એવી વાત છે કે બીમાર કે માંદો બીજો છે અને આખા ગામને ગ્લુકોઝના બાટલા ચડાવવાની વાત કરે છે. આપણે ખેડૂતોને વગર વાંકે દંડીએ છીએ. વગર વાંકે એટલે કહું છું કે, ત્યાં એને વીજ કનેકશન હતું જ નહીં પાણી બીજા કાઢી ગયા છે અને દંડ આપણે આને આપીએ છીએ. પહેલા આ તાલુકાઓને કુદરતે દંડ આપેલો છે. આ બીમાર ૫૭ તાલુકાઓ છે એને બીજો દંડ સરકાર આપે છે મનાઈ હુકમ આપીને અને ત્રીજો દંડ આપણે કોઈ સ્પેશિયલ યોજના કે પૅકૅજ ન આપીને એને ત્રીજો દંડ આપણે આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આને કારણે ઘણી જગ્યાએ દુ:ખ અમે ભોગવીએ છીએ તો આ માટે કંઈક વિચારવું જોઈએ.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનીય ગૃહમાં ૨૦૦૯-૨૦૧૦નું બજેટ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ૧૯૯૫ થી ૨૦૦૨ સુધી ધારાસભ્ય તરીકે આ ગૃહમાં હું રહ્યો છું. એ વખતના બજેટ ૪૫૦૦ કરોડ, ૬૫૦૦ કરોડ અને ૭૨૦૦ કરોડના હતા એ વખતે બજેટ ખાદ્યની અંદર હતા. આ બે વર્ષથી હું નજર રાખી રહ્યો છું કે, સન્માનીય નાણામંત્રીશ્રીએ ગુજરાતને પુરાંતવાળું બજેટ આપીને વિકાસની દૃષ્ટિએ દરેક વિભાગની અંદર કુશળ કામગીરી બજાવી છે. પંચવર્ષીય યોજનાની અંદર ૧,૧૧,૧૧૧ કરોડની અંદાજીત રકમ ખર્ચવાનો પ્લાન કર્યો છે.એમાં આપણી ગુજરાત સરકારે ગયે વર્ષે ૨૧ હજાર કરોડ વિવિધ યોજના પાછળ ખર્ચવાનો પ્લાન કરેલો એમાં ૯૭ ટકા કામગીરી કરી સુંદર કામગીરી દરેક વિભાગે કરી છે. આ વખતના પ્લાનની અંદર આપણે રૂા. ૨૩,૨૭૫ કરોડ રૂપિયા વિવિધ યોજનાઓ પાછળ ખર્ચી અને વિવિધ યોજનાઓમાં સફળતા હાંસલ કરવા માટે આપણે આગળ વધી રહ્યા છીએ. મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવા પડે કે, દરેક વિભાગની અંદર સમતોલ વિકાસ કઈ રીતે થઈ શકે અને સમગ્ર ગુજરાતને આપણે કયા ઍંગલથી જોઈશું તો સમગ્ર ગુજરાત રળિયામણું બનશે એ દૃષ્ટિકોણથી આ બજેટનો ઢાંચો લાવવામાં આવ્યો છે.હું આ એટલા માટે કહું છું કે, આપણે ગુજરાતની સાડા પાંચ કરોડની વસતિનો ઉલ્લેખ કરીએ છીએ એમાં ૪૯ ટકા વસતિ એ ગરીબીની રેખા નીચેની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચની આવે છે. આ જાતિઓ માટે બજેટની અંદર સારામાં સારા પૈસાની જોગવાઈ આ સરકારે કરી છે. દાખલા તરીકે ગુજરાતની અંદર જે ૪૩ તાલુકાઓ ટ્રાઈબલ તરીકે જાહેર કરેલા છે એની વસતિ એક કરોડ જેટલી જવા જાય છે પણ આમાં સરકારે ૭૮ લાખની વસતિ આંકડા પ્રમાણે દર્શાવી છે આ ૪૩ તાલુકાઓમાં અંબાજીથી ઉંમરગામ સુધી રહેતા આદિવાસીઓ માટે ૩૫૬૬ કરોડ રૂપિયાની જે બજૅટમાં નાણાકીય જોગવાઈ કરી છે એ ખરેખર પ્રશંસાને પાત્ર છે, એનાથી આજે આપણે ચોક્કસ કહી શકીએ કે, શહેરની અંદર વસતિનું ભારણ વધે, શહેરની અંદર કોઈ સમસ્યા ઊભી થાય તો એને દૂર કરવા માટે આપણે શું કરી શકીએ જો ગામડાની અંદર ડૅવલપીંગ આપીએ તો સ્વાભાવિક રીતે સરકાર દરેક જે ભણેલા હોય છતાં એને નોકરી ના આપી શકે, પરંતુ

માર્કેટ જો આપણે ઊભું કરી શકીએ તો ગામડાની અંદર ખેડૂતો પોતાની સારી એવી આર્થિક કમાણી કરી અને આર્થિક રીતે પગભર બની શકે, મારે એક દાખલો આપવો છે. અમારા તાલુકામાં નાના પોંઢા ગામ છે, ત્યાં જંગલની અંદર ગોકૂળ ગામ થયાં ત્યાં રસ્તાઓ થયા, પાણીની સુવિધા ઊભી થઈ, વીજળી ૨૪ કલાક મળતી થઈ અને એના કારણે ત્યાં સારાયે ખેડૂતો ખેતી કરતા થયાં, ત્યાં રાત્રે બે વાગ્યે હાટ બજાર ભરાય છે, વિવિધ ખેતરોમાં ઉત્પાદન થતો માલ એ ખેડૂતો ત્યાં નાના પોંઢા લઈ આવે છે અને રાત્રે હાટ બજારમાં દૂર દૂરના વેપારીઓ આવીને આ માલ ખરીદીને લઈ જાય છે અને એના કારણે ત્યાંના ખેડૂતો આર્થિક દ્રષ્ટિએ પગભર બનતા જાય છે. આ એક સરકારની નીતિ છે એટલે હું એમ કહુ છું કે, અત્યારસુધીમાં ઘણા બધા બજેટ રજૂ થયાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ ગુજરાતની અંદર આ ૧૪મી વખત બજેટ રજૂ કર્યુ છે એ ખરેખર ગુજરાતને ડેવલપ કરવા માટેનું બજેટ છે અને એ બજેટને હું આવકારીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજેટ લઈને આવ્યા છે એને હું એટલા માટે અનુમોદન આપી શકતો નથી કે જેમ બાવકુભાઈએ એમ કહ્યું કે ગુજરાત સરકારના વધુ પડતા વેટને લીધે ગુજરાતનો ટેક્સ, ગુજરાતની આવક બીજા રાજયોમાં ચાલી જાય છે તેમ હમણાં • (સામેની પાટલીવાળા) બે દિવસ પહેલા વિરોધ કરતાં હતા કે કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડિઝલના ભાવ વધાર્યા છે

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## અસંસદીય શબ્દ અંગે

**શ્રીમતી ઉષાબેન ગી. પટેલ (દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, * ('સામેની પાટલીવાળા) એ શબ્દ અસંસદીય શબ્દ છે માટે એમણે એ શબ્દ પાછા ખેંચી લેવા જોઈએ.

**શ્રી મણીભાઈ દે. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : એ પાછા ખેંચી લે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ**: પેટ્રોલ ઉપર ગુજરાત સરકાર ૩૬ ટકા વેટ લે છે જ્યારે ડિઝલ ઉપર ૨૪ ટકા વેટ લે છે એના પરિણામે ગુજરાતના ટ્રાન્સપૉર્ટ ઉદ્યોગને આ પરવડતું નથી, મોંઘું પડે છે જ્યારે બાજુના રાજયો મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં પેટ્રોલ અને ડિઝલના ભાવ ઓછાં છે એના પરિણામે આપણા અહીંના ટ્રાન્સપોર્ટરો બહારથી આવતી ગાડીઓ એ રાજસ્થાનમાંથી ડિઝલ પુરાવીને અને મહારાષ્ટ્ર સુધી પહોંચી શકાય ત્યાં સુધીનો સ્ટૉક કરી દે છે એટલે ગુજરાતનો વેપાર અહીંયા આપણે ગુમાવવો પડે છે, બીજી વાત કૃષિ વિભાગમાં માનનીય મંત્રીશ્રીએ ૧૭.૩૭ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપી દેવાની વાત કરી છે અને ૨૦.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે જે બાકી ખેડૂતો રહ્યા છે એને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન છે, આપના મારફતે હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે, મને બે વર્ષ પહેલાં જે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યું છે તે પછી મેં પાંચ પાકની તે ખેતરમાં ખેતી કરી છે, એકજ ગામના ખેડૂતોના જુદા જુદા ખેતરોના જે પોષક તત્ત્વો હોય છે એ અલગ અલગ હોય છે, એકજ ખેડૂતને જો પાંચ ખેતર હોય તો, પાંચેયના સોઈલ હેલ્થ કાર્ડ અલગ અલગ આપવા પડે, એથી પણ વિશેષ જો સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા પછી છાણિયું ખાતર એ જમીનમાં નાંખવામાં આવે તો આપવામાં આવેલું સોઈલ હેલ્થ કાર્ડ એ અર્થ વગરનું થઈ જાય છે, એમાં પોષક તત્ત્વોનું પ્રમાણ બદલાઈ જાય છે, એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે સરકારશ્રીનું એ ધ્યાન દોરવાનું છે કે, આ ૨૦ કરોડ રૂપિયા ખર્ચવાની જરૂર નથી, પરંતુ જો એના બદલે આ ૨૦ કરોડ રૂપિયાની દરેક જિલ્લા મથકોએ અથવા સરકાર જો પહોંચી વળતી હોય તો તાલુકા મથકોએ જો જમીન પૃથ્થકરણ લૅબૉરેટરી સ્થાપવામાં આવે તો ખેડૂતોને એનો મહત્તમ લાભ થઈ શકે અને પૈસાનું યોગ્ય વળતર મળી શકે. સાથે સાથે ગુજરાત રાજયમાં જુદા જુદા જિલ્લાઓમાં, જુદા જુદા તાલુકાઓમાં પાણી પણ અલગ અલગ સ્તરનું હોય છે, સિંચાઇ માટેનું પાણી કેટલીક જગ્યાએ જમીનને ઉપયોગી હોતું નથી, જમીનને ખરાબ કરતું પાણી હોય છે, એટલે સોઈલ હેલ્થ કાર્ડની ચકાસણીની સાથે આ પાણીના નમૂનાઓ પણ જો ચકાસવામાં આવે તો ખેડૂતોને મહત્તમ લાભ થાય એવો છે.તો આ સુધારો જો બજેટમાં કરવામાં આવે તો આ સરકારના પૈસા પણ બચી શકે તેમ છે અને ખેડૂતોને તેનો મહત્તમ લાભ થઈ શકે તેમ છે. એટલે બીજો મુદ્દો હું ઉપસ્થિત કરતો નથી કારણકે બીજો મુદ્દો પૂરો થઈ શકે તેમ પણ નથી. એટલે આટલી વાત કરી અને હું આ બજેટને અનુમોદન આપી શકતો નથી તે વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સતત ૧૪ બજેટ રજૂ કર્યા બાદ ૨૦૦૯ના વર્ષનું આ તેઓશ્રીનું ૧૫ મું સર્વ સમાવેશક-સમતોલ બજેટ રજૂ કરીને તેમણે પોતાનો જ વિક્રમ આગળ ધપાવ્યો છે તે બદલ હું તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

• (   ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સાત મહાનગરોને વિશ્વકક્ષાના બનાવવાનો પુરુષાર્થ આદર્યો છે અને તેથી જ સદર બજેટ દ્વારા " સુવર્ણ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના " ની ગુજરાતને ભેટ ધરબી એક નવતર નજરાણું પેશ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ અને શહેરી વિકાસ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માગું છું. ગુજરાત દેશમાં સૌથી વધુ ઝડપે શહેરીકરણ તરફ જઈ રહેલા રાજયોમાંનું એક છે. રાજયમાં ઉદ્યોગ ધંધાના અપ્રતિમ વિકાસને કારણે શહેરીકરણ વધી રહ્યું છે. હાલ, રાજયની કુલ વસતિના ૩૮ ટકા વસતિ શહેરોમાં વસે છે જે વર્ષ ૨૦૧૫ સુધીમાં તે ૫૦ ટકાએ પહોંચવાનો અંદાજ છે. શહેરી ગરીબો સહિત તમામ નાગરિકો માટે પાણી, આરોગ્ય, શિક્ષણ સહિતની તમામ સુવિધાઓ ઉભી કરવાની બાબતને રાજય સરકારે અગ્રિમતા આપેલ છે. ગુજરાતના આર્થિક વિકાસનું કેન્દ્ર બિન્દુ બનતા શહેરોને માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવા માટે સુઆયોજીત અભિયાન રાજય સરકારે ઉપાડ્યું છે. રાજયના સર્વાંગીણ વિકાસ માટેનું આ સમતોલ બજેટ છે. ઈન્કલુઝીવ ( INCLUSIVE GROWTH ) એટલે સર્વ સમાવેશક વિકાસની ફિલૉસૉફી આપણાં દેશમાં ચાલતી નથી, વિશ્વના દેશોમાં ચાલે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતમાં તેની શરૂઆત કરી છે અને દેશમાં શહેરી વિકાસ ક્ષેત્રે તે પ્રથમ છે. જેમ ગુજરાત દરેક બાબતમાં પ્રથમ રહ્યું છે તેમ આ બાબતમાં પણ તે પ્રથમ છે. સદર બજેટમાં રાજયની કુલ આવક રૂપિયા ૫૭,૪૮૭.૯૧ કરોડ અંદાજેલ છે. તેની સામે અંદાજેલ કુલ ખર્ચ રૂપિયા ૫૭,૪૪૦.૧૫ કરોડ દર્શાવેલ છે. આમાં સુવર્ણ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના એ રૂપિયા ૭ હજાર કરોડનું પેકેજ છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં આ કામો પૂરાં કરવાનું ધ્યેય છે અને તે ત્રણથી પાંચ વર્ષમાં પૂરાં કરવાનાં રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ૭ મહાનગરોને આપણે વિશ્વકક્ષાના બનાવવાના છે. રાજયના ૧૫૯ નગરો છે તે તમામને સર્વ સુવિધાયુકત સુંદર બનાવવાની યોજના છે. રાજયની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ પાસે એટલી રકમ નથી કે, નાગરિકો ઉપર વધારાનું કરભારણ નાંખી શકાય તેમ નથી અને એટલે જ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ રાજય સરકાર જ આ કામ ઉપાડી લે તે પ્રકારની આ યોજના બનાવી છે જે ગુજરાતના શહેરોની સિકલ બદલી નાંખશે. સુવર્ણ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના એ માત્ર બી.એસ.પી. એટલે કે (બીજલી-સડક-પાની) નું આયોજન કરવાની યોજના નથી. પરંતુ બજેટમાં જણાવ્યા પ્રમાણે શહેરોમાં તમામ પ્રકારની સવલતો ઉભી કરવાની નેમ છે. અને નૂર્મમાંથી તથા જ્યાં જ્યાં કેન્દ્ર સરકારનો સહયોગ તેમજ નાણાં મળશે તે મેળવીને આ યોજના કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, નિષ્ણાંતો અને અખબારોએ પણ નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાના આ બજેટને સમતોલ બજેટ તરીકે વખાણ્યું છે. કારણ કે તેમાં જે નાણાંકીય શિસ્તના લક્ષ્યાંકો રાજયોએ હાંસલ કરવાના છે તે તમામ ગુજરાતે હાંસલ કર્યા છે જેવા કે, નાણાંકીય ખાદ્ય ૩ ટકાથી ઓછી રાખવી, જે ભારત સરકાર પણ આજ સુધી આ લક્ષ્યાંકને પ્રાપ્ત કરી શકી નથી. જ્યારે બીજી બાજુ રાજય સરકારે નાગરિકો ઉપર એક પૈસાનો નવો વેરો નાંખ્યો નથી. વેરા વગરનું બજેટ એ શબ્દ ગુજરાતના બજેટનો પર્યાય બની ગયો છે. છેલ્લા સાત વર્ષમાં ગુજરાત રાજયે કોઈ જ ક્ષેત્રમાં કોઈ જ વેરામાં વધારો કર્યો નથી. છતાં પણ વિકાસની બાબતમાં ગુજરાત દેશભરમાં નંબર વન પર છે.

અનેક લોકો કહેતા હતા કે છઠ્ઠા પગાર પંચનો ૪૦૦૦ કરોડનો બોજો, ઓકટ્રોય પેટે ૨૦૦૦ કરોડની ગ્રાન્ટ અને નર્મદા બોન્ડની ૩ થી ૪ હજાર કરોડની ચૂકવણી, એમ બધું મળીને ૧૦૦૦૦ કરોડ જેટલો વધારાનો બોજો રાજય સરકાર ઉપર પડયો છે, એટલે બધા કહેતા હતા અને સભાગૃહમાં પણ ઘણા માનનીય સભ્યશ્રીઓ એવું માનતા હતા કે આ વર્ષે કમસે કમ ૧૦૦૦ કરોડના નવા વેરા તો આવશે જ. પરંતુ એવું કાંઈ ન થયું અને વેરા વિનાનું પુરાંતવાળું બજેટ રજૂ કર્યુ. આથી હું બજેટને મારું સમર્થન આપી વિરમું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ(ચોર્યાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગૃહ સમક્ષ ૧૪મું અંદાજપત્ર લઈને આવ્યા છે. હું તેમના આ ઐતિહાસિક અંદાજપત્રને એટલા માટે આવકારું છું કે આ અંદાજપત્ર, માનનીય મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ મંદીને નાથવા માટે તૈયાર કરવામાં આવેલ આ વિકાસશીલ બજેટ એ ગુજરાતના વિકાસનો દસ્તાવેજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાબધા મિત્રોને સાંભળ્યા. અનેક વિચારો આવે છે કે કયો જવાબ કોને કેવી રીતે આપવો, પરંતુ થોડુંક યાદ રહ્યું છે અને થોડાં અવતરણો કહેવાનું મન થાય છે કે આ પૃથ્વી ઉપર, આ દેશ ઉપર જયાં જયાં મોટા માણસોએ કામગીરી સંભાળી છે, ત્યાં ત્યાં વિરોધ કરનારા તત્વો એ હંમેશા જન્મે જ છે. ઈસુ ખ્રિસ્તએ જયારે જન્મ લીધો ત્યારે પ્રસ્થાપિત કરેલા દુનિયા ઉપરના ધર્મના સામ્રાજયો જે એમનો વિરોધ કરનારા અને એમને ક્રોસ સુધી પહોંચાડનારા લોકો એ વખતે પણ હતા જ. કૃષ્ણ જેવી મહાનવિભૂતિનો જન્મ થયો, જેમણે મહાભારત અને ગીતા ઉત્પન્ન કરી, છતાં પણ શિશુપાલોનો જન્મ એ વખતે પણ થયો હતો. એ વખતે પણ અવરોધો એટલા જ હતા. એટલે મને યાદ છે કે ગુજરાતની રાજનીતિમાં (અંતરાય) મારી ઉંમર ૭૦ ઉપરની છે. રાજનીતિ અમે આજે જોઈ નથી. નાનપણથી જોઈ છે. કેવી રીતે મોટા થયા છીએ, કયાંથી કયાં આવ્યા છીએ એ બધું અમને આજે પણ યાદ જ છે. અમને સ્મૃતિ છે. એટલા માટે કે ગુજરાતની રાજનીતિમાં ગુજરાતમાં ચારેબાજુ

કોઈ આશા કે અવકાશ રહ્યો નહોતો, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું આગમન કેટલાક લોકોને આજે પણ ડંખે છે એ અમે આજે જોઈએ છીએ. એટલા માટે યાદ આવે છે કે ગીતામાં બિલકુલ સાચું જ કહ્યું છે કે

" યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત
અભ્યુત્થાનમ્ધર્મસ્ય: તદાત્માનમ્ સૃજામ્યહમ્
પરિત્રાણાય્ સાધુનામ્, વિનાશાય ચ દુષ્કૃતામ્
ધર્મ સંસ્થાપનાર્થાય  સંભવામિ યુગે યુગે. "

આ ગુજરાતની ભૂમિ ઉપર બરાબર યાદ છે અમને. અમારા બધા મિત્રો પોતાના વકતવ્યમાં નરેન્દ્ર મોદી સાહેબના ઉલ્લેખ કરે, મારે કોઈ પ્રમોશન લેવાનું નથી શકિતસિંહજી, મને અધિકાર છે, એટલે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારી સામે જોઈને બોલો. મારી સામે જોઈને.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ બજેટ ઉપર આવું છું. એટલા માટે કે શા માટે તેઓ ગુજરાતમાં ભડકે છે. અમારે ત્યાં ગામડામાં એવી પદ્ધતિ છે. લાલ કપડું બતાવીએ, એટલે બળદ ભડકે. એમ નરેન્દ્ર મોદી સાહેબનું નામ લઈએ ગુજરાતમાં, એટલે •(xxxx )

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) તો પણ આપના ટેસ્ટનું જ આપ બોલો, એ વધારે સારું છે. શ્રી નરોત્તમભાઈ, આપ પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરવા કરતાં સીધેસીધા બજેટ ઉપર આવી જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, એ શબ્દો રેકર્ડ ઉપર ન રહે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મને એટલે યાદ આવે છે કે બજેટ તો ઘણું લાંબુ છે. (અંતરાય) હું નિયમોની અંદર રહીને જ બોલું છું. જયારે જયારે અમારા મુખ્યમંત્રીશ્રીનું નામ આવ્યું ત્યારે વ્યંગ કરવામાં એમણે કાંઈ બાકી રાખ્યું નથી. એટલે એના માટેનો આક્રોશ સહેજે ઉત્પન્ન થાય. ત્યારે જવાબ આપવાનું મન થાય છે. મારે એમનું એ ધ્યાન દોરવું છે કે એમને એમ છે કે ટીકા ટીપ્પણ કરવી. ટીકા ટીપ્પણ તો કરે, કેમ કે એટલા માટે તો એમને સામે બેસાડયા છે. ટીકાટિપ્પણ કરવામાં કોઈ વાંધો નથી, પરંતુ આ બધા મનમાં સમજે છે, બધાના ખ્યાલમાં છે અને એ મનમાં અમારા કરતાં પણ વધારે સમજે છે કે ગુજરાતનો વિકાસ આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીથી જ થવાનો છે. નાણામંત્રીશ્રીનો ઉપયોગ, મંત્રીશ્રીઓનો ઉપયોગ, બધા ધારાસભ્યશ્રીઓનો ઉપયોગ, એક સરસ બધું નેટવર્ક કરીને, ગુજરાતને મહામંત્ર બનાવીને ગુજરાતનો વિકાસ કર્યો છે એની દેશ અને દુનિયાએ નોંધ લીધી છે. એવા સંજોગોમાં આપના મનમાં પણ છે કે મેતિમેટિક્સ આપણને આવડતું નથી, આની ગૂંથણીની સમજ પડતી નથી અને એટલા માટે જ આ જે નેટવર્ક કરીને બજેટ તૈયાર કર્યુ છે એ આજે તૈયાર થયું નથી, એ ૭ વર્ષથી તૈયાર થાય છે અને એટલા માટે એ અંદરોઅંદર એનાં ગુણગાન કરે છે. તેમને બિલકૂલ ખબર છે કે આવું આપણાથી થઈ શકે નહીં અને આવું તો આ જ મુખ્યમંત્રીશ્રી જ કરી શકે. આ મુખ્યમંત્રીશ્રી માર્ગદર્શન નીચે.. (અંતરાય) કેશુભાઈ પણ અમારા નેતા હતા, પરંતુ તમારા જેવું નહોતા કરતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ મારી સામે જોઈને વાત કરો, કોઈ બેઠાં બેઠાં બોલે એ તરફ ધ્યાન ન આપો.આપ આપના મુદ્દા ઉપર રહો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મને ઘણા મિત્રો મળે છે, તેમના અને મારા મિત્રો કોમન છે અને તેઓ ખાનગીમાં કાનમાં એક વાકય કહે છે કે આવું શાસન હવે ગુજરાતમાં ના આવે. એ વાત સાચી પડી એટલું કહું તો વાંધો નહીં. એ પણ કહે છે કે જયાંસુધી નરેન્દ્ર મોદી ગુજરાતમાં છે ત્યાં સુધી અમારું ઠેકાણું પડવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ તો મારે ખાલી તેમને થોડોક ઉલ્લે્ખ કરવો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ તૈયાર કરવામાં અમારા મુખ્યમંત્રીશ્રીએ ચિંતન કર્યુ છે, ચિંતા કરી છે, આખું આયોજન કર્યુ છે, નેટવર્ક કર્યુ છે અને ગુજરાતના વિકાસનો મહામંત્ર બનાવ્યો છે અને ૫ શકિતઓ તૈયાર કરી, પંચ શકિત તૈયાર કરી છે. આજે મારે કહેવું છે કે જળશકિત દ્વારા ગુજરાતનો વિકાસ કર્યો, જ્ઞાનશકિત દ્વારા વિકાસ કર્યો, ઉર્જા શકિત દ્વારા વિકાસ કર્યો, જનશકિત અને રક્ષાશકિતની વ્યવસ્થા ગોઠવી છે, એની સિકવન્સ, એની પ્રાયોરિટી ગોઠવીને એને બજેટથી આમેજ કર્યુ છે. હું ધ્યાન દોરું છું કે જળશકિત એટલે કે જળવ્યવસ્થાપનમાં  કેવું કામ કર્યુ કે આ ગુજરાત પાણી માટે તરફડીયાં મારતું હતું, આ દેશના લોકો કહેતા હતા કે ગુજરાત પાણી વિના તરફડશે, ગુજરાતમાં પાણી માટે પહેલું યુધ્ધ ફાટી નીકળશે, તો આ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનો આખો સિનારીયો બદલ્યો છે અને જળવ્યવસથાપનને ગુજરાતમાં સૌથી મોખરે મૂકયું છે અને એના માટે બજેટમાં નાણાં જોઈએ અને નાણાં માટેની વ્યવસ્થા કરવી પડે. નાણા એટલે હું જયારે પાણી પુરવઠાનો મંત્રી બન્યો ત્યારે મેં એ વખતના મુખ્ય સચિવશ્રીને કહયું હતું કે તમે મને ભૂતકાળમાં જે બજેટ હતું એટલું બજેટ આપો છો તો આ પાણી પુરવઠામાં આટલું બજેટ કેવી રીતે ચાલશે? તો તેમણે મને કહયું હતું કે ૮૦ કરોડ તો આજસુધી કદી

•(xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વર્ષમાં વપરાયા જ નથી. એ પાણી પુરવઠાની વ્યવસ્થામાં ૮૦ કરોડ રૂપિયા કદી વપરાયા જ નથી એટલે આ તો મેકસીમમ છે. બાદમાં પછી ૩૦૦ કરોડ રૂપિયા બજેટમાં આપે તો ૨૫૦ કરોડ તો માર્ગ અને મકાન વિભાગ ટ્રાન્સફર કરીને માર્ચના અંતમાં લઈ જાય. મને તો શોક લાગ્યો. આ ૮૦ કરોડમાં ભૂતકાળના શાસકો કેવી રીતે વ્યવસ્થાપન કરતા હતા? તો આ વખતે વધારો કર્યો, મુખ્યમંત્રીશ્રીએ આવકનો વધારો કર્યો અને હું પણ ૧૪ વર્ષથી શાસનમાં જ છું, હું ઘેર બેસીને કે સૂરતમાં બેઠાં બેઠાં જોતો નથી, પરંતુ અહીયાં બેસીને જોઉં છું કે ૨૦૦૫-૦૬ માં ૩૫૮૦૨ કરોડની આવક હતી અને આજની તારીખે ૨૦૦૯-૧૦ માં ૫૭૪૪૦ કરોડ રૂપિયાની આવક થઈ છે. મહા મંદી આવી, તો એ મંદીને છેદીને, મંદીને નાથીને, આજે જયારે આખો દેશ અને દુનિયા મંદીમાં તરફડે છે ત્યારે આ આવકમાં વધારો થયો છે. એક ઠંડીમાં ઠુંઠવાતો માણસ ખેતરમાં બેઠાં બેઠાં ઠુંઠવાઈ જાય તેમ આ મંદીમાં તમામ લોકો ઠુંઠવાઈ ગયા હતા એવા સંજોગોમાં ગયા વર્ષે ૪૯૪૫૫ કરોડનું બજેટ હતું અને આજે ૫૭૪૪૦ કરોડ રૂપિયાની આવક ઉભી કરી છે. કેટલી હિંમત છે, આવું કોણ ના બિરદાવે અને છતાં પણ ઈરાદાપૂર્વક આ કરે છે. એટલા માટે આ ઉલ્લેખ કરં છું કે 'જાગતો બોલે પણ ઉંઘતો ના બોલે.'

માનનીય અધ્યક્ષશ્રી, મારે આરોપ કોઈ કરવા નથી. પણ મારે ધ્યાન એટલું જ દોરવાનું છે કે આ પાણી પુરવઠાનો એમણે ઉલ્લેખ કર્યો, ત્યારે પાણી પુરવઠામાં ૨૦૦૬-૦૭ની સાલમાં, અગાઉનું ૮૦ કરોડ વાળું તો હું બોલતો જ નથી. આ તો તેનો વધારો તમે જુઓ તો ૧૦૦૮ કરોડ, ૨૦૦૭-૦૮માં ૧૧૧૩ કરોડ, ૨૦૦૮-૦૯માં ૧૩૨૯ કરોડ, અને ૨૦૦૯-૧૦માં ૧૫૪૯ કરોડ રૂપિયાનું બજેટ આપી ગુજરાતની પાણી પુરવઠાની વ્યવસ્થાઓને સાંચવી રાખી છે. ૮૧૪ કરોડ કેન્દ્રમાંથી આવતી રકમ અને તેની મેચીંગ ગ્રાન્ટ કરીને ૮૧૪ કરોડ રૂપિયા બીજા એના થકી પીવાના પાણીની વ્યવસ્થા પણ ગોઠવેલ, લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે ત્યારે આના માટે પાણીની વ્યવસ્થા થાય છે. લાખ સવા લાખ કરતાં વધારે તો ચેક ડેમો બાંધીને પાણીને રીચાર્જ કર્યુ છે. એના કરતા એક બીજું મારે આપનું ધ્યાન દોરવું છે કે જળસંપત્તિ શા માટે અમુક વ્યકિતઓનું ચિંતન છે અને શા માટે ગુજરાત અને દેશને ઉપયોગી છે તેનો એક દાખલો આપવો છે. હું જળ સંપત્તિ મંત્રી બન્યો, ત્યારે મેં માનનીય મુંખ્ય મંત્રીશ્રીને કહયું કે ગુજરાતમાં પાણી પુરવઠો નથી તો મારે પાણીનું શું કરવાનું ? આ બધી વ્યવસ્થા અને યોજનાઓ માટે શું કરવું? તો એમણે મને આકાશ બતાવ્યું કે આકાશમાંથી પડતા વરસાદનું બુંદ બુંદ પાણી એ તમારી સંપત્તિ છે. તેને એકઠું કરો અને એકઠું કરીને વાપરો. આ જ ચિંતન કોઈક જ કરી શકે. મને એક મંત્રીને આકાશ બતાવીને એમ કહયું કે આ ઉપરથી આવતું બધું પાણી એ તમારી સંપત્તિ છે. એ સંપત્તિને કલેકટ કરો. એ સંપત્તિનું મેનેજમેન્ટ ગોઠવો અને વોટર મેનેજમેન્ટ ગોઠવીને લોકોનો ઉધ્ધાર કરો. આવું ચિંતન કરનાર મુખ્ય મંત્રીશ્રી બજેટને જયારે આમેજ કરીને સરખું ગોઠવીને આવ્યા છે ત્યારે કહે છે કે આ નરેન્દ્ર મોદીનું બજેટ છે. એવી કોઈ નીતિ રાજયમાં નથી હોતી જે મુખ્ય મંત્રી અને નાણા મંત્રી બે સાથે બેસીને ન કરે, એટલે આ બજેટ મુખ્ય મંત્રીશ્રીની સાથે નાણા મંત્રી અને મુખ્ય મંત્રી બન્નેનું બજેટ હોય તે બહુ સ્વાભાવિક વાત છે. અને એટલા માટે આપે બહુ મોટેથી બોલવાની જરૂર નથી કે મુખ્ય મંત્રીશ્રી આમાં ન હોય અને નાણા મંત્રી એકલા જ બજેટ ગોઠવે.

મારે શહેરી વિકાસનો થોડોક ભાગ એમના ધ્યાને મુકવો છે. હું શહેરમાં રહયો છું. નગરપાલિકાઓમાં રહયો છું. મહાનગરપાલિકામાં રહયો છું. હું સુરતમાં રહું છું. અને એટલા માટે કે એક વખતે એવું સુરત શહેર બનાવ્યું હતું એક શહેર નહીં બધા શહેરોની અંદર ગંદકીના ઢગલા હતા. શહેરમાં વ્યવસ્થાનું કોઈ ઠેકાણું નહોતું. ન રસ્તા હતા. ન પાણી હતું ન લાઈટ હતી ન બિલ હતા. ન કોઈ જગ્યાએ પેમેન્ટ આપી શકાતું હતું. અને આમાંના ઘણા ખરા નગરપાલિકાના પ્રમુખો થઈને આવેલા છે મારી સામે બેઠા તે, એમને ખબર છે કે ફકત પગાર આપવાના નાણા નહોતા. અને એ સંજોગોમાં હેન્ડ ટુ માઉથ થયેલા શહેરોને આજે કઈ સ્થિતિમાં મુકયા? કોણે મુકયા? પાછળના વર્ષોથી ચાલતું અમારું આ શાસન, એમાં જે વિકાસ કર્યો છે તે વિકાસને જોવાની નવરાશ આવતી નથી કોઈને. એક પ્લેગમાં સબડતુ અમારું સુરત આજે સીંગાપોરની હરિફાઈ કરે તેવું શહેર બન્યું છે તે કોણે બનાવ્યું? અને હજુ પણ તેને આગળ લઈ જવા માટેની વ્યવસ્થા ગોઠવાય છે ત્યારે આપ કહો છો કે કોઈ વિકાસ થયો નથી, પૈસા વપરાતા નથી, નાણાનો વ્યય થાય છે એવો ઉલ્લેખ કરે છે કે મુખ્ય મંત્રીશ્રી દિલ્હી પ્લેનમાં જાય છે. અરે માનનીય મુખ્ય મંત્રીશ્રીના સમયની કિંમત ન કરતા આવડે તો એક સામાન્ય લેબરની કિંમત અને મુખ્યમંત્રીશ્રીની સાથે સરખાવવાની ટેવ છોડી દો નહીંતર તમે કદી ઉભા થવાના નથી. સાહેબ મારે કહેવું છે કે આ મુખ્ય મંત્રીશ્રીની સાથે હું ૭ વર્ષથી મંત્રી મંડળમાં છું એક મિનિટ એવી એમની જિંદગીની કાઢી નથી કે રેસ્ટ હાઉસમાં જઈને બેઠા હોય, જઈને કોઈ ગાર્ડનમાં બેઠા હોય કે કોઈ હવા ખાવાનો સ્ટેશનોએ ગયા હોય, તમે તો જતા હશો, અને એટલા માટે આરોપ કરવાનો અધિકાર સામે બેઠેલા લોકોને નથી. માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન ખાતાનો પણ હું મંત્રી રહ્યો છું જોબ નંબર આપીને રોડ બંધાવીએ પણ પછી પેમેન્ટ આપવાના ઠેકાણા ન હોય એવું તો તમારું જૂનું અર્થતંત્ર હતું જે તમે અમને કરિયાવરમાં આપેલું, ખોટ તમે આપેલી એ ખોટ પૂરવા માટે પાંચ પાંચ વર્ષ સુધી ફાંફાં માર્યા હતાં પરંતુ જ્યારે અમને ૪૦૦-૫૦૦ કરોડ કરતાં વધારે બજૅટ વધે તો અમને એમ જ થાય કે પી.ડબલ્યુ.ડી. વાળાને એમ થાય કે આટલું બધું બજૅટ આપ્યું? આ વખતે માર્ગ મકાન ખાતાને ૩૬૬૫ કરોડ રૂપિયાનું બજૅટ આપીને ગુજરાતના રસ્તાઓને ચેલેન્જ આપી છે કે એવો કોઈ રસ્તો

બાકી ન રહી જાય જેને પાકો ન કર્યો હોય. એની આગળની સાલનું બજેટ ૩૧૩૮ કરોડનું હતું એની આગળનું બજેટ ૨૫૯૫ કરોડ, ૨૩૪૪ કરોડ એટલા નાણાં હોય તો ડેવલપમેન્ટ થાય અને ડેવલપમેન્ટ કોનું કરવાનું છે કયાં કરવાનું છે, કેવી રીતે કરવાનું છે એનું ધ્યાન એમણે પહેલેથી આપ્યું છે.

શહેરી વિકાસમાં મેં કહ્યું કે જૂના વખતમાં ૧૨૫ થી ૧૫૦ કરોડ રૂપિયા આપવામાં આવતા હતા. ૧૫૦ કરોડ રૂપિયામાં ખૂબ ખુશ થઈ જાવ. શહેરી વિસ્તારની ૧૪૩ નગરપાલિકાઓ, શહેરો ખુશ થઈ જાવ. ૧૫૦ કરોડ રૂપિયા અમારી જોડે આવ્યા છે. આજે મારે એટલું જ કહેવું છે કે શહેરી વિકાસને હેન્ડ ટુ માઉથ થયેલ શહેરોને બહાર કાઢવાની વરસોથી પાછળના ત્રણ વર્ષના હિસાબો મને આપવાનું મન થાય છે. ૨૦૦૬-૨૦૦૭માં ૧૫૦૫ કરોડ આપ્યા, ૨૦૦૭-૦૮માં ૨૨૩૩ કરોડ રૂપિયા અને આ સાલે ૨૦૦૮-૦૯માં ૪૧૧૯ કરોડ રૂપિયાની બજેટ ફાળવણી કરીને એનું આયોજન કર્યુ છે, એ એમને એમ થતું નથી. આ બજેટ કયાં ગોઠવાઈ છે. એક પાઈ પણ કોઈની હિંમત નથી કે કોઈ એને વેસ્ટ કરી શકે, અમે એકે એક મિનિટ એની પાછળ ખર્ચીએ છીએ. સમયની ચિંતા કરીએ છે, નાણાંની વાત જવાદો, નાણાંની કરકસર કરવાની બાબતમાં અમારાથી શકય બને એટલું કરીએ છીએ છતાં પણ એક કલ્પના કરો કે ૨૦૧૦ની સાલમાં ગુજરાતને ૫૦ વર્ષ પૂરા થાય છે એની સ્વર્ણિમ જયંતિ ઉજવવાની છે જેમ કે આવતી વર્ષ ગાંઠ આવવાની હોય અને જેવી તૈયારી કરી હોય કે પહેલો બાબો આવ્યો હોય અને એમ કહે કે આવતા વરસે તો પહેલું વર્ષ પૂરુ થાય છે. આપણે ૫૦માં વર્ષની સ્વર્ણિમ જયંતિ ઉજવવાને માટે ગુજરાતની સ્વર્ણિમ જયંતિ ઉજવવા માટે (અંતરાય) તમે બોલતા હતા ત્યારે અમે સાંભળતા હતા અને તમને ખૂબ ગમતુ હતું. ૫૦માં વરસે સ્વર્ણિમ જયંતિ ઉજવવા માટે બે વર્ષથી તૈયારી ચાલે છે કે કેટલો ગુજરાતનો વિકાસ કરવો કારણ કે કઈ કક્ષાએ બજેટની વ્યવસ્થા મૂકવી એની કલ્પના બે વરસથી કરે છે એના માટે સ્વર્ણિમ ગુજરાત રથ કાઢ્યો છે અને સમગ્ર ઘેર ઘેર ફરશે ત્યારે રથ જોઈને ભડકે કે વળી પાછો નવો રથ આવ્યો? હજી તો ઘણા રથ આવશે. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી માટે એના બધી બાબતના ફેકટરો કર્યા છે, સૂંચક આંક તૈયાર કર્યા છે એના માટે રાત્રી દિવસ એક કર્યા છે. દા.ત. સેનિટેશન માટે અમને ટાર્ગેટ આપવામાં આવ્યો છે કે ગુજરાતના ઘરે ઘરે સંડાસ થવું જોઈએ એના માટે મારો વિભાગ દોડા દોડી કરીને કોશિશ કરે છે. ગરીબ લોકો માટે આવાસ એવા દરેક ગરીબ લોકોને એક એક આવાસ ૨૦૧૦ના અંતિત મળી જવો જોઈએ તેવા ગુજરાતની કલ્પના છે. શહેરી વિસ્તારની અંદર રહી ગયેલી ખામીઓ પૂરી કરવા માટે અમને સાત હજાર કરોડનો સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી ફંડ બનાવીને એનું આયોજન આપ્યું કે આવી કડીઓ પૂરી કરવી. મારે આપના ધ્યાને મૂકવું છે કે શહેરોમાં ઘણા ગરીબો રહે છે આમાં તો સામાન્ય રીતે શહેરની અંદર ઉદ્યોગો આવવાને કારણે ગુજરાત બહારના લોકો બહું આવી ગયા છે. ગુજરાત બહારના લોકોને હ્યુમન રાઈટસના આધારે ભલે ગુજરાતમાં આવ્યા છે ગુજરાતી છે આપણા છે, ગરીબો છે તેના માટે પણ આજે ૧૩ હજાર કરોડ રૂપિયાની શહેરી ગરીબ સમૃદ્ધિનું વ્યવસ્થાપન ગોઠવ્યું છે. તેના માટે રહેઠાણો ગોઠવ્યા છે. આ બજેટમાં આમેજ થાય છે. ગરીબ વનવાસીઓ માટે આખું આયોજન કર્યું. ફક્ત તેમના મનમાં એવું છે કે આ વખતે અમને લોકસભામાં મત મળી ગયા એટલે જાણે કે આખું પરિવર્તન આવ્યું. એવો ઉલ્લેખ કરતા હતા. મિત્રો, હજુ ગુજરાતને અડકવાનું અઘરું છે. હજી વર્ષોની રાહ જૂઓ, સામેની પાટલી તમારા માટે.. મારે આપને યાદ દેવડાવવું છે. હું નથી કહેતો, શકિતસિંહજીને, પણ તમારા મિત્ર વિપક્ષના નેતા હતા, તેમણે એ જ જગ્યાએથી મને કહ્યું હતું. જ્યારે સુરતમાં પુર આવ્યું ત્યારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે ગુજરાતના પુરને ખાળ્યું. તમે આરોપ કર્યો કે આ સરકારની બેદરકારીને કારણે ગુજરાતના સુરતમાં પુર આવ્યું. તમે આરોપ કર્યો કે નરોત્તમભાઈએ ગેટ ખોલી નાખ્યા અને પુર આવ્યું. એટલું કહ્યું હોય ત્યાં સુધી વાંધો નહોતો પણ મને • (xxxx) કહ્યું હતું કે આ વખતે તમે સુરતમાં ચૂંટણી લડી જોજો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, * (xxxx) એ એમના ઉપદંડકને પણ ખટક્યું હતું. મારા જુનિયર મેમ્બરમાં, તો આ તો સિનિયર મંત્રી છે. (અંતરાય) (xxxx) એ એમના ઉપદંડકને પણ ખટક્યું હતું. જુનિયર મેમ્બર સામે, તો આ તો સિનિયર મંત્રી છે. ત્યારે તેમણે * (xxxx) કરીને વાત કરી છે. તે બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી નરોત્તમભાઈ, તમે વાપરેલા *(xxxx) શબ્દો હું કાઢી નાખું છું. આપ બજેટ પર બોલો. અગાઉની ચર્ચામાં પડવા જેવું નથી. પડશો નહીં, બજેટના મુદ્દા ઉપર બોલવાનું છે તે પૂરું કરો. આપ ચર્ચામાં ઉતર્યા વિના સીધા બજેટના મુદ્દા ઉપર બોલો. (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : બહુ ઉત્સાહમાં આવી જવાની જરૂર નથી. લોકસભામાં જરૂર આપ જીત્યા છો. પણ ગુજરાતને આપ જીત્યા નથી. ગુજરાતની પ્રજાને હજુ નરેન્દ્ર મોદીના નેતૃત્વની અસર એવી છે, (અંતરાય) ગુજરાતમાં ભાજપનું શાસન આજે પણ મીનમેખ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ સીટો અને બેઠકો જીત્યા એટલે તેમણે શાંત રહેવું જોઈએ. કમસેકમ બીજે જઈને કહે તો વાંધો નહીં, પણ અમારા ગુજરાતમાં શા માટે બોલો છો? મને અમારા મિત્રે કહ્યું હતું કે આ વખતે સુરતમાંથી ચૂંટણી લડી જોજો. આમ તો મનમાં એમ હતું કે ચાલો, સમય આવે ત્યારે કોઈ નાના મોટા આવશે. પણ મને એમ થયું કે આ એક ચેલેન્જ છે. તો ચૂંટણી લડી જોઈએ અને

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ચૂંટણી લડ્યા પછી પરિણામ એમને ખબર છે કે પુર આવ્યા પછી અમારા નેતૃત્વમાં, અમારા ભાજપના શાસનમાં હું ચૂંટણી લડ્યો છું, શકિતસિંહજી. તેના કારણે જે કંઈ પરિણામ આપને આપ્યું એ એનો જવાબ છે લોકોનો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, આપ એમને પૂરું કરવા દો. (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : હું ૩,૪૭,૦૦૦ મતથી જીત્યો હતો. (અંતરાય) એટલે સાહેબ, મારો કહેવાનો અર્થ એવો હતો કે..

**અધ્યક્ષશ્રી** : શ્રી નરોત્તમભાઈ, આપ બજેટના મુદ્દા ઉપર આવો. આપ ચૂંટણીમાં કેટલા વોટ મળ્યા, શું કર્યું, નીતિનભાઈ કહે એ શબ્દો ન વાપરો. નીતિનભાઈના કહ્યા પ્રમાણે ન ચાલો. આપ આપના મુદ્દા ઉપર રહો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : શિક્ષણ વિભાગ વિશે કહેવું છે કે અમારા ખેરાલુના મિત્ર..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે સાત મિનિટ છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જી, ખેરાલુના મિત્ર ધારાસભ્ય, જેમના પિતાશ્રી અહીં સાત-સાત ટર્મથી સાથે હતા. તેમણે કહ્યું કે હું ઝાડ નીચે બેસીને ભણ્યો છું. જેમના પિતા સાત-સાત ટર્મથી સામેની પાટલીએ બેઠેલા હતા. બહુ શાંત અને સૌમ્ય વ્યકિતત્વ હતું. તેમણે કહ્યું કે મારું ભણતર ઝાડ નીચે થયું છે. જે માણસ સાત ટર્મ સુધી બેસીને તેમના જમાનામાં શાળા ન બાંધી શકે, શાળાના વર્ગો ન લાવી શકે અને એનો દીકરો ઝાડ નીચે બેસીને ભણે, ત્રણ-ત્રણ વખત એસ.એસ.સી.માં ફેઈલ થાય. અમે એને ઈન્વાઈટ કરીને અમારો સભ્ય બનાવ્યો છે. એટલું જ નહીં, હજુ બરાબર યાદ છે. શંકરજી, તેમના પિતાશ્રી પીવાના પાણી માટે કૂવા ખોદાવતા હતા. મારી સાથે ઝઘડતા હતા. કૂવો ખોદવા માટે બાકી હતું, તેમના વખતમાં. આજે એ જ ખેરાલુમાં ઘર ઘર સુધી પાઈપલાઈનોથી પાણી મળે છે. આ પ્રગતિમાં આ બજેટનો પ્રભાવ છે. શિક્ષણમાં અમારો મંત્ર છે- સો ટકા કેળવણી, આપનો મંત્ર હતો- ભણે તો સમજે અને સમજે તો સામા થાય, એટલે ભણાવાય નહીં. આ આપનો મંત્ર હતો. અમારો મંત્ર છે સો ટકા કેળવણી. ભર ઉનાળામાં તમામ અધિકારીઓ, સિનિયર અધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ અમે બધા કન્યા કેળવણી અને શિક્ષણ માટે ગામે ગામ સુધી જઈએ છીએ. મને કહેતાં આનંદ થાય છે, જેની અંદર ધ્વજ ફરકે છે- દાંતા અને અમીરગઢ, જ્યાં કન્યા કેળવણી માટે અમે બે કિ.મી. ઊંચે ચડીને ગયા હતા. ત્યાં લોકો રહે છે, એમના ત્યાં કન્યા કેળવણી ૪ ટકા હતી. ૬૦ વર્ષ સુધી શું કર્યું? ૬૦ વર્ષ સુધી તમને સમર્થન આપ્યું. આ ગામના કન્યા અને કુમારોની ૪ ટકા કેળવણી? જ્યાં સુધી આ લોકો અભણ હશે, કેળવણી નહીં હોય ત્યાં સુધી તમે જીવિત રહેવાના. અમે કેળવણી લાવીશું ત્યારે અમે નહીં પ્રજા જવાબ આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૬-૦૭માં રૂ.૫૫૩૦ કરોડ, ૨૦૦૭-૦૮માં રૂ.૬૩૪૨ કરોડ અને ૨૦૦૮-૦૯માં ૬૪૭૭ કરોડનું બજેટ આપ્યું છે. આ બતાવે છે કે, તેમને શિક્ષણ પ્રત્યે કેટલો લગાવ છે. ઘણી બધી વાતો હું કરવા માગું છું. પણ ગૃહનો વધારે સમય લેવા માગતો નથી. હું ગૃહનો આભાર માનું છું.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માન્યવર મહોદયશ્રી, સ્વર્ણિમ ગુજરાતના મહામૂલા અવસર પૂર્વે ગુજરાતની ૫.૫ કરોડની જનતાને આ ઐતિહાસિક પુરાંતવાળું બર્ડનલેશ બજેટ લઈને આવ્યા છે એવા નાણામંત્રીશ્રીને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ, નવા ધારાસભ્યશ્રી બોલતા હોય ત્યારે તો સંયમ જાળવો..

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મંદીના કારણે આર્થિક પરિસ્થિતિનો વંટોળ જ્યારે ફૂંકાયો છે ત્યારે ગુજરાત સરકારે તેની વણથંભી વિકાસયાત્રા દ્વારા એનું કામ સતત વિકાસ માટે ચાલુ રાખી અને લોકોના જીવનમાં સુધારો થાય અને સગવડો મળતી રહે એની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા આ બજેટમાં જોગવાઈ કરેલી છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં મોડેલ બનેલા ઔદ્યોગિક ક્ષેત્ર પછી ગુજરાત હવે કૃષિ ક્ષેત્રે પણ મોડેલ બને એને ૯.૬ ટકાનો ધરખમ વધારો કરીને અને યુનોની સંસ્થાએ, ઇન્ટરનૅશનલ ફુડ પૉલિસી રીસર્ચ સંસ્થાએ કૃષિ ઉદ્યોગની પીઠ થાબડી છે અને વિશ્વમાં કૃષિ ક્ષેત્રે ગુજરાતે અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતીય સંસ્કૃતિને વરેલા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, જેની રગે-રગમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો પ્રસ્થાપિત થયા છે. વિપક્ષના લોકો ટીક-ટિપ્પણ કરતા હોય પણ રામચંદ્ર ભગવાનના દર્શન જેમ હનુમાનજીએ પોતાની છાતી ચીરીને કરાવ્યા હતા તેમ વિપક્ષના માણસો જો શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિનંતી કરે તો શ્રી નરેન્દ્રભાઈ એમને છાતી ચીરીને ગુજરાતને કેવું સ્વર્ણિમ બનાવવા માગે છે એ બતાવવા માટે સક્ષમ ઋષીવર્ય નરેન્દ્રભાઈ મોદી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ફારુકભાઈ ઉદેસિંહભાઈને સમજવામાં જરાક વાર લાગે એવી છે તમને.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨-૦૩માં નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીનું પદ ગ્રહણ કર્યુ અને સત્તાના સૂત્રો સંભાળ્યા તે વખતે મહેસૂલી ખાધ ૩૫૬૫ કરોડની હતી પણ એમની આવડત અને દીર્ઘદ્રિષ્ટિ, કુનેહ અને વહીવટી ક્ષમતાના કારણે એમણે ૨૦૦૬ અને ૨૦૦૭માં આ મહેસુલી ખાધ એમણે પૂર્ણ કરી. ગયા વર્ષે મહાનગરપાલિકાઓમાં ઑકટ્રૉય નાબૂદી કરી અને ૧૮૦૦ કરોડનો બોજ જે પડ્યો એ ગુજરાત સરકાર નગરપાલિકાઓને અત્યારે ચૂકવે છે અને તે આવા જ તબક્કામાં બીજી ભારત સરકારે છઠ્ઠા પગારપંચની જે જાહેરાત કરી અને એ જાહેરાતમાં પગાર અને પેન્શનના સુધારા અન્વયે ૪ હજાર કરોડ રૂપિયા ગુજરાત સરકારને

વેઠવા પડયા. આ બધા માહોલમાં આપણા મહેસૂલી ખર્ચમાં ઘરખમ ફેરફાર થયા અને પરિસ્થિતિ વણસી જાય એવી લાગતી હતી છતાંય ગુજરાત સરકારે આમ આદમી ઉપર બજેટમાં કોઈ એવો કર કે બોજો નાખ્યો નથી એ ધન્યવાદને પાત્ર છે. એચ.ડબલ્યુ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન યુનોના તજજ્ઞો ભારતમાં સ્ત્રી મૃત્યુ અને બાળમૃત્યુનું પ્રમાણ ઘટ્યું છે એનો અભ્યાસ કરવા માટે બે એક મહીના પૂર્વે ગુજરાતમાં આવેલા અને એમણે આ અભ્યાસ કર્યો એ યુનોની સંસ્થા પણ ગુજરાતની કેવી લાયકાત અને કેવી કદર કરે છે એ આખા વિશ્વમાં ગુજરાતની નામના પ્રસ્થાપિત કરે છે અને મૅડિકલ સાયન્સમાં એની અનોખી સિદ્ધિ છે એ માટે હું મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ ખૂબ આભાર માનું છું. ભારતીય સંસ્કૃતિમાં વણાયેલા મૂલ્યોને અનુસરીને જ ભારતીય જનતા પાર્ટીની સરકાર વહીવટ કરે છે. મધપૂડો બનાવવા માટે મધમાખીઓ હોય એ જૂદુજુદુ કોઈક પરાગરજ લાવે, તો કોઈ ફુલની પરાગ લાવે, કોઈ મધપુડો તૈયાર કરે અને મધપુડાની રાણી એ બધું એની સલાહ સૂચના પ્રમાણે આ મધપુડો તૈયાર થાય. મધપુડો તૈયાર થયા પછી મધમાખીઓ મધ ખાતી નથી પણ મધની આજુબાજુ લીંપી લે છે. કદાચ કેટલીક માખીઓ મધ ખાતી હશે પણ કવીન એ મધને સ્પર્શ પણ કરતી નથી અને આ તૈયાર કરેલું મધ એ પરોપકાર માટે બીજાના આહાર માટે આપે છે. નરેન્દ્રભાઈ મોદી આ જ સંસ્કૃતિના, આ જ મૂલ્યો એની રગેરગમાં ફેલાયેલા છે એવા આ મુખ્યમંત્રી છે અને બીજી એક વાત કહું કે એ મધમાખીના પૂડાની બાજુમાંએ ગંદુ ઢોર પડેલું હતું અને આગળ માંખો બણબણતી હતી અને એ બણબણતી માખો આ મધપુડા તરફ જોવાની પણ દરકાર કરતી નથી. કોઈક માણસ એવો આવ્યો કે એને વિચાર આવ્યો કે અહીં આગળ મધપુડાની બાજુમાં ગંદકી ફેલાય છે તો એણે ત્યાં આગળ ધૂપસળી લાવીને રોપી દીધી અને ધૂપસળીના કારણે સુગંધ સર્વત્ર પ્રસરી પણ પેલી માખોનું શું થયું, માખો ઉડી અને મધપુડા બાજુ ના ગઈ પણ બીજી ગંદી જગ્યાએ ઢગ પડયો હતો ત્યાં જઈને બેસી, એટલે મારે એ વિનંતી કરવાની કે સારું થતું હોય, સદ્દકાર્ય થતું હોય વિકાસ થતો હોય, ગુજરાતની પ્રગતિ થતી હોય અને ગુજરાત દેદીપ્યમાન વર્લ્ડના તખ્તા તરફ જઈ રહ્યું હોય ત્યારે વિપક્ષ હોય કે પક્ષ હોય, દરેકે સમર્થન આપવું જોઈએ. આટલી વાત કરી વિરમું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, વજુભાઈ વાળા સાહેબ જે બજૅટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાળા સાહેબ તો બહુ સિનિયર છે. નરોત્તમભાઈ પટેલ પણ સિનિયર છે. એમણે વાતો કરી. પણ ગાજ્યા મેહ વરસે નહીં અને ભસ્યા કૂતરાં કરડે નહીં. આ તો સમય સમયની વાત છે. કાબે અર્જુન લૂંટ્યો, વહી ધનુષ વહી બાણ. આ રાજ્યમાં તો પોલંપોલ ચાલે છે. તમને બતાવું કે એટલું બધું સારું ચાલતું નથી. હું તો સરપંચમાંથી ધારાસભ્ય બનીને આવ્યો છું. ૧૫ વર્ષ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનો સભ્ય રહ્યો છું. તમને બધી ખબર ન હોય. આજે ગરીબ લોકોને અને ખેડૂતોને શું લાભ મળે છે? તમે સમજતા નથી. વજુભાઈ વાળાને મેં ઘણી વખત કહ્યું પણ એ બજૅટ રજૂ કરે છે પણ નાના અને સીમાંત ખેડૂત અને ગરીબ લોકો માટે કશું કરતા નથી. શિક્ષણ, શિક્ષણ કર્યે રાખે છે. અમારા માધવસિંહની સરકાર વખતે જોઈએ તો કન્યા કેળવણી ધોરણ-૧ થી કૉલેજ સુધી મફત હતી. આજે કંઈ નથી. અત્યારે તમે સેલ્ફ ફાયનાન્સ કૉલેજો કરી. કેટલા બધા રૂપિયા આપવા પડે છે? ગરીબોના છોકરાઓ, ખેડૂતના છોકરાઓ ભણી જ ન શકે છતાં તમે કહો છો કે અમારું રાજ આવું. તમારા લોકોનું કંઈ સારું નથી. હું તમને દાખલો બતાવું. મારી જોયેલી વસ્તુ કહું છું, કોઈ બોગસ વાત કરતો નથી. હું તો ટેબલે ટેબલે ફરનારો માણસ છું. કાંઈ એ.સી. રૂમમાં બેસનાર માણસ નથી. અત્યારે ઑફિસરો અને મિનિસ્ટરોના બંગલા જુઓ તો કેટલા એ.સી. અને કેટલા બધા રૂમો છે? આટલું બધું શા માટે? થોડી કરકસર કરો. આ બધું ગરીબ લોકોનું છે. ગરીબ લોકોને તમને સાચવતા આવડતું નથી. એને સાચવવા જોઈએ. અમારા કોંગ્રેસના રાજમાં આવું ન હતું. બધા સમજતા હતા. હું તો ફરું છું એટલે મને ખબર છે. અત્યારે ડાર્ક ઝોન કરી નાખ્યા. અમુક તાલુકા કે જિલ્લામાં લાઈટ ન મળે. હું સૌરભ પટેલને કહી કહીને થાક્યો કે તમે નાના અને સીમાંત ખેડૂતો માટે બે હોર્સપાવરની મોટરનું કંઈક કરો. નાના ઉદ્યોગોમાં બે હોર્સપાવરની મંજૂરી આપતા હોય તો ખેડૂતોને આપતા શું થાય છે? ગામડામાં જુઓ તો લોકો, નાના અને સીમાંત ખેડૂતો પશુપાલન ઉપર નભે છે. બે ગાય અને બે ભેંસ રાખે તો જીવી શકે એટલી રોજગારી મળી રહે. નોકરી કરતાં પણ સારું રહે. પણ આ સરકારને કહી કહીને થાક્યો પણ સમજતા જ નથી. ગરીબ લોકો સામે જુઓ. માલદાર તો માલદાર થવાના છે પણ ગરીબ એ ગરીબ જ રહેવાના છે. ગરીબનું કોઈ નથી. મોટી ખુરશી મળી જાય છે એટલે મોટા રાજા થઈ જાય છે. અધિકારી હોય કે પદાધિકારી, ફોન સ્વિચ ઑફ રાખે. આટલું મોટું પદ આપ્યું હોય પછી ફોન શા માટે સ્વિચ ઑફ રાખો છો? આ લોકો માટે છે. લોકો માટે ચૂંટાયા છો. લોકોની હાય નડશે તો ફરી નહીં આવો. નરોત્તમકાકા, કેટલીય પાણીની ટાંકીઓ તાબૂતની જેમ પડી રહી છે એને રિપેર કરો અને ચાલું કરો. હું આપને બતાવું, આપ મારી સાથે મારી ગાડીમાં આવો. હું તમને બતાવું કે પાણી પુરવઠાની યોજનાઓ કેવી થઈ છે. કોઈ કામ બોગસ ન થવું જોઈએ. સરકારના પૈસા વ્યવસ્થિત વાપરવા જોઈએ. આ લોકોના પૈસા છે. અને વ્યવસ્થિત ના વાપરીએ તો શું અર્થ? હું તો બધાને કહું છું કે ટેબલે ટેબલે ફરનારો માણસ છું નહિ કે ભાઈ એ.સી.રૂમમાં બેસી

રહેનારો માણસ છું. હું પાંચ-પચ્ચીસ ગાઉ ચાલનારો માણસ છું. સારા રાજા થઈ જુઓ. જ્યારે સારા રાજા રાજકર્તા હતા એ ગામડે ગામડે ફરતા ત્યારે આ તો *(મારા બેટા) કયાંય જતા નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી નટવટરસિંહ આ શબ્દ પાછા ખેંચી લો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હા, એ શબ્દ હું પાછા ખેંચી લઉં છું. આ તો સાહેબ આ બધા ઠોક ઠોક કરે છેને એટલે મારે બોલવું પડે છે. સાચું બોલતા હોય તો વાંધો નહિ પણ જૂઠું બોલે એટલે મારે બોલવું પડે છે. મારા વડીલ છે વજુભાઈ. સાહેબ, આનું આમ કર્યુ તેમ કર્યુ. એલા ભાઈ આઝાદી કોંગ્રેસેવાળાએ અપાવી છે ભાઈ. ઈન્દિરાજી શહીદ થયા, ગાંધીજી શહીદ થયા, રાજીવ ગાંધી શહીદ થયા કોઈક શહીદ થઈને જોવો તો ખબર પડે ભાઈ. ગુંડારાજમાંથી કોંગ્રેસે છોડાવ્યા. નહિ તો કેવી દશા હતી ખબર છે? વગર લોહી રેડ્યે રાજ કોણે લીધું છે? કોંગ્રેસે લીધું છે. આ તો તમને બધાને ખબર નહિ ગરીબ લોકોની પરિસ્થિતિ કેવી હતો? આ દેશની પરિસ્થિતિ કેવી હતી? એટલે બધું જ કોંગ્રેસે કર્યુ છે. (અંતરાય) સરદાર વલ્લભભાઈ, જવાહરલાલ નહેરું, ગાંધીજી બધાએ આઝાદી અપાવી છે ભાઈ. આઝાદી જીરવતા નહિ આવડતું. તમારે બંગલાવાળાને થોડું આઝાદી જીરવતા શીખો નહિ તો પડી જશો. તમારું હવે આવી રહ્યું છે સમજી લો હવે બહુ નહિ.

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૦૯-૧૦ નું જે અંદાજપત્ર લઈને આવ્યાં છે એને હું આવકારું છું અને એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં ચારેબાજુ મંદીના વાદળો છે એમાં ભારત દેશ કે આપણું રાજ્ય બાકાત રહી શકે તેમ નથી. આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી આ જે સરકારે સાડાપાંચ કરોડની જનતાનું જે સ્વપ્ન છે એ સાકાર કરવા માટે જે આ વિકાસશીલ બજેટ નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે એ ખૂબ આવકારદાયક છે એને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આદિવાસી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાંથી આવ્યો છું. આદિવાસી વિસ્તાર માટે જ્યારે આ જ વિધાનસભાના ફ્લોર ઉપરથી ૧૫૦૦૦ કરોડ રૂપિયાના પેકેજની જ્યારે જાહેરાત થઈ ત્યારે આ પેકેજ પાછળ અનેક અવલોકન થયાં, અનેક ક્રૂરમશ્કરીઓ પણ થઈ અને એ અમારે સ્વીકારવું પણ પડ્યું પણ ચાલુ વર્ષમાં જ્યારે આદિવાસી પટ્ટા માટે ૩૬૬૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે ત્યારે ફરીવાર અભિનંદન આપું છું અને રાજ્ય સરકારને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ પટામાં કેવો વિકાસ હતો? શિક્ષણ પાછળ કેવું ધ્યાન આપવામાં આવતું હતું? ગ્રામ્ય વિસ્તારની અંદર રસ્તાની કેટલી ચિંતા હતી? ગ્રામ્ય વિસ્તારની અંદર પાણીની વ્યવસ્થાની કેટલી ચિંતા થતી હતી એના અમે બધા સાક્ષી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરું. ગ્રામ્ય વિસ્તારની અંદર જ્યારે ઊંડાણના ગામમાં માંડ ગામમાં જ્યારે એક શાળા ચાલતી હોય છે. સામેના મિત્રો ઘણીવાર અવલોકનો કરે છે અને આ બજેટના વ્યંગમાં જ્યારે અમુક શબ્દ સાંભળતો ત્યારે હું પોતે દુઃખી થતો હતો. ગ્રામ્ય વિસ્તારની અંદર શાળા ૭ ધોરણની ચાલતી હોય ત્યારે શાળા કેવી એ પણ અમે જોઈ છે. શાળાની અંદર કેટલા શિક્ષકો હતા એ પણ અમે જોયા છે. માંડ બે શિક્ષકો. એમાં પણ એક ગેરહાજર અને ભૂતકાળના શાસનમાં કેવા શિક્ષકો હતા એ પણ અમે નજરે જોયા છે. બે શિક્ષકો હોય, એક શિક્ષક અમારા વાપી જેવા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં કમાતો હોય અને એકબાજુ એની સ્કૂલમાં હાજરી પણ બોલતી હોય છે એ દિવસો અમે જોયા છેમાનનીય અધ્યક્ષશ્રી, કેવી અપેક્ષા રાખી શકે ? આજે ઉદ્યોગોનો અહીંયા જોર શોરથી જ્યારે એનો વિરોધ થઈ રહ્યો છે, આ ભારતીય જનતા પાર્ટી એ ઉદ્યોગપતિઓની છે એવી રીતે અવલોકનો થાય છે ત્યારે મારે ચોક્કસ કહેવું છે કે, અંકલેશ્વર અને વાપીની અંદર એમના શાસનમાં આ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઊભું થયું છે. આજે પણ ત્યાં રોજમદારો જુઓ તો કદાચ બીજા રાજયોના હશે, પણ શું કારણ? માનનીય અધ્યક્ષશ્રી, ટોટલી ટ્રાયબલ બેલ્ટમાં અમે એની નજીકથી આવેલા લોકો છીએ ત્યાં જો વર્ષો પહેલાં શિક્ષણ પર ધ્યાન આપવામાં આવ્યું હોત તો ચોક્કસ આજે એ રોજમદારો જ્યારે બીજા રાજયોના હોય તો આજે ગુજરાતના હોત. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ પાછળ જ્યારે આ વખતે ૧૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે તે બદલ શિક્ષણ અને નાણા મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આજે છેલ્લા સાત વર્ષોથી જે રીતે આઈ.ટી.આઈ., હું મારા ચીખલી તાલુકાની વાત કરું. અમારા બે જિલ્લાઓ વચ્ચે ફક્ત એક બિલીમોરા ખાતે જ આઈ.ટી.આઈ.

* (              ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યાં.

ચાલતી હતી મારે આજે ગર્વ સાથે કહેવું પડે, ૧૯૯૫ના શાસન પછી ત્રણ આઈ.ટી.આઈ. અને મારે એનાથી આગળ વધીને વાત કરવી છે, અમારા ટ્રાયબલ બેલ્ટમાં શ્રી ઝીણાભાઈ આજે અહીંયા નથી એટલે એમની વાત કરી શકતો નથી પણ છતાં ટ્રાયબલ બેલ્ટમાં ઉત્તર બુનિયાદી સિવાય કોઈપણ માધ્યમિક શાળા મારા લગભગ ખ્યાલ પ્રમાણે ચાલતી નહતી. આજે મારે ચીખલી તાલુકાની વાત કરવી છે, માધ્યમિક શાળા જ નહીં પણ સાત જેટલી વિજ્ઞાન શાળાઓ શરૂ થઈ ગઈ છે. જે રીતે આપણે ઉદ્યોગોને આગમન આપ્યું છે એજ રીતે અમારા દિંઘદૃષ્ટિવાળા માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે પહેલા નક્કી કર્યુ છે કે, ઉદ્યોગો આવે એ પ્રમાણમાં ટૅક્નીકલ શિક્ષણ એના વિદ્યાર્થીઓને મળવું જોઈએ એની વ્યવસ્થા થઈ છે અને એની જોગવાઈ માટે આ શિક્ષણ પાછળ ૧૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આવનારા દિવસોમાં આ જે વિકાસ લક્ષી બજૅટ છે એ ચોક્કસ હું માનું છું કે, ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો હોય કે ગુજરાતના કોઈ પણ માનવ બંધુ માટે ખૂબ જ લાભદાયી નીવડશે એમાં કોઈ શંકા રાખવાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે કૃષિ મહોત્સવો, આજે સામેના લોકોમાંથી હું કેટલાય દિવસોથી સાંભળું છું કે, ભાઈ બસો જ્યારે ઉત્સવો હોય ત્યારે બસો ટોટલી રોકાયેલી હોય છે. આ બસો જ્યારે કૃષિ મહોત્સવ જ્યારે નવસારીમાં ગયો ત્યારે ૨૫ થી ૩૦ હજાર ખેડૂતોએ આ કૃષિ મહોત્સવમાં ભાગ લીધો છે. અને જ્યારે કૃષિ મહોત્સવમાં ખેડૂતો ભાગ લેતા હોય, તજજ્ઞો એની યોજનાઓ વિશેની જાણકારી આપતા હોય, વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટે જ્યારે એની જાણકારી આપતા હોય, આજે ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કૃષિ ક્ષેત્રમાં જે રીતે મારા ગામનો ખેડૂતો સામાન્ય રીતે ત્રણ કે ચાર વીઘા એની પાસે જમીન હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એક ઈસમ જ્યારે ખેતી કરે છે ત્યારે વૈજ્ઞાનિક ઢબે જ્યારે એ ખેતી કરતો જે થયો છે ત્યારે એનું ઉત્પાદન અને એ ઉત્પાદન લીધા પછી જે રીતે એ સારી રીતે કમાય છે કદાચ એ લોકોને અનુભવ નહીં હોય તો મારા ચીખલી તાલુકામાં આવો પાંચ વીઘાનો ખેડૂત પણ આજે મારુતિ લઈને ફરતો થયો છે, આવો હું જાહેરમાં કહું છું. મારા ચીખલી તાલુકાની વાત કરું છું પણ જ્યાં સુધી આ કૃષિ ક્ષેત્રમાં જે રીતે આ સરકારે પૂરેપૂરું ધ્યાન આપ્યું છે કૃષિ મહોત્વસમાં સામેના લોકો ભાગ ન લે તો એમાં અમે શું કરી શકીએ ? જ્યારે ખેડૂત ગામડે ગામડેથી આ કૃષિ મહોત્સવને ચોક્કસ રીતે આવકાર આપી રહ્યા છે અને જે કોઈ તજજ્ઞો દ્વારા એને માહિતી મળે છે એને અનુસરીને એ વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીની વાત કરવાની છે આ શિક્ષણ પાછળ જ્યારે શ્રી નરેન્દ્રભાઈ જ્યારે આ વખતે મારા ચીખલી તાલુકામાં આવ્યા છે અને છેલ્લા પાંચ-છ વર્ષોથી આપણે જે રીતે આ કન્યા કેળવણી મહોત્સવો કે પ્રવેશ મહોત્સવોને જે રીતે પ્રાધાન્ય આપ્યું છે. આદિવાસી સમાજમાં કૌચા કોટવાળ અને હળપતિ સમાજ જે આજ સુધી લોકોની મજૂરી કરવાવાળો સમાજ છે એ પણ આજે પાંચમી છઠ્ઠી પેઢીમાં અત્યારે શિક્ષણ લઈ રહ્યો છે એ પણ જાગૃત બન્યો છે અને આ કન્યા કેળવણી મહોત્સવ ચોક્કસ હું માનું છું કે, જે રીતે લોકોને જોડીને, લોકોને ભાગીદારી બનાવવાની જે આ સરકારની નેમ છે દરેક ક્ષેત્રમાં એ રીતે કન્યા કેળવણી મહોત્સવમાં એક સામાન્ય જ્યારે પ્રજા એ હળપતિ કે કૌચા કોટવાળમાં હોય (સમયસૂચક ઘંટડી) આ જે નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને હું આવકારું છું.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. સભાગૃહનો સમય પૂરો થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર તા. ૯મી જૂલાઈ, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૯મી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૧૮, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર. . . ઓર્ડર.

# તારાંકિત પ્રશ્નો

## વિસનગર અને વિજાપુર રસ્તાને ડામર કરવાની કામગીરી

*** ૯૨૨૩ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) મહેસાણા જિલ્લાના વિસનગર-વિજાપુર રાજ્ય ધોરી માર્ગ પર છેલ્લે ડામર કામ ક્યારે થયું,
(૨) આ રસ્તાનું ડામર કામ કરવાની કામગીરી સરકારે હાથ ધરેલ છે તે હકીકત સાચી છે, અને
(૩) જો હા, તો આ કામગીરી તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) વિસનગર વિજાપુર રાજ્ય ધોરી માર્ગની કુલ ૨૪.૫૦ કિ.મી. લંબાઈ પૈકી ૫.૫૦ કિ.મી. લંબાઈમાં છેલ્લે ડામર કામ વર્ષ ૦૮-૦૯માં થયેલ છે.
(૨) આ રસ્તાના ૧૨.૫૦ કિ.મી. લંબાઈના રસ્તાને પહોળો કરી ડામર કામ કરવાની કામગીરી મંજૂર થયેલ છે.
(૩) ઈજારદાર નક્કી કરવાની વહીવટી પ્રક્રિયામાં.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે કિસાનપથ, પ્રગતિપથ અને વિકાસપથના આયોજનો કરીને જ્યારે રસ્તાના ક્ષેત્રે ગુજરાતને અગ્રીમ રાજ્ય બનાવ્યું છે એવા સમયે મહેસાણા જિલ્લાના કૃષિ અર્થતંત્ર માટે વિશેષ ઉપયોગી એવો આ વિસનગર-વિજાપુર જે સ્ટેટ હાઈવે છે એ સ્ટેટ હાઈવેનું વાઈડનીંગ જેને કહેવાય એ માત્ર સાડા પાંચ મિટરનો રસ્તો છે. મોટાભાગના સ્ટેટ હાઈવે સાત મિટરથી દસ મિટરના કરવામાં આવે છે ત્યારે આ રસ્તામાં હજુ માત્ર અડધા જ રસ્તા માટેનું ટેન્ડરીંગ પ્રક્રિયા થઈ છે ત્યારે મારે આપના મારફત એ જાણવું છે કે આ ૨૫ કિલોમીટરનો સંપૂર્ણ જે સ્ટેટ હાઈવે છે એને સાતથી દસ મિટર પહોળો કરી માત્ર ડામર કામ નહિ પણ મજબુતીકરણ સાથે એને જો પહોળો કરવાનું અને કયા કયા સેકસનમાં કેટલું વાઈડનીંગ કરવામાં આવવાનું છે એ માનનીય મંત્રીશ્રી એટલા માટે કે કેન્દ્રના રેલ્વેમંત્રી પોતાના વતન સુધી રેલવે ટ્રેઈન લઈ જતા હોય છે ત્યારે આ રસ્તામાં જ માનનીય મંત્રીશ્રીનું માદરે વતન પણ આવે છે એટલે આ રસ્તાના વિકાસ માટે આ રસ્તાની ઝડપથી કાર્યવાહી કરવા સરકારનું આયોજન છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિસનગર-વિજાપુર રોડ એમાં એક કિલોમીટરનો જે રસ્તો છે જે વિસનગર શરૂ થાય છે એ ચાર માર્ગીય બનાવી દેવામાં છે અને ૧૫ મિટર પહોળો ચાર માર્ગીય બનાવ્યો છે. ચાર કિલોમિટરનો જે રસ્તો છે એ સાત મીટરનો દ્વિમાર્ગીય રસ્તો બનાવી દેવામાં આવ્યો છે. બીજો અડધા કિલોમીટરનો રસ્તો જે વિજાપુર બાજુનો છે એ પણ ૧૫ મિટર ચાર માર્ગીય બનાવી દેવામાં આવ્યો છે. બાકીનો ૧૨.૫૦ કિલોમીટરનો રસ્તો એ આપણે મંજૂર કર્યો છે એના ટેન્ડર વગેરે આપી દેવામાં આવ્યાં છે અને કામની શરૂઆત પણ કરવામાં આવશે અને તા.૩૧-૩-૨૦૧૦ સુધીમાં આ કામ પૂર્ણ કરવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, બાકી લગભગ ૬.૫૦ કિલોમીટરનો રસ્તો બાકી રહે છે જેનું ટેન્ડર બહાર પાડ્યું છે એ લગભગ ૧૨ ટકા જેટલું નીચું આવ્યું છે એટલે એમાંથી પણ લગભગ ૮૦-૮૫ લાખ જેટલા બચવાના છે અને બાકી રાજ્ય સરકાની જે ગ્રાન્ટ છે એમાંથી આ રોડ લઈ લેવામાં આવશે એટલે ૬.૫૦ કિલામિટર પાછળ લગભગ ૩.૫૦ કરોડ જેટલો ખર્ચ વધારાનો થશે એનો પણ સમાવેશ કરીને પૂરેપૂરો રસ્તો બનાવી દેવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : શ્રી નારણભાઈ..(અંતરાય) પ્રશ્નોત્તરી પછી આપને સાંભળું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) પૂર્વધારણા કેવી રીતે...

**અધ્યક્ષશ્રી** : એ એટલા માટે કે (અંતરાય) પૂર્વધારણાનો પ્રશ્ન નથી. પ્રશ્ન ક્રમાંક: ૨.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે.. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈની સભામોકુફીની દરખાસ્ત પેન્ડિંગ છે. ગઈકાલે ૨૮ જણાની વાત કરી છે, આજે ૧૦૦ ઉપરાંત નવા વિસ્તારોમાં મૃત્યું થયાં છે. ભૂતકાળમાં બધું જ કામ બાજુએ મૂકીને ટેકનીકાલીટીને ધ્યાનમાં રાખીને (અંતરાય) માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોઝીટીવ જવાબ આપવાની વાત કરી હતી અને બે કલાકની ચર્ચા આ ગૃહનું તમામ કાર્ય બંધ રાખીને આપી હતી. લઠ્ઠાકાંડમાં

જ્યારે એક પછી એક બીજા નવા જેવા વિસ્તારમાં લોકો મરે છે ત્યારે આપણે જો સંવેદનશીલ નહિ બનીએ તો એ કઈ રીતે આ ગૃહ ચલાવવા દેવામાં આવશે. (પાટલી થપથપાવવાના સતત અવાજ ચાલુ થયા)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.. (અંતરાય)

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ટેન્ડરની પ્રક્રિયા કયા ઈજારદારને આપી છે અને અનિલભાઈની વાત જોડે સંમત થાઉં છું કે સાત મીટરનો રસ્તો હોવો જોઈએ એની સીચ્યુએશન શું છે અને એનો ખર્ચો શું છે એ જણાવો. ( સતત અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ગઈકાલે આપને (અંતરાય) સમગ્ર મોટા માથા દ્વારા થયો છે. (સતત અંતરાય "લઠ્ઠાના હપતા કોણ ખાય" એવા સૂત્રોચ્ચાર ચાલુ થયા )(અંતરાય)(``લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત, મોદી-અમીત.ના સતત સૂત્રોચ્ચાર વચ્ચે)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈજારદાર કંપની પરફેકટ કન્સટ્રકશન કંપની મહેમદાવાદના છે અને ટેન્ડરની રકમ ૮,૨૦,૨૨,૯૬૨/- રૂપિયાનો ખર્ચ થવાનો છે, ટેન્ડર મંજૂર થયું છે તા. ૭-૭-૦૯ના રોજ મંજૂર થયું છે, કામની શરૂઆત ૯-૭-૦૯ના રોજ અને કામ પૂર્ણ કરવાની તારીખ ૩૧-૩-૦૭સુધીમાં છે અને સાત મીટર રસ્તો પહોળો કરવાનો છે આ માર્ગ અને મકાન વિભાગે નક્કી કર્યુ છે. (અંતરાય તથા સતત સૂત્રોચ્ચાર ચાલુ)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૨.

## જામનગર જિલ્લામાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ હેઠળ મહિલા જૂથો

***૭૬૮૭ પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા મહિલા જૂથોની રચના થઈ,
(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ કરેલ છે, અને
(૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ૩૨૦૩ મહિલા જૂથોની રચના થઈ છે.
(૨) તે પૈકી ૧૪૭૮ મહિલા જૂથોએ આંતરિક ધિરાણ કરેલ છે.
(૩) ૪૨૩ જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : (અંતરાય) (લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત, મોદી-અમીત.ના સતત સૂત્રોચ્ચાર વચ્ચે) માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જામનગર જિલ્લામાં કુલ કેટલા સખી મંડળો કાર્યરત છે અને તે પૈકી કેટલા જૂથો આ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરે છે અને એ પ્રવૃત્તિમાંથી કેટલી આવક ઊભી કરી શકે છે? (અંતરાય) (લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત, મોદી-અમીત.ના સતત સૂત્રોચ્ચાર)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : (અંતરાય) ( લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત, મોદી-અમીત.ના સતત સૂત્રોચ્ચાર વચ્ચે) માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૩૦૪૦ સખી મંડળોની રચના થયેલી છે, જેની કુલ બચત ૧૭૭.૫૮ લાખ રૂપિયા છે, ૧,૪૭૮ સખી મંડળો આર્થિક ધિરાણ કરે છે, ૧,૦૨૮ સખી મંડળોનું ગ્રેડીંગ થયેલ છે, ૯૭૬ સખી મંડળોને રિવોલ્વીંગ ફંડ આપેલ છે, ૯૬ મંડળીઓનું બૅન્ક સાથે ક્રેડિટ લિન્કેજ કરવામાં આવ્યું છે જેની રકમ ૧૯.૬૬ લાખ છે અને એ પૈકી ૩૧-૭-૦૯ની સ્થિતિએ કુલ ૪૨૩ સખી મંડળોને આર્થિક પ્રવૃત્તિ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. (અંતરાય) (સતત સૂત્રોચ્ચાર વચ્ચે )

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ અપાઈ ગયો ? વસુબેન ફરી પૂછો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્ક્ષયશ્રી વસુબેને પૂછેલા પ્રશ્નનો જવાબ આપ્યો છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવૃત્તિ પાછળ કેટલો ખર્ચ અને કેટલી કમાણી બહેનો કરે છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : (અંતરાય) (લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત, મોદી-અમીત.ના સતત સૂત્રોચ્ચાર)માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮માં આંગણવાડી કાર્યકર્તા અને સખી મંડળોની રચના પાછળ તાલીમ કાર્યક્રમ કરવા માટે ૭૨૭.૯૩ લાખો ખર્ચ થયો, પ્રોત્સાહન રકમ ૬૯૪.૬૭ લાખ રૂપિયા આપવામાં આવી છે, સ્વૈચ્છિ સંસ્થાઓને ૨૨૫ લાખ આપવામાં આવ્યા, રિવોલ્વીંગ ફંડ સહાય માટે ૨,૦૦૦/- રૂપિયા આપવામાં આવ્યા, હિસાબના ચોપડા તથા પાસ બૂક માટે ૧૨૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૮-૦૯ના ગાળામાં તાલીમ કાર્યક્રમ કરવા માટે ૫.૨૪ લાખ આપવામાં આવ્યા, પ્રોત્સાહન રકમ માટે ૫૮૮.૧૪ લાખ આપવામાં આવ્યા, સ્વૈચ્છિક સંસ્થાઓને ૨૨૫ લાખ ફાળવવામાં આવ્યા, રિવોલ્વીંગ ફંડ સહાય માટે ૨,૦૦૦/- રૂપિયા આપવામાં આવ્યા, હિસાબના ચોપડા તથા પાસબુક માટે ૫૨ લાખ રૂપિયા આપવામાં આવ્યા. આમ ૨૦૦૭-૦૮માં ૩,૭૬૭.૬૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા અને ૨૮૭૦.૩૯ લાખ ફાળવવામાં આવ્યા. એજ રીતે એન.જી.ઓ. દ્વારા સખી મંડળોની રચના તથા પ્રર્વતમાન જૂથોને સક્રિય કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય

૨૮૫ લાખ રૂપિયા આપવામાં આવી, રિવોલ્વીંગ ફંડ સહાય ૨૫૦ લાખ આપવામાં આવ્યા, હિસાબના ચોપડા તથા પાસબુક માટે ૧૬ લાખ રૂપિયા આપવામાં આવ્યા. એજ રીતે પ્રચાર, પ્રસાર અને માહિતી માટે ૨૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા. ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ અને ડેટા એન્ટ્રી આઉટ સોર્સીંગ માટે ૧૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા, મહિલા સંમેલનો માટે ૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા, અભ્યાસ અને સતત મૂલ્યાંકન કાર્યક્રમ માટે ૨૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા, પ્રોજૅકટ મોનીટરીંગ યુનિટ રાજય કક્ષાને ૧૦.૨૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા, જિલ્લા કક્ષાએ કન્સલ્ટન્ટને ૪૨ લાખ રૂપિયા આપવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૦૭-૦૮નો ખર્ચ મેં આપને બતાવ્યો હવે સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં જે ખર્ચ કરવામાં આવ્યો છે એની વાત હું કરું છું.(લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત" ના સતત સૂત્રોચ્ચાર) એમાં તાલીમ કાર્યક્રમ કરવા માટે ૫.૨૫લાખ આપવામાં આવ્યા, પ્રોત્સાહક રકમ માટે ૫૮૮.૧૪લાખ આપવામાં આવ્યા, સ્વૈચ્છિક સંસ્થાઓને ૨૨૫લાખ ફાળવવામાં આવ્યા, રીવોલ્વીંગ ફંડ સહાય માટે ૨૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા અને હિસાબના ચોપડા તથા પાસબુક માટે ૫૨લાખ રૂપિયા આંગણવાડી કાર્યકર્તાઓને આપવામાં આવ્યા છે. એ જ રીતે એન.જી.ઓ.અને સખી મંડળની રચના કરવા માટે ૨૦૦૮-૦૯માં સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય ૬૩લાખ, રીવોલ્વીંગ ફંડ માટે ૨૦૦લાખ, હિસાબના ચોપડા અને પાસબુક માટે ૪લાખ રૂપિયા આપવામાં આવ્યા. પ્રચાર, પ્રસાર અને માહિતી કાર્યક્રમ માટે કોઈ રકમ ફાળવવામાં આવી નથી. ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ અને ડેટા એન્ટ્રી આઉટ સોર્સીંગ માટે ૧૦લાખ રૂપિયા આપવામાં આવ્યા. મહિલા સંમેલનો માટે ૫૦લાખ રૂપિયા આપવામાં આવ્યા. અભ્યાસ અને સતત મુલ્યાંકન કાર્યક્રમ માટે ૩૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. પ્રોજેકટ મોનીટરીંગ યુનીટ માટે ૧૦.૨૦લાખ રૂપિયા આપવામાં આવ્યા અને જિલ્લા કક્ષાએ કન્સલ્ટન્ટને ૪૨લાખ રૂપિયા આપવામાં આવ્યા. આમ આંગણવાડી કાર્યકર્તા અને એન.જી.ઓને સખી મંડળોની રચના કરવા માટે ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૪૪૯૧.૮૦લાખ રૂપિયા ફાળવ્યા અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩૩૯૫.૫૯લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા. ("લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત" ના સતત સૂત્રોચ્ચાર)

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આંગણવાડી કાર્યકર સખી મંડળની રચના થતાં જુથોને સક્રિય કરવા માટે કુલ કેટલુ ખર્ચ કરવામાં આવ્યું?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી અને એન.જી.ઓ. માટે ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૪૪૯૧લાખ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩૩૯૫.૫૯લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ( "લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત" ના સતત સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યોનો સમય છે અને આપણી પરંપરા રહી છે કે પ્રશ્નોત્તરીના સમયમાં ઝીરો અવર્સની બાબત લેવાની હોતી નથી. કાંતો આપ વોકઆઉટ કરીને બહાર જઈ શકો છો. આ પ્રકારના દેખાવો અને પ્રદર્શનો એ આપણા નિયમો અને પરંપરાથી બાહય ગણવામાં આવે છે. મારે નેઈમ કરવાની પરિસ્થિતિ પેદા થાય એ પહેલાં આપ સભાગૃહની બહાર જઈ શકો છો. ("લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત" ના સતત સૂત્રોચ્ચાર) મારે નેઈમ કરવાની પરિસ્થિતિ આવે એ પહેલાં (અંતરાય) વિપક્ષના નેતાશ્રી, પ્રશ્નોત્તરીના સમય દરમિયાન આપણે આ પ્રકારની ચર્ચાને ઉપસ્થિત કરતા નથી અને આ પ્રદર્શનોને (અંતરાય) ( "લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત" ના સતત સૂત્રોચ્ચાર) **પ્રશ્ન ક્રમાંકઃ૩.**

**વાંકાનેર , દલડી, થાળ, કાછીયા, અને ગારા રોડ પહોળા કરવાની કામગીરી**

*** ૯૧૧૪ શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર, દલડી, થાળ, કાછીયા, ગારા રોડ ઉપર ૩.૬૬ મીટર પહોળાઈમાંથી ૭ મીટર પહોળાઈ કરવાની કામગીરી સરકારે હાથ ધરેલ છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કયા તબકકે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) હાજી.

(૨) ટેન્ડર મંજુર થયેલ છે અને કામનો વર્ક ઓર્ડર તા.૧-૬-૨૦૦૯ના રોજ આપેલ છે.

(લઠ્ઠાના હપ્તા કોણ ખાય, મોદી-અમીતના સૂત્રોચ્ચાર સતત ચાલુ )

**અધ્યક્ષશ્રી** : માનનીય વિપક્ષના નેતા અને વિપક્ષના સભ્યોનું હું નિયમ ૫૧ તરફ આપનું ધ્યાન દોરું છું. અધ્યક્ષના મત પ્રમાણે જે સભ્યની વર્તણૂક અતિશય તોફાની હોય તે સભ્યને અધ્યક્ષ સભાગૃહ છોડી જવાનો આદેશ આપી શકશે અને જે સભ્યને એવી રીતે સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હોય તે સભ્યે તાબડતોબ તેમ કરવાનું રહેશે તેમજ તે દિવસની બેઠકમાં તેઓ હાજરી આપી શકશે નહિ અને તેમણે સભાગૃહની હદ પણ છોડી જવાની રહેશે. જે પ્રકારના પ્રદર્શનો વિપક્ષ દ્વારા થઈ રહ્યા છે, તે નિયમ ૫૧ પ્રમાણે યોગ્ય નથી અને નિયમ ૫૧ નો ઉપયોગ કરતાં પહેલાં હું આપને ચેતવણી આપું છું કે આપ સભાગૃહની બહાર જઈ શકો છો. નિયમ ૫૧ નો ઉપયોગ કરતા પહેલા હું આપને ચેતવણી આપું છું. (સતત સૂત્રોચ્ચાર ચાલુ) (આ તબક્કે વિપક્ષના સભ્યો દ્વારા

કાગળ ફેંકવામાં આવ્યા) નિયમ-૫૧ પ્રમાણે શ્રી શક્તિસિંહજી...શ્રી શક્તિસિંહજી...શ્રી શક્તિસિંહજી, વિપક્ષના નેતા સહિત વિપક્ષના સભ્યશ્રીઓને હું ૫૧ ના નિયમનો ઉપયોગ કરીને વિપક્ષની વર્તણૂક અતિ તોફાની હોવાથી સભાગૃહની બહાર જવા આદેશ કરું છું. (આ તબક્કે વિપક્ષના સભ્યો દ્વારા કાગળ ફેંકવામાં આવ્યા) ત્યારબાદ સાર્જન્ટો દ્વારા વિપક્ષના સભ્યશ્રીઓને વારાફરતી બહાર લઈ જવામાં આવ્યા. ( આ તબક્કે સભ્યશ્રી દ્વારા માઈકો તોડવામાં આવ્યા ) ( સતત સૂત્રોચ્ચાર ચાલુ )

**અધ્યક્ષશ્રી** : શ્રી લાલસિંહભાઈ, આપે માઈક તોડ્યું છે, મેં નજરે જોયું છે, શ્રી લાલસિંહભાઈ, (અંતરાય) ના, ના, આપને હું કહેતો નથી. મેં ચાર વાર ચેતવણી આપી છે, શ્રી લાલસિંહભાઈ, આપે માઈક તોડ્યું છે, જે સભ્યશ્રીએ માઈક તોડ્યું છે એના માઈકના પૈસા એમની પાસેથી વસૂલ કરવામાં આવશે. શ્રી લાલસિંહભાઈ, મેં નજરે જોયું છે. (અંતરાય) કશું કરવાની જરૂર નથી. કોઈ જરૂર નથી, આપ બહાર જાઓ, માઈક આપે તોડ્યું છે મને ખબર છે. (અંતરાય)

## સભ્યશ્રીઓને નેઈમ તેમજ સસ્પેંડ કરવા અંગેનો પ્રસ્તાવ

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૫૧ હેઠળ, આજે ગૃહની સંચાલનની કામગરી આપશ્રી સુપેરે બજાવતા હતા અને પ્રશ્નોત્તરી કાળ પણ ખૂબ વ્યવસ્થિત રીતે ચાલતો હતો, પરંતુ વિપક્ષના નેતા અને વિપક્ષના સભ્યશ્રીઓએ જે રીતે પ્રશ્નોત્તરીકાળની ગરિમાને માન આપી અને પ્રશ્નોત્તરી કાળમાં પોતાની ફરજો અદા કરવી જોઈએ, તેમ કરવાને બદલે એમણે જે રીતના પ્રદર્શનો કર્યા છે જે રીતના ગૃહના સંચાલનમાં વિક્ષેપ પાડવાના અને તોફાની પદ્ધતિ અપનાવી અને આ ગૃહની અંદર ગૃહના માઈક તોડવાની કામગીરી જે લોકોએ કરી છે એ આ ગૃહમાં કયારેય આ પ્રકારની પ્રથા રહી નથી, આવું કરવું એ ગૃહના માટે નુકશાનકારક છે એટલે હું શ્રી અમિતભાઈ ચાવડા, અને અન્ય સભ્યશ્રીઓ કે જેમના માઈક તૂટેલા છે એ બધા જ સભ્યશ્રીઓ પાસેથી આ જે કંઈ ખર્ચ થાય એ ખર્ચની નાણાકીય વસૂલાત કરવા માટેની દરખાસ્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની તોફાની પ્રવૃત્તિ ગૃહમાં કરવી એ કોઈ સંજોગોમાં ચાલે નહીં, માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની જે કામગીરી કરી છે એવા સભ્યશ્રીઓને આ પૂરાય સત્ર દરમિયાન, ગૃહમાંથી સસ્પૅન્ડ કરવા માટેની અને એમને નેઈમ કરવા માટેની હું દરખાસ્ત કરું છું. શ્રી અમિતભાઈ ચાવડા, અને જેમના જેમના માઈક તૂટ્યા છે એ બધા જ સભ્યશ્રીઓને સત્ર પૂરું થાય ત્યાં સુધી પૂરાય સત્ર દરમિયાન એમને સસ્પૅન્ડ કરવા માટેની હું દરખાસ્ત કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે જે સભ્યશ્રીઓએ ગૃહમાં દેખાવો કર્યા છે, તોફાન કર્યું છે અને માઈક તોડવા સુધીની પરાકાષ્ટાએ તોફાન કર્યુ છે અને આ ગૃહને લાંછન લગાડ્યું છે એવા તમામ સભ્યશ્રીઓને સત્ર પૂરું થાય ત્યાં સુધી સસ્પૅન્ડ કરવાની દરખાસ્તને હું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહની શરૂઆત પહેલાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ મને ટેલિફોન કર્યો હતો અને જીરોઅવર્સની માગણી કરી હતી, જીરોઅવર્સની મંજૂરી માટે આપણા ત્યાં પરંપરા રહી છે કે જ્યાં સુધી સંબંધિત માનનીય મંત્રીશ્રી મંજૂરી ના આપે ત્યાં સુધી મુદ્દો ઉપસ્થિત થઈ શક્તો નથી. બીજું, આપણે ત્યાં લોકસભાની અંદર પણ કોઈપણ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તો એ પ્રશ્નોત્તરીકાળ પૂરો થાય ત્યાર પછી ઉપસ્થિત થાય છે, ત્રીજો પ્રશ્ન એ છે કે સભામોકૂફીની દરખાસ્ત વિશે એમણે એમ કહ્યું કે, પેન્ડીંગ પડી છે એ હકીકત ખોટી છે. ગઈ કાલે સભામોકૂફીની દરખાસ્ત નામંજૂર કરતો પત્ર પણ મેં સંબંધિત સભ્યને પાઠવ્યો છે. અને એ સભામોકૂફીની દરખાસ્ત નિયમ ૧૦૮ નીચે એક કલાક પહેલાં એટલે કે સભાગૃહ શરૂ થાય તેના એક કલાક પહેલા મને આપવી જોઈતી હતી. પરંતુ માત્ર પાંચ મિનિટ પહેલા જ મને આપી હતી એ કારણોસર એટલે વિધાનસભાના નિયમ ૧૦૮ નીચે બરોબર સમય મર્યાદામાં નહોતી આવી માટે તેને મેં નામંજૂર કરતો પત્ર એમને લખ્યો છે. આજે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન વિરોધ પક્ષના નેતા સહિતે વાત જે રીતે ઉપાડી છે એ યોગ્ય નથી, જે માઈકો તૂટ્યા છે એ તૂટેલા માઈકોનો બધો ખર્ચો એ જે તે સભ્યના સ્થાન ઉપર માઈક તૂટ્યા છે તેની પાસેથી અને જેમણે માઈકો તોડયા છે એ તોડતા દૃશ્યની કાર્યવાહી હું સાંજે જોઈ લઈશ અને એમાં જે મળી આવશે એમની પાસેથી એના પૈસા વસૂલ કરવામાં આવશે. આ પ્રકારના આદેશો દંડક કૉન્ફરન્સમાં અને લોકસભાએ નક્કી કરેલી આચાર સંહિતામાં છે જ કે વિધાનસભા ગૃહમાં જે કોઈ નુકસાન થાય તેની વસૂલાત જે તે સભ્ય પાસેથી કરવાની ફરજ પડે છે. આજે બીજી પણ રીતે ચર્ચા ઉપસ્થિત કરી શકાય તેવી પરિસ્થિતિ ન હતી એટલા માટે કે હું પરવાનગી પણ ન આપી શકું, આપણો નિયમ ૩૪ જે છે એ બહુ સ્પષ્ટ છે નિયમ ૩૪ (૨) નીચે કોઈ પણ ન્યાયિક અથવા અંશતઃ ન્યાયિક કાર્યો બજાવવા માટે કોઈ પણ કાયદા અન્વયે નિયુક્ત કરેલ કોઈ પણ ટ્રિબ્યુનલ અથવા પ્રાધિકાર સમક્ષ કોઈ પણ બાબતની ચોકસી અથવા તપાસ કરવા નીમેલા કોઈ પણ કમિશન અથવા તપાસણી કોર્ટ સમક્ષ અનિર્ણીત હોય એવી કોઈ પણ બાબત વિશેનો ઉલ્લેખ કરવો નહીં. વિપક્ષના નેતાશ્રી એ ન્યાયિક વ્યવસ્થા અને સંસદીય વ્યવસ્થાનો આગ્રહ રાખતા હોવા છતાં આજે વિપક્ષના નેતા સહિતના સમગ્ર વિપક્ષના સભ્યશ્રીઓએ અસંસદીય મનોવૃત્તિ બતાવી છે એ ખરેખર દુઃખદ છે અને જે દિશા તરફ આપણે સંસદીય વાતાવરણ સર્જીને આગળ જવા માગીએ છીએ એના માટે ખૂબ ઘાતક છે.આ પ્રશ્નની ચર્ચા નિયમ ૩૪ અન્વયે પણ

આપી શકાય તેવી કોઈ સ્થિતિ મારી પાસે હતી જ નહીં કારણ કે, નિયમ ૩૪ બહુ સ્પષ્ટ કહે છે કે કોઈ ન્યાયિક કમિશન નિમાયું હોય તો ચર્ચા ન થઈ શકે, એ ગઈ કાલે જ આ સભાગૃહની અંદર માનનીય રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી ન્યાયિક કમિશન કમલ મહેતાનું નિમાયું તે અંગેની વાત કરી હતી અને એ અંગનું નોટિફિકેશન બહાર પડી ગયું છે એટલે એ ન્યાયિક કમિશનની નિમણૂક થયા પછી કોઈપણ સભ્ય આ સભાગૃહના સભ્ય હોય કે આ સભાગૃહના સભ્ય ન હોય એવો કોઈ પણ નાગરિક એ ન્યાયિક કમિશન પાસે જઈને આ અંગેની વાત કરી શકે છે. એટલે એ જ વાત અહીંયા કરવા દેવાની આપણો નિયમ ૩૪ તેની મર્યાદામાં મને પણ મંજૂરી આપતો નથી આ ચર્ચા ઉપસ્થિત થઈ શકે એવી પરિસ્થિતિ જ ન હતી એટલે એવી ચર્ચા અહીંયા અકાલીન ઊભી કરવાનો પ્રયાસ થાય એ યોગ્ય જ નથી. અને એ અકાલીન ચર્ચા ઊભી કર્યા પછી જો વિરોધ પક્ષના નેતાશ્રી સંસદીય બાબતોના ખૂબ જ્ઞાતા હોય તો એમણે એમના સભ્યોને રોકવા જોઈતા હતા કે આ જાતના માઈકો તોડે નહીં અને આ જાતના સૂત્રોચાર પણ ન થાય જે સૂત્રોચારની અંદર જે જાતના વાક્યો વપરાયા છે એ વાક્યો અને સૂત્રોચારને હું સભાગૃહની કાર્યવાહીનો ભાગ ગણતો જ નથી અને જે બાબત સભાગૃહની કાર્યવાહી ન ગણાય કારણ કે સભાગૃહની કાર્યવાહી હતી જ નહીં મેં એને મંજૂરી આપી જ ન હતી માટે એ બાબત સભાગૃહની કાર્યવાહી ન ગણાય એવો મારો આદેશ છે એટલે એ જાતના ઉલ્લેખો પણ માધ્યમો દ્વારા થાય નહીં અને પ્રસારિત ન થાય એના પૂરતી પણ એ મર્યાદા રહે એ ખૂબજ જરૂરી છે, કારણ કે જે વસ્તુ આ સભાગૃહની કાર્યવાહીનો ભાગ ન હોય એને આપણે પ્રદર્શિત કરી શકતા નથી અથવા પ્રસારિત કરી શકતા નથી અને એટલે આવા દૃશ્યોને પણ બતાવવા દૃશ્ય વિશેના વર્ણન કરવા એ યોગ્ય નથી ગણાતું અને એટલે ફરીથી પુનરોકિતના દોષ સાથે કહું છે કે આજના દૃશ્યોનો હેતુ કોઈ હતો નહીં અને કોઈ હેતુ વિનાના હતા અને રાજકીય પણ કહી શકાય તે પ્રમાણેના હતા.અને એટલે જ આવા દૃશ્યો કે આ ચર્ચા અને આ મંચ એટલા માટે નથી, આ સભાગૃહમાં ગઈકાલે નિયમ-૪૪ નીચે, નિયમોની મર્યાદામાં પણ નહોતું આવતું, પરંતુ પરિસ્થિતિની ગંભીરતા જોતાં એની સંપૂર્ણ ચર્ચા ગઈકાલે થઈ ગઈ હતી અને માનનીય રાજય ગૃહમંત્રીશ્રીએ પણ એનો સંપૂર્ણ જવાબ આપેલો હતો, એટલે એક વિષય ઉપર ચર્ચા થઈ ગઈ હોય એની ફરીથી ચર્ચા કરવા દેવાની પણ મને આપણી વિધાનસભાના નિયમો મંજૂરી આપતા નથી અને એટલે પણ હું ચર્ચા આપી શકું તેમ હતો નહિ, નિયમ-૩૪ નીચે પણ હું ચર્ચા ના આપી શકું, ગઈકાલે એની ચર્ચા થઈ ગઈ હતી માટે એની પુનરોક્તિ ન કરી શકું અને પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન તો આવી ચર્ચાને હું ઉપસ્થિત થવા ન દઈ શકું, આ ત્રણેય વસ્તુ સંસદીય પ્રણાલિકાઓ અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમનો ભંગ કરતી હોવાના કારણે આ સમગ્ર દેખાવોના જે દૃશ્યો થયાં છે તે યોગ્ય નથી, વ્યાજબી નથી અને આ સભાગૃહને શોભા અપાવે તેવા નથી,

શ્રી આર.સી. ફળદુએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે, અને નીતિનભાઈએ જેને સમર્થન આપ્યું છે તે પ્રસ્તાવને હું મત માટે મૂકીશ.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે પસાર કરવામાં આવ્યો.**

# તારાંકિત પ્રશ્નો (ક્રમશઃ)

### જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના છાપરી ગામ પાસે દેવકા નદી પર હયાત કૉઝવે

***૮૭૯૨ શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : **માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના છાપરી ગામ પાસે દેવકા નદી ઉપર હયાત કૉઝવે છે, તેને કારણે ચોમાસામાં ભારે પૂરના સમયે આઠ આઠ દિવસ સુધી બીમાર માણસ કે ડિલિવરી કેસને દવાખાને લઈ જ શકાતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ કૉઝવેને સ્થાને પુલ બનાવી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે શી કાર્યવાહી થઈ છે,

(૩) પુલ બનાવીને આ સમસ્યાના કાયમી ઉકેલ ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે અને ક્યાં સુધીમાં પૂર્ણ થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ચોમાસામાં ભારે વરસાદ/પુરના સમયે ૬ થી ૮ કલાક રસ્તો બંધ રહે છે.

(૨) અને (૩) નાણાકીય ઉપબ્ધતા અન્વયે કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી અમુક વસ્તુ જાણતાં પહેલાં હું એ વિસ્તારમાંથી આવું છું. દેવકા નદી ઉપર જે કૉઝવે હયાત છે તે ૧૯૯૫ પછી જ થયો છે, અહીંયાથી કહેતાં દુઃખ થાય છે કે સામેથી જે ભાઈઓ કહેતા હતા કે, એ ૧૯૯૫ પહેલાં ત્યાં આઠ આઠ દિવસ ગામમાં જવાતું નહોતું, નાળા સહિત બધું ખાઈ ગયા છે અને ૧૯૯૫ પછી જ આપણી સરકારે આ કૉઝવે કર્યો છે અને મંત્રીશ્રીએ નાણાંની ઉપલબ્ધિ થાય ત્યારે ફરી આ ઊંચો કૉઝવે લેવાનું કામ હાથ પર લેવાનું કહ્યું છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ કેટલા સમયમાં કરવા માગો છો અને ક્યારે કરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** ઇન્ડિયન રોડ, કોંગ્રેસના ધારાધોરણ મુજબ રાજય ધોરી માર્ગ ઉપર ચોમાસામાં ત્રણ વખત બાર કલાક રસ્તો બંધ રહે તેમજ ગ્રામ્ય માર્ગ માટે છ વખત ૨૪ કલાક સુધી રસ્તો બંધ

રહે ત્યાંસુધી રસ્તાને બારમાસી રસ્તો ગણવામાં આવે છે, આ જે વિસ્તાર છે જે દેવકા નદી ઉપર હયાત કૉઝવે છે, એમાં વર્ષ ૨૦૦૬ના ચોમાસામાં બે વખત બે થી ત્રણ કલાક રસ્તો બંધ રહ્યો છે, ૨૦૦૭ના ચોમાસામાં ત્રણ વખત ૬ થી ૧૦ કલાક રસ્તો બંધ રહ્યો છે, વર્ષ ૨૦૦૮ના ચોમાસામાં બે વખત બે થી ત્રણ કલાક રસ્તો બંધ રહ્યો છે અને એટલા માટે નીતિ નિયમો અનુસાર આ જે રોડ છે, એને આપણે કરી શકતા નથી, પરંતુ કૉઝવેની જે લંબાઈ અને તૂટેલો ભાગ વિગેરે છે એને આપણે રિપેર કરી દઈશું, જ્યારે બજેટની જોગવાઈ કરવામાં આવશે ત્યારે આ રોડ લેવામાં આવશે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે નદીમાં પાણી આવે ત્યારે આ કૉઝવે પાર કરી શકાતો ન હોય તો છેલ્લાં ત્રણ વર્ષમાં આ કૉઝવે ઉપરથી કેટલીવાર ઓવરટોપીંગ થયેલ છે,

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** આમ તો મેં જવાબ આપ્યો છે, ૨૦૦૬ના ચોમાસામાં બે વખત બે થી ત્રણ કલાક ઓવર ટોપીંગ થયેલ છે, ૨૦૦૭ના ચોમાસામાં ત્રણ વખત છ થી દસ કલાક ઓવરટોપીંગ થયું છે અને ૨૦૦૮માં ચોમાસામાં બે વખત બે થી ત્રણ કલાક ઓવરટોપીંગ થયેલ છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છાપરી ગામે ભારે ચોમાસા દરમ્યાન વેરાવળ તાલુકા મથકે પહોંચવા અન્ય કોઈ વૈકલ્પિક રસ્તો છે અને છે તો તે કેટલા કિલોમીટરનો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છાપરી ગામને વેરાવળ તાલુકા મથકે પહોંચવા માટે બે રસ્તાઓ છે. એક છાપરી-લાછડી-અકાળા-ઉમરેઠી- વેરાવળ ૨૮ કિલોમીટર અને બીજો છે છાપરી-લાછડી-અકાળા-ઉકળીયા-ઉમરાળા-એંણાજ-વેરાવળ જે ૨૬ કિલોમીટરનો રસ્તો છે અને આ રસ્તાએ જતાં આઠ થી દશ કલાક જેટલો સમય લાગે છે.

### વારાહી-કોરડા રસ્તાનું મજબૂતીકરણ કરવા અંગે

*** ૯૨૧૧ શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પાટણ જિલ્લામાં વારાહી-કોરડા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માગે છે કે કેમ,

(૨) જો હા તો, આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તો ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) રસ્તાને મજબૂતીકરણ કરવાનું કામ મંજૂર થયેલ છે.

(૨) અંદાજે રૂપિયા ૧૨૪.૧૦ લાખનો ખર્ચ થનાર છે.

(૩) ડામર કામ પૂર્ણ થયેલ છે, અન્ય કામગીરી પ્રગતિમાં છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાના આ સાંતલપુર તાલુકામાં પાર્ટીના કામ અર્થે આ બધા જ ગામડાંઓનો મેં પ્રવાસ કરેલો છે ત્યારે એ ગામડાંના રસ્તાઓની જે હાલત હતી અને આજે સાંતલપુર અને સમગ્ર પાટણના ગામડાંઓના રસ્તાઓના મજબૂતીકરણ માટે જે ઝડપથી કામ સમગ્ર પાટણ જિલ્લામાં થઈ રહ્યું છે તેના માટે માનનીય મંત્રીશ્રીને પ્રથમ તો ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ૧૨૪.૧૦ લાખના ખર્ચે વારાહી-કોરડાના રસ્તાનું મજબૂતીકરણનું કામ ચાલુ છે આ રસ્તો કેટલા ગામોને જોડે છે અને અંદાજિત કેટલી વસતિને તેનો લાભ થવાનો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વારાહીનો જે રોડ છે તે ઘણો અગત્યનો રોડ છે. અને ઘણાં વખતથી તેની માગણી થતી હતી તેમ છતાં રોડ થતો નહોતો પરંતુ આપણે ૮૧ લાખ રૂપિયાના ખર્ચે આ રોડને પૂર્ણ કર્યો છે અને થોડુંક જે સાઈડની દીવાલો હોય તેનું જ કામ બાકી છે. આ રસ્તાને કારણે વારાહી ગામના ૮૮૦૨ લોકોને તેનો લાભ મળવાનો છે. સેરપુરામાં ૮૪૬ની વસતિ છે તેને લાભ મળવાનો છે. જારૂસા ગામની અંદર ૧૮૨૩ની વસતિ છે તેને લાભ મળવાનો છે. અને કોરડા ગામની ૩૮૧૪ વસતિ છે તેમને એટલે કે ચાર ગામના આટલાં લોકોને આ રોડ થવાથી તેનો લાભ પ્રાપ્ત થવાનો છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરહદી વિસ્તારનો ખૂબ અગત્યનો અને ઉપયોગી એવો આ રસ્તો ૧૨૪.૧૦ લાખના ખર્ચે માનનીય મંત્રીશ્રીએ મંજૂર કર્યો છે તેમના માટે તે વિસ્તારના લોક પ્રતિનિધિ તરીકે હું તેમનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું હતું કે, ડામર કામનું કામ અત્યારે લગભગ પૂર્ણ થવા આવ્યું છે તો બાકીના જે મજબૂતીકરણ કરવા માટેના કામો છે તે શું શું છે? એક અને બીજું મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું હતું કે રસ્તાને મજબૂત કરવા માટે અને પહોળો કરવા માટે રાજય સરકારના ધોરણો શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાને પહોળો કરવા માટેના આ ધોરણો છે સીંગલ સ્ટાન્ડર્ડ લેન ૩.૭૫ મીટર હોય અને દૈનિક ટ્રાફિક વહન શકિત પી.સી.યુ. ૨૦૦૦ હોય intermediate two lane સાડા પાંચ મીટરનો કરવાનો હોય તો દૈનિક ટ્રાફિક વહન શકિત ૬ હજારની હોય અને સ્ટાન્ડર્ડ ટુ લેન સાત મીટર કરવાનો હોય તો ૧૫ હજાર પી.સી.યુ. પર ડે હોય તો એ રસ્તાને આપણે પહોળો કરતાં હોઈએ છીએ આ એનું સ્ટાન્ડર્ડ છે. રસ્તો લગભગ પૂર્ણ થયો છે. સાઈડનું જે સોલ્ડરીંગનું જ કામ બાકી છે અને તે પણ આ મહિનાની અંદર પૂર્ણ થઈ જશે.

**ખેડા જિલ્લામાં રસ્તાઓનું મજબૂતીકરણ કરવા અંગે**

*** ૯૨૨૮ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં મહીશા-ચેતર-સુજલા-ઓચીરાતા-રાતી, પોરડા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને ?

(૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** :

(૧) સદર રસ્તાને મજબૂતીકરણ કરવાનું આયોજન હતું

(૨) આ કામગીરી માટે રૂપિયા ૧૩૩..૨ લાખનો ખર્ચ અંદાજેલ હતો.

(૩) સદર રસ્તાની કામગીરી ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૩ લાખના ખર્ચે થયેલ આ રસ્તો મહીશા ચેતરસુજલા, ઓચીરાતા રાનીપુરાના આ રસ્તાથી કેટલાં ગામોને અને કેટલી વસતિને લાભ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાથી મઈસા ગામની બે હજારની વસતિ, ચેતરસુજલાની ત્રણ હજારની વસતિ ઓજરાડાની ૧૬૭૩ની વસતિ અને રાતી પોરડાની ૧૬૧૧ની વસતિ આમ કુલ આઠેક હજારની વસતિને આ રોડનો લાભ પ્રાપ્ત થશે.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માંગુ છું કે, અંદાજ મુજબ આ ટેન્ડરમાં શું કામગીરી કરવાની હતી આ કામ ક્યારે મંજૂર થયું અને ક્યારે પૂર્ણ થશે? ટેન્ડરમાં ૧૨.૬ કિલોમીટરની લંબાઈમાં ૩૭.૫૦ મી.મી. બી.એસ.જી, કારપેટ સીલકોટની કામગીરી કરવાની હતી. આ ઉપરાંત ૯૦૦ મી.મી. વ્યાસના ત્રણ નાળા કરવાના હતા. આ કામ તારીખ ૧૯/૧૧/૨૦૦૮થી શરૂ કરીને અગિયાર માસમાં પૂર્ણ કરવાની સમય મર્યાદા હતી, રસ્તો પૂર્ણ થયો છે. ત્રણ નંગ નાળા કરવાના હતા એમાંથી બે નંગ નાળા પૂર્ણ થઈ ગયા છે અને એક નાળું પ્રગતિમાં છે. ખર્ચ અત્યારસુધીમાં એક કરોડ થયો છે. અને એકાદ મહિનામાં બાકીનું કામ પૂર્ણ થઈ જશે.

**ખેડૂતને પ્રમાણપત્રો મેળવવા અંગે**

*** ૯૧૯૭ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડૂત પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવા સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો કેવા પ્રકારના પગલાં લીધાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧) હા,જી.

(૨) ખેડૂત પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા તાજેતરમાં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

૧. જે ખેડૂતની તમામ જમીન સંપાદનમાં જતી હોય તેને વળતર ચૂકવતી વખતે અથવા જમીનનો કબજો સંભાળતી વખતે જ પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરેલ છે. આવા પ્રમાણપત્રમાં ખેડૂતના કુટુંબના તમામ સભ્યોના નામોનો સમાવેશ કરવા તથા આવા પ્રમાણપત્ર માટે ખેડૂત પાસેથી કોઈ આધાર પુરાવા પણ નહીં માગવાની જોગવાઈ થયેલ છે તેમજ પ્રમાણપત્ર મળ્યા પછી ખેડૂતને ત્રણ વર્ષ સુધીમાં રાજયમાં અન્ય જગ્યાએ જમીન ખરીદવાની છૂટ આપવાની જોગવાઈ કરેલ છે.

૨. રાજયમાં કોઈપણ જગ્યાએ જમીન ધરાવતા ખેડૂતને અન્ય જગ્યાએ જમીન ખરીદવા માટે વેચાણ રાખનારની ફોટા સહીતની એફીડેવીટ, જૂની જગ્યાના ૭-૧૨, ૮-અ અને એન્ટ્રીની પ્રમાણિત નકલો રજૂ કર્યેથી એન્ટ્રી પ્રમાણિત કરવાની કાર્યવાહી કરવા માટેની જોગવાઈ કરેલ છે.

૩. વેચાણના કિસ્સામાં વેચાણની નોંધણી સમયે જ આપોઆપ ખેડૂત પ્રમાણપત્ર આપવા તથા બે વર્ષમાં અન્ય જગ્યાએ જમીન ખરીદવાની જોગવાઈ કરવામાં આવી છે.

૪. એકત્રિકરણ કાયદાના અમલીકરણના કારણે કૌટુંબિક વહેંચણીના પરિણામે પોતાનો ભાગ જતો કરનાર સભ્યનો ખેડૂત તરીકેનો દરજ્જો ચાલુ રાખવા કલેકટરનું પ્રમાણપત્ર મળ્યા

તારીખથી ત્રણ વર્ષની સમય મર્યાદામાં રાજયમાં અન્ય સ્થળે ખેતીની જમીન ખરીદવાની જોગવાઈ કરવામાં આવી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : ખેડૂતને અન્ય જગ્યાએ જમીન ખરીદવા માટે પ્રમાણપત્ર મેળવવાનું થતું હોય છે. ટંકારા તાલુકામાં આવા પ્રમાણપત્ર મેળવવા માટે કેટલા ખેડૂતોની અરજીઓ અત્યારસુધીમાં પેન્ડિંગ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: ૩૦/૬/૦૯ની સ્થિતિએ ટંકારા તાલુકામાં ખેડૂત પ્રમાણપત્ર આપવાની બે અરજીઓ પડતર છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કોઈપણ ખેડૂત અન્ય જગ્યાએ જમીન ખરીદે છે, ત્યારે એને પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે. મારે એ જાણવું છે કે આ પ્રમાણપત્ર જમીન ખરીદ્યા પછી જરૂરી છે કે જમીન ખરીદ્યા પહેલા જરૂરી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: જમીન ખરીદ્યા પહેલા પ્રમાણપત્ર લેવાનું હોય, પણ ખરીદતા પહેલા ૭-૧૨ કે ૮-અનો ઉતારો આપવાનો હોતો નથી. જમીન ખરીદી લીધા પછી જ એ આધાર પુરાવા આપવાના હોય છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : રાજકોટ જિલ્લામાં ખેડૂત પ્રમાણપત્રની કેટલી અરજીઓ આવેલી છે અને તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયેલો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૨૬/૧૨/૦૮ના પરિપત્ર પ્રમાણે ૩૦/૬/૦૯ની સ્થિતિએ ૨૨ ખેડૂત પ્રમાણપત્રની અરજી પડતર છે અને થોડા સમયમાં એનું કામ પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે સંપાદન થતી જમીનમાં ૨૬/૧૨/૦૮ પછી કેટલા પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવ્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: જામનગર જિલ્લાના, માહિતી છે, પણ રાજકોટ જિલ્લાના જ આપું ને.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન જનરલ છે, એટલે જિલ્લાવાર માહિતી છે, તમારી પાસે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: અત્યાર સુધીમાં રાજકોટ જિલ્લામાં ૭૦૮૨ અરજીઓ આવી, એમાંથી ૬૮૨૯ અરજીઓનો નિકાલ કર્યો છે, એટલે કે પ્રમાણપત્રો આપી દેવામાં આવ્યા છે, પડતર ૨૨ છે અને ૨૩૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

### બાવળા તાલુકામાં રોડની સપાટી સુધારણાની કામગીરી

*** શ્રી ૯૨૩૦ કાન્તિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં ભામસરા-કાણોતર રોડની સપાટી સુધારણાનું કામ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે?

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે, અને

(૩) કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) હા, જી

(૨) આ કામ માટે અંદાજે રૂા. ૬૧.૦૦ લાખનો ખર્ચ થનાર છે.

(૩) તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ભામસરા-કાણોતર રોડની વાત છે. કાણોતર એ નળ કાંઠાનું ગામ છે અને બીજા રસ્તાઓ સાથે જોડાયેલું નથી. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં રોડ આખાને આખા ખવાઈ જતા હતા. મેટલની ગાડીઓ ડામરના પીપો એ બધું ખાઈ જતા હતા અને એમને બધું હજમ પણ થઈ જતું હતું. પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આ રોડ એવા મજબૂતીકરણવાળા બને છે. એના માટે ૬૧ લાખની રકમ જે મંજૂર કરી છે અને ૩૧/૧૨ સુધીમાં આ રોડ પૂરો કરવાનો છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, પહેલા જે રોડ બનતા હતા, એ રોડની સાઈડમાં માટીકામ ન થાય, ગાંડા બાવળ કપાય નહીં અને એમને એમ રોડ બની જાય અને પછી બિલો બનીને પૈસા લઈ લેતા હતા. અત્યારે આ સરકારમાં મારા વિસ્તારમાં બે રોડ જયારે પહેલા બન્યા હતા, અને એનું કામ થોડું નબળું થયું હતું. ગામ લોકોએ રજૂઆત કરી. બેનને રજૂઆત થઈ, માનનીય મંત્રીશ્રીને, એટલે એ રોડ ફરી બનાવરાવ્યા કોન્ટ્રાકટર પાસે. એટલે આખા રોડ ફરી બનાવ્યા અને એનું મજબૂતીકરણ કર્યુ. તો આવું કડક વલણ રાખી અને રોડ સારો બનાવ્યો અને તેના કારણે ગામડાંઓને રોડની વ્યવસ્થા મળી છે. હવે આ માટી કામ કરવાનું છે તેના ખર્ચમાં આ રોડની આજુબાજુના ગાંડા બાવળ કાપવા માટેનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એ વાત સાચી છે કે જયારે હું બાવળા કોઈ કાર્યક્રમમાં ગઈ હતી ત્યારે માનનીય ધારાસભ્યશ્રીએ રજૂઆત કરી હતી કે આ રોડ હમણાં જ બન્યો છે અને તૂટી ગયો છે. એટલે મેં મારા વિભાગને સૂચના આપી છે કે જેમણે આ રોડ બનાવ્યો છે તેમણે પોતાના ખર્ચે ફરીથી બનાવી આપવો. બે મહિનામાં એમણે આ રોડ બનાવી આપ્યો છે. એટલે વિભાગની આ પ્રમાણેની કામગીરીના કારણે રોડના કામોમાં

મજબૂતાઈ અને ઝડપ આવવા માંડી છે. બીજી વાત બાવળ કાપવાની છે તો એનો આમાં સમાવેશ થતો નથી. માત્ર રોડ અને ડામરના કામનો જ સમાવેશ થાય છે. પણ જો આ રોડ ઉપર અથવા તો બીજા કોઈ પણ રોડ ઉપર બાવળ વધી ગયા હશે તો તેને કાપવા માટેની મંજૂરી મેળવી અને કામગીરીનો આરંભ કરવામાં આવશે. જેથી વાહન વ્યવહારને મુશ્કેલી પડે નહીં.

**શહેરા અને લુણાવાડા તાલુકામાં નિરાધાર વિધવા બહેનોને સહાયની અરજીઓ**

***૯૦૫૯ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન શહેરા અને લૂણાવાડા તાલુકામાં કેટલી નિરાધાર વિધવાઓની અરજીઓ સમય મર્યાદા બહારની આવી,

(૨) કેટલી વિધવાઓની વિધવા સહાય બંધ કરી, અને

(૩) તે પૈકી વિધવા મહિલાઓને સહાય ચૂકવવા સરકાર વિચારણા કરવા માગે છે કે કેમ?

**મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન શહેરા તાલુકામાં ૨૪ અને લુણાવાડા તાલુકામાં ૩૧ મળી, કુલ ૫૫ નિરાધાર વિધવાઓની અરજીઓ સમય મર્યાદા બહારની આવી.

(૨) શહેરા તાલુકામાં ૫૩ અને લુણાવાડા તાલુકામાં ૬૩ મળી કુલ ૧૧૬ વિધવાઓની વિધવા સહાય બંધ કરી.

(૩) ના, જી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં વિધવા સહાયની રકમ કયા માસ સુધીની જમા કરાવવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પંચમહાલ જિલ્લામાં વિધવા પેન્સનની રકમ જૂનના અંત સુધીની મંજૂર કરવામાં આવી છે અને મહિલાઓના પોષ્ટના ખાતામાં જમા થઈ ગઈ છે.

**જુનાગઢ-ઈવનગર-મેંદરડા રસ્તાનું મજબૂતીકરણ કરવા અંગે**

***૯૨૨૨ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ-ઈવનગર-મેંદરડા રસ્તાને મજબૂતી કરણ અને પહોળો કરવા સરકાર માગે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તો ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) રૂા. ૧૧.૬૮ કરોડ

(૩) કામ શરૂ કરવા માટે હાલમાં વર્ક ઓર્ડર આપેલ છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ રસ્તાની લંબાઈ કેટલી છે અને તે કેટલા મીટર પહોળો કરવાનું આયોજન છે. આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ રસ્તાની લંબાઈ ૨૦.૨૩ કિલો મીટર લંબાઈનો છે. ડામરની સપાટી ૭ મિટરપહોળી કરવાની છે. તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં આ કામ પૂરું કરવામાં આવશે. ટેન્ડરની રકમ ૧૧.૬૮ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવી છે. અને ટેન્ડર પણ બહાર પડી ગયા છે. અંબર બિલ્ડર્સ, ધોરાજીને આ કામગીરી આપી દેવામાં આવી છે. અને કામગીરી હવે શરૂ થવાની છે. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં પૂરી કરવાની છે. આ રસ્તાને કારણે મેંદરડા તાલુકાને જુનાગઢ સાથે જોડતો ટૂંકામાં ટૂંકો ત્યાંના નાગરિકોને પ્રાપ્ત થવાનો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આ રસ્તો થવાથી આ રસ્તાનાં કયા કયા ગામોની કેટલી વસતિને તેનો લાભ થશે.? પ્રશ્ન બે, કે આ કામ કઈ યોજનામાં મંજૂર થયેલું છે અને તેના અંદાજોમાં શું કામગીરી થયેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ યોજના નાબાર્ડ હેઠળ મંજૂર કરવામાં આવી છે. આ રસ્તો બનશે ત્યારે મેંદરડા તાલુકામાંથી જુનાગઢને જોડતો ટૂંકામાં ટૂંકો રસ્તો બનશે. તેની વચ્ચે મેંદરડાની ૩૫ હજારની વસતિ, ઈવનગરની ૨૫૦૦, સોનારડી ૮૬૮, મહોબત્તપુર ૨૨૪૬, ખડપીપળી ૧૦૦૦, વસપડા ૮૯૨, આલીન્દ્રા ૨૫૦૦ એમ લગભગ ૪૫ હજાર લોકોને તેનાથી ફાયદો થવાનો છે. આ રસ્તાની લંબાઈ ૨૦.૨૩ કિલો મીટરની છે અને ૭ મીટર પહોળાઈનો રસ્તો બનાવવાનોછે. અને ૬ મીટરના બે ગાળાના માઈનોર બ્રીજ થશે, અને હયાત નાળા પહોળા કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ રસ્તો કયા વર્ષમાં મંજૂર કરવામાં આવ્યો હતો, કઈ યોજના નીચે મંજૂર કરેલ છે અને આ રસ્તો સ્ટેટનો છે કે પંચાયતનો, એનાથી કેટલા ગામોને લાભ થનાર છે અને

રાજય સરકારે આ રસ્તા પાછળ અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કરેલ છે અને બાકી રહેલ કામ ક્યારે પૂર્ણ કરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : નાબાર્ડ યોજના નીચે આ રસ્તો મંજૂર થયો છે. ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં મંજૂર કરવામાં આવેલ છે. ૨૮૧.૨૩ લાખની અંદાજે મંજૂરી આપી છે. આ રસ્તો થવાને કારણે વલઘાતની ૧૧૩૨ની વસતિ, માકડાની ૧૫૨૦ની વસતિ, વાલનની ૧૨૧૮ની વસતિ, અલુરાની ૭૧૩ની વસતિ, પાલીની ૧૪૪૨ની વસતિ, વાસદારૂઢીની ૭૪૯ની વસતિ, મીરાપુર ગામની ૩૦૪ની વસતિ, ખાનપુરની ૧૩૯૮ની વસતિ, ડુંગરની ૧૫૮૧ની વસતિ, ચીખલીની ૧૪૭૫ની વસતિ એમ કુલ મળીને ૧૧૫૩૨ લોકોને આ રસ્તો બનવાથી ફાયદો થવાનો છે. આ રસ્તાનું વાઈડનીંગનું ૧૬.૬૦ કિલોમીટરનું કામ પૂરું કરી દેવામાં આવ્યું છે. એના મજબૂતીકરણ, ડામર કામ પૂરુ કરી દેવામાં આવ્યું છે. નાળા નંગ નવ પૂરા થઈ ગયા છે. માત્ર રોડ ફર્નિસ અને સાઈડ સોલ્ડરનું કામ હાલમાં પ્રગતિમાં છે એટલે એકાદ મહિનામાં આ રોડ ફર્નિસ અને સાઈડ સોલ્ડરનું કામ પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : આ રસ્તાની કેટલી લંબાઈની કામગીરી મંજૂર કરેલી અને કેટલા મીટર પહોળો રસ્તો કરવાનું આયોજન છે તથા આ કામ માટે કેટલો ખર્ચ થવાનો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૧૬.૬ કિલોમીટરની લંબાઈ છે તથા પહોળાઈ ૩ મીટરમાંથી ૩.૭૫ મીટર કરવાનું મંજૂર થયેલ છે. ૩૦-૬-૨૦૦૯ સુધીમાં ૨૫૯ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : આ રસ્તો કઈ યોજના નીચે મંજૂર થયેલો છે. ટેન્ડરમાં શું કામગીરીની જોગવાઈ કરેલી છે તથા આ રસ્તાની કેટલા ગામોને લાભ મળશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ટેન્ડરમાં ૧૬.૬ કિલોમીટર લંબાઈમાં ૩ મીટરમાંથી ૩.૭૫ મીટર રસ્તો પહોળો કરવાનો છે. લંબાઈ, બી.એ.સી. કારપૅટ સીલકોટ એટલું કરવાનું છે. નવ નંગ પાઈપનાળા કરવાની જોગવાઈ છે. વલઘાત વાલન અને ખાનપુર વગેરે ગામોની આશરે ૧૨૦૦૦ની વસતિને આનો લાભ પ્રાપ્ત થવાનો છે.

## પાટણ જિલ્લામાં વારાહી અને કોરડા રસ્તાને મજબૂતીકરણ કરવા અંગે

*** ૯૧૨૩ શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લામાં વરાહી-કોરડા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માગે છે કે કેમ,
(૨) જો હા, તો, આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થવાનો છે, અને
(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિ એ આ કામગીરી કયા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) રસ્તાને મજબૂતીકરણ કરવાનું કામ મંજૂર થયેલ છે.
(૨) અંદાજે રૂા. ૧૨૪.૧૦ લાખનો ખર્ચ થનાર છે.
(૩) ડામરકામ પૂર્ણ થયેલ છે, અન્ય કામગીરી પ્રગતિમાં છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ પ્રશ્ન ક્રમાંક: ૬ની અંદર મળી ગયેલ છે એટલે મારે કંઈ કહેવાનું રહેતું નથી.

## બનાસકાંઠા જિલ્લામાં રેવન્યુની જમીનમાં થયેલ દબાણ

*** ૯૦૯૮ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રેવન્યુની જમીનમાં થયેલા કેટલા દબાણો દૂર કરવામાં આવેલ છે,
(૨) આવા દબાણો જિલ્લાના કયા કયા તાલુકામાંથી દૂર કરવામાં આવેલ છે,
(૩) દબાણો દૂર કર્યા પછી ઉક્ત સ્થિતિએ આવી જમીનો કઈ પરિસ્થિતિમાં છે, અને
(૪) દબાણો દૂર કર્યા પછીની જે જમીનો ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લી થયેલ છે તે જમીનનો ઉપયોગ શું કામ માટે કરવાનું આયોજન છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

૧૦૧ દબાણો દૂર કરવામાં આવેલ છે.
(૧) નીચેના તાલુકાઓમાંથી દબાણો દૂર કરાવેલ છે.

| તાલુકાનું નામ | દૂર કરાવેલ દબાણોની સંખ્યા |
|---|---|
| ૧. પાલનપુર | ૧૩ |
| ૨. વડગામ | ૧ |
| ૩. દાંતીવાડા | ૫ |
| ૪. અમીરગઢ | ૭ |
| ૫. ડીસા | ૧૩ |
| ૬. ધાનેરા | ૧ |
| ૭. કાંકરેજ | ૨૮ |
| ૮. થરાદ | ૬ |
| ૯. વાવ | ૧૫ |
| ૧૦. દિયોદર | ૧૨ |
| કુલ | ૧૦૧ |

(૨) જમીનો ખુલ્લી છે.

(૩) જાહેર હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી અને તે સિવાયની જમીનોનો ઉપયોગ સરકારશ્રીની નીતિ મુજબ કરવાનું આયોજન છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા પ્રશ્નના જવાબમાં બનાસકાંઠા જિલ્લાની અંદર ૧૦૧ દબાણો દૂર કરવામાં આવ્યા છે અને હાલ એ ખુલ્લી જમીન છે એવો જવાબ આપવામાં આવ્યો છે. દબાણ હટાવવામાં આવે છે એની પછી તરત જ જે તે વ્યકિતનું દબાણ હોય છે એ લોકો બે-ચાર દિવસમાં ફરીથી કબજો કરી દેતા હોય છે. એટલે જે હેતુ માટે ગામતળ પ્લોટીંગ માટે એ દબાણો ખૂલ્લા કરાવ્યા હોય એ હેતુ પૂરો થતો નથી તેવા સંજોગોમાં એ દબાણો ખૂલ્લા છે કે કેમ અને ફરીથી દબાણો ન થાય એના માટે સરકાર કંઈ કામ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : દબાણો ખુલ્લા થયા પછી એ જમીન ખુલ્લી ત્યાં હોય છે. પરંતુ જયારે ગ્રામજનો અને સરપંચ વગેરે ગામતળ નીમ કરવા માટે અરજી કરતાં હોય છે ત્યારે ગામતળ નીમ કરીને આવાસ યોજના બનાવવા માટે આપી દેવામાં આવતી હોય છે. કલેકટરશ્રીઓને પણ સૂચના આપવામાં આવેલી છે કે જે કોઈ જમીનો ખુલ્લી થાય તેના ઉપર ફરીથી દબાણો ન થાય તેની કાળજી રાખવામાં આવે. સરપંચશ્રી અને તલાટીને જાણ કરવામાં આવી છે કે આ જમીન ખુલ્લી થઈ છે તેના ઉપર ફરીથી દબાણો ન થાય તે ધ્યાન રાખવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કાંકરેજ તાલુકામાં જે ૨૮ દબાણો દૂર કરેલ છે તે કયા કયા ગામોના છે?

**અધ્યક્ષશ્રી** : ૨૮ ગામોની યાદી વાંચ્યા વિના..

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હું વાંચી કાઢું.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકજો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સાહેબ, આમાં એક જ ગામ છે. વીઘાનેસડા, તે ગામની અંદર જે દબાણો છે એ બધા જ દબાણો દૂર કરવામાં આવ્યા છે. એટલે આખા ગામના જેટલા દબાણો હતા તે બધા દબાણો દૂર કરવામાં આવ્યા છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે કુલ ૧૦૧ દબાણો દૂર કરવામાં આવ્યા તેમાં કુલ કેટલી રેવન્યુ જમીન ખુલ્લી કરવામાં આવી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : તેમાં ૧૩૪ હેકટર જમીન ખુલ્લી કરવામાં આવી છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ડીસા તાલુકામાં ૧૩ દબાણો દૂર કરાયા છે. તેમાં ખેતીના દબાણો કેટલા હતા એ મારે જાણવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવી ખેતી કે તેની અલગ માહિતી મારી પાસે નથી પરંતુ લગભગ ચાર-પાંચ ગામોના દબાણો દૂર કરવામાં આવ્યાં છે.

**અમદાવાદ જિલ્લામાં રસ્તાનું મજબૂતીકરણ કરવા અંગે**

***૯૨૨૯ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. અમદાવાદ જિલ્લામાં કુમાર ખાણ-જેજર-અસલગામ જેતપુર રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માગે છે કે કેમ?

૨. જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે અને

૩. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

૧. હા,જી.

૨. આ કામ માટે અંદાજે ૧૯૮ લાખનો ખર્ચ થનાર છે.

૩. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રસ્તાના મંજૂર થયેલ ૧૨.૫ કિ.મી. લંબાઈ પૈકી ૯ કિ.મી. લંબાઈમાં મેટલ કામ પૂર્ણ થયેલ છે તેમજ ૨૦૦ મીટર લંબાઈમાં સી.સી. રોડનું કામ પૂર્ણ થયેલ છે. બાકીની કામગીરી પ્રગતિમાં.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાના આ જેતપુર ગામના રોડ માટે બે કરોડ જેવી માતબર રકમ ફાળવી અને ૭૫ ટકા જેટલું કામ પૂરું થયું છે. મને જવાબથી સંતોષ છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામ કઈ યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યું?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના નાબાર્ડમાં મંજૂર કરવામાં આવી છે અને ૨૩-૬-૨૦૧૦ સુધીમાં એને પૂર્ણ કરવામાં આવનાર છે. ૧૨.૫ કિલોમીટરની લંબાઈનો આ રોડ છે. એમાં ૯ કિલોમીટરનું વાઈડનીંગનું કામ પૂર્ણ થયું છે. એમાં પાંચ નાળાનું કામ પ્રગતિમાં છે. પ્રોટેકટીવ વૉલ અને સી.સી. રોડ, જે સી.સી. રોડ ૨૦૦ મીટર બનાવવાનો હતો એ કામ પણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૩૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. ૧૯૮ લાખ રૂપિયાનું ટેન્ડર હતું. બાકીનું જે કામ છે એ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો મારા મતવિસ્તારમાં આવેલો છે. પહેલાં તો સરખેજથી કરીને માળિયા સુધી ૧૭૦૪ કરોડ રૂપિયાના ખર્ચે સરસ મજાનો ફોરલેન હાઈવે મંજૂર કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથે સાથે આ કુમાર ખાણ-જેજર-અસલગામ જેતપુર રોડ, આ કામના ટેન્ડરમાં શું કરવાની જોગવાઈ છે અને આ કામ પેટે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨.૫ કિલોમીટર લંબાઈમાં ૩ મીટરની પહોળાઈની જગ્યાએ ૩.૭૫ મીટર પહોળાઈ કરવાની છે. એમાં. બી.એસ.જી., કાર્પેટ, સીલકોટનું કામ કરવાની જોગવાઈ છે. એમાં પાંચ નાળા કરવાના છે અને ૨૦૦ મીટર લંબાઈમાં સી.સી. રોડની જોગવાઈ કરવામાં આવી છે. આ કામ પેટે ૩૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી કમાભાઈ, તમારા વિસ્તારમાં રાકેશભાઈ કયાંથી આવી ગયા?

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ રોડની કામગીરી કયાં સુધી પૂર્ણ કરવામાં આવશે અને આ રોડ બનવાથી કેટલા ગામોને એનો ફાયદો થશે? આ રોડ પણ નળકાંઠા વિસ્તારનો વર્ષોથી માગણીવાળો રોડ હતો. એ મંજૂર કર્યો છે એ માટે અભિનંદન આપું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રોડ પૂર્ણ થઈ ગયો છે. થોડુંક કામ એનું બાકી છે જે એકાદ મહિનાની અંદર પૂર્ણ થશે અને આઠેક ગામોને એનો લાભ મળવાનો છે.

## વલસાડ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

***૯૧૯૭ શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ (ગણદેવી)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં વિધવા સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

૨. તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને

૩. નામંજૂર થવાના કારણો શાં છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

૧. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં વિધવા સહાય મેળવવા માટે ૮૪૯ અરજીઓ આવી,

૨. તેમાંથી ૬૯૨ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૭૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

૩. નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૭ |
| ૨. સમયમર્યાદામાં અરજી કરેલ ન હોવાથી | ૩૧ |
| ૩. વાર્ષિક આવક વધારે હોવાથી | ૨૫ |
| ૪. અન્ય રીતે | ૧૫ |
| કુલ | ૭૮ |

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે અને પહેલી અતારાંકિત પ્રશ્નોની યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં સુવિધા

૯૨૪૧ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી અને વીજળીકરણની સુવિધાઓ નથી, અને

(૨) સદર શાળાઓમાં સુવિધા કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

પીવાના પાણીની સુવિધા છે. ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા ન હતી. તે પૈકી એક શાળામાં વીજળીકરણનું કામ પૂર્ણ થયું છે. બાકીની બે શાળાઓમાં સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

------------

### સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓની મરામત પાછળ થયેલ ખર્ચ

૯૧૦૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તાલુકાવાર રસ્તાઓની મરામત પાછળ તા. ૩૧-૩-૦૯ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આવી મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં જ રસ્તાઓ તૂટી ગયા હોય તેવા કેટલા રસ્તાઓ છે?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તાલુકાવાર રસ્તાઓની ચાલુ તથા ખાસ મરામત પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | રસ્તા મરામત પાછળ કરવામાં આવેલ ખર્ચ રૂા. લાખમાં | |
|---|---|---|
| | વર્ષ ૨૦૦૭-૦૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
| ઈડર | ૧૭૪.૧૪ | ૧૦૮.૩૭ |
| ભીલોડા | ૧૩૦.૧૯ | ૨૮૫.૭૬ |
| હિંમતનગર | ૪૨૭.૯૬ | ૪૮૧.૫૯ |
| વિજયનગર | ૧૪૨.૩૮ | ૩૨.૪૧ |
| વડાલી | ૫૮.૪૮ | ૧૮૪.૩૫ |
| ધનસુરા | ૧૦૪.૯૯ | ૨૦.૩૭ |
| મોડાસા | ૨૨૩.૦૬ | ૪૪૬.૬૦ |
| ખેડબ્રહ્મા | ૯૧.૨૭ | ૩૮૫.૭૯ |
| પ્રાંતિજ | ૧૦૮.૦૨ | ૩૯૦.૮૬ |
| માલપુર | ૯૪.૮૮ | ૧૦૪.૫૯ |
| બાયડ | ૧૯૪.૩૧ | ૪૬૬.૦૦ |
| મેઘરજ | ૩૩૮.૪૨ | ૩૩.૬૬ |
| તલોદ | ૧૦૩.૪૮ | ૫૬.૮૩ |
| **કુલ :-** | **૨૧૯૧.૫૮** | **૨૯૯૭.૧૮** |

(૨) સાબરકાંઠા જિલ્લામાં ખાસ મરામત હેઠળ સને ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮૫-૦૯ દરમ્યાન કરવામાં આવેલ રસ્તાઓ પૈકી કોઇ રસ્તાઓ ટુંકા ગાળામાં તૂટી ગયા નથી.

------------

### અમદાવાદ જિલ્લામાં કૃષિ સહાય પેકેજ અન્વયે મળેલ રકમ

૯૧૩૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭માં આવેલ અતિવૃષ્ટિ દરમ્યાન જાહેર કરેલ કૃષિ-સહાય પેકેજ યોજના પછી તે અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના કેટલા ખેડૂતોને કેટલા રૂપિયા સહાય ચૂકવવામાં આવી, અને

(૨) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવાશે?

**જવાબ**

(૧) કૃષિ સહાય પેકેજ યોજના-૨૦૦૭ હેઠળ અમદાવાદ જિલ્લાના ૯૪૩૨૩ ખેડુતોને રૂા. ૪૭,૨૩,૯૩,૧૮૯/- સહાય ચુકવવામાં આવી.

(૨) તા. ૩૦-૮-૦૯ સુધીમાં.

------------

### રાજ્યની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા

૭૮૯૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ સુધીમાં રાજ્યની શાળાઓમાં ફાયર સેફ્ટીની કોઈજ વ્યવસ્થાઓ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) કેટલીક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ન હોવા અંગેનું ધ્યાન પર આવેલ છે. |
| (૨) જો હા, તો આવી શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિ સુધીમાં કોઈ આદેશો બહાર પાડ્યા છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

### લખતર પાટડી તાલુકામાં અતિવૃષ્ટિથી મળેલ સહાય

૯૧૪૭ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૮-૦૯માં સુરેન્દ્રનગર જિલ્લાના લખતર અને પાટડી તાલુકામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોની જમીન ધોવાણ અને પાક નુકશાન સહાય સરકાર તરફથી મંજૂર કરવામાં આવી છે, અને | (૧) ના જી, |
| (૨) જો હા, તો કેટલી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### રાજ્યમાં કાર્યરત ફાર્મસી કોલેજો

૭૩૭૩ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલી ફાર્મસી કોલેજો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કાર્યરત છે, | (૧) ફાર્મસીની ૭૯ ડીગ્રી કોલેજો અને ડીપ્લોમાની ૧૬ કોલેજો આવેલી છે. |
| (૨) તે પૈકીની કેટલી કોલેજોએ ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાની મંજૂરી મેળવેલી છે, | (૨) ૧૪ ડીગ્રી ફાર્મસી કોલેજો અને ૦૯ ડીપ્લોમા ફાર્મસી કોલેજોએ મંજૂરી મેળવેલી છે. |
| (૩) કેટલી કોલેજોએ ઉક્ત કાઉન્સિલની મંજૂરી મેળવી નથી, | (૩) ૬૫ ડીગ્રી ફાર્મસી કોલેજો અને ૦૭ ડીપ્લોમા ફાર્મસી કોલેજોએ મંજૂરી મેળવેલ નથી. |
| (૪) કાઉન્સિલની મંજૂરી વગર ચાલતી ઉક્ત કોલેજોના વિદ્યાર્થીઓને ભણ્યા પછી ઉભી થનારી હાડમારીઓ બચાવવા સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૪) ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા એક્ટ ૧૯૪૮ મુજબ મંજૂરી મેળવવાની જવાબદારી જે તે સંસ્થાની છે. છતાં પણ સરકારશ્રીએ નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.<br>૧. પ્રવેશ સમિતિ અમદાવાદે સંબંધિત ડીગ્રી/ડીપ્લોમા ફાર્મસી કોલેજોના આચાર્યશ્રીઓને મંજૂરી મેળવવા માટે જરૂરી સૂચના આપવામાં આવેલ છે.<br>૨. જે સંસ્થાઓ પી.સી.આઈ.ની મંજૂરી મેળવવામાં નિષ્ફળ જશે તેવી સંસ્થાઓને આવતા વર્ષથી વિદ્યાર્થીઓની ફાળવણી નહી કરવા વિચારણા કરવામાં આવશે.<br>૩. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાએ તા. ૧૫-૯-૨૦૦૯ સુધીમાં અરજી કરવાની મુદત રાખેલ છે. |

### આણંદ જિલ્લાની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા

૮૩૦૩ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધાઓ નથી, અને | (૧) **અં.** જે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા નથી તેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે. |

| અ.ન. | તાલુકાનું નામ | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોરસદ | ૦૨ |

| | | |
|---|---|---|
| ૨ | પેટલાદ | ૦૩ |
| ૩ | સોજીત્રા | ૦૩ |
| ૪ | ઉમરેઠ | ૦૩ |
| | કુલ :- | ૧૧ |

**બ.** પ્રાથમિક શાળાઓમાં સુવિધા નથી.

(૨) આવી ફાયર સેફટી સુવિધાઓ ઉભી કરવા સરકારે ક્યારે આદેશો બહાર પાડ્યા?

(૨) (૧) તા. ૧૬-૭-૦૪ (૨) તા. ૩૧-૭-૦૪ (૩) તા. ૨૮-૫-૦૯

------------

**રાજ્યમાં પ્રાથમિક/માધ્યમિક શાળામાં ફી વધારવા બાબત**

૭૪૯૩ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ દ્વારા તાજેતરમાં ભારે ફી વધારો કરીને વાલીઓ ઉપર મોટો આર્થિક બોજો નાખીને શિક્ષણને મોંઘુ કરવામાં આવ્યું હોવાની બાબત સરકારના ધ્યાનમાં આવી છે કે કેમ,

(૨) શાળાઓ દ્વારા કરવામાં આવતા આવા બેફામ ફી વધારા માટે સરકાર તરફથી કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી શાળાઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) સરકાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓને કોઈ આર્થિક સહાય કરતી ના હોવાથી તેમની ફી જાતે નક્કી કરે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદી પર પૂલ બનાવવાની કામગીરી**

૯૨૨૧**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાનાં જરોદ-સમલાયા રસ્તા પર વિશ્વામિત્રી નદી પર પૂલ બનાવવાની કામગીરી સરકારે હાથ ધરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નકશા અંદાજોને વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિમાં છે.

------------

**તલોદ અને ધાન્ધા વાસણ રસ્તાને મજબૂતીકરણ કરવા અંગે**

૯૨૩૨**શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તલોદ-ધાન્ધા વાસણ રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ કામ માટે અંદાજીત રૂા. ૧,૬૪,૯૫,૯૦૦/- નો ખર્ચ થનાર છે.

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સદર રસ્તાની કામગીરી જળબધ્ધ સપાટી સુધી પૂર્ણ થયેલ છે અને ધાન્ધા વાસણ તરફ સ્લેબ ડ્રેઈનની કામગીરી પ્રગતિમાં છે.

------------

### પાલનપુર ખાતેની ભાડાના મકાનમાં બેસતી સરકારી ક્ચેરીઓ

૯૨૨૫ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર ખાતેની ભાડાના મકાનમાં બેસતી સરકારી ક્ચેરીઓ માટે પોતાનું મકાન ઉપલબ્ધ કરાવવા સરકાર માંગે છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) આ કામના ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |

------------

### બાલાસિનોર તાલુકાના પૃથ્વી રાજ પુરા કઢેયા ઉપર પુલ

૭૩૭૭ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના પૃથ્વીરાજ પુરા કઢેયા વચ્ચે ખારવા કોતર પર પુલ બનાવવાની કાર્યવાહી તા. ૩૧/૫/૦૯ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) સદર પુલ બનાવવાના વિગતવાર નક્શા અંદાજો આલેખન વર્તુળ (મા.મ.) વિભાગમાં તાંત્રિક ચકાસણી હેઠળ છે. |
| (૨) તે અંગે કેટલો અંદાજીત ખર્ચ થશે, અને | (૨) આ કામ માટે રૂા. ૧૪૬ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ? | (૩) ટેન્ડર તા. ૧-૯-૦૯ સુધીમાં માંગવાનું આયોજન છે. ટેન્ડરમાં સમય મર્યાદા ૧૨ માસ રાખવાનું આયોજન છે. |

------------

### ગારીયાધાર તાલુકામાં પંચાયત અને રાજ્ય હસ્તકના રસ્તાઓ

૮૮૩૧ **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિહોર અને ગારીયાધાર તાલુકામાં પાંચ વર્ષથી વધારે સમય થયો હોય તેવા પંચાયત અને રાજ્ય હસ્તકના કેટલા રસ્તાઓના તા. ૧/૬/૦૯ની સ્થિતિએ સુધારણા બાકી છે, અને<br>(૨) જે રસ્તાઓની સુધારણા પાંચ વર્ષથી વધારે સમયથી ન થયેલ હોય તેવા રસ્તાઓના સુધારણા માટે સરકાર શું કરવા માંગે છે ? | (૧) અને (૨)<br>રસ્તાઓને દર પાંચ વર્ષે સુધારણા કરવાનું કોઈ ધોરણ નથી. રસ્તાની અગત્યતા, વાહનવ્યવહારનું ભારણ તથા નાણાકીય જોગવાઈ મુજબ નિર્ણય લેવામાં આવે છે. |

------------

### સાહોલ, કીમ અને માંડવી રોડ પહોળો કરવાની કામગીરી

૯૧૧૭ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં સાહોલ, કીમ, માંડવી રોડ કિ.મી. ૦/૦ થી ૧૪/૦ ને પહોળો કરવા કામગીરી સરકારે હાથ ધરેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) કી. મી. ૬/૦ થી ૧૪/૨ ની કામગીરી હાથ ધરેલ છે. |
| (૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) કામની એજન્સી નક્કી કરવાની કામગીરી પ્રગતિમાં હતી. ટેન્ડર તા. ૧૨-૬-૦૯ના રોજ મંજૂર કરેલ છે. |

------------

### વડોદરા જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની માર્કેટ સેસમાં વધારો

૭૮૮૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના કરજણમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તા. ૧૩/૪/૦૬ થી તા. ૩૧/૩/૦૭ સુધીમાં માર્કેટ સેસમાં કરાયેલા વધારા મુજબ માર્કેટ સેસ | (૧) ના, જી. |

| | |
|---|---|
| વસુલ કરવામાં આવે છે કે કેમ, અને | |
| (૨) આ માર્કેટ સેસની વસુલાત અંગે કેટલી ફરિયાદો તા. ૩૧/૫/૦૯ સુધીમાં મળી છે તે સામે સરકારે શાં પગલાં લીધા છે ? | (૨) ૨(બે) આ બે ફરિયાદો ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઈ તળેના અર્ધન્યાયિક ફોરમ ધ્વારા અપીલ/રીવીઝન તબક્કે ગ્રાહ્ય રાખવામાં આવી નથી. |

------------

**ટ્રાયબલ તાલુકામાં સાયન્સ વિભાગવાળી સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરુ કરવા બાબત**

૮૭૬૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના કેટલા ટ્રાયબલ તાલુકા મથકોએ સાયન્સ વિભાગવાળી સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તા. ૩૧/૫/૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વષમાં શરુ કરવામાં આવી, | (૧) ૧૬ |
| (૨) કેટલા ટ્રાયબલ તાલુકાઓ હજી પણ ઉચ્ચત્તર માધ્યમિક સાયન્સ સ્કૂલો વગરના છે, અને | (૨) જુલાઈ-૨૦૦૯ની સ્થિતિએ એક પણ તાલુકો બાકી નથી. |
| (૩) ક્યાં સુધી સરકાર આવી સ્કૂલો શરુ કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ભાવનગર જિલ્લામાં કૃષિ સહાય પેકેજ અન્વયે મળેલ રકમ**

૯૧૩૭ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭માં આવેલ અતિવૃષ્ટિ દરમ્યાન જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ યોજના પછી તે અન્વયે તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) તા.૩૧-૫-૦૯ ની સ્થિતીએ ૧૮૭૧૨ ખેડુતોને રૂા. ૮.૬૧ કરોડની સહાય ચુકવવામાં આવી. |
| (૨) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૨) તા.૩૦-૦૮-૦૯ સુધીમાં. |

------------

**તલોદ અને ધાન્ધા વાસણ રસ્તાને મજબૂતીકરણ કરવા અંગે**

૯૨૧૫ **શ્રી દિલીપસિંહ પરમાર(મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તલોદ-ધાન્ધા વાસણ રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ માટે અંદાજે રૂા.૧,૬૪,૯૫,૯૦૦/-નો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ સદર રસ્તાની કામગીરી જળબધ્ધ સપાટી સુધી પુર્ણ થયેલ છે અને ધાન્ધા વાસણ તરફ સ્લેબ ડ્રેઈનની કામગીરી પ્રગતિમાં છે. |

**દાહોદ જિલ્લામાં ઘર વિહોણા કુટુંબને સહાય**

૭૨૫૩ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આગ અકસ્માતમાં મકાન બળી જવાના કેટલા કેસ નોંધાયા, | (૧) ૧૧૪ કેસો. |
| (૨) તે પેકી કેટલા કુંટુંબોને કેટલી સહાય ચુકવી, અને | (૨) તે પેકી ૮૪ કુટુંબોને રૂા. ૨,૨૯,૩૫૦/-ની સહાય ચૂકવવામાં આવી. |
| (૩) આવા ઘરવિહોણા કુટુંબ માટે સરકારનું પુનઃ | (૩)હાલમાં સરકારશ્રીની સ્થાયી સુચનાઓ મુજબ ઘર |

વસવાટ માટે શું આયોજન છે?

વખરી સહાય, મકાન સહાય અને સંપૂર્ણ નાશ માટે કેશડોલ આપવામાં આવે છે. તે સિવાય અન્ય સહાયની જોગવાઈ અમલમાં નથી.

## પંચમહાલ જિલ્લામાં પશુ દવાખાનાઓ

**૭૨૫૮શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પશુ દવાખાનાઓની તાલુકાવાર કેટલી સંખ્યા છે.

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૮ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પશુદવાખાનાઓની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | પશુદવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૪ |
| ૨ | મોરવા (હ) | ૩ |
| ૩ | શહેરા | ૫ |
| ૪ | લુણાવાડા | ૪ |
| ૫ | ખાનપુર | ૧ |
| ૬ | કડાણા | ૧ |
| ૭ | સંતરામપુર | ૩ |
| ૮ | કાલોલ | ૩ |
| ૯ | હાલોલ | ૩ |
| ૧૦ | જાબું ઘોડા | ૧ |
| ૧૧ | ઘોઘંબા | ૧ |
| | કુલ : | ૨૯ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલી જ્ગ્યાઓ સામે સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ક્યા તાલુકામાં કેટલા સમયથી ખાલી છે, અને

(૨) વિગતો પત્રક-૧ માં સામેલ છે.

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

(૩) ૧. પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ ની જ્ગ્યાઓ માસીક રૂા.૧૩૦૦૦/-ના ફીક્સ પગારથી ૧૧ માસના કરારના ધોરણે (એડહોક) ભરવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

૨. ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા સીધી ભરતીથી પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ ની નિયમિત ભરતી કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

ડ્રેસર/એટેન્ડન્ટ વર્ગ-૪ ની ખાલી જ્ગ્યાઓ ભરવા જીલ્લા પંચાયત, પંચમહાલને જણાવવામાં આવેલ છે.

### પત્રક -૧
### સંવર્ગવાર, તાલુકાવાર ખાલી જ્ગ્યાની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | | | ડ્રેસર વર્ગ-૪ | | | એટેન્ડંટ/પટાવાળા/એટેન્ડંટ કમ ડ્રેસર વર્ગ-૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ખાલી | કઇ તારીખથી ખાલી છે. | મંજૂર | ખાલી | કઇ તારીખથી ખાલી છે. | મંજૂર | ખાલી | કઇ તારીખથી ખાલી છે. |
| ૧ | ગોધરા | ૪ | ૩ | ૧૩-૯-૦૭<br>૩૦-૬-૦૮<br>૧-૪-૦૬ | ૧ | ૦ | - | ૩ | ૧ | ૧-૪-૦૬ |
| ૨ | મોહવા(હ) | ૩ | ૧ | ૧-૨-૦૭ | ૩ | ૧ | ૧-૨-૦૬ | ૨ | ૦ | - |
| ૩ | શહેરા | ૫ | ૩ | ૧૧-૧૦-૦૪<br>૨૨-૬-૦૬<br>૧૫-૧૦-૦૭ | ૨ | ૦ | - | ૫ | ૩ | ૩૦-૬-૦૧<br>૨૮-૭-૦૭<br>૧-૭-૨૦૦૦ |
| ૪ | લુણાવાડા | ૪ | ૩ | ૧૪-૧૦-૦૪<br>૧૫-૮-૦૩<br>૧-૪-૦૬ | ૧ | ૦ | - | ૫ | ૩ | ૩૦-૬-૦૭<br>૩૦-૪-૦૩<br>૧-૪-૦૬ |
| ૫ | ખાનપુર | ૧ | ૦ | - | ૧ | ૦ | - | ૦ | ૦ | - |

| ક્રમ | તાલુકાનું નામ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | | | ડ્રેસર વર્ગ-૪ | | | એટેન્ડંટ/પટાવાળા/એટેન્ડંટ ક્મ ડ્રેસર વર્ગ-૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ખાલી | કઇ તારીખથી ખાલી છે. | મંજૂર | ખાલી | કઇ તારીખથી ખાલી છે. | મંજૂર | ખાલી | કઇ તારીખથી ખાલી છે. |
| ૬ | કડાણા | ૧ | ૦ | - | ૦ | ૦ | - | ૧ | ૦ | - |
| ૭ | સંતરામપુર | ૩ | ૨ | ૫-૪-૦૭<br>૫-૪-૦૭ | ૧ | ૦ | - | ૪ | ૨ | ૫-૪-૦૭<br>૫-૪-૦૭ |
| ૮ | કાલોલ | ૩ | ૨ | ૨૯-૧૨-૦૭<br>૨-૫-૦૮ | ૧ | ૦ | - | ૩ | ૩ | ૩૦-૬-૨૦૦૦<br>૪-૬-૦૭<br>૨-૫-૦૮ |
| ૯ | હાલોલ | ૩ | ૨ | ૧-૨-૦૭<br>૧-૮-૦૮ | ૨ | ૧ | ૩૨-૫-૦૧ | ૪ | ૩ | ૧-૮-૦૧<br>૧૭-૧૦-૯૮<br>૧-૫-૦૧ |
| ૧૦ | જાંબુઘોડા | ૧ | ૧ | ૨૯-૪-૦૮ | ૧ | ૦ | - | ૨ | ૧ | ૧-૮-૯૮ |
| ૧૧ | ઘોઘંબા | ૦ | ૦ | ૨૬ | ૦ | ૦ | - | ૧ | ૧ | ૨૩-૫-૦૨ |
| | **કુલ :** | **૨૮** | **૧૭** | | **૧૩** | **૨** | | **૩૦** | **૧૭** | |

------------

## દૂરવર્તી શિક્ષણના ક્ષેત્રે નવા અભ્યાસ ક્રમો

૯૧૩૩ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દૂરવર્તી શિક્ષણના ક્ષેત્રમાં સન ૨૦૦૭ અને ૨૦૦૮ના શૈક્ષણિક વર્ષમાં રાજ્ય સરકારે કોઈ નવા અભ્યાસક્રમ દાખલ કર્યા છે કે કેમ,

(૨) જો હા, તો આ અભ્યાસક્રમો રાજ્યના વિદ્યાર્થીઓને રોજગાર લક્ષી અભિગમમાં મદદરૂપ થઈ શકશે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ રીતે મદદરૂપ થઈ શકશે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા કોઈ નવા અભ્યાસક્રમ દાખલ કરેલ નથી પરંતુ રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. દ્વારા સંખ્યા બંધ અભ્યાસક્રમ શરુ કરવામાં આવેલ છે.

(૨) હા, જી.

(૩) ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને આવા કોર્ષ કરી તેમની લાયકાતમાં વધારો કરશે જેથી તેમને પગભર થવામાં તેમજ તેમની નોકરી મેળવવાની તકો વધશે અને નોકરી કરતા ઉમેદવારોને બઢતીની તકો વધશે.

------------

## મોટેરા આશારામ આશ્રમની દબાણ થયેલ જમીનનો કબજો પરત લેવા લીધેલ પગલાં

૮૪૪૮**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ સાબરમતી મોટેરા ખાતે આવેલ આશારામ આશ્રમ દ્વારા અમદાવાદ જિલ્લામાં કેટલી જમીન ઉપર દબાણ થયેલ છે.

(૨) આ જમીનની અંદાજે જંત્રી/બજાર ભાવે કેટલી કિંમત થાય છે, અને

(૩) સદરહુ જમીનનો કબજો પરત મેળવવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૬૭૦૫૯ ચો.મી.

(૨) આ જમીનની બજાર કિંમત જીલ્લા કક્ષાની મૂલ્યાંક્ન સમિતિ અને રાજ્ય કક્ષાની મૂલ્યાંક્ન સમિતિ નક્કી કરતી હોય છે. જે હાલમાં નક્કી કરવામાં આવેલ નથી.

(૩) સદરહુ સંસ્થાને મુંબઈ જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૧ હેઠળ નોટિસ આપીને દબાણ દૂર કરવા અંગેની પ્રક્રિયા ચાલુ કરેલ છે.

## સુરત જિલ્લામાં રસ્તાઓના જોબ નંબર

૭૪૯૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમના અને ક્યા ક્યા સદરે જોબ નંબરો રસ્તાઓ માટે ફાળવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ જોબ નંબરો રસ્તાઓ માટે ફાળવેલ છે.

| સદર | તાલુકાઓ | રસ્તાની સંખ્યા | રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ખાસ મરામત | ઓલપાડ | ૪ | ૧૬૩.૬૩ |
| | ચોર્યાસી | ૫ | ૧૮૫ |
| | કામરેજ | ૪ | ૧૯૩૨ |
| | માંડવી | ૧ | ૫૩ |
| | માંગરોલ | ૪ | ૨૮૩.૨૮ |
| | ઉમરપાડા | ૧ | ૩૦.૦૦ |
| | મહુવા | ૪ | ૬૭૩. |
| | **કુલ :** | **૨૩** | **૩૩૧૯.૯૧** |
| બજેટ ઉચ્ચક જોગવાઈ | ઓલપાડ | ૪ | ૧૧૧.૧ |
| | ચોર્યાસી | ૨ | ૪૨ |
| | કામરેજ | ૧ | ૨૧ |
| | પલસાણા | ૨ | ૫૧ |
| | બારડોલી | ૧ | ૮.૪ |
| | માંડવી | ૧ | ૭૭ |
| | માંગરોલ | ૨ | ૯૫ |
| | ઉંમરપાડા | ૧ | ૧૫ |
| | **કુલ :** | **૧૪** | **૪૨૦.૫** |

(૨) તે અન્વયે ક્યા ક્યા રસ્તાઓ પૂર્ણ થયા, અને

(૨) કુલ ૯ કામો પૂર્ણ થયા છે. (પરિશિષ્ટ-૧)

| અ. નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ટુંડ.થી ડભારી રોડ |
| ૨ | ઓલપાડ | કુડસદથી ઘલુડી રોડ |
| ૩ | કામરેજ | અલુરા સેગવા રોડ |
| ૪ | પલસાણા | સાકીથી તાતીથૈયા રોડ |
| ૫ | બારડોલી | બામણી એપ્રોચ રોડ |
| ૬ | માંગરોલ | ઝંખવાવ થી મીરાપુર રોડ |
| ૭ | ઓલપાડ | ઓલપાડ સરસ કુદિયાણા રોડ (ગ્રેનાઈટીંગ એંડ ગ્રાઉટીંગ ટુ તેના ખાડી બ્રિજ) |
| ૮ | મહુવા | મહુવા અનાવલ રોડ કિ. મી. ૮/૦ થી ૧૩/૨૦ અને ૧૯/૪૦ થી ૨૩/૦ |
| ૯ | ચોર્યાસી | એસ.આર.ટુ પલસાણા-સચીન રોડ (કિ. મી. ૦/૦ થી ૧૧/૬ |

(૩) બાકીના રસ્તાઓની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૩) ૭ કામ પ્રગતિ હેઠળ, ૨૦ કામ હવે શરૂ થશે. ૧ કામ પડતું મુકાયેલ છે.

------------

**પંચમહાલ જિલ્લામાં રસ્તાનું મજબૂતીકરણ કરવા અંગે**

૯૨૨૭ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં મોરવા તાલુકામાં કુવાઝર-પરબીયા-ચાંદપુર-વાગડેલી રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ માટે અંદાજી રૂ.૧૦૬ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિમાં છે. |

------------

**મોટેરા આશારામ આશ્રમની વધારાની જમીન ઉપરનું દબાણ દૂર કરવા અંગે**

૮૪૩૨ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરમતી મોટેરા આશારામ આશ્રમ દ્વારા તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ કેટલી વધારાની જમીન ઉપર દબાણ કરેલ છે, | (૧) ૬૭૦૫૯ ચો. મી. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં આ અંગે આ વધારાની જમીન દબાણ બાબતે કેટલી વખત માપણી કરવામાં આવી, અને | (૨) એક વખત |
| (૩) આ વધારાનું દબાણ તાકીદે દુર નહી કરવાના કારણો શાં છે, અને કેટલા સમયમાં આ દબાણો દૂર થશે ? | (૩) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમની જોગવાઈઓ મુજબ દબાણ દૂર કરવા અંગેની પ્રક્રિયા ચાલુ છે. આ એક અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાથી તે પૂર્ણ થયા બાદ જ દબાણ દૂર કરાશે. |

------------

**કાલાવાડ તાલુકામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની અરજીઓ**

૮૪૭૮ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કાલાવાડ તાલુકામાં નવી શરત-જુની શરત અને વારસાઈની કેટલી અરજીઓ મહેસૂલી દફ્તરે નોંધણી માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ છે, | (૧) નીચે મુજબની અરજીઓ મળેલ છે.<br>- જુની શરતની -૧૨<br>- વારસાઈ નોંધ - ૬૯૩ |
| (૨) આવેલ અરજીઓ પેકી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) નીચે મુજબ નિકાલ થયેલ છે.<br>- જુની શરતની -૧૨<br>- વારસાઈ નોંધ - ૫૮૫ |
| (૩) બાકી અરજીઓના નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) નોંધ અંગે નિયમાનુસાર નોટીસ આપીને કાર્યવાહી કરવાની થાય છે તે મુજબ કાર્યવાહી પૂર્ણ કરાઈ રહી છે. |

------------

**કચ્છ જિલ્લામાં ભૂજ અને તબકેશ્વરી રસ્તાનું મજબૂતીકરણ કરવા અંગે**

૯૧૨૬ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ-તંબકેશ્વરી રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ માટે અંદાજે રૂા. ૨૨૩.૩૫ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ રસ્તાની કામગીરી ભોતિક રીતે પૂર્ણ થયેલ છે. |

------------

## ઉમરાળ, છોગથ અને છામરડી રસ્તાનું મજબૂતી કરણ કરવા અંગે

૯૧૨૭**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ઉમરાળ, છોગથ-છામરડી રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) આ રસ્તો ૫.૫૦ મીટર પહોળો છે. તેને મજબુતીકરણ કરવાનું આયોજન છે.

(૨) રૂા. ૧.૩૩ કરોડ

(૩) આશરે ૩ કિ.મી.નું ડામરકામ પૂર્ણ થયેલ છે.

------------

## જામનગર તથા કચ્છ જિલ્લાની ગોચર જમીનો ઉદ્યોગોને ફાળવવા અંગે

૭૬૫૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર તથા કચ્છ જિલ્લામાં સને-૨૦૦૮ની સાલમાં ક્યા ક્યા ગામની કેટલી ગોચર જમીનો ઉદ્યોગોને ફાળવવામાં આવી,

(૨) ક્યા ક્યા ગામોમાં ધોરણ કરતાં ઓછી હતી,

(૩) ક્યા ક્યા ગામોની પંચાયતોએ જમીન આપવા સંમતિ આપેલ ન હતી,

(૪) ધોરણ કરતા ઓછી જમીન હોવા છતાં તથા પંચાયતની સંમતિ ન હોવા છતાં ગોચર જમીનો ઉદ્યોગોને ફાળવવાના શા કારણો છે, અને

(૫) પશુધન માટે ગોચર સલામત રાખવા શા આદેશો થયા છે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં નીચે મુજબના ગામની ગોચર જમીન ઉદ્યોગો માટે ફાળવી

| ગામનું નામ | ફાળવેલ જમીન હે.આરે.ચો.મી. |
|---|---|
| સોગઠી, | ૧-૫૦-૦૦ |
| કલ્યાણપુર, | ૪-૦૦-૦૦ |
| દેવળીયા, | ૪-૫૦-૦૦ |
| મકરાણી સણોસરા, | ૧-૦૦-૦૦ |
| મોટા પાંચદેવડા, | ૪-૦૦-૦૦ |
| ધુન ધોરાજી | ૦-૫૦-૦૦ |

- કચ્છ જિલ્લામાં સને ૨૦૦૮માં ગોચરની જમીન ઉદ્યોગોને ફાળવેલ નથી.

(૨) કોઈ ગામમાં ધોરણ કરતા ઓછી જમીન ન હતી.

(૩) જે ગામે જમીન ફાળવી છે તે પંચાયતોએ જમીન આપવા સંમતિ આપેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પશુધન માટે ગોચર સલામત રાખવા વિભાગના તા. ૩૦-૧૨-૧૯૮૮, ૨૭-૧-૧૯૯૯ તથા ૨૨-૧૧-૨૦૦૪ના ઠરાવથી જરૂરી હુકમો કરવામાં આવ્યા છે.

------------

## કરોડ, મોહીની અને તવાલી રસ્તાનું મજબૂતી કરણ કરવા અંગે

૯૨૧૯ **શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં કરોડ-મોહીની તવાલી રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) : રૂા. ૨૭૧.૫૭ લાખના અંદાજીત ખર્ચે રસ્તાને મજબુતીકરણ કરવાના કામનું આયોજન હતું. જેનું તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ડામરકામ પુર્ણ થયેલ છે જ્યારે અન્ય કામગીરી પ્રગતિમાં છે.

**રાજકોટ જિલ્લાના તાલુકાઓમાં રસ્તા પહોળા કરવાની કામગીરી**

૯૨૧૪ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર-દલડીપાળ-કાછીયા-ગારા રોડ ઉપર ૩.૧૬ મીટર પહોળાઈમાંથી ૭ મીટર પહોળાઈ કરવાની કામગીરી સરકારે હાથ ધરેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) ટેન્ડર મંજુર થયેલ છે અને કામનો વર્ક ઓર્ડર તા. ૧-૦૬-૨૦૦૯ ના રોજ આપેલ છે. |

------------

**રાજકોટ જિલ્લામાં વિધવા સહાય મેળવવા મળેલ અરજીઓ**

૯૧૮૧**શ્રી કાન્તીભાઈ અમૃતિયા(મોરબી) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન વિધવા સહાય માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૩૫૬૭ અરજીઓ આવી. |
| (૨) આવેલ અરજીઓમાંથી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) આવેલ અરજીઓમાંથી ૨૫૨૩ અરજીઓ મંજુર કરવામાં આવી |
| (૩) બાકીની અરજીઓની શી સ્થિતિ છે? | (૩) ૪૭૨ અરજીઓ નામંજુર થયેલ છે જ્યારે બાકીની ૫૭૨ અરજીઓની ચકાસણી કરી મંજુર/નામંજુર અંગે નિર્ણય લેવામાં આવશે. |

------------

**તાલાળા-જામવાળા જિલ્લામાં મંજૂર થયેલ રસ્તાઓ**

૭૬૫૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના તાલાળા-જામવાળા રસ્તાનું કામ ક્યારે મંજૂર થયેલ છે, | (૧) ૨૭ કિ.મી. નું કામ તા. ૧૦-૪-૦૮ના રોજ મંજુર થયેલ છે. |
| [illegible]-૫-૦૯ ની સ્થિતિએ આ કાર્યવાહી એચબી-૨૨૩-૬ | (૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કામ પ્રગતિમાં છે. |
| (૩) આ કામ સરકારના પ્લાન એસ્ટીમેટ મુજબ થાય છે કે કેમ? | (૩) કુલ ૨૭ કિ.મી. લંબાઈ પૈકી ૧૪.૨૮ કિ.મી.નું કામ પ્લાન એસ્ટીમેટ મુજબ પુર્ણ કરેલ છે. જ્યારે બાકી રહેતા કિ.મી.ની કામગીરી વન ખાતાના પરામર્શમાં પ્રગતિ હેઠળ છે. |

------------

**આણંદ જિલ્લાના તાલુકામાં રસ્તાઓનું મજબૂતીકરણ કરવા અંગે**

૯૨૩૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં સોખડા-લુણજ-જુની-આખોલ-નવાગામ-બારા-વઈળજ-તાડા તલાવ રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ માટે અંદાજે રૂા. ૫૩૬.૩૫ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૩) ૪.૪૦ કિ.મી. લંબાઈમાં કામગીરી પુર્ણ થયેલ છે. ૨.૫૧ કિ.મી. લંબાઈમાં કામ પ્રગતિમાં છે અને ૩.૯૪ કિ.મી. લંબાઈની કામગીરી વર્કઓર્ડર સ્ટેજે છે. |

**માણસા મુકામે નવિન મામલતદાર કચેરીના મકાન અંગે**

૯૦૪૬ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માણસા મુકામે નવિન મામલતદાર કચેરીના લોકાર્પણ વિધિ સમારોહ તા. ૪-૬-૦૯ના રોજ થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જે નવિન મકાન બનાવેલ છે તે મામલતદાર ઓફિસના અધિકારીઓ અને સ્ટાફ માટે બેસવા માટે નાનું છે, તે હકીકત સાચી છે, અને | (૨) ના જી. |
| (૩) આ મકાનના નકશા અંદાજ બદલાઈને બીજા બીલ્ડીંગના આવી ગયા છે તે હકીકત સાચી છે? | (૩) ના જી. |

------------

**કૃષિ ફાર્મની જમીન બાંધકામ માટે આપવા અંગે થયેલ રજૂઆત**

૭૯૦૦ **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ સંશોધનના હેતુ માટેની કૃષી ફાર્મની સુરતમાં રેસકોર્સરોડ ઉપર આવેલ જમીન હોટલના બાંધકામ માટે વિદેશના એક જૂથને વેચી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) આ કૃષિ ફાર્મની જમીન ખેડૂતોએ કપાસ-જુવારના સંશોધનના કામ માટે આપેલ છે તે હકીકત સાચી છે, | (૨) હા, જી. |
| (૩) કૃષિ ફાર્મની આ જમીન હેતુફેર કરીને ખાનગી ગૃપને હોટલ બાંધવા નહીં આપવા બાબતે કોના કોના તરફથી કેટલી ફરીયાદો કરવામાં આવી, અને | (૩) વિવિધ વ્યક્તિ/ગૃપ તરફથી કુલ-૭ (સાત) રજુઆત મળેલ છે.<br>(૧) ગુજરાત ખેડૂત સમાજ, સુરત<br>(૨) સુરત જિલ્લા ખેડૂત સમાજ, સુરત<br>(૩) વલસાડ જિલ્લા ખેડૂત સમાજ, વલસાડ<br>(૪) નવસારી જિલ્લા ખેડૂત સમાજ, નવસારી<br>(૫) શ્રી હસમુખભાઈ દેસાઈ, એડવોકેટ, સુરત<br>(૬) ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ, અમદાવાદ<br>(૭) ગુજરાત કૃષિ યુનિવર્સિટી પેન્સનર્સ એસોસીએશન. |
| (૪) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સરકારે તે સંબંધમાં શું નિર્ણય લીધો? | (૪) આ જમીન પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમને તબદીલ કરવાના હુકમો કરવામાં આવ્યા છે. |

------------

**જામનગર જિલ્લામાં વારસાઈ એન્ટ્રીઓ અને નમૂના નં. ૬ની નોંધ માટે તાલુકાવાર મળેલ અરજીઓ**

૮૯૮૩**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ કેટલી વારસાઈ એન્ટ્રીઓ અને વેચાણ અંગેના જમીન દફતર નમુના નં. ૬ નોંધ પાડવામાં માટેની નમૂનાવાર કેટલી અરજીઓ મળી, | (૧) નીચે મુજબની નમુના નં.૬માં નોંધ પાડવાની અરજીઓ મળેલ છે.<br>વારસાઈ - ૩૯૪૦<br>વેચાણ - ૯૦૨૨ |
| (૨) તે આવેલ અરજીઓમાંથી કેટલી નમુના નં. ૬ ની નોંધ પાડવામાં આવી, અને | (૨) નીચે મુજબની નમુના નં.૬માં નોંધ પાડવામાં આવેલ અરજીઓ મળેલ છે.<br>વારસાઈ - ૩૮૯૩<br>વેચાણ - ૮૯૫૯ |

(૩) તે પૈકી કેટલી મંજુર અને કેટલી નામંજુર કરવામાં આવી?

(૩) નીચે મુજબની નોંધો મંજૂર/નામંજૂર કરવામાં આવી છે.

| | વારસાઈ | વેચાણ |
|---|---|---|
| મંજૂર | ૨૮૯૪ | ૭૨૬૯ |
| નામંજૂર | ૦૭ | ૪૨ |

------------

**કચ્છ જિલ્લામાં પલાસવા, ભીમાસર અને હમીરપર રસ્તાને મજબૂતીકરણ કરવા અંગે**

૯૧૨૨ **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં પલાસવા-ભીમાસર-હમીરપર રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ કામ માટે અંદાજે રૂા. ૧૮૦.૭૪ લાખનો ખર્ચ થનાર છે.

(૩) ડામરકામ પૂર્ણ થયેલ છે, અન્ય પરચુરણ કામગીરી પ્રગતિમાં છે.

------------

**માણસા તાલુકામાં બોરૂ-સાલડી રસ્તાની કામગીરી**

૯૨૨૦ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાનાં માણસા તાલુકાના બોરૂ-સાલડી રસ્તાની સપાટી સુધારણાનું કામ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અંદાજી ખર્ચ રૂા. ૧.૩૨ કરોડ થનાર છે.

(૩) આ કામગીરી નિયત સમય મર્યાદા તા. ૨૩-૯-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**ભાવનગર જિલ્લામાં કૃષિ સહાય પેકેજ અન્વયે મળેલ રકમ**

૯૧૩૬ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭માં આવેલ અતિવૃષ્ટિ દરમ્યાન જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ યોજના પછી તે અન્વયે તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાનાં કેટલા ખેડૂતોને કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) કૃષિ સહાય પેકેજ યોજના-૨૦૦૭ અંતર્ગત ભાવનગર જિલ્લાના ૧૮૭૧૨ ખેડૂતોને રૂપિયા ૮.૬૧ કરોડની સહાય ચૂકવવામાં આવી.

(૨) તા. ૩૦-૮-૦૯ સુધીમાં.

------------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગના કન્ડમ થયેલા વાહનોની હરાજી**

૯૦૯૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ અને પંચાયત) માં કન્ડમ થયેલા હરાજી પાત્ર વાહનોનો કેટલા વર્ષોથી ભરાવો થયેલ છે.

(૨) આ અંગે સરકાર હરાજી કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે?

**જવાબ**

(૧) મુખ્યત્વે ૨૦૦૭-૦૮.

(૨) હા, જી.

(૩) અમુક વાહનોની હરાજી થઈ ગયેલ છે. જ્યારે બાકીની કાર્યવાહી પ્રગતિમાં છે. તે ડિસેમ્બર-૦૯ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

### સાવલીથી વડોદરા અને જંબુસર સુધી ફોરલેન રસ્તાની કામગીરી

૮૬૪૮ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવલીથી વડોદરા રોડ પેકી વડોદરાથી જંબુસર જી.આઈ.ડી.સી. સુધીના અપગ્રેડેશન ફોરલેન હેઠળ મંજૂર થયેલ રસ્તાની કામગીરી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કુલ ૭.૩૦ કિ.મી. પેકી ૨.૭૦ કિ.મી.માં ડામર કામ પૂર્ણ અને ૫.૬૦ કિ.મી. લંબાઈમાં કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યા ઈજારદારને સોંપવામાં આવેલ છે, અને | (૨) કામ મે. દિગ્વીજય કંન્સ્ટ્રકશન પ્રા.લી. ગાંધીનગરને સોંપવામાં આવેલ છે. |
| (૩) આ કામ અન્વયે કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૩) તા. ૩૧-૫-૦૯ સુધીમાં કુલ રૂા. ૪૧૨.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. |

------------

### રાજ્યમાં કાર્યરત ફાર્મસી કોલેજો

૭૩૬૯ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલી ફાર્મસી કોલેજો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કાર્યરત છે. | (૧) ફાર્મસીની ૭૯ ડીગ્રી કોલેજો અને ડીપ્લોમાંની ૧૬ કોલેજો આવેલી છે. |
| (૨) તે પેકી કેટલી કોલેજોએ ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાની મંજૂરી મેળવેલી છે, | (૨) ૧૪ ડીગ્રી ફાર્મસી કોલેજો અને ૦૯ ડીપ્લોમા ફાર્મસી કોલેજોએ મંજૂરી મેળવેલી છે. |
| (૩) કેટલી કોલેજોએ ઉક્ત કાઉન્સિલની મંજૂરી એચબી-૨૨૩-૭ | (૩) ૬૫ ડીગ્રી ફાર્મસી કોલેજો અને ૦૭ ડીપ્લોમા ફાર્મસી કોલેજોએ મંજૂરી મેળવેલ નથી |
| (૪) કાઉન્સિલની મંજૂરી વગર ચાલતી ઉક્ત કોલેજોના વિદ્યાર્થીઓને ભણ્યા પછી ઉભી થનારી હાડમારીઓ બચાવવા સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૪) ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા એક્ટ ૧૯૪૮ મુજબ મંજૂરી મેળવવાની જવાબદારી જે તે સંસ્થાની છે છતાં પણ સરકારશ્રીએ નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.<br>૧. પ્રવેશ સમિતિ, અમદાવાદે સબંધિત ડીગ્રી/ડીપ્લોમા ફાર્મસી કોલેજોના આચાર્યશ્રીઓને મંજૂરી મેળવવા માટે જરૂરી સુચના આપવામાં આવેલ છે.<br>૨. જે સંસ્થાઓ પી.સી.આઈ.ની મંજૂરી મેળવવામાં નિષ્ફળ જશે તેવી સંસ્થાઓને આવતા વર્ષથી વિદ્યાર્થીઓની ફાળવણી નહિ કરવા વિચારણા કરવામાં આવશે.<br>૩. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાએ તા. ૧૫-૯-૨૦૦૯ સુધીમાં અરજી કરવાની મુદત રાખેલ છે. |

------------

### કચ્છ જિલ્લામાં કંપનીઓને ફાળવેલ જમીન

૭૮૯૦ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી કંપનીઓને કેટલી જમીન ફાળવવામાં આવેલ, અને. | (૧) ૬૪-કંપની/એકમોને ઓદ્યોગિક હેતુ માટે હે. ૩૨૧૨-૭૬-૧૧ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૨) જેની કેટલી આવક થયેલ છે? | (૨) જેની આવક રૂા. ૫૭,૦૮,૮૮,૮૩૮/- થયેલ છે. |

------------

### ભરૂચ જિલ્લામાં કોલેજોની મંજુરી

૭૩૩૧ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પી.ટી.સી. અને બી.એડ. કોલેજોની મંજુરી એસ.એન.ડી.ટી. દ્વારા મંજુરી અપાઈ હોય અને રાજ્ય સરકાર દ્વારા એન.ઓ.સી. આપવાની પ્રક્રિયા બાકી હોય કે યુનીર્વસીટી સાથે જોડાણ બાકી હોય તેવી કેટલી કોલેજો છે. | (૧) એક પણ કોલેજ નથી. |
| (૨) આવી કોલેજોએ સત્વરે મંજુરી આપવા સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં મંજુરી આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### વ્યારા - ખેરવાડા રસ્તાનું મજબૂતી કરણ કરવા અંગે

૯૨૩૪ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં વ્યારા-ખેરવાડા રસ્તાને મજબૂતી કરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) વ્યારા - ખેરવાડા રસ્તાના કુલ ૧૭.૬૯ કિ.મી. પૈકી ૧૧.૩૦ કિ.મી. (કિ.મી. ૪/૦ થી ૧૫/૩) માં મજબુતીકરણનું કામ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ માટે રૂા. ૨૪૭.૯૮ લાખનો અંદાજી ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પાંચ નાળા, કોઝવે રીપેરીંગનું કામ પૂર્ણ થયેલ છે. મેટલ ક્લેકશનનું કામ પ્રગતિમાં છે. |

--------------

### રાજ્યમાં છઠ્ઠા પગાર પંચનો લાભ

૯૦૪૧ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચનો અમલ કરેલ છે ત્યારે સ્કૂલ ઓફ કમિશનર અને જિલ્લા શિક્ષણાધિકારીની બેદરકારીના કારણે એક લાખ જેટલા કર્મચારીઓને તેનો તા. ૧૧-૦૬-૦૯ની સ્થિતિએ લાભ મળેલ નથી તેના કારણો શા છે, અને | (૧) કાર્યવાહી ચાલુ છે. |
| (૨) શિક્ષણના આવા કર્મચારીઓને સત્વરે લાભ મળે તે માટે સરકારે શા પ્રયાસ કર્યા ? | (૨) તમામ જિલ્લા શિક્ષણાધિકારીને Integrated Financial Management System પર સત્વરે કામગીરી પૂર્ણ કરવા સૂચના આપેલ છે જે મુજબની કાર્યવાહી ચાલુ છે. |

--------------

### ધોળકા તાલુકામાં નદી કાંઠા વિસ્તારમાં તૂટી ગયેલ રસ્તાઓ

૮૬૫૮ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૭માં ધોળકા તાલુકામાં અને નદી કાંઠા વિસ્તારમાં પૂર આવવાથી કેટલા રસ્તાઓ ક્યા ક્યા તૂટી ગયેલા છે, | (૧) સને ૨૦૦૭માં ધોળકા તાલુકામાં પૂર આવવાથી નીચે જણાવેલ પાંચ રસ્તાઓ ઉપર પાંચ-નાળા તૂટી ગયેલ હતા.<br>૧. ધોળકા ત્રાંસદ ઈંગોલી રોડ<br>૨ સીમેજ કોકા ઈંગોલી રોડ<br>૩ સીંધરેજ એપ્રોચ રોડ<br>૪ ઉતેલીયા એપ્રોચ રોડ<br>૫ વોઠા ગીરંદ રોડ |

(૨) આ રોડ તથા નાળા-પૂલ હજુ સુધી મરામત નહીં થવાના કારણો શા છે, અને

(૨) આ તૂટેલા નાળાઓ તાત્કાલિક મરામત કરી રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય કરેલ છે. કાયમી મરામત હેઠળ આ પાંચ નાળાના કામો હાથ ધરેલ છે. જે પૈકી ૩ કામો પૂર્ણ થયેલ છે અને ૨ કામો પ્રગતિ હેઠળ છે.

(૩) કેટલા સમયમાં તેનું મરામત કામ પૂર્ણ થશે ?

(૩) તા. ૩૧-૭-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**મુખ્યમંત્રીના રાહતફંડમાંથી ગરીબ દર્દીઓને તબીબી સારવાર માટે સહાય**

૭૪૮૮**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્સર, કિડની, હૃદયરોગ જેવી જીવલેણ બીમારીથી પીડાતા ગરીબ દર્દીઓને સારવારમાં સહાયભૂત થવા મા. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સહાય ચૂકવવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા દર્દીઓને આવી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨૯૭૦ દર્દીઓને કુલ રૂા. ૧૨,૧૬,૩૫,૬૩૩/-ની સહાય ચૂકવવામાં આવી.

-------------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ સહાય પેકેજ અન્વયે મળેલ રકમ**

૯૧૩૫ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭માં આવેલ અતિવૃષ્ટિ દરમ્યાન જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ યોજના પછી તે અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં કેટલા ખેડૂતોને કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવાશે ?

**જવાબ**

(૧) કૃષિ સહાય પેકેજ યોજના-૨૦૦૭ હેઠળ અમદાવાદ જિલ્લાના ૯૪૩૨૩ ખેડૂતોને રૂા. ૪૭,૨૩,૯૩,૧૮૯/- સહાય ચૂકવવામાં આવી.

(૨) તા. ૩૦-૮-૨૦૦૯ સુધીમાં.

-------------

**વડોદરા જિલ્લામાં મહેસૂલ વિભાગમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૮૮૫૭ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મહેસૂલ વિભાગમાં કુલ કેટલી જ્ગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને

(૨) આ જ્ગ્યાઓ ભરવા માટે સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧)

| અ. નં. | સંવર્ગ | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ-૨, મામલતદાર | ૦૨ |
| ૨ | વર્ગ-૩, નાયબ મામલતદાર | ૩૩ |
| ૩ | વર્ગ-૩, કારકુન | ૦૨ |
| ૪ | વર્ગ-૩, ગુજરાતી ટાઈપીસ્ટ | ૦૮ |
| ૫ | વર્ગ-૩, ડ્રાઈવર | ૦૩ |

(૨)

| સંવર્ગ | વિગત |
|---|---|
| મામલતદાર | આ જ્ગ્યાઓ ભરવા માટે પ્રક્રિયા ચાલુ છે. |
| નાયબ મામલતદાર | |
| કારકુન | |
| ગુજરાતી ટાઈપીસ્ટ | |
| ડ્રાઈવર | |

-------------

**અમરેલી જિલ્લામાં કૃષિ સહાય પેકેજ અન્વયે મળેલ રકમ**

૯૧૩૮**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭માં આવેલ અતિવૃષ્ટિ દરમ્યાન જાહેર કરેલ કૃષિ સહાય પેકેજ યોજના પછી તે અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાનાં કેટલા ખેડૂતોને કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) કૃષિ સહાય પેકેજ યોજના-૨૦૦૭ હેઠળ અમરેલી જિલ્લાના ૧૦૬૩૦ ખેડૂતોને રૂા. ૩,૩૮,૮૬,૧૮૦/- ની સહાય ચૂકવવામાં આવી. |
| (૨) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવાશે ? | (૨) તા. ૩૦-૮-૨૦૦૯ સુધીમાં. |

--------------

**વડોદરા જિલ્લામાં ટણખલા, ગોવાયાડ અને દુગ્ધા રસ્તાને પહોળો કરવાની કામગીરી**

૯૧૧૮**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ટણખલા-ગોવાયાડ-દુગ્ધા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) મજબુતીકરણ કરવાની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) મજબુતીકરણ માટે અંદાજે રૂા. ૨૩૧.૧૬ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) કામગીરી પ્રગતિમાં છે. |

--------------

**ઉમરેઠથી ઓડ જતા માર્ગ ઉપર રેલ્વે લાઇન ઉપરના ઓવરબ્રિજની બંને બાજુના રોડ પૂરા કરવા બાબત**

૮૭૨૭ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ)** : તા. ૨૮-૨-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ કરેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૭૦૮ (અગ્રતા-૨૧) ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરેઠથી ઓડ જતા માર્ગ ઉપર પસાર થતી રેલ્વે લાઇન ઉપર ઓવરબ્રિજના બંને બાજુના રોડ એપ્રોચીસ પૂર્ણ કરવાની કામગીરી તા. ૩૧-૭-૦૮ના દિને પૂરી કરવાની હતી, પરંતુ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામ પૂર્ણ થયેલ નથી તેના કારણો શું, અને | (૧) જી.આઈ.ડી.સી. એસોસીએશન દ્વારા આર.ઓ.બી.ની નજીકમાં લેવલ ક્રોસિંગ વિગેરે બને તે માંગણી અન્વયે વિરોધ તથા રેલ્વે દ્વારા પાયાની ડિઝાઈનમાં ફેરફારના કારણે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૨) ફેબ્રુઆરી-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------------

**રાજ્યમાં સર્વશિક્ષા અભિયાન માટે ફાળવેલી રકમ**

૭૪૯૬ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તથા તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે રાજ્યને કેટલી રકમ ફાળવી ?

**જવાબ**

| વર્ષ | રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૨૭૮૫.૭૬ |
| ૨૦૦૮-૦૯ | ૨૫૪૩૨.૪૭ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૫-૦૯ સુધી) | ચાલુ વર્ષ દરમ્યાન કોઈ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ નથી. |

--------------

**જૂનાગઢ ખાતે સરકારી કચેરીઓને બેસવા માટે મકાનની સુવિધા**

૯૨૧૭**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ ખાતેની જિલ્લાકક્ષાની સરકારી કચેરીઓને બેસવા માટે મકાનની સુવિધા ઉભી કરવાની સરકારને જરૂરિયાત જણાય છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે તારીખ | (૨) જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, |

૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યા છે ?

જિલ્લા પંચાયત ક્ચેરી બાંધવાનું આયોજન છે. આ અંગેનું રૂા. ૩૧૮૪.૦૦ લાખનું ટેન્ડર મંજુરી હેઠળ છે.

--------------

**રાજ્યની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા**

૭૮૯૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ રાજ્યની શાળાઓમાં ફાયર સેફ્ટીની કોઇજ વ્યવસ્થાઓ નથી તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આવી શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરાવવા રાજ્ય સરકારે કોઇ આદેશો આપેલા છે કે કેમ ?

**જવાબ**

(૧) કેટલીક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ન હોવા અંગેનું ધ્યાન પર આવેલ છે.

(૨) હા, જી.

--------------

**વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, ઝોઝ અને કેવડી રોડને ડામર કામ કરવાની કામગીરી**

૯૨૧૬**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર, ઝોઝ, કેવડી રોડ ઉપર છેલ્લે ડામર કામ ક્યારે કરવામાં આવ્યું છે,

(૨) આ રસ્તા પર ડામર અને મજબૂતી કરણ કરવાની કામગીરી સરકારે હાથ ધરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) કિ.મી. ૨૭/૦ થી ૫૪/૦ પેકી કિ.મી. ૫૦/૦ થી ૫૪/૬ માં ૨૦૦૬-૦૭માં કરવામાં આવેલ.

(૨) હા, જી.

(૩) કિ.મી. ૨૭/૫ થી ૪૫/૫ ને દ્વિમાર્ગીય તથા મજબુતીકરણ કરવા માટે કુલ રૂા. ૮૯૬ લાખની કિંમતના ટેન્ડર માટે જાહેર નિવિદા બહાર પાડેલ છે.

--------------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં નવી માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓ**

૮૬૧૩ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી ?

**જવાબ**

પાટણ જિલ્લામાં ૨ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે.

--------------

**જૂનાગઢ જિલ્લામાં રસ્તાને મજબૂતીકરણ અંગે**

૯૧૨૫**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વડીયા-ઇટાલી પાનકુવા-પાત્રા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) રસ્તાની કુલ ૧૩.૪૦ કિ.મી. લંબાઈ પેકી જરૂરીયાત પ્રમાણે ૦/૦ થી ૧/૧૦ કિ.મી.માં પહોળાઈ ૩ મીટરને ૩.૭૫ માં પહોળો કરવાનું અને ૦/૦ થી ૪/૧૦ કિ.મી. લંબાઈમાં મજબુતીકરણ કરવાનું કામ મંજુર થયેલ છે.

(૨) રૂા. ૧.૦૧ કરોડ.

(૩) ૩.૦ કિ.મી.ની લંબાઈમાં ડામરકામ પુર્ણ. માઈનોર બ્રીજ તથા એપ્રોચનું કામ પ્રગતિમાં.

--------------

**અમદાવાદ જિલ્લામાં રસ્તાને મજબૂતી કરણ કરવા અંગે**

૯૧૨૪ **શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ચારડોયા-શિયાવાડા મખીયાવ-માણકોલ-સંકોડ-છાબાસર રસ્તાને મજબૂતી કરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) આ રસ્તાને મજબુતીકરણ કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ માટે અંદાજે રૂા. ૧૩૩.૬૦ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી ? | (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૬.૫ કિ.મી. લંબાઈમાં ડામરકામ પુર્ણ થયેલ છે. જ્યારે બાકીની લંબાઈમાં કામગીરી પ્રગતિમાં છે. |

--------------

**સાંતલપુર અને ઘડુલીનો રસ્તો**

૭૮૮૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પાટણ જિલ્લાના સાંતલપુર અને કચ્છ જિલ્લાના ઘડુલીનો રસ્તો બંધ છે જે ક્યારે શરૂ થાય તેમ છે ? | પાટણ જિલ્લાના સાંતલપુર અને કચ્છ જિલ્લાના ઘડુલી વચ્ચે સળંગ હયાત રસ્તો ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**રાજકોટ જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ**

૮૬૩૨ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટ કેટલા રસ્તાઓની મરામત કામગીરી કરવામાં આવી, અને | (૧) ૭૦૩ રસ્તાઓ. |
| (૨) તેની પાછળ કેટ કેટલો ખર્ચ થયો ? | (૨) ખાસ મરામત તથા ચાલુ મરામત સદરે કુલ રૂા. ૨૩.૯૫ કરોડનો ખર્ચ થયો. |

--------------

**દૂરવર્તી શિક્ષણ ક્ષેત્રે નવા અભ્યાસ ક્રમો**

૯૧૩૨**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દૂરવર્તી શિક્ષણના ક્ષેત્રમાં છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં રાજ્ય સરકારે કોઇ નવા અભ્યાસક્રમ દાખલ કર્યા છે કે કેમ, | (૧) રાજ્ય સરકાર દ્વારા કોઈ નવા અભ્યાસક્રમ દાખલ કરેલ નથી પરંતુ રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સંખ્યાબંધ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ અભ્યાસક્રમો રાજ્યના વિદ્યાર્થીઓને રોજગાર લક્ષી અભિગમમાં મદદરૂપ થઇ શકશે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કઇ રીતે મદદરૂપ થઇ શકશે ? | (૩) ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને આવા કોર્ષ કરી તેમની લાયકાતમાં વધારો કરશે જેથી તેમને પગભર થવામાં તેમજ તેમની નોકરી મેળવવાની તકો વધશે અને નોકરી કરતા ઉમેદવારોને બઢતીની તકો વધશે. |

--------------

## આણંદ અને ખેડા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન કચેરીનું મહેકમ

૯૨૪૨ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન કચેરી કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો સંવર્ગવાર મહેકમ કેટલું, તે પેકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી અને ક્યાં ક્યાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આણંદ

| સંવર્ગ | જગ્યા |
|---|---|
| વર્ગ-૨ | ૧ |
| વર્ગ-૩ | ૩ |

વર્ગ-૨ની એક જગ્યા તા. ૩૦-૪-૨૦૦૯થી ખાલી છે.

ખેડા

| સંવર્ગ | જગ્યા |
|---|---|
| વર્ગ-૨ | ૧ |
| વર્ગ-૩ | ૩ |

કોઈ જગ્યા ખાલી નથી.

(૩) આણંદ

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (લાખમાં) | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૭.૩૫ | ૭.૩૫ |
| ૨૦૦૭-૦૮ | ૧૫.૦૦ | ૧૪.૪૨ |
| ૨૦૦૮-૦૯ | ૧૯.૯૭ | ૧૭.૯૭ |
| કુલ :- | ૪૨.૩૨ | ૩૯.૭૪ |

ખેડા

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (લાખમાં) | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૦.૨૯ | ૧૦.૨૯ |
| ૨૦૦૭-૦૮ | ૨૦.૭૫ | ૨૦.૭૫ |
| ૨૦૦૮-૦૯ | ૧૯.૪૦ | ૧૯.૪૦ |
| કુલ :- | ૫૦.૪૪ | ૫૦.૪૪ |

આ ખર્ચ કચેરી મહેકમ અને વહીવટી ખર્ચ પેટે કરેલ છે.

--------------

## સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સુવિધા

૯૧૧૦ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળામાં પીવાના પાણી, લાઈટ, શોચાલયની પ્રથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી.

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નીચે જણાવેલ તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શોચાલયની સુવિધા ઉપલબ્ધ નથી. જ્યારે પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા તથા વીજળીની સુવિધા તમામ શાળાઓમાં છે.

| અ. નં. | તાલુકાનું નામ | શોચાયલ |
|---|---|---|
| ૧ | બાયડ | ૦૭ |
| ૨ | ઈડર | ૨૪ |
| ૩ | હિંમતનગર | ૧૮ |
| ૪ | તલોદ | ૬ |

| | | |
|---|---|---|
| ૫ | માલપુર | ૧ |
| ૬ | ધનસુરા | ૦ |
| ૭ | મેઘરજ | ૧ |
| ૮ | વડાલી | ૨ |
| ૯ | ભિલોડા | ૧ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૫ |
| ૧૧ | મોડાસા | ૫ |
| ૧૨ | પ્રાંતિજ | ૬ |
| ૧૩ | વિજયનગર | ૨ |
| | કુલ | ૭૮ |

(૨) આવી પ્રાથમિક શાળાઓમાં આવી સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું સરકારનું શું આયોજન છે, અને

(૨) શૌચાલયની સુવિધા માટે વર્ષ ૨૦૦૯-૧૦માં આયોજન કરેલ છે.

(૩) કેટલા સમયમાં આવી સુવિધાઓ પ્રાથમિક શાળામાં ઉપલબ્ધ કરાશે ?

(૩) તબક્કાવાર પૂર્ણ કરવામાં આવનાર છે.

------------

**બનાસકાંઠા જિલ્લાની નવ જ્યોતિ એજ્યુકેશન ટ્રસ્ટની માન્યતા રદ કરવા અંગે**

૭૮૯૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંકલિત શિક્ષણ યોજના હેઠળ સને ૨૦૦૪માં શિક્ષણ વિભાગ દ્વારા માન્યતા રદ કરેલ તે બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાની રેયાની નવજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ પાસેથી સરકારને કેટલી રકમની રીકવરી લેવાની થતી હતી,

(૨) તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલી રીકવરી વસુલ કરવામાં આવી, અને

(૩) રીકવરી વસુલ ન થઈ હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) માન્યતા નિયામકશ્રી, જીસીઈઆરટી એ રદ કરેલ છે. સદર કરેલ તે સંસ્થાના ૨૦૦૦-૨૦૦૧ થી ૨૦૦૬-૦૭ સુધીના વર્ષોના લોકલ ફંડ દ્વારા ઓડીટ કરીને સૂચવેલ વસુલાતની રકમ રૂા. ૫,૯૩,૯૫૪ છે.

(૨) કોઈ વસુલાત થયેલ નથી.

(૩) સંસ્થાને સાંભળીને નિર્ણય કરવા નિયામકશ્રી, જીસીઈઆરટીને પત્રથી સૂચના આપેલ છે.

------------

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પડતર મહેસૂલ તુમાર**

૯૦૬૦ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા મહેસૂલ તુમાર પડતર છે,

(૨) આ તુમારો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) આવા પડતર પ્રશ્નોનો કેટલા સમયમાં નિકાલ કરવા માંગો છો ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | પડતર તુમારો |
|---|---|
| ગોધરા | ૪૮૩ |
| કાલોલ | ૬૭ |
| હાલોલ | ૮૪ |
| જાંબુઘોડા | ૧૫ |
| ઘોઘંબા | ૫૫ |
| મોરવા(હ) | ૩૨ |
| શહેરા | ૧૫૬ |
| ખાનપુર | ૨૩૦ |
| સંતરામપુર | ૧૮૧ |
| કડાણા | ૧૫ |
| લુણાવાડા | ૯૭ |

(૨) તુમારો નિકાલ માટે જુદા જુદા તબક્કે રજુ કરવાના થતા હોય છે. લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં-૨૦૦૯, ફોટાવાળી મતદાર યાદીની કામગીરી, જિલ્લામાં તાકીદની અન્ય કામગીરીઓના કારણે, મહેસૂલી તુમારોના અન્ય ખાતા કચેરીઓના અભિપ્રાયો મેળવવાના તથા પૂર્તતા કરાવવાના થતા હોઈ મહેસૂલી તુમાર પડતર છે.

(૩) શક્ય તેટલી ઝડપથી.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં રસ્તાઓ પાછળ કરેલ ખર્ચ

૯૧૪૮ **શ્રી શંભુપ્રસાદ ટુંડીયા** (દસાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯ માં સુરેન્દ્રનગર જિલ્લાના રસ્તાઓ પેકી કેટલા ડામર કરવામાં આવ્યા, | (૧) ૭૮ રસ્તા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) ૬૨.૪૫ કરોડ |
| (૩) કેટલા રસ્તા સ્ટેટના અને કેટલા પંચાયતના હતા ? | (૩) સ્ટેટના ૩૨ અને પંચાયતના ૪૬ રસ્તા હતા. |

------------

## મહુવા, વાલોડ અને બારડોલી તાલુકામાં ખેતીવાડીની બોગસ એન્ટ્રીઓ

૯૦૨૩ **શ્રી ઈશ્વરભાઈ વહીઆ** (મહુવા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહુવા, વાલોડ અને બારડોલી તાલુકામાં ખેતીવાડીની બોગસ એન્ટ્રીઓ કેટલી પાડવામાં આવી, | (૧) બે, મહુવા અને બારડોલી તાલુકામાં એક-એક |
| (૨) બોગસ દસ્તાવેજો કરી જમીન લઈ લેવાના કેટલા કેસો બહાર આવ્યા, અને | (૨) બે કેસો. |
| (૩) આ સંબંધિત અધિકારીઓ ઉપર સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે કે કેમ ? | (૩) (૧) સંબંધિત અધિકારીઓ સામે શિસ્ત અને સેવા વિષયક કાર્યવાહી કરાશે.<br>(૨) હાલ સંબંધિત સર્કલ ઓફીસર તથા તલાટી કમ મંત્રીને ફરજ મોકુફી હેઠળ ઉતારવામાં આવ્યા છે. |

------------

## ખેડૂતોને પ્રમાણપત્રો મેળવવા અંગે

૯૧૮૭ **શ્રી શંકરભાઈ ચોધરી** (રાધનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ખેડૂત પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવા રાજ્ય સરકારે શું પગલાં લીધા છે ?

**જવાબ**

ખેડુત પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા તાજેતરમાં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

(૧) જે ખેડુત તમામ જમીન સંપાદનમાં જતી હોય તેને વળતર ચુકવતી વખતે અથવા જમીનનો કબજો સંભાળતી વખતે જ પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરેલ છે. આવા પ્રમાણપત્રમાં ખેડુતના કુટુંબના તમામ સભ્યોના નામોનો સમાવેશ કરવા તથા આવા પ્રમાણપત્ર માટે ખેડુત પાસેથી કોઈ આધાર પુરાવા પણ નહીં માંગવાની જોગવાઈ થયેલ છે તેમજ પ્રમાણપત્ર મળ્યા પછી ખેડુત ને ત્રણ વર્ષ સુધીમાં રાજ્યમાં અન્ય જગ્યાએ જમીન ખરીદવાની છુટ આપવાની જોગવાઈ કરેલ છે.

(૨) રાજ્યમાં કોઈ પણ જગ્યાએ જમીન ધરાવતા ખેડુતને અન્ય જગ્યાએ જમીન ખરીદવા માટે વેચાણ રાખનારની ફોટા સહીતની એફીડેવીટ, જુની જગ્યાના ૭-૧૨, ૮-અ અને એન્ટ્રીની પ્રમાણીત નકલો રજુ કર્યેથી એન્ટ્રી પ્રમાણીત કરવાની કાર્યવાહી કરવા માટેની જોગવાઈ કરેલ છે.

(૩) વેચાણના કિસ્સામાં વેચાણની નોંધણી સમયે જ આપોઆપ ખેડુત પ્રમાણપત્ર આપવા તથા બે વર્ષમાં અન્ય જગ્યાએ જમીન ખરીદવાની જોગવાઈ કરવામાં આવી છે.

(૪) એકત્રીકરણ કાયદાના અમલી કરણના કારણે કોટુંબીક વહેંચણીના પરીણામે પોતાનો ભાગ જતો કરનાર સભ્યનો ખેડુત તરીકેનો દરજ્જો ચાલુ રાખવા કલેક્ટરનું પ્રમાણપત્ર મળ્યા તારીખથી ત્રણ વર્ષની સમય મર્યાદામાં રાજ્યમાં અન્ય સ્થળે ખેતીની જમીન ખરીદવાની જોગવાઈ કરવામાં આવી છે.

------------

**બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ડીસા ગુંદરી સુધીનો રસ્તો બનાવવાનો ખર્ચ**

૯૦૯૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ડીસા તાલુકાના ડીસાથી ગુંદરી સુધીનો રસ્તો બી.ઓ.ટી.ના ધોરણે ફોર લેન બનાવવા માટેનો કુલ કેટલો ખર્ચ થશે,

(૨) હાલમાં આ કામગીરી ક્યા સ્ટેજ છે, અને

(૩) આ રસ્તાને મળતો ઝેરડા થી ધાનેરા જે રસ્તા ઉપર પણ ટ્રાફીક હોઈ તે ટ્રાફીકને ધ્યાનમાં રાખી આ રસ્તો પણ બી.ઓ.ટી.ના ધોરણે ફોર લેન બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) ડીસા થી ગુંદરી સુધીનો રસ્તો બી.ઓ.ટી.ના ધોરણે ૧૦ મીટર પહોળી ડામર સપાટીનો બનાવવા પાછળ રૂપિયા ૯૧.૭૦ કરોડ ખર્ચ અંદાજેલ છે.

(૨) રોકાણકાર સાથે તા. ૯-૪-૦૯ના રોજ કરાર થયેલ છે. તથા આનુસાંગિક કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) હાલ આયોજન નથી.

------------

**પછાત આદિવાસી અને અંતરીયાળ વિસ્તારમાં માધ્યમિક શાળાઓ**

૭૩૭૯**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં પછાત આદિવાસી અને અંતરીયાળ વિસ્તારોમાં નવી માધ્યમિક શાળાઓ કેટલી શરૂ કરી ?

**જવાબ**

કુલ : ૧૧૬ સરકારી માધ્યમિક શાળા અને કુલ : ૧૭૪ ખાનગી શાળાઓને મંજૂરી આપેલ છે.

**ભાવનગર જિલ્લામાં ધોળા ગામ નજીક બાયપાસ રસ્તાની કામગીરી**

૯૨૧૨**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ધોળા ગામ નજીક બાયપાસ રસ્તાની સુવિધા સરકાર આપવા માંગે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પહેલા તબક્કામાં માટી કામ તથા નાળાની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે બીજા તબક્કામાં બાકી રહેતી ડબલ્યુ.બી.એમ. તથા ડામર કામ વગેરેની કામગીરી સારૂ ટેન્ડર તા. ૬-૬-૦૯ ના રોજ મંજુર થયેલ છે, તથા કામગીરી ટુંક સમયમાં શરૂ થનાર છે.

**વડોદરા જિલ્લામાં ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ**

૭૮૮૫ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકવાર ખેડૂત ખાતેદારોની સંખ્યા નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** |
|---|---|
| વડોદરા | ૨૬૩૪૧ |
| કરજણ | ૨૧૬૧૯ |
| પાદરા | ૨૫૨૦૩ |
| વાઘોડીયા | ૧૬૫૦૨ |
| સાવલી | ૨૮૮૦૪ |
| ડભોઈ | ૨૨૬૨૧ |
| સંખેડા | ૨૧૬૨૩ |
| શિનોર | ૧૧૨૯૨ |
| જેતપુર પાવી | ૨૯૩૭૦ |
| ક્વાંટ | ૧૮૭૪૯ |
| નસવાડી | ૧૩૪૮૭ |
| છોટાઉદેપુર | ૧૬૦૭૯ |
| કુલ :- | ૨૫૧૬૯૦ |

(૨) તેમાંથી તાલુકાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **સોઈલ હેલ્થ કાર્ડ આપેલ ખેડૂતોની સંખ્યા** |
|---|---|
| વડોદરા | ૯૯૮૦ |
| કરજણ | ૮૧૯૧ |
| પાદરા | ૯૫૪૯ |
| વાઘોડીયા | ૬૨૫૨ |
| સાવલી | ૧૦૯૧૩ |
| ડભોઈ | ૮૫૭૦ |
| સંખેડા | ૮૧૯૨ |
| શિનોર | ૪૨૭૮ |
| જેતપુર પાવી | ૧૧૧૨૭ |
| નસવાડી | ૫૧૧૦ |
| છોટાઉદેપુર | ૬૦૯૨ |
| કુલ :- | ૯૫૩૫૭ |

(૩) આ કાર્ડ આપવાના બાકી હોય તો તે ક્યારે આપવામાં આવશે ?

(૩) સરકારશ્રી દ્વારા બાકી રહેતા ખેડૂતોને સને ૨૦૧૦ સુધીમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન કરેલ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં વિધવા બહેનોને પેન્શન માટેની અરજીઓ

૮૭૫૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર વિધવા બહેનોના પેન્શન માટે કુલ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર વિધવા બહેનોના પેન્શન માટે નીચેની વિગતે કુલ ૨૪૨૩ અરજીઓ આવી.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | તા.૧-૬-૦૬થી ૩૧-૫-૦૭ | તા.૧-૬-૦૭થી ૩૧-૫-૦૮ | તા.૧-૬-૦૮થી ૩૧-૫-૦૯ | કુલ |
| ૧ | ઈડર | ૭૩ | ૭૮ | ૭૮ | ૨૨૯ |
| ૨ | વડાલી | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ |
| ૩ | વિજય નગર | ૧૮ | ૩૮ | ૫૨ | ૧૦૮ |
| ૪ | ખેડબ્રહ્મા | ૨૨ | ૩૬ | ૩૨ | ૯૦ |
| ૫ | હિંમતનગર | ૧૬૫ | ૧૨૯ | ૨૦૫ | ૪૯૯ |
| ૬ | પ્રાંતિજ | ૭૭ | ૬૯ | ૭૫ | ૨૨૧ |
| ૭ | તલોદ | ૮૯ | ૬૩ | ૬૦ | ૨૧૨ |
| ૮ | ભિલોડા | ૧૦૫ | ૧૦૯ | ૯૮ | ૩૧૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | મોડાસા | ૮૯ | ૬૭ | ૫૯ | ૨૧૫ |
| ૧૦ | બાયડ | ૭૧ | ૬૨ | ૭૪ | ૨૦૭ |
| ૧૧ | ધનસુરા | ૩૬ | ૩૭ | ૨૫ | ૯૮ |
| ૧૨ | માલપુર | ૩૨ | ૨૮ | ૩૭ | ૯૭ |
| ૧૩ | મેઘરજ | ૨૭ | ૨૯ | ૩૧ | ૮૭ |
| | **કુલ** | **૮૧૬** | **૭૬૬** | **૮૪૧** | **૨૪૨૩** |

(૨) એમાંથી તાલુકાવાર અને વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી અને વિધવા બહેનોને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) એમાંથી તાલુકાવાર અને વર્ષવાર નીચેની વિગતે ૧૭૦૩ અરજીઓ મંજૂર કરી અને વિધવા બહેનોને સહાય ચૂકવવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | તા.૧-૬-૦૬થી ૩૧-૫-૦૭ | તા.૧-૬-૦૭ ૩૧-૫-૦૮ | તા.૧-૬-૦૮ ૩૧-૫-૦૯ | કુલ |
| ૧ | ઈડર | ૬૪ | ૫૫ | ૩૧ | ૧૫૦ |
| ૨ | વડાલી | ૧૧ | ૧૫ | ૦૪ | ૩૦ |
| ૩ | વિજ્ય નગર | ૧૪ | ૨૬ | ૩૫ | ૭૫ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૮ | ૨૯ | ૨૪ | ૭૧ |
| ૫ | હિંમતનગર | ૧૩૭ | ૮૫ | ૧૦૩ | ૩૨૫ |
| ૬ | પ્રાંતિજ | ૬૧ | ૪૯ | ૫૯ | ૧૬૯ |
| ૭ | તલોદ | ૭૪ | ૫૨ | ૩૮ | ૧૬૪ |
| ૮ | ભિલોડા | ૮૦ | ૮૫ | ૫૮ | ૨૨૩ |
| ૯ | મોડાસા | ૬૫ | ૫૧ | ૪૬ | ૧૬૨ |
| ૧૦ | બાયડ | ૪૯ | ૫૦ | ૪૩ | ૧૪૨ |
| ૧૧ | ધનસુરા | ૨૪ | ૨૭ | ૧૮ | ૬૯ |
| ૧૨ | માલપુર | ૨૧ | ૨૨ | ૨૬ | ૬૯ |
| ૧૩ | મેઘરજ | ૧૬ | ૧૬ | ૨૨ | ૫૪ |
| | **કુલ** | **૬૩૪** | **૫૬૨** | **૫૦૭** | **૧૭૦૩** |

(૩) બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવશે ?

(૩) બાકીની પડતર અરજીઓની ચકાસણી કરી, મંજૂર કરવાપાત્ર અરજીઓ વહેલી તકે મંજૂર કરવામાં આવશે.

------------

**ભાવનગર જિલ્લામાં વિધવા સહાય માટે મળેલ અરજીઓ**

૯૧૮૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં વિધવા સહાયની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૭૫૭ અરજીઓ આવી

(૨) ૩૧૬ અરજીઓ મંજૂર
૧૭૬ અરજીઓ નામંજૂર

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૧૭ |
| ૨ | અરજી સમય મર્યાદામાં રજુ ન કરવાથી | ૨૭ |
| ૩ | વાર્ષિક આવક વધારે હોવાથી | ૧૦૧ |
| ૪ | સંયુક્ત ખેતીની જમીન ધારણ કરતા હોવાથી | ૬ |
| ૫ | અરજદાર ગામે રહેતા ન હોવાથી | ૬ |
| ૬ | પુનઃલગ્ન કરે હોવાથી | ૨ |
| ૭ | ૬૦ વર્ષ કરતા વધુ ઉંમર હોવાથી | ૫ |
| ૮ | આધારો રજુ કરેલ ન હોવાથી | ૧૦ |
| ૯ | ફરી અરજી કરવાથી | ૨ |
| | કુલ :- | ૧૭૬ |

------------

**દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકામાં રસ્તાઓ રીપેરીંગ માટે ગ્રાન્ટની ફાળવણી**

૭૨૫૪ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૯ના સમય દરમ્યાન વર્ષવાર માર્ગ મકાન વિભાગ દ્વારા દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકામાં રસ્તાઓ રીપેરીંગ માટે કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨) તે પેકી કેટલા રસ્તાની મરામત પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સરકારશ્રી દ્વારા તાલુકાવાર ગ્રાંટની ફાળવણી કરવામાં આવતી નથી. દાહોદ જિલ્લામાં તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૯ના સમય દરમ્યાન રસ્તાઓ રીપેરીંગ માટે નીચે મુજબ ફાળવણી કરવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવણી (રૂા. લાખમાં) |
|---|---|
| ૦૭-૦૮ | ૯૧૦.૦૧ |
| ૦૮-૦૯ | ૬૯૮.૫૮ |
| કુલ | ૧૬૦૮.૫૯ |

(૨) તા. ૧-૪-૦૭થી તા. ૩૧-૩-૦૯ સુધીમાં રાજ્ય હસ્તકના ૪૬૯ કિ.મી. લંબાઈના રસ્તા માટે રૂા. ૭૫૬.૯૨ લાખ તથા પંચાયત હસ્તકના દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકાના૧૧૦ રસ્તા પર રૂા. ૧૧૪.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**સુરત જિલ્લામાં ડામર સપાટી વગરના રસ્તાઓ**

૭૪૯૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ કાચા છે અને કેટલાને ડામર સપાટી કરવાની બાકી છે, અને

(૨) જે ગામમાં કાચા રસ્તા છે તેને પાકા રસ્તાની સુવિધા કેટલા સમયમાં સરકાર આપવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ સુરત જિલ્લામાં તમામ ગામો પાકા રસ્તાઓથી જોડાયેલ છે. તાલુકાવાર નીચે મુજબના રસ્તાઓ મેટલમાંથી ડામર કરવાના બાકી છે, જે નાણાકીય જોગવાઈ મુજબ ડામર કરવાનો નિર્ણય લેવામાં આવશે.

| તાલુકો | મેટલ સપાટીવાળા રસ્તા |
|---|---|
| ઓલપાડ | ૫ |
| ચોર્યાસી | ૨ |
| ૯ મરેજ | ૩ |
| પલસાણા | ૫ |
| બારડોલી | ૨ |
| મહુવા | ૭ |
| માંડવી | ૪ |
| માંગરોલ | ૮ |
| ઉમરપાડા | ૬ |
| કુલ | ૪૨ |

------------

**જામનગર જિલ્લામાં ભોગવટાની જ્ગ્યા (વાડા) નીમ કરવા અરજીઓ**

૮૪૭૯ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં કરામાં હક્ક, ચવહક્ક, રાવડા હકક વગેરે ખેતી પાછળ મળેલી ગામમાં રહેઠાણ તથા ઢોરઢાંખર બાંધવા તેમજ ઘાસચારો અને ખેતીના ઓજાર રાખવા માટે વર્ષોથી ભોગવટાની જ્ગ્યા (વાડા) નીમ કરવા અંગેની તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) બાકી અરજીઓનો નિકાલ કરવા સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં આવી નીમ કરવાની અરજીઓ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જોડીયા તાલુકાના ટીંબડી અને રાજકોટ જિલ્લાના બંગાવડી ગામને જોડતાં રસ્તા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૭૬૫૩ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના ટીંબડી ને રાજકોટ જિલ્લાના બંગાવડી ગામ સાથે જિલ્લાથી જિલ્લાને જોડતા રસ્તાના ડામર સપાટી તથા નાળા પુલીયાના કામ પડતર છે તે હકીકત સાચી છે,

(૨) આ કામ ક્યારે શરૂ કરી તેને પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૩) તે માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) , (૨) અને (૩)

આવુ કોઈ કામ મંજૂર થયેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જૂનાગઢ જિલ્લામાં ફળ-ઝાડ ઉછેરવા જમીન ફાળવણી**

૮૮૦૬ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ફળ-ઝાડ ઉછેરવા માટે કેટલા ખેડૂતોને કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે શરતભંગ કેટલાએ કરેલ છે, તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) કોઈપણ ખેડૂતને જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગાંધીનગર જિલ્લામાં સોઈલ હેલ્થકાર્ડ**

૯૦૪૭ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવ્યા,

(૨) માણસા તાલુકાના ક્યા ગામોમાં ઉક્ત સ્થિતિએ કેટલા સોઈલ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું,

(૩) બાકીના ગામમાં કેટલા ખેડૂતો સોઈલ હેલ્થકાર્ડ સિવાયના હશે, અને

(૪) તેમને હેલ્થકાર્ડ ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૧૮૨૦ સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) માણસા તાલુકામાં સામેલ પત્રક-૧ મુજબના ગામોમાં તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૨૫૨૦ સોઈલ હેલ્થકાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.

(૩) કુલ ૧૨૫૪૧ ખેડૂતો સોઈલ હેલ્થકાર્ડ સિવાયના છે.

(૪) સ્વર્ણિમ લક્ષાંક અંતર્ગત સને ૨૦૧૦ સુધીમાં આપવા આયોજન કરેલ છે.

પત્રક - ૧

| અ. નં. | ગામનું નામ | તા.૩૧-૦૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | માણસા | ૪૦ |
| ૨ | ફતેપુરા | ૪૦ |
| ૩ | ભીમપુરા | ૪૦ |
| ૪ | પરબતપુરા | ૪૦ |
| ૫ | રામપુરા | ૪૦ |
| ૬ | ઈન્દ્રપુરા | ૪૦ |
| ૭ | ઈટાદરા | ૪૦ |
| ૮ | ગુલાબપુરા | ૪૦ |
| ૯ | બોરૂ | ૪૦ |
| ૧૦ | ખરણા | ૪૦ |
| ૧૧ | ખાટાઆંબા | ૪૦ |
| ૧૨ | પારસા | ૪૦ |
| ૧૩ | અમરપુરા | ૪૦ |
| ૧૪ | સોલેયા | ૪૦ |

| અ. નં. | ગામનું નામ | તા.૩૧-૦૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧૫ | ધમેડા | ૪૦ |
| ૧૬ | બાપુપુરા | ૪૦ |
| ૧૭ | સમો | ૪૦ |
| ૧૮ | ગોવિંદપુરા | ૪૦ |
| ૧૯ | હરણાહોડા | ૪૦ |
| ૨૦ | પડુસ્મા | ૪૦ |
| ૨૧ | માણેકપુર | ૪૦ |
| ૨૨ | મકાખાડ | ૪૦ |
| ૨૩ | ધોળાકુવા | ૪૦ |
| ૨૪ | રાજપુરા | ૪૦ |
| ૨૫ | બિલોદરા | ૪૦ |
| ૨૬ | ઉમીયાનગર | ૪૦ |
| ૨૭ | હિંમતપુરા | ૪૦ |
| ૨૮ | મંડાલી | ૪૦ |
| ૨૯ | વિહાર | ૪૦ |
| ૩૦ | ચડાસણા | ૪૦ |
| ૩૧ | વ્યાસ પાલડી | ૪૦ |
| ૩૨ | રિદ્રોલ | ૪૦ |
| ૩૩ | ગલથરા | ૪૦ |
| ૩૪ | પ્રતાપનગર | ૪૦ |
| ૩૫ | ચરાડા | ૪૦ |
| ૩૬ | રાઠોડ પાલડી | ૪૦ |
| ૩૭ | આજોલ | ૪૦ |
| ૩૮ | દેલવાડા | ૪૦ |
| ૩૯ | પાટણપુરા | ૪૦ |
| ૪૦ | લોદરા | ૪૦ |
| ૪૧ | કુવાદરા | ૪૦ |
| ૪૨ | વિજયનગર | ૪૦ |
| ૪૩ | વેડા | ૪૦- |
| ૪૪ | પ્રેમપુરા (વેડા) | ૪૦ |
| ૪૫ | આનંદપુરા (વેડા) | ૪૦ |
| ૪૬ | મોતીપુરા | ૪૦ |
| ૪૭ | ખડાત | ૪૦ |
| ૪૮ | પુંધરા | ૪૦ |
| ૪૯ | મહુડી | ૪૦ |
| ૫૦ | રંગપુર | ૪૦ |
| ૫૧ | અજરાપુરા | ૪૦ |
| ૫૨ | લાકરોડા | ૪૦ |
| ૫૩ | હિંમતપુરા લાક. | ૪૦ |
| ૫૪ | અનોડીયા | ૪૦ |
| ૫૫ | ડોડીપાળ | ૪૦ |
| ૫૬ | વરસોડા | ૪૦ |
| ૫૭ | ગુન્મા | ૪૦ |
| ૫૮ | બદપુરા | ૪૦ |
| ૫૯ | ઈશ્વરપુરા | ૪૦ |
| ૬૦ | દેલવાડ | ૪૦ |
| ૬૧ | અંબોડ | ૪૦ |
| ૬૨ | આનંદપુરા (અં) | ૪૦ |
| ૬૩ | અમરાપુરા | ૪૦ |
| | **કુલ** | **૨૫૨૦** |

------------

## જામનગર જિલ્લામાં વસઈ અને મક્તપુર રસ્તાને મજબૂતી કરણ કરવા અંગે

૯૧૨૧ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વસઈ અને મક્તપુર રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) રૂા.૧.૨૪ કરોડ |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ કામગીરી | (૩) પ્રગતિમાં |

ક્યા તબક્કે છે ?

**મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગ**

૯૧૩૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૪૭ |
| (૨) મળેલ અરજીઓમાંથી કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને | (૨) ૩૭૮- મંજુર<br>૨૩૭- ના મંજુર |
| (૩) નામંજૂર કરવાના કારણો શા છે ? | (૩) નિયમો સાથે સુસંગત ન હોવાથી. |

------------

**વડોદરા જિલ્લામાં રસ્તાઓના જોબ નંબર**

૮૬૪૯ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા સદરે કેટલી રકમના રસ્તાઓના જોબ નંબર આપવામાં આવ્યા.

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી નાણાકીય જોગવાઈ કરી કેટલા કામો તા. ૩૧-૫-૦૯ સુધીમાં પૂર્ણ થયા, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખાસ મરામત અને બજેટ ઉચ્ચક જોગવાઈ સદરે સામેલ પરિશિષ્ટ મુજબ રૂા. ૫૬૨૩.૧૭ લાખની રકમના જોબનંબરો આપવામાં આવ્યા.

(૨) તે અન્વયે વર્ષવાર નાણાંકીય જોગવાઈ નીચે મુજબ કરવામાં આવેલ.

| અ. નં. | સદર | જોગવાઈ રકમ રૂા. લાખમાં (વર્ષવાર) | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ખાસ મરામત | ૧૩૧૯.૭૮ | ૫૫૭.૨૦ | ૧૩૯૮.૨૦ | ૩૨૭૫.૧૮ |
| ૨ | બજેટ ઉચ્ચક જોગવાઈ | ૧૦૧.૦૦ | ૪૩૭.૦૦ | ૫૮૮.૭૦ | ૧૧૨૬.૭૦ |
| | **કુલ :** | **૧૪૨૦.૭૮** | **૯૯૪.૨૦** | **૧૯૮૬.૯૦** | **૪૪૦૧.૮૮** |

કુલ ૧૦૪ કામો તા. ૩૧-૫-૦૯ સુધીમાં પૂર્ણ થયા, અને

(૩) ૩૯ કામો પ્રગતિમાં છે.

**પરિશિષ્ટ**

| ક્રમ | તાલુકો | ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં સદર મુજબ ફાળવેલ જોબનંબરની રકમ રૂા. લાખમાં | | |
|---|---|---|---|---|
| | | ખાસ મરામત | બજેટ ઉચ્ચક જોગવાઇ | કુલ |
| ૧ | વડોદરા | ૨૯૦.૮૯ | ૧૨૨.૦૫ | ૪૧૨.૯૪ |
| ૨ | પાદરા | ૨૪૨.૭૯ | ૯.૬૫ | ૨૫૨.૪૪ |
| ૩ | કરજણ | ૯૬૩.૩૯ | - | ૯૬૩.૩૯ |
| ૪ | સાવલી | ૬૮૯.૯૮ | ૫૭૪.૨૭ | ૧,૨૬૪.૨૫ |
| ૫ | વાઘોડીયા | ૪૨૧.૨૫ | ૧૧૭.૮૮ | ૫૩૯.૧૩ |
| ૬ | ડભોઇ | ૧૪૯.૭૭ | ૭૦.૦૦ | ૨૧૯.૭૭ |
| ૭ | શિનોર | ૧૬૩.૯૦ | ૨૦.૦૦ | ૧૮૩.૯૦ |
| ૮ | સંખેડા | ૨૮૦.૨૧ | ૧૩૭.૮૬ | ૪૧૮.૦૭ |
| ૯ | નસવાડી | ૧૭૮.૨૪ | ૫૬૭.૭૬ | ૭૪૬.૦૦ |
| ૧૦ | પાવીજેતપુર | ૨૬૫.૭૬ | ૫૨.૫૨ | ૩૧૮.૨૮ |
| ૧૧ | છોટાઉદેપુર | ૧૩૩.૦૦ | ૧૫૦.૦૦ | ૨૮૩.૦૦ |
| ૧૨ | ક્વાંટ | ૨૨.૦૦ | - | ૨૨.૦૦ |
| | **કુલ :** | **૩,૮૦૧.૧૮** | **૧,૮૨૧.૯૯** | **૫,૬૨૩.૧૭** |

------------

## ભરૂચ જિલ્લામાં પશુ દવાખાના

૭૩૩૨**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પશુ દવાખાનાઓની સંખ્યા તાલુકાવાર કેટલી છે,

(૨) સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે તે સામે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧ |
| ૨ | અંકલેશ્વર | ૧ |
| ૩ | હાંસોટ | ૧ |
| ૪ | વાગરા | ૧ |
| ૫ | આમોદ | ૧ |
| ૬ | જંબુસર | ૨ |
| ૭ | ઝઘડીયા | ૨ |
| ૮ | વાલીયા | ૨ |

(૨)

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ જ્ગ્યા | ખાલી જ્ગ્યા | તાલુકાનુ નામ | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ | ૧૧ | ૪ | ૧. ભરૂચ<br>૨. જંબુસર<br>૩. ઝઘડીયા<br>૪. વાલીયા | ૧-૧૦-૦૮<br>૧-૬-૦૨<br>૧-૯-૦૮<br>૪-૯-૦૮ |
| ૨ | ડ્રેસર, વર્ગ-૪ | ૧૦ | ૪ | ૧. વાગરા<br>૨. આમોદ<br>૩. ઝઘડીયા<br>૪. વાલીયા | ૧-૨-૦૯<br>૮-૨-૦૮<br>૧-૪-૦૮<br>૧-૪-૦૮ |
| ૩ | પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ-૪ | ૧૭ | ૨ | ૧. વાગરા<br>૨.જંબુસર | ૧-૭-૦૬<br>૧-૭-૦૨ |

(૩) (૧) કામચલાઉ રીતે તાત્કાલિક ભરતીના હેતુથી પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ની જ્ગ્યામાં માસિક રૂા. ૧૩૦૦૦/-ના ફીક્સ પગારથી ૧૧ માસના કરારના ધોરણે (એડહોક) ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. અને નિયમિત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ગુજરાત જાહેર સેવા આયોગ કક્ષાએ ચાલુ છે.

(૨) ડ્રેસર, વર્ગ-૪ તથા પટાવાળા/એટેન્ડન્ટ, વર્ગ-૪ની ખાલી જ્ગ્યાઓની ભરતી અંગેની કાર્યવાહી જીલ્લા પંચાયત ભરૂચ દ્વારા ચાલુ છે.

------------

## રાજ્યમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ

૯૦૪૨**શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૮મી જુન-૨૦૦૯થી પ્રાથમિક શાળાઓનું વેકેશન પૂરૂ થતાં શિક્ષણ કાર્યનો પ્રારંભ થયો છે ત્યારે શિક્ષકોને તાલીમ આપવાના ભોગે શિક્ષણ કાર્ય દસ દિવસ લંબાવવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) આવા શિક્ષકોને ઉઘડતી શાળાએ જ તાલીમ આપવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ચાલુ વર્ષે લોકસભાની સામાન્ય ચૂંટણીઓના કારણે શિક્ષક સમુદાય ચૂંટણીની તાલીમોમાં રોકાયેલ હોવાથી, ચૂંટણી આચારસંહિતાના કારણે શિક્ષક તાલીમો બે તબક્કામાં યોજેલ હતી.

શિક્ષકોને સત્ર દરમ્યાન વર્ગખંડમાં કરવાનું શિક્ષણકાર્ય વધુ અસરકારક રીતે કરી શકે, તેમણે લીધેલ તાલીમનો લાભ બાળકોને સમગ્ર વર્ષ દરમ્યાન મળી શકે તે માટે વર્ષની શરૂઆતમાં જ તાલીમ આપવામાં આવેલ છે.

## વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદી પર પુલ બનાવવાની કામગીરી

૯૨૧૩ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જરોદ-સમલાયા રસ્તા પર વિશ્વામિત્રી નદી પર પુલ બનાવવાની કામગીરી સરકારે હાથ ધરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નકશા અંદાજોને વહીવટી મંજુરી મેળવવાની કામગીરી પ્રગતિમાં છે.

------------

## અમરેલી જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

૯૧૮૯**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, નામંજૂર કરવાના કારણો શું ?

**જવાબ**

(૧) ૪૨૭ અરજીઓ મળી.

(૨) ૨૪૪ અરજીઓ મંજૂર થઇ.

(૩) ૮૫ અરજીઓ નામજૂર થઇ. નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | પુખ્તવયનો પુત્ર હોવાથી | ૨૦ |
| ૨. | સમયમર્યાદામાં અરજી રજુ કરેલ ન હોવાથી | ૨૭ |
| ૩. | વાર્ષિક આવક વધારે હોવાથી | ૨૫ |
| ૪. | અન્ય રીતે | ૧૩ |
| | **કુલ :** | **૮૫** |

------------

## આણંદ જિલ્લામાં ભારે વરસાદથી ગામોમાં ભરાયેલ પાણી

૮૧૬૫ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૦૮થી તા. ૩૧-૩-૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં ભારે વરસાદના કારણે પાણી ભરાયા હતા, અને

(૨) સરકાર દ્વારા ભવિષ્યમાં ભારે વરસાદના કારણે ગામડામાં પાણી ન ભરાય તે માટે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૭ |
| ૨ | પેટલાદ | ૮ |
| ૩ | ઉમરેઠ | ૩ |
| **૧** | **૨** | **૩** |
| ૪ | સોજિત્રા | ૭ |
| ૫ | તારાપોર | ૬ |
| ૬ | ખંભાત | ૫ |
| ૭ | બોરસદ | ૪ |
| ૮ | આંક્લાવ | ૩ |
| | **કુલ :** | ૪૩ |

(૨) આણંદ જિલ્લામાં ભારે વરસાદના કારણે ગામડામાં પાણી ન ભરાય તે માટે તજજ્ઞો દ્વારા અસરગ્રસ્ત ગામોની મોજણી, અભ્યાસ કરાઇ રહેલ છે તેમનો અહેવાલ મળેથી કામગીરી હાથ ધરવામાં આવશે. વધુમાં અતિવૃષ્ટિ દરમ્યાન ડીવોટરીંગ પંપ સેટનો ઉપયોગ કરવામાં આવે છે.

## શાળાઓમાં ફી વધારા અંગે

૭૪૯૭ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ દ્વારા તાજેતરમાં ભારે ફી વધારો કરીને વાલીઓ ઉપર મોટો આર્થિક બોજ નાખીને શિક્ષણને મોંઘુ કરવામાં આવ્યું હોવાની બાબત સરકારના ધ્યાનમાં આવી છે.

(૨) જો હા, તો શાળાઓ દ્વારા કરવામાં આવતા આવા બેફામ ફી વધારા માટે સરકાર તરફથી કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો આ સ્થિતિએ કેટલી શાળાઓ સામે શાં પગલાઓ લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) સરકાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વર્નિભર શાળાઓને કોઇ આર્થિક સહાય કરતી ના હોવાથી તેમની ફી જાતે નક્કી કરે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ

૮૬૩૩ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના ઓરડાઓની કેટ કેટલી ઘટ છે.

(૨) આ ઘટ પુરી કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ઓરડાઓની ઘટ છે.

| ક્રમ | તાલુકો | ઓરડાઓ |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૩૮ |
| ૨ | ગોંડલ | ૨૨ |
| ૩ | જામ-કંડોરણા | ૮ |
| ૪ | જસદણ | ૯૨ |
| ૫ | જેતપુર | ૯ |
| ૬ | કોટડા-સાંગાણી | ૨ |
| ૭ | લોધિકા | ૭ |
| ૮ | માળીયા-મીયાણાં | ૪૯ |
| ૯ | મોરબી | ૫૦ |
| ૧૦ | પડધરી | ૨૧ |
| ૧૧ | રાજકોટ | ૪૨ |
| ૧૨ | ટંકારા | ૪ |
| ૧૩ | ઉપલેટા | ૧૯ |
| ૧૪ | વાંકાનેર | ૬૮ |
| | **કુલ :** | **૪૩૧** |

(૨) ૨૦૫ ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

------------

## સાબરકાંઠા જિલ્લાની વિજ્ઞાનપ્રવાહની શાળાઓ

૯૧૧૧**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી વિજ્ઞાનપ્રવાહની શાળાઓ ચાલે છે.

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વિજ્ઞાનપ્રવાહની શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઇડર | ૭ |
| ૨ | ભિલોડા | ૨ |
| ૩ | મેઘરજ | ૧ |
| ૪ | માલપુર | ૦ **(જૂન-૨૦૦૯થી કાર્યરત)** |
| ૫ | ખેડબ્રહમા | ૨ |
| ૬ | પ્રાંતિજ | ૨ |
| ૭ | તલોદ | ૫ |
| ૮ | બાયડ | ૪ |
| ૯ | વિજયનગર | ૧ |

| | | |
|---|---|---|
| ૧૦ | ધનસુરા | ૧ |
| ૧૧ | હિંમતનગર | ૧૨ |
| ૧૨ | વડાલી | ૧ |
| ૧૩ | મોડાસા | ૯ |
| | કુલ : | ૪૭ |

(૨) ક્યા ક્યા તાલુકાઓમાં વિજ્ઞાનપ્રવાહની શાળાઓ નથી, અને

(૨) માલપુર (તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ)

(૩) બાકી તાલુકાઓમાં વિજ્ઞાનપ્રવાહની શાળાઓ ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ?

(૩) માલપુરમાં જૂન-૨૦૦૯થી કાર્યરત છે.

------------

**કૃષિ ફાર્મની જમીન બાંધકામ માટે આપવા અંગે થયેલ રજૂઆત**

૭૮૯૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કૃષિ સંશોધનના હેતુ માટેની કૃષિ ફાર્મની સુરતમાં રેસકોર્સ રોડ ઉપર આવેલ જમીન હોટલના બાંધકામ માટે વિદેશના એક જુથને વેચી દેવામાં આવેલ છે, તે હકીકત સાચી છે.

(૧) ના, જી.

(૨) આ કૃષિ ફાર્મની જમીન ખેડૂતોએ કપાસ, જુવારના સંશોધનના કામ માટે આપેલ છે તે હકીકત સાચી છે,

(૨) હા, જી.

(૩) કૃષિ ફાર્મની આ જમીન હેતુફેર કરી ખાનગી ગૃપને હોટલ બાંધકામ નહી આપવા બાબતે કોના કોના તરફથી કેટલી ફરીયાદો કરવામાં આવી, અને

(૩) વિવિધ વ્યક્તિ/ગૃપ તરફથી કુલ - ૭ (સાત) રજુઆત મળેલ છે.

૧). ગુજરાત ખેડૂત સમાજ, સૂરત.
૨). સૂરત જિલ્લા ખેડૂત સમાજ, સૂરત.
૩). વલસાડ જિલ્લા ખેડૂત સમાજ, વલસાડ.
૪). નવસારી જિલ્લા ખેડૂત સમાજ, નવસારી.
૫). શ્રી હસમુખભાઇ દેસાઇ, એડવોકેટ, સૂરત.
૬). ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ, અમદાવાદ.
૭). ગુજરાત કૃષિ યુનિવર્સિટી પેન્શનર્સ એસોસિએશન.

(૪) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સરકારે તે સંબંધમાં શું નિર્ણય લીધો ?

(૪) આ જમીન પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમને તબદીલ કરવાના હુકમો કરવામાં આવ્યા છે.

------------

**પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં વારસાઈ એન્ટ્રીઓના પેન્ડિંગ કેસો**

૯૦૬૧ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ વારસાઈ એન્ટ્રીઓના કેટલા કેસો પડતર છે,

(૧) શહેરા તાલુકામાં ૧૧૫ અને લુણાવાડા તાલુકામાં ૧૪૦ કેસો પડતર છે.

(૨) વારસાઈ એન્ટ્રી કરવાના કેસો ઘણા લાંબા સમયથી પડતર રહેવાના કારણો શા છે, અને

(૨) એન્ટ્રીઓ માટે નિયમોનુસાર નોટીસ આપી મુદ્દત વિતે નિકાલની કાર્યવાહી કરવાની હોય છે. આ કાર્યવાહી પૂર્ણ કરી ખંડ-૧માં નિર્દિષ્ટ ૨૫૫ કેસો પૈકી હાલ ૨૨૦ કેસોનો નિકાલ થયેલ હોઈ લાંબા સમયથી પડતર હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી વારસાઈ એન્ટ્રીના કેસોના નિકાલ કરવા સેજાના ત. ક. મંત્રીશ્રીઓને સૂચનાઓ આપવા માંગો છે કે કેમ ?

(૩) તાલુકા કક્ષાએ રાખવામાં આવતી માસિક મિટીંગમાં સુચનાઓ આપવામાં આવે છે.

**પાટડી તાલુકાના વીરભૂમીના મંદિરને રસ્તો આપવા બાબત**

૯૧૫૧ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના રણ વિસ્તારમાં વીરભૂમીનું મંદિર સ્મારક છે જેની વિકાસ કામગીરી રાજ્ય સરકાર દ્વારા ચાલુ છે આ વિકાસ કામગીરીમાં રસ્તાનો સમાવેશ છે કે કેમ,<br>(૨) જો હા, તો કેટલા સમયમાં થશે, અને<br>(૩) કેટલો અંદાજિત ખર્ચ થશે ? | (૧) (૨) અને (૩) : ના, જી. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં મામલતદાર તથા પ્રાંત કચેરીઓ નવી બનાવવા અંગે**

૯૧૦૦ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવિન મામલતદાર ક્ચેરી તથા નવિન પ્રાંત ક્ચેરી કેટલી બનાવવામાં આવેલ છે, | (૧) એક મામલતદાર ક્ચેરી તથા એક પ્રાંત ક્ચેરી બનાવવામાં આવેલ છે. |
| (૨) આવી ક્ચેરીઓમાં શું શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, અને | (૨) આ ક્ચેરીઓમાં અધિકારીની ચેમ્બર, સ્ટાફ રૂમ, કોમ્પ્યુટર રૂમ, વહીવટી શાખા, જમીન સંપાદન રૂમ, પોસ્ટ શાખા, વેઈટીંગ રૂમ, સ્ટોર રૂમ, રેકર્ડ રૂમ, મિટીંગ હોલ, સ્ટેર કેશ, વોટર રૂમ, ઈલેકટ્રીક રૂમ, એન્ટ્રન્સ ફોયર, જેન્ટસ ટોઈલેટ, લેડીજ ટોઈલેટ, હેન્ડીકેપ ટોઈલેટ, લોબી, રેમ્પ, પાર્કીગ વગેરે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |
| (૩) જિલ્લાના ક્યા તાલુકામાં નવિન મામલતદાર ક્ચેરી બનાવવાનું આયોજન છે ? | (૩) પાલનપુર ખાતે મામલતદાર ક્ચેરી બનાવવાનું આયોજન છે. |

------------

**ભિલોડા તાલુકાના મેશ્વો, હાથમતી અને ઈન્દ્રસી ડેમોમાં માછીમારીનો કોન્ટ્રાકટ આપવા બાબત**

૮૭૬૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલ મેશ્વો, હાથમતી અને ઈન્દ્રાસી ડેમોમાં માછીમારીનું કામ લોક્લ મંડળીઓના નામે બહારના કોન્ટ્રાકટરો કરે છે, એ સરકારના ધ્યાન પર છે, | (૧) ના, જી. |
| (૨) સરકારના વિસ્થાપિત લોકોની મંડળીઓ ને માછીમારીનું કામ આપવા શાં પગલાં ભરવા માંગે છે, અને | (૨) વિસ્થાપીત લોકોની સહકારી મંડળીઓ નિયમાનુસાર ટેન્ડર ભરી મચ્છીમારીનો ઈજારો મેળવી શકે છે. |
| (૩) બહારના કોન્ટ્રાકટરોને દૂર કરવા સરકાર શા પગલાં ભરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ જિલ્લામાં પશુપાલન દ્વારા લાભાર્થીઓને યોજનાનો લાભ**

૭૨૫૫**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પશુપાલન વિભાગ દ્વારા વર્ષવાર વિવિધ યોજના મારફત કેટલી રકમ ફાળવવામાં આવી. | (૧) વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૧૮.૧૫ લાખ અને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૧૧૮.૧૫ લાખ. |

(૨) તે પૈકી કઈ યોજનામાં કેટલી રકમનો ખર્ચ કર્યો, અને
(૩) કેટલા લાભાર્થીઓને યોજનાનો લાભ આપવામાં આવ્યો ?

(૨) અને (૩) : સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | યોજનાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ | | વર્ષ ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચ રૂા. લાખમાં | લાભાર્થીઓની સંખ્યા | ખર્ચ રૂા. લાખમાં | લાભાર્થીઓની સંખ્યા |
| ૧ | બકરા એકમ સહાય | ૦.૯૦ | ૦૫ | ૦.૯૦ | ૦૫ |
| ૨ | પશુઓ માટે હેલ્થ પેકેજ સહાય | ૧.૫૦ | ૩૦૦ | ૩૯.૪૧ | ૪૦૪૦ |
| ૩ | કેટલ શેડ બનાવવા માટે સહાય | ૦.૫૦ | ૦૫ | ૩.૪૫ | ૨૫ |
| ૪ | ગમાણ બનાવવા માટે સહાય | ૦.૦૪ | ૪ | ૦.૦૮ | ૦૮ |
| ૫ | સ્વચ્છ દૂધ ઉત્પાદન કીટ પુરા પાડવા | -- | -- | ૨૭.૩૨ | ૬૫૨૮ |
| ૬ | પશુ આરોગ્ય મેળા માટે દવા ખરીદી | ૫.૬૦ | ૬૧૦૦ | ૮.૪૦ | ૭૭૯૦ |
| ૭ | પશુ ઉત્પાદક્તાં વૃધ્ધિ તથા શિક્ષણ શિબિર | ૩.૯૭ | ૧૧૯૫૦ | ૩.૯૭ | ૧૧૯૫૦ |
| ૮ | પશુ દવાખાનાને ઈમરજન્સી વેટરનરી સારવાર કીટસ પુરા પાડવા | -- | -- | ૦.૬૫ | ૧૩-પશુ દવાખાના |
| અ.નં. | યોજનાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ | | વર્ષ ૨૦૦૮-૦૯ | |
| | | ખર્ચ રૂા. લાખમાં | લાભાર્થીઓની સંખ્યા | ખર્ચ રૂા. લાખમાં | લાભાર્થીઓની સંખ્યા |
| ૯ | ચાફકટર સહાય | ૧.૦૨ | ૧૦૨ | ૧.૦૬ | ૧૦૬ |
| ૧૦ | એમ્બ્યુલન્સ વાન ખરીદી | -- | -- | ૯.૬૦ | ૧-પશુ દવાખાનું |
| ૧૧ | પશુવીમા પ્રિમીયમ સહાય | -- | -- | ૦.૪૪ | ૪૪ |
| ૧૨ | દૂધાળા પશુ ખરીદી માટે વ્યાજ સહાય | ૧.૨૦ | ૩૦ | ૦.૬૧ | ૮ |
| ૧૩ | ૨૫ આર.આઈ.આર. મરઘાં એકમ માટે સહાય | ૧.૦૮ | ૬૦ | ૧.૦૮ | ૬૦ |
| ૧૩ | ૧૦૦ બ્રોઈલર પક્ષીના એકમ સ્થાપવા માટે સહાય | ૦.૭૫ | ૧૦ | ૦.૯૪ | ૮ |
| ૧૪ | મરઘાં પાલકોને તાલીમ | ૦.૫૫ | ૧૨૫ | ૦.૫૬ | ૧૧૮ |
| | | ૧૭.૧૧ | ૧૮૬૯૧ | ૯૮.૪૭ | ૩૦૭૧૪ |

------------

## જામનગર જિલ્લામાં ખંભાળીયા તાલુકામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા બાબત

૮૪૮૨**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ખંભાળીયા તાલુકામાં નવી શરત-જુની શરત અને વારસાઈની જમીન દફતરે નોંધણી કરવા અંગેની કેટલી અરજીઓ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નિકાલ માટે બાકી છે, અને
(૨) બાકી અરજીઓનો નિકાલ કરવા સરકાર શું પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) જૂની શરતમાં ફેરવવાની કોઈ અરજી બાકીમાં નથી.
- વારસાઈની ૧૦૦ અરજીઓ બાકી છે.

(૨) નોંધ અંગે નિયમાનુસાર નોટીસ આપીને કાર્યવાહી કરવાની થાય છે તે મુજબ કાર્યવાહી પૂર્ણ કરાઈ રહી છે.

------------

## ધ્રોલ અને જોડીયા તાલુકાના પાક વીમાના પડતર દાવા

૭૬૫૪ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ખરીફ ૨૦૦૮ના સમય ગાળા માટે ધ્રોલ અને જોડીયા તાલુકાના પાક વીમાના કેટલા દાવા મે-૨૦૦૮ની સ્થિતિએ ચુકવવાના બાકી છે,
(૨) દાવાની કુલ રકમ કેટલી થાય છે,

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળના ખરીફ-૨૦૦૮ના ચૂક્વવાપાત્ર દાવાઓની ગણતરી કરી મંજૂર કરવાની કાર્યવાહી એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા, અમદાવાદ

(૩) દાવા પડતર રહેવાના શાં કારણો છે, અને
(૪) તમામ દાવાઓ ક્યાં સુધીમાં ચુક્તે કરવામાં આવનાર છે ?

દ્વારા ચાલુ છે તેથી જામનગર જિલ્લાના ખરીફ-૨૦૦૮ના સમયગાળા માટે ધ્રોલ અને જોડીયા તાલુકાના પાક વીમાના કેટલા દાવા ચૂકવવાપાત્ર છે તે કામગીરી પૂર્ણ થયેથી નક્કી થઈ શકે.

------------

**રાજ્યની પ્રાથમિક શાળાઓના સ્ટાફને તાલીમમાં મોકલવાથી શૈક્ષણિક કાર્યને અસર અંગે**

૮૮૦૭ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૮-૬-૦૯થી પ્રાથમિક શાળાઓનું વેકેશન પુરૂ થતા શાળાઓ શરૂ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને
(૨) જો હા, તો શાળાઓ શરૂ કરાઈ પરંતુ શાળા ના સ્ટાફને ટ્રેનીંગોમાં મોકલી આપવાથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ થઈ શક્યું નથી તે અંગે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી.
(૨) તા. ૮ થી ૧૧ જુન, ૨૦૦૯ દરમ્યાન પ્રાથમિક શાળાઓમાં અનઅધ્યયન રાખવામાં આવેલ. ટ્રેનીંગ પૂરી થતાં તા. ૧૨-૬-૦૯થી શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

------------

**ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસો**

૯૦૪૮ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં ગાંધીનગર જિલ્લાના માણસા, કલોલ, ગાંધીનગર, દહેગામ તાલુકાઓમાં નવી શરતમાંથી ખેતી વિષયક હેતુ માટે જૂની શરતમાં ફેરવવાના તાલુકા દીઠ કુલ કેટલા કેસ બાકી છે. જિલ્લામાં કુલ કેટલા કેસો બાકી છે,
(૨) માણસા તાલુકાના નવી શરતમાંથી જુની શરતમાં કેટલા કેસો ફેરવાવવામાં આવ્યાં, અને
(૩) બાકીના કેસોના નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તાલુકાવાર બાકી કેસોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | બાકી કેસો |
|---|---|---|
| ૧ | માણસા | ૧૭૦ |
| ૨ | કલોલ | ૧૬૨ |
| ૩ | ગાંધીનગર | ૪૯ |
| ૪ | દહેગામ | ૭૩૫ |
| | **જિલ્લામાં કુલ બાકી કેસો** | **૧૧૧૬** |

(૨) ૯૩૯.
(૩) સત્વરે.

------------

**મહેસૂલ પંચમાં પડતર કેસો અંગે**

૯૧૪૫**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત મહેસૂલ પંચમાં તા. ૩૧મી મે ૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે,
(૨) પડતર કેસો રહેવાના કારણો શાં છે, અને
(૩) પડતર કેસોનો સત્વરે નિકાલ થાય તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કુલ ૫૧૬૮ કેસો પડતર છે.
(૨) ગુજરાત મહેસૂલ પંચની કાર્યવાહી ન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે.
(૩) ન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે કેસોના નિકાલમાં સમય મર્યાદા બાંધી શકાતી નથી. છતા ઝડપી નિકાલ માટે પંચ દ્વારા કાર્યવાહી કરાય છે.

------------

**ભરૂચ જિલ્લામાં જંતુનાશક દવાઓ અને બિયારણ**

૭૩૩૩**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં કૃષિ વિષયક જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા

**જવાબ**

(૧) જંતુનાશક દવાઓના ૧૦૩ અને બિયારણના ૧૧૪.

સેમ્પલો ચકાસવામાં આવ્યા,

(૨) ચકાસણી દરમ્યાન આવા સેમ્પલોમાં કઈ કઈ ક્ષતિઓ માલુમ પડી, અને

(૨) ચકાસણી દરમ્યાન આવા સેમ્પલોમાં નીચે જણાવેલ ક્ષતિઓ માલુમ પડી.

(અ) જંતુનાશક દવા ચકાસણી દરમ્યાન કુલ ત્રણ સેમ્પલમાં સક્રિય તત્વનું પ્રમાણ ઓછું આવેલ છે.

(બ) બિયારણનાં નમુનાની ચકાસણી દરમ્યાન કુલ એક સેમ્પલમાં હા, દિવેલા જી.સી.એચ. ૪ જાતનાં નમુનામાં જીનેટીક પ્યોરીટીમાં પ્રમાણ ઓછું આવેલ છે.

(૩) સરકાર દ્વારા જુન-જુલાઈ અને ઓગસ્ટ માસમાં ખેતી વિષયક કામગીરી વધુ થતી હોવાથી આ માસમાં ચકાસણી ઝુંબેશ વ્યાપક બનાવવા માંગે છે કે કેમ ?

(૩) હા, જી.

------------

**રાજ્યના કારગીલ યુધ્ધમાં શહીદ થયેલ જવાનોને સહાય ચૂકવવા અંગે**

૯૧૫૩ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કારગીલ યુધ્ધ વખતે રાજ્ય સરકારે ભેગું કરેલ ફંડમાંથી રૂા. ૨૦ કરોડ બેંકમાં ફીક્સ ડીપોઝીટમાં મુકેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ સુધીમાં તેના ઉપર કેટકેટલું વ્યાજ મળ્યું અને

(૩) તા. ૧૦-૬-૦૯ સુધીમાં રાજ્યના ક્યા ક્યા શહીદ થયેલા કેટ કેટલા જવાનોને સહાય ચુકવવામાં આવી અને કેટલાને સહાય ચુકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૧૪,૫૩,૦૬,૧૩૯/-

(૩) કારગીલ યુધ્ધમાં શહીદ થયેલ દસ જવાનો સહિત કુલ ૧૯૦ જવાનોને સામેલ પત્રક મુજબ કુલ રૂા. ૩,૬૮,૬૪,૭૦૦/- સહાય ચૂકવવામાં આવેલ છે. સહાય ચૂકવવાના કોઈ કેસ બાકી નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

# અતારાંકિત પ્રશ્નો

## પહેલી અતારાંકિત યાદી

### ખેડા જિલ્લાના ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડનું વિતરણ

અતારાંક્તિ : ૧૨૪૮ (૨૦-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના ખેડૂતોને તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેલ્થકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી ખેડા જિલ્લાના તાલુકાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવ્યા ?

**કૃષિ મંત્રીશ્રી** (૭-૩-૦૯) :

(૧) રાજ્યના ખેડૂતોને તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧,૮૬,૨૬૭ હેલ્થકાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ખેડા જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડની વિગતો નીચે મુજબ છે :

| તાલુકાનું નામ | ખેડૂતોને આપવામાં આવેલ સોઈલ હેલ્થકાર્ડની સંખ્યા |
|---|---|
| નડિયાદ | ૫૬૫ |
| મહુધા | ૩૦૦ |
| ખેડા | ૫૬૦ |
| મહેમદાવાદ | ૧૨૪૮ |

| | |
|---|---|
| માતર | ૭૫૫ |
| કપડવંજ | ૭૭૫ |
| કઠલાલ | ૮૩૫ |
| બાલાસિનોર | ૧૭૮૫ |
| વિરપુર | ૭૧૦ |
| ઠાસરા | ૧૨૭૫ |
| **કુલ :-** | **૮૮૦૮** |

------------

## ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કૃષિ માર્ગદર્શન શિબિરો

અતારાંક્તિ : ૧૨૫૮ (૨૮-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ક્યાં ક્યાં કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવેલ, અને

(૨) દરેક શિબિર પાછળ કેટલો ખર્ચ કોના મારફતે કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૩-૩-૦૯) :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં બાલાસિનોર અને વીરપુર તાલુકામાં નીચે જણાવેલ ગામોમાં કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવેલ છે.

| **૧. બાલાસિનોર તાલુકો** | **૨. વીરપુર તાલુકો** |
|---|---|
| કોતરબોર | ઉમરીયા |
| બોડેલી | હાંડીયા |
| રળીયાતા | વરેઠા |
| જેઠોલી | ખાટા |
| ગુંથલી | કાસોડી |
| સલીયાવટી | છરવંગી |
| ગુંદેલા | તાજપુર |

(૨) દરેક શિબિર પાછળ ખર્ચ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ખેડા મારફતે નીચે મુજબ કરવામાં આવેલ છે.

| **૧. બાલાસિનોર તાલુકો-ખર્ચ રૂા.** | **૨. વીરપુર તાલુકો-ખર્ચ રૂા.** |
|---|---|
| કોતરબોર-૪૯૯૫ | ઉમરીયા-૪૯૮૦ |
| બોડેલી-૫૦૦૦ | હાંડીયા-૫૦૦૦ |
| રળીયાતા-૫૦૦૦ | વરેઠા-૫૦૦૦ |
| જેઠોલી-૫૦૦૦ | ખાટા-૫૦૦૦ |
| ગુંથલી-૫૦૦૦ | કાસોડી-૧૪૮૫૦ |
| સલીયાવટી-૫૦૦૦ | છરવંગી-૫૦૦૦ |
| ગુંદેલા-૫૦૦૦ | તાજપુર-૫૦૦૦ |

------------

## દાહોદ જિલ્લામાં ખેડૂતોને બિયારણ કિટસ તથા જંતુનાશક દવા બાબત

અતારાંક્તિ : ૧૨૬૭ (૨૮-૧-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના અને સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. ના ખેડૂતોને કેટલી બિયારણની કિટસ અને જંતુનાશક દવાઓ કેટલી વખત આપવામાં આવી, અને

(૨) આ યોજના અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૫-૫-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના અને સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. ના ખેડૂતોને બિયારણની કિટસ નીચેની વિગતે દર વર્ષે આપવામાં આવે છે. પરંતુ ખેડૂતો બદલાતા રહે છે.

| તાલુકો | નાના | સિમાંત | અ.જા. | અ.જ.જા. | ઓ.બી.સી. | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| દાહોદ | ૧૩૯૮ | ૧૧૪૧ | ૬૦ | ૨૪૮૯ | ૦ | ૫૦૮૮ |
| ગરબાડા | ૫૧૯ | ૪૬૬ | ૬૦ | ૯૨૫ | ૦ | ૧૯૭૦ |
| ઝાલોદ | ૬૬૯ | ૩૮૦૫ | ૧૮૦ | ૪૨૯૪ | ૦ | ૮૯૪૮ |
| ફતેપુરા | ૨૫૧ | ૧૩૫૫ | ૯૯ | ૧૫૦૭ | ૦ | ૩૨૧૨ |
| લીમખેડા | ૧૧૪૫ | ૮૦૨ | ૯ | ૧૯૪૭ | ૦ | ૩૯૦૩ |
| ધનપુરા | ૮૫૭ | ૩૪૮ | ૪૫ | ૧૧૬૪ | ૦ | ૨૪૧૪ |
| દે.બારીયા | ૯૮૮ | ૨૮૩ | ૧૬૮ | ૧૧૦૩ | ૦ | ૨૫૪૨ |
| **કુલ :** | **૫૮૨૭** | **૮૨૦૦** | **૬૨૧** | **૧૩૪૨૯** | **૦** | **૨૮૦૭૭** |

દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના અને સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. ના ખેડૂતોને જંતુનાશક દવાઓ નીચેની વિગતે દર વર્ષે આપવામાં આવે છે પરંતુ ખેડૂતો બદલાતા રહે છે.

| તાલુકો | નાના | સિમાંત | અ.જા. | અ.જ.જા. | ઓ.બી.સી. | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| દાહોદ | ૩૧૮ | ૩૪૦ | ૪૨ | ૫૭૭ | ૩૯ | ૧૩૧૬ |
| ગરબાડા | ૨૦ | ૨૨ | ૦ | ૪૨ | ૦ | ૮૪ |
| ઝાલોદ | ૧૫૦ | ૬૬૪ | ૩૫ | ૭૯૧ | ૦ | ૧૬૪૦ |
| ફતેપુરા | ૮૪ | ૫૮૬ | ૬૦ | ૬૧૦ | ૦ | ૧૩૪૦ |
| લીમખેડા | ૩૩૧ | ૨૩૯ | ૧૧૦ | ૪૫૧ | ૯ | ૧૧૪૦ |
| ધનપુરા | ૨૦૪ | ૯૩ | ૪૦ | ૨૫૭ | ૦ | ૫૯૪ |
| દે.બારીયા | ૩૮૨ | ૨૦૬ | ૧૪૦ | ૪૧૭ | ૩૧ | ૧૧૭૬ |
| **કુલ :** | **૧૪૮૯** | **૨૧૫૦** | **૪૨૭** | **૩૧૪૫** | **૭૯** | **૭૨૯૦** |

(૨) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણ કિટસ અને જંતુનાશક દવા મળી કુલ ખર્ચ રૂપિયા નીચેની વિગતે છે.

| તાલુકો | બિયારણ કિટસ | જંતુનાશક દવા | કુલ |
|---|---|---|---|
| દાહોદ | ૧૧૪૯૬૦૧ | ૪૯૬૦૦ | ૧૧૯૯૨૦૧ |
| ગરબાડા | ૬૫૭૫૫૬ | ૪૨૦૦ | ૬૬૧૭૫૬ |
| ઝાલોદ | ૧૪૧૮૫૩૭ | ૮૪૬૦૦ | ૧૫૦૩૧૩૭ |
| ફતેપુરા | ૬૮૧૨૫૦ | ૭૩૦૩૮ | ૭૫૪૨૮૮ |
| લીમખેડા | ૭૨૧૨૦૩ | ૬૩૦૦૦ | ૭૮૪૨૦૩ |
| ધાનપુર | ૪૨૧૪૯૪ | ૨૯૬૫૦ | ૪૫૧૧૪૪ |
| દે.બારીયા | ૪૪૬૫૨૬ | ૬૫૭૨૬ | ૫૧૨૨૫૨ |
| **કુલ :** | **૫૪૯૬૧૬૭** | **૩૬૯૮૧૪** | **૫૮૬૫૯૮૧** |

## દાહોદ જિલ્લામાં ગ્રામ સેવકોનું મહેકમ

અતારાંક્તિ : ૧૨૬૯ (૨૮-૧-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ સેવકોનું કેટલું મંજૂર થયેલ મહેકમ છે, અને તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) સરકાર આ જગ્યાઓ ક્યારે ભરવા માંગે છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૯-૩-૦૯) :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલીમ અને મુલાકાત યોજનાના ગ્રામ સેવકોનું તાલુકાવાર મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | દાહોદ જિલ્લો | | |
|---|---|---|---|
| | **તાલુકો** | **મંજૂર થયેલ મહેકમ** | **ખાલી જગ્યાઓ** |
| ૧ | દાહોદ | ૧૨ | ૦૫ |
| ૨ | ગરબાડા | ૦૫ | ૦૦ |
| ૩ | ઝાલોદ | ૧૮ | ૦૪ |
| ૪ | ફતેપુરા | ૦૯ | ૦૩ |
| ૫ | લીમખેડા | ૧૯ | ૦૭ |
| ૬ | ધાનપુર | ૧૦ | ૦૫ |
| ૭ | દેવગઢબારીયા | ૧૦ | ૦૫ |
| | **કુલ :** | **૮૩** | **૨૯** |

(૨) આ જગ્યાઓ બાર માસ ઉપરથી ખાલી છે.

(૩) જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------

## દાહોદ જિલ્લામાં કૂવાની સહાય

અતારાંકિત : ૧૨૭૦ (૨૮-૧-૦૯) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને કૂવાની સહાય આપવામાં આવી,

(૨) લાભાર્થીઓને સહાયની ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ ગામવાર ચૂકવવામાં આવી, અને

(૩) ક્યા ક્યા ગામમાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે અને બાકી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી** (૬-૩-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કૂવાની સહાય આપવામાં આવી.

| અ.નં. | તાલુકો | કુલ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૦ |
| ૨ | ગરબાડા | ૧૦ |
| ૩ | ઝાલોદ | ૨૪ |
| ૪ | ફતેપુરા | ૧૬ |
| ૫ | લીમખેડા | ૬૨ |
| ૬ | ધાનપુર | ૨૨ |
| ૭ | દેવગઢબારીયા | ૧૨ |
| | **કુલ :** | **૧૬૬** |

(૨) લાભાર્થીઓને સહાયની ઉક્ત સ્થિતિએ રૂા.૩૩,૧૯,૪૨૫/- ચૂકવવામાં આવ્યા છે. ગામવાર *પત્રક-૧ સામેલ છે.

(૩) ચૂકવવાની બાકી સહાયનું ગામવાર *પત્રક-૨ સામેલ છે. બાકી સહાય ગ્રાન્ટની ઉપલબ્ધિ પ્રમાણે ચૂકવવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## દાહોદ જિલ્લામાં કૃષિવિષયક ઓજારોની સહાય

અતારાંક્તિ : ૧૨૭૧ (૨૮-૧-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ગામોમાંથી કૃષિવિષયક ઓજારોની સહાય માટે ખેડૂતોની કેટલી અરજીઓ આવી,

(૨) આ માટે કેટલા ખેડૂતોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) આ પેકી કેટલા ખેડૂતોને સબસીડી આપવામાં આવી ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૭-૩-૦૯) :

(૧), (૨) અને (૩) : દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિવિષયક ઓજારોની સહાય માટે આવેલ અરજીઓ, તે પેકી મંજૂર કરવામાં આવેલ અરજીઓ, અને ખેડૂતોને ચૂકવેલ સબસીડી અંગેની વિગતો નીચે મુજબ છે :

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ગામોની સંખ્યા** | **કૃષિવિષયક ઓજારોની સહાય માટે ખેડૂતોની આવેલ અરજીઓ** | | |
|---|---|---|---|---|---|
| | | | આવેલ અરજીઓની સંખ્યા | તે પેકી મંજૂર આવેલ અરજીની સંખ્યા | સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | દાહોદ | ૮૬ | ૨૪૭ | ૨૪૭ | ૨૪૭ |
| ૨ | ગરબાડા | ૩૧ | ૦૭૬ | ૦૭૬ | ૦૭૬ |
| ૩ | ઝાલોદ | ૯૬ | ૨૧૦ | ૨૧૦ | ૨૧૦ |
| ૪ | ફતેપુરા | ૭૬ | ૧૨૫ | ૧૨૫ | ૧૨૫ |
| ૫ | લીમખેડા | ૬૦ | ૧૫૧ | ૧૫૧ | ૧૫૧ |
| ૬ | ધાનપુર | ૨૩ | ૦૫૬ | ૦૫૬ | ૦૫૬ |
| ૭ | દેવગઢબારીયા | ૮૮ | ૧૦૫ | ૧૦૫ | ૧૦૫ |
| | **કુલ :** | **૪૬૦** | **૯૭૦** | **૯૭૦** | **૯૭૦** |

------------

## દાહોદ જિલ્લામાં પશુ દવાખાનાના મકાનો

અતારાંક્તિ : ૧૩૪૬ (૨૮-૧-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલા પશુદવાખાના આવેલા છે,

(૨) આવા પશુદવાખાના તાલુકાવાર ક્યા-ક્યા ગામોમાં પોતાના મકાનો ધરાવે છે, અને ક્યા-ક્યા ગામોમાં ભાડાના મકાનો છે, અને

(૩) આ પશુદવાખાના ચલાવવા માટે તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવી ?

**પશુપાલન મંત્રીશ્રી** (૪-૩-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નીચે મુજબ પશુદવાખાના આવેલા છે :-

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **પશુદવાખાનાની કુલ સંખ્યા** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩ |
| ૨ | ગરબાડા | ૧ |

| | | |
|---|---|---|
| ૩ | ઝાલોદ | ૪ |
| ૪ | લીમખેડા | ૩ |
| ૫ | ધાનપુર | ૧ |
| ૬ | દેવગઢબારીયા | ૨ |
| ૭ | ફતેપુરા | ૨ |
| | કુલ : | ૧૬ |

(૨) આ તમામ ૧૬-પશુદવાખાના પોતાના મકાનમાં બેસે છે. જેની તાલુકાવાર વિગતો પત્રક-૧ માં દર્શાવેલ છે.

**પત્રક-૧**
**દાહોદ જિલ્લાના પશુ દવાખાનાના મકાનો અંગેની વિગત**

| અ.નં. | તાલુકાનું નામ | |
|---|---|---|
| ૧ | દાહોદ | દાહોદ |
| ૨ | દાહોદ | કતવારા |
| ૩ | દાહોદ | ફરતા એકમ દાહોદ |
| ૪ | ગરબાડા | ગરબાડા |
| ૫ | ઝાલોદ | ઝાલોદ |
| ૬ | ઝાલોદ | લીમડી |
| ૭ | ઝાલોદ | સંજેલી |
| ૮ | ઝાલોદ | મહુડી |
| ૯ | લીમખેડા | લીમખેડા |
| ૧૦ | લીમખેડા | રણધીકપુર |
| ૧૧ | લીમખેડા | ફરતા એકમ લીમખેડા |
| ૧૨ | ધાનપુર | ધાનપુર |
| ૧૩ | દેવગઢ બારીયા | દેવગઢ બારીયા |
| ૧૪ | દેવગઢ બારીયા | પીપલોદ |
| ૧૫ | ફતેપુરા | ફતેપુરા |
| ૧૬ | ફતેપુરા | સુખસર |
| | **કુલ :** | **૧૬** |

(૩) આ પશુદવાખાના ચલાવવા માટે તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગ્રાન્ટ ફાળવણીની વિગતો પત્રક-૨ માં દર્શાવેલ છે.

**પત્રક-૨**
**દાહોદ જિલ્લાના પશુ દવાખાનાઓ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત**
**(૧) વર્ષ ૨૦૦૭ (તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૭)**

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રાન્ટ (રૂા.લાખમાં) તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૭ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૦.૦૧ |
| ૨ | ગરબાડા | ૪.૧૨ |
| ૩ | ઝાલોદ | ૧૯.૩૮ |
| ૪ | લીમખેડા | ૧૪.૧૭ |
| ૫ | ધાનપુર | ૪.૭૪ |
| ૬ | દેવગઢ બારીયા | ૧૨.૭૫ |
| ૭ | ફતેપુરા | ૧૧.૨૭ |
| | **કુલ :** | **૮૬.૪૪** |

**(૨) વર્ષ ૨૦૦૮ (તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮)**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કુલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૭** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૯.૧૫ |
| ૨ | ગરબાડા | ૧૩.૩૩ |
| ૩ | ઝાલોદ | ૨૪.૮૯ |
| ૪ | લીમખેડા | ૧૭.૮૦ |
| ૫ | ધાનપુર | ૨.૩૧ |
| ૬ | દેવગઢ બારીયા | ૬.૫૯ |
| ૭ | ફતેપુરા | ૭.૫૬ |
| | **કુલ :** | **૧૧૧.૬૩** |

------------

## કચ્છ જિલ્લામાં ખેડૂતોના વીમા ઉતારવા અંગે

અતારાંક્તિ : ૧૩૬૬ (૧૮-૩-૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોના વીમા વર્ષવાર ઉતારવામાં આવ્યા,

(૨) તેમાંથી કેટલા ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયા અને કેટલા અપંગ થયા,

(૩) આ પેકી કેટલા ખેડૂતોને વળતર મળ્યું અને કેટલા કેસો પેન્ડીંગ છે,

(૪) આ પેન્ડીંગ કેસોના નાણાં ખેડૂતોને ક્યારે મળશે, અને

(૫) નામંજૂર થયેલ હોય તો તેના કારણો શા છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૬-૫-૦૯) :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૮ સુધી ૫ હેક્ટરની મર્યાદામાં અને તા.૧-૪-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ સુધી તમામ ખાતેદાર ખેડૂતોને વીમા કવચ પુરૂં પાડેલ છે.

(૨) ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત ૫૧ ખાતેદાર ખેડૂતોના મૃત્યુ થયાની દાવા અરજીઓ મળેલ છે, જ્યારે કાયમી અપંગ થયા અંગેની કોઈ દાવા અરજી મળેલ નથી.

(૩) આ પેકી ૩૫ ખાતેદાર ખેડૂતોના વારસદારોને વીમા વળતર મળ્યું, અને ૬ કેસો પેન્ડીંગ છે.

(૪) આ પેન્ડીંગ કેસોને વીમા નિયામકશ્રી ક્ષાએથી વેરીફીકેશન થયા બાદ નાણાં મળશે.

(૫) ૧૦ દાવા અરજીઓ નામંજૂર થવાના મુખ્ય કારણોમાં સદર અરજીઓ યોજનાની જોગવાઈઓ મુજબ ન હોવાથી તથા અરજદાર તરફથી સાધનિક કાગળો રજૂ ન થવા માટેના છે.

------------

## અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં તળાવો ઉંડા કરવા બાબત

અતારાંક્તિ : ૧૩૮૫ (૯-૩-૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ માં કચ્છ જિલ્લાના અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ક્યા ક્યા તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૨) આ તળાવો કઈ યોજના હેઠળ ઉંડા કરવામાં આવ્યા, આ તળાવોનું તળ કેટલું હતું અને તળની કેટલી ઉંડાઈ ૨૦૦૮ ના વર્ષમાં કરી અને તળાવ પ્રમાણે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ તળાવો ઉંડા કરવા કઈ એજન્સીને કામ સોંપેલ અને તે દ્વારા ભ્રષ્ટાચાર થયેલ હોય તો સરકાર તપાસ કરવા માંગે છે?

**કૃષિ મંત્રીશ્રી** (૧૩-૪-૦૯) :

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ માં કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં દનણા, દેવીસર અને ધાવડા ગામના તળાવો ઉંડા કરવામાં આવ્યા. જ્યારે અબડાસા અને લખતર તાલુકામાં કોઈ તળાવ ઉંડા કરવામાં આવ્યા નથી.

(૨) આ તળાવો તળાવ ઉંડા કરવાની યોજના (SLC-૧૦) હેઠળ નીચેની વિગતે ઉંડા કરવામાં આવ્યા :-

| ક્રમ | ગામનું નામ (તળાવનું નામ) | તળાવનું તળ કેટલું હતું (મીટર) | તળાવની ઉંડાઈ ૨૦૦૮ના વર્ષમાં કરવામાં આવી | થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | દનણા | ૩.૧૫ | ૪.૯૦ | ૪,૧૭,૧૪૩-૦૦ |
| ૨ | દેવીસર | ૪.૫૦ | ૬.૭૫ | ૪,૩૦,૬૮૦-૦૦ |
| ૩ | ધાવડા | ૦.૦૦ | ૨.૫૦ | ૨,૯૨,૬૨૫-૦૦ |
| | | | | ૧૧,૪૦,૪૪૮-૦૦ |

(૩) દનણા ગામનું તળાવ શ્રી જિતેન્દ્ર અમૃતલાલ પરમાર, ભુજ પાસે તથા દેવીસર અને ધાવડાના તળાવો શ્રી નગુભા હમીરજી જાડેજા નાની અરલને સોંપેલ. આ કામમાં ભ્રષ્ટાચાર થયેલ નથી.

------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકાની શાળામાં કોમ્પ્યુટર**

અતારાંક્તિ : ૧૨૮૫ (૨૭-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ બાલાસિનોર અને વીરપુર તાલુકાની કેટલી શાળાઓ કોમ્પ્યુટર ધરાવે છે, અને

(૨) બન્ને તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓ ક્યારે કોમ્પ્યુટર ધરાવતી થશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૩-૨૦૦૯) :

(૧) <u>તાલુકા</u> <u>પ્રાથમિક શાળાઓ</u>

| | |
|---|---|
| બાલાસિનોર | ૫ |
| વીરપુર | ૯ |

(૨) બન્ને તાલુકાની ધોરણ-૧ થી ૭ ની તમામ પ્રાથમિક શાળાઓમાં તબક્કાવાર આયોજન કરી કોમ્પ્યુટર પૂરા પાડવામાં આવશે.

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની નવી માંગણી બાબત**

અતારાંક્તિ : ૧૨૮૬ (૨૭-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બાલાસિનોર તાલુકામાં કેટલી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ૨૦૦૭ અને ૨૦૦૮ ના વર્ષમાં કેટલી માધ્યમિક શાળાઓની નવી માંગણી આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૭-૩-૨૦૦૯) :

(૧) માધ્યમિક શાળાઓ - ૬૧
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ-૧૮

(૨) વર્ષ
૨૦૦૭- એકપણ નહીં
૨૦૦૮-બાલાસિનોર તાલુકામાં ૧ માધ્યમિક શાળા માટે નવી માંગણી આવી.

-------------

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક શાળામાં સુવિધા**

અતારાંક્તિ : ૧૩૭૩ (૯-૩-૨૦૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં પાણી, લાઈટ અને ટોયલેટની સુવિધા છે, અને

(૨) બાકીની સરકારી પ્રાથમિક શાળામાં પાણી, લાઈટ અને ટોયલેટની સુવિધા ક્યારે થશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૬-૫-૨૦૦૯) :

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં પાણી, લાઈટ અને ટોયલેટની સુવિધા નીચે મુજબ છે.

| તાલુકો | વીજળીકરણ | પીવાનું પાણી | ટોયલેટની સુવિધા |
|---|---|---|---|
| અબડાસા | ૧૬૯ | ૧૪૮ | ૧૪૩ |
| લખપત | ૧૦૩ | ૮૪ | ૯૩ |
| નખત્રાણા | ૧૬૦ | ૧૬૦ | ૧૬૧ |

(૨) સરકારી પ્રાથમિક શાળાઓમાં નીચે મુજબની સુવિધાઓ બાકી છે જે સને ૨૦૦૯-૧૦માં પૂર્ણ કરવામાં આવશે.

| તાલુકો | વીજળીકરણ | પીવાનું પાણી | ટોયલેટની સુવિધા |
|---|---|---|---|
| અબડાસા | ૦૪ | ૨૫ | ૩૦ |
| લખપત | ૦ | ૧૯ | ૧૦ |
| નખત્રાણા | ૦૬ | ૦૬ | ૦૫ |

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

અતારાંક્તિ : ૧૩૭૪ (૯-૩-૨૦૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કુલ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) જેમાં કેટલા શિક્ષકો છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન કરેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૬-૫-૨૦૦૯) :

(૧)

| તાલુકો | પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| અબડાસા | ૧૭૩ |
| લખપત | ૧૦૨ |
| નખત્રાણા | ૧૬૬ |

(૨)

| તાલુકો | કામ કરતા શિક્ષકો | ખાલી જગ્યા |
|---|---|---|
| અબડાસા | ૪૬૦ | ૧૫૨ |
| લખપત | ૨૪૭ | ૮૮ |
| નખત્રાણા | ૫૯૩ | ૧૩૦ |

(૩)

| તાલુકો | ભરાયેલ જગ્યા (તા. ૩૧-૩-૨૦૦૯) | ખાલી જગ્યા (તા. ૩૧-૩-૨૦૦૯) |
|---|---|---|
| અબડાસા | ૧૪૦ | ૧૨ |
| લખપત | ૮૭ | ૦૧ |
| નખત્રાણા | ૧૧૯ | ૧૧ |

હવે પછીની ભરતીમાં બાકી રહેલ જગ્યાઓ ભરવામાં આવનાર છે.

**ગરબાડા તાલુકામાં કેરોસીન ફાળવવા બાબત**

અતારાંક્તિ : ૧૩૧૫ (૨૦-૧-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગરબાડા તાલુકામાં કેરોસીનનો કેટલો જથ્થો માસવાર ફાળવવામાં આવે છે,

(૨) કાર્ડદીઠ કેટલું કેરોસીન આપવામાં આવે છે, અને

(૩) ગેસ ક્નેક્શન ધરાવતા ગ્રાહકોને કેરોસીન આપવામાં આવે છે કે કેમ ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૯-૩-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગરબાડા તાલુકામાં કેરોસીનનો માસવાર જથ્થો નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

(જથ્થો કિ.લી.માં)

| ક્રમ | માસનું નામ | ફાળવેલ જથ્થો |
|---|---|---|
| ૧ | જાન્યુઆરી -૨૦૦૮ | ૧૭૦ |
| ૨ | ફેબ્રુઆરી-૨૦૦૮ | ૧૭૦ |
| ૩ | માર્ચ-૨૦૦૮ | ૧૭૦ |
| ૪ | એપ્રિલ-૨૦૦૮ | ૧૬૮ |
| ૫ | મે-૨૦૦૮ | ૧૬૭ |
| ૬ | જુન-૨૦૦૮ | ૧૬૯ |
| ૭ | જુલાઈ-૨૦૦૮ | ૧૭૪ |
| ૮ | ઓગષ્ટ-૨૦૦૮ | ૧૭૨ |
| ૯ | સપ્ટેમ્બર-૨૦૦૮ | ૧૭૪ |
| ૧૦ | ઓક્ટોબર-૨૦૦૮ | ૧૭૦ |
| ૧૧ | નવેમ્બર-૨૦૦૮ | ૧૭૦ |
| ૧૨ | ડીસેમ્બર-૨૦૦૮ | ૧૭૧ |

(૨) નોન ગેસ ૧ થી ૩ વ્યક્તિવાળા રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ ૫ લિટર અને ૪ કે તેથી વધુ વ્યક્તિવાળા રેશનકાર્ડ ધારક્ને કાર્ડ દીઠ ૧૦ લિટર કેરોસીન આપવાનું ધોરણ નક્કી થયેલ છે તે મુજબ કેરોસીન ફાળવણી કરવામાં આવે છે.

(૩) ગેસ ક્નેક્શન ધરાવતાં ગ્રાહકોને કેરોસીન આપવામાં આવતું નથી.

-----------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેરોસીન આપવા બાબત**

અતારાંક્તિ : ૧૩૧૯ (૨૦-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેરોસીનનો માસવાર કેટલો જથ્થો ફાળવવામાં આવે છે,

(૨) કાર્ડદીઠ કેટલું કેરોસીન આપવામાં આવે છે, અને

(૩) ગેસ ક્નેક્શન ધરાવતા ગ્રાહકોને કેરોસીન આપવામાં આવે છે કે કેમ ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૮-૪-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેરોસીનનો માસવાર જથ્થો નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

(જથ્થો કિ.લી.માં)

| ક્રમ | માસનું નામ | બાલાસિનોર | વીરપુર |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી -૨૦૦૮ | ૧૭૯ | ૧૫૪ |
| ૨ | ફેબ્રુઆરી-૨૦૦૮ | ૧૭૯ | ૧૫૪ |
| ૩ | માર્ચ-૨૦૦૮ | ૧૭૯ | ૧૫૪ |
| ૪ | એપ્રિલ-૨૦૦૮ | ૧૭૬ | ૧૫૩ |
| ૫ | મે-૨૦૦૮ | ૧૭૬ | ૧૫૩ |
| ૬ | જુન-૨૦૦૮ | ૧૭૮ | ૧૫૫ |
| ૭ | જુલાઈ-૨૦૦૮ | ૧૮૨ | ૧૫૫ |
| ૮ | ઓગષ્ટ-૨૦૦૮ | ૧૮૨ | ૧૫૪ |
| ૯ | સપ્ટેમ્બર-૨૦૦૮ | ૧૮૩ | ૧૫૯ |
| ૧૦ | ઓક્ટોબર-૨૦૦૮ | ૧૮૨ | ૧૫૪ |
| ૧૧ | નવેમ્બર-૨૦૦૮ | ૧૮૨ | ૧૫૫ |
| ૧૨ | ડીસેમ્બર-૨૦૦૮ | ૧૮૩ | ૧૫૫ |

(૨) નોન ગેસ ૧ થી ૩ વ્યક્તિવાળા રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ ૫ લિટર અને ૪ કે તેથી વધુ વ્યક્તિવાળા રેશનકાર્ડ ધારકને કાર્ડ દીઠ ૧૦ લિટર કેરોસીન આપવાનું ધોરણ નક્કી થયેલ છે તે મુજબ કેરોસીન ફાળવણી કરવામાં આવે છે.

(૩) ગેસ કનેક્શન ધરાવતાં ગ્રાહકોને કેરોસીન આપવામાં આવતું નથી.

--------------

**ખેડા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

અતારાંક્તિ : ૧૨૫૫ (૨૦-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ કઈ કઈ બાબત માટે કેટકેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેતર કરેલ વૃક્ષો પેકી ઉક્ત સ્થિતિએ કેટલા વૃક્ષો જીવિત છે ?

**વન મંત્રીશ્રી** (૧૩-૪-૨૦૦૯) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આ સાથેના **પત્રક-૧** માં જણાવ્યા મુજબ જુદી જુદી જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે નીચેની જાતોના રોપાઓ નો સમાવેશ થાય છે.

નિલગીરી, કાસીદ, લીમડો, ગુલમહોર, પેલ્ટ્રો, સાદડ, દેશી બાવળ, અરડુસો, ગરમાળો, ઉમરડો વડ, વાંસ, સરગવો, આંબો, જાંબુ, આમળા, શેતુર, શીતાફળ વગેરે.

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ રૂા. ૧૯૬.૫૨ લાખનો ખર્ચ જુદી જુદી કામગીરીઓ માટે કરવામાં આવેલ છે.
**(પત્રક-૨ મુજબ)**

(૩) આ વાવેતર કરેલ વૃક્ષો પેકી ૧૦.૯૦ લાખ વૃક્ષો જીવીત છે. **(પત્રક-૩ મુજબ)**

**પત્રક-૧**

**ખેડા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

| અનુ. | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નડીઆદ | જાંબુ, આમળા, સીરસ, રેઈન ટ્રી, ઉમરડા બાવળ, ગરમાળો વિગેરે | ગુલમહોર, કાસીદ, સરગવો, દેશીબાવળ, પેલ્ટો, આમલી વિગેરે. |
| ૨ | માતર | બરડા, શિશુ, આમળા, નીલગીરી, દાડમ, વડ, લીમડો, સાદડ વગેરે | દેશીબાવળ, નીલગીરી, પેલ્ટો, કાસીદ, સરગવો, ગુલમહોર, અરડુસો વગેરે |

| અનુ. | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | ખેડા | ગરમાળો, કાસીદ, સરગવો, સાદડ, રેઈન ટ્રી, ઉમરડો, નીલગીરી, જાંબુ વિગેરે | સરગવો, કાસીદ, સીરસ, રેઈન ટ્રી, લીમડા, વાંસ, જાંબુ, બાવળ વિગેરે |
| ૪ | કપડવંજ | ગરમાળો, કાસીદ, સરગવો, સાદડ, રેઈન ટ્રી, ઉંમરડો, નીલગીરી, જાંબુ વિગેરે | સરગવો, કાસીદ, સીરસ, રેઈનટ્રી, લીમડા વાંસ, જાંબુ, બાવળ વિગેરે |
| ૫ | ઠાસરા | વડ, જાંબુ, આમળા, રેઈનટ્રી, લીમડો, ગરમાળો, કાસીદ, નીલગીરી વિગેરે | જામફળ, નીલગીરી, સરગવો, બાવળ. કાસીદ, રેઈનટ્રી, વિગેરે |
| ૬ | મહુધા | વડ, જાંબુ, આમળા, રેઈનટ્રી, લીમડો, ગરમાળો, કાસીદ, નીલગીરી વિગેરે | જામફળ, નીલગીરી, સરગવો, બાવળ, કાસીદ, રેઈનટ્રી વિગેરે |
| ૭ | મહેમદાવાદ | બરડા, વડ, બાવળ, આમલી, ગુલમહોર, કાસીદ, નીલગીરી વિગેરે | નીલગીરી, આમળા, અરડુસા, સરગવો, કરણ, શીરસ વગેરે |
| ૮ | કઠલાલ | નીલગીરી, વડ, આમલી, આમળા, ફળાઉ વિગેરે | નીલગીરી, અરડુસા, આંબો, સાદડ, ગરમાળો, શિશુ વિગેરે |
| ૯ | બાલાસિનોર | મેન્ડુલા, ઉમરડો, આસોપાલવ, સીતાફળ, શેતુર, ગુન્દા વિગેરે | નીલગીરી, મહુડો, રતનજ્યોત, કોઠી, બોર, લીંબુ, બહેડા વિગેરે |
| ૧૦ | વિરપુર | મેંદી, નીલગીરી, વડ, ગુન્દા, બોર, લીંબુ, રતનજ્યોત, કદમ વિગેરે | નીલગીરી, રતનજ્યોત, સરગવો, લીમડો, દેશીબાવળ, ઉમરડો, ફળાઉ વિગેરે |

## પત્રક-૨

## ખેડા જીલ્લામાં વૃક્ષોનું વાવેતર

**(રૂા. લાખમાં)**

| અનુ. | કામગીરીનું નામ | તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ થયેલ ખર્ચની વિગત (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | સને ૨૦૦૭-૦૮ના વાવેતર માટે | સને ૨૦૦૮-૦૯ના વાવેતર માટે (તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિ) | કુલ ખર્ચ રૂા. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નર્સરી | ૩૦.૮૮ | ૬૯.૬૦ | ૧૦૦.૪૮ |
| ૨ | આગોતરા કામો | | | |
| ૩ | ચાલુ વર્ષનું વાવેતર | ૨૯.૦૪ | ૫૯.૭૯ | ૮૮.૮૩ |
| ૪ | જાળવણી | ૭.૨૧ | ૦.૦૦ | ૭.૨૧ |
| | કુલ ખર્ચ | ૬૭.૧૩ | ૧૨૯.૩૯ | ૧૯૬.૫૨ |

## પત્રક-૩

## ખેડા જીલ્લામાં વૃક્ષોનું વાવેતર

| અનુ. | તાલુકાનું નામ | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) | | કુલ વાવેતર કરેલ રોપાની સંખ્યા તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ | કુલ વાવેતર કરેલ રોપા પૈકી તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ જીવંત રોપાની સંખ્યા (લાખમાં) | | કુલ જીવંત રોપાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | નડીઆદ | ૦.૩૧ | ૦.૬૯ | ૧.૦૦ | ૦.૨૯ | ૦.૬૫ | ૦.૯૪ |
| ૨ | માતર | ૦.૩૩ | ૦.૬૪ | ૦.૯૭ | ૦.૩૦ | ૦.૬૦ | ૦.૯ |
| ૩ | ખેડા | ૦.૩૩ | ૦.૬૪ | ૦.૯૭ | ૦.૩૦ | ૦.૬૦ | ૦.૯ |
| ૪ | કપડવંજ | ૦.૩૩ | ૦.૬૩ | ૦.૯૬ | ૦.૩૦ | ૦.૫૯ | ૦.૮૯ |
| ૫ | ઠાસરા | ૦.૩૦ | ૦.૫૭ | ૦.૮૭ | ૦.૨૮ | ૦.૫૪ | ૦.૮૨ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૬ | મહુધા | ૦.૨૯ | ૦.૫૭ | ૦.૮૬ | ૦.૨૭ | ૦.૫૪ | ૦.૮૧ |
| ૭ | મહેમદાવાદ | ૦.૨૯ | ૦.૫૬ | ૦.૮૫ | ૦.૨૭ | ૦.૫૩ | ૦.૮ |
| ૮ | કઠલાલ | ૦.૩૧ | ૦.૫૭ | ૦.૮૮ | ૦.૨૯ | ૦.૫૪ | ૦.૮૩ |
| ૯ | બાલાશિનોર | ૦.૩૧ | ૧.૬૮ | ૧.૯૯ | ૦.૨૯ | ૧.૫૮ | ૧.૮૭ |
| ૧૦ | વિરપુર | ૦.૪ | ૧.૮૮ | ૨.૨૮ | ૦.૩૭ | ૧.૭૭ | ૨.૧૪ |
| | **કુલ :** | **૩.૨૦** | **૮.૪૩** | **૧૧.૬૩** | **૨.૯૬** | **૭.૯૪** | **૧૦.૯૦** |

------------

## દાહોદ જિલ્લામાં ખેડૂતોના પાકને જંગલી જાનવરોથી રક્ષણ આપવા બાબત

અતારાંક્તિ : ૧૨૭૨ (૨૭-૧-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાકને જંગલી જાનવરોથી પાક નુકશાન સામે રક્ષણ મેળવવા ખેડૂતો દ્વારા કેટલી અરજીઓ વર્ષવાર આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી, કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) અરજીઓ નામંજૂર અને પડતર રાખવાનાં કારણો શાં છે ?

**વન મંત્રીશ્રી** (૯-૪-૨૦૦૯) :

(૧) કોઈ અરજી આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## દાહોદ જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ

અતારાંકિત : ૧૨૭૩ (૨૭-૧-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં વન વિભાગ દ્વારા તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ગામોમાં ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી,

(૨) ગામવાર કેટલો ખર્ચ થયો છે, અને કેટલા અને ક્યા ક્યા કામો અધૂરા છે, અને

(૩) આ અધૂરા કામો ક્યારે પૂરા કરવામાં આવશે ?

**વન મંત્રીશ્રી** (૧૩-૪-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં વન વિભાગ દ્વારા તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સને ૨૦૦૬-૦૭ દરમ્યાન *પત્રક-૧ ના કોલમ-૩, સને ૨૦૦૭-૦૮ દરમ્યાન *પત્રક-૨ ના કોલમ-૩ મુજબના ગામોમાં ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે. તથા સને ૨૦૦૮-૦૯ દરમ્યાન *પત્રક-૩ ના કોલમ-૩ માં દર્શાવેલ ગામોમાં ચેકડેમની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) સને ૨૦૦૬-૦૭ દરમ્યાન પત્રક-૧ ના કોલમ-૫, મુજબ સને ૨૦૦૭-૦૮ દરમ્યાન પત્રક-૨ ના કોલમ-૫ મુજબ ગામવાર ખર્ચ થયેલ છે. સને ૨૦૦૬-૦૭ તથા સને ૨૦૦૭-૦૮ ના વર્ષના કોઈ કામ બાકી નથી. સને ૨૦૦૮-૦૯ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પત્રક-૩ ના કોલમ-૪ મુજબ ગામવાર ખર્ચ થયેલ છે. અને સને ૨૦૦૮-૦૯ ના વર્ષના તા.૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ સામેલ *પત્રક-૩ ના કોલમ-૧૦ મુજબ ૨૩ ચેકડેમના કામ પ્રગતિમાં છે.

(૩) આ અધૂરા કામો તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં પુરા કરવાનું આયોજન છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## ખેડા જિલ્લામાં ઝેર વિરોધી દવાઓનો જથ્થો

અતારાંકિત : ૧૨૬૪ (૨૦-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ઝેરી સાપો, વીંછી અને અન્ય ઝેરી જીવ જંતુઓ કરડવાના બનાવો બને છે, તે માટે જિલ્લામાં આગોતરા આયોજન રૂપે ઝેર વિરોધી દવાઓનો પુરતો સ્ટોક સરકારે ફાળવ્યો છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ કઈ હોસ્પિટલ, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓમાં કઈ કઈ દવાઓ ક્યા ક્યા કેન્દ્રમાં કેટલા જથ્થામાં પહોંચાડવામાં આવી છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૪-૩-૦૯) :

(૧) હા, જી.

(૨) ખેડા જિલ્લાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તેમજ જનરલ હોસ્પિટલોમાં ફાળવણી કરેલ ઝેર વિરોધી દવાઓનું પત્રક આ સાથે સામેલ છે.

**પ ત્ર ક**

| પ્રા.આ. કેન્દ્રો તેમજ જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ ખાતે ફાળવેલ ઝેર વિરોધી દવાઓનો જથ્થો (૨૦૦૮-૨૦૦૯) | | | | | |
|---|---|---|---|---|---|
| **અનુ.નં.** | **પી.એચ.સી.નું નામ** | **સાપ વિરોધી દવાઓનો આપેલ જથ્થો** | **અનુ.નં.** | **પી.એચ.સી.નું નામ** | **સાપ વિરોધી દવાઓનો આપેલ જથ્થો** |
| ૧ | યોગીનગર | ૨ વાયલ | ૨ | પલાણા | ૨ વાયલ |
| ૩ | પીજ | ૨ વાયલ | ૪ | આખડોલ | ૨ વાયલ |
| ૫ | નરસંડા | ૨ વાયલ | ૬ | ચક્લાસી | ૨ વાયલ |
| ૭ | સલૂણ | ૨ વાયલ | ૮ | મોહળેલ | ૨ વાયલ |
| ૯ | સિંધાલી | ૨ વાયલ | ૧૦ | નાની ખડોલ | ૨ વાયલ |
| ૧૧ | અલીણા | ૨ વાયલ | ૧૨ | ચૂણેલ | ૨ વાયલ |
| ૧૩ | સણાલી | ૨ વાયલ | ૧૪ | ક્નીજ | ૨ વાયલ |
| ૧૫ | મોદજ | ૨ વાયલ | ૧૬ | ઘોડાસર | ૨ વાયલ |
| ૧૭ | સિહુંજ | ૨ વાયલ | ૧૮ | રૂદણ | ૨ વાયલ |
| ૧૯ | વરસોલા | ૨ વાયલ | ૨૦ | ગોગાજીપુરા | ૨ વાયલ |
| ૨૧ | ચરેડ | ૨ વાયલ | ૨૨ | ભરકુંડા | ૨ વાયલ |
| ૨૩ | અનારા | ૨ વાયલ | ૨૪ | લસુંદ્રા | ૨ વાયલ |
| ૨૫ | તોરણા | ૨ વાયલ | ૨૬ | નિરમાલી | ૨ વાયલ |
| ૨૭ | મોટીઝેર | ૨ વાયલ | ૨૮ | વઘાસ | ૨ વાયલ |
| ૨૯ | અંતિસર | ૨ વાયલ | ૩૦ | આંતરોલી | ૨ વાયલ |
| ૩૧ | લીબાંસી | ૨ વાયલ | ૩૨ | દલોલી | ૨ વાયલ |
| ૩૩ | ખાંધલી | ૨ વાયલ | ૩૪ | અલીદ્રા | ૨ વાયલ |
| ૩૫ | તાજ | ૨ વાયલ | ૩૬ | રઢુ | ૨ વાયલ |
| ૩૭ | નાયકા | ૨ વાયલ | ૩૮ | વાસણા મારગીયા | ૨ વાયલ |
| ૩૯ | સેવાલીયા | ૨ વાયલ | ૪૦ | પીપલવાડા | ૨ વાયલ |
| ૪૧ | વાંઘરોલી | ૨ વાયલ | ૪૨ | નેસ | ૨ વાયલ |
| ૪૩ | ઢુણાદરા | ૨ વાયલ | ૪૪ | ચેતરસુંબા | ૨ વાયલ |
| ૪૫ | મેનપુરા | ૨ વાયલ | ૪૬ | જનોડ | ૨ વાયલ |
| ૪૭ | ઓથવાડ | ૨ વાયલ | ૪૮ | પાંડવા | ૨ વાયલ |
| ૪૯ | ડેભારી | ૨ વાયલ | ૫૦ | સાલેયા | ૨ વાયલ |

**સા.આ. કેન્દ્રો ખાતે ફાળવેલ ઝેર વિરોધી દવાઓનો જથ્થો (૨૦૦૮-૨૦૦૯)**

| **અ.નં.** | **સા.આ.કેન્દ્રનું નામ** | **સાપ વિરોધી દવાઓનો આપેલ જથ્થો** | **તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દવાઓનો જથ્થો** | **અનુ.નં.** | **સા.આ.કેન્દ્રનું નામ** | **સાપ વિરોધી દવાઓનો આપેલ જથ્થો** | **તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દવાઓનો જથ્થો** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અલીનદ્રા | ૦ વાયલ | ૬ વાયલ | ૨ | આતરસુંબા | ૦ વાયલ | ૧૬ વાયલ |
| ૩ | બાલાસિનોર | ૦ વાયલ | ૨૪ વાયલ | ૪ | ડાકોર | ૦ વાયલ | ૫ વાયલ |
| ૫ | કઠલાલ | ૦ વાયલ | ૯ વાયલ | ૬ | માતર | ૦ વાયલ | ૫ વાયલ |
| ૭ | મહુધા | ૦ વાયલ | ૧૧ વાયલ | ૮ | નવાગામ | ૦ વાયલ | ૨ વાયલ |
| ૯ | ઠાસરા | ૦ વાયલ | ૧૩ વાયલ | ૧૦ | વિરપુર | ૧૦ વાયલ | ૪ વાયલ |
| ૧૧ | હલદરવાસ | ૦ વાયલ | ૫ વાયલ | | | | |

**જનરલ હોસ્પીટલ ખાતે ફાળવેલ ઝેર વિરોધી દવાઓનો જથ્થો (૨૦૦૮-૨૦૦૯)**

| અનુ.નં. | સા.આ.કેન્દ્રનું નામ | સાપ વિરોધી દવાઓનો આપેલ જથ્થો | તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દવાઓનો જથ્થો |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૬૮૦ વાયલ | ૧૨૦ વાયલ |
| ૨ | ખેડા | ૧૧૫ વાયલ | ૨૫ વાયલ |

------------

**દાહોદ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોની મુલાકાત**

અતારાંક્તિ : ૧૨૭૪(૨૭-૧-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં આવેલ ક્યા ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ તેમજ અન્ય આરોગ્ય કેન્દ્રો પર કેન્દ્રવાર જિલ્લા આરોગ્ય અધિકારીઓએ કેટલીવાર અને ક્યારે મુલાકાત લીધી,

(૨) આ મુલાકાત દરમ્યાન કેન્દ્રોમાં શી શી ખામીઓ જણાઈ અને કેન્દ્ર તરફથી શી શી માંગણી કરવામાં આવી, અને

(૩) આ ખામીઓ અને માંગણીઓ અંગે શું શું કાર્યવાહી કરવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૩-૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જીલ્લાના આરોગ્ય અધિકારીઓ ધ્વારા નીચે જણાવ્યા મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/પેટા કેન્દ્રોની મુલાકાત લીધેલ છે.

| ક્રમ | વિગત | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લીધેલ તેની સંખ્યા | પેટા કેન્દ્રોની મુલાકાત લીધેલ તેની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા | ૧૦૧ | ૨૭ | પત્રક-૧ અને ૨ |
| | અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા | ૮૪ | ૧૦ | પત્રક-૩ અને૪ |
| | આર.સી.એચ.ઓ<br>ડૉ. જે. એમ. ક્તીરા<br>ડૉ. જે. એમ. દાવર | ૧૪૫ | ૪૭ | પત્રક-૫,૬,૭ અને૮ |

(૨) આ મુલાકાત દરમ્યાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા પેટા કેન્દ્રોમાં ખામી જણાઈ આવેલ નથી, પરંતુ અધિકારીશ્રીઓની મુલાકાત દરમ્યાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા કેન્દ્રો તરફથી નીચે મુજબની માંગણી કરવામાં આવી.

| ક્રમ | વિગત | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તરફથી માંગણી કરવામાં આવી તેની વિગત | પેટા કેન્દ્રો તરફથી માંગણી કરવામાં આવી તેની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી સમક્ષ | ૨૧ | ૧૦ | પત્રક-૯ અને ૧૦ |
| | અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી સમક્ષ | ૪ | નીલ | પત્રક-૧૧<br>૪ |
| | આર.સી.એચ.ઓ અધિકારીની સમક્ષ | ૪ | નીલ | પત્રક-૧૨ |

(૪) અધિકારીશ્રીઓની મુલાકાત દરમ્યાન મળેલ રજૂઆત અંગે કરેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તરફથી મળેલ રજૂઆતો અંગે કરેલ કાર્યવાહીની વિગતો | પેટા કેન્દ્રોની તરફથી મળેલ રજૂઆતો અંગે કરેલ કાર્યવાહીની વિગતો | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી તરફથી કરેલ કાર્યવાહીની વિગતો | ૨૧ | ૧૦ | પત્રક-૧૩ અને ૧૪ |
| ૨ | અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી તરફથી કરેલ કાર્યવાહીની વિગતો | ૪ | નીલ | પત્રક-૧૫ |
| ૩ | આર.સી.એચ.ઓ અધિકારી તરફથી કરેલ કાર્યવાહીની વિગતો | ૪ | નીલ | પત્રક-૧૬ |

**પત્રક-૧**

**મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીમતી ડી.બી. રાઠોડ એ તા. ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં પ્રા. આ. કેન્દ્રોની લીધેલ મુલાકાતની માહિતી**

| અ નં. | તાલુકાનું નામ | પ્રા. આ. કેન્દ્રોનું નામ | ક્યારે ? (તારીખ દર્શાવવી) | કેટલીવાર |
|---|---|---|---|---|
| ૧ | ફતેપુરા | બલેયા | ૧૦-૭-૦૮ | એક વાર |
| | | ઘુઘસ | ૨૬-૩-૦૮, ૯-૪-૦૮ | બે વાર |
| | | મારગાળા | ૨-૧૨-૦૮ | એક વાર |
| | | આફવા | ૧૨-૧૨-૦૮ | એક વાર |
| | | ડુંગર | ૯-૪-૦૮ | એક વાર |
| | | માધવા | ૧૦-૧૨-૦૮ | એક વાર |
| | | મોટી ઢંઢેલી | ૧૦-૧૨-૦૮ | એક વાર |
| ૨ | ઝાલોદ | માંડલી | ૨૨-૧-૦૮ | એક વાર |
| | | મહુડી | ૧૧-૨-૦૮, ૧૨-૭-૦૮ | બે વાર |
| | | ગામડી | ૧૧-૨-૦૮ | એક વાર |
| | | ગરાડુ | ૨૬-૩-૦૮, ૨૩-૪-૦૮ | બે વાર |
| | | ગુલતોરા | ૯-૪-૦૮ | એક વાર |
| | | ચાકલીયા | ૯-૪-૦૮, ૭-૫-૦૮, ૧૭-૯-૦૮ | ત્રણ વાર |
| | | મીરાખેડી | ૯-૧-૦૮, ૩૦-૭-૦૮, ૧-૮-૦૮, ૧૭-૯-૦૮ | ચાર વાર |
| | | લીલવાઠાકોર | ૨-૧૨-૦૮ | એક વાર |
| | | રૂપાખેડા | ૯-૧-૦૮, ૧૮-૬-૦૮, ૩૦-૭-૦૮ | ત્રણ વાર |
| | | કદવાળ | ૩-૧૨-૦૮ | એક વાર |
| | | વાંસીયા | ૧૦-૨-૦૮ | એક વાર |
| | | સંજેલી | ૧૦-૨-૦૮, ૨૦-૮-૦૮ | બે વાર |
| | | બીલવાણી | ૧૬-૧-૦૮, ૨૭-૨-૦૮ | બે વાર |
**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૩-૨૦૦૯) :

(૧), ૨ અને ૩

આ જુના અને સાંકડા પુલને પહોળા બનાવવાની મંજૂરી તા. ૨૪-૩-૨૦૦૮થી મળેલ છે જેનો અંદાજ રૂા. ૩૭૬.૫૭ લાખ થાય છે. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

### બાલાસિનોર, વરધરી, લેણાવાડામાં પુલ ઉંચો બનાવવા બાબત

અતારાંક્તિ : ૧૩૨૮ (૨૮-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બાલાસિનોર, વરધરી, લુણાવાડા વચ્ચેના પૂલ ચોમાસામાં ડુબમાં જાય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ પુલ ઉંચો બનાવવા સરકારનું આગામી વર્ષમાં આયોજન છે, અને

(૩) જો હા, તો આ પુલનું બાંધકામ ક્યારે શરૂ થશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૨-૫-૨૦૦૯) :

(૧) હા

(૨) ના

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### વીરપુર તાલુકામાં ઝુંપડપટ્ટીના વિજ કનેક્શનો

અતારાંક્તિ : ૧૨૯૮ (૨૮-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં વીરપુર તાલુકામાં આવેલી ઝુંપડપટ્ટીઓમાં કેટલા વિજ કનેક્શન મંજૂર થયા છે,

(૨) તે પૈકી કેટલા કનેક્શનો પૂર્ણ કર્યા, અને

(૩) બાકી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૪-૩-૨૦૦૯) :

(૧) ૪૮૪

(૨) ૪૮૪

(૩) મંજૂર થયેલ તમામ ૪૮૪ લાભાર્થીઓને કનેક્શન આપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બાલાસિનોર તાલુકામાં ઝુંપડપટ્ટીના વિજ કનેક્શનો

અતારાંક્તિ : ૧૨૯૯ (૨૮-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭-૦૮ના વર્ષ માટે બાલાસિનોર તાલુકામાં આવેલી ઝુંપડપટ્ટીઓમાં કેટલા વિજ કનેકશન મંજૂર થયા છે,

(૨) તે પેકી કેટલા કનેકશનો આપ્યા છે, અને

(૩) બાકીના કનેકશનો ક્યારે આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૪-૩-૨૦૦૯) :

(૧) ૧૬૦૧

(૨) ૧૬૦૧

(૩) મંજૂર થયેલ તમામ ૧૬૦૧ લાભાર્થીને કનેકશન આપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## બાલાસિનોર તાલુકામાં કૃષિ વિજ કનેકશનો

અતારાંક્તિ : ૧૩૦૦ (૨૮-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બાલાસિનોર તાલુકામાં કૃષિ વિજ કનેકશનની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) આ અરજીઓ પેકી ક્યાં સુધી મળેલ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૩-૩-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બાલાસિનોર તાલુકામાં કૃષિ વિજ કનેકશનની ૪૯૭ અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓ પેકી ફેબ્રુઆરી ૧૯૯૪ સુધી મળેલ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

------------

## વીરપુર તાલુકામાં કૃષિ વિજ કનેકશનો

અતારાંક્તિ : ૧૩૦૧ (૨૮-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વીરપુર તાલુકામાં કૃષિ વિજ કનેકશનની કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ અરજીઓના નિકાલ માટે તત્કાલ યોજના શરૂ કરવામાં આવશે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં તેવું આયોજન કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૩-૩-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વીરપુર તાલુકામાં કૃષિ વિજ કનેકશનની ૬૪૮ અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓનાં નિકાલ માટે તત્કાલ યોજના શરૂ કરવાની બાબત વિચારણામાં નથી, પરંતુ વીજ પુરવઠાની ઉપલબ્ધતા અને વર્ષોવર્ષ ફાળવવામાં આવતાં લક્ષ્યાંકો તથા અંદાજપત્રિય જોગવાઈ અનુસાર આ અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## લીમખેડા અને ગરબાડા તાલુકામાં કૃષિ વિજ કનેક્શન

અતારાંક્તિ : ૧૩૪૯ (૨૮-૧-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) લીમખેડા અને ગરબાડા તાલુકામાં કૃષિ વિજ કનેક્શનની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પડતર છે, અને

(૨) આ અરજીઓ પેકી ક્યાં સુધી મળેલ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૩-૩-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ લીમખેડા તાલુકામાં કૃષિ વિજ કનેકશનની ૧૪૬૦ અરજીઓ અને ગરબાડા તાલુકામાં ૧૩૯ અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓ પેકી વર્ષ-૨૦૦૫-મે સુધીની અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

--------------

## લીમખેડા અને ગરબાડા તાલુકામાં ઝુંપડપટ્ટીના વિજ કનેક્શનો

અતારાંક્તિ : ૧૩૫૦ (૨૮-૧-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન લીમખેડા અને ગરબાડા તાલુકામાં આવેલ કેટલી ઝુંપડપટ્ટીઓમાં કેટલા વિજ કનેક્શન મંજૂર થયા છે,

(૨) તે પેકી કેટલા કનેક્શનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના કનેક્શનો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૮-૪-૨૦૦૯) :

(૧) (૨) અને (૩)

લીમખેડા તાલુકામાં ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮માં ૮૦ વિજજોડાણ મંજૂર કરી વિજ જોડાણ આપવામાં આવ્યા છે.

કુટિર જ્યોતિ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮માં ૮૨૦ વિજ જોડાણ મંજૂર કરી વિજજોડાણ આપવામાં આવ્યા છે. અને વર્ષ ૨૦૦૮-૦૯ માં (ફેબ્રુઆરી-૯ અંતિત) ૨૦૨૫ વિજજોડાણ આપવામાં આવ્યા છે. તદ્ઉપરાંત આદિજાતિ વિસ્તાર પેટા-યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ માં ૨૨ પેટા-પરામાં ૫૧૯ વિજજોડાણ મંજૂર કરી આપવામાં આવ્યા છે. અને વર્ષ ૨૦૦૮-૦૯માં (ફેબ્રુઆરી-૦૯ અંતિત) ૬૩ પેટા-પરામાં ૬૧૬ વિજજોડાણ આપવામાં આવ્યા છે. ગરબાડા તાલુકામાં ગુજરાત પેટર્ન અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮માં ૩૧૦૨ અને વર્ષ ૨૦૦૮-૦૯માં (ફેબ્રુઆરી-૯ અંતિત) ૬૧૩૭ વિજજોડાણ આપવામાં આવ્યા છે. મંજૂર થયેલ તમામ વિજજોડાણ રીલીઝ કરવામાં આવેલ છે.

---------------

## ભૂજ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમને મળેલી ફરિયાદો

અતારાંક્તિ : ૧૩૬૨ (૨૮-૧-૨૦૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ભૂજ ખાતે વિજ અધિનિયમ ૨૦૦૩ અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કાર્યરત છે જેમાં ગ્રાહકો તરફથી વર્ષ ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલી ફરિયાદો તાલુકાવાર મળેલ છે,

(૨) તે પેકી કેટલી ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યુ, અને

(૩) કેટલી પડતર છે અને તેના શાં કારણો છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૩-૩-૨૦૦૯) :

(૧) ભૂજ ખાતે વિજ અધિનિયમ ૨૦૦૩ અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કાર્યરત છે. જેમાં ગ્રાહકો તરફથી વર્ષ ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર મળેલ ફરિયાદોની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં મળેલ ફરિયાદ |
|---|---|
| નખત્રાણા | ૧ |
| ગાંધીધામ | ૬ |
| અંજાર | ૨ |
| ભૂજ | ૦ |
| રાપર | ૦ |
| ભચાઉ | ૦ |
| લખપત | ૦ |
| અબડાસા | ૦ |
| મુન્દ્રા | ૦ |
| માંડવી | ૦ |
| **કુલ :** | **૯** |

(૨) અને (૩)

તમામ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં આંગણવાડીના મકાનો**

અતારાંક્તિ : ૧૩૩૭ (૨૮-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બાલાસિનોર અને વીરપુર તાલુકામાં આંગણવાડીના કેટલા મકાન પાકા છે અને કેટલી આંગણવાડી કાચા મકાનમાં બેસે છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૩-૨૦૦૯) :

| તુલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રના પાકા મકાનો | આંગણવાડી કેન્દ્રના કાચા મકાનો |
|---|---|---|
| બાલાસિનોર | ૯૨ | ૩૬ |
| વીરપુર | ૯૪ | - |

-----------

**કચ્છ જિલ્લામાં મહિલાઓને માર્ગદર્શન આપવા ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૧૩૬૩ (૯-૩-૨૦૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા માટે તાલુકાવાર ક્યા કેન્દ્રો છે અને કઇ કઇ સંસ્થા સંચાલિત છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઇ કઇ બાબત માટે આપવામાં આવી અને કેટલી ગ્રાન્ટ આપવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૬-૫-૨૦૦૯) :

(૧) કચ્છ જિલ્લામાં મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા માટે તાલુકાવાર ક્યા કેન્દ્રો છે અને કઇ કઇ સંસ્થા સંચાલિત છે.

| ક્રમ | તાલુકો | સંસ્થા |
|---|---|---|
| ૧ | ભૂજ કચ્છ | જયઅંબે શિક્ષણ વિકાસ સાર્વજનિક સેવા ટ્રસ્ટ |
| ૨ | ભચાઉ | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ |
| ૩ | લખપત | શ્રી આશાપુરા વિવિધલક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૪ | મુંદ્રા | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ |
| ૫ | નખત્રાણા | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ |
| ૬ | અંજાર | શ્રી નવનિર્માણ ટ્રસ્ટ |
| ૭ | ગાંધીધામ | શ્રી ખોડીયાર ગ્રામો વિકાસ ટ્રસ્ટ |
| ૮ | રાપર | શ્રી નહેરી લોક સ્વાસ્થ્ય સંઘ |
| ૯ | માંડવી | રૂરલ ડેવ. એન્ડ રીચર્સ સેન્ટર |

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કર્મચારીના પગાર, તાલીમ, શિબિર, આઇઇસી પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે ઓડીટ પાર્ટી દ્વારા ઓડીટની શરતે નીચેના કેન્દ્રોવાર ગ્રાન્ટ આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકા કેન્દ્ર | સંસ્થાનું નામ | ૨૦૦૭-૦૮ | ૩૧-૧૨-૦૮ સુધી | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ભૂજ કચ્છ | જયઅંબે શિક્ષણ વિકાસ સાર્વજનિક સેવા ટ્રસ્ટ | ૧૧૯૪૫૧ | ૯૩૭૫૦ | -- |
| ૨ | ભચાઉ | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ | ૧૧૮૧૭૬ | ૯૩૭૫૦ | -- |
| ૩ | લખપત | શ્રી આશાપુરા વિવિધલક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૪૪૦૦ | -- | નોટીસ આપેલ હોઇ ઓડીટના આધારે માર્ચ-૦૮ થી બાકી ગ્રાન્ટનું પ્રમાણ નિકળી શકશે. |
| ૪ | મુંદ્રા | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ | ૫૬૧૪૯ | ૬૦૮૬૪ | તા. ૧-૧-૦૯ થી કેન્દ્ર બંધ કર્યું હોઇ ઓડીટના આધારે બાકી ગ્રાન્ટનું પ્રમાણ નિકળી શકશે. |
| ૫ | નખત્રાણા | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ | ૫૬૧૭૬ | ૬૦૮૩૭ | કામગીરી નબળી હોઇ નોટીસ આપેલ હોઇ ઓડીટના આધારે સપ્ટે-૦૮ થી બાકી ગ્રાન્ટનું પ્રમાણ નિકળી શકશે. |
| ૬ | અંજાર | શ્રી નવનિર્માણ ટ્રસ્ટ | ૪૬૬૯૨ | ૬૨૩૯૩ | કામગીરી નબળી હોઇ નોટીસ આપેલ હોઇ ઓડીટના આધારે સપ્ટે-૦૮ થી બાકી ગ્રાન્ટનું પ્રમાણ નિકળી શકશે. |
| ૭ | ગાંધીધામ | શ્રી ખોડીયાર ગ્રામો વિકાસ ટ્રસ્ટ | ૪૬૬૯૨ | ૫૩૧૯૪ | કામગીરી નબળી હોઇ નોટીસ આપેલ હોઇ ઓડીટના આધારે સપ્ટે-૦૮ થી બાકી ગ્રાન્ટનું પ્રમાણ નિકળી શકશે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | રાપર | શ્રી નહેરી લોક સ્વાસ્થ્ય સંઘ | ૫૨૫૦૬ | ૯૩૭૫૦ | -- |
| ૯ | માંડવી | રૂરલ ડેવ. એન્ડ રીચર્સ સેન્ટર | ૪૮૬૫૦ | ૮૯૨૦૧ | -- |

----------

**કચ્છ જિલ્લામાં વિધવા સહાય માટે અરજી**

અતારાંક્તિ : ૧૩૯૫ (૯-૩-૨૦૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર વિધવા સહાય અંગે કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પેકી કેટલી વિધવા બહેનોને વિધવા સહાય મંજૂર કરવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) બાકી પડેલ અરજીઓ નામંજૂર કરવામાં આવી હોય તો તેના શું કારણો છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૬-૫-૨૦૦૯) :

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર વિધવા સહાય અંગે નીચેની વિગતે કુલ-૩૭૨ અરજીઓ મળી છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભુજ | ૮૪ |
| ૨ | માંડવી | ૪૮ |
| ૩ | મુન્દ્રા | ૧૭ |
| ૪ | અંજાર | ૬૬ |
| ૫ | ગાંધીધામ | ૪૧ |
| ૬ | ભચાઉ | ૩૧ |
| ૭ | રાપર | ૫૧ |
| ૮ | નખત્રાણા | ૧૮ |
| ૯ | અડબાસા | ૧૬ |
| ૧૦ | લખપત | ૦ |
| | **કુલ :** | **૩૭૨** |

(૨) તે પેકી ૧૨૬ વિધવા બહેનોને વિધવા સહાય મંજૂર કરવામાં આવી (જ્યારે ૪૫ અરજીઓ નામંજૂર) અને ૨૦૧ અરજીઓ બાકીમાં છે.

(૩) બાકી પડેલ અરજીઓ જે તે તાલુકા મામલતદાર કચેરીઓ ખાતે જે તે વખતે ચકાસણી કરવા મોકલેલ હોવાથી બાકીમાં રહેવા પામેલ હતી. જે ચકાસણી થઇ ગુણદોષ આધારે મંજૂર/નામંજૂર અંગે નિર્ણય કરવામાં આવે છે.

---------

**આંગણવાડીમાં સુપરવાઇઝર અને તેડાગર બહેનોની ખાલી જ્ગ્યા**

અતારાંક્તિ : ૧૪૧૫ (૨૫-૨-૨૦૦૯) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) આ આંગણવાડીઓમાં સુપરવાઇઝર-તેડાગર બહેન અને આંગણવાડી કાર્યકર સહિતની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ વાર્ષિક થાય છે, અને

(૪) કેન્દ્ર સરકાર દ્વારા કેટલા પ્રમાણમાં નાણાકીય સહાય મળે છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૫-૨૦૦૯) :

(૧) ૪૩૭૭૦

(૨) સુપરવાઇઝર - ૨૦૬૬
તેડાગર - ૪૪૧૭૯
કાર્યકર - ૪૪૧૭૯

(૩) રૂા.૧૩૮.૫૭ કરોડ

(૪) આંગણવાડી વર્કર, હેલ્પર અને સુપરવાઇઝરના માનદવેતન અને પગાર ભથ્થા પાછળ થયેલ ખર્ચના ૧૦૦ % પ્રમાણે કેન્દ્ર સરકાર નાણાંકીય સહાય આપે છે.

--------------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૨૪૮, ૧૨૫૮, ૧૨૬૭, ૧૨૬૯, ૧૨૭૦ ૧૨૭૧, ૧૩૪૬, ૧૩૬૬, ૧૩૮૫ | ૯ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૨૮૫, ૧૨૮૬, ૧૩૭૩, ૧૩૭૪ | ૪ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૩૧૫, ૧૩૧૯ | ૨ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૨૫૫, ૧૨૭૨, ૧૨૭૩ | ૩ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૨૬૪, ૧૨૭૪, ૧૩૯૦, ૧૩૯૨, ૧૩૯૩ | ૫ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૩૮૧ | ૧ |
| ૭ | નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૩૧૦, ૧૩૮૨, ૧૩૮૩, ૧૩૮૮, ૧૪૦૩, ૧૪૧૪. | ૬ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ | ૧૩૭૬, ૧૩૮૦, ૧૩૯૮ | ૩ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૧૨૭૬ | ૧ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૧૧૯૫, ૧૨૬૩, ૧૨૮૮, ૧૨૮૯, ૧૩૨૮. | ૫ |
| ૧૧ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧૨૯૮, ૧૨૯૯, ૧૩૦૦, ૧૩૦૧, ૧૩૪૯, ૧૩૫૦, ૧૩૬૨. | ૭ |
| ૧૨ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૩૩૭, ૧૩૬૩, ૧૩૯૫, ૧૪૧૫. | ૪ |
| | | **કુલ :** | **૫૦** |

-------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**કચ્છ જિલ્લામાં કંપનીએ છોડેલા કેમીકલ્સયુકત પાણીથી પશુઓના મૃત્યુ થવા અંગે**

**સચિવશ્રી** : તાકીદની જાહેર અગત્યની બાબત.. માનનીય સભ્યશ્રી બાબુભાઈ મે. શાહ (થોડીવાર બાદ) **માનનીય સભ્યશ્રી** ગેરહાજર

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી:** તા.૮મી જૂલાઈ, ૨૦૦૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે, માનનીય સભ્યશ્રી રાકેશભાઈ શાહ.

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહમાં જે બજૅટ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

**સભાગૃહનો સમય વધારવા બાબત**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહનો સમય એક કલાક વધારવામાં આવે એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે લગભગ ૧.૩૦ કલાકનો સમય છે અને મંત્રીશ્રીઓએ ૪૫ મિનિટ માગી છે. સમય વધાર્યા સિવાય પણ આપ બીજા સભ્યશ્રીઓ ઉમેરવા હોય તો ઉમેરી શકો છો. એક કલાક સમય ન વધારીએ તો પણ તમારી પાસે દોઢ કલાકનો સમય છે. શ્રી રાકેશભાઈને ૫ મિનિટ ફાળવી છે. એટલે તમે બીજા સભ્યોને સમય આપી શકો એમ છો. સભાગૃહનો સમય વધારવાની જરૂર નથી.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ દિવસથી આ બજૅટ ઉપર સભ્યશ્રીઓ પોતાના મત અને વિચારો વ્યક્ત કરે છે. એટલે ફરીવાર એ વિષય ન આવે એનું હું ધ્યાન રાખીશ. ૨૦૧૦નું વર્ષ સ્વર્ણિમ ગુજરાત આવતું વર્ષ ઉજવવાના છીએ. એની પૂર્વ સધ્યાનું બજૅટ, બજૅટ જોતાં એવું સ્પષ્ટ દેખાય છે કે, સાચા

અર્થમાં એ સ્વર્ણિમ ગુજરાત થઈને રહેવાનું છે. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘ દ્રિષ્ટ્રિથી જે રીતે ગુજરાતે વિકસતા દેશોમાં પોતાના નામનો સમાવેશ કર્યો છે અને એની સાથે કદમ મિલાવ્યા છે ત્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રીની કાર્યપદ્ધતિને સર્વ સ્વીકૃતિ મળી છે.

પ્રજાના પ્રતિનિધિ, પ્રજાના શાસક કેવા હોય તે માટે થોડા સમય પહેલાં લોકોમાં એક વિટંબણા હતી. એ પૂરી કરવામાં આ આદરણીય મુખ્યમંત્રીનો સિંહફાળો છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાત રાજયના વિવિધ વિભાગો જેવા કે, એ કૃષિ હોય, આરોગ્ય હોય, વાહનવ્યવહાર હોય, મહેસૂલ હોય કે શહેરી વિકાસ વિભાગ હોય, એ વિભાગોએ પોતાની ઉત્કૃષ્ટ કામગીરીથી સફળતાના નવા આયામો સર કર્યા છે એ જગ જાહેર છે. વિભાગોની વાત નીકળી છે ત્યારે આ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં  જે કાર્બન ક્રેડીટ એટલે કે, ગ્લોબલ વોર્મીંગ- કલાયમેટ ચેન્જ માટે એક નવો વિભાગ ચાલુ કર્યો છે. એ માટે મુખ્યમંત્રીને ધન્યવાદ આપું છું. સમગ્ર ભારત વર્ષમાં ગુજરાત જ એક એવું રાજય છે કે જેણે આખો એક વિભાગ ચાલુ કર્યો છે. સમગ્ર વિશ્વના જે વિકસિત દેશોની સમસ્યા છે જે હાલમાં કલાયમેટ ચેન્જ ગ્લોબલ વોર્મીંગ છે, ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રીની દીર્ઘદ્રષ્ટિથી આવનારી સમસ્યાનું આગોતરું આયોજન કરીને પહેલ કરનાર આ એક માત્ર મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે. આવનારા દશકાની અંદર ખાસ કરીને ૨૦૧૨ સુધીમાં દુનિયાના વિકસિત દેશોએ પ્રદૂષણની માત્રા ઘટાડવા એની જવાબદારી સોંપી છે કદાચ આપણે એમ કહી શકીએ. પશ્ચિમના દેશોએ કરેલું પાપ ધોવાની જવાબદારી બીજા દેશોના ભાગે આવી છે. હું આભાર માનું છું ગુજરાતના મુખ્યમંત્રીનો કે જેમણે આ વિષયને ગંભીરતાપૂર્વક લીધો અને તેના નિરાકરણ માટે જરૂરી પગલાં લીધાં છે.

**સભાપતિશ્રીમતી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની જાગૃતિ માટે ગુજરાત યુનિવર્સિટી જેવી સંસ્થાએ આ બાબતનું શિક્ષણ આપતો એક કોર્સ દાખલ કર્યો છે. આ વિભાગની માહિતી આપતાં જણાવવું છે કે, ૪૩ જેટલા સી.ડી.એમ. પ્રોજૅકટ રજૂ કરીને ભારતના કોઈપણ રાજય કરતાં સૌથી વધારે સી.ડી.એમ.પ્રોજૅકટ રજૂ કરનારું એક માત્ર રાજય હોય તો તે ભારતભરમાં ગુજરાત રાજય છે. આશરે ૪૦ ટકા જેટલી કાર્બન ક્રેડીટ મેળવીને ગુજરાત રાજય પ્રથમ રાજય થયું છે. ગુજરાતના મહાનગરોમાં હવે તો કચરામાંથી પણ કાર્બન ક્રેડીટ થકી આવક પેદા કરવાવાળા થવાના છે.આ સાથે જ ગુજરાતના અન્ય મહાનગરો એ સૂર્ય ઉર્જાને પણ એક નવી શક્તિ તરીકે વિકસાવી છે અને પર્યાવરણની સમતુલા જાળવવાના એક નિષ્ઠાવાન પ્રયત્નો હાથ ધર્યા છે.  આવનારા દિવસોમાં ગાંધીનગર સૌર સીટી બનશે.  વાયુ પ્રદુષણને અટકાવવા સી.એન.જી. જેવી બસોનો ઉપયોગ થયાનો છે. હું કર્ણાવતી મહાનગરમાંથી આવું છું.  આવનારા દિવસોમાં ત્યાંથી એક બી.આર.ટી.એસ.નો પ્રોજેકટ શરૂ થવાનો છે. આ પ્રોજેકટ અંતર્ગત ૪૦ ટકા જેટલા ખાનગી વાહનો ઓછા થઈ અને સરકારી અને બી.આર.ટી.એસ.માં વાહનોમાં એ સફર કરશે ત્યારે પ્રદુષણની માત્રા ઘટાડવાનું પણ એક મોટું કામ થવાનું છે. માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાતના ઝડપી આર્થિક વિકાસને શહેરીકરણને કારણે ગુજરાતમાંથી આ અમદાવાદ જેવું શહેરીકરણ અને મોટામોટા મહાનગરોમાં શહેરીકરણની સમસ્યાઓ પેદા થઈ છે.  શહેરોને માળખાકીય સુવિધાઓ મળી રહે અને સુસજજીત આયોજન કરી શકે તે માટે રાજય સરકારે શહેરમાં રહેતા ગરીબો માટે ૫ વર્ષનું એક મોટું લક્ષ્યાંક કરી શહેરી ગરીબ સમૃદ્ધ આવાસ યોજના અંતર્ગત રૂ.૧૩હજાર કરોડ કરતા પણ વધારે રકમ ફાળવી શહેરના ગરીબો માટે પણ સારું કામ કર્યુ છે.  J.N.N.U.R.M. અંતર્ગત મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓના વિકાસના મોટા કામો ચાલુ છે.  અમદાવાદ શહેરમાં પણ ૨૫૦૦ થી ૩૦૦૦ કરોડ  રૂપિયાના પ્રોજેકટો છેલ્લા ૨ વર્ષમાં આપણે જોયા છે અને એના કારણે અમદાવાદ શહેરની કાયાપલટ આપણે જોઈ શકીએ છીએ.  દુનિયાના શ્રેષ્ઠ હરોળના દેશોમાં આ ગુજરાતના મહાનગરોનું સ્થાન પામી શકે એવા કામો હાથ ઉપર લેવાયા છે.

શિક્ષણમાં પણ વિભાગ સાથે જે રીતે માનનીય નાણામંત્રીશ્રીએ બજેટમાં રકમો ફાળવી છે એમાં સામાન્ય કુમાર કે  કુમારી હોય કે જે પ્રાથમિક શિક્ષણથી પણ વંચિત ન રહી જાય અને આવનારા દિવસોમાં આ ગુજરાત શિક્ષણ ક્ષેત્રે પણ મોટી નામના મેળવે એવા પ્રયત્નો કર્યા છે.  હું આભાર માનુ છું શિક્ષણ મંત્રીનો કે જેઓના ભગીરથ પ્રયત્નોથી છેલ્લા ૨ વર્ષમાં ઉચ્ચ શિક્ષણની સીટોમાં બે ગણોથી પણ વધારો કરી ગુજરાતનું જ શિક્ષિત યુવાધન ગુજરાતમાં જ અભ્યાસ કરી શકે તે માટે પ્રયત્ન કરી આપ્યા છે.  આમ શિક્ષણ હોય, આરોગ્ય હોય, કલાયમેટ ચેંજ હોય, નવી વાત હોય એ દ્વારા થઈ રહેલા કાર્યો અને આયોજનને કારણે હયુમન ડેવલપમેંટ ઈન્ડેકસ J.H.D.I ઉપર સમગ્ર દેશ અને વિશ્વ ધ્યાન દોરી રહ્યું છે.  એને ઊંચે લઈ જવામાં ગુજરાત સક્રિય રહ્યું છે.  અંતમાં હું એટલી વાત કરીને વિરમુ છું કે ભારત વર્ષનું આ બધી જ રીતે શ્રેષ્ઠ રાજય, શ્રેષ્ઠ મુખ્યમંત્રી તથા તેની કામગીરી સમગ્ર વિશ્વે જોઈ છે.  ગ્લોબલ ઈન્વેસ્ટ સમિટે તેને મહોર મારી છે.  અને સાડા પાંચ કરોડની જનતાએ જેનામાં પૂર્ણ વિશ્વાસ મૂક્યો છે એવા ગુજરાત રાજયના આગામી વર્ષનું આયોજન કરી શ્રેષ્ઠ રાજય વધુ એક વખત શ્રેષ્ઠ મુખ્યમંત્રી અને વધુ એક વખત બિરુદ મેળવે તેવું આ રાજયના નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.  મેં અગાઉ પણ આ સરકાર ભારતીય જનતા પાર્ટીની આવી એ અગાઉના

બજેટો પણ જોયા એની અંદર જોગવાઈઓ શું હતી તો ગરીબ લક્ષી વિચાર કરીએ તો સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના લોકો હોય અને તેને આવાસની વ્યવસ્થા કરવાની હોય તો ૧૨હજાર, ૧૪ હજાર કે ૧૬હજાર રૂપિયાથી આગળ વધી શકયા નહોતા અને અંદર જોગવાઈ પણ કેટલી કરેલી હોય તો માત્ર આખા તાલુકાની અંદર જોઈએ તો ૮ કે ૧૦નો ટાર્ગેટ આવ્યો હોય અને ૧૦ લોકોને મકાન આપવાના હોય, આના કારણે ગરીબાઈ ઓછી થઈ શકે નહીં, ગરીબોના આંસુ લુછી શકાય નહીં. આ રાજય સરકારે વિશેષ જોગવાઈઓ કરીને ૪૦ હજાર જેટલા રૂપિયા મકાન સહાય માટે આપવા માટેની વાત કરી અને આ વખતે તો એમાંથી પણ ૧૦હજાર વધારવાનો જે નિર્ણય કર્યો છે. રાજય સરકાર ગરીબલક્ષી વિચાર કરવાવાળી સરકાર છે. ઉદ્યોગોની સહાય, ઉદ્યોગો અહીંયા વધારે થાય છે એટલે જાણે કે ઔદ્યોગિકરણ જ ગુજરાતની અંદર થતું હોય ઔદ્યોગીકરણ તો છે જ પરંતુ ચારે દિશા ટોપ ઉપર બેઠેલો વ્યકિત હોય કે નીચે બિલકુલ છેવાડાનો માનવી હોય, આ રાજય સરકારે જે બજેટ મૂકયું છે એની અંદર તમામ સ્તરે તમામ લોકોનો વિકાસ થાય, ચલો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ, આ યુકિતને સાર્થક કરવા માટેનું આ બજેટની અંદર મને દેખાય છે. સૌથી વધુ ધ્યાન આકર્ષક બાબત એ રહી છે કે ખાસ માણસનું જીવન મૂલ્ય અને એની અંદર એની સુવિધાઓ વધે એ એજ્યુકેશનની બાબત હોય, હેલ્થની બાબત હોય, તમામ ક્ષેત્રને વણી લેવામાં આવ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રકચરની અંદર પણ બહુ મોટા પાયામાં લાંબા ગાળા સુધી ઈન્ફ્રાસ્ટ્રકચરનું ડૅવલપમેન્ટ થાય અને આગામી સમયમાં સાર્વત્રિક વિકાસ રાજયનો થઈ શકે.એ માટેની પણ આ બજૅટમાં બિલકુલ ઊડીને આંખે વળગે એવી જોગવાઈ છે. માઈગ્રેશન થઈને લોકો ગામડામાંથી શહેર તરફ આવે છે અને એમાં મોટાભાગે ગરીબ વર્ગ હોય છે. એ લોકોની ચિંતા થઈ અને એ માટે રાજ્ય સરકારે બહુ મોટા પ્રમાણમાં, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક સંકલ્પ તરીકે, એક સ્વપ્ન તરીકે શહેરી ગરીબોનું જીવન ધોરણ ઊંચું આવે એ માટે પણ ૭ હજાર કરોડ કરતાં વધારેની જોગવાઈ કરી છે. એના માટે પણ આ બજૅટને વખાણવું જોઈએ. રાજ્ય સરકાર આવી ત્યારથી અત્યાર સુધીમાં થાગડ-થીગડ જોગવાઈઓ કરવાના બદલે તમામ વિભાગોમાં, ન્યાયતંત્રની બાબત હોય તો સરળતાથી સસ્તો અને ઝડપી ન્યાય મળી શકે એના માટે હિન્દુસ્તાનમાં ગુજરાત સરકારે પહેલું મૉડલ મૂક્યું છે. જેના કારણે એક વર્ષ પછી એવી સ્થિતિ ઊભી થશે કે જ્યારે ગુનો નોંધાય અને ચાર્જશીટ થયા પછી એક વર્ષના સમયગાળામાં એને ન્યાય મળતો થઈ જાય. દેશ માટે આ એક ઉદાહરણરૂપ હશે. આપણે વિચારતા કે વિદેશમાં તાત્કાલિક અને ઝડપી ન્યાય મળે છે અને એના ઉદાહરણો અપાતા. હવે ગુજરાતની અંદર આ ઉદાહરણ આપવાના દિવસો એક વર્ષમાં આવી જશે અને એનો દાખલો આપી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એગ્રીકલ્ચર વિશે વાત કરું તો હું ગામડામાંથી આવું છું, ખેડૂત છું. ખેડૂતોની આવકો વધે એની વાત માત્ર કરી એટલું જ નહીં પ્રત્યક્ષ રીતે એની આવકો વધે એના માટે દરેક પ્રકારે પ્લાનીંગ બનાવ્યું. ખેડૂતોમાં અવેરનેસ આવે, આધુનિકતા તરફ તેઓ આગળ વધે અને જરૂરિયાત એને સુવિધા મળી રહે, નવા કોન્સેપ્ટથી પ્રોડકશન કોસ્ટ ઘટે અને પછી થયેલ માલનું અલગ અલગ રૂપાંતર કરીને એને વેલ્યુએડેડ કરીને એના પૂરતા પ્રમાણમાં ભાવ મળી રહે એના માટેનું માળખું એક એગ્રીકલ્ચરમાં મોડેલ તરીકે ગુજરાતે દેશને આપ્યું છે અને તેની જોગવાઈ પણ આ નાણાકીય વર્ષમાં કરવામાં આવી છે. આવનારા દિવસોમાં એગ્રો ઈન્ડસ્ટ્રીઝ પોલિસી પણ રાજ્ય સરકાર જ્યારે લાવવા જઈ રહી છે ત્યારે ગુજરાત હરિયાળી ક્રાંતિ માટેનું દેશનું કેપિટલ બનશે. જ્યાં સૌથી વધારે વરસાદ હોય ત્યાં વધારે પાણી હોય એવા વિસ્તારમાં તો કદાચ હરિયાળી ક્રાંતિ બની શકે. અહીં ગુજરાત હરિયાળી ક્રાંતિ સર્જી રહ્યું છે એ આયોજનના કારણે, રાજ્ય સરકારની નીતિઓના કારણે. વીજળીના ક્ષેત્રમાં વાત કરું તો આજે દિલ્હીના સમાચાર સાંભળીએ છીએ કે આજે લોકો રસ્તા ઉપર આવી ગયા. વીજળી ન હતી એટલે લોકો રસ્તા ઉપર આવી ગયા હતા. ગુજરાતના ગામડાઓમાં પણ ૨૪ કલાક વીજળી મળે છે. આ એક અદ્‌ભુત ઘટના છે. બહારથી આવેલ લોકો જ્યારે ગામડામાં ભણતા વિદ્યાર્થીનું રિઝલ્ટ પૂછે છે ત્યારે ૧૦-૨૦ વર્ષ પહેલાના અને અત્યારના એજ્યુકેશનમાં ધરમૂળથી બદલાવ આવી ગયો છે. ગામડામાં ભણતી દીકરીઓ એસ.એસ.સી., એચ.એસ.સી. કે બાકીના કોર્સમાં બોર્ડમાં ૧ થી ૧૦ નંબરમાં પાસ થતી હોય, એની અંદર આગળ વધી ગામડામાં ખેડૂતનો દીકરો લેપટોપ ઉપર દુનિયા આખીની માહિતી પોતાની પાસે લાવી શકે એ દિવસો ૨૪ કલાક મળતી જ્યોતિગ્રામની વીજળીના કારણે શક્ય બન્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ માત્ર આટલા પૂરતી સામાજિક સેવાઓને કેન્દ્રસ્થાને નહીં રાખતાં પ્રજાના બાકીના વર્ગોને લોક ભાગીદારીમાં જોડીને નવા આયામો આપ્યા છે. હમણાં થર્ડ આઈ.ટી.નું કામ સહકારી સંસ્થાઓ ખાસ કરીને બેંકીગના ક્ષેત્રમાં જોડાયેલી સંસ્થાઓ આ કામની અંદર આગળ આવી. મુખ્યમંત્રીશ્રી જ્યારે ગુજરાતનો વિકાસ કરવા આગળ વધતા હોય તો અમે પણ આગળ વધીએ. અમે પણ કંઈક કરીએ. આ પ્રમાણેની વાતને બળ આપીને આવનારા દિવસોમાં ગામડામાં રહેતો સામાન્ય માણસ પણ સામાન્ય પરિવારનો દીકરો કે દીકરી પણ પોતે લેપટોપ રાખી શકે એ માટે ઈન્ટરેસ્ટ એક પણ રૂપિયો લીધા સિવાય ઈન્ટરેસ્ટ ફ્રી લેપટોપ આપવા માટેની ગુજરાતના લોકોએ રાજ્યના મુખ્યમંત્રીશ્રીની નિયતિ અને નીતિ એને કેન્દ્રમાં રાખી અને જોઈ પછી આગળ આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ગુજરાત પોતાની સ્વર્ણિમ જયંતી ઉજવી રહ્યું છે ત્યારે એ સમયમાં ગુજરાત સાચા અર્થની અંદર સુવર્ણ યુગ ગુજરાતનો ચાલુ થાય એ માટેની શરૂઆત થઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને સાત ટકાના દરે ધીરાણ મળે એ માટે રાજ્ય સરકારે એક નવો અભિગમ અખત્યાર કર્યો. રાજ્યની અંદર માત્ર ડિસ્ટ્રીકટ સહકારી બેંકો છે એ ૩-૪ થી વધારે બેંકોએ સાત ટકાના દરે ધીરાણ ખેડૂતને મળી શકે એ પ્રમાણેની જોગવાઈ નહોતી. પરંતુ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ગત બજેટની અંદર ૬૦ કરોડ રૂપિયા જેટલી જોગવાઈ કરીને ગુજરાતના તમામ ખેડૂતોને સાત ટકાના દરે ધીરાણ મળે અને બેંકો ૬ ટકાના દરે ટેકસને પોતે ધીરાણ આપી શકે એ માટે ૬૦ કરોડ રૂપિયાની જોગવાઈ બજેટની અંદર કરી અને ગુજરાતના ખેડૂતોને ૭ ટકાના દરે ધીરાણ લેતો કર્યો. આ બાબત પણ અભિનંદનને પાત્ર છે. ગરીબલક્ષી, ખેડૂતલક્ષી, ગામડાલક્ષી આ બજેટ મને દેખાય છે. ઈન્ફ્રાસ્ટ્રકટરની અંદર પણ ખૂબ સારી જોગવાઈ થશે. આવતીકાલ એ ગુજરાતની આવતીકાલ છે અને એ કામ વિધાતાએ નરેન્દ્ર મોદીના હાથે લખ્યું છે. હિન્દુસ્તાનનો ઈતિહાસ વિકાસનો બનશે. ૨૧મી સદી હિન્દુસ્તાનની સદી છે અને એની શરૂઆત, એનું વિકાસનું એન્જિન ગુજરાત બની રહ્યું છે અને આ નેતૃત્વ વધુમાં વધુ હવે આવનારા સમયની અંદર શકિતશાળી બની ગુજરાતનો વિકાસ થાય માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને ફરી સમર્થન કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯-૧૦ ના ફેરફાર કરેલા અંદાજપત્રમાં જે ૧૪મું અંદાજપત્ર લઈને નાણામંત્રીશ્રી આવ્યાં છે એમને હું અભિનંદન આપું છું અને અપંદાજપત્રને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની કુલ આવક ૫૭૪૮૭.૯૭ કરોડ અંદાજેલ છે અને આવકની સામે કુલ ખર્ચ ૫૭૪૪૦.૧૫ કરોડ છે. આ બજેટને હું એટલા માટે આવકારું છું કે "લોકા સમસ્ત સુખીના ભવતું" સમાજના સર્વ વર્ગના લોકો સુખી થાય અને સર્વ વર્ગના તમામ કામોની ચિંતા કરીને આ અંદાજપત્ર ગૃહની અંદર રજૂ થયું હોય એવું મને લાગે છે. સૌની આવકની મર્યાદાને ધ્યાનમાં રાખતું, સૌની સુખનો અનુભવ કરાવતું આ બજેટ હોય ત્યારે એમ ચોક્કસ કહી શકાય કે આ રાષ્ટ્રની ભકિત સેવાના દ્રઢ સંકલ્પ સાથેનું આ બજેટ છે. રાષ્ટ્રભકિત એ પુસ્તકમાં શોભનારો આદર્શ નથી. પરંતુ ધરતી ઉપરનો ધર્મ છે, આ એક વ્યવહાર છે અને અંદાજપત્રમાં વ્યવહાર અને ધર્મ નિભાવ્યો હોય તેવું મને લાગે છે. "સ્વાર્થ સાધના કી આંધીમે વસુધાકા કલ્યાણ ના ભૂલે" માનવ કલ્યાણ સાથેસાથે આ ધરતીનું કલ્યાણ અને એના માટે ખૂબ ધ્યાન આપીને, ચિંતન આપીને આ બજેટ રજૂ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમેરિકાની મંદીની અસર હોય, ઓસ્ટ્રેલિયામાં આપણાં વિદ્યાર્થીઓ તિરસ્કાર પામતા હોય કે પડોશી રાજ્યનો આતંકવાદ હોય આવા અનેક પરિબળો સામે મક્કમપણે આપણે આગળ વધી શકીએ એ પ્રકારની જોગવાઈ ધરાવતું આ અંદાજપત્ર છે એમ કહીશું તો કશું ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સભ્યોને મેં શાંતિથી સાંભળ્યાં આવો સાથે મળીને ગુજરાતની પથારી ફેરવીએ. આ માનસિકતાવાળા વિપક્ષના લોકોએ આ બજેટમાં જે ટીકા-ટીપ્પણ કરી છે ત્યારે એનું હ્રદયમાં એક દુઃખ થતું હતું. મને લાગે છે કે આ લોકોને જવાબ આપનારું અને જે પ્રકારના એમના વ્યવહારો થઈ રહ્યાં છે એમની સામે ચિંતન કરીને આ મૂકનારું બજેટ છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ રાષ્ટ્ર હોય કે કોઈપણ રાજ્ય હોય એના વિકાસનો આધાર એની ભૌતિક સંપત્તિ અને બૌદ્ધિક ધન ઉપર રહેલો છે. આ રાજ્યમાં માનવધનનું નિમાર્ણ કરી શકાય તે માટે શિક્ષણક્ષેત્રે ૧૬૦૦ કરોડની જોગવાઈ કરી છે. હું શિક્ષણમંત્રીશ્રીને અને શિક્ષણ વિભાગના તમામ અધિકારીઓને અભિનંદન આપું છું. હું કોલેજમાં પ્રોફેસર છું. થોડા દિવસ પહેલા હું કોલેજ ગઈ ૧૨-૦૦, ૧૨-૩૦ વાગ્યાનો સમય હતો અને આપણા અધિકારીશ્રી કિરીટભાઈ એ પોતાનું મંતવ્ય પ્રાધ્યાપકોને આપતા હતા.પ્રાધ્યાપકો મારી કૉલેજમાં બેઠા બેઠા એ સાંભળતા હતા. પ્રાધ્યાપકોનું પ્રશિક્ષણ થાય એનો લાભ સીધો વિદ્યાર્થીઓને અને ભવિષ્યની પેઢીને થાય એમાં શંકા નથી. આખાય વિશ્વમાં સર્વોચ્ચ સાંસ્કૃતિક મૂલ્યો ધરાવતી આ હિન્દ ભૂમિ ઉપર, આજે હિન્દુઓના આદર્શો, હિન્દુના મૂલ્યોની સામે મેદાને પડી હોય તેવી કેન્દ્રની કોંગ્રેસ સરકાર બની છે ત્યારે રાજય સરકારે મૂલ્ય આધારિત શિક્ષણ બને, શ્રેષ્ઠ શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન થાય તેવી સુવિધા સભર શૈક્ષણિક આયોજન સાથેનું આ બજૅટ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સમયની જે માંગ અને વિદ્યાર્થીઓની જે ભૂખ છે એને પહોંચી વળવા માટે અનેક કાર્યક્રમો આ બજૅટમાં આપેલા છે. નૉલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ ફૉર ફેકલ્ટી પ્રોજેકટ એના માટે ૧૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. સંશોધનો, પ્રયોગો, સંસ્કાર મૂલ્યોના જતન અને જીવનશૈલીના સમગ્ર વિકાસ માટે એજ્યુકેશન નૉલેજ કમિશન માટેના ૨૫ કરોડ રૂપિયા, બાયસેકના માધ્યમથી તાલીમ માટે અને સ્કોપ જેવા કાર્યક્રમો, સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી, મૅડિકલ કૉલેજ માટેની સંસ્થાઓ અને સુવિધાઓ જે આ રાજયને મળી છે, મને લાગે છે કે, બીજા રાજયોની સરખામણી કરીએ તો ગુજરાત રાજય એક નવી દિશા સાથે શૈક્ષણિક સુવિધા સાથે આગળ વધી રહ્યું છે. હું માનનીય નાણા મંત્રીશ્રીને અને સરકારશ્રીને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ખાનગી યુનિવર્સિટીનું આપણે બીલ લાવ્યા, રાજયના હજારો વિદ્યાર્થીઓના આશીર્વાદ આ રાજય સરકારને મળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પૂનામાં જે શૈક્ષણિક સંસ્થાઓ ચાલી રહી છે, મારો એક અનુભવ છે, એક વિદ્યાર્થીને પૂનામાં એડમિશન લેવાનું હતું, પૂના યુનિવર્સિટીના નામે આઠ લાખ જેવું ડોનેશન લઈ અને ખાનગી કૉલેજોનું સર્ટિફિકેટ આપનારી સંસ્થાઓ બીજા રાજયોમાં છે અને એ રાજયના દલાલો ગુજરાતમાં હોય અને આપણા વિદ્યાર્થીઓને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે ત્યારે એવા સંજોગોમાં આ બીલ લાવ્યા છે અને એના માટેની જોગવાઈ પણ બજૅટમાં કરી છે ત્યારે ખરેખર આવકારનારું બજૅટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેન્ટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મીંગ સામેના પડકારો માટે ગઈ વખતે રાજયના મુખ્ય મંત્રીશ્રીએ ૧૪૪ની કલમ હેઠળ એક પ્રસ્તાવ મૂક્યો હતો. આજની પેઢીને અને આવતી કાલની પેઢી માટે આ વિષય જ્યારે ગંભીર બન્યો છે, સમગ્ર વિષય ગ્લોબલ વોર્મીંગ પરિસ્થિતિઓની ચિંતા કરનારું બન્યું છે ત્યારે ગુજરાત સરકારે અલગ વિભાગ રચવાનો નિર્ણય કર્યો છે અને આ નિર્ણય તે શૈક્ષણિક હેતુસર બને એના માટે પાઠયક્રમોમાં શૈક્ષણિક સંશોધનો અને અધ્યાપકોને પ્રશિક્ષિત કરવાનું આયોજન તેમાં થયું છે તે ખરેખર આવકારદાયક છે અને એના માટે જે જહેમત શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપાડી રહ્યા છે એ પણ ખૂબ આવકારદાયક છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ૧૨ લાખ કરોડનું રોકાણ ઔદ્યોગિક ક્ષેત્રે થયું ત્યારે ૨૫ લાખથી વધારે લોકોને રોજગારી ઊભી થઈ શકે એના માટે આયોજન થયું છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડી વાત એ કરવી છે કે, આ રાજયમાં ઉદ્યોગોના વિકાસની સાથે સાથે જે સ્કીલ સ્ટાફ જોઈએ એ સ્કીલ સ્ટાફના નિર્માણ માટેની સુવિધાઓ પણ આ રાજય સરકારે કરી છે. આજે આઈ ટી આઈ કૉલેજો, એન્જિનીયરીંગ કૉલેજો તો ખરી જ પણ ઓછા ખર્ચમાં શિક્ષણ પ્રાપ્ત કરીને ઉદ્યોગોમાં પણ રોજગારી પ્રાપ્ત કરી શકે એવી સુવિધાઓ ઊભી કરી છે. હું જામનગર શહેરમાં રહું છું, આજુબાજુ મોટી મોટી ઇન્ડસ્ટ્રીઓ આવેલી છે રોજગારીની વાત થઈ છે ત્યારે હું એ જાણું છું કે, આ ઉદ્યોગોને સ્કીલ સ્ટાફની આવશ્યકતા હોય છે ત્યારે એવો સ્ટાફ મળતો નથી અને બીજા રાજયોમાંથી લાવવો પડે છે, આવનારા દિવસોમાં આપણા જ લોકોને આ રોજગારી પ્રાપ્ત થવાની છે એ પણ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી અને સ્વરાજનું આંદોલન હરીપુરામાં સુભાષ બાબુના નેતૃત્વમાં જે તે વખતે એક નવી દિશા આપી હતી હરીપુરાએ પરંતુ આઝાદી પછી આ ઈતિહાસને તો આપણે ભૂલી ગયા હતા કોઈ લોકોએ આ ઈતિહાસને યાદ નહતો કર્યો પરંતુ માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપું કે, રાજય સરકારે ૭૦ વર્ષ પછી હરીપુરાથી સ્વરાજ્યથી સુરાજ્ય યાત્રાનું સ્વપ્નું ઈ ગ્રામ પ્રોજેકટ શરૂ કરીને સાકાર કર્યુ છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટને હું આવકારું છું અને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ જે ફેરફાર થયેલું બજેટ રજૂ કર્યું છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ ગુજરાતે નંબર-૧ની કક્ષાએ હેટ્રીક કરી છે. એક તો ગુજરાત ખુદ નંબર-૧, ગુજરાતના મુખ્યમંત્રી પણ નંબર-૧ અને આ નાણા અંગેનું બજેટ રજૂ કરનારા અમારા નાણામંત્રી પણ હવે નંબર-૧ થયા છે એટલે વી આર ઈન હેટ્રીક ગુજરાત. ગુજરાતની રાજયકક્ષાએ, વહીવટ કક્ષાએ અને ફાઈનાન્સની કક્ષાએ. તમામ કક્ષાએ આપણે નંબર-૧ છીએ અત્યારે.. નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે એ પુરાંતવાળું બજેટ છે અને એટલા માટે પણ એ અભિનંદનને પાત્ર છે. ખાસ કરીને ગત વર્ષનું ૨૦૦૮-૦૯નું જે બજેટ હતું એના કરતાં લગભગ ૧૧ટકા જેટલી રકમ વધારેલું ૨૩૨૭૫કરોડની રકમનું આ જંગી જે બજેટ ગુજરાતની પ્રજાને મળ્યું છે એ સમૃદ્ધ ગુજરાતની અને ગુજરાત જે રીતે વિકાસ પામી રહયું છે એની એક સારી નિશાની છે અને એટલા માટે ગુજરાતના નાણામંત્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. મારે વાત બીજી એ કરવી છે કે એમણે શરૂઆત કરી છે એમના બજેટમાં ખૂબ સરસ શબ્દો મુકીને કે ચક્રધારી મોહનથી ચરખાધારી મોહન સુધીની વાત છે. એકબાજુ જેમણે સમગ્ર રાષ્ટ્રને તમામ પ્રકારની દિશાઓ આપી હતી. આ રાષ્ટ્રને જરૂર પડે ત્યારે ગીતા ઉપદેશના માધ્યમથી રાષ્ટ્રના નબળા માણસોની સામે, નબળા લોકોની સામે રક્ષણ આપવાની પણ વાત કરીને એમણે કહ્યું હતું કે મારે જોડાવું નથી કારણકે ગઈકાલે માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈએ કહ્યું છે એ પ્રમાણે યદા યદા હી ધર્મસ્યથી શરૂ કરીને અભ્યુત્થાનમ સુજામ્યહમ એટલે અત્યારે એટલા માટે જરૂર છે ગુજરાતનું જે બજેટ છે એ સમગ્ર ગુજરાતને તો ઠીક છે સમગ્ર રાષ્ટ્રને દિશા ચીંધે છે અને એ દિશા ચીંધનારું જયારે બજેટ રજૂ થયું છે ત્યારે એની નોંધ અમે ખૂબ આનંદપૂર્વક લઈએ છીએ અને એની સાથેસાથે વિપક્ષના સભ્યોએ ઘણીવાર નંબર-૧ અંગેના વિષયનો ઉલ્લેખ કર્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી નંબર-૧ છે અને એ રહેવાના છે એમને કોઈ ખસેડી શકવાનું નથી એટલે એ તો વિષય એવો છે કે એમણે સહન કર્યા વગર છુટકો નથી કારણકે ગુજરાતની પ્રજાએ નકકી કરેલો આ વિષય છે અને મારે એટલા માટે કહેવું છે કે આ વખતના સંસદના ઈલેકશનના પરિણામને ટાંકીને જયારે વાત થતી હતી ત્યારે મને સિકંદરનો દાખલો એટલા માટે યાદ આવ્યો કે વિશ્વવિજેતા સિકંદરને પોરસની તાકાતે રોકયો હતો. આજે દેશમાં ગમે તેટલો વિજય થયો હશે પણ ગુજરાતની પ્રજાએ, ગુજરાતના મતદાતાઓએ અને ગુજરાતના નાગરિકોએ કોંગ્રેસને કહ્યું છે રૂક જાવ. આ ગાંધીનું ગુજરાત છે, સરદાર વલ્લભભાઈ પટેલનું ગુજરાત છે અને નરેન્દ્ર મોદીનું ગુજરાત છે આમાં કયાંક કોંગ્રેસનો પગપેસારો થઈ શકે તેમ નથી. આવું ખૂબ સ્પષ્ટ સિગ્નલ વિપક્ષોને આપવામાં આવ્યું છે તો પણ પરિસ્થિતિ એવી છે આ દાખલો સંસદીય છે કે કેમ એની ખબર નથી પણ ઘણીવાર આપણે કહીએ છીએ કે " મારે મોગલ અને ફુલાય પીંજારો" આવી દશા છે. સાહેબ આ લોકોની અને એટલા માટે અમે તો ત્યાં સુધી કહીએ છીએ કે અત્યાર સુધી ૧૯૭૪-૭૫ના કોંગ્રેસના તે વખતના પ્રમુખ દેવકાંત બરુવા, ડી.કે.બરુવા એમના શબ્દો હતા કે "ઈન્ડીયા ઈઝ ઈન્દીરા એન્ડ ઈન્દીરા ઈઝ ઈન્ડીયા" અમે કયારેય આવું નથી કહ્યું. આવી વ્યકિત પૂજા અને ત્યારપછી તો અમે વર્ષો સુધી ગાંધીને વેઠયા છે. બે બે ત્રણ ત્રણ ગાંધીને વેઠયા છે. આ એક નરેન્દ્રભાઈ આવે છે એ એમને ખટકે છે. વર્ષો સુધી વેઠયા છે. અમે કયાંય ફરિયાદ નથી કરી, એમના

ફોટા જોયા છે. ટી.વી.માં એમને સાંભળ્યા છે, છાપામાં ફોટા જોયા છે ત્યારે અમે એમને વેઠયા પછી કયારેય ફરિયાદ નથી કરી અને અમારે સહજે ૫-૭ વર્ષથી નરેન્દ્રભાઈ મોદી એમની અલગ પ્રકારની કાર્યશિલતા, પ્રજાનો મેળવેલો વિશ્વાસ.જનસમર્થન મક્કમ અને મજબૂત નેતૃત્વ એ લઈને ગુજરાતને અલગ દિશા આપી રહ્યા છે, ત્યારે એમનો વિરોધ અને કાગારોળ મચાવી રહ્યા છે. નેરન્દ્રભાઈનો એક ફોટો આવે એટલે પેટમાં તેલ રેડાય છે. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે કે અમે તો વર્ષો સુધી અમે વેઠ્યું છે. હું તો ત્યાં સુધી કહું છું કે એક નવા ચહેરાનો ફોટો જોઈને આફત શરૂ થઈ જાય છે. મારા પોતાના શબ્દોમાં કહું તો હમને તો આપકી ગઠરી ઉઠાઈ. અમે તો સાહેબ તમારી આખી ગઠરી ઉઠાવીને ફરતા હતા. ફીર ભી ચિત્કાર નહિ કિયા. ત્યાં સુધી અમે કયાંય ચિત્કાર નથી કર્યો. ફીર આપ હમારી પઘડી ઉઠાનેમે ચિલ્લા રહે હો. એક ફોટો આવે નરેન્દ્રભાઈ મોદીનો એ આપને સહન નથી થતું, પણ ગુજરાતની પ્રજાએ મેં કહ્યું તે પ્રમાણે ગુજરાત એ દિલ્હીનું ખંડેર રાજ્ય નથી. ગુજરાત એ ગુજરાત છે. ગુજરાતની દિશા અલગ છે. આ ગુજરાતે દેશની આઝાદીની ચળવળમાં પણ સમગ્ર રાષ્ટ્રનું નેતૃત્વ પણ પૂરું પાડ્યું હતું. એ દિવસોમાં મોહનચંદ કરમચંદ ગાંધીએ આ રાષ્ટ્રને નેતૃત્વ પૂરું પાડ્યું અને તેની સાથે સરદાર વલ્લભભાઈ પટેલ અને દેશ આઝાદ થયા પછી જ્યારે સમગ્ર રાષ્ટ્રમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી ત્યારે જયપ્રકાશ નારાયણની સમગ્ર ક્રાંતિને આલેખને ગુજરાતની પ્રજાએ સ્વીકારી હતી અને નવનિર્માણનું આંદોલન ગુજરાતમાં થયું હતું એ ભ્રષ્ટાચારની સરકાર કોંગ્રેસની ગુજરાતમાંથી ગઈ હતી. ગુજરાતની તાસીર અલગ છે, એટલી વાત કર્યા પછી મારે વાત કરવાની છે કે શિક્ષણની વાત, એટલા માટે કરવાની છે કે કોઈપણ રાષ્ટ્રનો કેટલો વિકાસ થયો છે, એ રાષ્ટ્ર કેટલું મજબૂત છે એનો પાયો શિક્ષણ છે. કોઈપણ સમાજ કેટલો સદ્ધર છે, કોઈપણ સમાજ કેટલો આર્થિક આગળ છે, તે તેના શિક્ષણ ઉપર આધાર રાખે છે. આગળ એટલા માટે લઈ જવા માગું છું કે અમે લોકો ૧૫-૨૦ વર્ષ પહેલા ગામડે જતા તો ફરિયાદ આવતી કે અમારા ગામમાં પાંચમાં ધોરણની સ્કૂલ છે અને નિશાળના રૂમ બે છે. કોઈ ગામમાં જઈએ તો કહે કે ૭ ધોરણની સ્કૂલ છે પણ શિક્ષકો બે છે. ક્યાંક વર્ગ નહોતા, ક્યાંક શિક્ષકો નહોતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. આનંદીબેન શિક્ષણમંત્રી હતા ત્યારે સૌ પહેલા ગુજરાતમાં ભૌતિક સુવિધાઓ શિક્ષણ માટેની એમાં ૧ લાખ જેટલા નિશાળના રૂમો બનાવ્યા, એની સાથે સાથે વિદ્યાસહાયકોની નિમણૂક કરીને ગામડામાં સંપૂર્ણ વર્ગ અને સંપૂર્ણ કક્ષાના શિક્ષક આપવાનું કામ આ શાસનમાં થયેલ છે. એટલા માટે આ ગામડામાં ત્યારબાદ ભૌતિક સુવિધા આપી. એ ભૌતિક સુવિધા આપવા માટે માટે શિક્ષકો તૈયાર કરવો પડે. એ સુવિધા આપવા માટે ગુજરાતમાં ૪૦૦ જેટલી નવી પી.ટી.સી. કૉલેજોને માન્યતા આ શાસનમાં મળી છે. એના પરિણામે આજે ગામડામાં જેટલા વર્ગ છે, જેટલા ધોરણ છે એટલા વર્ગ છે. અને જેટલા વર્ગ છે એટલા શિક્ષકો છે. આ પ્રકારની સુવિધા પૂરી પાડ્યા પછી અમે કહ્યું ચાલો ભણવા અને પ્રવેશોત્સવના કાર્યક્રમની શરૂઆત ત્યારપછી થઈ. અને ત્યારપછી આ પ્રવેશોત્સવમાં ૧૦૦ ટકા નામાંકનના પરિણામે અને ડ્રોપ આઉટના રેશિયાના પરિણામે છેલ્લા ૭ વર્ષના સરકારના સતત પ્રયત્નો હતા. ગુજરાતના મુખ્યમંત્રી સાથે તમામ મંત્રી મંડળના સભ્યો સાથે આઈ.એ.એસ., આઈ.પી.એસ. અમલદારો ત્રણ-ત્રણ દિવસ સુધી ગામડામાં જઈને ગરીબના ખોરડામાંથી ગરીબની દીકરીની આંગળી પકડીને નિશાળમાં મુકવા લઈ જાય ને એ એક આખું વાતાવરણ હતું એ હ્દયસ્પર્શી વાતાવરણ હતું અને તે આપણને એવી રીતે અસર કરી ગયું કે એક નાનું ભુલકુ એને કોઈ પૂછતું નહોતું, એના માટે સાજન માજન ગામનું ભેગું થાય અને આખું ગામ શણગારાય, ક્યાંક બળદગાડામાં લઈ જવાય ક્યાંક ટ્રેકટરમાં લઈ જવાય. આવા પ્રવેશોત્સવના માધ્યમથી ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ વધ્યુ. હું શિક્ષણનો મુદ્દો પૂરો કરીને મારું પ્રવચન પૂરું કરી દઈશ. આ શિક્ષણનું મૂલ્ય વધ્યુ, પરિણામે ગુજરાતમાં છેલ્લા ૭ વર્ષના પરિણામને લીધે આ વર્ષે આઠમામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી. આ સરકારને એની ચિંતા હતી. સરકારનું વિઝન છે, જેને દીર્ઘદ્રષ્ટિ કહી શકાય એ રીતે વિચાર્યુ હતું કે આ પાંચ-સાત વર્ષના આપણા પ્રયત્નોને પરિણામે આઠમાં ધોરણની સંખ્યા વધવાની છે. મારે ગુજરાતના શિક્ષણમંત્રીને અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવાં પડે છે કે આ વર્ષે ગુજરાતના ઈતિહાસમાં પહેલી વાર પ્રાથમિક શાળામાં ૨૦૦૦ શાળાઓમાં આઠમાં ધોરણથી શરૂઆત કરી હોય તેવો આ પહેલો પ્રસંગ છે, એના લીધે જે વિદ્યાર્થીઓ પાસ થયા છે, એને આ રીતે શિક્ષણની સુવિધા મળવાની છે. એની સાથે સાથે અત્યારે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોને આપણે માન્યતા આપતા હતા.ગયા વર્ષના બજેટમાં અને આ વર્ષે લગભગ ૨૦૦ જેટલી સરકારી શાળાઓ શરૂ થઈ કે જે શાળાઓ સરકાર ચલાવવાની છે. આવો ખૂબ મોટો નિર્ણય આ સરકારના શાસનમાં થયો છે આ વખતે થયો છે એટલે એને પણ જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે, ગ્લોબલાઈજેશન અને આ બધાને લીધે ગુજરાતનો વિદ્યાર્થી પાછળ ન પડે, દુનિયાની ભાષા સમજી શકે, એ ભાષામાં વાત કરી શકે, એ ભાષામાં સમજાવી શકે એ માટે સ્કોપની યોજના શરૂ કરી., એનાથી આપણે નથી અટક્યા, કે ગુજરાતના તમામ ગામડાઓમાં ઉચ્ચતર માધ્યમિકની સાયન્સ સ્ટ્રીમ હોય એની ચિંતા આ રાજય સરકારે કરી છે. ગામડાના હોશિયાર વિદ્યાર્થીને દશામા પછી સાયન્સમાં જવું છે પણ એના તાલુકામાં સાયન્સ સ્ટ્રીમ જ નથી અને પરિણામે એ મૅડિકલ કે એન્જિનીયરીંગમાં જઈ શકતો નથી અને પોતાનું કૌશલ્ય એ બતાવી શકતો નથી તો એને ધ્યાનમાં રાખીને, મારે આ વાત એટલા માટે મૂકવી પડે છે કે આ તમામ જીણી -જીણી અને નાની -નાની બાબતોને ધ્યાનમાં રાખીને આ

વખતે લગભગ ૪૦ કે ૪૫ જેટલા ઉચ્ચતર માધ્યમિક શાળાના સાયન્સ સ્ટ્રીમની પરવાનગી આપવામાં આવી છે કૉલેજોની સંખ્યામાં તો એમણે એન્જિનીયરીંગની સંખ્યામાં આંકડો જે આવ્યો છે એ તો અધધધ આંકડો વધ્યો છે તો એની તો આપણે ગણતરી કરીએ તો પણ ગણતરીમાં.., ગુજરાતમાં એટલા બધા એન્જિનીયરો બહાર પડવાના છે કે, માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારનું હું વીજન બતાવું છું, કે આગામી દિવસોમાં ગુજરાતનું વાઈબ્રન્ટ ગુજરાત માટે ઈન્વેસ્ટમેન્ટ થવાનું છે એ ઈન્વેસ્ટમેન્ટ માટે ટૅક્નીકલ માણસો જોઈશે, મિકેનિકલ એન્જિનીયરો જોઈશે, આઈટી જોઈશે, ઇલૅક્ટ્રોનિક્સ એન્જિનીયરો જોઈશે, એને ઇલૅક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન જોઈશે, એને મરીન એન્જિનીયરો જોઈશે, અને બાયોટેકનોલોજીના માણસો જોઈશે આવા તમામ પ્રકારની આ વખતે જે સીટો વધી છે એમાં તમામ પ્રકારની ફેકલ્ટીનો સમાવેશ કરીને ગુજરાતે સમગ્ર રાષ્ટ્રની દિશા આપવાનું કામ, ગુજરાતના યુવાનોને શિક્ષિત કરવાનું કામ, ગુજરાતના યુવાનો દેશ તો ઠીક છે પણ દુનિયામાં ટકી શકે, દૂનિયામાં ઊંચા મસ્તકે ફરી શકે એ પ્રમાણે સંપૂર્ણ સાક્ષરતાના સંપૂર્ણ શિક્ષિત કરવાનું કામ જે શરૂ થયું છે, એનો આ બજેટમાં સમાવેશ છે એટલા માટે આ બજૅટને મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજૅટ લઈને આવ્યા છે એમને અભિનંદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને થોડીક માહિતી આપવાની કે માનનીય વજુભાઈનું આ ચૌદમું બજૅટ નથી પણ તેઓશ્રી આ હાઉસની અંદર પંદરમું બજૅટ રજૂ કરે છે અને મને ચોક્કસપણે ખાતરી છે કે, આવતા દિવસોની અંદર આ રૅકૉર્ડ પંદર બજૅટ રજૂ કરવાનો આ ગુજરાત એસૅમ્બલીની અંદર કોઈ તોડી નહીં શકે, સિવાય વજુભાઈ, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને ઘણી બધી વાતો કરી, વિરોધપક્ષના નેતાશ્રીએ પણ વાતો કરી હતી, બજૅટની ટીકાઓ કરી હતી, ખર્ચ વધારે છે તે વિશે વાત કરી હતી, આવક ઓછી છે તે વિશે વાત કરી હતી. રાજયની આર્થિક પરિસ્થિતિ બરાબર નથી એવી બધી વાતો કરી હતી. એટલે સાચું શું છે એની માહિતી આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ ફીસ્કલ ડિસિપ્લીનમાં ખૂબ માને છે રાજયની અંદર ફીસ્કલ ડિસિપ્લીન હોવી જોઈએ એવું એમનું સ્પષ્ટપણે માનવું છે અને એટલે વર્ષોથી આ રાજય ફીસ્કલ ડિસિપ્લીનની તરફ જઈ રહ્યું છે એ ધ્યાનમાં રાખીને ગુજરાતે ફિસ્કલ રિસ્પોન્સીબિલિટી એકટ ૨૦૦૫ની અંદર આ વિધાનસભાએ પસાર કર્યો અને એ પસાર કરી આવતા દિવસોમાં ૨૦૦૫ પછી રાજયએ દરવર્ષે શું કરવું એના ટારગેટ નક્કી કર્યા, ઘણા બધા રાજયોએ કર્યુ, કેન્દ્રએ પણ કર્યું અને જે ટારગેટ એચીવ કરે એને બારમા ફાઈનાન્સ કમિશન તરફથી ગ્રાન્ટ અપાવાની નક્કી કરવામાં આવ્યું એટલે કેન્દ્ર, રાજયો આ બધાએ ફીસ્કલ ડિસિપ્લીન તરફનાં પગલાં ભર્યા. આપણે નક્કી કર્યુ કે ૨૦૦૭-૦૮ સુધીમાં રેવન્યુ ડૅફિસિટ ઝીરો કરીશું. ૨૦૦૭-૦૮ સુધીમાં, પરંતુ આપણે એક વર્ષ પહેલાં એચીવ કર્યુ, ૨૦૦૬-૦૭ની અંદર જ આપણે રેવન્યુ સરપ્લસ થયા. એવી રીતે ફીસકલ ડેફિસિટ જી.એ.ડી.પી.ના પ્રમાણમાં ૩ ટકા હોવું જોઈએ ૨૦૦૮-૦૯નો આપણો ટાર્ગેટ હતો એ આપણે ૨૦૦૬-૨૦૦૭માં કરીને બતાવ્યું એટલે બે વર્ષ વહેલું કર્યું અને એવી જ રીતે પબ્લિક ડેબ્ટ જી.એ.ડી..પી.ના પ્રમાણમાં ૩૦ ટકા હોવું જોઈએ એ આપણે એક વર્ષ વહેલું એચિવ કર્યું. આજની તારીખે આપણું દેવું એ આપણા ફીસકલ રીસ્પોન્સીબીલીટીના પ્રમાણમાં જ ૨૪.૧૧ ટકા છે એટલે ૩૦ ટકાથી ઓછું છે. અને ફીસકલ ડેફિસિટ એ ૨.૯૯ ટકા છે એ પણ ૩ ટકાથી ઓછું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને માહિતી આપવી છે કે કેન્દ્ર સરકારે આ ૨.૯૯ ટકાનું આજની તારીખમાં ૪ ટકા કર્યું છે. અને આપણે ૩ ટકાની નીચે રાખ્યું છે. આપણે તો એટલું એચિવમેન્ટ કર્યું પણ ભારત દેશ, કેન્દ્ર સરકાર એચિવ નથી કરી શકી. કેન્દ્ર સરકારના ટાર્ગેટની વાત કરું તો આપણા ૩ ટકા છે તો એના ૬.૮૫ ટકા છે એટલે કોઈ જગ્યાએ એનો ટાંટિયો મળતો નથી..ડેબ્ટમાં પણ જી.એ.ડી.પી.ના ૨૪.૧૧ ટકા છે તો એના ૬૦.૩૯ ટકા છે. એટલે વિચાર તો કરો કે અત્યારે વિરોધ પક્ષના નેતાશ્રી અને માનનીય સિધ્ધાર્થભાઈ જે વાતો કરતા હતા કે આપણું દેવું વધી ગયું છે અને દેવું ઘ ટાડવું જોઈએ એ લોકો કેન્દ્રના જે ૬૦.૩૯ ટકા છે એ આંકડો પણ ધ્યાનમાં એમણે લેવો જોઈએ. માનનીય સભ્યશ્રીએ રેવન્યુની અંદર ડેફિસિટની વાત કરી ત્યારે મારે માનનીય સભ્યશ્રીઓને એ માહિતી આપવી છે કે, આ વર્ષે આપણી રેવન્યુ ડેફિસિટ ૩૯૧૩.૧૮ કરોડ છે. મૂળ કારણ શું? શું આપણે વહીવટ બરાબર નથી કર્યો કે સરપ્લસમાંથી ડેફિસિટ થઈ ગયા? આપણે એવા કયા નિર્ણયો લીધા કે જેથી આપણે ડેફિસિટ થયું ? માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને કહેવું છે, વિરોધ પક્ષના નેતાશ્રી હોત તો વધારે મજા આવત કહેવાની. એક પણ નિર્ણય આપણો નથી, આ માત્રને માત્ર કેન્દ્ર સરકારના નિર્ણયોને કારણે આપણે ડેફિસિટ થયા છીએ. હું એક એક દાખલો આપીને વાત કરીશ. ૪ હજાર કરોડ સેન્ટ્રલ પે કમિશનનું ભારણ આજ વર્ષે આવ્યું છે. એ ૪ હજાર કરોડના કારણે આપણો નોન પ્લાન એકસ્પેન્ડીચર આજ વર્ષે વધી ગયો. બીજું આપણે સ્મોલ સેવિંગ્સ જે આપણી પબ્લિક આપે છે એટલે કે પબ્લિક પોસ્ટ ઓફિસમાં ડિપોઝિટ કરે છે એ ડિપોઝિટ આપણને કેન્દ્ર સરકાર પાછી આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત પૈસા બહારથી લે અને એમાં વ્યાજ ઉપર નફો લે એક જણથી બીજા જણને આપે એમાં નફો લે એ સમજી શકાય પણ કેન્દ્ર સરકાર પબ્લિક પાસેથી પૈસા લે, ગુજરાતની પબ્લિક પાસેથી પૈસા લે એમાં બે ટકાનો ગાળો રાખીને રાજયને આપે છે. વિચાર તો કરો ૪૪ હજાર કરોડ રૂપિયા એટલે કે આપણા

દેવાના ૫૦ ટકા ઉપરના પૈસા એન.એસ.એસ.માં ફરજિયાત આવ્યા છે અને એની અંદર આજે બે ટકાથી વધારે ગાળો રાખવામાં આવ્યો છે અને એનું કેલક્યુલેશન જ્યારે આપણે કરી એને તો ૯૩૯ કરોડ રૂપિયાનો વ્યાજનો બોજો વધે છે. આપણે કેન્દ્ર સરકારને કહ્યું કે તમે અમને બહારથી રૂપિયા લેવા દો અમારે તમારા રૂપિયા જોઈતા નથી અમે તમને તમારા ૪૪ હજાર કરોડ રૂપિયા પાછા આપી દઈએ, ના પાડે છે. દાખલો આપુ ગઈ સાલ આપણે માર્કેટમાંથી જે રૂપિયા લીધા એ ૭.૨૪ ટકાએ લીધા અને એન.એસ.એસ.ના જે કેન્દ્ર સરકારે આપણને આપ્યા એ ૯.૫૦ ટકાએ આપ્યા છે. સવા બે ટકાનું વધારાનું ભારણ પડે છે એટલે મોટા ભાગનું જે દેવું આપણને આવ્યું છે એ એન.એસ.એસ.નું છે અને એ લોન આપણી પરત લેવા કેન્દ્ર સરકાર તૈયાર નથી અને જે વધારે વ્યાજ લે છે એ એમના વહિવટી ખર્ચ તરીકે ગણે છે. સી.એસ..ટી કોમ્પેન્સેસન. કેન્દ્ર સરકારે જ્યારે વેટ કાઢ્યો ત્યારે કહ્યું હતું કે સી.એસ.ટી. કોમ્પેન્સેસન આપીશું.. ૪ ટકાના ૩ ટકા કર્યા. અને ૩ ના બે ટકા કર્યા છેલ્લા એક વર્ષનું સી.એસ.ટી. કોમ્પેન્સેસન ૮૬૨ કરોડ રૂપિયા આપ્યું નથી. હમણા બધા નાણામંત્રીશ્રીઓની બેઠક હતી, રાજયોએ કહ્યું અને ગુજરાતે એમ્પાવર્ડ કમિટીમાં રજૂઆત કરી અને એમ્પાવર્ડ કમિટિએ યુનેનીમસલી કેન્દ્રને મોકલ્યું કે ગુજરાતનો ઈસ્યુ સાચો છે અને એમને સી.એસ.ટી. કોમ્પેન્સેશન મળવું જોઈએ, નાણામંત્રીશ્રીઓની બેઠકમાં પ્રવણ મુખરજીએ કહ્યું કે, ના ચોક્કસ અમે આપીશું, ૮૬૫ કરોડ રૂપિયાની આવક એને કારણે ઓછી છે, એવી જ રીતે ઓ.એન.જી.સી. ની ક્રુડની રોયલ્ટી, વર્ષોથી ચાલતી એની ફોર્મ્યુલા, કરેલો ભંગ, એમાં આપણને ૧૫૦૦ કરોડ રૂપિયા ઓછા મળ્યા છે, આ આંકડાની આપણે ગણતરી કરીએને તો ખર્ચમાં ૪૦૦૦ કરોડ રૂપિયાની સેલેરી, ૯૩૯ કરોડ રૂપિયાનું વ્યાજ એમ ૪૯૩૯ કરોડ રૂપિયાનો ખર્ચો કેન્દ્ર સરકારની નીતિના કારણે આપણને ભોગવવો પડ્યો છે અને આપણો ખર્ચ વધ્યો છે, એવી જ રીતે ઓઈલની રોયલ્ટી ૧૫૦૦ કરોડ રૂપિયા અને સી.એસ.ટી. ના ૮૬૫ કરોડ રૂપિયા એમ ૨૩૬૫ કરોડ રૂપિયાની આપણી આવક ઓછી થઈ છે, જો આ બધું જ આપણે જોવા જઈએ તો એસ્ટીમેટેડ રેવન્યુ ડેફીસીએટ ૩૯૧૩ કરોડ રૂપિયા છેને એની જગ્યાએ રેવન્યુ સરપ્લસ ૩૩૮૯ કરોડ રૂપિયા થાત, જો આ પગાર ખર્ચ, રોયલ્ટી, સી.એસ.ટી. કોમ્પેન્સેશન આ બધું આપણને બરાબર મળ્યું હોતને તો અત્યારે ૩૦૦૦ કરોડ રૂપિયાની આપણને રેવન્યુ સરપ્લસ હોત અને વિચાર તો કરો કે જે આપણી પ્લાન સાઈઝ ૨૩૨૭૫ કરોડ રૂપિયા કહી છેને એની અંદર ૭૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો હોત અને ૩૦૦૦૦ કરોડ રૂપિયાની પ્લાન સાઈઝ થઈ હોત જો આ સીક્સથ પે કમિશનનું ભારણ ના પડ્યું હોત, વિચાર તો કરો સીક્સથ પે કમિશનનું ભારણ આપણને પડ્યું દરેક રાજયએ નક્કી કર્યુ કે આ ભારણ બહુ મોટું છે, આના માટે કંઈક કરવું જોઈએ, કેન્દ્ર સરકાર જોડે મિટિંગ કરી અને કેન્દ્ર સરકારને એકજ વિનંતી કરી કે જે પગારનું ભારણ વધે છે એના કારણે કેન્દ્ર સરકારને જે ઈન્કમટેક્સનો લાભ મળે છે, ઈન્કમટેક્સ વધે છે, એ ઈન્કમટેક્સ પૂરતું રાજયને આપો, ગુજરાતના કર્મચારીઓનો જે પગાર વધે એનો જે ટેક્સ ભરે એટલો વધારે તમે એક વર્ષ માટે અમને આપો એવી અમે વિનંતી કરી, આટલી જ માગણી અમે કરી, એ વખતે કોંગ્રેસના રાજ્યો પણ હતા બીજા રાજ્યો પણ હતા, ગુજરાત પણ હતું, પણ કમનસીબે આખા કેન્દ્રના બજેટમાં પ્રણવ મુખરજીએ એનો કોઈ જ વિષય લીધો નહિ.

વિરોધપક્ષના નેતાશ્રીએ ગુજરાતની વીજળી ખરીદી વિશે ગંભીર વાતો કરી હતી, મારે એ વિષય થોડોક પહેલાં લેવો છે સભાગૃહને આ બાબતે મારે જાણકારી આપવી છે, જી.યુ.એન.એલ. એ કેન્દ્રના નિયમ પ્રમાણે વીજળી ખરીદવા માટે કોમ્પીટીટીવ બીડીંગ ઉપાડ્યું હતું, ફેબ્રુઆરી, ૨૦૦૬માં એ બીડ ખોલ્યું, એ બીડની અંદર ત્રણ પાર્ટીઓએ ભાવ ભર્યા હતા પી.ટી.સી. ઈન્ડિયા રૂા.૩-૨૫ પૈસા અને રૂા.૩-૪૯ પૈસા એમણે બે ભાવ ભર્યા હતા, જિંદાલ પાવર રૂા.૩-૪૮ પૈસા, મે. અદાણી એન્ટરપ્રાઈસ રૂા.૩-૭૦ પૈસા, આ બીડ જ્યારે ખોલ્યું ત્યારે જી.યુ.એન.એલ. ને લાગ્યું કે આ ભાવ જે છે એ મોંઘા છે એટલે એમણે ત્રણેય પાર્ટીઓને કહ્યું કે, હું બીડ કેન્સલ કરું છું તમે ફરીથી નવા ભાવ ભરો, એટલે એ બીડ કેન્સલ કરીને ફરીથી ભાવ મંગાવ્યા, એ જે ભાવ મંગાવ્યા એની અંદર જિંદાલ પાવરે સૌથી ઓછો રૂા.૩-૨૪ પૈસાનો ભાવ કોડ કર્યો હતો, એ રૂા.૩-૨૪ પૈસાના કોડ ઉપર ત્રણેય પાર્ટીને એન.ઓ.આઈ. ઈસ્યુ કર્યા, એ પછી એક કન્ડીશન હતી કે, ૩૦ દિવસની અંદર પરફોરમન્સ ગેરંટી રૂા.૭.૫૦ લાખ પર મેગાવોટ આપવાની હતી. હવે અદાણી એન્ટરપ્રાઈસ જોડે ફરધર નેગોશિએટ કરીને રૂા.૩-૨૪ પૈસાના બદલે રૂા.૨-૮૯ પૈસા કર્યા, મારે સભાગૃહને અને વિરોધપક્ષના નેતાશ્રીને એ કહેવું છે કે ભ્રષ્ટાચારની જે વાતો કરતા હતા તો રૂા.૩-૭૦ થી માંડીને રૂા.૩-૨૪ પૈસા અને રૂા.૩-૨૪ પૈસાથી રૂા.૨-૮૯ પૈસા એ રૂા.૨-૮૯, ૧૦૦૦ મેગાવોટનું આપ્યું, ૨૬ વર્ષ સુધીનો કોન્ટ્રાક્ટ, કોઈ બળતણમાં ભાવ વધે ઘટે એ જોવાનું નહિ ડોલરમાં ભાવ વધે કે ઘટે એ જોવાનું નહિ. ઈમ્પોર્ટેડ ફ્રેટમાં ભાવ વધે, બહારથી કોલસો લાવવાનો એના ભાવ વધે કોઈ જોવાનું નહિ આ એમને આપ્યું, એ આપ્યા પછી ૩૦ દિવસ સુધીમાં પી.ટી.સી અને જિંદાલ એ લોકોએ પરફોરમન્સ ગેરંટી આપી નહિ એટલે જી.યુ.એન.એલ. એ એમનું બીડ કેન્સલ કર્યુ.

માત્ર કેન્સલ કરવાનું કારણ તે લોકોએ ૩.૨૪ થી ૨.૮૯ આવતા નહોતા એટલે પરફોર્મન્સ ગેરંટી ના આપી એટલે આખો જે હાઈકોર્ટનો ઈશ્યુ હતો તે આ જ હતો કે ૩.૨૪એ LOI આપ્યાં પછી બીડ કેન્સલ કેમ કર્યુ. એ મેટર હાઈકોર્ટમાં ચાલી અને એ મેટરની અંદર છેવટે હાઈકોર્ટે જજમેન્ટ આપ્યું કે ભઈ પરફોર્મન્સ ગેરંટીમાં સમય વધારે આપવાની જરૂર હતી. અને તમારે એ ૩.૨૪ નહીં પણ આજના ભાવે જે અદાણીએ ૨.૮૯ જે ભાવ કહ્યો એ

ભાવે તમારે બીડ સ્વીકારવાનું એવું હાઈકોર્ટનું જજમેન્ટ આવ્યું. સુપ્રીમ કોર્ટમાં પણ ગયા. સુપ્રીમે પણ કહ્યું કે ના ૨.૮૯ તમે લો. ૨.૮૯ લેવા માટે અમે પી.ટી.સી., જીંદાલ પી.ટી.સી.ને કાગળ લખ્યો પી.ટી.સી.એ કહ્યું કે અમને ૨.૮૯એ હવે આપી શકાય એવું છે નહીં, અમને આમાંથી તમે બહાર કાઢો અને મેટર ઓવર થઈ ગઈ. એટલે કયારેય પણ કોઈ વિષય આ બાબતની અંદર, કોર્ટના ઓબ્ઝર્વેશનની અંદર માત્ર અને માત્ર જે મેટર હતી એ એલ.ઓ.આઈ. કેન્સલ કરી અને ૩.૨૪એ લેવી જોઈએ કે ના લેવી જોઈએ એ ૩.૨૪માં હાઈકોર્ટે જજમેન્ટ આપ્યું કે ૨.૮૯માં આપો અને ૨.૮૯ની અંદર પી.ટી.સી. અને જીંદાલ તૈયાર ના થયા અને તે હાઈકોર્ટના જજમૅન્ટની વાત કરતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે આપનું ધ્યાન દોરવું છે કે લાંબાગાળાની વીજળીની ખરીદી જે થઈ છે આખા દેશમાં તેની થોડી માહિતી આપું એટલે આપને ખ્યાલ પડે કે લાંબાગાળાની વીજળી હરિયાણા, ચાઈના લીગ્નાઇટ એન્ડ પાવરે ત્રણ રૂપિયે આપી છે. ઉત્તર પ્રદેશ, જયપ્રકાશ ઇન્ડસ્ટ્રીઝે ત્રણ રૂપિયે અને બે પૈસે આપી છે. પંજાબ, સ્ટરલાઈટ પાવરે બે રૂપિયે અને છયાસી પૈસે આપી છે. પંજાબ, લેન્કોએ બે રૂપિયે અને આડત્રીસ પૈસે આપી છે. મહારાષ્ટ્ર લેન્કોએ ત્રણ રૂપિયે અને સડસઠ પૈસે આપી છે. આ લાંબાગાળાની વીજળીના કરારો થયા છે. ત્યારે આપણે તમે ગુજરાતમાં જુઓ તો ડોમેસ્ટીક કોલમાં બે રૂપિયા અને પાંત્રીસ પૈસા, બે રૂપિયા અને ચાલીસ પૈસા તેના પણ કરારો થયા છે. એક એક હજાર મેગાવોટના ડોમેસ્ટીક કોલમાં બે રૂપિયા પાંત્રીસ પૈસા અને બે રૂપિયા ચાલીસ પૈસા થયા છે. ઈમ્પોર્ટેડ કોલમાં બે રૂપિયા નેવીયાસી પૈસા છે. અને આજની તારીખમાં ઈમ્પોર્ટેડ કોલમાં આપણું જે મુંદ્રાનું યુનિટ ટાટા પાવર જોડે નક્કી કરવામાં આવ્યું છે તે ટાટા પાવર જે રાખે છે અને કેન્દ્રએ જે બીડ કાઢ્યું છે એ ૨૦૧૨માં આવવાનું છે. અને એ ૨૦૧૨નું બીડ આજની તારીખમાં ત્રણ રૂપિયા ઉપર પડે છે. આ ભ્રષ્ટાચારની વાતો કરે છે. તો કોંગ્રેસવાળા બીજા રાજયોની પરચેઝ તો જોઈ આવો આપણાંથી ઉંચી છે એક પણ રાજય આખા હિન્દુસ્તાનની અંદર જો ઈમ્પોર્ટેડ કોલની અંદર પરચેઝમાં આપણાંથી નીચું ટેન્ડર કાઢ્યું હોય તો બતાવો. એક નથી. અને આજની તારીખમાં કોઈ પણ ટેન્ડર ઈમ્પોર્ટેડ કોલમાં આજ પણ સવા ત્રણ સાડા ત્રણ રૂપિયે મળતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે આપનું ધ્યાન દોરવું છે GUVNL એ બીજું ટેન્ડર કાઢ્યું. એ ટેન્ડરની અંદર અદાણીના ૩.૨૪ હતા, રિલાયન્સ પાવરના ૩.૪૨ હતા, એસ્સાર પાવરના ૩.૪૨ હતા અને પી.ટી.સી. જે કેન્દ્રની કંપની છે તેમાં ૩.૭૮ હતા. સરકારને લાગ્યું કે ના આ ભાવ મોંઘા છે આખું બીડ કેન્સલ કરી નાંખ્યું અને પાછું નવું બિડ કાઢ્યું. આ જૂન, ૨૨મી તારીખે ત્રણ હજાર મેગાવોટનું નવું બિડ કાઢ્યું છે. એટલે જ્યારે વિરોધ પક્ષના નેતાશ્રી વાત કરતા હતાને ત્યારે દુ:ખ થતું હતું કે જો સારામાં સારું પરચેઝ થયું હોય અને તેમણે જે વાત કરી તે શોર્ટ ટર્મની વાત કરી તે વાત પણ કરી દઉં આ રાજય સરકારે જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે શોર્ટ ટર્મની વીજળી ગમે તે ભાવ હોય ખેડૂતો માટે આપણે ખરીદી છે. એ ટેન્ડરમાં ખરીદી છે, તે એકસ્ચેન્જમાંથી ખરીદી છે એ UIS પણ ખરીદેલી છે. દરેક વીજળી પંદર પંદર મિનિટનો ભાવ આવતો હોય છે. તે ફ્રિકવન્સી આધારનો હોય છે. આપણે વીજળી વધારે ખરીદીએ તો વધારે ભાવ આપવો પડે છે અને આપણે વેંચવી હોય તો વેંચાય છે. એટલે આવી સિસ્ટમ ગોઠવાય છે. અને તે એકદમ transparent છે. અને જે કોઈ શોર્ટ ટર્મ ટેન્ડરની અંદર આવે છે તે કેન્દ્ર સરકારે ૪૪ વેપારીઓનાં ૪૪ નામોને લાયસન્સ આપ્યું છે અને એ લોકોને જ્યાંથી વીજળી લે અને જ્યાં આપે એમાં ચાર પૈસાનું નફો સિવાય લઈ ના શકે. એટલે જે મોટા મોટા વેપારીઓ હોય તેમનો નફો ચાર પૈસાથી વધારે થઈ જ ના શકે. એટલે કોઈ પણ સંજોગોમાં કોઈ પણ એ વાત કરે અને મારે વાત કરવી છે કે, આ તો આપણે પાંચ રૂપિયા અને પિસ્તાળીસ પૈસે ખરીદેલી છે પરંતુ જ્યારે આપણા ખેડૂતોને જરૂર નથી અને મશીનો બંધ કરવાના આવે ત્યારે વીજળી આપણે વેચી છે.અને હવે ઘણા દિવસો એવા હોય છે. હું દાખલો આપું. આ મહિનાની અંદર માર્ચથી મેની અંદર ત્રણ મહિના, જયારે આપણું પ્રોડકશન ખૂબ સારું હતું અને કૃષિમાં ડીમાન્ડ ઓછી હતી. એ વખતે ઉત્તરાખંડ પાવર કંપની લિમિટેડને ૧૧ રૂપિયા અને ૧૮ પૈસાના ભાવે યુનિટે વેચી છે. તામિલનાડુને ૯.૦૧ પૈસાના યુનિટના ભાવે વેચી છે. એકસ્ચેન્જ ઈન્ડિયાને ૯.૪૧ પૈસે વેચી છે. આંધ્રપ્રદેશને ૯.૩૪ પૈસે વેચી છે. ટાટા પાવર મહારાષ્ટ્રને રૂપિયા ૮.૪૨ના ભાવે વેચી છે. અદાણી એન્ટરપ્રાઈઝને રાજસ્થાન માટે ૮.૯૭ના ભાવે વેચી છે. શું આ બધા ભ્રષ્ટાચાર કરે છે, એ રાજયો? આ વીજળી ખરીદે છે, તો શું આપણે એમને પૈસા આપીએ છીએ? મારે આ સવાલ પૂછવો છે એમને? કરોડો કરોડો રૂપિયાની વાત છે, તો શું આ ભ્રષ્ટાચાર થયો છે? સરકાર એમને વીજળી ખરીદવા માટે પૈસા આપે છે?

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીનો વિષય સમજવો સહેલો નથી. એક ચાર લાઈનના ચાર કાગળમાં વાંચી અને અહીંયા આવીને પ્રવચન કરવું અને ભ્રષ્ટાચારના ચાર્જીસ આપવા, એનાથી ભ્રષ્ટાચાર થતો નથી., હું એક દાખલા આપું, કોંગ્રેસના રાજયોમાં, એક એક કોલ માઈનો વેચાય છે. એક એક કોલ માઈનો, આજની તારીખે છાપામાં આવે છે. એની તો વાત કરો. એ ભ્રષ્ટાચારની વાત કરો. કેન્દ્રની અંદર કોલસાના મિનિસ્ટર બદલાયા. કેમ બદલાયો? ખાનગી માઈનો, મોટા મોટા ઉદ્યોગપતિઓને કોલસાની ખાણો આપી દીધી છે. અને શું કહે છે? જાઓ, લઈ જાઓ. કેટલા રૂપિયા લે છે? એનો જવાબ આપવો જોઈએ આ લોકોએ. અને આપણા પર આક્ષેપો કરવા નીકળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ્સારની વાત કરી. એસ્સારને ૯૧ની અંદર ઈન્સેન્ટીવ આપ્યું હતું. કોણે આપ્યું હતું? કોંગ્રેસ સરકારે આપ્યું હતું. ૯૩માં ઈન્સેન્ટીવ આપ્યું હતું. કોણે આપ્યું હતું? કોંગ્રેસ સરકારે આપ્યું હતું. એ ઈન્સેન્ટીવ આપ્યું હતું. અને એની અંદર સેલ્સ ટેકસના એકઝેમ્પશન આપ્યા હતા. કેટલા આપ્યા હતા? ૨૨૮૮ કરોડ. આ ૨૨૮૮ કરોડના એકઝેમ્પશન આપ્યા. આ રાજય સરકારે ૨૦૦૦ની સાલમાં તપાસમાં ગયા અને એ તપાસમાં જોયું ૨૦૦૧માં કે જે કન્ડિશનો આપી છે એ કન્ડિશનો બ્રીચ કરી છે. અને એ બ્રીચ ઓફ કન્ડિશનના કારણે એ લોકોની પાસે પણ તક હતી બ્રીચ ઓફ કન્ડિશન કરવા માટે ૫ વર્ષ ૯૧ થી ૯૫ હતા જ. પણ ન કરી શકયા. પરંતુ આપણી સરકારે કરી. અને એના કારણે કેસીસ ચાલે છે અને એ કેસીસના કારણે ઓલરેડી ૨૧૨ કરોડ રૂપિયા તો કોર્ટે જમા કરાવ્યા છે. અને આવતા દિવસોમાં આનો ઉકેલ પણ આવશે. ચોકકસ વિશ્વાસ છે કે આપણે પેનલ્ટી છે, વ્યાજ છે, એ બધું ઘણી જાતનું ચડાવ્યું છે. આની અંદર જજર્મેન્ટ આવશે અને ચોકકસપણે આપણી ફેવરમાં આવશે એવું મારું માનવું છે. આ કામ, મોટા ઉદ્યોગો પાસે પૈસા કઢાવવાનું કામ એ એકલી આ સરકારમાં ત્રેવડ છે અને પોલિટિકલ વીલ પણ છે.

એવી જ રીતે ઈલેકટ્રીસિટી ડયૂટીની વાત કરું. જે આક્ષેપો સિદ્ધાર્થભાઈએ કર્યા. ઈલેકટ્રીસિટી ડયૂટીમાં પણ એસ્સારનું વર્ષોથી ચાલતું હતું. એસ્સાર પાવર અને એસ્સાર સ્ટીલ વર્ષોથી ચાલતા હતા. આ સરકાર આવી એ પહેલાથી પણ ચાલતા હતા. પણ આપણે, અધિકારીઓએ જોયું કે ભાઈ, ના. આમાં ઈલેકટ્રીસિટી ડયૂટીમાં લોચા છે. આમાં કંઈ ભૂલ કરે છે. એને શોધીને નોટિસો આપી, કેસો કર્યા. એસ્સાર કોર્ટમાં ગયું છે. સબ જ્યુડીશ મેટર છે એટલે હું એની વધારે વાત કરતો નથી, પરંતુ આનો નિકાલ ચોકકસપણે આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી તો બધી ઘણી વાતો કરે છે. પ્રસિદ્ધિ માટે, મુખ્યમંત્રીશ્રી પ્રસિદ્ધિ માટે જ જાહેરાતો આપે છે ને એવી બધી વાતો કરે છે. મારે એક દાખલો આપવો છે. વજુભાઈ સાહેબે કોઈ ટેકસ ઘટાડયો નહીં એવી ટીકા કરે છે. મારા જિલ્લાની અંદર વિરોધ પક્ષના નેતા કેન્દ્ર સરકારે એકસાઈઝ ડયૂટીમાં વધારો ન કર્યો એના અભિનંદન લે છે. તમે વિચાર તો કરો. અલંગ માટે, શીપ માટે આપણે કસ્ટમ ડયૂટીમાં ૫ ટકાથી ઝીરો ટકાની માગણી કરી એ કેન્દ્ર સરકારે સ્વીકારી નહીં, પરંતુ અલંગ માટે કેન્દ્ર સરકારે એકસાઈઝ ડયૂટી ન વધારી, એના અભિનંદનના કાગળો છાપાઓમાં લે છે. તમે વિચાર તો કરો. એકસાઈઝ ન વધારી. આ ક્રેડિટ લેવાનો ઈસ્યુ છે? કઈ જાતની ક્રેડિટ લેવાનો ઈસ્યુ છે? અરે ભઈ, તમારી આટલી ત્રેવડ હોય, કેન્દ્રની અંદર આટલા બધા સારા કોન્ટેકટ હોય તો અલંગની અંદર ૫ ટકાની ઝીરો ટકા કરવી હતી ને. પણ અલંગની અંદર ૫ ટકાની ઝીરો એટલા માટે ન કરી કે મોટા સ્ટીલ ઉદ્યોગોને ફાયદો થાય, એટલા માટે નથી કરી. મોટા સ્ટીલ ઉદ્યોગોને નફામાં નુકસાન ન જાય, એના માટે અલંગ કોમ્પીટીશનમાં ન આવે, એટલે અલંગના ૫ ટકાની ઝીરો ન કરી. આ બધા નાના ઉદ્યોગો છે, એક પણ વિષય ઉપર જે પ્રમાણે આપણને મદદ જોઈતી હતી તે મદદ નથી મળી. ઈલેકટ્રીસીટી ડયુટીની વાત કરે છે, તો કોંગ્રેસના મિત્રોએ તો ઈલેકટ્રીસીટી ડયુટી વિષય ઉપર આ સભાગૃહમાં બોલવું જ નહીં જોઈએ, ૪૦-૪૫ વર્ષથી તેઓ રાજ કરતા હતા. તેમણે ૪૦-૪૫ વર્ષ રાજય કર્યુ છે. તો એ વખતના શાસનમાંથી એક વર્ષ તો એવું બતાવે કે જેમાં એમણે ઈલેકટ્રીસીટી ડયુટીનો રેટ ઘટાડયો હોય, કોઈ પણ એક વર્ષ એવું બતાવે. અરે આ રેટ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી પછી ચાલુ થયા, માનનીય વજુભાઈ મંત્રી થયા ત્યારથી એમણે ચાલુ કર્યા, ૬૦ ટકા રેટ હતો ઈલેકટ્રીસીટી ડયુટીનો, તે આપણે ૬૦ ટકાથી મેકસીમમ ૨૫ ટકા કર્યો, અને આપણા સમયમાં ઈલકેટ્રીસીટી ડયુટીનો વધારો થયો જ નથી. કોન્સ્ટન્ટ ઘ ટાડો કર્યો છે. એટલે એમને આ વિષયે બોલવાનો અધિકાર જ નથી. જી.એસ.ટી., જે ઈલેકટ્રીસીટી ડયુટી ઉપર જે ૪ ટકા ટેકસ લેવામાં આવતો હતો એ ટેકસ પણ આ સરકારમાં વજુભાઈ સાહેબે રદ કર્યો હતો, એટલે ભાજપે આનો સંપૂર્ણ યશ લેવો જોઈએ. કોંગ્રેસને ઈલેકટ્રીસીટી ઉપર બોલવાનો કોઈ અધિકાર નથી. ગુજરાતને કાયમ માટે અન્યાય થતો આવ્યો છે. નાણા પંચ, ફાઈનાન્સ કમિશન બેસાડવામાં આવે છે. એ શેના માટે બેસાડવામાં છે? તો દરેક રાજયોમાંથી જે આવક લેવામાં આવે છે તેની ટકાવારી રાજયોને આપવામાં આવે છે. અને તેની ટકાવારી આખા દેશમાં ગુજરાતની ૩.૬ ટકા જેવી છે. ૧૩મું ફાઈનાન્સ કમિશન હવે આવશે અને નકકી કરશે, આ ફાઈનાન્સ કમિશન દ્વારા રાજયોની આખા દેશમાં આશરે ૧ લાખ ૩૦ હજાર જેટલા રૂપિયાની વહેંચણી થાય છે. આટલી બધી મહેનત કરે, ૩-૩ વર્ષ મહેનત કરે અને રિપોર્ટ બનાવે અને કેન્દ્ર સરકાર ૧ લાખ ૩૦ હજાર કરોડની વહેંચણી કરે છે. વિચાર તો કરો, અને પાછલા બારણેથી બીજા રાજયોને કઈ રીતે આપે છે તે પણ જુઓ નવું જ ચાલુ કર્યુ છે ડીસ્કીપંચી ફંડ, આ ડીસ્કીપંચી ફંડ એટલે શું? કે અમારી પાસે સત્તા છે, અને અમે જે ધારીએ તેને આપીએ, આ ડી.સ્કીપંચી ફંડમાંથી હિસ્સો અત્યાર સુધી ૫૭ હજાર કરોડ હતો તે આ વર્ષે ૯૭ હજાર કરોડ કર્યો છે. ૫૭ થી ૯૭ એટલે ૯૭ હજાર કરોડની લ્હાણી કોંગ્રેસ સરકાર જયાં ધારે તે રાજયોમાં કરી શકે. ચાલુ કઈ રીતે કર્યુ, બોમ્બેમાં ફલડીંગમાં ૫૦૦ કરોડ, ગુજરાતમાં અમદાવાદને જરૂર નથી? સુરતમાં પુર આવેલું તો એક રૂપિયો આપ્યો નથી. સુરતના પાળા માટે પૈસા નહીં આપવાના અને બોમ્બેમાં પુર આવે તેના માટે ૫૦૦ કરોડ રૂપિયા, નથી આપણી પાસે શહેરો? ગાંધીનગરમાં નથી અપાયું અમદાવાદની મેટ્રો રેલવેને નથી અપાયું. દિલ્હી રાજધાની છે, કોમનવેલ્થ ગેઈમ માટે ૩૪૭૨ કરોડ, આ ગુજરાતને અન્યાય નથી તો શું છે કેમ ગુજરાતની પ્રજામાંથી રૂપિયા લઈ અને ગુજરાતને હકક નથી આપતા, હું એમ કહું છું કે ૯૭ હજાર કરોડના ૩.૬ ટકા તો

મળવા જોઈએ ને, એ આપણો અધિકાર છે. આ અન્યાય કરવા બેઠા છે અને આપણને સલાહ આપવા બેઠા છે, કે કેન્દ્રથી આ મોકલ્યું અને તે મોકલ્યું, ગઈ સાલ સરકારે દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કેરીડોર, ડી.એચ.સી. અને દિલ્હી ફ્રેડ કોરીડોર, એક સ્પેશીયલ દિલ્હીથી બોમ્બેનો ફ્રેડ કોરીડોર રેલવે ટ્રેક બનાવવાનું નકકી કર્યુ, મનમોહનસિંહજીએ હા પાડી એમાં ગુજરાત સરકાર ભાગીદાર, ઉદ્યોગોવાળા ભાગીદાર અને આપણે કરવાનું એના માટે સ્પેશિયલ કંપની બનાવી, લાલુજીને વિચાર આવ્યો કે દિલ્હીથી બોમ્બે જાય અને આપણે દિલ્હીથી કલકતા કેમ ન જાય? એટલે એ રજૂઆત મૂકતા ગયા અને મમતાજીએ સિકકો પાડયો અને આપણું પડતું મુકયું અને દિલ્હી કલકતા ચાલુ થયું, હજુ સુધી આ બજેટમાં કંઈ જાહેર નથી થયું, અને અહીંયા કરોડો રૂપિયાનું રાજય સરકાર તેના માટે ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવે છે કે દેશનાં વિકાસમાં ગુજરાત મદદરૂપ થાય, અને એ મદદરૂપ થવા માટે આપણે તૈયારી બતાવીએ અને કમનસીબે આખા કેન્દ્રનું બજેટમાં છેલ્લા ૧૫ વર્ષનો ઈતિહાસ કાઢો, જયારથી કોંગ્રેસ બેઠી ત્યારથી ઈતિહાસ કાઢો, જયારે લાલુજી બેઠા ત્યારનો ઈતિહાસ કાઢો, મને દુ:ખ થાય છે કહેતા.શ્રી સૌરભ પટેલ)કોંગ્રેસના નાણામંત્રીશ્રીએ એમ પાવર કમિટીના ચેરમેનને એમ કહ્યું કે રેલવે બજૅટનું નામ બદલી નાખો. લાલુજી રેલવે બજૅટ કરો. આ કોંગ્રેસના સભ્ય બોલે છે. આપણી કમનસીબી તો જૂઓ આટલું મોટું રેલવે બજૅટ ગુજરાતને કંઈ ન મળે, ગુજરાતને અન્યાય કરે છે એના કારણે આપણા ઉપર બોજો વધે છે. મારે એટલા માટે માહિતી આપવી છે કે બીજા રાજયોને દસ-દસ હજાર કરોડના પૅકૅજ મળે છે જ્યારે ગુજરાતને પૅકૅજ આપવામાં આવતું નથી. બીજાને ઉપરથી લહાણી થાય છે. આપણે આપણા પૈસામાં રોડો બનાવી નાખ્યા એટલે આપણને પૈસા નહિ આપવાના અને બીજા રાજયોને રોડ માટે પૈસા આપવામાં આવે. આપણે જ્યોતિ ગ્રામ યોજના કરી એની લાઈનો વગેરે આપણા ખર્ચે કરીને વીજળી આપી.આપણે કહ્યું કે મોર્ડનાઈઝેશનના પૈસા આપો? આ યોજના કેન્દ્રએ દેશમાં ચાલુ કરી અને એના માટે બધા રાજયોને એ પૈસા આપે જ્યારે આપણે ૧૨૦૦ કરોડ જ્યોતિગ્રામ કરવાનો ખર્ચ થયો એ માગ્યા તો આપણને ન આપ્યા આ કઈ જાતનો ન્યાય છે?

રત્ન કલાકારની વાત કરું, કેન્દ્ર સરકારને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક કાગળ લખ્યો એના અનુસંધાને કેન્દ્ર સરકારે આર.બી.આઈ.ની ટીમ મોકલી. આ ટીમ મોકલ્યા પછી મિટિંગ થઈ, જેમાં માનનીય વજુભાઈ સાહેબ અને હું એમ બંને હાજર હતા. બધા જ બેન્કરો હાજર હતા, એક પછી એક શું કામગીરી કરવી એ નક્કી થયું એની અંદર હીરા ઉદ્યોગ માટે એવું નક્કી થયું કે હિન્દુસ્તાન ડાયમન્ડ કોરપોરેશન હીરા ખરીદીને વેચે છે એ માત્ર જોબ વર્ક કરવા આપશે અને ઘસીને પાછા લઈને વેચશે એટલે રત્ન કલાકારોને રોજગારી મળી જાય એવું નક્કી થયું. પછી એ લોકોએ પૂછ્યું કે સંભાળશે કોણ? અમે કહ્યું કે ડી.આઈ.સી. સંભાળશે. ડી.આઈ.સી. નોડેલ એજન્સી બનશે આ રેકર્ડ ઉપર છે. પછી કહેવામાં આવ્યું કે નુકસાન જશે એનું કોણ? આ અંગે કેન્દ્ર સરકારને કંપનીએ કાગળ લખ્યો કે નુકસાન જાય તો શું? આજ તારીખ સુધી એનો જવાબ આપવામાં આવ્યો નથી અને એ પડ્યું રહ્યું. અહીંયા અમને પણ કહ્યું હોત કે તમે આની અંદર શું કરવા માગો છો તો અમે એ અંગે ચોક્કસ વિચારત. પછી બે મહિના ત્રણ મહિનાની અંદર અનેક વખત રજૂઆતો કરવા છતાં કંઈ થયું નથી.

ટૅક્સટાઈલની વાત કરું આ બજૅટમાં ટેકસટાઈલની અંદર ગુજરાતનું અમદાવાદ એ માન્ચેસ્ટર ગણાતું હતું. આ બજૅટમાં પશ્ચિમ બંગાળને મેગા કલસ્ટર આપવામાં આવે, તામિલનાડુને મેગા કલસ્ટર આપવામાં આવે, પાવરલૂમ સેકટર રાજસ્થાનને આપ્યું અને ગુજરાતને ઠીંગઠીંગ એ પ્રમાણેનું છે. મારે આપને શું કહેવું? અન્યાય, અન્યાય, અને અન્યાય. દરેક ક્ષેત્ર ઉપર અન્યાય. હું ધ્યાન દોરીને કહું કે કેવો અન્યાય? આપણે ત્યાંથી બે-બે મંત્રી જાય એક સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝના મંત્રી એની જવાબદારી શું નાણા ઉદ્યોગોનું ધ્યાન રાખવું. બીજા પાવર મંત્રી. આ રીતે રાજયના બે મંત્રી બેઠા પછી કેટલો અન્યાય એની હું વાત કરીશ. એક એસ્સાર સ્ટીલને ગેસ આપ્યો માનીતા ઉદ્યોગપતિ, ઈસ્પાત સ્ટીલને ગેસ આપ્યો. શેના માટે એ લોકો વીજળીનું ઉત્પાદન કરી શકે જેથી સ્ટીલ બને સસ્તો ગેસ રિલાયન્સનો છે. આપણે લખી લખીને થાકી ગયા છ મહિનાથી આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ છતાં આપણને ગેસ ન આપ્યો. ગેસ એસ્સાર સ્ટીલને આપ્યો એ માનીતા ઉદ્યોગપતિ ઈસ્પાત સ્ટીલ બનાવે એને આપ્યો અને વટવામાં ફકટરીઓ સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ, ઓઢવ, અંકલેશ્વર, વાપી માટે અમને ગેસ આપો. મોરબીના સિરામીક ઉદ્યોગ માટે ગેસ આપો માનનીય મોહનભાઈ પાંચ વખત દિલ્હી જઈ આવ્યા શું આપ્યું? કંઈ નહિ ડીંગો. કમનસીબી તો જૂઓ ગેસ તો ન આપ્યો પરંતુ કોલેસામાં આપણી સાથે બેઈમાની કેવી રીતે કરે છે. આપણને બોલાવીને કોલ ઈન્ડિયા કહે કે તમે એગ્રીમેન્ટ કરો તો આપણે એની સાથે એગ્રીમેન્ટ કર્યુ, કરાર કર્યો કે આટલા લાખ ટન કોલસો તમારે અમને આપવાનો. તેમ છતાં એમાંથી ૧૫ લાખ ટન કોલસો ઓછો આપે છે કારણ કે ૧૫ લાખ ટન મોટા ઉદ્યોગોને આપે છે અને આપણે આયાતી મોંઘો કોલસો ખરીદવો પડે છે. આવી તો બદમાસી કરે છે અને કહે છે કે વીજળી મોંઘી થઈ ગઈ છે, આપોને લોકલ કોલ, તમે કરાર શા માટે કરો છો, કરાર કર્યા પછી નથી આપતા આ બધી વાતો કેન્દ્રની અંદર કરી છે પણ ગુજરાતને અન્યાય, અન્યાય અને અન્યાય અને માનનીય અટલબિહારી બાજપાઈ ૫૦ હજાર ટન કોલસો નાગપુરથી આપી ગયા હતા પણ કમનસીબી તો જૂઓ કે કોંગ્રેસ સરકારે એ કાઢી નાખ્યો અને દૂરથી આપવાનું ચાલુ કર્યુ, આ અન્યાય નથી તો શું છે? આવા અનેક અનેક વિષયો ઉપર અન્યાયની કોંગ્રેસ અને કેન્દ્રની વાત કરી શકું પરંતુ સમયના અભાવે કરતો નથી. હવે આદરણીય વજુભાઈ સાહેબ કહેશે. માનનીય અધ્યક્ષશ્રી, આવા અનેક વિષયો ઉપર અન્યાય,

કોંગ્રેસ અને કેન્દ્રની વાત ઉપર વાત કરી શકું પરંતુ સમયનો અભાવ છે. આદરણીય વજુભાઈ સાહેબને પણ જવાબ આપવાનો છે, માટે મારી વાત પૂરી કરું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સૌરભભાઈએ લગભગ આર્થિક પાસાની બધી બાબતો વણી લીધી છે અને આ પહેલાં અહીં ટ્રેઝરી બૅન્ચ તરફથી માનનીય નરોત્તમભાઈ, માનનીય નીતિનભાઈ, માનનીય જયનારાયણભાઈ અને બાકીના તમામ સભ્યો છે તે તમામ સભ્યોએ બજૅટ વિશે ખૂબ જ પ્રકાશ પાડ્યો છે અને સાથી પક્ષોને જે જવાબ આપવાનો હતો એ બરાબર આપી દીધો છે. તેમાં અહીં કહેવાનું કંઈ જ નથી. આજે તો કોઈ હાજર નથી અને હાજર રહે કે ન રહે તેમાં કોઈ ફેર પડવાનો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષના લોકો કહેતા હતા કે આ બજૅટ એ કોનું છે, આ વજુભાઈ વાળાનું છે. આ નરેન્દ્રભાઈએ કર્યું છે. તો મારે કહેવું છે કે આ બજૅટ ન તો વજુભાઈ વાળાનું છે, ન તો નરેન્દ્રભાઈ મોદીનું છે. પણ અમે ચૂંટાયા પહેલાં પ્રજાને જે વિશ્વાસ આપ્યો હતો એ અમારા ચૂંટાયેલા તમામ ધારાસભ્યોનો આ ખાતરીપત્ર છે. જે વિશ્વાસ આપ્યો હતો, જે વચનો આપ્યા હતા એ વચનો પૂર્ણ કરવા માટે થઈને અમે જે વાત કરી છે. એ આ વાત છે. અમારી વાતમાં કોઈ દિવસ અમે કહ્યું નથી કે અમે નં.૧ છીએ. અમે નં.૧ છીએ. આજે ભા.જ.પ.ની વિચારધારા ધરાવનાર માણસ કોઈ દિવસ પોતે વ્યકિતનો વિચાર નથી કરતો. એ સમસ્ત રાષ્ટ્રનો વિચાર કરે છે. અમે કોઈ દિવસ એમ નહીં માનીએ કે આ ગુજરાત રાજય પહેલાં નંબરનું રાજય આવે. અમે એમ માનીએ છીએ કે રાષ્ટ્રના વિકાસમાં ગુજરાતનો વિકાસ. ગુજરાત એ રાષ્ટ્રના વિકાસનો એક ભાગ બને. સમસ્ત રાષ્ટ્રનો વિકાસ થાય. એ દૃષ્ટિથી ગુજરાત તેના ભાગ રૂપે તમામ યોજનાઓ પાર કરે. માનનીય સાથી પક્ષોએ જે રીતે બધી યોજનાઓનો વિરોધ કર્યો છે. એક બાબત એવી નથી કે જેની તેમણે પ્રસંશા કરી હોય. આ જે બજૅટ છે તેમાં એક પણ બાબતમાં એમ નથી કહ્યું કે આ બાબત સારી છે. લગભગ બધા લોકોએ કહ્યું છે કે આ બજૅટ સામાન્ય માણસ માટેનું બજૅટ નથી. આ કિસાનો માટેનું બજૅટ નથી. આ આદિવાસીઓ માટેનું બજૅટ નથી. કૉમન મેનને આની અંદર કયાંય લીધો નથી. તેની હું સ્પષ્ટતાથી વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટ છે તે અત્યાર સુધીમાં જે બજૅટો રજૂ થયા છે તેના કરતાં સૌથી મોટામાં મોટું અને વધુમાં વધુ રકમનું બજૅટ ૨૦૦૯-૧૦નું આ ફેરફાર કરેલું બજૅટ છે અને મંદીના વાતાવરણમાં પણ જો આ અંદાજપત્ર ૫૭,૪૮૭.૯૧ કરોડ રૂપિયાનું આ બજૅટ છે. આ બજૅટમાં મહેસૂલી આવક વધી છે. મૂડી આવક વધી છે અને આ બજૅટ છે તે પુરાંતવાળું બજૅટ છે. અહીં સાથી પક્ષના લોકો ભલે તેનો વિરોધ કરતા હોય, પરંતુ કેન્દ્ર સરકાર છે એ ગુજરાત રાજયની ફાયનાન્શીયલ પરિસ્થિતિ માટે થઈને તો સર્ટિફિકેટ આપે છે કે ગુજરાત રાજય છે તે તેની આર્થિક સ્થિતિએ બરાબર છે. શરૂઆતમાં જ માનનીય વિપક્ષના નેતા શ્રી શકિતસિંહજીએ વાત કરી. તેમણે જે કહ્યું કે રાજય સરકાર નીચેથી નથી બગડતી. એવું કહ્યું છે અમે કહીએ છીએ કે આ ઉપરથી જે બગડેલા છે એને તમે સુધારોને, અમને શું કામ શિખામણ આપો છો? અમે કયાં બગડેલા છીએ. લોકપાલ સમક્ષ કોઈ ફરિયાદ તો કરો. મુખ્યમંત્રીશ્રીએ પૈસા ખાધા હોય, મંત્રીશ્રીઓએ પૈસા ખાધા હોય, ધારાસભ્યોએ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હોય તો ફરિયાદ કરો. કોઈ સામે ફરિયાદ નથી. ઉપરવાળાઓનું જોઈએ તો કોઈ બાકી રહે તેમ નથી. દાખલા કેવા આપે છે? બિરબલ અને બાદશાહનો દાખલો આપ્યો અને કહ્યું કે, એકવાર બિરબલ અને બાદશાહ ફરવા નીકળ્યા હતા. એમણે જોયું કે, એક હોજમાં પાણી ભરાતું હતું. એમાં એક વાંદરી અને એનું બચ્ચું પડેલાં હતાં. પાણી વધતું જતું હતું. વાંદરીએ બચ્ચાને ઉપર તેડી લીધું, પછી માથા ઉપર મૂક્યું. છેલ્લે એ વાંદરીના નાક સુધી પાણી આવે છે ત્યારે વાંદરી એના બચ્ચાને નીચે મૂકીને એ ઉપર ઊભી રહી જાય છે અને વાંદરી પોતાનો જીવ બચાવે છે. આમાં અમને શાનું લાગુ પડે છે. આ લાગુ પડે છે ઉપરવાળાને. ૧૯૭૬ની અંદર જોઈએ તો વાંદરીએ તો એનો જીવ બચાવવા માટે થઈને પોતાના બચ્ચાનો ભોગ લીધો હતો. દિલ્હીવાળી કોંગ્રેસ સરકારે સત્તા બચાવવા માટે થઈને એના કેટલાક ભાઈઓને અઢાર અઢાર મહિના સુધી, એના મિત્રોને, ભાઈઓને વર્ષો સુધી કામ કર્યું હતું એ બધાને જેલના સળિયા પાછળ મોકલી દીધા હતા. એ વિરોધપક્ષ અને બાકીના જે સભ્યશ્રીઓએ કહ્યું છે, એમાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, મારા બજૅટની અંદર એકપણ સભ્યશ્રીએ કોઈ સૂચન નથી કર્યા. આપણે આ શિક્ષણની અંદર આમને બદલે આમ કરીએ, આરોગ્યની અંદર આ વસ્તુને બદલે આમ કરીએ. એવું એકપણ સૂચન કરેલ નથી અને ટીકા પણ કરેલ નથી. હું ચોક્કસપણે ચેલેન્જ ફેંકીને કહું છું કે, ગઈ વખતના કે આટલા વખતની અંદર કયાંય ભ્રષ્ટાચાર થયો હોય તો એ લેખિત આપે અને હું પૂરેપૂરી તપાસ કરાવવા તૈયાર છું.

માનનીય અધ્યક્ષશ્રી, રૂ.૫૭૪૮૭ કરોડના બજૅટની અંદર ૫૩.૭૬ કરોડ રૂપિયાની પુરાંત લઈને આવ્યો છું. જેમાં મોટા ભાગના લોકોએ કહ્યું છે કે, દેવું છે એ ખૂબ વધતું જાય છે. એ દેવા માટે કહેવાનું કે, ૩૧મી માર્ચ ૨૦૦૯ સુધીમાં રૂ.૮૬૫૧૧ કરોડનું દેવું હતું પણ આ દેવાની અંદર નાની બચતની લોન રૂ.૪૪૨૮૩ કરોડ છે. જે ગુજરાતનો સામાન્ય માણસ રૂ.૫, ૧૫, ૨૫, ૫૦, ૧૦૦ કે ૨૦૦ જમા કરાવે છે એના પૈસા ન લઈએ તો એ પછી બીજા રાજયમાં જતા રહે. એટલે નાની બચતના ૪૪૦૦૦ કરોડ રૂપિયા છે. જ્યારે ૨૦૦૧ની અંદર કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે વિશ્વ બૅન્ક અને એ.ડી.બી. બૅન્ક પાસેથી રૂ.૪૭૩૩ કરોડની લોન આપણે લીધી હતી. એ કેન્દ્રીય લોન લીધી એ બધા થઈને રૂ.૧૦૩૧૫ કરોડ એટલે કે, રૂ.૮૬૦૦૦ કરોડમાંથી આજે રૂ.૫૪૦૦૦ કરોડ તો

આપણા આ છે અને છતાંય આ લોન લીધી છે એ કદાચ સાથી સભ્યોના લોકો કહેતા હશે કે આ વધુ લોન લીધી છે તો અમને કહેતાં પહેલાં જરા ઉપરવાળા સામે નજર કરો. કેન્દ્રની અંદર જે રીતે છે એ જોઈએ તો આજે ગુજરાત રાજયનું કરજ રૂ.૮૬૫૧૧ કરોડ છે. જ્યારે કેન્દ્રનું કરજ એ બાહ્ય દેવું છે. રૂ.૩૧,૩૬,૦૭૫ કરોડ હતું જે આપણે જી.ડી.પી. એનો કહીએ છીએ, કરજ અને વસ્તીના પ્રમાણમાં જે વાત કરીએ છીએ કે, એનો જી.ડી.પી છે એ એની આવકની સામે કરજ છે એ ૫૯ ટકા એનો જી.ડી.પી. છે અને રાજય સરકારનું તા.૩૧/૩/૨૦૦૯ના રોજ રૂ.૮૬૫૧૧ કરોડનું દેવું છે એની સામે જી.ડી.પી. છે એ ફક્ત ૨૪ ટકા.આપણો ૨૪ ટકા અને એનો ૬૦ ટકા જી.ડી.પી. આપણા કરતા ૧૮ગણું વધારે કરજ કેન્દ્ર સરકાર પાસે છે એ નથી દેખાતું અહીં આપણું જ કરજ દેખાય છે.  કરજ દેખાવા છતાં પણ આપણે ફાઈનાન્સીયલ ડીસીપ્લીનની અંદર એટલું આપણે મેઈન્ટેન કર્યુ છે કે કેન્દ્ર સરકારે આપણને કહ્યું છે કે તમારું રેવન્યુ ડૅફિસિટ ૦ હોય અને ફીસ્કલ ડૅફિસિટ જો ૩ ટકાથી વધતું ના હોય તો અમે તમને દેવા માફીની યોજનાની અંદર સમાવેશ કરશું અને છેલ્લા ૩-૪ વર્ષથી આપણે કહીએ કે ૨૦૦૫-૦૬ની અંદર દેવા નાબૂદીમાંથી આપણું જે કંઈ રેવન્યુ ડૅફિસિટ અને ફીસ્કલ ડૅફિસિટ મેઈન્ટેન કર્યુ એના આધારે  આપણને ૨૦૦૫-૦૬માં ૩૧૬ કરોડ રૂપિયાની રાહત મળી. ૨૦૦૬-૦૭માં ૫૩૦ કરોડની રાહત મળી. ૨૦૦૭-૦૮માં ૪૭૨ કરોડની રાહત મળી, ૨૦૦૮-૦૯ની અંદર ૪૭૨ કરોડની રાહત મળી અને ૨૦૦૯-૧૦ની અંદર પણ આપણને રાહત મળવાની છે એ નિર્વિવાદ વાત છે.  આ કેન્દ્ર સરકારે આપેલું સર્ટિફિકેટ છે.  અમારું ના માનો તો કંઈ નહીં પણ તમારા મોટાભાઈનું તો માનો.  એટલે હું વિશેષ હું બાકીની જે રીતે વાત કરીશ કે હા મેં મારા બજેટની અંદર જે નવી વાત કરી છે એમાં ૧૨ નવી ડીગ્રી કોલેજો અને ૯ પોલીટેકનીક કોલેજો શરૂ કરી અને ઈજનેરી અને સ્નાતક કક્ષાએ ૧૦,૬૦૦ બેઠકોનો વધારો કરવામાં આવ્યો હતો. આજે ગુજરાતના વિદ્યાર્થીને એન્જીનીયરીંગ માટે બીજે કયાંય પોલીટેકનીક કે એન્જીનીયરીંગ માટે ભણવા ન જવું પડે એટલી સગવડતા ગુજરાત રાજયે નિર્માણ કરી છે.  એ જ રીતે ગુજરાત રાજયના વિદ્યાર્થીને મૅડિકલ કૉલેજમાં પ્રવેશ મળે,  એને ઓપર્ચ્યુનિટી મળે એટલા માટે કચ્છની અંદર અને ઉત્તર ગુજરાતની અંદર પણ એમ.બી.બી.એસ. કક્ષાએ ૪૫૦ વધારાની સીટો એને ઉપલબ્ધ કરવા માટેનું પણ આયોજન કરેલ છે.  એથી પણ વિશેષ કહું કે આજે આ બજેટની અંદર જે શહેરી વિસ્તાર, એ શહેરી વિસ્તાર ગંદા વિસ્તાર તરીકે ન રહે, શહેર પણ એક રોનકદાર શહેર તરીકે રહે એના માટે નવી જ યોજના મૂકી છે એ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તરીકે આ યોજના છે, એને અમે આ રીતે આ યોજનાને  આગળ વધારવા માગીએ છીએ.  સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના એ નવી જ યોજના છે.  એના માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ભાગરૂપે રાજયની નગરપાલિકાના નાગરિકોને પૂરતો પીવાના પાણીનો જથ્થો ઉપલબ્ધ કરવા માટે ૭૫ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના માટે રૂા. ૪૦૦ કરોડની જોગવાઈ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ભાગરૂપે પસંદ કરેલ નગરપાલિકાને નાગરિક સુવિધા કેન્દ્ર સક્ષમ અને પારદર્શી વહીવટ તેમજ ટેકસ રીફોર્મ અને નગરની આગવી ઓળખ ઉભી કરવા માટે રૂા. ૧૮૦ કરોડ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ભાગરૂપે શહેરી ગરીબોને વ્યાજબી કિંમતે મકાન મળી રહે એ માટે સંકલિત આવાસ અને ગંદા વસવાટ નિર્મુળ માટે ૭૫ કરોડ, આ પ્રમાણે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકા માટે આ ૭ હજાર કરોડ રૂપિયાની યોજના લઈ અને આ બજેટની અંદર એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સિવાય બજેટની અંદર જે જૂદાજૂદા મુદ્દા મુકયા છે એમાં કલાયમેટ ચેંજ માટે અનેક પગલા લીધા છે.  એજયુકેશન ઈનોવેશન કમિશન ફેકલ્ટી માટે મેનેજમેન્ટ પ્રોગ્રામ, કેન્સર હોસ્પિટલ, વૈશ્વિક કક્ષાની સિવિલ હોસ્પિટલ માટે માસ્ટર પ્લાન, અનુસૂચિત જાતિ જનજાતિ અને વિકસતી જાતિ માટે શિક્ષણ આવાસના અનેક પગલા, તમામ ગામ ફળિયા સાગરકાંઠાના વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી, નર્મદા યોજનાની કેનાલની ઝડપી કામગીરી, નવી એગ્રોબેઝીઝ પૉલિસી, કોલ્ડ સ્ટોરેજથી બજાર સુધી ખેડૂતો માટે તમામ પોસ્ટ હાર્વેસ્ટિંગ સગવડતા પંપ-તળાવ ઉંડા કરવા ૧૨હજાર જળસંગ્રહ સ્ટ્રકચર બનાવવા, બે નવી વેટરનરી કોલેજો અને પશુઓ માટે અનેક પગલા, સાગર ખેડૂ વનબંધુ શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના અંતર્ગત અનેક કામો અમે લીધા છે. વન બંધુ યોજના માટે લગભગ ૩૬૦૦ કરોડ ઉપરાંતના રૂપિયાની ફાળવણી આ બજૅટમાં કરી છે. એ જ રીતે સાગર ક્ષેડુ અને શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના માટે પણ અમે આ રકમો ફાળવી છે. એ જ રીતે જુદા જુદા વીજ ક્ષેત્રે ૧૧૦૦૦ મેગાવોટ નવી વીજ શક્તિ ૧૧મી પંચવર્ષીય યોજનામાં સરપ્લસ રાજ્ય થાય એના માટેની યોજના છે. ગરીબી રેખા નીચેના એક લાખ કુટુંબોને વિનામૂલ્યે વીજ જોડાણ મળે એના માટેની વાત છે. રાંધણ ગેસ માટેની પાઈપલાઈનનું તાલુકા અને શહેરોમાં વિસ્તરણ. આદિવાસી ૧૨ તાલુકાઓમાં ઔદ્યોગિક વસાહતો, રોજગારીની નવી તકો ઊભી કરવા માટે આઈ.ટી.આઈ. વિસ્તરણ, એસ.ટી. માટે ૧૫૦૦ નવી બસો લેવાની વાત, નવી જંત્રીનું ટૂંક સમયમાં રિવિઝન અને ૧૧ નવા મહિલા પોલીસ સ્ટેશનો અને ૧૩ નવા પોલીસ સ્ટેશનો બનાવવા માટેની કામગીરી કરવાના છીએ. કોર્ટમાં પડતર તમામ કેસોનો ૨૦૧૧ સુધીમાં નિકાલ કરવા માટે નવી કોર્ટો. આ પ્રમાણે અમે અમારા આ બજૅટમાં જે અમારો મેનીફેસ્ટોમાં વચનો આપ્યા ન હતા એ ઉપરાંતની વાત લઈને અમે હાઉસ પાસે આવ્યા છીએ અને પ્રજાને એસ્યોરન્સ દેવા માગું છું કે માનનીય સભ્યશ્રીઓ કહેતા હતા કે ગરીબ વર્ગના લોકો માટે થઈને કોઈ યોજના નથી. મારે એમને કહેવાનું કે મારી પ્લાન સાઈઝ ૨૩,૨૭૫ કરોડ રૂપિયાની છે.

એમાંથી કૃષિ અને સંલગ્ન સેવાઓ માટે ૧૭૪૫ કરોડ છે. ગ્રામ વિકાસ માટે ૮૪૬ કરોડ છે. સિંચાઈ અને પુર નિયંત્રણ માટે ૫૫૭૦ કરોડ છે. ઊર્જા માટે ૯૩૫ કરોડ છે. પ્રવાસન માટે ૨૧૭૯ કરોડ છે. વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી સંદેશાવ્યવહાર માટે ૩૪૪ કરોડ, સામાન્ય આર્થિક સેવાઓ માટે ૬૧૭ કરોડ અને સામાજિક સેવાઓ માટે ૧૦૧૫૦ કરોડ. આ સામાજિક સેવાઓ માટે ૪૦ થી ૪૫ ટકા રકમ ફાળવેલ છે. સામાન્ય સેવા માટે ૧૭ કરોડ અને ખાસ વિસ્તાર કાર્યક્રમ માટે ૧૧૬.૧૨ કરોડ સરહદી વિસ્તાર કાર્યક્રમ સહિત માટે ફાળવેલ છે. આ રીતે જો જોઈએ તો આ બધું ગ્રામ્ય વિસ્તારને લાગુ પડે છે, ખેતીને લાગુ પડે છે. જે સામાન્ય માણસને લાગુ પડે છે એવી તમામ યોજનાઓ છે. એ યોજનાઓમાં મારા આખા પ્લાન સાઈઝમાંથી ઉદ્યોગ અને ખનિજ હું બાદ કરી નાખું તો ૭૫૨ કરોડ બાદ કરતાં ૨૨૫૨૨ કરોડ રૂપિયા એટલે કે ૯૬.૭૭ ટકા રૂપિયા એ ખેડૂતો માટે છે. ગામોના વિકાસ માટે છે. આરોગ્ય અને શિક્ષણ માટે છે. મારે એમને કહેવાયું કે તમારા આટલા વર્ષના ઈતિહાસમાં તમે બજૅટના આંકડા કાઢીને બતાવો કે ૯૬.૭૭ ટકા પૈસા તમે સામાન્ય માણસ માટે વાપર્યા છે? આ બજૅટ છે એ બજૅટ કોઈ માટે થઈને લાલ જાજમ બિછાવવા માટે લાવ્યા નથી. લાલ જાજમ બિછાવવી અને ચાપલૂસી કરવી એ અમારા લોહીમાં નથી. અમે જે કાંઈ કામ કરીએ છીએ એ રાષ્ટ્ર માટે કરીએ છીએ. ભારત માતાના સંતાનો માટે કામ કરીએ છીએ. આ દેશનો સામાન્ય માણસ ઉન્નતિના માર્ગે કેમ કરીને આગળ વધે, કૉમન માણસ ચરખાધારી મોહનથી માંડીને કૃષ્ણ ભગવાન એવા મોહન સુધીની વાત કરીએ છીએ. એકેએક માણસ કેમ શૂરવીર, સશક્ત બને, કોઈ બિચારો અને ઓશિયાળો ન રહે એવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે અમે આ બજૅટ લઈને આવ્યા છીએ. અમે કોઈની ચાપલૂસી કરવા જનમ્યા નથી અને કરવાના પણ નથી. અમારે ત્યાં કોઈ મુખ્યમંત્રી મોટો નથી કે સામાન્ય કાર્યકર્તા નાનો નથી. અમે તમામ ભારત માતાના સંતાનો છીએ અને ભારત માતાના ઉત્કર્ષ માટે હમ જીએંગે ઓર મરેંગે આ એક કલ્પના સાથે રાજકારણમાં આવ્યા છીએ. રાજકારણમાં વ્યક્તિગત પ્રશંસા કરવા માટે કે લોકો અમારી વાહ-વાહ કરે કે કોઈ અમારા ફોટા છાપામાં આવે એના માટે આવ્યા નથી. આવું અમે કોઈ દિવસ કર્યું નથી અને કરવાના પણ નથી. એટલે જે ખોટા ખ્યાલમાં રાચતા હોય એ લોકોને મારે કહેવાનું કે તમારું તંત્ર તમને મુબારક. અમે જે ધ્યેયને વરેલા છીએ એમાંથી અમે પાછા હઠવાના નથી. આટલું કહીને હું મારી બજૅટની આ ચર્ચા પૂર્ણ કરું છું.

**(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫)**

**સભાપતિ ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

# બિન સરકારી સંકલ્પો

### ગુજરાત રાજ્યને ક્રુડ ઓઈલની રોયલ્ટીમાં થયેલ નુકસાન ભરપાઈ કરી આપવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે,-

"દેશના ક્રુડ ઓઈલનું ૫૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે, જે દેશના એકંદર ઔદ્યોગિક વિકાસ માટે સૌથી આવશ્યક એવા ફયુઅલ ક્રુડ ઓઈલના ઉત્પાદનમાં અગ્રેસર રહી રાષ્ટ્રીય વિકાસમાં ખૂબ જ મહત્ત્વનો ફાળો આપી રહ્યું છે. વર્ષ ૨૦૦૮-૦૯માં ક્રુડ ઓઈલ અને ગેસ ઉપર ONGC અને અન્ય કંપનીઓ પાસેથી અંદાજીત રૂા.૨૮૨૪ કરોડની રોયલ્ટી મેળવવા ગુજરાત હકદાર હતું. ભારતીય બંધારણની કલમ ૨૯૬ની જોગવાઈ અનુસાર રાજ્યની જમીનો ઉપરની ખનીજ સંપત્તિ ઉપર રાજ્યનો હક્ક છે. આથી રાજ્યની જમીનો પર ઉત્પાદિત થતાં ક્રુડ ઓઈલ પરની રોયલ્ટી રાજ્યને યોગ્ય રીતે મળવી જોઈએ. આ બાબતમાં રાજ્ય સરકારની અવાર-નવારની રજૂઆતો તત્સમયની કેન્દ્ર સરકારે માર્ચ-૨૦૦૩માં સાનુકૂળ પ્રતિભાવ આપી ક્રુડ ઓઈલ પરની રોયલ્ટી "કૂવાના મથાળા પર" તેલની કિંમત (Well Head price)ના આધારે ચૂકવવાના આદેશો કર્યા હતા. તદ્નુસાર રાજ્યને એપ્રિલ-૨૦૦૨થી "Well Head price "બજારની કિંમતના આધારે રોયલ્ટી મળવાપાત્ર થાય છે. આ નિર્ણયના પરિણામે છેલ્લા પાંચ વર્ષથી રાજ્ય સરકારની રોયલ્ટીમાં ઉત્તરોત્તર વધારો થયો છે. રાજ્ય સરકારને વર્ષ ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨ માં ક્રુડ ઓઈલ અને ગેસના ઉત્પાદન પર મળેલ અનુક્રમે રૂા.૫૦૮.૧૫ કરોડ અને રૂા.૫૮૯.૬૨ કરોડની રકમની રોયલ્ટી સામે વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં અનુક્રમે રૂા.૧૮૮૧ કરોડ અને રૂા. ૧૭૧૯ કરોડ જેટલી રોયલ્ટી મળી છે, જે કેન્દ્ર સરકારે માર્ચ-૨૦૦૩માં નક્કી કરેલ ફોર્મ્યુલા પ્રમાણે હતી.

પરંતુ હવે કેન્દ્ર સરકારની નુકસાન કરતી તેલ વિતરણ કંપનીઓને થતું નુકસાન સરભર કરવા ONGC દ્વારા આ કંપનીઓને થતાં તેલના વેચાણ ઉપર ૨૦૦૩-૦૪ થી વળતર આપવાનું શરૂ કર્યુ છે અને કેન્દ્ર સરકારે એપ્રિલ-૨૦૦૮થી નિર્ણય કરીને રાજ્યોને મળતી રોયલ્ટીની નીતિમાં રાજ્યો સાથે પરામર્શ કર્યા વગર ફેરફાર કરીને વળતર બાદની કિંમતે રોયલ્ટી ચૂકવવાના આદેશો કર્યા છે. પરિણામે ONGC એ એપ્રિલ-૨૦૦૮થી શરૂ કરીને ક્રુડ ઓઈલની રોયલ્ટી માર્કેટ પ્રાઈસના આધારે ચૂકવવાના બદલે વળતર બાદની કિંમતના આધારે ચૂકવવાનું શરૂ કર્યુ. તેના કારણે એપ્રિલ-૨૦૦૮થી ડિસેમ્બર-૨૦૦૮ સુધીના સમયગાળામાં વળતર પહેલાની કિંમતના આધારે રાજ્યને ONGC દ્વારા મળવાપાત્ર અંદાજીત રૂા.૧૯૬૨.૯૮ કરોડની રોયલ્ટી સામે વળતર બાદની કિંમતના આધારે ખરેખર રૂા.૪૩૧.૯૮ કરોડની રોયલ્ટી જ મળે છે. આમ રાજ્યને આ નવ માસના સમયગાળામાં

રોયલ્ટીની ચૂકવણીમાં રૂા.૧૫૩૧ કરોડ ઉપરાંતનું નુકસાન આ કારણે થયું છે તો રાજ્યને થયેલ આ નુકસાન ભરપાઈ કરી આપવા કેન્દ્ર સરકારને ભલામણ કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગેસ અને પેટ્રોલિયમમાં દેશમાં અગ્રેસર રાજ્ય બની ચૂક્યું છે અને ગુજરાત ગેસ અને પેટ્રોલિયમની હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે અને તે દિશામાં ખૂબ મોટો પ્રોજેક્ટ હાથ પર લીધેલ છે. હજીરા અને દહેજ બંદરમાં ING મોટું કેન્દ્ર છેલ્લા ૩-૪ વર્ષથી કાર્યરત થયું છે. બીજા નવા પ્રોજેક્ટ સૌરાષ્ટ્ર અને કચ્છમાં કરવાનું આયોજન છે. ગેસ પાઈપ લાઈન દ્વારા લઈ જવામાં આવશે. જ્યારે ૨૦૦૦ કિલોમિટરની પાઈપલાઈનનું કામ ખૂબ આગળ વધી રહ્યું છે. રાજ્યના તમામ તાલુકામાં ગેસ વિતરણ શરૂ કરવામાં આવશે.: અને ક્રમશ: આ વિસ્તારો અને બીજા વિસ્તારોનો પણ સમાવેશ અને આવતા પાંચ વર્ષમાં ૨૦ લાખ કુટુંબોને ઘરમાં પાઈપ લાઈન દ્વારા રાંધણ ગેસ મળશે. આ ગેસ ગ્રીડ પ્રોજેક્ટ રૂપિયા પાંચ હજાર કરોડનો છે, આ ગેસ રાજયના ૨૦ જિલ્લાઓમાં ઉદ્યોગોને પણ પૂરો પડાશે. જેમ કે સુરેન્દ્રનગર જિલ્લામાં સિરામીકસ ઉદ્યોગ, રાજકોટ જિલ્લામાં નળિયા અને એન્જિનીયરીંગ ઉદ્યોગ, જામનગર અને કચ્છમાં હેન્ડીક્રાફટની મેટાલિક ચીજોના ઉત્પાદનમાં તેમજ રાજયના એગ્રો પ્રોસેસીંગ એન્ડ ઇન્ડસ્ટ્રીઝને મોટો વેગ મળશે અને ગેસ આધારિત મોટા ઉદ્યોગોને પણ એનો લાભ મળશે. માનનીય અધ્યક્ષશ્રી, આંધ્રપ્રદેશના કે.જી.બેઝીન ક્રિષ્ના-ગોદાવરીના દરિયામાં બજેટમાં જણાવ્યા પ્રમાણે પંદર કૂવાઓમાં શારકામ ચાલે છે જેમાંથી અગિયાર કૂવાઓમાં ઑઈલ અને ગેસ આપણને મળ્યા છે અને આખા બેઝીનના ડૅવલપમેન્ટના રૂપિયા સાત હજાર કરોડનો પ્લાન દીનદયાળ બ્લૉકમાંથી ઉત્પાદન કરવા માટે ભારત સરકારના ડાયરેક્ટર જનરલ ઑફ હાઈડ્રો કાર્બનની મંજૂરી માટે મૂકવામાં આવ્યો છે. એજ રીતે પેટ્રોલ અને ઑઈલ માટે ગુજરાત સરકારે સ્ટેટ પૅટ્રોલિયમ કોરપોરેશનની રચના કરી છે અને આજે દેશમાં પૅટ્રોલિયમ કંપનીમાં તેને વિશિષ્ટ સ્થાન મળ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આંધ્રના દીનદયાળ બ્લૉક ઉપર, ખંભાતના અખાતમાં પણ આ કોરપોરેશને ઘણા કૂવાઓમાં શારકામ કર્યુ છે અને ઑઈલ મેળવ્યું છે. નિષ્ણાંતોના અભિપ્રાય પ્રમાણે એકલા આ વિસ્તારમાંથી ૭૦ કરોડ બૅરલના ઉત્પાદનનો અંદાજ છે એટલે કે રોજનું ૨૦ લાખ બૅરલ થાય. ગુજરાત સ્ટેટ પૅટ્રોલિયમ કોરપોરેશને આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે પણ ઑઈલ માટે કૂવાઓના શારકામના કોન્ટ્રાકટો મેળવ્યા છે. ઑસ્ટ્રેલિયા સહિત વિશ્વના વિવિદ્ય દેશોના કૉન્ટ્રેક્ટ મળ્યા છે. જેમાં ઈજીપ્તના પાંચ જેટલા કૉન્ટ્રેક્ટો છે. ગુજરાતમાં ઓ.એન.જી.સી.નો ખૂબ મોટો બેઈઝ છે અને પેટ્રોલિયમ પેદાશોની ઊપજ ગુજરાતમાં ખૂબ જ મોટી છે. વિશ્વની બીજા નંબરની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની પૅટ્રોલિયમ ક્ષેત્રની રીફાઈનરી ગુજરાતના જામનગરમાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ ગુજરાતે ખૂબ પાછળથી શરૂઆત કરી હોવા છતાં દેશમાં આજે પૅટ્રોલિયમ ક્ષેત્રે પ્રથમ નંબરે આવી ગયું છે. જેમ બધી જ બાબતોમાં ગુજરાત દેશમાં પ્રથમ નંબરે આવે છે તેમ પૅટ્રોલિયમ ક્ષેત્રે પણ તે પ્રથમ નંબરે હવે આવી ગયું છે. પેટ્રોલિયમ તથા ગેસના જે મેગા પ્રોજૅક્ટ જે હાલમાં અમલીકરણના ક્ષેત્રે છે તે પૂરા થતાં આવતા પાંચ વર્ષોમાં ગુજરાત આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાનું નામ રોશન કરશે એવો આપણો આશાવાદ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને પેટ્રોલિયમના પોતાના મેગા પ્રોજૅકટસો ગેસ ગ્રિડનો રૂપિયા પાંચ હજાર કરોડ, કે.જી.બેઝીનનો રૂપિયા સાત હજાર કરોડ તથા અન્ય આનુષાંગિક કામોના ખૂબ જ મહત્વકાંક્ષી પ્રોજૅકટો આવતા ત્રણ થી પાંચ વર્ષમાં પૂરા કરવાના છે એટલું જ નહીં પરંતુ તેના અનુસંધાને આગળના નવા પ્રોજૅકટો જે પાઈપ લાઈનમાં છે તેને પણ શરૂ કરવાના છે, આ માટે મબલખ નાણાની જરૂર પડશે, જરૂર પડશે નહીં બલકે પડી રહી છે. તે માટે ગુજરાત કોઈ મદદ માગતું નથી કે ગ્રાન્ટ માગતું નથી અને સ્વબળે આ કામ ઉપાડે છે ત્યારે કેન્દ્ર સરકારની આ ફરજ બને છે કે, ઑઈલ અને ગેસ ક્ષેત્રની રૉયલ્ટી ચૂકવવાની ગુજરાતની ન્યાયી માગણીને કાયમી ધોરણે સ્વીકારી અને ક્રૂડ ઑઈલ રૉયલ્ટીના પૂરેપૂરા નાણાં વર્ષો વર્ષ ચૂકવે. જો આપણે રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો કોઈ પણ રાજય આવા મહત્વકાંક્ષી પ્રોજૅકટો હાથમાં લે તો તેને પૂરેપૂરો સહકાર આપવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ૨૫ વર્ષ જૂનો છે, ૧૯૮૩થી તે પડતર છે અને જ્યાં સુધી ગુજરાતમાં કોંગ્રેસનું રાજય રહ્યું હતું ત્યાં સુધી આ અન્યાયની વાત કેન્દ્રમાં કોઈએ સાંભળી નથી અને ગુજરાતમાં ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવતાં અને ત્યારબાદ ૧૯૯૯માં દિલ્હીમાં ભા.જ.પ.ના નેતૃત્વવાળું એન.ડી.એ.નું શાસન આવ્યું ત્યારે આપણા માનવંતા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ , તત્કાલીન વડા પ્રધાનશ્રી અટલબિહારી બાજપાઈ સાથે યોગ્ય પરામર્શ કરી ૨૦૦૩માં આ પ્રશ્નનો ઉકેલ લાવ્યા અને ગુજરાતને બજાર ભાવે ક્રૂડની રૉયલ્ટી મળતી થઈ, ત્યાર બાદ ૨૦૦૪થી કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવતાં ફરી પાછો ગુજરાતને મળતી રૉયલ્ટીમાં ધરખમ ઘટાડો કરવાનો ૨૦૦૬માં કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો જે અન્યાયી છે અને તે માટેનો સંકલ્પ મેં આ માનવંતા ગૃહ સમક્ષ રજૂ કર્યો છે, જેનું સમર્થન કરવા માટે ગૃહના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્ય માનનીય જીતુભાઈ સુખડીયા જે બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પના સંદર્ભમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું. આ સંકલ્પમાંથી જે ચિત્ર ઉભું થાય છે એ એવું ચિત્ર ઉભુ થાય છે કે ગુજરાતની સાથેનું કેન્દ્રનું વર્તન સાવકી માના સંતાનો જેવું ઓરમાયું વર્તન કેન્દ્રની સરકાર દ્વારા કરવામાં આવે છે. છેલ્લા કેટલાય સમયથી કેન્દ્ર

સરકાર દ્વારા ગુજરાતને અન્યાય થાય, ગુજરાતની સરકારને અન્યાય થાય, ગુજરાતની સાડા પાંચ કરોડ જનતાને અન્યાય થાય એવા સંખ્યાબંધ પગલાં કેન્દ્રની સરકાર દ્વારા લેવામાં આવ્યા છે. આ દેશની અંદર જે વડાપ્રધાનપદે બિરાજતા હતા એવા માનનીય અટલ બિહારી બાજપાઈજી સમક્ષ જે તે વખતે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રજૂઆત કરી કે ગુજરાતને ક્રુડ ઓઈલ રોયલ્ટીના સંદર્ભમાં અન્યાય થઈ રહયો છે. આ વાતને એમણે સ્વીકારી જેના કારણે આપણને મળવાપાત્ર ૪૦૦ કરોડ રૂપિયા જેટલી રકમમાંથી આપણે ૧૮૦૦કરોડ રૂપિયા જેટલી રકમ સુધી પહોંચ્યા પરંતુ જેવી કેન્દ્રમાં કોંગ્રેસની યુ.પી.એ.ની સરકાર આવી એણે ફરી એક વખત આ જે ફોર્મ્યુલાના આધાર ઉપર ગુજરાતને જે મળવાપાત્ર રકમ હતી એ રકમની ફોર્મ્યુલા બદલી નાખી જેના કારણે આજની તારીખમાં ગુજરાતને ૧૮૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થાય છે. માત્ર ક્રુડ ઓઈલની રોયલ્ટીની ફોર્મ્યુલામાં ફેરફાર કરીને ગુજરાતને અન્યાય કરવો એવું નહીં પરંતુ હું આ સભાગૃહની અંદર અનેકવિધ ઘ ટનાઓનો હું સાક્ષી છું. મને યાદ છે કે ગયા દિવસોમાં જયારે ગુજરાત એ સરહદી રાજય છે અને આ સરહદની સુરક્ષા માટે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ૫૦૦કરોડ રૂપિયાનો પ્લાન મુકયો હતો તો એની સામે માત્ર ૩૮કરોડ રૂપિયાનો જ પ્લાન મંજુર કરવામાં આવ્યો. આપણા સૌની જીવાદોરી છે એવી નર્મદા યોજના આપણી આ યોજનાને રાષ્ટ્રીય યોજના સ્વરૂપે હજુ સ્વીકાર કરવામાં આવ્યો નથી અને નાણાકીય સહાયના સંદર્ભમાં કેન્દ્ર દ્વારા ગુજરાતને નર્મદા યોજનાના સંદર્ભમાં ઓરમાયુ વર્તન કરવાની એક તક પણ કેન્દ્રની આ કોંગ્રેસની સરકાર દ્વારા ચૂકવામાં નથી આવતી. ગુજરાતની સુકી ધરતી, એના સુકા પેટાળમાં પાણી નાખીને ધરતીને નવપલ્લવિત કરવા માટે સુજલામ સુફલામની યોજના ગુજરાતની સરકાર નરેન્દ્રભાઈ મોદી લાવ્યા હતા. આ સુજલામ સુફલામની યોજના એ ગુજરાત માટે જરૂરી છે એટલા માટે જરૂરી છે કે ગુજરાતના કેટલાય એવા તાલુકા છે કે જયાં ફલોરાઈડવાળું પાણી પીવાને કારણે આજની તારીખે યુવાન અકાળે વૃદ્ધત્વ પામે છે. આ સુજલામ સુફલામના માધ્યમથી ધરતીના પેટાળમાં પાણી નાખીને ત્યાંના રહીશોને પાણી પૂરું પાડાવાની યોજના. માનનીય અટલ બિહારી બાજપાઈજી આ યોજના સાથે સંમત થયા. એમણે આ યોજનાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો પણ જેવી કેન્દ્રની અંદર યુ.પી.એ.ની સરકાર આવી પહેલામાં પહેલું કામ સુજલામ સુફલામની યોજના જેને માનનીય અટલ બિહારી બાજપાઈજીએ નરેન્દ્રભાઈ મોદીના આગ્રહના કારણે સ્વીકારી હતી, જેનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો એ યોજનાના સંદર્ભમાં આજની દિન સુધી એક પણ રૂપિયો ફાળવવામાં નથી આવ્યો. રેલવેના સંદર્ભમાં આપણે જોઈએ છીએ રેલવેના સંદર્ભમાં ગુજરાતને અન્યાયની હારમાળા કરી છે. આ ક્રુડ ઓઈલ રોયલ્ટીના સંદર્ભમાં રોયલ્ટી એ ગ્રાન્ટ નથી એ ફેડરલ સ્ટ્રકચરના માધ્યમથી ગુજરાત રાજયનો અને ગુજરાતની જનતાનો અધિકાર છે. ગુજરાત ઈન્કમ ટેકસની અંદર આ દેશમાં સૌથી વધારે પૈસા આપે છે. ગુજરાતે પોતે ૪૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરીને ૧૦૮ જેટલા સી.એન.જી. મથકો અને ૩લાખ જેટલા પી.એન.જી. જોડાણો આખા દેશની અંદર કોઈએ આપવાની શરૂઆત અને ૪૦૦૦ કરોડ રૂપિયા ખર્ચીને જો કોઈએ કામ કર્યું હોય તો એ માત્ર ને માત્ર ગુજરાતે કર્યું છે.આ ક્રુડ ઑઈલની રૉયલ્ટીના કારણે જો ગુજરાતે આટલું ઉત્પાદન કરવાની અનુમતિ ન આપી હોત, એમાં સહકાર ન આપ્યો હોત અને વિદેશની ધરતી ઉપરથી આ ક્રુડ ઑઈલ આપણે આ દેશની અંદર આયાત કરવું પડ્યું હોત. તો એના કારણે આપણે એના ઉપર ૭૫૮ કરોડની સબસિડીની ગુજરાત સરકારે આ પ્રયત્નોને કારણે બચત કરવામાં સફળ રહ્યા છીએ. આજે ક્રુડ ઑઈલ નીકળે છે એ ક્રુડ ઑઈલની સામે કેન્દ્ર સરકાર દ્વારા એમાંથી સેસ ઉઘરાવવામાં આવે છે અને કેન્દ્રને ક્રુડ ઑઈલ ઉપરથી લગભગ ૭,૦૦૦ કરોડ રૂપિયાનો સેસ આખા દેશમાંથી મળે છે, એમાંથી ગુજરાતમાંથી ક્રુડ ઑઈલ ઉત્પાદન થાય છે. એમાં ૧૪૦૦ કરોડ જેટલી માતબર રકમ કેન્દ્રની તિજોરીમાં ગુજરાતના કારણે જાય છે. આપણી જે કંપની ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ જે આ ક્ષેત્રની અંદર વિશેષ જાણકારી છે, જેને અનેક નવા કીર્તિમાનો સિદ્ધ કર્યા છે. આપણી સાથે સાથે માગણી છે કે તમે ઓ.એન.જી.સી.ને આની અંદર કન્સીડર કરી શકતા હોય તો ઓ.એન.જી.સી. ની જેમ જી.એસ.પી.સી. ને કેન્દ્ર સરકાર દ્વારા કેમ માન્યતા નથી આપવામાં આવતી? છેલ્લા ૬ વર્ષની અંદર ૩૭ બિલિયન મેટ્રિકટન ક્રુડ ઑઈલનું ઉત્પાદન કરીને આપણે ૪૮,૦૦૦ કરોડ રૂપિયાનું ઈમ્પોર્ટ આ દેશની અંદર આવતું બચાવવામાં સફળ રહ્યા છીએ. એપ્રિલ-૨૦૦૮ થી ડિસેમ્બર-૨૦૦૮ સુધીમાં આપણને મળવાપાત્ર ૧૯૬૨.૯૮ કરોડ હતા. એની જગ્યાએ નવી ફોર્મ્યુલા પ્રમાણે માત્રને માત્ર ૪૩૧.૯૮ કરોડ આપને મળે છે. કેન્દ્ર દ્વારા ૯ માસની અંદર ૧૫૩૧ કરોડ જેટલી જંગી માતબર રકમનો અન્યાય કરીને ગુજરાતના વિકાસની અંદર ગુજરાતની પ્રગતિશીલ સરકાર જે કામ કરી રહી છે, એ કામને અવરોધવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નવી ફોર્મ્યુલાના કારણે થતા ગુજરાતના અન્યાયને માટે જે સંકલ્પ લઈને જિતેન્દ્રભાઈ સુખડિયા આવ્યા છે, એને મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે એના વિષે આ સભાગૃહને માહિતી આપવા માટે ઊભો થયો છું.

સભ્યશ્રીએ કહ્યું કે ક્રુડ ઑઈલ ઉપર રોયલ્ટી એ આપણો અધિકાર છે. સભ્યશ્રી સુખડિયાજી અને સભ્યશ્રી પ્રદીપસિંહજીએ વાત કરી કે કેન્દ્ર સરકાર જે આપણને ક્રૂડ ઑઈલ ઉપર રોયલ્ટી આપે છે, એના ઉપર

કોઈ ઉપકાર કરતી નથી. આપણો અધિકાર છે અને આ અધિકાર આપણને મળવો જોઈએ. કમનસીબી એ છે કે અત્યારે દિલ્હીની અંદર જે સરકાર બેઠી છે. એણે નીતિમાં ફેરફાર કરી ગુજરાતને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે. વર્ષોથી બધી સરકારો આવતી. એ લોકોએ ક્રુડ ઑઈલ માટે લડત લીધી. સૌથી પહેલો પત્ર ગુજરાતમાંથી લખાયો હોય તો તે ૧૯૯૩ ની અંદર સરકારના ચીફ સેક્રેટરીએ લખ્યો અને ઑઈલની રોયલ્ટી કેવી રીતે વધે એના માટે માગણી કરી. દરેક મુખ્યમંત્રીશ્રીઓએ આવીને દિલ્હીમાં રજૂઆત કરતા, પણ એ વખતના બધા જ મુખ્યમંત્રીશ્રીઓનું દિલ્હીમાં કઈ ઉપજ્યું નહિ, એના કારણે રોયલ્ટી એડહોક બેસિસ ઉપર આપણને મળતી, પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. અટલજી પ્રધાનમંત્રી તરીકે આવ્યા.અને પછી જોડે જોડે એમણે ગુજરાતની માગણીને બરાબર સાંભળ્યા પછી એક કમિટીની રચના કરી, આ કમિટી મોસ્કર કમિટી, જે ૨૬-૪-૨૦૦૦ના દિવસે સ્થાપિત થઈ હતી પણ એની અંદર કમિટીનો જે કોઈ અહેવાલ આવે એના ફાયદા તા. ૧-૪-૯૮થી આપવાનું નક્કી કર્યુ એટલે કમિટીની રચના પાંચ વર્ષ પછી થાય પણ ૧૯૯૮થી શ્રી બાજપાઈએ આપવાનું નક્કી કર્યુ એનું મુખ્ય કારણ કે એ વખતે administrative price mechanism પૂરો થયો હતો, એટલે આ કમિટીનો જે અહેવાલ આવ્યો, એણે બધાને સાંભળ્યા, અને સાંભળ્યા પછી એમણે રિઝોલ્યુશન પાસ કર્યું કે વેલ હેડ પ્રાઈસ ઉપર રૉયલ્ટી મળશે એટલે વેલ હેડ પ્રાઈસ એટલે જે જગ્યાએથી ઑઈલનું ઉત્પાદન થાય, એ કૂવાના સ્થળ ઉપરથી જે બજાર કિંમત હોય એ બજાર કિંમત ગણવામાં આવશે. એના ઉપર, એ બજાર કિંમતની પણ ફોર્મ્યુલા ગણી, એના ઉપર રૉયલ્ટી વીસ ટકા મળશે પણ વેલ હેડ પ્રાઈસથી રિફાઈનરી સુધી લઈ જવાનો ૭ા ટકા ડિસ્કાઉન્ટ નક્કી કર્યુ, જે બદલીને પછી ૧૨૫૧ રૂપિયા ટન નક્કી કરવામાં આવ્યું હતું. આ વેલ હેડ પ્રાઈસમાંથી ડિસ્કાઉન્ટ કરી જે ભાવ નક્કી થાય એના વીસ ટકા નક્કી થયા, આના ઉપર આપણને જે રૉયલ્ટી મળવાનુ થયું, દિવસો જેમ ગયા, વર્ષો જેમ ગયા, એમ ક્રુડના ભાવ વધતા ગયા અને ક્રુડના ભાવ જે વધતા ગયા એના કારણે જે વાર્ષિક ૩૦૦-૪૦૦ કરોડ રૂપિયાની જે આવક આવતી હતી રાજય સરકારને, એ આવક વધવા માંડી, અને હજાર, બારસો, પંદરસો થયા. માનનીય અધ્યક્ષશ્રી, આપણને ૨૦૦૮-૦૯ની અંદર જ્યારે ક્રુડના ભાવ દોઢસો ડોલર સુધી પહોંચ્યા હતા એ વખતે જે ક્રુડ રૉયલ્ટી મળવાની હતી એ ૨૮૨૪ કરોડ મળી, એ મળવાના બદલે એ લોકોએ જે મોકલ્યા એ ૧૨૯૩ કરોડ રૂપિયા મોકલ્યા, એટલે ૧૫૩૧ કરોડ રૂપિયાની રૉયલ્ટી આપણને મળવાપાત્ર હતી એ લોકોએ મોકલી નહીં કારણ શું બતાવ્યું? કારણ એ બતાવ્યું કે, ઓએનજીસી જે રિફાઈનરીને ક્રુડ વેચવા માટે ડિસ્કાઉન્ટ આપે છે એ ડિસ્કાઉન્ટ બાદ કરવાનું અને બાદ કર્યા પછી જે એમાઉન્ટ વધે એના ઉપર રૉયલ્ટી ગણવાની. માનનીય અધ્યક્ષશ્રી, મોસ્કર કમિટીના અહેવાલની અંદર કોઈ જગ્યાએ આવું લખ્યું નથી. બીજું, ડિસ્કાઉન્ટ તો પહેલાં પણ આપતા હતા, ૨૦૦૪ની અંદર પણ ડિસ્કાઉન્ટ આપતા હતા, ૨૦૦૫માં પણ ડિસ્કાઉન્ટ આપતા હતા પણ એ વખતે આપણને ફૂલ એમાઉન્ટ મળી. આ કેન્દ્રની સરકાર હતી, ડો. મનમોહનસિંહની ગઈ સરકારની વખતે બે વર્ષ એ લોકોએ આપ્યું અને છેલ્લે ગઈ સાલ કોઈ આપણી જોડે ચર્ચા વિચારણા કર્યા વગર, કોઈ માહિતી મોકલ્યા વગર, જાણ કર્યા વગર એક જ સાથે કાપી નાખ્યું, અને ગુજરાતને નુકસાન શું થયું? ૧૫૦૦ કરોડ રૂપિયા ગઈ સાલ. જો આ પંદરસો કરોડ રૂપિયા ગુજરાતને વધારે મળ્યા હોત તો વિચાર કરો, વિકાસમાં કેટલા કામ આવ્યા હોત. માનનીય અધ્યક્ષશ્રી, વિચાર તો કરો કે ફોર્મ્યુલા કેવી બનાવી? (અંતરાય) કોઈપણ થોડો ભણેલો માણસ હોયને તોયે સમજે કે ક્રુડ ઑઈલમાંથી રૉયલ્ટી નીકળે તો આ લોકોને પૈસા મળવા જોઈએ. આપણા કૂવામાંથી નીકળે તો મળવા જોઈએ કે ના મળવા જોઈએ? દાખલો આપું આપને, સપ્ટેમ્બર-૦૭માં ક્રુડ ઑઈલ પ્રિડિસ્કાઉન્ટેડ ૩૨૪૧ હતું, એની અંદર ડિસ્કાઉન્ટ ૧૪૦૦ રૂપિયા હતું તો પણ રૉયલ્ટી આપણને ૧૭૩ રૂપિયા પર ટન મળી. સપ્ટેમ્બર- ૦૭માં ૩૨૪૧ રૂપિયાનો ભાવમાં ૧૭૩ રૂપિયા ટન મળી, આ કેન્દ્ર સરકારે સપ્ટેમ્બર- ૦૮માં ૪૬૪૫નો ભાવ થયો, એ ૪૬૪૫ના ભાવમાં, ભાવ વધ્યો એક વર્ષમાં, એ ભાવ વધ્યો એમાં ડિસ્કાઉન્ટ કેટલું આપ્યું? ૯૬ ટકા, એટલે આપણને રૉયલ્ટી શું મળી? માઈનસ ૧.૨૮. તમે ઉત્પાદન કરો અને માઈનસ હોય એવું કયાંય સરકારમાં જોયું છે? કોઈ ભણેલો માણસ આવો નિર્ણય લે, કોઈ સમજુ માણસ આવો નિર્ણય લે? માનનીય અધ્યક્ષશ્રી, આ નિર્ણય આ કેન્દ્રની કૉન્ગ્રેસની સરકારે લીધો છે અને અમે લખીને આપ્યું છે અને લખીને આપ્યા પછી ઈનડાયરેકટલી, ઈનફોર્મલી કબૂલ કરે છે કે ના ભાઈ, આવું તો ન થવું જોઈએ, અમારી ક્યાંક ભૂલ થઈ છે અમે ચર્ચા કરી લઈશું., અમે વિચારણા કરી લઈશું. પણ કમનસીબી તો જુઓ એ વખતે કેન્દ્રમાં રાજય કક્ષાના પેટ્રોલિમ મિનિસ્ટર તરીકે આપણા ગુજરાતના શ્રી દિનશા પટેલ બેઠા હતા અને હું દિનશા પટેલને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આ સભાગૃહમાં જે હાજર ન હોય એના નામનો ઉલ્લેખ ન થઈ શકે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સારું હું એ નામ પાછું ખેંચી લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે રાજય કક્ષાના પેટ્રોલિયમ મંત્રીશ્રીને હું મળવા ગયો મેં મંત્રીશ્રીને વિગતવાર વાત કરી મેં કહ્યું કે સાહેબ, આમાં તમે ન્યાય આપો એમણે જે મને લાઈન કહી એ મારે આ વિધાનસભામાં ન કહી શકાય, પણ ટૂંકમાં એમનું ત્યાં કઈ ઉપજ્યું નહીં, એમણે કોશીશ કરી પણ એમનું કંઈ ઉપજ્યું નહીં. કેમ કે ગુજરાતને ૧૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન કરાવવાનું નક્કી હતું અને એના માટે ગુજરાતની રોયલ્ટી ૧૫૦૦ કરોડ કપાઈ. હું આપને બતાવું કે આપણને કેટલો અન્યાય કરવામાં આવે છે. બે જ રાજ્યો

પ્રોડકશન કરે છે એક ગુજરાત અને એક આસામ.. આસામને ફરક પડતો નથી કેમ કે આસામને જે ઓઈલ આપે છે એ બોઈગંગા રિફાઈનરીને મોકલે છે અને ડુમાલીગર રિફાઈનરીને મોકલે છે એટલે બી.આર.પી.એલ.અને એન..આર.એલ. આ બેને મોકલે છે એટલે આને ડિસ્કાઉન્ટ આપતા નથી અહીંયા આપણને આઈ.ઓ.સી.ને મોકલે છે તો ૫૦ ટકા ડિસ્કાઉન્ટ, ૬૦ ટકા ડિસ્કાઉન્ટ, ૭૦ ટકા ડિસ્કાઉન્ટ આપે છે અને એને ડિસ્કાઉન્ટ વગર મોકલે છે.કે માત્ર ઓછા ડિસ્કાઉન્ટે મોકલે છે. એટલે થાય છે શું કે આસામને જેટલું પ્રોડક્શન લે છે એની એને ફૂલ રૉયલ્ટી મળે અને ગુજરાત જે પ્રોડક્શન લે એને રૉયલ્ટીમાં માર પડે છે. આવી રીતે બે રાજયોની વચ્ચે ઓછી અને વધુ રૉયલ્ટીવાળી આ કેંદ્રે નીતિ બનાવી છે અને રિફાઈનરી આઈ.ઓ.સી.એલ. હોય તો ૮૦ ટકા, એચ.પી.સી.એલ. હોય તો ૬૦ ટકા.. જે આપણું ક્રુડ ઑઈલ આઈ.ઓ.સી.એલ. અને બી.પી.સી.એલ.ને જાય છે એમાં ૩૫ ટકા અને જે દરિયામાં ઉત્પાદન થાય છે ઑઈલ એ એચ.પી.સી.એલ.અને બી.પી.સી.એલ.ને જાય છે એટલે કેન્દ્રને રૉયલ્ટીમાં ફરક નથી પડતો માત્ર ગુજરાતને ફરક પડે છે. એટલે આના માટે ઘણી બધી રજૂઆતો થઈ છે પરંતુ રાજય સરકારને વાર્ષિક ૧૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થાય એવી કેન્દ્ર સરકારે નીતિ બનાવી છે અને આપ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હજુ એક વાત કરું તો એમની પૉલિસીમાં એક જગ્યાએ જુદો નિર્ણય અને બીજી જગ્યાએ જુદો નિર્ણય. આપણો જ દાખલો આપું તો જી.એસ.પી.સી. જે ગેસ વેંચે છે એ ગેસનો ભાવ ૩.૪૫ ડોલર હતો એમ.એમ.બી.ટી.યુ. એ ઈલેકિટ્રકલ કંપનીઓને ૨.૮૯ એમ.એમ.બી.ટી.યુ. એ વેચ્યું હવે જે પ્રોફિટ પૅટ્રોલિયમ આપવાનું હોય છે એ પ્રોફિટ પૅટ્રોલિયમમાં કેન્દ્ર સરકાર એમ કહે છે કે ડિસ્કાઉન્ટ આપ્યું એ અમને પૂછને થોડું આપ્યું છે? અમારો નફો તો તમારા ૩.૪૫ પર હોવો જોઈએ. એટલે આપણને વીજળી જી.એસ.પી.સી. ડિસ્કાઉન્ટે આપે છે પરંતુ જી.એસ.પી.સી.નો ગેસ પ્રોફિટ પૅટ્રોલિયમમાં કેન્દ્ર સંપૂર્ણપણે લે છે એટલે એક બાજુ એમની નીતિ ગેસ માટે જુદી અને ઑઈલ રૉયલ્ટી માટે જુદી આવી નીતિ કેન્દ્ર સરકારે અપનાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રોફિટ પૅટ્રોલિયમની વાત કરું તો પ્રોફિટ પૅટ્રોલિયમ ભારત સરકાર લે છે અને આ પ્રોફિટ પૅટ્રોલિયમ છે એમાં એમની અને કંપનીની વચ્ચે જે કરાર થયો હોય એ કરારનો જે નફો આવે એ નફાના ભાગરૂપે પ્રોફિટ પૅટ્રોલિયમ લે છે. આજે એન.ઈ.એલ.પી. બ્લોકસમાંથી ૫૦૦ કરોડ રૂપિયા ઓલરેડી નફો લીધો છે. આપણને નફો મળ્યો શું? ગુજરાતની ધરતીમાંથી ઑઈલ કાઢે અને ગુજરાતને રૉયલ્ટી ન આપે. ગુજરાતમાંથી સેસ લઈ જાય સેસ લીધા પછી એનું આજુબાજુના ગામડાઓમાં ડેવલપમેન્ટ કરવું જોઈએ એ ડેવલપમેન્ટ ન કરે, પ્રોફિટ પૅટ્રોલિયમ લઈ જાય અને અને પ્રોફીટ પૅટ્રોલિયમમાં નફો ના આપે માનનીય અધ્યક્ષશ્રી, હું એક સારા કહેવાતા વકીલ શ્રી પી.ચિદમ્બરમનો રિપોર્ટ વાંચી જાઉં. જી.એસ.પી.સી.એ એક સવાલ પૂછ્યો Whether the State of Gujarat is entitled to share the profits arising out of profit petroleum.

**અધ્યક્ષશ્રી** : આપ જેમાંથી રેફરન્સ મૂકતાં હો એ રેફરન્સીઝ મેજ ઉપર મૂકજો. મેં એક એવો નિર્ણય આપ્યો છે જે નિર્ણયના આધારે હું આપને પણ કહું છે કે આપ જે આ પી. ચિદમ્બરમના અવલોકનો વાંચતા હો તે રિપોર્ટની કોપી મને મોકલાવજો.

**શ્રી સૌરભ પટેલ** : જી, મોકલી આપીશ. ઓપીનીયન માગ્યો હતો ગુજરાત સ્ટેટ પૅટ્રોલિયમ કૉર્પોરેશને પી. ચિદમ્બરમજીનો અને એ ઓપીનીયન જોઈએ The question that was put before me is whether the State Government is entitled to share the profits arising out of profit petroleum. કહેવા માગે છે કે ગુજરાતને નફો મળવો જોઈએ કે ન મળવો જોઈએ. પી. ચિદમ્બરમજીએ એમ કહ્યું છે At present the profits are shared between the Government of India and the lessee. સરકાર અને lessee ની વચ્ચે છે. It is a well settled fact that the State Government is the owner of the minerals within its territory and the minerals based in the State Government. The nature of royalty has been set out elaborately in the decision of Constitution Bench of the Supreme Court (૨૦૦૪) ૧૦ SCC ૨૦. Since the State of Gujarat is the owner of the minerals State Government it is entitled to among other things royalty of crude oil and natural gas. પછી છેલ્લે લખે છે In my view since the State is the owner of the crude oil and natural gas it is entitled to get reasonable share of profits arising out of profit petroleum. માનનીય અધ્યક્ષશ્રી, આ પી. ચિદમ્બરમજીનો સિનિયર એડ્વોકેટનો રિપોર્ટ. આ નાણામંત્રી હતા અત્યારે સરકારની અંદર ગૃહ વિભાગ સંભાળે છે. પરંતુ opinion as a senior advocate is different. અને હકીકતમાં એમની સરકારની અંદરથી જે મળવું જોઈએ તે જુદું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહના સભ્યોને એટલી જ વિનંતી કરવી છે કેન્દ્રએ રોયલ્ટીને નુકસાન કર્યુ છે. રોયલ્ટીની અંદર જે આપણને નીતિ બદલી અને ૧૫૦૦ કરોડ રૂપિયા ઓછાં મળતાં થયા છે. આ જે સંકલ્પ લઈને સભ્યશ્રી આવ્યાં છે તે સંકલ્પને આપણે સૌએ સ્વીકારવો જોઈએ અને કેન્દ્રને વિનંતી કરવી જોઈએ એમ.પી.ને કહેવું જોઈએ, આપણાં બન્ને મંત્રીશ્રીઓને કહેવું જોઈએ અને વિરોધ પક્ષના સભ્યશ્રીઓ અને નેતાશ્રીએ કહેવું જોઈએ કે આ ગુજરાતનો વિષય છે સંપૂર્ણ સાડા પાંચ કરોડની

જનતાના લાભનો વિષય છે. આપણા અધિકારનો વિષય છે. આપણને મળવું જોઈએ તે નથી મળ્યું તો આપણને વહેલામાં વહેલી તકે કેવી રીતે મળે તો સામૂહિક રીતે બધાએ પ્રયાસ કરવો જોઈએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે. નેકસ્ટ,

આજે બીજો સંકલ્પ લઈએ જ છીએ પરંતુ એ દરમિયાન મારે એક જાહેરાત કરવાની છે હું થોડીક મિનિટો પછી એ કરીશ. નેકસ્ટ.

**સરદાર સરોવર યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા અંગે**

**પ્રો. મંગળભાઈ મા. પટેલ(માણસા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ નીચે પ્રમાણે રજૂ કરું છું.

" સરદાર સરોવર (નર્મદા) યોજના વિશ્વની ત્રણ મોટામાં મોટી સિંચાઈ યોજનાઓ પૈકીની એક અને ભારતની સૌથી મોટી યોજના છે. આ યોજના પૂર્ણ થયે દેશના મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતને તેનો લાભ મળનાર છે. આ યોજનાની ગુજરાતના ૧૫ જિલ્લાઓ અને ચાર હજાર ગામોમાં આવેલ ૧૮ લાખ હેકટર વિસ્તાર, જેમાં મોટા ભાગનો વિસ્તાર અછતગ્રસ્ત છે, તેને સિંચાઈની સુવિધા પૂરી પાડવામાં આવશે. રાજસ્થાનના બાડમેર અને ઝાલોર જેવા સૂકા અને સરહદીય જિલ્લાઓના આશરે ૨ લાખ ૨૫ હજાર હેકટર વિસ્તારને પણ પાણીની સુવિધા મળશે. આ યોજના ૧૪૫૦ મેગાવોટ સસ્તી અને પર્યાવરણલક્ષી જળવિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. રાષ્ટ્રની પશ્ચિમીય ગ્રીડની વીજળીની અધિકતમ માગણીને સ્થિરતા આપતી આ યોજનાનો લાભ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતને મળવાનો શરૂ થઈ ગયો છે. આમ આ યોજના થકી રાષ્ટ્રીય અર્થતંત્રને વિકાસની દિશામાં લઈ જવા માટે એક નવો જ વેગ મળ્યો છે. વળી યોજના પૂર્ણ થતાં કૃષિ અને વિદ્યુત ક્ષેત્રે રાજયના જ નહીં, પરંતુ રાષ્ટ્રીય અર્થતંત્રને પણ પ્રચંડ વેગ આપનાર બની રહેશે.

કેન્દ્ર સરકારે ૭મી ફેબ્રુઆરી-૨૦૦૮ના રોજ દેશના જુદા જુદા રાજયોની ૧૪ જળ યોજનાઓને "રાષ્ટ્રીય યોજના" જાહેર કરેલ છે. રાષ્ટ્રીય યોજના જાહેર થતાં ૧૪ જળ યોજનાઓને કેન્દ્ર સરકાર ૯૦ ટકા જેટલું ભંડોળ ફાળવશે, જેથી તે યોજનાઓ પૂર્ણ કરવામાં વેગ આવશે. આ ૧૪ યોજનાઓથી પણ મોટી એવી સરદાર સરોવર યોજનાઓ " રાષ્ટ્રીય યોજના" માં સમાવેશ થયેલ નથી. જે ચૌદ યોજનાઓને રાષ્ટ્રીય યોજના જાહેર કરવામાં આવી છે તેના કરતા દેશની સૌથી મોટી એવી આ સરદાર સરોવર યોજના રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર ન થવાથી ગુજરાતને અન્યાય થયાની લાગણી પ્રજામાં પ્રવર્તી રહી છે. જો તે રાષ્ટ્રીય યોજના જાહેર થઈ હોત તો તેને પૂર્ણ થવામાં વધુ ઝડપ આવત અને ગુજરાત રાજયની પ્રજા ઉપરનું આર્થિક ભારણ ઓછું થાત તથા દેશના ચાર રાજયોને જ નહીં, પરંતુ દેશના સમગ્ર અર્થતંત્રને ફાયદો થાત. તો રાજયની/દેશની મહત્વની એવી આ સરદાર સરોવર યોજના " રાષ્ટ્રીય યોજના" જાહેર થાય તે માટે કેન્દ્ર સરકારને ભલામણ કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પના અનુસંધાને હું કેટલીક બાબતો તરફ આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ ગૃહને જાણીને નવાઈ લાગશે કે આઝાદી પહેલા આ જે નદી છે. આ નર્મદા નદી ઉપર બંધ બાંધવા માટે ૧૯૪૬માં વિચારણા કરવામાં આવેલી અને ૧૯૪૬માં વિચારણા કરવામાં આવેલી. તે વખતે ખાસ કરીને ૭ પ્રોજેકટો વિચારણામાં હતા. તેમાંથી નર્મદા યોજનાનો પ્રોજેકટ સૌથી અગ્રતા ક્રમે હતો. પછી બીજા,ત્રીજા અને ચોથા ક્રમે અનુક્રમે બાર્ગી, તર્વા પુનાસા એ બધી યોજનાઓ હતી. એમાં સૌથી અગ્રતા ક્રમે નર્મદાનો પ્રોજેકટ હતો.

આપને ખ્યાલ હશે કે નર્મદા યોજનાનું શિલારોપણ સ્વર્ગસ્થ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ ૫ એપ્રિલ, ૧૯૬૧ના રોજ કરેલું. આ યોજના આગળ વધી પછી ૧૯૬૪માં ગુજરાત રાજય અને મધ્યપ્રદેશ વચ્ચે પાણીની વહેંચણી બાબતે વિવાદ અને સંઘર્ષ થયો, અને એના પરિણામે એક તજજ્ઞ સમિતિ બનાવવામાં આવી હતી. ખાસ કરીને ખોસલા કમિશન. એમના અધ્યક્ષસ્થાને તજજ્ઞ સમિતિ બનાવવામાં આવી હતી અને એ તજજ્ઞ સમિતિએ લગભગ એક વર્ષ પછી આ બંધની ઉંચાઈ ૫૦૦ ફૂટની રાખવી એવો નિર્ણય તેણે જાહેર કર્યો હતો. તે છતાં પણ મધ્યપ્રદેશ આ પાણીની વહેંચણી બાબતમાં ગુજરાત સાથે સંમત થયું ન હતું. એના કારણે કેન્દ્ર સરકારે પાછળથી ઈન્ટર સ્ટેટ રીવર વોટર ડિસ્ટ્રીબ્યુશન એકટ ૧૯૫૬ ના આધાર ઉપર નર્મદા વોટર ડિસ્ટ્રિબ્યુશન ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી અને આ ટ્રિબ્યુનલે એનો પોતાનો અહેવાલ ૧૯૭૯માં આપ્યો હતો. એ એવોર્ડના આધારે આપણે આગળ કામ કરવું હતું.

આ યોજના અત્યારે જે બની છે, એમાં આપણે જોઈએ તો કેટલા લાભો આપણને મળ્યા છે. આ નેશનલ એવોર્ડનો સ્વીકાર કરવો જોઈએ. કેમ કે કેટલો મોટો ફાયદો, ફકત ગુજરાતને જ નહીં, પણ ગુજરાત સિવાય રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને પણ એનો ફાયદો મળશે એ વાત પણ હું કહેવા માગું છું. એટલે ગુજરાતની સાથોસાથ દેશના અન્ય રાજયોને પણ ઘણો લાભ થાય છે, એ આધાર ઉપર એ નેશનલ પ્રોજેકટ તરીકે એનો સ્વીકાર થવો જોઈએ એવું આપણને લાગે છે અને મને દેખાય છે. નર્મદા યોજના અત્યારે જે બનાવી રહ્યા છીએ,

એમાં ૧૫ જિલ્લા અને ૭૩ તાલુકાઓનો એમાં સમાવેશ થયો છે. અને એમાં લગભગ ૧૮ લાખ હેકટર જમીનમાં સિંચાઈ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની વાત થઈ, પણ ટોટલ વાત કરીએ તો, બાકીના ત્રણ રાજયોની વાત કરીએ તો ૪૫ લાખ હેકટર જમીનનો સમાવેશ થાય છે. અને એ જમીનમાં સિંચાઈ થાય તો ૪૦ લાખ હેકટરમાં આપણને અનાજ મળે. પછી તેલિબિયાં અને કપાસનો પાક પણ જે મળી રહેવાનો છે. તો આ યોજનાથી આટલો મોટો ફાયદો છે. આ સિવાય રાજસ્થાન જે સૂકો પ્રદેશ છે, અસરગ્રસ્ત છે, ત્યાં પણ લગભગ બાડમેર અને ઝાલોરમાં પણ લગભગ ૨ લાખ ૨૫ હજાર હેકટર જમીનમાં સિંચાઈ થવાની છે. એ વાતનો પણ સ્વીકાર કરવો પડે. મહારાષ્ટ્રની અંદર ૩ લાખ ૭૫ હજાર હેકટર જમીનમાં સિંચાઈનો ફાયદો પણ યોજના પૂરી થતાં સુધીમાં થશે. આટલી જમીનમાં સિંચાઈ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઈએ તો રાજસ્થાનમાં લગભગ ૧૦૦ ટકા અસરગ્રસ્ત વિસ્તાર છે અને ગુજરાતમાં જે જમીન જાય છે એમાંથી ૭૫ ટકા અસરગ્રસ્ત વિસ્તાર છે. એટલે કેન્દ્ર સરકારને મારે કહેવું છે કે અસરગ્રસ્ત વિસ્તાર હોય, પાણી ન હોય એવી જમીનને પાણી અને સિંચાઈ મળતી હોય તો એને એવોર્ડ આપવો જોઈએ અને નેશનલમાં એનો સ્વીકાર કરી રાષ્ટ્રીય યોજના તરીકે એનો સ્વીકાર કરવો જોઈએ.

સિંચાઈની સાથે પીવાનું પાણી પણ આપણને મળી રહ્યું છે. લગભગ નર્મદાથી ૧૩૫ શહેરોને પાણી મળવાનું છે અને ૮ હજાર કરતાં વધારે ગામડા છે એટલે કે આપણા ૧૮૦૦૦ ગામડામાંથી લગભગ ૪૫ ટકા ગામડાને પીવાનું પાણી મળવાનું છે. એ સ્થિતિમાં અત્યારે ૧.૮ કરોડ લોકોને આનો લાભ મળે છે. પરંતુ ૨૦૨૧માં એ સ્થિતિ આવશે કે જયાં ૪ કરોડ માનવોને એનો લાભ મળવાનો છે. આવી સ્થિતિમાં આ યોજના ઘણી સુંદર છે અને એમાં આપણે આગળ વધી રહ્યા છીએ.

સાથોસાથ મારે એ પણ કહેવું છે કે ફકત સિંચાઈમાં જ પાણી મળવાનું છે એમ નહીં. ફકત પીવાનું પાણી જ મળવાનું છે એમ નહીં, સાથે સાથે ઉદ્યોગોને પણ આ યોજના વડે પાણી મળવાનું છે. સિંચાઈ માટે પાણી, પીવા માટે પાણી અને ઉદ્યોગો માટે પાણી આ યોજના મારફતે મળવાનું છે. જયાં પાણી આપવાનું છે એમાં ઘણોખરો તો સૌરાષ્ટ્ર અને કચ્છના જે સૂકા પ્રદેશો છે ત્યાં મળવાનું છે. એટલું જ નહીં, ગુજરાતમાં જયાં જયાં નો-સોર્સ ગામો છે એમને પણ આ પાણી મળવાનું છે. ઉત્તર ગુજરાતમાં જે ક્ષાર અને ફલોરાઈડ છે એવા ગામોને પણ પાણી મળવાનું છે. આટલો મોટો લાભ આ યોજનાથી આપણને મળવાનો છે.

વીજળીની બાબતમાં જોઈએ તો ૨ પાવર પ્રોજેકટ એમાં મળવાના છે. એમાં એક છે રીવર બેક પાવર પ્રોજેકટ, જે લગભગ ૧૨૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરશે. બીજું કેનાલ હેડ પાવર હાઉસ ૨૫૦ મેગાવોટ વીજળી આપશે. આમ કરીને કુલ ૧૪૫૦ મેગાવોટ વીજળી એમાંથી મળવાની છે. એ પણ ખાસ મારે તમને કહેવાનું છે. આ વીજળી પણ કોને મળવાની છે? આ ૧૪૫૦ મેગાવોટ વીજળી છે, એમાંથી ગુજરાતને બહુ ઓછો ફાળો મળે છે. આ ૧૪૫૦ મેગાવોટ વીજળીમાંથી મધ્યપ્રદેશને ૫૭ ટકા, મહારાષ્ટ્રને ૨૭ ટકા અને આપણને ગુજરાતને ઓછામાં ઓછી ૧૬ ટકા વીજળી મળવાની છે. આટલી ઓછી વીજળી મળતી હોવા છતાં પણ ગુજરાત આ યોજના જલદી પૂરી થાય તેવી તમન્ના રાખે છે એ નાની સૂની બાબત નથી. એ વસ્તુ પણ સૌએ ધ્યાનમાં રાખવી જોઈએ.

હું એ વાત તરફ પણ આપ સૌનું ધ્યાન દોરવા માગું છું કે ફકત પીવાનું પાણી, ફકત સિંચાઈ માટે પાણી કે ઉદ્યોગોને પાણી મળવાનું છે એટલું જ નથી. સાથે સાથે વન્ય જીવોને માટે પણ આ પાણીનો ઉપયોગ, એમને માટે પણ કરવાનો છે એ પણ આપણે જોવું જોઈએ. વન્ય જીવો માટે. માનનીય મંગુભાઈને એમ ન થાય કે અમારા પ્રાણીઓ સામે જોયું નહીં. એટલે આ યોજનાએ એ વન્ય પ્રાણીઓ છે, એમની સામે પણ નજર કરી છે. ખાસ કરીને સુરપાણેશ્વર છે ત્યાં વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી વિકસાવવાની એક યોજના છે. બીજી વાત કચ્છનું નાનું રણ છે એમાં વાઈલ્ડ એસ્સ સેન્ચ્યુરી વિકસાવવાની યોજના છે. આ ઉપરાંત એક કાળિયાર નેશનલ પાર્ક છે તે ખાસ કરીને વેળાવદરમાં ઊભો કરવાની વાત છે. The Great Indian Bustard સેન્ચ્યુરી એ કચ્છમાં ઊભી થાય તેવું આયોજન છે. એ ઉપરાંત નળ સરોવરમાં પક્ષીઓ માટે સેન્ચ્યુરી મળે તેવું આયોજન છે. એ સિવાય નર્મદાનો મુખ પ્રદેશમાં અલીયાબેટ છે ત્યાં નેશનલ પાર્ક ઊભો થાય તેવું આયોજન છે.

આ ઉપરાંત બીજી પણ વાત કહેવા માગું છું. નર્મદા યોજના થવાથી બીજી શું આવક થઈ શકે તેમ છે એ તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. ખેતીમાં લગભગ ૧૬૦૦ કરોડની વધારે આવક થાય તેમ છે. વીજ ઉત્પાદનમાં ૪૦૦ કરોડ રૂપિયા મળે એમ છે. પાણીનું જે વિતરણ થાય છે એમાંથી આશરે ૧૭૫ કરોડ રૂપિયા મળે તેવી સ્થિતિ છે. આમ જોઈએ તો આ ત્રણેયનો કુલ સરવાળો કરીએ તો ૨૧૫૦ કરોડ રૂપિયાના ઉત્પાદનની શક્યતા છે. તો રોજનો કેટલો ફાયદો આપણને કરી આપો એ જોઈએ તો એક દિવસમાં આપણને છ કરોડ રૂપિયા મળે તેવી સ્થિતિ છે. આ સિવાય સીમાંત ખેડૂતો, નાણા ખેડૂતો અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના લોકોને પણ લાભ મળે છે એ વિગત પણ હું આ સભાગૃહને આપવા માગું છું. સીમાંત ખેડૂતો છે એક હેકટરથી ઓછી જમીન ધરાવે છે એમાના ૨૮ ટકા લોકોને આનો લાભ મળવાનો છે, નાના ખેડૂતો છે એ નાના ખેડૂતો કે જેની પાસે બે હેકટર સુધીની જમીન છે એ ૨૪ ટકા છે. અનુસૂચિત જાતિના ૯.૧ ટકા છે,

અનુસૂચિત જનજાતિના ૮.૭ ટકાને આનો લાભ મળવાનો છે. એ સિવાય જોઈએ તો મત્સ્યોદ્યોગનો પણ વિકાસ થવાનો છે. હરવા ફરવાના સ્થળો છે એ પણ વિકસાવવા પડશે. આ યોજનામાંથી ઉદ્યોગોને પાણી મળશે, ખેતીને પાણી મળવાથી ખેતીનું ઉત્પાદન વધશે અને જંગલ વિસ્તાર છે એમાં પણ વધારો થશે.

છેલ્લે એક વાત કરવી છે આપણી જે નર્મદા યોજના છે એ યોજનામાં કેન્દ્ર સરકારે કેટલી મદદ કરી તો ઇતિહાસ એવો છે કે દેશમાં જ્યાં જ્યાં આવી યોજનાઓ થાય છે અથવા તો થઈ છે ત્યાં કેન્દ્ર સરકારે મબલખ પ્રમાણમાં મદદ કરી છે. પણ ગુજરાતની અંદર નર્મદા યોજનાને કેન્દ્ર સરકારે એક પણ પૈસો આપ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીને ૧૫ મિનિટ આપવામાં આવી છે. માનનીય મંગળભાઈ, આપને પણ દસ મિનિટના બદલે ૧૫ મિનિટ આપું છું, સમય વધ્યો છે એટલા માટે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : પાંચ મિનિટ આપી હોત તો પાંચ મિનિટમાં પણ હું પૂરું કરી દેત. બીજા રાજયોની યોજનાઓમાં કેન્દ્ર સરકારે ઘણી મદદ કરી છે. આપણા રાજયની અંદર પણ બીજી યોજનાઓ માટે મદદ કરી છે પરંતુ અહીંયા સરદાર સરોવર યોજનાને એક પણ પૈસાની મદદ કેન્દ્ર સરકારે કરી નથી. હું એવું કહું છું તથા આ ગૃહને જણાવવા માગું છું કે આ યોજના છે એ આખા દેશને માટે ઉપયોગી છે. તેના પરિણામે આ યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવી જોઈએ અને રાષ્ટ્રીય યોજના જાહેર કરીને ૧૦૦ ટકા ખર્ચ આપવું જોઈએ. ૯૦ ટકા કે ૮૦ ટકા નહીં, ૧૦૦ ટકા ખર્ચ આપવું જોઈએ. તેનો દાખલો આપું. ભાખરાનાંગલ યોજના છે, તેમાં કેન્દ્ર સરકારે પૂરા પ્રમાણમાં મદદ કરીને તેને આગળ વધારી હતી. તો એટલા માટે ૧૦૦ ટકા મદદ આપણને કરવી જોઈએ અને ૧૦૦ ટકા મદદ આપણને ન થાય તો મને લાગે છે કે આ સરકાર ગુજરાત માટે • *(xxxx) કરી રહી છે. *(xxxx) હું આ મોટો શબ્દ વાપરું છું, ભારે શબ્દ વાપરું છું. પણ એ સાચી વાત છે કે કેન્દ્ર સરકારની નજર ગુજરાત માટે * *(xxxx) નજર છે એમ હું કહેવા માગું છું અને એટલા માટે (અંતરાય) કિન્નાખોરી અને **(xxxx) ફેર છે. એટલા માટે. આ જે નજર છે એ **(xxxx) નજર છે અને ૧૦૦ ટકા મદદ આપણને આપે એ ભાવ સાથે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપણાં અગાઉના અધ્યક્ષશ્રીના આદેશો અને મારા આદેશ પ્રમાણે પણ આપ કેન્દ્ર સરકાર માટે **(xxxx) શબ્દ વાપરી શકાશે નહીં. એ શબ્દ હું કાઢી નાખું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : કરૂણ ઘટના છે એમ કહીશ.

**અધ્યક્ષશ્રી** : કરૂણ સ્વીકાર્ય છે. શ્રી લીલાધરભાઈ.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંગળદાસભાઈ સમયને અનુરૂપ અને ખૂબ જરૂરી એવો સંકલ્પ લઈને આવ્યા છે તેને હું આવકારું છું. આ સંકલ્પમાં સરદાર સરોવર યોજના એ બહુહેતુક યોજના છે. એટલું જ નહીં, પણ આંતરરાજ્ય યોજના છે. આવી વિશિષ્ટતા ધરાવતી આ યોજના જગતમાં ત્રણ મોટી યોજનાઓ પૈકીની એક છે અને ગુજરાત નહીં, દેશમાં સૌથી મોટી યોજના એ સરદાર સરોવર યોજના છે. આ યોજના ૧૯૬૩માં હું સમજું છું ત્યાં સુધી તેનો પાયો નખાયો અને તેના પછી ક્રમશઃ જે પરિસ્થિતિ દેશમાં નિર્માણ થઈ એ પરિસ્થિતિમાં દેશની અને ગુજરાતની પ્રજાની ઘણી કસોટી થઈ છે. ખાસ કરીને દેશના પશ્ચિમ વિસ્તાર કે જે સૌરાષ્ટ્ર છે, ઉત્તર ગુજરાત છે, કચ્છ છે, આ વિસ્તારો પીવાના પાણી માટે ટળવળતા હતા. આ વિસ્તારો ઈરીગેશનના પાણી માટે ટળવળતા હતા, એવા સંજોગોમાં પણ આ યોજના ઝડપથી પૂરી થાય તેના માટે સૌએ મહેનત કરવાની જરૂર હતી. પરંતુ ન જાણે કેમ પણ ક્યાંકને ક્યાંક એવા રોડા આવ્યા કે જેના કારણે આ યોજના ઠેબે ચડી. પરંતુ સારું કામ થવાનું હોય ત્યાં ક્યાંકને ક્યાંક કુદરત પણ મદદ કરે છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ત્યાર પછી આપણા પક્ષની અને સૌને સાથે લઈને ચાલવાની અને ગુજરાતને અને દેશને સાથે લઈને ચાલવાની પણ વાત લઈને નર્મદા યોજનાને પૂર્ણ કરવા માટેનો નિષ્ઠાપૂર્વકનો નિર્ધાર કર્યો. આ નિર્ધાર એટલા માટે કર્યો હતો કે દેશને માટે અને ગુજરાતને માટે એ કરોડરજ્જુ સમાન છે. આ યોજના થાય તો આપણને અનેક રીતે ફાયદો થતો હતો. પીવાના પાણીની આપણી સમસ્યા છે તે હલ થાય, તેની સાથે સિંચાઈની સમસ્યા હલ થાય અને તેની સાથે સાથે આપણને, ઉદ્યોગોને વગેરેને પણ પાણી મળે એ વાત તદ્દન સાચી. તેની સાથે આપણી જીવન જરૂરિયાતની મોટામાં મોટી સમસ્યા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, કચ્છ વગેરેના પાણી પાતાળમાં હતું. પાતાળનું પાણી બહાર લાવવું હોય તો વીજળી જોઈએ. તો વીજળીની મોટી સમસ્યા હલ કરવી હોય તો પાણી સિવાય બીજો કોઈ આરો નથી અને એટલા માટે આપણા રાજયની સરકારે તો અનેકવિધ રીતે રીચાર્જીંગ દ્વારા પાણી મેળવવાની અને જમીનમાં ઉતારવાની કોશિશ કરી.પણ નર્મદાના જળ ઉત્તર ગુજરાતની દિશામાં વહેતા થાય તો રિચાર્જીંગનું કામ ઝડપથી થાય અને આપણી સમસ્યા હલ થાય અને એ દૃષ્ટિએ મોટામાં મોટો ફાયદો આ યોજનાથી બિલકુલ થાય અને આપણને ૧૪૫૦ મેગાવોટ વીજળી મળે અને એ વીજળી આજે તો છે. એ વીજળીની વહેંચણીમાં પાછળ રહ્યા છીએ. પણ તેમ છતાંય એ વીજળી ચાલુ થઈ અને એનો લાભ આપણને અને સાથી રાજયોને મળતો થઈ ગયો છે. દુ:ખની વાત એટલી છે કે, ગુજરાતે આટલી કપરી

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

મહેનત કરી છે. તેમ છતાંય જે સાથી રાજયો તેનો લાભ વીજળી અને પાણી બધાયમાં લે છે, તેમ છતાંય તેમના હિસ્સામાં આવતી ભાગીદારીની રકમ એ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે એનું આપણને દુ:ખ છે અને હું ઇચ્છું અને આપને વિનંતી કરું અને ગૃહને વિનંતી કરું કે, આ સંકલ્પને સર્વાનુમતે પસાર કરીને અને કેન્દ્રને કહીએ કે આ અમારી યોજનાને રાષ્ટ્રીય યોજના તરીકે સ્વીકારો અને શ્રી મંગળદાસભાઈએ કહ્યું તેમ ૯૦ ટકા નહીં પણ ૧૦૦ ટકામાં આ યોજનાને પૂરી કરો એવી મારી અપેક્ષા સાથે મારા વિચારો પૂરા કરું છું.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સભ્યશ્રીઓને સત્ર દરમિયાન સસ્પેન્ડ કરવા તેમજ નુકસાન વસૂલ કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : હું એક અગત્યની જાહેરાત કરું છું. આજે સવારે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન વિધાનસભા ગૃહમાં વિપક્ષ દ્વારા જે પ્રદર્શનો અને દેખાવો થયા અને સભ્યોએ બેઠક પરના છ જેટલા માઈકો તોડ્યા છે. આ સમગ્ર ઘટનાને હું ખૂબ જ ગંભીરતાપૂર્વક લઉં છું અને આ સભાગૃહ દ્વારા સૌ સભ્યોનું ધ્યાન દોરવા માગું છું કે, તા.૨૫મી નવૅમ્બર-૨૦૦૧ના રોજ સંસદ, રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિધાનમંડળોમાં શિસ્ત અને ગરિમા જાળવવા બાબતે મળેલ પ્રમુખ અધિકારીઓ, મુખ્યમંત્રીશ્રીઓ, સંસદીય બાબતોના મંત્રીશ્રીઓ, પક્ષના નેતાઓ અને પક્ષોના દંડકોની અખિલ ભારતીય પરિષદમાં સર્વાનુમતે ઠરાવ પસાર કર્યા પ્રમાણે કોઈપણ સભ્યે ગૃહના મધ્યભાગમાં ધસી જવું નહીં, ગૃહમાં સૂત્રોચ્ચાર કરવા નહીં, ગૃહમાં વિરોધ દર્શાવવા માટે દસ્તાવેજો ફાડવા નહીં. આ પ્રકારના લગભગ ૨૦ જેટલા ગૃહની અંદર પાળવાના નિયમો અને વર્તણૂકો આ ઠરાવમાં દર્શાવવામાં આવેલ છે. આ આજની બનેલી ઘટના એ આ સર્વાનુમતે થયેલ ઠરાવને જો આપણે વિધાનસભાના નિયમોના નિયમ-૫૧ નીચે સભાગૃહમાં અતિતોફાનના દૃશ્યો સર્જાય ત્યારે અધ્યક્ષશ્રી તે અંગે પગલાં લઈ શકે છે. તે જ રીતે નિયમ-૫૨ નીચે પ્રસ્તાવ કરી નેમ કરવાની સભાગૃહને સત્તા પ્રાપ્ત થયેલ છે. આ જ પ્રમાણે આજે ગૃહમાં જે દૃશ્યો સર્જાયા છે તે આ ગૃહના અવમાન સમા છે અને તેથી ગૃહના નિયમો પ્રમાણે અને પ્રમુખ અધિકારીઓની નવી દિલ્હી ખાતે મળેલી ૨૦૦૧ની પરિષદમાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવના ભાગ- ૮ પ્રમાણે જે માર્ગદર્શન આપ્યું છે તે પ્રમાણે આચાર સંહિતાના ભંગના કિસ્સામાં અધ્યક્ષ કે ગૃહ પરિસ્થિતિ મુજબ નીચે મુજબની સજા/ દંડ લાદી શકે છે.

(ક) ચેતવણી આપવી,
(ખ) સીધો ઠપકો આપવો,
(ગ) ઠપકો,
(ઘ) ગૃહમાંથી દૂર કરવા,
(ચ) કોઈ ખાસ સમયગાળા પૂરતી ગૃહમાંથી ફરજ મોકૂફી, અને
(છ) ગૃહને યોગ્ય લાગે તેવી કોઈપણ દંડાત્મક જોગવાઈ.

આજે આ આચાર સંહિતા પ્રમાણે મેં સભાગૃહના વિપક્ષના નેતા સહિત સૌ સભ્યોને સૂત્રોચ્ચાર કરતી વખતે પહેલાં વિનંતી કરી હતી, ત્યારબાદ ચેતવણી આપી હતી અને ત્યારબાદ નિયમ-૫૧ નીચે મેં વિપક્ષના નેતા સહિત સૌ સભ્યોને બહાર જવાનો આદેશ આપ્યો હતો. ત્યારે કેટલાક સભ્યોએ તો આદેશનું પાલન કરવાને બદલે આ સભાગૃહમાં કુલ જુદી-જુદી ૬ પાટલીઓ પરના માઈક્રોફોન તોડી નાખ્યા છે. જેના એક યુનિટનો અંદાજીત ખર્ચ રૂા. ૮૦૦૦/- થાય છે અને રીપેરીંગનો ખર્ચ રૂા. ૬૦૦/- જેટલો થાય છે. તેથી જો હું ૬ માઈકનો ખર્ચો ગણું તો રૂા. ૪૮,૦૦૦/- થાય અને રીપેરીંગનો ખર્ચો ગણું તો રૂા.૩,૬૦૦/- જેટલો થાય છે. મને લાગે છે કે આપણે સૌ ગાંધીજીના વિચારને વરેલા છીએ અને આપણે આ વિધાનસભામાં સભાગૃહના લોકપ્રતિનિધિ તરીકે આવીએ છીએ અને ટ્રસ્ટીભાવથી કાર્ય કરીએ છીએ. તેથી વિધાનસભા ગૃહમાં કોઈપણ પ્રકારનું નુકસાન થાય તે ભરપાઈ કરવું અથવા તો નુકસાન કરનારા પાસેથી વસૂલ કરવું તે આપણી સૌની નૈતિક ફરજ બને છે. તેથી નુકસાનને ભરપાઈ કરવું. આ ઠરાવ તથા ગૃહમાં થયેલ દરખાસ્તને આધારે હું રીપેરીંગના ખર્ચ પેટે રૂા. ૩૬૦૦/- જેમણે માઈક તોડયા છે એવા ત્રણ સભ્યો સભ્યશ્રી શ્રી લાલસિંહભાઈ વડોદીયા, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, અને શ્રી અમિતભાઈ ચાવડા પાસેથી વસૂલ કરવાનો આદેશ કરું છું. કદાચ આપણી વિધાનસભાના ઈતિહાસમાં વસૂલાતનો આ પહેલો નિર્ણય હશે. રીપેરીંગનો ખર્ચ હું અત્યારે વસૂલ કરવાનો છું. ઉપરાંત જે સભ્યોએ વિરોધદર્શક આક્રમક દેખાવો કર્યા છે તેવા સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી કુંવરજીભાઈ હળપતિ, શ્રી સી. કે. રાઉલજી અને શ્રી અશ્વિનભાઈ કોટવાલ સહિતના કુલ ૭ સભ્યોને હું ૧૨મી વિધાનસભાના ચોથા સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવા માટેનો જે પ્રસ્તાવ મુખ્યદંડકશ્રી આર. સી. ફળદુએ મૂકયો છે અને જેને શ્રી નીતિનભાઈ પટેલે ટેકો આપ્યો છે તથા જેને સભાગૃહે સ્વીકાર્યો છે તે પ્રમાણે આ ૭ સભ્યોને હું સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ જાહેર કરું છું. મારા પુરોગામી અધ્યક્ષશ્રી ધીરુભાઈ શાહે સંસદીય લોકશાહી સુદૃઢ બને એ માટે સભાગૃહના સુચારુ સંચાલનરુપે શિસ્તબદ્ધ ચાલે તેની ચિંતા કરી હતી અને ત્યારે તત્કાલીન લોકસભાના અધ્યક્ષ સ્વર્ગસ્થ બાલયોગીના અધ્યક્ષપણા નીચે જે પરિષદ મળી હતી અને તેમાંથી આ આચાર સંહિતા સમગ્ર રાજયોની વિધાનસભાને પણ મોકલવામાં આવી હતી એ આચાર સંહિતાનો આધાર લઈને કહુ છું. તે મળેલી પરિષદમાં શ્રીમતી સોનિયા ગાંધી અને શ્રી અટલબિહારી બાજપાઈએ પોતાના જે વિચારો પ્રદર્શિત કર્યા હતા તે પણ હું આમાં ટાંકુ છું. શ્રીમતી સોનીયા ગાંધીએ સંસદ અને રાજય વિધાન મંડળોમાં શિસ્ત અને ગરિમા જળવાય તે માટે અખિલ ભારતીય પરિષદમાં

ભાગ લેતા કેટલાક વકતવ્યો તા:૨૫ નવૅમ્બર, ૨૦૦૧, પ્રકાશક ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્ઠલભાઈ પટેલ ભવન, ગાંધીનગર. To minimise disruption there must be an absolute ban on entering the Well of the House and the automatic enforcement of strict disciplinary action in the event of this fundamental rule being breached. I strongly feel that any disturbance during the Presidentks Address should be disallowed. એટલે હાઉસની વેલમાં આવવું એ ઈનડીસીપ્લીન છે એવું સોનીયા ગાંધીજીએ કહ્યું હતું એનો હું સ્વીકાર કરું છું. અને આ આધાર પણ હું લઉ છું. એ જ પ્રમાણે માનનીય બાજપાઈજીએ પણ આ જ પરિષદમાં જે કહ્યું હતું તે એ કે, લેકિન સભી રાજનીતિક દલોંકો ઈસ સંબંધ મેં એક ફૈસલા કરના હોગા સંસદ ઔર વિધાનમંડલ ઠીક તરહ સે ચલેં ઈસમેં જો પીઠાસીન અધિકારી હૈ ઉનકો સહયોગ દેને કા નિર્ણય કરના હોગા. જૈસા મૈંને કહા કિ ચર્ચા કે લિયે પૂરા સમય મિલના ચાહિયે લેકિન ચર્ચા વ્યવસ્થિત હોની ચાહિયે, અનુશાસિત રૂપમેં હોની ચાહિયે. ચર્ચા મેં એસે દ્રશ્ય ઉપસ્થિત ન કરેં જો સંસદીય લોકતંત્ર કો બલશાલી નહીં બનાતે જિનસે લોંગો કે મનમેં ઈન ચુની હુઈ સંસ્થાઓં કે બારે મેં અવમાનના કા ભાવ પૈદા હોતા હૈ. હું આ બન્ને મહાનુભાવો અટલજી અને સોનિયાજીના વિચારોને સ્વીકારું છું અને એ સ્વીકારીને આપણે સૌએ એક એવી પરંપરા ગુજરાત વિધાનસભામાં પાડવાની છે અને એ પરંપરા પાડવી હોય તો શિસ્ત અને અનુશાસનથી સભાના સંચાલનમાં ચર્ચાઓ થાય એમાં કોઈ વાંધો ન હોય, પરંતુ સભાગૃહમાં સૂત્રોચ્ચાર, સભાગૃહની અંદર અપશબ્દો, સભાગૃહની અંદર અપમાનજનક અને બદનક્ષીભર્યા પ્રવચનો કરવા અને એથી આગળ ચાલીને વેલમાં ધસી આવવું એ સોનિયાજીએ પણ કહ્યું છે કે સૌથી વધારે ઈનડીસિપ્લીન લાગે. એવા દ્રશ્યો કરવા અને એનાથી આગળ જઈને માઈકો તોડવા એટલે કે આ સભાગૃહની અંદર આવીને આ સભાગૃહની મિલકતોને નુકસાન કરવું, આ પ્રકારના જે કાંઈ બનાવો બન્યા છે એના માટે ભારે હૈયે હું આ પ્રસ્તાવ આજે જે મુકાયો તે ઉપર મારો નિર્ણય આપું છું અને આશા રાખું છું કે આ નિર્ણય હવે પછીની વિધાનસભાઓ માટે શિસ્તનું એક માર્ગદર્શક ઉદાહરણ બને અને એટલા માટે હું આ પ્રકારનો નિર્ણય લઉં છું.

## બિન સરકારી સંકલ્પો (ક્રમશ:)

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અર્થતંત્રને પુશ-અપ આપે તેવી આ નર્મદા યોજના રાષ્ટ્રીય યોજના જાહેર થાય તેવા એક શુભ હેતુથી આપણી વિધાનસભાના વરિષ્ઠ સાથી પ્રો. મંગળદાસ પટેલ જે બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેમાં ભાગ લઈ હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના એટલે ગુજરાત માટે જીવાદોરીની યોજના, નર્મદા યોજના એટલે ગુજરાત માટે સૌથી મહત્ત્વની યોજના, નર્મદા યોજના એટલે આ દેશ આઝાદ થયા પછી જે કેટલીક યોજનાઓ બની એ પૈકીની મહત્ત્વની યોજના કહી શકાય એવી આ નર્મદા યોજના છે. ૧૯૬૧માં તે વખતના તત્કાલીન વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરૂએ બે યોજનાઓના ભૂમિપૂજનો કર્યા હતા. એક ભાખરા નાંગલ યોજના અને બીજી ગુજરાતની નર્મદા યોજના, જેને પાછળથી આપણે સરદાર સરોવર યોજના તરીકે જાહેર કરી. આ બન્ને યોજનાઓનો પાયો ૧૯૬૧માં નંખાયો. પણ ગુજરાતની કમનસીબી ગણો તો કમનસીબી કે ગુજરાતની યોજના ટેક ઓફના પહેલે સ્ટેજે જ This is the first stage of take-off of Gujarat State. પ્રથમ ગ્રાસે મક્ષિકા આવી ગઈ અને એ મક્ષિકા અત્યાર સુધી આપણને હેરાન કરે છે. આ નર્મદા યોજનાનો એવા મનહુસ દિવસે પાયો નખાયો કે ગુજરાતની જીવાદોરી સમાન આ યોજના આજે પણ પૂર્ણ થઈ શકી નથી. એમાં કાંઈકને કાંઈક વિઘ્નો આવ્યા કરે છે. પ્રો. મંગળદાસજી જે સંકલ્પ લઈને આવ્યા છે, એમના વિચારો છે કે આ યોજના રાષ્ટ્રીય યોજના જાહેર થાય. રાષ્ટ્રીય યોજના જાહેર કરવી હોત તો અત્યાર સુધી કેન્દ્રની કોંગ્રેસ સરકારને કોઈએ અટકાવ્યા ન હતા. કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને રાજ્યમાં પણ કોંગ્રેસની સરકારો હતી. પરિસ્થિતિ એવી થઈ હતી કે કોંગ્રેસના શાસનમાં આ નર્મદા યોજના જાણે ફ્રીઝ થઈ ગઈ હતી. એવી પરિસ્થિતિ હતી કે વિકાસનું એકેય કામ શરૂ થયું ન હતું. એના પરિણામે ભારતીય જનતા પક્ષની સરકાર આવી અને ત્યાર પછી આ નર્મદા યોજનાની ખરેખર વિકાસની ગતિ શરૂ થઈ. આ ગતિને રોકવાના પણ પ્રયત્નો થયા છે. મારે એ દિવસને યાદ અપાવવો છે કે કેટલાક પર્યાવરણવાદીઓએ આ ગુજરાતની નર્મદા યોજના ન થાય, ગુજરાતની તરસી જનતાને પાણી ન મળે, ગુજરાતના ગામડાઓ ખંડિત થાય, ગુજરાતના ગામડાઓ ખાલી કરવા પડે એ પ્રકારની પરિસ્થિતિનું સર્જન થાય એ માટે કેટલાક જે પર્યાવરણવાદીઓ હતા એમણે વર્લ્ડબેંક સુધી આની ફરિયાદો કરી. મારે એટલા માટે યાદ અપાવવું પડે છે કે આ ગુજરાત વિધાનસભામાં આ વર્લ્ડબેંકે આ પર્યાવરણવાદીઓની માગણી આગળ ઝૂકી જઈને એક કમિશન નીમ્યું હતું A Commission on large Dams અને એ કમિશન નર્મદા યોજનાની મુલાકાતે આવવાનું હતું ત્યારે મને યાદ છે કે ગુજરાતની વિધાનસભાનું એક દિવસનું સત્ર બોલાવીને A Commission on large Dams નો અને વર્લ્ડબેંકની માનસિકતાનો વિરોધ કરીને એને રૂકજાવ કરવાનો આદેશ આ ગુજરાતની વિધાનસભાના સભ્યો, નાગરિકો તરફથી અને પ્રજાના તરફથી આપણે આપ્યો હતો અને તે દિવસના શબ્દો મને

યાદ છે, વર્લ્ડબેંક જો મદદના કરે તો કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ગુજરાતની પ્રજા પેટે પાટા બાંધીને પણ, મહેનત મજૂરી કરીને આ નર્મદા યોજનાને પૂરી કરશે એવી વાત આ હાઉસમાંથી થઈ હતી ત્યારે ગુજરાતની પ્રજા એક હતી, ગુજરાતની પ્રજાની સાથે પ્રજાના પ્રતિનિધિઓ પણ એક હતા અને એના પરિણામે એ પર્યાવરણવાદીઓનું કાવતરું ચાલ્યું નહિ અને A Commission on large Dams જે પુનઃસમીક્ષા કરવાનો જે વર્લ્ડબેંકનો પ્રયત્ન હતો એ પ્રયત્ન સફળ નહિ થયો. ત્યાર પછી લડી ઝઘડીને હાઈટ આપણે વધારતા ગયા. છેલ્લી જ્યારે ઉંચાઈ વધારવાની આવી ત્યારે આ પર્યાવરણવાદીઓ અને સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રીઓની એક બેઠક દિલ્હીમાં મળી. મારે કહેવું પડશે કે, તે દિવસોમાં કેન્દ્રના જળસંપત્તિખાતાના પ્રધાન સૈફુદ્દિન સોજ હતા અને એમણે એક તબકકે આ યોજનાની ઉંચાઈ ના વધે એ પ્રકારના નિર્ણયો ના લેવાય એટલા માટે મારે કહેવું પડે કે એ મિટિંગમાંથી બહાર આવીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે આ ગુજરાતની પ્રજાને થતો અન્યાય હું સાંખી લઈશ નહિ અને ત્યાંથી એમણે ઉપવાસની જાહેરાત કરી. ગાંધીનગર આવ્યાં અને સાબરમતીમાં જ્યાંથી મહાત્મા ગાંધીજીએ આ દેશને આઝાદ કરવા માટેની સાબરમતીથી કૂચ શરૂ કરી હતી ત્યારે એ શબ્દોને એટલા માટે યાદ આપું છું કે, ગાંધીજીએ કહ્યું હતું " હું કાગડા, કુતરાંના મોતે મરીશ પણ આ દેશને આઝાદી અપાવ્યા વીના હું પાછો નહિ આવું." એ ભૂમિ પર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપવાસની શરૂઆત કરીને કહ્યું કે ગુજરાતની પ્રજાને જ્યાં સુધી ન્યાય ના મળે, કેન્દ્રની કોંગ્રેસની સરકાર ગુજરાતની પ્રજાને જો અન્યાય કરવાનો પ્રયત્ન કરશે તો એ સાંખી નહિ લઉં અને એના પરિણામે ગુજરાતની પ્રજાનો વિજય થયો. આપણે જાણીએ છીએ કે આગામી દિવસોમાં આ યોજના પૂરી થવાથી આ રાજ્યને અનેક પ્રકારનો લાભ થવાનો છે પણ એની સાથે મહારાષ્ટ્ર, રાજ્યસ્થાન અને મધ્યપ્રદેશને લાભ થવાનો છે ત્યારે આ યોજનાની કમનસિબી એ છે કે આ સંકલ્પ શેના માટે લાવવો પડ્યો? આ સંકલ્પ એટલા માટે લાવવો પડ્યો કે એક વર્ષ પહેલા કેન્દ્રની સરકારે ચૌદ જેટલી યોજનાઓને રાષ્ટ્રીય યોજના જાહેર કરી. આ દેશની સર્વોચ્ચ યોજના જેને કહી શકાય, દેશની સૌથી મોટી સિંચાઈ યોજના કહી શકાય એના માટે કાંઈ નહિ. ગુજરાત હંમેશા અન્યાય અને એવી પરંપરાનો ભોગ બનતો આવ્યો છે. કેન્દ્ર તરફથી આ ગુજરાતની સાથે જે અન્યાય થઈ રહ્યો છે એ એક સાવકી માના સંતાન જેવો વહીવટ અને એ વ્યવહાર ગુજરાતની પ્રજા સાથે થઈ રહ્યો છે અને એ ક્યારેય ચલાવી શકાય નહિ અને એવા શુભ આશયથી માનનીય મંગળદાસજી જે સંકલ્પ લઈને આવ્યાં છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મંગળભાઈ પટેલ આ સંકલ્પ લઈને આવ્યા છે એની અંદર હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલકુલ હું માનું છું કે ભારત સરકારે તાત્કાલિક આપણી આ નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવી જોઈએ. આ રાષ્ટ્રીય યોજના એટલા માટે જાહેર કરવી પડે કે નર્મદા યોજનાના કારણે માત્ર ઈરિગેશન અને ઊર્જા માત્ર બે મળશે એવું નથી. પરંતુ બાકીની પણ દેશના બજેટ ઉપર જે અસરો થતી હોય દા.ત. આરોગ્યની અસર, સુરક્ષાનો વિષય હોય તમામ દૃષ્ટિએ પણ રાષ્ટ્રીય યોજના જાહેર કરવી પડે એવી બહુહેતુક યોજના છે. હું સરહદી વિસ્તારમાંથી આવું છું. અમારો વાવ તાલુકો હોય, સાંતલપુર હોય, સમી હોય, રાધનપુર હોય. આ બધા વિસ્તારોને વર્ષોથી નર્મદાનું પાણી અમારી ધરતી ઉપર આવે એની રાહ જોઈને લોકો બેઠા છે. અત્યારે પાણી નર્મદાનું કચ્છ બ્રાન્ચ કેનાલમાં ઉજનવાડા ગામ સુધી જ્યારે પહોંચ્યું, લોકો ગાંડા થઈ જાય એ હદે પહોંચીને એ પાણીના વધામણા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પાણી ખેતરો સુધી જો પહોંચે તો સૌથી મોટો રાષ્ટ્રીય સુરક્ષાનો જે સવાલ છે દેશ માટે એનો હલ આના કારણે થઈ શકે. એ સરહદી આખા વિસ્તારની અંદર કચ્છનો વિસ્તાર હોય, બનાસકાંઠા કે પાટણ હોય દર વર્ષે ત્યાંથી મોટા પ્રમાણમાં રોજગારી ન મળવાના કારણે માઈગ્રેશન થાય છે. માઈગ્રેશન થવાના કારણે દેશની સુરક્ષા માટે પણ આપણા સરહદી વિસ્તારોમાં જન સંખ્યા વધે એ સૌથી મહત્ત્વનું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, દેશની સરહદ ઉપર પણ આ હિન્દુસ્તાનની પ્રજા ત્યાં વધુ પ્રમાણમાં રહે એ માટે રોજગારીનો સૌથી મોટો આયામ નર્મદાના પાણીના કારણે મળી શકે. માનનીય અધ્યક્ષશ્રી, દેશની પ્રજા ત્યાં વધારે રહે તો બાકી સુરક્ષાનું કામ સૌથી મોટું થઈ શકે, રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ આને રાષ્ટ્રીય યોજના જાહેર કરી અને આનું ફંડ એ ભારત સરકારે આપવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ સરહદ વિસ્તારની પ્રજામાં લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ બહુ ઓછું પ્રમાણમાં છે અને એનું કારણ એ છે કે, ત્યાં આર્થિક ઉપાર્જન માટે બાકીની કોઈ વ્યવસ્થા નથી, સારો ખોરાક ખાઈ નથી શકતા. નર્મદાનું પાણી ત્યાં જાય, અને લોકો આર્થિક પગભર થાય, સારા ખોરાક ખાઈ શકે અને હિમોગ્લોબિનનું પ્રમાણ જો એના શરીરમાં વધે તો એની તંદુરસ્તી પણ સારી થશે. આવતી કાલનો બાળક જે પેદા થાય એની તંદુરસ્તી સારી હોય તો આવતી કાલનો નાગરિક પણ સારો થઈ શકે. એટલે આરોગ્યની દૃષ્ટિએ ભારત સરકારે વિચારી આ આ નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવી જોઈએ. શિક્ષણની બાબતમાં પણ એવું છે. માઈગ્રેશન કરવાના કારણે સારા શિક્ષકો ત્યાં પહોંચતા નથી. બિલકુલ ઊડતી ઉનાળાની ધૂળ અને બાકી કોઈ વ્યવસ્થા ત્યાં આગળ પાણી ન હોવાના કારણે બાકી કોઈ રોજગારી નથી એટલે બહારથી સારા કોઈ શિક્ષકો ત્યાં ન પહોંચી શકે, આર્થિક ઉપાર્જન માટે પણ માઈગ્રેશન કરવું પડે. આ બધી સમસ્યાનો ઉકેલ નર્મદાનું પાણી છે અને તાત્કાલિક ત્યાં પહોંચે. ભારત સરકાર પૈસા વધુ ફાળવીને આખેઆખી યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરે તો સૌથી સારું કામ

થાય. માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, આ નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર નહીં કરવા પાછળ અને નર્મદા યોજનાનું કામ અટકે એ માટે એક આંતરરાષ્ટ્રીય આખું ષડ્યંત્ર ચાલતું લાગે છે. હિન્દુસ્તાન દેશ એ એગ્રીકલ્ચર ગ્રોથમાં જો પોતે સક્ષમ થાય, જો અત્યારે હાલ એગ્રીકલ્ચર ગ્રોથ છે એ જો નર્મદાનું પાણી તાત્કાલિક પાણી પહોંચી જાય ખેતરો સુધી તો દોઢો કે ડબલ જેટલો એગ્રીકલ્ચર ગ્રોથ થાય અને એ એગ્રીકલ્ચર ગ્રોથ જો ડબલ જેટલો પહોંચે, ૧૨ થી ૧૪ ટકા સુધી અથવા તો ૧૬ ટકા સુધી જો પહોંચી શકાય તો દેશ ગણતરીના વર્ષોમાં પોતાની એક તાકાત ઉપર ઊભો થાય અને વિદેશોમાંથી લાવવું પડતું અનાજ અથવા ખેત ઉત્પાદનો જે બહારથી લાવવા પડે છે એ અટકી જાય અને હિન્દુસ્તાન નર્મદા યોજનાનું પાણી જો ખેતરો સુધી પહોંચે તો પોતાના પગ ઉપર ઊભો રહેતો દેશ થાય તો આ ન થઈ શકે એટલા માટે થઈને આંતર રાષ્ટ્રીય ષડ્યંત્ર અને એનો ભોગ પણ કેટલાક લોકો સરકારમાં કેન્દ્રમાં બેઠા હોય એ મને લાગે છે, જેના કારણે ગુજરાતની આ જીવાદોરી સમાન નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર નથી થતી. મારી વિનંતી છે આ સભાગૃહના માધ્યમથી કે ભારત સરકાર આ યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રો. મંગળભાઈ પટેલ આજે નર્મદા યોજનાને ભારત સરકાર રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર કરે એ માટે આપણું આ સન્નમાનીય સભાગૃહ સર્વાનુમતે ઠરાવ કરે અને ભારત સરકાર પાસે માગણી કરે એ પ્રકારનો સંકલ્પ લઈને આવ્યા છે અને એના ઉપર માનનીય સભ્યશ્રીઓ પ્રો. મંગળભાઈ, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ, માનનીય સભ્યશ્રી લીલાધરભાઈ અને માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ એમના વિચારો વ્યક્ત કરી આ સંકલ્પને અનુમોદન આપી અને નર્મદા યોજનાની ગુજરાત માટે શું જરૂરિયાત છે, નર્મદા યોજના ગુજરાત માટે કેટલી ઉપયોગી છે.એના વિશે પૂરેપૂરી માહિતી આપવાનો માનનીય સભ્યશ્રીઓએ એમના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે. ગુજરાત માટે કે દેશ માટે નર્મદા યોજનાનું શું મહત્વ છે એના વિશે હું માનું છું કે હવે કોઈપણ ગુજરાતી નાગરિકને, કોઈ ગુજરાતીને કે દેશ પરદેશમાં રહેતા પર્યાવરણવાદીઓ, માનવતાવાદીઓ, વિકાસ અને પ્રગતિની સાથે ચાલનારા લોકોને હવે કોઈપણ રીતે સમજાવવાની કે સંમત કરવાની જરૂરિયાત રહેતી નથી કારણકે આખા દેશ અને દુનિયાએ અને ગુજરાતની સાડાપાંચ કરોડની પ્રજાએ અને આ સન્માનનીય ગૃહે વારંવાર જુદા જુદા કાર્યક્રમો દ્વારા, જુદા જુદા ઠરાવો દ્વારા, જુદાજુદા સંકલ્પો દ્વારા અને કેન્દ્ર સરકાર સાથે કે પર્યાવરણવાદીઓ સાથે કે ગુજરાતના વિરોધીઓ સાથે કામ પાર પાડવા માટે અને નર્મદા યોજનાને આગળ વધારવા માટે જે અવિરત પ્રયત્નો કર્યા છે. કાયદાકીય પ્રશ્નો હોય, જન આંદોલનના પ્રશ્નો હોય, પ્રજાકીય જનજાગૃતિના પ્રશ્નો હોય કે પ્રજાકીય સહયોગના પ્રશ્નો હોય દરેક વખતે આ બધું જ આપણે અહીંયાથી કર્યું છે અને ગુજરાતની પ્રજાએ સરદાર સરોવર નર્મદા યોજના માટે હરહંમેશ એકમતે પોતાનો અવાજ અને સંકલ્પ રજૂ કર્યો છે ત્યારે સ્વાભાવિક રીતે દરેકને એમ થાય કે આટલી બધી મહત્વની જો નર્મદા યોજના હોય ત્યારે ગુજરાતને આ નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના તરીકે ન સ્વીકારવા પાછળનું કેન્દ્રનું કોઈ કારણ, કોઈ લોજીક, કોઈ તર્ક આપણા કોઈની સમજમાં આવતો નથી અને ફક્ત ને ફક્ત એક જ વાત આપણા સૌના મનમાં, સમગ્ર ગુજરાતીઓના મનમાં અને ગુજરાતના શુભેચ્છકો, હિતેચ્છકો અને દેશના નાગરિકોના મનમાં આવે છે કે કેન્દ્ર સરકારની ગુજરાતની અન્યાયની જે પરંપરા છે એ પરંપરાને ચાલુ રાખી એ પરંપરા પ્રમાણે આગળ વધી અને ગુજરાતને પાછળ રાખવું, ગુજરાતની પ્રગતિમાં રોડા નાખવા અને ગુજરાતની પ્રગતિને રોકવી એ કેટલાક લોકોની જુદાજુદા કારણોસર માનસિકતા છે એ માનસિકતા અત્યારે દેખાઈ આવે છે. માનનીય મંગળભાઈએ જે સંકલ્પ રજૂ કર્યો છે. આમ તો એમણે સંકલ્પ વાંચ્યો છે. આપને બધાને વિતરણ થયું છે પણ મારે ફરી વાંચવો એટલા માટે જરૂરી છે કે આપણને બધાને ખ્યાલ આવે કે કેન્દ્રની સરકાર ગુજરાતને કેવો અન્યાય કરી રહી છે. બીજો પેરેગ્રાફ હું વાંચું છું. કેન્દ્ર સરકારે ૭મી ફેબ્રુઆરી-૨૦૦૮ના રોજ દેશના જુદા જુદા રાજયોની ૧૪ જળ યોજનાઓને " રાષ્ટ્રીય યોજના" જાહેર કરેલ છે. હવે જે હું કહું છું એ મહત્વનું છે. રાષ્ટ્રીય યોજના જાહેર થતાં ૧૪ જળ યોજનાઓને કેન્દ્ર સરકાર ૯૦ટકા જેટલું ભંડોળ ફાળવશે જેથી તે યોજનાઓ પૂર્ણ કરવામાં વેગ આવશે. આ ૧૪ યોજનાઓથી પણ મોટી એવી સરદાર સરોવર યોજનાનો "રાષ્ટ્રીય યોજના"માં સમાવેશ થયેલ નથી. જે ચૌદ યોજનાઓને રાષ્ટ્રીય યોજના જાહેર કરવામાં આવી છે તેના કરતાં દેશની સૌથી મોટી એવી આ સરદાર સરોવર યોજના રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર ના થવાથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપણે ચર્ચામાં ભાગ લીધો હોય તો જ. ભાગ લેનારા સભ્યોને વિનંતી કે મંત્રીશ્રીનો જવાબ સાંભળવામાં પણ એકાગ્રતા રાખે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ સરદાર સરોવર યોજના રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર ન થવાથી ગુજરાતને અન્યાય થયાની લાગણી પ્રજામાં પ્રવર્તી રહી છે. ભારત સરકારે કઈ કઈ ૧૪ યોજનાઓને આ રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર કરી એ પણ આ સભાગૃહને જણાણવું મારી દ્રષ્ટિએ આવશ્યક છે. એક પશ્ચિમ બંગાળની તિસ્તા બરાજ યોજના છે. એક શાહપુર કાન્ડી એ પંજાબની યોજના છે. એક બરસાર એ જમ્મુ અને કાશ્મીરની યોજના છે. એક દ્વિતીય રાવી બિઆસ લિન્ક એ પંજાબની યોજના છે. એક ઉંઝ બહુહેતુક યોજના એ જમ્મુ અને કાશ્મીરની છે. જીપ્સા યોજના હિમાચલની છે. લખવાર વ્યાસી યોજના ઉત્તરાંચલની છે. કિશાઉ -હિમાચલ પ્રદેશ/ઉત્તરાંચલમાં છે. રેણુકા- હિમાચલ પ્રદેશમાં છે, નોઆ-ડેહાંગ બંધ- અરૂણાચલ પ્રદેશમાં છે. કુલ્સી-બંધ-

આસામમાં છે, અપર-સિઆંગ- અરૂણાચલ પ્રદેશમાં છે, ગોસી કુર્દ- મહારાષ્ટ્રમાં છે. કેન બેટવા-મધ્યપ્રદેશની છે. હવે હું આપને કહેવા માગું છું કે આ ૧૪ યોજનાઓ ભારત સરકારે જે જાહેર કરી એ ૧૪નું જે કુલ એમાં જમીનની અને એના સિંચાઈની જે વ્યવસ્થા છે, એ આપણા નર્મદા યોજનાની જે કુલ આપણી જમીન સિંચાઈ છે. નર્મદા યોજનાનું પીવાના પાણીનું જે આયોજન છે અને નર્મદા યોજનાના જે પાવર પ્રોડકશન અને જનરેશન માટે જે યોજના છે, એની સામે આ ૧૪ યોજનાનો સરવાળો ભેગો કરો તો નર્મદા યોજનાનો જેટલો લાભ આ ૧૪ યોજનામાં થઈને દેશને મળતો નથી. આ એક યોજનાને ૧૪ યોજનાની સામે બાકાત રાખવાની કોઈ તર્ક ગુજરાત પ્રત્યેના અન્યાયની યુ.પી.એ. સરકારની, કોંગ્રેસની આગેવાની વાળી સરકાર એવી કેન્દ્ર સરકારનું જે આયોજન છે, જે સિદ્ધાંત છે એ આપણે જોઈ શકીએ છીએ. આની અગાઉનો ઠરાવ આવ્યો. માનનીય જિતુભાઈ સુખડિયાનો સંકલ્પ એ પણ જોયો તો ગુજરાતને પેટ્રોલિયમ પ્રોડકટની આપણને રોયલ્ટી મળવી જોઈએ એમાં ૧૫૦૦ થી ૧૮૦૦ કરોડનો દર વર્ષે ઘટાડો થાય. એન.ડી.એ.ની અટલબિહારી વાજપાયીની સરકારે જે ફોર્મ્યુલા પ્રમાણે ગુજરાતમાંથી ઓ.એન.જી.સી. દ્વારા જે તેલ ભુગર્ભમાંથી કાઢવામાં આવે છે. એ તેલની રોલલ્ટી આપણા રાજ્યને મળવી જોઈએ. એ ફોર્મ્યુલાને બદલી નાખી અને ૧૮૦૦ કરોડ કરોડ રૂપિયાનું દર વર્ષે ગુજરાતને નુકસાન કર્યુ અને બીજુ નર્મદા યોજનાને રાષ્ટ્રીય સંપત્તિ તરીકે જાહેર નહિ કરી અને નુકસાન કર્યુ. આ બંને સંકલ્પ મારી દ્રષ્ટિએ ગુજરાત રાજ્યની પ્રજા માટે અતિ ઉપયોગી અને આ સન્માનનીય ગૃહ માટે સર્વાનુમતિ કરી શકાય અને કરવી જોઈએ એ પ્રજાની લાગણી છે એ રીતેના બંને સંકલ્પો છે. મારે એ પણ માહિતી આપવી છે કે ૯૦ ટકા ખર્ચ ૧૪ યોજનાનો મંજૂર કર્યો છે. ૯૦ ટકા ખર્ચ એ ભારત સરકાર આપશે. અત્યાર સુધી આપણે નર્મદા યોજનામાં છેલ્લી માહિતી પ્રમાણે ૨૯૫૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ ગુજરાતની પ્રજા કરી ચૂકી છે. ૨૯,૫૫૪ કરોડ રૂપિયા ગુજરાતની પ્રજાએ પોતાના બજેટમાંથી કેન્દ્રમાંથી ગુજરાતના કાયદા મુજબ બંધારણ મુજબ મળી શકતી યોજનાનો લાભ તરીકે જુદી જુદી લોનો લઈ અને આ રીતે જ્યારે આપણે કર્યો છે, ત્યારે સ્વાભાવિક આવો ખર્ચ બાકી છે. અંદાજ પ્રમાણે ૧૦૦૯૨ કરોડ રૂપિયા એટલે ૧૦૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ ગુજરાતને નર્મદા યોજનાનું કામ પૂર્ણ કરવા માટે કરવાનો બાકી રહે છે. બીજા રાજયોને એક એક યોજનાનો લાભ આપે, નાના નાના લાભો આપે તેવી યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવી. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન ૪ રાજયોને લાભ આપતી, આખા દેશને વીજ ઉત્પાદનમાં અનેકગણો વધારો કરતી, કૃષિ ઉત્પાદનમાં અનેકગણો વધારો કરતી, ગુજરાતની પ્રજાને પીવા માટે પાણી પૂરું પાડતી ગુજરાત અને રાજસ્થાનના ખેડૂતોને જમીનની સિંચાઈ આપતી મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રને વીજળી આપતી આવી જે બહુહેતુક યોજના છે, જે ખરેખર રાષ્ટ્રીય યોજના થવાને પાત્ર હોય ભારતની અંદર કોઈ યોજના હોય તો એ પહેલામાં પહેલી યોજના નર્મદા છે, એ નર્મદાનો ગુજરાતનો આપણો હક્ક ડુબાડી જે યોજના ૯૦ ટકામાં મંજૂર કરી છે. મારે આપ સૌને આ સભાગૃહને ગુજરાતની પ્રજાને વિનંતી છે કે આ કોઈ રાજકીય મુદો નથી. આ કોઈ એક સરકારનો મુદો નથી, આ કોઈ એક પક્ષનો મુદો નથી. આ ગુજરાતનો વિકાસ, ગુજરાતની પ્રજાની જાગૃતતા અને ગુજરાતની સમૃદ્ધિ સાથે જોડાયેલો મુદો છે.કેન્દ્ર સરકારનો આ અન્યાય આ સન્માનનીય વિધાનસભા ન સાંખી લે, ગુજરાતની પ્રજા ન સાંખી લે, ગુજરાતના રાજકીય પક્ષો ન સાંખી લે અને જે હવે ૧૦૦૬૧ કરોડનો ખર્ચ કરવાનો બાકી છે એની નેવુંયે નેવું ટકાની રકમ, જેમ બીજા રાજયોને ભારત સરકાર આપવાની છે એમ ગુજરાતને પણ આપે એવી આ સભાગૃહની જે લાગણી છે એને સરકાર તરફથી, માનનીય મુખ્ય મંત્રીશ્રી તરફથી હું પણ મંત્રીશ્રી તરીકે સ્વીકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ વાત કરવી છે. આજે મને એક થોડીક શંકા પ્રેરી રહી છે. સામેની પાટલીઓ ખાલી છે. સામેની પાટલીઓ શાના માટે ખાલી છે એ મને ખબર નથી પણ મને શંકા છે, મજબૂત શંકા છે કે આજે બે સંકલ્પો આવવાના હતા. બંને સંકલ્પો ગુજરાતની પ્રજાની લાગણીને પ્રદર્શિત કરી ગુજરાતના વિકાસને ધ્યાનમાં રાખી આ બંને સંકલ્પો, માનનીય સભ્યશ્રી જીતુભાઈ અને માનનીય સભ્યશ્રી પ્રો. મંગળભાઈ જે લાવ્યા હતા એ કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને થતા અન્યાય સામેના સંકલ્પ હતા. મને પાકી ખાતરી છે કે ગુજરાતની પ્રજાના આ અવાજમાં આ કોંગેસના ધારાસભ્યશ્રીઓને, વિપક્ષના નેતાશ્રીને એમનો અવાજ ન પુરાવવો પડે, કેન્દ્રની સરકારનો વિરોધ ન કરવો પડે એટલા માટે કોઈને કોઈ બહાનું કાઢી આજે સભાગૃહમાંથી જતા રહેવા માટેનું એમને પ્રયોજન કર્યુ છે, એ હાજર નથી, મને પાકો વહેમ છે કે ગુજરાતની નર્મદાની રાષ્ટ્રિય યોજના જાહેર કરવાની માગણીને આ વિરોધપક્ષના લોકો, કેન્દ્રની એમની જે સરકાર છે અહીંયાં તો વાતો ઘણી બધી કરે છે પણ ત્યાં જઈ સહેજ પણ બોલી શકતા નથી, કોઈ અવાજ ઊંચો કરી શકતા નથી, કોઈ રજૂઆત કરી શકતા નથી એટલે અહીંયાં બોલવુંએ ન પડે અને ત્યાં માગવુંએ પણ ન પડે એટલે ગુજરાતની પ્રજાને એવું બહાનું કાઢીને છટકી જવાય કે અમે તો લઠ્ઠાકાંડ થયો હતો એટલે જતા રહ્યા હતા. કોંગ્રેસીઓને હું પૂછવા માગું છું કે, લઠ્ઠાકાંડ અગત્યનો છે કે આપના માટે આ નર્મદા યોજના અગત્યની છે? એ નક્કી કરી લો. આપના માટે ગુજરાતની રૉયલ્ટી અગત્યની છે કે લઠ્ઠાકાંડ અગત્યનો છે?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા પણ આ સન્માનીય સભાગૃહ દ્વારા ચોક્કસ એની નોંધ લેશે કે ગુજરાતની વિકાસ માટેની, પ્રગતિ માટેની, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈનું જે કામ કરવાનું આયોજન છે એમાં વાત કરવાની હોય ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી એમ કહે છે કે અમે વિકાસ માટે તમારી સાથે જ છીએ તો

ત્યારે મારે એમને પૂછવું છે કે, કદાચ તેઓ વિરોધપક્ષની ઓફિસમાં બેસીને સાંભળતા પણ હશે તો મારે એમને કહેવું છે કે તમે ગુજરાતના વિકાસ સાથે હોવ, વિકાસ માટે ગુજરાતની સરકાર સાથે હોવ તો તમે બહાર રહીને પણ આ ઠરાવને અનુમોદન આપતું નિવેદન પ્રેસ મિડિયા મારફતે કરો તો જ ગુજરાતની પ્રજાને ખબર પડશે કે કેન્દ્રની સરકારના અન્યાય સામે ગુજરાતની વિધાનસભામાં જે ઠરાવ થયો એમાં વિરોધપક્ષ તરીકે કોંગ્રેસનો પણ સહયોગ છે. કેન્દ્રની સરકાર ગુજરાતને જે અન્યાય કરી રહી છે એની નોંધ ગુજરાતના કોંગ્રેસના વિરોધપક્ષે લીધી છે અને મારી તો એમને વિનંતી છે કે, જો તમે તૈયાર હોવ તો આપણે સાથે મળી દિલ્હી જઈ વડાપ્રધાનશ્રીની મુલાકાત કરી અને આ માગણી કરીએ અને તમે ખખડાવીને ત્યાં કહો કે ગુજરાતને અન્યાય થશે તો કોંગ્રેસ નહીં ચલાવી લે. આ કહેવાની તાકાત તમારી જો હોય તો મારી તમને વિનંતી છે કે, તમે આવો આપણે સાથે દિલ્હી જઈ, ગુજરાતને કેન્દ્રનો જે અન્યાય થઈ રહ્યો છે એનો વિરોધ કરી ગુજરાતની આ નર્મદા યોજનાને રાષ્ટ્રિય યોજના તરીકે સ્વીકારવા માટે સહયોગ કરો અને ક્રુડ ઑઈલની રૉયલ્ટીનો જે અન્યાય કર્યો છે એમાં પણ સહયોગ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, હું તમામ માનનીય સભ્યશ્રીઓને આભાર માનું છું કે ગુજરાતનો સૌથી વધુ અગત્યનો, ગુજરાતની પ્રજાને માટે સૌથી વધુ ઉપયોગી એવી નર્મદા યોજનાનો આ બહુહેતુક જે સંકલ્પ માનનીય પ્રો. મંગળભાઈ લાવ્યા છે અને સભ્યશ્રીઓ અહીયાં જે બેઠા છે એ અહીયાં નિવેદન કરીને કે અહીંયાં બેસીને સમર્થન કરી રહ્યા છે એ બધાનો ખૂબ આભાર માની આ સંકલ્પને મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને સરકારવતી સમર્થન જાહેર કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સંકલ્પનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૪.૫૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૦મી જૂલાઈ, ૨૦૦૯ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર તા. ૧૦મી, જુલાઈ, ૨૦૦૯**

**આષાઢ ૧૯, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮.૦૦ વાગે મળ્યું**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. પ્રશ્ન ક્રમાંક-૧, બાબુભાઈ શાહ.

# તારાંકિત પ્રશ્નો

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૧,શ્રી બાબુભાઈ.

**પ્રશ્ન ક્રમાંક ૯૨૭૮: માનનીય સભ્યશ્રીએ પોતાનો પ્રશ્ન મૂવ ન કર્યો.**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે પણ મેં આપને નવી સભામોકૂફી નોટિસ આપી છે. ભૂતકાળના (અંતરાય) આપની સાથે ગઈ કાલે આ બાબતની ચર્ચા કરી છે, એ ચર્ચા થવી જોઈએ, એ અમારી માગણી છે (અંતરાય) આ આટલી બધી સંવેદનશીલ બાબત છે (અંતરાય) તો મારે રજૂ કરવા માટેનું બીજું ક્યું પ્લૅટફૉર્મ રહેવાનું છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) પ્રશ્ન ક્રમાંક-૩ શ્રી રાકેશભાઈ શાહ. (આ તકે સભાગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાને ઊભા થઈ, લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત મોદી-અમીતના સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૩. શ્રી રાકેશભાઈ શાહ.

**અન્ય રાજયોમાં ગુજરાતી ભવન બાંધવા સરકારની સહાય**

***૯૩૮૩ શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) :માનનીય બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજયોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજય સરકારની સહાય યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે,
(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતી ભવનો બાંધવા કેટલી અરજી મળી, અને
(૪) તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?

**બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી :**

(૧) હા, જી.
(૨) ગુજરાત બહાર અન્ય રાજયોમાં વસતા ગુજરાતીઓએ રચેલી, નિયત પાત્રતા ધરાવતી અને નિયત શરતો પરિપૂર્ણ કરતી, સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હાલના મકાનના વિસ્તરણ માટે દશ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે.
(૩) ૧૫
(૪) ચાર ગુજરાતી સમાજોને સહાય મંજૂર કરેલ છે, બે ગુજરાતી સમાજોને નામંજૂર કરેલ છે. આઠ અરજીઓમાં પૂર્તતા કરવા જણાવેલ છે, જ્યારે એક અરજી વિચારણા હેઠળ છે.

**શ્રી રાકેશ શાહ** : (અંતરાય) (વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત, મોદી-અમીતના સતત સૂત્રોચ્ચાર વચ્ચે) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત બહાર વસતા ગુજરાતીઓની ચિંતા કરવી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારને હું અભિનંદન પાઠવું છું અને આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજનાનો ઉદ્દેશ્ય શું છે અને સહાય કયા ધોરણે આપવામાં આવે છે? છેલ્લા ત્રણ વર્ષમાં જે ગુજરાતી સમાજને સહાય આપવામાં આવી છે તે દરેકના પ્રોજૅકટનો ખર્ચ અને રાજય સરકારે આપેલ સહાયની ટકાવારી કેટલી અને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અરજીઓ મળી અને તેના ઉપર શું કાર્યવાહી કરી ?

**અધ્યક્ષશ્રી** : કેટલી અરજીઓ મળી.?

**શ્રી જયનારાયણ વ્યાસ** : (અંતરાય) (લઠ્ઠાના હપતા કોણ ખાય, મોદી-અમીત, મોદી-અમીતના સતત સૂત્રોચ્ચાર વચ્ચે) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત બહાર વસતા જે ગુજરાતીઓ છે એ ગુજરાતી સમાજ તરીકે પોતાની સાંસ્કૃતિક અને સમાજ સેવા લક્ષી પ્રવૃત્તિઓ સુપેરે કરી શકે તે માટે રાજય સરકારે રૂપિયા દશ લાખ સુધીની સહાય આપવા માટેનો નિર્ણય કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૨-૬-૨૦૦૦ના ઠરાવ ક્રમાંક : બનગ-૧૦૯૯/૬૪૮/એનઆરઆઈ અને ત્યારબાદ તા. ૧૫-૧૧-૨૦૦૦, તા. ૩૧-૧-૨૦૦૧ અને તા. ૨૭-૮-૨૦૦૮ના સમાનાંકિત ઠરાવોથી આ જોગવાઈ સુધારી નીચે મુજબ દશ લાખ રૂપિયા સુધીની સહાય કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર પ્રાંતમાં ગુજરાતી સમાજ સંસ્થાઓને ગુજરાતી ભવનનું બાંધકામ, તૈયાર મકાનની ખરીદી, હયાત મકાનના વિસ્તરણ માટે રૂપિયા દશ લાખ રૂપિયા અથવા બાંધકામ, ખરીદી, વિસ્તરણ ખર્ચના ૨૫ ટકા એ બેમાંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય, કોઈ પણ શહેર, નગર, ગામ કે જ્યાં સો કે તેથી વધુ ગુજરાતી કુટુંબો વસવાટ કરતા હશે એવા સ્થળોની ગુજરાતી સમાજ સંસ્થાઓને મળવાપાત્ર થશે. માનનીય અધ્યક્ષશ્રી, જે સ્થળોએ સો ગુજરાતી કુટુંબો વસવાટ ન કરતા હોય પરંતુ તેવા સ્થળોએ નોંધપાત્ર સંખ્યામાં ગુજરાતીઓ મુલાકાત લેતા હશે તેવા સ્થળોએ જો કોઈપણ ગુજરાતી સમાજ આવું ભવન બનાવવા/ કરવા માગતા હશે તો આ હેતુ માટે પણ સહાય આપવા સંબંધે સરકાર સ્વવિવેકાનુસાર નિર્ણય લઈ શકશે. આ બાબતે યોગ્ય નિર્ણય કરવાના હેતુથી સંબંધિત અધિકારી તેવા સ્થળની મુલાકાત લેશે અને જરૂરી ડેટા/ વિગતો મેળવી ત્યારબાદ મુલાકાતના આધારે તેમના તેમનો રિપૉર્ટ સહ-ભલામણ સરકારશ્રીને કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ સહાય મેળવવા માટેની પાત્રતા નીચે મુજબ છે.

(૧) જે સંસ્થાના બંધારણમાં મૂળ ગુજરાતની વ્યકિતઓને નાત, જાત કે ધર્મના ભેદભાવ વિના સભ્યપદ આપવાની જોગવાઈ હશે તેમને જ આ સહાય મળી શકશે. સંસ્થા જે તે રાજયના સંબંધિત કાયદા હેઠળ પબ્લિક ટ્રસ્ટ તરીકે નોંધાયેલી હોવી જોઈએ અથવા તો જો આવી સંસ્થા સોસાયટી હોય તો તે સખાવતી હેતુ માટે રચાયેલી હોવી જોઈએ અને જે તે રાજયના સંબંધિત કાયદા હેઠળ નોંધણી કરાયેલી હોવી જોઈએ.અને આવી સોસાયટી સબંધિત રાજયના પબ્લિક ટ્રસ્ટને લગતા કાયદા હેઠળ પબ્લિક ટ્રસ્ટ તરીકે ગણાતી હોવી જોઈએ. પાત્રતાનો ત્રીજો મુદ્દો જે સંસ્થાના હેતુઓ ગુજરાતની કલા, સંસ્કૃતિ, ભાષા, શિક્ષણ કે સામાજિક પ્રવૃત્તિનો હશે તેમને જ આ સહાય મળવાપાત્ર થશે. આ સહાય મેળવવા માટેની શરતો માનનીય સભ્યશ્રીએ જાણવા માગી છે તો આ સહાય મેળવવા માટેની શરતો નીચે મુજબ છે. (લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત ના સતત સૂત્રોચ્ચાર) સહાય મેળવવા માટે અરજી કરતી વખતે સંસ્થાનું બંધારણ અને પ્રવૃત્તિઓનો ટુંકસાર રજૂ કરવાનો રહેશે. સહાયથી બાંધવામાં આવેલ સમાજ ભવનનો ઉપયોગ મુળ ગુજરાતની કોઈપણ વ્યકિતને નાત, જાત ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાશે તેવી સ્પષ્ટ જોગવાઈ સંસ્થાના બંધારણમાં કરવામાં આવેલી હોવી જોઈએ. આ સહાય પરપ્રાંતમાં ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે અથવા તૈયાર મકાનની ખરીદી માટે અથવા હાલના મકાનના વિસ્તરણ માટે આપવામાં આવશે. કોઈપણ સંસ્થાને આ સહાય એક જ વખત મળવાપાત્ર રહેશે. સહાયની માગણી કરતી સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષના ઑડિટ હિસાબો સરકારને મોકલવાના રહેશે. સહાય મળી ગયા બાદ પણ જે તે સંસ્થાએ તેનો વાર્ષિક અહેવાલ નિયમિત રીતે સરકારને મોકલવાનો રહેશે. સહાય મેળવવા માટે અરજી કરતી વખતે સંસ્થાએ બાંધકામ, ખરીદી, વિસ્તરણના ખર્ચની ૭૫ટકા જેટલી રકમની વ્યવસ્થા પ્રથમ કરવાની રહેશે. રાજયની વ્યવસ્થા નકકી કરાશે તે મુજબ નકકર પુરાવા રજૂ કરવાના રહેશે ત્યારબાદ જ મળવાપાત્ર આર્થિક સહાય ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મંજૂર થયેલી સહાયની ૫૦ટકા રકમ સમાજ ભવનનું બાંધકામ લીન્ટલ લેવલ સુધીનું થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી અને બાકીની ૫૦ટકા રકમ બાંધકામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવામાં આવશે. ગુજરાતી સમાજ ભવનનું બાંધકામ, ખરીદી, વિસ્તરણની પ્રક્રિયા વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂરી કરવાની રહેશે. અનુદાન મેળવેલ પરપ્રાંતની ગુજરાતી સમાજ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૦ ગુજરાતી સમાજોને સહાય આપવામાં આવેલ છે અને તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જે અરજીઓ મળી છે એની વિગતો હું માનનીય સભ્યશ્રીને આપીશ. ( લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત ના સતત સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, બીજા સભ્યોને મારે તક આપવાની છે. આપનો જવાબ ટૂંકો રાખો. ચાર મિનિટ થઈ આપના જવાબમાં. બીજા પ્રશ્નો આવવાના છે. આ જ પ્રશ્નની અંદર. આપનો જવાબ ટૂંકો રાખો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, નામ આપું છું. માગ્યા છે એમણે.( લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત ના સતત સૂત્રોચ્ચાર)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય મંત્રીશ્રીએ જે વિધાનસભામાં જવાબ રજૂ કર્યો છે એમાંથી બે ગુજરાતી સમાજોની સહાયની અરજી નામંજૂર કરવામાં આવી છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે કુલ કેટલા રાજયોમાંથી અરજી આવી, એવું પણ બની શકે કે એક રાજયમાંથી બે કરતા વધારે પણ અરજીઓ આવી હોય. એટલે કુલ કેટલા રાજયમાંથી અરજીઓ આવી અને આ અરજીઓ નામંજૂર કરવાના કારણો કયા? ( લઠ્ઠાના હપ્તા કોણ ખાય? - મોદી-અમિત, મોદી-અમિત ના સતત સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી** : જે સભ્યશ્રીઓ વેલમાં આવે તેમને બહાર લઈ જવામાં આવે. વેલમાં આવશે તે સભ્યશ્રીઓને બહાર લઈ જવામાં આવશે. શ્રી અનિલભાઈ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે દેશની બહાર ગુજરાતીઓ વસે છે. દક્ષિણ આફ્રિકા એવા બીજા દેશોમાં એવા દેશોમાં આવા ગુજરાત ભવન બાંધવા માટે રાજ્ય સરકાર દ્વારા મદદરૂપ થવાની કોઈ યોજના છે કે કેમ? તેવી યોજના બનાવવાનું સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ જે યોજના છે તે ગુજરાતના જે ગુજરાતનીઓ રાજ્ય બહાર આ દેશમાં વસે છે તેના માટે છે. વિદેશમાંથી આ પ્રકારની કોઈ માગણી રાજ્ય સરકારને મળતી નથી. અત્યારે જે યોજના છે, તેનો હેતુ આ દેશમાં જુદા જુદા રાજ્યમાં જે ગુજરાતી સમાજ છે અને ત્યાંથી ગુજરાતીઓ વસે છે. તેમને ગુજરાતી ભવન અથવા તો તેની સંલગ્ન સવલતો ઊભી કરવા માટે સહાય પૂરી પાડવા પુરતી મર્યાદિત છે, એટલે વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે હાલના તબક્કે આવી કોઈ યોજના અમલમાં નથી.

( લઠ્ઠાના હપ્તા કોણ ખાય- મોદી, અમીત ના સૂત્રોચ્ચાર સતત ચાલુ )

(આ તબક્કે શ્રી પરેશભાઈ વસાવા વેલ ધસી આવતાં )

**અધ્યક્ષશ્રી** : પરેશભાઈ વસાવાને નેઈમ કરવામાં આવે છે. શ્રી પરેશભાઈ વસાવાને બહાર લઈ જાઓ. નેક્સ્ટ પ્રશ્ન ક્રમાંક-૪.

( આ તબક્કે સાર્જન્ટ દ્વારા શ્રી પરેશભાઈ વસાવાને ગૃહની બહાર લઈ જવામાં આવ્યા )

### રાજકોટ જિલ્લાની ભાદર-૨ યોજના

*** ૯૩૧૩ શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજકોટ જિલ્લાની ભાદર-૨ યોજના પૂર્ણ થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના દ્વારા તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા ગામોને પાણી પૂરું પાડવામાં આવે છે.

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) બંધના બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે, નહેરોના કામ પ્રગતિ હેઠળ છે.

(૨) ૧૭ (સત્તર) ગામોને પીવાનું પાણી તથા ડેમથી ઉપરવાસના ૫ (પાંચ) ગામોને ઉદ્‌વહન સિંચાઈથી પાણી પૂરું પાડવામાં આવે છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના પાછળ કેટલો ખર્ચ થયો અને હજુ કેટલો ખર્ચ કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જૂનાગઢ જિલ્લાના ગામોને પીવાનું પાણી અને સિંચાઈ આપતી આ વ્યવસ્થા માટે ભાદર ડેમ જુથ યોજના પર બંધ બનાવી છે અને એનાં કેનાલનાં કામ અત્યારે ચાલુ કરવામાં આવ્યાં છે અને અત્યાર સુધી આ યોજના પાછળ ૧૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલ છે.(અંતરાય) (સતત સૂત્રોચ્ચાર ચાલુ)

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાની ભાદર-૨ ડેમ આધારિત અન્ય કોઈ જુથ યોજના બનેલ છે કે કેમ? બીજો પ્રશ્ન ભાદર યોજનામાંથી પાણી ન મેળવતા બીજા ગામો કયાંથી પાણી મેળવે છે? (અંતરાય) ( આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ વેલમાં આવતા )

**અધ્યક્ષશ્રી** : ગ્યાસુદીનભાઈ શેખ, ભગવાનભાઈ બારડ જે સભ્યો વેલમાં આવે છે તેમને હું બહાર લઈ જવાનો આદેશ આપું છું. ગ્યાસુદીનભાઈ, રાજેન્દ્રસિંહ( અંતરાય) નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૫.

( આ તબક્કે શ્રી ગ્યાસુદીનભાઈ શેખ, પુનાભાઈ ગામીત, કિરણ મકવાણા, રાજેન્દ્રસિંહ પરમાર, હરીલાલ પટેલ વેલમાં ધસી આવતાં સાર્જન્ટ દ્વારા ગૃહની બહાર લઈ જવામાં આવ્યા. ) ( સતત સૂત્રોચ્ચાર ચાલુ)

### કચ્છ જિલ્લામાં મૅડિકલ કૉલેજની મંજૂરી

*** ૯૨૬૬ ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) કચ્છ જિલ્લામાં મૅડિકલ કૉલેજ સ્થાપવા સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ સંસ્થાને મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) કેટલી બેઠકો માટે મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત મૅડિકલ કૉલેજ ક્યારથી શરૂ કરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા,જી.

(૨) ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સીસ સોસાયટીને સરકાર સાથેની પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ એકમ તરીકે શરૂ કરેલ સંયુક્ત સાહસને મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) ૧૫૦ બેઠકો માટે રાજય સરકારશ્રી દ્વારા જરૂરી એસેન્શીયાલિટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

(૪) ભારત સરકારશ્રી દ્વારા લેટર ઑફ પરમીશન મળ્યે મૅડિકલ કૉલેજ શરૂ કરવામાં આવશે.

( લઠ્ઠાના પૈસા કોણ ખાય- મોદી અમીત ના સતત સૂત્રોચ્ચાર ચાલુ )

( આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા અને સભ્યશ્રી કાનજીભાઈ તળપદા વેલમાં આવતા તેમને સાર્જન્ટ દ્વારા ગૃહની બહાર લઈ જવામાં આવ્યા. )

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછવાનો બાકી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન સંભળાયો નથી તો ફરીથી પ્રશ્ન પૂછવા વિનંતી છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, મેડીકલ કૉલેજ કચ્છમાં આપવામાં આવી છે અને ૧૫૦ સીટો મંજૂર કરવામાં આવી છે. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપની અંદર અદાણી મૅડિકલ સાયન્સીસ સોસાયટીની રચના કરવામાં આવી છે. આ માટે સૌ પ્રથમ તો હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે વર્ષો પછી અમારી કચ્છની માગણી સંતોષાઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર જે રીતે મૅડિકલ ફૅસીલીટીનો અભાવ હતો આ મૅડિકલ કૉલેજ આવવાને લીધે સારા પ્રોફૅસરો આવશે, સારા ડૉકટરો આવશે અને જેના પરિણામે જે રીતે ડૉકટરોની અછત છે,

**(આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત ગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યોશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)**

કચ્છ એક દુર્ગમ વિસ્તાર છે અને જ્યાં કોઈ ડૉકટરો પણ આવવા માટે તૈયાર નથી થતા આવી સવા સો કરોડના ખર્ચે બનાવેલ હૉસ્પિટલ તે ભૂકંપ પછી એક મોટામાં મોટી ગીફટ હતી. આ અદાણી ઈન્સ્ટિટયૂટને જે મૅડિકલ કૉલેજ આપવામાં આવી છે. ઘણા વખતના પ્રયત્નો પછી એક સોશ્યલ રિસ્પોન્સિબીલીટી તરીકે આ મૅડિકલ કૉલેજ અદાણી ઈન્સ્ટિટયૂટે સ્વીકારી છે. તેના માટે હું અદાણી ગૃપને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આવી એક સોશ્યલ જવાબદારી કચ્છની વિકટ સમસ્યાને હલ કરવા માટે સ્વીકારી છે.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી આપ પ્રશ્ન પર આવો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પર આવું. ૧૫૦ સીટોની જે મંજૂરી આપવામાં આવી છે તેમાં મેનેજમેન્ટ કવોટા કેટલો છે? મેનેજમેન્ટ કવોટાની અંદર રાજય સરકારે કચ્છ માટે અને કચ્છ વર્ષોથી શિક્ષણમાં પછાત છ, બેકવર્ડ, બૉર્ડર એરિયા છે ત્યારે કચ્છના સ્ટુડન્ટસ માટે મેનેજમેન્ટ કવોટામાં કોઈ રીઝર્વેશન કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન કે જે બી.પી.એલ. કાર્ડ ધારકોને જે ફ્રી સારવાર આપવાનો જે નિયમ છે તેના ઉપરાંત જે ગરીબ અને આર્થિક રીતે પછાત લોકો છે જે બી.પી.એલ.કાર્ડમાં ન આવતા હોય પણ આર્થિક રીતે પછાત છે આવા લોકો માટે કોઈ સ્પેશ્યલ પેકેજ રાજય સરકાર આપવા માગે છે કે નહીં?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપ પછી કચ્છમાં નવસર્જનની પ્રક્રિયા શરૂ થઈ અને તેના ભાગરૂપે ૧૦૦ કરોડ રૂપિયાના જંગી ખર્ચે તત્કાલિન વડાપ્રધાનશ્રીએ કચ્છની જી.કે.જનરલ હૉસ્પિટલને પુર્નજીવિત કરીને એક અદ્યતન હૉસ્પિટલ બાંધવાનું ખાસ નજરાણું આપ્યું હતું. સાહેબ, આટલી સરસ હૉસ્પિટલ હોય , આટલી સરસ સવલતો સાથેનું બાંધકામ હોય અને આમ છતાંય તે બાંધકામ અથવા ત્યાં ઉપલબ્ધ સવલતોનો ઉપયોગ કરવા માટે પૂરતા ડૉકટરો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ ન હોય ત્યારે સભ્યશ્રીએ જે વાત કરી તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થાય તે વાત સાચી છે. પ્રશ્ન પૂછયા તેના જવાબમાં મારે બે ત્રણ વસ્તુઓ કહેવી છે. કચ્છની વર્ષોથી માંગણી હતી મૅડિકલ કૉલેજ આપવા માટેની. હું છેલ્લા બે દાયકાથી લોકપ્રતિનિધિ તરીકે કાર્યરત છું અને સતત બે દાયકાથી ઉત્તર ગુજરાત અને કચ્છને મૅડિકલ કૉલેજ આપવા માટે રાજય સરકારોને સતત વિનવણી કરતા રહયા હતા. ત્યારે આ કચ્છમાં મૅડિકલ કૉલેજ કરવાનો, ઉત્તર ગુજરાતમાં મૅડિકલ કૉલેજ કરવાનો ઐતિહાસિક નિર્ણય લઈને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉત્તર ગુજરાત અને કચ્છ બંનેના નાગરિકોને એમની ઘણા સમયથી વણ સંતોષાયેલ માગણી પૂરી કરવા માટેની દરકાર કરી છે. આ જે કૉલેજ છે, માનનીય સભ્યશ્રીએ કહયું તેમ અદાણી ઈન્સ્ટિટયૂટને આપવામાં આવી છે. તેમાં મારે નાનો સુધારો કરવો છે. ગુજરાત સરકાર અને અદાણી ઈન્સ્ટિટયૂટ ઑફ મૅડિકલ સાયન્સીસ આ બેના સંયુક્ત સાહસ તરીકે જી.એ.એમ.આઈ.સી. ગુજરાત અદાણી મૅડિકલ ઈન્સ્ટિટયૂટ ઑફ મૅડિકલ સાયન્સ એ રીતનું સંયુક્ત સાહસ છે. એ સંયુક્ત સાહસના ભાગરૂપે અમે આ કૉલેજ મંજૂર કરવા માટેનું એસેન્શીયાલિટી સર્ટિફિકેટ તા. ૨૩-૯-૨૦૦૮ના રોજ આપ્યું હતું. હું આ તારીખ એટલા માટે આપવા માગું છું કે આ તારીખ પરથી ખ્યાલ આવે કે હજુ ૨૦૦૯નો સપ્ટેમ્બર મહિનો આવ્યો નથી, એક વર્ષ કરતાં ઓછા સમયમાં એમસીઆઈની ફોર્માલિટીથી માંડીને બધી જ પ્રક્રિયામાંથી પસાર થઈને મને આપને અને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે તારીખ ત્રીજી જુલાઈ ૨૦૦૯ના રોજે મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા અને ભારત સરકારની મંજૂરી સાથેનો લૅટર ઑફ ઈન્ટેન્ટ આ કૉલેજ શરૂ કરવા માટે આપી દેવામાં આવ્યો છે. આ પણ એક રૅકૉર્ડ છે. બાર મહિના કરતાં ઓછા સમયમાં આ કૉલેજ શરૂ કરવા માટેની મંજૂરી મળી જાય અને હવે બેંક ગેરંટી આપશે એટલે લૅટર ઑફ કોમેન્સમેન્ટ પણ આપી દેવામાં આવશે એટલે રેકૉર્ડ સમયમાં કચ્છમાં મૅડિકલ કૉલેજ શરૂ કરવાનું કામ આરોગ્ય વિભાગે અને સાથે સંલગ્ન સંસ્થાઓએ ભેગા થઈને કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એડમિશન અંગેની વાત કરી ત્યારે મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે, આ જે મૅડિકલ કૉલેજ છે એ કચ્છમાં શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી સાથે જોડાણ મેળવીને સ્થાપવામાં આવેલી મૅડિકલ કૉલેજ છે એટલે એની સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા એ સેન્ટ્રલી જે ગુજરાત રાજયમાં જે મેરિટ

પ્રથા પ્રમાણે પ્રવેશ આપવામાં આવે છે એને આધિન રહેશે એટલે ૭૫ ટકા પ્રવેશ જે આજે પણ આર.જે. શાહ સમિતિ દ્વારા  નિયંત્રિત છે એ રીતે આ પ્રવેશ પણ આર.જે.શાહ સમિતિ દ્વારા નિયંત્રિત રહેશે અને બાકીનો ૧૫ ટકા એનઆરઆઈ અને ૧૦ ટકા મેનેજમેન્ટ કવોટા એ રીતે પ્રવેશ નિર્ધારિત કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ફીને લાગેવળગે છે ત્યાં સુધી ફી નક્કી કરવાની પણ સ્વાયત્તા આ સંસ્થા પાસે નથી. આ સ્વાયત્તા એની પાસે નહીં રહેતાં આર.જે. શાહ સમિતિ જે ફીના ધોરણો નક્કી કરે એ ધોરણો મુજબ આ પ્રવેશ અને આ કોલેજમાં એડમિશન અને ફીના ધોરણો નિર્ધારિત રહેશે એટલે ગુજરાતના વિદ્યાર્થીઓને જે અત્યાર સુધી જવું પડતું હતું એના બદલે ૧૫૦ સીટની કેપેસીટીવાળી મૅડિકલ કૉલેજ આ સાલથી, એટલે ચાલુ શૈક્ષણિક વર્ષથી કચ્છમાં પ્રવેશ શરૂ કરશે. એ માટે મારે કચ્છના સૌ સન્માનનીય લોકપ્રતિનિધિશ્રીઓને, મારા સાથી ધારાસભ્યશ્રીઓને અભિનંદન આપવા છે  અને એક જ વર્ષમાં આ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી શકીશું. આરોગ્ય વિભાગના મંત્રી તરીકે મને એનો સંતોષ છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી માનનીય સભ્યશ્રીએ આ હોસ્પિટલમાં સારવારના ધોરણો અંગેની ચિંતા કરી, મને લાગે છે કે એ સ્વાભાવિક છે કે લોકપ્રતિનિધિએ સામાન્ય વર્ગના દર્દીઓની ચિંતા કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને કહેવું છે કે, આ જે જી.કે. જનરલ હૉસ્પિટલ છે એની ક્ષમતા વધારીને ૭૫૦ પથારીની કરવામાં આવશે. એટલે પહેલી વાત તો ક્ષમતા વધશે ત્યાર પછી અત્યારે ડૉકટરોની ઉપલબ્ધી નથી એ ડૉકટરોની ઉપલબ્ધી ટીચીંગ હૉસ્પિટલ બનશે એટલે દરેક વિભાગના ડૉકટરો અને દરેક વિભાગ ઉપલબ્ધ બનશે એટલે એ પણ ઉપલબ્ધ બનશે. મૅડિકલ કૉલેજને જ્યારે જ્યારે આપણે જોઈએ ત્યારે એની સાથે જોડાયેલ ટીચીંગ હૉસ્પિટલને સાથે લઈને જોવી જોઈએ. ટીચીંગ હૉસ્પિટલને બાજુ પર મૂકીને મૅડિકલ કૉલેજ એક પણ વિચારવાનું યોગ્ય નથી અને એ ટીચીંગ હોસ્પિટલમાં નીચેની શરતોએ ગરીબ દર્દીઓને સારવાર આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. બીપીએલ કાર્ડધારક દર્દીઓને રાજયની અન્ય સિવિલ હૉસ્પિટલના ધોરણે મફત સારવાર આપવામાં આવશે અને બીપીએલ કાર્ડ ન ધરાવતા હોય તેવા ગરીબ દર્દીઓને સી.ડી.એમ.ઓ. સ્વવિવેક અનુસાર નિ:શુલ્ક સેવાઓ આપી શકશે, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે એનો જવાબ એ છે કે બીપીએલ યાદીમાં હશે તો મળશે જ પણ બીપીએલ યાદીમાં ન હોય  એવા ગરીબ દર્દીઓને પણ ચીફ ડિસ્ટ્રિક્ટ મૅડિકલ ઑફિસર સ્વવિવેક અનુસાર એમને નિ:શુલ્ક સેવાઓ આપવાનું નક્કી કરી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, આ હૉસ્પિટલ જેની પાસે આવતા તમામ મેડિકોલિગલ અને પોસ્ટમોર્ટમના કેસોમાં, નિ:શુલ્ક એમ્બ્યુલન્સ સેવા અને વૈદકીય સારવાર આપશે. માનનીય અધ્યક્ષશ્રી, જેલ સત્તાવાળાઓ દ્વારા મોકલવામાં આવેલ જેલ કેદીઓને નિ:શુલ્ક વૈદકીય સારવાર અપાશે. આ હોસ્પિટલોએ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમો પણ ફરજના ભાગરૂપે મુકવાના રહેશ. જેવા કે આર.સી.એચ. સેવા, પલ્સ.પોલિયો, રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ, ગ્રામીણ આરોગ્ય મેળા, વિકલાંગતા પ્રમાણપત્ર શિબિરો, પેરાપ્લેઝીયા પેન્શન યોજના, રસીકરણ, મેલેરિયા નિયંત્રણ, રાષ્ટ્રીય એઈડસ નિયંત્રણ (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, મારે બીજા સભ્યોને પણ ચાન્સ આપવાનો હોય છે માટે જવાબ તમે ટૂંકમાં આપો કેમ કે, એક જ પ્રશ્નના જવાબમાં તમારો સમય વધારે જાય છે.

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં હું કહું કે, જે રાજયની સીવીલ હોસ્પિટલમાં જે ગરીબ દર્દીઓને સેવાઓ મળે છે એ સેવાઓ આ હોસ્પિટલમાં પણ ઉપલબ્ધ બનશે.

## સભ્યશ્રીઓને નેઈમ કરવા માટેની દરખાસ્ત અને સસ્પેન્શનનો પ્રસ્તાવ

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)**  : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિપક્ષના સભ્યશ્રીઓએ જે અહીંયા એમનું વર્તન કર્યું છે અને જે પરિસ્થિતિ કાબૂ બહાર જતાં સભ્યશ્રીઓએ જે ગેરવાજબી રીતે અથવા તો કાયદા વિરૂધ્ધ આપણા જે હાઉસના સંચાલનના નિયમો છે એના વિરૂધ્ધ વેલની અંદર જે સભ્યશ્રીઓએ પ્રવેશ કર્યો છે અને આપે પણ એને બહાર લઈ જવાનું કહયું છે એવા માનનીય ૧૧ સભ્યશ્રીઓ જેઓને આપે પણ કહ્યું હતું એને નેઈમ કરવાની હું દરખાસ્ત કરું છું.

(૧) શ્રી મહેન્દ્રસિંહજી વાઘેલા
(૨) શ્રી ગ્યાસુદીન શેખ
(૩) શ્રી કાનજીભાઈ તળપદા
(૪) શ્રી ખુમાનસિંહ ચૌહાણ
(૫) શ્રી પ્રભુભાઈ વસાવા
(૬) શ્રી દેવજીભાઈ ફતેપરા
(૭) શ્રી મોહનસિંહ રાઠવા
(૮) શ્રી જીતુભાઈ ચૌધરી
(૯) શ્રી પરેશભાઈ વસાવા
(૧૦) શ્રી મહંમદજાવીદ પીરઝાદા
(૧૧) શ્રી પુનાભાઈ ગામીત

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સભ્યશ્રીઓના મેં નામ આપ્યા છે એમાં આપે ગઈ કાલે જેમણે સભાગૃહમાં ગેર શિસ્ત અને તોફાન કર્યું હતું એમને સમસ્ત સત્ર માટે બરતરફ કર્યા છે પણ માનનીય અધ્યક્ષશ્રી, આટલા

સભ્યશ્રીઓને મંગળવાર સુધી શુક્રવાર, સોમવાર અને મંગળવાર એમ ત્રણ દિવસ માટે નેઈમ કરવાની હું દરખાસ્ત કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈની દરખાસ્તને હું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** નિયમ-૫૨ નીચે જે નામો સાથે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈએ જે દરખાસ્ત મૂકી છે અને શ્રી નીતિનભાઈએ જેને સમર્થીત કરી છે તેને હું મત માટે મૂકુ છું જેઓ સમર્થનમાં હોય તેઓ હા કહે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** મેં ગઈ કાલે કહ્યું હતું અને આજે પણ ફરીથી રિપીટ કરું છું કે, વેલમાં આવી જવું એ ગેરશિસ્ત છે અને ગઈ કાલે મેં મારા રૂલિંગમાં કહ્યું હતું કે આપણે ત્યાં આવી ઘટનાઓ બની ત્યારે શ્રી ધીરૂભાઈએ સમગ્ર દેશના લોકસભાના તત્કાલિન અધ્યક્ષશ્રી બાલયોગીને એક પત્ર લખીને એક કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ કોન્ફરન્સના આયોજનમાં સંસદ અને રાજય વિધાનમંડળોમાં શિસ્ત અને ગરીમા જળવાય એ માટે અખિલ ભારતીય પરિષદ મળી હતી અને ૨૫ નવેમ્બર ૨૦૦૧ના રોજ એનો અહેવાલ આવ્યો હતો. આજની ઘટનાને શ્રીમતી સોનિયા ગાંધી, યુ.પી.એ.ના ચેરપર્સને એમાં જે પ્રવચન કર્યું હતું અને જે આગ્રહપૂર્વક કહ્યું હતું તે આ પ્રમાણે હતું, " To minimize the disruption there must be absolute ban on entering the well of the House and automatic enforcement of strict disciplinary action in the event of this fundamental rules being breached. I strongly feel that any disturbance during President's Address should not be allowed.એટલે જ્યારે પ્રૅસિડેન્ટ એડ્રેસ હોય તે પણ, કારણકે આ ઘટના તે વખતે બની હતી એટલે એમણે એના ઉપર કહ્યું, પણ વેલમાં આવી જવું, એ સ્ટ્રીક્લી ડિસિપ્લીનનો ભંગ છે, ગઈકાલે પણ આ થયું હતું ત્યારે પણ મેં કહ્યું હતું અને આજે પણ મેં ફરીથી કહ્યું હતું, અને આજે વિધાનસભા ગૃહના પ્રવેશદ્વારના ચાર મેઈન ગેટ ઉપર કાચ તોડવાની પણ ઘટના બની છે, વિધાનસભા ગેટ ઉપર મૂકવામાં આવેલા કાચ પૈકી કેટલા ગેટ ઉપર કાચ તોડવાની ઘટના બની છે એની તપાસનો આદેશ સાર્જન્ટને આપું છું અને સાર્જન્ટ તેનો રિપૉર્ટ કરશે, ગઈકાલે પણ મેં કહ્યું હતું કે, આ સભાગૃહની અંદર માઇક તોડવાની જે ઘ ટનાઓ બની હતી, આ સભાગૃહની મિલકત એ સાર્વજનિક છે, ગુજરાતની પ્રજાની છે, આપણે લોકપ્રતિનિધિ તરીકે જ્યારે આ સભાગૃહમાં આવીએ છીએ ત્યારે સમગ્ર સાર્વજનિક મિલકતોને સાચવવાની આપણી જવાબદારી છે, આપણે લોકપ્રતિનિધિ તરીકે આવીએ છીએ ત્યારે અને આપણે ગાંધી વિચારધારાને વરેલા છીએ, ટ્રસ્ટીશીપની ભાવના સાથે જોડાયેલા છીએ અને એ જ સભ્યો જ્યારે આ સભાગૃહની અંદર બેઠાં હોય ત્યારે એનું વર્તન જવાબદારી પૂર્વકનું હોય અને પ્રજાની મિલકતને કોઈ નુકસાન કરતું હોય તો લોકપ્રતિનિધિની એ ફરજ રહે છે કે એને રોકવું પરંતુ લોકપ્રતિનિધિ પોતે જ જ્યારે એ મિલકતને નુકસાન કરતા હોય ગઈકાલે માઇક તોડ્યા અને મારે વસૂલાતના હુકમો કરવા પડ્યા અને આજે ફરીથી કાચ તોડ્યાની મને માહિતી મળી છે ત્યારે હું એની સંપૂર્ણ તપાસ કરવાનો સચિવશ્રીનો આદેશ આપું છું અને સચિવશ્રીનો અહેવાલ આવશે ત્યારે હું તુરત જ પગલાં ભરીશ, જ્યારે આ ગૃહમાં આ પ્રકારની ઘટનાઓ વારંવાર બનાવવાનો પ્રયાસ વિપક્ષ દ્વારા થઈ રહ્યો છે ત્યારે હું તેમને ફરીથી અપીલ કરું છું કે, સભાગૃહમાં શિસ્ત, સંયમ અને સંવેદનાઓની સાથે, સંસદીય પરંપરાઓના જે ઉચ્ચતમ માર્ગદર્શક સિદ્ધાંતો છે અને આપણા સભાગૃહના નિયમો છે, એ નિયમો પ્રમાણે કરીશું તો જ એ ચાલશે, આજે નિયમ-૫૨ નીચેના પગલાંની જે દરખાસ્ત મૂકી છે, એ દરખાસ્ત હું સ્વીકારું છું અને ફરીથી અપીલ કરું છું વિપક્ષના નેતાશ્રીને,એમના માટે મારે બીજા પણ મારા અવલોકન કહેવા છે, એ અવલોકન એ છે કે, વિપક્ષના નેતા પોતે સંસદીય બાબતોના ખૂબ આગ્રહી છે અને છેલ્લા બે દિવસથી હું જોઉં છું કે મારી સાથે આંખમાં આંખ મિલાવીને ઊભા રહી શકતા નથી, પણ જે આચાર સંહિતા નક્કી કરવામાં આવી છે, આચાર સંહિતાનું જે મોડેલ મળ્યું છે એમાં, આચાર સંહિતાના ભંગના કિસ્સામાં અધ્યક્ષશ્રી કે ગૃહ પરિસ્થિતિ મુજબ નીચે મુજબની સજા કે દંડ લાદી શકે છે. (૧) ચેતવણી આપવી, જે મેં ગઈકાલે આપી હતી અને આજે પણ, (૨)ઠપકો, સીધો ઠપકો આપવો, ગૃહમાંથી દૂર કરવા, કોઈ ખાસ સમયગાળા પૂરતી ગૃહમાંથી ફરજ મોકૂફી કરવી અને ગૃહને યોગ્ય લાગે તે સજા કરવી અને બીજી એક વસ્તુ એવી છે કે, ક્યારેય આપણે અધ્યક્ષશ્રીની સામે પીઠની કરીને ઉભા રહયા નથી. આપણા નિયમોમાં પણ છે કે વિધાનસભાના અધ્યક્ષશ્રીની સામે પીઠ રાખીને ઉભા રહેવું જોઈએ નહિ, એ આમાં બહુ સ્પષ્ટ છે, ભાગ-૨ ની અંદર, જ્યારે અધ્યક્ષશ્રીને સંબોધતા હોય ત્યારે પોતે અધ્યક્ષશ્રીની સામે રહે, અહીંયા બે દિવસથી હું જોઉં છું કે, ગૃહના વિરોધપક્ષના નેતા એ મારી સામે પીઠ ફેરવીને ઉભા રહે છે, મને લાગે છે કે આ સંસદીય આદરને ખૂબ નુકસાન કરનારું છે, આ મારું અપમાન એ અધ્યક્ષના પદનું અપમાન છે અને અધ્યક્ષશ્રીના પદનું અપમાન એ વ્યકિતગત અશોક ભટ્ટનું અપમાન નથી, પરંતુ અધ્યક્ષના પદની ગરીમા જાળવવાની જવાબદારી આ સભાગૃહના પ્રત્યેક સભ્યની છે, ત્યારે વિપક્ષના નેતા એ ગૃહની ખૂબ જવાબદારીભર્યુ સ્થાન ધરાવતા હોવાના કારણે હું એમનું ધ્યાન દોરવા માગું છું કે, એમણે જે કંઈ કહેવું હોય અથવા આ સભાગૃહમાં આવવું હોય ત્યારે અધ્યક્ષ તરફ પીઠ રાખીને ઉભા રહેવાના જે પ્રયાસો કરે છે એ યોગ્ય નથી અને સંસદીય આદરને અનુરૂપ નથી. નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક-૬,

# તારાંકિત પ્રશ્નો (ક્રમશઃ)

## પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ગામો

*** ૯૨૬૩ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) મૂળ યોજનામાં ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, છેલ્લાં બે વર્ષમાં કોઈ ગામનો વધારો કરવામાં આવેલ નથી.

(૨) યોજનાનું બાંધકામ પૂર્ણ કરી હાલ ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે.

(૩) ક્રમશઃ પાણી પુરવઠો ચાલુ કરી તારીખ ૧૫-૦૮-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં મને જે માહિતી જોઈતી હતી તે બધી મળી ગયેલ છે એટલે હું માનનીય મંત્રીશ્રી અને સરકારનો આભાર માનું છું અને મારે પ્રશ્ન પૂછવો નથી. આભાર.

## ઓકટ્રોયના વિકલ્પે મહાનગરપાલિકાને ગ્રાન્ટ

*** ૯૩૮૦ શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ઓકટ્રોય નાબૂદ થવાને કારણે રાજય સરકાર દ્વારા મહાનગરપાલિકાઓને ગ્રાન્ટ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી રકમની ગ્રાન્ટ આપવામાં આવે છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) વાર્ષિક રૂપિયા ૧૮૨૫ કરોડ

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ઓકટ્રોય જ્યારે મહાનગરપાલિકાઓમાં હતી ત્યારે રોજબરોજનો વહીવટ અને ઓપરેશનોના મેઈન્ટેનન્સ માટે તે ઓકટ્રોયની આવતી રકમ ખૂબ ઉપયોગી હતી અને દર વર્ષે ઓકટ્રોયની રકમ ઉત્તરોત્તર વધતી જતી હતી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ઓકટ્રોયની જે આ ગ્રાન્ટ આપવામાં આવે છે તેના ધોરણો શું છે? અને બીજું, કે જે કોર્પોરેશનની અંદર ઓકટ્રોયમાં જે આવકનો ગ્રોથ વધતો જતો હતો તે ગ્રોથ પ્રમાણે ગ્રાન્ટ વધારવામાં આવે છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં ઘણાં ઓછાં રાજયોએ જે કામ કર્યુ છે તે કામ આ સરકારે કર્યુ છે. નગરપાલિકાઓમાં અને મહાનગરપાલિકાઓમાં અને જે ગામડાંમાં ગ્રામ્ય વિસ્તારમાં ઓકટ્રોય લેવાતી હતી તે તમામ ત્રણેય સ્તરો ઉપરથી ઓકટ્રોય નાબૂદીનું કામ તે પ્રગતિશીલ અને વિકાસશીલ પગલાં તરીકે પ્રજાને, વેપારીઓને, ટ્રાન્સપોર્ટરોને બધાને સરળતા થાય તે રીતે આ રાજય સરકારે અમલમાં મૂક્યું છે. મહાનગરપાલિકાઓમાંથી ૧૫-૧૧-૦૭ના દિવસથી ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી છે અને માનનીય અધ્યક્ષશ્રી, અને જ્યારે ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી ત્યારે ગુજરાતની જે સાત મહાનગરપાલિકાઓ છે તે સાતે મહાનગરપાલિકાઓની તે વર્ષની ઓકટ્રોય નાબૂદ કર્યા તારીખ સુધીના સમય ગાળાની જે તેમની જકાતની ઓકટ્રોયની મહાનગરપાલિકાઓની આવક હતી તે આવકની સરેરાશ પ્રમાણે દરેક મહાનગરપાલિકાઓને ઓકટ્રોયની મદદ રાજય સરકાર તરફથી નિયમિત રીતે આપવામાં આવે છે. અને હું આપને કહું, આ સભાગૃહને કહું કે ૧૫-૧૧-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ સુધી એટલે ગયા નાણાંકીય વર્ષ સુધી કુલ ૬૭૫ કરોડ રૂપિયાની માતબર રકમની ગ્રાન્ટ આ સાત મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબૂદી વળતર પેટે ચૂકવી આપી છે. બીજો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે તેમાં કોઈ વધારો કરવા માગો છો કે કેમ ? તો માનનીય અધ્યક્ષશ્રી, અત્યારના તબક્કે જે તે વખતે નક્કી થયેલી ફોર્મ્યુલા પ્રમાણે જે મહાનગરપાલિકાઓને જે ગ્રાન્ટ ચૂકવવા પાત્ર થતી હોય તે પ્રમાણે ચૂકવવામાં આવે છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ના તારીખ:૩૦-૬-૨૦૦૯ સુધીમાં કુલ કેટલી ગ્રાન્ટ સરકાર દ્વારા મહાનગરપાલિકાઓને ફાળવવામાં આવેલ છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે ૬૭૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ સાતે મહાનગરપાલિકાઓને તેમના ધોરણો પ્રમાણે, તેમની જે આવકની સરેરાશ હતી તે પ્રમાણે ચૂકવી આપવામાં આવી છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, દરેક મહાનગરપાલિકાઓને તેમની ઓકટ્રોયની આવકના ધોરણો પ્રમાણે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તો તેમાં વસતિનું ધોરણ માન્ય રાખવામાં આવ્યું છે કે કેમ ? અને અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જે સાત મહાનગરપાલિકાઓ છે તેમને કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઓકટ્રોયના નાબૂદી સામે સરકાર તરફથી જે સહાય આપવામાં આવે છે તેમાં વસતિનું કોઈ ધોરણ તે ફોર્મ્યુલામાં રાખવામાં આવ્યું નહોતું મેં અગાઉ કહ્યું તે પ્રમાણે જ્યારે ઓકટ્રોય નાબૂદ કરી તે વર્ષના, નાણાંકીય વર્ષના તે સમય ગાળાની જે તે મહાનગરપાલિકાની જે આવક હતી.એ આવકની સરેરાશ કાઢીને સાતેય મહા નગરપાલિકાઓને એ રકમ આપવામાં આવે છે. એટલે કે જે મહા નગરપાલિકા જે તે વખતની ઓકટ્રોયની સાચી આવક, જે ખરેખરી આવક મેળવતી હતી એને અમે આધાર બનાવ્યો છે. એટલે એનાથી વધુ સારી રીતે એમની નાણાકીય સ્થિતિને મદદરૂપ થઈ શકાય. બીજો પ્રશ્ન સભ્યશ્રીએ પૂછયો કે કેટલી રકમ અત્યાર સુધીમાં ફાળવી આપવામાં આવી છે, તો અમદાવાદ મહા નગરપાલિકાને અત્યાર સુધીમાં ૧૨૬૮ કરોડ ૪૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સુરત મહા નગરપાલિકાને ૮૭૬ કરોડ અને ૪૦ લાખ ફાળવવામાં આવ્યા છે. વડોદરા મહા નગરપાલિકાને ૩૯૦ કરોડ અને ૪ લાખ ફાળવવામાં આવ્યા છે. રાજકોટ મહા નગરપાલિકાને ૧૫૫ કરોડ ૯૬ લાખ ફાળવવામાં આવ્યા છે. જામનગર મહા નગરપાલિકાને ૪૦ કરોડ ૮૮ લાખ ફાળવવામાં આવ્યા છે. ભાવનગર મહા નગરપાલિકાને ૪૨ કરોડ ૮૪ લાખ ફાળવવામાં આવ્યા છે. જૂનાગઢ મહા નગરપાલિકાને ૨૫ કરોડ ૪૮ લાખ ફાળવવામાં આવ્યા છે. એટલે આ રીતે ૨૮૦૦ કરોડ જેવી માતબર રકમ આ બે વર્ષના ગાળામાં મહા નગરપાલિકાને ઓકટ્રોય વળતર પેટે રાજય સરકારે મદદરૂપ થઈને આ ગ્રાન્ટ ફાળવી છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે ઓકટ્રોયના વિકલ્પે આટલી મોટી રકમ ફાળવીને મહા નગરપાલિકાના વિકાસના કામો ચાલે છે. અમદાવાદને જે રકમ મળી તેની જાણકારી મને જવાબમાંથી પ્રાપ્ત થઈ ગઈ છે, પરંતુ એ રકમ કોઈ યોજના અંતર્ગત મળતી હોય તો, એ કોઈ યોજના હોય, તો એની માહિતી માનનીય મંત્રીશ્રી આપશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** આ નકકી કરેલ ફોર્મ્યુલા પ્રમાણે દર વર્ષે ત્રિમાસિક ગ્રાન્ટના હપતામાં આ રકમ ચૂકવીએ છીએ. મને કહેતાં આનંદ થાય છે કે આ સમયગાળા દરમ્યાન મોટા ભાગની ગ્રાન્ટ આપણે મહા નગરપાલિકાઓને એડવાન્સમાં ચૂકવીએ છીએ. એવું નહીં કે એમને ઓકટ્રોય લેવાનો સમયગાળો પૂરો થાય એટલે રાજય સરકાર ગ્રાન્ટ ફાળવે, પણ આગોતરું આયોજન કરીને બજેટમાં જોગવાઈ કરીને એડવાન્સ રકમ મહા નગરપાલિકાને આપણે ચૂકવી આપીએ છીએ.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરોને જે ગ્રાન્ટ આપવામાં આવે છે એમાં વખતોવખત વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મહાનગરપાલિકાઓને જે ઓકટ્રોય વળતર આપવામાં આવતું હતું, એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગયા મહિને જ ગુજરાતના વિકાસ માટે, શહેરી વિસ્તારો માટે ધ્યાન કેન્દ્રિત કરીને ગ્રાન્ટ આપવાની મોટી મોટી રકમની યોજનાઓ જે અમલમાં મૂકી છે, એના ભાગરૂપે નગરપાલિકાઓને જે ઓકટ્રોય વળતર આપવામાં આવતું હતું, એમાં સુધારો કરીને વધારો આપ્યો છે. મહા નગરપાલિકા માટે હજુ કોઈ નિર્ણય કર્યો નથી. એ અંગેની વિચારણા ચાલી રહી છે

## અંબાજી ખાતે પ્રવાસનલક્ષી સુવિધાઓ

***૯૩૦૬ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંબાજી ખાતે પ્રવાસનલક્ષી સવલતો ઉભી કરવા અંગેની કાર્યવાહી થઈ રહેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

(૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે?

**પ્રવાસન મંત્રીશ્રી:**

(૧) હા,જી

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ એક વર્ષમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.
દર્શન પથ, કલાત્મક પ્રવેશ દ્વાર, નૃત્ય મંડપનું કામ, હવનશાળાની કામગીરી, માન સરોવરના જીર્ણોદ્ધારની કામગીરી પૂર્ણ થયેલ છે. અંબાજી મંદિર ઉપર વિવિધ રંગોથી સ્થાપત્યની વિશિષ્ટતા ઉપસી આવે અને યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે તેવી રોશનીની કામગીરી પૂર્ણ

થયેલ છે. ચાચર ચોક વિસ્તૃતિકરણ, ગબ્બર ટોચ વિસ્તૃતીકરણ, ૫૧ શકિતપીઠ દર્શન, પરિક્રમાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ૨૦૦ બેડની હોસ્પિટલની કામગીરી શરૂ થઈ છે.

(૩) યાત્રાળુઓ માટે નીચે મુજબની સવલતો ઉભી થનાર છે.

યાત્રાળુઓ માટે આંતર માળખાકીય સુવિધાના વિકાસ કામો જેવા કે રસ્તા, વીજળી, ડ્રેનેજ તથા યાંત્રિક યાત્રાળુઓ માટે જાહેર સુલભ શૌચાલય, પીવાનું પાણી, યાત્રી નિવાસ, યાત્રી માહિતી સુવિધા સંકુલ જેવી સવલતો ઉભી થનાર છે. આ ઉપરાંત સર્વગ્રાહી અભ્યાસ કરી એક અદ્યતન મેઘા પ્રોજેકટ સ્વરૂપે તેના વિકાસનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ગબ્બર પરીક્રમાનો વિકાસની સાથે એડવેન્ચર ટુરીઝમની યોજનાઓ કરવાના છે. હેલ્થ અને વેલ બીઈંગનું લકઝરી રીસોર્ટ ઉભું કરવાનું આયોજન છે. યોગ અને ધ્યાન કુટીરો પણ ઉભી કરવામાં આવશે. અંબાજીને ટેમ્પલ ટાઉન તરીકે રાખી ટુરીઝમ ફાઈનાન્સ કોરપોરેશન ઓફ ઈન્ડિયા, (ભારત સરકારની સંસ્થા)ને સમગ્ર આયોજન કરવા માટે કામ આપવામાં આવેલ છે.

અંબાજીને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર મૂકવા માટે એરપોર્ટ ઉભું કરવા ૧૭૫ એકર જમીન રાજયના નાગરીક ઉડ્યન વિભાગને હવાલે મૂકવામાં આવી છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંબાજીમાં ૩૧/૫/૦૯ની સ્થિતિએ શું કામગીરી કરવામાં આવી અને ભવિષ્યમાં સુવિધાઓ માટે શું શું આયોજન છે?

**શ્રી જયનારાયણ વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે આપના થકી કહેવું છે કે સામાન્ય રીતે ૧૫ ઓગષ્ટ કે ૨૬ જાન્યુઆરી જે જિલ્લામાં ઉજવાય છે તે જિલ્લાના વિકાસને એક ઝડપી ગતિ મળે તે પ્રકારનું આયોજન આપોઆપ એની આજુબાજુ ગોઠવાઈ જતું હોય છે. મારે સભ્યશ્રીને કહેવું છે કે આ વખતે બનાસકાંઠામાં ૧૫મી ઓગષ્ટની ઉજવણીનું માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમનું આયોજન ગોઠવાયું, એના પગલે પગલે અંબાજીમાં જેની વર્ષોથી ચર્ચાઓ ચાલતી હતી એ અંબાજીમાં હવાઈ પટ્ટી બનાવવા માટેની એરપોર્ટ બનાવવા માટેની યોજનાનો આપણે આ વખતે સમાવેશ કર્યો છે. અંબાજીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર મૂકવા માટે ૧૭૫ એકર જમીન રાજયના નાગરિક ઉડ્યન વિભાગને હવાલે મૂકવામાં આવી છે. ત્યારપછી લગભગ, હું વાંચીશ નહીં, પણ ૧૦૨ જેટલાં વિકાસનાં કામો જુદી જુદી સવલતો ઉભી કરવા માટે ૨૦૦૮-૦૯ માં હાથ ધરવામાં આવનાર છે અને કામો એની પ્રગતિના વિવિધ તબકકે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી,આપ એ વિગતો ટેબલ ઉપર મૂકવાના છો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એ ટેબલ ઉપર મૂકવાની જરૂર નથી. એમાંના મુખ્યમુખ્ય કામો અંગે હું કહી દઉં છું. એમાંના ૩ મુખ્ય કામો અંગે હું કહેવા માગું છું. એક તો ગબ્બર પરિક્રમ્મા માટેનું ૨૦ કરોડ કરતાં વધારે, ૫૧ શકિતપીઠોના તાદ્દશ મોડેલ સાથેનું કામ એ અંબાજી માટે આ સમયગાળા દરમ્યાન એનો શિલાન્યાસ કરીને આગળ ધપાવવા માટેની તૈયારી કરી છે. અંબાજી આજુબાજુનો વિસ્તાર એ આદિવાસી વિસ્તાર છે અને ત્યાં આજુબાજુના આદિવાસી વિસ્તારના લોકોને પૂરતી વૈદ્યકીય સારવારની સવલતો મળી રહે એ માટે અંબાજી ખાતે ૨૦૦ પથારીની હોસ્પિટલનું બાંધકામ અંબાજી ખાતે પ્રગતિમાં છે અને એને વહેલામાં વહેલી તકે પૂરું કરવા માગીએ છીએ. ગબ્બર ટોપ ઉપર જયાં જગ્યા ઓછી છે અને શ્રધ્ધાળુઓને ઉભા રહેવા માટે તહેવારોના પ્રસંગે મુશ્કેલી પડતી હતી. ત્યાં ગબ્બર ટોપ ઉપર નવેસરથી આયોજન કરીને વિકસાવીને સુઆયોજીત રીતે વ્યવસ્થા ઉભી કરવા માટે અને ચાચર ચોકના વિસ્તારનું કામ આ સમયગાળા દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે અને હાથ ધરવામાં આવેલ છે.

માનનીય સભ્યશ્રીને હું એ પણ કહેવા માગું છું કે આયુર્વેદ આપણી જૂની પ્રણાલિ છે અને એને નજર સમક્ષ રાખીને અંબાજી દેવસ્થાને જીતુ ભગતની વાડી જે ભેટમાં મળી હતી ત્યાં કોટેશ્વરથી થોડે આગળ સરસ્વતી નદીનું ઉદ્ગમ સ્થાન છે ત્યાં નદી કિનારે આયુર્વેદનું એકોયોગા ટ્રીટમેન્ટ ઓફ વેલનેસ સેન્ટર ઉભું કરવા માટે આયોજન કરી રહયા છીએ,, એક રિસોર્ટ કરવા માટેનું પણ આયોજન છે. આમ અંબાજી સુનિશ્ચિત રીતે વિકસીત થાય અને તેની સાથે સાથે પરિસરની શોભા વધે એ માટેનાં કામ કરવામાં આવી રહયાં છે. મને જણાવતાં આનંદ થાય છે કે ૧૫ મી ઓગસ્ટ બાદ પરિસરને અદભૂત રોશનીથી લગભગ દરેક સેકન્ડે એની લાઈટ બદલાય એ પ્રકારની અદ્ભૂત લાઈટ વ્યવસ્થાથી પરિસરને સુશોભિત કરવામાં આવેલ છે. આમ અંબાજી ખાતેનાં આ જે કામ કરવામાં આવી રહયાં છે એ તો પાશેરામાં પહેલી પૂણી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે ટેમ્પર ટાઉન મોડેલ, રેવન્યુ મોડેલ એ માટે અંબાજીની ભારત સરકારનું જે ટૂરિઝમ ફાઈનાન્સ કોરપોરેશન ઓફ ઈન્ડિયા છે એને કામગીરી સોંપી છે અને આવનાર સમયમાં એનો અહેવાલ તૈયાર થયે અંબાજીમાં મોટા પાયા ઉપર વિકાસ કાર્યો હાથ ધરીને અંબાજીને પણ વૈષ્ણોદેવી અને તિરૂપતિની માફક સમગ્ર દેશના નકશા ઉપર મૂકાય અને આજે ૨ થી ૨ા કરોડ યાત્રાળુઓ આવે છે એના કરતાં આવનાર સમયમાં ખૂબ મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવે એ માટેનું આયોજન કર્યુ છે અને આ રીતે સમગ્ર એની નકકર કામગીરીની શરૂઆત કરી છે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અંબાજી ખાતે એરપોર્ટ કયારે શરૂ થવાનું છે? એની અંદર લોકભાગીદારીનું પ્રમાણ છે કે કેમ અને હોય તો કેટલી ટકાવારી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે આ જે વિકાસ કામો થવાનાં છુ એની પાછળ કુલ કેટલો ખર્ચ થવાનો છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એરપોર્ટને લાગે વળગે છે ત્યાંસુધી અંગ્રેજીમાં એક કહેવત છે એ હું માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું. એ કહેવત એ છે કે 'well begun is half done' શરૂઆત સારી થાય છે. આ દૂગમ પવર્તીય પ્રદેશ છે છતાં ૧૭૫ એકર જમીન તો નાગરિક ઉડ્યન વિભાગ હસ્તક મૂકી દેવામાં આવી છે અને હવે આગળની કાર્યવાહી એમણે કરવાની છે અને અમે સાથે મળીને આ કામગીરી વહેલામાં વહેલી તકે થાય એ માટે સુઆયોજીત રીતે આગળ વધવાનો પ્રયત્ન કરીશું. લોકભાગીદારીને લાગે વળગે છે ત્યાંસુધી જીતુ ભગતની વાડીનો જે આવો સંકલ્પ કહયો છે એ એક આદર્શ ઉદાહરણ છે કે કોઈપણ વ્યકિત અમે એવું કહીએ છીએ કે જો યાત્રાધામમાં સેવા આપવા માગતા હોય તો અને કોઈપણ પ્રોજેકટમાં જોડાય અને જો સંપૂર્ણપણે પૈસા આપશે તો એના યોગ્ય તે નામાભિકરણ સાથે પણ જોડવાની વિચારણા કરવા રાજય સરકાર તૈયાર છે અને અમારું મન ખુલ્લું છે. ત્રીજી વાત કેટલો ખર્ચ થયો છે? તો ગયા વર્ષે એકલો ૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ આજુબાજુના આ કામો માટે નિયત કરવામાં આવેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જયારે આ મેગા પ્રોજેકટ સ્વરૂપે વિકાસ કરવાનું આયોજન સરકારે કર્યુ છે ત્યારે તેના માટે ટોટલ ખર્ચ કેટલો થવાનો છે? કારણ કે કોઈ પણ આયોજન કરીએ એ પહેલા આપણે એસ્ટિમેટ બનાવતા હોઈએ છીએ. બીજું કે આપણે આટલું બધું સુંદર આયોજન કરીએ છીએ ત્યારે ત્યાં ટ્રાફિકની કોઈ વ્યવસ્થા હોતી નથી, અને બીજું કે દબાણો થઈ ગયા છે તે દૂર થતા નથી તો જયારે આપણે આટલું સુંદર બનાવવા માગતા હોઈએ ત્યારે આ બે બાબતો અંગે શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીની ચિંતા સ-કારણ છે, કોઈ પણ આવા મોટા પ્રોજેકટ માટે આયોજન કરવાનું હોય તો વ્યવસ્થિત આયોજન કરવા માટે ખર્ચના અંદાજો તૈયાર કરવા પડે. અને એટલા માટે જ ટુરીઝમ ફાઈનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને સમગ્ર પ્રકલ્પનું આયોજન કરવા માટેનું રેવન્યુ મોડેલ અને વિવિધ વસ્તુઓના આયોજન કરવા માટેનું કામ સોંપ્યું છે. અમારી કલ્પના છે, આઈ ડોન્ટ કમીટ ઈટ, પણ અમારી કલ્પના છે કે અંબાજીમાં આવનારા ૩ થી ૪ વર્ષમાં ૩૦૦ કરોડ રૂપિયા કરતાં વધારેના વિકાસ કામો હાથ પર ધરાય અને અંબાજી એક આદર્શ યાત્રાધામ તરીકે વિકસે, માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનો પણ આભાર માનવો જોઈએ, કારણ કે કોઈ પણ મકાનનું ચણતર તેનો મજબૂત પાયો હોય તેના ઉપર થતું હોય છે અને આપે જે શરૂઆત અંબાજીમાં કરી છે તેને આગળ ધપાવીને અમે આ કામગીરી કરવા માગીએ છીએ. ત્યાર પછીની દબાણો હટાવવાની વાત એમણે કહી, તો એ પરિસરના વિકાસ માટે જે દબાણો રસ્તામાં આવતા હતા તે હટાવ્યા છે, બીજા પણ દબાણો જેમ જેમ આગળની કામગીરીનું આયોજન થતું જશે અને કામગીરી હાથ ધરાતી જશે તેમ દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

### સાની સિંચાઈ યોજનાની નહેર અંગે ફરિયાદ

***૮૪૮૧ શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કલ્યાણપુર તાલુકાની સાની સિંચાઈ યોજનાના નહેરના જમણા અને ડાબા કાંઠાની કેનાલ તૂટી ગયેલ છે તે અંગેની ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ?

(૨) જો હા, તો ઉકત કેનાલના રિપેરીંગની કામગીરી સરકાર કયાં સુધીમાં હાથ ધરવા માગે છે, અને

(૩) ઉકત કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જામનગર જિલ્લાની સાંની સિંચાઈ યોજનામાંથી કેટલા ગામોને પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે અને તેના માટે કેટલો જથ્થો અનામત રાખવામાં આવે છે.?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાની સાની સિંચાઈ યોજનાનો કુલ કમાન્ડ ૨૭૦૧ હેકટર છે. આ યોજનામાં આ સિંચાઈ યોજનાની સાથે પીવાના પાણીનું પણ રાજય સરકારે રીઝર્વેશન કરેલું છે. અને સાંળી સિંચાઈ યોજનામાંથી ઓખા મંડળ પાણી પુરવઠા જુથ યોજના માટે જે ૫૮ ગામની છે તેના માટે પાણી રીઝર્વ કર્યુ છે. હર્ષદ જૂથ યોજના જે ૧૩ ગામની છે તેના માટે પાણી રીઝર્વેશન કર્યુ છે. અને રાવલ જૂથ યોજના જે ૧૦ ગામની છે તેના માટે પાણી રીઝર્વ કર્યુ છે. કુલ ૫૦૩ મીલીયન ઘન ફૂટ પાણીનો જથ્થો પીવાના પાણી માટે રીઝર્વ કર્યો છે. અને તેનાથી ૮૧ ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સાની સિંચાઈ યોજના દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈ કરવાની ક્ષમતા છે અને નહેરોની કુલ લંબાઈ કેટલી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાની સિંચાઈ યોજનાની કુલ સિંચાઈ ક્ષમતા ૨૭૯૧ હેકટર છે. આ ડેમમાંથી બે કેનાલો નીકળે છે. ડાબા કાંઠાની મુખ્ય કેનાલ એ ૯.૮૭ કિલો મીટર લાંબી છે. અને જમણા કાંઠાની મુખ્ય કેનાલ ૪.૮૦ કિલો મીટર લાંબી છે. અને ડીસ્ટ્રીબ્યુટરી તથા માઈનોર એ ૩૦.૭૧ કિલોમીટર લાંબી છે.

**ખેરાલુ અને સતલાસણા તાલુકામાંથી ડાર્કઝોન ઉઠાવી લેવા બાબત**

***૮૬૧૦ શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ખેરાલુ અને સતલાસણા તાલુકાઓને કયારથી ડાર્કઝોનમાં મૂકવામાં આવેલ છે,

(૨) ઉકત તાલુકામાં ભૂગર્ભ જળ ઉપર આવેલ છે તે સરકાર જાણે છે, અને

(૩) જો હા, તો ડાર્કઝોન ઉઠાવવા ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શાં પગલાં લીધાં?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) તા. ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવથી મહેસાણા જિલ્લાના ખેરાલુ અને સતલાસણા તાલુકાઓને ડાર્ક ઝોન (ઓવર એક્ષ્પલોઈટેડ કેટેગરી)માં મુકવામાં આવ્યા છે.

(૨) હા, જી.

(૩) જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રિચાર્જ માટે ચેકડેમ, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંચા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, સતલાસણા તાલુકો એ રાજયના ૫૬ અતિ પછાત જાહેર કરેલા તાલુકાઓ છે તેમાંનો એક છે. આ વિસ્તારમાં ધરોઈથી ઉપરના વિસ્તારમાં આ તાલુકો આવતો હોવાથી સિંચાઈની કોઈ યોજના ઉપલબ્ધ નથી. પરંતુ રાજય સરકારના પ્રયત્નોના કારણે ચેક ડેમ ઓફ સીરીઝ, ખેત તલાવડીના કારણે પાણીના સ્તર ઉંચા આવ્યા છે,ત્યારે હું એ જાણવા માગું છું કે કૂવાનું છૂટુ પાણી ખેંચવા માટે માનનીય મંત્રીશ્રી પાંચ હોર્સ પાવરની મોટરને મંજૂરી આપવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : વીજળી કનેકશન આપવું કે કેમ એ અમારા વિભાગને લગતો પ્રશ્ન નથી એ જવાબદારી ઊર્જા વિભાગની છે. હું આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન પ્રમાણે સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન પ્રમાણે ભારત સરકારે ૧૯૮૬માં આ પદ્ધતિ નક્કી કરી છે. અત્યારે ઘણા લોકો એમ કહે છે કે ડાર્ક ઝોન છે એ આ સરકારે મૂકેલો છે. ડાર્ક ઝોન આ સરકારે કરેલ કાર્યવાહી છે એ બિલકુલ સાચી નથી. ૧૯૮૬માં ભારત સરકાર અને સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન પ્રમાણે રાજય સરકારોએ આના માટેનો કાયદો બનાવવાનો હતો એ કાયદો આપણે વિલંબથી બનાવ્યો અને એમાં જે પદ્ધતિ નક્કી કરી છે. ડાર્ક ઝોન કોને કહેવાય, ટ્રિપીકલ ઝોન કોને કહેવાય વ્હાઈટ ઝોન કોને કહેવાય તો એમાં પાણી કેટલા ફૂટ છે અથવા પાણીના સ્તર કેટલા ફૂટે છે અથવા પાણીના સ્તર ઊંચા આવ્યા છે કે કેમ એ જોવાની સરળ પદ્ધતિ નથી, એ ખૂબ અટપટી પદ્ધતિ છે. એની જે મેથોડોલોજી છે એની પ્રક્રિયા છે એમાં ભારત સરકારની કમિટી છે અને ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના અને નિગમના અધિકારીઓ એ પાણીના આખા સોર્સ ઉપર અને એના ખેંચાણ ઉપર બંને ઉપર વૈજ્ઞાનિક રીતે પદ્ધતિસરનો અભ્યાસ કરે છે. એમાં પદ્ધતિ છે તે એવી છે કે દર વરસે જે તે તાલુકામાં પાછલા પાંચ વર્ષમાં વરસાદ થયો હોય અને એના કારણે ભૂગર્ભ જળની સપાટીમાં રીચાર્જથી પાણી ઉતર્યુ હોય, પથ્થરાળ કે ડુંગરાળ તાલુકો છે ત્યાં વરસાદ વધારે થાય પણ પાણી વહી જાય, તાલુકા બહાર જતું રહે, નદીમાંથી બહાર જતું રહે અથવા દરિયામાં જતું રહે અને એ પાણી જમીનમાં ન ઉતર્યુ હોય તો એ રીચાર્જ થતું નથી એને આપણે ગણતા નથી. વરસાદ વધારે પડતો હોય તેમ છતાં કેટલાક તાલુકાઓ ખારાશને કારણે ડાર્ક ઝોનમાં આવતા હોય છે. જેટલું પાણી રીચાર્જ થયું હોય એ રીચાર્જ થયેલા પાણીનો જથ્થો ગણવામાં આવે છે અને એની સામે એ તાલુકામાં કેટલા ટ્યુબવેલો, કેટલા કૂવા, કેટલી મોટરો કેટલા એન્જિનો દ્વારા પાણી ખેંચવામાં આવે છે એ તપાસવામાં આવે છે અને ખેંચેલુ પાણી અને રીચાર્જ થયેલ પાણી એ બેમાં ક્યુ પાણી વધારે છે એની પાંચ વર્ષની સરેરાશના આધારે આ ઝોન નક્કી કરવામાં આવે છે. એટલે પાણીના તળ ઊંચા આવી ગયા, સારો વરસાદ થયો અને સારી સિંચાઈ સરફેસ વ્યવસ્થા સરકારે ઊભી કરી હોય એ આનો આધાર નથી.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : આ ડાર્ક ઝોનનો કાયદો છે એના વિશે સહેજ માહિતી આપીને પ્રશ્ન પૂછીશ. ડાર્ક ઝોન માત્રને માત્ર જે ભૂગર્ભનું પાણી છે એને ખેંચવા ઉપર પ્રતિબંધની કાયદામાં જોગવાઈ છે. પરંતુ જમીનની સપાટી ઉપર આવેલ પાણી છે, તળાવનું પાણી હોય, સુજલામ સુફલામ યોજનાનું પાણી હોય કે બીજું કોઈપણ પાણી હોય એ જમીનની સપાટી ઉપરના પાણીને ના ખેંચવા માટે જે કાયદો છે એમાં કોઈ જોગવાઈ નથી. એટલે ખેડૂતો આવી સપાટી ઉપરનું પાણી ખેંચી શકે એના માટે તમે જે લોકો કાયદાની જોગવાઈ કરી છે

એના કારણે કનેકશન નહિ આપવાની વાત છે પરંતુ અહીંયા જમીનની ઉપર પાણીને ખેંચવા માટે જોગવાઈ રાખવી જોઈએ. નહિ આપવાની જોગવાઈ છે નહિ. આપી શકાય પણ અધિકારીઓ ગભરાય છે એટલે કનેકશનો આપતા નથી. આપણે તળાવો ઊંડા કર્યા છે એ ભર્યા છે, સુજલામ સુફલામ યોજના આવી એના પરિણામે આ જોગવાઈ કરવી જોઈએ અથવા આપવી જોઈએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : કાયદો છે એમાં જોગવાઈ નથી એટલા માટે આ વાત છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### આડેસર ગામે ડેન્ગ્યુ/સ્વાઈન ફ્લુથી મૃત્યુના કેસો

૯૨૭૮**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં રાપર તાલુકામાં આડેસર ગામે તા. ૩૦-૪-૦૯ની સ્થિતિએ એક વર્ષમાં ડેન્ગ્યુ કે સ્વાઈન ફ્લુથી મૃત્યુ નોંધાયા છે તે હકીક્ત સાચી છે, | (૧) -ડેન્ગ્યુથી એક મૃત્યુ થયેલ છે. -સ્વાઈન ફ્લુથી કોઈનું મૃત્યુ નોંધાયેલ નથી. |
| (૨) જો હા, તો ડેન્ગ્યુ કે / અને સ્વાઈન ફ્લુથી તા. ૩૦-૪-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોના કોના મૃત્યુ થયા, અને | (૨) કચ્છ જિલ્લામાં રાપર તાલુકાના આડેસર ગામે ડેન્ગ્યુથી છેલ્લા એક વર્ષમાં શ્રી અંબાભાઈ દેવાભાઈ સિંઘલ ઉ. ૨૮ વર્ષનું મૃત્યુ થયેલ છે. |
| (૩) ઉક્ત રોગથી મૃત્યુનાં કોઈ કારણો શોધાયા હોય તો તેની વિગત શી છે? | (૩) ડેન્ગ્યુના કોમ્પલીકેશનના કારણે શોક સિન્ડ્રોમ થવાથી મૃત્યુ થયેલ છે. |

------------

### ખેડા જિલ્લાના યાત્રાધામ તરીકે વિકસાવવામાં આવનાર સ્થળો

૮૭૭૧**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લાનાં ક્યા ક્યા સ્થળો યાત્રાધામ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે, | (૧) ગુજરાત સરકારની પ્રવર્તમાન નીતિ હેઠળ છ યાત્રાધામોને પવિત્ર યાત્રધામ તરીકે જાહેર કરેલ છે. આ છ પવિત્ર યાત્રધામમાં ડાકોર યાત્રાધામનો સમાવેશ કરેલ છે. જ્યાં અનેકવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવેલ છે.<br>આ ઉપરાંત આણંદ જિલ્લામાં (૧) શ્રી ભગવતેશ્વર મહાદેવ-ગંભીરા તા. આંકલાવ (૨) શ્રી નરસિંહજી મંદિર (નવું રામજી મંદિર-પીપળી તા. બોરસદ (૩) શ્રી રામજી મંદિર (લક્ષ્મીનારાયણ મંદિર)-વાલવોડ તા. બોરસદ (૪) શ્રી રૂદ્રેશ્વર મહાદેવ મંદિર-રૂદ્રેલ તા. બોરસદ (૫) શ્રી રામનાથ મહાદેવ મંદિર-પેટલાદ એ પાંચ દેવસ્થાનો રાજ્ય સરકાર હસ્તક આવેલા છે. |
| (૨) ઉક્ત પસંદ કરેલ સ્થળોને કઈ કઈ સુવિધાથી સુસજ્જ કરવાની સરકારની યોજના છે, અને | (૨) ગુજરાત સરકાર હસ્તકના પવિત્ર યાત્રાધામ અને દેવસ્થાન વિભાગ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, લોક ભાગીદારી અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે નીચે પ્રમાણેની સુવિધાઓ યાત્રાળુઓ માટે ઉભી કરવા આયોજન કરવામાં આવેલ હતું<br>• **ગોમતીઘાટ વિકાસ :** ગોમતીઘાટને નયનરમ્ય બનાવવામાં પ્રથમ અને બીજા તબકકાનું આયોજન.<br>• જમીન સંપાદનનું કામ.<br>• સંપાદન થતી જમીન ઉપર પથ્થર પેવીંગ, રેલીંગ કરી યાત્રીઓને સુવિધા ઉપલબ્ધ થાય તે પ્રમાણે પરીસરનું વિસ્તૃતિકરણ અને નવીનીકરણ.<br>• ગોમતી ઘાટ ઉપર પાથવે, પ્લાન્ટેશન, બોટીંગ |

માટે ઘાટ, ફ્લોટીંગ ફાઉન્ટન વગેરે.

- ગોમતી ઘાટ ઓવારા સુધારણા અને બ્યુટીફિકેશન.
- **ક્લાત્મક બેન્ચીસ :** કાસ્ટ આયર્નની ક્લાત્મક બેન્ચીસ.
- **ગોમતીઘાટ** પર હાઈમાસ્ટ મૂક્વાનું કામ
- **ક્લાત્મક છત્રી :**ગોમતીઘાટ ઉપર નયનરમ્ય ક્લાત્મક છત્રી.
- **કૃષ્ણ પાદુકા** વિકાસ.
- ડાકોર ખાતે બોડાણા સ્ટેચ્યુથી ગણેશ સીનેમા સુધી રોડનું કામ.
- સાઈનેઝ તથા કંકુ દરવાજાનું કામ.
- ગોમતીઘાટમાંથી નાળો કાઢવાનું કામ.
- નગરપાલીકા નજીક વડા બજારમાં શોચસ્નાન સુવિધા સંકુલ બનાવવાનું કામ.
- ગોમતીઘાટ પર મહિલાઓ માટે ચેન્જીંગ રૂમ બનાવવો.
- ગોમતી તળાવમાં ફ્લોટીંગ ફાઉન્ટેશન.
- ક્લેકટરશ્રી હસ્તક્ની શામળ બેચરના ડેલા તરીકે ઓળખાતી મિલક્તનો વિવિધ હેતુસર સુવિધા સંકુલ વિકાસ કરવો.

આણંદ જિલ્લામાં સરકારશ્રીના વહીવટ હસ્તક્ના કુલ-૫ દેવસ્થાનો આવેલા છે. આ દેવસ્થાનો પૈકી (૧) શ્રી રામનાથ મહાદેવ મંદિર , પેટલાદ અને (૨) શ્રી ભગવંતેશ્વર મહાદેવ મંદિર, ગંભીરાના આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે આયોજન કરેલ હતું.. તેમજ સને ૨૦૦૬૦૭ના વર્ષમાં રામનાથ મહાદેવ મંદિર પેટલાદના વિકાસ માટે આયોજન કરવામાં આવેલ હતું..

(૩) ઉક્ત સ્થિતિએ પ્રત્યેક સ્થળોના વિકાસ માટે સરકાર ધ્વારા કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ગુજરાત સરકાર હસ્તક્ના પવિત્ર યાત્રાધામ અને દેવસ્થાન વિભાગ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, લોક ભાગીદારી અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે નીચે પ્રમાણેની સુવિધાઓ યાત્રાળુઓ માટે પુરી પાડવામાં આવેલ છે.

- **ગોમતીઘાટ વિકાસ :** ગોમતીઘાટને નયનરમ્ય બનાવવામાં પ્રથમ અને બીજા તબકકામાં રૂા.૧૯૨.૫૨ લાખના ખર્ચે ઘાટને નવનિર્મિત કરવામાં આવ્યો. જમીન સંપાદનનું કામ સફળતા પુર્વક પૂર્ણ કરવામાં આવ્યું અને સંપાદીત થયેલ જમીન ઉપર પથ્થર પેવીંગ, રેલીંગ કરી યાત્રીઓને સુવિધા ઉપલબ્ધ થાય તે પ્રમાણે પરીસરનું વિસ્તૃતિકરણ અને નવીનીકરણ કરવામાં આવ્યું. ગોમતી ઘાટ ઉપર પાથવે, પ્લાન્ટેશન, બોટીંગ માટે ઘાટ, ફ્લોટીંગ ફાઉન્ટન વગેરે કામગીરી કરવામાં આવી.
- ગોમતી ઘાટ ઓવારા સુધારણા અને બ્યુટીફિકેશન.
- **ક્લાત્મક બેન્ચીસ :** કાસ્ટ આયર્નની ક્લાત્મક

બેન્ચીસ રૂા.૧.૭૪ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી.

- **ગોમતીઘાટ** પર હાઈમાસ્ટ મૂકવાનું કામ રૂા.૧૧ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે.
- **કલાત્મક છત્રી :**ગોમતીઘાટ ઉપર નયનરમ્ય કલાત્મક છત્રી રૂા.૧૮.૭૯ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી.
- **કૃષ્ણ પાદુકા** વિકાસની રૂા.૩૫.૦૯ લાખની કામગીરી મુંજર થયેલ છે.
- યાત્રિકો માટે નાસાના સહયોગથી જાહેર સ્નાનગૃહની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી.

| | |
|---|---|
| • ડાકોર ખાતે બોડાણા સ્ટેચ્યુથી ગણેશ સીનેમા સુધી રોડનું કામ | અંદાજે ૨ લાખ |
| • સાઈનેઝ તથા કંકુ ર્ત્રીં જાનું કામ | અંદાજે ૨.૨૫ લાખ |
| • ગોમતીઘાટમાંથી નાળો કાઢવાનું કામ | અંદાજે ૩.૫૮ લાખ |
| • નગરપાલીકા નજીક વડા બજારમાં શોચસ્નાન સુવિધા સંકુલ બનાવવાનું કામ | ૧૩.૫૦ લાખ |
| • ગોમતીઘાટ પર મહિલાઓ માટે ચેન્જીંગ રૂમ બનાવવા માટે કામગીરી પૂર્ણ થયેલ છે. | ૬.૯૬ લાખ |
| • ગોમતી તળાવમાં ફ્લોટીંગ ફાઉન્ટેશન મુક્વાની કામગીરી પૂર્ણ થયેલ છે. | ૬.૯૬ લાખ |
| • ક્લેકટરશ્રી હસ્તકની શામળ બેચરના ડેલા તરીકે ઓળખાતી મિલક્તનો વિવિધ હેતુસર સુવિધા સંકુલ બનાવવા દાતા તરફથી દાનમાં મળેલ છે. | - |

આણંદ જિલ્લાના સરકારશ્રીના વહીવટ હસ્તક્ના કુલ૫ દેવસ્થાનો આવેલા છે. આ દેવસ્થાનો પેકી (૧) શ્રી રામનાથ મહાદેવ મંદિર, પેટલાદ અને (૨) શ્રી ભગવંતેશ્વર મહાદેવ મંદિર, ગંભીરાના આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે અનુક્રમે રૂા. ૯૯૭૨૦/- અને ૯૯૯૦૦/- નું અનુદાન ફાળવવામાં આવેલ હતું. તેમજ સને ૨૦૦૬૦૭ના વર્ષમાં રામનાથ મહાદેવ મંદિર પેટલાદને રૂા.૧,૯૯,૦૦૦/- નું અનુદાન ફાળવવામાં આવેલ હતું. આમ, કુલ રૂા. ૩,૯૮,૬૨૦/- નું અનુદાન ફાળવવમાં આવેલ હતું. તે તમામ કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) ઉપરોક્ત તમામ ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. માત્ર પાદુકા વિકાસની રૂા.૩૫.૦૯ લાખની કામગીરી મંજુર થઈ ગયેલ છે. ટૂંક

સમયમાં પ્રારંભ થશે.

------------

**નવસારી જિલ્લામાં સ્વજલધારા યોજનાના કામો**

૯૩૧૪**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામ મંજૂર કર્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે?

**જવાબ**

(૧) સ્વજલધારા યોજના નહી પરંતુ, રાજ્ય સરકાર પુરસ્કૃત સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૮૪ પાણી પુરવઠા યોજનાઓના કામો મંજૂર કર્યા.

(૨) ૨૬ યોજનાઓના કામો પૂર્ણ થયા.

(૩) ૫૪ યોજનાઓના કામો પ્રગતિમાં છે.

------------

**મેડીકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં સુધારા બાબત**

૯૩૮૪**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની મેડીકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) અને (૨) હા. જી,

તા. ૨૧-૫-૦૯ ના શિક્ષણ વિભાગના પત્રથી રાજ્યની યુનિવર્સીટીઓને તબીબી શિક્ષણના અનુસ્નાતક કક્ષાના કોર્ષમાં રાજ્યમાં આવેલ શાળામાંથી ધોરણ ૧૨ પાસ કરેલ હોય અને રાજ્યમાંથી એમ.બી.બી.એસ. પાસ કર્યુ હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવા સુચના આપવામાં આવેલ હતી. જે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવતા નામ.અદાલતે તે સુચના રદ કરેલ છે. આ ચુકાદા સામે નામદાર સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે, અને તે સબબ આગળની કાર્યવાહી ચાલુ છે.

------------

**દ્વારકાના વિકાસ માટે કેન્દ્રે મંજૂર કરેલ યોજના**

૯૨૭૫ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પવિત્ર યાત્રાધામ દ્વારકાના વિકાસ માટે ભારત સરકાર દ્વારા કોઈ યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત યોજનાની વિગતો શું છે, અને

**જવાબ**

(૧) હા, જી, ગુજરાત સરકારે ભારત સરકાર સમક્ષ રજુ કરેલ યોજનામાંથી અંશતઃ યોજના મંજુર કરવામાં આવી છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને ટુરીસ્ટ સર્કીટ જુનાગઢ - વેરાવળ - પોરબંદર - દ્વારકાના પ્રવાસન વિકાસ માટે તા. ૨૫-૫-૨૦૦૫ના પત્રથી ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી જેના અનુસંધાને ભારત સરકાર દ્વારા તા. ૨૧-૬-૨૦૦૬ના રોજ ટુરીસ્ટ સર્કીટ જુનાગઢ-વેરાવળ-પોરબંદર-દ્વારકા માટે રૂા. ૩૨૯.૮૩ લાખ મંજૂર કરેલ છે જે પૈકી દ્વારકા માટે રૂા. ૪૮.૫૮ લાખનો સમાવેશ થાય છે.

(૧) ઓપનએર થીયેટર વીથ ઇમ્પ્રુવમેન્ટ ઓફ સરાઉન્ડીંગ એરીયા એટ સનસેટ પોઇન્ટ
(૨) દ્વારકા ખાતે સાઇન બોર્ડ
(૩) રોડ સાઇડ પ્લાન્ટેશન
- દ્વારકાથી સુરજ કરાડી તરફથી રોડ
(૪) પે-એન્ડ યુઝ પાર્કીંગ વીથ લેન્ડ સ્કેપીંગ (દ ીરૂભાઇ અંબાણી માર્ગ દ્વારકા)
(૫) ટુરીસ્ટ ઇન્ફર્મેશન સેન્ટર વિશ્રાતિગૃહ દ્વારકા
(૬) પીલગ્રીમેજ શેડ એટ ગોમતીઘાટ

રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને ટુરીસ્ટ

સર્કીટ-દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકાના પ્રવાસન વિકાસ માટે રૂા. ૪૦.૨૮ ક્રોડની દરખાસ્ત તા.૬-૧૨-૨૦૦૭થી મોક્લવામાં આવેલ. જેના અનુસંઘાને ભારત સરકાર દ્વારા આ ટુરીસ્ટ સર્કીટ માટે તા.૪-૬-૨૦૦૮ના રોજ રૂા. ૭૯૮.૯૦ લાખ મંજુર ક્રવામાં આવેલ છે. જે પેકી દ્વારકા માટે રૂા. ૪૪૦.૯૪ લાખનો સમાવેશ થાય છે.

(૧) પરિક્મા પથનો વિકાસ રૂા. ૫૦ લાખ
(૨) ટુરીસ્ટ રીક્રીએશન સ્થળ તરીકે રાવલા તળાવનો વિકાસ રૂા. ૧૦૦ લાખ
(૩) મંદિર ચોક અને બલભદ્ર શેરીનો વિકાસ રૂા. ૧૧.૦૧ લાખ
(૪) સનસેટ પોઇન્ટ અને ભડકેશ્વર મંદિરનું જોડાણ રૂા. ૨૪.૬૩ લાખ
(૫) ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ અને રીસ્ટોરેશન રૂા. ૨૨.૫૦
(૬) તહેવાર દરમ્યાન સર્વીસ એરીયા તથા સ્થળના વિકાસ બાબત રૂા. ૨૦.૦૦ લાખ
(૭) સમુદ્ર નારાયણ મંદિરની નજીક્ના દરિયાકાંઠાનો વિકાસ રૂા. ૨૧૨.૮૦ લાખ

આ પ્રોજેકટ માટે ફરીથી મેગા પ્રેજેક્ટ તરીકે મંજુર કરવા માટે તા. ૩૦-૩-૨૦૦૯ના રોજ રૂા.૪૦.૨૮ ક્રોડની દરખાસ્ત ભારત સરકારને પુનઃ દરખાસ્ત ક્રેલ છે.

(૩) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના અન્વયે શી કામગીરી કરવામાં આવી?

(૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત યોજના અન્વયે કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

૧. ઓપનએર થીયેટર અને તેની આસપાસના વિસ્તારના વિકાસ કામ પ્રગતિ હેઠળ છે.

૨. દ્વારકા ખાતે સાઇનેજીસ-કામગીરી પુર્ણ થયેલ છે.

૩. પ્રવાસી માહિતિ કેન્દ્ર-વિશ્રાંતિ ગૃહ દ્વારકાનું કામ પુર્ણતાના આરે છે.

૪. ગોમતીઘાટ ઉપર યાત્રાળુઓ માટે શેડ-કામ પુર્ણ થયેલ છે.

૫. પે એન્ડ યુઝ પાર્કીંગ અને લેન્ડ સ્કેપીંગનુ કામ પુર્ણતાના આરે છે.

૬. દ્વારકાથી સુરજ ક્રાડી તરફ્ના રોડ સાઇડ પ્લાન્ટેશનની કામગીરી પુર્ણ થયેલ છે.

આ ઉપરાંત મેગા પ્રોજેકટ પેકી દ્વારકા માટે જમીન પસંદગી કરી માપણી ક્રાવવામાં આવેલ છે. અને જમીન વપરાશના હક્કો મેળવવામાં આવેલ છે. અને અન્ય આનુસંગીક પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ખાનગી સાહસોના જોડાણથી અને લોક ભાગીદારી દ્વારા ખુબજ મહત્વના કામો દ્વારકા ખાતે કરવામાં આવનાર છે.

- ટેમ્પલ સ્ક્વેરનો વિકાસ કાર્ય
- સુદામા સેતુ (હેંગીંગ બ્રિજ)
- બીચ એન્ડ પંચકુઈ વિસ્તારનો વિકાસ

આ યોજનાની કામગીરીને ભારત સરકારના પુરાતત્વ વિભાગ તરફથી મંજુરી હાલ મળેલ છે.
ટુંક સમયમાં આરંભ થનાર કામો :-

- ટેમ્પલ પરીસર વિકાસ કાર્ય રૂા.૧.૪૫ કરોડ

યાત્રા માહિતી સુવિધા સંકુલ
કલાત્મક રેલીંગ અને કાસ્ટ આયર્ન બેન્ચીસ
સીસી ટીવી કેમેરા રૂમ
રેમ એન્ડ પેવીંગ બ્લોક એન્ડ બ્યુટીફિકેશન

- સુદામા સેતુ રૂા. ૧.૬૯ કરોડ ના ખર્ચે
- પંચકુઈ આઈલેન્ડ વિકાસ યોજના બે તબકકામાં રૂા. ૪.૩૬ કરોડના ખર્ચે

સમુદ્ર પથ, ફુડ કોર્ટ, કુદરતી ઓપચાર અને દ યાન યોગ કેન્દ્ર, કુટીર, લેન્ડ સ્કેપીંગ પ્લાન્ટેશન, કલાત્મક કાસ્ટ આયર્ન બેન્ચીસ, કોસ્ટ ગાર્ડ સવલત, વોચ ટાવર, ચેઈન્જીંગ રૂમ, પે એન્ડ યુઝ શોચાલય, એમ્પી થીયેટર વગેરે. આ કામગીરી ઉપરાંત દ્વારકા ખાતે દર વર્ષે ઉજવાતા મહત્વના ઉત્સવો અને મેળામાં પણ રાજ્ય સરકાર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા અનુદાન આપવામાં આવે છે.

- દ્વારકાને હવાઈ સુવિધાથી જોડવા માટે દ્વારકા ખાતે એરપોર્ટ બાંધવા માટે સરકાર દ્વારા જમીન ૨૨૨-હેકટર ગુજરાત રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગને હવાલે મુકવામાં આવી છે.

------------

## કચ્છ જિલ્લામાં મેડીકલ કોલેજ બાબત

૯૩૨૮**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કઈ સંસ્થાને મંજૂરી આપવામાં આવેલ છે, | (૨) ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ સોસાયટીને સરકાર સાથેની પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ એકમ તરીકે શરુ કરેલ સંયુક્ત સાહસને મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) કેટલી બેઠકો માટેની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૩) ૧૫૦ બેઠકો માટે રાજ્ય સરકારશ્રી દ્વારા જરૂરી એસેન્શીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત મેડિકલ કોલેજ ક્યારથી શરૂ કરવામાં આવશે? | (૪) ભારત સરકારશ્રી દ્વારા લેટર ઓફ પરમીશન મળ્યે મેડીકલ કોલેજ શરુ કરવામાં આવશે. |

## પાણી સમિતિ મારફતે કામ થવા અંગેની પાણી પુરવઠા યોજનાઓ

૯૩૭૬**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાણી સમિતિ મારફતે કામ થાય તેવી કેટલી પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૫૯ |
| (૨) તે પૈકી કેટલી પૂર્ણ કરવામાં આવી? | (૨) ૪૪ યોજનાઓ પ્રગતિ હેઠળ છે. કોઈ કામ પૂર્ણ થયેલ નથી. |

### માનસરોવર યાત્રિકોને સહાય

૮૩૨૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા માનસરોવરની પવિત્ર યાત્રામાં ભાગ લેતા રાજ્યના યાત્રિકોને કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) તે અન્વયે તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા યાત્રીઓએ આ યાત્રામાં ભાગ લીધો, અને

(૩) તેઓને વર્ષવાર ક્યારે સહાયની ચૂકવણી કરવામાં આવી?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા માનસરોવર પવિત્ર યાત્રામાં ભાગ લેતા રાજ્યના યાત્રિકોને રૂા. ૨૦,૦૦૦/- ની પ્રોત્સાહિત સહાય આપવામાં આવે છે તેમજ રૂા. ૩૦૦૦/- કીટસના તથા વતનથી દીલ્હી સુધી જવા આવવાનું રેલ્વેનું સેકન્ડ ક્લાસનું ભાડુ આપવામાં આવે છે.

(૨) આઅન્વયેછેલ્લાત્રણવર્ષમાંતા.૩૧-૫-૦૯ સુધીમાં નીચે દર્શાવ્યા પ્રમાણે યાત્રીઓએ આ યાત્રામાં વર્ષવાર ભાગ લીધો છે.

| ક્રમ | વર્ષ | યાત્રીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૭ | ૧૯૬ |
| ૨ | ૨૦૦૮ | ૧૧૧ |
| ૩ | ૨૦૦૯ | શૂન્ય |

(૩) તેઓને એટલે કે વર્ષ ૨૦૦૬, ૨૦૦૭ અને ૨૦૦૮ ની કેલાસ માનસરોવર યાત્રા પૂર્ણ કરેલા યાત્રિકોને તા. ૧૨-૨-૦૯ ના રોજ સહાયની ચૂકવણી કરવામાં આવી છે.

------------

### વડોદરા જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર કામો

૯૩૧૫**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત કેટલા કામ મંજૂર થયા,

(૨) તે પેકી કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત કામ થકી કેટલી વસ્તીને પીવાનું પાણી મળશે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત ૯૫ પાણી પુરવઠાના કામો મંજૂર થયા.

(૨) ચાલુ વર્ષમાં જ આ કામો મંજૂર થયા હોય કામો પ્રગતિ હેઠળ છે.

(૩) ૨૦૦૧ની સેન્સસ મુજબ, મંજૂર થયેલ કામો પેકી ૧,૧૮,૬૩૫ માણસોને લાભ મળશે.

------------

### કપડવંજ તાલુકામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાનું કામ

૯૦૭૧**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલ આધારીત કપડવંજ તાલુકાના પમિ વિસ્તાર માટે બનતી પાણી પુરવઠા યોજનાનું કામ તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ ક્યા તબકકામાં છે, અને

(૨) ઉક્ત યોજનાનું કામ કેટલા સમયમાં પૂરૂં કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧)

- યોજનાના ૯૫ ટકા કામો પૂર્ણ થયેલ છે.
- આ યોજનાને કાર્યાન્વિત કરવા ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે.

(૨) ૧૦/૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

### સ્વાઇન ફ્લુના ફેલાવા સામે અગમચેતીના પગલાં

૯૩૨૭ **શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ(ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી પ્રવાસીઓ તેમજ બીનનિવાસી ભારતીય પ્રવાસીઓના માધ્યમ થકી સ્વાઇન ફલુ રાજ્યમાં ન પ્રવેશે તે માટે રાજ્ય સરકારે અગમચેતીના

**જવાબ**

(૧) હા, જી.

કોઇ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

(૨) -વિદેશી પ્રવાસીઓ તેમજ બિન નિવાસી ભારતીય પ્રવાસીઓનું એરપોર્ટ અમદાવાદ ખાતે મેડીકલ ટીમ દ્વારા તા. ૧-૫-૦૯ થી સ્ક્રીનીંગ કરવામાં આવે છે. એરપોર્ટ ઓથોરીટી, અમદાવાદ ખાતે વિદેશથી આવતા તા. ૧-૭-૨૦૦૯ સુધી કુલ ૫૨,૮૦૫ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે. કુલ ૭ તબીબી ટીમો ૨૪ કલાક કાર્યરત છે.

- રાજ્યમાં આવેલ તમામ મેડીકલ કોલેજો સંલગ હોસ્પિટલો તેમજ જિલ્લાકક્ષાની જનરલ હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડમાં ૩૦૪ પથારીની અને ક્વોરેનટાઈન વોર્ડમાં ૨૪૯ પથારીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

- ક્વોરેનટાઈન માટે મેડીકલ કોલેજ સંલગ હોસ્પિટલોમાં ૧૨૦ પથારી અને જિલ્લાકક્ષાની હોસ્પિટલોમાં તથા અન્ય સંસ્થાઓમાં ૧૨૯ પથારીની સુવિધા છે.

- દર્દીના નાકની અંદરની દિવાલ પરથી સેમ્પલ, દર્દીના ગળાની અંદરની દિવાલ પરથી સેમ્પલ અને દર્દીના લોહીના નમૂના લઈ સંપુર્ણ જંતુરહિત પરિસ્થિતિ જાળવી, સદર નમૂના રાષ્ટ્રીય અધિકૃત લેબોરેટરી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેબલ ડીસીઝ દિલ્હી અને નેશનલ ઈન્સ્ટીયુટ ઓફ વાયરોલોજી પુના ખાતે કોલ્ડચેઈન જાળવી રૂબરૂ કર્મચારી સાથે અથવા એર કુરીયર દ્વારા પાઠવવામાં આવે છે. ક્વોરેનટાઈન અને આઈસોલેશન માટે આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- રાજ્યકક્ષાએ ટેમીફ્લુ કેપ.૮૦૦૦ ઉપલબ્ધ છે. તેમજ મેડીકલ કોલેજો અને જિલ્લાકક્ષાએ ૪૦૪૦ કેપ.ટેમીફ્લુ દવાઓનો જથ્થો ઉપલબ્ધ છે.

**પ ત્ર ક**

| ક્રમ | જિલ્લાનું નામ | આઇસોલેશન વોર્ડનું સ્થળ | આઇસોલેશન વોર્ડમાં પથારી | | | | | | ક્વોરેનટાઇન વોર્ડનું સ્થળ | ક્વોરેનટાઇન વોર્ડમાં પથારી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એસી | | નોન એસી | | કુલ | | | એસી | | નોન એસી | | કુલ | |
| | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | અમદાવાદ | સીવીલ હોસ્પિટલ | ૬ | ૬ | ૦ | ૦ | ૬ | ૬ | જુનુ સરકીટ હાઉસ | ૮ | ૮ | ૦ | ૦ | ૮ | ૮ |
| ૨ | રાજકોટ | પી.ડી.યુ. હોસ્પિટલ | ૪ | ૪ | ૪ | ૪ | ૮ | ૮ | | ૪ | ૪ | ૪ | ૪ | ૮ | ૮ |
| ૩ | સુરત | ન્યુ સીવીલ હોસ્પિટલ | ૬ | ૪ | ૦ | ૦ | ૬ | ૪ | સ્મીમેર હોસ્પિટલ સુરત | ૦ | ૦ | ૮ | ૮ | ૮ | ૮ |
| ૪ | પોરબંદર | ભાવસિંહજી હોસ્પિટલ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ | જિલ્લા ટીબી સેન્ટર જનાના હોસ્પિટલ | ૦ | ૦ | ૨ | ૩ | ૨ | ૩ |
| ૫ | જુનાગઢ | ધોબીઘાટ નજીક | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ | નો એરપોર્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | જામનગર | ટ્રોમા વોર્ડ જી.જી. હોસ્પિટલ જામનગર | ૦ | ૦ | ૫ | ૫ | ૫ | ૫ | ટ્રોમા વોર્ડ જી.જી. હોસ્પિટલ જામનગર | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૭ | વડોદરા | જમનાબાઇ જનરલ હોસ્પિટલ વડોદરા | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | જમનાબાઇ જનરલ હોસ્પિટલ વડોદરા | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮ | આણંદ | એસ.એસ.હોસ્પિટલ પેટલાદ | ૩ | ૩ | ૫ | ૫ | ૮ | ૮ | એસ.એસ.હોસ્પિટલ પેટલાદ | ૦ | ૦ | ૫ | ૫ | ૫ | ૫ |
| ૯. | નવસારી | એમ.જી.જી. હોસ્પિટલ નવસારી | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ | એમ.જી.જી. હોસ્પિટલ નવસારી | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧ | વડોદરા | મેડીકલ નર્સિંગ હોમ | ૧ | ૧ | ૧૩ | ૧૩ | ૧૪ | ૧૪ | ટ્રોમા સેન્ટર | ૦ | ૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | આઇસોલેશન વોર્ડનું સ્થળ | આઇસોલેશન વોર્ડમાં પથારી | | | | | | ક્વોરેનટાઇન વોર્ડનું સ્થળ | ક્વોરેનટાઇન વોર્ડમાં પથારી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એસી | | નોન એસી | | કુલ | | | એસી | | નોન એસી | | કુલ | |
| | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૦ | | સયાજી હોસ્પિટલ કેમ્પસ | | | | | | | એસ.એસ.જી. કેમ્પસ | | | | | | |
| ૧૧ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ સુરેન્દ્રનગર મેન્ટલ વોર્ડ | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ભરૂચ | ટ્રોમા વોર્ડ (આઇ.સી.યુ.) | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ | ટ્રોમા વોર્ડ (આઇ.સી.યુ.) | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૩ | પાટણ | જનરલ હોસ્પિટલ પાટણ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ | જનરલ હોસ્પિટલ પાટણ | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૧૪ | જામ-ખંભાળીયા | જનરલ હોસ્પિટલ ખંભાળીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | જનરલ હોસ્પિટલ ખંભાળીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | પંચમહાલ | જનરલ હોસ્પિટલ ગોધરા | ૧ | ૧ | ૩ | ૩ | ૪ | ૪ | જનરલ હોસ્પિટલ ગોધરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | અમરેલી | વોર્ડ- ૪-૮ | ૦ | ૦ | ૬ | ૪ | ૬ | ૪ | વોર્ડ-૧૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૧૭ | મહેસાણા | મેડીકલ વોર્ડ | ૦ | ૦ | ૪ | ૨ | ૪ | ૨ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | નર્મદા | એમ.એમ.ડબલ્યુ. | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ | એમ.એમ.ડબલ્યુ. | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૯ | ભુજ-કચ્છ | જી.કે.જનરલ હોસ્પિટલ-ભુજ | ૧૫ | ૧૦ | ૨૦ | ૧૦ | ૩૫ | ૨૦ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | વલસાડ | સીવીલ હોસ્પિટલ વલસાડ | ૦ | ૦ | ૪ | ૨ | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | ગાંધીનગર | જનરલ હોસ્પિટલ ગાંધીનગર | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | દાહોદ | ઇમરજન્સી ડીપાર્ટમેન્ટ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ઇમરજન્સી વિભાગ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૩ | ભાવનગર | સર માનસિંહજી હોસ્પિટલ પાલીતાણા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | આહવા-ડાંગ | જનરલ હોસ્પિટલ વોર્ડ નં.૭ | ૦ | ૦ | ૯ | ૯ | ૯ | ૯ | વોર્ડ-૧૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૨૫ | ભાવનગર | સર-ટી હોસ્પિટલ ટ્રોમા સેન્ટર | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | ખેડા (નડીયાદ) | જનરલ હોસ્પિટલ નડીયાદ | ૦ | ૦ | ૮ | ૮ | ૮ | ૮ | જનરલ હોસ્પિટલ નડીયાદ | ૦ | ૦ | ૫ | ૫ | ૫ | ૫ |
| ૨૭ | બનાસકાંઠા | જનરલ હોસ્પિટલ પાલનપુર | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ | જનરલ હોસ્પિટલ પાલનપુર | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ |
| ૨૮ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ હિંમતનગર | ૨ | ૨ | ૪ | ૪ | ૬ | ૬ | જનરલ હોસ્પિટલ હિંમતનગર | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ |
| ૨૯ | ખેડા | જનરલ હોસ્પિટલ ખેડા | ૩ | ૨ | ૦ | ૦ | ૩ | ૨ | જનરલ હોસ્પિટલ ખેડા | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ |
| | **કુલ :** | | **૪૪** | **૩૬** | **૧૨૦** | **૧૦૪** | **૧૬૪** | **૧૪૦** | | | **૧૨** | **૧૧૨** | **૧૧૩** | **૧૨૪** | **૧૨૫** |

**પાટણ જિલ્લામાં ધરોઇ જૂથ યોજનાનું પાણી**

૯૩૩૪ **શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ પાટણ જિલ્લાના તાલુકાઓમાં ધરોઇ જૂથ યોજનાનું પાણી પીવા માટે મળતું નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો પાટણ જિલ્લાને હાલ કઇ યોજનાઓ દ્વારા પાણી અપાય છે?

**જવાબ**

(૧) ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજનામાં પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ૫૪ અને પાટણ તાલુકાના ૭૫ ગામનો સમાવેશ થયેલ છે. જે પૈકી હાલમાં સિધ્ધપુર તાલુકાના ૪૭ અને પાટણ તાલુકાના ૫૮ ગામને આ યોજનામાંથી પાણી આપવામાં આવે છે જ્યારે બાકીના ૨૪ ગામો સ્વતંત્ર બોર આધારિત યોજનામાંથી પાણી પુરવઠો મેળવે છે.

(૨) પાટણ જિલ્લામાં નીચે મુજબની ૪ જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા પાણી અપાય છે.

| ક્રમ | જૂથ યોજનાનું નામ | તાલુકો | સમાવિષ્ટ ગામ |
|---|---|---|---|
| ૧ | ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજના | સિધ્ધપુર<br>પાટણ | ૫૪<br>૭૫ |
| ૨ | નર્મદા કેનાલ આધારિત પી-૧ જૂથ પાણી પુરવઠા યોજના | પાટણ<br>હારીજ<br>સમી | ૬૩<br>૩૯<br>૯૮ |
| ૩ | નર્મદા કેનાલ આધારિત એમ-૨ જૂથ પાણી પુરવઠા યોજના (એન.સી.ડી.-૫) | ચાણસ્મા | ૫૯ |
| ૪ | સાંતલપુર જૂથ પાણી પુરવઠા યોજના | રાધનપુર<br>સાંતલપુર | ૫૬<br>૭૩ |

------------

**દ્વારકાના વિકાસ માટે કેન્દ્રની યોજના**

૯૩૦૮**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પવિત્ર યાત્રાધામ દ્વારકાનાં વિકાસ માટે ભારત સરકાર દ્વારા કોઇ યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના શું છે, અને

**જવાબ**

(૧) હા, જી, ગુજરાત સરકારે ભારત સરકાર સમક્ષ રજુ કરેલ યોજનામાંથી અંશતઃ યોજના મંજુર કરવામાં આવી છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને ટુરીસ્ટ સર્કીટ જુનાગઢ - વેરાવળ - પોરબંદર - દ્વારકાના પ્રવાસન વિકાસ માટે તા. ૨૫-૫-૨૦૦૫ના પત્રથી ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી જેના અનુસંધાને ભારત સરકાર દ્વારા તા. ૨૧-૬-૨૦૦૬ના રોજ ટુરીસ્ટ સર્કીટ જુનાગઢ-વેરાવળ-પોરબંદર-દ્વારકા માટે રૂા. ૩૨૯.૮૩ લાખ મંજુર કરેલ છે જે પૈકી દ્વારકા માટે રૂા. ૪૮.૫૮ લાખનો સમાવેશ થાય છે.

(૧) ઓપનએર થીયેટર વીથ ઇમ્પ્રુવમેન્ટ ઓફ સરાઉન્ડીંગ એરીયા એટ સનસેટ પોઇન્ટ

(૨) દ્વારકા ખાતે સાઇન બોર્ડ

(૩) રોડ સાઇડ પ્લાન્ટેશન
- દ્વારકાથી સુરજ કરાડી તરફથી રોડ

(૪) પે-એન્ડ યુઝ પાર્કીંગ વીથ લેન્ડ સ્કેપીંગ (દ ીરૂભાઇ અંબાણી માર્ગ દ્વારકા)

(૫) ટુરીસ્ટ ઇન્ફર્મેશન સેન્ટર વિશ્રાતિગૃહ દ્વારકા
(૬) પીલગ્રીમેજ શેડ એટ ગોમતીઘાટ

રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને ટુરીસ્ટ સર્કીટ-દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકાના પ્રવાસન વિકાસ માટે રૂા. ૪૦.૨૮ ક્રોડની દરખાસ્ત તા.૬-૧૨-૨૦૦૭થી મોક્લવામાં આવેલ. જેના અનુસંધાને ભારત સરકાર દ્વારા આ ટુરીસ્ટ સર્કીટ માટે તા.૪-૬-૨૦૦૮ના રોજ રૂા. ૭૯૮.૯૦ લાખ મંજુર ક્રવામાં આવેલ છે. જે પેકી દ્વારકા માટે રૂા. ૪૪૦.૯૪ લાખનો સમાવેશ થાય છે.

(૧) પરિક્મા પથનો વિકાસ રૂા. ૫૦ લાખ
(૨) ટુરીસ્ટ રીક્રીએશન સ્થળ તરીકે રાવલા તળાવનો વિકાસ રૂા. ૧૦૦ લાખ
(૩) મંદિર ચોક અને બલભદ્ર શેરીનો વિકાસ રૂા. ૧૧.૦૧ લાખ
(૪) સનસેટ પોઇન્ટ અને ભડકેશ્વર મંદિરનું જોડાણ રૂા. ૨૪.૬૩ લાખ
(૫) ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ અને રીસ્ટોરેશન રૂા. ૨૨.૫૦
(૬) તહેવાર દરમ્યાન સર્વીસ એરીયા તથા સ્થળના વિકાસ બાબત રૂા. ૨૦.૦૦ લાખ
(૭) સમુદ્ર નારાયણ મંદિરની નજીક્ના દરિયાકાંઠાનો વિકાસ રૂા. ૨૧૨.૮૦ લાખ

આ પ્રોજેક્ટ માટે ફરીથી મેગા પ્રોજેક્ટ તરીકે મંજુર ક્રવા માટે તા. ૩૦-૩-૨૦૦૯ના રોજ રૂા.૪૦.૨૮ ક્રોડની દરખાસ્ત ભારત સરકારને પુનઃ દરખાસ્ત ક્રેલ છે.

(૩) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત યોજના અન્વયે શું કામગીરી કરવામાં આવી ?

(૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત યોજના અન્વયે કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

૧. ઓપનએર થીયેટર અને તેની આસપાસના વિસ્તારના વિકાસ કામ પ્રગતિ હેઠળ છે.

૨. દ્વારકા ખાતે સાઇનેજીસ-કામગીરી પુર્ણ થયેલ છે.

૩. પ્રવાસી માહિતી કેન્દ્ર-વિશ્રાંતિ ગૃહ દ્વારકાનું કામ પુર્ણતાના આરે છે.

૪. ગોમતીઘાટ ઉપર યાત્રાળુઓ માટે શેડ-કામ પુર્ણ થયેલ છે.

૫. પે એન્ડ યુઝ પાર્કીગ અને લેન્ડ સ્કેપીંગનુ કામ પુર્ણતાના આરે છે.

૬. દ્વારકાથી સુરજ કરાડી તરફ્ના રોડ સાઇડ પ્લાન્ટેશનની કામગીરી પુર્ણ થયેલ છે.

આ ઉપરાંત મેગા પ્રોજેક્ટ પેકી દ્વારકા માટે જમીન પસંદગી કરી માપણી કરાવવામાં આવેલ છે. અને જમીન વપરાશના હક્કો મેળવવામાં આવેલ છે. અને અન્ય આનુસંગીક પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ખાનગી સાહસોના જોડાણથી અને લોક ભાગીદારી દ્વારા ખુબજ મહત્વના કામો દ્વારકા ખાતે કરવામાં આવનાર છે.

- ટેમ્પલ સ્ક્વેરનો વિકાસ કાર્ય
- સુદામા સેતુ (હેંગીંગ બ્રિજ)
- બીચ એન્ડ પંચકુઈ વિસ્તારનો વિકાસ

આ યોજનાની કામગીરીને ભારત સરકારના પુરાતત્વ વિભાગ તરફથી મંજુરી હાલ મળેલ છે.
ટુંક સમયમાં આરંભ થનાર કામો :-

- ટેમ્પલ પરીસર વિકાસ કાર્ય રૂા.૧.૪૫ કરોડ

યાત્રા માહિતી સુવિધા સંકુલ

ક્લાત્મક રેલીંગ અને કાસ્ટ આયર્ન બેન્ચીસ

સીસી ટીવી કેમેરા રૂમ

રેમ એન્ડ પેવીંગ બ્લોક એન્ડ બ્યુટીફિકેશન

- સુદામા સેતુ રૂા. ૧.૬૯ કરોડ ના ખર્ચે
- પંચકુઈ આઈલેન્ડ વિકાસ યોજના બે તબકકામાં રૂા. ૪.૩૬ કરોડના ખર્ચે

સમુદ્ર પથ, ફુડ કોર્ટ, કુદરતી ઓપચાર અને દ યાન યોગ કેન્દ્ર, કુટીર, લેન્ડ સ્કેપીંગ પ્લાન્ટેશન, ક્લાત્મક કાસ્ટ આયર્ન બેન્ચીસ, કોસ્ટ ગાર્ડ સવલત, વોચ ટાવર, ચેઈન્જીંગ રૂમ, પે એન્ડ યુઝ શોચાલય, એમ્પી થીયેટર વગેરે. આ કામગીરી ઉપરાંત દ્વારકા ખાતે દર વર્ષે ઉજવાતા મહત્વના ઉત્સવો અને મેળામાં પણ રાજ્ય સરકાર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા અનુદાન આપવામાં આવે છે.

દ્વારકાને હવાઈ સુવિધાથી જોડવા માટે દ્વારકા ખાતે એરપોર્ટ બાંધવા માટે સરકાર દ્વારા જમીન ૨૨૨-હેકટર ગુજરાત રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગને હવાલે મુક્વામાં આવી છે.

------------

**સ્વાઇન ફ્લુના ફેલાવા સામે અગમચેતીના પગલાં**

૯૨૬૭**શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિદેશી પ્રવાસીઓ તેમજ બિનનિવાસી ભારતીય પ્રવાસીઓના માધ્યમ થકી સ્વાઇન ફ્લુ રાજ્યમાં ન પ્રવેશે તે માટે રાજ્ય સરકારે અગમચેતીના કોઈ પગલાં લીધા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) વિદેશી પ્રવાસીઓ તેમ જ બિન નિવાસી ભારતીય પ્રવાસીઓનું એરપોર્ટ અમદાવાદ ખાતે મેડીકલ ટીમ દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવે છે. રાજ્યમાં આવેલ તમામ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તેમજ જિલ્લા કક્ષાની જનરલ હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડ અને ક્વોરેનટાઈન વોર્ડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. |

------------

**ખેડા અને આણંદ જિલ્લાના ડાર્કઝોન તાલુકા**

૮૪૩૮**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં ક્યા ક્યા તાલુકા ડાર્કઝોન જાહેર થયેલ છે, અને

(૨) ડાર્કઝોન ઉઠાવવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના (૧) કપડવંજ, (૨) કઠલાલ અને (૩) મહેમદાવાદ તાલુકાઓને ડાર્કઝોન (ઓવર એક્ષ્પલોઈટેડ કેટેગરી) તરીકે જાહેર કરવામાં આવેલ છે. આણંદ જિલ્લાના એક પણ તાલુકાનો ડાર્કઝોનમાં સમાવેશ થતો નથી.

(૨) જે વિસ્તારમાં ભૂગર્ભજળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભુગર્ભજળ રિચાર્જ માટે ચેકડેમ-તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

------------

**મોરબી સીવીલ હોસ્પિટલનું નવીનીકરણ**

૯૩૨૬ **શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી ખાતેની સિવીલ હોસ્પીટલમાં નવીનીકરણ તથા સુધારણા માટે સરકાર કામગીરી કરવા માગે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૩) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : નવીનીકરણ તથા સુધારણાનું કામ તા. ૧-૧-૦૭થી શરૂ કરી તા. ૨૫-૯-૦૮ ના રોજ રૂા. ૪૦૦.૨૮ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

**જેતપુર પાવી તાલુકામાં મીની વોટર વર્ક્સ**

૮૩૨૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં ૨૦૦૭-૦૮અને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન મીની વોટર વર્ક્સ માટે કેટલા ગામો પસંદ કર્યા,

(૨) તેમાંથી ક્યા કામો થયા,

(૩) ઉક્ત કામો પાછળ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલો ખર્ચ ગામવાર થયો,

(૪) બાકી કામો ક્યારે પૂરા થશે, અને

(૫) તેમાં કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાનાં જેતપુર-પાવી તાલુકામાં વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૧ ગામો તથા વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૬ ગામો મીની વોટર વર્ક્સ માટે પસંદ કર્યા.

(૨) મીની વોટર વર્ક્સ યોજનાઓના તમામ કામો જેવા કે, બોર, પંપીગ મશીનરી, પીવીસી ટાંકી, ઓટલો-હવાડો તથા સ્ટેન્ડ પોસ્ટની કામગીરી પૂર્ણ કરી પાણી પુરવઠો ચાલુ કરેલ છે.

(૩) ઉક્ત કામો પાછળ કુલ ખર્ચ રૂા. ૯૪.૪૬ લાખ થયેલ છે. ગામવાર ખર્ચની વિગત પત્રકમાં સામેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**વર્ષ ૨૦૦૭-૦૮**

| અ. નં. | ગામનું નામ | ફળિયાનું નામ | થયેલ ખર્ચ લાખમાં | કાર્યક્રમ | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ધારોલીયા | નિશાળ ફ. | ૧.૭૬ | ટ્રાયબલ | |
| ૨ | વાંટડા | કોમ્યુનીટી હોલ | ૧.૩૧ | ટ્રાયબલ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | શેરપુરા | સુખા મોહનના ફ. | ૧.૬૮ | ટ્રાયબલ | |
| ૪ | ખરેડા | સુમન ખીના ફ. | ૧.૪૭ | ટ્રાયબલ | |
| ૫ | સીમલઘોડા | લખત ભીખાના ફ. | ૧.૫ | ટ્રાયબલ | |
| ૬ | અંબાડી | નિશાળ ફ. | ૧.૬૫ | ટ્રાયબલ | |
| ૭ | ખાંડીવાવ | ગામતળ | ૧.૪૭ | ટ્રાયબલ | |
| ૮ | મગીયા | બસ સ્ટેન્ડ ફ. | ૧.૭૩ | ટ્રાયબલ | |
| ૯ | ભાનપુર | ગામતળ | ૧.૭૪ | ટ્રાયબલ | |
| ૧૦ | કડવાકુવા | નિશાળ ફ. | ૧.૭૭ | ટ્રાયબલ | |
| ૧૧ | લીંબાની | ગામતળ | ૧.૮૨ | ટ્રાયબલ | |
| ૧૨ | હાથીપગલા | પટેલ ફ. | ૧.૪૯ | ટ્રાયબલ | |
| ૧૩ | રાયપુર | ગામતળ | ૧.૪૫ | ટ્રાયબલ | |
| ૧૪ | ભાનપુરી | ગામતળ | ૧.૪૯ | ટ્રાયબલ | |
| ૧૫ | જાંબા | ગામતળ | ૧.૯ | ટ્રાયબલ | |
| ૧૬ | બાંડી | પટેલ ફ. | ૧.૭૧ | ટ્રાયબલ | |
| ૧૭ | પાણીબાર | ક્નાસીયા ફ. | ૧.૬૮ | ટ્રાયબલ | |
| ૧૮ | પાણીબાર | રાવતીયા ફ. | ૧.૬૯ | ટ્રાયબલ | |
| ૧૯ | ગજરા | વાસીયા ફ. | ૧.૬૫ | ટ્રાયબલ | |
| ૨૦ | મજીગામ | ચંદુ મથુરના ફ. | ૧.૪ | ટ્રાયબલ | |
| ૨૧ | વાવડી | ક્નાસીયા ફ. | ૧.૬૮ | ટ્રાયબલ | |
| વર્ષ ૨૦૦૮-૦૯ | | | | | |
| ૧ | ઝાબ (સજવા) | પટેલ ફ. | ૨.૯૦ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨ | ઝાબ (સજવા) | બામણ ફળીયા | ૨.૬૨ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૩ | મોટી આમરોલ-૧ | પર્વત ફળિયા-૧ | ૨.૦૬ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૪ | મોટી આમરોલ-૨ | મોટા ફળિયા | ૨.૬૧ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૫ | મોટી આમરોલ-૩ | પર્વત ફળિયા-૨ | ૨.૫૮ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૬ | મોટી આમરોલ-૪ | મોક્રવાડા | ૨.૨૮ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૭ | ઝાબ (વાલોઠી) | વચલુ ફળિયા | ૨.૫૧ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૮ | વજપુર | નવા એક્તેરીયા ફળીયા | ૨.૪૧ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૯ | પણીબાર-૧ | ભાભરીયા ફળિયા | ૨.૩૧ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૦ | પણીબાર-૨ | પુજારી | ૨.૨૨ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૧ | પણીબાર-૩ | પટેલ ફળિયા | ૨.૩૧ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૨ | ઝાબ (સજવા) | નિશાળ ફળિયા | ૨.૫૫ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૩ | વાવડી | બારીયા ફળિયા | ૨.૩૫ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૪ | મોટીઆમરોલ | મોક્રવાડા ફળિયા | ૨.૩૫ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૫ | ઝાબ (વાલોઠી) | મંદિર ફળિયા | ૨.૦૦ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૬ | નાનાકાંટવા | ગામતળ | ૨.૦૪ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૭ | ઝાબ (વાલોઠી) | નિશાળ ફળિયા | ૨.૧૧ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૮ | રાયપુર | પટેલ ફળિયા | ૨.૩૫ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૧૯ | રાયપુર | નિશાળ ફળિયા | ૨.૩૧ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨૦ | મોટીઆમરોલ | ભક્તી ફળિયા | ૨.૩૦ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨૧ | મોટીઆમરોલ | મોટા ફળિયા | ૨.૨૭ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨૨ | કુંડળ | ચીક્ન ફળિયા | ૨.૨૮ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨૩ | કુંડળ | પટેલ ફળિયા | ૨.૦૦ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨૪ | પાલીયા | ડુંગરી ફળિયા | ૨.૩૫ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨૫ | પણીબાર-૪ | કોટવાળ ફળિયા | ૨.૦૦ | ક્વોલીટી પ્રોબ્લેમ | |
| ૨૬ | ઉનડા | આવાશ ફળિયા | ૨.૩૫ | ટ્રાયબલ | |
| | | કુલ :- | ૯૪.૪૬ | | |

------------

## આણંદ અને ખેડા જિલ્લામાં એન. આર. એચ. એમ. અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

૯૨૫૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મીશન અંતર્ગત તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તેમાંથી ક્યા ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમમાંથી વણવપરાયેલ રકમ કેટલી છે ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મીશન અંતર્ગત તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં નીચે જણાવ્યા મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| અનુ. | જિલ્લાનું નામ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રકમ રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૦૦૭-૨૦૦૮ | ૩,૦૩,૮૮,૨૧૮.૦૦ |
| | | ૨૦૦૮-૨૦૦૯ | ૬,૨૭,૭૦,૬૩૫.૦૦ |
| | | ૨૦૦૯-૨૦૧૦ (તા. ૩૧/૫/૦૯ સુધી) | ૫૦,૦૦,૦૦૦.૦૦ |
| ૨ | ખેડા | ૨૦૦૭-૨૦૦૮ | ૬,૩૦,૪૭,૭૭૧.૦૦ |
| | | ૨૦૦૮-૨૦૦૯ | ૫,૧૨,૧૬,૮૪૬.૦૦ |
| | | ૨૦૦૯-૨૦૧૦ (તા. ૩૧/૫/૦૯ સુધી) | ૫૦,૦૦,૦૦૦.૦૦ |

(૨) તેમાંથી નીચે જણાવેલ હેતુસર આણંદ અને ખેડા જિલ્લામાં વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ.

એન.આર.એચ.એમ., બજેટ, બાળ મરણ તથા માતા મરણ દર ઘટાડવા અને વસ્તી નિયંત્રણનો મુખ્ય ઉદ્દેશ છે. તમામ લોકોને આરોગ્ય વિષયક સેવાઓ જેવી કે સગર્ભા સ્ત્રી આરોગ્ય, બાળ આરોગ્ય, ચોખ્ખા પીવાના પાણીની સુવિધા, સેનીટેશન અને હાઈજીન, રસીકરણ તથા પોષક આહારની સુવિધાઓ, પીએચસી, સીએચસી, સબ સેન્ટર તથા બ્લોક કક્ષાએ સ્ટાફીંગ પોઝીશન સ્ટ્રેન્થન કરવા માટે તથા તમામ આરોગ્ય વિષયક સુવિધાઓ તમામ લેવલે તાત્કાલીક ધોરણે મળી રહે તે માટે નીચે મુજબ વર્ષ વાઈઝ ખર્ચ કરવામાં આવેલ છે.

| અનુ. | જિલ્લાનું નામ | વર્ષ | થયેલ ખર્ચ (રકમ રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૦૦૭-૨૦૦૮ | ૩,૦૫,૭૩,૫૧૭.૦૦ |
| | | ૨૦૦૮-૨૦૦૯ | ૬,૦૯,૫૧,૪૩૪.૦૦ |
| | | ૨૦૦૯-૨૦૧૦ (તા. ૩૧/૫/૦૯ સુધી) | ૪૭,૯૭,૭૪૬.૦૦ |
| ૨ | ખેડા | ૨૦૦૭-૨૦૦૮ | ૪,૪૬,૨૧,૭૨૪.૦૦ |
| | | ૨૦૦૮-૨૦૦૯ | ૮,૨૪,૭૮,૦૭૪.૦૦ |
| | | ૨૦૦૯-૨૦૧૦ (તા. ૩૧/૫/૦૯ સુધી) | ૪૯,૦૩,૧૧૪.૦૦ |

(૩) ઉક્ત ફાળવેલ રકમમાંથી નીચે જણાવ્યા મુજબની રકમ વણ વપરાયેલ છે

| અનુ. | જિલ્લાનું નામ | વર્ષ | વણવપરાયેલ રકમ (રકમ રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૦૦૭-૨૦૦૮ | -૧,૮૫,૨૯૯.૦૦ |
| | | ૨૦૦૮-૨૦૦૯ | ૧૮,૧૯,૨૦૧.૦૦ |
| | | ૨૦૦૯-૨૦૧૦ (તા.૩૧/૫/૦૯ સુધી) | ૨,૦૨,૨૫૪.૦૦ |
| ૨ | ખેડા | ૨૦૦૭-૨૦૦૮ | ૧,૮૪,૨૬,૦૪૭.૦૦ |
| | | ૨૦૦૮-૨૦૦૯ | -૩,૧૨,૬૧,૨૨૮.૦૦ |
| | | ૨૦૦૯-૨૦૧૦ (તા.૩૧/૫/૦૯ સુધી) | ૯૬,૮૮૬.૦૦ |

આમ, વણવપરાયેલી ગ્રાન્ટમાંથી ખર્ચ કરેલ હોવાથી વર્ષ દરમિયાન ફાળવેલ ગ્રાન્ટ કરતાં ખર્ચ વધુ થવા પામેલ છે.

------------

**ઉકાઇ હાઇલેવલ કેનાલના કામો**

૮૩૧૪**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ઉકાઇ હાઇ લેવલ કેનાલના કામો ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કેનાલો ધ્વારા ખેડૂતોને સિંચાઇ માટે ક્યારથી પાણી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૭૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. બાકી રહેલ માટીકામ, લાઈનીંગ અને સ્ટ્રક્ચર્સની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) સને ૨૦૧૦-૨૦૧૧ સુધીમાં કામો પૂર્ણ કરી સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે.

------------

**સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવાના પગલાં**

૯૩૨૪ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા(રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવા સરકાર ધ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનીંગ કર્યું, અને

(૩) તે પૈકી કેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે જે તા. ૩૧/૫/૦૯ ના રોજ કુલ-૨૩૨૨૬ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે.

(૩) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવતાં એક પણ સ્વાઈન ફ્લુનો શંકાસ્પદ કેસ મળેલ નથી.

**સુજલામ સુફ્લામ યોજનાનું પાણી દાંતીવાડા ડેમ અને બનાસ નદીમાં નાખવા બાબત**

૮૬૯૪**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉત્તર ગુજરાત માટે ખૂબ મહત્વની સુજલામ-સુફ્લામ યોજનાનું પાણી દાંતીવાડા ડેમ અને બનાસ નદીમાં ક્યારે નાખવાનો નિર્ધાર છે, અને

(૨) ઉક્ત પાણી ઉક્ત જ્ગ્યાએ નાખવામાં વિલંબ થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સુજલામ સુફ્લામ યોજના હેઠળ નર્મદા મુખ્ય નહેરથી બનાસનદી ઉપરના દાંતીવાડા જળાશય સુધીની ઉદ્વહન પાઈપ લાઈન દ્વારા દાંતીવાડા જળાશયમાં પાણી નાખવાની કામગીરી શક્ય તેટલી વહેલી શરુ કરવાનું આયોજન છે.

(૨) સર્વે સંશોધનની કામગીરી પૂર્ણ થયેલ છે. વહીવટી મંજૂરીની બાબત વિચારાધીન હોઈ વિલંબ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ કામ માટે રૂા. ૩૦ કરોડની વર્ષ ૨૦૦૯-૧૦ માં સુચીત બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

------------

**ધ્રોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જ્ગ્યાઓ ભરવા બાબત**

૭૬૫૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની જ્ગ્યા-૧ તથા નર્સીંગ સ્ટાફની જ્ગ્યા-૨ લાંબા સમયથી ખાલી હોવાથી તાલુકાની જનતાને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

**જવાબ**

(૧) જામનગર જીલ્લાના ધ્રોલ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની તથા નર્સીંગ સ્ટાફની મંજૂર મહેકમ અન્વયે ભરેલી અને ખાલી જ્ગ્યાની વિગત નીચે મુજબ છે.

| જ્ગ્યાનું નામ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| મેડીકલ ઓફીસર | ૩ | ૨ | ૧ |
| નર્સીંગ | ૮ | ૫ | ૩ |

| | | | |
|---|---|---|---|
| સ્ટાફ | | | |

(૨) ઉક્ત જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૨) ૧. તબીબી અધિકારી વર્ગ-૨ ની જગ્યા તા. ૨૮-૫-૦૯ના રોજથી બદલી થવાના કારણે ખાલી પડેલ છે.
૨. સ્ટાફનર્સની ખાલી જગ્યાઓ સા.આ. કેન્દ્રની ઓ.પી.ડી. અને ઈન્ડોરની કામગીરી ધ્યાને લઈ નિમણૂંક આપેલ નથી.

(૩) ઉક્ત જગ્યાઓ વહેલામાં વહેલી ક્યારે ભરી દેવામાં આવશે ?

(૩) ૧. તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યા પર તા. ૧૬-૬-૦૯ ના રોજ બોન્ડેડ ડોકટરની નિમણૂંકના આદેશ કરવામાં આવેલ છે.
૨. સા.આ.કેન્દ્ર ધ્રોલની ઓ.પી.ડી. અને ઈન્ડોરની કામગીરીમાં વધારો થતાં ક્રમશ સ્ટાફનર્સની જગ્યા જરૂરીયાત મુજબ ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

------------

**સોનગઢ અને માંડવી તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ**

૭૭૭૭**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં અને સુરત જિલ્લાના માંડવી તાલુકામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે,

(૨) ઉક્ત કેન્દ્રોમાં સ્ટાફનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૩) તે પૈકી કેટલી જગ્યા ખાલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તાપી જીલ્લાના સોનગઢ તાલુકામાં ૭(સાત) અને સુરત જીલ્લાના માંડવી તાલુકામાં ૭(સાત) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે.

(૨) ઉક્ત કેન્દ્રોમાં સ્ટાફનું મંજૂર મહેકમ નીચે મુજબ છે.

(૩)

| અ.નં. | મંજૂર થયેલ સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | તા. સોનગઢ જી. તાપી | તા. માંડવી જી. સુરત |
| ૧ | મેડીકલ ઓફીસર, વર્ગ-૨ | ૭ | ૭ |
| ૨ | જુની. ફાર્માસીસ્ટ | ૭ | ૭ |
| ૩ | લેબ. ટેક્નીશીયન | ૭ | ૭ |
| ૪ | સીની. ક્લાર્ક | ૭ | ૭ |
| ૫ | ડ્રાઈવર | ૭ | ૭ |
| ૬ | વોર્ડ બોય | ૭ | ૭ |
| ૭ | વોર્ડ આયા | ૭ | ૭ |
| ૮ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૧૪ | ૧૪ |

તાપી જીલ્લાના સોનગઢ અને સુરત જીલ્લાના માંડવી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સીનીયર ક્લાર્કની બધી જગ્યાઓ બ્લોક હેલ્થ ઓફીસ ખાતે તબદીલ કરવામાં આવેલ છે.

(૩) <u>તાપી જીલ્લાના સોનગઢ તાલુકામાં</u>
જુની ફાર્માસીસ્ટની - ૭
લેબ ટેક્નીશીયનની - ૪ અને
ડ્રાઈવરની - ૧
મળી કુલ ૧૨ જગ્યાઓ ખાલી છે.
<u>સુરત જીલ્લાના માંડવી તાલુકામાં</u>
જુની ફાર્માસીસ્ટની - ૫
લેબ ટેક્નીશીયનની - ૨ અને
ડ્રાઈવરની - ૧
મળી કુલ ૮ જગ્યાઓ ખાલી છે.

**ભાવનગર જિલ્લામાં આયુર્વેદિક હોસ્પિટલો**

૮૮૩૮ **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧-૬-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી અને કઇ કઇ જ્યાએ આયુર્વેદિક હોસ્પિટલો ચાલુ છે, અને | (૧) તા. ૧-૬-૦૯ની સ્થિતિએ ભાવનગર જીલ્લામાં કુલ બે આયુર્વેદિક હોસ્પિટલો ચાલુ છે. જે પૈકી એક ભાવનગર ખાતે અને બીજી તળાજા ખાતે ચાલુ છે. |
| (૨) શિહોર અને ગારિયાધાર તાલુકામાં નવી આયુર્વેદિક હોસ્પિટલો શરૂ કરવા માટેની સરકાર દ્વારા કોઇ વિચારણા કરવામાં આવેલ છે કે કેમ ? | (૨) ના, જી. |

------------

**રાજકોટ જિલ્લાની ભાદર-૨ યોજના**

૯૨૬૧ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની ભાદર-૨ યોજના પૂર્ણ થયેલ છે કે કેમ, અને | (૧) બંધના બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે. નહેરોના કામ પ્રગતિ હેઠળ છે. |
| (૨) જો હા, તો ઉક્ત યોજના દ્વારા તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ કેટલા ગામોને પાણી પૂરૂં પાડવામાં આવે છે ? | (૨) ૧૭(સત્તર) ગામોને પીવાનું તથા ડેમથી ઉપરવાસનાં ૫(પાંચ) ગામોને ઉદવહન સિંચાઈથી પાણી પૂરૂં પાડવામાં આવે છે. |

------------

**વડોદરા જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે ગ્રાન્ટ**

૯૨૩૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લાના ક્યા ક્યા યાત્રાધામોના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) વડોદરા શહેર તથા જિલ્લામાં સરકારશ્રીના વહીવટ હસ્તક્નું રાજ્ય સરકારે જાહેર કરેલ કોઈ પવિત્ર યાત્રાધામ આવેલ નથી, પરંતુ સરકારશ્રીના વહીવટ હસ્તક્ના વડોદરા શહેર તથા જિલ્લામાં કુલ-૮૧ દેવસ્થાનો આવેલ છે. તે પૈકી ૧૫ દેવસ્થાનોને કુલ રૂા. ૧૪,૭૨,૮૦૦/- નું અનુદાન ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂા. ૧૪,૭૨,૮૦૦/- ખર્ચ કરવામાં આવ્યો. |

------------

**અમરેલી જિલ્લામાં ૮૦/૨૦ યોજના અંતર્ગત ચેકડેમ**

૮૧૪૮**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૮૦/૨૦ યોજના નીચે કેટલા ચેકડેમ થયેલા છે, | (૧) ૨૩૯. |
| (૨) ઉક્ત ચેકડેમો બનાવવાનું પેમેન્ટ સમયમર્યાદાની અંદર કરવામાં આવેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) ઉક્ત સમય દરમ્યાન ઉક્ત કામ બાબતે કોઇ ગેરરીતિની ફરિયાદો મળેલ છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો તે અંગે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ઓક્ટ્રોયના વિકલ્પે મહાનગર પાલિકાને ગ્રાન્ટ**

૯૩૭૮ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઓક્ટ્રોય નાબુદ થવાને પરિણામે મહાનગરપાલિકાઓને રાજ્ય સરકાર દ્વારા કોઇ આર્થિક | (૧) હાજી. |

સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે ? (૨) વાર્ષિક રૂા. ૧૮૨૫ કરોડ

------------

**જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ મળેલ ગ્રાન્ટ**

૭૫૦૦**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ રાજ્ય કક્ષાએ કેટલા ક્રોડની ગ્રાન્ટની મંજૂરી મળેલ છે, અને

(૨) આ મિશન હેઠળ મળેલ ગ્રાન્ટ પૈકી અમદાવાદમાં ૧૮ પ્રોજેક્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ગવર્નન્સ પ્રોગ્રામના સ્થળ તેમજ હાલમાં કઇ પરિસ્થિતિએ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિ મુજબ વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ને અનુલક્ષીને જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કેન્દ્ર સરકારનો ફાળો રૂા. ૧૭૧૫.૭૬ ક્રોડ, રાજ્ય સરકારનો ફાળો રૂા. ૬૪૭.૬૩ ક્રોડ, અને ન.પા/મહા ન.પા નો ફાળો ૧૩૩૭.૨૯ ક્રોડનો થઈ કુલ રૂા. ૩૭૦૦.૬૮ ક્રોડ ગ્રાન્ટની મંજૂરી મળેલ છે.

(૨) જે. એન.યુ.આર. એમ. હેઠળ તબક્કાવારની બેઠકોમાં વિવિધ પ્રોજેક્ટસને મંજુરી આપવામાં આવે છે. જે અનુસાર તા. ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ માટે ૨૫ પ્રોજેક્ટ મંજુર થયેલ છે. જેમાં ૭ પ્રોજેક્ટના કામ પૂર્ણ થયેલ છે. અને ૧૮ પ્રોજેક્ટના કામો પ્રગતિમાં છે. જેની વિગત આ સાથેના ***પત્રક-અ** માં સામેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | પ્રોજેકટનું નામ | સ્થળ | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વાસણા મુકામે | વાસણા | પ્રગતિમાં |
| ૨ | સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પીરાણા મુકામે | પીરાણા | પ્રગતિમાં |
| ૩ | બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ભાગ-૧ | આર.ટી.ઓ.થી વાસણા | પ્રગતિમાં |
| ૪ | બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ભાગ-૧ | નારોલથી શાહ-એ-આલમ | પ્રગતિમાં |
| ૫ | વરસાદી પાણીનો નિકાલ પમિ ઝોન | પમિ ઝોનના વિસ્તારમાં | પ્રગતિમાં |
| ૬ | વરસાદી પાણીનો નિકાલ દક્ષિણ અને મધ્ય ઝોન | દક્ષિણ અને મધ્ય ઝોનના વિસ્તારમાં | પ્રગતિમાં |
| ૭ | વરસાદી પાણીનો નિકાલ ઉત્તર અને પમિ ઝોન | ઉત્તર અને પમિ ઝોનના વિસ્તારમાં | પ્રગતિમાં |
| ૮ | અમદાવાદ-મુંબઈ બ્રોડગ્રેજ લાઈન પર રેલ્વે પુલ વટવા અને મણિનગર વચ્ચે | મણિનગર | પ્રગતિમાં |
| ૯ | અમદાવાદ-મુંબઈ બ્રોડગ્રેજ લાઈન પર રેલ્વે પુલ દક્ષિણી સોસા. નજીક | વટવા | પ્રગતિમાં |
| ૧૦ | અમદાવાદ-હિંમતનગર લાઈન પર રેલ્વે પુલ ઓમકાર ક્રોસીંગ નજીક | નરોડા | પ્રગતિમાં |
| ૧૧ | મુખ્ય અને નાના માર્ગો ભાગ-૧ | ઓડા વિસ્તારમાં | પ્રગતિમાં |
| ૧૨ | પૂર્વ ઓડા વિસ્તારમાં ગટરનું કામ | વિંઝોલ | પ્રગતિમાં |
| ૧૩ | પમિ ઓડા વિસ્તારમાં ગટરનું કામ | વાસણા | પ્રગતિમાં |
| ૧૪ | પાણીના સંગ્રહ સ્થળોનો વિકાસ, નિકાલ અને પુર હોનારતની બચાવ અંગેની યોજના | ઓડા વિસ્તારમાં | પ્રગતિમાં |
| ૧૫ | બી.આર.ટી.એસ. ભાગ-૨ | નરોડાથી અખબારનગર (વાડજ) | પ્રગતિમાં |
| ૧૬ | પૂર્વ ઓડા વિસ્તારની ગટર વ્યવસ્થા | પૂર્વ ઓડા વિસ્તારમાં | પ્રગતિમાં |
| ૧૭ | પમિ ઓડા વિસ્તારની ગટર વ્યવસ્થા | પમિ ઓડા વિસ્તારમાં | પ્રગતિમાં |
| ૧૮ | ઘન કચરાના નિકાલની વ્યવસ્થા | -- | પ્રગતિમાં |

**કચ્છ જિલ્લામાં સરદાર સહભાગી જળસંચય યોજના હેઠળ બનેલ ચેકડેમો**

૮૧૫૩ **શ્રી જયંતીલાલ ભાનુશાલી**(અબડાસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સરદાર સહભાગી જળસંચય યોજના હેઠળ તાલુકાવાર કેટલા ચેકડેમ બનાવવામાં આવેલ છે ?

**જવાબ**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ ૨૫૨૦ ચેકડેમો બનાવવામાં આવેલ છે. તાલુકાવાર બનાવેલ ચેકડેમોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૩૮૪ |
| ૨ | રાપર | ૬૬૫ |
| ૩ | માંડવી | ૧૯૯ |
| ૪ | અબડાસા | ૨૮૫ |
| ૫ | અંજાર | ૮૫ |
| ૬ | નખત્રાણા | ૫૫૫ |
| ૭ | લખપત | ૧૧૯ |
| ૮ | ભચાઉ | ૧૮૯ |
| ૯ | મુન્દ્રા | ૩૯ |
| | **કુલ :** | **૨૫૨૦** |

------------

**ટી.બી. હોસ્પિટલોની ગ્રાન્ટ-ઇન-એઇડ તરીકેની માન્યતા રદ કરવા બાબત**

૯૩૪૯**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એપ્રિલ-૨૦૦૯ના એક પરિપત્રથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે રાજ્યની ૧૦ ટી.બી. હોસ્પિટલોની ગ્રાન્ટ-ઇન-એઇડ તરીકેની માન્યતા રદ કરી છે એ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આમ કરવાના કારણો શાં હતાં ?

**જવાબ**

(૧) હા,જી.

(૨) ભારત સરકારશ્રીના સેન્ટ્રલ ટી.બી. ડીવીઝન દ્વારા બહાર પાડવામાં આવેલ આરએનટીસીપી ફેઝ-૨ના પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટ પ્લાનમાં જણાવ્યા મુજબ ટીબી સેનેટોરીયમ બંધ કરવાના રહેશે. ટીબીના દર્દીઓને જનરલ હોસ્પિટલમાં દાખલ કરી શકાય છે.

-વિશ્વ બેંક સહાયીત સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમનો અમલ ગુજરાત રાજ્યમાં ૧૯૯૮થી તબક્કાવાર કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ટીબીના દર્દીઓને નજર સમક્ષ સારવાર આપવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં ટીબીના દર્દીને દાખલ કરવાની જરૂરીયાત રહેતી નથી. જરૂર જણાયતો જનરલ હોસ્પિટલમાં દાખલ કરવાના રહે છે. ટીબીના દર્દી માટે સેનેટોરીયમની જરૂરીયાત રહેતી નથી.

------------

**પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ગામો**

૯૩૧૧ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે,

**જવાબ**

(૧) મૂળ યોજનામાં ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં કોઈ ગામનો વધારો કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે, અને

(૨) યોજનાનું બાંધકામ પૂર્ણ કરી હાલ ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે.

(૩) ઉક્ત યોજના પૂર્ણ કરવાનું શું આયોજન છે ?

(૩) ક્રમશઃ પાણી પુરવઠો ચાલુ કરી ૧૫-૦૮-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા સરકારની સહાય**

૯૩૮૬ **શ્રી બાબુભાઈ પટેલ(દસક્રોઈ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજ્ય સરકારની સહાય યોજના અમલમાં છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, | (૨) ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી, નિયત પાત્રતા ધરાવતી અને નિયત શરતો પરિપૂર્ણ કરતી, સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હાલના મકાનના વિસ્તરણ માટે દશ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. |
| (૩) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતી ભવનો બાંધવા કેટલી અરજી મળી, અને | (૩) ૧૫ |
| (૪) તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) ચાર ગુજરાતી સમાજોને સહાય મંજૂર કરેલ છે. બે ગુજરાતી સમાજોને સહાય નામંજુર કરેલ છે. આઠ અરજીઓમાં પૂર્તતા કરવા જણાવેલ છે, જ્યારે એક અરજી વિચારણા હેઠળ છે. |

------------

**ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના**

૭૫૦૫ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વજલધારા યોજના અંતર્ગત કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, | (૧) ૩૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે પેકી કેટલી પૂર્ણ થઇ અને કેટલી પ્રગતિમાં છે, અને | (૨) ૧ પૂર્ણ થયેલ છે, અને ૨૯ પ્રગતિમાં છે. |
| (૩) શરૂ ન થઇ હોય તેવી યોજનાની કેટલી સંખ્યા છે ? | (૩) શૂન્ય. |

------------

**સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવાના પગલાં**

૯૩૨૦**શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવા સરકાર ધ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનીંગ કર્યું, અને | (૨) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતા પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે જે તા. ૩૧-૫-૦૯ના રોજ કુલ : ૨૩૨૨૬ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે. |
| (૩) તે પેકી કેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા ? | (૩) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી |

આવતા પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવતાં એક પણ સ્વાઈન ફ્લુનો શંકાસ્પદ કેસ મળેલ નથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં હિપેટાઇટીસ-બી ના કેસો**

૯૨૬૯ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં હિપેટાઇટીસ-બીનો પ્રથમ કેસ ક્યારે નોંધાયો, | (૧) સાબરકાંઠા જિલ્લામાં હિપેટાઈટીસ-બી નો પ્રથમ કેસ તા. ૨૬-૧-૦૯ના રોજ નોંધાયેલ હતો. |
| (૨) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં તાલુકાવાર કેટલા કેસ નોંધાયા, | (૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં હિપેટાઈટીસ-બી ના મોડાસા-૧૬૨, મેઘરજ-૨૦, હિંમતનગર-૫૦, ભીલોડા-૧૭, બાયડ-૨૩, ઈડર-૧૩૬, વિજયનગર-૫, ખેડબ્રહ્મા-૬, પ્રાંતિજ-૧૯, તલોદ-૪, માલપુર-૧૭, ધનસુરા-૨૮, વડાલી-૧૪, અન્ય-૩ પ્રમાણે તાલુકાવાર કેસ નોંધાયેલ છે. |
| (૩) ઉક્ત રોગથી કેટલા મૃત્યુ થયાં, અને | (૩) ઉક્ત રોગથી સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ સુધી કુલ -૯૩ મરણ થયેલ છે. તારીખ : ૨૮-૫-૦૯ બાદ કોઈ મૃત્યુનો કેસ નોંધાયેલ નથી. |
| (૪) ઉક્ત રોગને નાથવા સરકારે શાં પગલાં લીધાં ? | (૪) હિપેટાઈટીસ-બી નાથવા નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા. |

- સર્વેક્ષણ કામગીરી દ્વારા મળતા શંકાસ્પદ કેસોને શોધી કાઢી મોડાસા અને હિંમતનગર ખાતે જરૂરી લેબોરેટરી ઈન્વેસ્ટીગેશન અને સારવારની વિનામુલ્યે સેવાઓ આપવામાં આવે છે.
- લોકોમાં આ રોગનો ભય દૂર થાય તે હેતુથી દ ાનિષ્ઠ આરોગ્ય શિક્ષણ માટે હોર્ડિંગ્સ દ્વારા, પત્રિકાઓના વિતરણ દ્વારા, ટી. વી. ચેનલો દ્વારા, અને જુથ ચર્ચાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
- મોડાસા શહેરમાં હિપેટાઈટીસ-બી અંગેના વેક્સીનેશનથી તમામ લોકોને ત્રણ ડોઝ માસિક ધોરણે આપી આવરી લેવામાં આવેલ છે તથા મોડાસા, ધનસુરા, મેઘરજ અને માલપુર તાલુકાના તમામ ગામોમાં વેક્સીનેશનનો પ્રથમ ડોઝ અને બીજો ડોઝ પૂર્ણ થયેલ છે. અત્યાર સુધીમાં પ્રથમ ડોઝમાં ૩,૮૧,૫૪૧ અને બીજા ડોઝમાં ૨,૫૨,૪૫૧ વ્યક્તિઓને રસીકરણ કરેલ છે.
- ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ ધારાધોરણ મુજબ મેડીકલ વેસ્ટનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે. જે સ્થળોએ યોગ્ય નિકાલ કરવામાં ન આવતો હોય તેવા સ્થળોએ સઘન તપાસ આદરી નિકાલ યોગ્ય રીતે કરાવવા માટે ઘટતા પગલાં લેવામાં આવેલ છે.
- જરૂરી તબીબી ડીગ્રી વગર મેડિકલ પ્રેકટીસ કરતા હોય તેવા ડોકટરો સામે યોગ્ય કાનુની કાર્યવાહી કરવામાં આવે છે. જે ડોકટરો દ્વારા અસુરક્ષિત પદ્ધતિથી ઈન્જેક્શન આપવાના કારણે હિપેટાઈટીસ-બી રોગચાળો મોડાસા તાલુકામાં ફેલાયો હોવાનું પ્રસ્થાપિત થયું છે. તેવા બે

ખાનગી તબીબો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે હાલ તેઓ કસ્ટડીમાં છે.

------------

**તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં સુધારો**

૯૩૮૯**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની મેડીકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨)

હા, જી. તા. ૨૧-૫-૦૯ના શિક્ષણ વિભાગના પત્રથી રાજ્યની યુનિવર્સિટીઓને તબીબી શિક્ષણ ના અનુસ્નાતક કક્ષાના કોર્ષમાં રાજ્યમાં આવેલ શાળામાંથી ધોરણ ૧૨ પાસ કરેલ હોય અને રાજ્યમાંથી એમ.બી.બી.એસ. પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવા સુચના આપવામાં આવેલ હતી જે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવતાં નામદાર અદાલતે તે સૂચના રદ કરેલ છે. આ ચુકાદા સામે નામદાર સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે, અને તે સબબ આગળની કાર્યવાહી ચાલું છે.

------------

**અંબાજી ખાતે પ્રવાસનલક્ષી સુવિધાઓ**

૯૨૭૬ **શ્રી અનિલભાઈ માળી(દિયોદર) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા અંબાજી ખાતે પ્રવાસનલક્ષી સવલતો ઉભી કરવા અંગેની કામગીરી થઇ રહેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

(૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ એક વર્ષમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.

દર્શન પથ, કલાત્મક પ્રવેશ દ્વાર, નૃત્ય મંડપનું કામ, હવન શાળાની કામગીરી, માનસરોવરના જીર્ણોદ્ધારની કામગીરી પૂર્ણ થયેલ છે.

અંબાજી મંદિર ઉપર વિવિધ રંગોથી સ્થાપત્યની વિશષ્ટતા ઉપસી આવે અને યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે તેવી રોશનીની કામગીરી પૂર્ણ થયેલ છે.

ચાચર ચોક વિસ્તૃતિકરણ, ગબ્બર ટોચ વિસ્તૃતીકરણ, ૫૧ શક્તિપીઠ દર્શન, પરિક્રમાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, ૨૦૦ બેડની હોસ્પિટલની કામગીરી શરૂ થઈ છે.

(૩) યાત્રાળુઓ માટે નીચે મુજબની સવલતો ઉભી થનાર છે.

યાત્રાળુઓ માટે આંતર માળખાકીય સુવિધાના વિકાસ કામો જેવા કે રસ્તા, વીજળી, ડ્રેનેજ તથા યાંત્રિક યાત્રાળુઓ માટે જાહેર સુલભ શોચાલય, પીવાનું પાણી, યાત્રી નિવાસ, યાત્રી માહિતી સુવિધા સંકૂલ જેવી સવલતો ઉભી થનાર છે. આ ઉપરાંત સર્વગ્રાહી અભ્યાસ કરી એક અદ્યતન મેગા પ્રોજેક્ટ સ્વરૂપે તેના વિકાસનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ગબ્બર પરીક્રમાનો વિકાસની સાથે એડવેન્ચર ટુરીઝમની યોજનાઓ કરવાના છે. હેલ્થ અને વેલ બીઈંગનું લગ્ઝરી રોસોર્ટ ઉભુ કરવાનું આયોજન છે. યોગ

અને ધ્યાન કુટીરોના પણ ઉભુ કરવામાં આવશે. અંબાજીને ટેમ્પલ ટાઉન તરીકે રાખી ટુરીઝમ ફાઈનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા, (ભારત સરકારની સંસ્થા)ને સમગ્ર આયોજન કરવા માટે કામ આપવામાં આવેલ છે.

અંબાજીને આંતર રાષ્ટ્રીય ફલક પર મુકવા માટે એરપોર્ટ ઉભુ કરવા ૧૭૫ એકર જમીન રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગને હવાલે મુક્વામાં આવી છે.

------------

**ચાંગોદર ખાતેની કેડીલા લેબોરેટરીમાં ચકાસણી**

૭૫૩૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચાંગોદર ખાતે આવેલ કેડીલા લેબોરેટરીમાં દવાઓના મીક્સીંગમાં નુક્શાનકારક સીરપ નાંખવા બાબતે ખોરાક અને ઔષધ આયુક્તની કચેરી ધ્વારા કેટલી વખત ચકાસણી કરવામાં આવી,

(૨) ઉક્ત ચકાસણી દરમ્યાન કઇ કઇ ગેરરીતિ માલુમ પડી, અને

(૩) તે અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ચાંગોદર ખાતે કેડીલા લેબોરેટરી નામ ધરાવતી કોઈ પેઢી ઓષધના ઉત્પાદન અંગેના પરવાના ધરાવતી નથી. કેડીલા લેબોરેટરી પેઢીમાં દવાઓનાં મીક્સીંગમાં નુક્શાનકારક સીરપ નાખવા બાબતે ચકાસણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવાના પગલાં**

૯૩૨૨**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવા સરકાર ધ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનીંગ કર્યું અને તે પૈકી કેટલા શંકાસ્પદ કેસો મળી આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે જે તા. ૩૧-૫-૦૯ના રોજ કુલ-૨૩૨૨૬ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે. તે પૈકી એક પણ સ્વાઈન ફ્લુનો શંકાસ્પદ કેસ મળેલ નથી.

------------

**અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા સરકારની સહાય**

૯૩૮૮**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજ્ય સરકારની સહાય યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે,

(૩) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતી ભવનો બાંધવા કેટલી અરજી મળી, અને

(૪) તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી, નિયત પાત્રતા ધરાવતી અને નિયત શરતો પરિપૂર્ણ કરતી, સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તેયાર મકાનની ખરીદી કે હાલના મકાનના વિસ્તરણ માટે દશ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે.

(૩) ૧૫

(૪) ચાર ગુજરાતી સમાજોને સહાય મંજૂર કરેલ છે, બે ગુજરાતી સમાજોને સહાય નામંજૂર કરેલ છે, આઠ

અરજીઓમાં પૂર્તતા કરવા જણાવેલ છે, જ્યારે એક અરજી વિચારણા હેઠળ છે.

------------

**માણાવદર અને વંથલી તાલુકામાં ડાર્કઝોન**

૯૨૫૭**શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માણાવદર અને વંથલી તાલુકા કેટલા વર્ષથી ઓવર એક્સપ્લોઇટેડ કેટેગરી(ડાર્કઝોન) હેઠળ મૂકાયેલ છે,

(૨) ઉક્ત બન્ને તાલુકામાં સરકાર દ્વારા પાણીનું તળ ઉંચુ લાવવા માટે કોઇ ખાસ યોજના બનાવાઇ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) તા. ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવથી માણાવદર અને વંથલી તાલુકાઓને ઓવર એક્સપ્લોઈટેડ કેટેગરી (ડાર્કઝોન)માં મૂકવામાં આવ્યા છે.

(૨) અને (૩)

ભૂગર્ભજળ રિચાર્જ માટે ચેકડેમ બનાવવા, તળાવો ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે, તે અનુસાર, આ તાલુકાઓમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- માણાવદર તાલુકામાં બાંટવા, ખારો, શેરડી તથા ઓઝત વિયર, (ટીકર) સિંચાઈ યોજના ઉપરાંત ૭ મોટા અને અન્ય યોજનાઓ હેઠળ ૧૩૯ ચેકડેમો બાંધેલ છે, તેમજ ૩૪ તળાવો બાંધવામાં આવેલ છે.
- વંથલી તાલુકામાં, ઓઝત-૨, ઓઝત વિયર (શાપુર), ઓઝત વિયર (વંથલી) અને સાબલી સિંચાઈ યોજના ઉપરાંત ૫ મોટા અને અન્ય યોજનાઓ હેઠળ ૨૧૦ ચેકડેમો, ૨૨ તળાવો બાંધવામાં આવેલ છે.
- આ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષમાં માણાવદર તાલુકામાં ૩૩ ગામ તળાવ / સીમ તળાવ ઊંડા કરાયેલ છે. જ્યારે વંથલી તાલુકામાં ૪૧ ગામ તળાવ / સીમ તળાવ ઊંડા કરાયા છે.

------------

**સ્વાઈન ફ્લુ નો ફેલાવો અટકાવવાના પગલાં**

૯૩૨૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્વાઈન ફ્લુનો ફેલાવો અટકાવવા સરકાર ધ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનીંગ કર્યુ, અને

(૩) તે પેકી કેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે જે તા. ૩૧-૫-૦૯ના રોજ કુલ-૨૩૨૨૬ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે.

(૩) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવતાં એક પણ સ્વાઈન ફ્લુનો શંકાસ્પદ કેસ મળેલ નથી.

------------

**દાહોદ જિલ્લામાં તળાવો ઊંડા કરવાનો ખર્ચ**

૭૫૦૩ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૭ |
| ૨ | ગરબાડા | ૨૬ |

| | | |
|---|---|---|
| ૨ | ગરબાડા | ૨૬ |
| ૩ | ધાનપુર | ૨૩ |
| ૪ | દેવગઢ બારીયા | ૨૫ |
| ૫ | ઝાલોદ | ૪૫ |
| ૬ | ફતેપુરા | ૨૨ |
| ૭ | લીમખેડા | ૧૭ |
| | કુલ | ૧૯૫ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? — (૨) રૂા. ૨૮૭.૩૦ લાખ

------------

**ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશનના કર્મચારીઓને પગાર વધારો**

૯૨૫૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગરમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા કર્મચારીઓ કામ કરી રહયા છે, | (૧) ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગરમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કુલ ૨૪ કર્મચારીઓ પૈકી ૭ કર્મચારી પ્રતિનિયુક્તિથી તથા ૧૭ કર્મચારીઓ કરારાધિન ધોરણે કામ કરી રહ્યા છે તથા અન્ય સેવાઓ આઉટસોર્સિંગના ધોરણે લેવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કર્મચારીઓને છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ પગાર વધારો આપવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા,<br>૧. પ્રતિનિયુક્તિ પરના કર્મચારીઓને સરકારશ્રીના નિયમોનુસાર અને,<br>૨. કરારાધિન કર્મચારીઓ પૈકીના ૧ રજીસ્ટ્રી ક્લાર્ક તથા પટાવાળાકક્ષાના ૪ કર્મચારીને વર્ષ ૨૦૦૭માં પગાર વધારો આપવામાં આવેલ હતો. |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે ? | (૩) કરાર આધારિત નિમાયેલ કર્મચારીઓની નિમણૂક ચોક્કસ સમય અને ચોક્કસ મહેનતાણાથી કરવામાં આવેલ હોઈ, તેઓને કરાર અનુસાર મહેનતાણું ચૂકવવામાં આવે છે. |

------------

**લાકરોડા ચેકડેમ રીપેર કરવા બાબત**

૯૧૭૨ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં લાકરોડા ખાતે સાબરમતી નદીમાં પાણી રોકવા માટે બાંધવામાં આવેલ ચેકડેમ તૂટી ગયેલ છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી.<br>લાકરોડા વિયરના કાંઠાનું ધોવાણ થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત ચેકડેમ ક્યારે તૂટી ગયેલ છે, અને | (૨) સને ૨૦૦૬ના ચોમાસામાં સાબરમતી નદીમાં આવેલ ભારે પુરથી લાકરોડા વિયરને નુકશાન થવા પામેલ છે. |
| (૩) ઉક્ત ચેકડેમ ક્યારે રીપેર કરવામાં આવશે ? | (૩) તાત્કાલિક મરામતનું કામ કરવામાં આવેલ છે. કાયમી મરામતની કામગીરી માટે મોડેલ સ્ટડી અને ડીઝાઈનની કાર્યવાહી ચાલુ છે જે આખરી થયે પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**સોમનાથ ખાતે ત્રિવેણી બંધારાનું કામ**

૭૬૬૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના સોમનાથ ખાતે ત્રિવેણી બંધારાનું કામ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) બાંધકામ તબક્કે છે.<br>આ બંધારાનું બાંધકામ ભોતિક રીતે ૮૫% પૂર્ણ થઈ ગયેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૧૬૩૦.૦૦ લાખ |

------------

**રાજ્યની હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટરો**

૮૪૪૯**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટરો મંજૂર થયેલા છે, | (૧)<br>(૧) જનરલ હોસ્પિટલ, પાલનપુર<br>(૨) જનરલ હોસ્પિટલ, વલસાડ<br>(૩) જનરલ હોસ્પિટલ, નડિયાદ<br>(૪) જનરલ હોસ્પિટલ, પોરબંદર<br>(૫) જનરલ હોસ્પિટલ, મોરબી<br>(૬) પીડી.યુ. હોસ્પિટલ, રાજકોટ<br>(૭) નવી સિવિલ હોસ્પિટલ, સુરત<br>(૮) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા<br>(૯) જનરલ હોસ્પિટલ, હિંમતનગર<br>(૧૦) જનરલ હોસ્પિટલ, ભરૂચ<br>(૧૧) સરકારી હોસ્પિટલ, જેતપુર<br>(૧૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ભચાઉ (કચ્છ)<br>(૧૩) સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાધનપુર<br>(૧૪) જનરલ હોસ્પિટલ, અમરેલી<br>(૧૫) જનરલ હોસ્પિટલ, મહેસાણા<br>(૧૬) જનરલ હોસ્પિટલ, સોલા<br>(૧૭) જી.જી. હોસ્પિટલ, જામનગર<br>(૧૮) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ |
| (૨) તે અન્વયે કેટલા ટ્રોમા સેન્ટરો કાર્યરત છે આ ટ્રોમા સેન્ટરો બનાવવા માટે કેટલો ખર્ચ થનાર છે, અને | (૨) ૩ (ત્રણ) ટ્રોમા સેન્ટરો કાર્યરત છે. જે અંગે કુલ ખર્ચ રૂા. ૫.૦૦ કરોડનો થયેલ છે. અને ત્રણ કાર્યરત ટ્રોમા સેન્ટરો પૈકી પાલનપુર ખાતેના ટ્રોમા સેન્ટર માટે રૂા. ૧૨.૦૦ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તે પૈકી કેટલી કેન્દ્રીય સહાય ઉપલબ્ધ થવાની છે? | (૩) રૂા. ૧.૫૦ કરોડ સહાય ઉપલબ્ધ થયેલ છે. |

------------

**વડોદરા જિલ્લામાં સ્વજલધારા યોજના અન્વયે મંજૂર કામો**

૯૨૬૦**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત કેટલા કામો મંજૂર થયા, | (૧) વડોદરા જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત ૯૫ પાણી પુરવઠાના કામો મંજૂર થયા, |
| (૨) તે પૈકી કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ચાલુ વર્ષે જ આ કામો મંજૂર થયા કામો પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત કામથી કેટલી વસ્તીને લાભ થશે ? | (૩) ૨૦૦૧ની સેન્સસ મુજબ, મંજૂર થયેલ કામો પૈકી ૧,૧૮,૬૩૫ માણસોને લાભ મળશે. |

------------

**સલાયા ગામને પીવાનું પાણી પૂરૂં પાડવા બાબત**

૯૧૭૧**શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લાના સલાયા ગામે પંદર દિવસે એક વખત ટેન્કરો દ્વારા પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવી રહયું છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામની જનતાને રેશનીંગ કાર્ડ ઉપર પાણી અપાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા તો, ઉક્ત ગામે કાયમી ધોરણે પીવાના પાણીની સમસ્યાઓ દૂર કરવા સરકારે શાં પગલાં લીધા?

(૨) સલાયા નગરપાલિકા દ્વારા રેશનીંગ કાર્ડ ઉપર પાણી આપવામાં આવતું નથી.

(૩) સલાયા શહેરને કાયમી ધોરણે પીવાના પાણીની સમસ્યા દૂર કરવા સિંહણ ડેમ આધારિત ત્વરિત શહેરી પાણી પુરવઠા યોજના અમલમાં છે. તેમજ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તા. ૩૧-૦૩-૦૯થી નર્મદા પાઈપ લાઈન (એન.સી.૨૧) મારફત પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે.

------------

**મોરબી સિવીલ હૉસ્પિટલના નવીનીકરણ બાબત**

૯૨૬૮**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી ખાતેની સિવિલ હોસ્પિટલમાં નવીનીકરણ તથા સુધારણા માટે સરકાર કામગીરી કરવા માંગે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૩) ઉક્ત યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) : નવીનીકરણ તથા સુધારણાનું કામ તા. ૧-૧-૦૭થી શરૂ કરી તા. ૨૫-૯-૦૮ના રોજ રૂા. ૪૦૦.૨૮ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

**હાથસણી ડેમનો કમાન્ડ વિસ્તાર**

૮૯૯૩ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાથસણી ડેમનો કમાન્ડ વિસ્તાર કેટલો છે, અને

(૨) ઉક્ત ડેમથી ધારી તાલુકાના કેટલા ગામોને કેનાલ ધ્વારા સિંચાઈનું પાણી મળી શકે તેમ છે ?

**જવાબ**

(૧) ૧૯૩૧ હેક્ટર

(૨) ૭ (સાત) ગામ

------------

**અનાવલ રેફરલ હૉસ્પિટલનું બાંધકામ**

૮૮૬૪**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાની અનાવલ રેફરલ હોસ્પિટલનું બાંધકામ કેટલા સમયથી પૂર્ણ થયેલ છે, અને

(૨) ઉક્ત બાંધકામમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના કેટલા નાણાં વપરાયા ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાની અનાવલ રેફરલ હોસ્પિટલનું બાંધકામ તા. ૨૨-૧૦-૦૮ ના રોજ પૂર્ણ થયેલ છે.

(૨) ઉક્ત બાંધકામનો કુલ ખર્ચ રૂા. ૧૩૫ લાખનો થયેલ છે, જે તમામ નાણા રાજ્ય સરકારના વપરાયેલ છે.

------------

**સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવાના પગલાં**

૯૩૨૧**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્વાઇન ફ્લુનો ફેલાવો અટકાવવા સરકાર ધ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનીંગ કર્યું, અને

(૩) તે પૈકી કેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે જે તા. ૩૧/૫/૦૯ ના રોજ કુલ-૨૩૨૨૬ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે.

(૩) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવતાં એક પણ સ્વાઈન ફ્લુનો શંકાસ્પદ કેસ મળેલ નથી.

------------

**સાબરકાંઠા-૧ જૂથ પાણી પુરવઠા યોજના**

૯૨૬૪**શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા કેનાલ આધારિત સાબરકાંઠા-૧ જૂથ પાણી પુરવઠા યોજના હાલ ક્યા તબક્કે છે, | (૧) યોજનાના મોટાભાગના કામો પૂર્ણ કરેલ છે. |
| (૨) સદર યોજનાથી કેટલા ગામો અને શહેરને પાણી આપવાનું છે, અને | (૨) ૨૭૧ ગામ/૩ શહેર |
| (૩) ઉક્ત યોજનામાં સમાવિષ્ટ ગામો/શહેરો પૈકી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ગામો/શહેરોને પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે ? | (૩) ૨૨૫ ગામો સુધી પાણી શરૂ કરવા માટે તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. |

------------

**દ્વારકા ખાતે પ્રવાસનલક્ષી સુવિધાઓ બાબત.**

૯૨૭૪**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા દ્વારકા ખાતે પ્રવાસ લક્ષી સવલતો ઉભી કરવા અંગેની કાર્યવાહી થઇ રહેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને | (૨) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ પ્રવાસન નિગમ, જિલ્લા વહીવટીતંત્ર, ખાનગી સાહસોના જોડાણથી અને લોક ભાગીદારી દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગતો<br>૧. ઓપનએર થીયેટર અને તેની આસપાસના વિસ્તારના વિકાસ કામ પ્રગતિ હેઠળ છે.<br>૨. દ્વારકા ખાતે સાઇનેજીસ-કામગીરી પુર્ણ થયેલ છે.<br>૩. પ્રવાસી માહિતિ કેન્દ્ર-વિશ્રાંતિ ગૃહ દ્વારકાનું કામ પુર્ણતાના આરે છે.<br>૪. ગોમતીઘાટ ઉપર યાત્રાળુઓ માટે શેડ-કામ પુર્ણ થયેલ છે.<br>૫. પે એન્ડ યુઝ પાર્કીંગ અને લેન્ડ સ્કેપીંગનુ કામ પુર્ણતાના આરે છે.<br>૬. દ્વારકા થી સુરજ કરાડી તરફના રોડ સાઇડ પ્લાન્ટેશનની કામગીરી પુર્ણ થયેલ છે.<br>આ ઉપરાંત દ્વારકા પ્રવાસનનો મેગા ટુરીસ્ટ સર્કીટ તરીકે પસંદ કરીને આગળ વધી રહયા છીએ. આ પ્રોજેક્ટ પૈકી દ્વારકા માટે જમીન પસંદગી કરી માપણી કરાવવામાં આવેલ છે. અને જમીન વપરાશના હક્કો મેળવવામાં આવેલ છે.<br>અને અન્ય આનુસંગીક પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>આ ઉપરાંત લોક ભાગીદારીથી દ્વારકાધીશ મંદિરમાં સ્વર્ણ સિંહાસન ભેટથી અર્પણ કરવામાં આવ્યું.. આ ઉપરાંત લોક ભાગીદારીથી ભવ્ય પ્રવેશદ્વારની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો. આ ઉપરાંત વૃક્ષારોપણ પણ કરવામાં આવેલ છે. |
| (૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે ? | (૩) યાત્રાળુઓ માટે ઉભી થનાર સવલતો દ વારકાનો રાષ્ટ્રીય કક્ષાના અને વૈશ્વિક સ્તરે પર્યટન |

સ્થળ તરીકે વિકાસ થાય તે માટે સમગ્ર વિકાસને ધ્યાનમાં રાખીને દ્વારકા મંદિરના પરીસર, પંચકુઈ એરીયા વિકાસ, બીચ ડેવલપમેન્ટ, ચોપાટીનો વિકાસ, મ્યુઝીયમ, ગ્રામ હાટ, સનસેટ પોઈન્ટથી ભડકેશ્વર મંદિરનો રોડ, રૂક્ષમણી મંદિર, નાગેશ્વર જ્યોર્તિલિંગનો એપ્રોચ રોડ અને આસપાસનો  વિસ્તારનો વિકાસ, બેટ દ્વારકાનો વિકાસ, શિવરાજપુર બીચ વિકાસ, ગોપી તળાવનો વિકાસ અને

- ટેમ્પલ સ્ક્વેરનો વિકાસ કાર્ય
- સુદામા સેતુ (હેંગીંગ બ્રિજ)
- બીચ એન્ડ પંચકુઈ વિસ્તારનો વિકાસ

આ યોજનાની કામગીરીને ભારત સરકારના પુરાતત્વ વિભાગ તરફથી મંજુરી હાલ મળેલ છે.

**ટુંક સમયમાં આરંભ થનાર કામો :-**

- ટેમ્પલ પરીસર વિકાસ કાર્ય રૂા.૧.૪૫ ક્રોડ
  યાત્રા માહિતી સુવિધા સંકુલ
  ક્લાત્મક રેલીંગ અને કાસ્ટ આયર્ન બેન્ચીસ
  સીસી ટીવી કેમેરા રૂમ
  રેમ એન્ડ પેવીંગ બ્લોક એન્ડ બ્યુટીફિકેશન
- સુદામા સેતુ રૂા.૧.૬૯ ક્રોડ ના ખર્ચે
- પંચકુઈ આઈલેન્ડ વિકાસ યોજના બે તબકકામાં રૂા.૪.૩૬ ક્રોડના ખર્ચે

સમુદ્ર પથ, ફુડ કોર્ટ, કુદરતી ઓપચાર અને ધ્યાન યોગ કેન્દ્ર, કુટીર, લેન્ડ સ્કેપીંગ પ્લાન્ટેશન, ક્લાત્મક કાસ્ટ આયર્ન બેન્ચીસ, કોસ્ટ ગાર્ડ સવલત, વોચ ટાવર, ચેઈન્જીંગ રૂમ, પે એન્ડ યુઝ શોચાલય, એમ્પી થીયેટર વગેરે.

આ કામગીરી ઉપરાંત દ્વારકા ખાતે દર વર્ષે ઉજવાતા મહત્વના ઉત્સવો અને મેળામાં પણ રાજ્ય સરકાર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા અનુદાન આપવામાં આવે છે.

દ્વારકાને હવાઈ સુવિધાથી જોડવા માટે દ્વારકા ખાતે એરપોર્ટ બાંધવા માટે સરકાર દ્વારા જમીન રરરહેકટર ગુજરાત રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગને હવાલે મુક્વામાં આવી છે.

------------

**ચિરંજીવી યોજના હેઠળ તબીબોને ચૂક્વાતી રકમ**

૮૩૦૮ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ચિરંજીવી યોજના હેઠળ ગાયનેક ડોકટરોને | (૧) ખાનગી ગાયનેકોલોજીસ્ટ સરકારી દવાખાનામાં |

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાનું નક્કી થયેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ-રાજકોટ-સાબરકાંઠા જિલ્લામાં ડોકટરોને આર્થિક રીતે ઉક્ત રકમ પોષાતી ન હોવાના કારણે કેટલા ડોકટરોએ રાજીનામા આપ્યાં ?

પ્રસુતિ સંબંધી સેવા આપે તો પ્રસુતિ દીઠ રૂા. ૬૫૯/- અને તેઓના ખાનગી દવાખાનામાં પ્રસુતિ સંબંધી સેવા આપે તો પ્રસુતિ દીઠ રૂા. ૧૭૯૫/- ચૂકવવામાં આવે છે.

(૨) એકપણ નહિ.

------------

## રાજ્યમાં હિપેટાઈટીસ રોગના દર્દીઓ

૮૩૨૪**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં હીપેટાઈટીસ રોગના દર્દીઓ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલાના મૃત્યુ થયા અને ઉક્ત રોગને કાબુમાં લેવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં હિપેટાઈટીસ-એ અને ઈ ના સંક્રમણથી જે દુષિત પાણીથી ફેલાય છે, તે ૯૬૩૧ કેસ થયા છે. તદુપરાંત હિપેટાઈટીસ-બી જે અસુરક્ષિત ઈન્જેક્શન, યોન સંબંધ, લોહી ચઢાવવાથી ફેલાય છે, તેના કારણે રાજ્યમાં ૯૩૬ દર્દીઓ નોંધાયેલ છે. જિલ્લાવાર પત્રક સામેલ છે.

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ હિપેટાઈટીસ-એ અને ઈ થી રાજ્યમાં કુલ ૫ દર્દીઓના મરણ થયા છે. હિપેટાઈટીસ-બી થી ૯૫ દર્દીઓના મરણ થયેલ છે.

-હિપેટાઈટીસ-એ અને ઈ કે જે દુષિત પાણી વડે ફેલાય છે અને તેને કાબુમાં લેવા નીચે મુજબનાં પગલાં લીધેલ છે.

-રાજ્યમાં પીવાના પાણીના સ્ત્રોતનું નિયમિત અસરકારક ક્લોરીનેશન, અને લીકેજીસનું રીપેરીંગ કરવામાં આવે છે. ઘરે ઘરે ક્લોરીન ટેબ.નું વિતરણ પાયાના સ્તર સુધી જરૂરી બ્લીચીંગ પાવડર અને ટેબ. ક્લોરીનનો પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે.

-પીવાના પાણીના કેમીકલ ટેસ્ટ/બાયોલોજીકલ ટેસ્ટ માટે તાલીમ તેમજ કીટની વહેંચણી કરવામાં આવેલ.

-પાણીજન્ય રોગચાળા દરમ્યાન ટીમો દ્વારા સર્વેલન્સ કામગીરી, સારવાર, તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા મોનિટરીંગ કરવામાં આવે છે.

-રોગચાળા અટકાયત માટે અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવે છે.

-ચોમાસા દરમ્યાન પાણીજન્ય રોગચાળો ન થાય તે માટે તમામ બ્લોક હેલ્થ ઓફિસરશ્રીને પ્રિ-મોન્સુન તાલિમ આપવામાં આવી.

-ગુજરાત રાજ્યના વાસ્મો ઓર્ગેનાઈઝેશન દ્વારા ગ્રામ્ય ક્ક્ષાની પાણી સમિતિના સભ્યો દ્વારા ક્લોરીનેશનની કામગીરી સઘન બનાવવા સારૂ ૨૦ લાખ ક્લોરીન ટેબલેટ પુરી પાડવામાં આવી.

-નિરોગી બાળ વર્ષ અંતર્ગત ૫૮૫૧૯ ગ્રામકક્ષાના કર્મચારીઓને પીવાના પાણીનું ક્લોરીનેશન કરવા માટેની તાલીમ આપવામાં આવી.

-જ્યારે હિપેટાઈટીસ-બી જે અસુરક્ષિત ઈન્જેક્શન, યોન સંબંધ, લોહી ચઢાવવાથી ફેલાય છે. જેને કાબુમાં લેવા નીચે મુજબના પગલા લેવામાં આવે છે.

-જી.પી.સી.બી. દ્વારા નિયત કરવામાં આવેલ ધારાધોરણ મુજબ મેડીકલ વેસ્ટનો નિકાલ વેજ્ઞાનિક ઢબે કરવામાં આવે

છે. તેમ જ જે સ્થળે જી.પી.સી.બી.ની ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ ન થતો હોય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાએ આઈ.એમ.એ. બ્રાન્ચના સભ્યોને બાયોમેડીકલ વેસ્ટ બાબતના યોગ્ય નિકાલ તેમ જ ઈન્જેક્શન સેફ્ટી માટે વર્કશોપ/તાલિમનું આયોજન કરેલ છે.
-રસીકરણ કાર્યક્રમમાં લાભાર્થી દીઠ ડીસ્પોઝલ સીરીંઝ નીડલનો ઉપયોગ કરવામાં આવે છે.
-લોકોમાં આ રોગનો ભય દુર થાય તે હેતુથી ઘનિષ્ઠ આરોગ્ય શિક્ષણ માટે પ્રિન્ટ તથા ટી. વી. ચેનલો દ્વારા, અને જુથ ચર્ચાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
-જરૂરી તબીબી ડીગ્રી વગર મેડીકલ પ્રેક્ટીસ કરતા હોય તેવા ડોક્ટર સામે જરૂરી કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.
-મોડાસા શહેરમાં હિપેટાઈટીસ-બી અંગેના વેક્શીનેશનથી તમામ લોકોને ત્રણ ડોઝ માસિક ધોરણે આપી આવરી લેવામાં આવેલ છે. તથા મોડાસા, ધનસુરા, મેઘરજ અને માલપુર તાલુકાના તમામ ગામોમાં વેક્શીનેશનનો પ્રથમ ડોઝ અને બીજો ડોઝ પુર્ણ થયેલ છે. પ્રથમ ડોઝમાં ૩૮૧૫૪૧ અને બીજા ડોઝમાં ૨૫૨૪૫૧ વ્યક્તિઓને રસીકરણ કરેલ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | હિપેટાઈટીસના કુલ કેસ | હિપેટાઈટીસથી કુલ મરણ | વાયરલ હિપેટાઈટીસ એ. અને ઈ | | હિપેટાઈટીસ-બી | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કેસ | મરણ | કેસ | મરણ |
| ૧ | સુરત | ૯૦ | ૧ | ૮૯ | ૧ | ૧ | ૦ |
| ૨ | નવસારી | ૧૫ | ૧ | ૧૫ | ૧ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૯૫ | ૦ | ૭૯ | ૦ | ૧૬ | ૦ |
| ૪ | નડીયાદ | ૪૧૧ | ૧ | ૩૬૦ | ૦ | ૫૧ | ૧ |
| ૫ | મહેસાણા | ૩૫૭ | ૦ | ૩૪૬ | ૦ | ૧૧ | ૦ |
| ૬ | કચ્છ | ૪૩ | ૦ | ૪૩ | ૦ | ૦ | ૦ |
| ૭ | વલસાડ | ૪૦૬ | ૦ | ૪૦૬ | ૦ | ૦ | ૦ |
| ૮ | જામનગર | ૬૭ | ૦ | ૬૫ | ૦ | ૨ | ૦ |
| ૯ | પંચમહાલ | ૩૩૫ | ૦ | ૨૯૬ | ૦ | ૩૯ | ૦ |
| ૧૦ | આહવા-ડાંગ | ૪૭ | ૦ | ૪૭ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | અમદાવાદ | ૪૦ | ૦ | ૪૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૧૧ | ૦ | ૧૧ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | નર્મદા | ૨૩૬ | ૨ | ૨૩૨ | ૨ | ૪ | ૦ |
| ૧૪ | પાલનપુર | ૧૨૪ | ૦ | ૧૦૯ | ૦ | ૧૫ | ૦ |
| ૧૫ | ભાવનગર | ૨૩૫ | ૦ | ૨૩૨ | ૦ | ૩ | ૦ |
| ૧૬ | સુ. નગર | ૨૪૫ | ૦ | ૨૪૧ | ૦ | ૪ | ૦ |
| ૧૭ | ગાંધીનગર | ૮૭૮ | ૦ | ૮૬૬ | ૦ | ૧૨ | ૦ |
| ૧૮ | વડોદરા | ૩૭૦ | ૦ | ૩૫૦ | ૦ | ૨૦ | ૦ |
| ૧૯ | અમરેલી | ૧૨૨ | ૦ | ૧૦૨ | ૦ | ૨૦ | ૦ |
| ૨૦ | પાટણ | ૧૩૭ | ૦ | ૯૪ | ૦ | ૪૩ | ૦ |
| ૨૧ | જુનાગઢ | ૪૪૬ | ૦ | ૪૩૪ | ૦ | ૧૨ | ૦ |
| ૨૨ | ભરૂચ | ૧૯૯ | ૦ | ૧૭૪ | ૦ | ૨૫ | ૦ |
| ૨૩ | તાપી | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | રાજકોટ | ૨૩૭ | ૦ | ૨૨૬ | ૦ | ૧૧ | ૦ |
| ૨૫ | પોરબંદર | ૫૭ | ૦ | ૫૭ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | સાબરકાંઠા | ૭૮૧ | ૯૪ | ૨૭૭ | ૧ | ૫૦૪ | ૯૩ |
| ૨૭ | મ્યુ.કો.વડોદરા | ૯૪૮ | ૦ | ૮૮૫ | ૦ | ૬૩ | ૦ |
| ૨૮ | મ્યુ.કો.અમદાવાદ | ૩૦૬૭ | ૧ | ૨૯૯૦ | ૦ | ૭૭ | ૧ |
| ૨૯ | મ્યુ.કો.જામનગર | ૧૧૦ | ૦ | ૧૧૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | મ્યુ.કો.જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | મ્યુ.કો.સુરત | ૪૧૭ | ૦ | ૪૧૭ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મ્યુ.કો.ભાવનગર | ૬ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ |
| ૩૩ | મ્યુ.કો.રાજકોટ | ૩૪ | ૦ | ૩૪ | ૦ | ૦ | ૦ |
| | કુલ :- | ૧૦૫૬૭ | ૧૦૦ | ૯૬૩૧ | ૫ | ૯૩૬ | ૯૫ |

## રાજકોટ જિલ્લામાં પી.એચ.સી. અને દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

૮૬૩૫ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટ કેટલી જ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે નીચે મુજબની જ્યાઓ ખાલી છે.

**પત્રક**

| અનં. | તાલુકો | સંવર્ગવાર મંજૂર અને ખાલી જ્યાઓ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રા.આ.કેન્દ્ર | | | | | | સા.આ.કેન્દ્ર | | | | | | | |
| | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | |
| | | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| ૧ | રાજકોટ | ૪ | ૦ | ૧૨ | ૦ | ૧૬ | ૦ | ૧ | ૧ | ૩ | ૨ | ૧૩ | ૧૨ | ૧૦ | ૧૦ |
| ૨ | પડધરી | ૨ | ૦ | ૬ | ૨ | ૮ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૧૪ | ૧ | ૧૦ | ૧ |
| ૩ | લોધીકા | ૧ | ૦ | ૩ | ૦ | ૪ | ૦ | ૧ | ૧ | ૨ | ૦ | ૧૩ | ૧ | ૧૦ | ૧ |
| ૪ | વાંકાનેર | ૪ | ૦ | ૧૨ | ૩ | ૧૬ | ૦ | ૧ | ૦ | ૪ | ૧ | ૧૯ | ૩ | ૨૦ | ૪ |
| ૫ | ટંકારા | ૧ | ૦ | ૩ | ૦ | ૪ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૧૩ | ૦ | ૧૦ | ૦ |
| ૬ | મોરબી | ૪ | ૦ | ૧૨ | ૩ | ૧૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | માળીયા | ૩ | ૦ | ૯ | ૬ | ૧૨ | ૦ | ૧ | ૧ | ૩ | ૧ | ૧૮ | ૭ | ૨૦ | ૧૫ |
| ૮ | જસદણ | ૫ | ૦ | ૧૫ | ૪ | ૨૦ | ૦ | ૧ | ૦ | ૬ | ૦ | ૨૭ | ૨ | ૨૦ | ૦ |
| ૯ | ગોંડલ | ૫ | ૦ | ૧૫ | ૩ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૧૧ | ૨ | ૧૦ | ૨ |
| ૧૦ | કોટડા સાંગાણી | ૨ | ૦ | ૬ | ૧ | ૮ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૧૪ | ૨ | ૧૦ | ૦ |
| ૧૧ | જેતપુર | ૪ | ૦ | ૧૨ | ૪ | ૧૬ | ૦ | ૧ | ૧ | ૩ | ૦ | ૧૩ | ૨ | ૧૦ | ૧ |
| ૧૨ | જામકંડોરણા | ૨ | ૦ | ૬ | ૧ | ૮ | ૦ | ૧ | ૧ | ૨ | ૦ | ૧૪ | ૩ | ૧૦ | ૨ |
| ૧૩ | ધોરાજી | ૨ | ૦ | ૬ | ૨ | ૮ | ૦ | ૧ | ૧ | ૩ | ૧ | ૧૨ | ૧ | ૧૦ | ૨ |
| ૧૪ | ઉપલેટા | ૪ | ૦ | ૧૨ | ૬ | ૧૬ | ૦ | ૧ | ૧ | ૨ | ૦ | ૧૨ | ૪ | ૧૦ | ૪ |
| | કુલ : | ૪૩ | ૦ | ૧૨૯ | ૩૫ | ૧૭૨ | ૦ | ૧૨ | ૯ | ૩૭ | ૭ | ૧૯૩ | ૪૦ | ૧૬૦ | ૪૨ |

(૨) ઉક્ત જ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ની જ્યાઓ જિલ્લા પંચાયત હસ્તકની હોઈ જીલ્લા પંચાયત રાજકોટએ સદર ખાલી જ્યાઓ ભરવા તા. ૧-૫-૦૬થી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલી આપેલ છે. મંડળ તરફથી ઉમેદવારો ફાળવેથી ખાલી જ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-સા.આ.કેન્દ્રો ખાતે રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. એન.આર.એચ.એમ. હેઠળ આ સમિતીને સરકારશ્રી દ્વારા નાણાંકીય સહાય રૂા. ૧.૦૦ લાખ લેખે પ્રત્યેક કેન્દ્રને આપવામાં આવે છે. જેમાંથી જે તે પ્રા.આ.કેન્દ્ર-સા.આ.કેન્દ્ર ખાતે જરૂરિયાત મુજબ સ્થાનિક કક્ષાએથી આઉટસોર્સથી ઉમેદવારો રાખી કામગીરી લેવામાં આવે છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ ની જ્યાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૨ની જ્યાઓ ભરવા કમિશ્નરશ્રી (આ) ની કચેરી ગાંધીનગર ખાતે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જ્યાઓની કામગીરી કાર્યભારણ તથા સરકારશ્રીની પ્રવર્તમાન નિતિ અનુસાર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી લેવામાં આવશે.

### અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા સરકારની સહાય

૯૩૮૭ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજ્ય સરકારની સહાય યોજના અમલમાં છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે ? | (૨) ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી, નિયત પાત્રતા ધરાવતી અને નિયત શરતો પરિપૂર્ણ કરતી, સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તેયાર મકાનની ખરીદી કે હાલના મકાનના વિસ્તરણ માટે દશ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતી ભવનો બાંધવા કેટલી અરજી મળી, અને | (૩) ૧૫ |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મહી પરીએજ યોજનાનું પાણી જુનાગઢ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં આપવામાં આવે છે, અને | (૧) નીચે મુજબના ત્રણ તાલુકાઓમાં (૧) જુનાગઢ (૨) વંથલી (૩) ભેંસાણ |
| (૨) વેરાવળ અને સુત્રાપાડા તાલુકાનો તેમાં સમાવેશ થાય છે કે કેમ ? | (૨) ના, જી. |

------------

**હાથીયાવન ડેમની કામગીરી**

૭૭૮૦**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા લીમખેડા ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં હાથીયાવન ગામે હાથીયાવન ડેમ બનાવવાની કામગીરી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે. | (૧) જમીન સંપાદન અને આલેખનના પ્રાથમિક તબક્કામાં છે. |
| (૨) ઉક્ત કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૪૯.૭૯ લાખ |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) જમીન સંપાદન તથા અસરગ્રસ્તોને પુનઃવસવાટની કામગીરી પૂર્ણ થયેથી શક્ય તેટલું વહેલું. |

------------

# શોકદર્શક ઉલ્લેખો

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. ભાઈલાલભાઈ મણિલાલ પટેલના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભાઈલાલભાઈ મણિલાલ પટેલનું તારીખ ૨૬મી જૂન,૨૦૦૯ના રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી પટેલનો જન્મ ૨૦મી ઑક્ટોબર, ૧૯૩૨ના રોજ મહેસાણા જિલ્લાના રણેલા ગામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી પટેલે ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી પટેલે રણેલા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે અને રણેલા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.ના પ્રમુખ તરીકે સેવાઓ આપેલ હતી. તેઓશ્રી કેટલીય કેળવણી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા રહ્યા હતા. તેઓશ્રીએ મહાગુજરાતની ચળવળમાં ભાગ લીધો હતો અને જેલવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીએ મહેસાણા જિલ્લા લોકલ બોર્ડમાં પણ સેવાઓ આપી હતી. તેઓશ્રી શિક્ષણ, ખેતી અને સમાજ સુધારામાં ખાસ રસ ધરાવતા હતા.

સ્વર્ગસ્થ શ્રી પટેલે ત્રીજી ગુજરાત વિધાનસભામાં જોટાણા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને લોકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સારા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (ભા.જ.પ.) :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્ય સ્વ. ભાઈલાલભાઈ મણિલાલ પટેલ એ મહેસાણા જિલ્લાના રણેલા ગામના વતની હતા. એ જમાનામાં કે જ્યારે મહેસાણા જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું અને તેમાંય ખાસ કરીને કન્યા કેળવણીનું પ્રમાણ ઓછું હતું. પાટીદાર સમાજમાં અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં અંધશ્રદ્ધા અને ખોટા ખર્ચાઓ જે જમાનામાં વધારે થતા હતા તેવા સમયમાં તેમણે એક કાર્યકર તરીકે ચોર્યાશી કડવા પાટીદાર સમાજના પ્રમુખ અને સ્થાપક તરીકે અને એક સમાજ સુધારક તરીકે ખૂબ સુંદર કામગીરી આ વિસ્તારમાં અને આ સમાજમાં કરેલી અને તેમની કામગીરીના કારણે એ વિસ્તાર આજે શૈક્ષણિક રીતે અને અન્ય વ્યવસાયની રીતે અને ખેતીવાડીની રીતે ખૂબ આગળ આવેલો વિસ્તાર છે અને તેમણે સમાજની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ, સમાજીક સુધારા, વ્યસન નાબૂદી અને અન્ય સામાજીક કામો કરીને એ

વિસ્તારની ખૂબ સેવા કરી છે. તેમના દુ:ખદ અવસાનથી મહેસાણા જિલ્લાને અને સમાજને ખૂબ ખોટ પડી છે. માનનીય ગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લાવ્યા છે તેને મારું સમર્થન છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ શ્રી ભાઈલાલભાઈ મણિભાઈ પટેલ એ મારા વિસ્તારના રણેલા ગામના વતની હતા અને હમણાં વાત થઈ એ પ્રકારે મારા સમાજના એક વખતના પ્રમુખ પણ પોતે હતા. સમાજના અનેક કુરિવાજો સામે તેમણે માર્ગદર્શન કરીને સમાજ યોગ્ય રીતે ઘણી બધી બાબતોમાં આગળ ચાલે એ પ્રકારનો પ્રયત્ન તેમના માધ્યમથી થયો છે. જોટાણા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય તરીકે પણ સમગ્ર વિસ્તારમાં કૃષિને લગતા પ્રશ્નો, ખેડૂતોને માર્ગદર્શન કરવાનું કામ પણ તે વખતે તેમણે કરેલું છે. પોતે ખૂબ નીડર અને બાહોશ હતા. એટલે ખેડૂતોના પ્રશ્નો સામે પણ અનેકવાર ઝઝૂમીને ન્યાય મળે એ પ્રકારની કાર્યવાહી કરતા હતા. છેલ્લે જ્યારે હું એમને મળવા ગયો છેલ્લા દિવસોમાં તો આ વિસ્તાર માટે, ખેડૂતો માટે, સમાજ માટે કામ કરવાનો સંતોષ એમના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાતો હતો. માંદગીની અવસ્થામાં પણ તેઓ સ્વસ્થ લાગતા હતા. એમના જવાથી સમગ્ર વિસ્તારનું કામ કરતાં અદના માનવીને એમની ખોટ પડી છે. માનનીય ગૃહના નેતાશ્રી નરેન્દ્રભાઈ મોદી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં સુર પૂરાવું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેને સામાન્યત: સભાગૃહના વિપક્ષના નેતાનું સમર્થન મળતું હોય છે. પરંતુ વિપક્ષની ગેરહાજરીની અંદર મારે ભારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, સ્વ.ભાઈલાલભાઈએ ૮મી ઑગસ્ટ ૧૯૫૬ એ દિવસે ગુજરાતને સૌથી પહેલો અન્યાય થયો ત્યારે " મહા ગુજરાત લે કે રહેગેં " નો નાદ કરી, અમદાવાદ કૉન્ગ્રેસ હાઉસની સામેથી એ લડતના મંડાણ થયા અને ત્યારબાદ એ લડતમાં અમદાવાદ શહેર, મહેસાણા, ખેડા જિલ્લો જેવા અનેક સ્થળોથી લોકો જોડાયા અને પૂજ્ય ઈન્દુચાચાની આગેવાની નીચે લડત લડાઈ. એ લડતમાં સ્વ.દાસકાકાની સાથે સ્વ.ભાઈલાલભાઈ પણ મહા ગુજરાતના સેનાની હતા. મહા ગુજરાતની ચળવળની અંદર લડતમાં મોખરે રહ્યા અને જેલવાસ પણ ભોગવ્યો. ૭૬ વર્ષની વયે એમનું દુ:ખદ અવસાન થયું. ત્રીજી વિધાનસભાના તેઓ સભ્ય હતા. ગામડાની અંદર રહીને શિક્ષણ, સહકાર, કૃષિ, ઉદ્યોગ જેવા ક્ષેત્રોના વિકાસ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. એવા લોકસેવકને આપણે અંજલિ આપીએ અને તેના માનમાં આ સભાગૃહને વિનંતી કરું છું કે, બે મિનિટ મૌન પાળીએ.

**(બે મિનિટ મૌન બાદ)**

તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો

**સચિવશ્રી** : બારમી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક- ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯-૧૦ના વર્ષના ફેરફાર કરેલા અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની જે માગણીઓની વિચારણા કરવા અંગે માનનીય રાજયપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવીશ.- ભારતના બંધારણની કલમ-૨૦૩, પેટા કલમ-૩ મુજબ પોતાને અપાયેલ સત્તાની રૂએ ગુજરાતના રાજયપાલશ્રી આ સાથે આપેલ અનુસૂચીમાં દર્શાવેલ ઑગસ્ટ ૨૦૦૯થી માર્ચ-૨૦૧૦ના સમય માટેની એમ આ ૮ મહિના માટે સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટેની ગ્રાન્ટ અંગેની માગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરે છે.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,**

**માગણી ક્રમાંક: ૧૧**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨,૧૭,૭૩,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૧ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૧૨**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસુલાત ખર્ચ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૮૮,૭૭,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૨ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૧૩**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજળી શકિત પરિયોજનાઓ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોલિયમ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૯,૭૨,૭૨,૯૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની ૨,૯૨,૩૬,૬૫,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૩ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

# ઉદ્યોગ અને ખાણ વિભાગ

**માગણી ક્રમાંક: ૪૯**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોની સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪,૨૭,૬૯,૭૭,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટે રૂા. ૨૩,૧૬,૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૪૯ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૫૦**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાઓને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ રૂા. ૪૩,૬૪,૭૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૫,૮૯,૪૦,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૦ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૫૦ પરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**નંબર-૧**

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા ૧૦-૭-૨૦૦૯ (પહેલા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં.૧૧** | | | |
| ૧. * | ૩૪૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-ઉર્જા...વિભાગો<br>રૂા.૧,૭૧,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૨૭-૨૮ | ૧૦૦ | વીજ કંપનીઓના તકરાર નિવારણ ફોરમમાં નિવૃત્ત ડિ.જજ અને વીજ ક્ષેત્રના નિષ્ણાંતની નિમણૂંક કરવાના બદલે વીજ કંપનીઓ વ્દારા પોતાના જ અધિકારીઓની નિમણૂંકો કરી આચરવામાં આવતી ગેરરીતિઓ | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| **માગણી નં.૧૨** | | | | |
| ૨ * | ૨૦૪૫-ચીજવસ્તુઓ.....શુલ્ક<br>૧૦૩-વસુલાત.....શુલ્ક<br>૦૧-વિજળી....નિરીક્ષક<br>રૂા.૮,૮૩,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૬ | ૧૦૦ | વીજ ગ્રાહકોને પોતાના મીટર મુકવામાં પડતી અગવડતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩ * | --"-- | ૧૦૦ | નાના ઉદ્યોગોને વીજ બીલમાં રાહતો આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪ * | -- " -- | ૧૦૦ | વીજ ગ્રાહકોની ડિપોઝીટોનું વ્યાજ દર વર્ષે વીજબીલમાં સરભર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. * | -- " -- | ૧૦૦ | વીજ ગ્રાહકો પાસેથી વીજ મીટરની કિંમતની વસૂલાતની સાથોસાથ માસિક ભાડુ વસૂલ કરી વીજ ગ્રાહકોનું કરવામાં આવતું શોષણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૬. * | -- " -- | ૧૦૦ | ફયુઅલના ભાવો ઘટે ત્યારે વીજળીના ભાવો ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭ * | ૨૦૪૫-ચીજવસ્તુઓ.....શુલ્ક<br>૧૦૩-વસુલાત.....શુલ્ક<br>૦૧-વિજળી....નિરીક્ષક<br>રૂા.૮,૮૩,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૬ | ૧૦૦ | વીજ ગ્રાહકોની હાજરીમાં જ જૂના મીટરોની ચકાસણી થાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮ * | -- " -- | ૧૦૦ | રાજયમાં વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાં પૂરતી રાહત આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| **માગણી નં.૧૩** | | | | |
| ૯ * | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત બોર્ડને સહાય<br>રૂા.૧૨,૧૪,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પાના નં.૧૪-૧૫ | ૧૦૦ | વીજ કંપનીઓ વ્દારા વીજ ગ્રાહકો પાસેથી દર મહિને દસ રૂપિયા ફીકસ ચાર્જ વસૂલ કરી ગ્રાહકોની કરવામાં આવતી ઉઘાડી લૂંટ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦ * | --"-- | ૧૦૦ | વીજ કંપનીઓ વ્દારા વીજ ગ્રાહકોના જૂના મીટરોને બદલે નવા મીટરો મૂકવાથી વધુ વીજ બીલ આવતા જનતામાં ઉભો થયેલ અસંતોષ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ * | --"-- | ૧૦૦ | ખેડૂતોએ વીજ કનેકશનના એસ્ટીમેટની રકમ ભરી હોવા છતાં ઝડપી કનેકશનો આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨. * | -- " -- | ૧૦૦ | લાંબા સમયથી વેઈટીંગ લીસ્ટમાં રહેલા ખેડૂતોને વીજ કનેકશનો સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩. * | -- " -- | ૧૦૦ | વીજ દરમાં વારંવાર ભાવ વધારો કરવા છતા વીજ કંપનીઓ ખોટ કરતી રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪. * | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાંલટકતા અને ખુલ્લા વીજ વાયરોને કારણે બનતા અકસ્માતો રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. * | -- " -- | ૧૦૦ | વીજ ઉત્પાદન માટે કોલસા-ઓઈલના વપરાશની માહિતી ખોટી દર્શાવીને ઉર્જાના ભાવો વધુ લેવાતા રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. * | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત વીજ પુરવઠો પુરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં.૪૯** | | | |
| ૧૭. * | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૨-આઈ.એન.ડી.૧૧-કુટિર ...કચેરી<br>રૂા. ૪,૮૭,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૨૧ | ૧૦૦ | કુટિર ઉદ્યોગોની સમસ્યાઓ હલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮. * | -- " -- | ૧૦૦ | કુટિર ઉદ્યોગો ઘ્વારા ઉત્પાદિત થયેલ ચીજ વસ્તુના વેચાણને વધુ પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯. * | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૧૦૨-લઘુ ઉદ્યોગો<br>૦૩ (આઈએનડી ૧૦)જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો<br>રૂા.૧૨,૧૯,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૨૨ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦. * | -- " -- | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને સમયસર આર્થિક સહાય આપવામાં તંત્રની | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉદાસીનતા | |
| ૨૧. * | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૨૦૦-અન્ય ગ્રામીણ ઉદ્યોગો<br>૦૩-આઈ..એન.ડી.૨૯<br>આદિવાસી ...........કેન્દ્રો<br>રૂા.૧,૪૨,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૩૬ | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં કુટિર ઉદ્યોગોના પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં પૂરતી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૨. * | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૨-આઈ.એન.ડી.૩૩<br>રાષ્ટ્રિયકૃત..........સહાય<br>રૂા.૨૨,૨૬,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૩૮ | ૧૦૦ | રાષ્ટ્રિયકૃત બેંકો મારફતે વ્યકિતગત કારીગરોને નાણાકીય સહાય સમયસર આપાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૩. * | ૨૮૫૨- ઉદ્યોગો<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-આઈ.એન.ડી.૨<br>ઉદ્યોગો......શાખા<br>રૂા.૫,૧૩,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૪૪ | ૧૦૦ | વિસ્તરણ શાખાની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪. * | ૨૮૫૨- ઉદ્યોગો<br>૮૦-સામાન્ય<br>૮૦૦-અન્ય ખર્ચ<br>આઈ.એન.ડી.૬-માંદા..કાર્યક્રમો<br>રૂ ૧,૬૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૫૩ | ૧૦૦ | માંદા ઉદ્યોગોને નાણાકીય સવલતો ઝડપથી પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૫૦** | | |
| ૨૫. * | ૨૮૫૩-બિનલોહ...ઉદ્યોગ<br>૦૨-ખાણોનું ...વિકાસ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૧-આઈએનડી-૪૩<br>ભૂસ્તર .....કચેરી રા.૧૪,૭૩,૬૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૫૬-૫૭ | ૧૦૦ | માફીયા તત્વો વ્દારા થતી પથ્થરની રોયલ્ટીની ચોરી અટકાવવા તંત્રની ઉદાસીનતા | |
| ૨૬. * | --"-- | ૧૦૦ | ખાણોના ઠેકેદારોને આપવામાં આવતા માપ અંદાજો સામે વધારે ખોદકામ કરી આચરવામાં આવતી ગેરકાનૂની પ્રવૃત્તિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭. * | -- " -- | ૧૦૦ | ખાણોની લીઝ આપવામાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. * | ૨૮૫૩-બિનલોહ...ઉદ્યોગ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-સરકાર......અનુદાન<br>રૂા.૧૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૬૦ | ૧૦૦ | સરકાર ખાતે જમા થયેલ પત્થર ખાણ ફી માંથી સ્થાનિક સંસ્થાઓને સમયસર સહાયક અનુદાન આપવામાં તંત્રની નિષ્ફળતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૧૧,૧૨,૧૩, ૪૯ અને ૫૦ લઈને જે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. રાજય સરકારની જે પ્રાથમિક જવાબદારી છે એ આંતરિક સલામતી સાથે કવોલીટી ઓફ લાઈફમાં સતત સુધારણા. રાજયની પ્રજાની જીવનની જે ગુણવત્તા છે એમાં સતતત સુધારણા કેવી રીતે થાય એના માટે રાજયમાં ઉપલબ્ધ રીસોર્સીસ જે હોય એ રીસોર્સીસનો મહત્તમ ઉપયોગ કરવાની દિશામાં સરકારનું જે આયોજન હોય એ આયોજન માટે આ જે માગણીઓ અને આ જે વિભાગો છે ઉર્જા, પેટ્રોકેમિકલ્સ, ઉદ્યોગ, ખાણ આ બધા જ વિભાગો એ રાજયની સંપત્તિના વધારા માટે કૃષિ પછી સૌથી મહત્વનું સ્થાન ધરાવે છે એટલા માટે આ સરકારે ઉર્જા ક્ષેત્રે અને પેટ્રોકેમિકલ્સના ક્ષેત્રે જે કામગીરી કરી છે એ બેનમુન કામગીરી જેનો આખાએ દેશના બધા જ રાજયોની સરકારોએ જેની વિશેષ નોંધ લીધી છે. ઉર્જા જે છે તે વીજ ઉત્પાદન, વીજનું ટ્રાન્સમીશન અને એનું ડીસ્ટ્રીબ્યુશન એ ત્રણ વિભાગોમાં વહેંચાયેલી છે. ઉત્પાદનના ક્ષેત્રે સરકારે જે ઈનિશિએટીવ્ઝ લીધાં છે એ પણ ઊડીને આંખે વળગે તેવાં છે. પછી તે ગેસ આધારિત પાવર પ્લાન્ટની ક્ષમતા વધારવાની વાત હોય, રાજ્યમાં જે સૌથી વધારે ઉપલબ્ધ ખનિજ સંપત્તિ છે એ ખનિજ આધારિત લિગ્નાઈટ બેઝ વીજ ઉત્પાદન કરવાની બાબત હોય, ઈમ્પોર્ટેડ કોલ લાવીને આપણો લાંબો દરિયાકાંઠો છે એ દરિયાના કિનારા ઉપર મેગા પાવર પ્રોજેક્ટ સહિતના પ્રોજેક્ટો થઈ શકે. સાથો સાથ બાયોગેસ, હાઈડ્રો અને સૌર ઉર્જા ક્ષેત્રે પણ આ રાજ્ય સરકારે વિશેષ નવા અભિગમો અને નવા ઈનિશિયેટીવ્ઝ એમાં લીધા છે. ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પણ ગુજરાતના દરિયા કાંઠે થાય એના માટે પણ ભારત સરકાર રાજ્યની અંદર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ સ્થાપે એના માટેની ફેસિલિટી ઊભી કરવા માટેની પણ તૈયારી બતાવી છે. એના પરિણામ સ્વરૂપ આજે ગુજરાત એ સમગ્ર દેશમાં ઉર્જાના ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. જ્યારે આપણી રાજધાનીમાં છ થી આઠ કલાકનો વીજ કાપ હોય ત્યારે ગુજરાતના ૧૮ હજાર ગામડાઓમાં ૨૪ કલાક વીજળી અને શહેરોમાં ઉદ્યોગોને પણ વીજ કાપનો સામનો ન કરવો પડે એ પ્રકારનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે. એના કારણે દેશના ઉદ્યોગકારો ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માટે વિશેષ આકર્ષાય છે.

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

માત્ર ઉદ્યોગકારો જ નહીં પણ બહારથી આવીને અહીં વસવા પોતાનું એક રહેવા માટેનું ડેસ્ટીનેશન બનાવવા માટેનું આકર્ષણ પણ આમાંથી ઊભું થાય છે. કારણ કે આ રાજ્યની અંદર ઉર્જા ક્ષેત્રે જે પ્રકારની સવલતો ઉપલબ્ધ છે એ દેશના અન્ય કોઈ રાજ્યોના પ્રમાણમાં વિશેષ કરીને ખૂબ સારી સુવિધાઓ આના માટેની ઊભી થઈ છે. માત્ર ૨૪ કલાક વીજળી જ નહીં પણ ગરીબલક્ષી યોજનાઓ, જેમાં આદિવાસી વિસ્તાર હોય, ગામડાની ઝૂંપડપટ્ટીના વિસ્તારો હોય કે શહેરની ઝૂંપડપટ્ટીના વિસ્તારો હોય એ બધા જ વિસ્તારોમાં પણ ઓછા ખર્ચે માત્ર ૫૦ રૂપિયા જેવી નજીવી રકમથી વીજ જોડાણ છેક પરામાં વસતા લોકો, ખેતર અને ફાર્મમાં રહેતા લોકોને વીજળી પૂરી પાડવાની કામગીરી આ વિભાગ કરે છે. એ સાચે જ અભિનંદનનીય છે. કુટિર જ્યોતિ યોજના મારફતે પણ આ ઝૂંપડપટ્ટી વિસ્તાર અને આદિવાસી વિસ્તારના લોકોને પણ વીજળીકરણનો મહત્તમ લાભ મળે એના માટે પણ આ કામગીરી કરે છે. એકંદરે સમગ્ર વીજ ક્ષેત્રની અંદર જે કામગીરી થઈ છે એ આપણા રાજ્યને દેશના બધા રાજ્યોમાં પ્રથમ ક્રમે લાવવા માટેનો અને એના માટેના જે એવોર્ડ મેળવ્યા છે, અનેકવિધ એવોર્ડો છે એનું વિવરણ કરીને હું આ સભાગૃહનો સમય લેવા માગતો નથી. ઉત્પાદનના ક્ષેત્રે હોય, વિતરણના ક્ષેત્રે હોય, એ ચોરી, ટ્રાન્સમિશન લૉસ કે ડિસ્ટ્રીબ્યુશન લોસમાં ઘટાડો કરવાના ક્ષેત્રે પણ આ વિભાગે તમામ રીતે સારી કામગીરી કરી છે. મેં એના ઉત્પાદન માટેના હાઈડ્રો પાવરથી માંડીને એના જે ગેસ આધારિત પાવર પ્લાન્ટો અને કોલ આધારિત પાવર પ્લાન્ટો કે લિગ્નાઈટ પાવર પ્લાન્ટની જાહેર સાહસો માટેની સમિતિના અધ્યક્ષ તરીકે મુલાકાત લીધી છે, ત્યારે હું આ વાતથી પ્રભાવિત થયો છું કે આ રાજ્યની વિકાસ યાત્રા છે એ વિકાસ યાત્રામાં ઉર્જા ક્ષેત્રે ઝીરો ડૅફિસિટ પાવરની દિશામાં જ્યારે આગળ વધી રહ્યા છીએ ત્યારે વિકાસ માટે પાયાની જરૂરિયાતો છે, ક્વોલિટી ઑફ લાઈફ, જીવનની ગુણવત્તા માટે પાયાની જરૂરિયાત છે એ ઉર્જા ક્ષેત્રે સુંદર કામગીરી માટે આ વિભાગને એમની જે માગણીઓ લઈને આવ્યા છે એના માટે હું સમર્થન આપું છું. પૅટ્રોલિયમ ક્ષેત્ર એવું છે કે જેમાં લેટ એન્ટ્રી કરવા છતાં, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોરપોરેશન મારફતે કેટલાક જે ઈનિસીએટીવ લઈને જેને આપણે

કાવેરી-ગોદાવરી બેઝીન, ક્રિષ્ણા-ગોદાવરી બેઝીન કહીએ છીએ તે બેઝીનની અંદર બે ટ્રીલિયન કયુબિક ફીટ ગેસનું ફાઈડીંગ છે. આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને મારે જાણ કરવી છે કે ટ્રિલિયન એટલે એક હજાર અબજને એક ટ્રિલિયન કહેવામાં આવે છે એવા ઘનફૂટ ગેસનું જેમાં ૧.૫ ટ્રિલિયન સુધીનું તો ડિપાર્ટમેન્ટ ઓફ હાઈડ્રોકાર્બને એને સમર્થન પણ કર્યુ છે. આ રાજ્યના પેટ્રોલિયમ કોરપોરેશન છે એ માત્ર ગુજરાતની અંદર જ પોતાના ફાઈડિંગ કે એક્ષપ્લોરેશન મર્યાદિત ના રાખતા દેશના અન્ય ભાગોમાં જઈને વિશેષ કરીને દરિયાકાંઠામાં અને દરિયાની અંદર જેને ઓફશોર ડ્રિલિંગ કરવામાં આવે છે એ ઓફશોર ડ્રિલિંગ કરીને પણ આ ફાઈડિગ કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આટલેથી ના અટકતાં આ કોરપોરેશને વિદેશમાં ઈન્ડોનેશિયામાં એક બ્લોક, ઈજિપ્તમાં ૩ બ્લોક અને લગભગ ૬૭૦૦૦ ચોરસ કિલોમિટર જેટલા વિસ્તારો એણે પોતાના એક્ષપ્લોરેશન માટેના વિદેશ સ્થિત આ કામગીરી કરી છે. માત્ર ફાઈડિંગ કરીને એનું વેપારી મૂલ્ય ના સમજતા સમગ્ર ગુજરાતના અર્થતંત્રને ગેસ આધારિત અર્થતંત્ર કરવાની દિશામાં પણ જે ઈનિસીએટીવ આ પેટ્રોલિયમ વિભાગ દ્વારા લેવામાં આવ્યાં છે એના કારણે આજે નાના શહેરોમાં અમારે મહેસાણા જેવા શહેરની અંદર ઘરે ઘરે ગેસ મળતો થયો છે જેના કારણે ગેસના બાટલાઓ માટેની જે કાંઈ ઝંઝટો હતી એમાંથી ગૃહિણીઓને મુકિત મળી છે. આ જે ગેસના ડિસ્ટ્રીબ્યુશનથી ઉદ્યોગો માટે પણ ગેસ આપી શકાય, જેમ વોટર ગ્રીડ કે વીજ ગ્રીડ હો. એ પ્રકારની ગેસ ગ્રીડ સિસ્ટમ પણ આ રાજ્યની અંદર આ વિભાગે ઈનિસીએટીવ લઈને જે શરૂઆત કરી છે. ૨૨૦૦ કિલોમિટર છેક દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાથી ગેસને પંમ્પિગ કરીને મોરબીના સિરામિક ઉદ્યોગ કે પ્રાંતિજના સિરામિક ઉદ્યોગ સુધી પહોંચાડવાની દિશામાં પણ આ વિભાગે જે કામગીરી કરી છે એના માટે હું આ વિભાગને આ જે ઊર્જા વિભાગનું ક્ષેત્ર છે એના મારફતે ઔદ્યોગિક વિકાસનું જેના મારફતે સંપત્તિનું સર્જન કરીને ગુણવત્તા જીવનની સુધારવાની દિશામાં જે સરકારનો અભિગમ છે એને બળ પૂરું પાડવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે એટલે હું એમ માનું છું કે ઊર્જા અને પેટ્રોલિયમ ક્ષેત્રે જે સુંદર કામગીરી આ વિભાગે કરી છે એના માટે હું આ એમની જે માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યાં છે એને હું ધન્યવાદ આપું છું અને એનું હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ આજે માનનીય ઉદ્યોગ અને ખાણ વિભાગ પણ માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે ઉદ્યોગક્ષેત્રે પણ આજે ગુજરાત જે દેશના બધા રાજ્યોમાં પ્રથમક્રમે જે આવ્યું છે અને એમાંય ૨૦૦૯માં જે આપણે ચોથા નંબરનો વાયબ્રન્ટ ગુજરાત ઔદ્યોગિક સમિટ કરીને ૧૨ લાખ કરોડ રૂપિયા કરતા પણ વધારે રકમના એમ.ઓ.યુ. આ મંદીના સમયમાં પણ ગુજરાત સરકાર અને ગુજરાતની અંદર ઉદ્યોગોને આકર્ષવા માટે જે આયોજનો કર્યા છે અને જે ઉદ્યોગકારોએ આ રાજ્યની અંદર આવીને આ ઉદ્યોગ સ્થાપવા માટે જે પહેલ કરવાની તૈયારી બતાવી છે એજ બતાવે છે કે ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતનું ભવિષ્ય એકદમ ઉજ્જવળ છે. આ રોકાણો મારફતે ૨૫ લાખ કરતાં પણ વધારે રોજગારીનું સર્જન આ રાજ્યની અંદર થશે એના કારણે આ રાજ્યની આવતી પેઢીના જે યુવાનો છે એ યુવાનોને નોકરી શોધવા માટે બીજા રાજ્યોમાં જવું નહિ પડે. અન્ય રાજ્યના યુવાનો ગુજરાતમાં નોકરી માટે આવશે એવા પ્રકારનું વાતાવરણ અને એની સાથે જે તાલીમ માટેની પણ ઉદ્યોગ વિભાગે જે યોજના શરૂ કરી છે કે આ ઉદ્યોગોને સ્કીલ્ડ મેન પાવર મળે એના માટે જે યોજના શરૂ કરી છે એનું પણ મહત્ત્વ એ રીતે છે કે આ પરિપૂર્ણ ત્યારે જ શક્ય બને. કે જ્યારે ઉદ્યોગોને જરૂરી વીજળી, ઉદ્યોગોને જરૂરી સ્કીલ મેન પાવર, ઉદ્યોગોને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઉદ્યોગોને જરૂરી સલામતી આ બધી જ બાબતો લેબર લોઝ, જેમ આપણે જાણીએ છીએ કે, મેનડેડ લોસ જેને આપણે કહીએ છીએ કે, માનવ દિનની હડતાલ કે લોક આઉટને કારણે જે નુકસાન થતું હોય છે એ બાબતમાં પણ સમગ્ર દેશમાં ગુજરાત એ ઓછામાં ઓછા માનવદિનના નુકસાન સાથે એ પ્રથમ ક્રમે રહે છે અને અહીંનો જે મેન પાવર છે એને પણ મહદ્ અંશે આપણા ઉદ્યોગો સાથે સંતોષના કારણે આ કયારેય હડતાલ કે લોક આઉટનો સહારો લેવો ન પડે એવી સ્થિતિનું નિમાર્ણ આ ક્ષેત્રમાં થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગો, સામાન્ય રીતે જે અસંગઠિત ક્ષેત્રોમાં લાખો રોજગારી ઊભી કરવા માટે જે કુટિર ઉદ્યોગ, નમક ઉદ્યોગ જે છે, મીઠા તથા અગરિયાઓના લાભાર્થે એ ક્ષેત્રોમાં પણ સરકારે ઉત્તમ કામગીરી કરવાની દિશામાં ઈનિશ્યિેટીવસ્ લીધા છે. અગરિયાઓ જે દરિયા કિનારે મીઠું પકવવાની બાબતમાં પણ આપણા દેશના બધા જ રાજયોમાં સમગ્ર દેશનાં મીઠા ઉત્પાદનમાં રાજય પ્રથમ ક્રમે છે, પચાસ ટકા કરતાં પણ વધારે નમકનું ઉત્પાદન એકલા ગુજરાતમાં થાય છે એવા સંજોગોમાં જ્યારે એક લાખ કરતાં પણ વધારે અગરિયાઓ આ ક્ષેત્રમાં જોડાયેલા હોય ત્યારે એમના રહેવા માટેના મકાનો બાંધવાની બાબત હોય, એમના શિક્ષણની બાબત, એમના આરોગ્ય માટે, એમને કીટ આપીને એમને કામ કરવામાં મુશ્કેલીઓ ઓછી પડે એના માટે પણ આ નમક ઉદ્યોગે વિશેષ કામગીરી અને વિશેષ ઈનિશ્યિેટીવસ્ લીધા છે. કુટિર ઉદ્યોગોની અંદર પણ જે અસંગઠિત ક્ષેત્રમાં પછી એ પવાર લૂમ ક્ષેત્ર હોય કે કુટિર ઉદ્યોગમાં જે ગ્રામ્ય ઉદ્યોગો, ખાદી અને વિલેજ ઇન્ડસ્ટ્રી જે છે એની બાબતમાં પણ આ વિભાગોએ નવા ઈનિશ્યિેટીવસ્ દ્વારા રોજગારીનું સર્જન કરવામાં અને વિશેષ કરીને બાજપાઈ બેન્કેબલ યોજના જે છે એમાં બે લાખ રૂપિયાની રકમમાં વધારો કરીને યુવાનોને પોતાની રોજગારી મેળવવા માટે જે બૅન્કોમાંથી લોન મળે અને એમાં સબસિડી આપવાની અને વ્યાજની અને સીધી સબસિડી આપવાની બાબતમાં માનનીય મંત્રીશ્રીએ આ માટેની ઉદ્યોગ નીતિમાં એનો સમાવેશ કરી આ કામગીરી

કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર કુટિર ઉદ્યોગ નહીં પણ જે લઘુઉદ્યોગો, હાલમાં જેને આપણે M.S.M.E. કહીએ છીએ, એ માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈસીઝ માટેનો ભારત સરકારે એક અલગ કાયદો બનાવ્યો છે અને એ કાયદાને અનુરૂપ M.S.M.E. ના ક્ષેત્રમાં આજે ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જેમાં લઘુ ઉદ્યોગોની જે ડેન્સીટી છે, લગભગ ત્રણ લાખ જેટલા આપણે ત્યાં માઈક્રો અને સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ આવેલા છે અને દરેક ઉદ્યોગમાં જે કોઈ લોકો રોજગારી મેળવે છે એ રોજગારી એમને સારી રીતે મળી શકે અને નવા સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ સ્થાપી શકાય એના માટે માનનીય મંત્રીશ્રીએ જે ઈનિશિયેટીવસ્ લીધા છે એના કારણે લઘુઉદ્યોગોમાં નવા ઉદ્યોગો સ્થપાય ત્યારે એને વ્યાજ સબસિડીની સહાય, એના કલ્સટર ડેવલવમેન્ટ માટેની યોજના અને ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટેની યોજના અને ૨૦૦૯-૧૦ના ગોલ્ડન ગોલ માટે કુટિર અને ગ્રામ્ય ઉદ્યોગોની રોજગારીની તકો જે છે એમાં ૬૬ટકા વધારવાની અને ૧,૭૦,૦૦૦ હજાર જેટલી નવી રોજગારી ઊભી કરવા માટેનું અને ૨૦૦૯-૧૦ દરમિયાન ૫૨,૦૦૦ લાભાર્થીઓને બેન્કેબલ યોજના હેઠળ અને ૪૦,૦૦૦ લાભાર્થીઓ માનવ કલ્યાણ યોજનાની પુલકિત યોજના હેઠળ અને ૩૦,૦૦૦ લાભાર્થીઓજે જુદા જુદા ટ્રેઈનીંગ સ્કીલ ઈમ્પ્રુવમેન્ટ તાલીમ હેઠળ આવરી લેવાનું આયોજન પણ રાજય સરકારના આ વિભાગે જ્યારે કર્યુ છે, વિશેષ તો મારે એ કહેવું છે કે, G.I.D.C. મારફતે જે આપણી ઔદ્યોગિક વસાહતો હતી. આપણા રાજયની અંદર ૧૫૦ કરતાં પણ વધારે ઔદ્યોગિક વસાહતો જે કાર્યરત છે એનું જે ઈન્ફ્રાસ્ટ્રકચરની હાલત ખરાબ થયેલી હતી એના માટે પણ ઈનીશીયેટીવ લઈને ૮૫ટકા જેટલી સહાય એમાં ૫૦ટકા જેટલી સહાય ઉદ્યોગ વિભાગ દ્વારા અને ૩૫ ટકા જેટલી સહાય જી.આઈ.ડી.સી. મારફત આપીને ૧૫ ટકા જેટલી રકમ એ જી.આઈ.ડી.સી.માં કાર્યરત ઉદ્યોગકારોના એસોશિએશન દ્વારા કરવામાં આવે અને એના દ્વારા લગભગ અઢીસો કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો ઔદ્યોગિક વસાહતોની અંદર પણ કરી અને આજે એ ઔદ્યોગિક વસાહતોની હાલત પાંચ વર્ષ પહેલા દયાજનક હતી. આ રાજયના ઔદ્યોગિક વિકાસ માટે જે મહત્વના ઈનિશ્યેટીવ છે એમાં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન જેના મારફતે આજે ૬૦ જેટલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન ગુજરાતમાં એપ્રુવ કરવામાં આવ્યા છે. સમગ્ર દેશની અંદર જયારે જુદા જુદા રાજયોમાં એસઈઝેડના ક્ષેત્રે અનેક વિવાદો થયા છે ત્યારે ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જેની પ્રજાએ, એના કિસાનોએ, એના કામદારોએ આ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનને આવકાર્યો છે અને એના કારણે આજે સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનમાંથી એક ડગલું આગળ વધીને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનની બાબતમાં પણ રાજય સરકારે ઈનીશ્યેટીવ લીધો છે અને લગભગ ૯૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધોલેરાનો અમદાવાદની નજીકનો વિસ્તાર એ ધોલેરા વિસ્તારમાં અને દહેજ વિસ્તારમાં પેટ્રોકેમિકલ કોમ્પ્લેકસ ઈ.સી.પી.આર.નો ઈનીશ્યેટીવ છે જે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન તરીકે એમાં દરિયાકાંઠા તરીકે અને જયારે સરકાર એમ કહે છે કે ગુજરાત એ પેટ્રોલિયમ ક્ષેત્રે પણ દેશનું પેટ્રો કેપિટલ બનવા તરફ જઈ રહયું છે ત્યારે ઈસી.પી.આર.નો એસ.આઈ.આર. એ દહેજ ક્ષેત્રે દહેજની અંદર ઉભો થશે. ધોલેરાનો જે સંપૂર્ણ ઔદ્યોગિક સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જેની ટાઉનશીપ કે જેમાં પોર્ટ, એરપોર્ટ, સીકસલેન હાઈવેથી મેગાસીટી અમદાવાદ સાથેની કનેકટીવીટી અને સમગ્ર ગુજરાતનું સેન્ટર એ ત્યાં સૌરાષ્ટ્રથી નજીક પડે, ઉત્તર ગુજરાતથી નજીક પડે, મધ્ય ગુજરાતથી નજીક પડે એવા વિસ્તારની અંદર જયારે ૯૦૦ ચોરસ કિલોમીટરનો સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ઉભો થઈને ત્યાં જયારે આર્થિક વિકાસ થશે ત્યારે હું એમ માનું છું કે સીંગાપુર, હોંગકોંગ, કે ચીનના ચેન્જેન જેવા વિસ્તારોની માફક આ ગુજરાતનો આ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એ વિકાસની નવી હરણફાળ ભરશે. મેં અગાઉ કહયું તેમ જે આપણી પાસે ઉપલબ્ધ રીસોર્સીસ હોય એનું મહત્તમ યુટીલાઈઝેશન કરવામાં આવે તો જ મહત્તમ સંપત્તિનું સર્જન થાય અને મહત્તમ સંપત્તિનું સર્જન થાય તો જ રાજયની પ્રજાને યોગ્ય ગુણવત્તાવાળું જીવનધોરણ આપણે આપી શકીએ ત્યારે દરિયાકાંઠો જે એક આપણું રીસોર્સ છે અને એને ધ્યાને લઈને દરિયાકાંઠે પણ શીપ બિલ્ડીંગ અને શીપ રીપેરીંગના આયામો માટેનું આયોજન પણ રાજય સરકારે કર્યું છે. ખાણ વિભાગની કામગીરી અંગે પણ ઉલ્લેખ કરી લઉં તો આપણે ત્યાં ખાણની અંદર જેને આપણે મુખ્ય ખનીજ કહીએ છીએ, જેને આપણે ગૌણ ખનીજ કહીએ છીએ એ રીતે મુખ્ય ખનીજમાં આપણી પાસે લિગ્નાઈટ, લાઈમ સ્ટોન. લાઈમ સ્ટોનના કારણે આપણે સિમેન્ટ પ્લાન્ટ સ્થાપવાની દિશામાં ગુજરાત આજે અગ્રિમ હરોળની અંદર છે. લિગ્નાઈટનો મહત્તમ ઉપયોગ કરવા માટે આપણે ઉર્જાક્ષેત્રે આપણી જે સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે લિગ્નાઈટનો ઉપયોગ એ ઉર્જાક્ષેત્રે અને લઘુ ઉદ્યોગોને એ લિગ્નાઈટ ઉપલબ્ધ થાય એના માટે પણ રાજય સરકારે આયોજન કર્યું છે. અન્ય જે ખનીજો છે બોકસાઈટ સહિતના એ ખનીજોનું પણ યોગ્ય રીતે આયોજન કરી અને એનો ઔદ્યોગિક વિકાસ કરી અને એનાથી માત્ર સંપત્તિનું સર્જન નહીં પણ રોજગારી હજારોની સંખ્યામાં રોજગારી ઉત્પન્ન થાય એ પ્રકારના પણ ઉદ્યોગો સ્થાપવાની દિશામાં ખાણ -ખનીજ વિભાગ દ્વારા કામગીરી થઈ રહી છે ત્યારે આ સમગ્ર માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી જે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે એ માગણીઓને હું મારું સમર્થન જાહેર કરું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નં. ૧૧, ૧૨, ૧૩, ૪૯, ૫૦ જે લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

ઊર્જા વિભાગે દિલ્હીથી છેલ્લા ૪ વર્ષની અંદર ૧૪ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. ઘણીવાર આપણા મિત્રો કહેતા હોય છે કે ઊર્જા વિભાગ યોગ્ય કામગીરી કરતું નથી, પણ દિલ્હીની અંદર કોંગ્રેસની સરકારે ૨૦૦૫-૦૬ થી ૨૦૦૯ સુધીમાં ૧૪ એવોર્ડ આપેલ હોવાના કારણે એના ઉપરથી આપણે નક્કી કરી શકીએ કે ગુજરાતનું ઊર્જા વિભાગ સારી રીતે કામ કરી રહ્યું છે. ઊર્જા વિભાગમાં જે અત્યારે ૭ કંપનીઓમાં વિભાજન કરવામાં આવ્યું છે, આના કારણે દરેક કંપનીમાં હરીફાઇના કારણે એકબીજાથી કેમ સારી રીતે કામ કરી શકાય, ગ્રાહકોને સારી રીતે કેમ સંતોષ આપી શકાય એના માટેના પ્રયત્નો કરે છે. ૨૦૦૩ માં મહેસૂલી આવક ૮૩૮૯ કરોડ હતી એ અત્યારે ૨૦૦૮-૦૯ માં વધી ૧૭,૬૮૫ કરોડ રૂપિયાની મહેસૂલી આવક થઈ. આને આપણે મહિનાની દ્રષ્ટિએ સરખામણી કરવા જઈએ તો ૨૦૦૩ માં માસિક આવક ૬૯૯ કરોડ હતી, એ ૨૦૦૯ માં ૩ માસિક આવક ૪૬૬૩ કરોડની થઈ. આ રીતે જ્યારે ઊર્જા વિભાગ અગાઉના વખતમાં આપણે કહેતા કે ૨૦૦૦ કરોડથી વધારે ખાદ્યમાં ઊર્જા વિભાગ હતો, ત્યારે એના કારણે ઊર્જા વિભાગે પ્રગતિ કરી. ગામડામાં વધુમાં વધુ સવલતો આપવા છતાં આ વિભાગ આ ખાદ્યમાંથી બહાર નીકળી અત્યારે પ્લસમાં ચાલી રહેલ હોય આ ઉદ્યોગ માટે ઘણી વખત કહેવામાં આવે કે ગામડાની અંદર કોઈપણ ગ્રાહક ખેતીવાડીનો કે રેસિડેન્શિયલ ગ્રાહક જ્યારે વીજ ચોરીમાં પકડાય ત્યારે કલમ-૧૩૫, ૧૨૬ આ કેન્દ્ર સરકારે આ કલમ નક્કી કરવાના કારણે કોઈપણ ગ્રાહક જ્યારે વીજ ચોરીમાં પકડાય ત્યારે તેને ૧૨ મહિનાનું બિલ ગણી બિલ આપવામાં આવતું હોય અને એના ઉપર કલમ-૧૩૫ માં પોલીસ કેસ કરવામાં આવતો હોય છે, તો ખરા અર્થમાં જી.ઈ.બી. આ બે કલમોના કારણે લોકો ઉપર વધારેમાં વધારે દંડ આપતી હોય છે, પણ આ કલમ કેન્દ્ર સરકારે નક્કી કરેલ હોવાના કારણે ઊર્જા વિભાગે આ કલમનો ઉપયોગ કરવો પડે છે. આ કલમના કારણે એક વર્ષનું બિલ અને જેલ અને પોલીસ સ્ટેશનની સજા હોય છે. ખરા અર્થમાં આ કલમ નાબૂદ કરવા માટે ઊર્જા વિભાગે કેન્દ્ર સરકારને ભલામણ કરવી જોઈએ. આ કલમ નાબૂદ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આગળ આપણે ગામડાની અંદર ખેતીવાડી કનૅક્શન હોય છે. લાંબી લાઈનના કારણે વિઆર ન મળતા હોય અને વૉલ્ટેજના પ્રોબ્લેમના કારણે આ ઊર્જા વિભાગે 'ખુશી' નામની યોજના કિસાન હિત ઉર્જા શક્તિ નામની ખુશી નામની યોજના બહાર પાડી. ગામડાની અંદર ખેતીવાડી કનૅક્શન હોય એ કનેક્શનમાં ટ્રાન્સ્ફૉર્મર મુકવા એના કારણે પૂરતા વિઆર મળે, પુરતા વૉલ્ટેજ મળે જેમાં મોટર બળવાનો પ્રશ્ન હતો એનું પણ સોલ્યુશન આવે. આના કારણે ૧૦ કે.વી., ૧૬ કે.વી. ૨૫ કે.વી.ના નાના ટ્રાન્સ્ફૉર્મર મૂકી દરેક વાડીની અંદર આ ગ્રાહક દીઠ એક ટ્રાન્સ્ફૉર્મર મુકવામાં આવે અને તેથી ટ્રાન્સ્ફૉર્મર ફેઈલ થઈ જવાના અને બળી જવાના પ્રશ્નમાં રાહત થાય. આના કારણે ૨૦૦૯-૧૦માં આ બાબતમાં ૪૦ કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. ખરા અર્થમાં ગામડાના કિસાનોને જે લો-વૉલ્ટેજનો પ્રશ્ન છે, એની અંદર સોલ્યુશન આવશે અને આના કારણે વચ્ચમાં ચોરી થાય અને આ લાઈન નીકળી જવાના કારણે ચોરીનું પ્રમાણ ઘટશે. ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વીજળી મળી રહે. ખરા અર્થમાં જે ગુજરાતની અંદર જ્યોતિગ્રામ યોજના આવ્યા પછી ગામડામાં ૨૪ કલાક વીજળી મળતી થઈ, ૨૪ કલાક નહિ પણ ગામડાની અંદર નાના ઉદ્યોગકારો ગામડામાં ઘરગથ્થું ઉદ્યોગ હોય તેમને પૂરતા પ્રમાણમાં ૨૪ કલાક વીજળી મળવાના કારણે ગામડાની અંદર ખેડૂત અને એ સિવાયના ઘરગથ્થું ઉદ્યોગવાળા જે પોતાની રોજીરોટી મેળવી પગભર થાય અને એના કારણે આવકના સ્ત્રોત ઊભા થવાના કારણે ગામડામાં સદ્ધરતા જોઈ રહ્યા છીએ.માનનીય અધ્યક્ષશ્રી, ત્યારબાદ વાત કરું કે ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગની ગાંધીનગરની અંદર સ્થાપના ૧૯૯૭માં કરવામાં આવી. આ વિભાગે છેલ્લા પાંચ વર્ષમાં જે પ્રગતિ કરી એ આપણે જોઈ રહયા છે. અને ૧૫૦૦ કિલોમીટરની ગેસ ગ્રીડ હોય કે ગામડાની અંદર, દરેક રોડ ઉપર સી.એન.જી. પંપની સ્થાપના કરી ખરા અર્થમાં જયારે આજે પ્રદૂષણનો પ્રશ્ન હોય ત્યારે ગેસ આધારિત સી.એન.જી. પંપ દરેક રોડ ઉપર ઉભા કર્યા છે, ૫૦ જેટલા પંપ કાર્યરત છે અને બીજા વધારે બનાવવાનું આયોજન છે. આ ગેસ ગ્રીડના કારણે અમારા મોરબીની અંદર સિરામીક ઉદ્યોગ મોરાથી મોરબીની જે પાઈપલાઈન નાંખી તેના કારણે મોરબીમાં અત્યારે ૨૫૦ થી ઉદ્યોગોના કનેકશન છે. આના કારણે અમારે જે કવોલિટીનો પ્રશ્ન હતો અને આ ગેસ મળવાના કારણે ખરેખર સિરામીક ઉદ્યોગમાં સારામાં સારી પ્રગતિ થઈ છે. ભારતની અંદર સિરામીકમાં વધારેમાં વધારે ઉત્પાદન ગુજરાતમાં અને ગુજરાતનું ૭૦ ટકા ઉત્પાદન મોરબીમાં થાય છે. આ ગેસ મળવાના કારણે મોરબીના ઉદ્યોગો ચીનની સામે હરિફાઈમાં ઉભા રહી શકે છે. ખરા અર્થમાં ઝૂંપડપટ્ટી યોજના હોય કે કુટિર યોજના હોય આના કારણે ગામડામાં લાખો કનેકશન આપી ગામડાની અંદર ગરીબ ઘરની અંદર દિવા કરવાનું કામ આ ઉર્જા વિભાગે કર્યુ છે ત્યારે ખરા અર્થમાં ઉર્જા વિભાગે આ કામ કરવાને કારણે ગામડાની અંદર પછી વાવાઝોડા હોય, હમણાં પરિસ્થિતિ થઈ હતી ચાર-પાંચ દિવસ પહેલાં. ગુજરાતના દરેક જિલ્લામાં વાવાઝોડું આવ્યું અને તેના કારણે જે પોલને નુકસાન થયું અને ટ્રાન્સફર્મર પડી ગયા, બે દિવસમાં વિભાગ કઈ રીતે કામ કરે છે તે જોયું છે અને જે રીતે ઉર્જા વિભાગ કામ કરી રહયું છે તે ધન્યવાદને પાત્ર છે. એક સૂચન કરું તો ગુજરાતની અંદર જયારે આપણે ઉદ્યોગોને આવકારતા હોય ત્યારે ગુજરાતના હયાત જે ઉદ્યોગો હોય તે ઉદ્યોગની અંદર કોઈપણને એકસપાન્સન કરવામાં આવે, જેનું મૂળ રોકાણ દા.ત દસ કરોડનું હોય અને બીજું પાંચ કરોડનું નવું રોકાણ કરી એકસપાન્સન કરવામાં આવે ત્યારે અને ૫૦ ટકા કરતાં વધારે ખર્ચ કરે ત્યારે આ ઉદ્યોગને વિદ્યુત

શુલ્ક માફીની યોજનાનો લાભ મળવો જોઈએ તેવું સૂચન છે અને આ વિભાગની જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૧૧, ૧૨, ૧૩, ૪૯ અને ૫૦ લઈને આવ્યા છે તેમને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઉદ્યોગો છેલ્લા ઘણા વર્ષોથી વિકસિત થઈ રહયા છે અને તે માટે જે લીડરશીપ છે રાજયની તેના કારણે દેશ અને દુનિયાના ઉદ્યોગકારો રાજયમાં ઉદ્યોગો સ્થાપવા માટે આમંત્રિત થયા છે. દુનિયા જયારે મંદીમાંથી પસાર થઈ રહી હોય ત્યારે ગુજરાત જ એક એવું રાજય છે કે જયાં આગળ મંદીની માર્જિનલ અસરો રહી છે. તેનું કારણ સાહેબ અહીંની સ્થિર સરકાર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની આગેવાની હોય તેવા ગુજરાતમાં દેશ અને દુનિયાના ગુજરાતીઓ રોકાણ કરવા માટે આકર્ષાયા છે. અર્થતંત્રનો બદલાવ છે પણ તેની અસરો ગુજરાતમાં ઓછી છે. હું એક વાત કહીશ કે ગુજરાત એક એવું રાજય છે કે જયાં આગળ વેપાર જનજીવન છે. દરેક ગુજરાતીના લોહીમાં બિઝનેશ છે અને તેના કારણે ગુજરાત આજે દુનિયામાં મંદી છે છતાં અગ્રેસર છે. રોકાણકારોને પ્રોત્સાહિત કરવા માટે રાજય સરકારે અનેક સ્કીમોનું આયોજન કર્યુ છે. એમાં ખાસ કરીને લઘુ ઉદ્યોગો છે, મધ્યમકક્ષાના ઉદ્યોગો છે એમને આર્થિક સહાય મળી રહે અને ઓછા વ્યાજે સહાય મળે પાંચ ટકા ઈન્ટરેસ્ટ સબસિડી સાથેની સહાય આ લઘુઉદ્યોગોને આપવાનું રાજય સરકારે નક્કી કર્યું છે એને કારણે જે લઘુઉદ્યોગો છે જે જીઆઈડીસીની અંદર છે એ ઉદ્યોગો ટકી રહે. ઇન્ડસ્ટ્રીયલ ટૅક્નૉલૉજી અપગ્રેડેશન માટે પણ રાજય સરકાર સહાય કરી રહી છે અને એમાં પણ ત્રણ ટકાના વાર્ષિક વ્યાજ સાથે આ ટૅક્નૉલૉજી અપગ્રેડેશન માટે રાજય સરકાર ઉદ્યોગોને સહાય કરે છે, આશય એક જ છે કે, જ્યારે આખી દુનિયામાં ટૅક્નૉલૉજી દરવર્ષે બદલાઈ રહી છે એનો દાખલો આપીએ તો મોબાઈલ ફોન છે એની ટૅક્નૉલૉજી દર મહિને બદલાતી રહે છે. તો આવી જ્યારે ટૅક્નૉલૉજી બદલાતી હોય તો એને અપગ્રેડેશન માટે રાજય સરકાર આર્થિક સહાય કરે છે, જે ઉદ્યોગો પોતાની પેટન્ટ રાખવા માગે છે, એને પણ રાજય સરકારે મદદ કરવાનું નક્કી કરેલું છે. કવોલિટી ઈન્પ્રુવમેન્ટ, કવોલિટી વગર માલનું વેચાણ ના થઈ શકે, અને જ્યારે આ ગ્લોબલ દુનિયામાં, આ ગ્લોબલલાઈઝેશનમાં કવોલિટી એ મહત્ત્વનો રોલ છે, કોન્ટીટી અને કવોલિટી બંને સારી હશે તો જ ઉદ્યોગકાર પોતાની પ્રોડકટનું વેચાણ કરી શકશે અને એને ધ્યાનમાં રાખીને રાજય સરકારે રિસર્ચ એન્ડ ડૅવલપમેન્ટ કરતી જે પણ સંસ્થાઓ હોય એને આર્થિક સહાય આપવાનું નક્કી કર્યુ છે અને ખાસ એમની ટૅક્નૉલૉજી અપગ્રેડ થાય એ માટેના રાજય સરકારે પ્રોત્સાહનો આપવાનું નક્કી કર્યુ છે. જે આર એન્ડ ડી પોતાનો રિસર્ચ પ્રોજૅકટ તૈયાર કરે કંઈક નવું રિસર્ચ કરે છે એને સ્ટેટ એવોર્ડ ફૉર એકસલન્સનો એવોર્ડ આપવાનું પણ રાજય સરકારે નક્કી કર્યુ છે દર વર્ષે એક લાખ રૂપિયાનો એવોર્ડ આપવાનો સરકારે નક્કી કર્યું છે, ઉદ્યોગો રાજયના અંતરિયાળ વિસ્તારોમાં છે એવા ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રકચરની જરૂર છે તો એવા ઉદ્યોગોને પણ રાજય સરકાર ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડે છે, પછી એ પાવર સૅકટર હોય કે પૉર્ટ ડૅવલપમેન્ટ હોય એવા ૩૮૯ પ્રોજૅકટ છે કે જેને ઈન્ફ્રાસ્ટ્રકચરમાં આવરી લેવામાં આવ્યા છે, ગ્રામ્ય વિસ્તારોમાં જમીનનો વિકાસ થઈ શકે, પાવર કનૅકશન મેળવી શકે અને વોટર ફૅસીલીટી મેળવી શકે એ માટે પણ રાજય સરકારે યોજના કરી છે. વન બંધુ યોજના અને સાગરખેડુ યોજના એવી છે કે જે ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારામાં છે, કે જે રાજયના અંતરિયાળ વિસ્તારોમાં આ વનબંધુ યોજના છે અને એમાં જે રોકાણકારો રોકાણ કરવા આવવાના છે એમને પણ આ સહાય મળશે. પોલ્યુશન કન્ટ્રોલ માટે પણ રાજય સરકારે ઘણી યોજનાઓ જાહેર કરી છે ખાસ કરીને કૉમન એન્ફ્લુઅન્ટ ટ્રિટમૅન્ટ પ્લાન્ટ એ મોટી મોટી જીઆઈડીસીઓમાં છે. અંકલેશ્વર એ એશિયાની મોટામાં મોટી જીઆઈડીસી છે. ત્યાં આગળ અંકલેશ્વરના ઉદ્યોગકારો અને રાજય સરકારના સહયોગથી એન્ફ્લુઅન્ટ ટ્રિટમૅન્ટ પ્લાન્ટની શરૂઆત થઈ ગઈ છે આમ તો આવા પ્લાન્ટ દરેક ઉદ્યોગકારને તૈયાર કરવાની સૂચના આપવામાં આવેલી છે અને તેમ છતાંય આ એન્ફ્લુઅન્ટ ટ્રિટમૅન્ટ પ્લાન્ટનો જે સોલિડ વેસ્ટ છે એનો ઝડપથી નિકાલ થાય એ માટે રાજય સરકાર સહાય કરે છે. જે ઈન્ડસ્ટ્રીયલ હાઉસ અને ઈન્સ્ટીટ્યુશન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કે હાઈટૅક પાર્ક કે એક્ષપોર્ટ પાર્ક ડેવલપ કરવા માગતું હોય એને સ્ટૅમ્પ ડયુટીમાંથી ૫૦ ટકાનું એકઝમ્શન પણ રાજય સરકારે નક્કી કર્યુ છે. સીક ઈન્ડસ્ટ્રીઝ હોય એ ફરી પુનઃસ્થાપન થાય એનું ફરી એ પોતાના સીક યુનિટમાંથી બહાર નીકળે એના માટે ગુજરાત બાયફરની પણ કામગીરી શરૂ થઈ છે ૫૦ ટકા ડીફરમેન્ટ આપવાનું સહાય આપવાનું નક્કી કર્યુ છે જેમાં સેલ્સટૅકસ અને ઈલૅક્ટ્રીસીટીનો ફાયદો થાય છે. સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ પણ આ રાજયમાં મોટામાં મોટી ઈન્ડસ્ટ્રીઝ છે દેશની મોટામા મોટી ઈન્ડસ્ટ્રીઝ છે, દેશનું ૮૫ ટકા મીઠાનું ઉત્પાદન આ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ કરી છે અને એમાં કામ કરતા અગરિયાઓ જે દરિયા કિનારે મીઠું ઉત્પાદન કરે એ એ અગરિયાઓને રહેવા માટે, એમના ઈન્ફ્રાસ્ટ્રકચર માટે રાજય સરકારે રાજય સરકારે હાઈ લેવલ કમિટીનું આયોજન કર્યું છે જેના દ્વારા આ અગરિયાઓનું જનજીવન સારું થઈ શકે. ઉદ્યોગોને ખાસ કરીને કુદરતી આફતોની અસરો હોય છે, ભૂતકાળમાં અર્થ કવેક, સાઈકલોન જેને કારણે ઉદ્યોગોને મોટી અસરો થઈ. સુરતમાં એને કારણે પાવરલુમ્સ ઉદ્યોગોને અસર થઈ તો એને સહાય કરવા માટે રાજય સરકારે આર્થિક સહાય કરી છે જેને કારણે આ ઉદ્યોગો પાછા બેઠા થઈ શકે. ટેકસટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ માટે પણ રાજય

સરકારે ઘણી યોજનાઓ મૂકી છે. ખાસ કરીને ટૅક્નૉલૉજી અપગ્રેડેસન માટે રાજય સરકારે એના મોર્ડેનાઈઝેન માટે સહાય આપવાનું નક્કી કરેલું છે એનું આર.એન્ડ ડી. વકર્સ સારું રહે અને દુનિયાના ટેકસટાઈલ્સ યુનિટ સાથે આપણા રાજયનું ટેકસટાઈલ્સ યુનિટ કોમ્પીટેશન કરે એ માટે સરકારે પ્રયાસ કર્યો છે. આમ કહીએ તો રાજયનું જે ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન છે એમાં ટેકસટાઈલ્સનો ૧૧.૫ ટકા હિસ્સો છે. વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટનો ચોથો તબક્કો પૂરો થયો અને એમાં ૧૨ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું પણ એની પાછળ જે રીતે ઉદ્યોગ વિભાગે મહેનત કરી છે એની હું વાત કરવા માગું છું. માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ હોય, આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ હોય એમણે રોડ શો કર્યો. શ્રી મોદીસાહેબ ખાસ કરીને આફ્રિકાના દેશોમાં ગયા અને ત્યાં જઈને ત્યાંના જે ઉદ્યોગકારો છે, ઈન્વેસ્ટર્સ છે એને આમંત્રિત કર્યા કે ગુજરાતમાં આવો અને રોકાણ કરો. જાપાનના ડેલિગેશનને આમંત્રણ આપવામાં આવ્યું, સિંગાપુરના ડેલિશનને આમંત્રણ આપવામાં આવ્યું, ઈટાલી હોય કે બીજા દેશોની તેર જેટલી જાણીતી કંપનીઓને રાજયમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. બીજી જી.આઈ.એસ. ૨૦૦૯ની બુકલૅટ પણ પબ્લિસ કરવામાં આવી અને એમાં રાજયની ઈન્ડસ્ટ્રીયલ પૉલિસી રીવ્યુ કરવામાં આવી છે અને જેમ્સ અને જ્વેલરી માટે પણ પૉલિસી રીવ્યુ કરવામાં આવી છે. વર્લ્ડ બૅન્કે પણ આ ઔદ્યોગિક સર્વેનો ડેટા માગ્યો અને પૂરો પાડવામાં આવ્યો. ઑન લાઈન ઈન્કવાયરીઝ માટે પણ રાજય સરકારે આયોજન કર્યું છે. જે રોકાણકાર રાજયમાં ઈન્વેસ્ટ કરવા માટે છે એને ઑન લાઈન માહિતી મળી રહે એ પ્રમાણેના પ્રયાસો છે. દેશ અને દુનિયાના દેશોમાં રાજયના આઈ.એ.એસ.અધિકારીઓએ મુલાકાત લીધી અને ઉદ્યોગકારોને આમંત્રણ આપ્યું એમાં ઈટાલી, યુ.કે. ફ્રાન્સ, જાપાન, સાઉથ આફ્રિકા જેવા દેશોમાં જઈને બીઝનૅસ કૉન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું. ગુજરાતમાં પણ ખાસ કરીને મોટા શહેરોમાં રોડ શોનું આયોજન કર્યું. દેશના મોટા શહેરો જેવા કે, ચેન્નઈ, મુંબઈ, દિલ્હી એવા મોટા શહેરોમાં પણ રોડ શોનું આયોજન કર્યું અને મુંબઈમાં તો ૪૦૦ જેટલા અગ્રણી ઉદ્યોગપતિઓએ એમાં ભાગ લીધો અને એના ફળસ્વરૂપે રાજયમાં ગુજરાત વાઈબ્રન્ટ ઈન્વેસ્ટમેન્ટ સમિટ સફળતાપૂર્વક પાર પડી. ૧૨.૧૮ લાખ કરોડનું મૂડી રોકાણ, ૮,૬૮૪ જેટલા એમ.ઓ.યુ. થયા અને એના કારણે ૨૬.૨૮ લાખ જેટલી રોજગારી ઉત્પન્ન થશે. આ રીતે SEZ માં પણ જે રોકાણ થયું છે એમાં ૧૯.૪ લાખની નવી રોજગારીની તકો ઊભી થશે. ૬૦ SEZ માં ૨,૬૭,૩૭૪ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ અને એમાં કૅમિકલ્સ, એપરલ્સ પાર્ક જેવા ઉદ્યોગો રાજયમાં સ્થપાનાર છે તો જી.આઈ.ડી..સી., લિગ્નાઈટ અને બોકસાઈટ, અકરી મોટા થર્મલ પાવર સ્ટેશનનું જી.એમ.ડી.સી. આયોજન કરે છે. પાવર પણ ઉત્પન્ન કરે છે. તો માનનીય ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારુ સમર્થન આપું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી, માગણી નંબર-૧૧, ૧૨ અને ૧૩ લઈને આવ્યા છે તેને હું મારો ટેકો આપું છું, ઊર્જા એ વિકાસ માટે પાયાની જરૂરિયાત છે, જો જીવનમાંથી ઊર્જા નીકળી જાય તો, બાકી પ્રગતિ માટે માપદંડ બદલાઈ જાય છે, આજે જે ગુજરાત છે, આજથી પાંચ વર્ષ પહેલાંના આ ગુજરાતની વાત કરીએ તો, ગુજરાતના ગામડાંની વાત કરીએ તો, ગામડાંની અંદર રોડ હતા, પાણી હતું, ગટર હતું બધું જ ગામડાંની અંદર હતું, છતાં પણ એ ગામની અંદર લાઈટ ખૂટતી હતી, લાઈટ ૨૪ કલાક મળ્યા પછી, જ્યોતિ ગ્રામ લાઈટથી ગામડાં ઝગમગતાં થયાં, ગામડાંઓની અંદર ક્યારેય કોઈએ કલ્પના નહિ કરી હોય કે ચોવીસ કલાક લાઈટ મળશે, હું મારા વિસ્તારમાંથી ચૂંટાયો ત્યારે વાળુ વખતે, ડેરીમાં દૂધ ભરતી વખતે, કેટલાય લોકોના ફોન આવે કે સાહેબ વાળુ વખતે તો લાઈટ આપો, ડેરીમાં દૂધ ભરતી વખતે તો લાઈટ ચાલુ રખાવો, કોઈને ચોવીસ કલાક વીજળી નહોતી મળતી, મારે ઊર્જા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, આખા દેશની અંદર ક્યાંય ચોવીસ કલાક લાઈટ હોય તો માત્રને માત્ર ગુજરાતમાં છે, જ્યોતિ ગ્રામ યોજનાના લીધે ઊર્જા આવી, એની સાથે બાકીના બધા જ માધ્યમોમાં ચેતન આવતું હોય છે અને એ ચેતન શિક્ષણની બાબત હોય, રોજગારીની બાબત હોય, માણસને જીવન જીવવાની બાબત હોય, ગૃહ ઉદ્યોગની બાબત હોય કે ગામડાંની કોઈપણ બાબતમાં ચેતન આવતું હોય છે, ગુજરાતે આખા હિંદુસ્તાનમાં નવી એક પહેલ કરી છે, જ્યોતિ ગ્રામ યોજના એ રાજ્ય સરકારની ઇચ્છાનું એક પ્રદર્શન છે, નવી ઊર્જા ડેવલપ કરવા માટે, બીન પરંપરાગત ઊર્જા માટેનો રાજય સરકારે જે વિચાર કર્યો છે, જેનું આયોજન કર્યુ છે એના માટે હું અભિનંદન આપું છું, વેસ્ટ લેન્ડમાં ઊર્જા માટે પ્લાન્ટેશન કરીને તેનું વધારાનું નકામું લાકડુ હોય, તેનો બળતણમાં ઉપયોગ કરીને ત્યાંથી ઊર્જા પેદા કરવી, પવન આધારિત ઊર્જા અને સૌર આધારિત ઊર્જાનું પણ રાજય સરકારે એક મોટું નેટવર્ક ચાલુ કર્યુ છે, પહેલાંના ગામડાંઓની વાત કરીએ તો, જી.ઈ.બી. માં લો વૉલ્ટેજના કારણે ટી.સી. બળી જતી હતી, ટી.સી. બળી જતી હતી એ વાત તો બરાબર છે, પરંતુ મહિનાઓ બે બે મહિનાઓ સુધી આંટા મારવા પડતા હતા, ખેડૂતો કંટાળતા હતા, ખેડૂતો એના માટે આંદોલન કરતા હતા ત્યારે એમને ટી.સી. મળતી હતી, મારે આ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે આજે ટી.સી. બળી જાય તો ગામડાંના ખેડૂતને અડતાળીસ કલાકમાં એને ટી.સી. મળે છે. ઊર્જા વિભાગના માનનીય મંત્રીશ્રીએ આ પહેલી વખત આપણી જી.ઈ.બી.ની વિદ્યુત કંપનીઓને નફો કરતી કરી છે અને એના કારણે, ગુજરાતમાં એ નફાના પૈસાથી ૬૬ કે.વી., ૨૦૦ કે.વી., ૪૦૦ કે.વી. ના નવા સ્ટેશનો બનાવ્યા છે, જેના કારણે ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાવર મળી રહે છે, જેથી વૉલ્ટેજની ફરિયાદ પણ બંધ થઈ ગઈ, ખેડૂત અત્યારે ક્વોલિટિ પાવર મેળવતો થયો છે, આ દેશમાં કૃષિની

અંદર કેન્દ્ર સરકારે ૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે, જ્યારે ગુજરાતની અંદર, મારે સરકારને અભિનંદન આપવા જોઈએ કે, કૃષિની અંદર ૧૧૦૦ કરોડ રૂપિયાની સબસીડી ઊર્જા વિભાગે આપી છે, બીજી વાત કરીએ તો, નાના નાના ગરીબ લોકો માટે પણ આ ઊર્જાના બજેટમાં ૧૦૦૦ કરોડ રૂપિયાની રાહતો આપી અને નાના માણસોને એની મૂંઝવણમાંથી દૂર કર્યા છે.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે, બાબુભાઈ આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**સભાપતિશ્રી** : બાબુભાઈ બે મિનિટ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : મારા વિસ્તાર દસક્રોઈ તાલુકાની અંદર કાંઠાગાળામાં ત્રીસેક ગામ લગભગ આવ્યાં છે. મારો વિસ્તાર સાહેબ, પેટા પરામાં પણ પેટા પરા ૨૫-૩૦ ઘરમાં ખેતરોમાં રહેવાવાળા છે. હું આ સરકારને અને મંત્રીશ્રીને એ અભિનંદન આપું છું કે પેટા પરામાં પણ ૨૪ કલાક લાઈટ આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ કરું કે મારા વિસ્તારમાં ત્રણ નદીઓ આવેલી છે સાબરમતી, ખારી અને મેસ્વો. દર વખતે મારા વિસ્તારમાં વાવાઝોડું અને પૂર હર વખતે લગભગ પૂરથી પરેશાન થાય છે. હું એ વાત કરતો હતો કે જ્યારે જ્યારે મારા વિસ્તારમાં વાવાઝોડું પ્રોબ્લેમ બને છે ત્યારે અધિકારી ગણ અને કર્મચારીઓ તે તરતજ હાજરી આપી અને ખૂબ સારું કામ કરે છે એના હું તેમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ખૂબ સારાં કામ કર્યા છે પણ સામી પાટલીએ મારા મિત્રો બેઠેલાં નથી તે પણ અમને વાત તો કરે છે કે આ ઊર્જામાં તમારું કામ ખૂબ સારું છે પણ અમારે બોલવા ખાતર બોલવું પડે છે. મારે આ સરકારને એ વાત કરવી છે કે, હું ઘાટલોડિયા ભુયંગદેવ તાલુકા નગરપાલિકાનો સભ્ય હતો. ત્યારે મારા ગામના મને મળવા આવ્યાં. કહે બાબુલાલ, બીજેપી જ કહેતા કે આ વખતે તમારે સરપંચ બનવાનું છે. મેં કહ્યું મારે કંઈ બનવું નથી, હું નગરપાલિકાનો સભ્ય છું. કહે નહીં અમારે તમારી જરૂર છે. મને ખબર ના પાડી, મને સરપંચ બનાવ્યો અને ત્રણ-ચાર મહિના પછી વારિગૃહનું લાઈટ બિલ આવ્યું. તો એ લોકો મારા મિત્રો તે ઘરે લઈને આવ્યા અને મને કહે બાબુલાલ તું આ લાઈટ બિલ ભરી દે, પછી બાવળિયા વેંચી, હરરાજી કરી અને પછી આપણે તેના પૈસા ઉભાં કરીશું. હું તો ધ્યાન દોરું છું આ પબ્લિકનું કે એક જમાનો એવો હતો કે કોઈ સરપંચ બનવા તૈયાર નહોતું. વારિગૃહના બિલ આ સરકારે માફ કર્યા. હું તો એ વાત કરું છું કે સારા...

**સભાપતિશ્રી** : બસ, ઘણો વખત આપ્યો છે. આપ બેસી જાવ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોમાં..

**સભાપતિશ્રી** : બીજા આપણા સભ્યો રહી જશે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમર્થન કરી અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૧૧, ૧૨, ૧૩, ૪૯ અને ૫૦ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આ માગણીઓને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઉર્જા ક્ષેત્રે, લાઈટ ક્ષેત્રે જે ક્રાંતિ થઈ છે તેવી ક્રાંતિ આખા દેશમાં કયાંય પણ થઈ નથી. બીજા રાજયો દિલ્હી હોય, મધ્યપ્રદેશ હોય, મહારાષ્ટ્ર હોય વીજળી તે ગુલ થાય, વીજળીનો કાપ આવે, લોકોને પરેશાની ભોગવવી પડે, જનરેટર રાખવા પડે એવી પરિસ્થિતિ દિલ્હી જેવા રાજયોમાં છે. પહેલાં જ્યારે ગામડાંઓમાં ક્યારે વીજળી આવે ક્યારે જાય તેની કોઈ ખબર નહીં. છોકરાંઓને ભણવાની તકલીફ પડે. ઘ રમાં કોઈ ઘરડાં માણસ માંદા હોય તો એને, ઘરમાં બે વ્યકિત માંદા હોય અને બેજ હોય તો કોણ કોને પંખો નાંખે ? આવી સ્થિતિ હતી. ઘરમાં રાંધવાના સમયે, જમવાના સમયે, ભેંસ દોહવાના સમયે વીજળી ન હોય. આ પરિસ્થિતિને માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિહાળેલી હતી. એના ભાગરૂપે એમણે આગોતરું આયોજન કર્યુ. ભવિષ્યમાં ગામડામાં કોમ્પ્યુટરો આપવાં પડશે, ગ્રામ પંચાયતમાં, સ્કૂલોમાં કોમ્પ્યુટરો આપવાં પડશે અને એના માટે લાઈટની સગવડતા જોઈશે. તેને ધ્યાનમાં રાખીને ગામડામાં જયોતિગ્રામ યોજના લાવ્યા. હાલમાં આખા ગુજરાતમાં દરેક ગામમાં ૨૪ કલાક વીજળી મળે છે. જયોતિગ્રામ યોજનામાં આવા તાલુકાઓની બાજુમાં નાના પરા હોય તો એને પણ વીજળીથી જોડવા માટે આખું આયોજન કર્યુ. કોઈપણ ઘર વીજળી વગર ન રહી જાય એ માટેની સબસિડી પણ આપી. ૫૦ રૂપિયામાં જે ગરીબ માણસના ઘરે વીજળી ન હોય એ ૫૦ રૂપિયા તાલુકા પંચાયતમાં ભરે અને એનું નામ જી.ઈ.બી.માં મોકલાવે એટલે એ લોકોને ૫૦ રૂપિયામાં મીટર મૂકી જાય. એના કારણે એના ઘરમાં અજવાળું થાય. એમને બિલમાં પણ રાહત આપવાની યોજના સરકારશ્રીએ કરી છે.

ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં બી.પી.એલ. લાભાર્થીઓને લાભ મળે અને શહેરી વિસ્તારમાં ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકો ૧૦૦ રૂપિયા ભરે એટલે એમના માટે પણ મીટરની વ્યવસ્થા થાય. ૨૦૦૮-૦૯ દરમ્યાન ઝૂંપડપટ્ટી વિસ્તારની યોજનામાં ૧,૮૮,૬૫૦ કુટિર જયોત યોજના હેઠળ આ લાભ આપ્યો છે. ૭૪,૮૧૧ વીજ જોડાણો

આપવામાં આવ્યા છે. એવી જ રીતે ૨૦૦૯-૧૦માં ૧,૧૦,૦૦૦ વીજ જોડાણો કુટિર જયોતિમાં આપવાની યોજના કરી છે. આ માનવીઓને વીજ જોડાણ મળ્યા બાદ વીજ બિલ ભરવાનું ભારણ આવે છે. એ માટે રાહત દરના વીજ દર અમલી બનાવવામાં આવ્યા છે. એમાં શાળામાં બાળકો ભણવા માટે જાય અને પંખો ન હોય, લાઈટ ન હોય, ત્યારે આ સરકારે એને માટે પણ આયોજન કર્યુ. શિક્ષકોને પગાર અને એમાંથી બિલ ભરવા પડતા હતા. ગામના કોઈ આગેવાન બિલ ભરી દે, એવું થતું હતું. પરંતુ આ સરકારે એના માટે લાઈટ કનેકશન પણ કપાઈ જતા હતા ત્યારે હવે એનું ભારણ સરકારે ઉપાડયું છે. પ્રાથમિક શાળાઓના વીજ બિલ હાલમાં સરકાર ભરે છે.

ગુજરાતમાં વીજ ક્ષેત્રે જે કામગીરી થઈ છે, એ કામગીરીને લક્ષમાં લઈએ તો ભારત સરકારના જુદા જુદા વિભાગો દ્વારા વીજ ક્ષેત્રે સતત પાવર આપવાની આખી પોલિસી ઉભી કરી છે. ત્રુટક ત્રુટક પાવર ન આપવો અને સતત પાવર આપવો, એવા વીજ જોડાણોમાં અત્યારસુધીમાં ૨૦૦૫-૦૬થી શરૂ કરીને ૨૪/૨/૦૯ સુધીમાં જુદા જુદા ૧૪ એવોર્ડ (અંતરાય)

**સભાપતિશ્રી:** આપ કેટલો સમય લેશો?

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : બે મિનિટ લઈશ. જુદા જુદા ૧૪ એવોર્ડ ગુજરાતની પાવર કંપનીઓને આપવામાં આવ્યા છે. એમાં જયોતિગ્રામ યોજનાની આખી યોજના કરી. એનું ત્રીજી નવેમ્બર, ૨૦૦૮ના રોજ ઈન્ડિયા પાવર એવોર્ડ સમારંભમાં એનાયત કરવામાં આવ્યો છે. ગ્રામીણ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી માટે જયોતિગ્રામ યોજનાને જયૂરી એવોર્ડ માટે પસંદ કરવામાં આવી હતી. એવી જ રીતે સમગ્ર ભારતમાં ઉર્જા શકિતની ગુણાત્મક વિકાસની કામગીરી માટે રાજય સરકારની કામગીરીની તુલનાત્મક સમીક્ષા બાદ નેશનલ એન.એલ.સી.આર. એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. સમગ્ર દેશમાં ઉર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે આ એવોર્ડ ૨૫/૧૧/૨૦૦૮ના રોજ મુંબઈ ખાતે એનાયત થયેલ. આવી જ રીતે જુદા જુદા ૧૪ એવોર્ડસ આપણી વીજ કંપનીઓને મળેલ છે.

આ સાથે ખેડૂતોને સતત ૮ કલાક પાવર મળી રહે અને લો પાવર નહીં, પણ ફુલ પાવર મળે એ માટેની આખી યોજના કરીને ૮ કલાક પાવર આપવામાં આવે છે. અને એમાં જે જૂના પંપો છે એમાં વીજળી વધુ વપરાય છે તેવા પંપો જો બદલવામાં આવે તો એમાં સરકારે સબસિડી આપવાનું જાહેર કરેલ છે અને એનાથી ૧૦ થી ૧૫ ટકા જેટલી વીજળી બચે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત કરી તેમ ગામડાંમાં પીવાના પાણી માટેની કે ગામડાંમાં વોટરવર્કસનું વીજ બિલ ના ભરાય તો વીજ કનેકશન કપાઈ જતાં હતાં અને લોકોને પાણીની ખૂબ જ મુશ્કેલી પડતી હતી ત્યારે આવા ગામોને ૧૯૯૫ થી આ વીજળીનાં બિલો સરકારે માફ કર્યા છે એના કારણે અત્યારે ગામોમાં ૨૪ કલાક પાણી મળી રહે છે ત્યારે આ માગણીઓને સમર્થન આપીને હું મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને મારો ટેકો આપીને મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂા. ૮૫૧ કરોડ કરેલ છે જે આવકારદાયક છે. હું માનનીય મુખ્યમત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું કે મોટા ઉદ્યોગોની સાથે મધ્યમ અને નાના ઉદ્યોગોનો વિકાસ કરવાનું આયોજન કરેલ છે તે ઘણું જ આવકારદાયક છે. આદિવાસી વિસ્તારના ૧૨ તાલુકામાં ઓદ્યાગિક વસાહતો સ્થાપવા માટેનું આયોજન છે તે ઘણું જ આવકારદાયક છે. આનાથી આદિવાસી વિસ્તારના લોકોને પોતાના જ વિસ્તારમાં રોજગારી મળશે અને આદિવાસી વિસ્તારનો ઔદ્યોગિક રીતે વિકાસ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે ૧ લાખ ૭૦ હજાર જેટલી રોજગારી ઉભી કરવા માટે ૧૯૦ કરોડ રૂપિયાના રોકાણનું આયોજન કરેલ છે તે ઘણું જ આવકારદાયક છે. આનાથી ગામડાંમાં રોજગારી મળશે અને ગામડાંનો વિકાસ થશે. મારો વિસ્તાર શ્રમજીવી વિસ્તાર છે. કોંગ્રેસના શાસનમાં બંધ પડેલ માર્સડેન મિલમાં ગારમેન્ટ પાર્ક સ્થાપવા માટે આ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે તેના લીધે ૩૫ હજાર લોકોને રોજગારી મળશે અને આ વિસ્તારમાં ગારમેન્ટ ઉદ્યોગનો વિકાસ થશે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે કે પૂર્વ અને પશ્ચિમ અમદાવાદનો ભેદ મિટાવવો જેના માટે તેમણે કોંગ્રેસના શાસનમાં બીજી એક બંધ પડેલ મોનોગ્રામ મિલ તેમાં ૫ હજાર બેડની હોસ્પિટલ બની રહેલ છે, માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું કે પૂર્વ વિસ્તારમાં નિકોલ ગામ પાસે મેડીકલ કોલેજ બની રહેલ છે, બેન્કો પાસે સ્પોટર્સ કોમ્પ્લેક્ષ બની રહેલ છે જેથી આરોગ્યની સારવાર સાથે રોજગારી મળશે અને રમતગમત ક્ષેત્રે યુવા વર્ગને આગળ વધવાની નવી તકો મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક એવા ઉદ્યોગની વાત કરવી છે કે ગુજરાતમાં હીરા ઉદ્યોગ કે જે ઈન્ટરનેશનલ ઉદ્યોગ છે અને આપણા દેશને કરોડો રૂપિયાનું હુંડિયામણ કમાવી આપે છે અને મોટા પ્રમાણમાં ઈન્કમ ટેક્ષ ભરતો આ ઉદ્યોગ છે અને ૧૦ લાખ લોકોને રોજગારી પૂરી પાડતો આ ઉદ્યોગ છે. દુનિયાના દેશોમાં જે ૧૦ હીરા તૈયાર થાય છે એમાં ૮ હીરા એ આ ગુજરાતમાં તૈયાર થાય છે. છેલ્લા ૮ માસથી આ હીરા ઉદ્યોગ મંદીમાં ફસાયેલ છે. આ ઉદ્યોગને મંદીમાંથી બચાવવા માટે રાજય સરકારે અને ઉદ્યોગકારોએ કેન્દ્ર સરકાર પાસે

વારંવાર રજૂઆત કરેલ, ઉપરાંત સાંસદ અને માનનીય શ્રી રૂપાલાજી અને અમોએ કેન્દ્ર સરકારના મંત્રીશ્રી પૃથ્વીરાજ ચૌહાણને મળીને આવેદનપત્ર આપ્યું હતું. કે હિન્દુસ્તાન ડાયમન્ડ કંપની રફ હીરા વેંચવાનું કામ કરે છે. તે કંપની ભારત સરકારનું સાહસ છે. આ કંપની મારફત આ નાના હીરાના કારખાનેદારોને રફ હીરા મજૂરોથી તૈયાર કરાવવામાં આવે તો બંધ પડેલ કારખાના ચાલુ થાય અને રત્ન કલાકારોને તુરત જ રોજી મળતી થાય. આવી રજુઆત કરવા છતાં કોંગ્રેસની કેન્દ્ર સરકારે કોઈ જ મદદ કરેલ નહીં. પક્ષા પક્ષી થી પર રહી ને આ ઉદ્યોગને કેન્દ્ર સરકારે મદદ કરવી જોઈએ. નહીંતર આ ગુજરાતની પ્રજા કોંગ્રેસને કયારેય માફ નહીં કરે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના કહેવાતા આગેવાનોએ ગઈ ચૂંટણીમાં ગુજરાતના રત્નકલાકાર ભાઈઓને ગેર માર્ગે દોરી આંદોલન કરાવવા કોશીશ કરેલી, પરતુ ગુજરાતના સામજદાર રત્ન કલાકારોએ જાકારો આપેલ, અને જયાં રત્ન કલાકારો રહે છે ત્યાં કોંગ્રેસને ધોબી પછાડ હાર ખાવી પડેલ મારે ગૌરવ સાથે કહેવું છે કે ગુજરાતના વિકાસશીલ મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના બેરોજગાર રત્નકલાકારો માટે રત્ન દીપ યોજના દ્વારા ૧૫૦૦૦ લોકોને જવેલરી ટ્રેઈનીંગ સાથે ૨૫૦૦ રૂપિયા માસિક સ્ટાઈપેન્ડ આપવાનું આયોજન કરેલ છે. ટ્રેઈનીંગમાં ફકત ૩ કલાક જ રોજ જવાનું હોય છે. માનવ કલ્યાણ યોજના દ્વારા ૫૧૦ લોકોને સાધન સહાય આ સરકારે આપેલ છે. બાજપાઈ બેંકેબલ યોજના મારફતે ૧૦૦૦ બહેનોને ૫૦૦૦ થી ૨૫૦૦૦ રૂપિયાના સિલાઈ મશીનો અપાવેલ છે. અને વધારે બહેનોને હજુ સિલાઈ મશીન આપવાનું કામ ચાલુ છે. આ ઉદ્યોગને હીરા ઉદ્યોગને એમ હતું કે કેન્દ્ર સરકાર આ બજેટમાં કંઈ ને કંઈ જોગવાઈ કરશે પરંતુ આમાં કોઈ જોગવાઈ નહીં કરીને આ ઉદ્યોગની આવગણના કેન્દ્ર સરકારે કરેલ છે તે ભારોભાર દુઃખની વાત છે. ઉદ્યોગ મંત્રીશ્રી આજે જે માગણી લઈને આવ્યા છે તેને હું મારો ટેકો આપું છું.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ગુજરાતની પ્રગતિની નોંધ સમગ્ર વિશ્વ લઈ રહયું છે ત્યારે તેનું સૌથી મહત્વનું પરિબળ ગુજરાતનો સર્વાંગી વિકાસ છે. ગુજરાતના વિકાસનું મોડેલને જે રીતે જનસમર્થન મળી રહયું છે તે રીતે હિન્દુસ્તાનની જનતા આ જ માર્ગ પર જવા માગે છે. ભારતના વિકાસનું ગ્રોથ એન્જિન અને રોકાણકારોનું જો સરનામું હોય તો તે ગુજરાત છે. વિશ્વમાં ચારે બાજુ મંદીના વાદળો છવાયેલાં છે અને અર્થ તંત્ર સ્થિર, અને આર્થિક સંકટ, અવિશ્ર્વાસનો માહોલ છે ત્યારે ગુજરાતે પોતાની આગવી વ્યુહરચના, ઉદ્યોગની નીતિ, ગુડ ગવર્નન્સથી નવી ચેતના અને સ્થીરતાનો પ્રેરક સંદેશ દુનિયાને આપ્યો છે. સ્થિરતા વડે આર્થિક પ્રગતિ અને પ્રગતિથી સાડા પાંચ કરોડ ગુજરાતીઓના સ્વપનને સાકાર કરવા આ સરકાર સંકલ્પ બધ્ધ છે. સ્ટેબલ પોલીટીકલ પોઝીશન અને એડમીનીસ્ટ્રેટીવ સેટપના લીધે ગુજરાત આજે આ મોડેલ રાજયના રૂપમાં પ્રસ્તુત છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯ સમિટ યોજીને વિશ્વના ઉદ્યોગ વેપાર અને સેવા શાસનનો સૌ ને માર્ગ બતાવ્યો છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૦૯નું સફળતા પૂર્વક આયોજન કરીને જુદા જુદા ઔદ્યોગિક અને પ્રાથમિકમ ઈન્ફ્રાસટ્રકચર અને મેન્યુફેકચરીંગ સોસીયલ સેકટરના પાસાઓમાં કુલ ૧૨ લાખ કરોડથી વધારે મુડી રોકાણો અને ૮૬૮૪ થી વધારે એમ.ઓ.યુ. મેળવવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. અને આનાથી ૨૫ લાખ થી વધારે રોજગારીની તકો ઉભી થવાની છે. કોઈ રાજયની ઈવેન્ટમાં પહેલી વાર જાપાન જેવો દેશ સરકારના ભાગીદાર બને અને ૪૦ થી વધારે દેશ આ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટમાં ભાગ લે એ ઘટના ભારતના ઔદ્યોગિક અને આર્થિક જીવનમાં ઈતિહાસ સર્જનારી છે. ન્યુ ગુજરાત વિધિન ગુજરાત સાકાર થઈ રહયું છે. મોટા ઉદ્યોગોની સાથે સાથે લઘુ ઉદ્યોગ તેમજ કૌશલ્ય આધારિત રોજગારીની તકો વિકસે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. ૧૨ આદિવાસી તાલુકાઓમાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપનાનું આયોજન કરવામાં આવેલ છે. કુટિર અને ગ્રામ ઉદ્યોગ ક્ષેત્ર દ્વારા ૧ લાખ ૭૦ હજાર રોજગારીની તકો ઊભી કરવા માટે ૧૯૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. જે પૈકી અસંગઠીત ક્ષેત્રના કામદારોના વિકાસ માટે ૭૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. બંધ પડેલ માર્સડન મિલની જમીનમાં ગારમેન્ટ પાર્ક સ્થાપવામાં આવનાર છે. રાજયમાં ચાર ઇન્ડસ્ટ્રીયલ એરિયા અને બે ઇન્ડસ્ટ્રીયલ રીજીયનનું આયોજન કરવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા ગુજરાત સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન એકટ ૨૦૦૪ કાયદો બનાવવામાં આવેલ છે આ કાયદા હેઠળ સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન મંજૂરી માટે ઓથોરિટી ગણવામાં આવેલ છે. ગુજરાતમાં ૨૦૦૮ સપ્ટેંબર અંતિત ૬૦ એસ.ઈ.ઝેડ.ની મંજૂરી આપવામાં આવેલી છે. આ રીતે એસ.ઈ.ઝેડનું મોડેલ પુરુ પાડીને ગુજરાતે એક ડગલું આગળ એસ.આઈ.આર. અમલમાં લાવી રહ્યું છે ત્યારે હું જે વિસ્તારમાંથી આવી રહ્યો છું મારા બધા જ તાલુકામાં ઇન્ડસ્ટ્રીયલ ઝોન આવી ગયેલ છે. મારે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રીએ જે રીતે જી.આઈ.ડી.સી. ડેવલપ કરી છે. અમારા વિસ્તારમાં અંકલેશ્વર,પાનોલી, ઝગડિયા અને દહેજ, જો મોડેલ જોવું હોય તો આ વિકાસનો સર્વશ્રેષ્ઠ નમૂનો મારા ભરૂચ જિલ્લામાં છે. જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેને મારુ સમર્થન આપું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૧ લઈને આવ્યા છે એના સમર્થનમાં બોલવા માટે ઊભો થયો છું.

ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ન માત્ર ગુજરાતના અંધારા ઉલેચવાનું કામ કર્યુ છે પરંતુ સમગ્ર દેશને એક દિશા બતાવવાનું કામ કર્યુ છે. પરંપરાગત ઊર્જાની વાત કરીએ, આ દેશમાં હાઈડ્રો પાવર સ્ટેશન કે કયાંક કાર્બન હાઈડ્રો પાવર સ્ટેશન હતા એના બદલે ગેસ આધારિત અને વીન્ડ આધારિત અનેક ઊર્જા મથકો સ્થાપવાનું કામ કર્યુ છે ત્યારે આ દિશામાં ગુજરાત આખા દેશનું એનર્જી હબ થઈ રહ્યું છે ત્યારે માનનીય ઊર્જા મંત્રીશ્રી આ માગણી લઈને આવ્યા છે ત્યારે રાજયનો કૃષિ ક્ષેત્રે, ઊર્જા ક્ષેત્રે દિન પ્રતિદિન વિકાસ થઈ રહ્યો છે ત્યારે આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાના અંતે કુલ ૧૮૪૦૦ મેગાવોટ વીજ સ્થાપવાની ક્ષમતા જરૂર છે ત્યારે રાજય સરકારે આગોતરું આયોજન કરીને ૧૧મી પંચવર્ષીય યોજના દરમિયાન ૯૩૯૬ મેગાવોટ વીજળીના ઉત્પાદનનું આયોજન કરેલ છે. જેથી રાજયની કુલ ક્ષમતા ૧૯૨૬૦ મેગાવોટ થવાની છે. ગુજરાતમાં હાલ કોઈપણ પ્રકારનો વીજ કાપ નથી. તમામ શહેરોને, નગરપાલિકાઓને કે ગ્રામ્ય વિસ્તારોને સતત વીજ પુરવઠો અપાય છે. રાજયના ઉદ્યોગોમાં કોઈપણ પ્રકારનો લોડ શેડીંગ કે વીજ કાપ નથી. ત્યારે દેશના અન્ય રાજયોની તથા દેશની રાજધાની શું દશા થઈ રહી છે એ જોઈ રહ્યા છીએ. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૦૯ દરમિયાન નવા ૩૧ એમ.ઓ.યુ. વીજ ઉત્પાદન ક્ષેત્રમાં થયા છે. વીજળીનું વેચાણ કરીને આ રાજયે આવક મેળવી છે. હું એન્જિનિયરીંગનો વિદ્યાર્થી છું એટલે હું લો ઓફ થર્મોડાઈનેમિકસ જાણું છું. એનર્જી કેમ neither created nor destroyed એનર્જી એનું સ્ટેજ બદલે છે એનો સંગ્રહ કરી શકાતો નથી. ચોમાસા દરમિયાન તથા રાત્રી દરમિયાન વીજળીનો વપરાશ ઓછો હોય ત્યારે આ વીજળી બીજા રાજયોને વેચીને ગુજરાતે આવક મેળવી છે એ માત્ર ગુજરાત રાજય કરી રહ્યું છે. બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રમાંથી વધુ ઊર્જા મેળવવા માટે રાજયે પવન ઊર્જા નીતિ ૨૦૦૭માં સુધારો કર્યો છે. અને નવી સોલાર પાવર પૉલિસી-૨૦૦૯ રાજયે ઘડી છે. રાજયમાં ૧૦,૦૦૦ મેગાવોટ ક્ષમતાના પવન વિદ્યુત ઉત્પાદક મથકો ઉભા કરવાની શક્યતા પણ રહેલી છે. રાજય સરકારની આ બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રની નીતિને કારણે તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજયમાં ૧૫૦૦ મેગાવોટ ક્ષમતાના વીન્ડ ફાર્મ તૈયાર કરેલ છે. પુનાની National Institute of Sustainable Energy સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન સૌથી વધુ ૬૧૬ મેગાવોટ વીજળી પવન થકી પેદા કરવા માટે સૌ પ્રથમ રાજય તરીકેનો એવોર્ડ ગુજરાત રાજયે પ્રાપ્ત કરેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રતિબદ્ધતાના કારણે જ આ શકય છે. ત્યારે મને એમ કહેવાનું મન થાય છે કે-

ડીગો ના અપને પ્રણ સે તો સબ કુછ કર સકતે હો યારોં.
તુમ ભી ઉંચે બન સકતે હો છૂ સકતે હો નભકે તારે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે રાજયના તમામ વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વિના વિક્ષેપે વીજ પુરવઠો પહોંચાડવા માટે નવી કિસાન હિત ઉર્જા રક્ષક યોજના જાહેર કરેલી છે. આ યોજના હેઠળ ૫૦ કરોડની જોગવાઈ રાજય સરકારે કરેલી છે. રાજયમાં હાલ ૯૯૦ સબ સ્ટેશનો છે. શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર. પરંતુ નવું સબ સ્ટેશન આપીને વીજળીની માંગને પહોંચી વળવા માટે અને સતત વીજ પુરવઠો આપવા માટે આ રાજય સરકારનું લક્ષ છે. ૧૧મી પંચવર્ષીય યોજનાના અંતે રાજયમાં ૨૩૦ નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજયમાં ૬૦ નવા સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા અને ૨૦૦૯-૧૦ દરમ્યાન બીજાં ૬૦ નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. છેવાડાના માનવીને પણ ગુણવત્તાવાળો વીજ પુરવઠો મળે અને એ બાબતનું લક્ષ રાખીને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન ૯ સબ સ્ટેશનો દરિયાકાંઠે અને ૬ સબ સ્ટેશનો આદિજાતિ વિસ્તારો માટે સ્થાપિત કરેલ છે. રાજય સરકારના આ ઝડપી સબ સ્ટેશનોના કામ કરવાને કારણે કેન્દ્ર સરકારનો ગોલ્ડ શીલ્ડ એવોર્ડ પણ ચાલુ વર્ષે મળેલ છે. સભાગૃહના વિપક્ષના મિત્રો ઘણી વાર કોઈ પણ વાત થતી હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીની વાત કરતા દરેક બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના નામ સાથે વ્યકિતદ્વેષ કે વેરભાવની વાત કરતા હોય છે ત્યારે મને રામાયણનો પ્રસંગ યાદ આવે છે. રામાયણનું યુદ્ધ પૂરું થઈ ગયું. રામ અને લક્ષ્મણનો યુગ પૂરો થયા પછી સૌ સ્વર્ગમાં જાય છે, ત્યારે ભગવાન વિષ્ણુની બાજુમાં જૂએ છે તો રાવણ બેઠો હોય છે. તો સૌને નવાઈ લાગી. લક્ષ્મણને નવાઈ લાગી. નારદ મુનિએ તો પૂછ્યું કે ભગવાન, આ શું? તમારી બાજુમાં રાવણ? ત્યારે વિષ્ણુ ભગવાને કહ્યું, કે નિશદિન, રાત-દિવસ, સતત, જાગતા, ઉંઘતા ભલે એ વેરભાવથી કે દ્વેષથી પણ મારું નામ લેતો હતો માટે એને આ જગ્યા મળી છે. એમ આપણાં આદરણીય મુખ્યમંત્રીનું નામ સામેવાળા મિત્રો ભલે દ્વેષભાવથી લેતા હોય, પણ ઈશ્વર એમનું પણ કલ્યાણ કરે એવી શુભેચ્છા સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રતિબદ્ધતા અને ઉર્જા મંત્રીશ્રીની વહીવટી કુશળતા અને આ વિભાગના સૌની મહેનતના લીધે ગુજરાત એ દેશનું સૌ પ્રથમ એક માત્ર એવું રાજય છે કે જેના તમામ ગામડાંઓને અને પેટા પરાંઓને ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ જયોતિગ્રામ યોજના આ સમગ્ર વહીવટી તંત્રના લીધે ૩૦ મહિનાના ટૂંકા ગાળામાં અને ૧૩૦૦ કરોડના ખર્ચે આ યોજના પરિપૂર્ણ થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજનાને કેન્દ્રસરકાર દ્વારા ઇન્ડિયા પાવર એવોર્ડ

આપવામાં આવેલ છે. રાજય સરકાર ખેતરોમાં વસતા કુટુંબોને પણ સતત વીજળી આપવા માટે કટિબદ્ધ છે અને તે માટે ખાસ પ્રકારના ટ્રાન્સફોર્મર તૈયાર કરવામાં આવેલ છે અને તે દ્વારા ખેતરોમાં વસતા કુટુંબોને પણ સતત સિંગલ ફેઈઝ વીજળી પૂરી પાડવામાં આવે છે. ખેડૂતોને વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને અત્યાર સુધી ખેડૂતોના વીજ ટ્રાન્સફોર્મર બળી જતાં હતાં, ત્યારે બીજું ટ્રાન્સફોર્મર આપવા માટે ૧૫થી ૨૦ દિવસ લાગતા હતા. આ સરકારની કટિબદ્ધતાને લીધે આ વીજ ટ્રાન્સફોર્મર ૪૮ કલાકમાં પૂરાં પાડવામાં આવે છે અને તેના લીધે ખેડૂતોનો પાક બચી જાય છે. જેના માટે સરકારશ્રીના પ્રયત્નોના લીધે આવા ટ્રાન્સફોર્મર ક્ષેત્રીય કચેરીઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ગ્રાહકોને વધુ સારી સુવિધા પ્રાપ્ત થાય તે માટે ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા માટે વીજ કંપનીઓ દ્વારા તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ સુવિધા કેન્દ્ર અને ફરિયાદ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે, ગાંધીનગર જિલ્લામાં પણ વિભાગીય કચેરી ૧૯૮૧થી ભાડાની કચેરીમાં બેસતી હતી. પરંતુ માનનીય ઊર્જામંત્રીશ્રીની કુશળતાને લીધે આ ગાંધીનગરની વિભાગીય કચેરી એક આધુનિક કચેરી તરીકે ગાંધીનગર શહેરને માનનીય ઊર્જામંત્રીશ્રીએ અર્પણ કરી છે અને આમાં ગ્રાહકોને સારી સગવડ મળે એના માટે સુવિધા કેન્દ્ર, ફરિયાદ કેન્દ્ર બનાવવામાં આવેલ છે. જામનગર જિલ્લામાં દરિયા વચ્ચે આવેલા સુપ્રસિદ્ધ બેટ દ્વારકા માટે મરીન કેબલ મારફત સતત ૨૪ કલાક વીજળી ઉપલબ્ધતા માટે છ કરોડ રૂપિયાના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે અને અત્યારે ૨૪ કલાક વીજળી પૂરી પાડવામાં આવે છે. એ જ રીતે અમરેલી જિલ્લાના દરિયા વચ્ચે શિયાલકોટ વચ્ચે દરિયાની અંદર મરીન કેબલ મારફતે વીજળી પૂરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે. રાજય સરકાર ગાંધીનગરને સૂર્ય પ્રકાશથી વીજળી મેળવતું સોલર સીટી બનાવવા માટે કટિબદ્ધ છે, તે માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોના જે જૂના પંપ સેટ હતા તે પંપ સેટ બદલીને એનર્જી એફિસિયન્ટ પંપો પૂરા પાડવા માટેની યોજના શરૂ કરવામાં આવેલ છે. એનર્જી એફિશિયન્ટ પંપના લીધે ખેડૂતોની ૧૦થી ૧૫ ટકા વીજળી બચશે. આ યોજના ૧૧ તાલુકાઓમાં શરૂ કરવામાં આવેલ છે. આ ઊર્જા ક્ષેત્રની સારી કામગીરીને લીધે અત્યાર સુધીમાં ઊર્જા ક્ષેત્રને લગભગ ૧૪ એવોર્ડ પ્રાપ્ત થયા છે. કિસાનોને પોતાના ટ્યુબવેલ ઉપર ટ્રાન્સફોર્મર પૂરા પાડવા માટે સરકારશ્રીએ આયોજન કરેલું છે અને અત્યાર સુધીમાં લગભગ ૩૬૦૦ ટ્રાન્સફોર્મર પૂરાં પાડવામાં આવેલ છે. કિસાનોને વીજ બિલમાં રાહત આપવા માટે સરકારશ્રી રૂ.૧૬૦૦ કરોડ સબસિડી પેટે ચૂકવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી આંગણવાડી કેન્દ્રોને પણ વીજળી પૂરી પાડવા માટે રાજય સરકારે બજેટમાં આયોજન કરેલ છે અને આ બિલો સરકારશ્રી ચૂકવે છે. એના માટે પણ બજેટમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના આ દૃઢ વિશ્વાસને લીધે ગુજરાતના ગામડાઓની અંદર ૨૪ કલાક સતત વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવી સુંદર વ્યવસ્થા પૂરી પાડી છે.અને એના લીધે જે ગામડું ભાંગતું હતું એ ગામડું ભાગતું બચ્યું છે અને ગામડાઓમાં અત્યારે નાનામોટા ઉદ્યોગો આ ૨૪ કલાક વીજળીને લીધે સતત ધમધમતા થયા છે. મને કહેતાં આનંદ થાય છે કે ગઈ વખતનું જે દસમા અને બારમા ધોરણનું પરિણામ આવ્યું એમાં ૬૦ થી ૬૫ ટકા વિદ્યાર્થીઓ આ ગામડાઓમાંથી પાસ થયેલા એનું એકમાત્ર કારણ આ જયોતિગ્રામ યોજના હતી અને આ યોજનાને લીધે આ વિદ્યાર્થીઓ સારા ટકાએ પાસ થયા છે. આ જે માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે એનું હું સમર્થન કરું છું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)**:માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગની માગણી નં. ૧૧,૧૨,૧૩,૪૯ અને ૫૦ના સમર્થનમાં જયારે બોલવા ઉભો થયો છું ત્યારે એક કવિએ કહ્યું હતું કે હાજીકાસમ તારી વીજળી રે વેરણ થઈ મધદરિયે. કચ્છનો એક હાજીમસ્તાન નામનો વેપારી વહાણ લઈને મધદરીયે જતો હતો અને ખલાસીઓ ડૂબી ગયા, વહાણ ડૂબી ગયું ત્યારે આ વાત કહેવામાં આવી કે હાજી કાસમ તારી વીજળી રે મધદરીયે વેરણ થઈ. એ મધદરીયે વેરણ થયેલી વીજળીને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રીશ્રી મધદરીયેથી પાછી લાવી અને ગુજરાતના ગામડે-ગામડાને ૨૪કલાક ઝળહળતા કર્યા તે બદલ અભિનંદન પાઠવું છું કારણ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા, ઉર્જા વિભાગ દ્વારા જ્યારે ખેડૂતના પુત્ર તરીકે બોલવા ઉભો થયો છું ત્યારે સિકકા ખાતે ૨૫૦ મેગાવોટનું એક બે યુનિટ, ઉતરાણ ખાતે ૩૪૭ મેગાવોટનું યુનિટ, ઉકાઈ ખાતે ૫૦૦ મેગાવોટનું યુનિટ, ધુવારણ ખાતે ૩૭૦ મેગાવોટનું યુનિટ આમ કુલ મળીને ૨૬૮૪ મેગાવોટ જેટલી વીજળી આ વર્ષે ઉત્પાદન કરવા બદલ રાજય સરકારના મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીને લાખલાખ અભિનંદન પાઠવું છું. તદઉપરાંત ૮૦૦ મેગાવોટના ૫ એકમો દ્વારા ૪હજાર મેગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરવાની છે એનું આયોજન કરવા બદલ ઉર્જામંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપુ છું. ગ્રાહક માટે એ ઘરવપરાશની વીજળી વાપરતો હોય, ખેતીવાડીની વીજળી વાપરતો હોય, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે વીજળી વાપરતો હોય, મોટા ઉદ્યોગ માટે વીજળી વાપરતો હોય પણ એને પૂરા વોલ્ટેજથી વીજળી મળી રહે એ માટે આ રાજય સરકારે ૬૬ કે.વી.ના ૫૭ સબસ્ટેશનો અને ૨૨૦ કે.વી.ના ૩ સબસ્ટેશનો સ્થાપવાનું જે આયોજન કર્યુ છે એ બદલ લાખ લાખ અભિનંદન આપું છું. કારણ કે ભૂતકાળમાં અમારા કોંગ્રેસના મિત્રો હાજર નથી પણ મારે કહેવું છે કે ભૂતકાળમાં હું જે વિસ્તારમાં જ્યાં જન્મ્યો છું ત્યાં મારા વતન પાટડી તાલુકાની અંદર અમારે ત્યાં વીજળી આવતી ત્યાં ફક્ત એક જ ૬૬ કે.વી. સબસ્ટેશન માંડલ ખાતે હતું. માંડલ ખાતેના ૬૬ કે.વી. સબસ્ટેશનમાંથી વીજળીનો સપ્લાય

થાય અને હિન્દુસ્તાનનું લાંબામાં લાંબુ ફીડર કહીએ એવું ૫૮ કિલોમીટરે વીજળી જાય ત્યાં. અને ખેડૂતોને વીજળી આપવાની વાત કરે છે. કોઈ દિવસ ફીડર ચાલે નહીં. આજે મને કહેતાં આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માંડલની આજુબાજુના વિરમગામથી રાધનપુર વચ્ચેના વિસ્તારમાં આજે ૨૫ જેટલા ૬૬ કે.વી. સબસ્ટેશનો કાર્યરત છે અને એના કારણે જીરુ પકડતા ખેડૂતો હોય, ડાંગર પકવતા ખેડૂતો હોય, ઘઉં પકવતા ખેડૂતો હોય આ બધા જ ખેડૂતો માલામાલ થયા છે. ભલે તમે ૧૨ અને ૧૪ કલાક વીજળી આપી છે પરંતુ પૂરતા વોલ્ટેજવાળી વીજળી આપી નથી. ભલે તમે ૧૨ અને ૧૪ કલાક વીજળી આપી છે પણ અઠવાડિયામાં માત્ર બે જ દિવસ વીજળી આપી છે. જે ફીડર ચાલુ હોય એ ફીડરના અઠવાડિયા અઠવાડિયા સુધી એના કંડકટરો પડ્યા રહે અને અધિકારીઓને રજૂઆત કરવા છતાં એ વાયર સાંધવાનું કામ ખેડૂતો જાતે કરે એવી વીજળી જ્યારે તમે આપી છે.અત્યારે પૂરા વૉલ્ટેજથી વીજળી અને માત્ર ૧૦-૧૦ કિલોમીટરના અંતે નાના ફીડરો કરવા બદલ આ રાજ્ય સરકારના મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. પૂરા વૉલ્ટેજથી વીજળી આપવાની વાત થઈ રહી છે ત્યારે દરિયા કાંઠે વસતા સાગર કિનારાના ખેડૂતો માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ૧૧ હજાર કરોડ રૂપિયાનું પૅકેજ લઈને આવ્યા છે. વીજળીના અનેકવિધ પ્રોબ્લેમો ઊભા થયા છે. અમે જાણીએ છીએ કારણ કે અમે કચ્છના નાના રણના છેવાડાના ગામડામાં જન્મેલા છીએ. એટલા માટે કહું છું કે ત્યાં વારંવાર ક્ષારવાળી આબોહવાના કારણે પીન ઈન્સ્યુલેટર, ડીસ પડી જાય છે. થાંભલા પડી જાય છે, બૉક્સ બગડી જાય છે. એના કારણે વારંવાર વીજળી ગુલ થઈ જાય. વરસાદના બે છાંટા પડે અને અઠવાડિયા સુધી વીજળી ગુલ થઈ જાય. આવા અનેક પ્રસંગોએ બિચારા નાના છોકરાને મચ્છરો કરડતા હોય, બાળકો બીમાર હોય એવી દિવસો અહીંયા બેઠેલા ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ જોયા છે. અમે પણ યુવાનીમાં આ દિવસો જોયા છે ત્યારે મારે કહેવું છે કે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીએ એક સરસ યોજના બનાવી અને સાગરકાંઠાના મારા સાગરખેડૂ ભાઈઓ માટે ૧૧ હજાર કરોડ રૂપિયાના બજેટમાં ૩૭૨૦ કરોડ રૂપિયાનું અનુદાન આપી પીન ઈન્સ્યુલેટર, ડીસ અને થાંભલા બદલવાનું આયોજન કરી એમની વેદનાને વાચા આપી છે. એના માટે લાખ લાખ અભિનંદન આપું છું. હમણાં બે દિવસ પહેલા વિપક્ષના મિત્રો અહીંયા હતા ત્યારે આક્ષેપ કરતા હતા કે એસ્સારને વીજળી આપી દેવામાં આવે છે. હું નાનો હતો ત્યારે યુવા મોરચામાં કામ કરતો હતો. હું રેકર્ડ સાથે વાત કરું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં મરડિયા કેમિકલ્સનું ૧૯૯૩માં ૬૭ લાખ રૂપિયાનું બિલ બાકી હતું અને ખેડૂતોના વીજ કનેકશનો કાપી નાખવામાં આવે, જ્યારે મરડિયા કેમિકલ્સનું વીજ કનૅક્શન બાઈજ્જત ચાલું રહે એવી પરિસ્થિતિ હતી. અત્યારે આવી વાત કરતા એમણે શરમ અનુભવવી જોઈએ. અત્યારે કોઈની તાકાત છે કે બાકી બિલથી વીજળી ચલાવી શકે? ખેડૂત હોય, ઉદ્યોગપતિ હોય કે નાનો ઉદ્યોગપતિ હોય બધા સરખા. અમે મા ભારત માટે જનમ્યા છીએ. હમ ચાર દિન રહે ના રહે, તેરા વૈભવ અમર રહે એ ભાવના સાથે કામ કરીએ છીએ. અમારે મન કોઈ નાનો નથી કે કોઈ મોટો નથી. ખેડૂતોના ખેતીવાડી કનૅક્શન હોય કે મોટા ઉદ્યોગપતિનું કનૅક્શન હોય, કોઈનું પણ બિલ બાકી હોય તો આ રાજ્ય સરકાર એને ચલાવવા દેવા માગતી નથી. આ વાત કરવા ઊભો થયો છું. આના માટે આ રાજ્ય સરકારના ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલને લાખ લાખ અભિનંદન આપવા છે. મારા મત વિસ્તાર સાણંદ વિરમગામમાં ઝૂંપડપટ્ટીની એમણે ચિંતા કરી છે. ચાલુ વર્ષે સાણંદમાં ઝૂંપડપટ્ટીના ૪૪૫ કનેકશનો અને ૩૪૮ કેસો પેન્ડીંગ હતા એ પણ પૂરા કરી દીધા છે. જેટલા સિંગલ ફેસ ફીડરો ચાલે છે, જેટલા પણ ખેતીવાડીના ટ્યુબવેલો ચાલે છે એમાં મારા ખેડૂતો, મારા મજૂરોને ૨૪ કલાક વીજળી મળી રહે, એને મચ્છર ન કરડે, કોઈ જીવાંત ન કરડી જાય એટલા માટે બધા જ સિંગલ ફેસના ફીડરો ૨૪ કલાક લાઈટથી ઝળહળતા કર્યા છે. વિરમગામ તાલુકામાં ૩૫૦ નવા કનેકશનો અને બધા ફીડરો સિંગલ ફેસથી ઝળહળતા કર્યા છે. આ મુખ્યમંતીશ્રીની નીતિ અને રીતિ રહી છે ત્યારે આ રાજ્ય સરકારના મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. ભૂતકાળમાં આ વીજળી આવતી ત્યારે ૫૮-૫૮ કિલોમીટર લાંબા ફીડરો જ્યારે હોય ત્યારે મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે અત્યારે રાજ્ય સરકારની આ નીતિઓના કારણે આ રાજ્ય સરકારની સરસ મજાની ખેડૂતલક્ષી નીતિના કારણે હમણાં મારા ઘણા બધા મિત્રો બોલી ગયા છે કે આ રાજ્ય સરકારે સરસ મજાનો એફિશિયન્ટ પમ્પ લાવીને ખેડૂતોને સબસિડી આપવાની વાત કરી છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

તે બદલ રાજ્ય સરકારના ઊર્જા મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. કારણ કે એફિશન્ટ પંપ લાવવાના કારણે વીજળીની બચત થશે અને પાણીનો પુરવઠો નિયમિત એટલો જ મળી રહે એવી વાત જ્યારે આ એફિશન્ટ પંપની અંદર જેનું નામ ખુશી જેવી યોજના ખેડૂતો સદાય ખુશખુશાલ રહે એ માટેની યોજના લાવવા બદલ રાજ્ય સરકારના ઊર્જા મંત્રી અને મુખ્યમંત્રીને અભિનંદન આપી છેલ્લે એક વાત કરીશ.

" વ્યવસાયની ચિંતા છે વિશ્વને આજે ઉદ્યોગોથી ગાજે ગુજરાત
પડકારો સામે કીધી પ્રગતિ જેની જગમાં ઉપમા અજોડ
માણસના મહેર અમારા મોદીજી, સ્નેહમાં જોડાયા સાડાપાંચ કરોડ"

આવી વાત જ્યારે માનનીય ઊર્જામંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે ત્યારે છેલ્લી એક વાત કરીને બેસી જાવ છું. બીજા મહાનગરોની અંદર જ્યારે ઊર્જાની વાત થતી હોય ત્યારે એવી વાત કહેવામાં આવી કે મુંબઈ, દિલ્હી આવા અનેક મહાનગરોની અંદર "ના બીજલી, ના પાની, ફીરભી દિલ્હી રાજધાની" ૧૫-૧૫ કલાક લાઈટો જાય, પાણી ના મળે ટી.વી.ની અંદર વરવા દૃશ્યો જોવામાં આવે. પાણી માટે લોકો પોકાર કરતા હોય, વીજળી માટે લોકો રાડો પાડતા હોય, ઓફિસોની અંદર લોકો પસીનો લૂછતાં હોય, અરે અમુક રાજ્યો એ તો વીજળીના કારણે ઓફિસો બંધ રાખવી પડે એવી પરિસ્થિતિ હોય ત્યારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રી વીજળી માટે જે આયોજન કર્યુ છે. ગુજરાતના છેવાડે વસતા માનવી હોય, આદિવાસી હોય કે દલિત હોય કે બક્ષીપંચના હોય બધાને ૨૪ કલાક વીજળી. ગાંધીનગરમાં પણ વીજળી હોય અને છેલ્લા ગીરના જંગલમાં પણ વીજળી હોય એવી વાત જ્યારે વીજળીના આયોજનની થતી હોય ત્યારે આ રાજ્યના મુખ્યમંત્રી અને ઊર્જામંત્રીને અભિનંદન આપી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત પૂરી કરું છું.

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

### પાલીતાણા જૈન મંદિરનો ફોટોગ્રાફસના કાચ તોડવા અંગે

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષ મહોદય હું આપની પરવાનગીથી એક નિવેદન કરવા માગું છું કે, આજે સવારે મારા ધ્યાનમાં આવ્યું છે કે ગેટ નંબર:૪ ની બહાર એક પાલીતાણાના પ્રતિકૃતિ સમાન તસ્વીર હતી અને આ ગૃહના વિરોધપક્ષના સભ્યોએ જતા જતા એના કાચ તોડી કાઢ્યા છે, ફ્રેમ તોડી કાઢી છે. કરોડો જૈનોની આસ્થાની પ્રતિકૃતિ સમાન એ પાલીતાણાની તસ્વીર આપની પરવાનગીથી એ ત્યાં લગાવી હતી, એના પર આ વિપક્ષના સભ્યશ્રીઓએ ચેડાં કર્યા છે. હું આપને વિનંતી કરું છું કે આના કારણે જૈન સમાજની, અમારાં જૈનોની, સમગ્ર હિંદું સમાજની લાગણી દુભાઈ છે. આ પાલીતાણાની પ્રતિકૃત્તિમાં ભગવાન મહાવીર અને આદેશ્વરનો અહિંસાનો સંદેશો આપતા આ પ્રતિકૃતિને કયા લોકોએ, કઈ વિકૃતિથી તોડ્યું છે એ આપણને ખબરપડતી નથી. હું આપને વિનંતી કરું છું કે આવું કાર્ય કરનારા એ સભ્યોને એવો બોધપાઠ આપવો જોઈએ કે પ્રજાના પ્રતિનિધિએ શું કરવું જોઈએ, એની જવાબદારી શું હોય છે, ગાંધી અને સરદારની ધર્મ પ્રિય જનતામાં ઠેસ પહોંચાડનારા લોકોને મારી લાગણી છે કે આપ યોગ્ય બોધપાઠ આપી એ સન્માર્ગે પાછા આવે એવાં કોઈ પગલાં આપના દ્વારા લેવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાકેશભાઈ શાહે આ સભાગૃહનું ધ્યાન દોર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, અહિંસાનો બોધ આખી દુનિયાને ભગવાન મહાવીર સ્વામીએ આપ્યો અને ભગવાન મહાવીરના આ બોધને લઈ પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આ દેશને સ્વતંત્રતા અપાવી. માનનીય અધ્યક્ષશ્રી, આવી વિરલ વ્યકિતનું આ સભાગૃહની અંદર ચિત્ર હોય અને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ અહીંથી બહાર નીકળ્યા પછી આ પ્રતિકૃત્તિને તોડી પાડે, એનું અપમાન કરે એ માત્ર જૈન સમાજની તો લાગણી દુભાઈ જ હશે. પરંતુ સમગ્ર ગુજરાતની પ્રજાની પણ લાગણી દુભાઈ હશે અને આ કોઈ પણ રીતે આ બાબત ચલાવી લેવાય નહિ અને વિધાનસભાના નિયમો પ્રમાણે પણ આ બાબતમાં આપે માર્ગદર્શન આપવું જોઈએ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગરના ગૌરવ સમાન, જૈન સમાજના અને હિન્દુ સમાજના ગૌરવ સમાન જૈન મંદિરોના આ પાલીતાણાના જે દેરાનું આ જે ચિત્ર બહાર હતું, ચાર નંબરના ગેટ પાસે, એને જે રીતે તોડી નાખ્યું છે એટલે કે અહિંસાના પ્રતીક સમાન જે એ ચિત્ર હતું એને હિંસા રૂપ કાર્ય કરી અને જે આ વિરોધપક્ષના સભ્યે જે તોડી પાડવાનું જે કામ કર્યુ છે એ સખત શબ્દોમાં વખોડી કાઢવા લાયક છે અને આ અહિંસાની સાથે સાથે, આખા દેશની અંદર માંસ, મદિરા અને મટનનો પણ ત્યાગ કરવા માટે

**અધ્યક્ષશ્રી** : મુદ્દા ઉપર બોલો, મુદ્દાને બદલો નહીં. તમારે જે વાત કહેવી હોય એમાં એની વાત કરો.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જૈન મંદિરોના ચિત્રો છે એ ચિત્ર ઉપર વિરોધ પક્ષના જે આગેવાનો એ વિરોધ પક્ષના નેતાશ્રીના માર્ગદર્શન હેઠળ જે કાર્ય કરવામાં આવ્યું છે એ જૈન મંદિર, જૈન લોકો તેમજ હિન્દુ સમાજની શ્રદ્ધા ઉપરનો આઘાત છે. આ શ્રદ્ધા ઉપરના આઘાતને આ સભાગૃહમાં તમામ સભ્યોની લાગણી વ્યક્ત કરી, અને આ હું વ્યક્ત કરું છું કે આ કાર્યને આપ રોકજો, શિક્ષા રૂપ કાર્યને વિશે આપ કામ કરો અને એના ઉપરની આસ્થાને વ્યક્ત કરો.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

### વિધાનસભાની મિલકતને નુકસાન પહોંચાડવા બાબત

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશભાઈ અને શ્રી શંકરભાઈ ચૌધરી અને શ્રીમતી વિભાવરીબેને જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો તે પહેલાં મારા ઉપર, મેં જાતે એની તપાસ કરાવડાવવાની આ સભાગૃહની અંદર વાત કરી હતી. હું એને ખૂબ જ ગંભીરતાપૂર્વક લઉં છું અને બીજી એક ઘટનાને પણ એટલી જ ગંભીરતાથી લઉં છું. મારે આજે ફરી

એકવાર ખૂબ જ ગંભીરતાપૂર્વક એક જાહેરાત કરવાની છે કે, આ સંપૂર્ણ વિધાનસભા એ મારા આધિપત્ય નીચેનું છે અને તેમાં કોઈ પણ પ્રકારની ગેરશિસ્ત, દેખાવો, પ્રદર્શનો કરવા એ વિધાનસભાનું અપમાન છે. પરંતુ મને સૌથી વધારે દુ:ખ એ વાતનું છે કે, આ સભાગૃહમાં દેખાવો કરીને બહાર નીકળતી વખતે પાલીતાણાના જૈન મંદિરની તસ્વીર ઉપર હુમલો કરીને તેના કાચ તોડી નાખવાનો અને તસ્વીર સાથે થયેલા દુર્વ્યવહાર એ આપણા સૌને વિધાનસભાના સભ્ય તરીકે ખૂબ જ દુ:ખ થાય તેવી ઘટના છે. મને ખૂબ જ દુ:ખ છે કે, મારા આધિપત્ય નીચેના ભવનમાં આ ઘટના બની છે. મારી માન્યતા છે કે, આ વિધાનસભા ભવનની અંદર કોઈ ધાર્મિક પ્રતીક હોય તો તેના પ્રત્યે અવમાનભર્યો ભાવ બતાવવો એ આપણને શોભતું નથી. ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓએ જેમણે આ કૃત્ય કરીને પાલીતાણા જૈન મંદિરની તસ્વીર તોડી છે તે ઘટનાને હું ગંભીરતાથી લઉં છું અને મારી તો લાગણી દુભાઈ જ છે એટલા માટે કે આ ઘટના માત્ર તસ્વીર તૂટવાની નથી પરંતુ પાલીતાણાના મંદિરની તસ્વીર તોડવાની ઘટના સમગ્ર સંસ્કૃતિ અને ધર્મ પ્રેમી જનતાને અને મને દુ:ખ પહોંચાડનારી છે.

મને એ સમજાતું નથી કે વિપક્ષના ધારાસભ્યશ્રીઓએ કચરા પેટી તોડવાનો શું અર્થ? ગેટ નંબર ચાર પાસે કેટલાક ધારાસભ્યશ્રીએ પગથી કાચ તોડ્યા છે. આપણે સૌએ એ વાતનો સ્વીકાર કરવો પડશે કે, આપણે સૌ પ્રજાના પ્રતિનિધિ છીએ અને લોકશાહીમાં આપણી સૌની એ પ્રવિત્ર ફરજ છે કે, જાહેર મિલકતોની જાળવણી કરવી એ આપણી જવાબદારી છે. આપણને જો પૂજ્ય ગાંધીજીમાં શ્રદ્ધા હોય તો તેની અનુભૂતિ કરાવવા માટે આપણે ફરીથી રૂપિયા ૧૯૦૦/-નું નુકસાન કાચ, કચરાપેટી અને પાલીતાણાના મંદિરની તસ્વીરની તોડીને કર્યુ છે, તે કૃત્ય કરનાર સભ્યોએ સ્વેચ્છાએ ભૂલ સ્વીકારીને ભરપાઈ કરવી જોઈએ. જો કોઈ પણ રીતે ચૂંટાયેલો લોક-પ્રતિનિધિ પ્રજાકીય મિલકતોને નુકસાન કરે તો તે લાંછન રૂપ છે. પરંતુ આ સભાગૃહ એ સમગ્ર દેશની સંસદીય લોકશાહીના મંદિર સમાન છે અને તેના કોઈ પણ ભાગની અંદર ચૂંટાયેલો પ્રતિનિધિ જો તોડફોડ કરે તો લોકશાહીના મંદિરની ઉપરનો હુમલો છે, એમ હું માનું છું, આપણે સૌ માનીએ છીએ. હું આશા રાખું છું કે, આ ભાવનાને આપણે સૌ સ્વીકારીએ અને ગુજરાતની સંસ્કૃતિ સમાન પાલીતાણાના મંદિરને, ભારતીય લોકશાહીના મંદિર સમાન વિધાનસભા ભવનમાં તોડફોડની જે પ્રવૃત્તિ કરી છે તે માટે જાહેરમાં માફી માગે. આ એક ઘટના ઉપર હું કહું છું અને હું જ્યારે અંદર આવતો હતો ત્યારે વિપક્ષના નેતા સહિત કેટલાક સભ્યોએ મારી પાસે આવીને એક ફરિયાદ કરી કે તેઓ જયારે ગાંધીજીની પ્રતિમા તરફ જતા હતા ત્યારે એમના ઉપર કેટલોક હુમલો થયો છે. મેં જિલ્લા પોલિસ વડા શ્રી પિયુષ પટેલને સૂચના આપી છે કે અને એ અંગેના જે કંઈ કલીપીંગો હોય એ પણ લઈને બતાવે. જો આ પ્રકારની ઘટના બની હોય તો કારણકે એ રિપોર્ટ આવ્યા પછી હું કહીશ તો એ અંગે પણ હું મારું મંતવ્ય ત્યારપછી એટલે કે સોમવારે રજૂ કરીશ. શ્રી મેઘજીભાઈ...

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ (ક્રમશ:)

**શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના માનનીય મંત્રીશ્રી ૧૧,૧૨,૧૩,૪૯ અને ૫૦ નંબરની જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઊભો થયો છું. કોઈપણ રાજયનો જે વિકાસ છે એના ઉપરથી નકકી કરી શકીએ છીએ કે આ રાજયના ઉર્જા વિભાગને કેન્દ્ર સરકાર દ્વારા લગભગ ૨૪ એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ જ બતાવે છે કે આ રાજયની સ્થિતિ ઉર્જા વિભાગમાં શું છે. અગાઉના સમયમાં જયારે લોકો ગામડાંમાં વાળુ કરવા માટે બેસતા હતા ત્યારે લાઈટ રહેતી નહોતી આજે પરિસ્થિતિ ઉલટી છે. રાજયના અઢારેઅઢાર હજાર ગામડાંમાં ૨૪ કલાક લાઈટ મળે છે અને એટલું જ નહીં આ રાજયનું સાત કંપનીમાં વિભાજન કરવામાં આવ્યું છે અને રાજયને વીજનો ઓછો વ્યય થાય એના માટે પણ એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ રાજય સરકારે અને માનનીય ઉર્જા મંત્રીશ્રીએ ૨૦૦૦થી ૨૦૦૯ સુધી લગભગ ૯૭૨કરોડની કર રાહતો આપેલી છે. એમાં ૨૦૦૪ સુધી ૩૯૬કરોડ, ૨૦૦૫માં ૨૨૯.૧૯કરોડ, ૨૦૦૬માં ૧૨૦કરોડ, ૨૦૦૭-૦૮માં ૨૨૩કરોડ આમ આ રાજયે ઊર્જા ક્ષેત્રે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, એમાં પણ આ રાજય સરકારના જે વીજ ગ્રાહકો છે એમને લગભગ ૧૦૦૦ કરોડની આજની સ્થિતિએ કર રાહતો આપેલ છે. રાજયના ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ચાલુ વર્ષે ૨૦૦૯-૧૦ની અંદર સાગર ખેડૂ યોજના. આ યોજના મહત્વકાંક્ષી યોજના છે. આ રાજયના ૧૨ જિલ્લા અને લગભગ ૩૮ તાલુકા જે દરિયાકાંઠાના છે એમાં આ રાજયની સરકારે જે આયોજન કર્યું છે એમાં ૩૮ તાલુકા છે એ દરિયાકાંઠાના વિસ્તારોમાં છે અને હું પણ એ વિસ્તારમાંથી આવું છું. દરિયાકાંઠાના તાલુકામાં ખારાશને હિસાબે જે વીજ વાયરો, જે વીજ કન્ડકટરો, જે પીનો ખરાબ થઈ જાય છે અને વારંવાર બદલવી પડે છે પણ આ રાજય સરકારે અને ઉર્જા વિભાગે એમાં એ વાયરો કાટ ન ખાય એ માટે insulator વાળા વાયરો બદલવાનું નકકી કર્યું છે અને લગભગ આ વખતે શેરમૂડીનો એમનો ૫૦.૮૦કરોડનો ફાળો છે તો આ રાજય સરકારે ઊર્જા વિભાગ દ્વારા જે કામગીરી કરી છે એ બદલ રાજયના ઊર્જા વિભાગને મારા લાખ લાખ અભિનંદન. ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીકસીટી કોર્પોરેશન લિમિટેડ દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજનામાં ઘણા બધા પ્રોજેકટો શરૂ કરવાનું આયોજન હાથ ધરેલ છે. જેમાં જામનગર જિલ્લામાં સિકકા ખાતે ૨૫૦ મેગાવોટ, ઉતરાણ ખાતે ૩૭૪ મેગાવોટ, ઉકાઈ ખાતે ૫૦૦ મેગાવોટ, માંગરોળ ખાતે ૨૫૦ મેગાવોટ, પીપાવાવ ખાતે ૭૦૦ મેગાવોટ, હજીરા ખાતે ૩૬૦ મેગાવોટ. જે આ વીજ વપરાશ થાય છે એના માટે કેન્દ્ર સરકાર ભેદભાવવાળી નીતિ રાખે છે. આ રાજયને જે કોલસો આપવામાં આવે છે બીજા

રાજયમાંથી ત્યાંથી દુરના જે રાજયો છે, દુરની જે ખાણો છે ત્યાંથી આ રાજયને કોલસો આપવા માટે કેન્દ્ર ત્યાંની ભલામણ કરે છે. જેથી કરીને વહન પરિવહનનો ખર્ચ વધુ થાય છે અને રાજયને વીજ ઉત્પાદન મોંઘુ પડે છે, ત્યારે આ રાજય સરકારે વિન્ડ ફાર્મ દ્વારા ગુજરાતની અંદર વીજ ઉત્પાદનના નવા પ્રોજૅકટ હાથ ધર્યા છે. લગભગ ૧૫૦૦ જેટલું મેગાવોટ વીજ ઉત્પાદન થાય એના માટે મારા જિલ્લામાં દરિયાકાંઠાના વિસ્તારમાં જમીન ખારાશવાળી છે, ત્યાં નવા વિન્ડ ફાર્મ ઊભા કરવામાં આવે છે. ગ્રાહકોને પૂરતા પ્રમાણમાં વીજળી મળે અને જે નાના ખેડૂતો છે, તેમને ૧૦ કે.વી., ૧૬ કે.વી. અને ૨૫ કે.વી. ના ટ્રાન્સ્ફૉર્મર પોતાના ખેતર સુધી મળે એના માટે આ રાજય સરકારે ૪૦ કરોડનું આયોજન કરેલ છે અને પૂરતા પ્રમાણમાં, પૂરતા દબાણથી વીજ મળે એના માટેનું આયોજન કરેલ છે. આ રાજય સરકારે ઝુપડપટ્ટીમાં વસતા લોકો માટે, બી.પી.એલ. લાભાર્થીઓ માટે જે સ્કીમ જાહેર કરેલ છે, એના માટે આ રાજય સરકારે ૪૨ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. તો ઊર્જા વિભાગને એના માટે અભિનંદન પાઠવું છું. ગુજરાત રાજયની અંદર જે આ ઊર્જા વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર શિક્ષણ સમિતિ દ્વારા પ્રાથમિક શાળાઓ ચાલે છે, એમાં ઓરડા રૂમ છે તેમાં વીજ કનૅક્શન આપવામાં આવે છે, એના માટે ૨૦૦૮-૦૯ માં લગભગ ૩૩૪૯ પ્રાથમિક શાળામાં ૪૭૬ લાખનો ખર્ચ માટે રાજય સરકારે આયોજન કરેલ છે. આ રીતે રાજય સરકારે આ ઊર્જા વિભાગ માટે આવા અનેક લાભો જાહેર કર્યા છે અને ઊર્જા વિભાગમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરેલ છે તે બદલ ઊર્જા મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન અને ઊર્જા વિભાગના મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે માગણીઓ લઈને હું આજે આવ્યો છું અને તેમાં ૧૧ સભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે, તે બદલ હું આભાર વ્યક્ત કરું છું.

આખા દેશમાં ઊર્જાની પરિસ્થિતિ અને ગુજરાતની પરિસ્થિતિ એમાં ઘણો બધો તફાવત છે. દેશમાં રાજ્યોની અંદર ૧૦-૧૦, ૧૨-૧૨ કલાક લોડ શેડિંગ થતું હોય છે. ખેડૂતો હોય, ઘર વપરાશ હોય કે ઉદ્યોગો હોય દરેકને જનરેટર સેટ દ્વારા વીજળીનું ઉત્પાદન કરતા હોય છે. એવી પરિસ્થિતિની અંદર ગુજરાતની અંદર આપણે આનંદ સાથે કહી શકીએ કે આ એક માત્ર રાજ્ય છે કે ૨૪ કલાક વીજળી ગામડાઓમાં રહેવા માટે આપીએ છીએ. ૨૪ કલાક વીજળી શહેરોમાં આપીએ છીએ. ૨૪ કલાક વીજળી ઉદ્યોગ માટે આપીએ છીએ. ૩૬૫ દિવસ વીજળી બધાને આપીએ છીએ. જરૂરિયાત પ્રમાણે ખેડૂતોને ૮ કલાક એનાથી વધારે...

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, સેવક આપ આ ગૃહની બહાર નીકળી જશો. કાલથી જે વિભાગના હોય તે અહીયા બેસે નહિ. ત્યાં જવાની જરૂર જ નહોતી. બહાર નીકળી જાઓ. હું તમને કહું છું. માનનીય મંત્રીશ્રી. જે મંત્રીશ્રીના સેવક હોય કે આ સભાગૃહના સેવક હોય તે તપાસ કરીને આપે. કેમ કે તે ત્યાં જઈને વાતો કરતા હતા.

**શ્રી સૌરભ પટેલ** : પાંચ વર્ષ પહેલા, સાત વર્ષ પહેલા આપણી પરિસ્થિતિ એટલી જ ગંભીર હતી. તે વખતે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આયોજન નક્કી કર્યુ અને ૩ વિષય ઉપર ખાસ ગંભીરતાથી ભાર મૂક્યો: (૧) પુરતી વીજળી મળે (૨) ગુણવત્તા વાળી વીજળી મળે (૩) યોગ્ય ભાવે વીજળી મળે. મને આનંદ થાય છે એ કહેતા કે આપણે ત્યાં આજની તારીખમાં છેલ્લા પાંચ વર્ષના આયોજનના કારણે જનરેશન કેપેસિટીઝમાં દિવસે ને દિવસે વધારો થતો જાય છે. અત્યારની તારીખમાં ૨૦૦૮-૦૯ માં ટોટલ ઈન્સ્ટોલ કેપેસિટી આપણી ૯૯૯૨ મેગાવોટ છે.માનનીય અધ્યક્ષશ્રી, ૯૯૯૨ મેગાવોટ છેલ્લા ૫૦ વર્ષની અંદર આપણે કરી શક્યા છીએ. મને આનંદ એ વાતનો છે કે આટલી જ નવી કેપીસીટી આપણે આવતા ત્રણ વર્ષની અંદર આ રાજયની અંદર ઈન્સ્ટોલ કરવાની છે. તેનું પહેલું વર્ષ ૨૦૦૯-૧૦ ચાલુ થઈ ગયું છે. ૨૦૦૯-૧૦ની અંદર ૩૨૪૯ મેગાવોટ વીજળીનું ૩૧ માર્ચ ૨૦૧૦ પહેલાં આ રાજયની અંદર ઉત્પાદન ચાલુ થશે. જે આશરે ૩૩ ટકા હિસ્સો અત્યારની ઈન્સ્ટોલ કેપીસીટીનો હિસ્સો હશે. આ આખા દેશની અંદર એક જ વર્ષમાં આટલું મોટુ વીજળીના ઉત્પાદન માટે કમીશન થયું નથી. હું દાખલા આપું કે.એલ.ટી.પી.એસ.૭૫ મેગાવોટ, ઉતરાણ ૩૭૦ મેગાવોટ, એસ.એલ.સી.પી ૩૫૦ મેગાવોટ, સુઝેન ૩૮૨ મેગાવોટ, ૭૫૦ મેગાવોટ, ૧૦૦૦ મેગાવોટ આ પ્રમાણે રાજયની અંદર અને કેન્દ્રનો હિસ્સો ૩૬૦ અને ૪૭ મેગાવોટ એટલે કે ૪૦૭ મેગાવોટ એ કેન્દ્રનો હિસ્સો હશે. આવી જ રીતે ૨૦૧૦-૧૧ની અંદર ૨૧૮૧ મેગાવોટ વીજ ઉત્પાદન થશે. આ બધા જ પ્લાન્ટના કામો ઓલરેડી ચાલુ થઈ ગયા છે અને એના કારણે આપણે ૨૦૧૧-૧૨ની અંદર ૩૯૬૫ મેગાવોટનું વીજ ઉત્પાદન થશે. એટલે અત્યારે જેટલી કેપીસીટી છે તે ૯૯૯૫ મેગાવોટથી વધશે. આપણે સંપૂર્ણપણે ખાતરી સાથે કહી શકું છું ગુજરાતની પૂરેપૂરી માંગ આપણે ચોકકસપણે આપી શકીશું અને ગુજરાતની જે સરપ્લસ વીજળી રહેશે બધાને આપ્યા પછી જે વીજળી રહેશે તેનું પ્રમાણ ઘણું મોટું રહેશે અને ચોક્કસપણે કહી શકાય કે આ આયોજનના કારણે ગુજરાત દેશની અંદર એકમાત્ર રાજય હશે કે જે ચાર ડીઝીટ ઉપર સરપ્લસ રહેશે. એટલે ૨૦૦-૫૦૦ મેગાવોટ નહીં ચાર ડીઝીટ હજાર મેગાવોટ ઉપર સરપ્લસ રહેશે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી છે. ચોક્કસપણે આપણે કહી શકાય કે પ્લાન્ટ લોડ ફેકટર પણ પ્લાન્ટો નાંખ્યા હતા ત્યારે ૬૦-૬૫ ટકાએ ચાલતા હતા. આજે ૨૦૦૮-૦૯માં પ્લાન્ટ લોડ ફેકટર ૭૫.૩૨ ટકા હતું. વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઘણા પ્રવચનમાં કહ્યું હતું કે પ્લાન્ટ ચાલતા નથી.મારે કહેવું છે કે ૭૫.૩૨ ટકા હતું આજે બ્રેકીંગ ડાઉન ના કર્યુ હોત, આ બ્રેકીંગ ડાઉન એટલે કરવું પડયું કે આખા દેશની અંદર

સારો વરસાદ પડયો હોય, વીજળીની માંગ ઘટી ગઈ હોય અને વીજળીનો ભાવ ઉત્પાદન કરતા ઓછો હોય ત્યારે બ્રેકીંગ ડાઉન કરે છે એટલે કે પ્લાન્ટ બંધ કરીએ છીએ. તે પ્લાન્ટ બંધ ન કર્યો હોત તો આપણો પ્લાન્ટ લોડ ફેકટર ૭૭.૬૮ ટકા હોય. એટલે ૨.૫ ટકા જેટલો પ્લાન્ટ લોડ ફેકટર પ્લાન્ટ બંધ કર્યા હતા એટલે થયો છે. આ પ્લાન્ટ બંધ એટલા માટે કરવા પડયા હતા કે આખા દેશ અને ગુજરાતની અંદર જ્યારે કોઈ લેવાલી ન હતી ત્યારે બંધ કર્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્પાદનની અંદર આપણે ખૂબ મોટા પાયે ડેવલપ કરી રહ્યા છીએ. ઘણા વિસ્તારો નવા પૉર્ટ રીલેટેડ કે પૉર્ટને ડેવલપ કરવા માટે આપણે ઘણી વખતે ઈમ્પોર્ટ કોલ બેઝ પ્લાન્ટ પૉર્ટ પાસે રાખીએ છીએ. દા.ત.મુન્દ્રાની અંદર ૯૦૦૦ મે.વો. વીજળીનું ઉત્પાદન આજથી ત્રણ ચાર વર્ષની અંદર થવાનું છે. એવી જ રીતે દહેજ, સીમર, પીપાવાવ આ દરેક પૉર્ટને આપણે ડેવલપ કરવા માગીએ છીએ. તેના કારણે આપણે ઈમ્પોર્ટેડ કોલની જરૂર પડે તો તે મંગાવી શકીએ અને બીજું જે આપણે કોલ ઓરિસ્સા અને બીજેથી લાવવો પડે છે તો રેલવે મોંઘુ પડે તો દરિયાકાંઠાથી તે કોલસો લાવી શકાય તે પ્રમાણે આવી વ્યવસ્થા ગોઠવી છે. વધારે કહેવું છે કે આપણે ગુજરાત કોમ્પીટીટીવ બીડીંગ જે કેન્દ્રનો કાયદો કર્યો હતો તેના કારણે ગુજરાત પહેલું રાજય હતું કે જેને કોમ્પીટીટીવ બીડીંગની પ્રક્રિયા કરી. કોમ્પીટીટીવ બીડીંગની પ્રક્રિયાની અંદર ૩૨૦૦ મેગાવોટ ગુજરાતે ઓલરેડી બીડમાં ચાર પાર્ટીઓને આપી દીધા છે અને તેની અંદર જે ડોમેસ્ટીક અને ઈમ્પોર્ટેડ ફયુઅલમાં ચાર છે તેમાં ૨.૩૫ પૈસા ૧૦૦૦ મેગાવોટ, ૨.૪૦ પૈસા ૧૦૦૦ મેગાવોટ, ૨.૨૫ પૈસા ૨૦૦ મેગાવોટ અને ઈમ્પોર્ટેડ કોલમાં ૨.૮૯ પૈસા ૧૦૦૦ મેગાવોટ. એમ કરીને ૩૨૦૦ મેગાવોટ આપણે કોમ્પીટીટીવ બીડીંગની અંદર આપણું એકમાત્ર રાજય છે. દરેક પ્રોજેંકટ ચાલુ થયા છે અને આવતા બે ચાર વર્ષની અંદર વીજળીનું ઉત્પાદન કરી ગુજરાતને આપશે. નૉન કન્વેન્શયલ એનર્જીમાં આપણે દેશની અંદર તામિલનાડુ પછી બીજા સ્થાને છીએ. તામિલનાડુને વીન્ડની વેલોસિટીના કારણે એને નેચરલ લાભ મળ્યો, ગુજરાતે પણ છેલ્લા બે ત્રણ વર્ષની અંદર મોટો કૂદકો ભર્યો છે. આજની તારીખમાં ૧૫૦૦ મેગાવોટ જેટલું વીન્ડની કેપેસીટી ગુજરાતમાં છે અને આવતા ત્રણ વર્ષની અંદર ચાર હજાર મેગાવોટ નાખવાનું રાજય સરકારનું આયોજન છે અને એના માટે આપણે જે નવી ટૅરિફ નક્કી કરી છે એ સાડા ત્રણ રૂપિયે યુનિટ કરી છે આ સાડા ત્રણ રૂપિયે યુનિટને કારણે આ વર્ષે ઓછામાં ઓછા ૫૦૦ થી ૮૦૦ મેગાવોટ નવું વીજળીનું ઉત્પાદન આ વીન્ડ એનર્જી દ્વારા થવાનું છે. ગુજરાત એક માત્ર રાજય છે કે જેને સોલર પૉલિસી પાવર પૉલિસી ૨૦૦૯ જાહેર કરી છે આખા દેશની અંદર કોઈ જગ્યાએ સોલર પૉલિસી જાહેર નથી કરી, કેન્દ્રએ જાહેર કરી હતી એનાથી પાંચ ગણી, સાત ગણી મોટી અને સારી જાહેરાત કરી એના કારણે થયું શું કે, આપણે ૫૦૦ મેગાવોટ વીજળી સોલરથી લેવાની ઇચ્છા ધરાવતા હતા પણ એનાથી ઘણી ઘણી વધારે પાર્ટીઓએ એમઓયુ સાઈન કર્યુ. આપણે એની અંદર સિલેક્શન પ્રોસેસ કરી અને આવતા દિવસોની અંદર પાર્ટી સિલૅક્ટ કરી ગુજરાતે એક સોલર હબ બને એના માટે આખું આયોજન છે અને આ ટૅરિફ સોલર પૉલિસીની અંદર, કેમ સોલર એક ભવિષ્ય છે, આવતા દિવસોની અંદર આ ટૅક્નૉલૉજીને વધારે ડેવલપ કરશું તો ધીમે ધીમે ભાવ ઘટશે અને આખા દેશને ફાયદો થશે. આ ડૅવલપમેન્ટ કરવા માટે આપણે ખૂબ મોટા પ્રમાણમાં સોલર પાર્ક બનાવવા જઈ રહ્યા છીએ અને એના કારણે તેર રૂપિયે યુનિટ આપણે આપવાનું નક્કી કર્યુ છે અને ચોક્કસપણે કહી શકાય કે ૨૦૧૩-૧૪ સુધીમાં ૫૦૦ મેગાવોટનું વીજળીનું ઉત્પાદન સોલરથી તૈયાર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદ્દો હતો એ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ખાસ ધ્યાન રાખવાનું કહ્યું હતું એ ગુણવત્તાવાળી વીજળી. માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તાવાળી વીજળી માટે સૌથી અગત્યનું છે એ ૬૬ કે.વી. સબ સ્ટેશન. મને યાદ છે, ઘણા માનનીય સભ્યશ્રીઓએ વાતમાં રજૂ કર્યુ કે, અમારે ત્યાં ૨૫ કિલોમીટર લાંબી લાઈન, ૪૦ કિલોમીટર લાંબી લાઈન, ફીડર એક, અને એ ફીડરની અંદર એક નાનો ફોલ્ટ આવે એટલે ૨૫ ગામડાઓની અંદર એક સાથે વીજળી જતી રહે, ફોલ્ટ શોધતાં સમય જાય, કામ પૂરું કરતાં સમય જાય, આ બધું જ બંધ કરવા માટે રાજયની અંદર એક સાથે છેલ્લા ત્રણ વર્ષની અંદર ઝુંબેશ ઉપાડી, અને ફાયદો કેટલો થયો, તો ૨૦૦૭-૦૮ની અંદર આપણે ૫૨ સબ સ્ટેશન કર્યા, ૨૦૦૮-૦૯ની અંદર ૬૦ પૂરા કર્યા, અને ૨૦૦૯-૧૦ની અંદર આપણે ૬૦ સબસ્ટેશનોનું આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના રાજયમાં, ૧૯૯૦થી ૨૦૦૦ સુધીનું જોઈ લો, દર વર્ષે માત્ર દશ સબ સ્ટેશન આવતા હતા અને ધારાસભ્યશ્રીઓની લાઈન લાગતી હતી, આજે ધારાસભ્યશ્રીઓને કોઈપણ પક્ષનાને પૂછો તો એ કહેશે કે ના, ભાઈ, સબસ્ટેશનો તો માગવા જવું પડતું નથી. અમને એની રીતે મળી જાય છે. મને ચોક્કસ વિશ્વાસ છે કે, આવતા બે વર્ષની અંદર આખા રાજયની અંદર સબસ્ટેશનોની જરૂર નહીં પડે એ પ્રમાણેની આપણે વ્યવસ્થા ગોઠવવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, બીજું, રાજયની અંદર આવક હોવી એ બહુ જરૂરી છે. એટલે એક જમાનો હતો, ૨૦૦૧માં કે આ કંપની ૨૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન કરતી હતી પણ મને આનંદ થાય છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં એટલે ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮, આ ત્રણે વર્ષમાં, ૨૦૦ કરોડ, ૨૫૦ કરોડ, ૨૨૫ કરોડ જેવો નફો કર્યો છે અને મને ચોક્કસ વિશ્વાસ છે કે, જે પ્રમાણેનું આપણે વીજળીનું ઉત્પાદન કરી રહ્યા છીએ અને જે પ્રમાણે આપણે આગળ વધી રહ્યા છીએ, ચોરી પકડી રહ્યા છીએ એ પ્રમાણે આવતા દિવસોમાં આ કંપનીના પાયા વધારેને વધારે મજબૂત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વખતે ખેડૂતોની સબસિડીની વાતો કરી હતી. નાના માણસોની આ સરકાર ચિંતા કરે છે અને ચિંતા એ રીતે કરે છે કે વીજળીના વધતા જતા ભાવો, કોલસાના વધતા જતા ભાવો, ગેસના વધતા જતા ભાવો, નૂરભાડાના વધી ગયેલા ભાવો હોવા છતાં આ સરકારે એક પૈસાનું ભારણ ખેડૂતો ઉપર નાખ્યું નથી. આ સરકાર ૨૬૩૫ કરોડની સબસિડી ગઈ સાલ પ્રજાને આપી હતી. આનું મુખ્ય કારણ શું? આપણે પણ જાણીએ છીએ કે વધારે પડતું ભારણ પ્રજા ઉપર આપીએ તો એ લોકોને તકલીફ પડે. એટલે બે ટાઈપ ઓફ સ્ટ્રેટેજી રાખી છે છેલ્લા પાંચ વર્ષમાં કે, ઈલેકિટ્રસિટી ડ્યૂટી થોડી રેશનલાઈઝ કરીએ. એટલે ૬૦ ટકા ઈલેકિટ્રસિટી ડ્યૂટી કૉન્ગ્રેસના રાજમાં હતી એ ૨૫ ટકા કરી મેકસીમમ સ્લેબ અને છેલ્લા ૬ વર્ષના ટૅરિફ કન્ડીશન તમે જુઓ તો પ્રેકિટકલી કોઈ જ વધારો નથી.. માત્ર ફયુઅલ સરચાર્જનો વધારો છે અને જે ફયુઅલ સરચાર્જમાં વધારો કર્યો છે એ કેન્દ્રના ભાવ વધારાના કારણે થયો છે, કેન્દ્રના નીતિના કારણે થયો છે, રાજય સરકારે આમાં કોઈ જ વધારો કર્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, કોલસાનો ભાવ વધારો જુઓ કેન્દ્રનું રેલવે બજૅટ આવે ત્યારે રેલવે બજૅટમાં કોઈ જ ભારણ ન આવે અને પછી જુદું નોટિફિકેશન કરીને ભાવ વધારો કરી દેવામાં આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જરા સુધારીને કેન્દ્રની નીતિના કારણે એમ કહેવું જોઈએ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સોરી. કેન્દ્રની નીતિના કારણે આ પ્રમાણે થયું છે. રેલવે બજૅટમાં એ લોકો કોઈ જ વધારો કરતા નથી અને પછી એનું નોટિફિકેશન કરી અને એનું કલાસિફિકેશન બદલી અને ફ્લૅટ વધારો કર્યો છે. આપણને એવી જ રીતે ફયુઅલ સપ્લાઈ એગ્રીમૅન્ટ કરી આપતા નથી અને એના કારણે આપણે ઈમ્પોર્ટેડ કોલ લેવો પડે છે એટલે આ બધા વધારાના કારણે આપણને એડિશનલ ફયુઅલ ચાર્જ લાગ્યો છે અને હું ચોક્કસપણે વિશ્વાસપૂર્વક કહીશ કે, જેટલો પણ ભાવ વધારો કર્યો છે એ જો આપણને ડોમેસ્ટીક કોલ આપે, આપણને ગેસ આપે તો આપણે ચોક્કસપણે આ ભાવ વધારો પાછો ખેંચી શકીએ જે ફયુઅલ સરચાર્જનો લાગ્યો છે. ઘણા બધા વિષયો છે, નવી નવી સરકાર બની ૧૦૦ દિવસમાં કામો કરવાના માનનીય વડા પ્રધાન મનમોહનસિંહે આદેશ કર્યા અને દરેક મંત્રીશ્રીઓએ બેઠકો રાખવાનું ચાલુ કર્યું, અમને પણ બોલાવ્યા અમે પણ ગયા અને કહ્યું કે અમારા બે ચાર ઈસ્યુ છે. તો કહે કયા છે? મેં કહ્યું કે અમે વીજ ચોરી પકડીએ છીએ અને અમે કડકમાં કડક પગલાં લઈએ છીએ તમે જે નિયમ બનાવો છો એ નિયમ અમે ફોલો કરીએ છીએ અને અમારે ગાળો સાંભળવી પડે છે. અમે એમને સ્પષ્ટપણે કહ્યું કે ચોરી પકડવી એ પોલિટીકલ વ્હિલ જોઈએ, કાયદાથી નથી થતું કાયદો તો આખા દેશ માટે બન્યો છે પણ યુ.પી.માં એ કાયદાનું અમલીકરણ નથી થતું, બીજા રાજ્યોમાં એનું અમલીકરણ નથી થતું આપણે અહીંયા અમલીકરણ કરીએ છીએ અને એટલે આપણે ફેરફાર માગ્યા કે ૧૨૬-૧૩૫માં જે બી.પી.એલ.કુટુંબમાં વ્યકિતઓ છે એ બી.પી.એલ. કુટુંબોને આપણે ૧૨ મહિનાની ગણતરી કરીએ છીએ એ ૧૨ મહિનાની ગણતરી કરવાનું બંધ કરીએ અને માત્ર ત્રણ મહિનાની ગણતરી કરીએ તો એના કારણે જે બિલનું જે દંડ કરવાનું છે ને એ ૨૫ ટકા આવી જાય અને ૨૫ ટકા આવે તો એ ભરી શકે. કેમ કે જો મોટું બિલ આવે તો એ ભરી શકવાનો નથી અને ભરવાનો નથી તો ડિસકનેકટ થાય અને ડિસકનેકટ થાય એટલે ડાયરેકટ ખેંચે આવી સમજણ અમે ત્યાં આપી છે. એટલે જે માનનીય સભ્યશ્રી મોહનભાઈએ આ વિષયની વાત કરી એનો ખાસ આ ખુલાસો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા વિષયો બાબતે કેન્દ્રને આપણે વાત કરી કે ૧૫૦ મેગાવોટ હજુ એલોકેટેડ પાવર આપ્યો નથી. આ ૧.૬૭ રૂપિયે છે જો એ આપણને પાછી આપે તો આપણી તિજોરીમાં વર્ષે ઓછામાં ઓછા ૭૦૦ કરોડ રૂપિયા વધે. એનું કારણ છે કે આપણે બીજેથી વીજળી લઈને ભરપાઈ કરીએ છીએ અને એ પણ ઊંચા ભાવે લઈએ છીએ અને નથી આપતા એના કારણમાં એ લોકો એમ કહે છે કે, તમારે ત્યાં તંગી નથી મહારાષ્ટ્રમાં તંગી છે એટલે મહારાષ્ટ્રને અમારે આપવી પડે છે એટલે સસ્તી વીજળી મહારાષ્ટ્રને આપે છે અને મોંઘ ી વીજળી આપણને આપે છે. એવી જ રીતે આપણે હમણાં રજૂઆત કરી કે રીલાયન્સમાંથી ગેસ ચાલુ થયો તો એમાં ગુજરાત તરફ નજર રાખજો તો એ લોકોએ પૉલિસી નક્કી કરી કે દરેક પ્લાન્ટને જેનો ગેસ બૈઈઝ હોય એને આપવો પણ કેટલો આપવો? ૬૦ ટકા પી.એલ.એફ. ચાલે એટલો આપવો એટલે આપણા ગેસ બૈઈઝ પ્લાન્ટ ૬૦ ટકા પર ચાલે એટલો ગેસ આપ્યો અને બાકીનો ગેસ આપણે બહારથી લાવવાનો. માનનીય અધ્યક્ષશ્રી, બાકીનો ગેસ એમણે આપ્યો કયાં? માનીતા ઉદ્યોગપતિઓને આપ્યો. હમણાં જ જાહેરનામુ કર્યું કેબિનેટ સબ કમિટીની નીતિ જે હતી એ કેબિનેટ સબ કમિટીની નીતિમાં બહુ સ્પષ્ટ હતું કે, ફર્ટિલાઈઝરને આપવાનો, વીજળીના ઉત્પાદન માટે આપવાનો અને એ વીજળીના ઉત્પાદન માટે આપવાનું એ સ્ટેટ યુટિલિટીને આપવાનું. આ લોકોએ એવું કર્યું કે, નીતિની બહાર જઈ અને પ્રાઈવેટ વીજ ઉત્પાદન માટે, પોતાના મેન્યુફેકચરીંગ માટે એ લોકોએ જઈને આપ્યું. આ અહેવાલમાં હતું નહીં. અને હજુ પણ આપણા નાના મોટા ઉદ્યોગો જે વીજળીના ઉત્પાદન કરતા હોય વટવા હોય, ઓઢવ હોય એને માટે આપણે માગણી કરીએ છીએ તો નથી આપતા. આ અંગે અમે રજૂઆત કેન્દ્રને કરી તો કહ્યું વિચારીશું. ત્રીજુ, એક ખૂબ સરસ યોજના આપણી સરકારે લીધી છે Energy efficiency pumps ની છે આખા દેશની અંદર ગુજરાતમાં પણ સસ્તી પંપ અને મોટર માટે એસેમ્બલ મોટરો

વપરાય છે.એસેમ્બલ્ડ મોટર અને પંપ ૩૦ ટકા વીજળી વધારે ખાય છે, સરકારે નિર્ણય લીધો કે આપણે સારી ક્વૉલિટિને એન્કરેજ કરવું જ જોઈએ. આખા રાજયની અંદર ધીમે ધીમે સરસ ક્વૉલિટિના પંપ અને મોટર વપરાય એ પ્રમાણે આગળ વધવું જોઈએ. એમાં ૩૩ ટકા ખેડૂત આપે, ૩૩ ટકા સરકાર આપે અને બાકીના જી.યુ.એન.એલ. આપે. આ નવી યોજનાના કારણે અગિયાર તાલુકા ચાલે છે, આપણે વધારે તાલુકા કરવા ટારગેટસ આપેલા છે, અત્યારે આખી યોજનાને સેમ્પલીંગના આધાર ઉપર સફળતા મળી છે, પણ ધીમે ધીમે એનો વ્યાપ વધારવા માગીએ છીએ, મારે ખાસ કહેવું છે કે આખા દેશમાં ગુજરાત પહેલું રાજ્ય હશે આ પગલું ભરવા માટે અને આના કારણે કલ્પના બહારની વીજળી આપણી બચશે, જે ખરાબ ઈક્વીપમેન્ટ્સના કારણે અત્યારે વપરાય છે, એવી જ રીતે બીજું ખેડૂતોને ગુણવત્તાવાળી વીજળી મળે એના માટે કિસાન હિત ઊર્જા રક્ષક યોજના કરી, ખુશી યોજના, એની અંદર જેમ સભ્યશ્રીએ કહ્યું,૫ એચ.ટી. લાઈન ખેડૂતને આપીએ છીએ, ટ્રાન્સફોર્મર પણ ખેડૂતને આપીએ છીએ અને આ ખાસ કરીને સૌરાષ્ટ્રની અંદર ખૂબ મોટા પાયે આની સફળતા મળી છે અને કોન્સન્ટ્રેશન વધારે આવતા દિવસોમાં કરવાના છીએ. સાગરખેડૂ યોજના દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોની અંદર વરસો જૂની લાઈનો બદલવાનું કામ હાથ પર લીધું છે, ગઈસાલ ૮૦ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો, આ સાલ એનાથી વધારે ૮૮ કરોડ રૂપિયાનો ખર્ચો કરવાનું સરકારે નક્કી કર્યુ છે, હજારો કેસીસ પેન્ડીંગ હતા, લોકઅદાલત દ્વારા ગઈસાલ ૨૧૨૭ લોકઅદાલત આપણે કરી અને એના કારણે ૫૮,૦૦૦ કેસીસ આપણે સેટલ કર્યા અને જી.યુ.એન.એલ.ને એના કારણે આશરે ૪૦ કરોડ રૂપિયાની આવક થઈ, એવીજ રીતે ચેકીંગ કન્ટીન્યુઅસ ચાલુ છે, ગઈસાલ ૨૩ લાખ ચેકીંગ કરેલ હતા, એમાંથી ૯૫ હજારને ડિટેક્ટ કર્યા, એમાં ૧૩૦ કરોડ રૂપિયા આપણને મળ્યા, એક નવો જ પ્રોગ્રામ દેશમાં કોઈએ નથી લીધો એવો ગુજરાતે લીધો છે અને એ ઈ-ઊર્જાનો લીધો છે, આખી કંપનીની એકેએક એક્ટીવીટી બધુંજ કોમ્પ્યુટરાઈઝેશન કરી રહ્યા છીએ, પચાસ ટકા કામ પૂરું થયું છે, પચાસ ટકા મોડ્યુલ્સ હન્ડ્રેડ પર્સન્ટ ઈ-ઊર્જામાં આપણે ઈમ્પ્લીમેન્ટ કરી રહ્યા છીએ, વિશ્વાસ છે કે આવતા ચાર છ મહિનાની અંદર આ ઈ-ઊર્જાનો જો પ્રોગ્રામ કમ્પ્લીટ થશે તો આખા દેશની અંદર ગુજરાત પ્રથમ રાજ્ય હશે આ કાર્યક્રમ સહેલો નથી, એનું કારણ એ છે કે, ૫૫,૦૦૦ કર્મચારીઓને જોડે લઈને ચાલવા પડે છે, એ કર્મચારીઓ જે કંઈ કામ કરે છે, એ સાંજના સવારના કન્ટીન્યુઅસ ઓનલાઈન રેકૉર્ડ કરે છે, એટલે એનો અર્થ શું થયો કે ટોટલ ઈન્વેન્ટરી આખા રાજ્યમાં ક્યાં છે એ સંપૂર્ણપણે, ચોક્કસપણે એટ એની ગીવન ટાઇમ તમને મળે, તમારું એકાઉન્ટીંગ, બેલેન્સ શીટ, પી.એન.એલ. એકાઉન્ટ જે કંઈ હોય એ સંપૂર્ણપણે ઓનલાઈન મળે, તમે કમ્પ્લેઈન કરો એ પણ સંપૂર્ણપણે ઓનલાઈન મળે, આખા રાજ્યમાં કેટલી કમ્પ્લેઈનો થઈ, એ સમયે કેટલી થઈ, કેટલા સમયમાં થઈ કયું ટ્રાન્સફોર્મર નંખાયું, કયો કેબલ નંખાયો, કેટલા થાંભલા નંખાયા, આ બધું જ કમ્પ્યુટરાઈઝેશન થશે, એટલે વર્ષોથી જે પ્રશ્નો હતાને કે ક્યાં શું પડ્યું છે તે ખબર નથી, પાછળ બિલ અપાઈ ગયું અને પહેલાંવાળો રહી ગયો, આ બધું જ એકસાથે નીકળી જાય અને આ આખો પ્રયોગ છેલ્લા બાર મહિનાથી ચાલે છે, સફળતા પચાસ ટકા મળી છે, અત્યારે ઝુંબેશ ઉપાડી છે અને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આવતા ચાર છ મહિનાની અંદર આ કામ પૂરું થશે. ઘણી બધી કામગીરી વિભાગે કરી છે, આની સાથે સાથે ઓછામાં ઓછાં ૪,૬૮,૦૦૦ નવા કનેકશનો આપવાનું ૨૦૦૯-૧૦માં આયોજન છે, ગઈસાલ ૩,૭૮,૦૦૦ નવા કનૅક્શન કર્યા હતા અને આમાં ઝુંપડપટ્ટી કુટિર જ્યોતિ, એસ.ઈ.એસ.પી. પેટાપરા બધાનો સમાવેશ થાય છે, મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્નું છે કે ૨૦૧૦ સ્વર્ણીમ ગુજરાતના વર્ષ સુધીમાં રાજયની અંદર એક ઘર એવું બાકી ન રહેવું જોઈએ કે જેની અંદર દીવો પ્રગટાવ્યો ન હોય અને આ ચેલેન્જ અમે સ્વીકારી છે અને આ ચેલેન્જના આધારે મારે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરવાની કે, ઘણાં સભ્યશ્રીઓ મારી પાસે આવે છે અને કહે છે કે ભાઈ ખેતરની અંદર અમને સીંગલ ફેઈઝ નથી મળતો. મારે આ સભ્યશ્રીઓને એટલી જ વિનંતી કરવાની કે તમને સીંગલ ફેઈઝ ખેતરની અંદર જોઈતો હોય તો એ વ્યકિતએ અરજી કરવી પડે. અરજી કરતા નથી એનું મુખ્ય કારણ એ કે અરજી કરે તો મીટર આવે. હવે મીટર તેમને લેવું નથી. અને મીટર જો તે લે તો પૈસા ભરવાં પડે. એટલે પહેલો સવાલ પૂછ્યો કે તમે અરજી કરી છે ? અરજી કરશે તેને સો ટકા મળશે. અને રાજયની અંદર એક પણ ખેડૂતના ખેતરમાં સીંગલ ફેઈઝ ન થાય, આપણે ઇચ્છીએ દરેકને મળવું જોઈએ પણ આ ડાયરેકટ લેવું એ ગુન્હો છે. મીટર સાથે લો, મીટર માંગીને લો અમે આપવા તૈયાર છીએ.

એવી જ રીતે ખેતીની વાત કરું. ખેતીની અંદર ગઈ સાલ બે વર્ષની અંદર ૨૦૦૮-૦૯ની અંદર ૩૬ હજાર કનેકશન આપ્યાં છે. આટલા કોઈ દિવસ જ્યારથી જી.ઈ.બી.ની સ્થાપના થઈ કોઈ એક વર્ષમાં આટલા કનેકશન આપ્યાં હોય તો કહો. પરંતુ પાણીના તળ ઉંચા આવવાથી માગણી વધી છે. આપણે ઇચ્છીએ કે આમાંથી કનેકશનો ટપક પદ્ધતિમાં જાય. કારણ કે હજુ લોકોને ખબર નથી કે વીજળી કરતાં પાણી વધારે અગત્યનું છે. પાણી નહીં હોય તો વીજળી નહીં વાપરી શકે. વીજળી હશે, પાણી હશે તો બન્ને વાપરી શકાશે. એટલે આપણે ભાર મૂકીએ છીએ કે ભઈ ટપક પદ્ધતિમાં જાવ અમે તાત્કાલિક તમને કનેકશન આપી દઈએ જેમ આપણાં સૌની જવાબદારી છે કે જ્યારે વરસાદ ના પડે તો બે વર્ષ સુધી, ત્રણ વર્ષ સુધી ખેડૂતનો પાક સચવાય રહે ત્યારે તે ટપક પદ્ધતિની યોજના થઈ હશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનની વાત કરી લઉં. આખા દેશની અંદર ઓ.એન.જી.સી.એક માત્ર કંપની કેન્દ્ર સરકારની પણ તે કેન્દ્ર સરકારની કંપની વર્ષો જૂની છે. આપણી જી.એસ.પી.સી. નવી નવી છે. આજની તારીખમાં જી.એસ.પી.સી. આખા દેશમાં નામ બનાવે છે. તેણે ગુજરાતની અંદર તો નહીં, દેશની અંદર તો નહીં દુનિયાની અંદર પણ block લીધાં છે. તેના ઇન્ડોનેશીયામાં બ્લોક છે, ઈજીપ્તમાં બ્લોક છે અને કેવી રીતે લીધા છે competitive bidding કારણે. competitive bidding ના કારણે દશ exploration બ્લોક લીધાં છે. ગઈ સાલ ૩૯ drill કર્યા અને તેમાં ૩૧ well ની અંદર, ૩૧ well આ સાલ કરવાના છે ૩૯ જેwell કર્યા તેમાં ૧૭માં discovery આવી. major discovery KG Basin માં. માનનીય અધ્યક્ષશ્રી, નાની વસ્તુ નથી. ગઈ સાલ જે બે હજાર બેરલનું અહીંયા ગુજરાતમાં ઉત્પાદન હતું તે આ સાલ ત્રણ હજાર કરવાનું છે. Cambay તારાપુર, ધોળકા ગમે ત્યાં તેની exploration activities ખૂબ જોરમાં ચાલી રહી છે. એવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, પાણીની પાઈપ લાઈનો થાય તે રીતે ગેસની પાઈપ લાઈન થાય હું આ સભાગૃહની અંદર બે-વર્ષ ત્રણ વર્ષથી કહું છું કે પચ્ચીસે પચ્ચીસ, છવ્વીસે છવ્વીસ જિલ્લાની અંદર ગુજરાતની અંદર gas grid જશે. પંદર ડિસ્ટ્રિક્ટની અંદર કામ પૂરું થઈ ગયું છે અને આવતા દોઢ બે વર્ષની અંદર સુવર્ણ જયંતીનું વર્ષ આવે ત્યાં સુધીમાં બધાજ જિલ્લાની અંદર ગેસ ગ્રિડ આવે તે પ્રમાણે આયોજન છે. મોરબી, મુંદ્રા, લીંબડી, પીપાવાવ, મુંદ્રાથી પાલનપુર લઈ જવાનું આયોજન છે. મહેસાણાથી પાલનપુર લઈ જવાનું આયોજન છે એટલે મહેસાણા, પાલનપુર, મુંદ્રા, રાજકોટ. રાજકોટ, ગોંડલ, જેતપુર, અમરેલી, પીપાવાવ. અહીંયાથી ભાવનગર પીપાવાવ, પીપાવાવ વેરાવળ આ પ્રમાણે આખો રૂટ ગોઠવ્યો છે. સાબરકાંઠા તો છે જ. આખું ગેસનું ગ્રિડનું આયોજન કર્યુ છે. અને જી.એસ.પી.સી.એ જ્યાં ગેસ ગ્રિડ જતી હોય નાના શહેરોની અંદર આપણે નગરપાલિકાઓની અંદર ગેસ આપવાનું નક્કી કર્યુ છે. વાપી, વલસાડ, નવસારી, સરીગામ, બિલીમોરા, ખંભાત, નડિયાદ, ચાંદખેડા, મોટેરા, ગાંધીનગર, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, વઢવાણ, હાલોલ અને રાજકોટ. આજેય આપણાં સભ્યશ્રી સુરેન્દ્રનગરની અંદર ઘર વપરાશના ગેસો માટે ઉદ્‌ઘાટન કરી રહ્યાં છે. વિચાર કરો આટલા બધા પૂરા અને આવતા દિવસોની અંદર ઘણાં બધા વધારે કરીશું. અને હું તો સ્પષ્ટ રીતે માનું છું કે, જ્યાં ગેસ ગ્રિડ જતી હોય ત્યાં ગામ હોય તો ગામને આપણે ગેસ આપવાનો છે, શહેર હોય તો શહેરને પણ આપવાનો છે. અને આવતા દિવસોની અંદર એક પણ નગરપાલિકા બાકી ના રહે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવાની છે. ત્રીજું, આની સાથે સાથે સી.એન.જી. ફિલિંગ સ્ટેશન, મધર-ડોટર સ્ટેશન ચાલુ કર્યા છે. એટલે ડાયરેકટર મધર સ્ટેશન હોય તો સી.એન.જી. સ્ટેશન ઉપર ડોટર સ્ટેશન એટલે કે જયાં ગેસની પાઈપલાઈનની કનેકટીવીટી ન હોય એને પણ કનેકટીવીટી આપવાની. ઓછામાં ઓછા ૫૦ સી.એન.જી. સ્ટેશનો આ વર્ષે ચાલુ થશે અને બીજા ૭૦ સી.એન.જી. નેકસ્ટ ઈયરમાં ચાલુ કરવાના છીએ. આ રીતે આખા રાજયમાં મોટા પ્રમાણમાં સી.એન.જી. સ્ટેશનો ચાલુ કરવા માગીએ છીએ. જેથી પેટ્રોલ કે ડિઝલ ન હોય, કેન્દ્રની સબસિડી પણ પેટ્રોલ-ડિઝલની બચે અને આપણે સી.એન.જી. વધારે વાપરીએ તો એન્વાયર્નમેન્ટ પણ સુધરે એ રીતે ગોઠવણ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૯ એલ.એન.જી. ટર્મિનલ, મુંદ્રામાં એના માટે આગળ વધીએ છીએ. ગેસ પોલિસી કેન્દ્ર સરકાર નકકી કરે છે. અનેક વખત અમે કેન્દ્ર સરકારને કીધું કે અમદાવાદમાં રહેતા નાગરિકને સી.એન.જી. કે પાઈપ ગેસ મળતો હોય તો એ કયાંથી મળે છે? બહારથી ખરીદીને આપવો પડે છે. આ અન્યાય કેમ? જો બોમ્બેને એ.પી.એમ.ગેસ તમે આપી શકતા હોય,

**અધ્યક્ષશ્રી** : શ્રી નારણકાકા, આપ ચોકલેટ વહેંચો છો, એ બંધ કરો. (અંતરાય) મને ખબર છે. એ કરો જ નહીં ભાઈ. બચાવ ના કરો. કયાં સુધી પહોંચી છે એ પણ ખબર છે. આ પ્રવૃત્તિ ન કરો અને શંકરભાઈ, આપ બહાર જઈને ચોકલેટ ખાઓ.

**શ્રી સૌરભ પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આપણા રીક્ષાવાળા હોય, બહેનોને ભાડું વધારે આપવું પડે, જયારે શાક લેવા જાય ત્યારે, કારણ કે એમને એ.પી.એમ. ગેસ મળતો નથી. બોમ્બેને અને દિલ્હીને જે એ.પી.એમ. ગેસ મળે છે. અમદાવાદને એ.પી.એમ. ગેસ મળતો નથી. અનેક વખતે કેન્દ્ર પાસે માગણી કરી, હમણાં રેગ્યુલેટરી ઓથોરિટીને પણ કીધું કે આ અન્યાય દૂર કરો. આ અન્યાય દૂર કરવા માટે હું મારા વિરોધ પક્ષના સભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગની વાત કરું. ગુજરાત આખા દેશમાં ઉદ્યોગોના વિકાસની બાબતમાં પ્રથમ સ્થાને છે. છેલ્લા ૫ વર્ષથી આપ જોશો તો એકમાત્ર રાજય છે ગુજરાત.

**અધ્યક્ષશ્રી** : હજુ કેટલી મિનિટ જોઈશે?

**શ્રી સૌરભ પટેલ**: ૧૫ મિનિટ. ૧૦, ૧૫ મિનિટ.

**અધ્યક્ષશ્રી** : કારણ કે મારે એક જાહેરાત કરવાની છે, વચ્ચે. આપને આપેલ મિનિટો તો પૂરી થઈ ગઈ છે.

**શ્રી સૌરભ પટેલ**: ૧૦ મિનિટ. આ ઉદ્યોગની વાત છે. ૧૦ મિનિટમાં, બને તેટલી જલદી વાત પૂરી કરું. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગના ક્ષેત્રે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. તમે જૂઓ તો વર્ષોથી અને ખાસ કરીને આપણો ગ્રોથ રેટ છેલ્લા ૫ વર્ષમાં ડબલ ડિઝિટમાં રહ્યો છે. પ્લાનિંગ કમિશને આપણને ૧૧.૨ ટકાનો ગ્રોથ રેટનો

લક્ષ્યાંક આપ્યો હોય તો મેન્યુફેકચરીંગ ક્ષેત્રને ૧૪.૫ ટકા ગ્રોથ લાવવો પડે, તો ૧૧.૨ ટકા પર પહોંચી શકાય. આ બાબત ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રીએ ખૂબ મોટો જમ્પ મારવાનું નકકી કર્યુ અને એના કારણે ઈન્ડસ્ટ્રીયલ પોલિસીની જાહેરાત કરી. એમાં ત્રણ વિષય ઉપર ખાસ ભાર મૂકયો. એક તો ઈન્વેસ્ટમેન્ટ, બીજું એમ્લોઈબિલિટી અને ત્રીજું કવોલિટી.

ઈન્વેસ્ટમેન્ટની અંદર આપણે જોઈએ તો વાયબ્રન્ટ ગુજરાતમાં ખૂબ મોટા પાયે આપણે સફળતા મેળવી છે. વાયબ્રન્ટ ગુજરાતની ઘણા લોકો ટીકા કરતા હોય છે, પરંતુ મને કહેતા આનંદ થાય છે કે વાયબ્રન્ટ ગુજરાતની અંદર ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭માં કુલ ૭૬૧ પ્રોજેકટ થયા હતા. એમાં ડ્રોપ આઉટ રેસિયો માત્ર ૨૭ ટકા જ નીકળ્યો છે. દેશનો ૬૦ ટકા હોય છે. ૨૭ ટકા એટલે બાકીના ૭૩ ટકા પ્રોજેકટો ઈમ્પ્લીમેન્ટેશન કે કમ્પલીશન સ્ટેજ ઉપર ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે વાયબ્રન્ટ-૨૦૦૯માં પણ ખૂબ મોટી સફળતા મળી છે. અને એના કારણે આપણું રાજય ઉદ્યોગ ક્ષેત્રે ઘણી સ્પીડથી આગળ વધશે. માનનીય અધ્યક્ષશ્રી, બે-ચાર ઈસ્યુની વાત કરી લઉં. કે જે ઈન્ફ્રાસ્ટ્રકચર કે ઈન્વેસ્ટમેન્ટ વધારવા માટે બે ઓબ્જેકટીવ્સ શું હતા, કે કઈ રીતે આગળ વધારવું? એક તો **SEZ** ડેવલપ કરવાનું નકકી કર્યુ અને **SEZ**માં ૬૦ **SEZ** એટલે કે આખા દેશની અંદર સૌથી વધારે **SEZ**ની એપ્રુવલ જો કોઈને મળી હોય તો એ ગુજરાત રાજયને મળી છે. બીજું કે **SEZ** અંદર આપણે જોઈએ તો મલ્ટિ પ્રોડકટ **SEZ** ૧૨ છે. એન્જીનીયરીંગ ૧૦ છે. ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ્સ અને એપેરલના ચાર ચાર **SEZ** છે. એટલે આપણે એમ કહી શકીએ કે આપણા ગુજરાતની જે તાકાત છે એ **SEZ** દ્વારા આગળ વધશે.

